ॐ

श्री सिद्ध परमात्मने नमः।

# સમયસાર રહસ્ય

## ભાગ–૧

અધ્યાત્મ યુગપુરુષ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર પરમાગમ ઉપરના ૧૭મી વખતના
૧ થી ૭ ગાથાના સ્વાનુભવ મુદ્રિત ૩૬ અક્ષરશઃ પ્રવચનો

પ્રકાશક
શ્રી કુંદકુંદ–કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ
શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ

| वीर संवत | विक्रम संवत | ई.स. |
| --- | --- | --- |
| २५४९ | २०७९ | २०२३ |

**પ્રકાશન**

જેઠ સુદ-૫, તા. ૨૪-૫-૨૦૨૩

શ્રુતપંચમી તથા શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર, વિલેપાર્લાનો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ

**પ્રાપ્તિ સ્થાન**

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.

(૨) શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ,
૧૭૩/૧૭૫, બેંક ઑફ બરોડાની ઉપર,
મુંબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨.

લેસર ટાઈપ સેટિંગ
**પૂજા ઈમ્પ્રેશન્સ**
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

# પ્રકાશકીય

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરથી ઉદઘાટિત વિશુદ્ધ જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્‌ભુત શાસ્ત્ર છે. તેમાં નિજ સમયસારરૂપ પરમાત્મતત્ત્વને પ્રકાશતિ કરવાનું રહસ્ય ભર્યું છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર રહસ્ય**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ

યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન રહસ્યયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૭મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો

સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૭મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૭મી વખતના કુલ ૫૯૬ પ્રવચનો છે, જે લગભગ ૨૫ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર રહસ્ય ભાગ-૧ શ્રી વીર નિર્વાણકલ્યાણક દિવસે પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી રજનીભાઈ દોશી, હિંમતનગર, દ્વારા કરી આપવામાં આવેલ છે તથા પ્રુફ રીડીંગમાં શ્રી હસમુખભાઈ શાહ, હિંમતનગર, પારૂલબેન શેઠ, વિલેપાર્લા અને ઉપમાબેન દોશીનો સહયોગ મળેલ છે તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ, મુંબઈ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

# અહોભાગ્ય!

પરમ પૂજ્ય વીતરાગી જિનેન્દ્ર ભગવંતોની વાણીમાં પ્રવાહિત આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન તેમની પરંપરામાં થયેલ વીતરાગી સંતોની પરંપરાથી આજે પણ આપણને સુલભ છે. વીતરાગી નિર્ગ્રંથ સંતોની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોપરી છે. મંગલાચરણમાં શાસનનાયક ભગવાન મહાવીર તથા ગૌતમ ગણધર પછી તરુંત સ્મરણ કરવામાં આવતા આચાર્ય કુંદકુંદ આજે જૈનધર્મના આધાર સ્તંભ ગણવામાં આવે છે. વિદેહક્ષેત્રે સ્થિત જીવંતસ્વામી સીમંધર પરમાત્માના સક્ષાત્ દર્શન અને દિવ્યધ્વનિ શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે તેઓશ્રીની વિશેષ ઉલ્લેખનીય ઉપલબ્ધિ છે. તેમની લેખનીથી ૮૪ પાહુડની રચના થઈ, જેમાંથી અમુક વર્તમાનમાં ઉપલબ્ધ છે. ગ્રંથાધિરાજ સમયસાર, આચાર્યદેવની નિષ્કારણ કરૂણાનો અદ્ભુત પ્રસાદ છે. તેઓશ્રીએ આ ગ્રંથ અત્યંત અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવોના હિતાર્થે રચ્યો છે.

વર્તમાન યુગમાં જ્યારે ધર્મનું વાસ્તવિક સ્વરૂપ આત્મજ્ઞાનશૂન્ય કોરા ક્રિયાકાંડમાં આચ્છાદિત થયું હતું અને આત્મધર્મ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, એવા વિષમકાળમાં જિનશાસનને જીવંત સ્વરૂપ પ્રદર્શિત કરવા માટે એકપુરુષનું અવતરણ થયું. જેમના દિવ્યવચનો અને અંતર્બાહ્ય વ્યક્તિત્વથી મૂળ જિનશાસનનું સ્વરૂપ આ શતાબ્દિમાં પ્રસિદ્ધિને પ્રાપ્ત થયું. તે યુગપુરુષ છે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. જેમણે ૪૫ વર્ષો સુધી અનવરત પોતાની દિવ્યવાણીથી આચાર્ય ભગવંતોના રહસ્યોને ઉદઘાટિત કર્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પરિવર્તનમાં શ્રી સમયસારજીનું અવિસ્મરણીય યોગદાન રહ્યું છે, જે સર્વવિદિત છે. તેથી જિનાગમના અનેક ગ્રંથોના દોહન-પ્રવચન સાથે જ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર ઊપર ૧૯ વાર સભામાં પ્રવચન થયા. જેમાં આપણા સદ્ભાગ્યથી ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯મી વારના પ્રવચનો સી.ડી.માં ઉપલબ્ધ છે.

હું જ્યારે પણ કોઈપણ ગાથાનો સ્વાધ્યાય કરું છું કે કરાવું છું ત્યારે સમયસારની તે ગાથા ઉપર અલગ અલગ વારના પ્રવચનો અવશ્ય સાંભળુ છું અને તેનાથી મને વિશેષ લાભ થતો રહ્યો છે.

અત્યાર સુધી ગુજરાતીમાં શબ્દશઃ પ્રવચનોનું પ્રકાશન કાર્ય આત્માર્થી ભાઈશ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ સંભાળી રહ્યા હતા. પરંતુ તેમના અચાનક દેહપરિવર્તનના કારણે આ કાર્યનું દાયિત્વ મેં સંભાળવાનો નિશ્ચય કર્યો. જેના ફળસ્વરૂપે શ્રી સમયસારજી ઉપર ૧૭મી વારના પ્રવચન '**સમયસાર રહસ્ય**'નો પ્રથમ ભાગ મુમુક્ષુઓને સાદર સમર્પિત છે. આ પવિત્ર ગ્રંથનું કાર્ય કરવાનો મને જે અદ્‌ભુત લાભ મળ્યો તે મારું અહોભાગ્ય જ છે, પરંતુ આપ પણ મનોયોગપૂર્વક સી.ડી. પ્રવચન સાંભળતા સાંભળતા આ ગ્રંથનો ઉપયોગ કરશો તો નિશ્ચિતરૂપે લાભાન્વિત થશો.

પ્રસ્તુત ગ્રંથમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસારના ૧૭મી વારના પ્રવચનો સંગ્રહીત છે. મને જીવનમાં આવા લાભ પ્રાપ્ત થતા રહે તથા મુમુક્ષુ સમાજને આ પ્રયાસ આત્મહિતનું કારણ થાય તેવી ભાવના છે.

રજનીભાઈ મીઠાલાલ દોશી
હિંમતનગર (ગુજરાત)

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૭–૧૧–૧૯૭૧ | મંગળાચરણ | ૦૦૩ |
| ૨ | ૮–૧૧–૧૯૭૧ | શ્લોક–૧ | ૦૧૭ |
| ૩ | ૯–૧૧–૧૯૭૧ | શ્લોક–૧ | ૦૨૯ |
| ૪ | ૧૦–૧૧–૧૯૭૧ | શ્લોક–૨ | ૦૪૨ |
| ૫ | ૧૧–૧૧–૧૯૭૧ | શ્લોક–૨ | ૦૫૭ |
| ૬ | ૧૨–૧૧–૧૯૭૧ | શ્લોક–૩ | ૦૭૧ |
| ૭ | ૧૩–૧૧–૧૯૭૧ | ગાથા–૧ | ૦૮૬ |
| ૮ | ૧૪–૧૧–૧૯૭૧ | ગાથા–૧ | ૦૯૭ |
| ૯ | ૧૫–૧૧–૧૯૭૧ | ગાથા–૧ | ૧૦૮ |
| ૧૦ | ૧૬–૧૧–૧૯૭૧ | ગાથા–૧, ૨ | ૧૨૦ |
| ૧૧ | ૧૭–૧૧–૧૯૭૧ | ગાથા–૨ | ૧૩૫ |
| ૧૨ | ૧૮–૧૧–૧૯૭૧ | ગાથા–૨ | ૧૪૯ |
| ૧૩ | ૧૯–૧૧–૧૯૭૧ | ગાથા–૨ | ૧૬૨ |
| ૧૪ | ૨૦–૧૧–૧૯૭૧ | ગાથા–૨ | ૧૭૬ |
| ૧૫ | ૨૧–૧૧–૧૯૭૧ | ગાથા–૨ | ૧૮૮ |
| ૧૬ | ૨૧–૧૧–૧૯૭૧ | ગાથા–૨ | ૧૯૯ |
| ૧૭ | ૨૩–૧૧–૧૯૭૧ | ગાથા–૨, ૩ | ૨૧૦ |
| ૧૮ | ૨૪–૧૧–૧૯૭૧ | ગાથા–૩ | ૨૨૩ |
| ૧૯ | ૨૪–૧૧–૧૯૭૧ | ગાથા–૩ | ૨૩૫ |
| ૨૦ | ૨૫–૧૧–૧૯૭૧ | ગાથા–૩ | ૨૪૭ |
| ૨૧ | ૨૬–૧૧–૧૯૭૧ | ગાથા–૪ | ૨૬૦ |
| ૨૨ | ૨૭–૧૧–૧૯૭૧ | ગાથા–૪ | ૨૭૨ |

| | | | |
|---|---|---|---|
| ૨૩ | ૨૮–૧૧–૧૯૭૧ | ગાથા–૪ | ૨૮૪ |
| ૨૪ | ૨૯–૧૧–૧૯૭૧ | ગાથા–૪, ૫ | ૨૯૭ |
| ૨૫ | ૩૦–૧૧–૧૯૭૧ | ગાથા–૫ | ૩૧૧ |
| ૨૬ | ૦૧–૧૨–૧૯૭૧ | ગાથા–૫ | ૩૨૩ |
| ૨૭ | ૦૨–૧૨–૧૯૭૧ | ગાથા–૫, ૬ | ૩૩૫ |
| ૨૮ | ૦૩–૧૨–૧૯૭૧ | ગાથા–૬ | ૩૫૦ |
| ૨૯ | ૦૪–૧૨–૧૯૭૧ | ગાથા–૬ | ૩૬૨ |
| ૩૦ | ૦૫–૧૨–૧૯૭૧ | ગાથા–૬ | ૩૭૩ |
| ૩૧ | ૦૬–૧૨–૧૯૭૧ | ગાથા–૬ | ૩૮૪ |
| ૩૨ | ૦૭–૧૨–૧૯૭૧ | ગાથા–૬ | ૩૯૭ |
| ૩૩ | ૦૮–૧૨–૧૯૭૧ | ગાથા–૬, ૭ | ૪૦૯ |
| ૩૪ | ૦૯–૧૨–૧૯૭૧ | ગાથા–૭ | ૪૨૪ |
| ૩૫ | ૧૦–૧૨–૧૯૭૧ | ગાથા–૭ | ૪૩૬ |
| ૩૬ | ૧૧–૧૨–૧૯૭૧ | ગાથા–૭ | ૪૪૮ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

-

ॐ
સહજ ચિદાનંદ.

।।श्री परमात्मने नमः।।

# સમયસાર રહસ્ય

(અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસારજી પરમાગમ ઉપર ચાલેલા ૧૭મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)

ॐ

श्री सर्वज्ञवीतरागाय नमः

## શાસ્ત્રસ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः।।१।।
अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलकलङ्का।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान्।।२।।
अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः।।३।।

।।श्रीपरमगुरवे नमः, परम्पराचार्यगुरवे नमः।।

सकलकलुषविध्वंसकं, श्रेयसां परिवर्धकं, धर्मसम्बन्धकं, भव्यजीवमनःप्रतिबोधकारकं, पुण्यप्रकाशकं, पापप्रणाशकमिदं शास्त्रं श्रीसमयसारनामधेयं, अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवास्तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः प्रतिगणधरदेवास्तेषां वचनानुसारमासाद्य

आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं, श्रोतारः सावधानतया शृण्वन्तु।।

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।१।।
सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारकं।
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम्।।२।।

# મૂળ ગાથાઓનો અને આત્મખ્યાતિ નામની ટીકાનો ગુજરાતી પદ્યાનુવાદ

શ્રી પરમાતમ પ્રણમીને, શારદ સુગુરુ નમીય;
સમયસાર શાસન કરું દેશવચનમય, ભાઈ!

શબ્દબ્રહ્મ પરબ્રહ્મનો વાચકવાચ્ય નિયોગ;
મંગળરૂપ પ્રસિદ્ધ એ, નમું ધર્મધન-ભોગ.

નય નય સાર લહે શુભ વાર, પદ પદ માર દહે દુઃખકાર;
લય લય પાર ગ્રહે ભવપાર,-જય જય સમયસાર અવિકાર.

શબ્દ, અર્થ ને જ્ઞાન-સમયત્રય આગમ ગાયા,
કાળ, મત, સિદ્ધાંત-ભેદત્રય નામ બતાવ્યા;
તે મહીં આદિ શુભ અર્થસમયકથની સુણીએ બહુ,
અર્થસમયમાં જીવ નામ છે સાર, સુણજો સહુ;
તે મહીં સાર વિણકર્મમળ શુદ્ધ જીવ શુદ્ધનય કહે,
આ ગ્રંથમાં કથની સહુ, સમયસાર બુધજન ગ્રહે.
નામાદિક ષટ્ ગ્રંથમુખ, તેમાં મંગળ સાર;
વિઘ્નહરણ, નાસ્તિકહરણ, શિષ્ટાચાર ઉચ્ચાર.
સમયસાર જિનરાજ છે, સ્યાદ્વાદ જિનવેણ;
મુદ્રા જિન નિર્ગ્રંથતા, નમું કરે સહુ ચેન.

આ પ્રમાણે મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરીને શ્રી કુંદકુંદ આચાર્યકૃત ગાથાબદ્ધ સમયપ્રાભૃત ગ્રંથની શ્રી અમૃતચંદ્ર આચાર્યકૃત આત્મખ્યાતિ નામની જે સંસ્કૃત ટીકા છે તેની દેશભાષામાં વચનિકા લખીએ છીએ.

## કારતક વદ-૫, રવિવાર, તા. ૭-૧૧-૧૯૭૧
## મંગળાચરણ, પ્રવચન-૧

(આ સમયસાર) સિદ્ધાંત છે. સભામાં ૧૬ વાર વંચાઈ ગયું છે. પહેલેથી તે આખિર સુધી. આ ૧૭મી વાર આજ શરૂઆત થાય છે. સત્તર આના કહે છે ને માણસ? હેં? સત્તર આનાનું કામ છે આ, સવાયુ કામ છે પણ આ તો ૧૭મી વાર. એમાં ૧૭મી વાર ચાલતા એનું મંગળિક શરૂઆત આચાયે કર્યું છે ને. 'ૐ श्री सर्वज्ञवीतरागाय नमः'. આ બાજુ છે. હવે એનું પહેલું ઓમને દેવની ઉપમા આપીને એની વ્યાખ્યા કરે છે. સ્તુતિમાં આવે છે ને, દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. તો એ પ્રમાણે ૐ એટલે દેવ, શાસ્ત્ર એટલે સરસ્વતી, ગુરુ એટલે મુનિ. એમ ત્રણ વાત લેશે.

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः।।१।।

ૐકારના બે રૂપ છે. એક શબ્દરૂપ, એક ભાવરૂપ. ભાવરૂપ આત્મા ૐકાર સ્વરૂપ જ છે. એમાં આવે છે ૐ કાર ઉભયરૂપ. આપણે પ્રણવમંત્ર છપાવ્યું છે ને, ૧૯૯૫માં. ૐ કાર છે ને. ઇટાલીનો પત્થર છે. ઇટાલીથી સંચો આવવાનો છે ને. ઈ પહેલું થયું, ૧૯૯૫માં આ ૐકાર થયો આપણો. ઈ ઓમના બે રૂપ છે. એક ઓમ અક્ષરરૂપ અને એક ઓમ આત્મરૂપ. આ આત્મા જ ભગવાન પૂર્ણાનંદનું સ્વરૂપ એ ઓમસ્વરૂપ જ આત્મા છે. સમજાણું કાંઈ? ઓમ પંચ પરમેષ્ઠીનું રૂપ કહીએ, તો પંચ પરમેષ્ઠીનું રૂપ પણ એ આત્મા પોતે જ છે. રાગ વિનાની ચીજ હોં! પુણ્ય-પાપના વિકલ્પ રહિત, શરીર, વાણી રહિત એકલી ચૈતન્યમૂર્તિ. અનંત અનંત શક્તિનો સાગર પૂર્ણ પ્રભુ એ પોતે ભાવ ઓમ સ્વરૂપ છે. એ આત્માને જ ઓમ કહીએ. ઉભયરૂપ છે એમાં. તે દિ' વાત કરી હતી. સામે છે. '**ૐ કાર શબ્દ વિશદ યાકે ઉભયરૂપ**' પહેલો અર્થ કર્યો હતો તે દિ'. '**એક આતમીક ભાવ એક પુદ્ગલકો**' અક્ષર જે ઓમ એવો ધ્વનિ ઉઠે એ તો પુદ્ગલ છે.

ભગવાન આત્મા પૂર્ણ પરમબ્રહ્મ આનંદસ્વરૂપ વાસ્તવિક સત્ત્વ એનું તત્ત્વ એ પોતે ઓમ

સ્વરૂપે જ છે. આત્માને જ ઓમ કહીએ એમ કહે છે. સમજાણું કાંઈ? આમ અ, ઈ, આ આદિ કરીને કહે છે ને? પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ એમાં આવે છે, એ પંચ પરમેષ્ઠીસ્વરૂપ પોતે જ છે. આહા..! '**ओंकारं बिन्दुसंयुक्तं**' શબ્દ છે ને અંદર. બિન્દુ સહિત ઓમકારને, '**नित्यं ध्यायन्ति योगिनः**' નિત્યં નામ સદા એ આત્માના સ્વભાવનું ધ્યાન સંતો સદાય કરે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? '**ओंकारं बिन्दुसंयुक्तं**' બિન્દુ એટલે માથે સિદ્ધપદ છે. આખો આત્મા આમ છે ને ઓમમાં સિદ્ધશિલા ને... સિદ્ધનું સ્વરૂપ જ ભગવાન આત્મા છે, વર્તમાન હોં! આહા..હા..!

પૂર્ણબ્રહ્મ, પૂર્ણાનંદ પૂર્ણમ ઈદં પ્રભુ, ધ્રુવસ્વરૂપ નિત્યાનંદ એવો ભગવાન આત્મા જ ઓમ સ્વરૂપે છે. ઓમ અક્ષર વાચક છે ને ઓમનું વાચ્ય એ આત્મા છે, એ પણ ઓમ છે. આહા..! કેટલાક એમ કહે કે, ઓમ તો જૈનને ન હોય ને. એક જણો એમ આવીને કહેતો હતો. ભાઈ! ઓલો નહિ વઢવાણવાળો દિવાન દિવાન નહિ? કો'ક ઓલો જોશી નહિ, ઓલો વઢવાણનો દિવાન નહિ? હરિભાઈ, હરિભાઈ દિવાન હતા ને, રાવળ. એ અહીં આવ્યા હતા. ઈ અહીં આમ જોઈ કહે, આ ઓમ તો અમારો છે ને. અરે...! ઓમ આત્માનું સ્વરૂપ છે, અમારા-તમારાની વાત નથી.

જેવો આત્મા છે આ, સર્વજ્ઞ પરમેશ્વરે દીઠો... આવ્યું છે ને? '**ॐ श्री सर्वज्ञवीतरागाय नमः**' સર્વજ્ઞ પરમેશ્વર જેને પૂર્ણ પર્યાય પ્રગટ થઈ ગઈ એવા વીતરાગ અને સર્વજ્ઞ એવો જ આ સ્વભાવ છે જીવનો. સર્વજ્ઞ વીતરાગસ્વરૂપ જ આત્મા એનું નામ ભાવ ઓમ કહેવામાં આવે છે. આ..હા..હા..! એને અહીં દેવ કહેવામાં આવે છે. સ્તુતિમાં એમ આવે છે ને, દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. તે આમાંય એમ લીધું છે. આ ઓમ શબ્દે દેવ, અવિરલ શબ્દ શબ્દે સરસ્વતી, '**अज्ञानतिमिरान्धानां**'માં ગુરુ. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. એમાં દેવ આત્મા પોતે જ દેવ છે. સમજાણું કાંઈ?

અંતર જેની અનંત એક એક શક્તિ દિવ્ય શક્તિ એવી અનંત શક્તિનો ભંડાર એવો ભગવાન આત્મા દેવ છે. દરેકનો આત્મા દેવ છે. સમજાણું કાંઈ? એવો ઓમકાર એને સંતો નિત્ય તેનું ધ્યાન કરે છે. એની દૃષ્ટિ, એનું જ્ઞાન ને એમાં સ્થિરતા સંતો કાયમ નિત્ય સદાય કરે છે. એ દેવ છે એનું ધ્યાન કરે છે એમ કહે છે. મુનિઓ, દિગંબર સંતો મુનિ પણ એ કહેવાય છે, એમ નહિ કે... સમજાણું કાંઈ? જેને ત્રણ કષાયનો નાશ થયો છે, જેને પૂર્ણાનંદનો સ્વરૂપ જેને વેદનમાં ઉગ્રપણે, પ્રચુર સ્વસંવેદનપણે આવ્યું છે એવા મુનિઓ પણ એમ કહે છે. યોગિ એવા, આવો ભગવાન પૂર્ણસ્વરૂપ એનું ધ્યાન કરે છે. જુઓ! આ મંગલાચરણ. સમજાણું કાંઈ?

એકલા ૐ ૐ ૐ ૐ ૐ એ નહિ, એ તો અક્ષર છે, એ તો પુદ્ગલ છે. ભગવાન

આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાયકસ્વભાવ એવા સ્વભાવનું સદા સંતો ધર્માત્મા એનું અંતર એકાગ્ર કરીને એનું ધ્યાન કરે છે. એ ઓમકાર '**कामदं मोक्षदं चैव**' એના ધ્યાનથી મોક્ષ થાય છે, પૂર્ણ આનંદ દશા થાય છે અને એમાં બાકી રહે કાંઈક મોક્ષ દશા પહેલા, તો એને સ્વર્ગ આદિના ભોગો પણ એને મળે છે. સમજાણું કાંઈ? '**कामदं**' છે ને? તીર્થંકરપદ પણ ઓમકારના ધ્યાનીને મળે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ '**कामदं**' થયું, એનું ફળ અને મોક્ષ બેય ઓમકારના ધ્યાનીને, સ્વદેવના ધ્યાનીને બેય ફળ હોય છે. અપૂર્ણ જ્યાં સુધી દશા હોય ત્યારે રાગ હોય પુણ્યનો એ કામનું કારણ આપે. સંયોગો '**कामदं**' એટલે. કામને દે, કામને દે.

'**मोक्षदं**' મોક્ષ દે. એનું સ્વરૂપ જ મોક્ષસ્વરૂપ જ પૂર્ણ દ્રવ્યસ્વભાવ છે. એનું ધ્યાન કરતાં એની પર્યાયમાં જ મોક્ષ દશા આવે. '**ॐकाराय नमो नमः**' એવા ઓમકાર આત્મ સ્વરૂપ (તેને) નમસ્કાર હો, નમસ્કાર હો. લ્યો! આ મંગલાચરણ કર્યું દેવનું. તું પોતે દેવ છો. જો દેવ ન હોય તો પર્યાયમાં દેવપણું આવશે ક્યાંથી? સમજાણું કાંઈ? આહા..!

એવા ઓમકાર ભગવાનસ્વરૂપ નિર્વિકલ્પ સચ્ચિદાનંદ પ્રભુ એને હું (નમન કરું છું). એના તરફ મારું વલણ છે, વલણ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ સમયસાર કરતા પહેલા અહીં વાત આમ કરે છે. અમે નમીએ છીએ ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદના નાથને, એમાં અમારું વલણ ચુકવવાનું છે. એમાં અમે નમીએ છીએ, નમીએ છીએ. એવો ભગવાન પૂર્ણસ્વરૂપ પરમાત્મા પોતાનો સ્વભાવ એમાં અમે વળીએ છીએ, વળીએ છીએ, વળ્યા છીએ, વળ્યા છીએ એમ કહે છે. મંગલાચરણમાં વળી તમે અહીં બરાબર આવી ગયા. હેં? આહા..હા..! આ વળી બેય આવી ગયા તમારે ભરત અને તમારા બે છોકરા મોઢા આગળ છે ને. એ.. વસંત! કહો, સમજાણું કાંઈ? આ અમારે તો આવ્યા જ છે, અહીં તો પડ્યા જ છે. આ તમારી હયાતીમાં ૧૭મી વાર ચાલે છે આ. આહા..હા..!

ઓલામાં તો લખ્યું છે કે, તારી શુદ્ધિ પ્રગટી છે માટે તને કંઠે ઓમકાર આવ્યો છે એમ કહે છે ત્યાં. એમાં લખ્યું છે. એ આપણે પ્રણવ મંત્રમાં કહ્યું હતું. એમાં છે ને? એ છે, જુઓ! (સમવસરણ સ્તુતિ).

'**ૐ કાર શબ્દ વિશદ યાકે ઉભયરૂપ, એક આતમીક...**' પરમાનંદની મૂર્તિ પ્રભુ. '**ભાવ એક પુદ્‌ગલકો. શુદ્ધતા સ્વભાવ લિયે ઉઠ્યો રાય ચિદાનંદ.**' ૐ કાર કંઠમાં આવ્યો છે. એમાં છે ને? એમાં છે. ઓલામાં કહ્યું હતું. '**શુદ્ધતા સ્વભાવ લિયે ઉઠ્યો રાય ચિદાનંદ.**' જ્ઞાનાનંદ એવો રાજા ભગવાન આત્મા, એ શુદ્ધતાથી પ્રગટ થઈને ઊભો થયો. ભાવ ઓમ ઊભો થયો એમાં વિકલ્પનો ઓમકારનો અવાજ પણ ભેગો આવ્યો કહે છે. જુઓ! આગળ છે. '**બાવન વરણ જાકે અસંખ્યાત સન્નિપાત,**' બાવન અક્ષર છે

ને? અક્ષર બાવન છે અ, આ કરતાં. એનો સન્નિપાત. **'તિનિમેં નૃપ ૐકાર સજ્જન સુહાયો હૈ;'** એ બાવન અક્ષરમાં ઓમ તો મોટો રાજા છે. અક્ષરનો રાજા--નૃપ. **'બનારસીદાસ અંગ દ્વાદશ વિચાર યામેં;'** એ ઓમમાં તો બાર અંગનો સાર ભર્યો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? **'ઐસો ૐકાર કંઠ પાઠ તોહિ આયો હૈ.'** ત્યારે તારા કંઠમાં ઓમનો ધ્વનિ ઉઠ્યો છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભાવ ઓમકાર અંદરથી જાગ્યો, ત્યારે કંઠમાં ઓમકાર અક્ષરરૂપે આવ્યો છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો હવે ૧૭ વારનું મંગલાચરણ છે ને? લાલભાઈ ને બધા ભેગા થયા તાકડે કુદરતે. કાલે વિચાર આવ્યો હતો, હોં! કીધું, ખીમચંદભાઈને જણાવશે. પણ જણાવ્યું નથી પણ કુદરતી આવી ગયા. કાલે વાત થઈ ગઈ હતી ને. આહા..હા..! ઓમકાર આહા..હા..! પૂર્ણ શુદ્ધ આનંદ પ્રભુ જ્યાં જાગયો એની સાથે કહે છે કે, ઓમકારનો અવાજ અક્ષર પણ ભેગો આવ્યો. સમજાણું કાંઈ? **'ઐસો ૐકાર કંઠ પાઠ તોહિ આયો હૈ.'** પાઠ-અક્ષર ઉઠ્યો. ઈ વાચક ઉઠ્યો ઈ વાચ્ય છે એને લઈને ઉઠ્યો છે કહે છે. સમજાણું કાંઈ? ઈ ઓમકાર ફલાણાનો છે ને અન્યનો છે એમ નથી, એ તો આત્માનો છે. સમજાણું કાંઈ? એ હરિભાઈ કહેતા હતા કે, આ ૐ તો અમારો હોય, જૈનમાં (ક્યાંથી આવ્યો)? અરે..! જૈનમાં એટલે આત્માને જ ૐ હોય, સાંભળને. આત્મા પોતે જ ૐ સ્વરૂપ છે, ફલાણાનો ને ઢીંકણાનો ક્યાંથી આવ્યો ઓમ? સમજાણું કાંઈ? જે ૐ આત્મસ્વભાવ એ તો સર્વજ્ઞે કહ્યો એ જૈનમાં જ હોય છે, બીજે હોતો નથી. સમજાણું કાંઈ? એવા ઓમકાર ભગવાનસ્વરૂપને મળ્યો છું, નમસ્કાર નમઃ ઓમ, નમઃ ઓમ, નમન હો, વલણ હો, તે તરફ ઝુકાવ હો, ઝુકાવ હો. એનું નામ નમસ્કાર છે. છોટાભાઈ! હવે, એ તો દેવની વાત કરી. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન આવે છે ને? તો આ દેવ પોતે દેવ ઓમ દેવ પોતે આત્મા. સમજાણું કાંઈ? કહ્યું હતું ને? ઈ આવ્યું ત્યારે પહેલું, નહિ? 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.' ઈ પહેલો ધ્વનિ આવ્યો હતો ૬૩માં, સંવત ૧૯૬૩. ૬૫ વર્ષ પહેલા.

મુમુક્ષુ :-- નાટક જોયું ત્યારે.

ઉત્તર :-- નાટક નહિ, રામલીલા, નાટક નહિ, રામલીલા. રામલીલા. 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.' દેવ પોતે તું છો. સમજાણું કાંઈ? આહા..હા..! એવો આત્મા, કહે છે કે, એને નમસ્કાર, નમસ્કાર!! આહા..હા..! વલણ હો, વલણ હો, નમું છું, એને નમું છું. આ એક સમયસારની શરૂઆતમાં મંગળિક છે. હેં? આહા..હા..! સમજાય છે કાંઈ? હવે શાસ્ત્ર. જ્ઞાન કે વાણી બેય. અહીં વાણીની અપેક્ષા મુખ્ય છે ને.

अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलकलङ्का।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान्।।२।।

અર્થમાં નથી આવ્યું. મૂશળધાર વરસતી શબ્દરૂપ મેઘસમૂહ વડે. છે ને અવિરલ. મૂશળધાર વર્ષા. વરસાદ જ્યારે આવે છે ને બહુ આકરો હોય ત્યારે મૂશળધાર (આવે). સાંબેલુ હોય ને સાંબેલુ, મૂશળ કહે છે ને? સાંબેલુ. પાણીની ધારા મૂશળ જેવી પડે. એમ સરસ્વતી અક્ષર અથવા આ અંતર જ્ઞાન મૂશળધારા આહા..હા..! મૂશળધાર વરસી. મૂળશધાર વરસી શબ્દરૂપ મોહ મેઘસમૂહ વડે. શબ્દરૂપ મેઘ દરિયો ફાટ્યો. સંતોની વાણીમાં આવી વાણી આવી કહે છે. અને જેને જ્ઞાનમાં એ પરિણમી એના સકળ કલંક ધોઈ નાખ્યા એને અહીંયા સરસ્વતીનું જ્ઞાન અને વાણી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભૂતળના. અહીં તો જેના ટળ્યા એને આખા ભૂતળના ટળી ગયા કહે છે. આહા..હા..! ભૂતળના સકળ કલંક ધોઈ નાખ્યા છે અને જે સરસ્વતી એટલે કે આત્મજ્ઞાન ભાવ અને વાણી બેય મુનિઓ વડે ઉપાસવામાં આવતી હોવાથી. ઓલામાં યોગી ધ્યાન કરે છે એમ કીધું, આને મુનિઓ એની સેવા કરે છે. સમ્યગ્જ્ઞાન ભાવજ્ઞાન, ધારાવાહી. આહા..હા..! ભગવાન જ્ઞાનનો સમુદ્ર પ્રભુ એમાં લીન થઈને જે ધારા આવી જ્ઞાનની, કહે છે એ જ્ઞાનની ધારાને મુનિઓ પણ તીર્થરૂપે સેવા કરે છે. એ આ એનું તીર્થ. બહારના તીર્થમાં તો કહે છે પુણ્ય બંધાય જરી. સમજાણું કાંઈ?

આ મુનિઓ વડે ઉપાસવામાં આવતી જે તીર્થસ્વરૂપ છે. ભગવાન આત્માનું શુદ્ધ જ્ઞાન. ત્રિકાળી સ્વરૂપ જ્ઞાનની મૂર્તિ એનો આશ્રય લઈને જે સમ્યક્‌જ્ઞાનધારા સ્વસંવેદનજ્ઞાન ધારા આવી એ કહે છે કે, તીર્થસ્વરૂપ છે. એમાં કલંક ધોઈ નાખે છે. સમજાણું કાંઈ? ભારે! સંતોએ પણ એક મંગલાચરણ કર્યું છે ને! જે ચિત્‌સ્વરૂપ છે તે સરસ્વતી એ આમ શ્રુતજ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માનું જ્ઞાન એ અમારા દૂરીત દૂર કરો. રાગાદિ હોય તેનો નાશ કરો એમ કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં જ્ઞાનની શક્તિ એવી એમ છે એમ કહે છે. આહા..હા..! ત્રિકાળી ભગવાન તો દેવ છે પણ એની જ્ઞાન દશા પ્રગટી એ પણ દૂરિતને નાશ કરવાની તાકાતવાળી છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? દૂર કરો. એ શાસ્ત્ર સમ્યગ્જ્ઞાનને, ભાવજ્ઞાનને વંદન કર્યું અને દ્રવ્યશાસ્ત્રને પણ વંદન વ્યવહારે હોય છે. હવે ગુરુ. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. છે ને? અવિરલ શબ્દ આવી ગયું ને એ?

अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः।।३।।

કહે છે, અજ્ઞાનરૂપી અંધકાર એવા આંધળાઓના '**ज्ञानाञ्जनशलाकया**' જ્ઞાન--સમ્યગ્જ્ઞાનરૂપી અંજનની શલાકા એ આંજી આંખમાં. આહા..હા..! '**ज्ञानाञ्जनशलाकया चक्षुरुन्मीलितं**' જેની જ્ઞાનચક્ષુ ખુલી ગઈ. ગુરુએ એવું એને જ્ઞાન આપ્યું... આહા..હા..! અજ્ઞાનરૂપી અંધકારથી અન્ય જીવોના ચક્ષુઓ જ્ઞાનરૂપી અંજનશલાકા વડે જેમણે ખોલી આપ્યા. વ્યવહાર કહે

ત્યાં શું કરે? એઈ ભિખાભાઈ! લ્યો! આવ્યું આ.

મુમુક્ષુ :-- હોય ઈ તો આવે ને, સાહેબ!

ઉત્તર :-- હોય ઈ તો આવે, કહે છે. આવે છે ને, આમાં નથી આવ્યું? નિયમસારમાં આવ્યું નથી? સુશાસ્ત્રથી જ્ઞાન થાય, જ્ઞાનથી મોક્ષ થાય. જ્ઞાન સુશાસ્ત્રથી થાય, સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તપુરુષથી થાય. માટે આપ્તપુરુષો એની કૃપાનું ફળ મુક્તિ છે માટે આપ્તપુરુષો વંદનીક છે સજ્જનોને. સમજાણું કાંઈ? આહા..! છે ને? નિયમસારમાં છે ને? (ગાથા-૬નો આધાર-કળશ).

મુમુક્ષુ :-- ....

ઉત્તર :-- હા, ઈ. ઈ એમ એમ બધી વાત જેમ છે તેમ સમજવી. સમજાણું કે નહિ? ઈષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે. '**अभिमतफलसिद्धेरभ्युपायः सुबोधः**' ઈષ્ટ ફળ મુક્તિ એનો ઉપાય સુબોધ--સમ્યક્જ્ઞાન. આ જ્ઞાન આવ્યું ને આ. જ્ઞાનઅંજન શલાકા કરી. આહા..હા..! એ જ્ઞાન સુશાસ્ત્રથી થાય છે. બીજી રીતે કહે કે, શાસ્ત્રને સાંભળવાથી જ્ઞાન થાતું નથી. ભાઈ! જેને શાસ્ત્ર નિમિત્ત થઈને વાણી પડી એના ઉપાદાનવાળો એવો છે કે, એને સમ્યગ્જ્ઞાન થાય એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..! સ્વનો આશ્રય થઈને એને સમ્યગ્જ્ઞાન થાય. ન થાય અને વ્યવહાર છે ને ફલાણું છે એ પ્રશ્ન અહીં નથી. આહા..હા..!

કહે છે, '**સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તપુરુષથી થાય છે; માટે તેમના પ્રસાદને લીધે આપ્તપુરુષ બુધજનો વડે પૂજવા યોગ્ય છે (અર્થાત્ મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી...)**' લ્યો! એનો અર્થ કે, સર્વજ્ઞદેવના જ્ઞાનમાં આ મુક્ત થવાને લાયક છે આને આ મુક્તિ થઈ એવું જ્ઞાન છે એ જ એની કૃપા છે. '**(સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે).**' કેમકે '**न हि कृतमुपकारं साधवो विस्मरन्ति**' તેમ કરેલા ઉપકારને સંતો, સજ્જનો ભૂલતા નથી. જુઓ ને, વ્યવહાર પણ ... સમજાણું કાંઈ? વળી કહે, કોઈ કોઈનો ઉપકાર થાય નહિ, ભાઈ! એ તો નિશ્ચયની વાત છે. પણ અંદર આ ઉપકાર તરીકે વ્યવહાર છે એમાંથી નિશ્ચય ઉપકાર પ્રગટ્યો છે એને નિમિત્ત તરીકે ઉપકાર કહેવામાં આવે છે. આવી વાત છે. જેને જ્યાં જ્યાં છે ત્યાં તે તે પ્રકારે સમજવું જોઈએ. સમજાણું કાંઈ?

'**चक्षुरुन्मीलितं येन**' તે ચક્ષુ ખોલી આપ્યા. '**तस्मै श्रीगुरवे नमः**' તેવા સંતો જ્ઞાનીઓને નમસ્કાર હો, નમસ્કાર હો! એમ કહે છે.

'**श्रीपरमगुरवे नमः**' પરમગુરુ સર્વજ્ઞ પરમાત્માને નમસ્કાર. '**परम्पराचार्यगुरवे नमः**' એનાથી પરંપરાચાર સંતો આવ્યા, જિનેશ્વરનાથના દાસ, જિનેશ્વરનાથના દાસ પરંપરા સંતો પાક્યા આ એને પણ અમારો નમસ્કાર. સમજાણું કાંઈ?

'**सकलकलुषविध्वंसकं**' કેવું છે શાસ્ત્ર આ? સમયસાર શાસ્ત્ર એટલે આત્મા-શાસ્ત્ર, આત્માભાવ. સકળ કલુષનો વિધ્વંસ કરનાર, સકળ મલિનતાના રાગ અને દ્વેષનો નાશ કરનારું

છે આ. આહા..હા..! રાગની ઉત્પત્તિ કરાવાનું આ નથી એમ કહે છે. આહા..! શાસ્ત્ર જ એવું છે સમયસાર, '**सकलकलुषविध्वंसकं**'--મલિનતાના પરિણામનો તો વ્યય કરનારું આ શાસ્ત્ર છે. '**श्रेयसां परिवर्धकं**' શ્રેયની વૃદ્ધિ કરનારું છે--કલ્યાણોનું પરિવર્ધક છે. શ્રેય એટલે કલ્યાણ. નિમિત્તથી વાત છે ને. એને ભાવ સમયસાર છે જ્ઞાન અને સમયસાર એ કલ્યાણનું કરનારું છે. શાસ્ત્ર પણ વ્યવહારે, નિમિત્તે કલ્યાણ કરનારું છે એમ માંગળિકમાં કહેવામાં આવે છે.

ધર્મનો સંબંધ કરાવનારું છે, '**धर्मसम्बन्धकं**'. આહા..હા..! શું કહે છે? સમયસાર શાસ્ત્ર તો એને કહીએ કે, જે આત્માના આનંદના સ્વભાવનો સંબંધ કરાવે. રાગ અને વ્યવહારનો સંબંધ કરાવે એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! ધર્મના સંબંધનું કરાવનારું છે. વળી, '**भव्यजीवमनःप्रतिबोधकारकं**' ભવ્ય જીવોના મનને પ્રતિબોધ કરનાર છે. લાયક પ્રાણીને એ સમ્યગ્જ્ઞાનનું પમાડનારું શાસ્ત્ર છે. ભાવ પોતે અને દ્રવ્ય એમ નિમિત્ત, એમ બેય. પ્રતિબોધ કરનાર, ભવ્ય જીવોના મનને પ્રતિબોધ કરનાર છે. એક કોર એવું આવે કે, જિનવાણી સાંભળવાથી પણ જ્ઞાન ન થાય. એઈ..! ઈ આવે છે તમારે આમાં, પુસ્તક આપ્યું છે ને? દ્રવ્યદષ્ટિપ્રકાશ. સાંભળવાથી જ્ઞાન ન થાય, લો. અહીં કહે છે સાવધાનતયા શ્રવન્તુ. સમજાણું કાંઈ? જે પ્રકારે છે એ પ્રકારે એને સમજવો જોઈએને. સાંભળે છે ત્યારે એને લક્ષ આવે છે કે, આ વસ્તુ આમ કહે છે. સમજાય છે? પછી એ લક્ષનું લક્ષ છોડીને, લક્ષનું લક્ષ છોડીને લક્ષમાં જે કહ્યું હતું કે, આ આત્મા તે પકડ. એ આત્મા પકડ્યો એટલે એને સમ્યગ્જ્ઞાન થયું. એ શાસ્ત્રથી થયું એમ કહેવામાં આવે છે. આહા..!

'**प्रतिबोधकारकं**', '**पुण्यप्रकाशकं**' પવિત્રતાનો પ્રકાશ કરનારું છે. પુણ્ય નામ પવિત્રતાનો પ્રકાશ કરનાર આ શાસ્ત્ર છે. સમજાણું કાંઈ? '**पापप्रणाशकमिदं**'--પાપનો નાશ કરનાર છે. પવિત્રનો પ્રકાશક છે, પાપનો નાશ કરનાર છે. પાપની ઉત્પત્તિ કરાવે એ શાસ્ત્ર નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**इदं शास्त्रं श्रीसमयसारनामधेयं**' જેનું નામ શ્રી સમયસાર નામ છે. '**अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवा**' તેના મૂળ ગ્રન્થ કરનારા તો સર્વજ્ઞ પરમાત્મા છે. દિવ્યધ્વનિ ત્યાંથી નીકળી છે. '**उत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः**' એના પછી ગણધરદેવ એ શાસ્ત્રના કર્તા છે. લ્યો! ગ્રંથકર્તા છે. ઓલા (અમૃતચંદ્રાચાર્ય) કહે, ગ્રંથના કર્તા નથી એમ માનજો. પુદ્ગલ દ્રવ્યની પર્યાય (છે). પણ જ્યારે એનું નિમિત્તપણું બતાવવું હોય તો એ શું બતાવે? પંડિતજી! આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં જે જેમ છે તેમ વ્યવહારને, જ્યાં જેમ છે તેમ નિશ્ચયને ઈ સમજે, ખેંચાતાણ ન કરે. એમ છે. હેં?

મુમુક્ષુ :-- અજ્ઞાનીને તો મૂંઝવણમાં મૂકી દે એવું છે.

ઉત્તર :-- મૂંઝવણમાં મૂકી દે એવું છે? મૂંઝવણ કાઢી નાખે એવું છે એમ કહે છે અહીં તો. આહા..હા..! મૂંઝવણ કેવી? ત્રણલોકના નાથની વાણી એમાં મૂંઝવણ કેવી? એ

તો કહે છે ને, સંસારનો નાશક છે એ તો. આહા..હા..!

ગણધરદેવા, '**प्रतिगणधरदेवा**' એના પછી આચાર્યો થયા મહા ગણધર જેવા. '**स्तेषां वचनानुसारमासाद्य**' લ્યો! તેના વચનને અનુસરીને બનાવેલું શાસ્ત્ર છે એમ કહે છે. વળી અનુસરીને થાય નહિ અને જ્ઞાનને અનુસરીને જ્ઞાન થાય. બાપુ! જેમ છે એમ વ્યવહારથી એને સમજવું જોઈએને. જે વચનમાં ભગવાનની વાણી આવી એ જ વાણી ગણધરોએ કહી, એ વાણી આચાર્યોએ કરી, એ વાણીને આધારે કુંદકુંદાચાર્યને જ્ઞાન થયું. આહા..હા..! '**आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं,**' લ્યો! '**श्रोतारः**' હે શ્રોતાજનો! એમ કહે છે દેખો! '**सावधानतया शृण्वन्तु।।**' સાવધાની રાખીને સાંભળો. વળી કહે સાંભળવાથી જ્ઞાન થાય નહિ. બાપુ! એ તો જ્યારે અંદર એ સાંભળીએ એને કહીએ કે, જે સાંભળવામાં આવ્યું હતું એવું એણે લક્ષ કર્યું, એણે એવું લક્ષ કર્યું. આ આત્મા આનંદમૂર્તિ ભગવાન છે એનો આશ્રય લે એમ સંભળાવ્યું હતું. એવું સાંભળ્યું એવું કર્યું એટલે એને સાંભળવાથી થયું એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભાઈ લખે છે એક ઠેકાણે, નહિ? જે મહારાજે કહ્યું એવું અમે કાર્ય કર્યું. આવે છે? એક શબ્દ આવે છે. એ શૈલી, શું કરે પણ? આહા..હા..! ભાઈ નિહાલભાઈ. આમ કહ્યું હતું મહારાજે એવું મેં કામ કર્યું છે. આત્માના આનંદનો અનુભવ કરો એનું નામ આત્મધર્મ એમ કહ્યું હતું એવું મેં કર્યું છે. એમ આવે છે. સમજાણું કાંઈ? દ્રવ્યદૃષ્ટિપ્રકાશ આપ્યું ભાઈને, છોટુભાઈને એની પાસે કાંઈ નહોતું, એક્કેય નહોતું, પહેલા બે ભાગ પણ નહોતા. પછી આખું આપ્યું ત્રણ ભાગનું. મંગળિક તરીકે આપ્યું આ. આહા..! અરે..! મને તો એમ થઈ જાય કે ભાઈઓ કેમ બીજા ન ...? નિહાલભાઈનો... એ આત્મા આવો છે. ... સત્યનો પક્ષ નહિ લે તો કાંઈ શરણ નથી બીજું. આહા..હા..! અરે..! ચોર્યાસીના અવતાર જુઓને આ. આ પૂનમભાઈ જુઓને તમારા ઉપર તાર આવ્યો છે ને? પૂનમ ફોટોગ્રાફર, ૩૮ વર્ષની ઉંમર.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- આવી ને, છોકરાઓ આવ્યા હતા, છોકરા અહીં આવે ને, લેતા આવે. ચોપાનીયુ વંચાવ્યું હતું. આહા..! ... ઊડી ગયા એમાં. માથા ઉપર પૈડા ફર્યા. ખોપરી તૂટી ગઈ, થઈ રહ્યું. ૩૭ વર્ષનો. પુનમચંદ ફોટોગ્રાફી, બહુ બિચારા અહીં આવતા. પ્રેમી. આહાર કરાવ્યો હતો નહિ ત્યાં? એક દિ' ત્યાં ઉતર્યા હતા. સવારે પોપટભાઈને ન્યાં કર્યો હતો, સાંજે ન્યાં કર્યો હતો. થાનમાં. આ સંસાર. આહા..હા..! બિચારા ફોટો પાડવા જતા હશે, એકદમ આવી ગયું. ... એ તો એ જ સમયે અને એ જ પ્રકારે બનવાનું એમાં ફેરફાર કાંઈ કોઈથી થાય એવો નથી. તું તારું લક્ષ ફેરવીને આત્મા ઉપર મૂક, એક જ વાત છે. સમજાણું કાંઈ? એ અહીં સાંભળવાનું કહે છે.

'मंगलं भगवान् वीरो' લ્યો! છે ને? વીર ભગવાન મંગલસ્વરૂપ છે. પરમાત્મા વીર પરમાત્માનું શાસન છે ને, એટલે એને સંભાર્યા છે. 'मंगलं गौतमो गणी' ગૌતમસ્વામી ગણધર એ મંગલસ્વરૂપ છે. 'मंगलं कुन्दकुन्दार्यो' લ્યો! શાસ્ત્રના કર્તા પોતે મંગળિક સ્વરૂપ છે. સમજાણું કાંઈ? મંગળસ્વરૂપ છે, 'जैनधर्मोऽस्तु मंगलम्' અહો..! ચૈતન્ય ભગવાન વીતરાગસ્વરૂપ જ છે, જિનરાજ જ આત્મા છે એને શરણે જઈને જે વીતરાગદશા પ્રગટ થઈ એ જૈન ધર્મ. એ જૈન ધર્મ મંગળ છે જગતમાં. મં--પાપ, ગલ નામ ગાળે એને મંગળ કહીએ. અથવા મંગ પવિત્રતા લ નામ લાતિ. પવિત્રતાને પમાડે તેને મંગળિક કહીએ. તો જૈન ધર્મ એ મંગળિક છે. એ અજ્ઞાન અને રાગ-દ્વેષનો નાશક છે અને પવિત્રતાનો પ્રકાશક છે. એ જૈન ધર્મ કોઈ સંપ્રદાયકની ચીજ નથી કે, જૈન આમ કહે છે ને અમે આમ કહીએ છીએ. આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. સમજાણું કાંઈ? આહા..!

દિગંબર સંતોએ પરંપરા સર્વજ્ઞનો જે માર્ગ હતો તે માર્ગને પ્રકાશ્યો છે. એ ઓછા, વત્તા, વિપરીત રહિત જેમ છે તેમ કહ્યું છે તે જૈન ધર્મ. આત્માની વીતરાગ દશા. વ્યવહારનો વિકલ્પ રાગવાળો એ જૈન ધર્મ નહિ. 'जैनधर्मोऽस्तु मंगलम्' કહ્યું ને. વીતરાગભાવ જે પ્રગટ થાય, વીતરાગીસ્વરૂપ ભગવાન આત્મા, જિનરાજ પોતે જ આત્મા એને આશ્રયે પ્રગટ થાય વીતરાગી દશા તે જૈન ધર્મ. મંગળિક છે ઈ, સંસારનો નાશ કરીને મુક્તિને પમાડે.

'सर्वमंङ्गलमांगल्यं सर्वकल्याणकारकं' સર્વ મંગળોમાં શ્રેષ્ટ મંગળસ્વરૂપ, સર્વ કલ્યાણનો કરનાર. 'प्रधानं सर्वधर्माणां' એ સર્વ ધર્મો એટલે? વળી કાંઈક બીજા ધર્મમાં ... એમ કરીને કોઈક અર્થ કરતું હતું. બધા આત્માના જે ધર્મ છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ એ બધા ધર્મમાં 'जैनं जयतु शासनम्'. રાગ રહિત ચૈતન્યની વીતરાગ દશા તે જૈનપણું તે શાસન જયવંત વર્તે છે. આહા..હા..! એવું જૈનશાસન જયવંત વર્તો! આહા..હા..! પહેલી એને સમજણમાં જ જ્યાં ઠેકાણા નથી એના આરા ક્યાં? આવો ભગવાન આત્મા એનો જે ધર્મ સ્વભાવ એ જે પર્યાયમાં અંતર્મુખ થઈને પ્રગટ થાય એ જૈન ધર્મ. જયતિ, જય વર્તો, વીતરાગી દશાનો જગતમાં જય વર્તો. સમજાય છે કાંઈ? એમ કરીને મંગળિક કર્યું, લ્યો! ઈ મંગળિક થયું.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- વીતરાગ ધર્મ એટલે આત્માનો ધર્મ. એમાં વીતરાગભાવ એ સર્વત્કૃષ્ટ છે એમ કહે છે. બીજા તો કહે સર્વોત્કૃષ્ટ ધર્મ આ. સર્વ ધર્મ બીજાને કહે છે, એમ અર્થ કરે છે.

મુમુક્ષુ :-- એનો અત્યારે બીજો અર્થ કરે છે.

ઉત્તર :-- હા, ઈ આ ધર્મ આ આત્માનો, ધર્મ બીજામાં ધર્મ હતા કે દિ'? આહા..હા..! સર્વજ્ઞે કહેલા ધર્મો ક્ષમા, ... વગેરે એમાં વીતરાગપણું તે સર્વોત્કૃષ્ટ ધર્મ છે. વીતરાગનું આ

કથન છે. હવે આ.

કહે છે કે, આદિમાં આ માંગળિક કર્યું. **'आदि मंगल करणी सिरसा लहु पारगा हवन्ति'** આદ્યમાં આવું મંગળિક કરવાથી શિષ્યો અલ્પકાળમાં પરમાત્મપદને પામે છે. શ્લોક છે શાસ્ત્રનો. ... મધ્યમાં માંગળિક કરવાથી એની અવિછ્યુતિ--વિઘન ન થાય એટલે મધ્યમાં વિઘન. શરૂઆતમાં માંગળિક છે, આગળ પોતે કરશે માંગળિક. મધ્યમાં કહેશે ત્યાં આગળ. ઓલા જૈન શાસનનો સાર છે ને, આસ્રવનું શું કીધું? આસ્રવનું ત્યાં કીધું ને. નિચોડ.

**યહ નિચોર યા ગ્રંથકૌ, યહૈ પરમ રસપોખ.**
**તજૈ સુદ્ધનય બંધ હૈ, ગહૈ સુદ્ધનય મોખ. ૧૩.**

(આસ્રવ અધિકાર, નાટક સમયસાર).

એ મધ્ય માંગળિક છે. સમજાણું કાંઈ? શું કહ્યું? કહે છે કે, આ શુદ્ધ ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ ભગવાન સર્વજ્ઞે કહ્યો એવો જે આત્મા, શુદ્ધનયને ગ્રહ્યે મુક્તિ છે અને શુદ્ધનયને ત્યાગે સંસાર અને બંધન છે. એ મધ્યમાં માંગળિક કર્યું છે. આખિરમાં માંગળિક સુખરૂપ થશો એ છેલ્લી ગાથામાં કર્યું. આવું જે કરશે એ સુખરૂપ થશે. ૪૧૫માં છે ને. વિદ્યાફલં. છેલ્લા મંગળિકમાં એ વિદ્યા નામ સમ્યગ્જ્ઞાનનું ફળ આવે માટે છેલ્લે માંગળિક કર્યું છે.

**'ૐ શ્રી પરમાત્મને નમઃ'** ૐ નામ એ આત્મા દેવ. એવા જે શ્રી પરમાત્મા એને નમસ્કાર. ઓમને નમસ્કાર અને શ્રી પરમાત્મને નમઃ. પરમ સ્વરૂપ એવો ભગવાન આત્મા નિજ પરમાત્મા તેને નમસ્કાર. **'श्रीमद्‌भगवत्कुंदकुंदाचार्यदेवप्रणीत श्री समयसार'** જીવ-અજીવ અધિકાર. લ્યો! હવે પોતે ટીકા કરનાર જયચંદ્ર પંડિત છે એ પોતે દેવ, શાસ્ત્ર અને પોતે વસ્તુ કહેનાર છે એ ગુરુ છે, એ માંગળિક કરે છે.

**'શ્રી પરમાતમ પ્રણમીને,...'** પરમાત્મસ્વરૂપ એવા ભગવાન અથવા પરમાત્મસ્વરૂપ એવો આત્મા એને પ્રણમીને. એ દેવ આવ્યા. **'શારદ સુગુરુ નમીય;...'** શારદ નામ જ્ઞાન સરસ્વતી એ શાસ્ત્ર આવ્યા, સુગુરુ એ ગુરુ આવ્યા. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. ભક્તિમાં આવે છે ઘણે ઠેકાણે. દેવ-ગુરુ-શાસ્ત્ર એમ નહિ, દેવ-શાસ્ત્ર-ગુરુ તીન, લાઈન એમ છે. સમજાણું કાંઈ? એ ઘણે ઠેકાણે આવે છે, દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. પૂજામાં આવે છે, પૂજામાં આવે છે. આહા..! **'સમયસાર શાસન કરું'** જયચંદ્ર પંડિત કહે છે. સમયસાર શાસ્ત્રના હું અર્થ કરું છું એના. શાસન એટલે સમયસાર શાસ્ત્ર, **'દેશવચનમય, ભાઈ!'** ચાલતી ભાષામાં સમયસારના અર્થ કરું છું, એમ કહે છે.

**'શબ્દ્‌બ્રહ્મ પરબ્રહ્મનો...'** શબ્દ્‌બ્રહ્મ એટલે વાણી, પરમબ્રહ્મ એવો ભગવાન આત્મા વાચ્ય. એ **'વાચકવાચ્ય નિયોગ;...'** સમયસાર એ શબ્દ છે અને એનું વાચ્ય પરમબ્રહ્મ ભગવાન આત્મા છે. જેમ સાકર શબ્દ છે એ વાચક છે અને સાકર પદાર્થ છે એ એનું

વાચ્ય છે. વાચકમાં વાચ્ય નથી, વાચ્યમાં વાચક નથી. પણ વાચક, વાચ્યનું નિમિત્ત છે એમ જણાવે છે. એમ સમયસાર વાચક શબ્દ છે, પરમબ્રહ્મ ભગવાન આત્મા એનું વાચ્ય છે. કહેવા યોગ્ય હોય તો એ પરમબ્રહ્મ ભગવાન આત્માને કહેનારું છે. આહા..!

'**શબ્દબ્રહ્મ પરબ્રહ્મનો વાચકવાચ્ય નિયોગ;...**' યોગ એટલે સંબંધ. '**મંગળરૂપ પ્રસિદ્ધ એ,...**' એ મંગળરૂપ છે. શબ્દ એ મંગળરૂપ છે અને વાચ્ય ભગવાન પણ પોતે મંગળરૂપ છે. '**નમું ધર્મધન-ભોગ.**' નમસ્કાર ધર્મરૂપી લક્ષ્મીના અનુભવને. આત્માના આનંદનો અનુભવ એવી લક્ષ્મી એનો જે અનુભવ આ એને હું નમસ્કાર કરું છું. આ જયચંદ્ર પંડિતનું છે, કારણ કે, ટીકામાંથી અર્થ તો એણે પહેલો કર્યો છે ને હિન્દીનો. પછી આપણે હિન્દીમાંથી ગુજરાતી (કર્યું). હિંમતભાઈએ પછી બનાવ્યું છે. પહેલું તો હિન્દી એમનું કરેલું છે ને, એ પોતે માંગળિક કરે છે.

'**નય નય સાર લહે શુભ વાર,...**' કહે છે કે, શાસ્ત્રનું એક એક પદ એમાં નિશ્ચય ને વ્યવહારનયનું જ્ઞાન થતાં, '**પદ પદ માર દહે દુઃખકાર;...**' પદે-પદે, ભાવે-ભાવે માર નામ મરણને બાળીને દુઃખનો નાશ કરે છે. '**નય નય સાર...**' નયે નયે એટલે જે શબ્દનો જે નય છે, એ નયે નયે તેનું જ્ઞાન થતાં, '**શુભ વાર,...**' તે કાળે, તે જ્ઞાન થતાં. '**પદ પદ માર...**' આહા..હા..! પદે પદે મરણનો નાશ કરનારું, દુઃખનો નાશ કરનારું એ નય નયના વાક્યો છે. તે નયે કેમ કીધું એ જાણતા ક્ષણે ક્ષણે મરણનો નાશ થાય એવા એ વાક્યો છે. સમજાણું કાંઈ? આહા..!

સર્પને જેમ એના... શું કહેવાય એના? બીલ, બીલ. એ બીલમાં જેમ, આ વગાડે મોરલી પણ ઓલી શું કહેવાય? કલમ, કલમને મંત્રીને નાખે તો સર્પ બહાર આવે નીકળીને, ફડાક દઈને. એવા આ મંત્રો છે. ઝેર ઉતારનારા છે કહે છે. રાગની અંદરમાં પડ્યો છે, અંદર મહા પરમાત્મા પોતે છે. આ સમયસારની વાણી કલમે લખાણી, મંત્રોથી લખાણી. માર પડતા અંદરમાં એનો નાશ અજ્ઞાનનો થઈને બહાર નીકળ હવે તું, પરમાત્મા થા. તું પરમાત્માપણે છો એ પર્યાયમાં પરમાત્મા થા. આ એવી આ વાણી છે. પંડિતજી!

'**લય લય પાર ગ્રહે ભવધાર,...**' ઓહો..! આત્માનો સ્વભાવ, જેમ લીનતા લયની પ્રગટ થાય તેમ તેમ ભવનો ધાર. '**લય લય પાર ગ્રહે ભવધાર,...**' ભવનો પાર થઈ જાય ત્યાં તો. પાર ગ્રહે ભવધાર--ભવનું ધારવું એનો પાર થઈ જાય, અભાવ થઈ જાય. આહા..! પહેલેથી ઉપાડ્યું છે જુઓ આ. ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વભાવમાં જેમ જેમ લયને--લીનતાને પામે, તેમ તેમ તેને ભવનો પાર અને ગ્રહવું છૂટી જાય છે. ભવથી પાર થઈ જાય છે એવી આ શબ્દ વાણી છે. '**જય જય સમયસાર અવિકાર.**' જય હો, જય હો, સમયસાર ભગવાન જિનરાજ આત્મા. એ અવિકારી ભગવાનનો જય હો. કહો,

સમજાણું કાંઈ?

'**શબ્દ, અર્થ ને જ્ઞાન-સમયત્રય આગમ ગાયા,...**' આગમમાં, શબ્દને પણ આગમ કહીએ, અર્થને પણ આગમ કહીએ અને જ્ઞાનને પણ આગમ કહીએ. '**સમયત્રય આગમ ગાયા,...**' આવે છે ને પંચાસ્તિકાયમાં? અર્થસમય, શબ્દસમય અને જ્ઞાનસમય. જ્ઞાનસમય ભગવાન, શબ્દસમય વાણી, અર્થસમય એમાં કહેલા પદાર્થો. '**કાળ, મત, સિદ્ધાંત-ભેદત્રય નામ બતાવ્યા;...**' એ સમયને કાળ પણ કહીએ, મત પણ કહીએ, સિદ્ધાંત પણ કહીએ એવા પણ ત્રણ નામ આવે છે.

'**તે મહીં આદિ શુભ અર્થસમયકથની સુણીએ બહુ,...**' એ બધામાં પણ શુભ પદાર્થ એવો જે ભગવાન આત્મા એની કથની સાંભળીએ બધા. કહો, સમજાણું આમાં? શુભ અર્થ એટલે શુભનો અર્થ જ અહીં શુદ્ધ એવો અર્થસમય આત્મ પદાર્થ એની કથની સુણીએ બહુ. આવી કથની સમયસારમાં આવશે. '**અર્થસમયમાં જીવ નામ છે સાર,...**' અર્થ પદાર્થના બધા પદાર્થને સમય જો કહીએ તો એમાં પણ અર્થસમયમાં જીવ નામ સાર છે. ભગવાન આત્મા છ દ્રવ્યમાં સારમાં સાર પ્રધાન દ્રવ્ય એ છે. '**નામ છે સાર, સુણજો સહુ;...**'

'**તે મહીં સાર વિણકર્મમળ...**' હવે જીવમાં પણ પાછો સાર, '**કર્મમળ રહિત શુદ્ધ જીવ શુદ્ધનય કહે,...**' અશુદ્ધતા રાગવાળો છે જીવ અને આ વાળો છે એમ શુદ્ધનય કહે નહિ. આહા..હા..! કર્મ વિનાનો, રાગ વિનાનો પુર્ણાનંદ પ્રભુ એવું શુદ્ધનયનું કથન શુદ્ધ જીવના સમયસારસ્વરૂપ ભગવાનને બતાવે છે. આહા..! '**આ ગ્રંથમાં કથની સહુ, સમયસાર બુધજન ગ્રહે.**' એ જ્ઞાનીઓએ આ સમયસારમાં રાગ વિનાનો, કર્મમળ વિનાનો શુદ્ધ જીવ એની કથની સમજવી જોઈએ. સારા શાસ્ત્રમાં સાર આ છે એને સમજવો જોઈએ.

**નામાદિક ષટ્ ગ્રંથમુખ, તેમાં મંગળ સાર;**
**વિઘ્નહરણ, નાસ્તિકહરણ, શિષ્ટાચાર ઉચ્ચાર. ૫.**

નામાદિક ષટ્ છે. આ ગ્રંથનું નામ 'સમયસાર'. એનું મંગળ કરવું, એનું નિમિત્ત કારણ કોણ? ભવ્ય જીવો તેના નિમિત્ત કારણ છે. શાસ્ત્રનું પ્રયોજન. પહેલું માંગળિક, બીજું નિમિત્ત કારણ, ત્રીજું શાસ્ત્રનું પ્રયોજન, ચોથું એની સંખ્યા, પાંચમું એનું નામ, છઠ્ઠું શાસ્ત્રના કર્તા. ઈ છ બોલ છે. '**નામાદિક ષટ્ ગ્રંથમુખ,...**' આ છ બોલ છે, છ. શાસ્ત્રની આદિમાં બધે ઠેકાણે આ છ બોલ ચાલશે. '**તેમાં મંગળ સાર;...**' એમાં પણ મંગળિક એ સાર છે. કેવું છે મંગળિક સમયસાર? '**વિઘ્નહરણ,...**' એ વિઘનનો નાશ કરનાર છે. '**નાસ્તિકહરણ,...**' શ્રદ્ધા, નાસ્તિ જેને હોય એને નાશ કરનાર છે. શિષ્ટાચાર છે. ઉત્તમ પુરુષોનું આચરણનું પાલન છે માંગળાચરણમાં. આ મંગળાચરણ કરવામાં ઉત્તમ પુરુષોના

આચારનું પાલન છે. '**સમયસાર જિનરાજ છે,...**' લ્યો!

ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન,
મત-મદિરાકે પાનસો, મતવાલા સમજે ન.

એ આવી ગયું આપણે, સમયસાર નાટકમાં. '**સમયસાર જિનરાજ છે,...**' વાણી છે એ પણ જિનરાજ સ્વરૂપે છે અને આત્મા જિનરાજ સ્વરૂપે છે. સ્વરૂપ જ એનું જિનરાજ છે કહે છે. જિનરાજ એટલે? રાગ રહિત, કષાય રહિત એનો સ્વભાવ એ જિનરાજ છે. પોતે આત્માનો સ્વભાવ જિનરાજસ્વરૂપ જ છે. શક્તિરૂપે, દ્રવ્યરૂપે, ભાવરૂપે, '**સમયસાર જિનરાજ છે,...**' આહા..હા..! '**સ્યાદ્વાદ જિનવેણ;...**' વાણી જે ભગવાનની સ્યાદ્વાદ કથન છે. નિશ્ચયથી દ્રવ્ય છે, વ્યવહારથી પર્યાય છે વગેરે વગેરે. '**મુદ્રા જિન નિર્ગ્રંથતા,...**' ત્યાં પણ દેવ લીધા, વાણી લીધી અને ગુરુ લીધા. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. '**સમયસાર જિનરાજ છે,...**' પોતાનું જિનરાજ સ્વરૂપ જ સમયસાર છે. વીતરાગ પ્રગટ થયેલા અને આ. '**સ્યાદ્વાદ જિનવેણ;...**' વીતરાગની વાણી અનેકાંતિક છે. સ્વપણે છે, પરપણે નથી. તેને જિનવાણી કહીએ કે શાસ્ત્ર કહીએ.

'**મુનિ મુદ્રા જિન નિર્ગ્રંથતા,...**' મુનિની મુદ્રા નિર્ગ્રંથ હોય છે. એ ગુરુ મુનિ નિર્ગ્રંથ હોય છે. એને વસ્ત્ર, પાત્ર આદિ હોતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. આ ગુરુમાં આવ્યા. વીતરાગી મુનિ જેની મુદ્રા અંદર વીતરાગી દશા પ્રગટ થઈ છે અને બહારમાં જેની મુદ્રા વીતરાગી નગ્ન છે. માતાએ જન્મ્યા એવા છે. આહા..હા..! મુદ્રા જિન નિર્ગ્રંથતા--જેને ગ્રંથ નીકળી ગયો છે. અંદરમાંથી અજ્ઞાન ને રાગ-દ્વેષ નીકળી ગયા છે, બહારમાંથી વસ્ત્ર, પાત્ર આદિ ગાંઠ પરિગ્રહની નીકળી ગઈ છે એને મુનિ કહીએ. '**નમું કરે સહુ ચેન.**' એ ત્રણેને નમસ્કાર કરવાથી આનંદની પ્રાપ્તિ થાય એમ કહે છે. '**નમું કરે સહુ ચેન.**' બધા ચેન, આનંદ જ આવે એમાં તો. આખો અર્થ કર્યો છે. આ તો જૂનું લીધું ને, ઓલામાં અર્થ છે એટલે આ જૂનું લીધું.

'**આ પ્રમાણે મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરીને શ્રી કુંદકુંદઆચાર્યકૃત ગાથાબદ્ધ સમયપ્રાભૃત ગ્રંથની શ્રી અમૃતચંદ્રઆચાર્યકૃત આત્મખ્યાતિ નામની જે સંસ્કૃત ટીકા છે...**' લ્યો! આ પ્રમાણે પહેલું માંગળિક કર્યું છે. હવે એ ગ્રંથની અમૃતચંદ્રાચાર્યે કરેલી આત્મખ્યાતિ. આચાર્યકૃત આત્મખ્યાતિ એમ આવે છે, લ્યો. ઓલા કહે, આચાર્યે કહી તે નિમિત્તની ભાષા છે. નિમિત્તથી કથન હોય તો શું કહેવાય? સમજાય છે કાંઈ? અહીં કુંદકુંદાચાર્યકૃત ગાથાબદ્ધ કીધું. ગાથાની રચના તો પરમાણુની પર્યાયથી થઈ છે પણ નિમિત્ત કોણ હતા એનું જ્ઞાન કરાવવા ગાથાના કરનાર કુંદકુંદાચાર્ય છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! તકરાર, તકરાર. જુઓ, આમાં કરેલું લખ્યું છે કે નહિ? અમૃતચંદ્રાચાર્યકૃત દેખો, આત્મખ્યાતિ નામની જે ટીકા. એ ટીકામાં

નિમિત્ત અમૃતચંદ્રાચાર્ય હતા એટલું બતાવવા એનું કૃત કીધું છે. સંસ્કૃત ટીકા છે એની, સંસ્કૃત ટીકા છે, 'તેની દેશભાષામાં વચનિકા લખીએ છીએ.' પોતે કહે છે જયચંદ્રજી. આ સંસ્કૃત ટીકાની ચાલતી ભાષામાં વચનિકા લખવામાં આવે છે. એમાં અમૃતચંદ્રાચાર્ય પહેલું મંગળિક કરશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

# પૂર્વરંગ

## श्रीमदमृतचन्द्रसूरिकृता आत्मख्यातिः।

**પ્રથમ, સંસ્કૃત ટીકાકાર શ્રી અમૃતચંદ્ર આચાર્ય ગ્રંથના આદિમાં (પહેલા શ્લોક દ્વારા) મંગળ અર્થે ઇષ્ટદેવને નમસ્કાર કરે છે. :--**

(अनुष्टुभ्)

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।

શ્લોકાર્થ :- [नमः समयसाराय] 'સમય' અર્થાત્ જીવ નામનો પદાર્થ, તેમાં સાર---જે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત શુદ્ધ આત્મા, તેને મારો નમસ્કાર હો. તે કેવો છે? [भावाय] શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે. આ વિશેષણપદથી સર્વથા અભાવવાદી નાસ્તિકોનો મત ખંડિત થયો. વળી તે કેવો છે? [चित्स्वभावाय] જેનો સ્વભાવ ચેતનાગુણરૂપ છે. આ વિશેષણથી ગુણ-ગુણીનો સર્વથા ભેદ માનનાર નૈયાયિકોનો નિષેધ થયો. વળી તે કેવો છે? [स्वानुभूत्या चकासते] પોતાની જ અનુભવરૂપ ક્રિયાથી પ્રકાશે છે, અર્થાત્ પોતાને પોતાથી જ જાણે છે--પ્રગટ કરે છે. આ વિશેષણથી, આત્માને તથા જ્ઞાનને સર્વથા પરોક્ષ જ માનનાર જૈમિનીય-ભટ્ટ-પ્રભાકર ભેદવાળા મીમાંસકોના મતનો વ્યવચ્છેદ થયો; તેમજ જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય છે, પોતે પોતાને નથી જાણતું---એવું માનનાર નૈયાયિકોનો પણ પ્રતિષેધ થયો. વળી તે કેવો છે? [सर्वभावान्तरच्छिदे] પોતાથી અન્ય સર્વ જીવાજીવ, ચરાચર પદાર્થોને સર્વ ક્ષેત્રકાળસંબંધી, સર્વવિશેષણો સહિત, એક જ

સમયે જાણનારો છે. આ વિશેષણથી, સર્વજ્ઞનો અભાવ માનનાર મીમાંસક આદિનું નિરાકરણ થયું. આ પ્રકારના વિશેષણો (ગુણો)થી શુદ્ધ આત્માને જ ઈષ્ટદેવ સિદ્ધ કરી તેને નમસ્કાર કર્યો છે.

ભાવાર્થ :- અહીં મંગળ અર્થે શુદ્ધ આત્માને નમસ્કાર કર્યો છે. કોઈ એમ પ્રશ્ન કરે કે કોઈ ઈષ્ટદેવનું નામ લઈ નમસ્કાર કેમ ન કર્યો? તેનું સમાધાન :- વાસ્તવિકપણે ઈષ્ટદેવનું સામાન્ય સ્વરૂપ સર્વકર્મરહિત, સર્વજ્ઞ, વીતરાગ, શુદ્ધ આત્મા જ છે તેથી આ અધ્યાત્મગ્રંથમાં સમયસાર કહેવાથી ઈષ્ટદેવ આવી ગયા. તથા એક જ નામ લેવામાં અન્યમતવાદીઓ મતપક્ષનો વિવાદ કરે છે તે સર્વનું નિરાકરણ, સમયસારના વિશેષણો વર્ણવીને, કર્યું. વળી અન્યવાદીઓ પોતાના ઈષ્ટદેવનું નામ લે છે તેમાં ઈષ્ટ શબ્દનો અર્થ ઘટતો નથી, બધાઓ આવે છે; અને સ્યાદ્વાદી જૈનોને તો સર્વજ્ઞ વીતરાગ શુદ્ધ આત્મા જ ઈષ્ટ છે. પછી ભલે તે ઈષ્ટદેવને પરમાત્મા કહો, પરમજ્યોતિ કહો, પરમેશ્વર, પરબ્રહ્મ, શિવ, નિરંજન, નિષ્કલંક, અક્ષય, અવ્યય, શુદ્ધ, બુદ્ધ, અવિનાશી, અનુપમ, અચ્છેદ્ય, અભેદ્ય, પરમપુરુષ, નિરાબાધ, સિદ્ધ, સત્યાત્મા, ચિદાનંદ, સર્વજ્ઞ, વીતરાગ, અર્હત્, જિન, આપ્ત, ભગવાન, સમયસાર ઈત્યાદિ હજારો નામોથી કહો; તે સર્વ નામો કથંચિત્ સત્યાર્થ છે. સર્વથા એકાંતવાદીઓને ભિન્ન નામોમાં વિરોધ છે, સ્યાદ્વાદીને કાંઈ વિરોધ નથી. માટે અર્થ યથાર્થ સમજવો જોઈએ.

પ્રગટે નિજ અનુભવ કરે, સત્તા ચેતનરૂપ;
સૌ-જ્ઞાતા લખીને નમું, સમયસાર સહુ-ભૂપ. ૧.

---

## કારતક વદ-૬, સોમવાર, તા. ૮-૧૧-૧૯૭૧
## શ્લોક-૧, પ્રવચન-૨

આ સમયસાર અધિકાર છે. જરી ટીકાનો પહેલો શ્લોક છે. અમૃતચંદ્રાચાર્ય, '**પ્રથમ, સંસ્કૃત ટીકાકાર શ્રી અમૃતચંદ્ર આચાર્ય ગ્રંથના આદિમાં** (પહેલા શ્લોક દ્વારા) **મંગળ અર્થે ઈષ્ટદેવને નમસ્કાર** કરે છે :--' પહેલું મંગળાચરણ તો કાલે વચનિકા કરનારનું આવ્યું, હવે આ એક પોતે અમૃતચંદ્રાચાર્ય મંગળિક કરે છે.

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।

શ્લોકાર્થ :-- **'नमः समयसाराय' 'સમય' અર્થાત્ જીવ નામનો પદાર્થ,...'** સમય એટલે એક સમયમાં જાણે અને પરિણમે એવો જે આત્મપદાર્થ, એમાં સાર. સમય એટલે આત્મા અને સાર અર્થાત્ **'દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત...'** જેમાં જડ કર્મ નથી, શરીરાદિ નોકર્મ નથી અને જેમાં પુણ્ય-પાપના વિકલ્પ વ્યવહાર રાગાદિ નથી. એનું નામ શુદ્ધ આત્મા. ઈષ્ટદેવને નમસ્કાર કરે છે. જેને પ્રગટરૂપ આત્મા થયો તેને અને પોતાનો આત્મા પણ એવો છે. સમજાણું કાંઈ? સમય નામ આત્મા પદાર્થ, એમાં સાર. પ્રથમથી જ એમાં વિકલ્પ જે રાગાદિ છે એનાથી તો આત્મા રહિત છે. આહા..હા..! તો રાગની ક્રિયાથી આત્માને લાભ થાય એમ બને નહિ. એવી વાત છે. સમજાણું કાંઈ? **'તેને મારા નમસ્કાર હો.'** એવો જે આત્મા પદાર્થ, જડ કર્મ, શરીર, વાણી આદિ નોકર્મ અને શુભ-અશુભ વિકલ્પ જે રાગથી રહિત થયો અને એનાથી રહિત છે. સમજાણું કાંઈ? આવો આત્મા તેને મારા નમસ્કાર. એમાં હું નમું છું. આવી ચીજ પોતાની વસ્તુ અને ભગવાન પરમાત્મા તેને હું નમું છું. એનો અર્થ કે પોતાનો નિજ સ્વભાવ ચૈતન્યદેવ--ઈષ્ટદેવમાં મારો ઝુકાવ છે. સમજાણું કાંઈ? મારી વસ્તુ શુદ્ધ આનંદઘન જે આત્મા, એમાં હું ઢળું છું. એમાં મારું વલણ, સન્મુખતા છે તેનું નામ શુદ્ધાત્માને નમસ્કાર કર્યા એમ કહેવામાં આવે છે.

હવે, **'તે કેવો છે?'** આત્મા. **'भावाय' 'શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે.'** આત્મપદાર્થ કહ્યો. હવે (કહે છે), ઈ શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ (છે). પવિત્ર હોવાપણારૂપી એ વસ્તુ છે. સમજાણું કાંઈ? શુદ્ધ સત્તા. જેની પવિત્ર નિર્મળ હોવાપણારૂપ સત્તા છે તેને અહીંયા આત્મા કહે છે. એ ભાવ કહ્યો. સમજાણું કાંઈ? શુદ્ધ સત્તારૂપ વસ્તુ. **'આ વિશેષણપદથી સર્વથા અભાવવાદી નાસ્તિકોનો મત ખંડિત થયો.'** શું કહે છે? જગતમાં અભાવ જ છે. સર્વથા અભાવ. કથંચિત્ અભાવ પોતાની શુદ્ધ સત્તાથી છે અને પરથી નથી. એ તો બરાબર છે. પણ વસ્તુનો એકલો અભાવ જ છે (એમ નથી). ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ અરૂપી એટલે અભાવરૂપ છે એમ નથી. અભાવરૂપ છે ખરું, પણ પરથી. સમજાણું કાંઈ? પુણ્ય-પાપનું આસ્રવતત્ત્વ અને અજીવતત્ત્વ કર્મ, શરીર તેનો તેમાં અભાવ છે. એ અપેક્ષાથી અભાવસ્વરૂપ છે. પણ સર્વથા અભાવસ્વરૂપ છે એમ નથી. 'સર્વથા' શબ્દ વાપર્યો છેને. એનો અર્થ કથંચિત્ અભાવ છે. આહા..!

આ શ્લોકમાં એકલો અસ્તિત્વ તત્ત્વની જ વાત કહી છે. સમજ્યા? પણ સમજાવવામાં એમ લીધું કે સર્વથા અભાવ કહે છે કે આત્મા પદાર્થ જ નથી, ભાવ નથી. ભાવ છે એ તો નાશવાન છે એમ કહે છે, સમજ્યા? એમ નથી. વસ્તુ છે, ભાવસ્વરૂપ છે. શુદ્ધ પવિત્ર હોવાપણારૂપ વસ્તુ છે. અશુદ્ધ અને પરથી અભાવરૂપ છે. તો કથંચિત્ સ્વભાવભાવરૂપ છે અને કથંચિત્ પરથી અભાવરૂપ છે. સર્વથા અભાવરૂપ છે એમ પણ નહિ અને સર્વથા ભાવરૂપ

છે એમ પણ નહિ. સમજાણું કાંઈ? જુઓ! આ સ્યાદ્વાદ. જૈનદર્શનનું અનેકાંત. જૈનદર્શન એટલે વસ્તુનું દર્શન સ્વભાવ આવો છે. શુદ્ધ સત્તા, પવિત્ર હોવાપણું એ આત્મા, પવિત્ર હોવાપણું એ આત્મા. તો એ ભાવસ્વરૂપ થયો. સમજાણું કાંઈ? બિલકુલ અભાવ જ છે એમ નહિ. એ નાસ્તિકોનું ખંડન થયું. આત્મા નથી એમ કહેનારનું ખંડન કર્યું. 'છે', પોતાની શુદ્ધ સત્તા રાખે છે.

'**વળી તે કેવો છે?**' હવે વસ્તુનો ભાવ શું છે? પહેલા તો ભાવવાન કહ્યું. એનો ભાવ શું છે? સમજાણું કાંઈ? આહા..હા..! '**चित्स्वभावाय**' બસ, એક જ વાત. '**જેનો સ્વભાવ ચેતનાગુણરૂપ છે.**' જુઓ! આ ૧૭મી વાર ચાલુ થાય છે. આહા..હા..! એક જ શ્લોકમાં, ધર્મ શું? ધર્મ કઈ રીતે પ્રાપ્ત થાય છે? અને વસ્તુ શું છે? એ બધું એક શ્લોકમાં નાખી દીધું છે. આહા..! કહે છે કે ભગવાન આત્મા, જેમ જડ હોવાપણારૂપ વસ્તુ છે એમ ભગવાન આત્મા શુદ્ધ સત્તારૂપ વસ્તુ છે, અશુદ્ધ નથી. સમજાણું કાંઈ? શુદ્ધ હોવાપણારૂપ પદાર્થ--વસ્તુ આત્મા એનું નામ સમયસાર. હવે એની શક્તિ શું છે? ભાવ શું છે? એ ભાવવાન ભાવ પદાર્થ થયો.

'**चित्स्वभावाय**' ચેતનાગુણ જેનો ભાવ છે. જાણન જેની શક્તિનો સ્વભાવ છે. આહા..હા..! જ્ઞાનસ્વભાવ એનો ભાવ છે. સમજાણું કાંઈ? અર્થાત્ એ જ્ઞાનસ્વરૂપી છે. ચૈતન્યબિંબ ભગવાન જ્ઞાનભાવ સ્વભાવરૂપ છે. '**આ વિશેષણથી ગુણ-ગુણીનો સર્વથા ભેદ માનનાર...**' સર્વથા હોં! કથંચિત્ ભેદ છે. સમજાણું કાંઈ? પણ ગુણી એવો ભગવાન આત્મા અને એનો ચેતનાગુણ સર્વથા ભિન્ન છે એમ નથી. અભિન્ન છે. નામ, સંજ્ઞાથી ભિન્ન છે, સ્વભાવથી અભિન્ન છે. ચેતનાસ્વભાવ એનો ગુણ છે. એનો રાગ ગુણ છે, પુણ્ય ગુણ છે, સંસાર ગુણ એનો છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..! ભગવાન આત્મા એ ચેતનાગુણરૂપ છે, ચેતનાગુણસ્વરૂપ છે. શક્તિવાન તત્ત્વ છે, શુદ્ધ શક્તિવાન સત્તા છે તો એ શક્તિ શું છે? ચૈતન્યભાવરૂપી શક્તિ. એમાં અનંત ગુણ સમાઈ ગયા. '**चित्स्वभावाय**' એક ગુણરૂપી આખો આત્મા લીધો--ચૈતન્યસ્વભાવ. સમજાણું કાંઈ? કેમકે ચેતનસ્વભાવ પોતાને જાણે છે અને બીજા અનંતા ગુણને જાણવાની અંદરમાં શક્તિ છે. તો એક જ્ઞાનગુણમાં જ બધા ગુણોનું પોતાનું અસ્તિત્વ આવ્યું અને પરગુણનું નાસ્તિત્વ આવ્યું. પણ પર ગુણ એમાં નથી એવું જ્ઞાન આવી ગયું. તો એક જ્ઞાનગુણમાં આખા દ્રવ્યનો ભાવ આવી ગયો. સમજાણું કાંઈ? આ ૧૭મી વાર શરૂ કર્યું છે કાલે. આહા..હા..!

કહે છે, કે '**ચેતનાગુણરૂપ છે.**' ગુણ-ગુણીનો સર્વથા ભેદ માને એમ નથી. કથંચિત્ ભેદ છે. નામભેદ છે, સંખ્યાભેદ છે, ગુણ અનંત છે, ગુણી એક છે એવો ભેદ છે. પણ સ્વભાવ એનો ભિન્ન છે અને સ્વભાવવાન ભિન્ન છે એમ નથી. લ્યો, આત્મા કેવો છે એનું

પહેલા વર્ણન કરે છે. સર્વજ્ઞ સિવાય આવા આત્માની વ્યાખ્યા ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? વસ્તુ જ આવી છે. ચેતનાગુણ કહેવાથી સર્વથા ગુણીથી ગુણ ભિન્ન છે એમ માનનારનો એમાં નિષેધ થઈ ગયો. ગુણી અને ગુણ એક છે, ભાવ સ્વભાવ તરીકે. નામ, સંખ્યા તરીકે ભેદ છે.

'વળી તે કેવો છે?' '**स्वानुभूत्या चकासते**'. પહેલા દ્રવ્ય કહ્યું, સત્તારૂપ દ્રવ્ય વસ્તુ. એમાં ચેતનાગુણરૂપ ભાવ. હવે કહે છે કે એ પ્રગટ કઈ રીતે થાય? સમજાણું કાંઈ? આત્માની પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા કઈ રીતે પ્રગટ થાય? કે '**स्वानुभूत्या चकासते**' સ્વ અનુભવક્રિયાથી પ્રગટ થાય છે. પહેલા જીવની સત્તા સિદ્ધ કરી, પછી એનો ચૈતન્યભાવ સિદ્ધ કર્યો, હવે એની સ્વાનુભૂતિ પર્યાય સિદ્ધ કરે છે. પર્યાય એની એવી છે કે જેને અહીંયા સંવર-નિર્જરા કહેવામાં આવે છે. ઓહો..હો..! આચાર્યનું કથન, એક શ્લોકમાં આખા બાર અંગનો સાર આત્માનો ભરી દીધો છે. ઓહો..હો..! કહે છે, પોતાની '**स्वानुभूत्या चकासते**' ભગવાન આત્મા પોતાના જ્ઞાનની અનુભવન--વેદનની સ્વસંવેદનની ક્રિયા દ્વારા તે પ્રકાશમાન થાય છે. વ્યવહાર વિકલ્પથી પ્રગટ થાય છે એવો એ આત્મા નથી. સમજાણું કાંઈ?

'**स्वानुभूत्या चकासते**' સ્વ આત્મા જ્ઞાન અને આનંદગુણ એની એકાગ્રતા, રાગ અને નિમિત્તની એકાગ્રતા છોડીને ભગવાન આત્મામાં દિશા ફેરે જે દશા થાય છે, સ્વના લક્ષે, સ્વના અવલંબને જે ક્રિયા થઈ, સ્વ અનુભૂતિ આત્માના ગુણની અનુભૂતિ નામ પરિણતિ પર્યાય છે, એ સ્વાનુભૂતિ તે ધર્મ છે. સ્વાનુભૂતિની પર્યાય એ ધર્મ છે. આમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક મારવાડી સ્થાનકવાસી હતા. ભગવતી (સૂત્ર) ૨૧ વાર વાંચ્યું, ૨૧ વાર. ભગવતી સૂત્ર છેને શ્વેતાંબરનું, ૧૬૦૦૦ શ્લોક છે અને સવા લાખની ટીકા છે. તો એ ટીકાના અર્થ છે એમાં, ૨૧ વાર વાંચ્યા. છેલ્લે કહે છે કે, અરે..! માતા! તારો પાર નથી. એ તો કલ્પિત વાત છે. સર્વજ્ઞની એ કથની નથી. આ તો સર્વજ્ઞની કથની છે આ તો. સમજાણું કાંઈ? સમયસાર કેટલી વાર વાંચે? એની કોઈ મર્યાદા નથી કહે છે. પોતાની અનુભવરૂપ ક્રિયાથી પ્રાપ્ત થાય એવો છે. વાંચન ગમે તેટલું કરે.

અંતર સ્વરૂપ શુદ્ધ આનંદકંદના સન્મુખની ક્રિયા અનુભૂતિ, સ્વભાવને અનુસાર જે દશાનું થવું તેનું નામ સ્વાનુભૂતિ છે. એ અનુભવમાં આનંદની મુખ્યતા છે અને એ અનુભૂતિ જ્ઞાનપ્રધાન દશા છે. જ્ઞાનની એકાગ્રતા. એ સ્વાનુભૂતિ ક્રિયા થઈ, એ પર્યાય થઈ, એ દ્રવ્યની અવસ્થા થઈ. ભાવ એ દ્રવ્ય થયું, ભાવાય એ ગુણ થયો અને સ્વાનુભૂતિ એ પર્યાય થઈ. સમજાણું કાંઈ? વસ્તુ જ એવી છે એમ કહે છે. '**स्वानुभूत्या**' '**પોતાની જ**' એમ શબ્દ છેને? '**स्वानुभूत्या चकासते**'. પોતાના ખ્યાલમાં, અનુભવમાં 'આ આત્મા છે' એમ કઈ રીતે ખ્યાલમાં આવે? કે સ્વાનુભૂતિની ક્રિયાથી ખ્યાલમાં આવે છે. સમજાણું કાંઈ? કોઈ રાગની

ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ આદિ પરિણામથી આત્મા ખ્યાલમાં આવે એવો એનો સ્વભાવ જ નથી. આવી વસ્તુ છે. સમજાણું કાંઈ?

અલિંગગ્રહણમાં કહ્યું છે, પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ જણાય એવો આત્મા છે. એવો બોલ છે. અલિંગગ્રહણ છેને? અલિંગગ્રહણ. પ્રવચનસાર-૧૭૨ ગાથા. છઠ્ઠો બોલ છે. પોતાના સ્વભાવથી જ પ્રત્યક્ષ જણાય એવો સ્વભાવ છે. સ્વાનુભૂતિમાં એમ કહ્યું છે કે પોતાના આત્માનો આનંદ, જ્ઞાનસ્વભાવની પરિણતિ પ્રત્યક્ષ મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા, રાગ અને વ્યવહારની અપેક્ષા છોડીને પોતાની અનુભૂતિ પ્રત્યક્ષ પોતાના સ્વભાવથી જણાય, પ્રત્યક્ષ થાય એવો એનો સ્વભાવ છે. આરે..!

કેટલું સિદ્ધ કર્યું! દ્રવ્ય સિદ્ધ કર્યું, સત્તાસ્વરૂપ કહીને. ભાવ (કહીને) ગુણ સિદ્ધ કર્યો અને એની પરિણતિ નિર્મળ સ્વ-અનુભૂતિ. પોતાના મતિ-શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થનારો એવો આત્મા છે. સમજાણું કાંઈ? એક ગાથા સમજે તો બધા ઝઘડા મટી જાય એમ છે. તો આ વ્યવહાર ક્રિયાકાંડનુ શું થયું? બાપુ! વ્યવહાર ક્રિયાકાંડ તો અહીંયા વિકલ્પની ક્રિયા છે. એ આત્માની ક્રિયા નથી. અને એનાથી આત્માની પ્રસિદ્ધિ અંતરમાં થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાની નિજ શુદ્ધિ--પવિત્રતા, આવો અનુભવ--અનુભૂતિ એ પરિણતિ, એ ક્રિયા, એ કાર્ય. કાર્ય કેમ કહ્યું? કે એ પરિણતિ પરિણમે છે. શુદ્ધ સ્વભાવની પરિણતિ દ્રવ્યમાંથી પ્રગટ થઈને પરિણમે છે. વળી દ્રવ્યમાંથી આવ્યું. શક્તિરૂપ તો હતી. સમજાણું કાંઈ?

એ પોતાનો ભગવાન આત્મા શુદ્ધ સત્તાસ્વરૂપ અને **'चित्स्वभावाय'** જ્ઞાનસ્વભાવવાન, એ જ્ઞાનની એકાગ્રતા અનુભૂતિ દ્વારા આત્મા પ્રકાશમાન અને આત્માની આવી હયાતી છે એમ અનુભવમાં સ્વાનુભૂતિથી આવે છે. નિમિત્તથી નથી આવતો, વિકલ્પથી નથી આવતો એમ સિદ્ધ કર્યું. કહો, ભીખાભાઈ! આહા..! આત્મા આવો નથી એમ અહીં તો કહે છે. એ તો સ્વસંવેદનથી, જ્ઞાન અને આનંદના વેદનથી જ પ્રકાશમાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી એ વસ્તુ છે એમ કહે છે. આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય ટીકાકાર છે, ગજબ છે! કુંદકુંદાચાર્યે તો પંચમકાળમાં તીર્થંકર જેવું કામ કર્યું છે, અમૃતચંદ્રાચાર્યે એમના ગણધર જેવું કામ કર્યું છે. દિગંબર મુનિ આહા..હા..! પંચમકાળની અપેક્ષાએ, ઓલા તીર્થંકર અને ગણધર તો અલૌકિક છે. આહા..હા..! એક એક શબ્દ ટંકોત્કીર્ણ ન્યાયથી અખંડાનંદની ક્રિયાથી શોભિત છે. આહા..હા..!

કહે છે, કે સંવર-નિર્જરાની દશા, એ આસ્રવ અને ભાવબંધથી રહિત. ઈ અસ્તિથી કહ્યું છે પણ અંદર નાસ્તિથી સમજવું. એકલી અસ્તિથી જ વાત કરી છે. ભગવાન આત્મા શુદ્ધ હોવાપણે સત્તા અને એના ચૈતન્યગુણને ધરનારો અને એની સ્વાનુભૂતિ, અનુભૂતિની ક્રિયા,

પરિણમન દ્વારા પ્રગટ થાય છે. પ્રકાશ કરે છે. લ્યો. લ્યો, આ ક્રિયા આવી. રાગની નહિ, જડની તો નહિ પણ રાગની નહિ. માર્ગ એવો છે, ભગવાન! તારી વસ્તુ જ એવી છે. સાંભળ્યું નથી. ઝઘડા, ઝઘડા, ઝઘડા એટલા ઝઘડા આહા..હા..! એવું લખાણ આવે છે ઝઘડાનું. તત્ત્વને સમજે નહિ (પછી) સોનગઢનું એકાંત છે, એકાંત છે એમ કહે બિચારા. અરે.. ભગવાન! સોનગઢનું નહિ, આ તો માર્ગ એવો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- કુંદકુંદાચાર્યદેવનો માર્ગ છે.

ઉત્તર :-- માર્ગ તો છે, સર્વજ્ઞનો પણ એ જ માર્ગ છે. એમાં બીજું શું છે? માર્ગની વાત કરે છે. એમાં કોઈ ઘાલમેલ ન ચાલે. આહા..હા..! ઈ કહે છેને, જુઓ! ઈ તો નિશ્ચયથી જ આત્માની પ્રાપ્તિ થાય છે, વ્યવહારનો તો નિષેધ જ કરે છે. તો આ શું થયું? અહીંયા તો વ્યવહારથી થાય છે ઈ વાત જ કરતા નથી. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગ બે છે એમ કહે છે. અહીં કહે છે કે સ્વાનુભૂતિથી પ્રકાશે એવો એક જ મોક્ષમાર્ગ છે. આહા..હા..! અરે.. ભગવાન! જેવી ચીજ છે એમ તારે સમજણમાં લેવી છે કે તારી કલ્પનાનો પક્ષ લઈને સમજવું છે? સમજાણું કાંઈ? ભીખાભાઈ! આહા..હા..! એક જણાએ લખ્યું છે કે સોનગઢવાળા, ગમે એટલો વિરોધ કરે પણ અખબારમાં પડતા જ નથી. ભાઈ! એમ લખ્યું છે. અખબાર, આ પત્રોનો વિરોધ કરતા જ નથી, એ તો પોતાનું લખ્યે જાય છે. ઈ અપેક્ષાએ. આમાં લખ્યું છે હોં! એટલું પ્રશંસાપાત્ર છે, પણ બાકી હું સોનગઢના પક્ષનો નથી. એમ વળી લખ્યું છે. એક જણાએ લખ્યું છે. પણ સોનગઢનો પક્ષ ક્યાં છે અહીં. આહા..હા..! હેં? સોનાને કાટ હોય નહિ. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મામાં વ્યવહારથી ધર્મનો લાભ થતો જ નથી. એ તો કાટ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! ધીરો થા, શાંત થા. આહા..હા..! જુઓને આ બિચારા ક્ષણમાં ચાલ્યા જાય છે. આહા..હા..! ક્ષણમાં .. થઈ જાય છે. પૂનમચંદનું યાદ આવ્યું. ફોટોગ્રાફી. બિચારો ... કેવો માણસ હતો. હેં? એનો ફોટો આવ્યો છે. નાની ઉંમરનો માણસ ફોટોગ્રાફી (કરતો). બેય જાત્રામાં સાથે હતા. એક ક્ષણમાં એ તો અવસ્થાનું સ્વરૂપ જ એવું જ છે. એ પ્રમાણે જ થવાનું હતું. એમાં કોઈ ધ્યાન રાખત તો આમ થાત અને ફલાણું રાખત તો આમ થાત, એ વાતમાં કાંઈ માલ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે, ઓહો..! 'नमः समयसाराय स्वानुभूत्या चकासते। चित्स्वभावाय भावाय' ઈ 'भावाय' નામ દ્રવ્ય વસ્તુ. 'चित्स्वभावाय' એ ગુણ, 'स्वानुभूत्या चकासते' એ પર્યાય. તો અહીંયા તો રાગની પર્યાય, દયા, દાનની વિકલ્પની પર્યાય એની છે જ નહિ એમ કહે છે. એની પર્યાય અનુભૂતિની એ જ એની પર્યાય છે. સમજાણું કાંઈ? ભાઈ! શાંતિથી સત્યનો પક્ષ લેવો જોઈએ. સમજાણું કાંઈ? ઝઘડા ઝઘડાને ઠેકાણે રહો. આહા..હા..! કહે છે,

અમૃતચંદ્રાચાર્ય, **'स्वानुभूत्या चकासते'**. પ્રભુ! તારો સ્વભાવ જ એવો છે અને જેણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું એણે સ્વાનુભૂતિથી પ્રાપ્ત કર્યું છે. કોઈ વ્યવહારની ક્રિયા દયા, દાન, વ્રતના વ્યવહારરત્નત્રયથી પ્રાપ્ત કર્યું એવી વસ્તુ નથી. એનું તો અહીંયા નામેય લીધું નથી, અસ્તિથી સિદ્ધ કર્યું છે, બસ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'પોતાની જ અનુભવનરૂપ ક્રિયા...'** ભગવાન આત્મા ચિત્સ્વભાવસ્વરૂપની સન્મુખની (ક્રિયા). વિકલ્પાદિ, નિમિત્ત આદિથી વિમુખતાની વાત અહીંયા લીધી જ નથી. અસ્તિથી વાત કરી છે. પંડિતજી!

મુમુક્ષુ :-- એમાં અસ્તિ આવી જ જાય છે.

ઉત્તર :-- ઈ તો આ છે, બસ છે ઈ. બીજી રીતે નથી. એનો અર્થ ઈ તો આવી ગયો એમાં. સમજાય છે કાંઈ? એક શ્લોકમાં પણ ઓહો..હો..!

**'भावाय स्वभावाय स्वानुभूत्या चकासते'** આહા..હા..! એની અંતર સ્વભાવસન્મુખની દશા, એકાગ્રતા, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ સ્વાનુભૂતિની ક્રિયા છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ સ્વાનુભૂતિની ક્રિયા છે ઈ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ વિકારી વિભાવની ક્રિયા નથી. સમજાણું કાંઈ? અરે.. ભગવાન! આપ આવું એકાંત કેમ કહો છો કે ભગવાન આત્મા પોતાની અનુભવનક્રિયાથી જ પ્રગટ થાય છે અથવા પ્રસિદ્ધિમાં અને દૃષ્ટિમાં આવે છે. અરે.. સાથે થોડો વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય અને નિશ્ચય કરતા કરતા પછી પૂર્ણ થાય (એમ કહો). આહા..હા..! મહાવ્રત પાળો, નગ્ન થઈ જાઓ, અઠ્યાવીસ મૂળગુણ પાળો તમારું કલ્યાણ થઈ જશે. અહીં તો ભગવાન એનાથી ઉલ્ટી વાત કરે છે. પંડિતજી!

આ સ્વાનુભૂતિ ક્રિયા (એટલે) સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વના આશ્રયે થયા એ ક્રિયા છે. સમજાણું કાંઈ? આજ સવારે આવ્યું હતું, નહિ? કે સમ્યગ્દૃષ્ટિને પણ નિશ્ચય અને વ્યવહાર બેય હોય છે. આજ સવારે આવ્યું હતું. એકલો વ્યવહાર જ છે શુભરાગ એમ નહિ. તો એને વ્યવહાર જ કહેવાતો નથી. આહા..હા..! સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનથી નિશ્ચય અને વ્યવહાર બેય છે. આવ્યું હતું? બારમા સુધી. આહા..હા..! આટલું સ્પષ્ટ સત્ય! બે નય પરિણત એટલે બે નય ત્યાં હોય છે એમ. બે નયનો વિષય ત્યાં હોય છે એમ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એ અનુભૂતિની ક્રિયા છે. સમજાણું કાંઈ?

સ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનનો પુંજ પ્રભુ, અતીન્દ્રિય આનંદની સત્તાના સ્વભાવવાળો પદાર્થ એવો આત્મા પોતાની સ્વસન્મુખ અનુભૂતિની ક્રિયા એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણે અનુભૂતિમાં આવી જાય છે. સમજાણું કાંઈ? તો ત્રણે ભાગ, સમ્યગ્દર્શનમાં ત્રણે ભાગ-અંશ સ્વાનુભૂતિમાં આવે છે. સમજાણું કાંઈ? ભારે ઝઘડા ભાઈ! માણસને મૂળ વાત પકડવી કઠણ પડેને, એટલે આ કેમ પહોંચી શકાય? કેમ કરાય? બાપુ! ન પહોંચી શકાય એમ હોય?

વસ્તુ છે તેને પહોંચવું એનો અર્થ શું? છે એને પહોંચવું છે. નથી એને પહોંચવું હોય તો તો અશક્ય છે. આહા..હા..! ભાઈ! તારો સ્વભાવ તો ભગવાન, તું ભગવાન છો સાક્ષાત્ હોં! અને એ ભગવાનનું સ્વરૂપ એકલું આનંદ અને જ્ઞાનવાળું છે હોં! અને એની ધાર્મિક ક્રિયા એ તો સ્વને અનુસરીને અરાગી શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા એવી અનુભૂતિની ક્રિયા એ જ એની પર્યાય છે અને એ જ પર્યાયથી પૂર્ણની પ્રસિદ્ધિ થાય છે અથવા પોતે શું છે એની પ્રસિદ્ધિ થાય છે. સમજાણું કાંઈ? આ વસ્તુ આવી છે એમ સ્વાનુભૂતિથી પ્રસિદ્ધ થાય છે અને સ્વાનુભૂતિની ક્રિયાથી જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. સમજાય છે કાંઈ? આ તો જેવી વસ્તુ છે એવી વાત છે. લોકો ન સમજે અને બીજો અર્થ કરે એટલે કાંઈ ચીજ ફરી જાય? હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- બધા બધા બીજું કહે. એ તો નિશ્ચયથી વાત છે, પણ વ્યવહારની બીજી છે કે નહિ? એમ કરે એ લોકો. બે નય છે કે નહિ? એમ કહે. અહીં તો નિશ્ચયની વાત છે. પણ એનો અર્થ શું? સમ્યક્ એકાંત નિશ્ચય એ જ મોક્ષની ક્રિયા છે. વ્યવહાર છે પણ એ મુક્તિનું કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આઠ આઠ વર્ષના બાળકો રાજકુમારો પણ આ અનુભવન ક્રિયા કરે. આહા..હા..! એના શરીર મણિરત્ન જેવા હોય, જેને વિકલ્પ પણ અંદર શુભ હોય પણ એ ચીજની ચીજ નહિ. એ પણ સંત. આહા..હા..! અંતરમાં સ્વાનુભૂતિ જઘન્ય એ ચોથે હોય છે. એથી વિશેષ સ્વાનુભૂતિ પાંચમે, છઠ્ઠે આગળ વધતા હોય છે. સમજાય છે કાંઈ?

એ **'પોતાની જ...'** **'સ્વાનુભૂત્યા ચકાસતે'**. **'પોતાની જ અનુભવનરૂપ...'** શુદ્ધ આનંદપ્રભુના અનુભવમાં પણ આનંદ અને શુદ્ધતા જ પ્રગટ થાય છે. એ આનંદ અને શુદ્ધતા દ્વારા જ આ આત્મા છે એમ પ્રસિદ્ધ થાય છે અથવા આવી અનુભવન ક્રિયાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'પોતાની જ...'** એમ છેને? એકાંત કેમ કહ્યું? કથંચિત્ સ્વાનુભૂતિથી મુક્તિ થાય છે અને કથંચિત્ રાગથી થાય છે એમ કહો. નહિતર એકાંત થઈ જાય છે. અહીં કહે છે કે સમ્યક્ એકાંત આવું જ છે. સમજાણું કાંઈ? સમ્યક્ એકાંત તો આવું જ છે.

ભગવાન આનંદનો નાથ, એની આનંદની પરિણતિથી જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે આનંદરૂપ છે. કોઈ કહે છેને કે ચારિત્રમાં દુઃખ છે, ભાઈ! આહા..હા..! ચારિત્ર પાળવા તો, સમજ્યાને? મીણના દાંતે લોઢાના ચણા ચાવવા છે. તું ચારિત્રને સમજતો નથી. ચારિત્ર તો અનુભૂતિ આનંદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ભાઈ! આવી (વાત)! આ તો આચાર્ય મહારાજ હજી ટીકા કરતાં મંગળાચરણમાં જ આ મંગળિક કરે છે. હેં? આ

મંગળિક છે. આહા..હા..! શરૂ થાય છે ત્યાંથી આ. ઓલું મંગળિક તો બીજાએ કર્યું છે. આ તો પોતાનું મંગળિક કરે છે. માણેકસ્તંભ રોપે છે. આહા..!

કહે છે, ભગવાન! તું તો પરિપૂર્ણ ગુણ અને શક્તિનો તો ભંડાર છે. આવો જે આત્મા એના સન્મુખની જે ક્રિયા છે એને અનુસરીને ત્રિકાળી ગુણ અને દ્રવ્યને અનુસરીને રાગનું અનુસરણ છોડીને, એમ નથી કે એકલી અસ્તિથી જ વાત કરી છે. સમજાણું કાંઈ? એને છોડીને ઈ પણ શું વસ્તુ છે? છોડવું શું? પોતાની અંતર અનુભૂતિથી જ આગળ વધીને કેવળજ્ઞાન થાય છે. એક જ વાત છે. સમજાય છે કાંઈ? વ્યવહારને છોડવો એ પણ વસ્તુની સ્થિતિમાં ક્યાં છે? સમજાણું કાંઈ? છોડવું એ આત્મામાં નથી એમ કહે છે. આ તો પરચીજનો ગ્રહણ-ત્યાગ હજી તો આત્મામાં માને છે. અહીં તો રાગનો ત્યાગ એ પણ આત્મામાં પરમાર્થે નથી. નામમાત્ર છે, રાગનો ત્યાગ એ તો કથનમાત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો અનુભૂતિ અરાગી દશા, બસ! એનાથી આત્મા પ્રસિદ્ધ થાય છે અને એનાથી કેવળજ્ઞાન પ્રસિદ્ધ થાય છે. ગજબ વાત છે! આહા..હા..! હજી વસ્તુની ખબર ન મળે. શું વસ્તુ છે? કઈ રીતે પ્રાપ્ત થાય છે? અને એમાં શું ભર્યું છે? વસ્તુ શું છે અને વસ્તુમાં શું ભર્યું છે અને કઈ રીતે પ્રાપ્ત થાય છે? આહા..! સમજાણું કાંઈ?

અહીં તો એમ કહે છે, નિશ્ચય સમ્યગ્દર્શન જે આત્માની અનુભવન ક્રિયામાં આવી જાય છે. નિશ્ચય સ્વનું જ્ઞાન એ અનુભૂતિક્રિયામાં સ્વસંવેદનજ્ઞાન આવી જાય છે અને નિશ્ચયચારિત્ર નામ સ્વરૂપમાં લીનતા ઈ પણ અનુભૂતિમાં આવી જાય છે. આમાં તો ક્યાંય વાદવિવાદને સ્થાન જ નથી. પણ શું કરે? આચાર્ય પોતે પોકાર કરે છે કે એકલી અનુભૂતિથી પ્રગટ થાય છે. બીજી વાત યાદ કરી નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

દ્રવ્ય, ગુણ અને પર્યાય આ ત્રણે (આવી ગયા). દ્રવ્ય, ગુણ, પર્યાયના નામેય ખબર ન મળે. શું દ્રવ્ય? અને શું ગુણ? દ્રવ્ય એટલે પૈસા હશે આ. ગુણ એટલે શું હશે આ? સમજાણું? ... આવે છે. શ્રમણસૂત્ર ચોથું હોય છેને? પાંચ પ્રકારના કામના ગુણ. આ વિષયની વાસના એનો ગુણ. એનાથી આત્માનો ગુણ અતીન્દ્રિય છે. એ તો વાસનાના ગુણ. આ તો વાસનારહિત આનંદ ને જ્ઞાનસહિત એવા ભગવાનનું અનુસરણ કરીને, એને અનુસરીને, વસ્તુના સ્વભાવનું અનુસરણ કરીને જે ભવન--પરિણમન નિર્મળ રાગરહિત શુદ્ધ થયું તે જ આત્માની ધાર્મિક ક્રિયા કહેવામાં આવે છે. આ તો સીધી વાત છે બહુ. સુમનભાઈ! લોજીકથી તો વાત ચાલે છે, આમાં કાંઈ એમને એમ ઘુસેડી દે (એમ નથી). આહા..હા..! કેમ, જાધવજી! આહા..હા..!

ભાઈ! તારી ચીજ જ એવી છે, પ્રભુ! તને એ વાત ન બેસે એ કેમ ચાલે? આહા..હા..! પોતાને પોતાથી જાણે છે, પ્રગટ કરે છે. અર્થકારે અર્થ કર્યો. '**स्वानुभूत्या चकासते**'ની

વ્યાખ્યા કરી. **'પોતાને પોતાથી જ જાણે છે.'** દેખો! **'અને પ્રગટ કરે છે.'** ભગવાન આત્મા ભાવરૂપ ચીજ અને સ્વભાવરૂપ ભાવ **'भावाय'** એ પોતાની અનુભૂતિક્રિયા પોતાથી જ જાણે છે, બીજાથી જાણે છે એમ નહિ. અથવા એક જ્ઞાન બીજા જ્ઞાન દ્વારા જણાય એમ નથી. જ્ઞાન જ જ્ઞાનથી સીધું જાણે છે. આહા..હા..! માર્ગ તો અલૌકિક છેને પ્રભુ! એનું ફળ અલૌકિક સિદ્ધપદ. આહા..હા..! ભાઈ! એનો માર્ગ પણ અલૌકિક લોકોત્તર માર્ગ છે. સમજાય છે કાંઈ?

શરીર કેવું છે, કેમ છે એ જોવું રહેવા દે, કહે છે. છોડ એ શરીર, એ તો જડ છે. સમજાય છે કાંઈ? અને રાગ કેવો છે? અને કેમ થાય છે? ઈ વાત છોડી દે. એ વિભાવને તારે જાણીને શું કામ છે? એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? તારા જ્ઞાનથી (તને) જ્ઞાન જણાય છે. ધન્ય ભાગ્ય! આવી ચીજ કાને પડે એ ધન્ય ભાગ્ય છે! આહા..હા..! **'तत्प्रति प्रीतिचित्तेन'** આવે છેને? **'तत्प्रति प्रीतिचित्तेन वार्तापि हि श्रुता'**. અંતર રુચિથી આવી અધ્યાત્મની વાત પણ સાંભળે (તો એ) **'भाविनिर्वाणभाजनम्'**. અલ્પ કાળમાં નિર્વાણ થાય છે, શાંતિ થાય છે, પૂર્ણ શાંતિ થાય છે. આહા..! સમજાય છે કાંઈ? પોતાના જ્ઞાનથી જ પોતાને, પોતાને પોતાથી જ. છેને ભાઈ? અંદર લખ્યું છે, લખ્યું છે જુઓ! ... હેં? ગુજરાતી આપ્યું છે? હિન્દી હિન્દી ન આપ્યું? હિન્દી છે, હિન્દી છે. દેખો!

**'પોતાને પોતાથી જ...'** પોતાને એ દ્રવ્યસ્વભાવ ગુણસ્વભાવ. પોતાથી જ (એ) પોતાના જ્ઞાનપર્યાય સ્વભાવથી **'જાણે છે...'** પોતાની જ્ઞાનની પર્યાય એ જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. આહા..! **'પોતાને પોતાથી જ જાણે છે...'** રાગથી નહિ, નિમિત્તથી નહિ એમ નહિ કહીને અસ્તિથી વાત કરી છે. આહા..હા..! અરે..! સમયસાર તો સમયસાર છે! સમજાણું કાંઈ? અદ્વૈત ચક્ષુ અજોડ ચક્ષુ! એમ લખ્યું છેને, પાછળ કળશમાં આવે છે. એ લોકોમાં ભગવતી વાંચેને, ભગવતી શ્વેતાંબરમાં, ભગવતીસૂત્રની બહુ મહિમા. સોનાની મહોર મૂકે. વાંચવા જાય. ..ભાઈને ત્યાં હતાને? ... નહિ? રાજકોટમાં ... નાનાલાલભાઈ કાંઈક મૂકતા એક રૂપિયો કે સોનામહોર હોય. એ ગૃહસ્થ સોનામહોર મૂકે. સાધારણ હોય એ વળી રૂપિયો મૂકે. હેં? મોહનવિજય હતા ત્યારે ખબર છે? ત્યારે. મોહનવિજય ભગવતી વાંચતા. મોહનવિજય હતાને? આહા..હા..! અરે..! આ તો ભગવતીની ભગવતી છે. સમજાણું કાંઈ? ભગવતી, અનુભૂતિ ભગવતી છે. આહા..હા..! મહિમાવંત જેની દશા છે. આહા..હા..! ભાઈ! આ ચીજ એવી છે એમ પહેલા સમજણમાં, શ્રદ્ધામાં પરલક્ષી શ્રદ્ધામાં તો લે. આવો નિર્મળ વિકલ્પથી પણ જેને યથાર્થ નિર્ણય નથી એને અનુભૂતિ થતી નથી. આહા..હા..!

**'પોતાને...'** પોતાને એટલે આત્માને **'પોતાથી જ...'** પોતાની જ્ઞાન અને આનંદની પર્યાયથી જ **'જાણે છે--પ્રગટ કરે છે.'** આ આત્મા પૂર્ણ છે એમ પ્રગટ થાય છે. પર્યાયમાં

અનુભૂતિમાં એમ પ્રગટ થાય છે કે પૂર્ણાનંદ પ્રભુ છે. પૂર્ણ પૂર્ણ પૂર્ણ પૂર્ણ અખંડ અભેદ એ ચીજ છે એમ પ્રગટ કરે છે, શ્રદ્ધા, જ્ઞાન, અનુભૂતિમાં અને અનુભૂતિ કરતાં કરતાં કેવળજ્ઞાન થઈ જાય છે એ વાત પણ હવે કહેશે. સમજાય છે કાંઈ? આ લૌકિકનું ભણતર કરે તો એલ.એલ.બી. અને એમ.એ.ના પૂંછડા વળગાડવા કેટલા દિ' મહેનત કરે લ્યો. મોટો ઓલા શું કહેવાય? મેટ્રિક. મેટ્રિક માટે પહેલા ભણે ત્યારે ચોટલી બાંધતા. આમ ઝોલુ ન આવે તો ખેંચાય નહિ. હવે ઈ તો પાપના (ભણતર). હમણાં અંદર મેં કહ્યું હતું, **'या विद्या सा विमुक्तये'** આવે છેને એનામાં? ઈ આવેને, પહેલો શબ્દ ઈ આવેને. **'सा विद्या'**? **'या विमुक्तये'**? ઠીક. સવિદ્યા--તેને વિદ્યા કહીએ કે જેનાથી મુક્તિ મળે. નિશાળમાં લખે ઈ. એક દિ' ગોંડલમાં ગયા હતા, ભાઈ લઈ ગયા હતા. શું કહેવાય? ચંદુભાઈ પટેલ, કેળવણી અધિકારી હતા આખા ગોંડલના. ... કીધું, આ શું લખ્યું છે? **'सा विद्या या विमुक्तये'**. તેને વિદ્યા વિદ્યમાન પદાર્થનું જ્ઞાન તેને કહીએ કે જેનાથી મુક્તિ મળે. એ વિદ્યા એને કહીએ કે જેનાથી સ્વતંત્રતા લોકની મળે લોકની. ધૂળેય નથી સ્વતંત્રતા. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા રાજકોટની જેલમાં એ લખેલું, 'અજ્ઞાન તે દુઃખ છે' એમ લખેલું લ્યો. જેલમાં ગયા હતાને? જેલરોડ. હેં? 'અજ્ઞાન તે દુઃખ છે'. મેં કીધું જુઓ આ. આત્માના સ્વભાવનું અભાન તે દુઃખ છે અને આત્માના સ્વભાવનું ભાન તે સુખ છે. સમજાણું કાંઈ?

**'પોતાને પોતાથી જ...'** ભઈ, ભગવાનના માર્ગમાં 'જ' ન હોય, એમ એક જણ કહે. ભગવાનના માર્ગમાં જ હોય. પોતાથી જ, પરથી નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યક્ એકાંતનું આ કથન છે. સમ્યક્ એકાંતનું આ કથન છે. પોતાથી જ પોતાની નિર્વિકારી શાંતિ દશાથી જ શાંતસ્વરૂપ ભગવાન પ્રસિદ્ધ થાય છે. અને તે પોતાથી જ પર્યાયમાં પૂર્ણતા અંતરની અનુભૂતિની ક્રિયાથી કેવળજ્ઞાન થાય છે. હેં? સમજાય છે કાંઈ? આહા..હા..! જ્યારે અમૃતચંદ્રાચાર્ય આ કળશના અક્ષરો બનતા હશે ત્યારે એમનું જ્ઞાન (કેવું હશે?)! સમજાણું કાંઈ? વિકલ્પ છે તોપણ કહે છે નહિ. લખતા વખતે, આ શ્લોક લખતા વખતે પણ આ ભાવ છેને એમનો. છે, હો, પણ અમને અમારી પ્રસિદ્ધિ તો અનુભૂતિથી જ છે. આહા..હા..! અરે..! એનું જ્ઞાન ન કર્યું. અરે..! જ્ઞાનીનું જ્ઞાન, જેનું છે જ્ઞાન એનું જ્ઞાન ન કર્યું. જેનું જ્ઞાન છે તેનું જ્ઞાન ન કર્યું. જેમાં જ્ઞાન નથી, જેનું જ્ઞાન નથી તેનું જ્ઞાન કર્યું કે આ કરો, આ કરો. અરે.. પણ શું છે?

કહે છે, **'પોતાને પોતાથી જ જાણે છે--પ્રગટ કરે છે. આ વિશેષણથી, આત્માને તથા જ્ઞાનને સર્વથા પરોક્ષ જ માનનાર...'** દેખો! જ્ઞાન પરોક્ષ જ છે એમ માનનાર અજ્ઞાની છે એમ કહે છે. આહા..હા..! પોતાનો સ્વભાવ ચૈતન્યબિંબ પ્રભુ ધ્રુવ ચીજ, એની જ્ઞાનની પ્રત્યક્ષતાથી જ આત્મા જાણવામાં આવે છે. સમજાય છે કાંઈ? પોતાથી જ્ઞાનથી

જાણવામાં આવે છે. જ્ઞાન પરોક્ષ રહે એ જ્ઞાનનું સ્વરૂપ જ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? પરથી તો જણાય નહિ પણ પરોક્ષ (જ્ઞાનથી) જણાય એવી વસ્તુ નથી એમ કહે છે. આહા..! ગજબ વાત છેને! સમજાય છે કાંઈ? પરથી જણાય નહિ, રાગથી જણાય નહિ, પરોક્ષથી જણાય નહિ. આહા..હા..! આવો એનો સ્વભાવ ભગવાન આત્મા પદાર્થ છે, દ્રવ્ય છે, ચીજ છે, તત્ત્વ છે, સત્ત્વ છે. અનાદિ સત્ત્વ ભગવાન આત્મા એ પોતાની અનુભવનની, જ્ઞાનની, શાંતિની, શ્રદ્ધાની ક્રિયાથી જ જાણવામાં આવે છે.

'**જ્ઞાનને સર્વથા પરોક્ષ જ માનનાર જૈમિનીય-ભટ્ટ-પ્રભાકર ભેદવાળા મીમાંસકોના મતનો વ્યવચ્છેદ થયો;...**' પરોક્ષ નહિ, જ્ઞાન પ્રત્યક્ષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે આત્મામાં એવી એક પ્રત્યક્ષ શક્તિ છે, પ્રકાશ. બારમી શક્તિ છેને પ્રકાશશક્તિ. તો પ્રકાશશક્તિનો અર્થ ઈ છે કે સ્વસંવેદનજ્ઞાનથી જ જણાય. આહા..હા..! ભારે વાતું ભાઈ! '**જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય છે,...**' વળી, એક જ્ઞાન બીજા જ્ઞાન દ્વારા જણાય. એ વાત પણ જૂઠી છે. જ્ઞાન જ્ઞાનથી સીધું જાણે. એમ કે જ્ઞાનપર્યાય પ્રગટ થાય છે સ્વાનુભૂતિથી, તો પ્રગટ થઈ છે તે, તે જ કાળે કઈ રીતે જાણે? પછી બીજું જ્ઞાન પ્રગટ થયું તે તેને જાણે કે આ પ્રગટ થયું. એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? '**જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય છે, પોતે પોતાને નથી જાણતું--એવું માનનાર નૈયાયિકોનો પણ પ્રતિષેધ થયો.**'

અહીં સુધી તો દ્રવ્યની સત્તા સિદ્ધ કરી. એની શક્તિ--ગુણ સિદ્ધ કર્યા અને અનુભૂતિની ક્રિયાથી ભાન થાય છે અને પ્રગટ થાય છે એવી ક્રિયાની વાત કરી. હવે સર્વજ્ઞની પર્યાય કેવી પ્રગટ થાય છે ઈ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૭, મંગળવાર, તા. ૯-૧૧-૧૯૭૧
## શ્લોક-૧, પ્રવચન-૩

ટીકાનો પહેલો શ્લોક છે.

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।

પરમઅધ્યાત્મ તરંગિણીનું તો ભાઈએ કાલે કહ્યું હતું કે આઠ બોલ ચાલ્યા છે, આઠ. ૧૪મી વાર વાંચ્યું હતું ત્યાં. મુકુંદભાઈને ત્યાં. એક '**नमः समयसाराय**'ના આઠ અર્થ ઉતાર્યા છે. પાંચ પદમાં અને દર્શન, જ્ઞાન ને ચારિત્રમાં. ટીકાકારે. અરિહંતને પણ એ '**नमः समयसाराय**' લાગુ પડે, સિદ્ધને પણ લાગુ પડે, આચાર્યને લાગુ પડે, ઉપાધ્યાય અને સાધુને (લાગુ પડે). સમયસાર---સમ--સમ્યગ્દર્શન, અય--જ્ઞાન અને સાર એટલે ચારિત્ર. ચરણં સાર. એ દર્શન, જ્ઞાન, ચારિત્રને પણ સમયસાર લાગુ પડે. એ ટીકામાં છે બધું. તે દિ' વાંચ્યું હતું પહેલું.

અહીંયા એટલી વાત કરે છે કે '**भावाय**'. આત્માની હયાતી જે સ્વભાવભાવરૂપ છે, દ્રવ્યરૂપ તેને ભાવ કહે છે. અને '**चित्स्वभावाय**' એનો સ્વભાવ જ્ઞાન અને દર્શન છે અથવા જ્ઞાન છે. કોઈ પુણ્ય-પાપ કે રાગ કે ઉદયભાવ સંસાર એનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? એમ '**चित्स्वभावाय भावाय**' '**भावाय चित्स्वभावाय**'. '**भावाय**' નામ પદાર્થ અને '**चित्स्वभाव**' નામ એનો ગુણ. એ '**स्वानुभूत्या चकासते**' પોતાની અનુભવન ક્રિયાથી જ તે પ્રગટ થાય છે. આહા..! કહો, સમજાય છે કાંઈ? એ સંવર, નિર્જરા છે. પહેલા દ્રવ્ય કહ્યું, પછી ગુણ કહ્યા અને પછી સ્વાનુભૂતિ ક્રિયા એ સંવર-નિર્જરા કહ્યું અથવા મોક્ષનો માર્ગ ઈ. પોતાનો આત્મા આનંદસ્વરૂપ અથવા જ્ઞાનસ્વરૂપ દ્રવ્ય, એમાં એકાગ્ર થવું. જ્ઞાનની ક્રિયા, શ્રદ્ધાની ક્રિયા, શાંતિની ક્રિયા, આનંદની ક્રિયા એ બધું સ્વાનુભૂતિ ક્રિયા કહેવામાં આવે છે. એ ક્રિયા આત્માને પ્રસિદ્ધ કરવાનું કારણ છે. સમજાય છે કાંઈ? '**स्वानुभूत्या चकासते**' એમ લીધું છે. કોઈ વ્યવહાર રાગથી પ્રગટ થાય છે (એમ નથી કહ્યું). એમાં છે નહિ તો ક્યાંથી પ્રગટ થાય? વ્યવહારથી પ્રગટ થાય છે અને વ્યવહારથી આત્માની પ્રસિદ્ધિ થાય છે કે આ આત્મા છે એવી વસ્તુ નથી. આહા..હા..!

એ તો પોતાનો સ્વભાવ જાણન-દેખન, આનંદ ત્રિકાળી એમાં એકાકાર થવું, સ્વસન્મુખ થવું અને વિકલ્પથી અને નિમિત્તથી વિમુખ થઈને એમ નહિ કહીને, વિમુખ થઈને એ તો

નાસ્તિ છે, પણ પોતાની સન્મુખમાં એકાગ્ર થવું એમ અસ્તિથી વાત કરી છે. સમજાય છે કાંઈ? એમાં ભાવ આવ્યું દ્રવ્ય, ગુણ આવ્યો ચિત્સ્વભાવ અને ક્રિયા પરિણતિ પર્યાય આવી સ્વાનુભૂતિ. અનંત કાળમાં જેને આત્મા પ્રગટ થયો અને અનુભવમાં આવ્યો એ સ્વાનુભૂતિની ક્રિયાથી આવ્યો છે. સમજાય છે કાંઈ? એ તો કાલે ચાલ્યું હતું. '**भावाय चित्स्वभावाय स्वानुभूत्या**'. હવે એક બોલ રહ્યો.

'**सर्वभावान्तरच्छिदे**' કેવો છે આત્મા? જે નમસ્કાર કરવાયોગ્ય છે, જે ઈષ્ટદેવ છે. પ્રગટ થઈ ગયો એ ઈષ્ટદેવ છે, શક્તિરૂપે ભગવાન ઈષ્ટદેવ આત્મા છે. સમજાણું કાંઈ? '**सर्वभावान्तरच्छिदे**' '**પોતાથી અન્ય સર્વ જીવાજીવ, ચરાચર પદાર્થોને...**' હિન્દીમાં 'સ્વતઃ' શબ્દ છે. ગુજરાતીમાં 'પોતાથી' (શબ્દ) છે. આમાં સ્વતઃ એટલે પોતાથી. પણ સ્વતઃ શબ્દમાં જરી... પોતાથી, પોતાથી. એ લાગુ નથી પડતો 'સ્વતઃ' શબ્દ? પડે. સ્વતઃ શબ્દ કેમ લીધો? '**આત્મા પોતાથી અન્ય સર્વ જીવાજીવ...**' ભાવાંતર. પોતાના ભાવથી અનેરા ભાવ. ભાવાંતર. અંતર એટલે અનેરા. પોતાના ભાવથી અનેરા જીવ, અજીવ ચરાચર પદાર્થોને '**સર્વ ક્ષેત્રકાળસંબંધી, સર્વ વિશેષણો સહિત, એક જ સમયે જાણનારો છે.**' પોતાથી જ જાણનારો છે. પરચીજ છે એટલે જાણનારો છે એમ નથી.

પોતાથી, આત્મા પોતાનો જ્ઞાનસ્વભાવ છે તો પોતાથી જ, પોતા સિવાય અન્ય અનંત જીવ, અજીવ આદિ પદાર્થ. ચરાચર પદાર્થ (અર્થાત્) ગતિમાન હો કે સ્થિર પદાર્થ હો. ધર્માસ્તિ આદિ સ્થિર છે, જીવા આદિ કોઈ સ્થિર છે સિદ્ધ આદિ, કોઈ ચર છે--ગતિ કરે છે. એમ પરમાણુ પણ કોઈ સ્થિર છે, કોઈ પરમાણુ ગતિ કરે છે. સર્વ એ દ્રવ્ય આવ્યું. સર્વ ક્ષેત્રને, લોકાલોક ક્ષેત્ર છે તેને. આહા..! પોતાથી બધાને, સર્વ પદાર્થને અને સર્વ ક્ષેત્રને અને સર્વ કાળને--ત્રણ કાળને. પોતામાં એવી શક્તિ છે કે પોતાથી જ સર્વ પોતા સિવાય. પોતાને તો જાણે છે એ તો પહેલા કહ્યું. આવ્યુંને પહેલા? '**स्वानुभूत्या चकासते**' પણ પોતાથી પરને પણ પોતામાં રહીને સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ અને સર્વ વિશેષણ નામ ભાવ. સર્વ સત્ એક જ સમયમાં, એક સમયમાં જાણનારો છે. આહા..હા..! આવો ઈષ્ટદેવ પ્રગટ થયો તેને અહીંયા નમસ્કાર કર્યા છે. સમજાણું કાંઈ? અને પ્રગટ થવાલાયક આત્મા તેને પણ નમન અને નમસ્કાર કર્યા છે. આહા..! સમજાય છે કાંઈ?

'**એક જ સમયે...**' પાઠ છે. ક્રમે ક્રમે જાણે એમ નહિ. આહા..હા..! '**એક જ સમયે...**' એક જ સમયમાં એ તો એકાંત થઈ ગયું. હા, એકાંત થઈ ગયું, સમ્યક્. એક જ સમયમાં જાણે. ના, ના. કથંચિત્ એક સમયમાં જાણે અને કથંચિત્ બે-ત્રણ-ચાર સમયમાં જાણે એમ છે નહિ. આહા..હા..! ચરાચરને '**એક જ સમયે જાણનારો છે.**' કોઈ દ્રવ્ય, કોઈ ક્ષેત્ર, કોઈ કાળ, ભાવ પરનો કરનારો નથી. સમજાય છે કાંઈ? પોતાથી પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો

કરનારો આત્મા નથી. પણ પોતાથી આટલા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને જાણનારો છે. આહા..હા..! આ લાદી-બાદીનું કાંઈ ન કરે એમ કહે છે. આહા..હા..! એ શ્રુતજ્ઞાનમાં પણ એમ છે. આ તો સર્વજ્ઞની વાત છે. એક જ સમયમાં આમ જાણે. આવા આત્માનો અનુભવ કરવો એનું નામ મોક્ષમાર્ગ છે. કહો, સમજાણું કાંઈ? ઓલામાં ઈ આવ્યું હતું, પહેલા આવ્યું હતું આમાં અમરમુનિનું. ભગવાનને પૂછ્યું કે મહારાજ! આપની સેવા કરવાથી લાભ છે કે કોઈ દુઃખી જીવની સેવા કરવાથી લાભ છે? તો કહે છે કે, હે ગૌતમ! દુઃખી પ્રાણીની સેવા કરવાથી મારાથી પણ અધિક લાભ છે. છે? .. આધાર કોનો? હરિભદ્રાચાર્ય. એમ કે હરિભદ્રાચાર્ય આમ કહે છે. અરે..! પણ હરિભદ્ર.. ભાઈ!

અહીં સેવા કરવાની ક્રિયાનો.. ક્રિયા જ ક્યાં છે એની પાસે? એ તો જાણનાર છે. હેં?

મુમુક્ષુ :-- સેવાનો સવાલ જ નથી.

ઉત્તર :-- હા, સવાલ જ નથી. હા, આવે છે એ તો...

મુમુક્ષુ :-- .. હોઈ શકેને?

ઉત્તર :-- દુઃખી પ્રાણીની સેવા કરવી એ મોટો.. એવું લખ્યું છે, આધાર પહેલા આવ્યું હતું, આપણે પહેલા વાત થઈ ગઈ છે. એ તો યોગીઓને સેવા, પણ આ આવ્યું કે મારી સેવા કરતાં એની સેવા અધિક છે. ઈ પહેલા આવ્યું હતું, આજે પાછું નાખ્યું. ખુબ એકે એકના શબ્દો નાખે છે બધા. અને શ્વેતાંબરો દિગંબરોને આમ કહે છે, દિગંબરો શ્વેતાંબરોને આમ કહે છે, જૈનાભાસ કહે છે. ઈ પાછુ આવ્યું છે. ભાઈ! કોઈ પ્રત્યે ઘૃણા ન હોવી જોઈએ. કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ ન હોવો જોઈએ. ભલે વિપરીત માન્યતા હો, એ તો જાણવા માટે વાત છે. જાણનારો છે એટલી વાત છે. સમજાય છે કાંઈ? પણ કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ નહિ. જેમ વ્યક્તિ પ્રત્યે રાગ નહિ, એમ દ્વેષ પણ નહિ. એ તો સર્વ જીવની જે દશા, સર્વ પર્યાય છેને? સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ અને સર્વ ભાવ. તો એની જે દશા છે, કેવી, કેટલી એને જાણનારો છે. જાણે નહિ? સમજાય છે કાંઈ? એનાથી વિરુદ્ધ દૃષ્ટિ છે તો એને જાણે. તો વિરુદ્ધ દૃષ્ટિ છે એમ જાણે એમાં વિરોધ છે? નહિ. એનો દ્વેષ ન કરવો. સમજાય છે કાંઈ? જેમ ઓલામાં લખ્યું છેને? જૈનધર્મના વેરીને મારવા. આવે છેને મોક્ષમાર્ગ પ્રકાશકમાં? શ્વેતાંબર લોકો એમ કહે છે. આવે છે. ... એમ ન હોય. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- મારવું એમ હોય? ... મારવું એમ ન હોય. કોઈ પ્રત્યે એક કટુક વચન પણ કહેવું અપ્રિય એ પણ હોય? એ ઠીક નથી. વસ્તુનું સ્વરૂપ છે એમ જાણે. સર્વ દ્રવ્ય, સર્વ

ક્ષેત્ર, સર્વ કાળ અને સર્વ ભાવ. જેવી એની શક્તિ છે અને જેવી એની પ્રગટ પર્યાય છે તો એને જાણે. જાણવું એ તો એનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? કોઈનું કરવું એ સ્વભાવ નથી. બીજો અર્થ કર્યો છે ટીકામાં જરી, નહિ? કહ્યુંને? '**सर्वभावान्तरच्छिदे**'. પોતાથી પરભાવને છેદે છે, નાશ કરે છે એમ લીધું છે પરમઅધ્યાત્મ તરંગિણીમાં. સમજાય છે કાંઈ? '**सर्वभावान्तरच्छिदे**'ના બે અર્થ કર્યા છે ટીકાકારે. એક તો, આત્મા પોતાથી પોતાના સામર્થ્યથી બધાને, પોતા સિવાય બીજાને એક સમયમાં જાણે છે. '**परिछिन्दे**' પરિ--સમસ્ત પ્રકારે જ્ઞાન કરે છે એવો એનો સ્વભાવ છે. એનો સ્વરૂપ જ એવું છે. બીજો, પોતાના ભાવથી અન્ય ભાવ રાગાદિ કે પર, એને છેદે છે નામ દૂર કરે છે. પોતામાં નથી. સમજાય છે કાંઈ? '**सर्वभावान्तरच्छिदे** ' છેદ.

મુમુક્ષુ :-- વ્યાખ્યામાં છે, શીઘ્ર દ્વિધા કરવા.

ઉત્તર :-- દ્વિધા કરવા, ઈ છે એમાં. એમાં છે. '**परिछिन्दे**' એમ છે. પરમઅધ્યાત્મ તરંગિણીમાં છે. છે? '**परिछिन्दे**' એમાં અર્થ છે. '**परिछिन्दे**' ને? '**पृथक्करोतीति**' જુઓ! આહા..! '**भावांतराः, सर्वे च ते भावांतराश्च, सर्वभावांतराः, तान् छिनत्ति स्वस्वभावात् पृथक्करोतीति**' છે, એમાં છે. '**तान् छिनत्ति**' '**स्वस्वभावात् पृथक्करोतीति सर्वभावांतरच्छित् तस्मै**'. એ સામાન્ય પક્ષની વાત કરી. પછી આચાર્યની, અરિહંતની, સિદ્ધની બધી વાત કરી છે. અર્થ કર્યા છે પહેલા એક ફેરી. '**વિશેષ :-- યદ્યપિ ગ્રંથકારને યહાં કિસી વિશેષ ઈષ્ટદેવકા ઉલ્લેખ ન કર સામાન્યરૂપસે સમયસાર-પરમાત્માકા ઉલ્લેખ કિયા હૈ તથાપિ અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ઔર સમ્યગ્દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્રસ્વરૂપ રત્નત્રયકો ભી ઈસ શ્લોકસે નમસ્કાર હો જાતા હૈ...**' આઠને નમસ્કાર છે.

'**જૈસે અર્હંત પરમેષ્ટીકે પક્ષમેં...**' હવે સમયસારની વ્યાખ્યા કરે છે. '**સમ**' **વાસ્તવિક રીતિસે (અય) પદાર્થોંકો જાનનેવાલે જો સાતિશય સમ્યક્‌દૃષ્ટિસે લેકર ક્ષીણકષાય ગુણસ્થાન પર્યંતકે જીવ...**' એ જીવ સમય '**ઉનમેં સાર**' એમાં સાર કેવળી અરિહંત. '**સમવસરણાદિ લક્ષ્મીસે પ્રકાશમાન,...** ' '**स्वानुभूत्या** 'માં એ લીધું. '**સમવસરણાદિ લક્ષ્મીસે પ્રકાશમાન, ઘાતિયા કર્મોંકે નષ્ટ હો જાનેસે સાક્ષાત્ જ્ઞાન દર્શનરૂપ ચેતનાકે ધારક, 'ભાવ' ચારોં પ્રકારકે દેવોંકે રક્ષક ઔર સમસ્ત પદાર્થોંકે ભેદાભેદકો જાનનેવાલે અર્હંત પરમેષ્ટીકો નમસ્કાર હૈ.**' જરી ભાવનો અર્થ એવો કર્યો છે થોડો.

'**સિદ્ધ પરમેષ્ટીકે પક્ષમેં...**' જુઓ! આ એક 'સમયસાર' શબ્દમાં આઠ અર્થ ઉતાર્યા છે. '**જો સિદ્ધ પરમેષ્ટી અગુરુલઘુ આદિ નિજગુણોંકી વૃદ્ધિકે ધારક હૈં. ચૈતન્ય સ્વભાવસે ભૂષિત હૈં, જિનકે જ્ઞાનમેં તીનોં લોક પ્રતિફલિત હૈં--ઝલકતે હૈં ઔર જિનકે કિસી**

ભી જ્ઞાન આદિ પદાર્થકા કભી નાશ નહીં હોતા ઐસે સમતાકો ધારણ કરનેવાલે-સમય-યોગિયોંમેં મુખ્ય સિદ્ધ પરમેષ્ઠીકો નમસ્કાર હૈ.' આ સમયસારના આવા અર્થ સંસ્કૃત ટીકમાં છે.

'આચાર્યકે પક્ષમેં--જો આચાર્ય પાંચોં ઈન્દ્રિયોંકા દમન કરના, નૌ પ્રકારકે બ્રહ્મચર્યકા પાલન કરના, ચારોં કષાયોંકા જીતના આદિ છત્તીસ ગુણોંકે ધારક હૈં, સમ્યક્જ્ઞાન અર્હંત સિદ્ધ આદિ ચેતન શુભ પદાર્થોંમેં અપની પરિણતિ લગાનેવાલે હૈં ઔર જીવ-અજીવ આદિ સમસ્ત પદાર્થોંકા ભેદ સમઝતે હૈં ઐસે સમ્યક્ચારિત્રકો ભલે પ્રકાર પાલન કરનેવાલે યોગિયોંમેં મુખ્ય શ્રી આચાર્ય પરમેષ્ટીકો નમસ્કાર હૈ.'

'ઉપાધ્યાય પરમેષ્ઠીકે પક્ષમેં--જો ઉપાધ્યાય પરમેષ્ઠી સ્વાનુભવપ્રત્યક્ષસે પ્રકાશમાન હૈં, ચેતન અચેતન દોનોં પદાર્થોંમેં સ્યાદસ્તિત્વ, સ્યાદ્નાસ્તિત્વ આદિ સપ્તભંગીકા સ્વરૂપ બતલાનેવાલે હૈં ઔર ભિન્ન ભિન્ન રૂપસે જીવ અજીવ આદિ પદાર્થોંકે જ્ઞાતા હૈં ઐસે સિદ્ધાંતકો પ્રાપ્ત હોનેવાલે--સિદ્ધાંતકા અધ્યયન કરને કરાનેવાલે ઉપાધ્યાય પરમેષ્ઠી...' કહે છે. આ સમયસારની વ્યાખ્યા છે.

'સાધુકે પક્ષમેં--જો સાધુ, સ્વાનુભવપ્રત્યક્ષસે પ્રકાશમાન,...' ભગવાન આત્મા અનુભવથી પ્રકાશમાન 'ચૈતન્યસ્વભાવકે ધારક, સત્સ્વરૂપ ઔર જીવ અજીવ આદિ પદાર્થોંકા ભેદ જાનનેવાલે હૈં ઐસે સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્રસ્વરૂપ રત્નત્રયસે ભૂષિત સાધુ પરમેષ્ઠીકો નમસ્કાર હૈ.' આ સાધુ આવા છે.

'રત્નત્રયકે પક્ષમેં--સ્વસ્વરૂપસે પ્રકાશમાન ચૈતન્ય ઔર સત્સ્વરૂપ, જીવ અજીવ આદિ પદાર્થોંકે જ્ઞાન, શ્રદ્ધાન આદિ કરાનેવાલે સં--સમ્યક્ત્વ, અય--સમ્યક્જ્ઞાન સાર--સરણ--સમ્યક્ચારિત્રસ્વરૂપ રત્નત્રયકે લિયે નમસ્કાર હૈ.' રત્નત્રયકે લિયે નમસ્કાર. 'ઈસ પ્રકાર ઈસ શ્લોકકે આઠ અર્થ કિયે ગયે હૈં.' જુઓ! પાછું વળી વિશેષ લખ્યું છે કે કેટલુંક કહીએ એમાં? વિશેષ ન કહેવાય એમ. આઠ અર્થ તો કર્યા છે. સમજ્યાને? 'अत्याक्षिप्यमाणां बहुशोऽर्थेन व्याख्यायते, विस्तरभयान्नेक्षितं पद्यं।' આઠ તો (કહ્યા) પણ ઘણા અર્થ થાય. વિસ્તાર થઈ જાય. આહા..હા..! એક જ વાક્ય અને એક જ કડી બરાબર સમજે...

ભગવાન આત્મા એવો છે કે સમ્યગ્દર્શન, સમય છેને? સમ-અય. અય એટલે સમ્યક્જ્ઞાન, સાર એટલે સરણ--ચારિત્ર. સમયસાર. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્રમાં પરિણમનારો ભગવાન આત્માને અહીંયા સમયસાર કહે છે. કહો, વ્યવહાર કરવાવાળો એમ અહીંયા નથી કહ્યું. એક પરિચ્છિન્નમાં અર્થ લીધો, છેદે છે ઈ. ઈ વ્યવહાર છે. રાગ-દ્વેષને છેદે છે, પરભાવને છેદે છે, દૂર કરે છે લ્યોને. 'पृथक्करोतीति' એ વ્યવહાર છે. સમજાય છે કાંઈ?

**'આ વિશેષણથી,...'** એક જ સમયમાં ભગવાન આત્મા ત્રણ કાળ, ત્રણ લોક, અનંત જીવ અને એના અનંત ગુણોને જાણનારો છે--**'सर्वभावान्तरच्छिदे'**. પોતાથી ભિન્ન કોઈપણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને રચનારો કર્તા નથી. સમજાય છે કાંઈ? એ અપેક્ષાથી ત્યાં કહ્યું છે. ઈશ્વરકર્તા કહે છેને? કે ઈશ્વર મહાસમર્થ છે, બધાનો કર્તા છે. એમ છે જ નહિ. પોતાથી બીજી કોઈ ચીજનો કર્તા નથી પણ પોતાથી બધી ચીજનો જાણનાર છે. એનું નામ આત્મા ને ઈશ્વર ને પરમાત્મા કહેવામાં આવે છે. આહા..હા..! **'આ વિશેષણથી, સર્વજ્ઞનો અભાવ માનનાર મીમાંસક આદિનું નિરાકરણ થયું.'** મિમાંસક શું, આ સંપ્રદાયમાં પણ સર્વજ્ઞપદ શું છે એની મોટી ગડબડ છે. એક સમયમાં અનંત અનંતને જાણે? અનંતને અનંત જાણે તો અનંતનો અંત આવી ગયો એમ માને છે, લ્યો. ભાઈ! અનંત છે એમ અનંતને અનંતપણે સર્વજ્ઞમાં બધું જાણે છે. સર્વ ક્ષેત્રને જાણે છે એમાં શું આવ્યું? ક્ષેત્રનો અંત છે? બધાને જાણે છે. અનંત ક્ષેત્ર છે (તો) જાણવામાં અનંત જેમ છે તેમ આવી ગયું. અને જેવું અનંતનું જ્ઞાન થયું તો ત્યાં અંત આવી ગયો એમ છે? તો શું જ્ઞાને જૂઠું જાણ્યું? એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક, અનંત દ્રવ્ય, અનંત ક્ષેત્ર, ત્રણ કાળનો અંત ક્યાં છે? કાળનો અંત છે? કહો, શરૂઆત ક્યાં છે? અહીં જ્ઞાનમાં ન આવ્યું? જ્ઞાનમાં ત્રણ કાળ આવી ગયા. ત્રણ કાળ આવી ગયા માટે કાળનો અંત છે? સમજાય છે કાંઈ? આહા..હા..!

આમ **'મિમાંસક આદિનું નિરાકરણ થયું.'** અથવા સર્વજ્ઞ પર્યાયમાં પ્રગટ નથી થતું અને આત્માનો સર્વજ્ઞ સ્વભાવ નથી એમ માનનારનું નિરાકરણ કર્યું કે તારી વાત જૂઠી છે. તું વસ્તુનું સ્વરૂપ જાણતો નથી. **'આ પ્રકારનાં વિશેષણો (ગુણો)થી શુદ્ધ આત્માને જ...'** સર્વજ્ઞસ્વભાવી આત્મા અને સર્વજ્ઞપર્યાય પ્રગટરૂપ ભગવાન આત્મા, તેને જ **'ઈષ્ટદેવ સિદ્ધ કરી...'** આ ઈષ્ટદેવ છે. **'નમસ્કાર કર્યો છે.'** લ્યો. પહેલા શ્લોકમાં આ મંગળાચરણ કર્યું. અમૃતચંદ્રાચાર્યે અસ્તિથી વાત લીધી, લ્યો.

દ્રવ્ય--**'भावाय'**, **'चित्स्वभावाय'** ગુણ, સ્વાનુભૂતિ ક્રિયા એ પર્યાય અપૂર્ણ અને પોતાના અનુભવથી પ્રાપ્ત થાય છે એ સંવર-નિર્જરા. હવે પૂર્ણ **'सर्वभावान्तर'** એ મોક્ષ. દ્રવ્ય, ગુણ, પર્યાય અને પૂર્ણતા મોક્ષ--ચાર અસ્તિથી વાત કરી છે. સમજાય છે કાંઈ? નાસ્તિની વાત આમાં લીધી જ નથી. આહા..હા..! અજીવ, આસ્રવ, બંધની વાત તો લીધી જ નથી. બસ, ભગવાન આત્મા અસ્તિત્વ પોતાની સત્તા રાખે છે એ દ્રવ્ય. તેનો ચિત્ સ્વભાવ--જ્ઞાન, દર્શન, આનંદ આદિ એ ભાવ. અને પોતાની સ્વાનુભૂતિની ક્રિયાથી પ્રગટ થાય છે એ પર્યાય. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ બોલ અસ્તિના લીધા અને **'सर्वभावान्तरच्छिदे'** એક સમયમાં સર્વજ્ઞતાથી સર્વ જાણે છે એ લીધું મોક્ષતત્ત્વ. ચાર તત્ત્વ આવ્યા. દ્રવ્ય, ગુણ, પર્યાય અને મોક્ષ. અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ, બંધ એમાં આવ્યા નહિ. એની જરૂર નથી એમ કહે

છે. આવું જ્ઞાન થયું તો એમાં નથી એવું જ્ઞાન એમાં આવી જાય છે. કેમ પંડિતજી! ભારે શ્લોક કર્યો છે! ઓહો..હો..! અસ્તિથી જ આખું ઉપાડ્યું પહેલું. પછી ભલે બધી આગળ વાત કરશે નવ તત્ત્વની.

મહાપ્રભુ એક સમયમાં સૂક્ષ્મ કાળમાં શુદ્ધ મહાસત્તા દ્રવ્ય, શુદ્ધ ચૈતન્યગુણ અને અનુભૂતિની ક્રિયા અસ્તિત્વ એનાથી પૂર્ણ પદની પ્રાપ્તિ મોક્ષનું અસ્તિત્વ. એ પોતાની પર્યાય છે. સંવર, નિર્જરા, મોક્ષ, દ્રવ્ય અને ગુણ આટલી વાત એમાં લીધી. સમજાય છે કાંઈ? એ.. કાંતિભાઈ! એ કાંતિભાઈ આમાં પહેલાવહેલા છે, કોઈ દિ' નહોતા. નહિ? એમ કહ્યું હતું, કાંતિભાઈએ મને કહ્યું હતું. એ તો શરૂ કર્યું હોય ત્યારે કાંઈ બધા હાજર હોય? આ વળી સુમનભાઈ આ ફેરી હાજર છે. એ તો હોય ત્યારે થાય, કાંઈ સદાય શરૂઆતથી ચાલે? આહા..હા..! કંઈ સદાય શરૂઆત ચાલે? શરૂઆત તો થાય તે દિ' ચાલે. હેં? આહા..હા..!

અહીંયા તો કહે છે, આહા..હા..! કેવું અસ્તિત્વ! વિશ્વાસ કર, કહે છે અનુભવ કર એનો. આહા..! સમજાય છે કાંઈ? એમાં રાગ નથી, જીવમાં અજીવ નથી, સંવરમાં આસ્રવ નથી અને ભાવમોક્ષમાં ભાવબંધ નથી. આવી વાત લીધી, અસ્તિથી વાત લીધી, બસ. અમૃતચંદ્રાચાર્ય આવી ટીકા ક્યાંય નથી. દિગંબર સંપ્રદાયમાં પણ આવી ટીકા બીજે ક્યાંય નથી એવી ટીકા છે. બીજામાં તો હોય જ ક્યાંથી? આ વસ્તુનું સ્વરૂપ છે, હોં! કોઈનો અનાદર કરવાની વાત નથી અહીંયા. સમજાય છે કાંઈ? જેવું સ્વરૂપ છે એવું જાણવું અને એ પ્રમાણે કહેવું એમાં કોઈ પરની સાથે વિરોધ નથી, સત્ય આ છે. વિપરીત દૃષ્ટિવાળો દુઃખી થાય છે અને દુઃખને વિશેષ પ્રગટ કરશે એવો એનો ભાવ છે. દુઃખમાં જાશે. તો એની ઉપર તિરસ્કાર ન થવો જોઈએ. સમજાય છે કાંઈ?

અરે..! આવા તત્ત્વથી વિરુદ્ધ તત્ત્વ... એણે તો વળી બહુ લખ્યું છે ભાઈ આમાં. ભગવાને તો નારીને પણ મોક્ષ કહ્યો એટલું વિરાટ વિશાળ સ્વરૂપ બતાવ્યું છે. લે, ઠીક. સ્રીને પણ મુક્તિ બતાવી છે, એમ કહ્યું છે. ઈ કંઈ વિરાટ સ્વરૂપ સત્ય છે? અને મહાવીર ભગવાન પરણ્યા હતા એમ ઈતિહાસમાં તથ્ય છે. ઠીક, એવું લખ્યું છે. મહાવીર ભગવાનના લગ્ન થયા હતા એમ ઈતિહાસમાં તથ્ય છે. દિગંબરો ના પાડે છે. અરે.. ભગવાન! મુનિઓ પંચ મહાવ્રતધારી સંતો કહે છે કે ઈ બ્રહ્મચારી હતા. તેથી હું કહું છું કે એમના લગ્ન થયા હતા એ સત્ય છે. અરે.. પ્રભુ! શું કરે છે આ? સમજાય છે કાંઈ? હવે ઈ વિશાળ દૃષ્ટિવાળો, એને એમ કહે છે.

મુમુક્ષુ :-- અર્થનો અનર્થ કરવો.

ઉત્તર :-- અનર્થ ઈ વિશાળ દૃષ્ટિ? અરે.. ભાઈ! એમ ન હોય. જેમ હોય એમ હોયને. આહા..હા..! બહુ નાખ્યું છે. થોડું વાંચ્યું. આજે આવ્યુંને, શું કહેવાય આ? અમરપાટ.

અહીં તો કહે છે, આવા આત્મા સિવાય બીજી રીતે કોઈ આત્માને માને એ તદ્દન અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે. અહીંયા તો પહેલા આત્મા આવો છે ઈ વાત છે. સમજાય છે કાંઈ? ચાહે તો જૈન નામ ધરાવીને પણ એનાથી વિરુદ્ધ માને એ મિથ્યાદષ્ટિ છે, એની દષ્ટિ વિપરીત છે. એમાં શું છે? સમજાય છે કાંઈ? પોતાનો શુદ્ધ ભગવાન સત્તાવંત અને એનો જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થવું, એનાથી પૂર્ણ સર્વજ્ઞની પ્રાપ્તિ થાય છે. બસ, આ વસ્તુની સ્થિતિ. આનાથી કંઈ પણ ઓછું, અધિક, વિપરીત માને, કહે એ તો વિપરીત દષ્ટિ છે. છે?

ભાવાર્થ :-- **'અહીં મંગળ અર્થે શુદ્ધ આત્માને નમસ્કાર કર્યો છે. કોઈ એમ પ્રશ્ન કરે કે કોઈ ઈષ્ટદેવનું નામ લઈ નમસ્કાર કેમ ન કર્યો?'** મહાવીરાય નમઃ, ઋષભદેવાય નમઃ, એમ નામ લઈને કેમ ન કર્યા? અને ઈષ્ટદેવ ઈષ્ટદેવનું સ્વરૂપ સમજીને કહ્યું, એનું શું કારણ? **'તેનું સમાધાન :-- વાસ્તવિકપણે ઈષ્ટદેવનું સામાન્ય સ્વરૂપ...'** ઈષ્ટદેવ, પ્રિયદેવ દેવનું વાસ્તવિક સ્વરૂપ **'સર્વકર્મરહિત,...'** બરાબર છે? **'સર્વકર્મરહિત,...'** એક. એ રહિત નાસ્તિથી કહ્યું. **'સર્વજ્ઞ, વીતરાગ શુદ્ધ આત્મા જ છે...'** અસ્તિ-નાસ્તિ કરી. વાસ્તવિક શુદ્ધાત્માનું સામાન્ય સ્વરૂપ, સર્વ કર્મથી રહિત અને સર્વજ્ઞ, વીતરાગ (છે). જ્ઞાનમાં પૂર્ણતા અને કષાયમાં-કષાયરહિત વીતરાગતા પૂર્ણતા. એ સામાન્ય ઈષ્ટદેવનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ?

**'તેથી આ અધ્યાત્મગ્રંથમાં...'** તેથી આ અધ્યાત્મશાસ્ત્રમાં **'સમયસાર કહેવાથી ઈષ્ટદેવ આવી ગયા.'** સમયસાર કહેવાથી આમાં ઈષ્ટદેવનો સમાવેશ થઈ ગયો. સમજાય છે કાંઈ? **'તથા એક જ નામ લેવામાં અન્યમતવાદીઓ મતપક્ષનો વિવાદ કરે છે તે સર્વનું નિરાકરણ, સમયસારનાં વિશેષણો વર્ણવીને કર્યું.'** અસ્તિ છે, ગુણ છે, પર્યાય પણ છે, પૂર્ણ પર્યાય છે. સમજાય છે કાંઈ? એ અન્યવાદી બીજા નામ લઈને કહે કે, નહિ. અહીંયા કહે છેને, 'સહજાનંદી શુદ્ધ સ્વરૂપી' લ્યો. ત્યારે ઓલા કહે, આ તો સહજાનંદી, સ્વામીનારાયણના આવ્યા સહજાનંદી. એમ ક્યાં આવ્યું? અમારે ત્યાં ઉમરાળામાં એમ થયું હતું. હીરાભાઈના બા હતા. સામે રહે અને માથે સહજાનંદી કહેતા. સહજાનંદી તો સ્વામીનારાયણના સહજાનંદી થયા. ભઈ, સહજાનંદી આત્મા છે. સહજ આનંદનો સાગર આત્મા છે અને એનો અનુભવ કરવામાં પણ સહજ આનંદ પ્રગટ થાય છે. એનું નામ આત્મા કહે છે. સહજાનંદ નામ આપે એમાં શું થયું? તકરાર કેવી? સમજાય છે કાંઈ?

એમ 'કર્મ કૃષે સો કૃષ્ણ કહીએ'. કર્મ અને અજ્ઞાનનો નાશ કરે એનું નામ કૃષ્ણ. તો એ કૃષ્ણ એમાં આવ્યા નહિ, એ તો વસ્તુનું સ્વરૂપ આવ્યું. સમજાય છે કાંઈ 'નિજપદ રમે સો રામ કહીએ'. આત્મરામ પોતાના નિજાનંદ સ્વરૂપમાં રમે તે આત્મરામ છે. એમ નામ લેવામાં કોઈ વિરોધ નથી. ગમે તે નામ એમાં લાગુ પડે, ગુણથી એનું નામ લ્યો તો એમાં

બધું સમાઈ જાય છે.

'**અન્યમતવાદીઓ મતપક્ષનો વિવાદ કરે છે તે સર્વનું નિરાકરણ, સમયસારનાં વિશેષણો વર્ણવીને કર્યું. વળી અન્યવાદીઓ પોતાના ઈષ્ટદેવનું નામ લે છે તેમાં ઈષ્ટ શબ્દનો અર્થ ઘટતો નથી,...**' જે દેવનું સ્વરૂપ છે એ નામ લ્યે છે પણ એમાં ઘટતું નથી. કાં ઈશ્વર કર્તા છે, કાં બ્રહ્મા જગતને બનાવનાર છે, વિષ્ણુ રક્ષા કરનારા છે, શંકર સંહાર કરનારા છે. સમજાય છે કાંઈ? એમ લાગુ નથી પડતું. આહા..! તેમાં અનેક '**બાધાઓ આવે છે;...**' એમાં તો વિરોધ આવે છે. આહા..હા..! આવા ભાગલા પાડવા ટુકડા? એમ વળી કહે છે. ભાઈ! બાપા! વસ્તુનું સ્વરૂપ જ આ છે. એમ કે, આ ટુકડા પાડવા કે આ ધર્મ સાચો અને આ ધર્મ ખોટો, એમ નહિ. પણ આ તો વસ્તુનું સ્વરૂપ છે. એમ પણ લખ્યું છે, ખુબ લખ્યું છે. છે વ્યાખ્યાતા. એટલી વ્યાખ્યા કરે, એટલી વ્યાખ્યા કરે કે બીજાને તો એમ લાગે કે આહા..હા..! બહુ સ્પષ્ટીકરણ, સ્પષ્ટીકરણ ઘણું! ઊંધું. આહા..!

બીજાની સેવા કરવામાં ત્રણ ગુણ એમ લખ્યું છે ભાઈ એમાં. એક કોર આગમ છે એ પુણ્યાસ્રવ છે અને સેવા કરવામાં જેટલો ઈચ્છાનો નિરોધ કર્યો છે એટલો સંવર છે અને એ સમયે ઈચ્છાના નિરોધકાળમાં પૂર્વના કર્મની નિર્જરા થાય છે. સેવામાં ત્રણ ગુણ. કહો, પંડિતજી! સેવા કર્મ ગહનો ધર્મ, આવે છેને ઈ? યોગિનાં અપિ. ઈ સેવા આ આત્માની. પરની સેવા તો વિકલ્પ છે એ તો હું કરી શકતો નથી. કોણ કરે પરની સેવા? આહા..હા..! જ્યાં પૃથક્ દ્રવ્ય છે એની ક્રિયા કોણ કરે? સમજાય છે કાંઈ? પોતાથી પૃથક્ પદાર્થ છે, તો આહાર, પાણી લેવા-દેવા એ આત્મા કરી શકે છે? એ તો જડની ક્રિયા છે. આહા..હા..!

મુમુક્ષુ :-- પ્રભુ! આવી સ્પષ્ટતા કોઈએ કરી નથી.

ઉત્તર :-- આવી સ્પષ્ટતા વસ્તુમાં છે. ન સમજે તો એમાં શું કરે? ઓહો..હો..!

મુમુક્ષુ :-- મહારાજ! વસ્તુમાં તો છે, પણ કાઢનાર આપ જેવા ગુરુ જોઈએને.

ઉત્તર :-- સંતોએ કાઢ્યું છે, બધું સ્પષ્ટ કર્યું છે. ઓહો..હો..! દિગંબર સંતોએ કેવળીના પેટ ખોલીને મૂક્યા છે. સાદી ભાષામાં હો! સમજાય છે કાંઈ? જરી મધ્યસ્થ થઈને સમજવું, વિચારવું જોઈએ. પક્ષથી વાત કરે કે, અમારા તરફની વાત નથી. અરે..! અમારા તરફની નથી. આ તો સ્ત્રીને મુક્તિ નથી કહેતા, લ્યો. આત્મા નથી સ્ત્રીનો? તો એની મુક્તિ કેમ ન થાય? પણ તો તો ઢોર, પશુ પણ અંદર આત્મા છે. પણ જેની પર્યાયમાં મુક્તિ થવાની લાયકાત હોય એને મુક્તિ કહીએ છીએ. જેની પર્યાયમાં મુક્તિ થવાની લાયકાત નથી તો એને કહીએ છીએ કે, સ્ત્રીનો દેહ હોય તો એને સાધુપણું ન હોય. જેનો સ્ત્રીદેહ છે શરીર, ભાવસ્ત્રી હો નગ્ન, પણ શરીર સ્ત્રીનું છે જડનું એને છઠ્ઠું ગુણસ્થાન આવે નહિ. એનો વસ્તુનો પર્યાય ધર્મ જ એવી ચીજ છે. ભાઈ! આ પક્ષની વાત નથી. નહિ, એમ રાખો, બધાનો

(મોક્ષ) થાય છે. પંદર ભેદે સિદ્ધ, ઈ કહે છેને? આમાં પણ આવ્યું છે, એણે લખ્યું છે, પંદર ભેદે સિદ્ધ (કહીને) ભગવાને કેટલી વિરાટ વ્યાખ્યા સ્પષ્ટ કરી છે. અન્ય લિંગ હોય એને પણ કેવળજ્ઞાન થાય છે, ફકીરના વેશમાં પણ કેવળજ્ઞાન થાય છે અને સ્ત્રીના વેશમાં કેવળજ્ઞાન થાય છે. તો અહીંયા કોને નાના-મોટા કર્યા છે? બધાને એકસરખા રાખ્યા છે. અરે.. ભાઈ! એમ ન હોય. સમજાય છે કાંઈ? જ્યાં પર્યાયની જેટલી પ્રગટ થવાની લાયકાત છે તેટલું જ્ઞાનમાં આવ્યું તો એવી વાત કરી.

મુમુક્ષુ :-- અજ્ઞાનીઓને બહુ પસંદ પડી જાય.

ઉત્તર :-- પસંદ પડી જાય, લોકોને રંજન થઈ જાય. આહા..હા..! કેટલો સમભાવ! બધા જાવ. ભાઈ! એમ હોય નહિ, ભાઈ! વસ્તુનું સ્વરૂપ જ આવું છે. એક પક્ષની વાત કરે અને બીજો સત્ય પક્ષ રહી જાય એ વસ્તુનું સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ? સ્ત્રીને સારી લાગે, લ્યો. એક આવ્યા હતા, નહિ? ઓલા અમદાવાદવાળા. નહિ? ગૃહસ્થ મોટા હુશિયાર. કાપડિયા હતાને? કાપડિયાને? દલાલ, દલાલ. હરિભાઈ દલાલ હતા એક, અમદાવાદમાં. હુશિયાર બહુ હોં! બધા કરોડોપતિને ઊભા રાખે એવો. અહીંયા આવ્યા હતા એક ફેરી. હેં? બગુભાઈ સુતરીયાને માટે. બગુભાઈ સુતરીયાનો ભાઈ અહીં હતો. એનો એક ભાઈ અહીં હતોને. શું નામ? ભોગીલાલ. અહીં માંદા હતા ત્યારે રહ્યા હતા. વ્યાખ્યાનમાં દરરોજ આવે. કારણ કે ન્યાં નજીક ખરુંને. ઓહોહો..! અમે અહીં આવ્યા અને આ તો બહુ વાંચે છે. હરિભાઈ જોવા આવેલા. હુશિયાર માણસ બહુ. પછી આ વાત કરી થોડી. વાત સાચી લાગે છે, મહારાજ! હોં તમારી. આ લોકો સ્ત્રીને પોતામાં વાળવા અને બધાને સારું લગાવવા આ બધું ઠરાવ્યું છે. તીર્થંકરને સ્ત્રી ઠરાવે એટલે સ્ત્રીઓને એમ થાય કે આહા..! આપણે પણ તીર્થંકર થઈ શકીએ છીએ. એમ ન હોય, ભાઈ! વસ્તુની સ્થિતિ એમ નથી. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, કે વિપરીત કહેનારમાં અનેક બાધા આવે છે. '**સ્યાદ્વાદી જૈનોને તો સર્વજ્ઞ વીતરાગ શુદ્ધ આત્મા જ ઈષ્ટ છે.**' અપેક્ષાથી કોઈપણ નામનો અર્થ સ્વરૂપમાં છે એવો કરવો એ સ્યાદ્વાદીને કોઈ વિરોધ નથી. કહેતાને એક ફેરી? પાપી. એવું પણ આત્માનું નામ કહે. પાપી. પા એટલે અનુભવ, પા અને પી તું અનુભવ. એમ પાપી. અનુભવ પા, અનુભવ પી. એવો આત્માનો સ્વભાવ છે. પાખંડી કહ્યુંને ભાઈ. .. પાખંડી કહ્યા છે સમયસારમાં પાછળ. પાખંડીનો અર્થ જ સાધુ છે. પાપનું ખંડન કરવાવાળો એ પાખંડી.

મુમુક્ષુ :-- પાપમ્ ખંડયતિ ઈતિ પાપી.

ઉત્તર :-- ઈતિ પાપી. ઈ આવ્યું છે, સમયસારમાં. સાધુનું નામ જ પાખંડી લીધું છે. ૪૧૦-૧૨માં પાખંડીને જ સાધુ કહે છે. સાધુ, અજ્ઞાન અને રાગ-દ્વેષરૂપી પાખંડનો નાશ

કરનારો છે. પાપનો નાશ કરનાર. છેને? જુઓ! છેલ્લી ગાથા છેને. જુઓ, ૪૧૦ ગાથા. ૪૦૮ ગાથાથી લીધું છે, લ્યો. **'पासंडीलिंगाणि व गिहिलिंगाणि व बहुप्पयाराणि'** ૪૦૮ ગાથા. **'पासंडीलिंगाणि'** છેને? ઈ સાધુના લિંગની વાત છે. અને **'गिहिलिंगाणि'** એ ગૃહસ્થલિંગની વાત છે. જુઓ, અર્થમાં છે, જુઓ! **'મુનિલિંગોને...'** જુઓ અર્થમાં. **'બહુ પ્રકારનાં...'** **'पासंडीलिंगाणि'** **'મુનિલિંગોને...'** દેખો! અર્થમાં. છે અર્થ? ભાષામાં શું છે? ૪૦૮ ગાથા કાઢતી આવડી નથી? કહો, હજી એને કેટલી વાર લાગે છે. ઓલા ઓડિટર થઈને ચોપડા જોતા હશે ત્યારે તો (ઝડપથી કાઢે). અહીં ૫૮૮ હિન્દીમાં છે. જુઓ, ૪૦૮ ગાથા, વાંચો જોઈ. **'पासंडीलिंगाणि'** **'पासंडीलिंगाणि'**નો અર્થ મુનિલિંગ. જુઓ! અર્થ જુઓ! **'બહુ પ્રકારનાં...'** **'पासंडीलिंगाणि'** **'મુનિલિંગોને...'** **'पासंडी'**નો અર્થ જ મુનિ છે. પાપ નામ સંસારનો ખંડ કરનારા, નાશ કરનારા એ **'पासंडी'** મુનિ. શબ્દમાં શું છે?

હમણા કહ્યું હતું નહિ? આમાં આવ્યું હતું, ભાઈ કહેતા હતા. મનોહર વર્ણી. સંતો બધા ઉલ્લુ છે. શબ્દ આવ્યો હતો હમણા. ઉલ્લુ છે. ઉ-લુ. ઉત્કૃષ્ટ પ્રમાણે લુ-લોપી નાશ કરે છે અજ્ઞાનનો એનું નામ ઉલ્લુ. છાપામાં આવ્યું છે. આ શું કહેવાય? જૈનસંદેશ. જૈનસંદેશમાં આવ્યું છે. એની વ્યાખ્યા કરતાં મનોહરલાલ વર્ણી. બધાને ઉલ્લુ પણ કહે, ઉલ્લુની વ્યાખ્યા શું? ઉ--સમસ્ત પ્રકારે, લુ--લાપી છેદ કરે છે અજ્ઞાન, રાગ-દ્વેષનો, એ બધાને ઉલ્લુ કહેવામાં આવે છે. જેઠાભાઈ! નામમાં શું હરકત છે? એનો ભાવ સમજવો જોઈએને. એ તો એના ઉપર આવ્યું છે, આ સાધુને ગરીબ કહ્યા ને કેલાસચંદજીએ. પણ ગરીબ કહ્યા તો એમાં અર્થ શું છે? અને ગરીબ છે, એને કિંચિત્ વસ્ત્ર આદિ કંઈ નથી તો ઈ અપેક્ષાએ ગરીબ કહો. ઈ અપેક્ષાથી. એમ અહીંયા ઉલ્લુ કહ્યા. એમ દાખલો આપ્યો છે એણે. મનોહરલાલજીએ ઉલ્લુ કહ્યું તો એનો ખેદ કરવો છે? વિરોધ કરવો છે? શું છે? એવા બીજા ઘણા દાખલા આપ્યા છે. ઉલ્લુ. સ્વચ્છંદી કહે. સ્વચ્છંદીનો અર્થ સ્વતંત્ર છે. આ તો શાસ્ત્રમાં આવે છે. આત્મા સ્વચ્છંદી છે, ધર્માત્મા સ્વતંત્ર છે સ્વચ્છંદી. રાગના તાબે પણ નથી થતા, પોતાના સ્વભાવને તાબે થાય છે એ જ સ્વતંત્ર--સ્વચ્છંદી મુનિ છે. કહો, સમજાય છે કાંઈ? શબ્દનો અર્થ કરવામાં હરકત? વસ્તુ હોવી જોઈએને. શબ્દમાં શું ઝઘડા કરવા?

**'સ્યાદ્વાદી જૈનોને તો સર્વજ્ઞ વીતરાગ શુદ્ધ આત્મા જ ઈષ્ટ છે.'** 'જ' એક જ ઈષ્ટ છે. **'પછી ભલે તે ઈષ્ટદેવને પરમાત્મા કહો,..'** લો. પરમ સ્વરૂપ ભગવાન પરમાત્મા એને કહો. તે જ સમયસાર છે, આ જ આત્મા છે. **'પરમજ્યોતિ કહો,...'** પરમ ચૈતન્યજ્યોતિ. ઝળહળ જ્યોતિ જેને પ્રગટ થઈ ગઈ એને પરમજ્યોતિ કહો. જ્યોતિ તો અગ્નિનું નામ છે. પરમઅગ્નિ થઈ ગઈ? અગ્નિનું નામ જ્યોતિ છે, જ્યોતિ લ્યો. અહીં

જ્યોતિ નામ છે. જ્યોતિ નામ હોય તો અગ્નિ થઈ ગઈ? અગ્નિની જ્યોતિ હોય, એમ આત્મા ચૈતન્યજ્યોતિ છે. જ્ઞાનથી પરિપૂર્ણ ઝળહળ જ્યોતિ ભગવાન આત્મા. એમ નામ લેવાથી એમાં કોઈ દોષ નથી. એ વસ્તુનું સ્વરૂપ છે. એક જ નામ કહેવું એમ કોઈ અર્થ નથી. આહા..હા..!

‘**પરમેશ્વર,...**’ કહો. લો. પરમઈશ્વર, પરમઈશ્વર. એ પોતે આત્મા પરમઈશ્વર છે. પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયનો ઈશ્વર છે. સમજાય છે કાંઈ? પરમેશ્વર કહેવામાં કંઈ પરનો ઈશ્વર છે એમ અર્થ ન લેવો. પરમેશ્વર કહેવામાં સ્યાદ્વાદીને હરકત નથી એમ કહે છે. પરમેશ્વર કહ્યું તો પરનો પણ ઈશ્વર છે એમ નથી. પરમેશ્વર--પરમ ભગવાન આત્મા દ્રવ્ય, ગુણ અને પર્યાયથી પરિપૂર્ણ એનો એ સ્વામી છે, એ પરમેશ્વર છે. કહો, સમજાય છે કાંઈ? ‘**પરબ્રહ્મ,...**’ લ્યો. ઓલા કહે, પરમબ્રહ્મ એક જગતનો કર્તા છે. એ નહિ. આત્મા પરમબ્રહ્મ--પરમ આનંદસ્વરૂપ છે એને પરમબ્રહ્મ પણ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ‘**પરબ્રહ્મ, શિવ,...**’ કહો. શિવ કહેવાથી શું એ શિવ શંકર થઈ જાય છે? નમોત્થુણંમાં આવે છે, નહિ? ‘સિવમલયમ’ શિવ--કલ્યાણમૂર્તિ આત્મા. લ્યો. આમાં લોકોને વાંધા ઉઠ્યા, જબલપુરમાં. ‘શિવરમણી રમનાર’. એના જૈન ભગવાન શિવની રમણીને રમનાર. અમારા શિવ એની રાણી જે પાર્વતી એને પરણ્યા. આહા..હા..! શિવ નામ કલ્યાણમૂર્તિ પરમાત્મા પોતાની દશા. સમજાય છે કાંઈ? એનો પરિણત થયો નામ લગની લાગી અને પ્રગટ પૂર્ણ દશા કરી.

અમારે પહેલો શબ્દ ઈ આવ્યો હતો ત્યાં. (સંવત) ૧૯૬૩ની સાલ. ૬૫ વર્ષ થયા. દુકાન ઉપર ‘શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ’. શિવરમણી એટલે શંકર આવ્યા? શિવ નામ મોક્ષસ્વરૂપ પરમાનંદ દશાને રમનારો એ શિવરમણીનો રમનાર આત્મા છે. સમજાય છે કાંઈ? તકરાર કરે. જબલપુરમાં આવું થયું, તોડી નાખ્યું મંદિર. અમે ગયા હતા જોવા, ભાઈ પણ હતા સાથે. રમણિકભાઈ. પાડી નાખી છે પ્રતિમા. ઉથલાવી નાખી, માથું તોડી નાખ્યું. અરે..! અમારા શિવ શંકર એની સ્ત્રી પરણ્યા તીર્થંકર? અરે.. ભગવાન! એઈ..! ચીમનભાઈ! આવા તકરારના ઝઘડા છે અજ્ઞાનીના. જૈનોને સ્યાદ્વાદીઓને કોઈ વચન બોલથી ઝઘડો નથી. એનો જેવો ભાવ છે એમ સમજવું.

‘**શિવ, નિરંજન,...**’ લ્યો, અંજન--મેલ નહિ. નિરંજનનાથ આત્મા. પૂર્ણ બ્રહ્મ પરમાત્મા ઈશ્વર સિદ્ધ એ નિરંજન છે, અંજન નથી. ‘**નિષ્કંલક,...**’ કલંક નથી. પૂર્ણ કલંકનો તો નાશ થઈ ગયો. નિષ્કલંક દશા પૂર્ણ. સિદ્ધ નિષ્કલંક દશા છે. સંસારદશા એ કલંકદશા છે. આહા..હા..! રાગનો જન્મ થવો, રાગમાં આવવું અને જન્મ થવો એ તો કલંક છે. ભગવાન તો નિષ્કલંક થઈ ગયા. સિદ્ધ ઈષ્ટદેવ નિષ્કલંક છે. કલંક નથી. ‘**અક્ષય,...**’ છે. કદી નાશ નથી થતો. ઈષ્ટદેવ પરમાત્મા સિદ્ધ એ શુદ્ધ આત્મા એનો કદી નાશ નથી થતો. નાશ નથી

થતો કહેવાથી, પર્યાયનો નાશ નથી થતો? એમ લ્યે. એમ અપેક્ષા નથી. જેમ કહે છે એ અપેક્ષાથી સમજવું જોઈએ. અવિનાશી ભગવાન છે. અવિનાશીમાં પર્યાય તો આવી નહિ. નાશવાન છેને? પણ આવી ગઈ. અવિનાશી જાણે છે એ પર્યાય પણ સાથે આવી ગઈ. ત્રિકાળી અવિનાશી આત્મા છે. તો અક્ષય કહેવાથી જૈનને કોઈ વિરોધ તો નથી. શબ્દ ગમે તે લગાવો, પણ વસ્તુ આ હોવી જોઈએ. પરમાનંદની દશા પ્રગટ થઈ હોય એવા સર્વજ્ઞ પરમાત્માને અક્ષય પણ કહેવામાં આવે છે.

'**અવ્યય,...**' જેનો વ્યય નથી. લ્યો, અવ્યય--એનો કોઈ વ્યય નથી, નાશ નથી. '**શુદ્ધ,...**' પરમાત્માને શુદ્ધ પણ કહેવામાં આવે છે. '**બુદ્ધ,...**' એકલા જ્ઞાનસ્વરૂપી કહેવામાં આવે છે. '**અવિનાશી,...**' નાશ નથી એમ કહેવામાં આવે છે. અવિનાશી છે એ તો. અવિનાશી કહેતા શું એ અવિનાશી છે? તો એની પર્યાય પલટે છે કે નહિ? નાશવાન છે કે નહિ? લ્યો, એમ તકરાર ન કરવી, કહે છે. એ આવ્યુંને આપણે, નહિ? સંવર, નિર્જરા સાત તત્ત્વની પર્યાય તો નાશવાન છે. એ મોક્ષની પર્યાય, સંવર, નિર્જરાની પણ નાશવાન છે. એક અવિનાશી ત્રિકાળી ધ્રુવ છે. એ નિયમસારમાં આવ્યું. ૫૪મો કળશ, નહિ? ૫૪મા કળશમાં આવ્યું છે. સમજાય છે કાંઈ? જીવની એક સમયની પર્યાય, અજીવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ, પુણ્ય-પાપ, આસ્રવ અને બંધ એ બધા નાશવાન છે. કેવળજ્ઞાન પણ નાશવાન છે. કારણ કે એક સમયની પર્યાય છે. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાનીને અવિનાશી કહેવામાં વિરોધ નથી. આહા..હા..! પંચાસ્તિકાયમાં તો એમ લીધું છે, કેવળજ્ઞાન કૂટસ્થ છે. કેવળજ્ઞાનને કૂટસ્થ કહ્યું. એની એ જાતની દશા (રહે છે) તો કૂટસ્થ કહ્યું. પણ એક સમય રહે છે, બીજા સમયે બીજી થાય છે. કૂટસ્થ કહેવામાં કોઈ વિરોધ નથી, સદૃશ્યતા બતાવવી છે. તો એમાં શું દોષ છે?

'**અનુપમ,...**' ભગવાન પરમાત્માને ઉપમા કોની? એની ઉપમા એને. એમ અનુપમ કહો તોપણ સિદ્ધ પરમાત્મા ઈષ્ટદેવ જ આવે છે, બીજી વસ્તુ નથી આવતી. '**અચ્છેદ્ય,...**' લ્યો. ગીતામાં પણ આવે છે, આત્મા અચ્છેદ્ય છે, અભેદ છે. કઈ અપેક્ષાથી? પર્યાય બદલે છે, વસ્તુ અચ્છેદ્ય છે. સમજાય છે કાંઈ? કોઈનાથી છેદાતી નથી. અને એની પર્યાય પણ કોઈનાથી છેદાતી નથી. અચ્છેદ્ય ભગવાન આત્મા દ્રવ્ય, ગુણ, પર્યાયથી અચ્છેદ્ય છે. અચ્છેદ્ય, '**અભેદ્ય,...**' ભેદ નહિ, ટુકડા નથી થતા. અસંખ્ય પ્રદેશ છે તો એક એક પ્રદેશ ભિન્ન ભિન્ન થઈ જાય એમ નથી. વસ્તુ અભેદ્ય છે. '**પરમપુરુષ,...**' લ્યો, એને પરમપુરુષ કહીએ. પરમપુરુષ કીધા એટલે પુરુષવેદ આવી ગયો? પરમપુરુષ. આહા..હા..! પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યુંને, પુરુષાર્થ--પોતાની પર્યાયને સેવે, પોતાના સ્વભાવને સેવે તે પુરુષાર્થી ઈતિ પુરુષ છે. ..માં આવે છેને. પોતાના આનંદને સેવે એ પુરુષાર્થ, એ પુરુષ. પોતાના આનંદમાં સૂવે, રહે પુરુષ.

છેને? સહિતિ. પોતાના આત્માના ગુણમાં સહિતિ--સૂવે એટલે લીન થાય એનું નામ પુરુષ કહેવામાં આવે છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં છે. પુરુષ એટલે આ લિંગ થઈ ગયું શરીરનું? આ તો માટી જડ છે. પોતાના આનંદમાં લીન થાય છે એને પુરુષ કહેવામાં આવે છે. એવો પરમપુરુષ છે. સિદ્ધ ભગવાન ઈષ્ટદેવ પરમપુરુષ છે. પરમપુરુષ એટલે આ વેદનું લિંગ છે એવું પરમવેદ લિંગ છે એમ છે?

'**નિરાબાધ,...**' કોઈ બાધ નથી, પીડા નથી એને. નિરાબાધ વસ્તુ છે. વિઘ્ન વિનાની વસ્તુ છે, નિર્મળાનંદ એની પર્યાય છે, લ્યો. '**સિદ્ધ,...**' છે. એને સિદ્ધ પણ કહે છે. '**સત્યાત્મા,...**' કહે છે. સાચો આત્મા, સાચો આત્મા, લ્યો. સાચો આત્મા એ સિદ્ધ જ છે. આહા..! પર્યાયને વ્યવહાર આત્મા કહ્યો, અસત્ય આત્મા કહ્યો છે. પણ અહીં તો પર્યાયસહિતને જ સત્યઆત્મા કહે છે. જે અપેક્ષાએ કહ્યું એ સમજવું જોઈએને. '**ચિદાનંદ,...**' જ્ઞાનાનંદ ભગવાન આત્મા એ જ પરમાત્મા, જ્ઞાનાનંદ સ્વરૂપી આત્મા છે. '**સર્વજ્ઞ,...**' છે. લ્યો, એને સર્વજ્ઞ કહો, '**વીતરાગ,...**' કહો. '**અર્હત્,...**' કહો. સર્વને જાણનાર. કોઈ રહસ્ય બાકી નથી. '**જિન,...**' કહો કે '**આપ્ત,...**' કહો. હિતને માટે કબુલ કરનારી ચીજ એ આપ્ત ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ઈષ્ટદેવ છે. '**ભગવાન,...**' કહો એને, લ્યો. અને '**સમયસાર...**' કહો. '**ઈત્યાદિ હજારો નામોથી કહો; તે સર્વ નામ કથંચિત્ સત્યાર્થ છે.**' એટલી અપેક્ષાએ સત્યાર્થ છે. '**સર્વથા એકાંતવાદીઓને ભિન્ન નામોમાં વિરોધ છે, સ્યાદ્વાદીને કાંઈ વિરોધ નથી. માટે અર્થ યથાર્થ સમજવો જોઈએ.**' એનો શ્લોક કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૮, બુધવાર, તા. ૧૦-૧૧-૧૯૭૧
## શ્લોક-૨, પ્રવચન-૪

પ્રગટે નિજ અનુભવ કરે, સત્તા ચેતનરૂપ;
સૌ-જ્ઞાતા લખીને નમું, સમયસાર સહુ-ભૂપ. ૧.

'સમયસાર' પહેલો કળશ. નમઃ સમયસારાયનો સાર કહે છે. છેને ગુજરાતી?

**પ્રગટે નિજ અનુભવ કરે, સત્તા ચેતનરૂપ;**
**સૌ-જ્ઞાતા લખીને નમું, સમયસાર સહુ-ભૂપ. ૧.**

છે? ઈ આ સમયસાર, 'નમઃ સમયસાર'નું ગુજરાતી છે. એનું હિન્દી હતું, એનું ગુજરાતી છે. કેવો છે આત્મા? કે, '**પ્રગટે નિજ અનુભવ કરે,...**' એ પોતાના આનંદનો અનુભવ કરતા તે આત્મા પ્રગટ થાય છે. એ '**स्वानुभूत्या**'માં કહ્યું, '**स्वानुभूत्या चकासते**' હતુંને? પોતાનો આત્મા જેવો સ્વભાવ અસંખ્ય પ્રદેશી અનંતગુણસ્વરૂપ એવું જે એક તત્ત્વ, તે નિજ અનુભવ કરે, '**स्वानुभूत्या चकासते**' સ્વભાવને અનુસરીને પરિણતિ વીતરાગી પ્રગટ કરે તો એનાથી આત્મા પ્રગટ થાય કે આ આત્મા છે. કહો, સમજાણું કાંઈ? એ '**स्वानुभूत्या चकासते**'નો શબ્દ છે.

કળશમાં તો લીધું છેને? સમયસાર એટલે શું? કે, હિતકર એ સુખ છે, અહિતકર એ દુઃખ છે. તો જેનાથી સુખ અને જ્ઞાન ઊપજે એને સમયસાર કહેવામાં આવે છે. ત્યાં તો એમ કહ્યું છે કે, પાંચ દ્રવ્યો અને અશુદ્ધ સંસારી જીવ એને જ્ઞાનેય નથી અને એને સુખેય નથી. '**પ્રગટે નિજ અનુભવ કરે.**' પોતાનો શુદ્ધ આત્મા એનો અનુભવ કરે તો એને જ્ઞાન થાય અને એને સુખ થાય. સમજાણું કાંઈ? આત્મા સિવાય પાંચ દ્રવ્ય અને અશુદ્ધ સંસારી જીવ એને જ્ઞાનેય નથી અને એને સુખેય નથી. લ્યો! ઓહો..! આ બધા કરોડોપતિ, અબજોપતિ કે દેવો જે મિથ્યાદ્દષ્ટિ છે, જેને હજી શુદ્ધ આત્મા પરમાનંદની મૂર્તિ એનું જ્ઞાન નથી અને એનું એમાંથી પ્રગટતું સુખ નથી એ બધા જ્ઞાન અને સુખથી ખાલી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- ખરેખરી વાત છે.

ઉત્તર :-- ખરેખરી હશે? આ પૈસાને લઈને સુખ નથી? એને તો લઈને નથી પણ પૈસાને જાણવાથી જ્ઞાન નથી ને પૈસાને જાણવાથી સુખ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? પૈસો તો પુદ્ગલદ્રવ્ય થયું. એને જાણવાથી જ્ઞાનેય નથી અને એને જાણવાથી સુખેય નથી. આહા..!

'**પ્રગટે નિજ અનુભવ કરે,...**' એ તો શુદ્ધ આત્મા એનું જ્ઞાન કરે તો એને સમ્યગ્જ્ઞાન કહેવાય અને એને સુખી કહેવામાં આવે. સમજાણું કાંઈ? શુદ્ધ આત્મા પૂર્ણ શુદ્ધ છે એ જ્ઞાની છે અને સુખી છે પણ આ આત્મા શુદ્ધ ત્રિકાળી ચૈતન્યદ્રવ્ય શુદ્ધ સત્તારૂપ. આવ્યું હતુંને આમાં? શુદ્ધ સત્તા, એવો જે આત્મા શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ, શુદ્ધ, શુદ્ધ એનું જ્ઞાન કરે એને જ્ઞાન કહેવાય અને એમાં જ્ઞાનમાં એને સુખ થાય. સમજાણું કાંઈ? એનો અર્થ એ થયો કે, શાસ્ત્રને જાણે તો એ જ્ઞાન નહિ અને એને સુખેય નહિ. જગતની અનેક પ્રકારની વિવિધ સ્થિતિઓ એને જાણે તો એ પણ જ્ઞાન નહિ, એને સુખેય નહિ. આ બધા બહુ

ડાહપણના બધા ભણે છેને? ઘણા છે આ બધા છ છ હજાર રૂપિયા ખર્ચીને જાય છેને, દેશાટન (કરે), બહુ દેશાટન કરે તો એને જ્ઞાન વધે. એમ હશે કે નહિ? આ જુવાનીયા જાય છેને? આહા..હા..! અહીં તો ત્યાં સુધી કહે છે કે, અનંતા નિગોદના જીવ, અનંતા સંસારી પ્રાણીઓ અસંખ્ય બીજા ભળીને એને જાણે તોપણ તે જ્ઞાન નહિ અને જ્ઞાન નહિ એટલે સુખ નહિ. આહા..!

ફક્ત ભગવાન આત્મા શુદ્ધ સત્તા ચૈતન્ય નિર્મળાનંદ પ્રભુ એવી સત્તાસ્વરૂપ ભગવાન એને જાણતા એનું નામ જ્ઞાન અને એને જાણતા આનંદનો ભાવ અનુભવવામાં આવે એ સુખી ને જ્ઞાની છે. કહો, પોપટભાઈ! આ તો દુનિયાથી વિરુદ્ધ પડ્યું આખું. સગવડતા આપો બીજાને કે, જેથી સુખી થાય ઈ, એના દુઃખના પ્રતિકૂળ સંયોગો ટાળો તો એ સુખી થાય એવી અહીં વાત રહી નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! અનંતા અશુદ્ધ નિગોદના જીવ સંસારી એને જ્ઞાન નથી અને એને સુખેય નથી કહે છે. એમ અસંખ્ય નિગોદ સિવાયના બીજા જીવો અશુદ્ધ મલિનની પર્યાયવાળા એને જ્ઞાનેય નથી અને સુખેય નથી. અને એને જાણનારને પણ જ્ઞાન ને સુખ નથી. આહા..હા..! ગજબ વાત છેને! સમજાય છે કાંઈ?

એ અશુદ્ધ સંસારીપ્રાણી અને... ત્યારે કહે, સિદ્ધ શુદ્ધ છેને? પણ એ સિદ્ધ શુદ્ધ છે એવો આત્મા શુદ્ધ છે એમ જ્યારે અનુભવે ત્યારે એને જ્ઞાન ને સુખ થાય. સમજાણું કાંઈ? આહા..! કઈ રીતે નાખ્યું છે! ત્યારે એને ધર્મ થાય એમ. સમજાણું કાંઈ? પરની દયા પાળતા અને પરને જાણતા દયા તો પાળી શકતો નથી પણ પરને દયા પાળવાનો ભાવ અને પરને જાણવાના શાસ્ત્રના અનેક ભંગો, વિચિત્રતા જીવના જડના પરમાણુમાં, એક એક પરમાણુ અનંત ગુણ ને એક એક આત્મામાં અનંત ગુણ ને એની પર્યાય મલિન ને. સમજાણું કાંઈ? કહે છે કે, એવા અશુદ્ધના જાણવામાં એને જ્ઞાન ન કહીએ. આહા..! અને એને સુખી ન કહીએ કે, બહુ જાણ્યું આણે માટે કાંઈક એને સમાધાન સુખનું વર્તતું હશે, એમ નથી. આહા..!

ફક્ત '**પ્રગટે નિજ અનુભવ કરે,**' લ્યો! એ આનંદનું વેદન નિજને જાણતા (થાય). સમજાણું કાંઈ? ભગવાન નિજ શુદ્ધ ચૈતન્યસત્તા એનું દૃષ્ટિ અને એનું જ્ઞાન કરતાં એને જ્ઞાન કહીએ અને એને સુખ, જ્ઞાનની સાથે અનુભવ આનંદનો પ્રગટ થાય એને સુખી કહીએ. કહો, સમજાણું કાંઈ? મોટા મોટા બેરિસ્ટરો અને મોટા દસ દસ હજારના પગારદાર ને વીસ હજારના પગારદાર ને, કહે છે કે, એ બધો પગાર-ફગાર તો પર છે પણ એની દશામાં અશુદ્ધતા છે એથી અશુદ્ધતાને કારણે એ એને સાચું જ્ઞાનેય નથી અને સુખેય નથી. આહા..હા..! અગિયાર અંગ ને નવ પૂર્વ ભણે તોપણ તે જ્ઞાનેય નથી અને એને સુખેય નથી એમ કહે છે. કાંતિભાઈ! આ બધો પગાર છોડીને એકાંત કરે ને શાસ્ત્ર ભણે તોપણ જ્ઞાન નથી એમ કહે છે. કહો,

સમજાણું? ૧૫૦૦નો પગાર હતો માસિક, છોડી દીધો નિવૃત્તિ હાટુ. પ્લેનમાં હતાને પ્લેનમાં હતા. બાળ બ્રહ્મચારી છે. ૧૫૦૦નો પગાર માસિક. છોડી દીધુ હમણાં દોઢ વર્ષથી. પગાર છોડી દીધો તો સુખી કહેવાય કે નહિ? નિવૃત્તિ જેટલી લીધી એટલો સુખી નહિ? ના ના, એ નિવૃત્તિ નહિ. એઈ..! રાગથી નિવૃત્તિ લેતા, શુદ્ધનો અનુભવ થતાં એને જ્ઞાન ને સુખ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

વ્યાખ્યા જ વીતરાગની જુદી છે. વીતરાગ માર્ગની શરૂઆત સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એણે જે આત્મા જોયા અને એમાં આ આત્મા શુદ્ધ સત્તાએ શુદ્ધ છે એમ જોયું. સમજાણું કાંઈ? પર્યાયની અશુદ્ધતા એના સ્વભાવમાં નથી. એ આગળ કહેશે કથંચિત્ નિમિત્તથી થતાં રાગથી કથંચિત્ ભિન્ન ને કથંચિત્ અભિન્ન. આ અનેકાંતમૂર્તિમાં (બીજા શ્લોકમાં) કહેશે. **'પોતાના વિકારોથી કથંચિત્ ભિન્ન...'** છેને? દ્રવ્ય સ્વભાવે જોઈએ તો ભિન્ન છે અને પર્યાયથી જોવે તો એની પર્યાયમાં છે. સમજાણું કાંઈ? ભારે વાત આકરી. આહા..હા..! વસ્તુનું સ્વરૂપ જ એવું છે. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી. એ જિનરાજ એવો જે સ્વભાવ આત્માનો શુદ્ધ એવા શુદ્ધ સ્વભાવને જાણતા જ્ઞાન અને સુખ થાય, એને ધર્મ થાય એમ કહે છે. શુદ્ધ ભગવાન આત્મા પોતાનું નિજ શુદ્ધ ચૈતન્ય એને જાણતા જ્ઞાન અને સુખ થાય એટલે ધર્મ થાય. આહા..હા..! આ બધા ઘણા પ્રકાર વર્ણવે છેને ધર્મના? આમ થાય ધર્મ ને આમ થાય ધર્મ ને આમ ક્રોધ ઘટાડો, રાગ ઘટાડો. બધી વાતું સાંભળે છે. સમજાણું કાંઈ?

**'પ્રગટે નિજ અનુભ કરે,...'** એ શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા પોતાનો ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક આનંદકંદ પ્રભુ એને જાણતા, અનુભવ કરતા એનું જ્ઞાન અને આનંદ એને થાય. સમજાણું કાંઈ? આ એક માર્ગ છે. ગમે તે માર્ગ ને ગમે તે દર્શન એનો અર્થ આ. સમજાણું કાંઈ? બીજે રસ્તે પણ ભગવાને કહેલો જે શુદ્ધ આત્મા એના અવલંબન વિના, બીજા ભગવાને બીજાઓ કહેલા અન્યર્થીઓ આત્મા ને આદિ એને જાણતા ધર્મેય નથી, જ્ઞાનેય નથી ને સુખેય નથી. સમજાણું કાંઈ?

...નાખ્યું છે. એમાં આવે છેને ભાઈ! ... શ્રીમદ્‌ને જોતા વેદાંતીને વેદાંત જેવા લાગે. એવું આવે છે આમાં શ્રીમદ્‌ના ... વેદાંતીને કાંઈ એમ ના પાડતા નહોતા. હવે આમાં આમ કહે છે. લખે છેને કે, અમને જૈનનો આગ્રહ નથી. એ તો આગ્રહ નથી. લોકો એમ કે જાણે બધો માર્ગ બધા... એમ આવે છેને એમાં પહેલામાં. એ વાંચ્યું છેને, તે દિ' વાંચ્યું હતું. સાચું તો જે અનુપ્રેક્ષાથી, જે દર્શનથી કે જે જ્ઞાનથી પ્રાપ્ત થાય તે જ્ઞાન સર્વોપરી છે. જૈનના આગ્રહથી જ મોક્ષ છે એમ આત્મા ઘણા વખત થયા માનવું ભૂલી ગયો છે. એટલે આ લોકો જાણે... પણ ઈ તો આગ્રહ, વિકલ્પની વાત છે. એઈ..! આવા અર્થ કરેને. હેં? ઊંધા? લખ્યું છે, જુઓ! વેદાંત શાસ્ત્ર વાંચવા જણાવીએ ત્યારે વેદાંતી થવા નથી જણાવતા. તેમ

અન્ય શાસ્ત્ર વાંચવા જણાવીએ ત્યારે અન્ય થવા નથી જણાવતા, જ્યારે જૈન શાસ્ત્ર વાંચવા જણાવીએ ત્યારે જૈની થવા અમે નથી જણાવતા. એટલે લોકો કહે, ગમે તે હોય...

અહીં તો પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એણે જે આત્મા એક એક જોયો શુદ્ધ... સમજાય છે કાંઈ? એને પંથે જાતા, એનો આશ્રય લેતા જે અનુભવ થાય એને એ આત્માના દર્શને અનુભવ થાય, ઈ જૈનદર્શન છે. પોપટભાઈ! જુઓને, એક જ શબ્દ મુક્યો છે '**स्वानुभूत्या चकासते**'. એટલે વસ્તુ છે શુદ્ધ ચૈતન્યદળ, અનુભૂતિથી એનો આશ્રય લઈ શુદ્ધનો અનુભવ કરે ત્યારે આ આત્મા આવો છે એમ જણાય અને એ અનુભૂતિથી કેવળજ્ઞાન પ્રગટ થાય. સમજાણું કાંઈ? બીજો કોઈ માર્ગ, સાચી રીત છે નહિ. આહા..!

ભગવાને કહેલા પાંચ દ્રવ્ય ને અશુદ્ધ સંસારી જીવ એને જાણતાય જ્ઞાન અને સુખ નથી. પછી પ્રશ્ન શું કહો? સમજાણું કાંઈ? અજ્ઞાનીએ કહેલા દ્રવ્ય પદાર્થની વ્યાખ્યા અને પદાર્થનું સ્વરૂપ એને જાણતા તો અજ્ઞાન છે. આહા..હા..! પણ ભગવાને કહેલા છ દ્રવ્યોમાં સંસારી અનંત અશુદ્ધ, પુદ્‌ગલો અનંત અશુદ્ધ આદિ... સમજાણું કાંઈ? એવા ભગવાને કહેલા છ દ્રવ્યો, પોતાના શુદ્ધ દ્રવ્ય સિવાય... આહા..હા..! એને જાણતા પણ જ્યારે સમ્યગ્જ્ઞાન નથી, તો પછી પ્રશ્ન બીજો ક્યાં છે આમાં? આહા..હા..! આવું વસ્તુનું સ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? એટલે કહે છે, '**પ્રગટે નિજ અનુભવ કરે,...**' આહા..! એ શુદ્ધ ભગવાન આત્મા એનો અનુભવ ને એનો આશ્રય લઈને જે દૃષ્ટિ, જ્ઞાન, શાંતિ પ્રગટે એને જ્ઞાન અને સુખ કહેવામાં આવે છે. એને ધર્મ કરનારો કહેવામાં આવે છે. આહા..હા..!

'**સત્તા ચેતનરૂપ;...**' કેવું છે સ્વરૂપ ભગવાન? એની સત્તા ચૈતન્યરૂપ છે. એ ગુણની વાત કરી. '**चित्स्वभावाय**' સમજાણું કાંઈ? સત્તા એ વસ્તુ, દ્રવ્ય. ચેતનરૂપ એ ગુણ. '**स्वानुभूत्या चकासते**' તે અનુભવ. અને '**सर्वभावान्तरच्छिदे**'. એ '**સૌ-જ્ઞાતા લખીને...**' બધાને જાણનાર એવો ભગવાન આત્મા. આત્મા સિવાય અનંત પદાર્થોને જાણવાનો એનો સ્વભાવ ખરો પણ કોઈ પણ પદાર્થને સુધારવાનો, બગાડવાનો, મદદ દઈને બીજાને લાભ થાય એવો એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો સૌ-જ્ઞાતા. જે જગતની ચીજ જેટલી છે તેને, પોતાને જાણતા અનેરા પદાર્થોને પણ જાણવાનો એનો સ્વભાવ છે. આ ઈ વસ્તુ. સમજાણું કાંઈ?

'**સૌ-જ્ઞાતા લખીને નમું,...**' સર્વને જાણનારને જાણીને એમ કહે છે. '**નમું, સમયસાર સહુ-ભૂપ.**' સમયસારરૂપી મોટો ભૂપ--રાજા એ આત્મા ભગવાન શુદ્ધ છે. આમાં તો ક્રિયાકાંડવાળાનું કાંઈ રહેતું નથી કે, આવી ક્રિયા કરીએ તો આ (થાય). એ તો રાગ છે. સમજાય છે? એ તો અશુદ્ધતા છે. અશુદ્ધતાને જાણતા પણ જ્ઞાન નથી. આહા..હા..! એકલું અશુદ્ધને જાણતા જ્ઞાન નથી, શુદ્ધને જાણતા જ્ઞાન છે. આહા..હા..! કેમકે એમાં જ્ઞાન સમુદાય

પુંજ પડ્યો છે ઈ. જ્ઞાનનો સમુદાયરૂપ પુંજ પ્રભુ છે એ શુદ્ધ છે. એને અનુભવતા જ્ઞાન થાય, આનંદ થાય, પોતાની સ્વાનુભૂતિ ક્રિયા પ્રગટ થાય. એવો જે આત્મા, **'સમયસાર સહુ-ભૂપ.'** બધામાં મોટો બાદશાહ, રાજા છે એ તો. આહા..હા..! એનો અર્થ ઈ થયો કે, એગં જાણઈ સવ્વં જાણઈ. આવો આત્મા જે જાણે એ બધાને જાણે. આહા..હા..! ઈ એક શ્લોક થયો ટીકાનો. કળશ કળશ થયો.

## શ્લોક-૨

હવે (બીજા શ્લોકમાં) સરસ્વતીને નમસ્કાર કરે છે :-

(अनुष्टुभ्)

अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः।
अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्।।२।।

શ્લોકાર્થ :- [अनेकान्तमयी मूर्तिः] જેમાં અનેક અંત (ધર્મ) છે એવું જે જ્ઞાન તથા વચન તે-મય મૂર્તિ [नित्यम् एव] સદાય [प्रकाशताम्] પ્રકાશરૂપ હો. કેવી છે તે મૂર્તિ? [अनन्तधर्मणः प्रत्यगात्मनः तत्त्वं] જે અનંત ધર્માવાળો છે અને જે પરદ્રવ્યોથી ને પરદ્રવ્યના ગુણપર્યાયોથી ભિન્ન તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિકારોથી કથંચિત્ ભિન્ન એકાકાર છે એવા આત્માના તત્ત્વને, અર્થાત્ અસાધારણ-સજાતીય વિજાતીય દ્રવ્યોથી વિલક્ષણ-નિજસ્વરૂપને, [पश्यन्ती] તે મૂર્તિ અવલોકન કરે છે-દેખે છે.

ભાવાર્થ :- અહીં સરસ્વતીની મૂર્તિને આશીર્વચનરૂપ નમસ્કાર કર્યો છે. લૌકિકમાં જે સરસ્વતીની મૂર્તિ પ્રસિદ્ધ છે તે યથાર્થ નથી તેથી અહીં તેનું યથાર્થ વર્ણન કર્યું છે. જે સમ્યગ્જ્ઞાન છે તે જ સરસ્વતીની સત્યાર્થ મૂર્તિ છે. તેમાં પણ સંપૂર્ણ જ્ઞાન તો કેવળજ્ઞાન છે કે જેમાં સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે. તે અનંત ધર્મો સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે તેથી તે સરસ્વતીની મૂર્તિ છે. તદનુસાર જે શ્રુતજ્ઞાન છે તે આત્મતત્ત્વને પરોક્ષ દેખે છે તેથી તે પણ સરસ્વતીની મૂર્તિ છે. વળી દ્રવ્યશ્રુત વચનરૂપ છે તે પણ તેની મૂર્તિ છે, કારણ કે વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને તે બતાવે છે. આ રીતે સર્વ પદાર્થોનાં તત્ત્વને જણાવનારી

જ્ઞાનરૂપ તથા વચનરૂપ અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે; તેથી સરસ્વતીનાં નામ 'વાણી, ભારતી, શારદા, વાગ્દેવી' ઇત્યાદિ ઘણાં કહેવામાં આવે છે. આ સરસ્વતીની મૂર્તિ અનંત ધર્મોને 'સ્યાત્'પદથી એક ધર્મીમાં અવિરોધપણે સાધે છે તેથી તે સત્યાર્થ છે. કેટલાક અન્યવાદીઓ સરસ્વતીની મૂર્તિને બીજી રીતે સ્થાપે છે પણ તે પદાર્થને સત્યાર્થ કહેનારી નથી.

કોઈ પ્રશ્ન કરે કે આત્માને અનંત ધર્મવાળો કહ્યો છે તો તેમાં અનંત ધર્મો ક્યા ક્યા છે? તેનો ઉત્તર :- વસ્તુમાં સત્પણું, વસ્તુપણું, પ્રમેયપણું, પ્રદેશપણું, ચેતનપણું, અચેતનપણું, મૂર્તિકપણું, અમૂર્તિકપણું ઇત્યાદિ (ધર્મ) તો ગુણ છે; અને તે ગુણોનું ત્રણે કાળે સમય-સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે-જે અનંત છે. વળી વસ્તુમાં એકપણું, અનેકપણું, નિત્યપણું, અનિત્યપણું, ભેદપણું, અભેદપણું, શુદ્ધપણું, અશુદ્ધપણું આદિ અનેક ધર્મ છે. તે સામાન્યરૂપ ધર્મો તો વચનગોચર છે પણ બીજા વિશેષરૂપ ધર્મો જેઓ વચનનો વિષય નથી એવા પણ અનંત ધર્મો છે-જે જ્ઞાનગમ્ય છે. આત્મા પણ વસ્તુ છે તેથી તેમાં પણ પોતાના અનંત ધર્મો છે.

આત્માના અનંત ધર્મોમાં ચેતનપણું અસાધારણ ધર્મ છે, બીજાં અચેતન દ્રવ્યોમાં નથી. સજાતીય જીવદ્રવ્યો અનંત છે તેમનામાંય જોકે ચેતનપણું છે તોપણ સૌનું ચેતનપણું નિજ સ્વરૂપે જુદું જુદું કહ્યું છે કારણ કે દરેક દ્રવ્યને પ્રદેશભેદ હોવાથી કોઈનું કોઈમાં ભળતું નથી. આ ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે તેથી તેને આત્માનું તત્ત્વ કહ્યું છે. તેને આ સરસ્વતીની મૂર્તિ દેખે છે અને દેખાડે છે. એ રીતે એનાથી સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે માટે 'સદા પ્રકાશરૂપ રહો' એવું આશીર્વાદરૂપ વચન તેને કહ્યું છે. ૨.

## શ્લોક-૨ ઉપર પ્રવચન

'હવે (બીજા શ્લોકમાં) સરસ્વતીને નમસ્કાર કરે છે :'

હવે અહીંયાં સરસ્વતી એટલે સમ્યજ્ઞાન, શુદ્ધ જ્ઞાન, જે આત્માને આશ્રયે પ્રગટ્યું એવું જે શુદ્ધ જ્ઞાન અને સર્વજ્ઞાન, કેવળજ્ઞાન અને એને કહેનારી વાણી બેયને અહીંયાં સરસ્વતી કહેવામાં આવે છે. દુનિયાના પ્રાણીઓ સરસ્વતીનું બીજું વર્ણવે છે, વર્ણવે છેને એમાં સરસ્વતી

ઓલા મોર ઉપર બેઠી છે. સરસ્વતીનું રૂપ આવે છે મોર ઉપર. એનો અર્થ ઈ કે, સમ્યગ્જ્ઞાન, મોર જેમ સર્પને ખાઈ જાય, એમ સમ્યગ્જ્ઞાન રાગ-દ્વેષને નાશ કરી નાખે. એ સમ્યગ્જ્ઞાન એ સરસ્વતી છે. સમજાણું કાંઈ? એવા આવે છે ફોટા. અમારે દુકાનમાંય રાખતા. મોર ઉપર બેઠી હોયને સરસ્વતી. ફોટા આવે છે, ઘણા આવે એને દુકાનમાં રાખે, મઢાવી રાખ્યો છે એક. આ સરસ્વતી છે. ન્યાં ક્યાંથી સરસ્વતી આવી?

સરસ્વતી તો, જે આત્મા પૂર્ણાનંદ પ્રભુ એનું જે જ્ઞાન, શ્રુતજ્ઞાન અથવા કેવળજ્ઞાન. એ મોર જેમ સર્પને ખાઈ જાય, સપૂંછો ખાય ... હોં! મોઢા આગળથી નહિ, પૂંછડેથી પકડીને આખો ખાય આમ, એમ સમ્યગ્જ્ઞાન મૂળમાંથી ઝેરનો નાશ કરી નાખે. રાગ ને દ્વેષ ને અજ્ઞાનનો નાશ કરે એવી આત્મજ્ઞાનની શક્તિ એને સરસ્વતી કહીએ. સમજાણું કાંઈ? આત્મજ્ઞાન તે સરસ્વતી. એમ. અને એને બતાવનારી સર્વજ્ઞ અનુસારિણી વાણી એમ કહ્યું છેને. વાણી કેમ પૂજ્ય છે? કે સર્વજ્ઞ અનુસારિણી છેને. સર્વજ્ઞને અનુસરીને વાણી નીકળી છે. વાણી તો વાણીને કારણે (નીકળે છે) પણ એમાં નિમિત્તપણું સર્વજ્ઞનું હતુંને એટલે સર્વજ્ઞ અનુસારિણી વાણી (કહ્યું). એને અહીંયા જિનવાણી--વીતરાગની વાણીને અહીંયાં સરસ્વતી કહેવામાં આવે છે. કેમકે વીતરાગની વાણી એ શુદ્ધ આત્માને બતાવવામાં કથન કરનારી છે. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગના મુખથી (નિકળેલી) દિવ્યધ્વનિ એ વાણી જિનવાણી એ વીતરાગ સ્વરૂપને બતાવનારી છે. જો આ આત્મા આવો તારો ત્રિકાળ શુદ્ધ છે એને બતાવનારી છે. તેથી તે વાણીને પણ જિનવાણી કહેવામાં આવે છે, સરસ્વતી કહેવામાં આવે છે.

**अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः।**
**अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्।।२।।**

બે શબ્દ પડ્યા છેને. '**पश्यन्ती**' અને '**प्रकाशताम्**'. એમાંથી કાઢ્યું, વાણી પ્રકાશે છે અને દેખે છે.

'**अनेकान्तमयी मूर्तिः**' '**જેમાં અનેક અંત (ધર્મ) છે એવું જે જ્ઞાન તથા વચન તે-મય મૂર્તિ...**' લ્યો! અનેકાન્તનો અર્થ તો એમાં એવો કર્યો છેને ભાઈએ કળશકારે કે, આત્મા સત્તાસ્વરૂપ છે એમ કહેવું એ અભેદ છે અને સત્તાગુણવાળો છે આત્મા એ ભેદ છે. એનું નામ અનેકાંત છે, અભેદને ભેદ કહેવો અને ભેદને અભેદ કહેવો. અભેદવાળી ચીજને ભેદ કહેવી અને ભેદવાળી ચીજને અભેદ કહેવી એ અનેકાંત. શું કહ્યું પંડિતજી? અનેકાંત એમ નહિ કે ફુદડીવાદ, રાગથી ધર્મ થાય છે અને વીતરાગતાથી પણ થાય છે. એમ નહિ. ફક્ત ભગવાન આત્મા અભેદ ચીજ હૈ, ચીજ છે. સત્તાથી તો અભેદ છે. છતાં એને સત્તાવાળી કહેવી એનું નામ અનેકાંત. સમજાણું કાંઈ? સત્તાવાળી છે એને સત્તાસ્વરૂપ કહેવું એનું નામ અનેકાંત. ધર્મ થયાને બે ઈ.

**'જેમાં અનેક ધર્મ છે...'** ભગવાન આત્મા એમાં તો અનંત ગુણો અને અનંત ધર્મ છે. એવું જે જ્ઞાન, એનું જે જ્ઞાન અને એને કહેનારી જે વચન તે મય મૂર્તિ છે પાછું. જોયું? અનેકાંતમય શબ્દ છેને? વાણીનો અર્થ તો નિમિત્ત છે પણ તે-મયનો અર્થ કે, વાણીમાં તે સ્વરૂપ એવું જ કહેવામાં આવ્યું છે. એવી **'नित्यम् एव'** 'સદાય...' **'प्रकाशताम्'** **'પ્રકાશરૂપ હો.'** ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ તેનું જ્ઞાન પ્રકાશરૂપ હો, વિદ્યમાન રહો. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનની મૂર્તિ એનું જ્ઞાન **'नित्यम् एव'** **'સદાય પ્રકાશરૂપ હો.'** એ સમ્યગ્જ્ઞાન જ્યોતિ શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન પ્રકાશરૂપ હો. જે શુદ્ધ સ્વરૂપને શ્રુતજ્ઞાનથી જાણે અને કેવળજ્ઞાનથી જાણે. અને કાં એ વાણી કેવળજ્ઞાનથી જાણે એવો આત્મા એ બતાવે વાણી. શ્રુતજ્ઞાનથી જણાય એવો આત્મા એ વાણી બતાવે વીતરાગની. કહો, સમજાણું કાંઈ? વીતરાગની વાણી ઓળખવી પણ કઠણ છે કહે છે. એ વાણી એમ કહે કે વીતરાગભાવને બતાવે. સમજાણું કાંઈ?

કેમકે આત્મા જિનસ્વરૂપ છે અને એ જિનસ્વરૂપને અવલંબે જે જિન પરિણતિ દશા થાય એનું નામ ધર્મ છે. તો એ વીતરાગસ્વરૂપ છે એની પરિણતિ વીતરાગ છે. એને વાણી બતાવે. બીજું ન બતાવે કે, આ રાગથી કામ થશે ને રાગથી આમ થાશે ને પુણ્ય કરતાં કરતાં (ધર્મ થાશે), એ જિનવાણી નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો રાગના અભાવસ્વભાવસ્વરૂપ પ્રભુ એનો આશ્રય લેતા પણ રાગના અભાવસ્વભાવસ્વરૂપ પરિણતિ થાય એને જિનવાણી બતાવે છે. આહા..હા..!

આમ કહ્યુંને પંચાસ્તિકાયમાં કે ચારેય અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. ચાહે તે કથાથી કહ્યું હોય, ચાહે તો પરિણામથી વાત કરી હોય, ચાહે તો આત્માને આશ્રયથી કરી હોય. સમજાણું કાંઈ? ચાહે તો ચરણાનુયોગની અપેક્ષાએ કથન કર્યું હોય, પણ તાત્પર્ય તો વીતરાગ (થવું તે છે). એટલે કે નિમિત્ત ને રાગ ને પર્યાયની અપેક્ષા છોડીને ત્રિકાળી દ્રવ્યની અપેક્ષા કરવી એવું જિનવાણી બતાવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

જેમાં અનંત ધર્મ છે (અંત એટલે ધર્મ). એવું જે જ્ઞાન અને વાણીમાંય અનંત ધર્મ છે એ જાતના બતાવવાના. સ્વપણે છે, પરપણે નથી એવા અનંત ધર્મોને (બતાવે છે). એક એક ધર્મ એક ધર્મપણે (છે), બીજા ધર્મપણે નહિ. દ્રવ્ય દ્રવ્યપણે છે, ગુણ અને પર્યાયપણે નહિ. પર્યાય પર્યાયપણે છે, પર્યાય દ્રવ્ય ગુણપણે નહિ અને પરપણે નહિ. એવા અનંત ધર્મો જેમાં રહ્યા છે આત્મામાં. આ અનંત ધર્મો એટલે બીજા બધા ધર્મો થઈને એમ? એનામાં અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેત્વ, પ્રભુત્વ, જીવતર, દર્શન, જ્ઞાન, ચારિત્ર, સુખ આદિ જે સ્વભાવ એને અહીં ધર્મ કીધા છે. નિત્યાદિ અનિત્યને પણ એક અપેક્ષાએ ધર્મ કહ્યા છે. ત્રિકાળ રહેવું અપેક્ષાએ ધર્મ, પર્યાયે પલટવું એવો પણ એનો ધર્મ નામ સ્વભાવ (છે). એવા અનંત

ધર્મ છે. આહા..હા..! એ જિનવાણી જ એને બતાવે છે. એ સિવાય કોઈ વાણીમાં એ સ્વરૂપ હોઈ શકે નહિ. આહા..હા..! ભારે કામ ભાઈ. લોકોને અત્યારે વિશાળતા કહી અને બધું ખીચડો કરીને સમન્વય કરવો છે. લેખ આવ્યો છે મોટો ઓલો ઈન્દોરનો, કો'કનો એકનો, કે આ વિદ્યાનંદજી પણ સમન્વયવાદી મળ્યા, દેરાવાસી સાધુ પણ સમન્વયવાળા મળ્યા અને એક સ્થાનકવાસી છે એય સમન્વય (વાળા છે). અત્યારે ભારે જામી છે આમાં. એમ કે ઈન્દોરમાં જૈન ધર્મની ભારે પ્રભાવના થઈ. સમન્વય ... કોનો સમન્વય કરવો? ભાઈ! સમજાય છે કાંઈ?

એને ખંડ ખંડ રાગથી ધર્મ મનાવે અને એક રાગ રહિતથી ધર્મ મનાવે બેને સમન્વય શી રીતે કરવો? બેનો સમન્વય એટલો કે, બેય છે. એમ રામજીભાઈ કહેતા હતા એક ફેરી, નહિ? છે એમ સમન્વય કરો. ઈ પણ છે ને આ પણ છે. સાચું છે એમ નહિ પણ છેને. એઈ..! આહા..હા..! બાપુ! માર્ગ તો એવો છે કોઈ. ભગવાન આત્મા તો જે સ્વરૂપે સર્વજ્ઞે જોયો એ સ્વરૂપે છે, એ સિવાય બીજું એનું સ્વરૂપ જ નથી. અજ્ઞાનીઓ કલ્પનાથી વાતું કરે, બધાને સરખા માનો, બધા ધર્મમાં પણ અંશ અંશ સત્ય તો છે. અરે..! એમ અંશ સત્ય એ તો જ્ઞાની પોતે એમ જાણે છે. એનો અંશ તો સત્ય નથી. એને તો અંશમાં સર્વાંશ એણે માન્યું છે એટલે એનો તો એ અંશ પણ ખોટો છે. સમજાણું કાંઈ? આવું સ્વરૂપ છે ભાઈ! શું થાય? હેં?

મુમુક્ષુ : ....

ઉત્તર : એ બિચારા ઓલા લખનારાને? વડોદરાવાળા આવ્યા હતા, બેઠા હતાને. ચોપડીવાળા. એ બધાય કોનો સમન્વય કરવો? ઝેર અને અમૃતનો સમન્વય? આહા..હા..! જેને, બીજાને સુધારી શકીએ છીએ એ પણ એક ધર્મ છે અને આત્માને સુધારવો એ પણ ધર્મ છે, હવે એને બેને એકઠા કરવા? આહા..! કોને સુધારે? ભાઈ! આહા..! શાકને સુધારે છે નહિ? એટલે શું કે, રંધાય એવું થાય એને સુધાર્યું કહેવાય. આખા રીંગણાને આખા નાખે તો ન રંધાય. કે આખા નાખે એને સુધાર્યું કહેવાય, કટકા નાખે એને સુધાર્યું કહેવાય? કાઢી નાખવા જેવું ઓલું ઘીસોડાની ઉપરની રગ, ઘીસોડાની ઉપરની રગ હોયને? ઘીસોડું કઠણ, એ કાઢી નાખે. ઘીસોડું .... આ કાકડી હોય તો ઉપરનો ભાગ કાઢી નાખે. ઓલું હોયને ડિટડું, ડિટડું કાપી નાખે. એઈ..! આ ભીંડો-ભીંડો હોય છેને. બહુ ઝીણી રગ હોયને,એ કાઠી નાખે ઉપલી બહારની. એ રંધાય એવું હોય તો સુધાર્યું કહેવાયને? એમ જેમાં મોક્ષ થવાને લાયક જીવ હોય એવી દશા પ્રગટે તો એને સુધાર્યું કહેવાય. સમજાણું કાંઈ? આ સુધારા કરો, સુધારો, શું કહેવાય? એ બધા સુધરેલ એમ કહે છેને આ બધા ભણેલાઓને? સુધરેલ. સુધરેલ છે કે કુધરેલ છે? આહા..હા..!

અહીં તો ભગવાન આત્મા આહા..હા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ એને પ્રગટ કરે જણાવે એવું જે જ્ઞાન અને એને બતાવે એવી વાણી એને અહીં સરસ્વતીની મૂર્તિ કીધી છે. જુઓ! આ વાણી સિવાય બીજી વાણી પણ સરસ્વતી નહિ. વીતરાગની વાણી જે આવા સ્વરૂપને બતાવે એ વાણી સરસ્વતી વ્યવહારે કહેવાય. એ સિવાયની બીજાની વાણી પણ વ્યવહારે સરસ્વતી નહિ. કોનો મેળ કરવો આમાં? ભારે વાત ભાઈ. આકરું તો લાગે આ બધાને, ઓલું સરખું છેને, સરખા છેને, સંપ... સંપ... સંપ... સંપ લાગે, શેનો સંપ પણ? સમજાણું કાંઈ?

સંપ તો પોતાની પર્યાયને દ્રવ્ય સાથે જોડી દેવી એ સંપ છે. એ પર્યાયને રાગ સાથે જોડીને ખંડ કરી નાખ્યો છે. એ વીતરાગની વાણી અખંડપણાને જોડી દેવાનું બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગની વાણી તો એમ કહે, પર્યાયબુદ્ધિ તે પરસમય મિથ્યાદૃષ્ટિ. લ્યો! આહા..હા..! પ્રવચનસારમાં આવે છે કે નહિ? એને વાંધો ઉઠ્યો છેને, ઓલા યશોવિજયને. પર્યાયબુદ્ધિ તો વેદાંતી થઈ જશે. પણ સાંભળને! એક દ્રવ્યના અનંત ગુણનો મહા સામાન્ય સ્વભાવ એની એક સમયની પર્યાયની ઉપર બુદ્ધિ રહે તો પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે. એમ જિનવાણી એમ કહે છે, બીજા એમ કહે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આવું સ્વરૂપ વીતરાગ સિવાય કોણ કહે? સમજાણું કાંઈ?

કહે છે, અહો..! વાસ્તવિક ભાવ તો શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન એ તો સરસ્વતી યથાર્થ છે. એનો પ્રકાશ રહો, પ્રકાશરૂપ હો! પણ વાણી ભગવાનની જે છે આવા સ્વરૂપને બતાવનારી એ પણ વિદ્યમાન રહો! આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં સુધી અમે પૂર્ણતાને ન પામીએ ત્યાં સુધી, કહે છે વાણી પણ વિદ્યમાન રહો. શ્રવણમાં તે નિમિત્ત છેને, એમ કહે છે. આહા..હા..!

**'કેવી છે તે મૂર્તિ? 'अनन्तधर्मणः प्रत्यगात्मनः तत्त्वं' જે અનંત ધર્મોવાળો છે...'** કોણ ? આત્મા. ભગવાન આત્મામાં તો અનંત શક્તિ--સ્વભાવ, અપેક્ષિત ધર્મો પડ્યા છે. અનંત ધર્મવાળો એક આત્મા ભગવાન આ આત્મા. **'અને જે પરદ્રવ્યોથી અને પરદ્રવ્યના ગુણપર્યાયોથી ભિન્ન છે.'** આહા..! એ કર્મથી, શરીરથી, દેવ-ગુરુ-શાસ્ત્રથી, સ્ત્રી, કુટુંબ, પરિવારથી, સારા દેશથી. આહા..હા..! અને તે પરદ્રવ્યના ગુણની અવસ્થાઓ એનાથી પણ ભગવાન તો ભિન્ન છે. સમજાણું કાંઈ?

**'તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા...'** પોતામાં થાય છેને જરી. દ્રવ્યના સ્વભાવમાં નથી છતાં પર્યાયના અસ્તિત્વમાં થાય છે. પોતાના વિકારોથી. જોયું? પાછું ઈ પર્યાયનો વિકાર પણ છે એની પર્યાયનો ને? કથંચિત્ ભિન્ન. દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ તો જુદા છે. પર્યાયની અપેક્ષાએ એનામાં છે. આરે..! આવું ઝીણું સોનગઢનું, લ્યો. જય નારાયણ! દયા પાળો,

વ્રત પાળો ને પૂજા કરો ને... આહા..હા..! એ વીતરાગનું કથન એ નથી કહે છે. આવો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પદાર્થ ને જેની શક્તિઓ નામ ગુણ શુદ્ધ (છે), પણ પર્યાયમાં પરદ્રવ્યોથી તો એ ભિન્ન છે અને પરદ્રવ્યની શક્તિ ને પર્યાયો, એની શક્તિથી, એનાથી જુદો છે. એટલે પરદ્રવ્યની શક્તિના સામર્થ્યથી કાંઈ આમાં થાય એમ નથી. કારણ કે, એનાથી તો ભિન્ન છે. શરીર, વાણી, મન કે બધા અનુકૂળ હોય તો જીવમાં પર્યાય ધર્મ થાય એવું તો છે નહિ. કારણ કે, એનાથી તો ભિન્ન છે. જેઠાભાઈ! ન્યાયથી તો એને પકડવું પડશે કે નહિ? જેનાથી ભિન્ન છે એનાથી એમાં લાભ-નુકસાન કેમ થાય? સમજાણું કાંઈ? તો શરીરથી ધર્મ થાય લ્યો! પ્રશ્ન ઉઠ્યો છેને ત્યાં પેલો. ગજબ વાતું છેને! એઈ..! આ પંડિતજી ત્યાં હતા. જીવિત શરીરથી ધર્મની ક્રિયા થાય થાય નહિ. એ પહેલો પ્રશ્ન હતો ખાણિયામાં. જોઈ છે કે નહિ આખી ખાણિયા ચર્ચા? બન્ને? થોડી જોઈ છે? એમ કેમ? બન્ને છે કે નહિ તમારી પાસે? છે? ત્યાં છેને પણ, જયપુર. હેં? જયપુર છે કીધુંને. બેય ઘરે છે તમારા? અચ્છા. ન હોય તો અહીંથી લઈ જાઓ. આહા..હા..!

કહે છે, આ ભગવાનઆત્મા અનંત ધર્મવાળો હોવા છતાં પણ પરથી ભિન્ન છે એટલે પરથી કોઈ એમાં થાય એવો એનામાં ધર્મ નથી. વાત સમજાય છે કાંઈ? આત્મા સિવાય સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ આદિ બધા પદાર્થ, એમાંથી કાંઈ આત્માને કાંઈ થાય (એમ નથી). કેમકે એનાથી તો ભિન્ન છે. સમજાણું કાંઈ? આહા..હા..! તો શરીરની આંખો જાય તો નુકસાન થાય કે નહિ જીવની પર્યાયમાં? હેં?

મુમુક્ષુ :-- વંચાય નહિ કાંઈ.

ઉત્તર :-- વંચાઈ નહિ. અહીં તો ના પાડે છે કે પરદ્રવ્યથી તો ભિન્ન છે. એટલે પરદ્રવ્યની ગમે એવી અવસ્થા હોય તો એને નુકસાનકારક કે લાભદાયક નથી. બરાબર છે? આહા..હા..! અને જે પરદ્રવ્યોથી... આહા..હા..! કેટલી વ્યાખ્યા (સ્પષ્ટ કરી છે)! પૃથક્ છેને? પૃથક્-- ભિન્ન બતાવવો છેને. આહા..! અને પરદ્રવ્યની દશાથી અને શક્તિઓથી. પરદ્રવ્યમાં ગમે એવી શક્તિ હોય, શરીરનું બળ જબ્બર હોય માટે જીવમાં કાંઈક ધર્મ થાય (એમ નથી). શરીરાદ્યં ખલુ ધર્મ સાધનમ્. નથી કહ્યું? પુરુષાર્થસિદ્ધિ-ઉપાયમાં કહ્યું છે. લ્યો! બાપુ! એ તો નિમિત્તનું જ્ઞાન (કરાવ્યું છે). એને લઈને શું (ધર્મ થાય)? અહીં તો ના પાડે છે જુઓને. પરદ્રવ્યોથી અને તેની શક્તિ અને તેની દશાથી, એ શક્તિવાન તત્ત્વો અને તેની શક્તિ અને દશાઓ એનાથી ભગવાન આત્મા તો ભિન્ન છે. હવે ભિન્ન છે એને પરદ્રવ્ય કાંઈક કરે અને એનાથી થાય એ વસ્તુ વીતરાગ વાણીમાં છે નહિ, એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? પરદ્રવ્યથી આત્મામાં કંઈ લાભ-નુકસાન થાય ખરેખર એ વાણી જ જિનની નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

હવે એક ત્રીજી વાત. ઓલો વિકાર એનામાં છેને અંશે, એ શું છે? કે પરદ્રવ્યના નિમિત્તથી (થતો વિકાર છે). એ કર્મના ઉદયનું નિમિત્તપણું, ઉપાદાનપણું પોતાનું એમ સિદ્ધ કરવું છે. પોતાના વિકાર, છે એની દશાના વિકાર. સમજાય છે કાંઈ? રાગ-દ્વેષ, વિષયવાસના આદિ વિકલ્પો એ કથંચિત્ ભિન્ન છે. સર્વથા ભિન્ન હોય તો શુદ્ધ પર્યાય થઈ જાય. સમજાણું કાંઈ? અહીં સાધક છેને એટલે એ રાગ કથંચિત્ ભિન્ન છે. એટલે કે દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ તો જુદી છે અને પર્યાયની અપેક્ષાએ એનામાં અભિન્ન છે. સમજાણું કાંઈ? કીધુંને, પ્રવચનસારમાં કે, રાગનો કર્તા આત્મા છે. એમ કરી શકે એવું નથી પણ રાગનું, સાધક જીવ છે ત્યાં પરિણમન છે. સમજાણું કાંઈ? એમ જ્ઞાની બરાબર જાણે છે. કર્તાનય આવે છેને, આહા..હા..! શૈલી તે શૈલી છેને વીતરાગની! એમાંય દિગંબર સંતો એ વીતરાગ છે, હોં! કેમકે અનુભવ સહિત, ચારિત્ર સહિતથી વાણી નીકળી છે આ. એવી વાણીમાં કહે છે... એ જિનવાણી છે. એ જિનવાણી, આવો જે આત્મા પોતાની શુદ્ધ સત્તાથી અભેદ પણ પરદ્રવ્યોથી તદ્દન ભિન્ન અને પરદ્રવ્યની શક્તિ અને તેની દશાઓ એનાથી ભિન્ન છે. ભગવાન સર્વજ્ઞની પર્યાય કેવળીને હોય પણ એનાથી તો આ આત્મા તો ભિન્ન છે. હેં? જુદો છે. સમજાણું કાંઈ? અને પર્યાયમાં છે એ અપેક્ષાએ અભેદ છે. અંશમાં પડ્યું છે એનામાં છે, સાધક છેને, આહા..હા..! બાધકપણું પણ એની પર્યાયનો ધર્મ એ રીતે છે, એમ કહે છે. આહા..! સમજાણું કાંઈ?

**'એવા આત્માના તત્ત્વને,...'** આવા આત્માના તત્ત્વને. આહા..હા..! સમજાણું કાંઈ? આવા આત્માના જુઓ! ઓલો વિકારી અંશ છે એ પણ એક આત્માનું તત્ત્વ છે એમ કીધું અહીં તો. આવે ને તત્ત્વાર્થસૂત્રમાં? એ પણ જીવતત્ત્વ છેને, પર્યાયમાં રાગાદિ છે, એનામાં છેને, એની સત્તાના અંશમાં છેને. એ પરને લઈને છે કે પરમાં છે એમ નથી. સમજાણું કાંઈ? એવો જે ભગવાન આત્મા, એવું આત્માનું જે તત્ત્વ એટલે કે અનંત ધર્મવાળો અને પરદ્રવ્ય અને પરના શક્તિ, પર્યાયથી ભિન્ન અને પોતાની વિકારી પર્યાયથી કથંચિત્ ભિન્ન. દ્રવ્ય ને ગુણની અપેક્ષાએ તો ભિન્ન છે સ્વભાવથી, પર્યાયની અપેક્ષાએ અંશે છે ત્યાં. આવું જે સત્ત્વ, તત્ત્વ. આહા..હા..! હવે જેણે પર્યાય માની નથી, જેણે વિકારેય માન્યો નથી એની સાથે એને મેળ શી રીતે કરવો? સમજાણું કાંઈ?

**'આત્માના તત્ત્વને, અર્થાત્ અસાધારણ-સજાતીય વિજાતીય દ્રવ્યોથી વિલક્ષણ...'** શું કહ્યું? એવું જે ભગવાન આત્માનું સ્વરૂપ અનંત ધર્મવાળું એમાં એ પર્યાયમાં પણ અંશે રાગ છે એવા ધર્મવાળું, અસાધારણ સજાતીય ને વિજાતીય. પોતાની જાતના આત્માઓ અનંતા બીજા અને વિજાતીય પોતાની જાતથી વિજાત એવા જડો પાંચ પુદ્ગલો આદિ દ્રવ્ય એનાથી વિલક્ષણ છે એટલે કે ભિન્ન છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞની પર્યાયથી ભિન્ન, સમજાણું કાંઈ? અને પરદ્રવ્યની પોતાની જાતિથી ભિન્ન એવું વિલક્ષણ છે. ઓલામાં લક્ષણ છે એવું

આનું લક્ષણ નથી? અહીં તો વિલક્ષણનો અર્થ બીજી જાતનું છે. સમજાણું કાંઈ?

અસાધારણ સજાતીય ભગવાન આત્માઓ એનાથી પણ વિલક્ષણ છે બીજા આત્માઓથી. વિલક્ષણનો અર્થ તદ્દન જુદો છે. આનું લક્ષણ અહીંમાં, એનું લક્ષણ એનામાં, એનું લક્ષણ અહીં આવતું નથી. આરે.. ભારે! આહા..હા..! કહો, સમજાય છે કે નહિ આમાં? ચંદ્રકાંતભાઈ! ટાઢા માણસ છે. બોલે જ નહિ બહુ, શાંત માણસ. એને રુચે છે પાછુ હોં! ૧૮૦૦નો પગાર છે માસિક. આમ દેખે તો જાણે ૨૦૦નો પગાર હશે એવું લાગે. ... છે.

આ વાત, એવો ભગવાન છે કે, જેવો છે એવો લાગે જણાય ત્યારે એને સમ્યગ્જ્ઞાન થાય. આહા..હા..! જેટલી કિંમતવાળું તત્ત્વ છે તેની તેટલી કિંમત કરે તો એને સમ્યગ્જ્ઞાન થાય. સમજાણું કાંઈ? આહા..હા..! સજાતીય એટલે આત્માની જાતવાળા અને વિજાતીય (એટલે) એ બધા પાંચે દ્રવ્ય વિજાતીય પરમાણુ, પુદ્ગલ, શરીર, કર્મ લ્યો! કર્મ એ આત્માથી વિજાત છે. જીવો અને સંસારી જીવો પણ આત્માની જાતના છે બધા, પણ એનાથી તો આનું સ્વરૂપ જ તદ્દન જુદું છે. આ દેહમાં ભગવાન આત્મા જુદો ચૈતન્ય ભગવાન એવા '**નિજસ્વરૂપને,...**' એવું નિજ જે સ્વરૂપ, '**તે મૂર્તિ અવલોકન કરે છે...**' અહીં તો ન્યાં એમ લીધું, '**पश्यन्ती**'. અવલોકન કરે એમાં તો જ્ઞાન આવ્યું. સમજાણું કાંઈ? '**प्रकाशताम्**'માં, પ્રકાશરૂપ હો, સદાય પ્રકાશરૂપ હો એટલું જ કીધું. પ્રકાશ કરે છે વાણી એમ નથી લીધું. પણ પાછા બે ભાગ પાડ્યા. 'પરમઅધ્યાત્મ તરંગિણી'માં તો જિનવાણી જ લીધી છે.

કળશટીકામાં હતું, અનુભવનશીલ છે એમ લીધું છેને. એ વાણી અનુભવનશીલ છે એવું લીધું છે. અનુભવનશીલ શબ્દ છેને? અનુભવનશીલ. અનુભવનશીલ, વાણી અનુભવનશીલ છે. એટલે શું? અનુભવન શીલ હોં! '**पश्यन्ती**' અનુભવનશીલ છે. આ '**पश्यन्ती**' તે મૂર્તિ અવલોકન કરે છે. છે, જુઓ! '**पश्यन्ती**' અનુભવનશીલ છે, અનુભવનશીલ છે. એટલે? વાણી અનુભવનશીલ છે.

મુમુક્ષુ :-- વાણીના ભાવ.

ઉત્તર :-- નહિ, વાણી અનુભવનશીલ છે. (સમયસાર-કલશટીકામાં) એનો અર્થ કે, '**દિવ્યધ્વનિ તો પુદ્ગલાત્મક છે, અચેતન છે, અચેતનને નમસ્કાર નિષિદ્ધ છે.**' '**વાણી સર્વજ્ઞસ્વરૂપ-અનુસારિણી છે,...**' એ અનુભવનશીલ છે. એને અનુસરીને થતી વાણી એ અનુભવનશીલ છે. સમજાણું કાંઈ? '**સર્વજ્ઞસ્વરૂપ-અનુસારિણી છે, એવું માન્યા વિના પણ ચાલે નહિ.**' '**તેને સાંભળતા જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે જાણવું...**' જે પ્રકારે એટલે ઊપજે છે પોતાથી, પણ નિમિત્ત છે. એમ. '**વાણીનું પૂજ્યપણું પણ છે.**' લ્યો! વ્યવહાર સ્થાપ્યો. સમજાણું કાંઈ? વીતરાગની વાણી પૂજવા લાયક છે. આવે છે કે નહિ? બહુમાન આવે, વિકલ્પ આવે એવો વસ્તુનો

સ્વભાવ છે. આહા..હા..! વિભાવ પણ એ પ્રકારનો એક સ્વભાવ છેને. વિભાવ પણ સ્વભાવ છે. વિભાવસ્વભાવસમુત્તમ્ લ્યો! એમ આવે છે. સમજાણું? ક્યાંક આવે છે આમાં. વિભાવ-સ્વભાવ આવે છેને પહેલો શબ્દ. પહેલો અર્થ કર્યો છેને આમાં. હેં? પોતે ટીકાકાર. ... સર્વવિભાવસ્વભાવસમુત્તમ્. સર્વવિભાવસ્વભાવસમુત્તમ્ એ પણ એક એની પર્યાય છેને વિભાવની. એનો સ્વભાવ છે. સર્વવિભાવસ્વભાવસમુત્તમ્. ભગવાન એનાથી મુક્ત છે. એવું સ્વરૂપ છે એનું. ઈ ટીકા છે, પરમઅધ્યાત્મ તરંગિણી, ટીકા. જોઈ છે કોઈ દિ'? નથી જોઈ. સંસ્કૃતના પ્રોફેસરે સંસ્કૃત દીઠું હશે બધું. આ કળશની ટીકા છે, પરમઅધ્યાત્મ તરંગિણી. જુદી, કલશ-ટીકા જુદી છે, આ જુદી છે. કહો, સમજાય છે કાંઈ? એવું આત્માનું તત્ત્વ કીધું જોયું! એ પર્યાય પણ તત્ત્વ કીધું. વિકારી, એ વાળુ આખું કીધુંને આ.

અસાધારણ સજાતીય વિજાતીય. આહા..હા..! **'નિજ સ્વરૂપને, તે મૂર્તિ અવલોકન કરે છે...'** સમ્યગ્જ્ઞાન આવા તત્ત્વને જાણે છે. કેવળજ્ઞાન પણ આવા તત્ત્વને જાણે છે અને વાણી પણ એવા તત્ત્વને બતાવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એમ સર્વજ્ઞ અનુસારિણી વાણીને અનુભવનશીલ કહે છે. એને અનુસરીને થવું એવો એનો સ્વભાવ છે. એમ અનુભવનશીલનો અર્થ એ છે. સર્વજ્ઞસ્વભાવને અનુસરીને થાય છે પોતાથી પણ એવું છે એને અનુસરીને અનુભવ--અનુસરીને ભવન થવું એવો શીલ નામ વાણીનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? **'તે મૂર્તિ અવલોકન કરે છે...'** આહા..! સમ્યગ્જ્ઞાન ભગવાન આવા આત્માને જાણે છે, તે જ્ઞાન સદા પ્રકાશરૂપ રહો! લ્યો! એ માંગળિક કર્યું. સદા પ્રકાશક રહો! આહા..! સમજાણું કાંઈ? ભાવાર્થ. કરે છે અને દેખે છે, એ તો બધું એક જ છે. કરે છે, અવલોકન કરે છે એ તો અવલોકન દેખે છે.

**ભાવાર્થ :--** **'અહીં સરસ્વતીની મૂર્તિને આશીર્વચનરૂપ...'** આશીર્વાદ કહે છેને? વાદ એટલે વચન. આશીર્વાદ દીધો એમ કહે છેને? આશીર્વાદ, આશીર્વાદ. વાદ એટલે વચન આશીર્વચન એમ. **'સરસ્વતીની મૂર્તિને આશીર્વચનરૂપ નમસ્કાર કર્યો છે.'** પ્રકાશરૂપ રહો, કહ્યુંને. હવે એની વ્યાખ્યા થોડી કરશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૯, ગુરુવાર, તા. ૧૧-૧૧-૧૯૭૧
## શ્લોક-૨, પ્રવચન-૫

જીવ-અજીવ અધિકાર શરૂ કરતાં એની ટીકા અમૃતચંદ્રાચાર્યે કરી એનો બીજો શ્લોક થયો. પહેલા શ્લોકમાં આત્માની વ્યાખ્યા કરી. આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ સત્તાવાળું તત્ત્વ, એ પુણ્ય-પાપના રાગ અને વિભાવથી રહિત એવો જે આત્મા એ ઇષ્ટ છે અને એ ઇષ્ટદેવ છે. પહેલા દેવ.. આપણે ... એમાં આવે છેને ભક્તિમાં? પહેલા દેવને કરે, પછી શાસ્ત્રને, પછી ગુરુને. એમ ત્રણમાં આવે છે. ગુરુ તો પોતે અમૃતચંદ્રાચાર્ય (છે) એટલે એ તો પોતે. પણ આ દેવની સ્તુતિ કરી પહેલી. બીજી શાસ્ત્રની, બીજો શ્લોક આ શાસ્ત્રનો છે. પહેલા પણ આવી ગયો છે, દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્જ્ઞાનને બતાવનારી વાણી, બેયને અહીંયાં સરસ્વતી કહી છે. દુનિયા જે સરસ્વતી કહે છે એ નહિ.

ભગવાને કહેલું, સર્વજ્ઞ પરમાત્માએ કહેલું જે શ્રુતજ્ઞાન અને સર્વજ્ઞપણું અને એને અનુસરતી થતી વાણી એ ત્રણેને અહીંયાં સરસ્વતી કહીને નમસ્કાર કર્યો છે. આશીર્વચન કહીને એમ કહે છે. '**प्रकाशताम्**'. આશીર્વાદ આપેને? પ્રકાશરૂપ રહો! એમ આવ્યુંને? જુઓ! '**पश्यन्ती प्रत्यगात्मनः प्रकाशताम्**' મૂર્તિ નિત્ય રહો! આ નિત્ય પ્રકાશ રહો એમ. એ આશીર્વચન છે. આત્માનું સમ્યક્ શ્રુતજ્ઞાન કે જે દ્વારા આખો આત્મા જણાય અને સર્વજ્ઞ જ્ઞાન એ વડે ત્રણકાળ, ત્રણલોક જણાય એવી એક સમયની પર્યાયમાં પોતાનું અને ત્રણલોક બધું જાણે એવી સર્વજ્ઞદશા એને અહીંયાં સરસ્વતી કહેવામાં આવી છે. સમજાણું કાંઈ? અને સર્વજ્ઞ અનુસારિણી.... અનુભવનશીલ. એનો અર્થ એવો કર્યોને કળશકારે. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર અરિહંત, એવા સર્વજ્ઞ જ્ઞાનને નિમિત્તરૂપે અનુસરીને એને યોગ્ય જે વાણી નીકળે અનુસરતી, અનુભવનશીલ--એને અનુસરીને થવું એવો વાણીનો સ્વભાવ છે. એ વાણીને ભગવાનની વાણીને પણ સરસ્વતી કહી છે.

**ભાવાર્થ :--** '**અહીં સરસ્વતીની મૂર્તિને આશીર્વચન...**' આશીર્વાદ--વચન એટલે વાદ, વાદ એટલે વચન. '**આશીર્વચનરૂપ નમસ્કાર કર્યો છે.**' હવે આશી એટલે શું? પૂછી લીધું. આશીવાળાની વાત છે આ? એઈ..! આશીનો અર્થ શું? .... અહીં તો આશી શબ્દ છે. તો આશીમાંથી આશિષ. આશિષ શબ્દ છેને? આશીર્વચન. હેં? સંસ્કૃતના પ્રોફેસર છેને. આશીર્વચન છેને. 'ષ'નો થઈ ગયો 'ર'. એમ. આશીર--આશિષ અને વાદ. આશીર્વાદ એમ

છેને શબ્દ. વાદ એટલે વચન. અહીં કાંઈક મેળ આવવો જોઈએને શબ્દનો સરખો. સમજાણું કાંઈ? સરસ્વતીની મૂર્તિને આશિષવચનરૂપ નમસ્કાર કર્યો એટલે પ્રકાશમાન. એટલે આશિષ થયુંને? પ્રકાશો! સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રકાશો અને સમ્યક્ સર્વજ્ઞ જ્ઞાન પ્રકાશો અને એની ભગવાનની અનુસારિણી વાણી એ પણ એમને એમ પ્રકાશો. જગતના તત્ત્વને સમજાવવામાં પ્રકાશ કરો. એમ જે આશીર્વચનને નમસ્કાર કર્યો છે, ઈ નમસ્કાર કર્યો છે. સમજાણું કાંઈ? એનું બહુમાન કર્યું છે.

**'લૌકિકમાં જે સરસ્વતીની મૂર્તિ પ્રસિદ્ધ છે તે યથાર્થ નથી...'** ...મોર ઉપર સરસ્વતીને બેસાડે છે. એ તો એમ કલ્પના બધી છે. વસ્તુ તો આ છે. ભગવાન તીર્થંકરદેવે જે સર્વજ્ઞ દશા પ્રગટ કરી એ સરસ્વતી. અને સાધકપણું જેણે આત્માના સ્વરૂપનો આશ્રય લઈને સમ્યગ્જ્ઞાન શ્રુતજ્ઞાન પ્રગટ કર્યું એ સરસ્વતી છે. અને એને સમજાવનારી વીતરાગની વાણી એ સરસ્વતી. **'લૌકિકમાં જે સરસ્વતીની મૂર્તિ પ્રસિદ્ધ છે તે યથાર્થ નથી એથી અહીં તેનું યથાર્થ વર્ણન કર્યું છે.'** હવે એનો ખુલાસો કરે છે (કે) યથાર્થ શું કહ્યું?

**'જે સમ્યગ્જ્ઞાન છે તે જ સરસ્વતીની સત્યાર્થ મૂર્તિ છે.'** જે સાચું જ્ઞાન છે તે જ સરસ્વતીની સાચી મૂર્તિ કહેવામાં આવે છે. મૂર્તિ એટલે એનું સ્વરૂપ. સમજાણું કાંઈ? આ સરસ્વતીની મૂર્તિ કરવી ને એ અહીં વાત નથી. સમ્યગ્જ્ઞાન છે તે જ સરસ્વતીનું સાચું સ્વરૂપ છે. મૂર્તિ એટલે સાચું સ્વરૂપ છે. આહા..! **'તેમાં પણ...'** (એટલે) સમ્યગ્જ્ઞાનમાં પણ **'સંપૂર્ણ જ્ઞાન તો કેવળજ્ઞાન છે...'** સંપૂર્ણ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક દેખે અરિહંત પરમાત્મા સર્વજ્ઞથી, **'કે જેમાં સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે.'** કેવળજ્ઞાનમાં બધા પદાર્થો સ્વ સહિત બધું પ્રત્યક્ષ જાણવામાં આવે છે.

**'તે અનંત ધર્મો સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે...'** કોણ? કેવળજ્ઞાન. એ એક એક તત્ત્વોના અનંતા ધર્મો છે. ધર્મો એટલે આ વૈષ્ણવ ધર્મ ને આ સાંખ્ય ધર્મ એની અહીં વાત નથી. ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ. ગુણ અને સ્વભાવ ધર્મ, બેયને અહીં તો ધર્મ તરીકે કહ્યા છે. **'જે અનંત ધર્મો સહિત આત્મતત્ત્વ...'** જેમાં અનંતજ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણો અને નિત્ય-અનિત્ય આદિ ધર્મો, અપેક્ષિત ધર્મો. આલાપપદ્ધતિમાં તો એમ કહ્યું છેને કે, ગુણા--ગુણો જે છે જ્ઞાન, દર્શન આદિ એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ એને સ્વભાવ પણ કહેવામાં આવે છે. ગુણાસ્વભાવા ભવન્તિ. પણ જે નિત્ય ને અનિત્ય આદિ જે એનો ધર્મ છે એ ગુણ ન થઈ શકે, એ અપેક્ષિત ધર્મો છે. સમજાય છે કાંઈ? આ કે દિ' વિચાર્યું છે ત્યાં પથરા આડે? અમથુ દયા પાળો, વ્રત પાળો. શું પાળે? હજી આત્મા કોણ છે એના જ્ઞાન વિના બધી અજ્ઞાન દશા છે એ તો. લ્યો, એમ

કહે છે. આહા..હા..!

અહીં તો પહેલી સામાન્ય વાત કરી હોં! કે, અનંત ધર્મો સહિત આત્મતત્ત્વ એમ કહી છેને, આત્માની વાત. આ આત્મા છે એમાં અનંત ધર્મ છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણો એ પણ અપેક્ષિત એને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષા લગાડીને એ ગુણને પણ ધર્મ, સ્વભાવ કહેવામાં આવે છે. અને આત્મા નિત્ય છે, અનિત્ય છે, એક છે, અનેક છે એ તો અપેક્ષિત ધર્મ સ્વભાવ કહેવામાં આવે છે. એ નિત્ય-અનિત્ય ગુણ નથી કે, ભાઈ! નિત્ય એક ગુણ છે અને વળી એની અનિત્ય પર્યાય છે. અનિત્ય એક ગુણ છે અને એની એક વળી બીજી અનિત્ય પર્યાય છે એમ નથી. આત્મા જ્ઞાન છે તો એ જ્ઞાન છે એ ગુણ છે અને એની પર્યાય પણ છે. પણ આત્મા નિત્ય છે એ ગુણ નથી કે, જેથી એની બીજી અનિત્ય પર્યાય હોય. સમજાણું કાંઈ? ફક્ત છે નિત્ય એ અપેક્ષાએ એને ધર્મ એનો સ્વભાવ કહેવામાં આવે છે. અને સમયે સમયે પલટે છે અનિત્ય, એ અનિત્ય એવો એક ધર્મ અપેક્ષિત ગણવામાં આવ્યો છે.

કહે છે કે, '**અનંત ધર્મો સહિત...**' એવા અનંતા ગુણો અને અનંત સ્વભાવને અપેક્ષાએ ધર્મ કહીને, એ બધા ગુણો એને ધર્મ કહ્યા અને ધર્મ--અપેક્ષિત જે ધર્મો છે એને પણ ધર્મ કહ્યા. સમજાણું કાંઈ? '**અનંત ધર્મો સહિત આત્મતત્ત્વને...**' સર્વજ્ઞ પરમેશ્વર એટલે સર્વજ્ઞનું જ્ઞાન પ્રત્યક્ષ દેખે છે. કહો, આમાં ઓલા કહેને, ધર્મો નથી દેખતા ભાઈ! ઓલા કહેને, ગુણ દેખે, એના નિત્ય આદિનો ધર્મ (ન દેખે). આ સોનગઢ છે ને આ સોનગઢથી આખું ખેતર શિહોર આઘું છે, એવા ધર્મો ન દેખે ભગવાન, એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં તો અપેક્ષિત ધર્મો ને વાસ્તવિક ગુણો એ બધાને ધર્મ કહીને સર્વજ્ઞ પ્રત્યક્ષ દેખે છે. સમજાણું કાંઈ? ન્યાં ક્યાં બેઠા જેઠાભાઈ? અહીં આવો અહીં. .. છે, ઠીક. કહો, સમજાણું કાંઈ? તે એટલે સર્વજ્ઞનું જ્ઞાન કેવળજ્ઞાન અનંત ધર્મો સહિત આત્મતત્ત્વ એમ. આખું દ્રવ્ય, એ અનંતા ગુણો ને અનંતા અપેક્ષિત ધર્મો એ બધાને ધર્મ સહિત પ્રત્યક્ષ દેખે છે, '**તેથી તે સરસ્વતીની મૂર્તિ છે.**' સમજાણું કાંઈ? એ કેવળજ્ઞાન જ સરસ્વતીની મૂર્તિ છે. આહા..હા..!

'**તદનુસાર...**' હવે એ સર્વજ્ઞના જ્ઞાનને અનુસારે, '**જે શ્રુતજ્ઞાન છે...**' ઓલા કહે છેને કે, ભાઈ! સર્વજ્ઞ છે એ અપેક્ષાએ પર્યાય ક્રમબદ્ધ છે, શ્રુતજ્ઞાનની અપેક્ષાએ નહિ. અહીં તો (કહે છે), જુઓ! '**તદનુસાર જે શ્રુતજ્ઞાન...**' એમ કહ્યું છે અહીં તો. ભારે વાંધા. પંડિતો એવા ઊંધી દૃષ્ટિ આહા..! સર્વજ્ઞની અપેક્ષાએ દરેક દ્રવ્યની અવસ્થા જે સમયે થાય તે થાય એવું ક્રમબદ્ધપણું એને લાગુ પડે. શ્રુતજ્ઞાની એની શ્રદ્ધામાં એમ રાખે પણ જ્ઞાનમાં એમ ન માને પાછું. જ્ઞાનમાં તો, હું કરું તો થાય (એમ રાખે). સમજાણું કાંઈ? ઈ શ્રુતજ્ઞાન જ નથી કહે છે. શ્રુતજ્ઞાન તો તદનુસાર. સર્વજ્ઞ પરમેશ્વર જે જ્ઞાનમાં જે ધર્મ જોયા, ગુણ

જોયા તેને અનુસારે શ્રુતજ્ઞાન સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે. '**શ્રુતજ્ઞાન છે તે આત્મતત્ત્વને પરોક્ષ દેખે છે...**' એટલો ફેર. ઓલો પ્રત્યક્ષ દેખે છે, આ પરોક્ષ દેખે છે. કહો, સમજાણું કાંઈ? '**તદનુસાર જે શ્રુતજ્ઞાન છે તે આત્મતત્ત્વને પરોક્ષ દેખે છે તેથી તે પણ...**' એમ સર્વજ્ઞ દશા એ પણ સરસ્વતી અને આ પણ સરસ્વતીની મૂર્તિ. એમ. તે પણ એટલે બે, બીજી વાત થઈ.

'**વળી...**' હવે ત્રીજી (વાત). '**વળી દ્રવ્યશ્રુત વચનરૂપ છે...**' એ તો વાણીરૂપ છે, પુદ્‌ગલની પર્યાયરૂપ છે. ભગવાનની વાણી પણ પુદ્‌ગલની પર્યાય છે, અજીવની પર્યાય છે. સમજાણું કાંઈ? દ્રવ્યશ્રુત એ તો પ્રવચનસારમાં આવે છેને? વાણી છે પુદ્‌ગલાત્મક છે, એને કાઢી નાખો તો એકલું જ્ઞાન જ રહે છે. જ્ઞપ્તિ આવે છેને? પહેલા શરૂઆતમાં આવે છે ચોથી ગાથામાં. ઘણું સ્પષ્ટ કર્યું. કુંદકુંદાચાર્યના ગ્રંથ એમાં ચાર બહાર આવ્યા એમાં તો ઘણું ઘણું સ્પષ્ટ આવ્યું બહાર. ભાઈએ અર્થ કર્યા, એમને હાથ આવ્યા ભાગ્યશાળી એટલે. એઈ..! આવા અર્થો એક એક ટીકાના ચોખ્ખા, ચારેયના. પહેલું સમયસાર બહાર આવ્યું, પછી પ્રવચનસાર, પછી નિયમસાર ને પછી પંચાસ્તિકાય એમ આપણે ચાર એમ આવ્યા કે નહિ? પહેલા એમ થયું કે આ કેમ થયું? પંચાસ્તિકાયનું માંડ માંડ ફોટો નાખવા દીધો પાછળથી. બપોરે યાદ આવ્યું કે આ પંચાસ્તિકાય પાછળથી છપાણું છે. પહેલા ઓલા ત્રણ. સમયસાર, પ્રવચનસાર ને પંચાસ્તિકાય ત્રણે સાથે ન આવ્યા, નિયમસાર આવ્યું ત્રીજું.

કહે છે, એ વાણી છે ઈ. ભગવાનની વાણી પણ પુદ્‌ગલની પર્યાય છે જડની. સમજાય છે? એ '**દ્રવ્યશ્રુત વચનરૂપ છે તે પણ તેની મૂર્તિ છે,...**' નિમિત્તરૂપે છે એટલે વ્યવહારે તેને પણ સરસ્વતીની મૂર્તિ કહેવામાં આવે છે. પણ ભગવાનની વાણી હોવી જોઈએ. કલ્પીત કરેલા શાસ્ત્રો બનાવે ને એને ભગવાનની વાણી કહે એ નહિ. સમજાણું કાંઈ? અહીં તો તદનુસાર શ્રુતજ્ઞાન અને દ્રવ્યશ્રુત તેને બતાવનારું. વાસ્તવિક શ્રુતજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વિષય, વાસ્તવિક સર્વજ્ઞપણું અને એનો વિષય એવી બતાવનારી જે વાણી. સમજાણું કાંઈ ? આહા..!

'**વળી દ્રવ્યશ્રુત વચનરૂપ છે તે પણ તેની મૂર્તિ છે, કારણ કે...**' ઓલામાં કહ્યું હતું કે, એ આત્મતત્ત્વને કેવળી અનુસાર જે શ્રુતજ્ઞાન છે તે આત્મતત્ત્વને પરોક્ષ દેખે છે તેથી તે મૂર્તિ છે. એમ. દેખે છે માટે મૂર્તિ છે. આ '**વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને...**' '**વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને તે બતાવે છે.**' સમજાણું કાંઈ? દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. દેવનું માંગળિક થઈ ગયું માંગળિક. આ શાસ્ત્રનું માંગળિક કર્યું. આ વાણી, વાણી. વાસ્તવિક દિવ્યધ્વનિ અને પરંપરાએ આચાર્યોએ એ અનુસાર રચેલી એ બધી વાણીને પણ દ્રવ્યશ્રુત કહેવામાં આવે છે. દ્રવ્યશ્રુત તો, જે સર્વજ્ઞે જોયો આત્મા એવો જ શ્રુતજ્ઞાની જુએ ને જાણે. ફક્ત પ્રત્યક્ષ અને પરોક્ષનો ભેદ. અને એવું જ એ વાણીમાં આવ્યું હોય એ વાણીને

સરસ્વતીની મૂર્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ...

અહીં તો બીજી વાત છે, આ ભગવાનની વાણી હોય એને, એને અહીં દ્રવ્યશ્રુત કહીએ, એને સરસ્વતી કહેવાય. આ કલ્પનાથી આગમના નામ આપ્યા અને રચ્યા એ દ્રવ્યશ્રુત ન કહેવાય. આકરી વાત છે ભાઈ! પોપટભાઈ! આ એમ કહે છેને. આ ૩૨ ને ૪૫ ભગવાનની વાણી નથી. એઈ ચેતનજી! એટલે એને દ્રવ્યશ્રુત ન કહેવાય, એને-ભગવાનની વાણીને સરસ્વતી કહેવાય એમ કહે છે. ભીખાભાઈ!

મુમુક્ષુ :-- બહુશ્રુત તો કહેવાયને?

ઉત્તર :-- એટલે પછી એને એમ (કહે) આ નથી એમ. ઓલું આકરું લાગે એને જરીક. સમજાણું કાંઈ? આહા..હા..! બાપુ! માર્ગ છે એમ આવેને, સત્ય તો સત્ય હોય એવું બતાવનાર હોય તો વાણીને વાણી કહેવાયને. જેવો પરમ સત્ય પ્રભુ આત્મા છે, એના ગુણો, એના અસંખ્ય પ્રદેશી બધામાં ફેર છે કથનમાં. સમજાણું?

એક આત્મા અસંખ્ય પ્રદેશી અને પ્રદેશે પ્રદેશે અનંતા ગુણો અને પ્રદેશે પ્રદેશે એના અનંત ગુણની અનંતી પર્યાય વ્યાપી છે. આહા..હા..! એવું જે તત્ત્વ એને જે દેખાડે એ વાણીને સરસ્વતીની મૂર્તિ દ્રવ્યશ્રુત ગણીને કહેવામાં આવી છે. આહા..! આવું છે. કહો, સમજાણું કાંઈ? કેમકે એ '**વચનો દ્વારા અનેક ધર્મવાળા...**' જેવો જે આત્મા કહ્યો હતો અનંત ધર્મવાળો એવો જ એ '**અનેક ધર્મવાળા આત્માને તે બતાવે છે.**' સમજાણું કાંઈ? તેથી તે '**આ રીતે સર્વ પદાર્થોના તત્ત્વને જણાવનારી...**' સર્વ તત્ત્વના સ્વરૂપને જણાવનારી, '**જ્ઞાનરૂપ...**' બે--શ્રુતજ્ઞાન અને કેવળી, '**તથા વચનરૂપ અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે;...**' સ્વપણે છે, પરપણે નથી, ગુણ ગુણપણે છે, પર્યાયપણે નથી, પર્યાય પર્યાયપણે છે (દ્રવ્ય-ગુણપણે નથી) એવી જે અનેકાંત... વસ્તુના સ્વરૂપમાં એવું સ્વરૂપ છે એવું વચનરૂપ બતાવે છે. તેથી બેય અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે. એને પણ અહીં પૂજ્ય કહેવામાં આવી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

વાણીમાં ગુણો છે આત્માના માટે વાણી પૂજ્ય છે એમ નથી. વાણીમાં આત્માના ગુણો નથી, ત્યાં તો જડના ગુણ છે. સમજાણું કાંઈ? આ કહે છેને ઓલા કે, ભાઈ! મૂર્તિને નહિ પૂજવું પણ વાણીને પૂજ્ય કરવી. કેમકે વાણીમાં ભગવાનના ભાવો ભર્યા છે એમાં. ભગવાન ભાવ વાણીમાં ક્યાં આવ્યા? વાણી તો વાણીના ભાવવાળી છે. પણ એ ભાવમાં જેવું કહેવું છે એવા એની શક્તિમાં એવો ભાવ છે. જ્ઞાન, દર્શન ને ગુણ એવો ભાવ એમાં ક્યાં હતો. પણ વાણીમાં સ્વ-પર પદાર્થને પોતાને પોતે કોણ છે એમ બતાવે અને જીવનો ધર્મ, દ્રવ્ય શું છે એ બતાવે, એવી વાણીનો સ્વતઃ સ્વભાવ છે. સમજાણું કાંઈ? પણ સર્વજ્ઞને અનુસારે આવી માટે તે વાણીને પૂજ્ય ગણવામાં આવી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

વાણી પૂજ્ય છે વ્યવહારે એમ ભગવાનની પ્રતિમા મૂર્તિ પણ વ્યવહારે પૂજ્ય છે. સમજાણું કાંઈ? આહા..!

'**તેથી સરસ્વતીના નામ** '**વાણી, ભારતી,...**' કહ્યું લ્યો! ભારતી. ભારતી એટલે શું? પ્રકાશ કરનારી? '**શારદા,...**' લ્યો! શારદા તો નામ આપે છે, વાણીને શારદા કહે છેને. અનેકાંતમય મૂર્તિને '**વાગ્દેવી...**' પણ કહેવામાં આવે છે. વાગ્દેવી. આવ્યુંને એમાં? 'જિનાદેશ જાતા...' વાકેશ્વરી, વાકેશ્વરી--વાણીમાં ઈશ્વરી. વાણી ભગવાનની વાણી, વાણીમાં ઈશ્વરી વાણી છે. સમજાણું કાંઈ? વાકેશ્વરી એમ આવ્યું. ઓલા કહે વાઘેશ્વરી. વાઘ ઉપર બેસે ઈ. અહીં તો વાકેશ્વરી, વાઘેશ્વરી નહિ વાકેશ્વરી. જગતના વચનો છે એમાં સર્વજ્ઞની વાણી વાકેશ્વરી ઈશ્વર મૂર્તિ સરસ્વતી છે. હેં?

મુમુક્ષુ :-- વાગેશ્વરી.

ઉત્તર :-- વાગેશ્વરી. વાગેશ્વરી બરાબર છે પણ વાઘેશ્વરી, વાઘ ઉપર બેસે ... માટે વાઘેશ્વરી એમ છે? હેં?

મુમુક્ષુ :-- એ તો વાઘ છે.

ઉત્તર :-- વાઘ છે, વાઘ છે. ઓલા એમ કહેતા, વાગેશ્વરી જુઓ આમાં આવી. 'જિનાદેશજાતા...' એમાં આવે છે. એ વાઘેશ્વરી નથી, વાગેશ્વરી. વાક--'ગ'નો 'ક' થાય. વાગેશ્વરી છે, ભગવાનની ધ્વનિ. આ અક્ષરાત્મક (વાણી છે), એ નિરક્ષરાત્મક. નિરક્ષરાત્મક, આ અક્ષરાત્મક એ બધી વાણી વાગ્દેવી. '**ઈત્યાદિ ઘણાં કહેવામાં આવે છે.**' નામ તો એના.

'**આ સરસ્વતીની મૂર્તિ અનંત ધર્મોને...**' આત્મામાં અનંત ધર્મો છે એને, બીજા દ્રવ્યોમાં પણ. ''**સ્યાત્'પદથી...**' (અર્થાત્) કથંચિત્ અપેક્ષાએ '**એક ધર્મીમાં અવિરોધપણે સાધે છે...**' એક જ આત્મામાં જ્ઞાન પણ છે, દર્શન છે, ચારિત્ર છે, આનંદ છે, નિત્યપણું છે, અનિત્યપણું છે. સમજાણું કાંઈ? સ્યાત્ વાગ્દેવી છેને? સ્યાત્પદથી અનેક ધર્મીમાં, એક ધર્મી, વસ્તુ એક ધર્મી વસ્તુ છે. પદાર્થ જે ભગવાન આત્મા કે પદાર્થ કોઈપણ છે એક વસ્તુ, પણ સ્યાત્પદથી અનંત ધર્મોને એક ધર્મીમાં એકમાં અનંતને અને અનંતમાં એકને એવા '**અવિરોધપણે સાધે છે...**' અનેક આવ્યું હતુંને એમાં? કળશમાં આવ્યું હતું, નહિ? અનેકાંત એટલે શું? કે, દ્રવ્યને સત્તા સ્વરૂપ કહેવું, એને સત્તા ગુણ કહેવો એ અભેદને ભેદ બતાવે એનું નામ અનેકાંત. સમજાણું કાંઈ? એને ધર્મવાળો કહેવો અને એના ધર્મ કહેવા. ધર્મવાળો એ તો દ્રવ્ય થઈ ગયું અને એના ધર્મો એ ગુણ થઈ ગયા. અપેક્ષિત સ્વભાવ. સમજાણું કાંઈ? આવું બધું જાણવું... એને વિરોધતા જેટલી હોય એ ટાળવા માટે આ બધું જાણવું જોઈએને. જેટલા પ્રકારના વિરોધ ગર્યા છે એટલા જ પ્રકારે સાચી સમજણ કરીને એના

વિરોધ ટાળવા જોઈએ. સમજણ ન હોય ને વિરોધ એમને એમ રહે તો એ તો કાંઈ નહિ, આત્માનું કલ્યાણ કરે નહિ.

સ્યાત્‌પદથી એમાં હોય એને હોં! પાછા, એમાં હોય એના ધર્મની વાત છેને. અનંત ધર્મો એમાં છે એને સ્યાત્ (પદથી બતાવે છે). કથંચિત્ જ્ઞાનસ્વરૂપ છે, કથંચિત્ આનંદસ્વરૂપ છે, કથંચિત્ વીર્યસ્વરૂપ છે, કથંચિત્ અસ્તિત્વસ્વરૂપ છે, કથંચિત્ પરમેશ્વરસ્વરૂપ છે. કહો, સમજાણું કાંઈ? પર્યાયમાં પામરસ્વરૂપ સંસારીજીવને છે. સમજાણું કાંઈ? એ પણ એક એનો ધર્મ છે. આહા..હા..! એ એક ધર્મીમાં અનંત ધર્મોને આ સરસ્વતીની મૂર્તિ અવિરોધપણે સાધે છે. વિરોધ ન હોય એટલે અવિરોધપણે નક્કી કરે છે. વાણીમાં પણ એવું છે, જ્ઞાનમાં પણ એવું છે. '**તેથી તે સત્યાર્થ છે.**' જ્ઞાનેય સાચું છે અને વાણી પણ સાચી છે. '**કેટલાક અન્યવાદીઓ સરસ્વતીની મૂર્તિને બીજી રીતે સ્થાપે છે પણ તે પદાર્થને સત્યાર્થ કહેનારી નથી.**' ભગવાનની વાણી અને જ્ઞાનને સ્વરૂપને સર્વજ્ઞ કહે એવી બીજી હોતી નથી. વિરોધ કહે સરસ્વતી ને આમ છે ને તેમ છે ને.

'**કોઈ પ્રશ્ન કરે કે આત્માને અનંત ધર્મવાળો કહ્યો છે તો તેમાં અનંત ધર્મો ક્યા ક્યા છે?**' હવે એનો ખુલાસ કરે છે. '**ઉત્તર :-- વસ્તુમાં સત્પણું,...**' એ ધર્મ તો ગુણ છે. જોયું? સત્પણું--સત્તા. '**વસ્તુપણું,...**' વસ્તુત્વ--વસ્તુપણું. એમ. સત્પણું ગુણ બતાવવો છેને, ધર્મ બતાવવો છેને. '**પ્રમેયપણું,...**' વસ્તુ વસ્તુ તરીકે છે એમાં એનું પ્રમેયપણું ગુણ, સત્‌નું સત્ત્વ, સત્ સત્તાનું સત્ત્વ, પદાર્થ આખો સત્તા છે એના બધા ગુણો એના સત્ત્વ છે. વસ્તુપણું, વસ્તુપણું છે એ પદાર્થમાં વસ્તુ પ્રયોજન સિદ્ધ કરે એવો એનામાં ગુણ છે. આત્મા પોતાના પ્રયોજનને સિદ્ધ કરે એવો એનામાં ગુણ છે. એના પ્રયોજન સિદ્ધ કરવા માટે બીજા પદાર્થની જરૂર નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ દુનિયાના પદાર્થનો અભ્યાસ દુનિયા કરે છે પણ આ ભગવાનનો કહેલો આત્મા શું? પરમાણુ છ દ્રવ્ય શું? એના ધર્મો શું? એની ... ઓલામાં દુનિયામાં ડાહ્યા થઈને ફરે. મોહનભાઈ! હેં? ભાત ભાતની વાતું કરતા હોય ... કેવી કરે વાતું? લાવ્યા હતાને કાલે બતાવવા, બતાવવા વજુભાઈ લાવ્યા હતા. લ્યો. પછી કહે, ... કાઢી નાખવી. સાચી હોયને માથે. એમ. .. જેવી રાખવી. તે દિ' નહોતું બતાવ્યું અંદર? રામજીભાઈએ બતાવ્યું હતું. મેં પણ પાસ કર્યું હતું, એ ઠીક લાગે છે. પછી અહીં બતાવવા લાવ્યા હતા મને. લાગતી હતી એવી પણ જરીક છાંટ હતી કાળી. એની એને બધી ખબર. આવી છાંટ ને આવી... ખબર હોં! કરી શકે નહિ.

'**પ્રમેયપણું,...**' આત્મામાં, કોઈ બીજા જ્ઞાનમાં આવી શકે એવો એનો એ સ્વભાવ છે, એવો એનો ગુણ છે. પ્રમેયપણું--પ્રમાણજ્ઞાનમાં પોતે પણ પોતાના જ્ઞાનમાં પ્રમેય તરીકે

જણાય છે અને બીજાના જ્ઞાનમાં પણ એ પ્રમેય જ્ઞેય આવું છે એમ જણાય એવો એનામાં એક ગુણ છે. આહા..! '**પ્રદેશપણું,...**' અસંખ્ય પ્રદેશી છે. સમજાય છે કાંઈ? એવો એનો એક ગુણ છે. આવે છેને છ ગુણમાં? પ્રદેશત્વ. પ્રદેશત્વ કહો કે પ્રદેશપણું કહો. છ (સામાન્ય) ગુણ આવે છે. અસ્તિત્વ, વસ્તુત્વ આવે છેને? અસ્તિત્વ-પણું. એ બધા સંસ્કૃત જાણે. '**ચેતનપણું,...**' સામાન્ય પદાર્થની વ્યાખ્યા છેને અત્યારે. ચેતનપણું એ જીવનો ગુણ છે. '**અચેતનપણું,...**' એ પાંચ દ્રવ્યનો ગુણ છે. જીવ સિવાય પાંચ દ્રવ્યો છેને? '**મૂર્તિકપણું,...**' એ પુદ્‌ગલનો ગુણ છે. પરમાણુથી માંડી બધાનો મૂર્તિકપણું એનો ગુણ છે. '**અમૂર્તિકપણું...**' આત્માનો અને પુદ્‌ગલ સિવાય ચાર દ્રવ્યનો અમૂર્તિકગુણ છે. '**ઈત્યાદિ (ધર્મ) તો ગુણ છે;...**' લ્યો! ખુલાસો કર્યો. ઓલા ધર્મ લખ્યું છેને માથે એટલે પછી વળી એને પાછું તમે એમ કહો કે, ન્યાં ધર્મ લખ્યું હતું અને અહીં વળી એકલા ગુણ કેમ લખ્યા? સમજાણું? પણ ઈ આવા ધર્મને ગુણ કહેવામાં આવે છે. આ ગુણને પરિણતિ--પર્યાય હોય. સમજાણું કાંઈ? દ્રવ્યનું દ્રવ્યપણું આવા જે ગુણો એની એને પરિણતિની પર્યાય હોય.

'**અને તે ગુણોનું ત્રણે કાળે સમય-સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે-જે અનંત છે.**' જોયું? '**તે ગુણોનું...**' ઓલા નિત્ય ને અનિત્યનું પરિણમન નથી. પણ આ, આ જે ગુણો છે '**તે ગુણોનું ત્રણે કાળે સમય-સમયવર્તી પરિણમન...**' તે તે સમયમાં તે તે પરિણમન. સમય-સમયવર્તી, સમય પૂરતી. એ પર્યાયનો કાળ જ એ સમયનો છે. પરિણમન થવું તે પર્યાય છે. ઓલા નાખે છેને, વ્યંજનપર્યાય આમ ને સ્થૂળ પર્યાય આમ ને. અરે..! એ તો બધી વ્યવહારની વાતો. સમય સમયનું, અનંતા ગુણો જેટલા પરમાણુના ને આત્માના, એ બધાનું સમય સમયનું ત્રણે કાળ ભૂત, વર્તમાન ને ભવિષ્યમાં પરિણમન થવું તે પર્યાય છે. '**જે અનંત છે.**' એ પર્યાય પણ અનંત છે. અનંત ગુણની એક સમયે અનંત અને એક ગુણની ત્રણે કાળ થઈને અનંત. સમજાણું કાંઈ? આહા..!

'**વળી વસ્તુમાં એકપણું,...**' હવે એ ગુણ નથી આ એકપણું, એ ધર્મ છે. એને પાછું પરિણમન હોય એમ નહિ. માટે આમાં ગુણનું પરિણમન પહેલું નાખી અને આને જુદા પાડ્યા. સમજાણું કાંઈ? અજબ-ગજબ છે જુઓ! પહેલાવહેલા, આ વખતે તમે પહેલાવહેલા છો. મંગળાચરણમાં નહોતા,... પણ શરૂઆતમાં ક્યાં આવ્યા છો? કહો, સમજાણું કાંઈ? એકપણું. વસ્તુ તરીકે એકપણું છે એવો પણ એક એનો ધર્મ છે અપેક્ષિત. એકપણું ધર્મ છે એની પાછી એકપણાની પર્યાય છે એમ નહિ. એ તો અપેક્ષિત ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હિંમતભાઈ! આ બધું વાંચ્યું હોય તે બધું ઠેકાણા વિનાનું વાંચ્યું હોય, ઉપરટપકે. લોઢાનું વાંચે સરખુ એવું આ ન વાંચે.

મુમુક્ષુ :-- એમાં ઘડ બેસી જાય.

ઉત્તર :-- એમાં ઘડ બેસી જાય ત્યાં ફટ ફટ. ઓલા કહે છેને, આ ભુપતભાઈ કે, વાંચવા બેસો. અમે તો અમારું ફક્ત વાંચીએ. એ તો અમારામાં વાંચીએ, આ શાસ્ત્ર વાંચવા બેસાડો તો અમને કાંઈ ન આવડે એમાં. એમ કહે છે હોં! પ્રાણભાઈ ગયાને? ગયા. ઈ કહેતા હતા, એક ઓલો ધ્રુવ ધ્રુવ કર્યા કરે. અત્યારે પુરુષાર્થ કરીને બધું કરી શકે. એ પ્રશ્ન અહીંયાં નથી. આત્મા તૈયાર છે, આત્મા તૈયાર કેવળજ્ઞાન પર્યાય પ્રગટ કરવાને પણ લાયકાત છે, ત્યાં એને માટે આ ન સમજી શકે ... એ પ્રશ્ન છે નહિ. આહા..હા..!

એકપણું એ પણ એક એનો ધર્મ છે, ધર્મ એટલે એકપણું રાખ્યું છે એવું ધારી રાખ્યું એ અપેક્ષાએ એકપણું ધર્મ કહ્યો. પણ એ પાછું એકપણું ધર્મ છે એની પાછી સમય સમયની પર્યાય છે એમ નહિ. તેથી ઓલો પહેલો ખુલાસો કરી નાખ્યો કે, ગુણો છે એનું પરિણમન હોય ત્રણે કાળ. પણ આ ધર્મનું પરિણમન હોય એમ હોઈ શકે નહિ. અપેક્ષિત છે નિત્ય, એક, અનેક. કહો, સમજાણું કાંઈ? **'અનેકપણું,...'** એ પણ એક અપેક્ષિત ધર્મ (છે). અનંત ગુણોની અનંત પર્યાયની અપેક્ષાએ અનેકપણું પણ એનો એક ધર્મ છે. પાછો એ એક ધર્મ છે. સમજાય છે કાંઈ? કાંતિભાઈ! આ મંગળાચરણમાં પહેલા આવ્યા તમે. હેં? તમે તો અહીં ઘણા વખતથી પડ્યા છો તો મંગળાચરણ ... આવે છે. બધું યાદ નથી. ઠીક! ... આહા..હા..! ભગવાન આત્મા અથવા દ્રવ્ય કોઈપણ (એમાં) એકપણું પણ છે અને એમાં અનેકપણું પણ છે. વસ્તુની અપેક્ષા એક છે, ગુણ ને પર્યાયના ભેદની અપેક્ષાએ અનેક છે. એ બેય એનો ધર્મ છે. સમજાણું કાંઈ? એકપણે પણ રહેવું અને અનેકપણે પણ રહેવું એવો એનો ધર્મ છે, સ્વભાવ છે, ગુણ નહિ. .... લોજીકથી વાત છે, કાંઈ એમને એમ ઘસડી પસડીને વાત નથી.

**'નિત્યપણું,...'** લ્યો! આત્મા અને પરમાણુનો ધર્મ નિત્ય છે. નિત્ય છે, કાયમ રહેનાર છે, અવિનાશી છે, એક અપેક્ષિત ધર્મ છે. નિત્ય ગુણ છે અને એનું પાછું પરિણમન પણ હોય એમ ન હોય. સમજાણું કાંઈ? આહા..હા..! આ વાત સર્વજ્ઞ સિવાય ... બીજે હોઈ શકે નહિ. વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્મા એના જ્ઞાનમાં જે આવ્યું એવું વાણીમાં આવ્યું. પરીક્ષા કર્યા વિના માને ઈ કંઈ ચીજ સાચી નથી એમ કહે છે. સંપ્રદાયમાં પણ ... સાતમું અધ્યયન આવે છે. ... સંપ્રદાયમાં પહેલેથી કહેતા. મોઢે હતુંને, સૂયગડાંગ. પરીક્ષા કર્યા વિના માન્યું છે એ સાચું હોઈ શકે નહિ. એઈ..! એમાં આવે છે, સૂયગડાંગનું સાતમું અધ્યયન છે. ... પરીક્ષા કર્યા વિના, તુલના કર્યા વિના, અંદર માપમાં ખ્યાલમાં આવ્યા વિના... સમજાણું કાંઈ? જે દીઠુ માને એનાથી કાંઈ મુક્તિ છે નહિ. કસોટી કરીને જોઈને નક્કી કર્યું હોય એનું જ્ઞાન અંદર સાચું હોય. સમજાણું કાંઈ?

**'નિત્યપણું,...'** ભગવાન આત્મા અને પરમાણુ કે છએ દ્રવ્યો વસ્તુ તરીકે નિત્ય છે

એ પણ એક એનો પોતાનો જ ધર્મ છે. નિત્યપણે રહેવું એ પણ એક પોતાનો સ્વભાવ છે. '**અનિત્યપણું,...**' દરેક પદાર્થમાં અનિત્યપણે પરિણમવું તે (એનો સ્વભાવ છે). ... ધર્મ છે પણ નિત્ય ગુણ છે અને એનું પાછું પરિણમન પણ હોય એમ ન હોય. સમજાણું કાંઈ? આહા..!

આ વાત સર્વજ્ઞ સિવાય આ ચીજ ક્યાંય બીજે હોઈ શકે નહિ. વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્મા એના જ્ઞાનમાં જે આવ્યું એવું વાણીમાં આવ્યું. પરીક્ષા કર્યા વિના માને એ કાંઈ ચીજ સાચી નથી એમ કહે છે. સંપ્રદાયમાં પણ એમ તો અમે કહેતા ઘણીવાર, સાતમું અધ્યયન (આવે છે). ... સંપ્રદાયમાં પહેલેથી કહેતા. મોઢે હતુંને, સૂયગડાંગ બધું. પરીક્ષા કર્યા વિના માન્યું છે એ સાચું હોઈ શકે નહિ. એઈ..! એમાં આવે છે, સૂયગડાંગનું સાતમું અધ્યયન છે. ... પરીક્ષા કર્યા વિના, તુલના કર્યા વિના, અંદર માપમાં ખ્યાલમાં આવ્યા વિના... સમજાણું કાંઈ? જે દીઠું એ માને એનાથી કાંઈ મુક્તિ છે નહિ. કસોટી કરીને જોઈને નક્કી કર્યું હોય એનું જ્ઞાન અંદર સાચું હોય એમ કહે છે. સમજાણું કાંઈ?

'**નિત્યપણું,...**' ભગવાન આત્મા અને પરમાણુ કે છએ દ્રવ્યો વસ્તુ તરીકે નિત્ય છે એ પણ એક એનો પોતાનો જ ધર્મ છે. નિત્યપણે રહેવું એ પણ એક પોતાનો જ સ્વભાવ છે. '**અનિત્યપણું,...**' દરેક પદાર્થમાં અનિત્યપણે પરિણમવું, એક સમય સિવાય બે સમય ન રહે એવું અનિત્યપણું પણ એક એનો ધર્મ છે. પણ એ અનિત્યપણાનો ધર્મ પાછો એનો કોઈ ગુણ છે કે નિત્ય એનો ગુણ અને અનિત્ય એની પર્યાય... એઈ..! એમ નથી. નિત્ય ને અનિત્ય બેય અપેક્ષિત ધર્મ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ભેદપણું,...**' આત્મામાં ગુણ અને પર્યાયનું ભેદપણું છે એ પણ એક એનો ધર્મ છે. તદ્દન અભેદ છે એમ છે નહિ. '**અભેદપણું,...**' દરેકનો આધાર એક છે એવું અભેદપણું એ પણ એનો એક ધર્મ છે. ભેદપણું ગુણ અને પર્યાયનું, ગુણ-પર્યાયનું અભેદપણું એ પણ એક એનો ધર્મ છે. ધર્મ એટલે અપેક્ષિત એનો સ્વભાવ છે. એ સ્વભાવને વળી કોઈ પાછી શક્તિ એની એક હોય અને એનું વળી પરિણમન હોય એમ છે નહિ. પંડિતજી! આ વાંચ્યું છે કે નહિ તમે પહેલું? સીધા માણસ છે, પંડિતજી પણ નરમ માણસ છે. હવે સાંભળીએ છીએ. આહા..હા..! કહે છે, કે ભેદપણું અને અભેદપણું. સર્વ સ્વભાવના આધારભૂત એકપણું, સ્વભાવોનું અનેકપણું. એમ સ્વભાવના ગુણોનું અનેકપણું, ભેદપણું એવો પણ ધર્મ અને બધું થઈને એક છે એવો પણ એનો અભેદ ધર્મ છે.

'**શુદ્ધપણું,...**' એ શુદ્ધપણું ત્રિકાળ ગુણ છે એ અહીં નહિ. અહીં તો શુદ્ધ, શુદ્ધપણું પવિત્ર છે એવો એક અપેક્ષિત ધર્મ છે. સમજાણું કાંઈ? અને '**અશુદ્ધપણું...**' પર્યાયમાં અશુદ્ધપણું છે ઈ પર્યાયનું અશુદ્ધપણું એ અશુદ્ધપણું એવો એક ધર્મ છે. વળી અશુદ્ધપણું ધર્મ છે અને

એનો કોઈ ગુણ છે એનું આ અશુદ્ધપણું પર્યાય છે એમ નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! એક એક વાતે કેટલી સ્પષ્ટતા જયચંદ્ર પંડિતે કરી છે આ ખુલાસો, લ્યો. ઓલું '**अनन्तधर्मणस्तत्त्वं**' એનો ખુલાસો કરવો છે. બાપુ! આ તો શાંતિથી પોતાના હિતને માટે વાસ્તવિક તત્ત્વ શું છે એને સમજવાની એને ગરજ હોવી જોઈએ. એમને એમ આ કરો ત્યાગ ને કરો વ્રત ને કરો આ. મરી જઈશ, અનંત વાર એવા કર્યા છે એણે. સમજાણું કાંઈ?

'**આદિ અનેક ધર્મ છે.**' કહો. સ્વપણે છે, પરપણે નથી. એક બીજો છે એનાથી નથી, વળી ત્રીજો છે એનાથી નથી એવા અનંત નાસ્તિપણાનો પણ એનામાં ધર્મ છે. આહા..હા..! એવો મોટો એક એક પદાર્થ. એ અનેક ધર્મ છે. '**તે સામાન્યરૂપ ધર્મો તો વચનગોચર છે...**' જે સામાન્યરૂપે છે નિત્ય, અનિત્ય આદિ તો વચનગમ્ય છે '**પણ બીજા વિશેષરૂપ ધર્મો જેઓ વચનનો વિષય નથી...**' વાણી દ્વારા શું કહીએ? એટલા અંદર અપેક્ષિત ધર્મો છે કે, વાણી દ્વારા એનું કથન કરી શકાય નહિ. આહા..હા..! એક એક પ્રભુ આત્મા ને એક એક પરમાણુ હોં! એવા સામાન્ય ધર્મો તો વચનગોચર છે એટલે વચનથી કહેવાય.

'**પણ બીજા વિશેષરૂપ ધર્મો જેઓ વચનનો વિષય નથી એવા પણ અનંત ધર્મો છે--જે જ્ઞાનગમ્ય છે.**' જ્ઞાનમાં જણાય પણ વાણીમાં આવી શકે નહિ. આહા..હા..! જ્ઞાનગમ્ય છે હોં! એમ કહ્યું. જ્ઞાનથી ગમ્ય પડી શકે પણ વાણી દ્વારા એનું સ્વરૂપ કહી શકાય એવા વિશેષ ધર્મો કેટલાક છે એ કહી શકાય નહિ. એક એક આત્મામાં અનંતા સામાન્ય ધર્મો અને વિશેષ ગુણો છે. સામાન્ય અનંત, વિશેષ અનંત. ગુણો હોં! આવે છેને પરમાત્મપ્રકાશમાં? એક આત્મામાં સામાન્ય અસ્તિત્વ, વસ્તુત્વ આદિ સામાન્ય ગુણો અનંત અને વિશેષ ગુણો એ પણ અનંત. જે જ્ઞાન, દર્શન આદિ આમ આત્મામાં છે એવા બીજામાં નથી એ અપેક્ષાએ વિશેષ. સમજાણું કાંઈ? '**એવા પણ અનંત ધર્મો છે--જે જ્ઞાનગમ્ય છે.**' સામાન્ય વાત પહેલી લીધી.

'**આત્મા પણ વસ્તુ છે...**' પહેલા સામાન્ય પદાર્થની વ્યાખ્યા કરી, છએ દ્રવ્યની. ભગવાન આત્મા પણ એક વસ્તુ છે, વસ્તુ છે. અનંત ગુણો વસેલા એવી વસ્તુ ભગવાન આત્મા છે. એમાં પણ અનંત ગુણો ને અનંત ધર્મો વસેલા છે, ધારી રાખ્યા છે. એવી ચીજ એક આત્મા વસ્તુ છે. ઓલાને તો, આત્માનો અનુભવ? એ વળી બે થઈ ગયા. વેદાંત (કહે) આત્મા અને આત્માનો અનુભવ, એ તો દ્વૈત થઈ ગયું. એમ હોય નહિ. આહા..હા..! અહીં તો એક આત્મામાં સામાન્ય ગુણધર્મો અનંતા, વિશેષ અનંતા. એમ આત્મામાં પણ એવું છે એમ કહે છે. આહા..હા..! ઘણો ફેર. ઓલા કહે કે, વેદાંત જેવું લાગે છે આ બધું. ઘણાને ઓલું નિશ્ચયનું લાગેને અહીંનું. ક્રિયાનું કહે કે વ્રત પાળો ને ભક્તિ કરો ને

પૂજા કરો એ ધર્મ છે એવું અહીં આવે નહિ. ઈ કહે કે, જ્ઞાન કરો ને અનુભવ કરો ને આનંદને વેદો એ ધર્મ. આ તો વેદાંત જેવું લાગે છે. વેદાંતને ને આને કાંઈ ઉગમણે-આથમણે મેળ ખાય એમ નથી. એમાં અનંત આત્મા ને અનંત ગુણો ને અનંત ધર્મો ને અનંતી પર્યાય ગુણની, ક્યાં છે કાંઈ? સમજાણું કાંઈ? ઘણા એમ કહે, અહીંનું નિત્ય સાંભળેને, ઓહો..! આ તો વેદાંત છે. સાંભળવા આવેને વેદાંતવાળા કેટલાક ઓહો..! આ તો અમારું વેદાંત છે. અરે..! વેદાંત એટલે શું પણ? ભાઈ! આથી કંઈ સત્યને કહેતા અસત્ય આવું હોય એમ કહેતા કાંઈ એની નિંદા નથી, એ તો વસ્તુના સ્વરૂપનું જ્ઞાન છે. સમજાય છે કાંઈ? બધા ધર્મમાં સરખું છે, એમ છે?

**'આત્માના અનંત ધર્મોમાં ચેતનપણું અસાધારણ ધર્મ છે,...'** લ્યો! આત્મા પણ વસ્તુ (છે) તેથી તેમાં પણ પોતાના અનંત ધર્મો છે. પોતાના અનંત ગુણો ને અનંત અપેક્ષિત ધર્મો. **'આત્માના અનંત ધર્મોમાં ચેતનપણું અસાધારણ ધર્મ છે,...'** ઓલું અસાધારણ તત્ત્વ કહ્યુંને? આત્મતત્ત્વ એને હવે સિદ્ધ કરે છે જરી. શું કહે છે? આત્મામાં અનંત ધર્મો સ્વભાવ ગુણ અને અપેક્ષિત ધર્મોમાં ચેતનપણું તો અસાધારણ ધર્મ છે. એવું ચેતનપણું બીજામાં નથી. **'બીજાં અચેતન દ્રવ્યોમાં નથી. સજાતીય જીવદ્રવ્યો અનંત છે તેમનામાંય જોકે ચેતનપણું છે તોપણ સૌનું ચેતનપણું નિજ સ્વરૂપે જુદું જુદું કહ્યું છે...'** આ આત્માનું ચેતનપણું, બીજા આત્માનું ચેતનપણું, નિગોદના (જીવનું) ચેતનપણું.. બધાના ચેતનપણા ભિન્ન ભિન્ન છે. સમજાણું કાંઈ? ચેતનપણું, આહા..હા..! જાણવાના સ્વભાવપણું એવો ગુણ દરેક જીવનો ભિન્ન ભિન્ન છે. બધાનું ચેતનપણું એક છે માટે તે એક આત્મા છે એમ નથી.

(સજાતીય જીવદ્રવ્યો અનંત છે તેમનામાંય) **'જો કે ચેતનપણું છે તોપણ સૌનું ચેતનપણું નિજ સ્વરૂપે જુદું જુદું કહ્યું છે કારણ કે દરેક દ્રવ્યને પ્રદેશભેદ હોવાથી...'** લ્યો! આત્માના પ્રદેશો અને બીજા આત્માના પ્રદેશો તદ્દન જુદા છે. એક આત્માના પ્રદેશ અસંખ્ય, એવા બીજા સિદ્ધનાય અસંખ્ય, નિગોદના અસંખ્ય પણ દરેકના જુદા જુદા છે. આહા..હા..! ભારે ભાઈ! **'કોઈનું કોઈમાં ભળતું નથી.'** દરેકનું ક્ષેત્ર, પ્રદેશભેદ જુદા હોવાથી કોઈ દ્રવ્ય, કોઈ દ્રવ્ય સાથે મળતું નથી, ભળતું નથી, સૌ સ્વતંત્ર છે. આત્મા આત્માપણે અહીંયા પ્રદેશભેદથી ભિન્ન, આ પરમાણુ પરમાણુપણે પ્રદેશથી ભિન્ન, ત્યાં રહેલા નિગોદના જીવ પણ પોતાના પ્રદેશથી ભિન્ન છે, આ આત્માથી. કહો, સમજાણું કાંઈ?

**'આ ચેતનપણું...'** ચેતનપણું ગુણ છેને. ચેતન એનું ચેતનપણું, આત્મા એનું ચેતનપણું **'પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે...'** જોયું? અનંત ગુણો, અનંત ધર્મો અને વિકારી પર્યાય બધામાં જ્ઞાન વ્યાપક છે. જ્ઞાનનો અંશ છે કે નહિ ત્યાં? સમજાણું કંઈ? બહુ પણ આ થોડામાં તો કેટલું ભરી દીધું છે! પણ આ તમે વાંચ્યું છે કે નહિ ત્યાં? આ ચેતનપણું

પોતાના અનંત ધર્મો એટલે કે જ્ઞાન, દર્શન આદિ ગુણો અને નિત્ય, અનિત્ય આદિ ધર્મો અને જ્ઞાનગુણની અનંતી પર્યાયો, એવી એવી ચારિત્રગુણની પણ અનંતી પર્યાય એમાં બધામાં જ્ઞાન વ્યાપ્યું છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં રાગ છે ત્યાં પણ જ્ઞાન પર્યાય છે કે નહિ? સમજાય છે કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :-- વ્યાપ્યું છે એટલે જાણે છે?

ઉત્તર :-- છે, છે બધે છે. બધે વ્યાપક એટલે છે. જાણે છે એ જુદી વાત છે. આ તો ચેતન સર્વમાં વ્યાપક છે. છે એમ. જ્ઞાનગુણ દ્રવ્યમાં છે, ગુણમાં છે અને પર્યાયમાં પણ છે. આમ વ્યાપક આમ છે. સમજાણું કાંઈ? ચંદ્રકાંતભાઈ! સમજાય છે આ?

ચેતનપણું, '**આ ચેતનપણું...**' આવું એમ. જે '**પોતાના અનંત ધર્મોમાં...**' જ્ઞાન, દર્શન ગુણો આદિ, દર્શન, ચારિત્ર આદિ અને એની પર્યાયો અને નિત્ય, અનિત્ય આદિ ધર્મો અને વિકારી પર્યાય અને અવિકારી ગુણો એમ ચેતનપણું બધામાં વ્યાપે છે, બધામાં પ્રસરેલું છે. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી તેને આત્માનું તત્ત્વ કહ્યું છે. કોને? ચેતનપણાને. કેમકે જે અનંત ગુણોમાં, અનંત ધર્મોમાં અને એની પર્યાયમાં પણ ઈ ચેતન વ્યાપક છે તેથી તે આત્માનું તત્ત્વ કહ્યું છે. સમજાણું કાંઈ? ઓલા છકાયના જીવ શીખો, એના બોલ શીખો, જાવ થઈ ગયા. ધૂળેય નથી સાંભળને. છકાયમાં એક આત્મા કોણ છે ને એના પરમાણુ એક એક કોણ છે અને એમાં ધર્મ કેટલા ગુણો, કેટલા છે ને એનું ચાર ગુણનું પરિણમન હોય ને ચાર ગુણનું પરિણમન ન હોય અને એ એક એક આત્મા... અહીં આત્માની વાત લીધી છેને અત્યારે?

'**પોતાના અનંત ધર્મોમાં વ્યાપક (પ્રસરેલું) છે તેથી તેને આત્માનું તત્ત્વ કહ્યું છે. તેને આ સરસ્વતીની મૂર્તિ દેખે છે...**' આવા આત્માને સમ્યગ્જ્ઞાન, શ્રુતજ્ઞાનની નિર્મળ પર્યાય એ આવા આત્માને દેખે છે. આહા..હા..! જુઓ તો ખુબી! એ અનંતા ગુણો, અનંતા ધર્મોને દેખે છે, એમ નિર્મળ પર્યાય.. અને નિર્મળ પર્યાય પણ છેને અસ્તિત્વગુણ આદિની, અને વિકારી પર્યાય, એ બધાને શ્રુતજ્ઞાન દેખે છે. સમજાણું કાંઈ? પાછું ઘરે વાંચવું જોઈએ આ પાછું. અહીં ને અહીં સાંભળીને એકલું... '**મૂર્તિ દેખે છે અને દેખાડે છે.**' વાણી. સમજાણું કાંઈ?

'**એ રીતે એનાથી સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે...**' આવો આત્મા છે, આવા ધર્મ છે આવા ગુણો એને સમ્યગ્જ્ઞાનથી દેખે, સર્વજ્ઞથી દેખે, વાણી પણ એને દેખાડે. આહા..હા..! એ રીતે સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે. જુઓ! અહીં તો બધા આત્માનું કલ્યાણ થાય એની વાત છે. સમજાણું કાંઈ? સર્વ આત્માઓનું કલ્યાણ થાય છે માટે, ''**સદા પ્રકાશરૂપ રહો**' આવ્યું હતુંને, '**પ્રकाशताम्**'. '**એવું આશીર્વાદરૂપ વચન તેને કહ્યું છે.**' શરૂઆત

કરી હતી, પહેલી શરૂઆત કરી હતીને કે, 'સરસ્વતીની મૂર્તિને આશીર્વચનરૂપ નમસ્કાર કર્યો છે.' એનો આ સરવાળો કર્યો. આહા..હા..! એવું આશીર્વાદ જોયું? ઓલું આશીર્વચન કીધું ત્યાં, અહીં આશીર્વાદ કીધું. વાદ કહો કે વચન કહો. 'ર'નો ... થઈ ગયો, ભાઈ કહે છે. આપણને ઈ આવડે નહિ. આશીર્વાદરૂપ તેને કહ્યું છે, આશીર્વચન કહ્યું. લ્યો! એ રીતે પણ એનું મંગળાચરણ થયું. હવે ત્રીજો શ્લોક છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૩

હવે (ત્રીજા શ્લોકમાં) ટીકાકાર આ ગ્રંથનું વ્યાખ્યાન કરવાના ફળને ચાહતાં પ્રતિજ્ઞા કરે છે :-

(मालिनी)

परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा-
दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-
र्भवतु समयसारव्याख्ययैवानुभूतेः।।३।।

શ્લોકાર્થ :- શ્રીમાન્ અમૃતચંદ્ર આચાર્ય કહે છે કે :- [समयसारव्याख्या एव] આ સમયસાર(શુદ્ધાત્મા તથા ગ્રંથ)ની વ્યાખ્યા(કથની તથા ટીકા)થી જ [मम अनुभूतेः] મારી અનુભૂતિની અર્થાત્ અનુભવનરૂપ પરિણતિની [परमविशुद्धिः] પરમ વિશુદ્ધિ (સમસ્ત રાગાદિ વિભાવપરિણતિ રહિત ઉત્કૃષ્ટ નિર્મળતા)[भवतु] થાઓ. કેવી છે તે પરિણતિ? [परपरिणतिहेतोः मोहनाम्नः अनुभावात्] પરપરિણતિનું કારણ જે મોહ નામનું કર્મ તેના અનુભાવ (-ઉદયરૂપ વિપાક)ને લીધે [अविरतम् अनुभाव्य-व्याप्ति-कल्माषितायाः] જે અનુભાવ્ય (રાગાદિ પરિણામો)ની વ્યાપ્તિ છે તેનાથી નિરંતર કલ્માષિત (મેલી) છે. અને હું કેવો છું? [शुद्धचिन्मात्रमूर्तेः] દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધ ચૈતન્યમાત્ર

મૂર્તિ છું.

ભાવાર્થ :- આચાર્ય કહે છે કે શુદ્ધદ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ તો હું શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું. પરંતુ મારી પરિણતિ મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને મેલી છે- રાગાદિસ્વરૂપ થઈ રહી છે. તેથી શુદ્ધ આત્માની કથનીરૂપ જે આ સમયસાર ગ્રંથ છે તેની ટીકા કરવાનું ફળ એ ચાહું છું કે મારી પરિણતિ રાગાદિ રહિત થઈ શુદ્ધ થાઓ, મારા શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાઓ. બીજું કાંઈ પણ-ખ્યાતિ, લાભ, પૂજાદિક-ચાહતો નથી. આ પ્રકારે આચાર્યે ટીકા કરવાની પ્રતિજ્ઞાગર્ભિત એના ફળની પ્રાર્થના કરી. ૩.

---

## કારતક વદ-૧૦, શુક્રવાર, તા. ૧૨-૧૧-૧૯૭૧
## શ્લોક-૩, પ્રવચન-૬

ત્રીજો શ્લોક, સમયસાર. કળશ-૩. 'હવે (ત્રીજા શ્લોકમાં) ટીકાકાર...' અમૃતચંદ્રાચાર્યદેવ '**આ ગ્રંથનું વ્યાખ્યાન કરવાના ફળને ચાહતા પ્રતિજ્ઞા કરે છે** :--' આનો જે ઉપદેશ કરું, વ્યાખ્યાન કરું ટીકા, એના ફળમાં અમને તો શુદ્ધિ પ્રાપ્ત હો. છે તો વિકલ્પ રાગ (છે). ટીકા કરવાનો તો વિકલ્પ છે. પણ મારે રાગ સાથે શું કામ છે? એમ કહે છે. અમારે તો આત્મા શુદ્ધ છે એના દૃષ્ટિનું લક્ષ ઘુંટણ થાય છે એમાં ટીકા બને છે. એ ટીકાકાળમાં મારી પરિણતિમાં અશુદ્ધતા છે એ ટળી જાઓ, એમ કહે છે. કેટલાક તો આમાંથી કાઢે છેને જુઓ! શાસ્ત્ર બનાવવામાં પણ નિર્જરા થાય છે એમ કાઢે છે. છેને? ઈ શાસ્ત્ર બનાવવામાં તો બને છે તો જડથી પર્યાય, પણ એનો વિકલ્પ છે એ તો પુણ્યબંધનું કારણ છે. પણ તે કાળે વસ્તુના સ્વભાવની અભેદતાનું જે ઘોલન છે એ ઘોલનમાં જોર વધતું જાય છે એનાથી અશુદ્ધતાનો નાશ થાય છે. વાત આમ છે. પાઠ તો આ લેશે દેખો! '**વ્યાખ્યાન કરવાના ફળને ચાહતા...**' અમને શુદ્ધિ થાવ વ્યાખ્યાન કરતાં એમ કહે છે લ્યો. આહા..! શ્લોક.

परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा-
दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-
र्भवतु समयसारव्याख्ययैवानुभूतेः।।३।।

'**समयसारव्याख्या एव**' '**આ સમયસાર (શુદ્ધાત્મા તથા ગ્રંથ)...**' બેય અર્થ લેવા.

**'એની વ્યાખ્યા (કથની તથા ટીકા)થી જ...'** 'एव' છે ને? 'एव'. **'ટીકાથી જ...'** લ્યો. **'मम अनुभूतेः' 'મારી અનુભૂતિની...'** પાછું આગળ કહેશે કે હું તો આવો છું. પણ મારી પરિણતિમાં એ પણ મારી પરિણતિ છે એમ કે. સમજાય છે કાંઈ? વસ્તુએ તો હું શુદ્ધ ચૈતન્યમાત્ર છું. અભેદ ચિદાનંદમાત્ર હું આત્મા છું પણ મારી પર્યાયમાં અશુદ્ધતા છે. એ **'મારી અનુભૂતિની...'** એમ શબ્દ છેને? **'मम अनुभूतेः' 'અનુભવનરૂપ પરિણતિની...'** આનંદની પરિણતિ જે છે અનુભૂતિ, એમાં જે કાંઈક મલિનતા થોડી છે, કહે છે. સમજાણું કાંઈ?

**'મારી અનુભૂતિની અર્થાત્ અનુભવનરૂપ પરિણતિની પરમ વિશુદ્ધિ...'** હો. શુદ્ધિ તો છે. આત્માના અનુભવની, આનંદની શુદ્ધિ તો છે, પરમ શુદ્ધિ નથી એટલું પણ જણાવ્યું. સમજાણું કાંઈ? આત્મામાં ત્રિકાળી સ્વભાવ એને આશ્રયે જે અનુભવ છે એટલી તો શુદ્ધિ છે અને ત્રિકાળ દ્રવ્ય છું, એ પણ હું તો ત્રિકાળ શુદ્ધ જ છું. હવે પરિણતિમાં--અવસ્થામાં કંઈ પણ જે અશુદ્ધતાનો ભાગ છે. અહીં તો પરમ વિશુદ્ધિ, પરમ શુદ્ધિ હો. એનો અર્થ કે, અશુદ્ધતા છે. પરમ વિશુદ્ધિ નથી. એમ જ્ઞાનમાં ખ્યાલ છે કે, હું ત્રિકાળ શુદ્ધ છું, પરમાત્મા છું એમ હોવા છતાં મારી પર્યાયમાં સંવર, નિર્જરા ને આનંદની દશા તો છે પણ મને આનંદની પૂર્ણ શુદ્ધિ થાય એમ અહીંયા ટીકાના ફળ તરીકે માંગણી છે. સમજાણું કાંઈ?

ઈ કહેતા હતા અમારે, ત્યાં (સંવત) ૧૯૯૫માં ગયાને, જુનાગઢ. ત્યાં ઓલા નેમચંદભાઈ હતાને ડૉકટરના ભાઈ વીરચંદભાઈ શ્વેતાંબર. મેં કીધું, ભગવાનની પ્રતિમા છે એની ભક્તિનો ભાવ તો રાગ છે, શુભ રાગ. ૯૫ની વાત છે. ત્યારે ઈ કહે, અમારે એની સાથે શું કામ છે? અમારે તો એ ભગવાનની ભક્તિથી નિર્મળતા જ જોવે છે અમારે. કહો! અહીં આવ્યું છે કે નહિ કોઈ? ઈ કઈ અપેક્ષા છે? મોટી ચર્ચા થઈ હતી. ૧૯૯૫માં ત્યાં પહેલા ગયાને જાત્રાએ, ત્યારે ઈ હતા. ઈ મુખ્ય માણસ, પૂજા-બુજા કરે. નેમચંદભાઈ હતા. મેં કીધું, ભગવાનની પૂજા, ભક્તિ છે પણ એ ભાવ તો શુભભાવ છે. (તો ઈ કહે), પણ અમારે શુભભાવ અમારે ક્યાં જોવે છે, અમારે તો વીતરાગતા જોવે છે. અમારે તો ભક્તિમાંથી વીતરાગતા જોવે છે. લ્યો એમ કહે છે. ત્યારે આ પણ એમ કહે છેને. બેમાં ફેર છે? બેના ભાવમાં ફેર છે. એને તો ત્યાં રાગ ઉપર દૃષ્ટિ છે અને એમાંથી વીતરાગતા કાઢવી છે. સમજાણું કાંઈ? એમ કહેતા હતા, જોરથી કહેતા હતા. મેં કહ્યું, ભગવાનની પૂજા, ભક્તિ એ કંઈ સંવર-નિર્જરા નથી. ભક્તિનો ભાવ છે એ તો શુભ પ્રશસ્ત રાગ છે. ત્યારે કહે, અમારે રાગ-બાગ જોઈતો નથી, અમારે તો ભક્તિમાંથી વીતરાગતા કાઢવી છે. પણ ક્યાંથી કાઢશો? રાગમાંથી વીતરાગતા ક્યાંથી આવશે? એઈ..!

અહીં તો કહે છે, આ ટીકાથી જ. એમ છેને? 'एव' છેને? 'समयसारव्याख्या एव'.

ફેર છે. અહીંયાં મારી દૃષ્ટિ તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ ઉપર જ છે, એમ છે. અને ત્યાં તો એની રાગ ઉપર દૃષ્ટિ છે અને એમાંથી વીતરાગતા અમારે જોઈએ, અમારે ક્યાં રાગ જોઈએ છે? એમ કહે છે. હેં?

મુમુક્ષુ :-- રાગ ઉપર દૃષ્ટિ છે.

ઉત્તર :-- ન્યાં તો ન્યાં જ છે. આ તો આત્મા ક્યાં છે, ભાનેય ક્યાં છે ન્યાં. અમારે તો બસ, આ વતીરાગની ભક્તિ કરીએ, પૂજા કરીએ, ધર્મ થઈ જશે. અમારે વીતરાગ થઈ જશે, અમારે તો કેવળજ્ઞાન જોઈએ છે, અમારે બીજું કાંઈ જોતું નથી. પણ જોતું નથી, ઈ તું રાગ-ભાગ છે એમાંથી વીતરાગતા ક્યાંથી આવતો હતો? સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! અરે.. ભારે!

અહીં આચાર્ય પોતે કહે છે એને માનવું. આચાર્ય કહે છે કે, અમારે તો સમયસાર આત્મા શુદ્ધાત્મા એની ટીકા કરીએ છીએ, એનું સ્પષ્ટીકરણ. અને ગ્રંથની ટીકા. એવી '**समयसारव्याख्या एव**'. છેને શબ્દ? '**समयसारव्याख्या एव**' એટલે એનાથી જ. '**मम अनुभूतेः परमविशुद्धि भवतु**'. પણ એનો અર્થ એ કે, મારું વલણ એ કાળે પણ વિકલ્પના સ્વામીપણે નથી, વિકલ્પ તે મારો નથી અને મારી દૃષ્ટિ તો શુદ્ધ ચૈતન્ય ઉપર છે. સમજાણું કાંઈ? અને એ મારા સ્વભાવનો હું સ્વામી છું અને એ સ્વામીની ભૂમિકામાં આ થાય છે તો મારી શુદ્ધિ વધી જશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- અલ્પ રાગ છે એ પણ છૂટી જાય.

ઉત્તર :-- છૂટી જાય. કારણકે મારું વલણ ક્યાં છે? હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું. વસ્તુ તો આ છું. મારી દૃષ્ટિ અભેદમાં જોર છે મારું, આના ઉપર જોર મારું નથી. એટલે કહે છે કે, એવા અભેદના જોરના કાળમાં ભલે આ વિકલ્પની ક્રિયા થાઓ, પણ એ અભેદ તરફ મારું વલણ છે તો શુદ્ધિ વધી જાઓ અને અશુદ્ધતા ટળી જાઓ એમ કહે છે. ભારે વાત. સમજાણું કાંઈ?

આ દાખલો આપે છે ઘણા પંડિતો, દિગંબર પંડિતો. આ રતનચંદજી ને એના પછીના. જુઓ, અહીંયાં '**समयसारव्याख्या एव मम अनुभूतेः परमविशुद्धि भवतु**' (એમ લખ્યું છે). અમૃતચંદ્રાચાર્ય સમયસારના ટીકાકાર, જે આવી ટીકા અત્યારે ભરતક્ષેત્રમાં બીજી છે નહિ, બીજા સાથે મેળ ખાય નહિ એવી ટીકા છે. એકલા અમૃતરસ રેડ્યાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ટીકાકાર એમ કહે છે કે, અમને તો આની વ્યાખ્યા (કરતાં), ગ્રંથની ટીકા કરતાં અમારી પરમ વિશુદ્ધિ હો એનો અર્થ કે, અમારી પર્યાયમાં જરી અશુદ્ધતા છે એ ટળી જાવ. એનો અર્થ ઈ કે, અમે જ્યાં જોરમાં છીએ ત્યાં અમારું પોતાપણું છે. એના આ કાળમાં અમારી શુદ્ધિ વધી જાવ. એ તરફના ઢળણમાં, વલણમાં છે ઈ. સમજાણું કાંઈ?

આ તો ખેંચી-તાણીને અર્થ કરવો પડે લ્યો! એમ કહે છે લોકો વળી. એઈ..! પાઠ તો આવો છે. પણ ભાઈ! કઈ અપેક્ષા છે એમ એને જાણવું જોઈએ ને. એક બાજુ કહે કે, વાણીના અમે કર્તા નથી, એ વિકલ્પ અમારો છે નહિ, અમે જ્યાં છીએ ત્યાં તો શુદ્ધતા ને પરિપૂર્ણતા આનંદ છે. ત્યાં અમે છીએ. સમજાણું કાંઈ? આહા..હા..! એથી એને પોતાના સ્વભાવનું ઘોલન આ કરતાં કરતાં વધી જાઓ વિશેષ અને અશુદ્ધિ ટળી જાઓ. એ અશુદ્ધિ ટળી જાઓ પહેલું ન કહેતા **'मम अनुभूतेः परमविशुद्धि भवतु'** (કહ્યું). '**(સમસ્ત રાગાદિ વિભાવપરિણતિ રહિત ઉત્કૃષ્ટ નિર્મળતા) થાઓ.** '

હવે સમજાવે છે કે, પણ છે કેવી ત્યારે અનુભૂતિ? થાઓ નિર્મળ એમ પાછું, અશુદ્ધતા ટળી જાઓ એમ નથી. સમજાણું કાંઈ? આત્મા પરમ પદાર્થ પરમાત્મા એનો અમને આશ્રય વર્તે છે, એના તરફનું અમારું વલણ જોરદાર છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આ ટીકાના કાળમાં જ એ જોરદાર વલણને કારણે પરમ વિશુદ્ધિ હો. પરમ વિશુદ્ધિ એનો અર્થ કે, શુદ્ધિ છે ખરી, પરમ વિશુદ્ધિ નથી એટલે પરમે શુદ્ધિ થાઓ. અલ્પ કાળમાં પરમ વિશુદ્ધિ થાઓ. '**(સમસ્ત રાગાદિ વિભાવપરિણતિ રહિત ઉત્કૃષ્ટ પરમ નિર્મળતા)...**' વિશુદ્ધ એટલે પરમ નિર્મળતા એટલે ઉત્કૃષ્ટ નિર્મળતા. '**भवतु**' એટલે થાઓ. લ્યો! વળી પર્યાયમાં આમ થાઓ. એઈ..! હીરાલાલજી!

સવારે તો આવ્યું હતું કે, અંતર ને બહિરઆત્મા બે ભાગ પાડે એમાં વિકલ્પ એવો કરે, વિકલ્પ કરે એ ઉપર જોર હતું હોં ત્યાં. સમજાણું? વિકલ્પ કરે એમ છેને ત્યાં. પર્યાયમાં રહી અને આ બહિરઆત્મા અને અંતરઆત્મા એવો જે વિકલ્પ કરે છે એમ લેવું છે. તે બહિરઆત્મા છે. સમજાણું કાંઈ? અહીં એ વિકલ્પ કરવા જેવો છે કે પરિણતિ મારી છે એમ દૃષ્ટિમાં નથી, જ્ઞાનમાં છે. સમજાણું કાંઈ? જ્ઞાન તો જાણે છે. ત્રિકાળી જ્ઞાયકભાવને જાણે છે અને જરી અશુદ્ધ છે, શુદ્ધિ છે પણ પૂર્ણ શુદ્ધિ નથી ઈ જાણે છે જ્ઞાન. તો તે મારા સ્વભાવના જોરના કાળમાં આ ટીકા થાય છે, તો શુદ્ધિ વધી જાઓ. કહો, સમજાણું આમાં? વાદ-વિવાદ કરે તો કાંઈ પાર (પડે નહિ). દિગંબર પંડિતોય આ નાખે છે. અને જયધવલનો દાખલો આપે. આ સજ્ઝાય કરતાં અસંખ્યગુણી નિર્જરા થાય. લ્યો! ત્યાં એમ આવે છે. શાસ્ત્રની સ્વાધ્યાય કરતા અસંખ્યગુણી નિર્જરા થાય એવું આવે છે. તમે કહો છો કે સ્વાધ્યાય કરવી એ વિકલ્પ છે. એઈ..! આહા..! એનો અર્થ ઈ કે, શાસ્ત્રના સ્વાધ્યાયમાં છે તો પર તરફનો વિકલ્પ, પણ અંદર શુદ્ધતા ઉપરનું જોર છે ત્યાં લક્ષ ઘોળાયા કરે છે એથી એને એ કાળમાં નિર્જરા થાય એમ કહે છે. કહો.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- એમાં નથી લખ્યું, ઈ હાટું તો કહીએ છીએ. આમાં એમ નથી લખ્યું કે,

આ અમારી શુદ્ધિથી થાશે, આનાથી થાશે એમ લખ્યું છે. ચીમનભાઈ! આપણે જે હોય ઈ તો (આપણે કહેવું જોઈએને). ન્યાં એમ લખ્યું નથી, અહીં એમ લખ્યું નથી. અહીં તો આ ચોખ્ખું (લખ્યું છે), **'समयसारव्याख्या एव'**. એઈ પંડિતજી! **'एव'** એટલે 'જ', એનાથી. ટીકા કરવાથી મારી પરમ શુદ્ધિ થાઓ, કરો અર્થ લ્યો એનો. એ.. ચેતનજી!

મુમુક્ષુ :-- વિશુદ્ધ પર્યાય છેને એ તો.

ઉત્તર :-- વિશુદ્ધ પર્યાય છે પણ આ શુદ્ધિથી થાઓ.

મુમુક્ષુ :-- એનો આરોપ...

ઉત્તર :-- એ તો આરોપ નહિ, એ કાળે મારું અહીં જોર છે એનાથી થાઓ એમ એનો અર્થ છે. સમજાણું કાંઈ? શું થાય? એવો ભગવાનનો માર્ગ અનેકાંત જે રીતે છે એમ એને જાણવું જોઈએ. શુદ્ધિમાં અશુદ્ધિ નથી પણ અશુદ્ધિ થોડી છે. દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે અને પર્યાયમાં કેટલીક શુદ્ધિ છે. હવે મારું ઘુંટણ એ કાળમાં આમાં જ વર્તે છે. વિકલ્પ હોય તોય સ્વામી નથી, એના તરફનું વર્તન નથી. એમાં હું વર્તી રહ્યો છું એવુંય નથી દૃષ્ટિએ તો. પણ જરી પરિણતિમાં કર્તત્વ પરિણમે છે રાગનું, તો હું તો પરમ શુદ્ધિ જ માંગુ છું બસ. આ રીતે હોં શુદ્ધિ. એવું છે આ. સમજાણું કાંઈ? એમાં ન્યાં એમ કહે કે શાસ્ત્રના સ્વાધ્યાય અને સ્વાધ્યાય તે તપ છે. આવે છે કે નહિ? અહીં આપણે આવશે ઈ, નિયમસારમાં. વાંચવું, પૂછવું એ તો બધો સ્વાધ્યાય છે. એ આવશે, આવશે એમાં. પછી આવે છે. એ તો બધો સ્વાધ્યાય છે. સ્વાધ્યાયનો અર્થ એ તો બધો વિકલ્પ છે એમ કહે છે. એઈ..! છે કે નહિ? આપણે ચાલે છે ઈ ૧૫૧ થઈ ગઈને? એ ૧૫૨ પછી ૧૫૩માં આવશે, ૫૩, ૧૫૩.

**'वयणमयं पडिकमणं वयमणयं पच्चखाण णियमं च। आलोयण वयणमयं तं सव्वं जाण सज्झायं।।१५३।।'** લ્યો, ક્યાંનું ક્યાં આવ્યું પાછું. જુઓ! **'वयणमयं पडिकमणं'** વચનમય એટલે વચનથી આમ બોલે છે એમાં વિકલ્પ છે. **'वयणमयं पच्चखाण'** વ્યવહાર. **'वयणमयं णियमं आलोयण'** એ બધું **'वयण'** વચનમય છે. વચનમય તો જડ છે પણ એમાં વિકલ્પ છે એમ કહે છે. **'तं सव्वं जाण सज्झायं'** લ્યો! તે બધાને સજ્ઝાય જાણો. **'तं सव्वं जाण सज्झायं'** પાઠ છે અહીં લ્યો! **'તે બધું પૌદ્‌ગલિક વચનમય હોવાથી સ્વાધ્યાય છે...'** લ્યો, ટીકામાં લીધું. અને એ સ્વાધ્યાય એટલે તપ છે એમ પણ શાસ્ત્રમાં પાછું આવે છે. કઈ અપેક્ષાએ વાત છે? સમજાણું કાંઈ?

એક બાજુ એમ કહેવું કે, શાસ્ત્રમાં ફરતી બુદ્ધિ વ્યભિચારિણી છે. જેઠાભાઈ! આવે છે, પદ્મનંદી પંચવિંશતિમાં આવે છે, મોક્ષમાર્ગ પ્રકાશકમાં નાખ્યું છે. ભાઈ! બુદ્ધિ તો પોતાની છે. અંદરમાં રહેવી જોઈએ. એને ઠેકાણે શાસ્ત્રમાં ભમે એ તો વ્યભિચારિણી બુદ્ધિ છે.

આહા..હા..! રાગ છે. એઈ..! ... આહા..હા..! કેવી ગજબ શૈલી છે! કહે છે કે, એ તો બધું વચનમય, પણ છે તો વિકલ્પ અને છે તો વ્યભિચાર. પોતાના સ્વભાવમાં ન રહેતા બહારમાં ભમે વૃત્તિ એ છે તો વ્યભિચારી શુભરાગ પણ. અહીં કહે છે કે, એ ટીકાના કાળમાં મને શુદ્ધિ થઈ જાઓ. ટીકાના કાળમાં નથી લખ્યું, ટીકાથી થઈ જાઓ એમ લખ્યું છે અહીં તો. શું થાય? બાપા! જેમ જેની મર્યાદા હોય એમ એને જાણવું જોઈએને. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :-- શબ્દના અર્થથી પાર ન પડે.

ઉત્તર :-- પાર ન પડે. હેં?

મુમુક્ષુ :-- ગાથાએ ગાથાએ ફૂટનોટ લખવાની હોવી જોઈએ.

ઉત્તર :-- ક્યાં ફૂટનોટ કોણ લખે? તે દિ' ... બંધ કરી હતી અમે. આપણે જયચંદ્ર પંડિતે જે છે એમ લખવું, બીજું કરવું નહિ. ખબર છે? દબાણ કરી હતી બેય ઉપર. આપણાથી વળી પછી આ અર્થ થયો છે એમ લોકો ભડકશે સોનગઢને નામે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

એક કોર શાસ્ત્રમાં ભમતી બુદ્ધિને સ્વાધ્યાયને વ્યભિચારિણી કહેવી અને એક કોર શાસ્ત્ર સ્વાધ્યાય કરતા અસંખ્યગુણી નિર્જરા કહેવી. એક કોર શાસ્ત્રની ટીકા કરતાં પણ શુદ્ધિ થાઓ એમ કહેવું. કાન્તિભાઈ! ભગવાન! જે રીતે છે એમ બાપુ, એને એમ સમજવું જોઈએ. એ રાગ તો વ્યભિચાર જ છે, આહા..! એનાથી કાંઈ સંવર-નિર્જરા થાય? એ તો બંધનું જ કારણ છે. પણ બંધના વિકલ્પના કાળમાં જોર જે સ્વભાવ તરફનો આશ્રય વધતો જાય છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો આ બાજુની વધતી જાય છે ધારા એટલે શુદ્ધિ વધે છે એ વાત અહીં લેવી છે. સમજાણું કાંઈ? જોર તો ભગવાન આત્માના સ્વભાવ સન્મુખનું છે એનું જોર છે. ભલે ટીકાનો કાળ હો. સમજાય છે? પણ ઈ કાળમાં આમ છે. અને તેથી ધર્મી જીવને સમયે સમયે સંયમની વૃદ્ધિ અને નિર્જરાની વૃદ્ધિ થાય છે એમ કહે છેને? ઈ આ અપેક્ષાએ વાત છે. કહો, સમજાણું આમાં?

કહે છે, અમૃતચંદ્રાચાર્ય, શ્રીમાન્ અમૃતચંદ્ર આચાર્ય, સ્વરૂપની લક્ષ્મીવાળા એવા અમૃતચંદ્રાચાર્ય! ઓહો..હો..! ગણધર જેવું જેણે કામ કર્યું છે. ભાઈએ લખ્યું છે હિંમતભાઈએ પ્રસ્તાવનામાં. આમાં લખ્યું છેને? બધામાં લખ્યું છે, બધામાં. એવા ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય પ્રભુ એમ કહે છે, મને તો આ ટીકાથી જ મારો અનુભવ વધી જાઓ, શુદ્ધિ થઈ જાઓ. પણ એ શુદ્ધિ થવાના કાળમાં જ વર્તે છે ઈ. સમજાણું કાંઈ? સમયે સમયે સ્વભાવ સન્મુખની જે (શુદ્ધિ) છે એ શુદ્ધિ વધતી જ જાય છે. ભાષા આમ આવી છે કે, આનાથી થાઓ.

સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :-- વ્યવહારથી બતાવ્યું છે.

ઉત્તર :-- ઈ કથનની શૈલી એમ આવે. વસ્તુ તો જેમ છે એમ છે. સમજાણું કાંઈ? 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ' નથી આવતું? શ્રીમદ્‌માં આવે છે. 'ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.'

કહે છે કે, મારી પરમ વિશુદ્ધિ એમ શબ્દ છેને પાઠમાં? શુદ્ધિ છે એમાં પરમ વિશુદ્ધિ થઈ જાઓ. એ નિમિત્તના કથનમાં રાગના આરોપથી કથન છે. વસ્તુ તો મારો સ્વભાવ, મારા જે દૃષ્ટિમાં પરમાત્મા તરવરે છે... સમજાણું કાંઈ? શુદ્ધ દ્રવ્યસ્વભાવનું જે મારામાં પરિણમન છે, દ્રવ્યને આશ્રયે થતો ભાવ એ ભાવની શુદ્ધિ થઈ જાઓ. આશ્રય વધે છે તેથી શુદ્ધિ વધે છે. આહા..હા..! એમ કહે છે. સમજાણું કાંઈ?

'કેવી છે તે પરિણતિ?' હવે કહે છે પરિણતિ '**परपरिणतिहेतोः मोहनाम्नः अनुभावात्**' '**પરપરિણતિનું કારણ જે મોહ નામનું કર્મ...**' નિમિત્ત છેને, નિમિત્ત બતાવે છે. શુદ્ધમાં તો કાંઈ નિમિત્ત છે નહિ. એ તો નિમિત્તનો અભાવ થઈ ગયો, વસ્તુ ભિન્નમાં નથી. પણ અહીંયાં તો પર વિકારી જે દશા થાય એ પરપરિણતિનો હેતુ એટલે કારણ મોહ નામનું કર્મ (છે). એટલે કર્મ તો ઘણા પ્રકારના છે આઠ, પણ એમાં એક મોહ નામનું કર્મ એ વિકારી પરિણતિમાં નિમિત્ત છે. નિમિત્ત છે ઈ હોં! ઉપાદાન તો મારી પર્યાયમાં તે થવાનો કાળ છે. સમજાણું કાંઈ?

એ '**પરપરિણતિનું કારણ જે મોહ નામનું કર્મ તેના અનુભાવ (-ઉદયરૂપ વિપાક)...**' ત્યાંય અનુભાવનો અર્થ પ્રભાવ પણ કર્યો છે. સમજાણું? કળશટીકામાં છે. અનુભાવનું પ્રભાવ છે. ક્યાંક છે ખરું, મગજમાં હોય. કહો, સમજાણું આમાં? એ કર્મનો નિમિત્તનો પાક છેને, એ પાક નિમિત્ત છે. મારી નૈમિત્તિક વિકારી પર્યાયમાં મોહ કર્મનો ઉદય પાક જડ અજીવ સત્તામાંથી પાક થઈને આવ્યો, ઉદય થઈને આવ્યોને એ નિમિત્ત છે. તેના અનુભાવને લીધે. નિમિત્તના, વિપાકના પ્રભાવને લીધે. તેના તરફના વલણવાળો મારો ભાવ છે એથી એને લીધે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

'**अविरतम् अनुभाव्य-व्याप्ति-कल्माषितायाः**' '**જે અનુભાવ્ય (રાગાદિ પરિણામો)ની વ્યાપ્તિ છે...**' એટલે હું પોતે જ વ્યાપ્ય વ્યાપકપણે પરિણમ્યો છું, એમ કહે છે. નિમિત્ત કર્મ અનુભાવ તરીકે, ... તરીકે હો પણ હું પોતાની પર્યાયમાં વિકારી વ્યાપ્યપણે હું પરિણમ્યો છું. રાગાદિ પરિણામોની વ્યાપ્તિ છે. છેને એમ છેને? અનુભાવ્ય વ્યાપ્તિ, મારી વિકારી પર્યાયની વ્યાપ્તિ મારી દશામાં છે. પણ ઓલા નિમિત્તથી એમ કહેવામાં આવે છે. સ્વભાવ નથીને એટલે. સ્વભાવ નથી એટલે એમ કહેવામાં આવ્યું. બાકી કંઈ એનાથી છે એમ છે નહિ.

આ તો દ્રવ્યસ્વભાવથી નથી, દ્રવ્યસ્વભાવથી વિકારી પર્યાય ન હોય એથી વિકારી પર્યાય નિમિત્તના અનુભાવ્યથી છે એમ કહેવામાં આવે છે. આમાંય મોટા ગોટા ઉઠાવે. જુઓ, આ કર્મના કારણે વિકારી દશા (થાય છે). અમૃતચંદ્રાચાર્ય પણ કહે છે. એક એક શ્લોકમાં કેટલા વાંધા ઉઠાવે લ્યો! ભાઈ! આ તો વાંધા ટાળવાની વાત છે. સમજાણું કાંઈ?

એમ મને ખ્યાલ છે કહે છે કે, મારી પરિણતિ જરી નિમિત્તના આધીન એટલી વ્યાપ્ય થઈ છે, મારે કારણે થઈ છે. સમજાણું કાંઈ? વ્યાપક મારું દ્રવ્ય, એ ત્રિકાળી તો શુદ્ધ છે પણ એટલો અંશરૂપે દ્રવ્ય ત્યાં અશુદ્ધપણે પરિણમ્યું છે એવા અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી પર્યાય મારામાં થઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..! પરની સાથે શું સંબંધ છે? પર તો પર જ છે. પરમાં આ નથી, આમાં એ નથી. પણ આ વિકારી દશાનો અંશ છે, મુનિ છે એમ કહે છે હોં! છઠ્ઠે ગુણસ્થાને આ જ્યારે વિકલ્પ ઉઠે છે અને આ છે ત્યારે પણ એમ કહે છે. સમજાણું કાંઈ?

**'अविरतम्' 'નિરંતર કલ્માષિત (મેલી) છે.'** આહા..હા..! મારો આનંદ જેટલો જોઈએ તેટલો નથી મને. એટલું જરી દુઃખરૂપ પરિણમન છે. આહા..હા..! એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો ધીરેથી સમજવા જેવી વાત છે. આ કોઈ એવું શાસ્ત્ર નથી કે કથા અને વાર્તા હાલી જાય. સમજાણું કાંઈ? કહે છે કે રાગાદિ પરિણામોની વ્યાપ્તિ છે પાછું એમ કહે છે. ઓલું કર્મ જે કીધું એ તો એને મોહ નામનું કર્મ એના વિપાકને લીધે. ભાષા એમ છે, એને લીધે. રાગાદિ પરિણામોની વ્યાપ્તિ છે એમ છે, કીધુંને? એને લીધે રાગ ને દ્વેષની પર્યાય જરી છે, વ્યાપ્તિ છે. એને લીધેનો અર્થ મારા સ્વભાવને લીધે નથી. છે તો મારી પર્યાયનું જ એ કાર્ય. સમજાણું કાંઈ? હું પોતે વ્યાપ્ય વ્યાપકપણે રાગને પરિણમેલો છું. આહા..! એ વ્યાપ્ય વ્યાપકપણું પરને લઈને છે એમ નથી. પણ એમાં નિમિત્તપણું જાણીને એમ વાત કરી છે. સમજાણું કાંઈ?

અહો..! હું ત્રિકાળી ભગવાન આનંદનું ધામ એવું મને અંતરંગમાં વર્તે છે છતાં મારી પરિણતિમાં હજી દુઃખની અવસ્થા, રાગની અવસ્થા થાય છે એમાં હું વ્યાપ્યો છું. આહા..હા..! પર્યાયની અપેક્ષાએ હોં! સમજાણું કાંઈ? એમાં મારો પ્રસાર છે, એમાં હું જરી આવી જાઉં છું કહે છે રાગમાં. આહા..હા..! સમજાણું કાંઈ? એમ જ્ઞાન કરવામાં તો એ આવે કે નહિ? સમજાણું કાંઈ? એક કોર કહે કે, બહિરઆત્મા ને અંતરઆત્માનો વિકલ્પ કરે તે મિથ્યાદૃષ્ટિ છે. વળી આ કહે કે, અશુદ્ધતાને જાણે એ બરાબર જ્ઞાની છે. એઈ..!

મુમુક્ષુ :-- ઈ તો મુનિની વાત છે.

ઉત્તર :-- પણ મુનિને હોય કે સમકિતીને હોય, બધાને. એ વિકલ્પ કરે છે પર્યાયમાં રહીને એની વાત છે ત્યાં. આ તો થાય છે પોતાની પર્યાયનું વ્યાપ્યપણું એને જાણે છે,

જ્ઞાન એને જાણે છે. મુનિ હો કે સંત સ્થિતિ હો. સમજાય છે કાંઈ? પણ જે વસ્તુની દૃષ્ટિમાં છે અને એમાં પર્યાયમાં પૂર્ણતા નથી તો એ અશુદ્ધતા મારે લઈને છે એમ કહે છે. એમાં હું વ્યાપ્યો છું પર્યાયથી. સમજાણું કાંઈ?

**'તેનાથી નિરંતર કલ્માષિત (મેલી) છે.'** આહા..હા..! જેવો ભગવાન નિરંતર દ્રવ્ય શુદ્ધ છે એવી મારી પર્યાયમાં પણ નિરંતર ધારા અનાદિની રાગ પડ્યો છે, ઈ છે એમને એમ. ભલે દૃષ્ટિ થઈ પણ ધારા જે અશુદ્ધ છે એ તો અનાદિની છે, મારી અશુદ્ધતા ....એમ કહે છે. સમજાણું કાંઈ? નિરંતર '**अविरतम्**'નો અર્થ છે ઈ. '**अनुभाव्य-व्याप्ति**' એ મારી વ્યાપ્તિ છે એમ કીધું. પણ છે કેવી? '**कल्माषितायाः**'. મેલી છે. આહા..! એમ છે એમ જાણવું એ કાંઈ દોષ નથી. સમજાણું કાંઈ? એ તો જેવું જ્ઞાન જેમ છે તેમ યથાર્થ તરીકે જાણે છે. જ્ઞાનનો સ્વભાવ છે તેમ જાણે. પ્રવચનસારમાં આવ્યુંને? જ્ઞાન અધિકારની પ્રધાનતાની અપેક્ષાએ. રાગનું પરિણમન ગણધર હોય તો એ માને છે, જાણે છે. એ કર્તા-અકર્તાનું પરિણમન બધું મારું છે. ભોક્તા-અભોક્તાનું પરિણમન મારું છે. રાગનો અભોક્તા પણ છું અને રાગનો ભોક્તા પણ છું. આહા..હા..! રાગનો અકર્તા પણ છું, મિશ્ર દશા છેને, ક્યાં પૂર્ણ થઈ ગઈ છે અને ક્યાં એકલો અજ્ઞાનભાવ છે. સમજાણું કાંઈ? ઈ સાબિતી સિદ્ધ કરે છે કે દ્રવ્યને આશ્રયે જે શુદ્ધિ થઈ પણ એની સાથે પૂર્ણ શુદ્ધિ નથી એટલી અશુદ્ધિતા છે એમ જ્ઞાન જાણે છે. શુદ્ધ તે શુદ્ધ છે અને અશુદ્ધ તે અશુદ્ધ છે, પણ કહેવાય એમ. સમજાણું કાંઈ? અહીં તો પરિણતિમાં અશુદ્ધતારૂપ પર્યાય વ્યાપ્યો છે મારો. હું વ્યાપુ છું એમાં, નહિ કે, કર્મ વ્યાપીને એ રાગ થયો છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો ગજબની ટીકા છે! અમૃતચંદ્રાચાર્યના કળશ એની ટીકા, કુંદકુંદાચાર્યની ગાથાઓ ઓહો..હો..! એ તો પરમાત્માના નિધાન ખોલી નાખ્યા છે. વસ્તુ સ્વરૂપ આવું છે. '**वंदित्तु**'માં આવશે જરી. બહુ વિચાર આવ્યો હતો.

'**वंदित्तु सव्व सिद्धे**' છેને? ... એમાંય તે દેવ-ગુરુ-શાસ્ત્ર સમાડી દીધા એ ગાથામાં. '**वंदित्तु सव्व सिद्धे**'. કાલે બપોરે વિચાર આવ્યો હતો. આહા..! એવી કોઈ શૈલી સહજ નિકળી જાય છે. '**वंदित्तु सव्व सिद्धे**'. દેવ આવ્યા. સમય ઈ શાસ્ત્ર આવ્યું, શ્રુતકેવળી, શ્રુતકેવળી અને શ્રુત કહે છે તે ગુરુ આવ્યા. ગજબની ટીકા છે! ગજબની ગાથા છે!! આહા..હા..! ઈ સહજ એવી વસ્તુ જ છે, એ કાંઈ એમાં આમ કરું ને આમ કરું એમ કાંઈ નથી. એવો ભાવ સહજ જે સ્થિતિ છે તે ઊભો થઈને આવે. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે, એ આવશે ત્યારે વળી વાત. આ તો કાલ બપોરનો વિચાર જરી આવ્યો. શૈલી, કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્યની ગજબ શૈલી છે!

અહીં કહે છે, મારી પર્યાયમાં અશુદ્ધતા વ્યાપી છે હોં! અધ્ધર છે ને આઘી છે એમ

નથી એમ કહે છે. સમજાણું કાંઈ? મારી પર્યાયથી રાગ આઘો છે એમ નથી. આહા..! સમજાણું કાંઈ? ઈ તમારા બી.એ.ને ફી.એ. કરતા બીજા સિદ્ધાંત છે આ. હેં? બરાબર છે? આહા..! એકલા ન્યાયના ઘોલન જ છે એકલા આ તો. જ્ઞાન જ એકલું ઘુંટાય છે અંદર. કહે છે, એ રાગની વ્યાપ્તિ છે હોં! મારે લઈને. પ્રસર્યો છું એમાં ગયો છું, એટલી અવસ્થામાં અસ્તિત્વમાં છે. તેનાથી નિરંતર મેલી છે. એ દુઃખરૂપ અવસ્થામાં વ્યાપ્તપણું મારું છે હોં! આહા..હા..! સમજાય છે કાંઈ?

**'અને હું કેવો છું?'** પછી અહીં વળી... ઓલામાં તો નાખ્યું હતું કે **'मम अनुभूतेः'.** મારી અનુભૂતી કીધી, વળી પાછું કહે છે હું કેવો છું? સમજાણું કાંઈ? હું ત્રિકાળી કેવો છું? એમ. મારી વર્તમાન પરિણતિ તો આવી છે એમ ન્યાં પણ મમ નાખ્યું અને અહીંયા આ નાખ્યું. સમજાણું કાંઈ? **'અને હું કેવો છું?'** ત્યારે વળી હું કેવો છું? ન્યાં વળી પરિણતિ મારી છે અને હું વ્યાપ્યો છું તો પછી હું તો આવ્યો ન્યાં, પણ એ પર્યાયનું હુંપણું. હેં? ઈ પર્યાયની અપેક્ષાએ હુંપણું આવ્યું, આ દ્રવ્યની અપેક્ષાએ હુંપણું. બે (હુંપણું). સમજાણું કાંઈ?

**'અને હું કેવો છું?'** એટલે કે ત્રિકાળી કેવો છું? આ તો પરિણતિની વર્તમાન પર્યાયમાં મમ પરિણતિ આવી. ત્યાં તો મારાપણું તો આવ્યું. મમ અનુભૂતિ. સમજાણું? એમાં પરપરિણતિ છે મેલની એમાં મોહ કર્મનું નિમિત્ત છે. **'હું કેવો છું?' 'शुद्धचिन्मात्रमूर्तेः' 'દ્રવ્યદૃષ્ટિથી...'** ત્રિકાળી વસ્તુ ભગવાન પરમાત્મા સ્વરૂપની દૃષ્ટિથી. **'શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું.'** વસ્તુ તો શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિસ્વરૂપ છું એમ. મૂર્તિસ્વરૂપ, શુદ્ધ ચૈતન્યમાત્ર સ્વરૂપ છું. સમજાણું કાંઈ?

પર્યાય તરીકેમાં મુનિ છે છઠ્ઠે ગુણસ્થાને આ વિકલ્પ ઉઠ્યો છે અને આ ટીકા, ટીકાપણે થાય છે. એ વખતની વાત છે. મારો દોર તો ત્રિકાળી શુદ્ધ છે ત્યાં છે કહે છે. પણ આ મમ પર્યાય પણ મારા અસ્તિત્વમાં છે. રાગ પણ જેટલી અશુદ્ધતા પંચ મહાવ્રતનો વિકલ્પ આદિ એ અશુદ્ધતા છેને? સમજાણું કાંઈ? એ દ્રવ્યદૃષ્ટિથી, વસ્તુદૃષ્ટિથી વસ્તુ જે ત્રિકાળી વસ્તુ, મારી ચીજ જે ત્રિકાળી એ દૃષ્ટિથી તો શુદ્ધ ચૈતન્યમાત્ર સ્વરૂપ છું. શુદ્ધ ચૈતન્યમાત્ર ધ્રુવ મારું સ્વરૂપ છે. એમાં કાંઈ મલિનતા ને એમાં પર્યાય આવી જતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! જગતના ભાગ્ય કે આવું સમયસાર આ રચાઈ ગયું. કહે છે... એક એક કળશે ખુલાસા બધા સ્પષ્ટ સત્‌ના થાય છે આ. એવું સ્પષ્ટ કથન ભગવાન આચાર્યનું છે લ્યો! સમજાણું કાંઈ?

એવું શુદ્ધ ચૈતન્યમાત્ર મારું સ્વરૂપ તો એ છે, દ્રવ્યે. પર્યાયે મારું આમ છે એમ કહે છે. પર્યાયની અશુદ્ધતા છે એમ જાણતા કાંઈ અંદર મિથ્યાત્વ નથી થઈ જતું. સમજાણું

કાંઈ? પર્યાયમાં અશુદ્ધતા છે એ જાણતા, પર્યાય અશુદ્ધ છે એમ જાણતા કાંઈ મિથ્યાત્વ નથી થઈ જતું. એ.. ચેતનજી! ભાઈ! ...પર્યાયને સંભારવી નહિ. પ્રશ્ન થયા હોયને ક્યારેક. કહો, જેઠાભાઈ! આહા..હા..! એ તો કહ્યું, મારી વ્યાપ્તિ છે એમ હું જાણું છું. એમ ન આવ્યું? હેં? દૃષ્ટિની અપેક્ષાએ જ્ઞાન ત્રિકાળ ધ્રુવ છું એમ જાણે છે, હું જાણું છું અને પર્યાયમાં શુદ્ધિ તો છે એની સાથે થોડી અશુદ્ધિ છે એ હું જાણું છું. મારામાં છે એમ જાણું છું, હું વ્યાપ્યો છું એમ જાણું છું. લ્યો! એક કોર કહેવું સમ્યગ્દૃષ્ટિ રાગના વિકલ્પથી વિરક્ત છે. એઈ..! હેં?

મુમુક્ષુ :-- વર્તતો નથી.

ઉત્તર :-- વર્તતો નથી. ધર્મી રાગમાં વર્તતો નથી. એનું વર્તન શુદ્ધ પરિણતિમાં છે. એની બીજી અપેક્ષા છે. વર્તવું એટલે મારાપણે વર્તતો નથી. સમજાણું કાંઈ? જાણે છે કે, મારી પર્યાયમાં ચારિત્રના દોષની અપેક્ષાએ (રાગ વર્તે છે). દૃષ્ટિની અપેક્ષાએ તો હું રાગમાં જતો જ નથી. મારી પર્યાયમાં પણ રાગ નથી. આહા..હા..! મારું દ્રવ્ય ધ્રુવ, શુદ્ધ ગુણ અને પર્યાય શુદ્ધ. સમકિતીનું પરિણમન શુદ્ધ જ છે એમ આવ્યું છે કે નહિ? કળશમાં તો બહુ આવે છે. હેં? કળશમાં, કળશ-ટીકામાં બહુ આવે છે. શુદ્ધ અને શુદ્ધનું શુદ્ધ પરિણમન છે.

એ ત્રિકાળી દૃષ્ટિના દ્રવ્યની અપેક્ષાએ વાત છે. પણ જ્યાં પર્યાયની અપેક્ષા ચાલે ત્યારે અશુદ્ધતા છે એ જાણવું એ મિથ્યાત્વ નથી. એ તો સમ્યગ્જ્ઞાનનો સ્વભાવ છે. જેનો જેમ હોય એમ જાણે. સમજ્યાને? જ્ઞાન ખોટુ જાણે? છે એને નથી જાણે? સમજાણું કાંઈ? એમ તો કહ્યું કે, મારા ત્રિકાળમાં નથી. ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્વરૂપ છું. પણ આમ પર્યાયમાં મને મારી પરિણતિ છે હોં! **'मम अनुभूतेः'**. શુદ્ધિ થાઓ એમ કહીને પણ **'मम अनुभूतेः'**માં અશુદ્ધિ છે એમ આવી ગયુંને? હેં? **'દ્રવ્યષ્ટિથી શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું.'**

**ભાવાર્થ :--** **'આચાર્ય કહે છે...'** અમૃતચંદ્રાચાર્ય. એનો ભાવાર્થ કહે છે, જયચંદ્ર પંડિત. **'કે શુદ્ધદ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ...'** ત્રિકાળ ધ્રુવ ભગવાન આત્મા એની દૃષ્ટિએ તો હું.. વળી આવો હું જુદું પાડતા અભિમાન થઈ જાય. વળી એમ કહે છે. બધા એક છે એમ સંપ કરો, વિશાળ કરો. આ તો હું આવો છું. બધા આવા છે એમ છે નહિ. સમજાણું કાંઈ? કેટલાક એમ કહે, પોતાપણાનું હુંપણું ઊભું છે ત્યાં સુધી મિથ્યાત્વભાવ છે. આ તો અસ્તિપણે પોતાનું છે એમ ઊભું (છે) એમ કહે છે. મારી સત્તાનું હોવાપણું આવડું ને એટલું છે. બીજાથી હું છું અને બીજા પણ મારામાં છે અને બીજામાં હું છું એમ નથી. એમ ભાન કરતા એમાં અભિમાન નથી પણ ભેદજ્ઞાનનું જ્ઞાન છે યથાર્થ. સમજાણું કાંઈ?

ઘણા હમણાં ... આવ્યું હતું. વ્યાખ્યાન ચાલે છે ઘણાના. તમારો અહંકાર ટાળવો હોય તો બધા સમભાવ, એક વસ્તુ બધી છે. જુદા પાડશો કે હું આ (તો) ખંડ ખંડ જ્ઞાન થઈ

જશે. કહો, સમજાણું કાંઈ? આવા કલ્પનાના ઘોડા દોડાવે.

અહીં તો કહે છે કે, '**હું શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું.**' મારી ચીજ જ આવી છે. ધ્રુવ ત્રિકાળ જ્ઞાયકભાવ, પરમ સ્વભાવભાવ એ હું દ્રવ્યદૃષ્ટિએ તો એવો છું. '**પરંતુ મારી પરિણતિ...**' લ્યો! આવ્યુંને પાછું. મમ આવ્યું છેને એમાં. ન્યાં પણ 'મમ' આવ્યું ને અહીં 'હું' આવ્યું. આહા..! આ તો સિદ્ધાંત છે અને તે પણ અધ્યાત્મ સિદ્ધાંત એટલે એના તો એક એક શબ્દમાં તોળી તોળીને આવેલો હોય છે. સમજાણું કાંઈ? એક અક્ષર અને એક લીટી કે હ્રસ્વ, દીર્ઘય પણ જેમાં આવે એનો બધો હેતુ હોય છે. કહે છે, અરે..! ભગવાન હું તો આવો છું હોં! '**પરંતુ મારી પરિણતિ મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને...**' જુઓ! એમ છેને? '**નિમિત્ત પામીને...**' તો નિમિત્ત પામીને એટલે? નિમિત્ત છે માટે વિકાર છે એમ નહિ.

મુમુક્ષુ :-- પામીને આવ્યુંને.

ઉત્તર :-- પામીને આવ્યું એટલે તો કહ્યુંને. નિમિત્ત પામીને આવ્યું છે આમાં તો. એટલે કે મારી સ્થિતિ રાગમાં પર્યાય વ્યાપવા યોગ્ય છે એવા કાળમાં કર્મનું નિમિત્ત પામીને. એમ. સ્વભાવનો આશ્રય પામીને એમ નહિ. સમજાણું કાંઈ?

આ કર્મની વાત તો જ્યાં હોય ત્યાં એવી નાખે. રતનચંદજી તો કાંઈક વાત આવે ત્યાં નાખે ફટ. કર્મને લઈને આમ થયું, કર્મને લઈને આમ થયું. અરે.. ભગવાન! પરદ્રવ્યને લઈને તારામાં થયું, શું એનો અર્થ? આવો હું હોવા છતાં મારી દશામાં બધી આવી છે એમ નથી કીધું. પણ કંઈક અશુદ્ધતા છે એમાં મોહ કર્મના ઉદયનું નિમિત્ત (છે). નિમિત્ત પામીને આમ થાય, નિમિત્ત પામીને આમ થાય. લ્યો આવ્યું આ. એનો અર્થ? કહે છે, '**મેલી છે---રાગાદિસ્વરૂપ થઈ રહી છે.**' મારા કારણે, ઓલું નિમિત્ત ઈ છે પણ મારા કારણે રાગાદિસ્વરૂપ થઈ રહી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એક એક શ્લોક ને એક એક ગાથા ગજબની વાત છે! આવી વાત ભરતક્ષેત્રમાં આ ટીકા ને આ વસ્તુ નથી. એવી વાત છે. જેમ હું બીજામાં નથી, એમ આવી વાત બીજામાં નથી. સમજાણું કાંઈ? રાગાદિસ્વરૂપ પાછું નિમિત્ત પામીને થઈ રહી છે એમ કીધું છે. એનો અર્થ કે, સ્વભાવને પામીને નથી એટલી વાત. એટલે નિમિત્ત ઉપરનો હજી એટલો સંબંધ છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એટલો છે, એથી રાગાદિ દ્વેષનો અંશ આદિ હોય છે. અસત્યને ઉથાપવું હોય તો ત્યાં અંશ આવી જાય છે દ્વેષનો. રાગી છેને માટે. સત્ય-અસત્ય સ્થાપવાને કારણે નથી, સ્થાપવું તો ભગવાન બધું કરે છે. પણ અહીં રાગી પ્રાણી છે એટલે જ્યારે સત્‌ને સ્થાપવા જાય છે ત્યાં રાગનો અંશ આવે છે. અસત્યને ઉથાપવા જાય છે કે આ નહિ, ત્યાં પણ દ્વેષનો અંશ ભેગો આવે છે. સમજાણું કાંઈ? અને એ અંશ આવે માટે

જૂઠું કહે છે એમ નહિ. સમજાણું કાંઈ? એ તો રાગનો સ્વભાવ છે કે જેટલો રાગ છે તેટલી પ્રતિકૂળતા અથવા આમ નહિ, આમ નહિ એટલો અંદર અંશે આવે છે. પણ એ છે શુભરાગ. ઓલો અંશ પણ દ્વેષનો પણ શુભભાવ છે.

'**તેથી શુદ્ધ આત્માની કથનીરૂપ...**' આહા..હા..! આ તો ભગવાન આત્માને કથવો છે. આ કાંઈ કોઈ વિકથા મોટી કથા, લડાઈ, આ થયું ને તેમ થયું એવી વાત નથી. '**શુદ્ધ આત્માની કથનીરૂપ જે આ સમયસાર...**' દેખો! આ સમયસારની કથની તો આ છે કહે છે. શુદ્ધ આત્માની કથનીરૂપ આ સમયસાર, આ સમયસાર, શુદ્ધ આત્માની કથનીરૂપ આ સમયસાર લ્યો! ત્યારે બીજું એમાં કથન નથી? અશુદ્ધતા બતાવે છે કે આમ છે, આમ છે બધું આવે છે પણ હેતુ એનો શુદ્ધ બતાવવાનો છે. સમજાણું કાંઈ? '**શુદ્ધ આત્માની કથનીરૂપ જે આ સમયસાર ગ્રંથ છે તેની ટીકા કરવાનું ફળ એ ચાહું છું, એની ટીકા કરવાનું ફળ એ ચાહું છું કે મારી પરિણતિ રાગાદિ રહિત થઈ શુદ્ધ થાઓ,...**' હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ...પાઠમાં છે તો શી રીતે લખે ઈ? સમજાણું કાંઈ? ક્યો આશય છે એમ સમજીને એનો અર્થ કરવો જોઈએને. હેં? એમને એમ શબ્દાર્થ પાધરો કરવા જાય પણ કઈ નયનું આ વાક્ય છે, એનો ભાવાર્થ શું છે, તાત્પર્ય શું છે એમ કરવું જોઈએને. આવે છેને એક એક ગાથાના પાંચ બોલ. આહા..! એ વિના તો... નય જ્ઞાન. નયની અપેક્ષા વિના તો ડગલું ભરાય નહિ. એવી વાત છે. વસ્તુસ્થિતિ એવી છે.

મુમુક્ષુ :-- નય તો જાળ છે.

ઉત્તર :-- એ જાળ છે એ તો એ કઈ અપેક્ષાએ? વિકલ્પ ઉઠે ઈ અપેક્ષાએ. બાકી વાસ્તવિક વસ્તુ જેવી છે એને સાધવા માટે જે વિકલ્પ ઉઠે છે... સમજાણું કાંઈ? એ વ્યવહાર સાધક છે, વ્યવહારે હોં! નિશ્ચયે બાધક છે. આહા..હા..!

'**રાગાદિ રહિત થઈ શુદ્ધ થાઓ, મારા શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાઓ.**' લ્યો! મારા શુદ્ધ સ્વરૂપની એટલે પર્યાયની. સમજાણું કાંઈ? '**બીજું કાંઈ પણ--ખ્યાતિ, લાભ, પૂજાદિક-ચાહતો નથી. આ પ્રકારે આચાર્યે ટીકા કરવાની પ્રતિજ્ઞાગર્ભિત...**' ટીકા કરવાની પ્રતિજ્ઞાગર્ભિત એના ફળની બે વાત. ટીકા કરવાની પ્રતિજ્ઞા કરી કે હું ટીકા કરીશ. અને '**એના ફળની પ્રાર્થના કરી.**' ત્રીજા શ્લોકમાં.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧

अथ सूत्रावतार :--

वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।
वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।१।।
वन्दित्वा सर्वसिद्धान् ध्रुवामचलामनौपम्यां गति प्राप्तान्।
वक्ष्यामि समयप्राभृतमिदं अहो श्रुतकेवलिभणितम्।।१।।

अथ प्रथमत एव स्वभावभावभूततया ध्रुवत्वमचलम्बमानामनादिभावान्तरपरपरिवृत्ति-विश्रान्तिवशेनाचलत्वमुपगतामखिलोपमानविलक्षणाद्भुतमाहात्म्यत्वेनाविद्यमानौपम्यामपवर्गसंज्ञिकां गतिमापन्नान भगवतः सर्वसिद्धान् सिद्धत्वेन साध्यस्यात्मनः प्रतिच्छन्दस्थानीयान् भावद्रव्य-स्तवाभ्यां स्वात्मनि परात्मनि च निधायानादिनिधनश्रुतप्रकाशितत्वेन निखिलार्थसार्थ-साक्षात्कारिकेवलिप्रणीतत्वेन श्रुतकेवलिभिः स्वयमनुभवद्भिरभिहितत्वेन च प्रमाणता-मुपगतस्यास्य समयप्रकाशकस्य प्राभृताह्वयस्यार्हत्प्रवचनावयवस्य स्वपरयोरनादिमोहप्रहाणाय भाववाचा द्रव्यवाचा च परिभाषणमुपक्रम्यते।

---

હવે મૂળગાથાસૂત્રકાર શ્રી કુંદકુંદાચાર્ય ગ્રંથના આદિમાં મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છે :-

ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને
વંદી કહું શ્રુતકેવળી-કથિત આ સમયપ્રાભૃત અહો! ૧.

શ્લોકાર્થ :- આચાર્ય કહે છે : હું [ध्रुवाम्] ધ્રુવ, [अचलाम्] અચળ અને [अनौपम्यां] અનુપમ-એ ત્રણ વિશેષણોથી યુક્ત [गतिं] ગતિને [प्राप्तान्] પ્રાપ્ત થયેલ એવા [सर्वसिद्धान्] સર્વ સિદ્ધોને [वंदित्वा] નમસ્કાર કરી, [अहो] અહો! [श्रुतकेवलिभणितम्] શ્રુતકેવળીઓએ કહેલા [इदं ] આ [समयप्राभृतम्] સમયસાર નામના પ્રાભૃતને [वक्ष्यामि] કહીશ.

ટીકા :- અહીં (સંસ્કૃત ટીકામાં) 'अथ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે. ગ્રંથના આદિમાં સર્વ સિદ્ધોને ભાવ-દ્રવ્ય સ્તુતિથી પોતાના આત્મામાં તથા પરના આત્મામાં સ્થાપીને આ સમય નામના પ્રાભૃતનું ભાવવચન અને દ્રવ્યવચનથી પરિભાષણ શરૂ

કરીએ છીએ-એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે. એ સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે,-જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો ચિંતવન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને, તેમના જેવા થઈ જાય છે અને ચારે ગતિઓથી વિલક્ષણ જે પંચમગતિ મોક્ષ તેને પામે છે. કેવી છે તે પંચમગતિ? સ્વભાવભાવરૂપ છે તેથી ધ્રુવપણાને અવલંબે છે. ચારે ગતિઓ પર-નિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી, વિનાશિક છે; 'ધ્રુવ' વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો. વળી તે ગતિ કેવી છે? અનાદિ કાળથી અન્ય (પર) ભાવના નિમિત્તથી થતું જે પરમાં ભ્રમણ તેની વિશ્રાંતિ (અભાવ) વશ અચલપણાને પામી છે. આ વિશેષણથી, ચારે ગતિઓને પરનિમિત્તથી જે ભ્રમણ થાય છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો. વળી તે કેવી છે? જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્ભુત માહાત્મ્ય હોવાથી તેને કોઈની ઉપમા મળી શકતી નથી. આ વિશેષણથી, ચારે ગતિઓમાં જે પરસ્પર કથંચિત્ સમાનપણું મળી આવે છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો. વળી તે કેવી છે? અપવર્ગ તેનું નામ છે. ધર્મ, અર્થ અને કામ- એ ત્રિવર્ગ કહેવાય છે; મોક્ષગતિ આ વર્ગમાં નહિ હોવાથી તેને અપવર્ગ કહી.-આવી પંચમગતિને સિદ્ધભગવંતો પામ્યા છે. તેમને પોતાના તથા પરના આત્મામાં સ્થાપીને, સમયનો (સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થોનો) પ્રકાશક એવો જે પ્રાભૃત નામનો અર્હત્પ્રવચનનો અવયવ (અંશ) તેનું, અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ મારા અને પરના મોહના નાશ માટે, હું પરિભાષણ કરું છું. કેવો છે તે અર્હત્પ્રવચનનો અવયવ? અનાદિનિધન પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી, સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર કેવળીભગવાન સર્વજ્ઞથી પ્રણીત હોવાથી અને કેવળીઓના નિકટવર્તી સાક્ષાત્ સાંભળનાર તેમ જ પોતે અનુભવ કરનાર એવા શ્રુતકેવળી ગણધરદેવોએ કહેલ હોવાથી પ્રમાણતાને પામ્યો છે. અન્યવાદીઓનાં આગમની જેમ છદ્મસ્થ(અલ્પજ્ઞાની)ની કલ્પના માત્ર નથી કે જેથી અપ્રમાણ હોય.

ભાવાર્થ :- ગાથાસૂત્રમાં આચાર્યે 'वक्ष्यामि' કહ્યું છે. તેનો અર્થ ટીકાકારે 'वच् परिभाषणे' ધાતુથી 'પરિભાષણ' કર્યો છે. તેનો આશય આ પ્રમાણે સૂચિત થાય છે : ચૌદ પૂર્વમાં જ્ઞાનપ્રવાદ નામના પાંચમાં પૂર્વમાં બાર 'વસ્તુ' અધિકાર છે; તેમાં પણ એક એકના વીશ વીશ 'પ્રાભૃત' અધિકાર છે. તેમાં દશમા વસ્તુમાં સમય નામનું જે પ્રાભૃત છે તેનાં મૂળ સૂત્રોના શબ્દોનું જ્ઞાન તો પહેલાં મોટા આચાર્યોને હતું અને તેના અર્થનું જ્ઞાન આચાર્યોની પરિપાટી અનુસાર શ્રી કુંદકુંદાચાર્યને પણ હતું. તેમણે સમયપ્રાભૃતનું પરિભાષણ કર્યું-પરિભાષાસૂત્ર બાંધ્યું. સૂત્રની દશ જાતિઓ કહેવામાં આવી છે તેમાં એક 'પરિભાષા' જાતિ પણ છે. અધિકારને જે યથાસ્થાનમાં અર્થ દ્વારા સૂચવે તે પરિભાષા કહેવાય છે. શ્રી કુંદકુંદાચાર્ય સમયપ્રાભૃતનું પરિભાષણ કરે છે એટલે કે સમયપ્રાભૃતના અર્થને જ યથાસ્થાનમાં જણાવનારું પરિભાષાસૂત્ર રચે છે.

આચાર્યે મંગળ અર્થે સિદ્ધોને નમસ્કાર કર્યો છે. સંસારીને શુદ્ધ આત્મા સાધ્ય છે અને સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા છે તેથી તેમને નમસ્કાર કરવો ઉચિત છે. કોઈ ઈષ્ટદેવનું નામ લઈ નમસ્કાર કેમ ન કર્યો તેની ચર્ચા ટીકાકારના મંગળ પર કરેલી છે તે અહીં પણ જાણવી. સિદ્ધોને 'સર્વ' એવું વિશેષણ આપ્યું છે; તેથી તે સિદ્ધો અનંત છે એવો અભિપ્રાય બતાવ્યો અને 'શુદ્ધ આત્મા એક જ છે' એવું કહેનાર અન્યમતીઓનો વ્યવચ્છેદ કર્યો. શ્રુતકેવળી શબ્દના અર્થમાં, (૧) શ્રુત અર્થાત્ અનાદિનિધન પ્રવાહરૂપ આગમ અને કેવળી અર્થાત્ સર્વજ્ઞદેવ કહ્યા, તેમ જ (૨) શ્રુત-અપેક્ષાએ કેવળી સમાન એવા ગણધરદેવાદિ વિશિષ્ટ શ્રુતજ્ઞાનધરો કહ્યા; તેમનાથી સમયપ્રાભૃતની ઉત્પત્તિ કહી છે. એ રીતે ગ્રંથની પ્રમાણતા બતાવી અને પોતાની બુદ્ધિથી કલ્પિત કહેવાનો નિષેધ કર્યો; અન્યવાદી છદ્મસ્થ(અલ્પજ્ઞાની) પોતાની બુદ્ધિથી પદાર્થનું સ્વરૂપ ગમે તે પ્રકારે કહી વિવાદ કરે છે તેનું અસત્યાર્થપણું બતાવ્યું.

આ ગ્રંથનાં અભિધેય, સંબંધ, પ્રયોજન તો પ્રગટ જ છે. શુદ્ધ આત્માનું સ્વરૂપ તે અભિધેય છે. તેના વાચક આ ગ્રંથમાં શબ્દો છે તેમનો અને શુદ્ધ આત્માનો વાચ્યવાચકરૂપ સંબંધ તે સંબંધ છે. શુદ્ધાત્માના સ્વરૂપની પ્રાપ્તિ થવી તે જ પ્રયોજન છે.

---

## કારતક વદ-૧૧, શનિવાર, તા. ૧૩-૧૧-૧૯૭૧
## ગાથા-૧, પ્રવચન-૭

આ સમયસાર. પહેલું મંગળિક અર્થકર્તાનું થયું હતું, શરૂઆતમાં પહેલા જયચંદ્ર પંડિતનું. પછી આ ત્રણ ગાથાઓમાં અહીંયાં મંગળિક અમૃતચંદ્રાચાર્યે કર્યું. એમાં નમઃ સમયસારમાં દેવનું લીધું. '**अनन्तधर्मणस्तत्त्वं**' એ શાસ્ત્ર લીધા. પછી પોતે જ ગુરુ છે એટલે '**परपरिणतिहेतो**' કહીને ગુરુ લીધા. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. બે વાર આવી ગયા છે આ.

'**હવે મૂળગાથાસૂત્રકાર...**' દેખો! અહીંયા સૂત્રકાર કહ્યા છે. પાઠ એમ છેને? '**अथ सूत्रावतार**'. ગાથા એવી આવે છે કે, કેવળી શ્રુતકેવળી ચૌદ પૂર્વ અને દસ પૂર્વમાં કહેલાનું સૂત્ર કહેવું. એવી ગાથા આવે છે. સમજાણું? શ્વેતાંબરમાં આવે છે, આમાંય ક્યાંક આવતી હશે. સૂત્રનું જ્યાં ચાલ્યું... પણ છતાં આને પણ સૂત્ર કહેવું. '**सूत्रावतार**' એમ શબ્દ છેને? '**सूत्रावतार**', સૂત્રનો જન્મ થાય છે. સૂત્ર હવે આવે છે એમ. સૂત્ર હવે આવે છે. આહા..! '**મૂળગાથાસૂત્રકાર શ્રી કુંદકુંદાચાર્ય ગ્રંથના આદિમાં...**' ગ્રંથની શરૂઆતમાં '**મંગળપૂર્વક**

**પ્રતિજ્ઞા કરે છે :--**' મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છે. વંદન કરવું એ મંગળિક છેને. હજી આમાં તો કાંઈ મંગળ આવ્યું નથી. પણ ઈ મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છે, મંગળિક જ છે આ. એ સૂત્ર પોતે જ મંગળિક છે અને એમાં કહેતા ભાવો પણ બધા મંગળિક જ છે. ગ્રંથની આદિમાં મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છે. આહા..હા..! દેવ-શાસ્ત્ર-ગુરુને ત્રણેયને યાદ કરી, સ્મરી એને વંદન કર્યું એને મંગળિક કર્યું કહેવાય છે. અને એ મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છે કે હું આ કહેવા માગું છું.

**वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।**
**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।१।।**

નીચે હરિગીત.

**ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને**
**વંદી કહું શ્રુતકેવળી-કથિત આ સમયપ્રાભૃત અહો! ૧.**

ગતિમાં અનુસ્વાર આવ્યો અને અહીં ગતિમાં એમ આવ્યું, એમ કેમ? '**गदिं पत्ते**' છેને? ત્યાં અનુસ્વાર આવ્યો માથે. એટલે અહીં હેઠે નથી. એટલે એમ કે એમાં સમાઈ જાય છેને. એમ. અહીં તો હવે ૧૭મી વાર વંચાય છેને. દરેકનો શબ્દ સ્પષ્ટ કરવો જોઈએને. ગતિને અર્થમાં તો ગતિને છે. ગતિ છેને? એનો ગાથાર્થ પહેલો.

**ગાથાર્થ :-- 'આચાર્ય કહે છે : હું...'** અન્વયાર્થમાં ધ્રુવ પહેલું આવ્યું. આપણે અન્વયાર્થમાં ધ્રુવ લીધું, હરિગીતમાં ધ્રુવ લીધું પહેલું. આમ '**वंदित्तु सव्व सिद्धे**' કરીને પછી આ નાખ્યું. અહીંથી વિશેષ લીધું. હું એક ધ્રુવ એ વિશેષ ગતિ એવા સિદ્ધો સિદ્ધ ગતિને પામ્યા. અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં આવે છેને? આ સિદ્ધા મંગલં કર્યું. '**ધ્રુવ,...**' એનો અર્થ એક એકનો આવશે ટીકામાં. '**અચળ અને 'अनौपम्यां' 'અનુપમ-એ ત્રણ વિશેષણોથી યુક્ત ગતિને...**' એવા ભાવની જ્યાં હયાતી છે. આમ તો ગતિ તો આ પણ હયાતી છેને ચાર ચાર ગતિ, પણ આ ગતિ તો આવીને પામેલા એમ કહે છે. સમજાણું કાંઈ? જ્યાંથી પડવું નથી, ગતિ છે પણ ન્યાંથી આગતિ નથી પાછી. આ ચાર તો ગતિ ને આગતિ બેય છે. સમજાણું કાંઈ?

એવા ત્રણ વિશેષણોથી સહિત ગતિને. એવી સિદ્ધરૂપી પર્યાય--ગતિ, હયાતી એને '**પ્રાપ્ત થયેલ...**' '**प्राप्तान्**' છેને? પ્રાપ્ત થયેલ. છે એને વંદન કરે છેને? પ્રાપ્ત થયેલ છે. અનંત અનંત સિદ્ધો આવી ગતિને પ્રાપ્ત થયેલ છે. પ્રાપ્ત થશે એમ નહિ, થયેલ છે. આહા..! સમજાણું? '**એવા સર્વ સિદ્ધોને...**' આહા..હા..! સિદ્ધ એક નથી, સિદ્ધ ગતિને પ્રાપ્ત જીવ અનંત છે. અનાદિના અનંત છે, કુંદકુંદાચાર્ય સુધી પણ સિદ્ધની સંખ્યા અનંત છે. એવા સર્વ સિદ્ધોને.. એ તો અર્થમાં કરશે વિશેષ. કોઈ એક જ સિદ્ધને માને, એક જ ઈશ્વર માને મુક્તરૂપે એમ નથી. અનંત સિદ્ધો થયેલ છે.

**'પ્રાપ્ત થયેલ છે...'** એટલે સિદ્ધપણાની આ સ્થિતિને પ્રાપ્ત થયેલ છે. એવા... પહેલા પ્રાપ્ત નહોતા, એનો અર્થ થયોને? **'સર્વ સિદ્ધોને...'** એવા સર્વ સિદ્ધ ભગવાનને આ રીતે હું સિદ્ધના સ્વરૂપને જાણનારો. સમજાણું કાંઈ? **નમસ્કાર** કરું છું. જયસેનાચાર્યમાં તો લખ્યું છે, ભાવનમસ્કાર અને દ્રવ્યનમસ્કાર. નિર્વિકલ્પ આરાધ્ય અને આરાધક હું જ છું એમ થઈને અંદર નિર્વિકલ્પ શાંતિ પ્રગટવી એ ભાવનમસ્કાર છે. આરાધ્ય પણ હું અને આરાધક પણ હું એવી અભેદ સ્વરૂપની સમાધિ, એકતા એને ભાવનમસ્કાર કર્યો એમ કહેવામાં આવે છે. અને વચનથી કહેવું એ વિકલ્પ અંદર છે, એને દ્રવ્યનમસ્કાર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**'એવા સર્વ સિદ્ધોને નમસ્કાર કરી,...'** એની વ્યાખ્યા બીજી કરશે અંદર તો. **નમસ્કાર** કરીને એટલે મારા ને તમારા આત્મામાં સ્થાપીને. **'वंदित्तु'**ની વ્યાખ્યા જ આ કરશે. આદરું છું, અનંત સિદ્ધોને હું આદર કરું છું એ જ એનું વંદન છે. સમજાણું કાંઈ? અનંતા સિદ્ધો પ્રાપ્ત છે એવો અંદર વિશ્વાસ છે. સિદ્ધ ગતિને પ્રાપ્ત અનંત જીવો છે એવો એને વિશ્વાસ છે અને એવા સિદ્ધોને હું વાંદું છું. અહીં શબ્દ છે એ તો એટલો જ આવેને પછી. ટીકામાં તો વધારે કહેશે. **'वंदित्तु'**ની વ્યાખ્યા જ બીજી કરશે. **નમસ્કાર** કરું છું એનો અર્થ ભાવરૂપે અંદર **નમસ્કાર** અને દ્રવ્યરૂપે વાણી અથવા વિકલ્પ. અને આમ અનંત સિદ્ધોને મારી પર્યાયમાં સ્થાપુ છું. કહેતા વખતે સ્થાપુ છું એમ પાછું. સ્થાપેલા જ છે. હેં? આહા..હા..!

સર્વ સિદ્ધોને મારી પર્યાયમાં સ્થાપ્યા છે, સ્થાપુ છું અને પોતાના જ્ઞાનમાં પણ સર્વ સિદ્ધોને સ્થાપુ છું એમ કહે છે. મોટાના મહેમાન છે, મોટા મહેમાનને આમંત્ર્યા છે. આહા..હા..! મોટો એવો ભગવાન આત્મા એના મોટા સિદ્ધને આમંત્ર્યા છે. પધારો, પધારો, પધારો પ્રભુ! મારે ઘરે, મારા પર્યાયમાં પધારો! સિદ્ધ તો ત્યાંથી ઉતરે એવા નથી. સમજાણું કાંઈ? ભાવમાં એને આમંત્રણ આપ્યું આ રીતે. મારી પર્યાયમાં (પધારો). પર્યાય મારી અલ્પ છે. સિદ્ધની એક એક પર્યાય અનંત... અનંત... અનંત પ્રાપ્ત છે. પણ એ બધા મારી અલ્પજ્ઞ પર્યાયમાં પણ એને સ્થાપુ છું. મારી પર્યાય હિણી નહિ રહે હવે. સમજાણું કાંઈ? ઈ પોતે પાછું અમૃતચંદ્રાચાર્ય એમ કહેશે, ભાવ દ્રવ્ય બેય. શૈલી એવી લીધી છેને.

**'અહો!'** આ શબ્દ પડ્યો છે. આશ્ચર્યકારી અદ્‌ભૂત આનંદ સહિત જેનું કથન છે એવા **'શ્રુતકેવળીઓએ કહેલા...'** શ્રુતકેવળીના બે અર્થ આવશે--સર્વજ્ઞ વાણીવાળા. સિદ્ધને તો નમસ્કાર કરે છે, હવે કહેનારા શ્રુતજ્ઞાની અને કેવળીજ્ઞાની બેએ કહેલું છે આ સમયસાર. સમજાણું કાંઈ? **'इदं'** એવું આ, **'આ સમયસાર...'** આ સમયસાર કહીશ, આ સમયસાર. એવો આત્મા પોતે સમયસાર શુદ્ધાત્મા અને એની વાણી, એવા આ સમયસારને હું કહીશ. **'સમયસાર નામના પ્રાભૃતને...'** સમયપ્રાભૃત કહ્યું છેને. એ તો સમયસાર પ્રાભૃત એને **'કહીશ.'** લ્યો!

કોઈ કહે કે, વાણીથી તો કહેવાય નહિ, વળી કહીશ ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :-- શબ્દે શબ્દે વાંધા કાઢે.

ઉત્તર :-- વાંધા કાઢે. કહીશ કીધું કે નહિ એને? હું કહીશ. વાણી દ્વારા કહીશ, ભાવ દ્વારા કહીશ અને વાણી દ્વારા કહીશ. ભાઈ! સાંભળવામાં સંભળાવવું હોય ત્યારે તો એમ જ આવેને. સમજાણું કાંઈ? એથી કહ્યુંને ઓલામાં કહીશનો અર્થ કે, શ્રોતાઓ હું કહું છું એ સાવધાનપણે સાંભળજો. એમ. સમજાણું કાંઈ? હવે એની ટીકા, આ તો શબ્દાર્થ થયો.

**ટીકા :--** **'અહીં (સંસ્કૃત ટીકામાં)'** **'अथ प्रथमत'** એમ છેને? **'अथ'** લ્યો! પછી તો **'प्रथमत'** એટલે ગ્રંથની આદિમાં. **'एष'** શબ્દ વાપર્યો છે પહેલો ટીકાકારે. **'अथ'** એ મંગળિક છે, **'મંગળના અર્થને સૂચવે છે.'** એટલે કે ભગવાન આત્મા પોતાના સિદ્ધપદને સાધવાની દશા પ્રગટ કરી છે. એટલે **'अथ'** શરૂઆત કરી છે એ જ એનું મંગળિક છે. સમજાણું કાંઈ? **'अथ'** શબ્દ હવે આ, એમ (સૂચવે છે). અત્યાર સુધી હતું એ બીજું હતું પણ હવે તો હું શરૂઆત મારા સિદ્ધપદને પ્રાપ્તની દશા એ શરૂઆત છે એ જ **'अथ'** છે, એ જ મંગળિક છે. રતિભાઈ! તે દિ' પોગ્યા અને આજે પોગ્યા પાછા. તે દિ' નહોતા? ભાઈ હતાને, ચંદુભાઈ હતા, સાચી વાત. કહો, સમજાણું કાંઈ?

હવે કહીશ. જે ભાવ પ્રગટ્યો છે એ શરૂઆત થઈ છે. સિદ્ધપદનો દશાનો ભાવ પ્રાપ્તનો, ભગવાન ચિદાનંદ પ્રભુ એનો આ ... જે દશા પ્રગટી છે એટલે હવે નવી દશા થઈ છે. એ નવી દશાને **'अथ'** કહીને મંગળિક અર્થે એને યાદ કર્યું છે. આ તો તીર્થંકરની વાણીને ગોઠવી છે. આહા..હા..! સમયસાર તો જગતના, ભરતના ભાગ્ય આહા..હા..! કે આવી વાણી કેવળીને તીર્થંકરોને ભૂલાવે એવી વાણી છે આ!! સમજાણું કાંઈ? એના વિરહ ખટકે નહિ એવી આ વાણી છે. આહા..હા..!

**'अथ'** **'અમૃતચંદ્રાચાર્ય'** કહે છે, **'अथ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે.'** એટલે કે એનો અર્થ આ છે. હવે મારી દશા જે સિદ્ધપદને સાધવાની પ્રગટી છે એ જ **'अथ'** શબ્દથી મંગળિક કહેવામાં આવે છે. એ તો ઘણીવાર કહેવાયું છે, જ્યારે શરૂઆત કરીએ ત્યારે. ... સમજાણું કાંઈ? આહા..હા..! અમે કહેનાર અમારી સાધક દશા શરૂ થઈ ગઈ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એની શરૂઆત એના આશ્રયની થઈ ગઈ છે. આશ્રય પૂરો નથી એ વાત જુદી છે. સમજાણું કાંઈ? પણ શરૂઆત, પરમાત્મા પોતે એના અવલંબે મંગળિક દશા મોક્ષમાર્ગની પર્યાય એ શરૂઆત થઈ ગઈ. એ **'अथ'**માં સૂચવે છે. કહો, રતિભાઈ! તે દિ' બે જણા આવી ગયા હતા, આજ તમે વળી આ બે આવ્યા, નવોડિયા. કાલે ઓલું બધું આવે છે એટલેને? મોઢા આગળ. હેં? આહા..હા..! ભગવાન તું તો પૂર્ણાનંદનો નાથ છોને પ્રભુ! એ કહેનાર કહે છે કે, હું મારી દશા શરૂઆત થઈ ગઈ

છે સિદ્ધની પ્રાપ્તિ માટે. એવો હું આ સમયસારને કરીશ. સમજાણું કાંઈ? એટલે કહેનારા સિદ્ધાંતના કોણ હોય એ પણ આમાં નાખી દીધું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'ગ્રંથના આદિમાં...'** 'પ્રથમ' છેને શબ્દ સંસ્કૃતમાં? ઓલો **'અથ'**નો અર્થ થઈ ગયો. હવે **'પ્રથમત'** ગ્રંથની શરૂઆતમાં. આ સમયસાર સિદ્ધાંત એની શરૂઆતમાં, **'સર્વ સિદ્ધોને...'** અનંત અનંત સિદ્ધોને. ઓહો..હો..! ભગવાન! તારા જ્ઞાનની પર્યાયમાં અનંતા સિદ્ધોને સમાડી દીધા. અનંતા સિદ્ધો એનો એને વિશ્વાસ આવી ગયો છે. અનંત સિદ્ધ છે અને હું શરૂઆતવાળો એવા સિદ્ધને વંદન કરીને, આદર કરીને સિદ્ધાંતને હું કહીશ, સમયસારને હું કહીશ. પણ કેવી રીતે? એક સિદ્ધ નથી, અનંત સિદ્ધ છે. આહા..! અનાદિના અનંત પરમાત્મા એ હયાતીવાળી ગતિ એને પ્રાપ્ત થયેલ છે. સમજાણું કાંઈ?

એને હું, **'ભાવ-દ્રવ્ય સ્તુતિથી...'** ભાવ અને દ્રવ્યસ્તુતિ. ભાવ શબ્દે અંતર નિર્વિકલ્પ શાંતિ દ્વારા આરાધ્ય અને આરાધકનો ભેદ છોડી દઈને, અંતર રાગથી પૃથક થયેલો હું, હું પોતે જ આરાધક અને આરાધવા લાયક પણ હું અને આરાધવા લાયક મારી જે દશા. આરાધક એવું છે દ્રવ્યનું, મારી દશા આરાધવા યોગ્ય થઈ. એવી નિર્મળ દશાને અહીંયાં ભાવસ્તુતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :-- પરના આત્મામાં પણ આ રીતે....

ઉત્તર :-- હા, એ રીતે જ કહે છે. પરના આત્મામાં પોતે સ્થાપે છેને. ન્યાં એને થયું નથી. સ્થાપુ છું તને. આવો આત્મા છે એમ તું નક્કી કર એમ સ્થાપુ છું. ભાવસ્તુતિ કરીને કીધું છેને. નિમિત્ત ભાવવાળો તને ભાવ આમ આવો હોવો જોઈએ. એમ. ત્યારે એણે સિદ્ધને સ્થાપ્યા કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ?

સિદ્ધને વંદન કર્યું ક્યારે કહેવાય? એમ કહે છે કે, સિદ્ધની દશા એને ભાવે અને દ્રવ્યે નમસ્કાર ક્યારે કહેવાય? સમજાણું કાંઈ? અહીં તો ઊંચી જ વાત લીધી છે બધી. પાંચમીમાં કહે છેને, હું કહું છું એ પ્રમાણ કરજે. પ્રમાણનો અર્થ હા-એ નહિ. અનુભવ દ્વારા પ્રમાણ કરજે. સમજાણું કાંઈ? આહા..હા..! આજે જ અનુભવ દ્વારા પ્રમાણ કરજે પાછું. એમ નહિ કે, પછી કરજે એમેય નહિ. આવે છેને પ્રવચનસારમાં છેલ્લે? 'આ'. અહીં તો વર્તમાન ચાલતા કાળે જ તેની શરૂઆત કરી દે છે. એ કપુરભાઈ! આ બધા આવી ગયા વળી આ મંગળિકમાં, પહેલી ગાથામાં કુદરતે. આહા..હા..! આ તો માણેકસ્થંભ રોપાણા સિદ્ધપદના! સમજાણું કાંઈ?

ભાઈએ પ્રશ્ન કર્યો કે, ભાવથી જો હોય તો કહેનારને તો ભલે હો, પણ સાંભળનારને ક્યાં છે? સાંભળનારને તો સ્થાપે છે. એ તો પોતે સ્થાપે એવું જ એને સ્થાપે છે. હું કહું છું કે, તારી નિર્વિકલ્પ દશા આવી હોય તો એણે સિદ્ધને ભાવનમસ્કાર કર્યો કહેવાય. ગજબ વાત છે! મોટાના આમંત્રણ પણ મોટા હોય છેને? હેં? અને મોટાને માટે મોટી દશામાં

હોય છે. આહા..! અહીં તો ન પામે અને ન થાય એ વાત આમાં છે નહિ. એ તો કહેશેને આગળ, કે આ વાત સાંભળીને ના કહે એ દીર્ઘ સંસારીની અહીં વાત અમારે નથી. કળશમાં આવશે. આહા..હા..!

અરે..! આવો તારો સમય છેને પ્રભુ! અનંતા સિદ્ધોને આદર કરવો છે, વંદન કરવું છે. એ વંદન એકલા વિકલ્પ અને વાણી દ્વારા નહિ, એ તો દ્રવ્ય થઈ ગયું. સમજાણું કાંઈ? એ જ્ઞાનસ્વભાવી ભગવાન એમાં એકાગ્રતા (એ ભાવવંદન). ભૂલી જા બધું. આહા..હા..! આ છે. કહે છે કે, આવી સ્તુતિ કેવી? ભાવ અને દ્રવ્યથી બે સ્તુતિથી. આહા..હા..! કારણ કે, હું કાંઈ કેવળી નથી કહેનાર કે, જેને દ્રવ્યસ્તુતિનો વિકલ્પ ન હોય એમ કહે છે. સમજાણું કાંઈ? અને આ ન હોય તો તો એ દ્રવ્ય સ્તુતિ પણ નથી. ભાવસ્તુતિ જો ન હોય તો દ્રવ્ય સ્તુતિ પણ ન હોય. આહા..હા..!

એક જણો કહેતો હતો કે, સમયસાર તો પંદર દિ'માં શીખીને વાંચી ગયો. નવ તત્ત્વની વાત છે. બાપા! નવ શું, એકની વાત છે લે. પણ ઈ એકની વાત સમજવામાં ભાઈ! તારે અંતર્મૂહર્ત તો જઘન્યમાં જઘન્ય જોશે. એમાં આ વાંચી ગયો કે આ વાંચી ગયો. બાપા! એ વાંચન આકરા છે ભાઈ! આ તો પરમેશ્વરના પગલા તપાસવા છે. પરમેશ્વર કઈ કઈ પર્યાયે પ્રાપ્ત થયા (એ તપાસવું છે). સમજાણું કાંઈ? આહા..હા..!

અહો..! ભાવથી અને દ્રવ્યથી સ્તુતિ એટલે વંદનનો અર્થ જ સ્તુતિ કહે છે અહીં તો. ભાવથી અંદર વંદન મારી પર્યાયમાં નિર્વિકલ્પતા મેં તો કરી છે, સ્થાપી છે તો એ સ્થાપુ છું કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વ સિદ્ધોને... મોટાને મહેમાન તરીકે આમંત્રવા હોય તો એની તૈયારી ઘણી જોઈએ. હેં? કંઈ સાધારણ નથી. એમ અનંતા સિદ્ધોને વંદન કરવું છે. એને અંદર પર્યાયમાં ઘણી અંદર શુદ્ધતાનો અંશ અને વિકલ્પનો ભાગ એને અહીં બે સ્તુતિ કહેવામાં આવે છે. કારણ કે સ્તુતિ કરનાર છદ્મસ્થ છે, સ્તુતિ કેવળી ન કરી શકે. કેવળી વળી કાંઈ સ્તુતિ કરે નહિ કોઈની, સિદ્ધની પણ. સમજાણું કાંઈ? એટલે પોતાની છદ્મસ્થ અવસ્થા સાધક અને સાથે વિકલ્પ, બેની દશાનું વર્ણન જણાવે છે. સમજાણું કાંઈ?

'**સર્વ સિદ્ધોને ભાવ...**' ભાવસ્તુતિથી એમ લેવું અને દ્રવ્યસ્તુતિથી એમ લેવુંને એની સાથે? હેં? ભાવસ્તુતિથીનો અર્થ જ નિર્વિકલ્પ શાંતિ. જેમાં ભેદપણું નથી, આરાધક હું અને આરાધ્ય ભગવાન એવો ભેદ રહે તો તો દ્રવ્યસ્તુતિ અને વિકલ્પ છે એ તો. સમજાણું કાંઈ? પણ હું જ આરાધક અને હું દ્રવ્ય સ્વભાવ મારો આરાધ્ય. આહા..હા..! ભાઈ! આ તો સિદ્ધની કથા છે, આ કોઈ વાર્તા નથી. આ તો ચૈતન્ય ચિંતામણી રત્નની શરૂઆત થઈને પદને પૂર્ણને પામવું છે. એ પામવાના છે એ આ રીતે ભાવ-દ્રવ્યથી સ્તુતિ કરે છે. ભાવ-દ્રવ્ય સ્તુતિથી... વંદનમાંથી સ્તુતિ કાઢી. હેં? '**वंदित्तु**' એટલે કે સ્તુતિ કરીને, એટલે કે પોતાની

પર્યાયમાં નિર્વિકલ્પતાનો ભાવ અને એ વિકલ્પ, એ રીતે અનંતા સિદ્ધોને અહીં સ્થાપ્યા. સમજાણું કાંઈ?

**'પોતાના આત્મામાં...'** લ્યો! કહેનાર પોતાના આત્મામાં. આહા..હા..! રચના તે રચના છેને! પોતાના આત્મામાં ભાવસ્તુતિથી અને દ્રવ્યસ્તુતિથી એવા અનંતા સિદ્ધોને સ્થાપીને. ન્યાં સ્થાપ્યા. એમ **'પરના આત્મામાં સ્થાપીને...'** દેખો! આહા..હા..! પોતાના આત્મામાં પણ આમ સ્થાપીને. ગજબ વાત કરે છેને! હેં! અમારા શ્રોતા આવા હોય એમ કહે છે. સમજાણું કાંઈ? એટલો વિશ્વાસ છે કે આવા શ્રોતા હોય. આહા..હા..! ચેતનજી! આવું આ મંગળિક તો જુઓ! હેં? આનંદની દશા સહિત છેને? એવી **'સ્તુતિથી પોતાના આત્મામાં તથા પરના આત્મામાં સ્થાપીને...'** તમારી પર્યાયમાં પણ એટલી મોકળાશ છે કે, રાગથી જુદા થઈને અનંતા સિદ્ધોને સ્થાપુ છું. આહા..હા..! તારા રાગથી, તારા સ્વભાવમાં એટલી પૃથકતા છે. એથી પૃથકતાનાં અંદરમાં હું અનંતા સિદ્ધને સ્થાપુ છું એમ કહે છે. એ.. વજુભાઈ! એટલી મોકળાશ છે, તારે માટે મોકળાશ જ છે એમ કહે છે અહીં તો. આહા..હા..! એવા પરમાત્મામાં સ્થાપીને.

આ તો હવે ૧૭મી વાર છે એટલે સવાયા પૂજેને માથે. હેં? સત્તર આના કહે પણ ઈ સવાયા થાય છે. આહા..હા..! ભગવાન! તું ક્યાં નાનો છો કે જેના પર્યાયમાં અનંતા સિદ્ધ ન સમાય. એમ કહે છે. હેં? અરે..રે..! અનંતા કેવળીઓ જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જણાણા એવા એવા અનંતા કેવળીઓને એક સમયની પર્યાયમાં સ્થાપે છે. એનું વીર્ય ઝુકી ગયું છે દ્રવ્ય તરફ. સમજાણું કાંઈ? એવા શ્રોતાને પણ કહે છે કે, તું સાંભળનારો આવો હો. આહા..હા..! ભગવાનની શ્રેણીમાં આવનારો, બેસનારો તું છો. તું સંસારની શ્રેણીમાં રહે એવો તું નહિ એમ કહે છે. એ સમજાણું કાંઈ? આહા..હા..! સવારે વિચાર આવ્યો હતો, કીધું, પણ કાલે આવશે એને પણ શરૂઆત થઈ જશે. ત્યાં તો આવ્યા. આહા..હા..! થોડું પણ સત્યનું જે સ્વરૂપ છે એવું આવવું જોઈએ. લાંબી લાંબી મોટી વાતું કરીને અંદર ભાવ જે સત્ય છે એ ન આવે તો એ વસ્તુ શું? સમજાણું કાંઈ?

એવી સ્તુતિથી પોતાના આત્મામાં. એટલે આત્મામાંનો અર્થ પર્યાયમાં. અને બીજાના આત્મામાં એમ શબ્દ પડ્યો છેને અહીં તો. ભાષા તો આત્મામાં કીધું છે. તો આત્માના દ્રવ્યમાં? સમજાણું કાંઈ? એની પર્યાય જે નિર્મળ છે એ આત્મા એમ. નિર્મળ પર્યાય છે એ આત્મા. એમાં મને અને તને, મારામાં અને તારામાં આવા નિર્મળ પર્યાયમાં અનંત સિદ્ધોને સ્થાપીને **'આ સમય નામના પ્રાભૃતનું...'** આ શુદ્ધાત્મા અને શાસ્ત્ર સમયપ્રાભૃત એનું **'ભાવવચન અને દ્રવ્યવચનથી પરિભાષણ શરૂ કરીએ છીએ...'** આ શરૂ કરીએ છીએ. મંગળિક છેને. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે ભાવવચન. ભાવવચનનો અર્થ વિકલ્પ

નથી અહીં. સમ્યગ્જ્ઞાનનો ઉઘાડ ભાવ એની ધારામાં જે કથનમાં જે જ્ઞાન નિમિત્ત થશે એ જ્ઞાનને અહીં ભાવવચન, ભાવજ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કથનમાં, વાણીમાં, વિકલ્પમાં નિમિત્ત જે જ્ઞાન થશે એ જ્ઞાન ભાવવચન કહેવામાં આવે છે. એ જ્ઞાનની ક્ષયોપશમ જે ધારા એ વચન ભાવવચન પરિભાષણ કરું છું. એનો અર્થ કરશે પરિભાષણનો. જ્યાં જ્યાં જોઈએ ત્યાં ત્યાં તે શબ્દો ગોઠવાઈ જશે. અને જ્યાં જ્યાં ભાવજ્ઞાન જોઈએ ત્યાં ત્યાં તે જ પ્રકારે ગોઠવાઈને નીકળશે. સમજાણું કાંઈ? આ સમય નામના સારનું, પ્રાભૃત એટલે સાર. અથવા પ્રાભૃત એ સિદ્ધાંતનું નામ. ભાવવચન, ભાવવચન શું વળી? વાણી શું? ઈ ભાવવચન એટલે? એટલે વિકલ્પ અને વાણીમાં જે જ્ઞાનની સમ્યક્ ધારા નિમિત્ત થાય તે જ્ઞાનની ધારામાં આમ છે... આમ છે... આમ છે... એમ કહેશેને? એ જ્ઞાનમાં એ વાત આવી ગયેલી છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં એ વાત તરવરે છે અંદર ભાવમાં. આમ કહું છું, આ સમયસાર, આ શુદ્ધ આત્મા, આ દ્રવ્ય વસ્તુ, આ '**भूदत्थमस्सिदो खलु**'. આહા..હા..! કહે છે કે, એવા ભાવવચન એટલે ક્ષયોપશમ જ્ઞાન, સમ્યક્ ક્ષયોપશમજ્ઞાન અને દ્રવ્યવચન એટલે વાણી. અંદર વિકલ્પ એને પણ દ્રવ્ય કહેવાય. એ દ્વારા પરિભાષણ, પરિભાષણ પરિ એટલે સમસ્ત પ્રકારે, ભાષણ એટલે જ્યાં જ્યાં જે જોઈએ ત્યાં ત્યાં તે કહેવાય તે. ત્યાં ત્યાં તે ભાવ આવશે અને વાણીમાં એમ કહેવાશે. સમજાણું કાંઈ?

'**પરિભાષણ શરૂ કરીએ છીએ...**' એ અંતરનું સ્વસંવેદન જે જ્ઞાન એની પર્યાય દ્વારા આ આમ થાશે, આમ કહેશું એવા વિકલ્પો અને વાણીને કાળે પણ એ જ્ઞાન ધારા તે તે સમયે આવી થશે અને તે તે સમયે વિકલ્પ ને વાણી પણ આવી હશે. સમજાણું કાંઈ? કહો, પંડિતજી! છે એમાં આવું? આ તો અમૃતચંદ્રાચાર્ય અને કુંદકુંદાચાર્ય. આહા..હા..! અરે..! જેણે ભગવાનને કાંડા ઝાલીને પકડ્યા છે હાથમાં. ભગવાન થયે જ છૂટકો છું હવે એમ કહે છે. સમજાણું કાંઈ? અમે આ શરૂ કર્યું છે અને શરૂ કરીએ છીએ, પૂરું થઈ ગયું છે લખાણ. જુઓ! ભાષાય જુઓને, આહા..! હજી બીજાને તો, 'ટોડરમલ્લ' જેવાએ મોક્ષમાર્ગ પ્રકાશક શરૂ કર્યું (પણ) પૂરું ન થયું. આહા..! અહીં તો અમે જે શરૂ કર્યું છે એ અમારું પૂરું થશે અને કથનનું સમયસાર પણ પૂરું થશે. થઈ ગયુંને? આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે આ ભગવાન આત્મા એને પકડીને જે શરૂઆત થઈ છે એ શરૂઆતની ધારા ક્રમે ક્રમે પર્યાયમાં જે આવશે એ દ્વારા વિકલ્પ અને વાણીમાં, આ નિમિત્ત થશે એટલે ભાવ દ્વારા અને વાણી દ્વારા આ શાસ્ત્રને અમે કહેશું. સમજાણું કાંઈ?

'**એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે.**' કહો, સમજાણું? '**એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે.**' લ્યો! આહા! તમે કહો કે વાણી કહે નહિ... દ્રવ્યવચનનું પરિભાષણ શરૂ કરીએ છીએ, વાણીને બોલવાની પદ્ધતિ પણ શરૂ કરીએ છીએ. મીઠાભાઈ! ભાવને શરૂ કરો છો એ તો બરાબર

છે, પણ વાણીને અમે શરૂઆત કરીએ છીએ કે, આ સમયપ્રાભૃત આમ છે એમ શરૂ કરીએ છીએ. બાપુ! એ નિમિત્તના કથનો એવા જ હોય. અહીં તો બેય સાથે રાખીને વાત છેને. સમજાણું કાંઈ? આહા..હા..!

આપણે આવી ગયું છે વાણીનું, બીજા શ્લોકમાં. વાણી કેવી છે સર્વજ્ઞની, શ્રુતજ્ઞાનીની? સમજાણું કાંઈ? અનુભવનશીલ, અનુભવનશીલ વાણી એમ આવ્યું હતું. અનુભવનશીલ એટલે? એ સર્વજ્ઞ પર્યાય છે કે શ્રુતજ્ઞાનની પર્યાય છે એને અનુસરીને થયેલી વાણી છે. વાણી તો વાણીને કારણે (થાય છે) પણ આમાં નિમિત્તપણું આવું છે એટલે અનુભવનશીલ--સર્વજ્ઞની વાણી સર્વજ્ઞને અનુસરીને થવું એવો જે વાણીનો સ્વભાવ છે. અનુભવનશીલ એ સર્વજ્ઞ પદ અને અહીં ક્ષયોપશમજ્ઞાન પદ. સમજાણું કાંઈ? ક્ષયોપશમજ્ઞાન પદ ધારા અને વાણી તે વખતે નીકળે એનો સ્વભાવ પણ અનુભવનશીલ છે. તે તે જ્ઞાનમાં, ધારામાં જેમ જેમ કહેવું છે, જે જ્ઞાનને જાણવામાં છે એવી જ વાણી ત્યાં પરિણમશે. એને હું કહું છું એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એમ શ્રી કુંદકુંદાચાર્ય, ભગવાન કુંદકુંદાચાર્ય આમ કહે છે. નિમિત્તપણે એના કથનોમાં એનો આત્મા છે એટલું કહેવું છે. સમજાણું કાંઈ?

**'એ સિદ્ધ ભગવંતો,...'** હવે એ સિદ્ધ ભગવંતની વ્યાખ્યા આવે છે. આહા..હા..! ણમો સિદ્ધાણં, ણમો સિદ્ધાણં ગોખે જાય. પણ સિદ્ધ કોને કહેવા અને શું સ્વરૂપ છે એની ખબરું વિના ણમો સિદ્ધાણં એ બધા વિકલ્પ છે એકલા. સમજાણું કાંઈ? અહીં તો ભાવથી ણમો સિદ્ધાણં કર્યું છે. વાસ્તવિક સિદ્ધનું સ્વરૂપ એવું જ્ઞાનમાં આવીને એની પર્યાયમાં, દ્રવ્યના આદરવાળી પર્યાયમાં એને સિદ્ધને સ્થાપ્યા છે. સમજાણું કાંઈ? એવા સિદ્ધો. કોને અમે સ્થાપ્યા? એ સિદ્ધ કેવા છે? કહે છે. સમજાય છે કાંઈ? એ અમારે ઘરે મહેમાન આવ્યા એને બહુ અમે તજવીજ ને ધ્યાન રાખ્યું હતું. પણ એ મહેમાન કેવા છે? હવે કહે છે. મહેમાન એવા છે કે, જે આવું કરવું જોઈએ એને. સમજાણું કાંઈ? આહા..હા..!

પ્રવચનસારમાં તો એમ આવે છે, અરે..! અમારી દીક્ષા... સ્વયંવર. અમે પોતે સ્વયં પસંદ કરીને અમારી નિર્મળ દશાને પ્રગટ કરી એને વર્યા છીએ અમે. એવા સ્વયંવરમાં પ્રભુ પધારો મહારાજ! અમારો દીક્ષાનો મહોત્સવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ દીક્ષા આ બહારના લઈને (બેસે) એ દીક્ષા નહિ. અમારા આનંદ સ્વરૂપની રમણતા એવી જે દીક્ષા એ અમે સ્વયંવર છીએ અમે, પોતે પસંદ કરી છે દશાને. એમાં પ્રભુ સિદ્ધો પધારો. અને મોટા પુરુષના અમારા માંડવે પધારેલા એ માંડવાની કન્યા (પાછી) ન જાય. સમજાણું કાંઈ? મોટા જેના લગનમાં મોટા પુરુષો કરોડોપતિને રાખ્યા હોય એ કન્યા ન ફરે. મોટા અવાજ... ટાઈમ થઈ ગયો, સાત ને પચ્ચીસ. ટાઈમ જાય છે, સમય વર્તે સાવધાન એમ બોલેને? હેં? ગોટો વાળે અંદરથી કે આ ગૃહસ્થ માણસ છે, અત્યારે પચાસ હજાર, લાખ, બે લાખ

લઈશું તો લાવશે. કારણ કે ગડબડ કરે. હોય ગૃહસ્થનો દીકરો સાધારણ અને ઓલા આવ્યા હોય મોટા સાથે. વાર લાગે તો જાય ઓલો અંદર. શું છે? આટલા પૈસા આપો તો પરણાવશું, નહિતર... હાર કાઢીને આપે. એ.. પોપટભાઈ! હાર હાથમાં હોય અને વરની કન્યા જાય? ગૃહસ્થ છેને. હેં? પહેલા હતું, વાત સાચી. એવું હતું. આને ખબર ન પડવા દે. ટાઈમ થઈ ગયો આ, પા કલાક વાર છે. તૈયાર કર. શું જોઈએ છે? પચાસ હજાર.

એમ સિદ્ધના જેને આમંત્રણ આપીને આંગણે પધાર્યા એ અમારી સિદ્ધપદની પર્યાય ન ફરે એમ કહે છે. અમે અપ્રતિહત ઉપડ્યા છીએ તે સિદ્ધપદને લેવાના છીએ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! દ્રવ્ય પાછું ફરે તો અમારા દ્રવ્યની આશ્રયની પર્યાય પાછી ફરે. એવી રીતે અમે સિદ્ધને આદર્યા છે. આહા..હા..!

કેવા છે ભગવાન? '**સિદ્ધપણાને લીધે,...**' સિદ્ધ ભગવંતો સિદ્ધને કારણે. એની નિર્મળ પૂર્ણ દશા પરમાત્મા સિદ્ધ ભગવાનને થયેલી છે એને કારણે, '**સાધ્ય જે આત્મા...**' અહીં તો અમારો આત્મા જ સાધ્ય છે કહે છે. એના પ્રતિચ્છંદને સ્થાને છે. પડઘો પડઘો સમજો છો? પ્રતિઘાત. તમે સિદ્ધ છો એમ શબ્દ કરો તો સામે શબ્દ આવે કે તમે સિદ્ધ છો. પડઘો નથી પડતો? પ્રતિઘાત--અવાજ. પ્રતિધ્વનિ સામે. તમે સિદ્ધ છો હે નાથ! તમે સિદ્ધ છો. અવાજ સામો આવે કે હે નાથ! તમે સિદ્ધ છો. સમજાણું? એ પ્રતિચ્છંદ છે. જુઓ! '**સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદ...**' સામે પડઘો છે એનો, પડઘો નથી શબ્દ? હિન્દીમાં શું છે? પડઘા, પ્રતિઘાત, પ્રતિધ્વનિ શબ્દ હશે. અમારે અહીં ભાષા પડઘો છે. મોટુ અહીં રાણપુરમાં છેને. પડઘા, પ્રતિઘાત. અવાજ સામો આવે અને અવાજ આમ કરો તો એ અવાજ સામો આવે. પ્રતિધ્વનિ.

તમે પૂર્ણાનંદના નાથ છો, તો સામે આવે કે તમે પૂર્ણાનંદના નાથ છો. હે નાથ! આપે સિદ્ધપદને પ્રાપ્ત કર્યું છે. એવો અવાજ ઉઠાવો તો હે નાથ! તમે સિદ્ધપદને પ્રાપ્ત કરશો, કર્યું છે એમ સામે અવાજ આવે. સમજાણું કાંઈ? આ તો મોટાના ઘરની વાતું છે. હેં? કહે છે, એવા સિદ્ધ પ્રતિચ્છંદને આત્મા સાધ્ય છે પૂર્ણ પર્યાય જેણે પ્રગટ કરી છે અથવા પૂર્ણ આત્મા જે સાધ્ય છે તેના સામા પ્રતિધ્વનિને સ્થાને છે સિદ્ધ ભગવાન. સમજાણું કાંઈ? આ રાણપુર છેને મોટું બહાર? ... ગામમાં જ્યાં અવાજ આવે તો ન્યાંથી અવાજ આવે. હોય ત્યાં જાન ગામમાં અને અવાજ બંધૂક ફૂટેને, અવાજ ન્યાંથી આવે એવું લાગે. ત્યાં એવો પત્થરનો બંગલો છેને. .... ત્યાંથી ધ્વનિ આવે.

મુમુક્ષુ :-- એ પ્રતિધ્વનિ.

ઉત્તર :-- પ્રતિધ્વનિ. કહો, સમજાણું કાંઈ?

કહે છે, સાધ્ય જે આત્મા. સાધ્ય તો આત્મા છે, ધ્યેય તો આત્મા છે. એને સ્થાને

સિદ્ધ છે, પ્રતિચ્છંદ છે. સમજાણું કાંઈ? **'પ્રતિચ્છંદના સ્થાને છે,...'** આહા..હા..!

એમ **'જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો...'** વળી કહે કે સિદ્ધ તો પર છે. પરનું ચિંતવન તો વિકલ્પ આવે. એઈ..! **'જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો...'** એમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો. એમાં અભવી નહિ. હેં? આહા..હા..! **'સંસારી ભવ્ય જીવો ચિંતવન કરીને,...'** એનો અર્થ કે સિદ્ધ છું એવું અંદર ધ્યાન કરીને. સમજાણું કાંઈ? 'સિદ્ધ સમાન સદા પદ મેરો' હું તો સિદ્ધ સ્વરૂપે ત્રિકાળ છું. એમ અંતરના ધ્યાનમાં ધ્યેયને પકડીને. ચિંતવન કરીને એટલે ધ્યાન કરીને. ખરો તો અર્થ (એ છે), હોં! પણ એ ભાષા તો એમ જ આવેને. સમાધિશતકમાં એમ આવે છે કે, ભાઈ! દીવે દીવો થાય અને કોઈ ઝાડ પોતે જ પ્રગટ થઈને અગ્નિ થાય પોતાની મેળાએ. (એમ) બે આવે છે. સમજાણું કાંઈ? સમાધિશતકમાં બે પ્રકાર આવે છે. એક તો પર પરમાત્મા એનું ચિંતવન કરીને ધ્યાનાગ્નિ પ્રગટે અને કાં ઝાડમાં સહજ પોતે પોતાથી થઈને, એના યોગ્ય ઘસાઈને અગ્નિ પ્રગટે, એમ કોઈને સિદ્ધ આદિ પરમાત્મા એનું ચિંતવન કરતાં ધ્યાન પ્રગટે અને કોઈને સીધું આત્માથી સીધો આત્માનો પર્યાય અંદર ઘસાઈને આનંદ પ્રગટે. ભાઈ! આવે છે સમાધિશતકમાં બે બોલ આવે છે. સંતોની વાત, દિગંબર મુનિઓની વાત તો ગજબ વાતું છે! ટંકોત્કીર્ણ વજ્ર ભાષા જેવી એની વાણી છે. એનો ભાવ વજ્ર જેવો છે. સમજાણું કાંઈ? આ તો વસ્તુની સ્થિતિ છે હોં! એમ કહીને બીજા ઓછા છે એમ નથી. બાપુ! એને તમે સમજોને. એથી કરીને બીજાને હલકા કરીને એનો તિરસ્કાર કરવો છે એમ નથી. વસ્તુનું સ્વરૂપ છે એવું આ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય...'** એ તો એમેય સિદ્ધ કર્યું કે, સંસારી જીવ છે. જેમ સિદ્ધ છે એમ સંસારી પણ છે. હવે સિદ્ધનું ધ્યાન કરીને સંસારી સિદ્ધપદને પામે ત્યારે એ પર્યાય નિર્મળ પામે છે. મલિન પર્યાય જઈને નિર્મળ થાય છે. એ **'ચિંતવન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને,...'** સિદ્ધના સ્વરૂપ જેવો હું છું. સમજાણું કાંઈ? મારું દ્રવ્ય ને ગુણ તો સિદ્ધ સ્વરૂપે છે. એવું પર્યાયમાં પણ સિદ્ધપણું પ્રગટ કરવા જે તેના સમાનનું સિદ્ધનું ધ્યાન કરે. કહો, સમજાણું કાંઈ? **'પોતાના સ્વરૂપને ધ્યાઈને,...'** એ વાત આવી હતી, નહિ? તત્ત્વાનુશાસનમાં. કે, પ્રભુ! તમે અરિહંતનું ધ્યાન કરો છો. તો અરિહંત તો તમે નથી માટે તમારું ધ્યાન નિરર્થક છે. ભાઈ! ભગવાન! તને ખબર નથી. અમે પોતે અરિહંત જ છીએ અંદર. સમજાણું કાંઈ? અને અમે અરિહંત નથી એમ પર્યાયથી તું કહે છો પણ અમે અરિહંત છીએ. અંદર ભગવાન અરિહંતસ્વરૂપ જ, સિદ્ધસ્વરૂપ જ છે. એનું ધ્યાન કરવાથી શાંતિ મળે છે તો એ અરિહંતનું ધ્યાન નિરર્થક નથી. સમજાણું? એ અરિહંત નથી માટે ધ્યાન કરીએ છીએ એમ નહિ. આહા..હા..! આહા..! અહો...! વીતરાગી અમૃત

રેડ્યા છે સંતોએ. એમાં એને પોતાને જ્યારે એનું ભાન થાય ત્યારે એની કિંમત એને આવે એવી વાત છે.

કહે છે, એ પોતાના સ્વરૂપને એટલે પોતે સિદ્ધસ્વરૂપ છે એમ અંદરમાં એકાગ્રતા કરતાં જે આનંદ અને શાંતિ આવે એ સાચો સિદ્ધ છે તો આવે છે, ખોટો સિદ્ધ હોય તો ધ્યાન કરતા આવે નહિ. '**તેમના જેવા થઈ જાય છે...**' લ્યો! સિદ્ધનું ધ્યાન કરીને સિદ્ધ જેવા થઈ જાય છે. બસ, એટલી વાત છે. બીજી વિશેષ આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૧૨, રવિવાર, તા. ૧૪-૧૧-૧૯૭૧
## ગાથા-૧, પ્રવચન-૮

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર. હજી શરૂઆતની પહેલી ગાથા મંગળિકને અર્થે ભગવાન કુંદકુંદાચાર્ય ગાથા સૂત્ર તરીકે કહે છે. સૂત્ર કહ્યુંને? '**सूत्रावतार**' એમ કહ્યું. ત્યાં સુધી આવ્યું છે આપણે. ત્યાંથી લેવું છેને, આવ્યું ઈ પછી. '**અહીં (સંસ્કૃત ટીકામાં) 'अथ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે.**' એટલે શું? કે આત્માને ધર્મની શરૂઆત થઈ છે એ '**अथ**' સૂચવે છે. એટલે કે હવે અનાદિ કાળનો સંસાર જે અજ્ઞાનરૂપ હતો એને આત્માના જ્ઞાનના સ્વભાવના આશ્રયે સાધકપણું જે પ્રગટ થયું છે એ મંગળિક '**अथ**' એ જ મંગળિક છે, શરૂઆત થઈ મારી. આહા..!

હું આત્મા છું, શુદ્ધ આનંદ ને જ્ઞાનનો પુંજ છું. એનું સાધકપણું મને પ્રથમ શરૂઆત થઈ છે, એમ કહે છે. એનું નામ જ '**अथ**' એટલે શરૂઆત, હવે અનાદિનું નહિ પણ હવે. સમજાણું કાંઈ? હું એક આત્મા છું અને એ આત્માનો આનંદ અને જ્ઞાયક સ્વભાવ એ મને પર્યાયમાં પ્રગટ્યો છે, એની શરૂઆત થઈ ગઈ છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**એ મંગળના અર્થને સૂચવે છે.**' આહા..હા..! પછી '**प्रथमत**' એમ છેને ટીકામાં. '**ગ્રંથના આદિમાં...**' પ્રથમ એટલે આદિ. મહા સિદ્ધાંત છે આ તો. '**પ્રથમ આદિમાં સર્વ સિદ્ધોને...**' બધા

સિદ્ધોને એમ કહીને એક સિદ્ધ નહિ. અત્યાર સુધી અનંત સિદ્ધ થઈ ગયા. છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ મુક્તપણાને પામે. તો એ પ્રમાણે અનંત પુદ્‌ગલપરાવર્તન થયા તો અનંતા અનંતા સિદ્ધ થયા. કોઈ એક જ ઈશ્વરને સિદ્ધ છે એમ કહે એનો આમાં નિષેધ થાય છે. સમજાણું કાંઈ?

અનંત સિદ્ધો એટલે જે છે એ બધા સિદ્ધોને '**ભાવ-દ્રવ્ય સ્તુતિથી...**' મારા આત્માના શુદ્ધતાની એકતા, મારી શુદ્ધતાની એકતા એ મારી ભાવસ્તુતિ છે. સમજાણું કાંઈ? જેમ કેવળીની સ્તુતિ એટલે ૩૧ ગાથામાં કહ્યું કેવળીની સ્તુતિ એટલે શું? એનો અર્થ ઈ કે, આત્મા ઈન્દ્રિયથી પાર, ભાવઈન્દ્રિય ખંડ ખંડ જ્ઞાન, દ્રવ્યઈન્દ્રિય અને એનો વિષય વીતરાગની વાણી હો તોપણ એ બધું ઈન્દ્રિય છે. આહા..! એ ઈન્દ્રિયને જીતીને એટલે કે અતીન્દ્રિયના સ્વભાવના સાધકપણામાં જે આવ્યો એ કેવળીની સ્તુતિ છે. આહા..! સમજાણું કાંઈ?

એમ અહીંયાં કહે છે હું આ એક સમયસારને કહીશ પણ મારા ભાવસ્તુતિ નિર્વિકલ્પ, રાગ અને પુણ્યના વિકલ્પ અને મનના સંબંધ વિનાની મારી આરાધ્ય આરાધક એકરૂપ હું છું. આરાધક પણ હું અને આરાધ્ય પણ હું. એવી જે અંતર નિર્વિકલ્પ શાંતિ એનું નામ અહીંયાં ભાવસ્તુતિ કહેવામાં આવે છે. અને વિકલ્પ ઉઠ્યો છે જરી અને આ વચનો નીકળે છે એને દ્રવ્યસ્તુતિ કહે છે. સમજાણું કાંઈ? એ તો ઠીક, ભાવસ્તુતિ અને દ્રવ્યસ્તુતિથી પોતાના આત્મામાં, મારા આત્માની અંદર પર્યાયમાં આવી સ્તુતિ વડે, આવા આદર વડે અનંતા સિદ્ધને મારી પર્યાયમાં હું સ્થાપું છું. આહા..હા..! અનંતા સિદ્ધોને આંગણે બોલાવ્યા છે. અહીંયાં નિર્મળ પર્યાયની તાકાત અલ્પ હોવા છતાં એમાં અનંતા સિદ્ધને સ્થાપ્યા છે. આ આનું નામ સિદ્ધને વંદન કર્યું એમ કહેવાય છે. સમજાણું કાંઈ? ભાઈએ માંગ્યું આ તમારી વતી પાછું કહીને. સમજાણું કાંઈ? કાલ વાત આવી ગઈ છે આ, બેય હતા મોવડી. તમારા મોવડી છેને બેય. એક ઉપદેશક તરીકે અને એક શેઠાય તરીકે. આહા..હા..!

ગજબ વાત છે! આ સમયસાર એટલે પરમાત્માની સીધી દિવ્યધ્વનિ એનો સાર. કહે છે હું મારા આત્મામાં સિદ્ધોને વંદન કરું છું એટલે કે એ અનંતા સિદ્ધો એક એક સિદ્ધ અનંત કેવળજ્ઞાનને ધરનાર. અનંત આનંદ ચતુષ્ટયને ધરનાર, અરે..! અનંતા ગુણની નિર્મળ પર્યાયના ધરનાર, ... વેદનાર એવા અનંતા સિદ્ધોને હું અલ્પજ્ઞ પ્રાણી પર્યાયમાં હોવા છતાં એટલા અનંતગુણા સર્વજ્ઞોને મારી પર્યાયમાં સ્થાપુ છું. સમજાણું કાંઈ? એ મારું સિદ્ધો પ્રત્યેનું વંદન અને સ્તુતિ છે. અને આ વાણી જે થશે અને એની પાછળ વિકલ્પ છે એ દ્રવ્યસ્તુતિ છે. એટલે તો તો ઠીક પણ... કાલ તો પ્રશ્ન કર્યો હતો ને ભાઈએ કે, ભાવ-દ્રવ્ય સ્તુતિ મુનિ પોતે કરે છે એ તો ઠીક, પણ મારા આત્મામાં ને પરના આત્મામાં એના આત્મામાંય ભાવસ્તુતિ ને દ્રવ્યસ્તુતિવાળો આત્મા છે એને એનામાં આત્માને સ્થાપુ છું. સમજાણું કાંઈ?

આહા..હા..! શ્રોતા એવા લીધા છે કે, જેની અંતરમાં સ્વભાવ તરફની શુદ્ધતાની એકતાનો અંશ છે એ ભાવસ્તુતિ છે અને એને સાંભળવામાં વિકલ્પ ઉઠ્યો છે બહુમાનપણાનો સિદ્ધ પ્રત્યે, એ દ્રવ્યસ્તુતિ છે. એવા શ્રોતાના જ્ઞાનની પર્યાયમાં હું આવા સ્તુતિ કરનાર જીવના અને મારામાં સિદ્ધને સ્થાપુ છું. આહા..હા..! મોટી વાત!

ભાઈ! તું પરમાત્માના ઘરનો જ છો, તું પરમાત્મા છો. એવું જ અમે તને પહેલી જ રુચિને ઘાએ (કહીએ છીએ). અંદરમાં હું પરમાત્મા છું. કોઈ પરને લઈને મને લાભ થાય એવો હું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે શ્રોતા, ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, મારામાં એ ભાવ-દ્રવ્ય સ્તુતિ દ્વારા સિદ્ધ ભગવંતોને સ્થાપીને. છેને? સર્વ સિદ્ધોને એ ન્યાં રાખ્યું. ભાવ-દ્રવ્ય સ્તુતિથી મારામાં અને ભાવ-દ્રવ્ય સ્તુતિથી પરના (આત્મામાં). નહિતર તો એમ એટલેથી અટકે કે, હું ભાવ-દ્રવ્ય સ્તુતિથી સિદ્ધોને સ્થાપુ છું અને પરના અંદરમાં એને આ સિદ્ધ છે એમ સ્થાપુ છું એટલું. પણ એ સિદ્ધ છે એમ સ્થાપવાની વ્યાખ્યામાં જ આટલી વાત આવી જાય છે. સમજાણું કાંઈ?

આ તો કેવળજ્ઞાનીના પેટ છે. ઓહો..! સ્તુતિ શરૂઆત કરતા સિદ્ધોને આદર કરું છું એટલે કે વાંદું છું. '**वंदित्तु**' એટલે કે ભાવ સ્તુતિ ને દ્રવ્યસ્તુતિ રૂપ એને અહીંયા વંદન કરું છું સિદ્ધને એમ કહેવાય છે. અને શ્રોતાઓ પણ એ રીતે ભાવસ્તુતિ ને દ્રવ્યસ્તુતિવાળાઓ... સમજાય છે કાંઈ? એવા આત્મામાં સર્વ સિદ્ધોને સ્થાપીને.

મુમુક્ષુ :-- સમ્યગ્દૃષ્ટિ નથી એટલે આપણને ...

ઉત્તર :-- એ થઈ ગયું બધું એમાં અહીં તો. અહીં તો કીધું નહોતું? કાલ દાખલો આપ્યો હતો પાંચમી ગાથાનો, નહિ? હું એકત્વ વિભક્ત્વને કહીશ પ્રભુ! સ્વ સ્વરૂપમાં એકત્વ અને વિકલ્પથી પૃથકત્વ એવો જ ભગવાન આત્મા છે એને હું કહીશ. પ્રભુ! તું પણ પ્રમાણ કરજે હોં! એમ કીધું છે. પ્રમાણ એટલે અનુભવીને અનુભવ કરીને પ્રમાણ કરજે. એમ હા એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण**' મારા અનુભૂતિના સ્વ વૈભવથી હું મારા સ્વરૂપને અથવા આત્મ સ્વરૂપને એકત્વ નામ પોતાના સ્વભાવની એકતા. દ્રવ્ય સાથે સ્વભાવની એકતા પર્યાયમાં કરે. સમજાણું કાંઈ? દ્રવ્ય અને સ્વભાવ તો એક જ છે ગુણ અને ગુણી તો, પણ એને પર્યાય તરીકે જ્યાં એકતા કરે ત્યારે એને દ્રવ્ય અને ગુણની એકતા છે એમ ભાનમાં આવ્યું. સમજાણું કાંઈ? આ તો સંતની વાણી. સમજાણું કાંઈ? આહા..હા..! આત્માના આનંદના અનુભવમાં ચારિત્ર સહિત દશા, છટ્ઠે સાતમે ઝુલે છે પ્રભુ એમાંથી વાણી, વાણીને કાળે, વાણીને કારણે, વાણી વાણીરૂપ થઈને નીકળે છે. પણ, કહે છે ઈ કહે છે જુઓ!

'**આ સમય નામના પ્રાભૃતનું ભાવવચન...**' જરી ઝીણું છે હોં! આ સમયનો-

આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ વિકલ્પ રહિત, રાગ રહિત. અરે..! વ્યવહારની ક્રિયાકાંડના ભાવ રહિત એવો જે ભગવાન આત્મા એને ભાવવચન, એને કહેવામાં મારા જ્ઞાનનો ક્ષયોપશમ ત્યાં કામ કરશે હવે. એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં તો એમ કહે છે, કે આવા કથન કરનાર અજ્ઞાનીનો હક નથી એમ કહે છે. ભાઈ! આહા..હા..! ગજબ વાત છે. હેં?

મુમુક્ષુ :-- ભાવવચનમાંથી.

ઉત્તર :-- ભાવવચનમાંથી. આહા..!

આ સમયસાર એટલે સર્વજ્ઞની ત્રિલોકનાથની વાણી. સમજાણું કાંઈ? એનું કથન કરવાને, એનો ઉપદેશ દેવાને... આહા..હા..! ધન્ય પ્રભુ તારી વાત! ભાવવચનવાળા એ લાયક છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..! પાતાળ કૂવા ફૂટ્યા છે અંદરથી કહે છે. તળિયા તળિયા ચૈતન્યના અનંત આનંદ ને જ્ઞાનથી ભરેલા એ જેને અંદરમાં ફૂટ્યા છે એવું ભાવજ્ઞાન દ્વારા હું કહીશ. પહેલું હજી ભાવ દ્વારા કહીશ એટલી વાતને સ્થાપી છે. એનો અર્થ એમ કર્યો છેને અને પરિભાષણ શબ્દ છેને? છેલ્લું એમ છેને. '**परिभाषणमुपक्रम्यते**' પહેલી ગાથાનો સંસ્કૃત ટીકાનો છેલ્લો (શબ્દ છે). એટલે કે શાસ્ત્રોની ઘણી જાતમાં એક શાસ્ત્રની એવી જાત છે કે, યથાસ્થાને તે તે ભાષા આવે. જ્યાં જ્યાં જોઈએ ત્યાં ત્યાં તે ભાષા સહજ આવે અને સહજ ભાષા આવે એટલે તે કાળે જેને અનુસરીને ભાષા થઈ છે એનો ભાવ પણ તે કાળે તેવા જ પ્રકારના ક્ષયોપશમની ધારા વહે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, ભાવ, આ પ્રાભૃતનું ભાવવચન. પણ વચન છેને? ભાઈ! વચન એટલે ભાવશ્રુતજ્ઞાન. અંદર સ્વસંવેદન એવું ભાવશ્રુતજ્ઞાન એને અહીંયાં ભાવવચન કહેવામાં આવે છે. કેમકે દ્રવ્યવચનમાં એ નિમિત્ત પડે છે માટે એને ભાવવચન કહ્યું છે. સમજાણું કાંઈ? આહા..! આ તો ભગવાનના દરબારમાં જવાની વાત છે. સમજાણું કાંઈ? કહે છે, એનું ભાવવચન એટલે કે જે જે જ્યાં કહેવાને યોગ્ય વાણીનો યોગ નીકળશે એ વાણી તો સ્વતંત્ર છે. એ આપણે આવી ગયું સમયસાર નાટકમાં, અનાદિની, આ મુખમાં વાણી અનાદિની તે કાળે થવાનો પરિણમનના એના કાળે આવે છે. સદન સદન દીઠ અનાદિની વાણી. એ વાણીનો કર્તા આત્મા છે (એમ નથી).

ભગવાન! ત્યારે એવી જ વાણી કેમ નીકળે? વાણીને તો કાંઈ ખબર નથી કે, અહીંયા શ્રુતજ્ઞાની છે એને અનુસારે મારે થવું. એ..ઈ..! પણ એવો જ એનો વાણીનો તે સમયનો પરમાણુની પર્યાય થઈને ભાષા થવાનો એવો એનો સ્વભાવ છે. કાલ કહ્યું હતું કળશ-ટીકામાં છેને? અનુભવનશીલ. વાણી કેવી છે સર્વજ્ઞની, સંતોની? કે અનુભવનશીલ વાણી છે. એટલે શું? કે, એ જ્ઞાનાનંદ સ્વભાવ જે છે અંદર પ્રગટેલો એને અનુસરીને થવું એવો વાણી--ભાષાનો શીલ નામ સ્વભાવ છે. ભલે ભાષાને ખબર ન હોય એની અહીં વાત નથી. પણ

ભાષામાં સ્વ-પર કહેવાની શક્તિ છે. સ્વ-પરને જાણવાની શક્તિ ભગવાન આત્મામાં છે. ત્યારે વાણીમાં સ્વતઃસિદ્ધ સ્વયં સ્વપરનું સ્વરૂપ શું છે એને કહેવાની તાકાત ભાષામાં છે. એ ભાષાનો કર્તા આત્મા નથી. છતાં અહીં કહેશે કે, દ્રવ્યવચનથી આ કહું છું. ભાષા જુઓને! આહા..હા..! અરે..! ગજબ વાત કરે છે! સમજાણું કાંઈ?

ભાઈ! આ તો પરમાત્માના ઘરની કથા છે. સમજાણું કાંઈ? આ કોઈ આલી-દવાલી કહેનાર છે એમ છે નહિ. આહા..હા..! ભગવાન! તારા ઘરમાં શું છે ઋદ્ધિ એને બતાવનાર, કહે છે કે, વાણી એના અંદરના ભાવો કહેવાના એવું જ અહીંયા જ્ઞાન પણ તે કાળે તે જ પ્રકારે થશે અને એ જ્ઞાનને અનુસરીને વાણી વાણીને કાળે નીકળશે. પણ હું કહું છું દ્રવ્યવચન. વચનથી હું પરિભાષણ કરું છું એમ બોલે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

વળી તમે એક બાજુ કહો કે, રજકણની પર્યાયનો આત્મા કર્તા નથી. ભગવાન! એ વાત સાચી છે, કોણે ના પાડી? ત્યારે અહીં કહે છે કે, ભાવવચન ને દ્રવ્યવચનથી વાત પરિભાષણ શરૂ કરીએ છીએ. સમજાણું કાંઈ? એનો અર્થ એ કે, જે વાણી નીકળવાની તો તે સમયે તે જ નીકળવાની એવો જ અનાદિનો એ પરમાણુમાં પર્યાયરૂપે આ કાળે આમ પરિણમવું એવી શક્તિરૂપ તો એનામાં અનાદિથી છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ પ્રવાહ વાણીનો નીકળશે તે કાળે જ્ઞાન પણ મારું તેવું જ એને અનુસરનારી ભાષાના પ્રમાણમાં મારે કારણે મારું જ્ઞાન નવું, નવું જે કહેવામાં એ તેવું તેવું ત્યાં પ્રગટશે. સમજાણું કાંઈ?

સમયસાર એટલે ભરતક્ષેત્રના કેવળજ્ઞાનની કેડાયત વાણી! આહા..! સમજાણું કાંઈ? કહે છે, અમે ભાવવચનથી ક્ષણે ક્ષણે તે પ્રકારની જ્ઞાનની ધારા પણ, જે કહેવા માગે તેવું જ અહીંયાં જ્ઞાન પરિણમશે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પણ અંદર જ્ઞાનની શક્તિમાં હતું તે કાળે તે પર્યાય તે જ પ્રકારની પરિણમશે એ ભાવવચન કહેવામાં એને આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અને દ્રવ્યવચનથી. વિકલ્પ છે એ વાણીમાં નિમિત્તપણું છેને, એથી એને પરિભાષણ શબ્દથી કરું છું એમ બોલવામાં આવે છે. સમજાણું કાંઈ? શરૂ કરીએ છીએ પણ એનો અર્થ એવો થયો અહીં તો (કે), અમે આનંદસ્વરૂપ છીએ ભગવાન આત્મા એનું અમને વેદન છે, એના જ્ઞાનની ધારા પણ એવી જ આવશે. સમજાણું કાંઈ? એ જ્ઞાનગુણમાં અનાદિની એક સમયની જે પર્યાય આવવાની એવી શક્તિ પડી છે. આહા..હા..! છતાં તે પર્યાયના પણ અમે કર્તા નથી પણ તે પર્યાય તે જ પ્રકારે ત્યાં પરિણમન ધારા વહેશે. આહા..હા..! ગજબ વાત છેને! સમજાણું કાંઈ?

એવા પરિભાષણ--યથાસ્થાને ભાષા પણ સૂત્ર એવું ગોઠવાશે. જ્યાં જ્યાં વ્યવહાર સિદ્ધ કરવો હોય ત્યાં તે જ વાણી આવશે. નિશ્ચય સિદ્ધ કરવો હોય તો તે જ વાણી આવશે.

આહા..હા..! લ્યો! અમારે હિંમતભાઈ બોલી ગયા હમણા. ભાઈ! આ તો પ્રભુના મંગળાચરણ છે, પ્રભુને ઘરે જવાના પગલા છે આ! આહા..હા..! એવો ભગવાન ધારાવાહી જ્ઞાનનો પરિણમનાર... આહા..હા..! અને તેને અનુસરીને જ વાણી, વાણીને કારણે, વાણીમાં આ જ્ઞાન તો નિમિત્ત છે. નિમિત્તનો અર્થ કે, એમાં કાંઈ પણ કાર્ય વાણીનું કરે નહિ એનું નામ અહીં નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છતાં એ વાણી, જેવું અહીંયા જ્ઞાન કામ કરશે કે આમાં આમ કહેવું છે, આમાં આમ એવી જ વાણીનું પરિણમન તે કાળે સ્વતઃ વાણીને કારણે થશે. પણ હું કહું છું એમ કહેવામાં આવે છે. પંડિતજી! તકરાર લેવા જાય તો ભગવાન! વાંધા ઉઠશે હોં! આ તકરારનો વિષય નથી, આ વાદવિવાદનો વિષય નથી. 'સદ્ગુરુ કહે સહજ કા ધંધા, વાદ-વિવાદ કરે સો અંધા' આહા..હા..! પાતાળ ફૂટીને વાત આવી છે. કહે છે, એને અમે પરિભાષણ શરૂ કરીએ છીએ. એમ કહે છેને? ક્યાં છે ઈ શબ્દ? છેલ્લો. '**उपक्रम्यते**' લ્યો, છેલ્લો. '**उपक्रम्यते**' ઉપક્રમ કરીએ છીએ, શરૂઆત કરીએ છીએ. ખુબી તો એ કે, એ જે કહેવા માગ્યું છે તે તેનું પૂરું થઈ ગયું છે.

ટોડરમલ્લજી જેવાએ મોક્ષમાર્ગ પ્રકાશકને શરૂ કર્યો, અલૌકિક શાસ્ત્રના રહસ્યોને સામાન્યમાંથી વિશેષ સ્પષ્ટિકરણ ખુલ્લા કર્યા, મોક્ષમાર્ગ પ્રકાશક, છતાં પૂરું ન થયું. આ તો કોઈ અલૌકિક સંત જેની ધારા પણ અલૌકિક અને જેને વાણીનું પૂરું પડવું એવી પણ દશા થઈ ગયેલી. પુણ્ય પણ એવા અને પવિત્રતા પણ એવી. નહિતર એ ભરતક્ષેત્રના સંત અરે..! સાક્ષાત્ ત્રણલોકના નાથ કેવળી એની ભરતના મુનિની અરે..! મહાવિદેહના તીર્થંકરની જાત્રા! જાત્રા કરવા ગયા હતા. અરે..! અમને તીર્થંકરનો વિરહ પડ્યા, એમ કહે છેને. સ્તુતિમાં...

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની હયાતી તો છે પણ અમને આ ભરતક્ષેત્રમાં અરે..રે..! સર્વજ્ઞના વિરહ પડ્યા. સમજાય છે? એમ કરીને પણ ગયા જાત્રાએ હોં! હેં? આહા..હા..! ભગવાન પાસે આઠ દિન રહ્યા, એમાંથી... આ તો સંત મુનિ આત્માનુભવી ને ચારિત્રવંત સંત, પણ વિશેષ સ્પષ્ટતા એવા નિમિત્તમાં થવાની હતી, થઈ છે પોતાથી ત્યાં, પણ એવા જ નિમિત્તમાં થવાની હતી એ થઈ અને લાવ્યા કે ભગવાન આમ કહે છે. સમજાણું કાંઈ?

ત્રણલોકના નાથ વીતરાગે... કહ્યું છેને? આમાં પણ કહ્યું છે, '**सुदकेवलीभणिदं**' એમ કહ્યુંને આમાં આ ગાથામાં. આ વાતને કેવળીઓએ કહી છે અને શ્રુતકેવળીએ કહી છે. એટલે દેવ, ગુરુ ને શાસ્ત્ર ત્રણેયનો વિનય એક ગાથામાં આવી ગયો. સિદ્ધ તરીકે દેવ, સમયસારના શાસ્ત્રનું જ્ઞાન છે અંદરમાં એ પણ એક સમયસાર શાસ્ત્ર મંગળિક અને વાણી નિકળી દ્રવ્યમંગળ, દ્રવ્યશાસ્ત્ર એનું પણ બહુમાન થયું. અને ગુરુ તરીકે કેવળી લીધા અને શ્રુતકેવળી લીધા. '**केवलीभणिदं**' લીધુંને? સિદ્ધને કહેવાનું નથી. સમજાણું કાંઈ? સિદ્ધને વચન નથી તેથી એને દેવમાં લીધા. અમને સાંભળવા મળ્યા એવા કેવળી અને શ્રુતકેવળી એને ગુરુ તરીકે

કરીને વિનય કરીને મંગળિક કર્યું. સમજાણું કાંઈ?

દેવ, શાસ્ત્ર, ગુરુ તીન આવે છેને બધે? એવી શૈલીએ પ્રવાહ જ આવ્યો છે. કર્તૃત્વબુદ્ધિ વિના એવો જ સહજ સ્વભાવ છે એવી ત્યાં પરિણતિ ઊભી થઈ ગઈ, વાણી પણ એવી નિકળી ગઈ. ધન્ય કાળ! ધન્ય સમય જે ટાણે સમયસાર રચાણું! હેં! ભરતક્ષેત્રનું કેવળીનું કથન. કહે છે, અમે.. **'એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે.'** એમ થયુંને, એ તો પછી સ્પષ્ટીકરણ કર્યું. પરિભાષણ શરૂ કરીએ છીએ આમ કુંદકુંદાચાર્ય કહે છે. એનો અર્થ અમારા જ્ઞાનની, સમ્યગ્જ્ઞાનની ધારા જે કહેવા માંગશું તેવી જ ત્યાં ત્યાં ધારા થશે અને વાણી પણ એવી થશે એ અપેક્ષાએ અમે શરૂ કરીએ છીએ એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**'એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે. એ સિદ્ધ ભગવંતો,...'** હવે જેને અમે વંદન ભાવથી અને દ્રવ્યથી કર્યું એવા સિદ્ધ ભગવંતો કેવા છે? આહા..હા..! **'સિદ્ધપણાને લીધે,...'** એ તો સિદ્ધ પર્યાય પ્રગટ થઈને પૂર્ણ, એને લીધે, **'સાધ્ય જે આત્મા...'** અમારો ભગવાન આત્મા સાધ્ય છે, **'તેના પ્રતિચ્છંદના સ્થાને છે,...'** પ્રતિધ્વનિ--પડઘો અમારી ભાષામાં છે અહીં, પડઘો. હે નાથ! તમે સિદ્ધ છો. પ્રતિઘાત સામો આવે છે, હે નાથ! તમે સિદ્ધ છો. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે, એ સિદ્ધ ભગવાન **'સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે,...'** પ્રતિધ્વનિ--પડઘો. આપણે કહેતાને કાઠિયાવાડમાં પડઘો. પડઘો એટલે પ્રતિઘાત. જેવા આ સિદ્ધ તેમ તું સિદ્ધ. આ સિદ્ધને અનંત કેવળજ્ઞાન, તો અહીં અંદર અવાજ ધ્વનિ ત્યાંથી પાછી ફરી, આ સિદ્ધને અનંત કેવળજ્ઞાન. સમજાણું કાંઈ? આહા..હા..! એવા **'પ્રતિચ્છંદના સ્થાને છે,--જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો ચિંતવન કરીને,...'** ક્યાં આવ્યું? ઉપરથી કર્યું છે. હા, પણ આમ આવ્યુંને અંદરથી, એનો અર્થ થયોને કે સિદ્ધ સાધ્ય છે, સાધ્ય આત્મા. એના સ્થાને એ પડઘા, પ્રતિધ્વનિરૂપ સિદ્ધ ઈ કેવા છે એવું અહીં જાણીને. એક બાજુ કહેવું કે, સિદ્ધ એ પરદ્રવ્ય છે અને પરદ્રવ્યનો વિકલ્પ કરવો એ તો રાગ છે. સમજાણું કાંઈ?

ચાહે તો ત્રણલોકનો નાથ તીર્થંકર હો. આહા..હા..! કહે છે કે, તું મને યાદ કર અને મારું સામું જોઈશ તો તને રાગ જ થશે. પંડિતજી! કેમ? કે, સ્વદ્રવ્ય અનુસારી તે નિશ્ચય, પરદ્રવ્યને અનુસારી તે વ્યવહાર. આહા..હા..! એવું હોવા છતાં કહે છે કે, અમે તો સિદ્ધ આવા આદર્શ (છે), એવા અમે સિદ્ધ છીએ એમ અંદરમાં લક્ષમાં લઈએ છીએ માટે એને નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કાલે કહ્યું હતું, સમાધિશતક, સમાધિશતકમાં ગાથા છે એક, બે. એક તો પંચ પરમેષ્ઠીને સ્મરીને ધ્યાન કરીને આત્માને પ્રાપ્ત કરે છે. એક તો ઝાડ જેમ એનું અવયવ ઝાડનું, અવયવ ઘસાઈને અગ્નિ નીકળે અંદરથી. સમાધિશતકમાં છે. એમ એક અરિહંત આદિ પરમેષ્ઠી આવા હોય એવું અંતરમાં લક્ષ કરીને.

કાલે કહેવામાં આવ્યું હતું કે, તત્ત્વાનુસાનમાં એ પ્રશ્ન છે, તત્ત્વાનુસાનમાં. સાધક જીવ પોતે અરિહંતનું ધ્યાન કરે છે. ત્યારે પ્રશ્ન ત્યાં ઉઠ્યો, તમે અરિહંત તો નથી અને અરિહંતનું ધ્યાન કરો છો એ તમારું નિરર્થક ને ફોગટ છે. સમજાણું કાંઈ? અને આ બહારના અરિહંતનું ધ્યાન કરવા જશો ત્યાં વિકલ્પ ઉઠશે. સમજાણું કાંઈ? ત્યારે ત્યાં ઉત્તર કીધો છે ભાઈ! સાંભળ પ્રભુ! અમે અંદર શક્તિરૂપે અરિહંત જ છીએ. એનું ધ્યાન કરતાં અમને શાંતિ આવે છે તે ધ્યાનનું ફળ નિરર્થક નથી. જો અરિહંતરૂપે હું ન હોઉં, શક્તિએ ન હોઉં તો શાંતિ આવે ક્યાંથી? સમજાણું કાંઈ?

આમાં અરિહંતનું ધ્યાન કરતાં આ અરિહંત, અરિહંત એમ કહે છે (એમાં) વિકલ્પ ઉઠે છે, પરદ્રવ્યને અનુસાર વૃત્તિ છે. અને આ તો કહે છે કે, અરિહંતનું ધ્યાન કરું છું તેમાં મને શાંતિ આવે છે. સમજાણું કાંઈ? તો કહે છે કે, જ્યાં અંતર વૃત્તિ પરિણતિને અંતર વાળે છે એ સ્થાન અંદર ધ્રુવ તે અરિહંતપદ છે, એ જિનપદ છે. એ જિનરાજનું પદ છે ઈ. આહા..હા..! સમજાણું? શ્રીમદ્ પણ કહે છેને, 'જિન સોહિ હૈ આત્મા, અન્ય સોહિ હૈ કર્મ, કર્મ કટે જિનવચન સો' વચન સો શું, એ તો શબ્દની કથન શૈલી હોય, શું કરે? વાણીથી કર્મ કટે?

અંદર ભગવાન જિનરાજ સ્વરૂપ જ પ્રભુ છે એનું સત્ત્વ, સત્ આત્મા એનું સત્ત્વ જિનરાજપણું જ એનું તત્ત્વ છે. એનું અંદર ધ્યાન કરતા એ અરિહંતનું જ ધ્યાન કરે છે. એમાં એકાગ્ર થતાં એ અરિહંતને જ ધ્યાવે છે કે, જેથી પર્યાયમાં નિર્વિકલ્પ શાંતિ અને વીતરાગતા પ્રગટ થાય છે. પ્રશ્ન તો એમ કર્યો કે અરિહંતનું તમે ધ્યાન કરો, આ અરિહંતને યાદ કરો, એ તો પર છે. ત્યાં જશો તમારે... એ અરિહંત તો અહીં છે નહિ અને એનું (લક્ષ) કરશો તો વિકલ્પ ઉઠશે. ત્યારે તમારી પાસે અરિહંત પોતે તમે નથી અને ધ્યાન કરવા જાવ તો શાંતિ નહિ આવે. તમે અરિહંતના ધ્યાન કરનારા સાચા નથી. અરે..! સાંભળને પ્રભુ! આહા..હા..!

અમારો આત્મા જ પંચ પરમેષ્ઠી સ્વરૂપે જ બિરાજમાન છે. સમજાણું કાંઈ? કેમકે એ પદ જ્યારે પ્રગટ થશે, ક્યાંથી આવશે? કાંઈ બહારથી આવવાનું છે? આહા..હા..! ક્યાં વિકલ્પમાંથી એ પર્યાય પ્રગટ થશે? ક્યાં સંયોગમાંથી આવશે? ત્યારે આવી તો ખરી અરિહંતની પર્યાય કેવળજ્ઞાનની, સિદ્ધની પૂર્ણતાની, આચારની, પંચ આચાર નિર્વિકલ્પ દશા આવી, ઉપાધ્યાય, સાધુ સંતની ક્યાંથી આવી? ક્યાં હતી? મારા ભગવાનમાં એ બધું છે. આવડો મોટો છે. સમજાણું કાંઈ? કાયરના કામ નહિ, શ્રીમદ્ કહે છેને. 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ'. કેમકે આત્મા જ પોતે શાંતરસનું સ્વરૂપ એનું જિનરાજ એનું સ્વરૂપ છે અને વાણીમાં શાંતરસ પરિણમે કેમ એનું કથન છે એમાં, વીતરાગની વાણીમાં. સમજાણું કાંઈ?

'ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ'. (કાયર) ધ્રુજી ઉઠે અંદર અર..ર..! આવું, આવું આ? સમજાણું કાંઈ?

કહે છે, **'જેમના સ્વરૂપનું ચિંતવન કરીને.'** એનો અર્થ કાંઈ વિકલ્પ કરીને એમ નથી. સમજાણું કાંઈ? ચિંતવન (કરે કે) આવા ભગવાન, આવા એ તો વિકલ્પ છે, એ તો રાગ છે. રાગથી આત્માનું ધ્યાન થાય? એ ધ્યાન કહેવાય? અને એ સમ્યગ્દર્શનની રીત છે? સમજાણું કાંઈ? **'જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો...'** સિદ્ધને તો કાંઈ કરવું નથી. સંસારી ભવ્યને. હેં? આહા..! થોડા સિદ્ધ પણ સંસારીને સિદ્ધ બનાવે એમ આવે છે. ભાઈ! એમ આવ્યું છેને એક? સોગાનીમાં આવ્યું છે. સિદ્ધની ચીજ છે જગતમાં. છે થોડા, અનંતગુણા સંસારી પણ સિદ્ધનો આત્મા કોઈ દિ' સંસારી ન થાય. અને સંસારીનો આત્મા સિદ્ધ થાય. સિદ્ધની જય થાય. સંસારીના જય છે નહિ. આવે છેને એમાં? ત્રીજા ભાગમાં (દ્રવ્યદષ્ટિપ્રકાશ)આવે છે. હવે આ થોડું થોડું લાલુભાઈએ કર્યું છે. પહેલા થયું હતું ઠેકાણા વિનાનું. ભઈ, આ તો અજર પ્યાલા છે. આ .. વાત. તમારા ... છે, ભાઈ! યાદ કરીને ... આહા..હા..! બાપુ! એ તો અજર પ્યાલા. એ સોનાના પાત્રે સિંહના દૂધ રહે. એ ફાટી જાય એના લોઢાના પાત્રે, સ્ટીલનું હોય તો પણ ફાટી જાય. એ સિંહના દૂધ ન જીરવી શકે ઈ. સમજાણું કાંઈ?

એમ ભગવાનનો આત્મા એનું જ્ઞાન ને એની વાણી તદ્દન નિરપેક્ષ છે. એમ ભગવાન એમ બોલે છે કે, અમારી વાણી સાંભળતા પણ તને લાભ નહિ થાય. આહા..હા..! ગજબ કરે છે પ્રભુ! શું કહે છે તું આ! કેમકે વાણી છે તે જડ છે અને વાણી છે તે પર છે. એના લક્ષમાં જે તને જ્ઞાન થાય, થાય તારાથી છતાં એ જ્ઞાન નહિ. ગજબ વાત છેને આ તે કાંઈ વીતરાગના ઘરની! આહા..હા..! વીતરાગ ત્રણલોકના નાથની વાણી જડ છે, પુદ્ગલ છે. અહીં જે જ્ઞાન એ વખતે થાય છે એ એનાથી નહિ, પોતાથી (થાય છે). એ જ્ઞાન નહિ. આ તે કંઈ વાત છે? સમજાણું કાંઈ? એ જ્ઞાન નહિ, નિમિત્તના લક્ષે તને જે જ્ઞાન ઉઘાડ તારા ઉપાદાનથી થયો એ જ્ઞાન નહિ. આહા..હા..! જ્ઞાન તો એને કહીએ કે, જે અંદર પાતાળમાંથી અંદર એકાગ્ર થઈને આવે. શાસ્ત્રના ભણતર-ફણતર પણ કાંઈ જ્ઞાન નહિ એમ કહે છે અહીં તો. આહા..હા..! એવા શાસ્ત્ર અનંત વાર ભણ્યો, અનંત વાર દીક્ષાઓ લીધી, અનંત વાર આચાર્યપદ ધારણ કર્યા. શ્રીમદ્‌માં આવે છે. લોકો એના અર્થ એવા કરે છેને પોતાની કલ્પનાથી અર્થ કરીને વ્યવહારને અને નિમિત્તને મુખ્ય રાખે છે. વસ્તુ એમ નથી. સમજાણું કાંઈ? પોપટભાઈ! ભારે વાતું ભાઈ આવી.

સમાન... શું કહે છે? **'તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને,...'** એનો અર્થ શું થયો? કે સિદ્ધ જેવો હું છું. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' આહા..હા..! તારું પદ જ પૂર્ણ પરમાત્મા

જેવું ને જેવડું છે એમ અંતરમાં ધ્યાન કરીને તેમના જેવા થઈ જાય છે. કહો, સમજાણું કાંઈ? સિદ્ધ જેવો હું એટલે કે રાગ હું નહિ, પુણ્ય નહિ, પરાલંબી ભાવ હું નહિ, નિમિત્ત હું નહિ. આહા..હા..! અપૂર્ણ પર્યાય એટલો હું નહિ. હું તો પૂર્ણાનંદનો નાથ પરમાત્મસ્વરૂપ છું એવું સિદ્ધનું ધ્યાન એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વાદ-વિવાદ કરવા જાય તો પાર આવે એવું નથી. શ્રીમદ્દે કહ્યું છેને, શાસ્ત્રના જ્ઞાનથી નિવેડા નથી. બાપા! તને ખબર નથી શાસ્ત્ર શું કહે છે અને તારું શું સ્વરૂપ છે. આહા..હા..! અનુભવ જ્ઞાને નિવેડા આવે એવા છે. શ્રીમદ્દે તો ઘણું કહ્યું છે કેટલેક ઠેકાણે પણ વ્યવહારું વાત બહુ આવી ગઈ છેને એટલે લોકો ન્યાં પકડે છે. સમજાણું કાંઈ?

અહીં પરમાત્મા એણે કહેલું સમયસાર કુંદકુંદાચાર્ય કહે છે કે, હું કહીશ હોં! કહેનાર વખતે તો ભગવાને શું કહ્યું એ તો એમની પાસે રહ્યું. કહેનાર વખતે તો મારો અભિપ્રાય અને મારું જ્ઞાન હશે એ કામ આવશેને. એઈ..! હેં? ભાઈમાં આવે છેને? સોગાનીમાં, નહિ? કહેનારનો આશય પોતાનો કહેવામાં બીજાનો સાંભળીને પણ આવ્યા વિના રહે નહિ. ભઈ, શાંતિથી સમજવાની વાત છે આ તો. સમજાણું કાંઈ?

'**પોતાના સ્વરૂપને ધ્યાઈને...**' '**તે સમાન...**' એટલું. પોતાનું સ્વરૂપ. તદ્દન નિર્વિકલ્પ નિર્લેપ ચીજ મારી અને તે પણ પર્યાય ધ્યાન કરે એ ચીજ છે તે અભેદ છે. સમજાણું કાંઈ? પર્યાય ધ્યાન કરે છેને, ધ્રુવને ધ્યાન ક્યાં કરવું છે. સમજાણું કાંઈ? કહે છે, '**તે સમાન પોતાના સ્વરૂપને...**' અરે..! આવું અંતરમાં નક્કી કરવા જાય ત્યાં એનો દ્રવ્ય ઉપર જ આશ્રય ચાલ્યો જાય. હેં? સમજાણું કાંઈ? સિદ્ધ સમાન એમ પોતાના સ્વરૂપને ધ્યાઈને એમ કહે છેને? એના સ્વરૂપને ધ્યાવીને નહિ, એનું સ્વરૂપ છે એવો હું છું એમ પોતાના સ્વરૂપને ધ્યાવીને. સમજાણું કાંઈ? માર્ગ તો આવા છે ભાઈ! અને જેના ફળ પણ સાદિઅનંત શાંતિ અને આનંદ. આહા..હા..! અનંત કાળનો દુઃખી પ્રાણી.. ચારેય ગતિ દુઃખરૂપ છે. સ્વર્ગ પણ દુઃખ છે, એ કષાયના અંગારા બળે છે ત્યાં. આહા..હા..! અહીં તો શુભ ને અશુભ બે રાગ એ અંગારા છે, અગ્નિ છે. સમજાણું કાંઈ? એથી રહિત મારું સ્વરૂપ જે શુદ્ધ સિદ્ધ સમાન એનું ધ્યાન કરે છે. એનું ધ્યાન કરવાથી સિદ્ધ થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો!

'**અને ચારે ગતિઓથી વિલક્ષણ જે પંચમગતિ મોક્ષ તેને પામે છે.**' ચારે ગતિથી વિલક્ષણ છે. ચારે ગતિમાં કંઈક કંઈક બીજી ગતિની સાથે સમાનતા ખરી, સિદ્ધને કોઈની સાથે સમાનતા નથી. આહા..હા..! પંચમગતિ મોક્ષ તેને પામે છે એમ કહીને એમ પણ કહ્યું કે ચાર ગતિ છે એમાંથી પોતાના સ્વરૂપને સિદ્ધ સમાન ધ્યાનાર પંચમગતિ પણ એક પર્યાયરૂપ છે. ગતિનો અર્થ કાલે કીધો હતો, ભાઈએ નહિ? હયાતી કે એવું કાંઈક આવ્યું છે. ગતિ

એટલે હયાતી. લખ્યું છે, ઓલામાં લખ્યું છે. ... ગતિ, હયાતી. સિદ્ધરૂપી પર્યાયની હયાતી. ચાર ગતિની પર્યાયની હયાતી એનો વ્યય થઈ અને ધ્રુવના ધ્યાને આવી હયાતીવાળી અનંતકાળ એવીને એવી રહે એવી સિદ્ધપર્યાયને પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ?

'**કેવી છે તે પંચમગતિ?**' હવે વિશેષણ આપે છે. ધ્રુવ પહેલું જે ધ્રુવ છેને વિશેષણ. '**वंदित्तु सव्व सिद्धे**'. હવે એનું વિશેષણ સિદ્ધ કેવા? કે, ધ્રુવ છે ઈ. લે! પર્યાય છેને ધ્રુવ કેવી? ધ્રુવ તો દ્રવ્યને ધ્રુવ કહેવાય. ભાઈ! કઈ અપેક્ષાથી એને ધ્રુવ કહે છે? કહે છે કે, '**સ્વભાવભાવરૂપ છે તેથી ધ્રુવપણાને અવલંબે છે.**' એ પંડિતજી! સંસ્કૃતમાં બીજું છે, જુઓ! '**स्वभावभावभूततया**' ઈ કહે છે. સંસ્કૃતમાં પહેલી લીટી. '**स्वभावभावभूततया**' એનો અર્થ શું સંસ્કૃતનો? '**स्वभावभावभूततया**' તમે તો સંસ્કૃતના પ્રોફેસર છો. સ્વભાવ, સ્વભાવભાવ, સ્વભાવભાવ છે, સ્વભાવભાવ છે.

મુમુક્ષુ :-- ભૂ સત્તાયામ.

ઉત્તર :-- હં. આપણને એવું ભૂ સત્તાનું આવડે નહિ પાછું. હેં? આહા..હા..!

સિદ્ધપદ કેવું છે? કે, સ્વભાવભાવભૂત, ભૂત એટલે એનું સ્વરૂપ જ એ છે. આહા..હા..! સ્વભાવભાવ સ્વરૂપ છે. ચાર ગતિ છે તે વિભાવભાવ સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આ કાલે નહોતું લેવાણું. અહીં સુધી (ચાલ્યું હતું). થઈ જાય છે ત્યાં સુધી. '**ચારે ગતિઓથી વિલક્ષણ...**' જેનું લક્ષણ ચાર ગતિમાં ક્યાંય નથી. એનાથી વિપરીત લક્ષણવાળી પરમાત્મ દશા સિદ્ધગતિ તે સ્વભાવભાવરૂપ છે. કેમકે એ સ્વભાવભાવરૂપની પરિણતિવાળી એ છે. એથી એ સ્વભાવભાવરૂપ પરિણતિને જ આ ધ્રુવપણાને અવલંબે છે. કારણ કે, સ્વભાવભાવ પ્રગટ્યો એ પાછો ફરે નહિ. એમને એમ રહેવાનો એથી એને સ્વભાવભાવ ધ્રુવપણાને લીધે એમ કહેવામાં આવે છે. ધ્રુવ તો દ્રવ્ય અને ગુણ છે પણ પર્યાય ધ્રુવ છે, જે પાછી પડતી નથી, હટતી નથી, હીણી થતી નથી. સમજાણું કાંઈ?

ણમો સિદ્ધાણં, ણમો સિદ્ધાણં ગોખે, બોલે પણ સિદ્ધ શું છે, એની પર્યાય કેમ પ્રાપ્ત થાય, થયેલી અવસ્થાનું સ્વરૂપ શું છે એને જાણ્યા વિના, કહે છે કે, ણમો સિદ્ધાણંનો વિકલ્પ પણ એનો વ્યવહાર કહેવાય નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને એમાં લીધુંને. ભાવજ્ઞાન હોય ત્યાં વિકલ્પ ઉઠે ને વાણી એને વ્યવહાર કહેવામાં આવે છે. ભાવસ્તુતિ જ્યાં હોય ત્યાં વિકલ્પ ઉઠે ને વાણી હોય એને દ્રવ્યસ્તુતિ કહેવામાં આવે છે. વસ્તુ નિશ્ચય નથી અને વ્યવહાર એકલો હોય એ વસ્તુનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**સ્વભાવભાવરૂપ છે તેથી ધ્રુવપણાને અવલંબે છે.**' એમ છેને? '**ध्रुवत्वमवलम्बमाना**' એટલે ધ્રુવપણું અવલંબે એ ફરવાનું હવે નથી. એમ એ અપેક્ષાએ ધ્રુવ. કેવળજ્ઞાનને પણ એક અપેક્ષાએ કૂટસ્થ કહેવામાં આવે છે. કૂટસ્થ નામ એવીને એવી

પર્યાય રહેશે એ અપેક્ષાએ. બાકી કેવળજ્ઞાન પણ પર્યાય છે, સિદ્ધ પણ પર્યાય છે, કાંઈ સિદ્ધ કાંઈ ગુણ દ્રવ્ય નથી. સમજાણું કાંઈ? સિદ્ધની ગતિની પર્યાય સિદ્ધપણું પોતે પર્યાય છે. કહો સમજાણું કાંઈ? એ પ્રશ્ન ત્યાં ઉઠ્યો હતો. પૂછ્યું હતું, ... પૂછ્યું હતું ને? ભાઈ નથી આવ્યા? ચંદુભાઈ. એણે પૂછ્યો હતોને? એણે પૂછ્યું, મખ્ખનલાલજીએ. કેવળજ્ઞાન ગુણ છે કે પર્યાય? પંડિતજી! ત્યારે કહે, કેવળજ્ઞાન ગુણ છે. અરે..! પંડિતજી! ગુણ નહિ પર્યાય છે. હવે આવા મોટા પંડિત ભણી ભણીને... મખ્ખનલાલજી, છાપામાં આવ્યું છે. એ તો અમારે પ્રશ્ન થયો હતો. મથુરા, મથુરા ગયા હતાને. એમાં વ્યાખ્યાનમાં આવ્યું. બધા બેઠા હતા, પંડિતો ઘણા હતા. કીધું, કેવળજ્ઞાન પણ પર્યાય છે ગુણ નહિ. ગુણ ત્રિકાળ રહે, નવી ઉપજે ને નવી થાય એનું નામ પર્યાય કહેવાય. પંડિતજી કહે, અરે.. એમ નહિ.

સંસાર પણ વિકારી પર્યાય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિર્વિકારી અપૂર્ણ શુદ્ધ પર્યાય છે અને સિદ્ધ પૂર્ણ શુદ્ધ પર્યાય છે, ગુણ નહિ. ગુણ ને દ્રવ્ય ત્રિકાળી રહે છે. એને ગુણ કહ્યો છેને? ગુણ કહ્યો એ તો ગુણમાંથી પર્યાય આવી અને વિકારી નથી માટે એને ગુણ કહેવામાં આવે છે. બાકી સિદ્ધગતિ પોતે પર્યાય છે. આહા..હા..! એક સમયનું કેવળજ્ઞાન જે સમયે થયું તે જ્ઞાન તે સમયનું બીજે સમયે નહિ રહે. થાય એવુંને એવું પણ બીજે સમયે રહે નહિ. એવો એનો સ્વભાવ છે. આહા..! પણ અહીં કહે છે કે, અમે એને ધ્રુવ કહીએ છીએ. સમજાણું કાંઈ? એવીને એવી સ્થિતિ રહે છે તેથી ધ્રુવનું એને અવલંબન છે એમ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૧૩, સોમવાર, તા. ૧૫-૧૧-૧૯૭૧
## ગાથા-૧, પ્રવચન-૯

સમયસાર સિદ્ધાંત. જીવ-અજીવ અધિકારની પહેલી ગાથા, સમયસારની પહેલી ગાથા. મંગળિક તરીકે ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે, હું સમયસાર કહીશ. સર્વ સિદ્ધને નમસ્કાર કરી એમ કહ્યુંને? સર્વ સિદ્ધો જે અત્યાર સુધી અનંત થયા એ બધા સિદ્ધોને હું મારી જ્ઞાનની પર્યાયમાં સ્થાપીને અને શ્રોતાના જ્ઞાનની પર્યાયમાં એ અનંતા સિદ્ધોને ભાવવચન

અને દ્રવ્યવચનથી સ્તુતિ કરીને (સ્થાપુ છું). એમ કહ્યું ને? મારા આત્મામાં જ્ઞાનાનંદ સ્વભાવમાં એકાગ્રતારૂપી નિર્વિકલ્પ સ્તુતિ સિદ્ધોની અને વિકલ્પ છે ઉઠ્યો છે, વાણી નીકળશે તે દ્રવ્યસ્તુતિ. ભાવ અને દ્રવ્યસ્તુતિ વડે હું મારા આત્માની જ્ઞાનદશામાં અનંતા સિદ્ધોને સ્થાપી પોતાના જ્ઞાનની પર્યાયમાં પણ એને ચિદ્‌ઘનની ભાવસ્તુતિ કરતાં જેને આત્મસમાધિમાં એકાગ્રતા છે એવા શ્રોતાઓ પણ ભાવસ્તુતિથી અને દ્રવ્યસ્તુતિથી જે છે લાયક એની પર્યાયમાં હું આ સિદ્ધને સ્થાપુ છું. સમજાણું કાંઈ?

આ તો અલૌકિક શાસ્ત્ર છે! એનો પણ એક એક શ્લોક અચિંત્ય મંગળિક અને અચિંત્ય સ્વભાવને જણાવનાર છે. એવું હું શાસ્ત્ર સમયસાર કહું છું. પણ એ સિદ્ધગતિને પામેલા... સિદ્ધગતિ એટલે સિદ્ધનું જેને પરિણમન છે, સિદ્ધની દશા જેને પ્રગટી છે, સ્થિતિ છે, હયાતી છે એવા સિદ્ધોને વંદન કરું છું. **'કેવી છે તે પંચમગતિ?'** ત્યાં આવ્યું હતું આપણે. ઓલું તો બે વાર આવી ગયું છે કાલ ને પરમ દિ'. કેવા છે સિદ્ધો? **'કેવી છે તે પંચમગતિ?'** સિદ્ધ ગતિ, **'સ્વભાવભાવરૂપ છે...'** આત્માનો જે સ્વભાવ ચૈતન્ય આનંદ ને જ્ઞાન જે ત્રિકાળી એનું એને પર્યાયમાં પરિણમન થઈ ગયું છે. સમજાણું કાંઈ? જેને સ્વભાવભૂત ધ્રુવ (કહી), એ પર્યાય પોતે ધ્રુવ થઈ છે એમ કહે છે. વસ્તુ તો ધ્રુવ છે પણ સિદ્ધની પર્યાય એ ધ્રુવપણાને પામી છે. સમજાણું કાંઈ? કેમકે સ્વભાવભાવરૂપ છે. એ સિદ્ધ પર્યાય તદ્દન સ્વભાવ શુદ્ધ ચૈતન્ય (છે) એનું પરિપૂર્ણ પરિણમન શુદ્ધ અનંત જ્ઞાનાદિ પરિપૂર્ણ દશાના ભાવને પામેલ છે. કહો, સમજાય છે કાંઈ? **'તેથી ધ્રુવપણાને અવલંબે છે.'** સિદ્ધગતિ ધ્રુવપણાને અવલંબે છે. સમજાણું કાંઈ? આ વળી (પર્યાય) ધ્રુવ (આવી). દ્રવ્ય ધ્રુવ, ગુણ ધ્રુવ અને પર્યાય ધ્રુવ. પહેલે મંગળિકમાં જ આચાર્ય મહારાજ આમ કહેવા માગે છે. સમજાણું કાંઈ? ધ્રુવપણાનું અવલંબન એટલે ધ્રુવપણાની દશા જેને થઈ છે.

**'ચારે ગતિઓ પરનિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી,...'** એ અપેક્ષાએ. મનુષ્યગતિ, નરકગતિ, દેવગતિ, પશુગતિ એ તો પરનિમિત્તથી થતી હોવાથી તે એકરૂપ ધ્રુવ રહેનારી નથી. સિદ્ધગતિ ધ્રુવ છે કેમકે ત્યાં એકરૂપતા ત્યાં સાદિઅનંત રહે છે. આહા..! સમજાણું કાંઈ? તે **'પરનિમિત્તથી થતી હોવાથી ચાર ગતિ ધ્રુવ નથી, વિનાશિક છે; 'ધ્રુવ' વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો.'** એટલે કે ધ્રુવપણું એનું છે એ પલટીને હવે સંસારી થાય એવું એમાં નથી. કેટલાક કહે છેને ભઈ! પરમેશ્વર થાય પણ પાછા જગતમાં અવતાર લે, ભક્તોની ભીડ ટાળવા અને રાક્ષસ, રાક્ષસોને મારવા. ઈ કહે છે. એ ધ્રુવપણાને પામેલી એવું ધ્રુવપણું ચાર ગતિમાં નથી. એટલે કે પંચમગતિમાં એ વિનાશિકતાનો વિચ્છેદ થયો. સિદ્ધની પર્યાય છે તો પર્યાય, સિદ્ધની છે તો પર્યાય એ કાંઈ ગુણ દ્રવ્ય નથી. સમજાણું કાંઈ? પણ એ દ્રવ્યને જેમ ધ્રુવતા અને ગુણને ધ્રુવતા ત્રિકાળી છે, એમ આને પર્યાયની

ધ્રુવતા તે ખસતી નથી, બીજા રૂપે થતી નથી એ અપેક્ષાએ ધ્રુવપણાને પામેલ છે. સમજાણું કાંઈ? આહા..! જુઓને ટીકા! અમૃતચંદ્રાચાર્ય મુનિ સંત છઠ્ઠે, સાતમે ગુણસ્થાને ચારિત્રવંત અનંતને પામેલા--દ્રવ્યના અનંત સ્વભાવને પામેલ છે. સમજાણું કાંઈ? એ કહે છે કે, અમે આ સિદ્ધને વંદન કરીએ છીએ હોં! સમજાણું કાંઈ? એ સિદ્ધને વંદનનો જે વિકલ્પ છે એ વ્યવહાર છે. અને અંતરમાં વ્યવહારની પાછળ નિર્વિકલ્પ દશા જે છે એ સિદ્ધની સ્તુતિ ભાવથી કરી એમ કહેવામાં આવે છે. પણ ભાવ સાથે આવો વ્યવહાર પણ હોય છે એમ સાબિત કર્યું. સમજાણું કાંઈ?

પહેલી જ ગાથા સમયસારની. જે દ્વાદશાંગનો સાર અથવા દ્વાદશાંગ સમયનો, દ્વાદશાંગ શાસ્ત્રનો એક અવયવ, એનો એક અંશ છે. કહે છે કે, એને વિનાશિકતાનો નાશ થયો. ધ્રુવપણું હવે એનું (છે). એક ન્યાયે એ સિદ્ધગતિની પર્યાય કૂટસ્થપણાને પામી છે. કૂટસ્થ એટલે? તેની તે સદ્દશતા કાયમ રહેનારી એથી એને કૂટસ્થ કહેવામાં આવે છે. બાકી છે તો પરિણમન. સવારે કહ્યું હતું, ઓલામાં જયસેનાચાર્યમાં, ગતિ એટલે સિદ્ધ પરિણમન એમ લીધું છે. સિદ્ધનું પરિણમન, ગતિ એટલે સિદ્ધનું પરિણમન, સિદ્ધ પરિણમન. કેમકે સિદ્ધ પોતે જ પરિણમનરૂપ છે. સિદ્ધ પોતે પર્યાયસ્વરૂપે રૂપે છે. સિદ્ધ કાંઈ દ્રવ્ય ગુણરૂપે નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અલિંગગ્રહણના ૨૦ બોલમાં કહ્યું છેને? છેલ્લો બોલ કે, આત્માનો જેટલો અનુભવ અંતર આનંદનો થાય એ પર્યાય એ જ આત્મા છે. સમજાણું કાંઈ? એ પર્યાય અનુભવ અથવા સિદ્ધની પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. એ પર્યાય ગુણને અડતી નથી. આ તો પરિણમન સિદ્ધગતિ એટલે પરિણમન, ગતિ એટલે પરિણમન. પરિણમન તેટલો આત્મા એમ કહે છે. સમજાણું કાંઈ? પ્રવચનસારમાં કહ્યુંને? ૧૭૨ ગાથામાં, ૨૦ બોલમાં છેલ્લો બોલ. ભગવાન આત્મા પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે દ્રવ્ય--વસ્તુ, એનો જે અર્થાવબોધ--એનો અર્થનો પ્રયોજનનો સામાન્ય ભાવ, એ સામાન્યને પર્યાય સ્પર્શતી નથી. સામાન્યને એ પર્યાય અડતી નથી એવો એ આત્મા પર્યાયસ્વરૂપ છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

આ તો વળી આ સિદ્ધમાં આ આવી ગઈ વાત. સિદ્ધ પર્યાય થઈને? છે તો પર્યાય પણ એ પરિપૂર્ણ શુદ્ધ આનંદ રૂપે અને પરિપૂર્ણ કેવળજ્ઞાનરૂપે પર્યાય છે એ ધ્રુવપણાને અવલંબે છે. એ પોતે દ્રવ્ય ગુણના આશ્રય વિના સ્વતંત્ર એ પર્યાય ધ્રુવપણે અવલંબે છે. ધ્રુવપણે અવલંબે છે તો એ પર્યાય ધ્રુવને અવલંબે છે, એમ નહિ. સમજાણું કાંઈ? એ પર્યાય પોતે ધ્રુવપણે રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- ધ્રુવના અવલંબને તો પ્રગટ થઈ છે.

ઉત્તર :-- આ ધ્રુવનું અવલંબન એમ નહિ, ધ્રુવ પોતે જ ધ્રુવપણે અવલંબે છે. ધ્રુવપણાને

સ્વરૂપે જ ઈ છે એમ કહે છે. આ તો સમયસાર છે. કેવળીના પેટ મૂક્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! ધ્રુવપણાને અવલંબે છે તેથી એમાં હવે બદલવું છે પણ બદલીને વિનાશિકપણું થાય, એનો નાશ થઈ જાય એવું નથી. કેટલાક કહે છેને કે, બદલે છેને ઈ? આજે આમાં પણ આવ્યું છે. એ જ્ઞેયો પલટે છે માટે સિદ્ધની પર્યાય પલટે છે, એમ નથી. સમજાણું કાંઈ? પહેલાં ઘણા વખતથી કહેતા. જેવું જ્ઞેય પલટે છે એવું અહીં જ્ઞાન પલટે, એમ છે એ તો વ્યવહારનું કથન છે. એનું પોતાનું જ પરિણમન પરિપૂર્ણપણે સમયે સમયે પરિણમે છે. આહા..હા..! સમજાણું કાંઈ! આમાંય આવ્યું છે, દરેક વખતે એક જ નાખ્યા કરે. જ્ઞેયોને કારણે કેવળીનું પરિણમન છે. હેં?

મુમુક્ષુ :-- જ્ઞેય-જ્ઞાયક સંકરદોષ થાય.

ઉત્તર :-- ઈ વળી જ્ઞેય-જ્ઞાયક જુદું રહ્યું. આવે છેને એક બોલ? એવો આવે છે. આપણે પણ લીધો છેને એક બોલ કે પરિણમના ઘણા પ્રકાર છે. એક તો પોતે પરિણમે છે અને જ્ઞેયો પરિણમે તેમ આ પરિણમે છે એ અપેક્ષાથી વાત લીધી છે, પરિણમનને સિદ્ધ કરતાં. પ્રવચનસારમાં છે.

અહીં તો જરી એ એમ આવ્યું કે ઓહો..! સિદ્ધગતિ ધ્રુવપણાને અવલંબે છે. એટલે સિદ્ધની પર્યાય ત્રિકાળી દ્રવ્યને અવલંબે છે એમ નહિ. એમ આ અર્થ નથી. પોતે જ એનું ધ્રુવ સ્વરૂપ જ એનું છે. સમજાણું કાંઈ? તેથી '**પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો.**' પહેલા ધ્રુવની વ્યાખ્યા કરી. '**वंदित्तु सव्व सिद्धे धुवम**' એ શબ્દની વ્યાખ્યા કરી. એ પર્યાય ધ્રુવ છે હોં! સમજાણું કાંઈ? ઈ કારણપર્યાય નહિ, ભાઈ! વળી પાછું ઓલી કારણપર્યાય ધ્રુવ છેને, ઈ નહિ. આહા..હા..! આ તો પ્રગટરૂપ પર્યાય છે. વસ્તુ ધ્રુવ છે, ગુણ ધ્રુવ છે. અને એક કારણપર્યાય સમય સમયની ધ્રુવ છે એ આ નહિ. સમજાણું કાંઈ? એ કારણપર્યાય ધ્રુવ છે એમાં તો ઉત્પાદ-વ્યયનું પરિણમન નથી. આરે આરે.. ભારે! કારણપર્યાય સમજો છો? ન સમજ્યા. નિયમસારમાં છે. હેં?

મુમુક્ષુ :-- ...પ્રવચન ચાલતા હતા.

ઉત્તર :-- ક્યારે? કારણપર્યાય ૧૫મી ગાથામાં આવ્યું હતું અને આપણે આમાં આવ્યું હતું, રેકોર્ડિંગમાં આવ્યું હતું. વાંચે છે પાછળથી. રેકોર્ડિંગમાં પણ છે અંદર.

પણ અહીં કોઈ કહે કે, અહીં તો ધ્રુવ છે માટે એ ધ્રુવનું અવલંબન પર્યાયને દ્રવ્યનું છે, ગુણનું છે માટે ધ્રુવપણાને અવલંબે છે એમ કહ્યું અને કાં વળી કારણપર્યાય સામાન્યમાં વિશેષ... વિશેષ... વિશેષ... વિશેષ... ધ્રુવ હોં! એ પણ ધ્રુવ, એને અવલંબે છે માટે આ પર્યાય ધ્રુવપણે છે એમ નથી. સમજાણું કાંઈ? એ પલટે તો છે પણ બીજું રૂપ નથી થતું એથી તેને ધ્રુવપણાને અવલંબે છે એમ કહેવામાં આવે છે. એને એ રૂપે, એને એ રૂપે સમય

સમયમાં સિદ્ધ ભગવાનનો પર્યાય સમયે સમયે નવો... નવો... નવો... નવો... પરિણમ્યા કરે છે. કેવળજ્ઞાન પણ સિદ્ધનું જે પહેલા સમયનું છે એ બીજે સમયે એ નહિ રહે. સમજાણું કાંઈ? એવું છે પણ એ નહિ. એની એ દશા પૂર્ણ રહે છે અને અપૂર્ણ ને વિપરીત થતી નથી તેથી તે પર્યાયને ધ્રુવને અવલંબે એમ કહેવામાં આવે છે. આહા..હા..!

બીજી, '**વળી તે ગતિ કેવી છે?**' હવે '**अचलम**'ની વ્યાખ્યા આવી. અચલ. '**धुवमचलमणोवमं**' કુંદકુંદાચાર્યના શબ્દો નિમિત્તથી, શબ્દો શબ્દોના છે. કહે છેને, હું કહીશ એમ કહ્યું છેને? સમયસાર હું કહીશ લ્યો, એમ કહ્યું છે. હેં? '**वक्ष्यामि**' એમ પાઠ છે. હું સમયસાર કહું છું. ભાવરૂપ અને દ્રવ્યરૂપ બેયને હું કહુ છું. સમજાણું કાંઈ? '**વળી તે ગતિ કેવી છે? અનાદિ કાળથી અન્ય (પર) ભાવના નિમિત્તથી થતું જે પરમાં ભ્રમણ તેની વિશ્રાંતિ (અભાવ)...**' છે ત્યાં હવે. એવા '**(અભાવ) વશ અચલપણાને પામી છે.**' આમ પહેલું આમ ધ્રુવ કીધું પછી આમ અચલપણાને પામી છે. ચલપણું ત્યાં રહ્યું નથી. આવી વ્યાખ્યા. સમજાણું કાંઈ? '**અનાદિ કાળથી (પર) ભાવના નિમિત્તથી થતું જે પરમાં ભ્રમણ...**' અવિશ્રામ એની અહીં વિશ્રાંતિ--અભાવ થઈ ગયો છે. એને વશે અચલપણાને પામી છે.

'**આ વિશેષણથી,...**' જેને હું વંદન કરું છું એ સિદ્ધ આવા છે એમ ઓળખીને વંદન કરે છે. સમજાણું કાંઈ? પ્રવચનસારમાં એમ આવે છેને, હું, હું કોણ? હું તો જ્ઞાન દર્શનસંપન્ન સ્વરૂપ હું. એ પંચ પરમેષ્ઠીને હું વંદન કરું છું. પ્રવચનસારની પહેલી પાંચ ગાથા. હું કોણ? હું તો જ્ઞાન અને દર્શનથી ભરેલું તત્ત્વ એ હું. એવો હું પંચ પરમેષ્ઠીને નમન કરું છું એમ છેને એમાં? અહીં સિદ્ધને નમન કરું છું. ત્યાં તો પ્રત્યેક પ્રત્યેક તીર્થંકરને અને સામૂહિક બધા તીર્થંકરોને એક સાથે અને પૃથક પૃથક બેયને હું નમન કરું છું. સમજાણું કાંઈ?

ત્યાં તો ત્યાં સુધી લીધું છે, વર્ધમાન નામ છેને એમાં? ભાઈ! અહીં તો નામ નથી, અહીં તો સિદ્ધ ... છે. વર્ધમાન નામ છે ત્યાં. ત્યાં એમ કહ્યું ભગવાન કુંદકુંદાચાર્યે કે, જેનું નામ સ્મરણ કરવું એ પણ મહા મંગળિક છે. મહા લાભદાયક, લાભનું કારણ છે. લે! છે કે નહિ? નામ ગ્રહણ પણ સારું છે. ટીકા છે અમૃતચંદ્રાચાર્ય. કેમકે કુંદકુંદાચાર્યના પાઠમાં જ 'વર્ધમાન' શબ્દ પડ્યો છે. સમજાણું કાંઈ? એનું નામ લઈને વંદન કરે છે. ત્યારે કહે છે, એનું નામ પણ.. અરે..! તીર્થંકરોનું નામ પણ લાભદાયક છે. સમજાણું કાંઈ? એ નામમાં અંદર નમેલો ભગવાન આત્મામાં એવું જે નામ યાદ આવતા આમ નમેલો છું એ સ્મરણ થાય છે અને ભગવાનને નમું છું એવો વિકલ્પ પણ ત્યાં થાય છે. આરે..! સમજાણું કાંઈ?

કહે છે, '**અચલપણાને પામી છે.**' સિદ્ધગતિ. '**આ વિશેષણથી, ચારે ગતિઓને પરનિમિત્તથી જે ભ્રમણ થાય છે...**' સ્વભાવભાવથી તો ભ્રમણ ન હોય. પરના નિમિત્તને

સંગે ઉત્પન્ન થતો વિકલ્પ ને વિકાર એને લઈને, **'ભ્રમણ છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.'** સિદ્ધમાં એ ગતિ આવી ઉઠે નહિ. ચલપણું ચાર ગતિમાં છે એવું નથી તે અચલપણાને પામી છે. **'વળી તે કેવી છે?'** સિદ્ધગતિ. **'જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્ભુત માહાત્મ્ય હોવાથી...'** જગતના પદાર્થોને ચાર ગતિને તો કથંચિત્ એક બીજાની સમાનતાની ઉપમા આપી શકાય, સિદ્ધને કોઈ ઉપમા નથી. સમજાણું કાંઈ?

કહે છે, સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી તો વિલક્ષણ અદ્ભુત માહાત્મ્ય હોવાથી. આશ્ચર્યકારી સિદ્ધની પર્યાયનું માહાત્મ્ય હોવાથી તેને કોઈની ઉપમા મળી શકતી નથી. અનુપમની વ્યાખ્યા કરી. **'वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं'** ત્રીજું પદ. સમસ્ત જગતમાં, જગતના સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો તેમનાથી (વિલક્ષણ). છે ખરા કહે છે, ઉપમાયોગ્ય પદાર્થો જગતમાં. **'તેમનાથી વિલક્ષણ અદ્ભુત માહત્મ્ય હોવાથી તેને કોઈની ઉપમા મળી શકતી નથી. આ વિશેષણથી, ચારે ગતિઓમાં જે પરસ્પર કથંચિત્ સમાનપણું મળી આવે છે...'** ગતિ તરીકે, નારકી તરીકે, પર્યાપ્ત તરીકે એમ તો બધું સમાનપણું છેને કેટલુંક. **'તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.'** એને કોઈની ઉપમા છે નહિ.

અપવર્ગ, કેવી છે ઈ? અપવર્ગ છે. લ્યો, એ વધારે કાઢ્યું. ધ્રુવ, અચલ, અનુપમ. અપવર્ગ છે ઈ ગતિ. અપવર્ગ. **'ધર્મ, અર્થ અને કામ...'** પુણ્ય, લક્ષ્મી અને ભોગ એ ત્રણ વર્ગ કહેવાય છે. ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે લક્ષ્મી, કામ એટલે ભોગ. **'એ ત્રિવર્ગ કહેવાય છે; મોક્ષગતિ આ વર્ગમાં નહિ હોવાથી...'** એ ત્રણ વર્ગમાં મોક્ષ છે નહિ અને મોક્ષની પર્યાયમાં ત્રણ વર્ગ નથી. સમજાણું કાંઈ? ધર્મ એટલે પુણ્ય શુભભાવ, અર્થ લક્ષ્મી, એનો જે રળવા આદિનો ભાવ અશુભ અને લક્ષ્મી. તે એમાં નથી **'મોક્ષ ગતિ આ વર્ગમાં નહિ હોવાથી તેને અપવર્ગ કહી.'** અપવર્ગ કહી, બસ એટલી વાત. **'આવી પંચમગતિને સિદ્ધભગવંતો પામ્યા છે.'** લ્યો!

સંસ્કૃતમાં આવી ટીકા કરી અમૃતચંદ્રાચાર્યે. એક શ્લોકનું સામાન્યપણું જે છે એનું વિશેષપણું એમાં ટીકા કરી. એમાં આવા ભાવ ભર્યા છે એમ સમજાવે છે. ગાયના, ભેંસના આંચળમાં જેમ દૂધ હોય એ દોહીને કાઢે બળુકી બાઈ, એમ અહીં શબ્દોમાંથી ભાવ ટીકા કરીને કાઢ્યા છે. સમજાણું કાંઈ? દોહનારી હોય બાઈ, દોહનારી એ દોહનારી આમ આંચળને ન દોવે, આંચળને આમ રાખીને ન દોવે. એ.. કપુરભાઈ! એનો અંગૂઠો છે એના આ વચલા ભાગમાં આમ રાખે અને વચલા ભાગમાં આંચળ રાખે અને દોવે ત્યારે એને ભીંસ થઈને દૂધ નીકળે. નહિતર આમ કાઢે તો ચાંદા પડે. સમજાણું કાંઈ? આ તો બધું અમે જોયું છેને, આ જોયેલી વાત કીધી.

કહે છે, આહા..હા..! આ શબ્દોમાં એટલા ભાવ, શબ્દોમાં કહેવાના ભાવ છે. કહે છે કે, એ વર્ગમાં નથી એવી અપવર્ગ છે. એવું એમાંથી ટીકામાંથી કાઢ્યું. ઓલા ભાવમાંથી, શબ્દમાંથી. **'આવી પંચમગતિને સિદ્ધભગવંતો પામ્યા છે.'** એથી એનો અર્થ એ થયો કે, સિદ્ધગતિ પુણ્યથી, લક્ષ્મીથી કે ભોગથી પ્રાપ્ત થતી નથી. સમજાણું કાંઈ? આ પુણ્યથી, લક્ષ્મીથી સિદ્ધગતિ નથી મળતી એમ કહે છે. આ બધા પૈસાવાળા હોયને, પૈસા ખર્ચે લાખ બે લાખ એટલે જાવ થઈ ગયો ધર્મ, ધર્મ ધુરંધર બિરૂદ આપે. ધૂળેય નથી સાંભળને હવે, પૈસા ક્યાં છે તારા? એ તો અજીવ છે, ધૂળ છે. સમજાણું કાંઈ? ભોગાનંદમાં બ્રહ્માનંદ છે. એનાથી મુક્તિ થાય એમ થયોને એનો અર્થ? રજનીશ. ભગવાન! ભોગ તો અશુભ રાગ છે. એના કારણ તરીકે થઈને એનું કાર્ય થાય એ તો પરનું જડનું છે. એમ લક્ષ્મીનો ભાવ છે એ તો પાપ છે. ફળ તરીકે લક્ષ્મી. એમ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધો શુભભાવ છે એ પુણ્ય છે, એ મુક્તિનું કારણ નથી. કારણ હોય તો ત્યાં રહેવું જોઈએ. સમજાણું કાંઈ? જો એ કારણ હોય તો એના કાર્યમાં કાંઈક એનો અંશ રહેવો જોઈએ. આહા..!

કહે છે, એ તો મુક્તિ સિદ્ધ ભગવાન એને હું વંદન કરું છું. ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે. એનો અર્થ અમૃતચંદ્રાચાર્ય પોતે કહે છે કે, હું એમ વંદન કરું છું. કે જે ત્રણ વર્ગમાંથી જુદી વર્ગની એની જાત જ જુદી છે. કહો, સમજાણું કે નહિ? આ એકડિયાનો વર્ગ, બેનો વર્ગ નથી કહેતા? એમાંથી મેટ્રીકનો વર્ગ તો આમાંથી બધી જાત જ જુદી છે એની. એમાં કાંઈ સમાય એકડિયા, બકડિયા સાતમી સુધીમાં? સાતમી હતીને અમારા સુધી તો. હવે તમારી દસમી થઈ. આ તો જાત જ જુદી છે કોઈ. આહા..હા..! તેમને--આવા સિદ્ધ ભગવંતોને,...

... નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ શાંતિ એ મારી ભાવસ્તુતિ છે. અને શ્રોતાને પણ કહે છે કે, તારી ભાવસ્તુતિ આવી હોવી જોઈએ. સમજાણું કાંઈ? એની સાથે દ્રવ્યસ્તુતિનો વિકલ્પ હોય. એવા શ્રોતાઓને પણ ભાવસ્તુતિ ને દ્રવ્યસ્તુતિવાળાને કહે છે કે, તારી જ્ઞાનની પર્યાયમાં અનંતા સિદ્ધોને હું સ્થાપન કરું છું. સમજાણું કાંઈ? આ વાર કવાર હોય છેને, ત્યારે નથી સ્થાપતા બહાર? શેરીમાં ક્યાંક મકાન હોયને ત્યાં મૂકી આવે કાંઈક. શું? પસ્તાનું. હેં? પહેલું મૂકી આવે એટલે પછી વાર, તહેવાર હોય એટલે ગમે ત્યારે તો બહાર નિકળીને લઈને ચાલ્યા જાય. એમ અત્યારે સિદ્ધગતિ પ્રાપ્તિનો કાળ નથી. તો પણ હું પસ્તાનું તો મૂકું છું કે મારી પર્યાયમાં સિદ્ધો છે. સમજાણું કાંઈ? આહા..હા..! કપુરભાઈ!

દગ્ધકાળ આવ્યો હતોને? ભાઈ આપણે સવારે. અકાળ. અરે..! અકાળ દગ્ધકાળમાં અત્યારે મુક્તિના ઉપાયોનું જે ધ્યાન તો નથી. સમજાણું કાંઈ? મુક્ત સિદ્ધ દશાના કારણરૂપ જે મુક્ત ધ્યાન, એવું તો ધ્યાન તો અત્યારે નથી. પણ એ સ્વરૂપમાં સ્થિરતા એટલી ન હોઈ શકે તોપણ વિકલ્પ દ્વારા લાભ થશે એમ માનીશ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- સંથારો કરવાની વાત નથી, શ્રદ્ધા કે આ પણ એમ. શ્રદ્ધાનો અર્થ આ છે કે, નિજ પરમાત્મા જેવો છે તેવો તેની સન્મુખ થઈને શ્રદ્ધા રાખજે. નિજ પરમાત્મામાં સ્થિરતા એટલી ધ્યાનની અત્યારે નથી કે જેનાથી મુક્તિ થાય. એવા અકાળમાં પણ એમ છિદ્દી ન તાકીશ કે, અત્યારે પણ આવા શુભક્રિયાના પરિણામથી પણ મુક્તિ હળવે હળવે થશે. એમ ન કરીશ. સમજાણું કાંઈ? નિજ પરમાત્માની શ્રદ્ધા. પોતાનો ભગવાન પૂર્ણ જ્ઞાનાનંદનો નાથ એની સ્વઆશ્રય શ્રદ્ધા, નિર્વિકલ્પ શ્રદ્ધા, આનંદવાળી શ્રદ્ધા એ તો શ્રદ્ધા તો કર્તવ્ય છે, શ્રદ્ધા તો કરજે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે, હું આ સિદ્ધને મારા ને તમારી પર્યાયમાં સ્થાપુ છું. સિદ્ધ થવાને વાર છે ખરી મારે ને તારે બેયને. સમજાણું કાંઈ? **'પોતાના તથા પરના આત્મામાં સ્થાપીને, સમયનો (સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થનો) પ્રકાશક એવો...'** સર્વ પદાર્થ. એક શબ્દ, સમય શબ્દે પરપદાર્થ પણ છે અને સમય શબ્દે જીવપદાર્થ પણ છે. છેને? ક્યાં આવ્યું? બીજી લીટી? **'समयप्रकाशकस्य'**. **'विश्रान्तिवशेनाचलत्वमुपगतामखिलोपमान-विलक्षणद्भुतमाहात्म्यत्वेनाविद्यमानौ'** ત્રીજી લીટી એની. સંસ્કૃતને? છેલ્લેથી બીજી, હા ઈ બરાબર છે. **'समयप्रकाशकस्य'** ઠીક. **'प्रमाणतामुपगतस्यास्य समयप्रकाशकस्य'**. આ સમયનો પ્રકાશનારો. **'(સર્વ પદાર્થોને અથવા જીવપદાર્થનો) પ્રકાશક એવો જે પ્રાભૃત નામનો અર્હત્પ્રવચનનો અવયવ...'** ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા અરહંતે જે પ્રવચન કહ્યું, પ્રવચનરૂપી પુરુષ એનો આ અંશ છે. આ સમયસાર ભગવાનના મુખે નીકળેલો પ્રવચન એવો પુરુષ પૂર્ણ એનો આ સમયસાર એનો એક અવયવ છે. સમજાણું કાંઈ? **'પ્રકાશક એવો પ્રાભૃત નામનો અર્હત્પ્રવચનનો અવયવ (અંશ) તેનું,...'**

**'અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ મારા અને પરના મોહના નાશ માટે,...'** ભાષા જુઓ! કહે છે કે, કથન ચાલશે, જ્ઞાન પણ ચાલશે પણ ત્યાં મારો હેતુ--એ ટીકા કરવાનો અને વંદન કરીને આ સમયને કહેવાનો--મારો ભાવ, મોહને, મારો મોહ જે કંઈ છે અસ્થિરતા. ઓલામાં તો અર્થમાં કર્યું છે, આપણે નથી નાખ્યું. મોહનો અર્થ અજ્ઞાન અને મિથ્યાત્વ નાખ્યું છે. ઓલામાં જૂનમાં, ભાઈ! મોહનો અર્થ હિન્દીમાં પછી આપણે પહેલું ગુજરાતીમાં નાખેલું. અહીં સમુચ્ચય મોહ છે. મારો મોહ... એ તો પરિગ્રહમાં આવે છેને? નિર્જરામાંય આવે છેને? મારો અને પરનો પરિગ્રહ નાશ કરવા માટે. નિર્જરા અધિકારમાં એ ગાથા આવે છે. એમાં આવે છે. કળશમાં આવે છે. ક્યાંક આવે છે, નિર્જરામાં આવે છે. આ તો મુનિ છે પણ એ જાતની ભાષા તો આવે.

કહે છે હું ટીકા કરનાર મારો જે મોહ છે જરી રાગાદિ ભાવ છે, અશુદ્ધતા પરિણતિમાં

છે. સમજાણું કાંઈ? હેં? કેટલામાં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ૩૩૫ પાનું જુઓ. '**स्वपरयोः अविवेकहेतुम् अज्ञानम्...**' (કલશ-૧૪૫) છેને? સ્વ-પરના અવિવેકના અજ્ઞાનને છોડવાનું જેનું મન છે. સ્વ-પરનો અવિવેક એમ ભાષા લીધી, જોઈ? એઈ..! મુનિ પોતે કહે છે અમૃતચંદ્રાચાર્ય. સ્વ-પરના અવિવેકનું કારણ એવું જે અજ્ઞાન એને છોડવાનું જેનું મન છે એવો આ તેને પરિગ્રહને વિશેષ છોડવાને પ્રવર્તાવ્યો છે. એનો અર્થ જેટલી અસ્થિરતા છે એટલી એની જુદાઈ પડી નથી. ભેદ આમ જુદો તદ્દન ભેદ પડી જાય તો થઈ રહ્યું. એટલે અસ્થિરતાને છોડવા આ ટીકા કરું છું કહે છે. હવે એ ટીકા કરવી એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? એ.. પંડિતજી!

અમૃતચંદ્રાચાર્યમાં પણ આવ્યું પહેલું. '**परपरिणतिहेतो**' ... મારી પરમ વિશુદ્ધિ થાઓ. ટીકા કરતા મારી પરમ વિશુદ્ધિ હો. પણ એનો અર્થ એવો નથી કે, ટીકા કરતાં જે વિકલ્પ ઉઠ્યો છે ટીકાનો એનાથી પરમ વિશુદ્ધિ હો. પાઠ તો એવો છે, અહીં પાઠ એવો છે. કુંદકુંદાચાર્ય પોતે કહે છે, એમ અમૃતચંદ્રાચાર્ય પોતે કહે છે. મારો અને પરનો મોહ નાશ માટે, આ '**હું પરિભાષણ કરું છું.**' સમજાણું કાંઈ? પહેલું ન્યાં આવ્યું હતું, અમૃતચંદ્રાચાર્યનું. આ આવ્યું ટીકામાં. અમૃતચંદ્રાચાર્ય કહે છે કે, આની ટીકા કરતા જ. '**समयसारव्याख्ययैवा**'- સમયસારની વ્યાખ્યા નામ ટીકા કરતાં જ મારી પરમ વિશુદ્ધિ થઈ જાઓ. આ તો વાંધો ઉઠે. વળી એક કોર કહેવું કે શાસ્ત્રમાં વિકલ્પ જે જાય છે વ્યભિચાર છે. એઈ..! અહીં કહે છે, ટીકા કરવા વખતે જે વિકલ્પ છે એ વ્યભિચાર છે. એ.. હિંમતભાઈ! ભારે! એમ કહે છે કે, મારું ઘોલન અંતર્મુખ છે. ટીકા કરવા કાળે પણ અંતર્મુખના જ વલણમાં મારી દૃષ્ટિ અને સ્થિરતા છે. તો આ ટીકા કરવાના કાળમાં, ટીકા કરવાને કારણે એમ નહિ પણ ટીકા કરવાના કાળમાં. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે તકરારું કરે માણસ, નહિ? ઈ કહે, જુઓ, આ ટીકા કરતા નિર્જરા થાય એમ લખ્યું છે આમાં. એઈ..! ભાઈ! એનો ભાવ સમજવો જોઈએને. કહે છે કે, મારું જોર સ્વભાવ સન્મુખમાં એકતાની અંતરની સન્મુખતાની સાવધાની મારી વર્તે છે. એ આ ટીકાના કાળમાં ભગવાન કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય કહે છે. એ કંઈ અશુદ્ધ છે એ નાશ થઈ જાઓ. સમજાણું કાંઈ?

પરનો મોહ પણ એમ કહે છે કે, હું તને સંભળાવું છું અને તું ભાવસ્તુતિ ને દ્રવ્યસ્તુતિવાળો બેઠો છો. આહા..હા..! સમજાણું કાંઈ? તારો જે મોહ છે, આ સમયસાર સાંભળતા એના કાળમાં તારી અશુદ્ધતાનો નાશ થઈ જાઓ. સમજાણું કાંઈ? આહા..હા..! કારણ કે, શ્રોતાને એને અમે લીધો છે એવાને કે, જે ભાવસ્તુતિ અને દ્રવ્યસ્તુતિ, અંતરની એકાગ્રતા પણ છે અને વિકલ્પ પણ છે એવા શ્રોતાને અમે સંભળાવીએ છીએ. કહો, પોપટભાઈ! આહા..હા..!

વીતરાગ દર્શનને સમજવું એ અલૌકિક વસ્તુ છે. નયના કથનોને કઈ રીતે બેસાડવા, કેમ ઘટાવવા એ સમજવું જોઈએ.

અહીં તો ચોખ્ખું કહે છે જુઓ! '**મારા અને પરના મોહના નાશ માટે, હું પરિભાષણ કરું છું.**' સંસ્કૃત ટીકા પડી છે દેખો! છેને? '**स्वपरयोरनादिमोहप्रहाणाय भाववाचा द्रव्यवाचा च परिभाषणमुपक्रम्यते।**' ઠીક! આહા..હા..! મારી જ્ઞાનધારા પણ એવી જ ક્રમે ક્રમે જ્યાં જે મારે કહેવા માગવાનો શબ્દ છે એ શબ્દને, જે શબ્દને, જે જ્ઞાનને અનુસરશે શબ્દો, એ જ્ઞાન પણ મારું ધારાવાહી તે કાળે તેવું જ હશે. સમજાણું કાંઈ? અને તે જ્ઞાનધારાને અનુસરતી વાણી એવી જ વાણીનો કાળ એનો કે, એવી જે એ વાણી નીકળશે. આહા..હા..! ગજબ કરે છે વાત! સમજાણું કાંઈ? બેયમાં નિયત સિદ્ધ કરે છે. એ ભાવવાચા કે જ્ઞાનધારા અત્યારે ચાલે છે એ જ્યારે મારે જે પ્રકારે સમયસારના શબ્દો જે ઠેકાણે, જે પ્રકારે કહેવાના હોય તે પ્રકારે નીકળશે. પણ એ શબ્દો પણ મારી જ્ઞાનધારા જે સ્વને આશ્રયે છે એ જ્ઞાનની ધારા પણ તે કાળે જે શબ્દ જેનું અનુસરણ કરે એવી જ્ઞાનધારા હશે ત્યાં. સમજાય છે કાંઈ?

આજ સવારમાં આવ્યુંને કે, જઘન્ય પરિણમન છે તે બંધનું કારણ છે. એમ આવ્યુંને? શબ્દો એવા આવ્યા ત્યારે જ્ઞાનમાં પણ એ જાતના ક્ષયોપશમની ધારા તે પ્રકારે ત્યાં છે. એ ધારાને શબ્દે અનુસર્યું છે, શબ્દે એ ધારાને અનુસર્યું છે. શબ્દે શબ્દથી છે અને જ્ઞાનધારા જ્ઞાનધારાથી છે. એને અનુસરીને શબ્દ આવે છે. ગજબ વાત કરે છે! ઓહો..હો..! આવી શૈલી પરમેશ્વર થવાને લાયક જીવ વિના હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! જે ઠેકાણે વ્યવહારને કહેવું છે મારે તો તે મારું જ્ઞાન પણ તે કાળે તેવું જ હોય છે. સમજાણું? અને તે વખતે વિકલ્પ એવો ને વાણી પણ એવી (હશે). આહા..હા..! હેં?

મુમુક્ષુ :-- ત્રણેયનો મેળ છે.

ઉત્તર :-- ત્રણનો મેળ છે. આહા..! સમજાણું કાંઈ? આ તો અજબ-ગજબની વાત છે ભાઈ! આ તો પરમેશ્વરને પહોંચવાની કળાની વાત છે. આહા..હા..!

કહે છે કે, આ સમયસાર જે અર્હંત પ્રવચનનો અંશ છે. એમ સિદ્ધ કર્યુંને? ભગવાનની જે વાણી પૂરી એનો એક આ ભાગ છે. એ મારું કહેવું છે ને હું કરું છું એમ નહિ. આહા..! સમજાણું કાંઈ? ગજબ ટીકા છેને! એક ગાથામાં કેટલું ભર્યું છે! આચાર્યો પોતે... એક બાજુ આવે છેને ભાઈ? શાસ્ત્રને સાંભળવા એ પણ બંધનું કારણ છે. લે! શાસ્ત્ર કહેવા એ બુદ્ધિ પણ વિકલ્પવાળી વ્યભિચારી છે. એક બાજુ એમ કહેવું પાછું કે, આચાર્યોના શબ્દોમાં વાંચન કાળે ત્યાં એકલા અતીન્દ્રિય અમૃતના બિંદુ ઝરે છે. એઈ..! સમજાણું કાંઈ?

ભગવાનની વાણી આહા..હા..! વાણી તો વાણી છે, વાણીને કાળે જે જ્ઞાન થાય છે

પોતાનું, પોતાનું એટલે પોતાની પર્યાયનું, એ જ્ઞાન પણ પરાલંબી પોતાથી થયેલું પણ લક્ષમાં ત્યાં છે એવું થયું એ પણ જ્ઞાન નહિ. છતાં અહીં તો એમ કહે કે, શાસ્ત્રને વાંચતા... એઈ..! ધવલમાં આવે છેને ભાઈ, અસંખ્યગુણી નિર્જરા. એવું આવે છે. ઓલો નાખે રતનચંદજી, એ.. આમાં આમ કહ્યું છે. ભાઈ! સાંભળને ભાઈ! અસંખ્યગુણી નિર્જરા કીધી છે સ્વાધ્યાય કરતા શાસ્ત્રની હોં! હેં? કારણ આ. એને કાળે અમારું ઘોલન અંતર વર્તે છે. એ કાળે અમારા અંતર ઘોલનના આશ્રયે નિર્જરા થાય છે. એઈ..! આહા..!

અહીં કહે છે, હું સમયસાર કહું છું. તો કહેવાનો છે એ તો એક વિકલ્પ છે અને વાણી છે ઈ જડ છે. છતાં હું કહીશ અને કહેવાના કાળથી, એટલે આનાથી જ મારો મોહ નાશ થશે એમ તારો પણ મોહ એનાથી નાશ થશે. સમજાણું કાંઈ? એક જણો કહેતોને, સમયસાર વાંચી ગયો હું તો પંદર દિ'માં. બહુ સારી વાત છે બાપા. સમયસાર એટલે નવ તત્ત્વની વાત છે, નવની નહિ એકની વાત છે. સાંભળને હવે. એઈ..! હું પંદર દિ'માં વાંચી ગયો. બહુ તમે વખાણ કરો છો આવું, આવું સમયસાર. ઠીક બાપા. આહા..હા..! અહીં તો એક ગાથાને પહોંચી વળવી પણ કઠણ છે. સમજાણું કાંઈ?

આ તો ભગવાનની વાણી આત્માથી આવેલી છે. લ્યો! શ્રીમદ્ એમ કહે છે. આત્મભાષા એ શબ્દ છે. આત્માની ભાષા હોય? એનો અર્થ કે, જે આત્મા જે રીતે પરિણમ્યો છે શુદ્ધમાં તે કાળની ભાષા નિમિત્તરૂપે આને થઈને થાય છે તે આત્માની ભાષા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે, અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ મારો મોહ. એટલે? મિથ્યાત્વ જ છે મોહ એવું કાંઈ નહિ. રાગ જે અનાદિ કાળનો હજી મારી પાસે છે. શું કીધું? ચારિત્રનો જે અસ્થિરતાનો દોષ છે એ દોષ અનાદિનો છે. ભાન થયું છે અનુભવનું સમ્યગ્દર્શન, છતાં તે રાગ-ભાગ છે એ તો અનાદિનો છે, અનાદિની જાતનો એમને એમ રહે છે રાગ, ચારિત્રની અસ્તિરતાનો એમ કહે છે. સમજાણું કાંઈ? અનાદિ કાળથી ઉત્પન્ન થયેલો મોહ કીધોને? હેં? અનાદિનો છેને.

એ આવે છે પંચાસ્તિકાયમાં પાછળ નહિ? ૧૭૨માં. અનાદિ કાળનો રાગ છે મારામાં. મુનિ એમ કહે છે. સમજાણું કાંઈ? કારણ કે, જે રાગનો અંશ ટળ્યો નથી એ રાગની જાત તો અનાદિની એમને એમ, એમને એમ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ રાગ, એવો જે મારો રાગ--મોહ અને તારો રાગ પરનો, એમ સાંભળનારને કહે છે. તારી પાસે પણ રાગ અનાદિનો છે. સમજાણું કાંઈ? જેટલી અસ્થિરતાનો રાગ છે એ તો અનાદિનો છે, એ કાંઈ સ્થિરતા થઈ ગઈ છે અને અસ્થિરતા આવી છે નવી એમ કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

કેટલું ભર્યું છે આમાં જુઓને! કેટલું નાખે છે! ટીકા તે ગજબની ટીકા છેને!! ભરતક્ષેત્રમાં

આવી ટીકા કોઈ ક્યાંય નથી. સમજાણું કાંઈ? અન્યમાં તો નથી પણ દિગંબર સંપ્રદાયમાં આવી ટીકા આ ઠેકાણે છે એવી બીજે નથી આવી.

**'અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ મારા અને પરના મોહના નાશ માટે, હું પરિભાષણ કરું છું.'** હું પરિભાષણ, એનો અર્થ કરશે. જ્યાં જ્યાં જે જોશે ત્યાં ત્યાં તે ભાષા આવશે. એ શાસ્ત્ર, શાસ્ત્રની ગુંથણી જ એવી આવશે. અને જ્યાં જ્યાં જોશે, ત્યાં ત્યાં તેને નિમિત્ત થવામાં જ્ઞાનની ધારા પણ એવી જ હશે. સમજાણું કાંઈ? હું પરિભાષણ કરું છું. લ્યો! ઓહો..! મહારાજ! વાણી હું બોલું છું, એ તો તમે ના પાડતા હતા. વાણી તો આત્માનું કાર્ય છે જ નહિ. જ્ઞાન કારણ અને વાણી કાર્ય એમ છે?

મુમુક્ષુ :-- એવું ધવલમાં આવે છે.

ઉત્તર :-- ધવલમાં આવે છે. ધલવમાં આવે છે, એવો પાઠ આવે છે. જ્ઞાન કારણ છે અને વાણી કાર્ય છે. એ તો એ વાણી કાળે જે જ્ઞાનધારા નિમિત્ત હતી એને નિમિત્ત કારણ તરીકે કહેવામાં આવી છે. આહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી એમાં વાણી કેવી? એમાં વિકલ્પ કેવો? પણ તે કાળે તે પ્રકારની વાણી પરિણમવામાં, પરિણમે તો એને કારણે, નિમિત્તરૂપે જે જ્ઞાનનો ઉઘાડ હતો એ, તે કાળે એને નિમિત્ત થયું માટે કારણ કહેવામાં આવે છે.

અહીં કીધું, આમાંથી કાઢવું હોય તો કાઢી શકે. હું પરિભાષણ કરું છું. આ સિદ્ધાંતને હું કહું છું. બાપુ! હું કહું છું એટલે શું? મારી જ્ઞાનધારા તે કાળે શબ્દને અનુસરવાનું જે જ્ઞાનને બને એવી જ્ઞાનધારા મારી પરિણમશે. એ પરિણમાવું છું એમેય નથી. એઈ..! એ વખતે તે જ પરિણમન છે એમાં હું પરિણમાવું છું એમ આમાં નથી. છતાં હું જ્ઞાનધારા દ્વારા અને વિકલ્પ દ્વારા આ હું કહીશ. સમજાણું કાંઈ? કે, જેથી મારો ને તારો અનાદિની અસાવધાનીનો અંશ નાશ થઈ જશે અને પૂર્ણ પદને પ્રાપ્ત થશે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૧૪, મંગળવાર, તા. ૧૬-૧૧-૧૯૭૧
## ગાથા-૧, ૨. પ્રવચન-૧૦

આ સમયસાર, જીવ-અજીવ અધિકારની પહેલી ગાથા. આચાર્ય કહે છે, હું સિદ્ધોને, અનંત સિદ્ધોને, સર્વ સિદ્ધોને કહ્યું છેને? મારી પર્યાયમાં અને સાંભળનારની પર્યાયમાં સ્થાપીને ભાવ-દ્રવ્યની સ્તુતિ હું અને પોતાને પણ ભાવ-દ્રવ્યની સ્તુતિથી એને સિદ્ધોને એના જ્ઞાનમાં સ્થાપીને. જ્ઞાનની ધારામાં એ ભાવવચન અને વાણી, એ જ્ઞાનને અનુસરીને થતી વાણી એ દ્વારા હું કહીશ એમ કહ્યું. ... જેને અંતર પવિત્રતા પ્રગટી છે એને અનુસરીને વાણી આવે એ વાણી અને એ જ્ઞાન, બેને નિશ્ચય અને વ્યવહાર કહેવામાં આવે છે.

હવે અહીંયાં તો ચોથો બોલ એમ લીધોને, મારા અને સાંભળનારના મોહના નાશ માટે હું આ પરિભાષણ કરું છું. મારે પણ મોહની અસ્થિરતા જરી છેને. મિથ્યાત્વ લેવું હોય તો ક્ષયોપશમ સમકિત છે અને પર્યાયમાં હજી અંદરમાં મિથ્યાત્વના રજકણો પડ્યા છે. ક્ષયોપશમ છેને (એટલે) સત્તામાં પડ્યા છે. એટલે આ ટીકાના કાળમાં જ એનો પણ નાશ થાય અને સાંભળનારને પણ મોહનો નાશ થાય એ રીતે હું શાસ્ત્રને પરિભાષણ યથાયોગ્ય જ્યાં જ્યાં જે જોશે, ત્યાં તે પ્રકારે જ્ઞાન અને વાણી આવશે. એમ (કહેવું છે).

**'એથી હું મારો અને પરના મોહના નાશ માટે હું પરિભાષણ કરું છું.'** ઓહો..હો..! **'કેવો છે તે અર્હત્પ્રવચનનો અવયવ?'** હવે આ સમયપ્રાભૃત શું છે એમ કહે છે. જે હું કહેવા માગુ છું **'वोच्छामि'**, સમયપ્રાભૃત ઈ કેમ પ્રમાણતાને પામેલ છે? કે, એ અરહંતના પ્રવચનનો અવયવ છે. સર્વજ્ઞ ભગવાન પરમેશ્વરે કહ્યા પ્રવચનો--દિવ્યધ્વનિ એનો એક આ ભાગ છે. સમજાણું કાંઈ? **'અનાદિનિધન પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી,...'** શ્રુતકેવળી એમ છેને પાઠ? આ શ્રુતકેવળીએ કહેલ છે એમ આધાર આપીને પ્રમાણતાને પામેલ છે આ સમયસાર એમ કહેવા માગે છે. કેમ કે પુરુષ પ્રમાણે વચન પ્રમાણ. જે પુરુષ કહે છે એ કોણ છે કે, જેના વચન પ્રમાણરૂપ હોઈ શકે? સમજાણું કાંઈ? કે, એ શ્રુત, શ્રુત જ એવું છે કહે છે કે, અનાદિઅનંત પાઠમાં તો એટલું છે કે, **'श्रुतप्रकाशित्वेन'** સંસ્કૃત. શ્રુતકેવળીએ કહેલું એટલે શ્રુતથી કહેવામાં આવ્યું. શ્રુત એટલે અનાદિઅનંત પરમાગમ શબ્દબ્રહ્મ એનાથી પ્રકાશિત હોવાથી. એટલો તો અર્થ શ્રુતનો કર્યો. સમજાણું કાંઈ? આ તો દરિયા-સમુદ્ર મોટા છે જ્ઞાનના. એમ એક એક શબ્દમાં અનંત અનંત ગંભીરતા ઘણી ભરી છે.

કહે છે કે, એ '**श्रुतप्रकाशित्वेन**'. અનાદિઅનંત પરમાગમ શબ્દબ્રહ્મ છે. એ શબ્દબ્રહ્મનો કોઈ કર્તા નથી એમ કહે છે. અનાદિથી પરમઆગમ સિદ્ધાંત શબ્દબ્રહ્મ ચાલ્યા આવે છે. અને તે કાળે પણ જ્યારે આ શબ્દબ્રહ્મ કહેવાશે તે કાળે એ જ અનાદિઅનંત જે શબ્દબ્રહ્મની ધારા છે એમાંયલો જ ભાગ એ આવશે. પહેલી ગાથા છેને. આ તો મહા ગંભીર છે. સમજાણું કાંઈ? અનાદિઅનંત પરમાગમ, પરમઆગમ એમને એમ ચાલ્યો આવતો પ્રવાહ શબ્દનો. '**શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી... પ્રમાણતાને પામ્યો છે.**' એમ કહેવું છે. પ્રમાણતાનો પામ્યો છે. આ સમયપ્રાભૃત કહીશ એ પ્રમાણપણું કેમ છે? કે, અનાદિઅનંત શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાને કારણે પ્રમાણ છે. સમજાણું કાંઈ?

એમાંથી તર્ક ઉઠ્યો છેને, કાલે કહ્યો હતો, કાલે નહિ પરમ દિ', કે, આ શબ્દ્બ્રહ્મ કહેનારા સદાય હશે? જ્ઞાનધારા કેવળજ્ઞાનની અને શ્રુતજ્ઞાનની ધારા તો જગતમાં અનાદિ છે. પણ એ જ્ઞાનીના મુખમાંથી શબ્દનો પ્રવાહ વહે એનો આંતરો નહિ પડતો હોય? એ રાત્રે તર્ક કર્યો હતો. સમજાણું કાંઈ? શબ્દ્બ્રહ્મ તો અનાદિ એમને એમ પ્રવાહરૂપે છે કહે છે, પણ કહેનારા હોય ત્યારે એને અનુસરીને ચાલેને ઈ. સમજાણું કાંઈ? આહા..! ગજબ વાત છે! સમયસાર એટલે આ તો કેવળીનું કથન સાક્ષાત્ એમ અહીં વર્ણવે છે. કેમકે એક તો અનાદિઅનંત આમ પ્રવાહ છે એનો શબ્દ્બ્રહ્મનો એનાથી પ્રકાશિત હોવાથી. બીજી વાત, એ શ્રુતેન, શ્રુતેન શ્રુતથી પ્રકાશિત થયેલ એમ કહ્યું. હવે '**श्रुतकेवलिभिः**' એમ શબ્દ છેને? શ્રુતકેવળીએ કહેલું છે આ. હવે કેવળીની વ્યાખ્યા.

'**સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર...**' સર્વ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણકાળ, ત્રણલોકના પદાર્થને સાક્ષાત્ કરનાર. પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર ભાઈ! હેં! પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર. આહા..હા..! એટલે કે કેવળજ્ઞાનની પર્યાયમાં પદાર્થોનો સમૂહ પ્રત્યક્ષ જણાય છે. સર્વ પદાર્થ ત્રણકાળ, ત્રણલોકના એનો સમૂહ, ઈ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર. એટલે જ્ઞાનની પર્યાયમાં સાક્ષાત્ કરનાર. એમ. સમજાણું કાંઈ? આહા..હા..! જેની એક સમયની પર્યાય એમાં ત્રણકાળ, ત્રણલોકના પદાર્થ પ્રત્યક્ષપણે પર્યાયમાં, પર્યાયને જાણતા પ્રત્યક્ષ જણાય છે. સમજાણું કાંઈ?

'**એવા કેવળી ભગવાન...**' આ શ્રુતેન કેવળી ને શ્રુતકેવળી '**भणतिम्**'. કુંદકુંદાચાર્ય પોતે કહે છે કે, આ સમયસાર અરહંતના પ્રવચનનો એક ભાગ એ '**श्रुतप्रकाशित्वेन**' અનાદિઅનંત શ્રુત ધારાથી પ્રકાશ્યો છે અને '**કેવળીભગવાન સર્વજ્ઞથી પ્રણીત હોવાથી...**' આહા..! ઓલી તો વાણી થઈ. પણ વાણી કોને અનુસરીને થઈ? કે, એ કેવળજ્ઞાની સર્વ પદાર્થના જાણનાર એવા સર્વજ્ઞથી કહેવાયેલો છે, કહેવાયેલો છે. વાણી છે એ વાણી છે પણ સર્વજ્ઞ ભગવાનથી વાણી કહેવામાં આવી છે. સમજાણું કાંઈ?

**'સર્વજ્ઞથી પ્રણીત હોવાથી...'** સર્વજ્ઞથી જાણેલ હોવાથી એમ નથી લીધું. જાણ્યું છે તો બધું. વાણી જે કાળે નીકળશે તે પણ તે તો જાણી છે, બધું ત્રણકાળ, ત્રણલોકના પદાર્થ જાણ્યા છે. એવા કેવળી ભગવાન સર્વજ્ઞથી કહેલું હોવાથી, પ્રણીત હોવાથી. ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં બધા પદાર્થોનો સમૂહ સાક્ષાત્ પર્યાયમાં જણાઈ ગયો છે. કોઈ વાત પરોક્ષ ને બાકી રહી નથી. આહા..! એવા સર્વજ્ઞથી કહેવાયેલું હોવાથી, પ્રણીત હોવાથી. વાણી તો કીધી અનાદિ પણ એ વાણીના પ્રણીત સર્વજ્ઞ ભગવાન છે કહેનારા. એમ સિદ્ધ કર્યું. પંડિતજી!

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ઈ કેવળી કહેનારા છે એમ કે આ સમયસાર પ્રવચનના અંશને કેવળીએ જ કહેલું છે. ત્રણકાળના ધારનારા સર્વજ્ઞ સદાય છે અને સદાય એનાથી આ કહેલું છે. સમજાણું કાંઈ? સમયસાર બહુ ગૂઢ ઘણું ગંભીર. એના શબ્દો સાક્ષાત્ કુંદકુંદાચાર્યના અને આ અમૃતચંદ્રાચાર્યના સાક્ષાત્ શબ્દો છે. ભલે એ શબ્દો બીજા થઈ જાય અને બીજા પણે, ઈ પદ્ધતિની વાણી એમના મુખમાંથી આ રીતે નિકળી છે. સમજાણું કાંઈ? એ શબ્દો ભલે ન હોય પણ એ શબ્દને અનુસારી જ વાણી, એ જ વાણી છે. સમજાય છે કાંઈ? બે વાત.

ત્રીજી. શ્રુતેન કેવળી અને હવે શ્રુતકેવળી ભેગા લીધા. ત્રીજો અર્થ એનો કર્યો. શું કહ્યું? પહેલા શ્રુત અને કેવળી બે અર્થ કર્યા. **'श्रुतकेवलिभणतिम्' 'श्रुतेन'** પરમાગમ અનાદિઅનંતથી કહેવાયેલું. **'प्रकाशित्वेन' 'સર્વજ્ઞથી પ્રણીત હોવાથી...'** પુરુષ લીધા. ઓલી એકલી વાણી હતી. સમજાણું કાંઈ? હવે એ શ્રુતકેવળીને બે જુદા પાડીને કહ્યું હવે, શ્રુતકેવળી ભેગા કરીને કહે છે. સમજાણું કાંઈ? **'કેવળીઓના નિકટવર્તી...'** ભાષા તો જુઓ! સર્વજ્ઞ પરમાત્માના સમીપમાં રહેલા. આ તો ભાગવત શાસ્ત્ર છે. ભગવાનનું કહેલું એટલે ગૂઢ તો (છે). એક એક શબ્દને સમજવા માટે અંદર શાંતિ અને ધીરજ જોઈએ. આ કાંઈ વાર્તા ને કથા એકલી નથી. આહા.!

કહે છે, કેવળીઓના નિકટવર્તી એટલે કેવળીના સમીપમાં રહેનારા. એમ. ઓલા કેવળીએ કહ્યું પણ એના હવે સમીપમાં રહેનારા. સમજાણું કાંઈ? એવા **'સાક્ષાત્ સાંભળનાર...'** સાક્ષાત્ સાંભળનાર, સીધુ સાંભળનાર, દિવ્યધ્વનિ સીધી સાંભળનાર. સમજાણું કાંઈ? એટલેથી નહિ, સાક્ષાત્ સાંભળનાર એટલેથી નહિ. **'તેમ જ પોતે અનુભવ કરનાર...'** સમજાય છે કાંઈ? આહા..! **'કેવળીઓના નિકટવર્તી સાક્ષાત્ સાંભળનાર...'** એ શ્રુતકેવળી પણ કેવળી પાસે રહેનારા એમ. દૂર રહેનારા નહિ એમ કહે છે. આહા..હા..! અને તે સાક્ષાત્ સીધી દિવ્યધ્વનિ સાંભળી ભગવાનની. કહેનારા પ્રણીત, વાણી અનાદિઅનંત એમાં સીધું

જે સંતો આત્મજ્ઞાની ધર્માત્મા મુનિ છઠ્ઠે-સાતમે ઝુલનારા એને પોતે અનુભવ કરનાર. જે ભગવાનની વાણીમાં આવ્યું એવું અનુભવમાં આવ્યું, લીધું. આત્મા આમ કહે છે કે, આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે. પૂર્ણાનંદનો નાથ છે, શુદ્ધ જે તત્ત્વ આ છે એમ જે વાણીમાં નિકટવર્તી સાક્ષાત્ સાંભળનારને આવેલું એવું એણે અનુભવ્યું અંદર. સમજાણું કાંઈ?

'**પોતે અનુભવ કરનાર એવા શ્રુતકેવળી ગણધરદેવોએ કહેલ હોવાથી...**' ત્રીજો અર્થ કાઢ્યો. સમજાણું કાંઈ? શ્રુતકેવળીએ કહેલો આ અંશ. સમયપ્રાભૃત નામનો એક ભાગ છે આવશે એમાં. દસમા વસ્તુમાં સમય નામનો એક પ્રાભૃત છે. વસ્તુ છે શાસ્ત્ર. એ સાંભળનારે પોતે અનુભવ કરનાર એવા શ્રુતકેવળી એને અહીં ગણધરદેવ લીધા. ગણધરદેવ આદિ એમ ન લીધા. ગણધરદેવોએ કહેલ હોવાથી એમ છે શબ્દ. 'આદિ' શબ્દ નથી આમાં. ભાઈ! સમજાય છે કાંઈ? મૂળ આ છે એમ સિદ્ધ કરવું છેને. આહા..હા..! 'આદિ' શબ્દ નથી લીધો. એ ગણધરદેવોએ કહેલ હોવાથી અને એના પોતાના કુંદકુંદાચાર્ય સુધી આવેલ હોવાથી. સમજાણું કાંઈ? એ એમાં નાખશે અર્થમાં. એનો અર્થ ઈ જ છે ગંભીર કે, ભાઈ! અહીં એ ગણધરોએ કહેલ. સમજાય છે કાંઈ? પણ તમારા સુધી આવ્યું? અહીં અંદર આવે છે. આચાર્યોની પરિપાટી અનુસાર કુંદકુંદાચાર્યને પણ અર્થનું જ્ઞાન હતું. સમજાણું કાંઈ?

એ શ્રુતકેવળી ગણધરદેવોએ કહેલ હોવાથી. ટીકાકાર '**स्वयमनुभवद्भिरभिहितत्वेन च प्रमाणतामुपगतस्यास्य**'. એ કારણે આ સમયસારનો જે ભાગ, પ્રવચનનો અંશરૂપી ભાગ આ કારણે સત્યતાને પ્રમાણતાને પામ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો કહે છે, સાંભળ્યું ખરું પણ પાછું એના અનુભવમાં આવ્યા વિના કહેનાર વખતે કહેવું છે એ તો એનો પોતાનો જ અંદર ભાવ આવે અનુભવનો, નિમિત્ત. એટલે અનુભવના કરનારા ગણધરદેવોએ કહેલ હોવાથી પ્રમાણતાને આ સમયસાર પ્રવચનનો એક અંશ--ભાગ સત્યતાને પામ્યો છે, પરમ સત્ય છે. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં તો એમ આવે ... ભગવાન આમ કહેતા હતા એ મેં સાંભળ્યું, એ પ્રમાણે તમને કહું છું એમ કહે છે.

મુમુક્ષુ :-- અનુભવ કરીને કહું છું...

ઉત્તર :-- એમ નથી આવતું. ત્યાં શૈલી એવી છે એની ... હે આયુષ્યમંત! ભગવાને મને આમ કહ્યું હતું તેમ હું કહું છું. વચમાં પોતે અનુભવ છું એ ન આવ્યું એમાં. એ શૈલી જ આખી એવી છે. સમજાણું કાંઈ? એ વળી પછી, આ તો એક પદ્ધતિ. આહા..હા..!

'**અન્યવાદીઓનાં આગમની જેમ...**' હવે આવે છે એમાં જુઓ, નહિ? સર્વજ્ઞની વાણીને સાક્ષાત્ સાંભળનાર ને અનુભવ કરનાર ને સાક્ષાત્ કેવળી કહેનાર, એથી એ પ્રમાણતાને પામ્યો છે. '**અન્યવાદીઓનાં આગમની જેમ...**' પોતાથી બનાવેલા કલ્પીત. '**છદ્મસ્થ (અલ્પજ્ઞાની)ની કલ્પના માત્ર નથી કે, જેથી અપ્રમાણ હોય.**' એ ખુલાસો કર્યો. પાઠમાં

તો આટલું છે. **'परिभाषणमुपक्रम्यते'** આવ્યુંને? **'प्रमाणतामुपगतस्यास्य'**. બસ એટલું. **'प्रमाणतामुपगतस्यास्य'** બસ. પણ એનો અર્થ થઈ ગયો ને પ્રમાણતાને પામ્યો છે આ રીતે એ રીતે બીજામાં હોઈ શકતું નથી. સમજાણું કાંઈ?

જેનામાં સર્વજ્ઞ નથી અને સર્વજ્ઞની વાણી પણ નથી. વાણી જોઈએને ભેગી, એકલા સર્વજ્ઞ કહે... પણ એ વાણી નથી ને સર્વજ્ઞને સર્વજ્ઞ અનુસારી વાણી નથી. એના સાક્ષાત્ સાંભળનારા નથી અને સાંભળનારા અનુભવ કરનારા જ્યાં નથી એનું આ કથન નથી, કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કારણ કે, કહેનાર, કહેનારને જેની વાણી કહે એને પોતાનો અનુભવ એ જાતનો ન હોય તો એનો અભિપ્રાય વાણીમાં કંઈ પણ આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? આવી વાત છે.

**'અન્યવાદીઓનાં આગમની જેમ છદ્મસ્થ (અલ્પજ્ઞાની)ની કલ્પના માત્ર નથી...'** કે, આમ હોવું જોઈએ, આમ હોય. એમ નહિ, આમ જ છે. વસ્તુ, વસ્તુની શક્તિ એની પર્યાય, એનો વિકાર, એનો વ્યવહાર, નિશ્ચય જે કંઈ છે, આમ પ્રત્યક્ષ જોઈને અનુભવીને કેવળી તો પ્રત્યક્ષ કહે છે એ તો પૂર્ણ છે એ તો. એટલે એને કંઈ અનુભવીને કહેવું એમ કાંઈ રહેતું નથી, એ તો પૂર્ણ છે. પણ છદ્મસ્થને માટે એમ લીધું કે, એને સાંભળી સાક્ષાત્ એનામાં રહી, બેસી ભગવાન પાસે એમ, અને અનુભવીને. સમજાણું કાંઈ? ભગવાને કહ્યો જે ભાવ એ શ્રુતકેવળી ગણધરોએ અનુભવ્યો. આત્મા, વિકલ્પના રાગથી રહિત (છે), રાગ છે એ આસ્રવ છે, ભગવાન આત્મા ચિદાનંદ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય આનંદકંદ છે એમ જે ભગવાન પાસે સાંભળેલું એ અનુભવમાં લીધેલું. એમનાથી કહેલો આ સમયસાર પ્રવચનનો એક અંશ-ભાગ છે. સમજાણું કાંઈ? પુરુષપ્રમાણે વચનપ્રમાણ એમ સિદ્ધ કર્યું. પુરુષ જ જ્યાં અજ્ઞાની અને રાગ હોય એના પ્રમાણ વચન હોઈ શકે નહિ. આહા..હા..!

**ભાવાર્થ :-- 'ગાથાસૂત્રમાં આચાર્યે 'वक्ष्यामि' કહ્યું છે...'** **'वोच्छामि'** છેને? **'वोच्छामि'** કહીશ, **'वक्ष्यामि'** સમયસાર. તેનો અર્થ અમૃતચંદ્રાચાર્ય ટીકાકાર ભગવાન અમૃતચંદ્રાચાર્યે, **'वच् परिभाषणे' ધાતુથી...'** વાણીનું પરિભાષણ, **'वच् परिभाषणे'** વાણીનું કહેવું એવી **'ધાતુથી 'પરિભાષણ' કર્યો છે. તેનો આશય આ પ્રમાણે સૂચિત થાય છે :'** તેનો આ પ્રમાણે આશય હોય છે એમ કરતાંય સૂચિત થાય છે (એમ છે). એમાંથી આવો આશય સૂચિત થાય છે એમ. ભાષા તો સમજવી જોઈએને. પંડિત છે, જયચંદજી, છતાં એના શબ્દની શૈલી... **'તેનો આશય આ પ્રમાણે સૂચિત થાય છે...'** કે આને આમ કહેવા માગે છે એમ ખ્યાલમાં આવે છે.

**'ચૌદ પૂર્વમાં જ્ઞાનપ્રવાદ નામના પાંચમા પૂર્વમાં...'** ચૌદ પૂર્વ છે. બાર અંગમાં એક ભાગ. એનું જ્ઞાનપ્રવાદ નામનું પાંચમું પૂર્વ છે. એના **'બાર 'વસ્તુ' અધિકાર છે;...'**

બાર અધિકાર. '**તેમાં પણ એક એકના વીશ વીશ 'પ્રાભૃત' અધિકાર છે. તેમાં દશમા વસ્તુમાં...**' દશમા વસ્તુમાં જ્ઞાનપ્રવાદ પાંચમો પૂર્વ એની બાર વસ્તુ એનો જે દશમો વસ્તુ એમ. '**સમય નામનું જે પ્રાભૃત છે તેના મૂળ સૂત્રોના શબ્દોનું જ્ઞાન તો...**' મૂળ સૂત્રોના શબ્દોનું જ્ઞાન તો, શબ્દોનું જ્ઞાન લીધું છે. એટલે કે જેવા શબ્દો છે તેવું જ અહીં જ્ઞાન થયું છે એમ.

'**શબ્દોનું જ્ઞાન તો પહેલાં મોટા આચાર્યોને હતું...**' મહા સંતો થયા એને હતું. દિગંબર પરંપરામાં સંતો પહેલા થયા. '**અને તેના અર્થનું જ્ઞાન...**' સૂત્રનું જ્ઞાન પહેલા મહાપુરુષને હતું. '**તેના અર્થનું જ્ઞાન આચાર્યોની પરિપાટી અનુસાર...**' પરંપરા ધારા ચાલી આવેલી. આહા..! '**શ્રી કુંદકુંદાચાર્યને પણ (અર્થનું જ્ઞાન) હતું.**' આ સમયપ્રાભૃત દશમા વસ્તુનો સમય નામનો અધિકાર એના અર્થનું જ્ઞાન કુંદકુંદાચાર્યને હતું. સમજાણું કાંઈ? એ પૂર્વનો ભાગ થયો. એના અર્થનું જ્ઞાન હતું એમ થયું. '**તેમણે સમયપ્રાભૃતનું પરિભાષણ કર્યું--પરિભાષાસૂત્ર બાંધ્યું.**' સમજાણું કાંઈ? '**સૂત્રની દશ જાતિઓ કહેવામાં આવી છે તેમાં એક 'પરિભાષા' જાતિ પણ છે. અધિકારને જે યથાસ્થાનમાં...**' જે જે જ્યાં જ્યાં જે યોગ્ય થાય તેને અર્થ દ્વારા સૂચવે, '**અર્થ દ્વારા સૂચવે તે પરિભાષા કહેવાય છે.**' ઓહો..હો..!

'**શ્રી કુંદકુંદાચાર્ય સમયપ્રાભૃતનું પરિભાષણ કરે છે એટલે કે સમયપ્રાભૃતના અર્થને જ...**' સમયપ્રાભૃતના અર્થનું જે જ્ઞાન હતું તેને યથાસ્થાનમાં જ્યાં જ્યાં જે નિશ્ચય જોઈએ ત્યાં નિશ્ચય, વ્યવહાર જોઈએ ત્યાં વ્યવહાર, પર્યાયને બતાવવી હોય ત્યાં પર્યાય, દ્રવ્યને બતાવવી હોય ત્યાં દ્રવ્ય '**યથાસ્થાનમાં જણાવનારું પરિભાષાસૂત્ર રચે છે.**' લ્યો! આને સૂત્ર કહ્યું. '**સૂત્રાવતાર**' કહ્યું હતુંને પહેલું ગાથાના મથાળામાં. '**સૂત્રાવતાર**' સૂત્ર આવે છે હવે, સૂત્ર જન્મે છે. આહા..હા..! પહેલી તો સમયસારની પ્રમાણતા બતાવવા માટે આટલું તો સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ? બીજાના આગમ (એમાં એમ આવે કે) ભગવાન આમ કહે છે... ભગવાન આમ કહેતા હતા ઈ તને કહું છું. સમજાણું કાંઈ?

'**આચાર્યે મંગળ અર્થે સિદ્ધોને નમસ્કાર કર્યો છે.**' સર્વ સિદ્ધાણં. '**સંસારીને શુદ્ધ આત્મા સાધ્ય છે...**' સંસારીને શુદ્ધ આત્મા તે સાધ્ય છે, સાધવા યોગ્ય છે, લક્ષમાં એ છે એમ કહે છે. '**અને સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા છે તેથી તેમને નમસ્કાર કરવો ઉચિત છે.**' કહો, સમજાણું કાંઈ? લ્યો, અહીં તો એટલું લીધું. '**તેમને નમસ્કાર કરવો ઉચિત છે,...**' તેમને. ઓલી ભાવસ્તુતિ... એમાં આવી ગયું પણ અંદર. સમજાણું કાંઈ? આમાં તો એકલો દ્રવ્ય નીકળે. એ શુદ્ધાત્મા છે તેથી તેમને નમસ્કાર કરવો ઉચિત છે. પણ અંદરમાં શુદ્ધ ભગવાન આત્મા એકલો જ્ઞાનનો પુંજ પ્રભુ, એની અંતરમાં નિર્વિકલ્પતાપણે

એકાગ્રતા એ સિદ્ધને ભાવનમસ્કાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વાત આવી આ. એક વાત સિદ્ધ કરવા કેટલી યુક્તિ ને ન્યાયથી સિદ્ધ કરે છે લ્યો!

'**કોઈ ઈષ્ટદેવનું નામ લઈ નમસ્કાર કેમ ન કર્યો...**' ણમો મહાવીરં... ણમો ઋષભદેવ એમ કેમ ન કહ્યું કાંઈ? '**તેની ચર્ચા ટીકાકારના મંગળ પર કરેલી છે...**' પહેલી કરેલી છે કહે છે. '**તે અહીં પણ જાણવી.**' ઈષ્ટદેવ (કહેતાં) એમાં બધા આવી ગયા. ઈષ્ટદેવના નામ પણ કહ્યા હતા. '**સિદ્ધોને 'સર્વ' એવું વિશેષણ આપ્યું છે; તેથી તે સિદ્ધો અનંત છે...**' અનંત સિદ્ધ છે સર્વમાંથી અનંત કાઢ્યું. સર્વ સિદ્ધાણં, સર્વ સિદ્ધોને વંદુ છું એનો અર્થ સર્વ એટલે અનંત. અનાદિ કાળના થતાં આવે છે, અનંત સિદ્ધો છે અત્યારે.

'**તેથી તે સિદ્ધો અનંત છે એવો અભિપ્રાય બતાવ્યો અને 'શુદ્ધ આત્મા એક જ છે' એવું કહેનાર અન્યમતીઓનો વ્યવચ્છેદ કર્યો.**' કહો, વેદાંત આદિ કહે છેને, એક જ આત્મા સર્વવ્યાપક અદ્વૈત (છે). એ વાત જૂઠી છે. એ કલ્પનાથી, તર્કથી એ વાત એણે ઊભી કરી છે, વસ્તુસ્થિતિ નથી. '**શ્રુતકેવળી શબ્દના અર્થમાં, (૧) શ્રુત અર્થાત્ અનાદિનિધન પ્રવાહરૂપ આગમ...**' કહ્યું. જુઓ, અર્થ કર્યો હવે. કેવળી શબ્દથી સર્વજ્ઞને પરમાગમના જાણનાર શ્રુતકેવળી કહ્યા. '**તેમનાથી સમયપ્રાભૃતની ઉત્પત્તિ કહી છે. એ રીતે ગ્રંથની પ્રમાણતા બતાવી અને પોતાની બુદ્ધિથી કલ્પિત કહેવાનો નિષેધ કર્યો; અન્યવાદી છદ્મસ્થ (અલ્પજ્ઞાની) પોતાની બુદ્ધિથી પદાર્થનું સ્વરૂપ ગમે તે પ્રકારે કહી વિવાદ કરે છે તેનું અસત્યાર્થપણું બતાવ્યું.**' લ્યો, એક ગાથા થઈ. હેં? શું કહ્યું?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- એ તો આવે છે. આ તો એનું હવે કહેશે ઈ આવશે.

'**આ ગ્રંથના અભિધેય,...**' એમ. એટલે કથન, '**સંબંધ, પ્રયોજન તો પ્રગટ જ છે. શુદ્ધ આત્માનું સ્વરૂપ તે અભિધેય છે.**' એ કહેવું છે એમ કહે છે. શુદ્ધ આત્મા ભગવાન વિકલ્પ ને રાગ વિનાનો પ્રભુ આત્મા એને આમાં બતાવવો છે. એ જ પ્રયોજન છે એ કહેશે. '**શુદ્ધ આત્માનું સ્વરૂપ તે અભિધેય છે. તેના વાચક આ ગ્રંથમાં શબ્દો છે...**' ઓલું વાચ્ય છે, શુદ્ધ આત્મા વાચ્ય છે અને આ એના શબ્દો તે વાચક છે. '**તેમનો અને શુદ્ધ આત્માનો વાચ્યવાચકરૂપ સંબંધ તે સંબંધ છે.**' લ્યો! બે થયું. અભિધેય અને સંબંધ. શુદ્ધ આત્મા કહેવું છે અને એના શબ્દો આ ગ્રંથમાં છે. એ શબ્દોને અને શુદ્ધ આત્માને વાચ્યવાચક સંબંધ છે. શબ્દો વાચક છે ને વસ્તુ વાચ્ય છે. જેમ સાકર વાચક છે ને સાકર પદાર્થ વાચ્ય છે એટલો સંબંધ છે. એમ આ સમયસારના શબ્દો વાચક છે, શુદ્ધ આત્મા તેનું વાચ્ય છે. આહા..હા..! '**શુદ્ધાત્માના સ્વરૂપની પ્રાપ્તિ થવી તે પ્રયોજન છે.**' લ્યો!

પ્રયોજન તો આ સારા સમયસારનું શુદ્ધ ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ એનો અનુભવ એટલે એની પ્રાપ્તિ--શુદ્ધ આત્માના સ્વરૂપની પ્રાપ્તિ. સમજાણું કાંઈ? ભગવાન જેવો છે એવું પર્યાયમાં એનું ભાન થવું ત્યારે શુદ્ધાત્માની પ્રાપ્તિ થઈ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? લ્યો! આ ધર્મ કરનારને આ પ્રાપ્ત કરવું એમ કહે છે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો' ભગવાન શુદ્ધ સ્વરૂપ પરમ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવી અનંત શક્તિઓનો સમૂહ એવું એક દ્રવ્ય. ઈ કહેશે બીજી ગાથામાં. એવી પર્યાયમાં આ વસ્તુ આવી એમ પ્રાપ્ત થવું એ એનું પ્રયોજન છે. લ્યો! અનંત લક્ષ્મીનો ભંડાર ભગવાન આત્મા એની પર્યાયમાં 'આ આત્મા છે' એમ અનુભવમાં આવવો એ આ સારા સમયસારનું પ્રયોજન છે. લ્યો! કાંઈ સ્વર્ગ મળે ને પુણ્યથી આ મળે ને ફલાણું મળે ને વાણી મળે એ પણ અહીં પ્રયોજન નથી એમ કહે છે લ્યો! સમજાણું કાંઈ? પુણ્ય કરીએ પછી ભગવાન પાસે જાઈએને પછી ભગવાન પાસે વાણી (સાંભળી મોક્ષમાં જશું). એમાં અજ્ઞાન છે. એ અહીં વાત છે નહિ.

અહીં તો ભગવાન ચિદાનંદ પ્રભુ સચ્ચિદાનંદ સ્વભાવ અસ્તિ એની પ્રાપ્તિ થવી. રાગની, પુણ્યની, નિમિત્તની એ તો પ્રાપ્તિ અનાદિની છે. એ તો મિથ્યાત્વ છે. આત્મા પૂર્ણ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય જેવો છે એવો પર્યાયમાં પ્રાપ્ત થવો. સમજાણું કાંઈ? એવી અવસ્થાના ભાવમાં એ પ્રાપ્ત થવો એ અહીંયાં સમયસારનું પ્રયોજન છે. કહો, પોપટભાઈ! ધર્મ કરશું તો પછી સ્વર્ગમાં જાશું, પછી ભગવાન પાસે જાશું, અહીં કહે છે ઈ પ્રયોજન નથી. આહા..હા..! અહીં તો... કાંઈક પુણ્ય કરીએ, પછી સ્વર્ગમાં જાઈએ પછી ભગવાન પાસે સાંભળશું અને ન્યાં પછી સમકિત પામશું. કહે છે, એ પ્રયોજન છે જ નહિ અહીંયાં. આહા..હા..!

અહીં તો સીધો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ આનંદનું ધામ એનું પર્યાયમાં પ્રાપ્ત થવું. છે તો છે એમ કહે છે. પણ પર્યાયમાં એ પ્રાપ્ત નથી, એનું સ્વરૂપ દશામાં પ્રાપ્ત નથી. પ્રાપ્ત તો રાગ ને પુણ્ય ને એની પ્રાપ્તિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ સર્વજ્ઞની વાણી અને આ પ્રવચનનો અંશ એ વાણી એમાં પ્રયોજન આ છે આહા..હા..! શુદ્ધાત્માના સ્વરૂપની પ્રાપ્તિ. એમાં એમ નથી કહ્યું કે, આટલી પૂજા કરે, આમ ભગવાનની ભક્તિ કરે એવું આમાં પ્રયોજન છે. તું આવી જાત્રા કરે એવું આમાં પ્રયોજન છે એમ નથી કહ્યું. સમજાણું કાંઈ? આ તો પરમાત્મા પોતે પૂર્ણાનંદ એવું જે એનું સ્વરૂપ છે જ્ઞાન દર્શનસંપન્ન ધ્રુવ એવું આ પર્યાયમાં પ્રાપ્ત થવું એ આમાં પ્રયોજન છે. કહો, સમજાણું કાંઈ? ઈ પહેલી ગાથાનો સાર કીધો ચાલતી ભાષામાં. ઓલી ટીકા હતીને ઓલી તો. ટીકામાં જરી ગૂઢ હોય તો અહીં એણે ચાલતી વચનિકામાં ગાથાનો ખુલાસો કર્યો.

## ગાથા-૨

तत्र तावत्समय एवाभिधीयते--

जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।
पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।२।।
जीवः चरित्रदर्शनज्ञानस्थितः तं हि स्वसमयं जानीहि।
पुद्गलकर्मप्रदेशस्थितं च तं जानीहि परसमयम्।।२।।

योऽयं नित्यमेव परिणामात्मनि स्वभावे ऽवतिष्ठमानत्वादुत्पादव्ययध्रौव्यैक्यानुभूतिलक्षणया सत्तयानुस्यूतश्चैतन्यस्वरूपत्वान्नित्योदितविशददृशिज्ञप्तिज्योश्रतिरनन्तधर्माधिरूढैकधर्मित्वादुद्योतमानद्रव्यत्वः क्रमाक्रमप्रवृत्तविचित्रस्वभावत्वादुत्सङ्गितगुणपर्यायः स्वपराकारावभासनसमर्थत्वा-दुपात्तवैश्वरूप्यैकरूपः प्रतिविशिष्टावगाहगतिस्थितिवर्तनानिमित्तत्वरूपित्वाभावादसाधारण-चिद्रूपतास्वभावसद्भावाच्चाकाशधर्माधर्मकालपुद्गलेभ्यो भिन्नोऽत्यन्तमनन्तद्रव्यङ्करेऽपि स्वरूपादप्रच्यवनाट्टङ्कोत्कीर्णचित्स्वभावो जीवो नाम पदार्थः स समयः, समयत एकत्वेन युगपज्जानाति गच्छति चेति निरुक्तेः।

अयं खलु यदा-सकलभावस्वभावभासनसमर्थविद्यासमुत्पादकविवेकज्योतिरुद्गमनात्समस्तपर-द्रव्यात्पच्युत्य दृशिज्ञप्तिस्वभावनियतवृत्तिरुपात्मतत्त्वैकत्वगतत्वेन वर्तते तदा दर्शनज्ञानचरित्रस्थित-त्वात्स्वमेकत्वेन युगपज्जानन् गच्छंश्च स्वसमय इति, यदा त्वनाद्यविद्याकन्दलीमूलकन्दायमान-मोहानुवृत्तितन्त्रतया दृशिज्ञप्तिस्वभावनियवृत्तिरूपादात्मतत्त्वात्प्रच्युत्य परद्रव्यप्रत्ययमोहरागद्वेषादि-भावैकत्वगतत्वेन वर्तते तदा पुद्गलकर्मप्रदेशस्थितत्वात्परमेकत्वेन युगपज्जानन् गच्छंश्च परसमय इति प्रतीयते। एवं किल समयस्य द्वैविध्यमुद्भावति।

---

પ્રથમ ગાથામાં સમયનું પ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞા કરી. ત્યાં એ આકાંક્ષા થાય કે સમય એટલે શું? તેથી હવે પહેલાં સમયને જ કહે છે :-

જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;
સ્થિત કર્મપુદ્ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨.

ગાથાર્થ :- હે ભવ્ય! [जीवः] જે જીવ [चरित्रदर्शनज्ञानस्थितः] દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે [तं] તેને [हि] નિશ્ચયથી [स्वसमयं] સ્વસમય [जानीहि] જાણ; [च] અને જે જીવ [पुद्गलकर्मप्रदेशस्थितं] પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે [तं] તેને [परसमयं] પરસમય [जानीहि] જાણ.

ટીકા :- 'સમય' શબ્દનો અર્થ આ પ્રમાણે છે : 'सम्' તો ઉપસર્ગ છે, તેનો અર્થ 'એકપણું' એવો છે; અને 'अय् गतौ' ધાતુ છે એનો ગમન અર્થ પણ છે અને જ્ઞાન અર્થ પણ છે; તેથી એકસાથે જ (યુગપદ્) જાણવું તથા પરિણમન કરવું એ બે ક્રિયાઓ જે એકત્વપૂર્વક કરે તે સમય છે. આ જીવ નામનો પદાર્થ એકત્વપૂર્વક એક જ વખતે પરિણમે પણ છે અને જાણે પણ છે તેથી તે સમય છે. આ જીવ-પદાર્થ કેવો છે? સદાય પરિણામ-સ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એક્તારૂપ અનુભૂતિ જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે. આ વિશેષણથી, જીવની સત્તા નહિ માનનાર નાસ્તિકવાદીઓનો મત ખંડિત થયો તથા પુરુષને (જીવને) અપરિણામી માનનાર સાંખ્યવાદીઓનો વ્યવચ્છેદ, પરિણમનસ્વભાવ કહેવાથી, થયો. નૈયાયિકો અને વૈશેષિકો સત્તાને નિત્ય જ માને છે અને બૌદ્ધો સત્તાને ક્ષણિક જ માને છે; તેમનું નિરાકરણ, સત્તાને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ કહેવાથી થયું. વળી જીવ કેવો છે? ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય-ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાનજ્યોતિસ્વરૂપ છે (કારણ કે ચૈતન્યનું પરિણમન દર્શનજ્ઞાનસ્વરૂપ છે). આ વિશેષણથી, ચૈતન્યને જ્ઞાનાકારસ્વરૂપ નહિ માનનાર સાંખ્યમતીઓનું નિરાકરણ થયું. વળી તે કેવો છે? અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે (કારણ કે અનંત ધર્મોની એક્તા તે દ્રવ્યપણું છે). આ વિશેષણથી, વસ્તુને ધર્મોથી રહિત માનનાર બૌદ્ધમતીનો નિષેધ થયો. વળી તે કેવો છે? ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણપર્યાયો અંગીકાર કર્યા છે. (પર્યાય ક્રમવર્તી હોય છે અને ગુણ સહવર્તી હોય છે; સહવર્તીને અક્રમવર્તી પણ કહે છે.) આ વિશેષણથી, પુરુષને નિર્ગુણ માનનાર સાંખ્યમતીઓનો નિરાસ થયો. વળી તે કેવો છે? પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે. (અર્થાત્ જેમાં અનેક વસ્તુઓના આકાર પ્રતિભાસે છે એવા એક જ્ઞાનના આકારરૂપ તે છે). આ વિશેષણથી, જ્ઞાન પોતાને જ જાણે છે, પરને નથી જાણતું એમ એકાકાર જ માનનારનો, તથા પોતાને નથી જાણતું પણ પરને જાણે છે એમ અનેકાકાર જ માનનારનો, વ્યવચ્છેદ થયો. વળી તે કેવો છે? અન્ય દ્રવ્યોના જે વિશિષ્ટ ગુણો-

અવગાહન-ગતિ-સ્થિતિ-વર્તનાહેતુપણું અને રૂપીપણું-તેમના અભાવને લીધે અને અસાધારણ ચૈતન્યરૂપતા-સ્વભાવના સદ્ભાવને લીધે આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્ગલ-એ પાંચ દ્રવ્યોથી જે ભિન્ન છે. આ વિશેષણથી, એક બ્રહ્મવસ્તુને જ માનનારનો વ્યવચ્છેદ થયો. વળી તે કેવો છે? અનંત અન્યદ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહરૂપ હોવા છતાં પણ પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી જે ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વભાવરૂપ છે. આ વિશેષણથી વસ્તુસ્વભાવનો નિયમ બતાવ્યો.-આવો જીવ નામનો પદાર્થ સમય છે.

જ્યારે આ (જીવ), સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી, સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ (અસ્તિત્વરૂપ) આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો તથા સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'સ્વસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે; પણ જ્યારે તે, અનાદિ અવિદ્યારૂપી જે કેળ તેના મૂળની ગાંઠ જેવો જે (પુષ્ટ થયેલો) મોહ તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી, દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી છૂટી પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહરાગદ્વેષાદિ ભાવો સાથે એકત્વગતપણે (એકપણું માનીને) વર્તે છે ત્યારે પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી યુગપદ્ પરને એકત્વપૂર્વક જાણતો તથા પરરૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'પરસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે. આ રીતે જીવ નામના પદાર્થને સ્વસમય અને પરસમય-એવું દ્વિવિધપણું પ્રગટ થાય છે.

ભાવાર્થ :- જીવ નામની વસ્તુને પદાર્થ કહેલ છે. 'જીવ' એવો અક્ષરોનો સમૂહ તે 'પદ' છે અને તે પદથી જે દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે. એ જીવપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી સત્તાસ્વરૂપ છે, દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ છે, અનંતધર્મસ્વરૂપ દ્રવ્ય છે, દ્રવ્ય હોવાથી વસ્તુ છે, ગુણપર્યાયવાળો છે, તેનું સ્વપરપ્રકાશકજ્ઞાન અનેકાકારરૂપ એક છે, વળી તે (જીવપદાર્થ) આકાશાદિથી ભિન્ન અસાધારણ ચૈતન્યગુણસ્વરૂપ છે અને અન્ય દ્રવ્યો સાથે એક ક્ષેત્રમાં રહેવા છતાં પોતાના સ્વરૂપને છોડતો નથી. આવો જીવ નામનો પદાર્થ સમય છે. જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત હોય ત્યારે તો સ્વસમય છે અને પરસ્વભાવ-રાગદ્વેષમોહરૂપ થઈને રહે ત્યારે પરસમય છે. એ પ્રમાણે જીવને દ્વિવિધપણું આવે છે.

## ગાથા-૨ ઉપર પ્રવચન

'**પ્રથમ ગાથામાં સમયનું પ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞા કરી.**' કુંદકુંદાચાર્ય મહારાજે પ્રતિજ્ઞા કરી. સમયનું પ્રાભૃત એટલે સમયનો સાર અથવા જે અવયવ છે તે ભાવ. '**ત્યાં એ આકાંક્ષા થાય કે સમય એટલે શું?**' સમય કોને કહેવો કે, જેની પ્રાપ્તિ, જેને કહેવાની પ્રતિજ્ઞા એમ મહારાજે કરી. સમજાણું કાંઈ? આ એવા જીવ લીધા છે એમ કહે છે. ભગવાન કુંદકુંદાચાર્યે આવી પ્રતિજ્ઞા કરી ત્યારે કહે છે, એમાં આકાંક્ષા થાય કે સમય એટલે શું? સાધારણ પ્રાણીને પણ એ આકાંક્ષા થાય. શું કહે છે? આપને કહેવું છે ઈ સમય શું? શું ઈ સમય કહેવો? '**તેથી હવે પહેલાં સમયને જ કહે છે :--**' લ્યો! ખુબી જુઓ હવે. 'तत्र तावत्समय एवाभिधीयते--' સંસ્કૃત છે. '**પહેલાં સમયને જ કહે છે :--**'

जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।
पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।२।।

'**જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત...**' કહેવું છે તો દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્થિત એમ લેવું છે ભાઈ! પણ આ પદમાં છે તો આમ આવ્યું છે. ચારિત્ર શબ્દ પહેલો મુખ્યતા આવી ગઈ છે, બાકી કહેવું છે તો આમ. દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિત એમ કહેવું છે. પર્યાય દ્રવ્યમાં સ્થિત એમ નહિ. આરે.. જુઓ એક ખુબી! આ પહેલા કથનનો પહેલો સમયસાર. પર્યાયનું દ્રવ્યમાં સ્થાપવું એમ ન લેતા પહેલી ગાથા એમ લીધી કે, દ્રવ્ય પોતે પર્યાયમાં આવે સ્વભાવમાં. દ્રવ્ય તો ધ્રુવ છે. સમજાણું કાંઈ? પહેલી શરૂઆત જ ઈ કરી કે,

**જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;**
**સ્થિત કર્મપુદ્‌ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨.**

એનો શબ્દાર્થ. જાણવું એમ કહ્યું છેને? જાણ એમ કહ્યું છેને? ત્યારે કો'ક છેને સામે? ત્યારે કહે છે, '**હે ભવ્ય!**' સમજાણું કાંઈ? જ્યારે એમ પૂછ્યું કે, એ સમય કોણ? ત્યારે કહે છે '**હે ભવ્ય!**' આહા..હા..! '**જે જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં...**' જુઓ! અર્થ કર્યો. આમ ચરિત્ર, દર્શન, જ્ઞાન સ્થિત જે હતો પાઠ એનો અર્થ, '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે...**' ભાષા દેખો! મૂળ વસ્તુની શરૂઆત અહીં. એ.. ચેતનજી! આ વસ્તુ આખી જે છે એ આમ રાગ-દ્વેષમાં સ્થિત છે અનાદિથી. મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્રની પર્યાયમાં સ્થિત છે. દ્રવ્ય તો દ્રવ્ય છે. સમજાણું કાંઈ? કાંઈ દ્રવ્ય પર્યાયમાં સ્થિત નથી મિથ્યાત્વમાં. સમજાણું કાંઈ? એ પોતાનું અંદર પર્યાયનું અંદર વલણ અનાદિથી મિથ્યાદર્શન-

જ્ઞાનમાં છે એ પુદ્ગલમાં સ્થિત છે એ પરસમય કહેવામાં આવે છે. અને એ વસ્તુ પોતાના દર્શન, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌ચારિત્રમાં સ્થિત થઈને રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ શરૂઆત. આહા..હા..! કહો, પોપટભાઈ! પર્યાયમાં ભડકે છેને કેટલાક. પર્યાય? ઉંહું..હું.. અહીંથી પહેલું જ ઉપાડ્યું વસ્તુ આમ છે. એ વસ્તુ જે છે એ તો વસ્તુ તો વસ્તુ છે. પણ એની વર્તમાન અવસ્થાનું વલણ વિકારમાં હતું એ વલણ દ્રવ્યનું આમ અંતર્મુખ થતાં પણ એ દ્રવ્યનું વલણ નિર્મળ પર્યાયમાં સ્થિત થાય છે એને અહીં સ્વસમય કહેવામાં આવે છે.

મુમુક્ષુ :-- ....

ઉત્તર :-- ઈ તો કીધુંને પહેલું. ... નથી. પણ ઓલું પર્યાયનું વલણ ઈ તો કીધું. દ્રવ્ય તો ધ્રુવ છે. પણ અહીંયાં ધ્રુવની દૃષ્ટિ નહોતી ત્યારે એનો પર્યાય મિથ્યાત્વમાં, રાગ-દ્વેષમાં, અજ્ઞાનમાં હતો. વાત તો એમ લીધી, જુઓને! 'जीवो' પર્યાયમાં સ્થિત છે એમ લીધું છે. કોઈ પર્યાયથી ભડકતા હોયને, તો વસ્તુસ્થિતિ આવી રીતે શરૂઆત કરી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. પાઠ તો એવો લીધો જીવ. તો જીવ તો ધ્રુવ, જીવ તો ધ્રુવ. પણ એની પર્યાય પરિણમન... સમજાણું કાંઈ? એની અવસ્થા, એની દશાનું થવું જે અનાદિથી પર્યાય પર નિમિત્તના લક્ષવાળી પર્યાયમાં સ્થિત હતો, એને અંતર્મુખ થતાં એની અવસ્થા નાશ થઈને શુદ્ધ પર્યાયના પરિણમનમાં એ સ્થિત થયો. એમ અહીંયાં કથન કરવામાં આવે છે. આહા..હા..! પંડિતજી! સમજાણું કાંઈ? પ્રથમ જ આ શરૂઆત કરી આ રીતે. કુંદકુંદાચાર્ય જેને સમય પ્રાભૃત સિદ્ધાંતનો એક અંશ જેને અર્થ રૂપે જાણવામાં છે. સમજાણું કાંઈ? એ આ રીતે કહેવા માગે છે.

જીવ ચરિત-દર્શન-જ્ઞાન સ્થિતિ, એ તો પર્યાય છે. આ દર્શન-જ્ઞાન-ચારિત્ર તો પર્યાય છે, અવસ્થા છે, સ્વભાવિક અવસ્થા છે. એનો અર્થ એ કે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડતા એની પર્યાયમાં એ દ્રવ્ય સ્થિત છે એમ કહેવામાં આવે છે. નહિતર એ દ્રવ્યની પર્યાય રાગમાં ને મિથ્યાત્વમાં સ્થિત હતી એ સંસાર છે. સમજાણું કાંઈ? પણ એની જાતની પર્યાય પ્રગટ થઈને એમાં સ્થિત છે. ધ્રુવ જે જ્ઞાનાનંદ સ્વભાવ એવો જે ચિદ્‌ઘન પ્રભુ આ દ્રવ્ય તો દ્રવ્ય જ છે. એ કાંઈ ખરેખર તો પર્યાયમાં આવતું નથી. પણ અહીં તો એની સ્વભાવિક પર્યાય જે અંતર ધારાની નિકળી એમાં એ દ્રવ્ય સ્થિત છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? ધીમે ધીમે લઈએ છીએ સાંભળો. અત્યાર સુધી કારણપરમાત્મા ને ધ્રુવ ધ્રુવ (સાંભળ્યું હોય). તો શરૂઆત તો અહીંથી કરી. એ.. ચેતનજી!

મુમુક્ષુ :-- ૧૧મી ગાથા પ્રમાણે છે?

ઉત્તર :-- ૧૧મી ગાથા પ્રમાણે છે. 'भूदत्थमस्सिदो खलु'... 'भूदत्थमस्सिदो खलु' એવો પાઠ છે. ભૂતાર્થ ભગવાન ભૂતાર્થ છતું સત્ય ત્રિકાળી એકલું, એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય છે. આ ગાથાનો મૂળ શબ્દ છે. ત્યારે એને પ્રશ્ન થયો કે, જો આશ્રય કરે છે એ તો વ્યવહાર છે. વ્યવહાર આવ્યો કે નહિ? અરે..! ભગવાન!

પર્યાયે રાગ તરફનું અવલંબન હતું એ છોડીને આનું અવલંબન કર્યું એટલે એ વસ્તુ પર્યાયમાં સ્થિત છે એમ અહીં કહેવામાં આવે છે. એ પર વસ્તુમાં સ્થિત નથી, એના સ્વભાવનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પૂર્ણાનંદનું સમકિત, એનું જ્ઞાન અને ચારિત્ર એવી પર્યાયમાં સ્થિત છે. વળી એક બાજુ કહેવું કે, એ પર્યાય, દ્રવ્યમાં પર્યાય નથી. અનાદિથી છે. ભાઈ! સાંભળને ભાઈ! બધું છે. ચેતનજી! અરે.. અરે ભારે આવી વાત! ગાથા શરૂ કરતાં જ આવુ? એક કોર કહેવું કે, દ્રવ્ય દ્રવ્યમાં છે ત્રિકાળ, દ્રવ્ય પર્યાયમાં આવ્યું જ નથી અને પર્યાય દ્રવ્યને અડતી નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! ભાઈ! એ તો પરને અડતું નથી એમ ભિન્ન કરીને જ્યારે કહેવું હોય તો પર્યાયમાં દ્રવ્ય છે અને દ્રવ્યમાં પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એને તો અહીં ભગવાન આત્મા ધ્રુવ કારણપ્રભુ એ નિર્મળ પર્યાયમાં સ્થિત રહે છે એને નિશ્ચયથી સ્વસમય (જાણ). સમય તો વસ્તુ થઈ, સમય તો વસ્તુ છે પણ હવે એની નિર્મળ પર્યાયમાં પરિણમન થયું એને એને સ્વસમય એટલે એને આત્મા કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ? ધીરે ધીરે લ્યો ભાઈ! આ તો માર્ગ એવો છે. આ તો અનાદિ તીર્થંકરોનું કહેલું એને સમજવું ઘણી મધ્યસ્થતા જોઈએ. એકાંતમાં ખેંચાઈ જાય ને કરે તો એ પત્તો લાગશે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. 'जीवो' એ તો ધ્રુવ કીધું અને ચરિત્ર-દર્શન-જ્ઞાન સ્થિત એ તો પર્યાય કીધી. દ્રવ્ય પર્યાયમાં સ્થિત તેને સ્વસમયનું પરિણમન છે માટે સ્વસમય કહીએ, એમ કહે છે. સમજાણું કાંઈ? એની જાત જે શુદ્ધ ધ્રુવ છે, એ જાતનું પરિણન પર્યાયમાં થયું તેમાં એ છે એમ કહેવામાં આવે છે. આહા.હા..! ધ્રુવ તો ધ્રુવ છે, ભાઈ! સમજાણું કાંઈ? આ સમયસારના પહેલા મંડાણ આ. હળવે હળવે આવે છે.

ઈ વસ્તુ જે છે એ તો વસ્તુ તો વસ્તુ છે ત્રિકાળ, પણ પર્યાયનું વલણ પર્યાયમાં એટલે પર તરફમાં હતું એ પર્યાયનું વલણ અંતર જતા એ દ્રવ્ય પોતે જ શુદ્ધ પર્યાયમાં પરિણમ્યું છે. દ્રવ્ય પોતે શુદ્ધ પર્યાયરૂપે (પરિણમ્યું છે). દ્રવ્ય અશુદ્ધ પર્યાયરૂપે પરિણમતું હતું અશુદ્ધ દ્રવ્યાર્થિકનયે તો એમ કહેવાયને, દ્રવ્ય પોતે અશુદ્ધપણે પરિણમતું હતું. વાત ભાષા શું કરે? એક બાજુ કહેવું કે, રાગ ને આત્મામાં તદ્દન ભિન્નતા છે. બીજી રીતે એમ કહેવું કે, અશુદ્ધ દ્રવ્ય પોતે પરિણમે અશુદ્ધતામાં પરિણમે છે. આહા..હા..! કેમકે દોષ એની

પર્યાયનો પોતાનો છે. આહા..હા..! પરદ્રવ્યને કાંઈ સંબંધ નથી, પરદ્રવ્યની સાથે શું છે કામ? સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન ચૈતન્ય વસ્તુ એને અહીં તો જીવ કહ્યો. ખરેખર આત્મા તો એને કહ્યો. હેં? એ જ આત્મા છે. પણ એ આત્મા એની પર્યાયમાં--અવસ્થામાં જે રાગ ને દ્વેષ ને મિથ્યાશ્રદ્ધા હતી એની, જ્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દશા સ્વભાવની જાતની દશા થઈ એટલે એ સ્વભાવ એ વસ્તુ એના પરિણમનમાં સ્વભાવમાં છે તેને અહીંયાં સ્વસમય કહેવામાં આવે છે, એને અહીંયા આત્મા કહેવામાં આવે છે. આહા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

જીવ '**હે ભવ્ય!**' એમ કહ્યું છેને? 'જાણ' કીધું એટલે કહે છેને, કો'કને કહે છેને. જાણ કાંઈ પોતાને કહે છે? જાણ આમ પોતાને. '**वोच्छामि**' કો'કને કહે છેને? શિષ્યને કહે છેને? ભાઈ! ભગવાન આત્મા ધ્રુવ તરીકેના વલણમાં ન હોય ત્યારે એનું વલણ તો મિથ્યા શ્રદ્ધા, જ્ઞાનમાં હોય. સમજાણું કાંઈ? અને ધ્રુવના વલણમાં હોય ત્યારે એ ધ્રુવ શુદ્ધ પરિણમનપણે પરિણમે એવા જીવને સ્વસમય (કહે છે). સમય તો છે પણ એને સ્વસમય કહેવામાં આવે છે. છતાં એને કહેશે, પરસમય કહેશે એને. પુદ્‌ગલકર્મના પ્રદેશ લીધા છે પણ ખરેખર એ વિકાર છે એ પુદ્‌ગલના જ પ્રદેશ છે, આત્માનો સ્વભાવ નથી. અહીં તો સામે સ્વભાવ છે એમાં એ બરાબર છે. હવે સ્વભાવથી વિરુદ્ધ પુણ્ય અને પાપના ભાવ વિભાવ એ પુદ્‌ગલના જ પ્રદેશ છે, પુદ્‌ગલનો જ ભાગ છે, ચૈતન્યના સ્વભાવનો ભાગ નથી. આહા..હા..! ભારે ભાઈ ઝીણું આવું. વેપારીઓને આમાં શું સમજવું ઝીણું? એ.. વજુભાઈ! .... મગજ મરડી નાખે એવું છે. એ પંડિત! પંડિતના પાણી નીકળી જાય એવું છે આમાં તો. આહા..હા..! અહીં એકલી ધ્રુવતા હોય તો પર્યાયને ન માનતા જ પર્યાય સાંભળીને ભડકતા હોય (એને ખુલાસો કર્યો છે). સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- હા, ભડકતા હોય એને ખુલાસો કર્યો છે. આહા..હા..!

વસ્તુ ભગવાન જેવી જાતનો એનો સ્વભાવ છે એવી જાતમાં જે શક્તિરૂપે જે સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય પડી હતી અંદર, એ રૂપે પર્યાય બહાર આવીને પરિણમી એમાં એ જીવ છે, એમાં એ જીવ છે. સમજાણું કાંઈ? એને અહીંયાં ધર્માત્મા, આત્મા અને સ્વસમયવાળો એને કહેવામાં આવે છે. આહા..! વિશેષ કહેવાશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ-0), બુધવાર, તા. ૧૭-૧૧-૧૯૭૧**
**ગાથા-૨, પ્રવચન-૧૧**

સમયસાર, જીવ-અજીવ અધિકાર ગાથા-૨. અંદર ગાથાર્થ ચાલે છેને પહેલો, પહેલો ગાથાર્થ ચાલે છે. સમય કોને કહેવો? એમાં સ્વસમય કોને કહેવો? એમ. '**હે ભવ્ય! જે જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે...**' એટલે કે જે પોતાનો સ્વભાવ છે ત્રિકાળ, એમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના સ્વભાવરૂપ પરિણમનમાં થઈ રહ્યો છે. '**તેને નિશ્ચયથી સ્વસમય જાણ;...**' લ્યો! એને આત્મા જાણે એમ કહે છે.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- **નિશ્ચયથી**, વ્યવહારની વાત ક્યાં છે આ. શુદ્ધનય કહો, આત્મા કહો.. આવે છે કે નહિ ૧૪મી ગાથામાં? અનુભૂતિ કહો, એ નિશ્ચયની વાત છે અભેદથી. એઈ..! ગાથા કહી હતીને પહેલી, રાત્રે. ઉપયોગમાં, ઉપયોગમાં ઉપયોગ છે. ન્યાં પણ આ શૈલી જ છે આ. આત્મા, જ્ઞાન-દર્શન આદિ... અર્થમાં આવશે. છેને અંદર? '**પરદ્રવ્યોથી છૂટી દર્શન-જ્ઞાન-સ્વભાવમાં નિયત વૃત્તિરૂપ...**' ટીકામાં આવે છે બીજો પેરેગ્રાફ. '**નિયત વૃત્તિરૂપ (અસ્તિત્વરૂપ) આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો...**' આ તો આટલી વાત કરી. શરૂઆતનો અર્થ ત્યાં છે. સમજાણું કાંઈ?

(સમયસાર, ગાથા-૧૮૧થી ૧૮૩માં) ઉપયોગના ભેદજ્ઞાનમાં એ આવ્યું કે, આત્મા પોતાની શુદ્ધ પર્યાયમાં રહે, એ શુદ્ધ પર્યાય એનો આધાર છે. ઈ ઝીણી વાત છે. એઈ..! ઉપયોગમાં ઉપયોગ છે. 'માં' એટલે નિર્મળ પર્યાય, એમાં ઉપયોગ એટલે આત્મા છે. સમજાણું કાંઈ? રાતે ઘણા બોલ કહ્યા હતા, નહિ? રાતે હતા કે નહિ? ઘણા બોલ કહ્યા હતા રાતે. કહો, ઈ હજી સાંભળ્યું નથી. આત્મા એનો સ્વભાવ પરિણમનમાં રહેવું થાય એને આત્મા અને સ્વસમય કહીએ. આત્મા પોતના શુદ્ધ પરિણમનમાં રહે એને આ વસ્તુ સમય અને આને લઈને સ્વસમય કહીએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- ઈ પહેલા શું?

ઉત્તર :-- ઈ પહેલા કાંઈ નહિ, આ જ. આમ પર્યાયને અંદર વાળવી એ વાત અપેક્ષિત છે. કારણ કે કઈ પર્યાય વાળવી? જે છે એ તો વળેલી નથી, વાળવી એ છે નહિ એટલે આ શૈલી લીધી. એઈ..! ભગવાન આત્મા વસ્તુ તો દૃષ્ટિ કરે છે ત્યાં પણ દૃષ્ટિ કરતાં જે

પરિણમન જ્ઞાન-દર્શન-ચારિત્રનું થયું એ દ્રવ્ય તેમાં સ્થિત છે એમ કહેવામાં આવે છે. હવે દ્રવ્ય તો દ્રવ્યમાં છે. પાઠ તો એવો છે કે, જીવ. જીવ એટલે આ ઉત્પાદ-વ્યય ને ધ્રુવવાળો ત્રણ એમ નહિ. કારણ કે, ઉત્પાદ-વ્યયવાળો તો આ કહે છે, આ સ્થિતમાં છે એમ કહેશે. જીવ ધ્રુવ...

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- પર્યાય તો આવે છે આની સાથે. અહીંયાં ત્રિકાળી લેવું છે. ઝીણું છે જરી. ભાઈએ એમ કહ્યું હતું, આ લોકોને એકેય સમયસારની એક્કે ગાથા વાંચતા આવડે નહિ કીધું એ લોકોને. ઓલું ગોખી રાખે ઓલા શબ્દો છેને. સોગાનીના શબ્દો. બાબુભાઈ એમાં જ છે જરી. ...

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- થોડા. બહુ નહિ પણ થોડું. ઈ જે આવ્યું એ શબ્દ બરાબર છે. એઈ.. બાબુભાઈ! આ વાત એવી છેને, આ તો આ મહા સર્વજ્ઞની વાણી છે આ તો. કેવળી પ્રણિત આવ્યુંને પહેલું? એ વાત સવારમાં કરી હતી.

કહે છે ટીકામાં એમ આવ્યું કે, પહેલું એમ આવ્યું શ્રુતકેવળી. પછી એમ આવ્યું, '**श्रुतेन**' પરમાગમ દ્વારા કહ્યું છે. ઈ '**श्रुतेन**'. પછી કેવળી, એ કેવળીએ પ્રણીત કર્યું છે એમ અર્થ કાઢ્યો. કારણ કે, નિયમસારની પહેલી ગાથામાં એમ આવ્યું, ચોખ્ખી વાત, '**केवलिसुदकेवलीभणिदं**'. ન્યાં કંઈ '**सुदकेवलीभणिदं**' નથી કહ્યું. પહેલી ગાથા નિયમસારની. આજે સ્વાધ્યાયમાં આવ્યું ત્યારે કહ્યું હતું. '**केवलिसुदकेवलीभणिदं**'. આ સમયસાર, નિયમસાર આદિ શાસ્ત્રો કેવળીએ અને શ્રુતકેવળીએ કહેલાં છે. એવી જે ટીકા પહેલી ગાથામાં કરી એ યથાસ્થાને કરી છે. નહિ તો શબ્દ તો એવો પડ્યો છે ત્યાં કે '**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं**'. શબ્દ તો એટલો છે--'**सुदकेवलीभणिदं**'. બે જુદા પાડી અને વળી પાછા શ્રુતકેવળીને ભેગા કરી નાખ્યા. બરાબર છે એ સ્થાનમાં.

કારણ કે, નિયમસારમાં જ્યારે એમ કહ્યું કે, આ તો કેવળી અને શ્રુતકેવળી '**भणिदं**'. ન્યાં તો શબ્દ કેવળી ને શ્રુતકેવળી બે તદ્દન જુદા પાડ્યા. મૂળમાં પાઠ જ છે કુંદકુંદાચાર્યનો. એટલે પછી અમૃતચંદ્રાચાર્યને ટીકામાં આ રીતે જે ભાવ હતો, કુંદકુંદાચાર્યનો પણ એ જ ભાવ '**सुदकेवलीभणिदं**'માં હતો. સમજાણું કાંઈ? એથી કહ્યું કે, આ તો શ્રુતથી અનાદિઅનંત શ્રુતથી કહેવાયેલું છે, પ્રકાશેલું છે અને કેવળી પ્રણીતેન--કેવળીએ કહેલું છે અને કેવળીની સમીપ રહેનારા, નજીક રહેનારા સાક્ષાત્ સાંભળનારા, સાક્ષાત્ સીધી ભાષા (સાંભળનારા). ભગવાનનું સાંભળ્યું હોય અને બીજો એમ કહેતો હોય કે, આમ ભગવાન કહેતા હતા, એમ નહિ. (આ તો) સીધા સાંભળનારા અને સાંભળીને અનુભવ કરનારા એમણે આ કહ્યું છે.

સમજાણું કાંઈ? ભગવાન પાસે પણ સાંભળ્યું અને શ્રુતકેવળીઓ પાસે પણ સાંભળ્યું. સમજાણું કાંઈ? હેં? સીધું શ્રુતકેવળીઓ પાસે પણ કેટલુંક સાંભળ્યું છે. સમજાણું કાંઈ? એ હું કહું છું. હેં? આવી વાત છે. એટલે કેવળી અને શ્રુતકેવળીનો અર્થ કાઢ્યો એ બરાબર એમાં ભરેલો જ છે. પદની મેળવણી કરવામાં એ શબ્દો એટલા જ આવ્યા ભલે. '**सुदकेवलीभणिदं**' પણ એનો ... છેને? શું કહેવાય તમારું એને? હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- અમારા પંડિતજી શું કહે છે? એને ખબર, બહુ થોડા શબ્દો હોય છે.

મુમુક્ષુ :-- ... માત્રા અમુક જ હોય.

ઉત્તર :-- અમારે અહીં આ પંડિતજી કહેને એ અમારે ચોખું ટૂંકુ કહે, એવું કહે કે...

મુમુક્ષુ :--

ઉત્તર :-- એ તો આપણે અકલંકદેવમાં આવે છેને. અકલંકદેવમાં ભાઈ આવે છેને, કે તત્ત્વાર્થ સૂત્રમાં સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શનને આમ કેમ કહ્યું? એ તો એક માત્રા આડીઅવળી હોઈ શકે નહિ. એ તત્ત્વાર્થસૂત્રની ટીકામાં આવે છે, ટીકામાં આવે છે, આવે છેને. સર્વાર્થસિદ્ધમાં પણ આવે છે, બધે આવે છે. ટીકા જ્યાં કરી છે ત્યાં. આ તો સંતોની વાણી, કેવળીની વાણી છે ભાઈ! અને સીધી સાંભળેલી અને અનુભવીને કહેવાણી છે. સમજાણું કાંઈ? દિગંબર ધર્મ એ કોઈ કલ્પીત નથી. અનાદિ સનાતન સર્વજ્ઞનો પ્રવાહ અને શ્રુતનો પ્રવાહ જે છે અને શ્રુતજ્ઞાનીઓનું ભવિઓનું કહેવામાં આવેલુ છે. માણસને એમ લાગે કે આ તો એક પક્ષ છે. પક્ષ નથી, ભગવાન! એ વસ્તુનું સ્વરૂપ આવું છે. સમજાણું કાંઈ?

કહે છે કે, જે જીવ... અનુભૂતિને નિશ્ચય કહ્યો છેને ભાઈ! ૧૪મી ગાથા. પાઠ છે ટીકમાં છે. અભેદ કરીને પરિણમન સહિતનું એને પણ નિશ્ચય કહ્યો છે. વિષય દષ્ટિનો તો દ્રવ્ય છે. એની અહીં વાત નથી. પણ એનું પરિણમન થયું, અનુભવ થયો ત્યાં આ દ્રવ્ય છે એમ જણાણું એટલે એ પરિણમન સહિતનો આત્મા નિશ્ચયમાં લઈ લીધો. સમજાણું કાંઈ? બીજે આવે છેને, અનુભૂતિથી ભિન્ન તે ... એમ કીધુંને. અનુભૂતિથી ભિન્ન. અનુભૂતિ તો પર્યાય છે. સમજાણું? એ તો પર્યાય છે. અહીં જે કહેવાય છે ઈ છે. આહા..હા..! ભગવાન આત્મા... અને છઠ્ઠી ગાથામાંય એમ કહ્યું કે પરથી ભિન્ન પડી ભગવાન નિત્યાનંદ પ્રભુ એની સેવા થઈ એટલે અંદરમાં એકાગ્ર થયો ત્યારે એ જીવને આ દ્રવ્યશ્રુત છે એમ પ્રતીતમાં આવ્યું. આ દ્રવ્યશ્રુત છે એમ આવ્યું. સમજાણું કાંઈ? ઝીણું છે ભાઈ!

હવે આ ૧૭મી વાર ચાલે છે એટલે થોડું ધ્યાન રાખીને (સમજવું). ઝીણું પડે પણ સાંભળવું થોડું. સાદી ભાષા છે, આમાં કાંઈ કોઈ ભાષા એવી નથી. આહા..! આ નવનીતભાઈ આવ્યા હતાને કાલે, એના ૧૦૦ રૂપિયા લખાણા તો મારા મનમાં એમ થયું, નવનતીભાઈ

તો નહોતા અહીં ૧૭મી વારમાં. પણ બેન હતા ઘરેથી, એટલે એને એમ કે નાખો નવનીતભાઈનું. એમ. સવારે લખાણાને. મંગળાચરણમાં તો એ નહોતા, ૧૭મી વારમાં. પણ બેન હતાને ઘરેથી એણે (લખાવ્યા). આહા..હા..! આ તો વસ્તુ છે બાપા! .... એમ નથી કહ્યું અહીં. હે ગૌતમ! હે જંબુ! ભગવાને આમ કહ્યું છે તે કહું છું. એમ નથી આ. આચારાંગમાં પહેલા શબ્દમાં ઈ શબ્દ છે.

અહીં તો કહે છે, કેવળીએ અને શ્રુતે જે વીતરાગની ધારા પરમાગમની અનાદિ, એનાથી કહેવાયેલું, કેવળીએ કહેલું અને સાક્ષાત્ શ્રુતજ્ઞાની (સમીપ) સાક્ષાત્ સાંભળનારા નિકટવર્તી પાછા એમ. સમજાણું કાંઈ? આહા..હા..! ભાવે નિકટવર્તી છે અને દ્રવ્યે પણ નિકટવર્તી છે. આહા..હા..! ઓલામાં આવે છેને ૩૮મી ગાથામાં, નહિ? નિકટવર્તી શિષ્યને. ૩૮માં આવે છેને? બધું કાંઈ યાદ આવે છે? આવી જાય ઈ આવી જાય. ૩૮માં આવે છે કાંઈક, ૩૮ ગાથા છેને? ઓલું પૂરું થાયને જીવનું (ત્યાં). વિરક્ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતા. સાવધાન થઈને સાંભળ્યું ઈ, લ્યો એમ આવ્યું. નિકટવર્તી બીજે ક્યાંક આવે છે. સાતમી? હા, બસ ઈ. સાતમી? નિકટવર્તી બસ ઈ. '**અનંત ધર્મોવાળા એક ધર્મીમાં જે નિષ્ણાત નથી એવા નિકટવર્તી શિષ્યજનને,...**' ત્રીજી લીટી છે ટીકાની, સાતમાની. '**ધર્મીને ઓળખાવનારા કેટલાક ધર્મો વડે,...**' બસ ઈ. આહા..હા..! કહે છે, ઓલા નિકટવર્તી શિષ્યને કહે છે, અને ભગવાને કહ્યું એ નિકટવર્તી શ્રુતજ્ઞાની સાક્ષાત્ શ્રુતકેવળીઓએ શ્રુતકેવળી એણે સાંભળીને અનુભવ્યું, એની વાણીમાં આવ્યું. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે, જે જીવ, જીવ શબ્દે અહીંયા ધ્રુવ. ગાથાર્થ ચાલે છે ગાથાર્થ. '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે...**' અરે..! પણ ધ્રુવ પોતે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિર થાય? જુઓ! જેઠાભાઈ! એ ધ્રુવ છે એનું પરિણમન એની જાતનું થયું એટલે ધ્રુવ એમાં ઠર્યો છે એમ કહેવામાં આવે છે. એક જાત છેને, એનો સ્વભાવ છે. ચૈતન્યસ્વભાવ દર્શન-જ્ઞાન અને નિયત... આવે છેને, અંદર ટીકામાં આવશે. નિયતવૃત્તિ. એનું અસ્તિત્વ જે છે ત્રિકાળી એમાં ઠરે છે એ આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ઠરે છે. એ આત્મામાં ઠરે છે એ આમાં ઠરે છે એમ કહે છે. આહા..હા..! છેને? છેલ્લે એમ છેને? ક્યાં આવ્યું? બીજી લીટી. '**સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ (અસ્તિત્વરૂપ) આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે...**' ઈ. એકત્વગતપણે વર્તે છે. આમ એકપણે વર્તે છે. પરથી ભિન્ન પડી એકત્વપણે વર્તે છે. પોતાના દર્શન, જ્ઞાન, ચારિત્રમાં એ આત્મા ત્યાં ઠરે છે, આત્મા ત્યાં સ્થિત છે. પરિણામ સ્થિત થાય છે, પણ ધ્રુવનું મોઢું જે પર તરફ હતું, ધ્રુવ તો ધ્રુવ છે (પણ) દૃષ્ટિમાં નહોતું, જ્યારે દૃષ્ટિ એના ઉપર પડી એટલે ધ્રુવનું પરિણમન જ ધ્રુવરૂપે થઈ ગયું અંદરથી. જે જાતનું છે એ રૂપે પરિણમન થઈ ગયું. આહા..હા..! ત્યારે એને ખ્યાલ

આવેને કે, આ વસ્તુ અખંડ આનંદકંદ છે. આરે.. ભારે વાત ભાઈ! ઓલા ઈંદોરવાળા આવ્યા હતા ચાર-પાંચ જણા, ઈંદોરવાળા. ઈ કહે, ચોમાસામાં ચલહલ... શું કંઈ ભાષા છે તમારી? હલચલ બહુત હુઈ. શું છે ભાષા? હલચલ શું છે? ખલભલી. માણસો બહુ આવ્યા. એમ. ... કહેતા હતા. હમણાં પાંચ જણા આવ્યા હતા. આઠ હજાર, દસ હજાર. પછી કહેવાય પંદર, વીસ, પચ્ચીસ, ત્રીસ. ઈ બિચારા કહે, આ કંઈ કરોને. તમે આવા પુણ્યશાળી છો. આવ્યા ચાર-પાંચ જણા. વળતા અહીં આટલામાં આવ્યા હશે, દર્શન કરીને જઈએ, સોનગઢ નજીક છે. ... વિકલ્પ આવે કે કેમ ઠીક થાય ત્યાં. ... ન્યાં દર્શન કરવા ગયા હશે તો પોલીસ બેઠો હશે. ઓલી પાંચમી ટૂંકે. અત્યારે વાંધા છેને બેયને. પોલીસ બેઠો હશે. આહા..હા..! બહારની સ્થિતિ તો એવી છે ભાઈ! બહારનું તો પુણ્ય હોય એ પ્રમાણે બહાર થાય. એમાં આત્મામાં ... પોતે પોતાના પરિણમનમાં સ્થિત થઈ શકે એવું એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

'**જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે...**' 'થઈ રહ્યો છે' એમ વર્તમાન શબ્દ વાપર્યો છેને. આહા..! એવો વર્તમાન સ્થિત થઈ રહ્યો છે. એમ. પોતામાં વસ્તુ જે જ્ઞાનાનંદ ત્રિકાળી એ પરાન્મુખ હતી એ સ્વોન્મુખ થઈ, પર્યાય ન્યાં મુકી સન્મુખ એટલે. એટલે ધ્રુવ જાણે ન્યાં સ્થિત થયું છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તેને નિશ્ચયથી સ્વસમય જાણ. ઓલો સમય તો છે પદાર્થ વસ્તુ, પણ પરિણમન એનું થાય ત્યારે એને સ્વસમય આત્મા કહેવામાં આવે છે, એમ કહે છે.

મુમુક્ષુ :-- પરિણમન ન થાય ત્યાં સુધી...

ઉત્તર :-- ત્યાં સુધી આત્મા જ નથી, એ તો અનાત્મા છે. ભલે અંદર હોય પણ અહીં દૃષ્ટિમાં આવ્યો નહિ, પરિણમન નથી તો એ ક્યાં આત્મા હતો. એઈ..!

મુમુક્ષુ :-- છે તો ખરોને પણ?

ઉત્તર :-- છે. વસ્તુ ક્યાં નથી? પણ છે કોને? જેને ભાન થયું એને છે. ભાન થયું નથી એને છે ક્યાંથી આવ્યું? બીજો પણ એમ કહે કે, છે. પણ ઓલાને ક્યાં બેઠું છે હજી? સમજાણું કાંઈ? જેને અંદર જ્ઞાનમાં જ્ઞેય તરીકે આ ચીજ છે એમ ભાસ્યું નહિ, એને છે એમ ક્યાંથી આવ્યું પણ? સમજાણું કાંઈ?

'**તેથી તેને સ્વસમય જાણ; અને જે જીવ...**' '**पुद्गलकर्मप्रदेशस्थितं**' શબ્દો આવા છે. '**પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે...**' એટલે કે મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને મિથ્યારાગ-દ્વેષ ચારિત્ર એમાં જે સ્થિત છે એ પુદ્‌ગલકર્મના પ્રદેશમાં સ્થિત છે. પાછા પુદ્‌ગલમાં સ્થિત એમ નહિ, પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં. આહા..હા..! એનો ભાવ છેને. પુદ્‌ગલકર્મનો ભાવ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યારાગ-દ્વેષ એ પુદ્‌ગલકર્મનો જ ભાવ છે. એ આત્માનો સ્વભાવ

નથી. એથી એનો અર્થ એ કે, જે જીવ, આમાં જ્યારે આમ કહ્યું કે, દર્શન-જ્ઞાન (ચારિત્રમાં) સ્થિત છે, ત્યારે એમાં ગુલાંટ ખાઈને એમ કહેવાય છે કે, મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન ને રાગ-દ્વેષમાં જે સ્થિત છે તે પરસમય છે.

મુમુક્ષુ :-- એમ ન કહેતાં, પુદ્‌ગલકર્મ...

ઉત્તર :-- એ લીધું એટલે જ શબ્દ સામે પરદ્રવ્યના નિમિત્તથી થતો ભાવ તે પરદ્રવ્યનો છે એમ કહેવા પુદ્‌ગલકર્મના પ્રદેશમાં સ્થિત છે એમ કીધું. આ સ્થિત તો છે મિથ્યાદર્શન, જ્ઞાન (ચારિત્રમાં), પણ એ પરિણામ જ પુદ્‌ગલદ્રવ્યના છે, જીવના નથી. આહા..હા..! અરે..! આવી ચીજ છે જુઓને. તારી ઊંધાઈએ તું મિથ્યાશ્રદ્ધા-જ્ઞાનમાં પરિણમ્યો છો. સવળાઈએ તારું પરિણમન દર્શન-જ્ઞાન-ચારિત્રનું તારું પોતાનું છે. આહા..હા..!

સમયસાર તે ગજબ વાત છેને! કેવળી કહે છે એમ સાક્ષાત્ એમાં ભાસે છે લ્યો! સમજાણું કાંઈ? આ જ વસ્તુની સ્થિતિ ને આવો જ ભાવ છે એવો આમ કહેવામાં આવે છે. કહો, કાંતિભાઈ! આવી આ ગાથા, જુઓને! ઓહો..હો..! અને જે જીવ એમાં સ્થિત છે એમ કહ્યું છેને? પરને લઈને સ્થિત છે, કર્મ પોતે સ્થિત કરાવે છે એમ નથી આમાં, ભાઈ! ભલે એમ કહે પુદ્‌ગલકર્મના પ્રદેશમાં પોતે સ્થિત છે એમ કીધું છે. એ સ્થિત કરાવે છે બીજો (એમ નથી). સમજાણું કાંઈ?

એમાં ઈ અર્થ છે. '**पुद्गलकर्मप्रदेशस्थितं**'. જે કોઈ પોતાના સ્વભાવને ભૂલી સચ્ચિદાનંદ આનંદકંદને ભૂલી મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યા વિપરીત સ્વભાવમાં નથી એવા રાગ-દ્વેષના પરિણામ એમાં સ્થિત, પોતે સ્થિત છે એમ કહે છે. પુદ્‌ગલકર્મ એને પ્રદેશોમાં સ્થિત કરાવે છે એમ નથી. હેં! આહા..હા..! કેટલું ગાથાનું સ્પષ્ટ છે જુઓને! અહીંથી ઉપાડી નાખ્યો, કર્મ-ફર્મ ... પરદ્રવ્યમાં શું છે તારે? પરદ્રવ્યમાં તારી દૃષ્ટિ છે અને તેથી તને મિથ્યા દર્શન-જ્ઞાન પરિણામ ચારિત્ર ઊભા થયા મિથ્યા, એમાં તું પોતે સ્થિત છો માટે તેને પરસમય કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ? '**તેને પરસમય જાણ.**' એમ કહે છેને? જાણ. એને તું પરસમય જાણ. હવે એની ટીકા, આ તો શબ્દાર્થ કર્યો.

'**ટીકા : ''સમય' શબ્દનો અર્થ આ પ્રમાણે છે :...**' સમયનો જ અર્થ આ પ્રમાણે છે લ્યો! '**सम**' '**सम**'. '**'सम' તો ઉપસર્ગ છે, તેનો અર્થ...**' એક સાથેને ઠેકાણે એકપણું લખવું, એક સાથે છેને? એ ચેકી નાખીને '**'એકપણું' એવો છે;...**' સમજાણું કાંઈ? '**सम**' તે ઉપસર્ગ છે. ઉપસર્ગ એટલે સમજ્યાને? એ વસ્તુની સાથે બીજું જોડાણ હોય તે. આ તો ... આહા..હા..! વ્યાકરણની રીત. તેનો અર્થ, સમનો અર્થ ઉપસર્ગ ભલે પણ તેનો અર્થ એકપણું એવો છે. કહો, સમજાણું કાંઈ? '**અને 'अय् गतो**' સમય છેને? '**अय्**'. '**सम**' અને '**अय्**'. બે શબ્દ છેને એમાં? '**सम अय्**' તો '**सम**'નો અર્થ એકપણું

છે અને '**अय्**'નો અર્થ ગતો '**ધાતુ છે...**' ત્યાં. ગમન કરવું. '**ગમન અર્થ પણ છે,...**' ગમન કરવું પણ છે '**અને જ્ઞાન અર્થ પણ છે;...**' '**अय्**' છેને, '**अय्**'. પરિણમવું છે અને જ્ઞાન છે--એમ બે અર્થ છે. ગમન છે અને જ્ઞાન છે, '**अय्**'નો અર્થ ગમન છે અને જ્ઞાન છે. હવે ગમન એટલે પરિણમવું. સમજાણું કાંઈ? ગમન કરે છે. વસ્તુ ધ્રુવ પોતે પર્યાયમાં પર્યાયપણે પરિણમે છે. આહા..હા..! ભારે ભર્યું છે ભાઈ!

'**અને જ્ઞાન અર્થ પણ છે;...**' બે થયા. તેથી આ '**अय्**'નો અર્થ ગમન અને જ્ઞાન અર્થ પણ છે. ગમન લખ્યું છેને? ગમન અર્થ પણ બે કહેવા છેને એટલે. ગમન અર્થ પણ છે અને જ્ઞાન અર્થ પણ છે. '**सम अय्**' એકપણે પરિણમવું અને જ્ઞાન થવું. '**તેથી એકસાથે જ (યુગપદ્) જાણવું...**' યુગપદ્ એક સાથે યુગપદ્ જાણવું, યુગપદ્ એકસાથે યુગપદ્ એટલે એકસાથે બેય ભેગું એમ. '**જાણવું તથા પરિણમન કરવું...**' આહા..હા..! જુઓને સમય કેમ મૂક્યો છે? ઓલા પૂછતા હતા, આ સમય કેમ મૂક્યો છે? વિચારતો હતો. આટલા વર્ષે સમય કેમ મૂક્યો છે (એમ વિચારે છે). આહા..! શું થાય? ભાઈ! તેં પરમાર્થ તત્ત્વને જાણવાની દરકાર કરી નથી. બહારમાં લાગે સહુને બહારમાં એવું. દસ-દસ હજાર માણસ ભેગા થાય તો આહા..હા..! હલચલ ... શેની હલચલ શેની પણ? એ હિન્દી જાણે હલચલનું. ક્યા હૈ હલચલ-હલચલ? ખલભલી. આવે-જાય.

મુમુક્ષુ :-- ગડબડમાં પણ ખલભલી થાય.

ઉત્તર :-- અહીં ગડબડીનો અર્થ નથી, અહીં તો ખૂબ માણસ આવે, ભેગા થાય. અરે.. ભગવાન! આવે, ભેગા થાય એની અહીં ક્યાં વાત છે?

અહીં તો ભગવાન આત્મા પોતે સમય છે એટલે તે એકપણે, એકપણે, એકપણું એટલે કે ગમન અને જ્ઞાન એવો '**अय्**'નો અર્થ થાય છે. '**सम**'નો અર્થ એકપણું અને '**अय्**'નો અર્થ પરિણમવું એટલે ગમન, ગમન એટલે પરિણમવું. એમ. આહા..હા..! '**તેથી એકસાથે જ (યુગપદ્) જાણવું...**' એકસાથે જેમાં આવી જાય છે પણ એને સ્પષ્ટ કર્યું. એકસાથે જ યુગપદ્ એકસાથે જાણવું અને પરિણમન કરવું બે ક્રિયાઓ. '**એ બે ક્રિયાઓ...**' પછી 'જેમાં હોય તે' (શબ્દ) કાઢી નાખવું. 'જેમાં હોય તે' કાઢી નાખવું. '**જે એકત્વપૂર્વક કરે...**' એ બે ક્રિયાઓ જાણવું અને પરિણમવું, બદલવું અને જાણવું એવી બે ક્રિયાઓ. આ ભાષા. ઓલી ક્રિયાઓ પર્યાય. ઓલા તો ભડકે વેદાંતવાળા. વળી પરિણમવું અને જાણવું ને આ શું? ક્રિયાઓ વળી ક્રિયા કેવી? આહા..! વસ્તુની સ્થિતિ આ રીતે મુકી છે તેથી 'સમય' કરીને. સમજાણું કાંઈ?

'**બે ક્રિયાઓ જે એકત્વપૂર્વક કરે...**' કારણ કે, સંસ્કૃત છેને ત્રીજી લીટી આ બાજુ, આ બાજુ. '**समयत एकत्वेन युगपज्जानाति गच्छति चेति निरुक्तेः**' એનો એ અર્થ

છે. એનો ને? ઈ વાંચ્યું એટલે ખ્યાલ આવ્યો હતો. **'समयत' 'समयत'** તે. **'एकत्वेन युगपजानाति गच्छति'** એમ. **'जानाति गच्छति'** એટલે પરિણમતી. આપણે ગચ્છતિ આવે છે પંચાસ્તિકાયમાં. ત્યાં આગળ વિકારરૂપે પરિણમે. બે અર્થ કર્યા છે, ત્યાં બે અર્થ છે. બરાબર છે. અહીં **'गच्छति'** એટલે પરિણમતી. ત્યાં **'गच्छति'**નો અર્થ વિભાવરૂપ પરિણમવું એવું થાય છે ત્યાં. સ્વભાવરૂપે પરિણમવું અને વિભાવરૂપે પરિણમવું. સમજાણું કાંઈ? આ સિદ્ધાંતની ટીકા શબ્દકોષવાળી બધી છે. હેં?

કહે છે જે એકત્વપૂર્વક કરે. શું એકત્વપૂર્વક કરે? જાણવું અને બદલવું અથવા પરિણમવું એકત્વપણે એક કાળે કરે તેને સમય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? **'આ જીવ નામનો પદાર્થ...'** એનો સરવાળો લે છે હવે. આવું કરે એને સમય કીધોને? હવે એને આત્મામાં ઉતારે છે. એ તો સિદ્ધાંત તરીકે સમયનો અર્થ કર્યો. હવે **'આ જીવ નામનો પદાર્થ...'** ત્યાં જરી લેવું. એકત્વપૂર્વક એમ લેવું. કારણ કે, પાઠ છેને ત્યાં ઈ. સમય એટલે **'एकत्वेन'**. સંસ્કૃતમાં **'एकत्वेन'** છે. સમજાણું કાંઈ? પાછળ છે પણ કોઈએ સુધાર્યું નહિ હોય. અહીં સુધાર્યું નહોતું, આજ સુધાર્યું લાગે છે કો'કે, 'ચંદુભાઈ'એ. અહીં સુધાર્યું નહોતું કોઈએ. આજે પાનું જોયું ત્યારે (થયું કે) સુધાર્યું લાગે છે આ. કહો, સમજાણું કાંઈ?

આ જીવ... શું પહેલો અર્થ કર્યો? કે, સમય એટલે શું? **'सम'** એટલે એકપણું, એકપણું અને **'अय्'** એટલે ગમન અને જ્ઞાન. એટલે એકપણે, એકત્વપણે જે એક સમયમાં યુગપદ સાથે પરિણમે અને જ્ઞાન કરે એને સમય કહેવામાં આવે છે. લ્યો! આ ચોખ્ખી વાત છે એ.. જાધવજીભાઈ! આ તો બધું નહિ ભણેલાને યાદ રહે એવું છે આ તો. આહા..હા..! આ જીવ નામનો પદાર્થ, પદાર્થની વ્યાખ્યા કરશે અંદર. જીવ શબ્દ છેને એ પદ છે એને બતાવનાર વસ્તુ તે પદાર્થ છે, એનો બતાવેલો પદાર્થ, ભાવ, વસ્તુ.

**'આ જીવ નામનો પદાર્થ એકત્વપૂર્વક,...'** એકત્વપૂર્વક, એકત્વપૂર્વક. એકત્વગત છેને. જાણવું અને પરિણમવું એકત્વપૂર્વક. **'એક જ વખતે પરિણમે પણ છે...'** એમ અહીંયાં સમજાણું? ત્યાં પણ પહેલો ગમન અર્થ કર્યો છે, પરિણમવાનો અર્થ કર્યો છે. પરિણમન પછી જ્ઞાન અર્થ કર્યો. અહીં પહેલું ગમન જોર આપવું છે, પરિણમવું પરિણમવું એ જોર આપવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- એમાં પરિણમવાનો અર્થ છે.

ઉત્તર :-- હા, ન્યાં ... પરિણમે છે, પરિણમે છે. નિત્ય જ છે એમ નહિ. આહા..હા..! એક જ વખતે, **'એકત્વપૂર્વક એક જ વખતે પરિણમે પણ છે અને જાણે પણ છે...'** તેથી તે જીવ નામના પદાર્થને સમય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? સમયસાર વર્ણવવો છેને? હવે એના સાત બોલ આવશે. એનું જીવસ્વરૂપ. **'जीवो'** પહેલો શબ્દ આવ્યો

ખરોને. જીવ, પહેલો જીવ આવ્યો આત્મા. પછી કીધું, '**चरित्तदंसणणाणठिदो**' પર્યાયમાં સ્થિત છે. સમજાણું કાંઈ? અહીંયા આખી વસ્તુ વર્ણવશે. આખી આખી વસ્તુ છેને. પછી એનો સાર વર્ણવશે. પછી બીજા શું કહેવાય? પેરેગ્રાફમાં.

'**આ જીવ-પદાર્થ કેવો છે? સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી,...**' પરિણમન--બદલવાસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી. આહા..! '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ...**' પરિણમનસ્વરૂપ એ ઉત્પાદ-વ્યય. સમજાણું? અને સદાય ત્રિકાળ પોતે છે. અહીં તો પરિણમન સદાય લેવું છે. પણ સદા પોતે જે છે એ ધ્રુવ છે. અને સદાય પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી. ત્રિકાળી સદાય પરિણમનમાં પોતે રહેલો હોવાથી. ભાઈ! આ તો અધ્યાત્મ છે એટલે એની મર્યાદા પ્રમાણે એના શબ્દો ને અર્થ હોયને? હેં! ચોખ્ખા હોય, સ્પષ્ટ હોય, ભાસ થાય અંદર કે આ આમ છે. એવી વાત હોયને અહીં તો.

કહે છે, '**સદાય પરિણામસ્વરૂપ સ્વભાવ...**' જોયું? પરિણમનસ્વરૂપ એનો સ્વભાવ છે એમ કહે છે. પાછો જેમ ધ્રુવ સ્વભાવ છે એમ પરિણમન પણ એનો એક સ્વભાવ છે. આહા..હા..! '**સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં...**' પણ સદાય પરિણમનસ્વરૂપ સ્વભાવમાં પોતે ત્રિકાળ રહેલો છે. પરિણમન સદાય છે એમાં ત્રિકાળ પોતે રહેલો જ છે ધ્રુવ. ઉત્પાદ-વ્યય-ધ્રુવની એકતારૂપ અવસ્થા પરિણમનમાં નવી થાય, જૂની જાય, ધ્રુવની કાયમતા રહે. એની એકતારૂપ અનુભૂતિ એટલે એકતારૂપનું થવું એટલું. એકતારૂપનું થવું એટલું અહીંયાં. એકતારૂપનું રહેવું, એકતારૂપનું હોવું જેનું લક્ષણ છે. સમજાણું કાંઈ? '**એવી સત્તાથી સહિત છે.**' લ્યો એ સત્તાની વ્યાખ્યા કરી. છેને સત્તા. સત્ દ્રવ્ય લક્ષણં અને સત્તા ઉત્પાદ-વ્યય ધ્રુવ યુક્તમ એવી શૈલી કરી. દ્રવ્ય વસ્તુ છે એ સત્ લક્ષણં, છે એવા લક્ષણવાળી છે. અને છે એવી સત્તા ઉત્પાદ-વ્યય-ધ્રુવ લક્ષણવાળી છે. સમજાણું કાંઈ? એકતારૂપ અનુભૂતિ એટલે હોવું, એકતારૂપ રહેવું. ત્રણનું અનુસરીને રહેવું એવું જેનું લક્ષણ છે. એવી સત્તાથી સહિત છે, એવા હોવાપણાના ગુણથી અને તે હોવાપણું ઉત્પાદ-વ્યય ને ધ્રુવવાળું એનાથી સહિત જીવ નામનો પદાર્થ છે. કહો, સમજાણું કાંઈ? ઘણા વખત પહેલા એક જણ કહેતો હતો, ઉત્પાદ-વ્યય તો બ્રાહ્મણમાંથી આવ્યું લાગે છે. ભગવાન! આહા..હા..! વસ્તુના સ્વભાવ જ્યાં હોય છે ત્યાં હોય. ... ભાન નથી ત્યાં ક્યાં હોય આ? કહે છે, એવી સત્તા તે સહિત છે. એવા હોવાપણાએ. ઉત્પાદ વ્યય આવે છેને તત્ત્વાર્થસૂત્રમાં? ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તમ્ સત્ અને સત્ દ્રવ્ય લક્ષણમ્. બેય સમાડી દીધા. આહા..હા..! પહેલા દ્રવ્યનું લક્ષણ સત્તા અને સત્તાનું લક્ષણ આ એમ કીધું. આહા..હા..!

મુમુક્ષુ :-- ...ફૂટનોટ લખી હતી.

ઉત્તર :-- હા હા, છેને નથી. કાઢી નાખ્યું છે, ક્યાં એમાં હતું.

મુમુક્ષુ :-- એનું કારણ છેને, કાળને કાઢી નાખવો છેને.

ઉત્તર :-- પણ વસ્તુ તો એની પાસે હતી જ ક્યાં? એ અહીંની લીધેલી છે. ઉમાસ્વામીની લીધી અને પછી પોતાના ઘરમાં નાખી. વાત તો એમ છે પણ હવે આ લોકોને આકરું લાગે છે. એના ઘરમાં હતી જ ક્યાં એ વાત. આહા..હા..! ઉમાસ્વામીનું સુચવ્યું છે આ તત્ત્વાર્થસૂત્ર. એમાંથી શ્વેતાંબરોએ ઘાલમેલ કરીને પોતાનું કર્યું. હવે એવું છે વસ્તુ.

મુમુક્ષુ :-- ... ઉસકો નિકાલ દિયા?

ઉત્તર :-- કાઢી નાખ્યું છે. સત્ લક્ષણ ફક્ત લીધું છે. સત્તા. ... ઠીક છે. આવા વાંધા મૂળના છે. ઉપરટપકે ફેર છે એમ નહિ. માણસ એમ કહેને કે, આ ભાઈ! દિગંબર અને શ્વેતાંબરમાં ઉપર કોઈ આચરણમાં ફેર છે. ના ભાઈ! ભગવાન! સત્યનો અભાવ થઈ જાય છે. લોકોને એવું બધું લાગે, ઓલામાં બધું સરખું... સમન્વય કરો. કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ ન હોય, કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ ન હોય, એ ભગવાન આત્મા છે. એની પર્યાયના ભૂલે રખડે છે તોપણ એની પર્યાયની ભૂલ છે એ જાણવી જોઈએ. જાણીને એનો કાંઈ તિરસ્કાર ન હોય.

મુમુક્ષુ :-- આ યથાર્થ સમન્વય છે.

ઉત્તર :-- આ યથાર્થ સમન્વય છે. હીરાભાઈ! આ તો તમારું સ્થાનકવાસી ખોટું છે એમ સિદ્ધ કરે છે. એમને તો સાંભળવાનું મળ્યું, ... એમ કહે છે. વાત સાચી. આહા..હા..!

કહે છે, '**આ વિશેષણથી, જીવની સત્તા નહિ માનનાર...**' છે એમ નહિ માનનારા, '**નાસ્તિકવાદીઓનો મત ખંડિત થયો...**' એ તો જયચંદ્ર પંડિત ખુલાસો કરે છે. છે સત્તા. જીવ નથી એ તો બધું જેમ ભેગું કરીને દારૂ ઊભો થાય છેને, એમ. દારૂ, પંચભૂતમાંથી. એમ નથી. લ્યો, એક જણો વળી તો એમ કહેતો હતો, આ ....

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- .... આ તો વળી શ્રાવક છે. આ શાંતિલાલ છેને, આપણા મંગળદાસ, મીલના માલિક એનો સાળો છે, સ્થાનકવાસી છે. ઘણા વર્ષ પહેલા અમે ગયેલા ભાવનગર, પહેલા ગયેલા ત્યારે. ઈ છોકરો હતો. પણ આ તો વાત છે. સમજ્યાને? ૧૯૭૭ની સાલની, ૭૭. ૨૩+૨૮=૫૧ વર્ષ થયા. ભાવનગર પહેલા ગયા હતાને જ્યારે ૭૭ની સાલમાં ત્યારે કહે આમ કહે છે. જુઓ, આ સંચો જીવ છે. જીવ વિના ચાલે? ઘડિયાળ જીવ છે. અરે..! ભાઈ! હાલે એ જીવ એમ નહિ. ઓલા શીખવેને.

મુમુક્ષુ :-- હાલે-ચાલે તે જીવ.

ઉત્તર :-- હાલે એ જીવ. એમ હોય? હાલે એ જીવ હોય તો પરમાણુ (પણ) ચાલે છે, ગતિ કરે છે. જીવ તો જ્ઞાન, આનંદસ્વરૂપે હોય તે જીવ. સાથે અહીં પરિણમન કરે

છે. જ્ઞાનરૂપે પરિણમે ને જ્ઞાન પોતે પરિણમે અને જ્ઞાનરૂપે પરિણમે ને પરિણમન થાય એ જીવ છે. પરિણમન થવું એનું નામ ગતિ જ કરવી એવું કાંઈ છે નહિ. બદલવું પોતામાં રહીને. સિદ્ધને પરિણમન છે. આહા..હા..!

'**સત્તા નહિ માનનાર નાસ્તિકવાદીઓનો મત ખંડિત થયો તથા પુરુષને** (જીવને) **અપરિણામી માનનાર...**' એ તો ધ્રુવ હોય. બદલવું હોય? અર..ર..! અનિત્ય વસ્તુ? ભાગો. ૨૦૦૦ની સાલમાં ત્યાં રાજકોટ. એક બાવો આવ્યો. એક મહારાજ અધ્યાત્મની વાત બહુ સારી કરે છે, ચાલો. જૈનમાં અધ્યાત્મ? એને એમ કે જૈનમાં તો ક્રિયાકાંડ જ હોય એ જૈન. એવી માન્યતા. જૈનમાં આત્માની વાત? આત્મા આવો છે, આવો છે... આહા..હા..! એ બીજાઓ એવું જાણે કે, આ ક્રિયા કરવી ને આ કરવી એ જૈન. જૈન એટલે લીલોતરી ન ખાય ને ચોવિહાર કરવો ને પાણી ઊના પીવા ને કોથળી સાથે ફેરવવી ઊના પાણીની.

મુમુક્ષુ :-- પણ જોઈને એમ કહે છેને.

ઉત્તર :-- પણ આના જેવા ડાહ્યા માણસ પણ કરતા હતાને. પણ જ્યાં સુધી ખબર ન હોય ત્યાં સુધી તો એમ જ હોયને. આહા..હા..! જે જીવને અબદલતો માને.. પલટવું? જીવ પલટે? ભાગ્યો. બાવો આવ્યો હતો સાંભળવા. આ મહારાજ કહે છે, જીવ તો અનિત્ય પણ છે. જીવ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. પરિણમવું એ અનિત્ય છે. અનિત્ય જીવ? આત્મા? ભાગો. આહા..હા..! ભાઈ! આત્મા નિત્ય અને અનિત્ય બેય છે. એ તો આવ્યુંને પહેલું, તેથી તો કહી ગયા ઈ. ધ્રુવ તે નિત્ય છે અને ઉત્પાદ-વ્યય તે અનિત્ય છે. ઉત્પાદ-વ્યય તે પરિણમન છે અને ધ્રુવ તે કૂટસ્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પરિણમનસ્વભાવ કહેવાથી, થયો.**' સાંખ્યવાદીઓનો વ્યવચ્છેદ કર્યો અને પરિણમન-સ્વભાવ કહેવાથી થયો. પરિણામી નથી એમ નહિ, છે. '**નૈયાયિકો અને વૈશેષિકો સત્તાને નિત્ય જ માને છે...**' ખુલાસો કરે છે ઓલા બે ભાગના. '**નૈયાયિકો અને વૈશેષિકો સત્તાને નિત્ય જ માને છે અને બૌદ્ધો સત્તાને ક્ષણિક જ માને છે;...**' વળી કો'ક એમ કહે છે કે, બેયનો સમન્વય કરીને ભગવાને કહ્યું. આવા ને આવા છે. સમન્વય કરીને કહ્યું કે, અનુભવ થઈને કેવળજ્ઞાનમાં જાણ્યું એમ કહ્યું? વસ્તુનું સ્વરૂપ એવું છે. એમ પંડિતો કહે, જુઓ! બૌદ્ધનો ક્ષણિકવાદ, આનો નિત્ય, બેનું ભેગું કરીને ભગવાને નિત્યાનિત્ય કહ્યું. ભેગું કરીને કહ્યું નથી સાંભળને! એ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! ગજબ વાત કરે છે.

'**બૌદ્ધો સત્તાને ક્ષણિક માને છે; તેમનું નિરાકરણ, સત્તાને...**' છે ખરી સત્તા પણ ત્રણવાળી છે. '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ કહેવાથી થયું.**' સત્તા નવી નવી અવસ્થાથી ઉપજે. નહિતર પછી એને સમજવું રહ્યું ક્યાં? ... અને અણસમજણ ટળવી ક્યાં રહ્યું? બહુ ...ભાઈ! નહિ તમારા? કેવું કહેવાય? હું, તું અને તે. માધવાનંદ આપણે અહીં આવ્યો

હતોને. માધવાનંદ બહુ વ્યાખ્યાન આપતા. થઈ ગયો .. પરમહંસ થઈ ગયો. મોટો પગાર હતો, રેલમાં હતો. ૮૦૦નો પગાર તે દિ' હોં! ઘણા વખત પહેલાની વાત છે, ૯૫ વર્ષ પહેલાની વાત છે. ૮૦૦નો પગાર હતો. દશાશ્રિમાળી વાણિયો. વ્યાખ્યાનમાં આવતા કાયમ ૯૫, ૮૯, ૯૦. પછી કાંઈક વાંધા ઉઠ્યા તો થઈ ગયા બાવા. પછી અહીં આવ્યા હતા સાધુ થઈને. મોટું ઓલું છે મંડળ ને... જો ભૂલ ન હોય તો સમજાવવાનું રહ્યું શું? અને એને કરવાનું રહ્યું શું? અને જો ભૂલ માનો તો ખલાસ થઈ જશે તમારું બધું. પરિણમવું ફરી જાય, અવસ્થા બદલે, ધ્રુવ કાયમ રહે એ વાત તો વેદાંતમાં છે નહિ. પછી ઊંડે ઊંડે એક ફેરી કહ્યું હતું કે આ ભૂલ છે ઈ કબૂલ તો કરવી પડશે. બહુ હળવે હળવે બોલતા. ભૂલ છે. ભૂલ કબુલ કરે તો તો ભૂલનો વ્યય થતાં અંદર અભૂલ--ગુણની દશા ઉત્પાદ થાય અને કાયમ રહેનારું તત્ત્વ ધ્રુવ રહે, એમ ત્રણ કબુલ કરવું પડે. તો એ સત્તાનું સ્વરૂપ જ આવું છે. હોવાપણે રહેલો પદાર્થ ઉપજે, બદલે અને ધ્રુવપણે રહે એવો તદાત્મ્ય સ્વભાવ છે. ભગવાન તીર્થંકરોએ કહ્યો છે માટે એમ નથી. ભગવાને તો એવું જોયું, જોયું ને કહ્યું કે, આ વસ્તુ છે ભાઈ! તારો જીવ નામનો પદાર્થ પણ ક્ષણે ક્ષણે વિચારોની ધારા પર્યાયથી બદલે છે. શરીર, વાણી પણ પર રહ્યું, એને લઈને નહિ એમ. પાછું એ બદલવું પરને લઈને નહિ. તારો પોતાનો સત્તાનો એ સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞેયને લઈને કેવળજ્ઞાનીનું જ્ઞાન પરિણમે છે. એ.. સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવનું જ્ઞાન જ્ઞેયો પલટે માટે પલટે છે. અને અહીં તો ના પાડે છે (કે) પરિણમન એનો સ્વભાવ છે પોતાનો. આહા..હા..! ક્યાં ફેર કહીએ છીએ અને ક્યાં ઉલ્ટું પડે છે એની ખબર ન મળે. હેં? આહા..!

એ જીવની વ્યાખ્યા. ભગવાન આત્મા એને સમય કહ્યો. કેમકે એનામાં સત્‌નું લક્ષણ છે .... અને એ સત્‌નું લક્ષણ ઉત્પાદ-વ્યય ને ધ્રુવ છે. એથી એ જીવને સમય કહેવામાં આવે છે. પછી સ્વસમય સ્વપણું પછી લગાડશે. અહીં તો હજી સમય સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આ બધું વાંચનમાંય આવું કર્યું ન હોય, વાંચન ઉપરટપકે વાંચી જાય. એઈ.. પોપટભાઈ! ચોપડા ... વાંચવા હોય તો બહુ ઝીણવટથી વાંચે ત્યાં.

મુમુક્ષુ :-- ઈ તો છોકરાઓ વાંચે છે.

ઉત્તર :-- પહેલા તો ઈ કરતા હતાને. એ તો નવરા હવે થયા. કહો, સમજાણું કાંઈ? બધાને માટે એમ છે કે નહિ? પોપટભાઈ! રામજીભાઈ નહિ તપાસતા હોય બધા? ... શું કહેવાય ઈ? કાયદાને. એકે એક લીટી. આનું આ અને આનું આ, આનું આ. દલીલ પાછી દેવી હોય, આ ... દેવો હોય, ફલાણું હોય. ઈ વિના ઓલો જજ માને શેનો? એનો મામો છે?

અહીં ભગવાન કહે છે, ભાઈ! તું પોતે ત્રિકાળ છો અને તારું બદલવું તારાથી તારામાં છે, પરને લઈને નહિ. પર પણ પોતે નિત્ય રહીને બદલે એમાં તને ક્યાં બદલાવે ઈ? આહા..હા..! સમજાણું કાંઈ? ઈ એક જીવનું એક વર્ણન કર્યું--સત્તાનું. આહા..હા..! ઝીણી વાત છે ભાઈ! આ અભ્યાસ પહેલો કરવો જોઈએ. ઓલા અભ્યાસ કરી કરીને મરી જાય મેટ્રીક ને એલ.એલ.બી.ના પૂછડા વળગાડવા પાપના. આ આ તો કરે. આ શું ચીજ છે? તું કોણ છો? કેમ છો? વાડામાં પડ્યા ભગવાન કહે ઈ સાચું. પણ તને ભાન વિના સાચું ક્યાંથી આવ્યું? ભગવાને કહ્યું શું ઈ તને ખબર વિના સાચું તારે ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? આ દેહના રજકણો આ તો માટી છે, ધૂળ છે. એનું બદલવું ને ટકવું તો એનામાં એને લઈને છે.

આત્મા આ દેહથી જુદી ભિન્ન ચીજ છે. એની સત્તા ઉત્પાદ-વ્યય ને ધ્રુવવાળી સત્તા છે. એનું પરિણમવું, ઉત્પાદ-વ્યય થવું એ એનો ધર્મ છે, ધર્મ નામ એનો પોતાનો સ્વભાવ છે. એ પરને લઈને બદલે (એવું સ્વરૂપ નથી). લ્યો! અહીં તો એ સિદ્ધ કર્યું, જુઓ! કર્મને લઈને વિકાર થાય, આ બધું જડ-બડનું હલવું આત્માને લઈને હાલે એમ ના પાડે છે. કારણ કે, એ પણ જગતની ચીજો છે. એ ટકીને બદલવું એનો પરિણમવું એનો સ્વભાવ છે. આત્મા શું કરે? આત્મા બધાનું કરે. ધૂડનુંય કરે નહિ, તને ખબર નથી. આહા..હા..! પોપટભાઈ! આ બધા થાણાના સંચા ને પથરાના શું કહેવાય એને? ભાતું. શું કહેવાય? લાદીમાં શું હોય? ભૂકો આવતો હશે? ડીઝાઈન નાખે અંદર જુદી જુદી જાતની. ઈ બધું કરી શકતો હશે? કર્યા વિના થાય નહિ અને આત્મા કરી શકે નહિ. કર્યા વિના થાય નહિ, કોનાથી? કે, એનાથી. ભારે કઠણ. આમ સિદ્ધ કરીને પહેલેથી પરિણમવું તારું સ્વરૂપ જ છે. પછી ઊંધે પરિણમવું કે સવળે પરિણમવું એ પણ તારું સ્વરૂપ એમ કહે છે. પછી લેશેને ઓલું સ્વસમય અને પરસમયનું. સમજાણું કાંઈ?

આત્મા જ એવો છે કે ત્રિકાળ રહે છે ધ્રુવ નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય અને ક્ષણે ક્ષણે એની દરેક ગુણની અવસ્થા બદલ્યા જ કરે છે, બદલ્યા જ કરે છે. એ બદલવાનું તો તારું પરિણમનનું સ્વરૂપ છે, પરને લઈને નહિ. એમાં તો એ આવી ગયું. કહો, ભિખાભાઈ! આ ગુરુને, દેવને લઈને પરિણમે એમેય નથી, એમ આવી ગયું આમાં તો. આ તો આ, આ એમાં એટલું કહેવામાં આવે છે કે, કોઈ પણ સમયે પરિણમવું નહિ એવું તારું સ્વરૂપ નથી. ત્યારે તે વખતે પણ જ્યારે દેવ-ગુરુનું સાંભળતો હોય ત્યારે પરિણમવું તો તારે લઈને છે, એ એને લઈને છે નહિ. આહા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- કાંઈક થોડું રાખવું પડેને.

ઉત્તર :-- રાખ્યુંને કે બીજી ચીજ છે. થોડું શું કરવા રાખે, આખું રાખે નહિ. પણ

આનું બદલવું પરને લઈને નથી. કેમકે પરિણમવું તો એનો પોતાનો સ્વભાવ છે. તો પરિણમ્યા વિના રહે? ક્યે સમયે પરિણમે નહિ? ત્યારે ક્યે સમયે પરને લઈને પરિણમે? આહા..હા..!

મુમુક્ષુ :-- નિમિત્ત ન આવે ત્યાં સુધી રાહ જોવે.

ઉત્તર :-- એ વાત જ બધી જૂઠે જૂઠી છે. આ ઉપાદાન-નિમિત્તનો એમાં ગોટો ઉડી જાય છે. આહા..!

ભગવાન આત્મા અનાદિ-અનંત રહેતો છતાં સમય સમયના દરેક ગુણની પર્યાયનું પરિણમન પોતાનું સ્વરૂપ છે એટલે પરિણમે છે. હવે ઊંધું પરિણમવું કે સવળું એ પછી કહેશે. અહીં તો પરિણમન એનો સ્વભાવ (છે) એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? પછી પોતે ભગવાન આત્મા જ્ઞાન, દર્શન ને નિયત વૃત્તિ ટકવું ત્રિકાળ એવા આત્મતત્ત્વમાં, એવા આત્મતત્ત્વમાં એકત્વ થઈને એમ છેને પછી. આત્મા સાથે એકત્વગતપણે વર્તે. અંદરના જ્ઞાન ને આનંદપણે વર્તે તો એ સ્વસમય કહેવાય, તો એને ધર્મ કહેવાય એમ કહે છે. સમજાણું કાંઈ? ઈ એક બોલ કહ્યો.

**'વળી જીવ કેવો છે?'** બીજો બોલ. **'ચૈતન્યસ્વરૂપપણાથી...'** એમ પાછું. ઓલું તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ કીધું હતું. ઉત્પાદ-વ્યય-ધ્રુવ તો પરમાંય છે. (એ તો) પદાર્થ સિદ્ધ (કર્યો), પણ હવે તારો ગુણ શું? અંદર વસ્તુ શું? ચૈતન્યસ્વરૂપ છે ઈ ભગવાન તો. જાણવું-દેખવું એનું ત્રિકાળી સ્વરૂપ છે. આત્માનો સ્વભાવ ત્રિકાળ જાણવું-દેખવું એનું સ્વરૂપ છે. **'નિત્ય-ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન-જ્યોતિસ્વરૂપ છે...'** પરિણમન લેવું છે હોં! પાછું એનું ઈ. ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય-ઉદ્યોતરૂપ છે અને નિત્ય કાયમ રહેનારું ચૈતન્યજ્યોત ભગવાન આત્મા જ્ઞાન અને દર્શનજ્યોતથી ત્રિકાળ રહે છે પ્રભુ અને નિર્મળ સ્પષ્ટ દર્શન જ્ઞાનજ્યોતિ. પ્રત્યક્ષ જ્ઞાનની પર્યાય થવી. સમજાણું કાંઈ? દર્શન જ્ઞાનજ્યોતિ સ્પષ્ટ પરિણમન થાય એવો એનો સ્વભાવ છે. દર્શન જ્ઞાન કૂટસ્થ ન રહે, એનું પરિણમન થાય છે. વિશેષ વાત છે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૧, ગુરુવાર, તા. ૧૮-૧૧-૧૯૭૧
## ગાથા-૨, પ્રવચન-૧૨

સમયસાર સિદ્ધાંત. જીવ-અજીવ અધિકારની પહેલી ગાથામાં વંદન કર્યું. સિદ્ધોને વંદન કરી અને સમય સિદ્ધાંત શાસ્ત્રને હું કહીશ એમ કહ્યું. આ બીજામાં **'જીવો'** શબ્દ ઉપાડ્યો છે પહેલો. આ જીવ જે છે એ પોતે પોતાના સ્વભાવનું પરિણમન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એના પરિણમનમાં હોય, રહે એને જ અહીંયાં આત્મા અથવા સ્વસમય કહેવામાં આવે છે. વિશેષ આવશે. અને જે આત્મા મિથ્યા શ્રદ્ધા, રાગ-દ્વેષ આદિ અજ્ઞાનમાં રહે તે અણાત્મા એટલે પરસમય છે. એમ પહેલા ટૂંકી વ્યાખ્યા કરી. હવે કહે છે કે, આ જીવ પદાર્થ કેવો છે? **'જીવો'** શબ્દ છેને પહેલો? ગાથાની શરૂઆતનો પહેલો 'જીવ' શબ્દ. પહેલું આવી ગયું છે આપણે કાલ, ફરીને લઈએ છીએ.

**'આ જીવ-પદાર્થ કેવો છે?'** પહેલો બોલ. **'સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી,...'** એવો છે આત્મા કે, સદાય પરિણમનસ્વરૂપ એવા સ્વભાવમાં રહેલો હોવાથી. **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ...'** આ તો અલૌકિક ટીકા છે વીતરાગની વાણી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક જીવ કેવો છે એમ જણાવતાં એની મૂળ સ્થિતિ પહેલી વર્ણવે છે. એ પરિણતિ--પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો છે. અહીં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં રહ્યો છે ઈ અહીં અત્યારે વાત નથી, ઈ પછી લેશે, આ તો અનાદિનો છે. સમજાણું કાંઈ? નાખશે અંદર પછી, એના જ્ઞાન-દર્શનના પરિણમનમાં. પણ અહીંયાં તો ભગવાન આત્મા એનું પરિણમવું, પર્યાયમાં પર્યાયરૂપે પરિણમવું, થવું એવો જે સ્વભાવ એમાં એ કાયમ રહેલો છે, ધ્રુવ પણ છે એમ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

હવે એક બાજુ એમ કહેવું કે, પર્યાય દ્રવ્યમાં નથી. એ..ઈ..! કઈ અપેક્ષાથી વાત છે? ભાઈ! અહીં તો પરથી ભિન્ન તત્ત્વ બતાવવું છે પહેલું. એ પોતે વસ્તુ સ્વયંસિદ્ધ અનાદિની પરની અપેક્ષા વિના પોતાનું ઉત્પાદ-વ્યયનું પરિણમવું, થવું અને એમાં કાયમ રહેવું એ એનું સ્વરૂપ છે. એનો કોઈ કર્તા-હર્તા નથી તેમ તે એકલો કૂટસ્થ નથી ધ્રુવ, તેમ તે એકલા પરિણમનવાળો પણ નથી. સમજાણું કાંઈ?

ભગવાન કુંદકુંદાચાર્ય, સમયસાર કહેતા જીવની વ્યાખ્યા પહેલી ઉપાડી છે. સમજાણું કાંઈ? કહે છે કે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ સમય સમયે બદલવું, પૂર્વની અવસ્થા જવી, નવી

થવી અને ધ્રુવપણે, સદશપણે એકરૂપપણાના ભાવપણે રહેવું એવું એકતારૂપ, ત્રણની એકતા- ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણની એકતા, ત્રણની એકતા એટલે ત્રણનું એકપણું તે જીવ છે. એમ.

મુમુક્ષુ :-- એક પડખું કાઢી નાખે તો?

ઉત્તર :-- જીવ રહે જ નહિ. આહા..હા..! વાત એમ છે ભાઈ! આ મૂળ તત્ત્વ (છે). આ તો વીતરાગની વાણી સર્વજ્ઞના મુખથી નીકળેલી સાક્ષાત્ દિવ્યધ્વનિ એ કુંદકુંદાચાર્ય એ જ વાચક વાણી કહે છે. સમજાણું કાંઈ?

કહે છે કે, ઉત્પાદ-વ્યય, અવસ્થામાં બે અંશો (છે). એક વ્યયરૂપ અંશ, એક ઉપજવારૂપ અંશ એવું એનું પરિણમન. અને એમાં ધ્રુવતા કાયમ રહેવી. એ ત્રણની એકતારૂપ--ત્રણ થઈને એકરૂપ જીવ છે. એમ. ત્રણ થઈને બે જીવ છે, એક પરિણમવાળો અને એક ધ્રુવ એમ બે એમ નહિ. સમજાણં કાંઈ? **'એકતારૂપ અનુભૂતિ...'** અનુભૂતિ એટલે અનુભવ એમ નથી અહીંયા લેવું. અહીં તો ત્રણનું ત્રણપણે અનુ એટલે તે પણે, ભૂતિ એટલે રહેવું. સમજાણું કાંઈ? સમયસારની તો એક એક ગાથા સર્વજ્ઞના મુખથી નીકળેલી છે. આ એની સીધી વાણી છે. પોપટભાઈ! આહા..હા..!

કહે છે, ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એકતારૂપ. એક સમયમાં ત્રણ એક છે. એમ. ત્રણનું એકપણું તે જીવ છે. સમજાણું કાંઈ? એવી અનુભૂતિ એટલે એવું હોવાપણું. અનુભૂતિનો અર્થ અનુભવ અહીં નથી. સમજાણું કાંઈ? જડમાંય અનુભૂતિ આવે છેને? જડમાંય અનુભૂતિ હોય છે. અનુભૂતિ એટલે? ઉત્પાદ-વ્યય ને ધ્રુવનું એકપણે એમાં હોવું એ એની અનુભૂતિ, એ જડની અનુભૂતિ. વસ્તુ તો આવી છે. સર્વજ્ઞ પરમેશ્વર.... અને વસ્તુ એને અંદર બેસે એવી છે. સમજાણું કાંઈ? જેને ધર્મ કરવો છે જીવને, જીવને ધર્મ કરવો છેને? તો એ જીવ કેવો છે એની ખબર વિના ધર્મ કરશે શી રીતે?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- બીજાએ શું નક્કી કર્યું? ઠેકાણા વિનાનું નક્કી કર્યું એ નક્કી કર્યું કહેવાય? એ.. પોપટભાઈ! અદ્ધરથી કહે કે જીવ છે ને આવો છે એમ નહિ. એનું જે સ્વરૂપ અસ્તિપણે જે છે એની હયાતીમાં ત્રણ પ્રકારથી તેની હયાતી છે. સમજાણું કાંઈ? એક એક જીવની વાત છે આ. જીવ શબ્દ આવ્યો છેને પહેલો. **'जीवो'** 'जीवः'. વ્યુત્સર્ગ થઈ જાયને જીવનું. વ્યુત્સર્ગ છે. એ સંસ્કૃતવાળા જાણે, આપણે તો અધ્ધરથી...

મુમુક્ષુ :-- વ્યુત્સર્ગ થઈ જાય, મહારાજ!

ઉત્તર :-- વ્યુત્સર્ગ થઈ જાય છે. ખબર છેને. જીવ એમ શબ્દ ઉપાડ્યો છે. સમયસારની શરૂઆત કરતા ભગવાન કુંદકુંદાચાર્ય (કહે છે), જીવ, **'जीवो'**, 'जीवः' કેવો છે? અમૃતચંદ્રાચાર્ય

મહાસંત પરંપરાના ધર્મને અનુસરીને અનુભવ થયો અને એની વાણી પરંપરામાંથી આવી તે કહે છે. સમજાણું કાંઈ? અરે..!

કહે છે, (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ) **'જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે.'** બીજું તો કાંઈ નહિ, એ તો ઠીક. પણ અહીં ઉત્પાદ-વ્યય ને ધ્રુવરૂપ કહેવાથી થયું. એ પરિણમન પણ છે અને ધ્રુવતા પણ છે. એટલે એકલું પરિણમન માનનાર બૌદ્ધ પણ જૂઠા છે, એકલા ધ્રુવ માનનારા સાંખ્યમત પણ જૂઠા છે. એ તો એમાંથી એક સમજવાની વાત છે. સત્ય આ છે, એનાથી બીજી રીતે માને તે અસત્ય છે. આહા..! એમ કહીને એમ પણ કહ્યું કે, સમયે સમયે જીવ જે બદલે છે એ પોતાથી બદલે છે.

એના હોવાપણામાં ત્રણ અંશો છે તેથી પોતાથી બદલે છે. સંયોગો આવે તે પ્રમાણે બદલે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે એમ તો સિદ્ધ કર્યું કે, સદાય પરિણમનસ્વરૂપ એનું સ્વરૂપ છે. હવે એ બદલવું એ એનું સ્વરૂપ હોવાથી નિમિત્તોનો સંગ હોય ને સંયોગ હોય તો એ બદલે એમ એમાં રહ્યું નથી. એ તો એનો સ્વભાવ છે તો એ પોતાથી બદલશે જ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? કે, ભાઈ! કર્મનો ઉદય આવ્યો આકરો એથી એને એ પરિણમવું પડ્યું વિકારપણે એમ નથી કહે છે.

મુમુક્ષુ :-- પરિણમન સ્વભાવ છે.

ઉત્તર :-- એ તો પરિણમન સ્વભાવ છે. કહો, સમજાય છે કાંઈ?

આ સમયસાર તો ૧૭મી વાર ચાલે છે અહીં. ૧૬ વાર તો પૂરું થઈ ગયું સભામાં. આ ૩૭ વર્ષ ચાલે છે અહીં. આહા..! કહે છે, એ તો પરિણમનનો એનો ઉત્પાદ-વ્યય પર્યાયમાં એક સમયમાં, એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એનું ઉત્પાદ-વ્યયનું પરિણમનસ્વરૂપ હોવાથી પરિણમે છે, નહિ કે એને સંયોગો જેવા આવે તેમ પરિણમે. એમ નથી. અહીં તો જીવની વાત કરી પણ શરીરાદિ બધા પદાર્થો એનો પરમાણુનો સ્વભાવ પણ એનો ઉત્પાદ-વ્યય ને ધ્રુવરૂપ છે. તો એનું પરિણમન જે સમયે છે એ પોતાથી છે, પરને લઈને નથી. આહા..હા..! ભારે આકરું કામ. આમાં લખ્યું છે, આમાં બીજું આવ્યું છે. વિદ્યાનંદજીએ લખ્યું છે, અધ્યાત્મથી એમ લખ્યું છે. અધ્યાત્મવાદીઓ પૂજા પ્રભાવના આદિને જડ કહીને ઉડાડે છે. પાછા પોતે કરવા માટે એકાકાર થઈ જાય છે. અરે..! ભગવાન! અને જવાબ આપે ત્યારે એમ કહે, જ્યારે એમની પાસે ત્યાગ, તપસ્યા અને સેવા એ પ્રશ્ન ઉઠે ત્યારે એ એનો જવાબ આપે (છે) કે, નિશ્ચયમાં એ હોતું નથી. એમ જવાબ આપીને... એ.. દેવાનુપ્રિયા! આહા..હા..!

મુમુક્ષુ :-- ....

ઉત્તર :-- આ તો એને પોતાને એવા વ્યવહારના કામ કરવા હોય તો એકકાર થઈ

જાય ને કરે છે. શું કોણ કરે ભાઈ! તને ખબર નથી. આહા..હા..! જેનો પરિણમનનો પર્યાય થવાનો જ્યાં સમય સમયનો સ્વભાવ હવે એને કરે કોણ? એનાથી લે કોણ? એનાથી થાય કોણ? આનાથી ન્યાં થાય કોણ? આહા..હા..! દૃષ્ટિ ફેરે આખી વાત છે.

એની આત્માની ઉપસ્થિતિમાં શરીર, વાણી, મન આ બધું જો આમ થાય, આ થાય, વાણી નીકળે એટલે એને એમ થાય છે કે, આ પર્યાય મારાથી થાય છે. તો તો પછી આ પરમાણુઓનો સમય સમયનો ઉત્પાદ-વ્યયનું પરિણમન છે એ આત્માને લઈને થયું તો એનું શું? એનો પોતાનો જ એ પ્રકારનો ઉત્પાદ એ જ પ્રકારે તે સમયે તે પ્રકારનો (થવાનો હતો). આહા..હા..! પરમાણુમાં અને આત્મામાં તે તે સમયનો પૂર્વ-પછીનો નહિ, દ્રવ્ય-ગુણ નહિ, એનું પરિણમનો જે સમય છે ત્યાં ઉત્પાદ-વ્યય પોતાથી થાય છે.

નિગોદના જીવમાં પણ એક શરીરમાં અનંત જીવ, છતાં એ અનંત જીવનું, એક એક જીવનું, એને એક એક જીવને બબ્બે શરીર--તેજસ અને કાર્માણ છતાં; એને શરીર કહેવા એ નિમિત્તનું કથન છે, એમાં છે નહિ. એનો પોતાનો જ પર્યાય ત્યાં ઉત્પાદ-વ્યયપણે નિગોદના જીવનો અભવી કે ભવી અનંત પડ્યા છે એનું પરિણમન પોતાથી થાય. તે કાળનું તે પરિણમન એમ સિદ્ધ કરવું છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! જૈનદર્શન સમજવું એ કોઈ અલૌકિક વાત છે. એમ ઉપરટપકે માની લે એ કાંઈ વસ્તુ (નથી). આ તો અંતર વસ્તુનો સ્વભાવ જ આવો છે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્રૈલોક્ય રચના આવે છેને પંચાસ્તિકાયમાં? છ દ્રવ્યથી છે. રચના એટલે છે. ઓહો..! સમય સમયનો ઉત્પાદ-વ્યય જીવનો એનો પરિણમનરૂપી તે સમયનો તે જ પરિણમનો સ્વભાવ હોવાથી તે પરિણમે છે, એને પરની જરૂર નથી. તેમ ખરેખર તો ધ્રુવ છે માટે પરિણમે છે એમ પણ નથી. પરિણમે છે એ પર્યાયનું સ્વરૂપ છે માટે પરિણમે છે એમ કહે છે. આહા..હા..! ભારે માર્ગ ભાઈ!

આ તો એક એક સમયે આંખ મીંચીને ઉઘાડે એમાં અસંખ્ય સમય થાય. એમાં એક સમય જે પકડાય નહિ છતાં થાય તે સમયે. સમજાણું કાંઈ? એ વસ્તુનો સ્વભાવ સમયે સમયે પર્યાયનું પરિણમવું એ વસ્તુના સ્વરૂપને લઈને છે, પરને લઈને નથી. આહા..હા..! ગોમ્મટસારમાં કહ્યું છેને, ભાવકલંક પહુરા. ભાવકલંક પ્રચુરપણે પરિણમે છે નિગોદનો જીવ. આહા..! પર્યાયમાં ભાવકલંક મિથ્યાત્વનું મહાકલંક પ્રચુરપણે તે પરિણમે છે, પણ પરિણમન પર્યાય પોતાને લઈને છે. સમજાણું કાંઈ? એ કર્મનું ત્યાં જોર છે નિગોદને માટે તેનું પરિણમન એવું છે એમ નથી. સમજાણું કાંઈ?

આ તો વીતરાગ કથા છે, ભાઈ! એ સમજવી તો ઘણો એને આગ્રહ છોડીને સત્ય સમજવાની અંદર દરકાર હોય એને આ સમજાય એવું છે. આ તો સત્ય છે તેવું સમજવું એમ કહે છેને? સત્ય છે તેવું સમજવું, નથી એવું સમજવું એવું અહીં નથી આવતું. ઉત્પાદ-

વ્યય કહેવાથી, પરિણમનસ્વભાવ કહેવાથી સાંખ્યનો નાશ થયો, સાંખ્ય ખોટા એમ કહે છે. એકલું કૂટસ્થ ધ્રુવ જ જીવ માને એમેય નહિ. માને છેને સાંખ્ય વેદાંત. આહા..હા..! અને એકલું પરિણમન જ માને, ધ્રુવ ન માને. ક્ષણિક એ કોને આધારે પરિણમે? કઈ ચીજનું એ પરિણમન? એ રહેતું નથી. બૌદ્ધ ક્ષણિક પણ અજ્ઞાની છે. આ જૈનમાં રહેલા પણ પરિણમન એકલું માને એ બૌદ્ધમતિ છે, એમ નહિ કે બૌદ્ધ આવા છે. સમજાણું કાંઈ? આ જૈનમાં રહીને પણ આત્માને એકલો ધ્રુવ ને કૂટસ્થ માને એ પણ વેદાંતી ને સાંખ્યમતિ અજ્ઞાની છે. વાડામાં જન્મ્યા એટલે શું જૈન થઈ ગયો? સમજાણું કાંઈ? આહા..હા..! જૈન શબ્દમાં જ એ ધ્વનિ છે. નાસ્તિથી કથન છેને જૈન એ તો. જીતવું. અજ્ઞાન અને રાગ-દ્વેષને જીતે તે જૈન. જૈન કોઈ સંપ્રદાય નથી, વસ્તુનું સ્વરૂપ જ છે. આત્મા જિનરાજ જ છે. વસ્તુ તરીકે ધ્રુવ જિનરાજ છે. એનો આશ્રય લઈ અજ્ઞાન અને રાગ-દ્વેષનો વ્યય કરી અને ઉત્પાદ સમ્યગ્દર્શનનો કરે આ એને જૈન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઈ એક બોલ થયો.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- આ તો કાલેય કહેવાણું હતુંને. આ તો જરી ઓલા પરિણમનનો ઉત્પાદ-વ્યય સ્વતંત્ર અનાદિ અનાદિ. અને તે તે સમયનો ઉત્પાદ-વ્યય. આહા..! ગજબ કામ કરે છે! તે તેના ઉત્પાદ-વ્યયનો સ્વકાળ છે તે પરિણમનના સ્વકાળે તે જ એનું પરિણમન થાય. છતાં એ ધ્રુવની સાથે એકતારૂપ ત્રણ થઈને એ જીવ કહેવામાં આવે છે. કહો, હિંમતભાઈ! આ બધું સમજવું પડશે આ. હેં? આમાં વખત પણ મળે નહિ, શું કરવું? (એમ) કહે છે લ્યો.

મુમુક્ષુ :-- હવે તો થોડો થોડો વખત...

ઉત્તર :-- રહે છે, આવે છે. છોડી અહીં છે તો આવવું પડે અમથુય. એમ કે છોડી છે તો આવવું પડેને. પોતાને પણ આવવાની ગરજ છે માટે આવે એમ કહે છે. આહા..હા..!

બીજો બોલ હવે. એક જીવ ઉપર સાત બોલ ઉતારશે. અમૃતચંદ્રાચાર્ય મુનિ છઠ્ઠે, સાતમે ગુણસ્થાનમાં રહેલા સર્વજ્ઞની વાણીને અનુસારે વાણી કહે છે. આહા..હા..! કહે છે, '**વળી જીવ કેવો છે?**' બીજો બોલ, બગડો. છે એમાં? '**ચૈતન્યસ્વરૂપપણાથી...**' ઓલું ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ તો જડને પરમાણુને પણ હોય છે. હેં? એ તો વસ્તુ. એ કર્યો છે જીવને સિદ્ધ પણ જીવ આવો છે એટલું. હવે પણ જીવમાં એનો સ્વભાવ શું? પરિણમનસ્વભાવ પણ એ ક્યા ગુણનો અને કેવાનો સ્વભાવ એનો? એ '**ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય-ઉદ્યોતરૂપ...**' આહા..હા..! સદાય હોં! ચૈતન્યસ્વરૂપણાથી--એ તો જાણવા-દેખવાનું એનું સ્વરૂપ હોવાથી--નિત્યઉદ્યોત નિત્ય કાયમ રહેનાર. અને '**નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન-જ્યોતિસ્વરૂપ**

છે...' એનું પરિણમન પણ જ્ઞાન અને દર્શનનું થાય છે, અનાદિ હોં!

કેમકે ચૈતન્ય સ્વરૂપ અનાદિ છે તો એનું પરિણમન પણ અનાદિનું દર્શન અને જ્ઞાનરૂપ જ પરિણમન છે. અભવિ હો કે ભવિ હો, બેયને. સમજાણું કાંઈ? આ સમ્યગ્જ્ઞાન કે એની અહીં વાત નથી. અહીં તો જે નિત્ય ચૈતન્યસ્વરૂપ છે તેથી નિત્યઉદ્યોતરૂપ અને નિર્મળ સ્પષ્ટ દર્શન-જ્ઞાન જ્યોતિસ્વરૂપ. ચૈતન્યનું પરિણમન દર્શન-જ્ઞાનસ્વરૂપ પણ છે. જ્યારે ચૈતન્યસ્વરૂપ દર્શન-જ્ઞાન છે એ તો ધ્રુવ થયું. હવે એનો ઉત્પાદ-વ્યય? પરિણમવું, દેખવા-જાણવાના પરિણમનરૂપ ઉત્પાદ-વ્યય તે એનું પરિણમન છે. તે એની ચૈતન્યની પર્યાયરૂપ ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગ (ચાલે) છેને સવારે, એ તો પર્યાયનો બતાવનારો ... એ પર્યાય જ સિદ્ધ કરી છે. સમાધિ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન બધું પર્યાય છે, મોક્ષમાર્ગ આખો પર્યાય છે. કોને આશ્રયે થાય એ વાત પછી છે. સમજાણું કાંઈ? પણ એ પર્યાય છે એટલે પર્યાય જ સિદ્ધ કરી છે ત્યાં. અને અહીં આખો જીવ કહેવો છે એ પહેલો હવે સિદ્ધ કરવો છે અહીં તો. પછી એની પર્યાયનું વિશેષપણું શું છે એ પછી બતાવશે.

કહે છે, ચૈતન્યનું પરિણમન દર્શન-જ્ઞાન. ચૈતન્ય એટલે ત્રિકાળી. જાણવા-દેખવાનો ચેતનનો ચૈતન્યગુણ. ચેતન એટલે આત્મા, એનો ગુણ ચૈતન્ય, એનું પરિણમન દર્શન-જ્ઞાનરૂપ. એ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે આવી ગયા. આહા..હા..! સમજાણું કાંઈ? એક પ્રશ્ન એમ આવેને કે, ભાઈ! પર્યાયની એકત્વબુદ્ધિ અનાદિની છે. ભાઈ! ઈ ક્યારે? કે, જ્યારે પરથી જુદો પડ્યો અને પછી પર્યાયમાં, આ પર્યાય દ્રવ્યમાં નથી, એવો નિર્ણય પર્યાયમાં પર્યાય કરે છે. સમજાણું કાંઈ? ધ્રુવ કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પરિણમનની પર્યાય, પરિણમનની પર્યાય પર્યાયમાં છે. હવે ધ્રુવ તો કીધું બીજી ચીજ છે. તો એ બેનો ભાગલા પાડતા પર્યાય--પરિણમન ધ્રુવમાં નથી. પણ નથી કોણ (એવો) નિર્ણય કરે છે? કોણ વિચાર કરે છે? શેમાં એ જણાય છે? પર્યાયમાં. સમજાણું કાંઈ?

આ વસ્તુ ભગવાન આત્મા... જે પર્યાયની એકત્વબુદ્ધિ હતી અંશબુદ્ધિ એકલી, વસ્તુ છે ધ્રુવ સહિત. પણ એકલી અંશબુદ્ધિ હતી, એ જ્યારે પર્યાયની અંશબુદ્ધિની એકતા ટળે ત્યારે દ્રવ્યમાં એકતા થાય. એકતા થાય એની વ્યાખ્યા શું? એ પર્યાય દ્રવ્ય તરફ ઢળે એનું નામ એકતા. કંઈ પર્યાય અને દ્રવ્ય ધ્રુવ બે એક થઈ જાય છે એમ નથી. આરે.. ભારે વાત ભાઈ! હીરાલાલજી! છે તો આ લોજીકથી વાત ચાલે છેને? આહા..હા..! કહે છે, ત્યારે એ પર્યાય પોતે એમ કહે છે, અંદર જાણે છે એમ, જાણે છે. આ અંશ દ્રવ્યમાં નથી. ઈ પર્યાય પોતે જાણે છે, ધ્રુવ જાણતો નથી કાંઈ. સમજાણું કાંઈ?

ત્રણ બોલ છે ખરાને. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. હવે અહીં ચૈતન્ય દર્શનનો સ્વભાવ

લઈ અને એનું પરિણમન લીધું. પરિણમનમાં.. આ તો હજી સાધારણ વાત છે, પણ જ્યારે સમ્યક્ યથાર્થ પરિણમન થયું ત્યારે તે પરિણમનમાં સમ્યગ્દર્શન, જ્ઞાનની પર્યાય થઈ. ત્યારે એ પર્યાયમાં એમ નક્કી થયું કે, હું આ નથી. રાગ નથી, નિમિત્ત નથી, એ નથી. અને હું ધ્રુવરૂપ નથી. ભાઈ! હું ધ્રુવરૂપ નથી. કારણ કે, બીજો ભાગલો છે.

બીજું કે, આ પર્યાય ધ્રુવમાં એક થતી નથી. એ પણ પર્યાય નિર્ણય કરે છે. સમજાણું કાંઈ? એવો પર્યાયનો ધર્મ તે અસ્તિરૂપે (સિદ્ધ કર્યો). અહીં તો આખું લેવું છેને, એટલે ત્રણની એકતારૂપે. એમાં પણ ચૈતન્યસ્વરૂપનો બીજો બોલ લીધો. એ ત્રણની એકતારૂપે. ચેતન વસ્તુ, ચૈતન્ય જ્ઞાન-દર્શનની ધ્રુવતાનો સ્વભાવ ગુણ અને એનું પરિણમન ચૈતન્યનું એ પર્યાય. એ ઉત્પાદ-વ્યય ને ધ્રુવની એકતારૂપ તે જીવ છે. પહેલો બોલ જે કહ્યો હતો એ અહીં પાછો આની સાથે લાગુ પડે છે. સમજાણું કાંઈ? આ તો પહેલી સાધારણ વાત છે. એટલી વાત એના સમજણમાં ન આવે તો કોઈ રીતે આત્મા શું છે એ લક્ષમાં નહિ આવે એને. આહા..હા..! સમજાણું કાંઈ?

કેવો છે જીવ? જીવ કેવો છે? પછી દ્રવ્ય કેવું છે? એમ થયુંને. હવે ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય-ઉદ્યોત(રૂપ) એ ગુણ થયો. હવે એમાંથી શું થયું? નિર્મળ સ્પષ્ટ દર્શન-જ્ઞાનજ્યોતિ થઈ. દર્શન અને જ્ઞાનનું વર્તમાન ઉત્પાદ-વ્યયરૂપે પરિણમન થયું. '**આ વિશેષણથી, ચૈતન્યને જ્ઞાનાકારસ્વરૂપ નહિ માનનાર...**' ચૈતન્ય જ્ઞાનાકાર નથી, જાણનારો નથી, જાણવું એ તો ઉપાધિ છે. ઠીક! આહા..હા..! સમજાણું કાંઈ? એમ કહે છે ઈ. જાણવું તો મોટી ઉપાધિ છે. જાણવું આત્મામાં છે જ નહિ. એ જાણવું ભૂલી જશે ત્યારે એની મુક્તિ થશે, એમ કહે છે. સમજાણું કાંઈ? એ જૂઠી વાત છે. જ્ઞાનાકારસ્વરૂપ છે આત્મા. પર્યાયમાં દ્રવ્ય ગુણનું જ્ઞાન, પોતાનું જ્ઞાન, પરનું જ્ઞાન એવો પર્યાયનો સ્વભાવ છે. એ જ્ઞાનાકાર જાણવાનો સ્વભાવ છે એનો. પર્યાયનો હોં! સમજાણું કાંઈ? ધ્રુવ તો કૂટસ્થ છે, નિત્ય છે. એમાં તો હલ, મલ, ચલ, પરિણમન કાંઈ છે જ નહિ. ધ્રુવમાં તો મોક્ષમાર્ગેય નથી, ધ્રુવમાં તો સંસારેય નથી અને ધ્રુવમાં સિદ્ધ પણ નથી.

કહે છે કે, એ '**ચૈતન્યને જ્ઞાનાકારસ્વરૂપ નહિ માનનાર...**' અરે..! ઘરના પાંચ માણસને જાણવા હોય તોય ઉપાધિ છે અને આખી દુનિયાને જાણે જ્ઞાન? એ પર્યાયની ઉપાધિ છે કહે છે, અજ્ઞાની એમ કહે છે. સમજાણું કાંઈ? અને જૈનમાં પણ રહેલા એમ માને કે, જ્ઞાન બહુ જાણે પરને એ તો ઉપાધિ કહેવાય. બધું જાણે સર્વજ્ઞ એ તો એનો સ્વભાવ છે, સાંભળને. એ તો વિકલ્પ ઉઠે એ ઉપાધિ છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યને જાણવું એ વિકલ્પ છે, એમ નથી. એ તો રાગી પ્રાણી છે માટે પરને લક્ષ કરતા વિકલ્પ ઉઠે છે, પણ એના જ્ઞાન દર્શનનો એ સ્વભાવ નથી. સમજાણું કાંઈ? એનો તો જ્ઞાન દર્શનમાં તો જાણવા-દેખવાનો સ્વને,

પરને પૂરું... પૂરું... પૂરું... જાણવાનો સ્વભાવ છે. આ તો સાધારણ વાત છે અનાદિની પણ એનામાં તાકાત તો એટલી છે પર્યાયમાં. સમજાણું કાંઈ? ચૈતન્યનું જ્ઞાનાકારસ્વરૂપ નહિ માનનાર. એમ લ્યો! એટલું ટૂંકુ કર્યું. એટલે કે આ આત્મા જ્ઞાનરૂપ ભલે હો, ચૈતન્યસ્વરૂપ હો પણ આ જાણવું, પર્યાયમાં જાણવું આ શું? જાણવું એ ઉપાધિ છે એમ અજ્ઞાની માને છે. એને ચૈતન્યના દ્રવ્ય, ગુણ અને પર્યાયની પ્રતીતની ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

આ તો ભાગવત શાસ્ત્ર છે. અમારે ઉત્તમચંદભાઈ કહે છે કે, અમારે ભાગવત બેસાડવું છે. એ.. કપુરભાઈ! તમારા મામા ન્યાંના છેને. એ અહીં આવી ગયા. કહે, આ ફેરે અમારે આઠ દિ' ભાગવત બેસાડવી છે આ. ભાગવત, આ ભાગવતનું ભાગવત આ છે. આહા..હા..! જેની એક એક કડી અને એક એક શબ્દ ભગવાનના શ્રીમુખે નીકળેલી આ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જાણવું? અરે..! એ તો ઉપાધિ કહેવાય છે. પાંચ માણસ ઘરના હોય એને જાણવા જાય તોય ઉપાધિ મોટી લાગે. આ કહે ત્રણ કાળ, ત્રણ લોકને ઘણું જાણે... ઘણું જાણે... ઘણું જાણે. એ તો બધી ઉપાધિ કહેવાય. તને વસ્તુની ખબર નથી. જાણવા-દેખવાનો સ્વભાવ બધાને, ઘણાને અને પૂર્ણને જાણે. એ તો એનો પર્યાયનો સ્વભાવ છે. એને ન માને એ જીવને માનતો નથી. જીવ એવો છે એમ સિદ્ધ કરવું છેને અહીં. જીવ આવો છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! બે બોલ થયા.

ત્રીજો. '**કેવો છે જીવ?**' ભગવાન સર્વજ્ઞે કહ્યો, જોયો એવો જીવ કેવો છે? '**અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે...**' શું કહે છે? જેમાં અનંત ધર્મો છે. અનંત ધર્મો એટલે જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન એવા અનંતા ધર્મો એ દ્રવ્યે ધારી રાખ્યા છે. વસ્તુ જે ભગવાન જીવ કેવો છે એમ છેને અહીં? કે, જીવમાં અનંત ધર્મ છે. ધર્મ એટલે આ સાંખ્ય ધર્મ ને વૈષ્ણવ ધર્મ એ અહીં વાત નથી. એનો અસ્તિત્વ ધર્મ, વસ્તુત્વ ધર્મ, પ્રમેયત્વ ધર્મ, પ્રદેશત્વ ધર્મ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, વિભુત્વ એવા અનંતા ધર્મો એક જીવમાં છે. આહા..હા..! છેને 'અનંત' શબ્દ?

એટલી સંખ્યા અનંતની હોવા છતાં એક ધર્મીપણું છે. દ્રવ્ય તરીકે એક છે એમ કહે છે. સમજાણું કાંઈ? એવા અનંતા ધર્મો છે માટે દ્રવ્ય અનંતા થઈ ગયા એમ નથી. આહા..હા..! કેટલા ધર્મો છે? એ વાત ઘણી વાર કહેવાણી છે ઈ. છ માસ ને આઠ સમયમાં ૬૦૮ જીવ મુક્તિ પામે--મોક્ષ. ભગવાનના જ્ઞાનમાં (એમ આવ્યું છે). એવા જીવો અત્યાર સુધી મોક્ષ પામ્યા અનંત. અનંતાઅનંત સિદ્ધ થઈ ગયા. એની સંખ્યા કરતા એક નિગોદના એક શરીરમાં એથી અનંતગુણા જીવ. નિગોદની એક રાઈ જેટલી કટકી લ્યો બટાટાની, શકરકંદની

એક કટકી રાઈ (જેટલી) એ રાઈમાં અસંખ્ય શરીર. એક શરીરમાં અનંત સિદ્ધો થયા એથી અનંતગુણા જીવ. એ જીવની સંખ્યા, પરમાણુની સંખ્યા અનંતગુણી જીવની સંખ્યા કરતાં. આ રજકણો અસ્તિ. જીવની અસ્તિની અનંત સંખ્યા કરતાં પરમાણુની અસ્તિની સંખ્યા અનંતગુણી. એનાથી અનંતગુણા ત્રણ કાળના સમય. એક 'ક' બોલે ત્યાં અસંખ્ય સમય જાય. એવા ત્રણ કાળના સમય. એ પરમાણુની સંખ્યા કરતા ત્રણ કાળના સમયની સંખ્યા અનંતગુણી. એના કરતા આકાશના પ્રદેશ અનંતગુણા. જે આકાશનો ક્યાંય અંત નથી. ઓલા કહે, અંત નથી માટે અનાદિ છે એમ બેસાડી દીધું. આવે ને આવા. અરર.. આવા પાક્યા. એમ જ છે અનાદિથી છે ઈ છે. આહા..હા..! આકાશને એમ કે પહોંચી શક્યા નહિ. પણ તું કહેને ત્યારે. તું કહે આકાશ પછી... પછી... પછી... પછી... ક્યાં સુધી જાશે? લે! આકાશ છેને સર્વવ્યાપક. લોક બહાર એમને એમ, એમને એમ અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ચાલ્યો જા લક્ષમાં, પછી આકાશ નથી ક્યાં? ત્યારે છે... છે... છે... છે... છે... છે... છે... છે... અનંત અનંત વર્ગ સુધી ચાલ્યું જાશે. ક્યાંય છે નહિ એમ નહિ આવે.

તેમ કાળ પણ છે... છે... છે... છે... છે... ભૂતકાળ ચાલ્યો જશે. આહા..હા..! એમ ક્ષેત્ર પણ છે... છે... છે... છે... છે... છે... ન્યાં માપ નથી. એના આકાશના એક પરમાણુ જેટલી જગયાને રોકે એવો એક પ્રદેશ એવા ત્રણ કાળના સમયથી એના અનંતગુણા પ્રદેશ છે. અને એના અનંતગુણા પ્રદેશ કરતા એક જીવના આ અનંત આ સંખ્યા મૂકી છે ઈ એટલી આકાશના પ્રદેશની કરતાં અનંતગુણા આત્મામાં ધર્મ છે. આ અનંતની સંખ્યા એ બતાવે છે. સમજાણું કાંઈ? છતાં અનંત ધર્મમાં રહેલું જે એક ધર્મીપણું. વસ્તુ ધર્મી તો એક છે. ધર્મી અનંત નથી, એના ધર્મો અનંત છે. આહા..હા..! કોણ માથાકૂટ આવી કરે.

મુમુક્ષુ :-- ઓલું સીધુંસટ હતું.

ઉત્તર :-- કાંઈ સીધુંસટ નથી. સમજ્યા વિનાનું સીધુંસટ લાગે એને. સમજાણું કાંઈ?

અહીં તો વસ્તુ અનંત અનંત ધર્મરૂપ હોવા છતાં એ દ્રવ્ય તરીકે ખંડ નથી એમ સિદ્ધ કરવું છે. આહા..! એનામાં અનંતા આવા ગુણો એટલે ધર્મો રહેલા છે. એ અનંત અનંતની આવડી સંખ્યા હોવા છતાં જેમાં રહ્યું છે તે ધર્મી તો એક જ દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા સર્વજ્ઞ સિવાય ક્યાંય હોય નહિ. વસ્તુનું સ્વરૂપ આવું છે. અનંત ધર્મોમાં રહેલું એમ છેને પાછું? અનંત ધર્મોમાં રહેલું. ધર્મો દ્રવ્યમાં રહેલા એટલે અનંત ધર્મમાં રહેલું. આહા..હા..! શું કીધું એમાં? દ્રવ્યમાં અનંત ધર્મ રહ્યા છે એમ ન કહેતા અનંત ધર્મોમાં રહેલું એક દ્રવ્યપણું. સમજાણું કાંઈ? ભાઈ!

આ તો હવે ૧૭મી વાર ચાલે એટલે ધીમે ધીમે સમજવું. સમજાણું કાંઈ? સ્પષ્ટ અને

નિર્મળ થવું જોઈએને અંદર ખ્યાલમાં. એમને એમ ઓઘેઓઘે કૂટે એમાં નહિ ચાલે ત્યાં. માર્ગ નહિ દે જવાબ. વસ્તુનો જેવો સ્વભાવ જેમ છે તેમ જાણશે તો તેનો જવાબ મળશે. જવાબ મળશે એટલે એમાં એકતા થશે, નહિતર એકતા નહિ થાય. સમજાણું કાંઈ? અને આ તો સાદી ભાષાએ આવે છે, આમાં કાંઈ બહુ સંસ્કૃત ને વ્યાકરણને જાણે ને બહુ જાણે તો સારું એવું કાંઈ ત્યાં છે નહિ.

**'અનંત ધર્મોમાં રહેલું...'** ઓહો..હો..! ટીકા છે પણ અમૃત છેને! **'એક ધર્મીપણું...'** ધર્મી--ધર્મનો ધરનાર તો એક છે. આ તો ધર્મનો ધરનાર ન કહેતા ધર્મમાં રહેલું ધર્મીપણું એક છે. સમજાણું કાંઈ? **'તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે.'** એમ કહે છે. અનંત ધર્મોમાં આટલી સંખ્યાવાળા, શક્તિવાળા ગુણોમાં રહેલું છતાં વસ્તુ તો એક છે. તેને દ્રવ્યપણું પ્રગટ છે, દ્રવ્યપણું પ્રગટ છે. સમજાણું કાંઈ? લ્યો! એ તો પર્યાયની અપેક્ષાએ દ્રવ્ય અપ્રગટ છે. વસ્તુની અપેક્ષાએ દ્રવ્ય પ્રગટ છે એમ કહે છે. છે સત્તા ... પ્રગટ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કહેવાયને કે, પર્યાય વ્યક્ત છે અને દ્રવ્ય અવ્યક્ત છે. એમ આવે છે કે નહિ? ૪૯ ગાથામાં. બાપુ! કઈ અપેક્ષા છે એ જાણવું જોઈએ એણે. આહા..!

અહીં તો કહે છે કે, પોતે દ્રવ્ય જે અનંત ધર્મમાં રહેલું એક ધર્મીપણું પ્રગટ દ્રવ્ય છે. વસ્તુ જ એવી છે આખી. કોઈને આધારે નથી, કોઈથી થયેલી નથી, તેનો કાળ લાગુ પડતો નથી કે, આ પહેલું-વહેલું છે અને પહેલું નહોતું. વસ્તુ જ એવી છે અનાદિથી. સમજાણું કાંઈ? આહા..! **'(કારણ કે અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે).'** એમ સિદ્ધ કર્યું. જોયું? એકતા સિદ્ધ કરવી છેને પાછું આમાં. ઓલું એકતા હતુંને, ઉત્પાદ-વ્યય-ધ્રુવની એકતા. પાછું ઓલા દર્શન-જ્ઞાન ચૈતન્યરૂપ છે ગુણ અને એનું પરિણમન એ ત્રણ થઈને એકતા. બધે એકતા લાગુ પાડવી છેને. આહા..! સમજાણું કાંઈ? કારણ કે અનંત ધર્મોની એકતા. સાકર તરીકે તો એક છેને સાકર. પછી એના સફેદાઈ, મીઠાશ આદિના ગુણો ભલે અનંત હો. તે અનંત ગુણોમાં રહેલું સાકરપણું તે ધર્મીપણું, દ્રવ્યપણું એક છે. કે સાકર અનંત છે? સાકર એક છે. સાકર એના અનંત ધર્મમાં રહેલી છે તે સાકર તો એક જ છે. સમજાણું કાંઈ? આવો અભ્યાસ ...

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- આ સહેલામાં સહેલી વાત છે આ. તદ્દન સહેલી ને સાદી છે. એ માને છે અંદર (ઝીણી). સંસારના કામમાં ઝીણવટ કરવા જાય ને બધું નક્કી કરે. અહીં શું છે અંદર એનો એને રસ નથી. ચીમનભાઈ! હીરાને હીરાના પડખા બધા જાણે ચારે કોરના હીરા આવા હોય, ફલાણું, ઢીકણું... આ ચૈતન્ય-હીરો કેવો છે? આહા..!

કહે છે **'આ વિશેષણથી, વસ્તુને ધર્મોથી રહિત માનનાર બૌદ્ધમતિનો નિષેધ**

થયો.' બૌદ્ધમતિ ધર્મ માનતા નથી. બસ છે ક્ષણિકપણું એટલું. એનું દ્રવ્ય છે ને ફલાણું છે એવું કાંઈ છે નહિ. એમ કોઈ જૈનમાં પણ ધર્મ માને ગુણો, પણ એનું એકપણું દ્રવ્યનું ન માને તો એ પણ એ જ (--બૌદ્ધમતિ જ) છે.

મુમુક્ષુ :-- જૈન છે એનો લાભ શું?

ઉત્તર :-- જૈન ક્યાં થયો હતો? જૈન તો નામ હતું. કોથળામાં કરિયાતા અને માથે લખે સાકર એટલે કાંઈ કરિયાતા મીઠા થઈ જાય? માથે લખ્યું સાકર ૪૦ રૂપિયાની મણ. ભર્યા હતા કરિયાતા એકલા. એમ જૈન નામ ધરાવે પણ જૈનનું વસ્તુનું સ્વરૂપ જ જૈન છે. આહા..હા..! ઓલું કહ્યું હતુંને, જિન. જન, જિન ને જૈન ત્રણ. જન એ માણસ, જિન એ ધર્મી, જૈન એને માનનારા. કોણ..? આ તો વસ્તુનું સ્વરૂપ છે આ. જન બધા જૈન છે એમ ક્યાં છે અહીં. સમજાણું કાંઈ? એને એ સિદ્ધ કરવું છે. આવ્યું હતુંને? બધા સમ્યગ્દૃષ્ટિ છે. એમ કે બધા જન છે એ જૈન છે. જૈન છે એ જ જિન છે. હેં?

મુમુક્ષુ :-- શક્તિરૂપે જૈન છે.

ઉત્તર :-- એ બીજી વાત છે. શક્તિરૂપે તો પ્રતીતમાં આવે ત્યારે એને શક્તિરૂપ છે એમ માન્યું કહેવાયને. આહા..હા..! સમજાણું કાંઈ? એમ જન તો અનાદિનો (છે). જિનરાજ એ પોતે અનાદિનો અંદર છે. પણ છે એવું દ્રવ્ય, એવું પર્યાયમાં પ્રતીત ભાન આવ્યા વિના આ છે, આને છે એ આવ્યું ક્યાંથી? છે તો છે. સમજાણું કાંઈ?

'**વસ્તુને ધર્મથી રહિત માનનાર બૌદ્ધમતીનો નિષેધ થયો.**' ત્રણ બોલ થયા ત્રણ. ત્રણ થયાને? પહેલો ઉત્પાદ, વ્યય ને ધ્રુવ. બીજો, દર્શન-જ્ઞાનનું પરિણમન ચૈતન્યનું, ચૈતન્યનું અને ત્રીજો અનંત ધર્મમાં રહેલું એકધર્મીપણું. એક જીવની વ્યાખ્યા છે એકલા જીવની. આત્મા કેવો છે? હવે આત્મા કેવો છે એને આવો છે એ ન જાણે એને ધર્મ થઈ જાય!

મુમુક્ષુ :-- એક અંશને માને ધ્રુવને.

ઉત્તર :-- ધ્રુવ જાણ તો ધ્રુવ જાણે કોણ પણ ધ્રુવને? જાણનાર તો પર્યાય છે. આ ધ્રુવ છે એમ જાણ્યું કોણે? ધ્રુવ જાણે? આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાય પર્યાયપણે રહીને ધ્રુવને જાણ્યું છે. ત્યારે તો ત્રણની એકતાવાળું દ્રવ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? થોડા ફેરે મોટો ફેર પડી જાય છે અંદર.

'**વળી તે કેવો છે? ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણપર્યાયો અંગીકાર કર્યા છે.**' ભિન્ન પાડ્યા. જેણે, ઓલા સામાન્ય ધર્મ કીધા હતાને પહેલા. પહેલા તો બહુ ટૂંકુ કહ્યું હતું જ્ઞાન, દર્શનઉપયોગને સિદ્ધ કરીને. પછી બધા ધર્મો નાખ્યા. સમજાણું કાંઈ? પહેલું સાધારણ કહ્યું હતું, ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. પછી એને ચૈતન્યસ્વરૂપથી વાત કરી હતી, બે ગુણોથી. અને એનું પરિણમન. પછી અનંત

ધર્મોનો એક ધર્મી એને સિદ્ધ કર્યું. હવે એને ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા જેટલા પર્યાયો છે એ ક્રમવર્તે પ્રવર્તે છે. લ્યો, ક્રમવર્તી થઈ ગયું આ. ક્રમવર્તી કહો કે ક્રમબદ્ધ કહો. સમજાણું કાંઈ? એ તો કર્મવર્તી છે પણ ઓલા ક્રમબદ્ધ નથી. વસ્તુ તો એ જ છે, ક્રમબદ્ધ કહો કે ક્રમવર્તી કહો.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- હા, પણ ઈ એને બેસતું નથી કે નહિ. મોટા પંડિતોને બેસતું નથી. આહા..હા..! ક્રમ ખરો (પણ) ક્રમબદ્ધ આ સમયની આ પર્યાય અને બીજા સમયે આવી જ થાય (એમ નહિ). અરે..! ભગવાન! સમયે સમયે જે ઉત્પાદ-વ્યય છે તે બીજે સમયે ઉત્પાદ-વ્યય બીજો. આ નહિ, એ બીજો અને તે પણ એના પછી થવાનો હોય તે. નહિતર ક્રમ ક્યાં રહ્યો? આહા..હા..!

કહે છે, ભગવાન આત્મા કેવો છે? ક્રમરૂપ એ પર્યાય છે, અક્રમરૂપ એ ગુણ છે. એને સહવર્તી પણ કહેશે. '**ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો...**' બેયને ભાવો કહ્યા. કોને? પર્યાયને પણ ભાવ કહ્યા અને ગુણને પણ ભાવ કહ્યા. આહા..! '**ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ...**' એવો એનો સ્વભાવ જ છે જીવનો. જો કે, આ તો પરમાણુ અને બધા દ્રવ્યનો સ્વભાવ છે આવો. પણ જીવનો,... અહીં સિદ્ધ કરવું છે જીવોને. સમયસાર છેને આ તો. આત્મા, આત્મા કેવો છે? એટલે 'જીવ' શબ્દ નાખ્યો. કોઈ વળી એમ કહે કે, જીવ અને આત્મા જુદા છે એથી જીવ નાખ્યો. આત્મા છે, આત્મા તદ્દન નિર્લેપ છે અને જેટલો લેપ આદિ દેખાય એ બધો જીવને હોય એમ કહે છે. અંતઃકરણ વિશેષ્ય તે જીવ. એ વિનાનો એકલો આત્મા તે શિવ એટલે આત્મા. એમ નથી. હાય હાય.. વાંધા વાંધા, શબ્દે શબ્દે વાંધા. હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- હા, કહે છે, ખબર છેને. ખબર છે. એને આત્મા કહીએ અને અંતરવિશેષને જીવ કહીએ. એ માટે આચાર્યે 'જીવ' શબ્દ વાપર્યો છે. જીવ કહો કે આત્મા કહો, બેય એક જ છે. વળી જીવ જુદો ને આત્મા જુદો એમ નથી. હીરાભાઈ!

ક્રમરૂપે અનેક ભાવો. પાછા ક્રમરૂપે પણ અનેક ભાવો છેને? પર્યાય એક સમયે... સમયે... સમયે... જો કે એક સમયમાંય અનંતી પર્યાય છે અને પછી પછી વર્તતી પણ અનંતી પર્યાય છે આમ ક્રમે ક્રમે, જીવમાં. સમયે સમયે જીવ જ એવો છે એ કે, એમાં અનંતા ગુણની અનંતી પર્યાયરૂપી ભાવ ક્રમે ક્રમે પ્રવર્તે. ક્રમે ક્રમે પ્રવર્તવામાં પરની અપેક્ષા નથી. આ ઓલા એમ કહે છે, નિમિત્ત એવું આવે એવું અહીં થાય. આ તો ઉત્પાદ-વ્યય પહેલો કહીને હવે એને ક્રમ અને અક્રમ બે સાથે સિદ્ધ કરે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ, ઉત્પાદ-વ્યય ક્રમ છે અને

ધ્રુવ છે તે અક્રમ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ છે એવો જીવ. એમ કહેવું છેને? એ હોવાથી જેણે એટલે આત્માએ એટલે જીવે, **'ગુણપર્યાયો અંગીકાર કર્યા છે.'** આહા..હા..! કહો, ગુણપર્યાય અંગીકાર કર્યા એટલે જાણે ક્યાંકથી આવ્યા હોય! જીવ એને કહીએ, આત્મા એને કહીએ કે, જે ગુણ અને પર્યાયવાળો હોય એને આત્મા કહીએ. એટલે ગુણ અને પર્યાય એનામાં રહેલા છે. ગુણ પણ અનંતા, અનેક કીધાને? અને પર્યાય પણ અનંતી એટલે અનેક. આહા..! આ એક જ આત્માની વ્યાખ્યા, એક એક આત્માની ચાલે છે.

'જેણે...' આવો હોવાથી એમ લખ્યુંને? **'ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા...'** ક્રમે પ્રવર્તતાને અક્રમરૂપ પ્રવર્તતા. એ પણ પ્રવર્તતા દેખો! શું કીધું? એક જીવ એમાં અનંતી પર્યાય ક્રમે ક્રમે પ્રવર્તે અને ગુણો પણ અક્રમે પ્રવર્તે. એમ થયુંને પ્રવર્તતા એટલે? આહા..હા..! એક સમયમાં આત્મામાં અનંતા ગુણો એકસાથે રહેલા છે. તેથી એને અક્રમે પ્રવર્તતા કહ્યા. અક્રમે રહેલા કહો કે પ્રવર્તતા કહો. અને પર્યાય તો ક્રમે પ્રવર્તે છે. એ પણ પ્રવર્તી રહેલી એ પ્રમાણે ક્રમે ક્રમે થતી. **'અનેક ભાવો...'** બેયને ભાવ કીધા. **'જેનો સ્વભાવ...'** એ તો જીવનો સ્વભાવ છે કહે છે. ક્રમે પર્યાયે પ્રવર્તવું અને અક્રમે ગુણે રહેવું એ એનો સ્વભાવ છે. ઓહો..હો..! એક 'જીવ' શબ્દની હજી આ વ્યાખ્યા ચાલે છે. પછી '**चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण**' એ પછી આવશે. વસ્તુ આ છે એમ નક્કી થયા પછી એનું કેની કોર વલણ છે એ પછી આવેને.

જેણે ગુણ અને પર્યાયો (અંગીકાર કર્યા છે). ભગવાન આત્મા જ એવો છે કે, ધ્રુવરૂપ ગુણો અને ક્રમે પ્રવર્તતી પર્યાયો એમાં હોય છે. અંગીકાર કર્યા છે એટલે એમાં હોય છે. **'પર્યાય ક્રમવર્તી હોય છે...'** જુઓ, ઓલા ક્રમરૂપની વ્યાખ્યા ક્રમવર્તી કીધી. અને અન્ય અક્રમને **'અને ગુણ સહવર્તી હોય છે;...'** ગુણ સહવર્તી હોય છે એટલે શું? દ્રવ્યની સાથે બધા ગુણ હોય છે એમ? એમ નહિ. ગુણો ગુણોની સાથે રહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જંગલમાં સંતોએ ટીકા દિવ્યધ્વનિને અવલંબીને કરેલી છે. આહા..હા..!

કહે છે, પર્યાય એટલે આત્મામાં અનંતી અવસ્થાઓ થાય એ પહેલે સમયે હોય એ બીજે (સમયે) ન હોય. ભલે એક સમયે અનંતા ગુણની અનંતી હોય, પણ બીજે સમયે એ નહિ. ક્રમવર્તી, ક્રમે થાય. એક પછી એક પર્યાય થાય. એકસાથે અનંત પર્યાયોનો સમૂહ એક જીવમાં એક સમયમાં ન હોય, બધી પર્યાયનો સમૂહ. અનંતા ગુણની પર્યાયનો સમૂહ એક સમયે હોય પણ એ ગુણની બધી ક્રમવર્તી પર્યાયનો સમૂહ એક સમયે ન હોય. સમજાણું કાંઈ? પર્યાય ક્રમે (પ્રવર્તે) અને ગુણ સહવર્તી એટલે? પર્યાયો આમ વર્તે તો ગુણ સાથે વર્તે એમ કહે છે. જ્યાં એક ગુણ છે ત્યાં અનંત ગુણ સાથે જ હોય. એક ગુણ છે, એક

ધર્મ છે ત્રિકાળી એની સાથે અનંતા ધર્મો સાથે જ હોય. એક જ્ઞાનગુણ પહેલો ને દર્શનગુણ પછી ને ચારિત્રગુણ પછી એમ ન હોય. આહા..હા..! સમજાણું કાંઈ?

સહવર્તી હોય છે ગુણ, **'સહવર્તીને અક્રમવર્તી પણ કહે છે.'** લ્યો! ગુણ સાથે રહેલા છે. પંચાધ્યાયીમાં સ્પષ્ટ બહુ કર્યું છે. કોઈ કહે કે, દ્રવ્યની સાથે ગુણ રહ્યા છે. એ તો પર્યાય પણ રહેલી છે સાથે. એ વ્યાખ્યા સાચી નથી. દ્રવ્ય સાથે ગુણ રહ્યા માટે એને સહવર્તી ગુણ કહેવાય. તો એની સાથે (--દ્રવ્ય સાથે) પર્યાય પણ રહી છે તો એને પણ ગુણ કહેવાય. એમ નથી. જ્યાં એક આનંદ આદિ ગુણ છે ત્યાં અનંતા ગુણો એક સમયમાં એકસાથે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી એને અક્રમવર્તી પણ કહે છે.

**'આ વિશેષણથી, પુરુષને નિર્ગુણ માનનાર સાંખ્યમતીઓનો નિરાસ થયો.'** એટલે કે જેને ધર્મ આત્મામાં નથી, ગુણ નથી એમ માનનારનો નિષેધ થયો. સાંખ્યમતી તો એક વાત કરી છે. આત્મામાં ગુણ કેવા વળી? ગુણ કેવા? આત્મા વળી એમાં ગુણ? અને એમાં વળી પર્યાય? આવું કેટલું અનેકપણું? એમ નહિ માનનાર--અનેક ગુણ અને અનેક પર્યાય છે એમ નહિ માનનારનો (નિરાસ થયો). લ્યો! ચાર બોલ થયા, પાંચમો કહેશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૧, શુક્રવાર, તા. ૧૯-૧૧-૧૯૭૧
## ગાથા-૨, પ્રવચન-૧૩

... ભરતક્ષેત્રને કુંદાકુંદાચાર્યને એવી શક્તિ એવી હતી કે, જે ભગવાન મહાવિદેહક્ષેત્રમાં અત્યારે તીર્થંકરદેવ કેવળપણે ત્રણ કાળનું જ્ઞાન વર્તે છે એની પાસે ગયા હતા, આઠ દિ' રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યા છે. પોતે પહેલેથી જ્ઞાની હતા, ધર્માત્મા હતા, સંત હતા, આનંદના પ્રચુર સ્વસંવેદનમાં રમનારા હતા. પણ ત્યાં જઈને પછી વિશેષ સ્પષ્ટતા થઈ અને અહીંયા આ શાસ્ત્ર રચ્યાં. એમાં સમયસાર સર્વોત્કૃષ્ટ શાસ્ત્ર છે.

પહેલી ગાથામાં તો એ કહ્યું કે, હું સમયસાર કહીશ સર્વ સિદ્ધને નમસ્કાર કરીને. નમસ્કારનો અર્થ એ આત્માનું જ્ઞાન પર્યાયમાં સ્થાપીને. પોતાનો ભાવ છેને કે, આ અનંતજ્ઞાન અહીં

છે, અનંત જ્ઞાની મારી પર્યાયમાં એમ ભાવમાં સ્થાપ્યા. પર ક્યાં અહીં આવી શકે છે. કહે છે કે, વંદન કરીને હું આ સમય શાસ્ત્રને કહીશ. એ શ્રુતકેવળી અને કેવળીએ કહેલું છે. કેવળજ્ઞાની પરમાત્મા જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન વર્તમાન વર્તે છે એમણે આ સમયસાર કહ્યું અને બીજું શ્રુતકેવળીએ. શ્રોતા જે સાંભળનારા સાક્ષાત્ ભગવાનની નજીકમાં સાંભળીને અનુભવ કરનાર એમણે કહેલું આ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે! લોકોને બેસવું આ.. ભગવાન સર્વજ્ઞ ને ત્રણ કાળનું જ્ઞાન ને... આ શું ગપ મારે છે? આહા..હા..! શું થાય? જગતને ચીજની ખબર નથીને. આહા..હા...! એક સમયમાં ત્રણ કાળનું થાય અને એવો આત્મા ત્યારે બધાને પોતાને જાણે ને સર્વને જાણે. તો સર્વ તો આત્મા સિવાય બીજા અનંતા આત્મા, અનંતા રજકણો .. આવ્યા. આવું બધું ક્યાંથી હોય? આહા..હા..! જગતને અજ્ઞાનભાવમાં આ વાત બેસવી કઠણ છે. સમજાણું કાંઈ? સર્વને જાણનાર એમ કહેતા પોતાથી આવા અનંત આત્માઓ અને અનંત રજકણો બધાને પોતાના જ્ઞાનની દશામાં પ્રગટ વ્યક્ત અવસ્થામાં જાણે. આવું માનવું? એ તો શાસ્ત્રને આધારે માનવું છે. પણ શાસ્ત્ર જ કોના કરેલા છે એમ અમને વિશ્વાસ નથી એમાં કોનું માનવું? અરે.. ભગવાન!

મુમુક્ષુ :-- શાસ્ત્રના આધારે માનવાની વાત જ ક્યાં છે, અનુભવના આધારે માનવાની વાત છે.

ઉત્તર :-- આ તો અનુભવને આધારે વાત છે ભાઈ! સમજાણું કાંઈ? આહા..! શું થાય? જગત, સત્યના રસ્તા વિના છેતરાણું છે જગત અનાદિથી. ધર્મને બહાને, અધ્યાત્મને બહાને પણ છેતરાણું છે. વસ્તુ શું છે એની ચીજ ભગવાને જોઈ એવી ચીજ છે અને એ રીતે જ હોઈ શકે, બીજી રીતે હોઈ શકે નહિ. એવું જેને અંતરમાં સર્વજ્ઞનું કહેલું તત્ત્વ જ્ઞાનમાં જેને ન બેસે એને કોઈ રીતે ધર્મ ન થાય. સમજાણું કાંઈ?

અહીંયાં બીજી ગાથા આપણે ચાલે છે. '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण**' એમ ભગવાનની વાણીમાં સત્ય સ્વરૂપી જે રીત છે તે આવી. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ આનંદકંદ પ્રભુ એ પોતે પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામમાં સ્થિત થાય તો તેને આત્મા તરીકે કહેવામાં આવે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ આત્મા પોતે શુદ્ધ આનંદ ને જ્ઞાનસ્વરૂપે પૂર્ણ હોવા છતાં રાગ અને દ્વેષના, પુણ્ય અને પાપના વિકલ્પની વૃત્તિઓ એમાં રહે તો એ અણાત્મા છે, એ આત્મા નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આત્મામાં ને અણાત્મામાં આવી વાત છે. આહા..હા..!

હવે એ જીવ જે છે એ કેવો છે એ અહીં સિદ્ધાંત ચાલે છે. એનું સાત બોલે વર્ણન કરે છે. આત્મા કહો કે, જીવ કહો હોં! બે એમ નહિ. આત્મા નિર્લેપ છે અને જીવ અંતઃકરણ

વિશેષ તે જીવ છે એમ નહિ, એમ છે નહિ. સમજાણું કાંઈ? એથી પહેલો 'જીવ' શબ્દ વાપર્યો છે એટલે કોઈ એમ ન માને કે, આત્મા વળી કોઈ નિર્લેપ હશે જુદી ચીજ અને જીવ એને કહીએ કે, મનમાં અંતઃકરણ વિશિષ્ટ મેલી દશા એને જીવ કહીએ. વેદાંતમાં એમ આવે છે. એમ છે નહિ. સમજાય છે કાંઈ? એ જીવ કહો કે આત્મા કહો બે એક જ વાત છે. એ જીવનું અહીંયાં સાત બોલે વર્ણન છે. સર્વજ્ઞ ભગવાને જેવું જોયું એવું અહીંયા કહ્યું કે, જીવ આને કહીએ.

પહેલો બોલ તો એ હતો કે, જે પોતાનું ત્રિકાળી પરિણમન--પરિણમવું, બદલવું એનું સ્વરૂપ છે. પર્યાયમાં પ્રગટવું, બદલવું એવું એનું સ્વરૂપ છે. એ પરિણમનમાં સ્વરૂપમાં રહેલી ચીજ એટલે ધ્રુવ. ત્રિકાળી ધ્રુવ એ પરિણમનસ્વરૂપમાં રહેલ છે. દ્રવ્ય, પર્યાયમાં રહેલ છે એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? ઈ એક બોલ થયો. ચાર બોલ છે. આમ સાત છે, ચાર કહેવાઈ ગયા છે.

ત્રીજો બોલ, ચૈતન્યસ્વરૂપ છે ઈ. જાણવા-દેખવાનો સ્વભાવ સત્ત્વ શક્તિ ગુણસ્વરૂપે છે. એથી જીવનું ચૈતન્ય સ્વરૂપ પરિણમનમાં જ્ઞાન અને દર્શનની પર્યાયરૂપે પરિણમે એવું એનું સ્વરૂપ છે. કેટલાક એવા કહેને, ન્યાંના બધા હા.. હા કરે છે. એ... રામજીભાઈ! રામજીભાઈ જેવાને નાખે.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ઈ વળી બીજી વાત છે. ... અરે..! ભગવાન! સાંભળ પ્રભુ! તારી વાત અમને જાણવામાં છે. તું શું કહે છે અને તારી ક્યાં દશા છે. સમજાણું કાંઈ?

આત્મા કેવો છે એ જાણ્યા વિના ધર્મ જેને કરવો છે આત્માને, તો એ આત્મા કેવો છે એવો જાણ્યા વિના ધર્મ થાય શી રીતે? સમજાણું કાંઈ? ન્યાયથી વાત છેને આ. કહે છે કે, એનામાં ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય-ઉદ્યોત છે અને નિર્મળ સ્પષ્ટ દર્શન-જ્ઞાનનું પરિણમન છે એનું. એ જડમાં નથી અને જડનું નથી. એનું ચૈતન્ય (સ્વરૂપ છે). એક પહેલી સામાન્ય વાત કરી. પરિણમનસ્વભાવમાં, ઉત્પાદ-વ્યયમાં બદલતા પરિણામમાં ધ્રુવ કાયમ રહે છે. પણ એ છે કેવો? કે, એમાં ચૈતન્યસ્વરૂપ એનું છે. આત્મા વસ્તુ ચેતન અને એનું સ્વરૂપ જ્ઞાન, દર્શન ચૈતન્ય અને એની પર્યાય ચૈતન્યનું પરિણમવું અવસ્થા થવી એ એનું પરિણમન. એ પરિણમતો બીજાને પરિણમાવે કે બીજાથી પરિણમે એમ એનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? આવી વાત છે. બે વાત થઈ ગઈ છે આપણે આ તો નવા આવ્યા છેને એટલે જરી (ફરીથી લીધું). એટલેથી પછી અટકતા નહિ બે જ ... ચૈતન્ય જાણવા-દેખવાના ઉપયોગને મુખ્ય લીધો. એ જાણવા-દેખવાનો જે ભાવ ત્રિકાળ એવું જે દ્રવ્ય, એ ત્રિકાળ ભાવથી પરિણમન કરે એને અહીં ચેતનને જીવ કહેવામાં આવે છે. એટલે કે પોતાના જાણવા-દેખવાનું પરિણમન

કરે, પર્યાય કરે, બદલે. પરને બદલાવે અને પરથી બદલે એવો એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? બે (બોલ થયા).

ત્રીજું, **'અનંત ધર્મોમાં રહેલું એક ધર્મીપણું...'** ઓલા બે જ ભાવ હતા, એને હવે અનંતા ધર્મ કહ્યા હવે. વાત તો બાપુ, પ્રત્યક્ષ સિદ્ધ થઈ ગયેલી વાત છે. સમજાય છે કાંઈ? કહે છે કે, એ ભગવાન આત્મા એમાં જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ એવી અનંત ધર્મો-શક્તિઓ છે એમાં. એ અનંત ધર્મોમાં રહેલું એક ધર્મીપણું. ધર્મીમાં રહેલો ધર્મ એમ નહિ. ધર્મ એટલે આ સમ્યગ્દર્શન કે એ અહીં વાત નથી. એનામાં રહેલા, ધારેલા, ટકેલા ભાવ. ધર્મ એટલે, ધર્મ એટલે ધર્મીમાં ટકેલા, રહેલા ભાવ. આહા..હા..! કેટલા? અનંત ધર્મોમાં રહેલું. ઈ કાલે વ્યાખ્યા થઈ ગઈ છે એની. એક ધર્મીપણું દ્રવ્ય એક છે. વસ્તુ એક છે અને અનંત ધર્મમાં એ વસ્તુ રહેલી છે. આહા..હા..! આ તો કેવળજ્ઞાનને ઉત્પન્ન કરવું એટલે મુક્તિ થવી હોય તો એનું જ્ઞાન પહેલું જીવનું આવું કરવું પડશે અને પછી એને ભેદજ્ઞાન કરીને કેવળજ્ઞાન ઉત્પન્ન કરે તો એને ધર્મ થાય. સમજાણું કાંઈ? આહા..!

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- પણ એણે સાંભળ્યું નથી, એને ખબર જ નથી અનાદિથી. અજ્ઞાનીઓએ જે કહ્યું કે, આમ કરો ને આમ કરો ને આ કરો ને ધ્યાન કરો ને આમ કરો. એમ ગોટા વાળ્યા છે અનાદિથી અજ્ઞાનીએ. પણ તત્ત્વ શું છે અને કેવું હોવું જોઈએ? એ સર્વજ્ઞ પરમેશ્વરે જે જોયું એ રીતે તત્ત્વ એના ખ્યાલમાં આવે ત્યારે આત્મા આવો હજી પરલક્ષીજ્ઞાનમાં હજી એને ખ્યાલમાં આવવો જોઈએ.

મુમુક્ષુ :-- ....

ઉત્તર :-- પણ ઈ પહેલું આવ્યા વિના રહે નહિ.

મુમુક્ષુ :-- તો એને દોષથી ધર્મ શરૂ કરવોને?

ઉત્તર :-- દોષથી કરવાનું કોણે કીધું? આ ચીજ શું છે? માલ લેવા જાય, તો માલ જોવા જાય ત્યારે ખાતો હશે તરત? માલનો ભાવ પૂછે, ત્રાજવે તોળાવે એના કાટલા પણ બરાબર છે કે નહિ, બતાવે કે નહિ? એમ ઈ ખાવા હાટુ આવું કેમ પહેલું કર્યું? પણ ઈ પહેલું એવું આવે. સમજાણું કાંઈ? છતાં ખાવાને ટાણે એ ત્રણ બોલ ન હોય.

એમ આ આત્મા અજ્ઞાનીઓ કહે છે અને જગતના પ્રાણી બીજા કહે છે એના કરતાં સર્વજ્ઞે જોયેલો આત્મા, એણે કેવો કહ્યો છે એ જાણવા માટે એને આવો ભાવ પહેલો આવ્યા વિના રહે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, આ ત્રીજો બોલ લીધો. અનંત ધર્મોમાં રહેલું, અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર શક્તિ અનંત એમ નહિ. શક્તિ એટલે એક એક શક્તિનું અનંત પૂરું એમ નહિ. પણ શક્તિઓ અનંત

એવો ધર્મ. એવા અનંત ધર્મમાં રહેલું એક ધર્મીપણું ઈ એક દ્રવ્યપણું. જેને દ્રવ્યપણું પ્રગટ છે. વસ્તુ છે... વસ્તુ છે... વસ્તુ છે. એ ત્રીજો બોલ થયો.

ચોથો, '**ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા...**' આ ચાર બોલ ચાલી ગયા છે, ચાર બોલ અહીં ચાલ્યા છે. આ તો નવા છેને એટલે જરી (ફરીને લીધા). અહીં ચાર બોલ ચાલી ગયા છે. ઓલા રવિવારથી શરૂ કર્યું છે. આ રવિવાર નહિ ઓલા રવિવારથી. ૧૭મી વાર આ શરૂ છે સભામાં, ૧૭ વાર. ૧૬ વાર પૂરું થઈ ગયેલું છે. આહા..! કહે છે, ક્રમરૂપ (અર્થાત્) જ્યારે એને બદલવાનો સ્વભાવ છે અને ટકવાનો સ્વભાવ છે, એકલું બદલવારૂપ હોય તો ક્ષણિક થઈ જાય અને ટકવારૂપ ન હોય, ધ્રુવ ન હોય તો તો શાશ્વત રહે નહિ. તેમ એકલું ધ્રુવ જ હોય તો કાર્ય જે સમજવું, શ્રદ્ધવું, ઓળખવું એવું રહે નહિ. એકલું જો ધ્રુવ હોય તો ધ્રુવમાં સમજવું, અણસમજણ ટાળવી, દુઃખ ટાળવું, સુખરૂપે પરિણમવું એ દશા રહે નહિ. એકલું બદલવું હોય તો કોને આધારે બદલે? ત્રિકાળી તત્ત્વ ન હોય અને એકલું બદલે એમ બને શકે નહિ. પાણીનું દળ હોય તો તરંગ ઉઠે અને નાશ થાય, ઉઠે અને નાશ થાય. એમ ધ્રુવ તત્ત્વનું દળ આત્માનું છે તો એની પર્યાયમાં પર્યાય ઉપજે ને વિણસે, ઉપજે ને વિણસે, નવું નવું પરિણમન થાય. એવો એનો પર્યાયનો, પરિણમનનો એનો સ્વતઃ સ્વભાવ છે. પણ ક્રમે પરિણમે, ક્રમે પરિણમે. એની અવસ્થા થાય એ બધી અવસ્થા એક સમયમાં, એક ક્ષણમાં બધી ન થાય. પંડિતજી! ભારે વાત ભાઈ!

ક્રમે પ્રવર્તવું અને અક્રમે રહેતું, એ પણ પ્રવર્તતું. એવો જેનો સ્વભાવ ગુણ પર્યાય જેમાં છે. વસ્તુ જીવ છે એમાં ત્રિકાળી શક્તિઓ તે ગુણ છે અક્રમ, એકસાથે રહેલા ગુણો, ધર્મો એને અહીંયાં અક્રમી કહે છે. અક્રમ એટલે એકસાથે રહેલા. ગુણ એકસાથે રહેલા હોં! આપણે તો એ વ્યાખ્યા આવી ગઈ છે. ... સમજાણું કાંઈ? અને એ ગુણ એકસાથે રહેલા છે દ્રવ્યમાં, દ્રવ્યની સાથે એમ નહિ. ....ગ્રિક લેટિન જેવું લાગે. અજ્ઞાનીએ તો આ વાત સાંભળી ન હોય કોઈ દિ'. સમજાણું કાંઈ?

વસ્તુ જે છે અસ્તિ તત્ત્વ, દ્રવ્ય તત્ત્વ એમાં જે ગુણો છે એ અક્રમે છે એટલે એકસાથે ગુણો છે. વસ્તુની સાથે એકસાથે છે એમ નહિ. પણ ગુણો જેટલા છે એ એકસાથે છે તેથી એને અક્રમ કહેવામાં આવે છે. નેમચંદભાઈ! આવી વાતું ભારે ઝીણી ભાઈ! વેપાર આદિમાંથી નવરો થાય ત્યારે આ ત્યારે સમજાય. પકડે ક્યારે આ? આહા..હા..! આ તો સર્વજ્ઞ પરમેશ્વરથી સિદ્ધ થયેલી ચીજ છે અને અનુભવમાં એવી ચીજ આવી શકે એવી છે. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન પ્રભુ આત્મા વસ્તુ, આ દેહના રજકણોથી જુદી, અંદર પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે એ છે એની પર્યાયમાં અત્યારે સિદ્ધ કરવું છે એ. ક્રમરૂપે પર્યાય ક્રમે ક્રમે અને

અક્રમરૂપે ગુણ. એવો આત્મા ગુણ પર્યાય જેણે અંગીકાર કર્યા છે. ઈ ચાર બોલ તો આવી ગયા છે, હવે આજ તો પાંચમો છે. ચારનો વિસ્તાર આવ્યો છે, હવે આજ તો પાંચમો છે જરી ઝીણો.

'કેવો છે જીવ?' અંદર અસ્તિ સત્તારૂપે પદાર્થ, **'પોતાના અને પરદ્રવ્યોના આકારોને...'** એમ કરીને પોતે અને પર બે સ્થિત છે એમ સિદ્ધ કરે છે. એકલો આત્મા જ છે અને બીજા તત્ત્વો નથી એ માનનારને ભાન નથી, મૂઢ જીવ છે ઈ. સમજાણું કાંઈ? હવે **'પોતાના અને પરદ્રવ્યોના...'** પોતે વસ્તુ છે એ સિવાય અનંત બીજા તત્ત્વો, અનંત જ્ઞેયો જ્ઞાનમાં જણાય એવા તત્ત્વો છે. એ પોતાના પરદ્રવ્યોના આકારોને એટલે જે ચીજ પોતે છે અને જે ચીજ પર છે એ સ્વરૂપના જ્ઞાનમાં પરિણમતા તે રૂપે જ્ઞાન એનું પરિણમે છે. વસ્તુ અહીં ન આવે.

**'પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી...'** તેના વિશેષ ભાવોને જાણવામાં પ્રકાશવાનું જીવમાં સામર્થ્ય હોવાથી **'જેણે સમસ્તરૂપને પ્રકાશનારું...'** આત્મા, એના ગુણો, એની પર્યાય-અવસ્થા. એ સિવાય અનંત આત્માઓ બીજા, અનંત રજકણો એનું દ્રવ્ય એટલે વસ્તુ એની શક્તિ એટલે ગુણ અને એની દશા--બેયને પ્રકાશનારું **'એકરૂપપણું...'** ભાષા જુઓ! એવા અનંતને પ્રકાશતા છતાં જ્ઞાન એકરૂપ રહે છે, જ્ઞાન અનેકરૂપ ખંડ થઈ જતું નથી. સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મના અંતરના રહસ્યની વાતું છે. જે બીજે સર્વજ્ઞ સિવાય ક્યાંય હોય નહિ. સમજાણું કાંઈ? અને આ વાત બેઠા વિના એને સમ્યક્શ્રદ્ધાનું જ્ઞાન થાય નહિ.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- અપવાદ ખરો, ખોટી શ્રદ્ધા થાય ઈ. અપવાદ એટલે દોષ. આહા..હા..!

**'પોતાના...'** છેલ્લી લીટી છે. **'અને પરદ્રવ્યોના...'** પોતાના અને પર બધું. પોતાનું દ્રવ્ય અને પરદ્રવ્ય. એમ. એનો આકાર એટલે જ્ઞાનમાં જણાવું. પોતે કોણ છે એમ જાણે જ્ઞાનમાં અને અનંત બીજા કોણ છે એને પણ જ્ઞાનમાં તેને અડ્યા વિના, એમાં ગયા વિના પોતે પોતાના જ્ઞાનના પર્યાયમાં તેને જાણે. એવું **'જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું...'** સ્વ અને પર બધા પદાર્થોને પ્રકાશનારું, અનંતને પ્રકાશનારું, જાણનારું હોવા છતાં **'એકપણું પ્રાપ્ત કર્યું છે...'** એકરૂપ. એકત્વનિશ્ચય સિદ્ધ કરવું છેને. ભારે વાત ભાઈ આ તો. આ તો એકલા અમૃતના સાગર ઉછાળ્યા છે! આહા..હા..! કેમ બેસે? કહો, સમજાણું કાંઈ?

કહે છે, વસ્તુ પોતે અહીં પણ એને ખ્યાલમાં આવે છેને? એના જ્ઞાનની વર્તમાન દશામાં આ આત્મા છે એ પણ જણાય છે પર્યાયમાં અને આ રાગ છે, આ શરીર છે, આ જડ છે એનું અસ્તિત્વ પણ પોતાના જ્ઞાનના સામર્થ્યમાં અનેકપણાપણે જાણવાનો પ્રકાશનું જ્ઞાન દેખાય છે. છતાં તે અનેકપણાને જાણતા છતાં એકપણું એમાં રહ્યું છે. જ્ઞાનની દશા ખંડ

ખંડ થઈને અનેકરૂપે થઈ નથી. એમ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેણે ત્રણકાળ, ત્રણલોક જાણ્યા એવા ભગવાન વર્તમાન વિચરે છે અને એવા અનંત ભગવાનો થઈ ગયા છે. એણે આ આત્માનો ઈતિહાસ કહ્યો છે. હેં?

કહે છે કે, જે એકરૂપે પોતાની દશા જ્ઞાનની એમાં સ્વને, અનંતને પ્રકાશવા છતાં એક સ્વરૂપપણું પ્રાપ્ત કર્યું છે. એ અનેકરૂપ થઈ ગયું છે એમ નથી. એવો જીવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ આમાં? ભારે ભાઈ. ઈ કરતાં કાંઈક વ્રત કરવા, તપસ્યા કરવા ને અપવાસ કરવાથી ધર્મ થઈ જતો હોય તો. ધૂળેય નથી સાંભળને હવે. તારી ચીજ શું છે એની ચીજના ભાન વિના એનું સત્ કેવું છે એનું સમ્યગ્જ્ઞાન થયા વિના એને ધર્મ, અંતર પર્યાયમાં ધર્મ થાય શી રીતે? સમજાણું કાંઈ? આહા..હા..!

'**(અર્થાત્ જેમાં અનેક વસ્તુઓના આકાર પ્રતિભાસે છે એવા એક જ્ઞાનના આકારરૂપ તે છે).**' એવો ભગવાન જીવ સ્વને જાણે અને પરને પરમાં પેઠા વિના, પરરૂપ થયા વિના પરને જાણવાની પર્યાય પોતાપણે પરિણમે. બાબુભાઈ! બધું આવું ઝીણું છે. '**(આ વિશેષણથી), જ્ઞાન પોતાને જ જાણે છે...**' એમ કોઈ માને એ જૂઠા છે. એ આ પાંચમા બોલમાં કહ્યું. જ્ઞાન પોતાને જાણે, પર વસ્તુ જ નથી તો કેમ જાણે? ઈ વાત જ અજ્ઞાનીની વાત છે. પર નથી તો સ્વ પણ નથી. સ્વની અપેક્ષાએ પર છે અને પરની અપેક્ષાએ સ્વ છે. જાણવામાં હોં! સ્વની અપેક્ષા (એટલે) આ છે તો ઈ છે એમ નહિ. અને ઈ છે તો આ છે એમ નહિ. આ તો જાણવામાં. આ હું છું તો આ વસ્તુ હું એ નથી. એ વસ્તુ મારાપણે નથી.

કહે છે, જે જ્ઞાન પોતાને જ જાણે, એમ કોઈ કહે તો પરને નથી જાણતું એમ કહેનારા, માનનારાનો નિષેધ કર્યો. એ મૂઢ જીવો અજ્ઞાનીઓ છે, એને તત્ત્વની ખબર નથી. સમજાય છે કાંઈ? જીવતત્ત્વ કેવું હોય એવું પોતાને જાણે અને પરને ન જાણે એમ માનનાર જીવ કેવો હોય એની ખબર નથી એને. ભારે વાત ભાઈ! '**પોતાને જ જાણે છે, પરને નથી જાણતું એમ એકાકાર જ માનનારનો,...**' એક જ સ્વરૂપને જાણનારો. વળી અનેક કેવું? સમજાણું કાંઈ? અરીસામાં, અરીસાની સ્વચ્છતામાં સામી ચીજ હોય, નાળિયેર, કેરી એ રીતે અહીંયાં ઝલક દેખાય અરીસામાં એ ઝલક અરીસાની છે, પરની નહિ, પરની નહિ, પરરૂપની નહિ, પરરૂપ થયો જ નથી ત્યાં. અરીસો અરીસાપણે રહીને અરીસાની સ્વચ્છતાને જણાવે અને બીજી ચીજ કઈ સામે એને પણ એ જણાવે. એ અરીસાની સ્વચ્છતા છે. એ સ્વચ્છતાનું અસ્તિત્વ પોતાને લઈને છે, પરને લઈને નથી. સમજાણું કાંઈ?

કહે છે, પોતે જ્ઞાન જાણે પોતાને, પરને ન જાણે એમ એકાકાર માનનાર, એક જ સ્વરૂપે જાણનારો એ આત્મા એમ માનનાર. અને પોતાને નથી જાણતો પણ પરને જાણે

એમ માનનારનો અજ્ઞાનીઓનો નિષેધ કર્યો. '**એમ એકાકાર માનનારનો, તથા પોતાને નથી જાણતું પણ પરને જાણે છે એમ અનેકાકાર જ માનનારનો, વ્યવચ્છેદ થયો.**' આહા..! આવું જીવનું સ્વરૂપ જ છે. એ રીતે જાણે નહિ અને બીજી રીતે જાણે એ અજ્ઞાન અને મિથ્યા ને ભ્રમ છે. એ મિથ્યાભ્રમી જીવને ધર્મ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? પછી ભલે એ ધ્યાન કરે આમ આમ. શેના ધ્યાન પણ? વસ્તુ તો શું છે એની તો ખબર નથી. ધ્યાનનો અર્થ એકાકાર છું એક. એક વસ્તુ. પણ એ વસ્તુ કેવી છે એના જ્ઞાન વિના શેમાં એકાકાર થાય ઈ? હેં?

મુમુક્ષુ :-- નક્કી કર્યું છે કે ધ્રુવ છે.

ઉત્તર :-- શું નક્કી કર્યું? ધ્રુવ છે એ નક્કી કર્યું એ તો પર્યાય છે. નક્કી કરનારી તો પર્યાય છે. એ.. ચેતનજી! નક્કી કરવું એ ત્રિકાળમાં થાય છે? ધ્રુવ વસ્તુમાં નક્કી કરવું હોય? એ તો છે ત્રિકાળ.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ઈ કોણે ના પાડી? કોણે કહ્યું? પણ પર્યાયે નક્કી કર્યું કે ધ્રુવે? એટલી વાત આવી છે. હેં?

મુમુક્ષુ :-- ....

ઉત્તર :-- તો થઈ રહ્યું ત્યારે પર્યાયનું અસ્તિત્વ સિદ્ધ કર્યું. પર્યાયને જાણે, અનેક પર્યાય છે એવું અસ્તિત્વ ક્યાં માન્યું એણે? સમજાણું કાંઈ? એ હાટુ તો આ વાત ચાલે છે આ. પર્યાય છે એમ ન જાણે તો એના પર્યાયનું અસ્તિત્વ જ એણે માન્યું નહિ. એ તો નાસ્તિક છે, મિથ્યાદૃષ્ટિ છે. નવનીતભાઈ! આ માખણ છે આમાં ઈ. કહો, સમજાણું આમાં? એક એક શબ્દમાં એક શબ્દનો એક અક્ષર ફરે તો તત્ત્વ ફરી જાય એવું છે. એવી વાત છે. આ કાંઈ કથા ને વાર્તા નથી કે એમને એમ દીધે રાખે. આહા..હા..!

વસ્તુ જીવ આવો છે એનું અસ્તિત્વ જ હોવાપણે ગુણ અને પર્યાયવાળું જ એનું અસ્તિત્વ છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! પર્યાયનો આશ્રય લેવો નહિ પણ પર્યાયને છે એમ જાણવી નહિ તો વસ્તુ ક્યાં રહી એને? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- પર્યાય ઉપર દૃષ્ટિ હોય એમાં ધ્રુવ ઉપર જાતી નથી...

ઉત્તર :-- દૃષ્ટિના જાણવામાં જતાં ધ્રુવપણું ભેગું વયું જાય છે? પર્યાય આ છે એમ જાણવામાં પ્રમાણજ્ઞાન ભેગું થાય છે. ધ્રુવનું જ્ઞાન અને પર્યાયનું જ્ઞાન, બે થઈને પ્રમાણજ્ઞાન થાય. એ.. ચેતનજી!

મુમુક્ષુ :-- પ્રમાણ તો હેયરૂપ છે.

ઉત્તર :-- પણ છે ઈ હેય છે કે ન હોય ઈ હેય છે? છે ઈ હેય કે ન હોય ઈ હેય?

તો પ્રમાણજ્ઞાન છે કે નહિ? સમજાણું કાંઈ? હેય શું છે એ જાણવું નહિ? જાણ્યા વિના હેય શી રીતે થાય? જાણ્યા વિના હેય એટલે છોડવાલાયક છે, ઈ થાય શી રીતે નક્કી? ગજબ વાત છે!

પર્યાય--અવસ્થા બદલવું ન હોય તો તો ધર્મ થઈ શકે જ નહિ. અનાદિનું અજ્ઞાન છે ઈ એમને એમ રહે. એ અજ્ઞાન પલટીને સમ્યગ્જ્ઞાન વસ્તુને જાણતા થાય તો એ પર્યાય થઈ ગઈ, બદલવું થઈ ગયું, પલટવું થઈ ગયું. પલટવું એનું અસ્તિત્વ પર્યાયનો ધર્મ થઈ ગયો. સમજાણું કાંઈ? પર્યાયની સામું જોવું નહિ ઈ કોણ જાણે છે? પર્યાયની સામું જોવું નહિ એમ કોણ જાણે છે? ઈ શેમાં જણાય છે? બાપુ! માર્ગ એવા સત્યના કે, કથન બે વાંચીને સમજે (તો) કાંઈકનું કાંઈક વેતરાઈ જશે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, ભગવાન આત્મામાં અસ્તિત્વગુણની સાથે જ્ઞાનપણાનું હોવાપણું છે એ જ્ઞાનની વર્તમાન દશામાં સ્વ અને પરને જાણવાનું અનેકપણે પ્રકાશતું હોવા છતાં એકપણું તે છોડતું નથી. આહા..હા..! શું કહે છે આ? સમજાણું કાંઈ? ભઈ અભ્યાસ થોડો જોઈએ. એમને એમ કંઈ આ વાત (સમજાય નહિ). નેમચંદભાઈ!

મુમુક્ષુ :-- અમે તો ઘણા આગળ વધેલા છીએ.

ઉત્તર :-- આગળ વધ્યા કોને કહેવા પણ હજી? મૂળમાં જ ઠેકાણા ન હોય અને આગળ વધ્યા કહે. પહેલા સમયની દશાવાળા નથી એમ કહે તો ... પણ દશા હોય તોને. ઈ આવે છેને આપણે? પહેલા સમયની ... મધ્યમનો જેને અનુભવ છે. બારમામાં, ૧૨મી ગાથા.

ભગવાન આત્મા આ કહેવાય છે તેવો જાણ્યો, જાણ્યા પછી પછીની વાત અહીં તો કહેવી છે. આ તો છે આવો એટલો એનો ખ્યાલ (આપે છે). પછી એને ધર્મ ક્યારે થાય? એ આવો છે અને એવું જ સત્‌નું સ્વરૂપ જ છે એવું જ્ઞાનમાં જાણવામાં યથાર્થપણે આવે, ત્યારે તે આત્મા અંતરની દૃષ્ટિમાં જાય. ત્યારે તેનું પરિણમન સમ્યગ્દર્શન ને જ્ઞાન ને શાંતિરૂપે થાય ત્યારે તેને ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જૈનમાં જૈનપણું શું ચીજ છે એ લોકોને બિચારાને સાંભળવા મળી નથી. એટલે બિચારા કેટલાક ... કે, આમાં તો આ કાંઈ નથી, તત્ત્વની વાતું નથી. આ તો ખાવું ને આપવું, આ લેવું ને દેવું ને ઢીંકણું, ફીકણું... પછી ગયા બિચારા ક્યાંક અજ્ઞાનમાં. સમજાણું કાંઈ? બાપુ! જૈન સ્વરૂપ ઈ શું છે તને ખબર નથી. જૈન પરમેશ્વરે કહેલો આત્મા કેવો ઈ તેં સાંભળ્યો નથી. આહા..હા..! અજ્ઞાનીઓએ કહેલા આત્માને જાણી અને એમાં એકાગ્ર થવા માગે તો એ મૂઢતા થશે. જડ થશે, જડ. મરીને ઝાડમાં જાશે, અજ્ઞાનમાં. એકેન્દ્રિય ને બેઈન્દ્રિય નિગોદમાં જાશે. સમજાણું કાંઈ? આહા..! આ આવું સ્વરૂપ છે એ જ રીતે તેનું વ્યવહારુ સમ્યગ્જ્ઞાન, યથાર્થ જ્ઞાન નિશ્ચય એ પછી, એના જ્ઞાનમાં આવી ચીજ છે, આવો જીવ હોય, બીજી રીતે હોય નહિ,

એમ નક્કી વિકલ્પસહિત ન થાય અને એને નિર્વિકલ્પતા આવી જાય (એમ બને નહિ). છતાં વિકલ્પસહિત નિર્ણય કર્યો માટે નિર્વિકલ્પ થાય (એમ પણ નથી).

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- એ તો અટક્યો ન્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

જેના ફળ સાદિઅનંત આનંદ, આનંદઅમૃતના સાગર જ્યાં ઉછળ્યા એનું ફળ જે મુક્તિ એટલે અનંતઆનંદ તે અનંત કાળ રહે. એના કારણમાં, કારણ કેટલો મોંઘો ને મુશ્કેલીવાળો હોય. અને એ કારણનું કારણ વસ્તુ એ કેટલી... આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, એ પરને જ જાણે એમ (અનેકાકાર જ માને તે) ખોટા છે, અજ્ઞાની છે, મૂઢ છે. પોતાને જ જાણે અને પરને ન જાણે એ પણ મૂઢ છે અને પરને જ જાણે ને પોતાને ન જાણે એ પણ મૂઢ છે. પાંચ બોલ થયા.

છઠ્ઠો. એમાં તો ઘણું ઘણું એવું આચાર્યે નાખ્યું છે, ગજબ કર્યો! કેવળીની પાસે સાક્ષાત્ સાંભળી અને કુંદકુંદાચાર્ય અહીંયા આવ્યા અને પછી આ શાસ્ત્રો લખાણા. પણ હજી ભગવાન છે ને મહાવિદેહ છે ઈ ક્યાં બેસે છે? આ તો બધી ... જૈનોએ જાણે ભગવાન છે, તીર્થંકર છે ત્યાં. અહીં નહિ. મારે ગપ્પા. અરે..! ભગવાન! એમ નથી સાંભળને, મરી જઈશ તું. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ છે અને એમાં જ્ઞાન ને આનંદ (રહેલાં છે). વસ્તુ હોય એનો સ્વભાવ પરિપૂર્ણ જ હોય. પરિપૂર્ણ પર્યાયમાં ભલે ન હોય પણ સ્વભાવ તે સ્વભાવ કહો, એની શક્તિ તો પરિપૂર્ણ જ હોય. એ પરિપૂર્ણ તત્ત્વનો આશ્રય લઈને પૂર્ણ જ્યાં આશ્રય થયો ત્યાં પૂર્ણ જ પર્યાય ને આનંદ ને જ્ઞાન પ્રગટ થાય. એવા જીવોની આ જગતમાં ક્યાંય હયાતી છે કે નહિ? સમજાણું કાંઈ? આહા..હા..!

ત્રણ કાળમાં ત્રણ કાળને જાણનારની અહયાતી કોઈ દિ' ન હોય. ભગવાન! તું સાંભળ તો ખરો ભાઈ! આહા..હા..! જે ત્રણ કાળ છે એ જ્ઞેય છે, તો એ જ્ઞેયને ત્રણે કાળમાં, ત્રણ કાળમાં તે ત્રણ કાળના જાણનાર ન હોય એમ બને જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ આકરો ભાઈ આવો. લોજીક અને ન્યાયથી સિદ્ધ થઈ શકે એવી ચીજ છે. સર્વજ્ઞ પરમેશ્વરે કહી છે, ન્યાયથી સિદ્ધ થાય કસોટીથી એવી એ ચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..! સંસારમાં પરીક્ષા કર્યા વિના ન લે કોઈ ચીજ. અહીં પરીક્ષા કર્યા વિના જય નારાયણ! આત્મા આવો, થઈ રહ્યું જાઓ. ન્યાં તો એક એક જોવા જાય, ખજુરો નથીને કાપડમાં? કાપડ લ્યેને એમાં ઓલો ખજુરો (છે કે નહિ ઈ જોવે). સાત-આઠ-દસ દોરા ભેગા થઈ ગયેલા હોય એને ખજુરો કહે. એ કાંઈ દોરા ઝાઝા ન હોય અને પાતળું થઈ ગયું હોય તો એ આમાં કાંઈક બીજી ભાષા છે. હેં? ... ન્યાં બધી પરીક્ષા કરે બનુસ આખુ ઊંચુ જોઈને. ખજુરો તો નથી ને? આંતરો તો નથી ને? તાણા-વાણા ખેંચાઈ ગયા

તો નથી ને? અહીં આત્માની પરીક્ષા કરવામાં આંધળો. જે બીજો કહે એમ માની લે, થઈ રહ્યું. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા પોતાના સ્વભાવમાં એ જ્ઞાન છે એની પર્યાયરૂપે જાણવાની ક્રિયા થાય એ જાણવામાં સ્વ અને પર બધું જાણવામાં આવે. એટલે પર નથી માનનારા અથવા પરને ન જાણનારા એમ માનનારા પણ મિથ્યાદ્દષ્ટિ અજ્ઞાની છે. એમ પરને જાણે અને સ્વને ન જાણે, એ પણ અજ્ઞાની છે, મિથ્યાભ્રમમાં પડ્યા છે. સમજાણું કાંઈ? પાંચ બોલ થયા.

છઠ્ઠો, ભારે વાત ભાઈ! એક એક સાત બોલમાં તો આખું વસ્તુનું સ્વરૂપ જે જીવનું છે એમ સમાડી દીધું છે. એક ગાથા એક જ ગાથા. એક ગાથામાં આટલું ભરેલું છે. જીવ આને કહેવો એમાં છે ... **'વળી તે કેવો છે?'** ભગવાન આત્મા અંદર જીવદ્રવ્ય, જીવવસ્તુ. **'અન્ય દ્રવ્યોના જે વિશિષ્ટ ગુણો...'** હવે ગુણ લીધા. આત્મા સિવાય બીજા અન્ય પદાર્થો છે પાંચ જડ, એ દ્રવ્યોના ખાસ ગુણો, વિશિષ્ટ એટલે ખાસ શક્તિ. **'અવગાહન...'** આકાશ નામનું તત્ત્વ છે એનો એક અવગાહન નામનો ગુણ છે. ગમે તે પદાર્થ એમાં આવે તો રહી શકે. તેવું આકાશ નામનું સર્વવ્યાપક એક તત્ત્વ છે એનો અવગાહન--બીજી ચીજો એમાં આવે તો રહી શકે--એવો એનામાં ગુણ છે. અવગાહનગુણનો ધરનાર આકાશ. આ ગુણો એમાં છે ને આ ગુણો આમાં નથી એમ સિદ્ધ કરવું છે હવે. અસ્તિ-નાસ્તિ. આહા..હા..!

**'ગતિ...'** એક ધર્માસ્તિ નામનું તત્ત્વ છે ચૌદ બ્રહ્માંડમાં, અરૂપી સર્વજ્ઞે જોયેલું જ્ઞાનમાં પ્રત્યક્ષ એનો ગુણ ગતિ છે. એટલે જડ અને ચૈતન્ય ગતિ કરવામાં એનું નિમિત્તપણું છે. એવો એનામાં એ ગુણ છે, એ ગુણ આમાં નથી એમ કહેવું છે. આહા..હા..! ભગવાન આત્મામાં એ ગુણ નથી. એના ગુણો તો જ્ઞાન દર્શન આદિ પોતામાં છે. આકાશનો ગુણ અવગાહન છે. એમ કરીને દ્રવ્ય અને એના ગુણો પણ સિદ્ધ કર્યા. એ ગુણવાળું દ્રવ્ય, આ ગુણ આત્મામાં એ ગુણ નથી. સમજાણું કાંઈ?

**'ગતિ...'** ધર્માસ્તિકાય પદાર્થ છે અરૂપી, અનાદિઅનંત ચૌદ બ્રહ્માંડમાં વ્યાપેલો એનો ગતિગુણ છે. ગતિ એટલે પોતે ગતિ કરે એમ નહિ. ગતિ કરનારને નિમિત્ત થાય એવો એનામાં એ ગુણ છે. **'સ્થિતિ...'** એક અધર્માસ્તિ નામનો ચૌદ બ્રહ્માંડમાં એક પદાર્થ છે કે જે જડ અને ચૈતન્ય ગતિ કરતાં થંભી જાય ત્યારે તેમાં સ્થિરતામાં નિમિત્ત એવું દ્રવ્ય, એનો સ્થિરતા ગુણ છે ધર્માસ્તિનો. આહા..હા..! આ ધર્માસ્તિ ને અધર્માસ્તિ ને ગુણ સર્વજ્ઞ ક્યાંય બીજે હોઈ શકે નહિ. બધાએ ગપ્પેગપ માર્યા છે બધાએ. સમજાણું કાંઈ? કલ્પનાના ઘોડા દોડાવી આમ હોય ને એનું આમ હોય.. ભાષણ કરતા આવડે મોટા મોટા.

**'વર્તનાહેતુપણું...'** કાળ નામનો પદાર્થ છે અસંખ્ય અણુઓ, એનો વર્તનાહેતુ એટલે

દરેક પદાર્થ પરિણમે, બદલે એનું નિમિત્ત થાય એવી એક કાળ નામની શક્તિ (જેમાં રહેલી છે એવા) અસંખ્ય દ્રવ્યો છે ઈ. અનંત ગુણવાળા. આહા..હા..! વર્તના આમ પરિણમે જીવ કે પરમાણુ પરિણમે, બદલે એમાં નિમિત્તપણું, વર્તનાહેતુપણું એમ છેને? આ શરીર, વાણી આ જડ માટી, **'અને રૂપીપણું...'** એનો રૂપી ગુણ. સમજાણું કાંઈ? **'તેમના અભાવને લીધે...'** જુઓ અનેકાંત! એવા ગુણોનો આત્મામાં અભાવને લીધે. **'અને અસાધારણ...'** હવે છે શું? એનો અભાવ શું છે. પાંચ દ્રવ્યમાં જે પાંચ ગુણો ખાસ છે એનો ભગવાન આત્મામાં અભાવ છે.

**'અસાધારણ ચૈતન્યરૂપતા-સ્વભાવના સદ્ભાવને લીધે... '** આહા..! અસાધારણ જાણવું-દેખવું એવો ચૈતન્યનો સ્વભાવ કે જે અસાધારણ નામ ક્યાંય બીજે વહેંચાયેલો નથી. અથવા આત્મામાં અનંત ધર્મો, ગુણો છે એમાં આ ચૈતન્યતા અસાધારણ ગુણ છે કે જે સ્વ-પરને જાણે એ એક જ ગુણ આમાં છે. બીજા ગુણોમાં સ્વ-પરને જાણવાનું છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો જીવ પદાર્થ, બીજા પાંચ પદાર્થના ગુણો ખાસ છે એનો જેમાં અભાવ આત્મામાં છે (અને) સદ્ભાવ **'ચૈતન્યરૂપતા સ્વભાવના સદ્ભાવને લીધે...'**

**'આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્ગલ-એ પાંચ દ્રવ્યોથી જે ભિન્ન છે.'** આવા ગુણોથી ભિન્ન છે માટે એ ગુણોના ધરનારા દ્રવ્યથી પણ આત્મા (ભિન્ન છે.) આહા..હા..! હમણાં તો એમ કહે છે, એમાં તો બધું મિશ્ર છે, ખીચડો છે. જુદે જુદા છે. ખીચડી ને મગ ને દાણો, ચોખો કે દિ' ભેગા થયા છે? ચોખો ચોખામાં છે અને મગ મગમાં છે. મગનો ચોખામાં અભાવ અને ચોખાનો મગમાં અભાવ. ન અભાવ હોય તો બેની હયાતી સિદ્ધ થશે નહિ. આ આંગળી આંગળીપણે છે અને આ આંગળીપણે નથી તો આનું સિદ્ધપણું થશે એકનું પોતાનું સ્વતઃ. પણ બે થઈને એક છે (એમ હોય તો) બે પદાર્થ જગતની અંદર પૃથક છે એ વાત સિદ્ધ થશે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ભગવાન! ઈ કરતાં તો દયા પાળવી, વ્રત પાળવા, ભક્તિ કરવી, દેરાસર બનાવવા જાવ. ણમો અરિહંતાણં ગોખો. ધૂળમાંય નહિ થાય કંઈ સાંભળને. ભીખાભાઈ! આવી વાત છે બાપા!

જે ચીજ છે તેને જ્યાં સુધી જ્ઞાનમાં તે રીતે ન આવે ત્યાં સુધી તેના સન્મુખમાં જઈ શકે નહિ. એટલે કે જેની સન્મુખનો આદર નહિ કરી શકે. સમજાણું કાંઈ? કહે છે કે, પાંચ ગુણોવાળા પાંચ જે પદાર્થો છે, જોકે એક એક પદાર્થમાં અનંત ગુણ છે, આ તો એક ખાસ ગુણ લીધા. એનાથી ભિન્ન. **'આ વિશેષણથી, એક બ્રહ્મવસ્તુને જ માનનારનો વ્યવચ્છેદ થયો.'** એક જ અદ્વૈત છે જગતમાં એમ માનનાર અજ્ઞાનીઓનો નિષેધ કર્યો. સમજાણું કાંઈ? બ્રહ્મ એકં અદ્વૈતમ, બાકી બધું જૂઠું છે.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ... કહે છેને, એ તો બધી ખબર છેને. અહીં તો અત્યારે સત્ય શું છે એ વાત છે. એકો અહં ... હું એક છું તે બધારૂપે થાઉં છું. શું કરવા થાવ છો? કોને દેખાડવું છે તારે એકરૂપ થઈને? ઘણાને બતાવવું છે? બધા કલ્પનાના ઘોડા અજ્ઞાનીઓએ કર્યા અને સત્યને ખોઈ બેઠા.

કહે છે, એક બ્રહ્મ વસ્તુને જ માનનારા. ઘણા અત્યારે થઈ ગયા જૈનમાંથી પણ કેટલાક એવા થઈ ગયા છે. ઘણા સાંભળ્યા છેને. એકદમ બસ અદ્વૈતમ, બીજી કોઈ ચીજ જ નથી. એક છે એ નથી ઈ શેમાં તેં કર્યું? ઈ શેનામાં મને કાંઈ ખબર ન પડે. અદ્વૈત છે એ વર્તમાન દશામાં નક્કી થાય છે. ત્યારે થઈ ગઈ દશા એક અને ત્રિકાળી ચીજ બે થઈ ગઈ. સમજાણું કાંઈ? પહેલું અદ્વૈતમ છે એમ નહોતો માનતો, ઈ શેમાં? એ તો ભ્રમ હતો ભ્રમ. પણ ભ્રમ શું વસ્તુ શું? જો ઈ કાંઈ અસ્તિત્વ ... અસ્તિત્વ ભ્રમ છે? ભ્રમ હોં! બ્રહ્મ તો ત્રિકાળી છે પણ ભ્રમણા કાંઈ કોઈ અસ્તિત્વ છે કે નહિ? આહા..હા..! ભારે! જગતને ... સત્યને મળવું, હજી તો સાંભળવું મુશ્કેલ. એના પછી સાંભળીને એ રીતે એને ભરોસામાં આવવું અને ભરોસો આવ્યો અને પછી પણ સ્વનો આશ્રય કરે ત્યારે યથાર્થ ભરોસો કહેવાય. આહા..! એઈ..!

**'એક બ્રહ્મવસ્તુને જ માનનારનો વ્યવચ્છેદ થયો.'** આહા..હા..! ક્રમ લીધો છે હોં એકે એક. પહેલા ચાર, પાંચ ચાર બોલ એમ પાંચ લીધા, પછી છઠ્ઠામાં એના ગુણાવાળા આવા દ્રવ્યો આમાં નથી. તેથી આ એ ગુણોવાળું દ્રવ્ય નથી માટે ચૈતન્યગુણવાળો એ પદાર્થ છે. છ સુધી સિદ્ધ કર્યું.

હવે સાતમું. **'અનંત અન્યદ્રવ્યો સાથે...'** હવે અનંત આત્માઓ છે, અનંત રજકણો છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને અસંખ્ય કાળાણુ પણ છે. અનંત છે એવી તારી જ્ઞાનની પર્યાયમાં જાણવાની તાકાત છે. જો એ અનંતને નથી એમ કહે તો તારા જ્ઞાનની પર્યાય નથી, એટલે તું જ નથી એમ સિદ્ધ થાય છે એમાં. સમજાણું કાંઈ? **'અનંત અન્યદ્રવ્યો સાથે...'** પહેલા અનંત દ્રવ્ય સિદ્ધ કર્યા. **'અત્યંત એકક્ષેત્રાવગાહરૂપ હોવા છતાં...'** હમણાં અજમેરમાં એ વાત થઈ હતી. જ્ઞાનમતિ ... હુકમચંદ આપણા ગયા હતા. અત્યારે તો બધું મિશ્ર છે, ભેગું છે બધું. ખીચડો (છે). અરે..! ભગવાન! તને શું થયું? અરે..! ભાઈ! હજી મૂળની ખબર ન મળે. સમ્યક્ સત્ય શું છે એની ખબર ન મળે અને થઈ ગયા ત્યાગી. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, **'અનંત અન્યદ્રવ્યો સાથે અત્યંત...'** સાથે હોં પણ આમ ભેગા. અત્યંત એકક્ષેત્રાવગાહ એટલે કે જ્યાં આત્મા છે ત્યાં જ અનંતા દ્રવ્યો બીજા પડ્યા છે. ત્યાં જ અનંત આત્માઓ છે, અનંત રજકણો પણ ત્યાં જ છે. સમજાણું કાંઈ? અત્યંક એક ક્ષેત્રમાં

રહેલા, વ્યાપેલા છતાં, એવા '**હોવા છતાં પણ પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી...**' વસ્તુ જે છે એ ભલે એક ક્ષેત્રમાં, બીજા રજકણો અને બીજા આત્મા હો, પણ પોતે એક ચીજ પલટીને બીજારૂપે થતી નથી. એવું એનું અનાદિ સ્વરૂપ છે. હેં! આહા..હા..! આ બધા રજકણો માટીના, વાણીના. પ્રભુ તો ચૈતન્ય અરૂપી અસંખ્યપ્રદેશી. સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં આવે છેને.

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.

ત્યાં ચૈતન્યઘનમાં અસંખ્ય પ્રદેશ નાખ્યા છે. અસંખ્યપ્રદેશી વસ્તુ છે એ જૈન પરમેશ્વર સિવાય ક્યાંય હોય નહિ, કેવળી સિવાય એ વાત ક્યાંય ન હોય. એ આત્મા એક ક્ષેત્રમાં બીજા અનંત દ્રવ્યો સાથે રહ્યો છતાં પણ પોતાના સ્વરૂપથી ન છૂટે. પોતાની વસ્તુ છે તે અવસ્તુ થાય? પરવસ્તુ તો પોતાની અપેક્ષાએ અવસ્તુ છે, એ રૂપે થઈ જાય? શરીરમાં રહ્યા છતાં શરીરરૂપ થાય? અને શરીરની જોડે આત્મા રહ્યા છતાં શરીર જીવરૂપે થાય?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- થયો નથી ત્રણ કાળમાં. આહા..! અજ્ઞાની માને છે. એ હાટુ તો આ ... સિદ્ધ કર્યો છે. અરે..રે..! ત્યાગ કરીને બેઠા પણ વસ્તુ મિથ્યાત્વનો ત્યાગ કેમ છે એની ખબર નથી. જે પહેલો ભ્રમણાનો ત્યાગ થવો એ જ મહાત્યાગ છે. એ વિના બહારના બાયડી, છોકરા છોડી બાવા થઈ ગયા, નાગા થયા એટલે ત્યાગ થયો. ધર્મનો ત્યાગ છે ત્યાં. સમજાણું કાંઈ? આહા..હા..!

વસ્તુ આત્મા એક ક્ષેત્રમાં બીજા આત્માઓ ને રજકણો રહ્યા છતાં પોતે સ્વરૂપથી નહિ છૂટવાથી, '**જે ટંકોત્કીર્ણ...**' જેવો છે એવો ને એવો '**ચૈતન્યસ્વભાવરૂપ છે.**' ચૈતન્યના સ્વભાવ શક્તિ ગુણરૂપ છે. '**આ વિશેષણથી વસ્તુસ્વભાવનો નિયમ બતાવ્યો.**' જીવનું આવું સ્વરૂપ છે એમ નિયમ બતાવ્યો. '**--આવો જીવ નામનો પદાર્થ સમય છે.**' લ્યો! આવો સાતે બોલે કહ્યો એવો જીવ નામનો પદાર્થ તેને સમય કહેવામાં આવે છે. હવે એને સ્વસમયપણું કેમ થાય, એને સ્વસમયપણું પર્યાયમાં ધર્મ કેમ થાય એની વાત કરશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ -૩, શનિવાર, તા. ૨૦-૧૧-૧૯૭૧**
**ગાથા-૨, પ્રવચન-૧૪**

આ સમયસાર, બીજી ગાથા ચાલે છે. સાત બોલ થઈ ગયા. ફરીને કીધુંને, ફરીને પાછું ઓલા ત્રણ બોલ. ત્રણ બોલ કાલ કહ્યા હતા એ ફરીને લેવા. અહીં છેલ્લો બોલ છે ૮મે પાને. ચાર બોલ આવી ગયા વિસ્તારથી, ત્રણે આવ્યા હતા પણ કાંઈક...

કહે છે કે, આ જીવ કેવો છે? આ જીવ. જીવ કહો કે આત્મા કહો. એ ચાર બોલ કહ્યા, આ પાંચમો છે. પોતાનું સ્વરૂપ અને પરનું સ્વરૂપ. આકારો છેને? એટલે સ્વરૂપ. પોતાનું સ્વરૂપ અને પરનું સ્વરૂપ એને પ્રકાશવાનું સામર્થ્ય છે એનામાં. પરનું સામર્થ્ય પ્રકાશવું એ પરને કારણે છે એમ નહિ. સમજાણું કાંઈ? જીવનો--આત્માનો સ્વભાવ જ એવો છે. કેવો છે જીવ? કે, સ્વસ્વરૂપ અને પરસ્વરૂપ પરદ્રવ્યો શરીર, કર્મ, દેવ, ગુરુ, શાસ્ત્ર આદિ બધી ચીજો, બધાના સ્વરૂપનું પ્રકાશવાનું સામર્થ્ય પોતામાં પોતાને કારણે હોવાથી. સમજાણું કાંઈ? '**જેણે સમસ્તરૂપને પ્રકાશનારું...**' સ્વ અને પર બધાના સ્વરૂપને પ્રકાશનારું '**એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે...**' અહીંયા વિશ્વ લ્યે છે. છેને અંદર? '**पात्तवैश्वरूप्यैकरूपः**' વિશ્વરૂપ એકરૂપ. આવી જીવની વ્યાખ્યા. જીવ કેવો છે? કે આવો છે. પોતે સ્વરૂપે જેમ છે તેમ પ્રકાશવાનું સામર્થ્ય છે અને પર જેવું સ્વરૂપ છે પરનું એવું પ્રકાશવાનું સામર્થ્ય એનું છે. પરનું પ્રકાશવું એ એનો દોષ છે એમ નથી. સમજાણું કાંઈ?

સ્વસ્વરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાય અને પરસ્વરૂપના દ્રવ્ય-ગુણ-પર્યાય એ બધાને પ્રકાશવામાં પોતાના સ્વરૂપથી સામર્થ્યવાળો છે. સમજાણું કાંઈ? એવા સમસ્ત રૂપને એટલે અહીંયા આકાર કહ્યો હતો એ બધું સ્વરૂપ જ છે. એ રૂપ કહ્યું. એ બધા રૂપને અથવા સમસ્ત સ્વરૂપને. એમ. સમજાણું કાંઈ? પોતાની જ્ઞાનપર્યાયમાં--જ્ઞાનની અવસ્થામાં પોતાનું દ્રવ્ય, ગુણ, પર્યાય સ્વરૂપ અને પરનું પણ જેવું સ્વરૂપ દ્રવ્ય, ગુણ, પર્યાયરૂપે જે રૂપે છે તે રૂપે તેને પ્રકાશનારું એકરૂપપણું. અનંતને સ્વ-પરને પ્રકાશે છે છતાં જ્ઞાનનું તો એકરૂપ છે. જ્ઞાનમાં કાંઈ ખંડ ને અનંત ભેદ પડી ગયા નથી. એકરૂપ જ્ઞાનની પર્યાયમાં સ્વને, પરને જાણવા છતાં એકરૂપ રહે છે એવો એ જીવ છે. સમજાણું કાંઈ?

એમ કહીને સ્વવસ્તુ છે, પરવસ્તુ છે બેયને સિદ્ધ કરી અને બેને પ્રકાશવાનું સામર્થ્ય છે એ વાત સિદ્ધ કરી. અને બેને એટલે પોતાને અને અનંતને પ્રકાશવા છતાં એનું રૂપ

એકરૂપ છે. સમજાણું કાંઈ? આવા જીવની વ્યાખ્યા સર્વજ્ઞ સિવાય ક્યાંય હોય નહિ. કારણ કે, સર્વ પદાર્થ, અનેક કહેવા છેને અહીં. આહા..હા..! સર્વજ્ઞપર્યાયમાં જાણવાનો સ્વભાવ છે એમ નહિ અહીં. અહીં તો જીવનો જ્ઞાનની પર્યાયનો એવો જ સ્વભાવ છે. સમજાણું કાંઈ? એનું પોતાનું દ્રવ્ય સ્વરૂપ, પોતાનું ગુણ સ્વરૂપ, પોતાની પર્યાયનું સ્વરૂપ અને પોતા સિવાયના અન્ય અનંત પદાર્થો... આહા..હા..! એનું પણ વસ્તુ સ્વરૂપ, શક્તિ સ્વરૂપ અને એની પર્યાયરૂપ એવા સમસ્ત સ્વરૂપને એમ છેને? આહા..હા..! '**પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે...**' અનંતને સ્વને, પરને પ્રકાશે છતાં એક ફીટીને બે થતો નથી. સમજાણું કાંઈ? '**(અર્થાત્ જેમાં અનેક વસ્તુઓના આકાર પ્રતિભાસે છે એવા એક જ્ઞાનના આકારરૂપ તે છે).**' એમ. અનેક વસ્તુના આકારના સ્વરૂપ જાણવામાં આવે છતાં તે જ્ઞાનનો એક આકારરૂપ છે. જ્ઞાનનું એક જ સ્વરૂપ છે જ્ઞાનનું. આહા..હા..! સમજાણું કાંઈ? આને જીવ કહેવો. ... સમજાણું આમાં? મગજને તસ્દી દેવી પડે એમાં જરી. જ્ઞાનની.. લ્યો, શેઠ!

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ... એના તો વાંધા ઉઠ્યા. હાલે, ચાલે કોણ? જાણે... જાણે... જાણે ને જાણે. પોતાની ગતિ થાય ક્ષેત્રાંતર, બીજાનું પણ ક્ષેત્રાંતર થાય તે બધાના સ્વરૂપને પ્રકાશવાના સામર્થ્યવાળો છે ઈ. કોઈને હલાવનારો ને કોઈથી હાલનારો ને કોઈથી જાણનારો એ નહિ એમ કહે છે અહીં. પોતાને જાણવામાં પણ કોઈથી જાણનારો અને બધાને જાણવા માટે પણ કોઈથી એનાથી જાણનારો એવો એ આત્મા નથી. ...આ ત્રીજો બોલ, ... વધારે લેવો એમ કીધુંને. કહો, સમજાણું કાંઈ?

કેટલું નાખ્યું છે જુઓ તો ખરા એક એક બોલમાં આહા..હા..! સ્વનું અસ્તિપણું, પરનું અસ્તિ સત્તાપણું અને બેયને પ્રકાશવાના સામર્થ્યની શક્તિનું અસ્તિત્વપણું જીવમાં છે. એની પોતાની પર્યાયમાં એટલું સામર્થ્ય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આવો જીવ છે પર્યાય અને દ્રવ્યવાળો. અનેક વસ્તુનું સ્વરૂપ સ્વમાં, જ્ઞાનના એકરૂપમાં જાણવા પ્રતિભાસે છે એવું એક જ્ઞાનનું સ્વરૂપ છે. એક જ જ્ઞાનના પર્યાયનું એટલું એવડું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કળશ-ટીકામાં લખ્યું છે કે, જે પર્યાય ન માને એક સમયની, ઈ છ દ્રવ્યને માનતો નથી. સમજાણું કાંઈ? કેમકે એની પર્યાયની અવસ્થાનું જેટલું સામર્થ્ય અને તાકાત છે, પર્યાયનું હોં! ગુણ દ્રવ્યની તો વાત શું કરવી.

પણ જે દ્રવ્ય અને ગુણ જે અનંત અનંત સ્વભાવથી ભરેલું એને પણ જાણવાના સામર્થ્યનું પ્રકાશવાળું તત્ત્વ છે આ. એટલે પોતે પોતાને પણ જાણે છે એમ કહે છે. અને પોતે પરને, પરના અડ્યા વિના પરની હયાતી છે માટે પરને પ્રકાશે છે એમેય નહિ. એ પોતાના પર્યાયમાં સામર્થ્ય એટલું છે કે, પરની હયાતી જેટલી, જેવડી જે રૂપે છે તેને પોતામાં

પ્રકાશવાનું સામર્થ્ય રાખેલું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ બધું વાંચ્યું ન હોય કોઈ દિ', જૈનના પરમેશ્વરની વાણી. અને થઈ ગયા જાણે કે, કરો હવે આત્મા. શું પણ આત્મા? આત્મા કેવો છે? સર્વજ્ઞે જે કહ્યો છે એની તો ખબરેય નથી. સમજાણું કાંઈ? રૂપને પ્રકાશનારું એમ કહ્યું છેને? અવસ્થાનો એ પ્રત્યક્ષ સ્વભાવ છે. જેનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ એ પોતાનો છે.

મુમુક્ષુ :-- ...વ્યવહાર છે એનું શું કામ છે?

ઉત્તર :-- હા, એ બરાબર છે. એ.. ચેતનજી! પણ એ વ્યવહાર નહિ, પોતાનો નિશ્ચય છે. સ્વ અને પરના સ્વરૂપને જાણવાના સામર્થ્યરૂપી પોતાનું સ્વરૂપ છે, પરનું નહિ. એ નિશ્ચય સ્વરૂપ છે. કહો, પરને જાણવું એ વ્યવહાર છે એમાં એ નથી. આ ૧૨મી ગાથામાં બે... ૧૨મી ગાથા છે ને? આચાર્ય કહે કે, ભાઈ! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. ત્યારે એક કહે કે, ભાઈ! પર્યાય જાણી લીધી. ત્યારે ત્યાં કહે કે, જાણેલો પ્રયોજનવાન છે. ત્યારે બીજો કહે કે, એ પર્યાયમાં વ્યવહારું જીવને એ ઉપદેશ દેવો કે, આમ તારે કરવું. એમાંથી બે કાઢ્યા. પોપટભાઈ! એક જણો કહે કે, વ્યવહારે ઉપદેશ કરવો, એવા જીવોને ઉપદેશ કરવો. જુઓ! અર્થમાં પણ એમ કહ્યું છે કે, આને આમ કરવું, આને આમ કરવું. શું કરવું? એ હોય એને વ્યવહારનયે કરવું એમ કહેવામાં આવે છે. એને જાણવું કે એ વખતે એ ટાઈમમાં રાગ આવો હતો, પર્યાય આટલી હતી, એ પર્યાયને રાગને જાણવો એ જ વ્યવહાર છે. ત્યારે કોઈ એમ કહે કે, નિશ્ચયનું જ્ઞાન અને આ વ્યવહારનું જ્ઞાન બે થઈને બે થયા એટલે એ તો પ્રમાણ થયું એટલે વ્યવહાર થઈ ગયો. એઈ..! વધારે સ્પષ્ટ તો (કરવું પડેને). આમાં આવ્યું છે આ. કેમકે પંચાધ્યાયીમાં તો એમ કહ્યું છે કે, પ્રમાણજ્ઞાન એ સદ્ભુત ઉપચારનયનો વિષય છે. કેમકે એમાં પર આવ્યું તો એ ઉપચાર થયો. ઈ અહીં નથી. આહા..હા..! અહીંયાં તો સ્વ અને પરને જાણવાના સામર્થ્યવાળું પ્રકાશ કરનારું એનું સ્વરૂપ જ છે, નિશ્ચયથી એનું એ સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

એ વાંધા આવ્યા છેને આ સર્વજ્ઞપણામાંય તે. ઓલા રતનચંદજી કહે, સર્વજ્ઞપણું એમાં સર્વ આવ્યું અન્ય માટે એ તો ઉપચાર થઈ ગયો, વ્યવહાર થઈ ગયો. અરે..! ભગવાન! એ વ્યવહાર નહિ. વાંધા ઉઠાવે બધા. સર્વજ્ઞપણું એ આત્મજ્ઞપણું છે. સર્વજ્ઞપણું એ તો એનો માપનો આંકડો કહ્યો, પણ છે તો એનું પોતાનું સ્વરૂપ ઈ. શું કહ્યું સમજાણું આમાં? એનું પોતાનું સર્વજ્ઞપણું એ આત્મજ્ઞપણું છે. પોતાની સર્વજ્ઞપર્યાય એ પોતાની આત્મજ્ઞપર્યાય છે. આહા..હા..! ભારે. સમજાણું કાંઈ? એક એક બોલના વાંધા હોય છે અજ્ઞાનીને તો. મૂળ તત્ત્વને સમજ્યા ન હોય એટલે અનેક પ્રકારે એકાંત પક્ષમાં પડી ગયા ને પછી... ઓલામાં કહ્યું છેને, નહિ? એક ઠેકાણે આવે છેને? આ વાસ્તવિક તત્ત્વને સમજ્યા વિના ધ્યાન કરે તો આકાશના ફૂલ જેવું છે. છેને આમાં ક્યાંક? એઈ..! કાઢો તો ખરા. ૧૭-૧૮ ગાથા?

૧૭-૧૮ ગાથા. આ તો આને બરાબર જાણ્યા વિના ધ્યાન કરે તોપણ તે... એમ શબ્દ છે. આ તો નવું પુસ્તક છેને, ઓલામાં તો (ચિહ્ન) કરેલા હોય. ...

જે વાસ્તવિક પદાર્થ દ્રવ્ય, ગુણ ને પર્યાય જેવું છે એવું ન જાણે, એકાંતમાં જાણે તો એવા એકાંતનું ધ્યાન પણ નિરર્થક નીકળે છે. એઈ..! આમાં છે કે નહિ ક્યાંય? એઈ..! આમાં કેટલી વાર વાંચ્યું, આ તો પુસ્તક બીજું છેને. એમ કહ્યું કે, જો બાહ્ય વસ્તુનો લોપ કરવામાં આવે તો આત્માનો પણ લોપ થઈ જાય અને શૂન્યવાદનો પ્રસંગ આવે. માટે તમે કહો છે તે પ્રમાણે વસ્તુનું સ્વરૂપ નથી અને વસ્તુ સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા વિના, જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું લક્ષમાં, દૃષ્ટિમાં આવ્યા વિના જે શુદ્ધ અનુભવ કરવામાં આવે તોપણ મિથ્યારૂપ થાય ઓલી વાત નથી. ભાઈ! સમજાણું કાંઈ? આ તો નવું પુસ્તક છેને, જૂનામાં... કહો, સમજાણું કાંઈ? છેને?

વસ્તુ સ્વરૂપની, જેવો ચેતન્ય જીવ છે તેવા સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા વિના જે અનુભવ શુદ્ધ કરવામાં આવે કે, હું તો શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... એવો અનુભવ કરવામાં આવે તોપણ તે મિથ્યારૂપ છે. સમજાણું કાંઈ? હેં? આ જીવ કહેવાય છે એવો. સાત બોલવાળો. એની હારુ તો...

મુમુક્ષુ :-- પર્યાય સહિતનો?

ઉત્તર :-- પર્યાય સહિતનો. એ.. દેવાનુપ્રિયા! પ્રમાણ ઉપર તો બહુ વિચાર પછી આવ્યા કે આ પ્રમાણ વ્યવહાર કહીને ઉડાવે છે. પણ જાણીને ઉડાવે છેને? પહેલું જાણ્યું છેને પ્રમાણે? પ્રમાણ જાણે છે કે નહિ બેને? પ્રમાણ છે એ જાણે છે કે નહિ? હા, પ્રમાણ જાણે છે કે નિશ્ચયનો દ્રવ્ય વિષય છે એનો નિષેધ કરીને પર્યાયને જાણતું નથી. શું કીધું? નિશ્ચયનો નિષેધ કરીને પર્યાયને જાણતું નથી. (એમ જાણે) તો એ પ્રમાણજ્ઞાન નથી. વસ્તુ બાપા એવી છે. આ તો અલૌકિક વાતું છે. આહા..હા..!

વસ્તુ સ્વભાવ નિશ્ચય અભેદ છે એ તો નિશ્ચયનયે જાણ્યું એ તો એમ બરાબર જ છે. પ્રમાણે પણ એને રાખીને ઉપરાંત એક પર્યાયનું જ્ઞાન કર્યું છે. સમજાણું કાંઈ? પ્રમાણ કાંઈ નિશ્ચયનો નિષેધ કરીને, તેં આ નક્કી કર્યું એ ખોટું છે એમ કરીને પર્યાયનું જ્ઞાન કરે છે ઈ? સાચું કરીને જ્ઞાન કરે છે. સમજાણું? અને બીજે ઠેકાણે છેને ક્યાંક? શું છે આ? આહા..હા..! જુઓ! ૪૦ પાને, ૪૦ પાનું છે ગુજરાતી હોં! (છેલ્લેથી ત્રીજી લીટી). '**માટે સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે.**' વચમાં છે ભાઈ પહેલા પેરેગ્રાફમાં. સમજાણું કાંઈ? '**સર્વ નયોના કથંચિત્ રીતે...**' પર્યાયનય પણ છે, એનો વિષય પણ છે. સમજાણું કાંઈ? આ તો જૈનદર્શન એ તો કોઈ સાધારણ પ્રાણી સમજી જાય, પકડી જાય (એવું નથી). અનંત કાળમાં નથી એને પકડાણું.

આહા..હા..! છેને વચમાં છે. '**સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન...**' એમ. પર્યાય પણ છે, ગુણભેદ પણ છે. સમજાણું કાંઈ? એ.. શેઠ! તમે વાંચ્યું છે કે નહિ સરખું આ? હવે તો નિવૃત્તિ મળી તમારે. 'ભલું થયું ભાંગ્યો જંજાળ.' સાંભળ્યું નથી તમે?

મુમુક્ષુ :-- ... કરે કોણ?

ઉત્તર :-- કરે તો એની વાત કરીએ છીએને. નરસિંહ મહેતાની બાયડી મરી ગઈ તો નરસિંહ મહેતા બોલ્યા. 'ભલું થયું ભાંગયો જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ.' એ.. શેઠ! કહ્યું હતું એને, તોપણ રોકાતા હતા. રાગ તે ક્યાં સુધીનો રાગ? કહો, સમજાણું કાંઈ? કેમ શેઠ, કહ્યું હતું કે નહિ? શાંતિ રાખજો. આમાં કાંઈ બચે એવું નથી. અંતિમ સ્થિતિ છે, એની પણ ખબર હતી અને આને પણ ખબર હતી.

મુમુક્ષુ :-- ... રાગ આવ્યો.

ઉત્તર :-- એને લઈને રાગ આવ્યો છે? કર્યો નવો. એક વાર... આવે છે. આહા..હા..! આ તો દાખલો. બધાને લાગું પડે છેને. આ તો એક દાખલો બધાને લાગુ પડે છેને. નરસિંહ મહેતાનું ... ઓલી મરી ગઈ... 'ભલું થયું ભાંગ્યો જંજાળ' માની છેને એણે કલ્પના. આહા..હા..!

અહીંયાં તો હું જ પોતે સર્વને અને મને જાણવાના પ્રકાશવાના સામર્થ્ય સ્વરૂપવાળો છું. હું કોઈનો કરનારો છું ને પરને નહિ જાણનારો છું અને પરનું જાણવું તે વ્યવહાર છે માટે અભૂતાર્થ છે એમ નથી. એ તો પરના લક્ષને આનું કહેવું, આનું કહેવું એ વ્યવહાર છે. પણ એનું જ્ઞાન છે એ તો પોતાનું જ્ઞાન છે. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! આવો માર્ગ છે. ભગવાનનું કહેલું જ આ છે. સમજાણું કાંઈ? મેળ ખાવો જોઈએને અંદરમાં કાંઈ. મેળ વિના કંઈ અદ્ધરથી હાલે એવી વાત હાલે એવી છે અહીં કાંઈ?

અહીં તો કહે છે કે, '**સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થ...**' પર્યાય પણ સાચી છે અને તે પર્યાય કેવળી, અહીં આપણે ચાલે છે એમાં વળી આ આવી ગયું મગજમાં. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે લ્યો! આ રામજીભાઈએ વધારે સ્પષ્ટ કરાવ્યું. આ તો એકમાં આવ્યું વધારે. આહા..હા..! ભાઈ! તારું અસ્તિત્વ જ એક સમયના જ્ઞાનમાં પૂર્ણ દ્રવ્ય, પૂર્ણ ગુણ પર્યાય અને બધું જગત આખું, અનંતા સિદ્ધો, અનંતા કેવળીઓ આહા..હા..! અનંતા નિગોદના જીવો ને અનંતા એક એક જીવના અનંતા ગુણો એ બધાને તારી પર્યાયમાં એના અવલંબન વિના એ હયાતી છે તો અહીં જ્ઞાન થાય છે એમ નથી. સમજાણું કાંઈ? આ તો વધારે સ્પષ્ટ થાયને ભાઈ! ચેતનજી!

... આ તો એક જીવ કેવડો! ઓહો..હો..! સાત બોલે વર્ણવ્યો એવો. એ રીતે જ્યારે એને જ્ઞાનમાં આવે ત્યારે એને જીવનું હજી પરલક્ષી યથાર્થ જ્ઞાન કહેવામાં આવે. આહા..હા..! સમજાણું કાંઈ? પછી તો સ્વલક્ષી કરીને જ્યારે જ્ઞાન કરે કે, આવડો આત્મા છે ત્યારે વ્યવહાર

ઓલાને કહેવામાં આવે છે. આહા..હા..! ગજબ વાત છે. જૈનદર્શન એટલે વસ્તુના સ્વરૂપનો પોકાર છે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે, એ કાંઈ ભગવાને કર્યું નથી. આહા..હા..! પોકાર કર્યો છે વાણીમાં, વીતરાગની વાણીમાં. ભગવાન! લ્યો! આ વળી પાંચમા બોલમાં ઠીક આવ્યું. હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ના. આ બોલ ... હતો ... બે બોલ તો ઠીક સાધારણ. આ બોલ તો આખો સ્વ-પરપ્રકાશક ને પ્રમાણ ને બધા તકરારના બીજડા આમાં છે. સમજાણું કાંઈ?

કેવો છે જીવ? એમ કહ્યું છેને? કેવો છે એ ભગવાન? આ એક એક જીવ કેવો છે? પોતાના અને પરદ્રવ્યોના સ્વરૂપને એનું રૂપ અને સ્વરૂપ એમ. પછી ... રૂપ લીધું. સમસ્ત રૂપને. એકરૂપ .. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એને કહીએ અને એવડો એ છે અને એ એમ જ છે કે, જેની જ્ઞાનની દશામાં પોતાનું સ્વરૂપ એટલે આકાર ને રૂપ અને પરનું સ્વરૂપ જે રીતે છે તેનું રૂપ એને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી, પોતાનું સામર્થ્ય એટલું છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**જેણે સમસ્ત રૂપને...**' બધા સ્વરૂપને--સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના સ્વરૂપને કે રૂપને કહો, '**પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે...**' એ પ્રાપ્ત કર્યું છે એવો જ એનો સ્વભાવ છે કહે છે. સમજાણું કાંઈ? જેમાં અનેક વસ્તુઓના આકાર એટલે રૂપ, સ્વરૂપ પ્રતિભાસે છે. આમાં તો બહુ મહેનત કરે તો સમજાય એવું છે હોં! નવનીતભાઈ! ઓલા રૂપિયા-બુપિયામાં તો બધું સમજવા જેવું છે. એમાં તો બહુ રળે જાજું... ઈ તો પૂર્વના પુણ્ય હોય ઈ ખરી જાય અને દેખાય, એમાં કાંઈ ધૂળમાં શું છે? ઈ ... નથી અને ઈ આત્માનું કાર્ય પણ નથી. કેમકે આત્મામાં એવી તાકાત જ નથી. એની તાકાત સ્વ-પરને પૂર્ણ જાણવાની તાકાતવાળું એ સ્વતત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જગતનો દીવડો સૂર્ય પ્રભુ છે કહે છે. આ એક એક આત્મા હોં! એની વાત ચાલે છે. એ જગતનો દીવડો સૂર્ય છે. આહા..!

કહે છે, ઓલા ઘરમાં નથી ગોળા મૂકતા? પીળા ને લીલા ને.. એમાં ઈ હોય ઈ જણાય અને એમાં આ બધું ... જણાય. જોયું છે ચેતનજી? ઓલા લીલા ને પીળા નહિ? શું કહેવાય? આવડા આવડા મોટા મોટા ઈ ઘરમાં ટાંગ્યો હોય તો ઈ પણ જણાય અને એમાં આ બધી બાયું બાયું બધા આકાર એમાં દેખાય. આ ન્યાં નથી. સમજાણું કાંઈ? છે કે નહિ ઓલા? લીલા પીળા નથી આવતા? ... બહુ ઝળકે આ બધું. આખું મકાન ઝળકે હોં! તે મકાન ન્યાં છે? અને મકાનને લઈને ઈ ઝળકે છે? મકાનને લઈને ઝળકે તો ઓલા લોઢા પડ્યા હોય, લાકડા પડ્યા હોય ન્યાં ઝળકવું જોઈએ. પણ એ ગોળાનો જ એવો સ્વભાવ છે, પોતાનો જ એવો સ્વભાવ છે કે, પોતે પણ કોણ અને પર પણ શું, આ મકાન બંગલો

કેવો છે એ બેયનું એકરૂપપણે પ્રકાશવું તે એનો સ્વભાવ છે. એમ ચૌદ બ્રહ્માંડમાં દીવડો ચૈતન્ય ભગવાન ગોળો પડ્યો છે અંદર. એવો એ ગોળો ભગવાન આત્મા પોતાના સ્વરૂપને આ આત્મા છે, આ દ્રવ્ય છે, ગુણ પર્યાય છે અને રાગાદિ છે એ બધું, ઈ પરમાં જાય છે. સમજાણું કાંઈ? એવા સ્વ અને પરના સ્વરૂપને, એના ભાવને, એના રૂપને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જીવ આવો છે. આહા..! સમજાણું કાંઈ? પરનું જાણવું થાય કે, હાય... હાય... હાય. આ પર જાણવું થયું એ કાઢી નાખો, કાઢી નાખો એ તો મેલ છે. આ બધા ટૂકડા ભાઈ પહેલા આપ્યા છે પછી ઓલા ચૌદ બોલનો વિસ્તાર પાછળથી આપ્યો છે. મેલ છે, આ બધું જણાય ઈ મેલ છે. કાઢી નાખો તો નિર્મળ થાય આખું. તને ખબર નથી. આત્માનો પર્યાયનો ધર્મ જ એવો છે. સમજાણું કાંઈ?

સમયસાર તો અલૌકિક શાસ્ત્ર છે. અજોડ ભરતનું ... ઓહો..હો..! ચૈતન્યનો દીવડો છે ઈ. નેત્ર છે, અજોડ ચક્ષુ છે. કહો, સમજાણું કાંઈ? જેણે એટલે આત્માએ એટલે જીવે **'સમસ્ત રૂપને પ્રકાશનારું...'** જીવે **'એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે...'** એક લીટી હોં! જેમાં અનેક વસ્તુઓના આકાર સ્વ અને પરના સ્વરૂપનો ભાત છે. તેવા એક જ્ઞાનના આકારરૂપ છે. પણ પોતાની પર્યાયનું એકરૂપપણું છે એમ કહે છે. એમાં કાંઈ ખંડ ને ભેદ થઈ ગયો નથી. આહા..હા..! આવો એક જીવ છે. સમજાણું કાંઈ? આવો સમજ્યા વિના ઓઘે ઓઘે ધ્યાન કરવા જાય તો આકાશના ફૂલ જેવું ધ્યાન થાય એમ કહે છે. કહ્યુંને બતાવ્યું ને એમાં. શેમાં બતાવ્યું? ... સમજાણું કાંઈ? હેં? ગંભીર બહુ.

એ રીતે એ જીવ દ્રવ્યે વસ્તુએ શક્તિએ અને અવસ્થાએ જે રીતે તેની શક્તિનું સામર્થ્યરૂપ છે એ રીતે એની દૃષ્ટિમાં જ્યાં સુધી ન આવે ત્યાં સુધી આત્મા એના લક્ષમાં આવ્યા વિના ધ્યાન થઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ગાંધીને ગાંઠીયે કાંઈ... શું કહેવાય? હળદરને ગાંઠીયે કાંઈ મોટો ગાંધી ન થવાય. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત, ગજબ વાત. આચાર્યો સમયસારની કથનીની વાત કેવળીના પેટ ખોલીને દ્રવ્યના સ્વરૂપનું સામર્થ્ય બતાવ્યું છે. આહા..હા..! **'એવા એક જ્ઞાનના...'** એનો ખુલાસો કર્યો છે. જ્ઞાન પોતાને જ જાણે છે, અરે..! જ્ઞાન પરને જાણે? પરને જાણે એ ઉપાધર ક્યાંથી આવી? અરે.. ભગવાન! સમજાણું કાંઈ? **'જ્ઞાન પોતાને જ જાણે છે, પરને નથી જાણતું એમ એકાકાર...'** એટલે એક જ જ્ઞાનની પર્યાય સ્વને જાણે એવાવાળાનો વ્યવચ્છેદ કહ્યો. અનેક સ્વરૂપને જાણનારું એકરૂપ છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

પાંચમા બોલમાં સારું હતું હોં ઘણું. પ્રમાણનો વિષય હતોને મગજમાં એટલે જરી.. ... પ્રમાણના પણ બે પ્રકાર છે--નિર્વિકલ્પ અને સવિકલ્પ. નિર્વિકલ્પ પ્રમાણ પણ પર્યાયનું જ્ઞાન કરે છે. આવે છે કે નહિ? પ્રમાણ પૂજ્ય નથી. કેમકે એ પર્યાયનો નિષેધ કરતું નથી

અને પર્યાયને સાથે રાખે છે. ભાઈ! એ વાત બરાબર છે પણ વ્યવહાર એ જાણવાનું કામ છે એનું. નિશ્ચયની સાથે પર્યાયનું જ્ઞાન છે એ પ્રમાણજ્ઞાન બરાબર છે. આહા..! અહીં છેને. પ્રમાણજ્ઞાન થતાં, પાછું પ્રમાણજ્ઞાન થતાં વીતરાગતા આવે છે એમ છે ક્યાંક. એઈ..! ક્યાં બધે ગોતવા જાવું? ઈ તો આ શબ્દ નથીને, પુસ્તક આ નથી. છઠ્ઠી ગાથામાં છેલ્લે? હા ઈ. '**એ પ્રમાણ દૃષ્ટિ છે. એનું ફળ વીતરાગતા છે.**' જુઓ! પાનું ૧૭, ૧૭ છે ૧૭. એ (ભાવાર્થનો) બીજો પેરેગ્રાફ એની છેલ્લી લીટી. '**જે વસ્તુસ્વરૂપ છે તે છે--એ પ્રમાણદૃષ્ટિ છે.**' છે? '**એનું ફળ વીતરાગતા છે.**' લ્યો! ગજબ કામ કર્યું છે સમયસારે અને જયચંદ્ર પંડિતે પણ. હેં? ૧૩-૧૪-૧૫ ગાથાએ તો ગજબ વાત છે!! ૧૫માં તો આખી ચૌદ પૂર્વ અને બાર અંગનું રહસ્ય ભરી દીધું છે. જો કે એ તો બારનું કહે છે. બાર ... ૧૩-૧૪-૧૫ ... ઘણું સ્પષ્ટ, ઘણું સ્પષ્ટ. સમજાણું?

જૈનશાસન પોતે પર્યાયસ્વરૂપ છે. લ્યો વળી (ઈ આવ્યું). ૧૫મી ગાથા. જૈનધર્મ જ એ જૈનશાસન જ એ પર્યાયસ્વરૂપ છે. જૈનશાસન દ્રવ્ય, ગુણસ્વરૂપ છે નહિ. સમજાણું કાંઈ? અરે.. ભારે વાત ભાઈ! ક્યાંનું ક્યાં આવે છે! ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ છેને, એમ કહ્યુંને ભાઈ? જૈનશાસન એટલે ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ. કે, જે ભાવશ્રુતજ્ઞાનમાં અબદ્ધસ્પૃષ્ટ દૃષ્ટિમાં અને જ્ઞાનમાં આવ્યો. આવ્યું છે દ્રવ્ય, પણ આવ્યું છે પર્યાયમાં. એ પર્યાયમાં દ્રવ્ય આવું છે એવું ભાન, જ્ઞાન થયું છે. અને એવું જ એ દ્રવ્ય અબદ્ધસ્પૃષ્ટ, સામાન્ય, અવિશેષસ્વરૂપ છે. એવી જે પર્યાયમાં એ નિર્ણય આવ્યો છે અને એ પર્યાયને ભાવશ્રુતજ્ઞાનની પર્યાય કહેવામાં આવે છે અને તે પર્યાયને વીતરાગી પર્યાય કહેવામાં આવે છે અને તે પર્યાયને જૈનશાસન કહેવામાં આવે છે. હીરાલાલજી! બરાબર સાંભળે છે હોં ઈ. સમજાણું કાંઈ? આહા..હા..! આ કરવા જેવું છે બાપા! બાકી બધા મીંડા વાળવા જેવું છે. ...

(અહીંયા) કહે છે, પોતાને જ જાણે છે, પોતાને જ જાણે છે એને જીવ કહીએ. એ તને ખબર નથી જીવની. સમજાણું કાંઈ? પરને નથી જાણતો એમ એકાકાર માનનારા એનો નિષેધ થયો. અને પોતાને નથી જાણતું પણ પરને જ જાણે. લ્યો ઠીક. પરને જાણે, પોતાને ન જાણે. આવશેને ઓલામાં નિયમસારમાં ગાથા આવે છે. લોકાલોકને જાણે જીવ, પોતાને ન જાણે. વ્યવહારથી કોઈ એમ કહેતા હોય તો કહો. નિશ્ચયથી લોકાલોક આત્મામાં નથી માટે લોકાલોકને જાણે એ આત્માને જાણતો નથી. એટલે આ અપેક્ષાએ ત્યાં કહ્યું છે. પરવસ્તુ એ અહીં ક્યાં છે? એટલે એને જાણનારો એ પોતાને જાણતો નથી. કારણ કે એમાં તન્મય થઈને જાણતો નથી.

એમ આત્માને નિશ્ચયથી તન્મય થઈને જાણે છે એ રીતે એનામાં આત્મા પોતાને જાણતો નથી ઓલા વ્યવહારની અપેક્ષાથી. એકરૂપ થઈને જાણે છે એવું અહીં એકરૂપ થઈને, પરની

સાથે એકરૂપ થઈને જાણતો નથી. પોતામાં એકરૂપ થઈને જાણે માટે આત્મા તેને જાણતો નથી એમ ત્યાં કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચારે કોરના પ્રવાહ એવા છે. એક આખું ચક્ર ઊભું થાય છે. આવડો આત્મા છે. **'પોતાને નથી જાણતું પણ પરને જાણે છે એમ અનેકાકાર જ માનનારનો, વ્યવચ્છેદ થયો.'** લ્યો, આ એક બોલમાં ચાલીશ મીનીટ થઈ. ફરીને, આ ફરીને થયું. કહો, પંડિતજી! ઈ પાંચમો બોલ થયો લ્યો! આવે એટલું આવેને. ક્યાંનું ક્યાં આવી જાય જુઓને. પ્રમાણમાં વીતરાગતા છે અને એક કોર પોતે પ્રમાણમાં પર્યાયનો નિષેધ નથી આવતો એટલે પૂજ્ય નથી. આરે.. આરે..! કઈ અપેક્ષાએ વાત છે? એ તો સ્વનો આશ્રય કરવો છે ત્યાં પર્યાય એમાં નથી એટલી અપેક્ષા બતાવવી છે એમાં. સમજાણું કાંઈ? આવું તત્ત્વ, આવું તત્ત્વ, જૈન તત્ત્વ એટલે વસ્તુનું તત્ત્વ આખું. પાંચ બોલ થયા.

**'વળી તે કેવો છે?'** જીવ આત્મા કેવો છે? **'અન્ય દ્રવ્યોના જે વિશિષ્ટ ગુણો...'** એટલે પહેલા તો અન્ય દ્રવ્ય સિદ્ધ સ્થાપ્યા અને અન્ય દ્રવ્યમાં ગુણ સ્થાપ્યા ખાસ, ખાસ, ખાસ ગુણ એમાં. બીજા તો અનંત ગુણ છે એમાં પણ એનો ખાસ વિશિષ્ટ ગુણ. **'અવગાહન...'** આકાશનો ગુણ અવગાહન છે. આકાશ દ્રવ્ય છે. ઓલામાં આવ્યુંને? પરને અને સ્વને પ્રકાશે એ તો પોતાનું સામર્થ્ય છે, ત્યારે હવે પર ચીજ કોણ? પર અને એના ગુણો શું? એ ગુણો વિનાનો આત્મા છે. એ પોતાને પ્રકાશે છે એ પોતાના ગુણની પર્યાયથી પ્રકાશે છે. સમજાણું કાંઈ? કેમકે બીજાના ગુણોને પ્રકાશે છે પણ પર ગુણ વડે પ્રકાશે છે પોતાને એમ છે નહિ. આહા..! ખાસ ગુણો એમ લખ્યું છેને. અન્ય દ્રવ્યોના જે ખાસ ગુણો એમ. ખાસ ગુણો, વિશેષગુણ જે એનાથી જ ઓળખાય. લિંગ કહ્યું છેને પ્રવચનસારમાં, નહિ? લિંગ લિંગ. એ લિંગ એટલે ગુણ. એ લિંગ દ્વારા પ્રત્યક્ષ આત્મા છે એમ જણાય. જે દ્વારા, જે દ્વારા લિંગ દ્વારા જણાય તેને ગુણ કહીએ. એ પ્રવચનસારમાં આવે છે. સમજાણું કાંઈ?

**'અન્ય દ્રવ્યોના...'** એટલે આત્મા સિવાય અન્ય દ્રવ્યો છે એમ સિદ્ધ કરે છે અને દ્રવ્ય છે તો એનો ખાસ ખાસ ગુણ પણ સિદ્ધ કરે છે. આહા..! અવગાહન ગુણ છે તે આકાશનો, ગતિ ગુણ છે તે ધર્માસ્તિકાયનો. લ્યો! પછી શબ્દ છે. સ્થિતિ ગુણ છે તે અધર્મનો અને વર્તનાહેતુપણું તે કાળનો અને રૂપીપણું તે પુદ્‌ગલનો. કર્મ, શરીર, વાણી, મન, જડ, શરીર આદિ. એ રૂપીપણું ગુણ છે. પુદ્‌ગલનો રૂપી ગુણ છે, આકાશનો અવગાહન ગુણ છે, ધર્માસ્તિનો ગતિ ગુણ છે, ગતિહેતુત્વ છેને? સમજાણું કાંઈ? એમ સાધારણ અહીં વાત લીધી. વર્તનાહેતુ પછી પાછળ નાખ્યું. ગતિહેતુપણું, સ્થિતિહેતુપણું, અવગાહનહેતુપણું બધાને લાગુ પડે, બધાને લાગુ પડે. ગતિપણું, સ્થિતિપણું અને વર્તનાહેતુપણું એ કાળને લાગુ પડે. એ કાળ છે અસંખ્ય અણુઓ છે જગતમાં.

ઓલામાં કહ્યું હતુંને? ... ચીજો કેટલી છે જગતમાં? કોણ ગુણવાળી ખાસ? કે, આવા ગુણવાળી ચીજો અનંત છે. પરમાણુ આદિ અનંત છે, કાળ આદિ અસંખ્ય છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ કાળ એ એક એક છે. ઈ આવા દ્રવ્ય અને ગુણ છે એમ બતાવવામાં તારું સામર્થ્ય એટલું છે કે, તને અને પરને જાણવાની તાકાતવાળી તારી પર્યાય એવી સામર્થ્યતા છે. એ જીવને બતાવવા ઓલી બતાવે છે. ઓલું બતાવવા જીવને બતાવવો નથી. સજાણું કાંઈ? ભારે વાતું ભાઈ. એવા અને રૂપીપણું એટલું લીધું. **'તેમના અભાવને લીધે...'** એવા પાંચ ગુણના અભાવને લીધે, જેનામાં ખાસ ગુણ એક એક છે એવા ગુણના અભાવને લીધે એમ.

**'અને અસાધારણ ચૈતન્યરૂપતા-સ્વભાવના સદ્‌ભાવને લીધે...'** અસાધારણ એક જ જ્ઞાનનો એવો ગુણ છે કે જે બીજો ગુણ એવો નથી. જાણવા, શ્રદ્ધા, સમકિત, ચારિત્ર આનંદ એ પોતાને જાણતા નથી અમે છીએ કે નહિ. સમ્યગ્દર્શન પણ પોતાની હયાતી રાખે છે પણ એ જાણતું નથી કે અમે સમ્યગ્દર્શન છીએ. એ તો એક જ્ઞાનગુણમાં જ એ બધી તાકાત છે કે, પોતે પોતાને જાણે ને પોતે પરને પણ જાણે. એવો **'અસાધારણ ચૈતન્યરૂપતા-સ્વભાવના સદ્‌ભાવને લીધે...'** એ ચૈતન્યરૂપ એવો એનો સ્વભાવ છે ભગવાન જીવનો. એની હયાતી છે, ઓલાની નાસ્તિ છે. અનેકાંત કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

એવાને લીધે, **'આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્‌ગલ-એ પાંચ દ્રવ્યોથી જે ભિન્ન છે.'** ભગવાન આત્મા પાંચે દ્રવ્યોથી આવા ગુણો એના ખાસ જે પરના એ આમાં અભાવ અને પોતાનો ચૈતન્યસ્વભાવનો ભાવ, એને લઈને પરથી ભગવાન આત્મા ત્રણે કાળે આવો ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? હજી તો નવ તત્ત્વમાં આત્મા કેવો એની વાત ચાલે છે. જીવ-અજીવ અધિકાર છેને. જીવ કેવો? આહા..હા..! **'અસાધારણ ચૈતન્યરૂપતા-સ્વભાવના...'** ચૈતન્યરૂપહય સ્વભાવના સદ્‌ભાવ એટલે હયાતી એને લીધે. **'એ પાંચ દ્રવ્યોથી જે ભિન્ન છે. આ વિશેષણથી, એક બ્રહ્મવસ્તુને જ માનનારનો વ્યવચ્છેદ થયો.'** એક જ આત્મા અદ્વૈતમ, બીજું કોઈ છે જ નહિ. બીજું કોઈ નથી એવી વાત જ શબ્દ ક્યાંથી આવ્યો? કંઈક વાત છે બીજી ચીજ. બીજું કોઈ છે નહિ એનો અર્થ કે, બીજી ચીજ બીજામાં છે, મારામાં નથી. સમજાણું કાંઈ? બધું એક જ સ્વરૂપ છે બધું બ્રહ્મસ્વરૂપ છે. ... એક... એક... એક... એક... કરતા ... ન્યાં, કાંપમાં. ૧૯૯૯માં જ્યારે નીકળ્યા હતાને, કાંપમાં વેદાંતી હતા. સાંભળવા બેસે, વ્યાખ્યાનમાં બેસે. છેવટે કહે, એક... એક... એક. કરતા. તો એક કોની અપેક્ષાએ? તને એક પહેલું કેમ ભાસ્યું? કાંઈક બીજું છે એમાં તને એકપણું ભાસ્યું નહોતું, એનો અર્થ કે તને એકપણામાં એક છે એમ સિદ્ધ કરતા બે છે, બીજા છે. સમજાણું કાંઈ?

અને એક છે એવો નિર્ણય પણ શેમાં થયો? પર્યાયમાં. તો પર્યાય એક સમયની અને

ત્રિકાળ, બે થઈ ગયા. આહા..હા..! શું થાય? **'એક બ્રહ્મસ્વરૂપને જ માનનારનો વ્યવચ્છેદ થયો.'** લ્યો! ચૈતન્યસ્વરૂપ તો એના સ્વભાવની હયાતીવાળું છે, એનો ગુણ છે. જેમ ઓલાના ખાસ ગુણ છે પાંચ, એમ આનો ખાસ ગુણ આ છે એમ કહે છે. એ સાતમો બોલ (થયો).

**'વળી તે કેવો છે?'** ભગવાન **'અનંત અન્યદ્રવ્યો સાથે...'** એમાં પણ સિદ્ધ તો કર્યું. અનંતાઅનંત પદાર્થ પર છે એની સાથે **'અત્યંત એકક્ષેત્રાવગાહ...'** તદ્દન નજીકના તે જ પ્રદેશમાં એક જ ક્ષેત્રમાં વ્યાપેલા અનંત દ્રવ્યો સાથે પોતે હોવા છતાં. આત્મા છે ત્યાં અનંતા પરમાણુઓ છે, અનંતા અહીં આત્મા છે અંદર. એટલામાં અનંતા આત્મા છે અંદર, અનંતા પરમાણુ છે, ધર્માસ્તિના અસંખ્ય પ્રદેશ છે, અધર્માસ્તિના અસંખ્ય છે, આકાશના અસંખ્ય છે, કાળના અસંખ્ય છે. દ્રવ્ય. ઓલા પ્રદેશ, આ દ્રવ્ય. આત્મા છે જેટલામાં એટલામાં જ અનંતા આત્માઓ છે એક જગ્યોએ વ્યાપેલા, રહેલા છતાં તેનાથી ભગવાન આત્મા તો તદ્દન જુદો છે. સમજાણું કાંઈ?

અસંખ્ય તો કાળાણુ છે એમાં. અરે..! નિગોદનો જીવ હોયને અસંખ્ય પ્રદેશી ત્યાંય તે અનંતા બીજા આત્મા ને અનંતા રજકણો પણ એના ક્ષેત્રમાં ભેગા છે. અસંખ્ય કાળાણુઓ છે, ધર્માસ્તિનો અસંખ્યમો ભાગ અસંખ્ય પ્રદેશ છે, અધર્માસ્તિનો અસંખ્યમો ભાગ અસંખ્ય પ્રદેશ, આકાશનો અનંતમો ભાગ અસંખ્ય પ્રદેશ છે. સમજાણું કાંઈ? ક્યાં? જ્યાં આત્મા રહ્યો છે ત્યાં. સમજાણું કાંઈ?

**'અનંત અન્યદ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહ...'** એમ. જે પ્રદેશ છે આકાશનો ત્યાં જ અસંખ્યાતા પ્રદેશ જીવના છે. અસંખ્ય આકાશના પ્રદેશમાં આત્માના અસંખ્ય પ્રદેશ છે. આખા આકાશના પ્રદેશ તો અનંત છે. ધર્માસ્તિકાયના પણ એક આખાના અસંખ્ય છે. એના અસંખ્યના ભાગમાં, ઓલાના અનંતમા ભાગમાં આકાશના, એવા પ્રદેશોમાં જ્યાં પ્રદેશ છે ત્યાં જ આત્મા છે. એક પ્રદેશફેર કાંઈ નથી, કહે છે. અને એટલા જ પ્રદેશમાં અસંખ્ય કાળાણુ દ્રવ્ય છે. ઓલા પ્રદેશ છે અને આ દ્રવ્ય છે. આહા..! એવું અત્યંત એકક્ષેત્રમાં વ્યાપવાપણું હોવું એટલે રાખવું, રહેવું એવું **'હોવા છતાં પણ પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી...'** જે પોતાના સ્વરૂપથી છૂટીને પર્યાય છૂટીને પરમાં પ્રવેશ કરે એમ છે નહિ. આહા..હા..! **'પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી જે ટંકોત્કીર્ણ...'** એવો ને એવો અનાદિથી ભિન્ન છે એમ કહે છે. ટાંકણા વડે અલબથના કરે છેને, અહીંયા છેને. પાલીતાણા. અંદરથી પથરો કાઢેલો છે. એવી ને એવી ચીજ જે અનાદિથી આવા અનંતા પરમાણુ, અનંતા આત્માના મધ્યમાં રહ્યો છતાં પોતાના સ્વરૂપથી છૂટ્યો નથી. ટંકોત્કીર્ણ એવો ને એવો, **'ચૈતન્યસ્વભાવરૂપ છે.'** ચૈતન્યસ્વભાવરૂપ છે. આહા..હા..!

આ સાત બોલે જીવને સિદ્ધ કર્યો. બીજી ગાથા છે. ત્રણ કળશ અને આ બીજી ગાથાનો

હજી અધૂરો ભાગ છે. આજ ૧૪મું વ્યાખ્યાન થયું. ૧૪ દિ'. રવિવારે શરૂ કર્યું છેને? કાલ રવિવાર, પંદર દિ'. એક જણો કહે કે પંદર દિ'માં હું વાંચી ગયો આખું સમયસાર. બહુ સારી વાત છે.

મુમુક્ષુ :-- હુશિયાર હોય...

ઉત્તર :-- હુશિયાર, હવે ધૂળમાંય હુશિયાર કેવા? એક લીટી અને એક ગાથા સમજવામાં કેટલો વખત જાય એવી ચીજ છે આ તો. આ કાંઈ કથા, વાર્તા છે? આ તો ભગવતી શાસ્ત્ર, ભગવાનનું શાસ્ત્ર છે. આહા..! શ્રીમુખે નીકળેલું, સર્વજ્ઞના પરમાત્માના શ્રીમુખે નીકળેલું તે શ્રીમુખથી ભગવાન કુંદકુંદાચાર્યે કહ્યું. કેવળીએ કહેલું કહું છું એમ આવ્યું છેને. એ તો વળી ભગવાન કુંદકુંદાચાર્યે પોતે .... ભેટ કરી. જગતને ભેટ કર્યું કે લે આ સમયસાર. અલૌકિક રત્નથી ભરેલું આ સમયસાર ભેટણું કર્યું. કહો, સમજાણું કાંઈ? ઠીક કર્યું લ્યો આ વધારે સ્પષ્ટ કરવા. આહા..!

'**આ વિશેષણથી...**' આવા ગુણો અને એની તાકાતના વિશેષણથી '**વસ્તુસ્વભાવનો નિયમ બતાવ્યો.**' વસ્તુ આવી હોય એનો નિશ્ચય કહ્યો. નિયમ વસ્તુનો આવો છે. કહો, સમજાણું કાંઈ? આવો જીવ નામનો પદાર્થ, '**આવો જીવ નામનો પદાર્થ સમય છે.**' લ્યો! એને સમય કહેવામાં આવે છે. એક જીવ નામના પદાર્થની વ્યાખ્યા સાત બોલે (કરી). એ.. કપુરભાઈ!

હવે સમય કહીને, સ્વસમય અને પરસમય બે વાત કરવી છે. એ માટે સમયની વાત સિદ્ધ કરી. કહ્યુંને? '**જીવઃ**' એ જીવ એક બોલનો અર્થ કર્યો આ. બીજી ગાથાનો એક બોલ '**જીવો**' એટલે વ્યુત્સર્ગ થઈ ગયોને. '**જીવઃ**' આવો છે. હવે એની, ક્યાં એની લાઈન દૃષ્ટિ છે અને કેવી દૃષ્ટિ જ્યાં હોય ત્યાં એને શું કહેવું? એનું વર્ણન સ્પષ્ટ કરવું છે.

'**જ્યારે આ (જીવ), સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ...**' બધી પાધરી વાત જ ઈ લ્યે છે. અનંત અનંત સર્વ પદાર્થ આ. '**સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને...**' સમજાણું કાંઈ? અહીંયા સર્વ પદાર્થો સિદ્ધ કર્યા અને એને પ્રકાશવાની તાકાત કેવળજ્ઞાનમાં છે. આહા..! કેવળજ્ઞાન પર્યાય છે એક સમયની. એમાં વાંધા આવ્યાને મોટા, પંડિત વચ્ચે. હવે આના છોકરા એવા પાક્યા પંડિતોને પાછા પામે. પંડિતજી! કેવળજ્ઞાન ગુણ કે પર્યાય? એમ પ્રશ્ન કર્યો શિવનીમાં. મખ્ખનલાલજીને. (એમણે કહ્યું) ગુણ. અરે..! ગુણ ન હોય. આહા..હા..!

મુમુક્ષુ :-- ગુણ છે એમ શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર :-- લખ્યું છે પણ શું લખ્યું છે? એ તો અહીં પણ આવ્યું છે. એટલે શું થયું? સમજાણું કાંઈ? ગુણ એટલે જે ગુણની નિર્મળ દશા થઈ તેને ગુણ કહ્યો. મલિન દશા હોય

એને અવગુણ કહ્યો, એમ છે. પણ છે તો બેય પર્યાય. આહા..હા..!

અહીં તો કહે છે '**સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ...**' દેખો! સર્વ પદાર્થનો સ્વભાવ શું છે, સ્વભાવ ઉપર વજન અહીં છે. જે જે દ્રવ્યનો જે સ્વભાવ તેને પ્રકાશવામાં (સમર્થ) એવા '**કેવળજ્ઞાનને...**' ત્યાં પહેલી વાત થઈ. હવે એને '**ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો...**' એનું વિશેષ આવશે..

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!).

## માગશર સુદ -૩, રવિવાર, તા. ૨૧-૧૧-૧૯૭૧
## ગાથા-૨, પ્રવચન-૧૫

જીવ-અજીવ અધિકાર. સમયસારનો પહેલો અધિકાર છેને, એમાં જીવનો અધિકાર છે મુખ્યપણે. અહીં બીજી ગાથામાં જીવ કોને કહેવો? જીવ કહો કે આત્મા કહો, એને સાત બોલે વર્ણવ્યો છે. જીવ એટલે ઉત્પાદ-વ્યય અને ધ્રુવસ્વરૂપ હોવાથી એ ત્રણની એકતાના ભાવપણે એની હયાતી છે. આ પહેલો બોલ. વસ્તુ ઉત્પાદ-વ્યય--નવી અવસ્થા ઊપજે, જૂની જાય એક સમયમાં અને ધ્રુવપણું. ત્રણની એકતાની અનુભૂતિ. ત્રણનું હોવાપણું એક સમયે એને અહીંયા ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળી વસ્તુ કહેવામાં આવે છે. આવો જીવ પહેલો ભગવાને કહ્યો એવો એને જાણવો જોઈએ. સમજાણું કાંઈ?

બીજો, દર્શન અને જ્ઞાન. એ તો ઉત્પાદ-વ્યય-ધ્રુવનું એકત્વ છે, એ તો જડમાંય છે. એવી રીતે પરમાં એકપણું છે. આ તો આત્મા છે એટલે એને જ્ઞાન અને દર્શન એનું કાયમપણું રહીને એનું દર્શન-જ્ઞાનનું ચૈતન્યપણે ચૈતન્યપણું રહીને દર્શન-જ્ઞાનનું પરિણમન થાય એને અહીંયા આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ત્રીજું. એમાં અનંત ધર્મો છે. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ. ભલે તેમાં ગુણો છે એને પણ અપેક્ષાએ ધર્મ કહેવાય અને અપેક્ષિતને પણ ધર્મ કહેવાય. એટલે શું? નિત્ય, અનિત્ય તે અપેક્ષિત ધર્મ છે. એ ગુણ નથી. એ આવી ગયું છે. ગુણ તો જ્ઞાન, દર્શન, આનંદ એ એના ગુણ છે. અનંત હોં! એક આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ

એવા વિશેષગુણો અનંત છે અને ધર્મો પણ અનંત છે. સામાન્યગુણો પણ અનંત છે. જેમકે અસ્તિત્વ, વસ્તુત્વ એ પોતામાં પણ છે અને પરમાં પણ છે. માટે એને સામાન્યગુણ કહીએ. એ સામાન્યગુણ એક જીવમાં અનંત છે અને બીજામાં નથી એવા જુદાં જ્ઞાન, દર્શન, આનંદ એવા પણ ગુણો એ જીવમાં અનંત છે. બે. અને નિત્ય, અનિત્ય, એક, અનેક આદિ ધર્મ પણ અનંત છે. એવા અનંત ધર્મોમાં રહેલું એકધર્મીપણું. આ તો મુદ્દાની રકમની વાત છે. સમજાણું કાંઈ? એક જ વસ્તુ અનંતના ધર્મમાં, ગુણોમાં રહેલ હોવા છતાં દ્રવ્યપણે તો એકરૂપ પ્રગટ છે. સમજાણું કાંઈ? ઈ પહેલા આવી ગયું છે.

ક્રમે અને અક્રમે પ્રવર્તતા પર્યાયો અને ગુણો, ક્રમે ક્રમે થતી અનંત અવસ્થાઓ અને અક્રમે સહવર્તી--સાથે રહેલા અનંતા ગુણો એનું ક્રમ-અક્રમે પ્રવર્તવું હોવા છતાં એને ક્રમ અક્રમ પ્રવર્તનમાં ગુણ, પર્યાય અંગીકાર કર્યા છે. અક્રમ એટલે ગુણ અને પર્યાય એટલે ક્રમવર્તી અવસ્થા. એ બેને જેણે અંગીકાર કર્યા છે એટલે બે જેમાં છે. સમજાણું કાંઈ? ચાર થઈ ગયા.

પાંચમો તો કાલે ખુબ ચાલ્યો હતો. સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના સ્વરૂપને પોતામાં જાણવામાં એક સમયે જાણવું. અનંતને વિશ્વ એટલે અનંતને જાણવા છતાં એકસાથે સ્વને પરને જાણે એવો જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એવું અનેકપણાનું જાણવું એવું એકપણું જ્ઞાનનું એવો એનો સ્વભાવ છે. પાંચ થયા.

છઠ્ઠો. આત્મા સિવાય બીજા પાંચ દ્રવ્ય છે. એ દ્રવ્યના ખાસ બીજા કરતાં જુદાં પડે એવા વિશેષ ગુણો છે. એ વિશેષ ગુણો પરમાં જે છે એ આત્મામાં નથી. અને તે પરના ગુણો નથી તો તેનો ચૈતન્યસ્વભાવ એનો ગુણ છે. અનેકાંત કર્યું. ... એક જ ... બોલે તો આખા સર્વજ્ઞે કહેલો જીવ વસ્તુ એને સિદ્ધ કર્યો છે. આ વસ્તુ સર્વજ્ઞ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

સાતમો બોલ. એક ક્ષેત્રમાં અનંત પદાર્થ અત્યંત અવગાહ નામ નજીકમાં રહ્યા હોવા છતાં એ આત્મા પોતાના અસ્તિત્વના સ્વરૂપને છોડતો નથી. કહો, સમજાણું કાંઈ? એ સાત બોલ થયા. '**આવો જીવ નામનો પદાર્થ સમય છે.**' છેલ્લો શબ્દ છે. આવો આ આત્મા નામનો પદાર્થ સમય છે.

'**જ્યારે આ જીવ...**' હવે અહીંથી બીજો પેરેગ્રાફ. એ જીવ પોતે જ્યારે પરથી ભિન્ન પડીને અનુભવે. એમ કહે છે. સમજાણું કાંઈ? જ્યારે આ ભગવાન આત્મા પોતે આવો સ્વભાવે હોવા છતાં જ્યારે એ આત્મા '**સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી...**' અહીંથી ઉપાડ્યું પહેલું. કેવળજ્ઞાન એક સમયમાં પૂર્ણ જ્ઞાન એની પ્રાપ્તિ. એવું જે કેવળજ્ઞાન, સ્વભાવ કેવો એનો? '**સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં**

**સમર્થ...**' પોતાનો સ્વભાવ અને પરનો સ્વભાવ. આકાશનો સ્વભાવ, કાળનો સ્વભાવ, પરમાણુનો સ્વભાવ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશનો સ્વભાવ એ બધા પદાર્થોના (સ્વભાવને પ્રકાશવામાં સમર્થ). અહીંથી ઉપાડી પાધરી વાત. '**સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને...**' એવું કેવળજ્ઞાન પહેલું સ્થાપ્યું. કહો, સમજાણું કાંઈ? કોઈ એમ કહે કે આ બધું અંત વિનાનું છે એને કેમ જાણે કેવળી? સમજાણું કાંઈ? જે અંત વિનાના ક્ષેત્રો, કાળ આદિ છે એને અંત વિનાના છે એમ એ સર્વને જાણે. સમજાણું કાંઈ?

'**સર્વ પદાર્થોના...**' સ્વભાવની વ્યાખ્યા કરી જોઈ! '**પ્રકાશવામાં સમર્થ...**' એવું કેવળજ્ઞાન. એ મુક્તની દશા. એને '**ઉત્પન્ન કરનારી...**' સર્વ પદાર્થના સ્વભાવને જાણવામાં સમર્થ એવું કેવળજ્ઞાન એને ઉત્પન્ન કરનાર કોણ? '**ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી...**' સમજાણું કાંઈ? એ કેવળજ્ઞાનને પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન. આમ તો જ્ઞાનની વ્યાખ્યા કરી છે. પણ કેવળજ્ઞાનની સાથે અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એ સ્વચતુષ્ટય સાથે જ ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ? એવા... ગુજરાતી ભાષા સમજાય છે? ... હેં? કુંભોજ બાહુબલી. ગુજરાતી સમજાય છે? થોડીઘણી. સમજાય છે કાંઈ? અહીં તો સીધી કાઠિયાવાડી ગુજરાતી છે. ગુજરાતી ... હોં!

કહે છે, એક તો એને ઉત્પન્ન થઈ શકે છે કેવળજ્ઞાન અને સર્વ પદાર્થના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એટલું અસ્તિત્વ સ્થાપ્યું. સમજાણું કાંઈ? એક વાત. એ મોક્ષ સ્થાપ્યો. હવે એને ઉત્પન્ન કરનારી--એનો માર્ગ. એ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવાનો ઉપાય. એને ઉત્પન્ન કરનારી. તો કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, પર્યાય છે. એ ગુણ નથી. એમાંય વાંધા. કેવળજ્ઞાન ગુણ છે કે પર્યાય? ગુણ. સમજાણું કાંઈ? ઉત્તમચંદ શિવની. ચર્ચા થઈ મખ્ખનલાલજી સાથે નિશ્ચયની વાત. નિશ્ચય હોય તો વ્યવહાર હોય. માટીનો ઘડો વસ્તુ તરીકે હોય તો એને ઘીનો કે ગ્યાસતેલનો કે તેલનો ઘડો તો કહેવાય. ભારે ભાઈ. આવા પંડિત ભણી ભણીને ભણ્યા. ... નિશ્ચયનું જ્ઞાન ... પંડિતજી! કેવળજ્ઞાન ગુણ કે પર્યાય? ઈ કહે, ગુણ. ... ગુણ, એમ. ગુણ .. કે પર્યાય? કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી, પર્યાયને ઉત્પન્ન કરનારી. સમજાણું કાંઈ? આહા..હા..! ...

'**ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી,...**' ઉત્પન્ન થાય છે. કેવળ અનાદિનું નથી. અનાદિનો તો આત્મામાં જ્ઞાનગુણ છે. પણ કેવળજ્ઞાન અનાદિનું નથી. અનાદિનું હોય તો ગુણમાં જાય. એ તો નવી અવસ્થા ઉત્પન્ન થાય છે. તેથી કહ્યુંને? આ તો મહામંત્રો છે. સિદ્ધાંત એટલે? આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. સમયસાર તો મંત્રોનું છે. કેવળીના પેટના ખોલનારા મુખમાંથી આવેલી વાણી છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા, જેને કેવળજ્ઞાન, અનંતઆનંદ આદિ પ્રગટ થયેલા છે એવા અસ્તિપણે બિરાજમાન ભગવાન છે. એના મુખમાંથી આ નિકળેલી

વાણી છે. સમજાણું કાંઈ? ભાઈ! તું એવડો મોટો છે કે તારા કેવળજ્ઞાનની એક સમયની પર્યાય ઉત્પન્ન થાય એ સર્વ પદાર્થના સ્વભાવને જાણે એવડો મોટો છો તું. સમજાણું કાંઈ?

એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી એમ છેને? પહેલું કેવળજ્ઞાન નહોતું. એમ થયું કે નહિ? '**ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી,...**' ભેદજ્ઞાનજ્યોતિ. રાગ અને શરીર ને કર્મથી ભિન્ન ભગવાન છે. પોતાનું નિજ સ્વરૂપ રાગથી, દયા, દાન, વ્રતાદિના વિકલ્પથી અને અશુભ રાગથી અને કર્મ ને શરીર, એટલે કે કર્મ અને શરીર આદિ તો અજીવ છે, પુણ્ય-પાપના વિકલ્પ એ આસ્રવતત્ત્વ છે. એવા આસ્રવ અને અજીવ એનાથી ભેદજ્ઞાન કરનારી. આહા..હા..! જ્યોતિનો ઉદય થવાથી એ પણ પર્યાય છે. સમજાણું કાંઈ? ભેદજ્ઞાનજ્યોતિ પ્રગટ થાય. રાગ ને વિકલ્પથી માંડી બધી ચીજો. એનાથી મારી ચીજ તદ્દન ભિન્ન પૂર્ણ આનંદનો નાથ એવી પર્યાયમાં પરથી ભેદજ્ઞાન ઉત્પન્ન થાય. એ પણ ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ? ભેદજ્ઞાન અનાદિનું નથી. એ તમારે એક કહેતા હતા, ઈંગતપુરીમાં, કે જેટલા દિગંબરમાં જન્મ્યા એને ભેદજ્ઞાન તો છે. હવે એણે ચારિત્ર પાળવું. કહો! ... સમજાણું કાંઈ? દિગંબરમાં જન્મ થયો એ બધા ભેદજ્ઞાની. ભાનેય ન મળે કાંઈ. દિગંબરમાં જન્મ થયો. એટલે થઈ ગયું? આહા..! ભેદજ્ઞાનનો અર્થ આ ... આહા..હા..!

કહે છે, એને ભેદજ્ઞાનજ્યોતિ. ચૈતન્યની નિર્મળ જ્ઞાનદશા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરવાનું કારણ, કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવાનો ઉપાય આ છે. વચ્ચે વ્યવહાર, કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનાર છે એમ નથી. સમજાણું કાંઈ? આવું સ્વરૂપ તો એનું છે, ભાઈ! એને આ રીતે જાણશે જ્યારે અંતરમાં ઉતારશે ત્યારે એનું કલ્યાણ થશે. બાકી એ સિવાય કોઈ રસ્તો છે નહિ. આ તો દુઃખી.. દુઃખી.. દુઃખી. દુનિયા આખી દુઃખી છે. અબજોપતિ, કરોડોપતિ, રાંક અને રાજા ને દેવ એ કષાયની, મિથ્યાત્વની અને વિકારની અગ્નિથી સળગી રહ્યા છે. સમજાય છે કાંઈ? સ્વરૂપના સ્વભાવથી વિપરીત માન્યતા એનાથી બળી રહ્યા છે, એમાં બળી રહે છે. ભોગીભાઈ! સાચું હશે આ? પણ બળી રહ્યું હશે? ભાન ભલે ન હોય. ધૂળમાંય મજા નથી, મૂઢ. પૈસા ને બાયડી ને છોકરા ને શરીર રૂપાળું ને કંઈક આબરૂ, મરી ગયો તારા માની માનીને. સળગે છે અજ્ઞાનથી એ તો. આહા..હા..! ભાઈ! તને ખબર નથી આકુળતાની. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા આનંદનો નાથ અતીન્દ્રિય આનંદના સ્વરૂપે બિરાજમાન છે અનાદિથી. એની જેને ખબરું નથી, એના જેને આશ્રય નથી, એના જેને આધાર નથી એ બીજાના આધાર અને આશ્રય લેવા જાય છે એ બધા દુઃખી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણલોકના નાથ તીર્થંકર કેવળજ્ઞાની પરમાત્મા એનો પણ આશ્રય લેવા જાય ત્યાં રાગ ને ભઠ્ઠી અગ્નિ છે. આકરી વાત છે. સમજાણું કાંઈ? ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એના આશ્રય વિના કંઈ

પણ બીજાના લક્ષમાં આશ્રય લેવા જાય ત્યાં તો રાગ અને કષાય જ ઉત્પન્ન થાય. તેથી તેને ભેદજ્ઞાન કરવાની જ્યોતિની અહીં વાત કરી છે. એનાથી ધર્મ થાય, એનાથી ભેદજ્ઞાન થાય. જેનાથી જુદું પડવું એનાથી એ મદદ કેમ કરે જુદામાં? એમ કહે છે. ... પંડિતજી! આહા..હા..! એ વિકલ્પ છે ભગવાનની ભક્તિનો એ પણ રાગ છે. આહા..હા..! એનાથી ભેદજ્ઞાનની જ્યોતિ, એ હું નહિ, હું એનાથી નહિ, હું મારા આનંદ અને જ્ઞાનસ્વભાવથી છું એવું રાગના ભાગથી સ્વભાવના ભાગનું શરણ લઈ અને ભેદજ્ઞાનજ્યોતિ પ્રગટ કરે એને અહીંયા ધર્મદશા અને એને અહીંયા મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. અહીં તો વાસ્તવિક વિષય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ શુભભાવ પુણ્ય એનાથી ભેદ કરવો એમ અહીં તો કહે છે. પુણ્યને સાથે લઈને કેવળજ્ઞાનની ઉત્પત્તિ ભેદજ્ઞાનની થાય (એમ નથી) હેં? વ્યવહારને સાથે લઈને નિશ્ચય ભેદજ્ઞાન થાય એમ નહિ? આહા..હા..! માર્ગ તો ભગવાન, ... કોઈ દિ' સાંભળ્યો નથી, એને સાંભળવા મળતોય નથી. હેરાન થઈ થઈને મરી જાય છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ...**' એવી કેવળજ્ઞાનજ્યોતિ સાધ્ય-ધ્યેય એમ કહે છે. એને ઉત્પન્ન કરનાર, કેવળજ્ઞાનને ઉત્પન્ન કરવાનું કારણ ભેદજ્ઞાનજ્યોતિનું પ્રગટ થવું. રાગ, કર્મથી ભિન્ન હું અખંડાનંદ પ્રભુ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ એની અંદરની લીનતા અને રાગથી ભિન્નતા એવી ભેદજ્ઞાનજ્યોતિનો એ પણ એક પર્યાય છે, કેવળજ્ઞાન પણ જેમ ઉત્પન્ન થાય છે તે પર્યાય છે અને આ પણ ઉત્પન્ન થાય છે એ મોક્ષનો માર્ગ પણ એક પર્યાય છે. સમજાણું કાંઈ? અરેરે..! એને અનંત કાળમાં મારી ચીજ શું છે? એના એને માહાત્મ્ય આવ્યા નથી. પરના માહાત્મ્ય કર્યા. ભગવાન આવા ને ભગવાન આવા. પણ તું છો કે નહિ? અને બધું પરનું માહાત્મ્ય પરને દ્યે છે એમાં તારામાં કંઈ છે કે નહિ? સમજાણું કાંઈ? કહો, સમજાણું આમાં?

'ભેદજ્ઞાનજ્યોતિ' શબ્દ એમ પડ્યો છેને? એટલે? ચાહે તો તીર્થંકર ત્રણલોકના નાથનું સ્મરણ આવે એ પણ વિકલ્પ અને રાગ છે. એનાથી જુદું પડવાની ભેદજ્ઞાનજ્યોતિ ઉત્પન્ન (થાય). સમજાણું કાંઈ? '**ઉદય થવાથી...**' ઓલામાં ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ. કોને? કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી. એવી ભેદજ્ઞાનજ્યોતિનું પ્રગટપણું થવાથી. 'ઉદય થાય ચારિત્રનો'. આવે છેને, શ્રીમદ્‌માં પણ આવે છે. ઉદય થાય. ઉદય એટલે પ્રગટ થાય. આહા..હા..! '**ઉદય થવાથી,...**' જ્યારે જીવ આ પ્રમાણે કરે ત્યારે. સમજાણું કાંઈ? '**સર્વ પરદ્રવ્યોથી છૂટી...**' લ્યો. ભગવાન ત્રણલોકના નાથ, સમેદશિખર અને શેત્રુંજય અને જિનવાણી એ બધા પરપદાર્થ છે. સમજાણું કાંઈ? '**સર્વ પરદ્રવ્યોથી છૂટી...**' એમાં ક્યાંય એમ લીધું છે કે એક બાકી રાખો દેવ-ગુરુને. એઇ..! પુસ્તક તો પડ્યું છેને સામે. ...

બધે સર્વ સર્વ. ગજબ વાત છેને! સર્વ પદાર્થના સ્વભાવને પ્રકાશનારું કેવળજ્ઞાન. અહીં સર્વ દ્રવ્યોથી છૂટી. આહા..હા..! અલૌકિક વાત છે ભઈ આ તો! લોકોત્તર ચૈતન્યની વાત છે. કહે છે, કે સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવી કેવળજ્ઞાન જ્યોતિ અથવા કેવળજ્ઞાનને. એને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ. એ ભેદજ્ઞાન કેટલાથી કર્યું? એમ કહે છે. કે '**સર્વ પરદ્રવ્યોથી છૂટી...**' સર્વ આત્મા સિવાયના વિકલ્પથી માંડીને બધા પરમાત્મા, પંચ પરમેષ્ઠી, એ બધા પરદ્રવ્યથી છૂટી. લક્ષ ત્યાં હતું એમ કહે છે. છૂટી એટલે? એનું લક્ષ ત્યાં હતું એને છોડ્યું. સમજાણું કાંઈ? અરે..! મારગડા નાથ તારા જુદાં છે ભાઈ! અને ખબર નથી. તને ખબરું કરવાના ટાણા આવ્યા ત્યારે એણે કાંઈક કાંઈક બચાવ કર્યા. સમજાણું કાંઈ?

'**સર્વ પરદ્રવ્યોથી છૂટી...**' એક સ્વદ્રવ્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એનું લક્ષ કરવામાં બધા પરદ્રવ્યના લક્ષને છોડી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનની ભક્તિ મને તારી દેશે, કલ્યાણ કરશે, ભગવાન મને કલ્યાણ કરાવશે. છોડી દે વાત. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો એક એક લીટી અને એક એક પંક્તિમાં અમૃતના ઝરણા છે. પરથી ભેદ કર્યો ત્યારે કાંઈક પરચીજ છેને? એમ કીધું. કેટલી છે? સર્વ પરદ્રવ્યો. '**સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ...**' શું કહે છે? અહીંથી છૂટ્યો સર્વ દ્રવ્યથી. વિકલ્પથી પણ છૂટ્યો. ત્યારે કેવો છે ભગવાન આત્મા કે જ્યાં એની દૃષ્ટિ પડી? દર્શનજ્ઞાનસ્વભાવ. એનું દેખવું અને જાણવું એ સ્વભાવ છે.

'**દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ...**' એ ચારિત્ર નથી. અહીં નિયત વૃત્તિ અસ્તિત્વરૂપ આત્મતત્ત્વ સાથે. એટલી વાત છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા, કહ્યુંને? ... પર અનંત દ્રવ્યોના લક્ષથી છૂટી અને આત્મા કેવો છે કે જે જ્ઞાન અને દર્શનના સ્વભાવ સ્વરૂપવાળો અને નિયત વૃત્તિ અસ્તિત્વરૂપ છે. એનું નિયત નિશ્ચય હયાતીવાળું તત્ત્વ છે. દર્શન અને જ્ઞાનસ્વભાવની હયાતીવાળું એ આત્મતત્ત્વ છે. સમજાણું કાંઈ? જેમાં પરદ્રવ્યની હયાતી નથી એટલે એમાંથી છૂટ્યો એમ કહે છે. પોતાની હયાતી દર્શનજ્ઞાનસ્વભાવનું નિશ્ચય ટકવાપણું હયાતી અસ્તિત્વ એવું આત્મતત્ત્વ. સમજાણું કાંઈ? એવા '**આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે...**' પોતાના સ્વભાવમાં એકત્વને પ્રાપ્તપણે વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાના જ્ઞાનદર્શનના અસ્તિત્વ ભાવવાળું એવું જે આત્મતત્ત્વ એની સાથે એકત્વગત--એકપણાને પ્રાપ્તપણે વર્તે છે. પોતે વર્તે છે એમ કહે છે.

'ત્યારે...' 'વર્તે છે ત્યારે...' આત્મામાં એકપણે વર્તે છે. રાગમાં અને પરપણે વર્તતો હતો એ તો પરસમય અને અનાત્મા હતો કહે છે. સમજાણું કાંઈ? સમયનું સ્વસમયપણું સિદ્ધ કરવું છેને અહીંયા તો. સમય કેવો છે એ તો સાત બોલે કીધો. ભગવાન આમ કહે

છે. .... એમાં પોતે પરદ્રવ્યથી છૂટી સ્વદ્રવ્ય કેવું છે આત્મતત્ત્વ? કે જ્ઞાનદર્શનના હયાતીવાળો સ્વભાવ, જ્ઞાનદર્શનના ભાનની જેની અસ્તિત્વ જેની સત્તા છે એવા આત્માની સાથે એકત્વગતપણે. એકપણાને પ્રાપ્ત કરીને વર્તે છે. આજ તો રવિવાર છે. ઓલા રવિવારે શરૂ કર્યું, પંદર દિ' થયા. ... આ પંદરમો દિ' ચાલે છે. રવિવારે શરૂ કર્યું છે... કારતક વદ-૫, રવિવાર હતો.

આમ કરે છે ત્યારે. આહા..! ગજબ વાત છે! '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી...**' ત્યારે તે દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં. કીધું હતુંને? '**चरित्तदंसणणाणठिदो**'. સમજાણું કાંઈ? એનો અર્થ કર્યો હતો કે દર્શન, જ્ઞાન અને ચારિત્ર કર્યું. નહિતર ... એટલે ચારિત્ર. એટલે અહીં પાછું લઈ લીધું ઈ કે '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી...**' પરદ્રવ્યથી છૂટી જ્ઞાનદર્શનના અસ્તિત્વવાળો હયાતીવાળો જે ભગવાન પોતે આત્મા એની સાથે એકપણે વર્તે છે, ત્યારે તે સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્રમાં સ્થિત હોવાથી એ પોતે દ્રવ્ય પર્યાયમાં સ્થિત હોવાથી. સમજાણું કાંઈ?

બીજી ગાથાની શરૂઆત જ અહીંથી કરી છે. ત્યારે એ રાગ અને વિકલ્પમાં સ્થિત હતો અનાદિનો, એ પોતે આત્મગતને એકત્વગતપણે પ્રાપ્ત કર્યું ત્યારે તે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિત થયો. એ દ્રવ્ય પોતે પર્યાયમાં સ્થિત થયું એમ કહે છે. સમજાણું કાંઈ? પોતે આત્મા પર્યાયમાં સ્થિત થયો. ધ્રુવ છતો સ્થિત હશે? એનું સ્વરૂપ તો ધ્રુવ જ છે, પણ ધ્રુવની સાથે એકત્વ નહોતું ત્યારે રાગ-દ્વેષમાં સ્થિત હતો. એ પરસમય કહેશે એને. એ અનાત્મા છે. જ્યારે એ પોતે કેવળજ્ઞાન પરપદાર્થના સ્વભાવને જાણનારું કેવળજ્ઞાન એને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ ઉત્પન્ન થતાં સર્વ પરદ્રવ્યોથી છૂટી પોતાના, સ્વદ્રવ્યનો સ્વભાવ સાથે વર્ણવ્યો, એ દર્શનજ્ઞાન સ્વભાવની સત્તાવાળું તત્ત્વ એની સાથે એકતાપણે વર્તે છે ત્યારે તે સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં સ્થિત હોવાથી. એ આમાં સમ્યક્ શબ્દ વાપર્યો નથી. પણ એનો અર્થ જ આ છે. એકત્વપણે વર્તે છે પહેલું કીધુંને? વર્તે છે ત્યારે દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિત હોવાથી. એમ. એકપણે સ્વભાવમાં એકપણું વર્તે છે. સમજાણું કાંઈ? આ તો આત્મકથા છે, ભગવાન! એ કંઈ સાધારણ વાત નથી કે એમને એમ વાંચી જાય. .. ભાઈ! આ તો અપૂર્વ પ્રાપ્તિના ઉપાયની વાતું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એકત્વપણે વર્તે છે ત્યારે. એમ. સ્વસ્વરૂપ જે ભગવાન આત્મા દર્શન, જ્ઞાનની હયાતીવાળો પદાર્થ એમાં એકપણે વર્તે છે. સમજાય છે? એમાં એકપણે વર્તે છે ત્યારે દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિત થયો. સમજાણું કાંઈ? એને '**સ્વસમય**' **એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે;...**' ઈ '**સ્થિત હોવાથી યુગપદ સ્વને એકત્વપૂર્વક જાણતો...**' યુગપદ ઈ બેને લાગુ પડે છે, જાણતો અને પરિણમતો, એને. યગુપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો. સ્વને એકત્વપૂર્વક-

એકત્વગત. એકત્વપૂર્વક જાણતો અને સ્વરૂપે એકત્વપૂર્વક પરિણમતો. એ યુગપદ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આવી વાત માણસને મળે નહિ અને મળે તો પકડવી કઠણ પડે એટલે બીજા રસ્તે વયા જાય. ... આ વાત જ એના મગજમાં શું કહે છે, કઈ રીતે છે, ... અંતરની વાતું એને બહારની પ્રવૃત્તિથી મળે એવું નથી. આહા..! સમજાણું કાંઈ? કેમકે રાગ અને પરપદાર્થથી તો નિવૃત્તસ્વરૂપ છે ભગવાન આત્મા. સમજાણું?

સર્વ પરદ્રવ્યથી છૂટી. અપવાદ રાખ્યો છે કાંઈ? દર્શનજ્ઞાન સ્વભાવવાળો ભગવાન, એવું જે તત્ત્વ એની સાથે એકપણે વર્તે છે ત્યારે તે દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ એકસાથે સ્વને એકત્વપૂર્વક જાણતો, એકસાથે સ્વને એકત્વપૂર્વક જાણતો અને એકસાથે સ્વરૂપે એકત્વપૂર્વક પરિણમતો. સ્વભાવ સાથે એકત્વ છેને. વિભક્ત--ભિન્ન પડ્યું .. પર્યાય એકત્વ થઈ, દ્રવ્ય સાથે એકત્વ થઈ. એકત્વનો અર્થ આમ (બહિર્મુખ) હતી તે આમ (અંતર્મુખ) થઈ એટલું. એકત્વનો અર્થ પર્યાય અને દ્રવ્ય એક થઈ જતા નથી. ભારે વાત ભાઈ. સમજાણું કાંઈ? પણ જે પર્યાય રાગના પરદ્રવ્યમાં હતી તે અહીંથી એકત્વ નહોતી. એટલે એ પર્યાય આમ પરિણમતી થઈ એકત્વ પ્રાપ્ત થઈ એટલે એ અભેદ થઈ. એકપણાને પ્રાપ્ત કર્યું. દ્રવ્યસ્વરૂપ જે વસ્તુ છે એને પ્રાપ્ત કર્યું. આહા..હા..! ભારે વાતું ભાઈ! આવી કથા ધર્મકથા. આવું ભારે આકરું પડે માણસને. માર્ગ તો આ છે ભાઈ! જ્યારે આ કરશે તે દિ' એના ઉતારા (ટળશે). હવે તો ઘણા વર્ષ થઈ ગયા. નહિ? આહા..હા..!

ભાઈ! આમાં તો વાદવિવાદની પણ વસ્તુ નથી, તેમ આ કોઈ પક્ષાપક્ષની વસ્તુ નથી. વસ્તુ આવી છે એમ કહે છે પછી પ્રશ્ન ક્યાં છે? ભગવાન આત્મા, જ્ઞાન અને દર્શનના નિશ્ચયે હોવાવાળું તત્ત્વ છે. એને પરદ્રવ્યથી છૂટીને અહીં જ્યારે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રમાં એ સ્થિત થાય છે ત્યારે તેને સ્વસમય, જેવો આત્મા છે એવું જ એનું પરિણમન થયું માટે સ્વસમય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ગજબ ટીકા છે! કાયરના તો કાળજા કંપી ઉઠે એવું છે. આહા..! ભગવાન તારે નહિ આત્માને? એઈ..! તરણતારણ કહે છેને? તિન્નાણં તારયાણં નથી આવતું તમારે? તિન્નાણં તારયાણં બુદ્ધાણં બોહિયાણં આવતુંને નમોત્થુણંમાં? નમોત્થુણં કર્યું હતું? ...ભાઈ! .. નહિ કર્યું હોય. ... કપુરભાઈએ કર્યું હશે. પાઠ તો કર્યો હતોને મોઢે. ... બધાની વાત છે. નમોત્થુણં, અરિહંતાણં.. ભલે બીજે આવે, પણ આ બધામાં આવે. નમોત્થુણં, અરિહંતાણં, ભગવંતાણં, આઈગરાણં આવે છે કે નહિ? ..ભાઈ! તિન્નાણં, તારયાણં, બુદ્ધાણં, બોહયાણં, મુત્તાણં, મોણગાણં. લ્યો, સવ્વન્નૂણં શબ્દ છે ઈ. હે ભગવાન! આપ તર્યા અને અમને તાર્યા. આપ સમજ્યા અને અમને સમજાવ્યા. મુત્તાણં--આપ મુક્ત થયા અને અમને મુક્ત કરાવ્યા. લ્યો. એ તો બધા નિમિત્તના કથન છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એનાથી છૂટ્યો છે ત્યારે અહીં એકત્વપણાને પ્રાપ્ત

થયો એમ કહે છે. આહા..હા..!

એ '**યુગપદ સ્વને એકત્વપૂર્વક...**' એકત્વગત છે આમ તો. એકત્વપૂર્વક, એકત્વપ્રાપ્ત પૂર્વક જાણતો અને સ્વરૂપે પોતાના રૂપે '**એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'સ્વસમય'...**' સમય તો કીધો હતો પહેલો, સાત બોલે. પણ જ્યારે એ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે પરિણમે છે ત્યારે તેને સ્વસમય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? સત્ય તો સત્ય હોય એમ હોયને? એમાં અસત્યનો આશ્રય એને કેમ આવે છે? એ ભગવાન આત્મા પરથી છૂટીને અહીંથી થયો એમ કહે છે. દર્શન, જ્ઞાન, ચારિત્રમાં એકત્વપણે વર્તતો દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિત હોવાથી. એકસાથે સ્વને એકત્વપૂર્વક જાણે, એક જ સમયમાં પોતાના એકત્વપૂર્વક એકત્વપણાને પ્રાપ્ત સહિત થતાને જાણે અને સ્વરૂપે તે જ કાળે એકત્વપૂર્વક પરિણમે. આહા..હા..! પરિણમે. પર્યાયમાં પરિણમન કરે. એવો તે જીવ એને '**સ્વસમય એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.**' આ સ્વસમય છે આત્મા એમ શ્રદ્ધામાં, જ્ઞાનમાં જાણવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ઈ શેનો અર્થ થયો? જીવ. ... '**चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण**' પહેલી લીટીનો અર્થ થયો આ. હજી તો આ એક પહેલી લીટીનો અર્થ થયો આટલો. આ બધું કહેવાણું ઈ .. છે હોં! ઓલા સાત બોલ કહેવાણા એ જીવને કહેવાણા. એ જીવ જ્યારે દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિત થાય. એમ શરૂ કર્યું હતુંને અહીં તો. પાઠ જ એમ છે. સમજાણું કાંઈ?

'**चरित्तदंसणणाणठिदो**' ત્યાં 'સમ્યક્' શબ્દની અહીં જરૂર નથી. એની પર્યાયમાં પરિણમન થયું એ જ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. આહા..! રાગની બુદ્ધિવાળો રાગમાં પરિણમતો એ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યારાગમાં હતો. જે સ્વરૂપમાં નથી એવા ભાવમાં હતો. એ રાગનો કણ પણ મારો છે અને એનાથી મને લાભ થાય એ દૃષ્ટિ મિથ્યા, એ રાગમાં સ્થિર હતો. જે એની ચીજમાં નથી એમાં સ્થિર હતો અનાદિનો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્યારે પોતે આમ કરશે ત્યારે એમ કીધુંને? કોઈને લઈને નહિ. કાળલબ્ધિએ પાકશે. પણ ઈ કાળલબ્ધિ આ કરશે ત્યારે કાળલબ્ધિ એવું એનું જ્ઞાન થશે. એઈ..! સમજાણું કાંઈ? એવો તે એકત્વપૂર્વક પોતાને, એકત્વપૂર્વક સ્વને જાણતો અને સ્વરૂપે એકત્વપૂર્વક પરિણમતો. બસ, એ તો એકત્વપૂર્વક પરિણમતો ... એવો તે સ્વસમય પરિણતિ નિર્મળ પરિણતિવાળો તેને સ્વસમય કહેવામાં આવે છે. આ આકરું પડે એટલે ... ચડાવી દીધું. તમે તો એકલો નિશ્ચય નિશ્ચય જ કરો છો. ભગવાનને કહેને સામે જઈને. વ્યવહારથી તો જુદું પડે તો લાભ થાય એમ તમે કહો છો. અમે કહીએ કે નહિ, વ્યવહાર પહેલો અને પછી નિશ્ચય આવે.

મુમુક્ષુ :-- વ્યવહારથી જુદો પડે એમાં વ્યવહારનું જ્ઞાન આવ્યું કે નહિ?

ઉત્તર :-- જ્ઞાન આવ્યું પણ વ્યવહાર ક્યાં આવ્યો, અંદર ગરી ગયો? આ તો વ્યવહાર કરીએ, શુભભાવ કરીએ, વ્યવહાર સુધારીએ. સમજાય છે? કોલસાને ધોઈએ સારી રીતે તો કોલસો ધોળો થાય. રાગથી છૂટો પડ તો લાભ થાય એમ કહે છે. જેને વ્યવહાર કહેવામાં આવે છે, વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન શાસ્ત્રનું, વ્યવહાર આચરણ વિકલ્પ ને વ્રતનું એ બધા કાળા કોલસા છે. એને લઈને અંદરમાં ભેદજ્ઞાન થાય એમ છે નહિ. એનાથી છૂટ એટલે બાળી નાખ્યું એને, જા. કોલસાને સળગાવ્યે કોલસો ધોળો થાય. પાણી ધોયે કોલસા ધોળા ન થાય. હેં?

મુમુક્ષુ :-- પાણી કાળું થઈ જાય.

ઉત્તર :-- બધું કાળું. જગતમાં આપણે નથી કહેતા? પોતે ધોવે તો ... એમ કહેવાય છેને આપણે? કોઠી ધોયે શું નીકળશે? માટીની કોઠીને ધોવા માંડી. કાદવ નીકળશે. ન્યાં ક્યાં સોના હતા એમાં? ..ભાઈ! આવો માર્ગ છે. કહ્યું છેને ભાઈએ? સોગાની. એક તો લોકો જાણે અશુદ્ધ દ્રવ્યમાં ચોંટ્યા હતા. ત્યાં વળી દેવ-ગુરુને ચોંટ્યા. નિમિત્ત બદલાવ્યું પણ વસ્તુ બદલાવી નહિ. આવે છે એમાં. ... કહો સમજાણું કાંઈ?

આવા જીવને ચરિત્ર, દર્શન, જ્ઞાન, ચારિત્ર જે પાઠમાં છે એમાં ઠર્યો ક્યારે કહેવાય? કે કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ ઉત્પન્ન થતાં સર્વ દ્રવ્યથી છૂટીને પોતામાં દર્શન, જ્ઞાન, ચારિત્રમાં અથવા પોતામાં એટલે દર્શન, જ્ઞાનવાળા સ્વતત્ત્વમાં એકપણું પામતા, ભિન્નતા ન રહેતાં પરથી ભિન્ન થતાં એકત્વપણાને પ્રાપ્ત થતાં તે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રમાં સ્થિત હોય એને સ્વસમય પ્રતીત કરવામાં આવે છે. સમજાણું કાંઈ? પહેલી એક લીટીમાં પહેલા જીવની વ્યાખ્યા છે સાત બોલે. અને આ વ્યાખ્યા છે આ આજની, ઈ ચરિત્ત, દંસણ, જ્ઞાન સ્થિતની થઈ. પહેલા પદના બીજા વાક્યમાં. પહેલા પદના એક વાક્યમાં સાત બોલની વ્યાખ્યા થઈ. સમજાણું કાંઈ?

હવે બીજા પદની વ્યાખ્યા. '**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं**'. '**પણ જ્યારે તે,...**' એવો જીવ એમ કહે છે. '**અનાદિ અવિદ્યારૂપી જે કેળ...**' કેળ કેળ. આ કેળ નથી હોતી? કેળાનું ઝાડ એની ગાંઠ હોય છેને. તોડવા માંડે તો એકલા પાંદડા નીકળે એમાં. ક્યાંય ગાંઠ એક્કેય ન હોય એની. કેળાની ગાંઠ. કેળા હોયને? એની ગાંઠ હોયને. ખોલવા મંડે તો પાંદડા બધા, પાંદડા પાંદડા. ક્યાંય ગાંઠ હોય નહિ. સમજાણું કાંઈ? પોલી નહિ, પાંદડા જ એકલા. એકલા પાંદડા જ છે. કારણ કે ગાંઠ રસ અંદરમાં ઈ છે નહિ. આ લાકડું થાય છેને? શું કહેવાય અંદરમાં? ... હેં? સીસમની અંદર, સીસમની અંદરનો ભાગ હોયને? શું એને કહે? સાર.. સાર. સીસમનો સાર એમ નથી કહેતા? સીસમનું અંદર એટલું કઠણ મજબૂત હોય છે અંદર, બહારના લાકડા એનાથી પોચા હોય જરી. વચલો ભાગ

સાર એવો કઠણ હોય છે. સમજાણું કાંઈ? એકલો સાર. એવું કેળામાં ગાંઠમાં ન હોય. ફોલવા માંડે તો ગાંઠ કઠણ હોય નહિ.

**'અનાદિ અવિદ્યારૂપી...'** એ વસ્તુ ક્યાં આત્મામાં ક્યાં છે? નવી નવી પર્યાય પોતે ઊભી કરી. **'અવિદ્યારૂપી જે કેળ તેના મૂળની ગાંઠ જેવો...'** એના મૂળની ગાંઠ જેવો. કેળનું મૂળિયું ... **'(પુષ્ટ થયેલો) મોહ...'** પુષ્ટિ પામેલો ભાવ મિથ્યા ભ્રમ. **'તેના ઉદય અનુસાર...'** મોહ છેને કર્મ જડ, તેના ઉદય અનુસાર **'પ્રવૃત્તિના આધીનપણાથી,...'** કર્મના ઉદયમાં પુષ્ટ થયેલું એમાંથી એને આધીન થયેલો. **'તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી, દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી છૂટી... '** લ્યો. અહીંથી છૂટી અહીં ગયો. દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયતરૂપી હયાતી નિશ્ચય એવું જે આત્મતત્ત્વ એનાથી છૂટી અજ્ઞાની અનાદિથી **'પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહરાગદ્વેષાદિ ભાવો...'** પરદ્રવ્યના નિમિત્તથી. અહીં કહે કે જુઓ આ પરદ્રવ્યના નિમિત્તથી થયું. પણ નિમિત્તથી થયું તો અહીં ઉપાદાન અશુદ્ધમાં થયું ત્યારે નિમિત્તથી થયું એમ કહેવામાં આવે. આહા..હા..! વાંધા વાંધા વાંધા.

**'પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહરાગદ્વેષાદિ ભાવો...'** લ્યો, આમાં તો ચોખ્ખી વાત છે. અહીં તો એમ કહે છે કે એના સ્વભાવમાં નથી મોહ, રાગ-દ્વેષ, મિથ્યા રાગ-દ્વેષ. એ તો નિમિત્તને આધારે તાબે થઈને એમ કીધુંને અહીં? જુઓને. આધીનપણાથી કીધુંને? એને આધીન થઈ ગયો. એવો આધીન થયેલો પોતે ત્યારે નિમિત્તથી થયા એમ કહેવામાં આવે છે. અનાદિનો એ ... છે. સાધુ દિગંબર અનંત વાર થયો. 'મુનિવ્રત ધાર અનંત બૈરે ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. એ ક્રિયા જે છેને, પંચ મહાવ્રતના પરિણામની રાગની એમાં એકત્વ થતાં દ્રવ્યથી છૂટી ગયો છે ઈ. સમજાણું કાંઈ?

**'મોહરાગદ્વેષાદિ...'** મોહ શબ્દે મિથ્યાત્વ. રાગ-દ્વેષાદિ. વિષયવાસના આદિ. એવા ભાવો સાથે. એ ભાવ એટલે છે વિકારી પર્યાય. રાગ, દ્વેષ, વાસના અને તેમાં આ મારા એવો મિથ્યાત્વભાવ. એ ભાવો સાથે. પહેલું આત્મા સાથે હતું. આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તતો. આવા ભાવો સાથે એકત્વગતપણે વર્તે છે. સમજાણું કાંઈ? .. પણ તેમાં એકપણે વર્તે છે એ એમાં વર્તું તે હું છું, એમ જે એકત્વ વર્તે છે ત્યારે તે **'પુદ્ગલકર્મોના પ્રદેશોમાં સ્થિત હોવાથી યુગપદ્ પરને એકત્વપૂર્વક જાણતો તથા પરરૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'પરસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.'** એની વ્યાખ્યા કરશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૪, સોમવાર, તા. ૨૨-૧૧-૧૯૭૧
## ગાથા-૨, પ્રવચન-૧૬

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર બીજી ગાથા, બીજો પેરેગ્રાફ છેને. પહેલા તો એમ કહ્યું કે, જીવ નામનો આ આત્મપદાર્થ છે એ સાત બોલે વર્ણવ્યો. એવો જીવ એને સમય કહીએ. સમય એટલે સમ્યક્ પ્રકારે ... પરિણમવું અને જાણવું જેનો સ્વભાવ છે તે આત્માને સમય કહીએ. એ આત્મા પોતાના સ્વભાવમાં શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર એવી વીતરાગદશા એમાં એ આત્મા રમે, ઠરે ત્યારે એને સ્વસમય એટલે ખરો આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એનું જેવું સ્વરૂપ છે અંતર આનંદ, જ્ઞાન, શાંતિ વગેરે એવો જે એનો સ્વભાવ એ જીવ પરદ્રવ્યથી જુદો પડી પોતાના સ્વભાવમાં એકાકાર થાય ત્યારે એને ધર્મ થાય. ત્યારે એને સ્વસમય--એની શુદ્ધ પરિણતિવાળો જીવ એટલે એને સ્વસમય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભાષા બધી ગ્રિક-લેટિન જેવી લાગે અજાણ્યાને તો. પરિચય નહિ પરિચય.

આ વસ્તુ ભગવાન અંદર અનાદિઅનંત આનંદ અને જ્ઞાનના સ્વભાવથી ભરેલો એ પદાર્થ છે. એ પોતાના સ્વભાવમાં એકાકાર થઈને રહે, પોતાના સ્વરૂપથી છૂટે નહિ અને સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એમાં એ પરિણમે ત્યારે એને શુદ્ધ પર્યાય પ્રગટ થઈ તેથી એને સમયને શુદ્ધ પરિણતિ સહિતવાળાને સ્વસમય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

'**પણ જ્યારે...**' હવે પરસમયની વાત કાલ તો એ બધી થઈ ગઈ છેને. એ '**અનાદિ અવિદ્યારૂપી જે કેળ...**' સ્વરૂપનું અભાન ચૈતન્ય આનંદ અને જ્ઞાનાનંદ સ્વભાવ એનો જ્યાં અભાવ છે એવો જે અવિદ્યાભાવ--અજ્ઞાનભાવ જે અવિદ્યારૂપી કેળ... કેળ... કેળ થાય છેને આ? કેળા થાય એની કેળ '**તેના મૂળની ગાંઠ જેવો જે (પુષ્ટ થયેલો) મોહ...**' કેળનું મૂળ હોયને ગાંઠ એવો જે મોહભાવ કર્મ જડ. અજ્ઞાનથી પુષ્ટ થયેલું કર્મ. '**તેના ઉદય અનુસાર...**' એ કર્મના ઉદયને અનુસારે '**પ્રવૃત્તિના આધીનપણાથી,...**' એનો અર્થ એવો નથી કે, કર્મનો જેવો ઉદય હોય એટલા જ પ્રમાણમાં તેને અનુસરે. એમ અહીં નથી. અહીંયા તો આત્માના સ્વરૂપથી ચ્યુત છે એથી કર્મના ઉદયને અનુસારે એટલે નિમિત્તને અનુસારે. નિમિત્ત પ્રમાણે અનુસારે એમ નહિ. સમજાણું કાંઈ? કર્મ છે એ ઉદય આવ્યું, તો એના પ્રમાણમાં અનુસારે એમ નહિ. પણ ઉદયને અનુસારે. આમ અનુસાર ન કરતાં નિમિત્તને અનુસારે (પરિણમે છે). એમ. સમજાણું કાંઈ? આ નહોતું કાલ આવ્યું લ્યો! સમજાણું કાંઈ?

'**મોહ તેના ઉદય અનુસાર...**' અહીંયા કાઢે કે જેટલો કર્મનો ઉદય આવ્યો એના

પ્રમાણે અનુસરે. ... એમાં વાંધો શું છે? જડનો જેટલા પ્રમાણમાં ઉદય એટલા જ પ્રમાણમાં અનુસરે એ અને જડનો ઉદય એને આમ અનુસરે, બસ એટલું. આ બેમાં ફેર શું? હેં? ઉદય અનુસાર કર્મ જે છે એના પ્રમાણમાં થાય તો એ તો થઈ રહ્યું. એ તો ડિગ્રી ટુ ડિગ્રી વિકાર થાય. એમ નથી. મોહ તેના ઉદય અનુસાર એની આ વ્યાખ્યા છે.

સમયસાર એટલે મહા ગંભીર! એક એક લીટી પંક્તિમાં ગંભીર છે!! સમજાણું કાંઈ? આમ ચૈતન્ય ભગવાન દર્શનજ્ઞાનસ્વભાવના અસ્તિત્વવાળું તત્ત્વ હોવાવાળું એના અસ્તિત્વને અવલંબીને પરિણમન થાય એ તો પોતાના સ્વભાવની જાતનું પરિણમન છે. એ તો ધર્મ થયો અને એને સ્વસમય કહ્યો. સમય તો આત્મા છે પણ એનું પરિણમન એના પ્રમાણે થયું ત્યારે એને સ્વસમય કહેવામાં આવે છે. હવે એનાથી ઊલટું પરસમય કહેવું છે.

'**મોહ તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી,...**' ભગવાન આત્મા આમ દ્રવ્યસ્વભાવ અખંડ આનંદ એને અનુસરીને શુદ્ધ પરિણમન અથવા એ આત્મતત્ત્વથી ચ્યુત થયેલો શુદ્ધ પરિણમનને નહિ કરતો. જેવું કર્મ ઉદય આવે, ઉદય આવે એના પ્રમાણમાં અનુસરે એમ અહીં નથી. ઉદયને અનુસરે છે. સ્વભાવને અનુસરતો નથી તે ઉદયને અનુસરે છે. શુદ્ધ ઉપાદાનનો આશ્રય કરતો નથી એ નિમિત્તને આશ્રયે, આધીન જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- એને તાબે થઈ જાય છે.

ઉત્તર :-- તાબે નહિ, ના પાડીને, તાબે નહિ. એને અનુસારે પોતે વશ થાય છે. ઈ વશ કરતો નથી. સમજાણું કાંઈ? કેટલાક કહે છે કે કર્મનો ઉદય આવે એ ડિગ્રી ટુ ડિગ્રી એને વિકાર કરવો પડે. એ વાત તદ્દન જૂઠી છે. સમજાણું કાંઈ? અહીંયાં તો અજ્ઞાનરૂપી કેળ તેના મૂળની ગાંઠ જેવો મોહકર્મ જડ તેના ઉદય અનુસારે. એના ઉદયને અનુસરે છે એટલું. એના પ્રમાણમાં. સમજાણું કાંઈ? પ્રવૃત્તિ એના અનુસારે પ્રવૃત્તિ. કર્મના ઉદયને આશ્રયે, લક્ષે પ્રવૃત્તિના આધીનપણાથી, એ પ્રવૃત્તિને આધીન થઈ ગયો.

'**દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી...**' ભગવાન આત્મા દર્શન-જ્ઞાનસ્વભાવમાં નિયત નિશ્ચય ટકવારૂપ આત્મતત્ત્વ, જેનું નિશ્ચય હયાતીરૂપ આત્મતત્ત્વ. દર્શનજ્ઞાનસ્વભાવ--દેખવું-જાણવું એવો સ્વભાવ તે નિયત નિશ્ચય હયાતીરૂપ એવું જે આત્મતત્ત્વ એનાથી છૂટી. ભગવાન પોતાના જ્ઞાનદર્શનસ્વભાવની હયાતીરૂપ, સત્તારૂપ, હોવારૂપ એવું જે આત્મતત્ત્વ એનાથી છૂટી '**પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન...**' પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન એટલે કે નિમિત્તને લક્ષે ઉત્પન્ન થયું. સમજાણું કાંઈ? આવું વાંચ્યું છે ખરું? આટલા વર્ષથી કોઈ દિ'. અહીં સાંભળી જાય, થઈ રહ્યું. ઘરે વાંચ્યું? એમ હું કહું છું. ... પણ વાંચ્યું છે કે નહિ એમ કહું છું. ઘરે હોં! સાંભળવા ન્યાં નહિ. એક કલાક સાંભળે. આ તો મહા

સંતોની સર્વજ્ઞને અનુસારે વાણી છે. એમાં એક પણ અક્ષર ઓછો, અધિક, વિપરીત કંઈ અંદર કરી શકે નહિ એવી વાત છે.

કહે છે, અરે..! ભગવાન આત્મા એનો સ્વ-ભાવ, એનું વાસ્તવિક સ્વરૂપ, જેનું યથાર્થ હયાતીપણું, આત્માનું યથાર્થ વાસ્તવિક સત્તા હોવાપણું એ તો દર્શન-જ્ઞાનના સ્વભાવના હોવાપણે આત્મા છે. સમજાણું કાંઈ? એનાથી '**છૂટી પરદ્રવ્યના નિમિત્તથી...**' આવું જે દ્રવ્ય જે છે એનાથી છૂટ્યો એટલે '**પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન...**' નિમિત્તથી ઉત્પન્ન પોતામાં નૈમિત્તિક ભાવ. સમજાણું કાંઈ? એને અનુસારે ગયુંને લક્ષ? એટલે નિમિત્તથી ઉત્પન્ન પોતાનો નૈમિત્તિક ભાવ. નિમિત્તથી ઉત્પન્ન એટલે કે નિમિત્તને લક્ષે ઉત્પન્ન, નિમિત્તને આશ્રયે ઉત્પન્ન. આશ્રય એટલે કે એ આશ્રય ગોતે એ પ્રશ્ન અહીં નથી. સમજાણું કાંઈ? એમ આવ્યુંને? '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ ભગવાન દર્શનજ્ઞાનસ્વભાવની હયાતીવાળો પદાર્થ એનો આશ્રય લે. આશ્રય લે એટલે ઓલો દ્રવ્ય આશ્રય દે? એઈ..! એનો અર્થ કે વસ્તુ તો જે છે ઈ છે દર્શન, જ્ઞાનસ્વભાવના નિશ્ચય ટકવા હયાતીરૂપ. એના તરફનું લક્ષ કર્યું એટલે એનો આશ્રય કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ડુંગરને આશ્રયે ગયા એમ નથી કહેતા? તો ડુંગરો આશ્રય આપે? ઈ તો છે ઈ છે. એને આશ્રયે ગયો એટલે એનો આશ્રય લીધો એમ કહેવામાં આવે. આરે..આરે..!

આ તો અધ્યાત્મના મંત્રો છે, આ કાંઈ કોઈ છદ્મસ્થની વાણી અજ્ઞાનીની કે સાધારણની નહિ, આ તો મહા સંતોની વાણી. જેના તળિયા તળે પહોંચી ગયેલા અંદરમાં. સમજાણું કાંઈ? એને કેવળીએ પ્રરૂપેલું સમયસાર અને હું કહીશ એમ કહે છેને. આહા..! પરમાત્માએ કેવળજ્ઞાનીએ પ્રરૂપેલા સમય એનો સાર '**वोच्छामि**'. હું કહીશ. કુંદકુંદાચાર્ય પહેલી ગાથા. કહે છે, આને માટે તો અંદર ઘણી તૈયારી જોઈએ. આ તો સત્યના પંથ જગત પંથથી તદ્દન જુદા. આ ઊંધી શ્રદ્ધામાંય આખી લાઈન જુદી જગતથી. જગત એમ કહે કે, કર્મને કારણે એને રખડવું પડે છે. ઈ જ હાલે છે, ચાલતું હતું. કર્મને લઈને... કર્મને લઈને... કર્મને લઈને. સમજાણું કાંઈ? જેઠાભાઈ ગયા? ઈ વાંધો આવ્યા હતોને રામવિજય સાથે. રામવિજય કહે, આપણે ચર્ચા કરીએ પણ પહેલા તમે કબુલ કરો કે કર્મને લઈને થાય તો ચર્ચા કરીએ. આ કહે કે ઈ અમને માન્ય નથી. જેઠાભાઈ, બહુ એણે મહેનત કરી છે હોં! ... પાકા શ્વેતાંબર હતા, ક્રિયાકાંડ બહુ કરેલી. આ કરે ને તે કરે ને. એમાં વળી પહેલા-વહેલા વ્યાખ્યાનમાં આવેલા ૨૦૦૬ની સાલમાં ન્યાં અમરેલી. ત્યારે સાંભળેલું કે આ તો મહારાજ મોટી મોટી વાતું કરે છે. હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ... આ જ્યાં નેમિદાસભાઈને મળ્યા. ... એણે કાંઈક વાત કરી તો એમ

થયું કે આ કાંઈક વાત તો બીજી કરે છે હોં! તમારે એમ થયું હતુંને? નેમિદાસભાઈ પોરબંદરમાં. શું કહેવાય? કલેકટર હતા, પોરબંદરમાં કલેકટર હતા ભાઈ. ....કંઈક વિચારવા જેવું લાગે છે, વાત કાંઈક બીજી છે આ. .... શ્વેતાંબર આચાર્યો મોટા. આનો ઉત્તર આપો. મને જો આપણા શાસ્ત્રથી મળે તો મારે ફરવું મટે. ભાઈ એમ કહ્યું હતું એણે. કોઈએ કંઈ જવાબ સરખો આપ્યો નહિ. ... નહિ.

આ તો શાસ્ત્ર અધ્યાત્મ છે બાપા! જેને આત્માનું કલ્યાણ કરવું હોય, જન્મ-મરણના આંટાના આકુળતાથી છૂટવું હોય એને માટે વાત છે આ. સમજાણું કાંઈ? આ ઊંધુય સમજવું એને બરાબર સમજાશે. આહા..હા..! કહે છે કે, એ નિમિત્તથી ઉત્પન્ન મોહ, રાગ-દ્વેષ. મિથ્યાત્વભાવ રાગ-દ્વેષ ભાવ આદિ વિષયવાસના આદિ ભાવો એની સાથે. એ વિકારી ભાવ છે. નિમિત્તના લક્ષે, આશ્રયે ઉત્પન્ન થતાં વિપરીત અભિપ્રાય, રાગ-દ્વેષ વાસના એની સાથે એકત્વગતપણે, એકત્વગતપણે. આ જોવા ગયો હતો પછી ભૂલી ગયો. ઓલામાં શું લખ્યું છે? આમાં આમાં. આમાં શું છે? એકત્વગતપણે કૌંસમાં લખ્યું છે? હેં?

મુમુક્ષુ :-- ....

ઉત્તર :-- મૂળ તો એકત્વ પ્રાપ્તપણે એમ. એનો અર્થ આટલો. મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ એની સાથે એકપણાના પ્રાપ્તપણે એટલે કે એકપણું માનીને. એમ.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- એકપણું છે. એકત્વગતપણે. ... આવે છે શું હિન્દીમાં? એકત્વ એનો અર્થ બીજો છે, એકત્વ નિશ્ચયને પ્રાપ્ત. અર્થના એકત્વ નિશ્ચયગત, એકત્વ નિશ્ચયને પ્રાપ્ત એમ. પ્રાપ્ત. હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- પ્રાપ્ત એટલું. પછી ... એકત્વગત ... એકત્વ પામ્યો. એમ. એકપણાને પામ્યો. આમ જે એકપણાને પામવું જોઈએ એને ઠેકાણે રાગ-દ્વેષના મિથ્યાત્વપણાને એકપણાને પામ્યો. એમ. પછી ભાઈએ ખુલાસો કર્યો કે એકપણું માનીને. માન્યતામાં ફેર છેને. એક થઈ જતું નથી. રાગ-દ્વેષ, મિથ્યાત્વ એકપણું થઈ જતું નથી વસ્તુના સ્વભાવમાં. એકપણું માનીને (પરિણમે છે). સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં આવે છેને એક ટૂકડો? દિગંબરના આચાર્યોએ એમ માન્યું છે કે, આત્માનો મોક્ષ થતો નથી.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- બસ ઈ આવ્યું ઈ .. બસ, બસ વાત એટલું એકત્વપણાને પ્રાપ્ત થઈને ત્યાં પ્રવર્તે છે. સમજાણું કાંઈ?

પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન નૈમિત્તિક એવો પોતાનો ભાવ એટલે પર્યાય, મોહરાગદ્વેષાદિ

ભાવો એટલે વિકારી પર્યાય. '**એની સાથે એકત્વગતપણે** (એકપણું માનીને) **વર્તે છે ત્યારે પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી...**' એ ખરેખર પુદ્‌ગલકર્મની જ દશા અને વિકારી અવસ્થા છે. એ જીવની દશા નથી એમ કહે છે. પુદ્‌ગલકર્મના અંશોમાં સ્થિત હોવાથી. એમ. એ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર એ પુદ્‌ગલકર્મના જ અંશો છે, એ આત્માનો અંશ નથી. એમ. સમજાણું કાંઈ? આમ ભગવાન શુદ્ધ પરિણતિ આત્માની દશા છે, એ આત્માનો અંશ અને આત્માનો સ્વભાવ છે, આ છે તે પુદ્‌ગલકર્મની અવસ્થાનો સ્વભાવ છે. વાસ્તવિક જીવનો સ્વભાવ નથી. એ આ પ્રદેશોમાં સ્થિતનો અર્થ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર એને અહીં પુદ્‌ગલકર્મના પ્રદેશમાં સ્થિત કહ્યું છે. સમજાણું કાંઈ?

'**મોહરાગદ્વેષાદિ ભાવો સાથે એકત્વગતપણે** (એકપણું માનીને) **વર્તે છે...**' એ પોતે જ ઊંધા ઊલ્ટા પુરુષાર્થી વર્તે છે એમ. કોઈ એને વર્તાવે છે (એમ નથી). ઓલાને નિમિત્તથી કહ્યું હતું. નિમિત્તથી થતાં ભાવમાં પોતે વર્તે છે. નિમિત્ત ચીજ એને વર્તાવતું નથી. સમજાણું કાંઈ? આવી ધર્મની વાતો. એક એક શબ્દના અર્થો ... હવે આ એને ક્યારે..? ભીખાભાઈ! શું હશે આ? આમ જ્યારે વર્તે છે પોતાના દ્રવ્ય સ્વભાવને જ્ઞાનદર્શનની હયાતીવાળા તત્ત્વને છોડી દઈ એટલે એની હયાતીની કબુલાત લક્ષ છોડી દઈ અને નિમિત્તથી થતાં નૈમિત્તિક વિપરીત શ્રદ્ધા રાગ, દ્વેષ આદિમાં વર્તે છે એ ત્યારે પુદ્‌ગલકર્મના પ્રદેશમાં જ વર્તે છે. વર્તે છે એ પુદ્‌ગલકર્મના પ્રદેશમાં સ્થિત હોવાથી. આહા..!

'યુગપદ્...' એક સાથે દેખો! અજ્ઞાની પણ એક સાથે, '**પરને એકત્વપૂર્વક જાણતો...**' રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવ અને પુણ્ય-પાપના વિકલ્પો એને એકત્વપૂર્વક (અર્થાત્) એ બે એક થઈને, અમે બે એક છીએ એમ. સમજાણું કાંઈ? વ્યવહારનો જે વિકલ્પ ઉઠેને દયા, દાન, વ્રત, ભક્તિ આદિ જેને વ્યવહાર કહે છે શુભ ઉપયોગ લ્યો, એમાં એકત્વપણે જે વર્તે છે એ મિથ્યાદ્રષ્ટિ છે. સમજાણું કાંઈ? એ પરસમય છે એમ સિદ્ધ કરવું છેને? એ પરસમય છે એ આત્મા નથી. આત્માની જાતના સ્વભાવમાં પરિણમે તો તો આત્મા આવા કજાતના ભાવમાં પરિણમે એ આત્મા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જાતની ભાત પડે તો તો એ આત્મા, એ જાતની ભાત છોડી દઈને... આહા..! એમ આવે છેને કર્તાકર્મમાં, પોતાની અવસ્થાને છોડી દઈને એમ આવે છેને? અવસ્થા હતી ક્યાં? કર્તાકર્મમાં તો એવું આવે છે પોતાની પર્યાયની શુદ્ધપણાની અવસ્થાને છોડી દઈને. છોડી દઈને એટલે કે અવસ્થા છે એને છોડી દઈને એમ નથી. ઈ પોતાની જે શુદ્ધ અવસ્થા થવી જોઈએ એને નહિ થતાં, એને નહિ કરતાં આ નિમિત્તને આધીન થયેલી દશા મિથ્યાશ્રદ્ધા, રાગદ્વેષમાં વસે છે. આહા..!

યુગપદ્ એક સાથે અજ્ઞાની પણ '**પરને એકત્વપૂર્વક જાણતો...**' ઈ વ્યવહારનો જે રાગ છે એને સ્વભાવની સાથે એકત્વપણે જાણતો. સમજાણું કાંઈ? '**તથા પરરૂપે એકત્વપૂર્વક**

**પરિણમતો...**' ઈ રાગના અને મિથ્યાત્વભાવમાં એકત્વપણે એકપણાપૂર્વક '**પરિણમતો એવો તે 'પરસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.**' લ્યો! સમજાણું કાંઈ? એ અણાત્મા છે એમ જાણવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ધીમે ધીમે તો કહેવાય છે ભાઈ! વિચારવાનો વખત તો રહે એને વિચારવું હોય તો. હેં? માર્ગ તો આવો છે, ભાઈ! એણે કોઈ દિ' એના લક્ષમાં એ વાત લીધી નથી. એમ ઓઘે ઓઘે અનાદિથી ચાલ્યો છે સમજ્યા વિના. જાવું હતું ઉગમણું ને હાલવા મંડ્યો આથમણે ઓઘે ઓઘે. લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા આવે છેને? સંજ્ઞા આવે છે દસ. ક્રોધ, માન, માયા, લોભ, આહાર, ભય, મૈથૂન... ઓઘસંજ્ઞા અને લોકસંજ્ઞા દસ આવે છે. આમ ને આમ હાલ્યો છે, આમ જાવું છે તો કહે આમ હાલ્યો છે. તો એને વિવેક રહ્યો નહિ.

શ્રીમદ્‌માં એક ઠેકાણે આવે છે. સત્યની સાચી વાત ઓઘે હશે તો કોઈ વખતે સત્ય થશે. ઓઘે છે એવો શબ્દ. બધા શબ્દ કાંઈ યાદ રહે છે? પણ ઓઘે શબ્દ છે ક્યાંક. ઓઘે પણ અવ્યક્તપણે પણ એમ. આ સત્ય વાત જો એના લક્ષમાં અને શ્રદ્ધામાં હશે તો યથાર્થપણે એને કોઈવાર પરિણમશે. કારણ કે, એના લક્ષમાં આ વસ્તુ છે, આ નહિ. સમજાણું કાંઈ? પછી ... નહિ આવે. લોકસંજ્ઞા તો શ્રીમદ્‌માં પણ આવે છે. (લોકસંજ્ઞાએ લોકાગ્રે જવાતું નથી) એમ આવે છે. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. જુઓ, પાઠ એવો નાખ્યો છે. લોકસંજ્ઞાથી છેને સંજ્ઞા, લોકસંજ્ઞા, લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકસંજ્ઞાથી સિદ્ધ થવાતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

બીજો ચાકળો છે. ઈ લોક્સંજ્ઞા છે. ... માથે શબ્દ જ આવે છે. લૌકિક લોકને અનુસારે અભિપ્રાય સમજાય છે વાતને પણ જ્ઞાનીના અભિપ્રાયે જાણ્યો નથી. એક આવે છે, મથાળું આવે છે. જગતના અભિપ્રાયથી ... મગજમાં રહી ગયું હોય. સમજાણું કાંઈ? જગતના જીવો, જગતના અભિપ્રાયે તત્ત્વને નિર્ણય કરે છે. જ્ઞાનીના અભિપ્રાય પ્રમાણે નિર્ણય કરે ત્યારે એનો આરો આવે એવું છે. સમજાણું કાંઈ?

આ રીતે એને પ્રતીત એટલે પરસમય આ એ અણાત્મા છે એને આત્મા હાથ લાગ્યો નથી. એને હાથ લાગ્યો છે વિકાર એમ કહે છે. સમજાણું કાંઈ? એકત્વગતને પ્રાપ્ત થયો નથી, આ પ્રાપ્ત થયો છે. એમ. આહા..હા..! જે ભિન્ન ચીજ છે એને એકપણે માનીને પ્રાપ્ત કરી છે, એમ કહેવું છે. સમજાણું કાંઈ? '**આ રીતે જીવ નામના પદાર્થને...**' આ રીતે બેય વાત થઈ ગઈ, સ્વસમય અને પરસમય. '**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।**' આ બીજી લીટી. એ પુદ્‌ગલકર્મ પ્રદેશનો અર્થ ઈ કે, મિથ્યાશ્રદ્ધા--રાગ તે હું એવું માનવું એકત્વપણે તે મિથ્યાશ્રદ્ધા. રાગ તે હું એવું જાણવું એ મિથ્યાજ્ઞાન અને રાગમાં એકાગ્ર થવું એ મિથ્યાચારિત્ર. સમજાણું કાંઈ? '**આ રીતે જીવ નામના પદાર્થને સ્વસમય...**' પહેલું

કહ્યું ઈ, **'સ્વસમય અને પરસમય--એવું દ્વિવિધપણું પ્રગટ થાય છે.'** સમય નામનો ભગવાન આત્મા ચૈતન્ય પદાર્થ હોવા છતાં પોતાના સ્વભાવમાં પરિણમે ત્યારે તેને સ્વસમય કહેવાય અને રાગાદિમાં પરિણમે ત્યારે એને પરસમય કહેવાય. એક સમયને બે પ્રકારની પર્યાયની પ્રાપ્તિ થાય. સમજાણું કાંઈ? એ પૂરું થયું લ્યો! એ ટીકા પૂરી થઈ.

**ભાવાર્થ :-- 'જીવ નામની વસ્તુને પદાર્થ કહેલ છે.'** ભગવાનના શાસ્ત્રમાં જીવ નામની વસ્તુ છે આ વસ્તુ પદાર્થ. દેહના રજકણ, કર્મના રજકણથી ભિન્ન તત્ત્વ છે એને ભગવાને પદાર્થ કહેલ છે. **''જીવ' એવો અક્ષરોનો સમૂહ તે 'પદ' છે...'** પદાર્થ કહેવો છેને. પદ-અર્થ. પદ એટલે જીવ બે અક્ષરનો, અક્ષરોનો સમૂહ. બે સમૂહ થયોને? એક નહિ બે થયા. જીવ, જી એક અક્ષર, વ એક અક્ષર. એ બે અક્ષરનો સમૂહ થયો. એ એનું પદ છે, સમૂહ તે પદ છે. જીવ નામનો અક્ષર. 'જીવ' એને પદ કહેવામાં આવે છે. **'અને તે પદથી જે દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું નિશ્ચત કરવામાં આવે તે પદાર્થ છે.'** સમજાણું કાંઈ?

સાકર શબ્દ છે એ પદ છે અને એ બતાવે છે સાકર અર્થ પદાર્થને. સમજાણું કાંઈ? એમ જીવ બે અક્ષરનું પદ છે. અક્ષર, પદ અને શું કીધું? વાક્ય. એમ આવે છેને ત્રણ? ત્રણ વાવે છે. અક્ષર, પદ અને વાક્ય. અક્ષર એક અને બે થઈને જોડાઈને થાય પદ અને એનું આખું વાક્ય થાય, જીવ છે, જીવ છે. ઈ વાક્ય થઈ ગયું. સમજાણું કાંઈ? જીવ એ એક અક્ષર. બે થઈને પદ. છે, ઈ વાક્ય થઈ ગયું આખું. ... આ તો આ શબ્દમાંથી નીકળ્યું. **'અને તે પદથી જે...'** પદથી એમ શબ્દ બતાવે છેને. **'દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું...'** દ્રવ્યપર્યાયરૂપ. વસ્તુ આ દ્રવ્ય આત્મા અને એની પર્યાય. બે. દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપ, અનેક ધર્મસ્વરૂપ. અનેક ધર્મ થયાને? સમજાણું? દ્રવ્ય ધર્મ, પર્યાય ધર્મ એમાં ઘણા ધર્મ થયા.

**'અનેકાંતસ્વરૂપપણું...'** દ્રવ્ય દ્રવ્યપણે છે, પર્યાયપણે નથી. પર્યાય પર્યાયપણે છે દ્રવ્યપણે નથી. એવો જે **'અનેકાંતસ્વરૂપપણું નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે.'** જીવ વસ્તુ. **'એ જીવપદાર્થ...'** આ પહેલો બોલ. **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી સત્તાસ્વરૂપ છે,...'** ટીકામાં પરિણમન હતું અત્યાર સુધી પંડિતજી આપણા પંડિત પરિણમન લક્ષે કર્યું કે, અમે તો પરિણમન રાખ્યું છે પરિણમન કરતા ... પણ કહે છે, ફરવ્યું હમણાં. જુઓ, પહેલી લીટી. **'योऽयं नित्यमेव परिणामात्मनि'**. પરિણામ આત્મની સ્વભાવ. પરિણમન કરતા, પરિણામ સ્વભાવમાં સ્થિત એમ લેવું. સમજાણું કાંઈ?

પહેલું આવ્યું હતુને, જીવ કેવો છે? હેં? સદાય પરિણમન સ્વરૂપ એને ઠેકાણે એમ લેવું છે. સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો. પરિણામસ્વરૂપ--પરિણામ એટલે વસ્તુ, વસ્તુનો

ભાવ. સમજાણું કાંઈ? છેને? કેટલામી લીટી? (ટીકાની) પાંચમી. '**આ જીવ પદાર્થ કેવો છે?**' ત્યાં એમ કહ્યું કે, સદાય પરિણમનસ્વરૂપ. એને ઠેકાણે પાઠમાં એમ છે કે, '**नित्यमेव परिणामात्मनि**'. પરિણામસ્વરૂપ છે, પરિણામસ્વરૂપ છે. પરિણમનસ્વરૂપ નહિ. સમજાણું કાંઈ? પરિણામ કહ્યું છેને? પંચાસ્તિકાયની ... '**દ્રવ્ય આત્મલાભ હેતુ પરિણામઃ.**' પાઠ છે પરિણામ, અર્થમાં થઈ ગયું છે પરિણમન. સમજાણું કાંઈ? જયચંદ્ર પંડિતે પરિણામી લીધું છે. ...બરાબર છે. સદાય પોતાના પરિણામ એટલે વસ્તુ સ્વરૂપ. દ્રવ્યનો આત્મલાભ એ પરિણામ. શું કીધું? આ પરિણામ શુભ, અશુભ, શુદ્ધ એ નહિ. એ તો પર્યાય છે. શુભ ઉપયોગ, અશુભ ઉપયોગ કે શુદ્ધ ધર્મની પર્યાય કે મોક્ષની પર્યાય એ આ નહિ. એ તો પર્યાય છે. આ તો પરિણામ છે. પરિણામની વ્યાખ્યા એવી છે, ગુણરૂપ પરિણામની વ્યાખ્યા, ભાવરૂપ પરિણામની આ વ્યાખ્યા છે. એ પરિણામ એનું સ્વરૂપ એમ છે કે, દ્રવ્ય આત્મલાભ હેતુ. દ્રવ્યના સ્વરૂપની હયાતીરૂપ ભાવ એને પરિણામ કહેવામાં આવે છે. આ વ્યાખ્યા પણ જુદી. કહો, સમજાણું કાંઈ? આ તો બહુ પુરુષાર્થ કરવો પડશે એવું છે આ. અધ્ધર ને અધ્ધર એક કલાક સાંભળી જાય અને થઈ જાય એમ નથી ... એની સાથે લાગ્યા રહેવું પડે. સમજાણું કાંઈ? આત્માની સામે લાગ્યા રહેવું પડે.

કહે છે કે, એ પરિણામ છે એ પરિણામ. પરિણામની વ્યાખ્યા એ પર્યાયના પરિણામ એમ નહિ. એમ પરિણામ તો નથી કહેતા છોકરાનું આ પરિણામ છે? એ અહીં નહિ. એ વર્તમાન એનું ફળ. આ ભણ્યાનું પરિણામ નથી આવતું? ભણ્યા હોય અને પરીક્ષા કરે ને પછી પરિણામ આવે એનું. પાસ થયો કે નાપાસ થયો? કેટલા નંબર આવ્યો? લ્યોને. એ પરિણામ. એ પરિણામ આ નહિ. એમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના જે પરિણામ એ આ નહિ.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- બધા સમજવા પડેને. ... બધા સમજે છે કે નહિ? હેં? આહા..! આમાં આમાં આપ્યા તો કહે આ અમારા બેન આપ્યા છે તો બનેવી થાય. આમની બેન મારે ઘરે છે તો મારો સાળો થાય. એમ કહે છેને, એમ કહેતા નથી? એ.. જેઠાભાઈ! એમાંય ડબ્બલ ... કર્યા કરે છેને. આ થયુંને તમારે હમણાં? હિંમતભાઈનું નહિ? ન્યાલભાઈની દીકરી આપી એની દીધી નણંદ આને. હિંમતભાઈના દીકરા વેરે. મારવાડી પુના હવે આ થાય એનો કાકો, એને વેરે એની નણંદ એની થાય કાકી, આમ થાય નણંદ. ... સમજે છે કે નહિ? એક જ ઘડે રાખતા હશે? ભત્રીજી પહેલી પરણી. ... હવે એની નણંદ એ એના હિંમતભાઈના નાના દીકરા વેરે સગપણ કર્યું. આમ થાય કાકો એનો. દક્ષાનો કાકો થાય આ નિરંજન. શું નામ એનું? નિરંજન. નિરંજન નામ છે લ્યો! આમ થાય એનો કાકો અને આમ નણદોઈ થયો. હવે ઈ ... સમજાય છે કે નહિ બધી ભાષા? એને રસ છે એમાં. એમ આ રસ

હોય તો બધું એમાં દેખાય, આવ્યા વિના રહે નહિ. જાય ક્યાં? સમજાણું કાંઈ? જે અપેક્ષાએ કહ્યું એ અપેક્ષાએ જાણવું જોઈએ કે, અમારો બનેવી છે. બનેવી છે ... છે તો એની બેન છેને તારા વેરે. ... ...ભાઈ! થાય છે કે નહિ એમ? .... સામે સામે હોય. ન્યાં સમજી જાય. આહા..હા..! ઓલામાં અઢાર માત્રાની વાત નથી આવતી? અઢાર માત્રા (સંબંધ). એક અપેક્ષાએ તું મારો ધણી થા, એક અપેક્ષાએ તું મારો દેર થા, એક અપેક્ષાએ તું મારો દીકરો થા, એક અપેક્ષાએ તું મારો સાસરો થા. બોલ આવે છે હોં! અઢાર બોલ આવે છે. સમજાણું કાંઈ? સુવડાવે છે ત્યારે એને છ છ બોલે ઓળખાણ આપે છે. એક કોરથી ... ધણીને ... એક કોર ધણીનો તું ભાઈ છો માટે મારો દેર પણ થા એમ આવે છે એમાં ઘણા બોલ આવે છે. એવા ને એવાય અનંત વાર થયા છે, એમાં કાંઈ એ વાત નવી નથી. આહા..હા..!

અહીં કહે છે, પરિણામ શબ્દમાં આ ઠેકાણે ત્રિકાળી ભાવ લેવો. સમજાણું કાંઈ? અર્થ કર્યો હતો ત્યારે એને 'પરિણમન સ્વભાવમાં રહેલો' એમ કર્યું હતું. પરિણમન એટલે પર્યાય સ્વભાવમાં રહેલો એવો અર્થ કર્યો. કારણ કે, શબ્દ એવો પડ્યો છે માટે. પણ પછી ભાઈએ હિંમતભાઈએ કહ્યું, આ તો પરિણામ જોઈએ. પાઠમાં પરિણામ છે. '**नित्यमेव परिणामात्मनि स्वभावे**'. '**परिणामात्मनि**', પરિણામ સ્વરૂપે. આહા..! પોતાનું પરિણામ સ્વરૂપ જ હયાતીવાળો ભાવ. પરિણામ એટલે ધારી રાખેલો ભાવ, હયાતીવાળો ભાવ, વસ્તુનો સ્વભાવભાવ એને અહીંયાં પરિણામ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

કોઈ વખતે પર્યાયને પરિણામ કહે, કોઈ વખતે ધ્રુવને પણ પર્યાય કહે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ પર્યાયના ભેદ છે એમ આવે છેને ભાઈ? પ્રવચનસાર. એ તો કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએને. આહા..હા..! સમજાણું કાંઈ? સવારમાં તો એમ ચાલ્યું હતું કે, મોક્ષ છે એ બહિતત્ત્વ અને સાધ્ય કરવું હોય તો કહે મોક્ષ. એઈ..! આવે છેને નિયમસારમાં. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત બહિરતત્ત્વ છે. કેમકે પર્યાય છે, પર્યાય છે માટે બહિરતત્ત્વ છે. અંતઃતત્ત્વ તો ત્રિકાળી પરિણામભાવનું સ્વરૂપ એ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા એ અંતઃતત્ત્વ છે. એ અંતઃતત્ત્વની શ્રદ્ધા કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. પર્યાય તે બહિરતત્ત્વ. બાપુ! એ તો બધી વાતું એવી છે. એય શાંતિભાઈ!

વળી પાછા અમૃતચંદ્રાચાર્ય કહે, એ અહીં લ્યોને અહીંથી કે, જીવ પોતાના સ્વભાવરૂપ દર્શન, જ્ઞાન, ચારિત્રમાં પરિણમે. એક બાજુ કહ્યું કે, દર્શન-જ્ઞાન-ચારિત્ર એ બહિરતત્ત્વ છે, પર્યાય છે એ બહિરતત્ત્વ છે. એઈ..! કેમ? કઈ અપેક્ષા? ત્યાં ઓલું ત્રિકાળી તત્ત્વ નથી એ અપેક્ષાએ, આશ્રય કરવા લાયક નથી. પણ અનુભવવા લાયક છે એમ આપ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા બહિરતત્ત્વ અનુભવવા લાયક? એઈ..! ભાઈ! અનુભવમાં તો પર્યાય

આવે છેને. સંવર-નિર્જરાની શુદ્ધતા અનુભવમાં આવે, કેવળજ્ઞાનની પર્યાય એની પર્યાયનો અનુભવ હોય છે. સમજાણું કાંઈ? એને આશ્રય કરવા માટે અપેક્ષાએ એને બહિરતત્ત્વ કહ્યું, આશ્રય કરવા લાયક અંતરતત્ત્વ છે. પણ અનુભવવા લાયક તત્ત્વમાં પરિણમ્યો ત્યારે બહિરતત્ત્વમાં પરિણમ્યો એમ ન લેતા એના સ્વભાવની પર્યાયમાં પરિણમ્યો એમ કહે છે. આહા..હા..! અનેકાંત ચક્ર એવું છે કે, માથુ ફોડી નાખે અજ્ઞાનીનું. એઈ..!

મોક્ષનો માર્ગ જે અહીં દર્શન-જ્ઞાન-ચારિત્ર કહીએ એમાં પરિણમે એ સ્વસમય કહેવાય. એક બાજુ કહેવું કે, દર્શન-જ્ઞાન ને ચારિત્રના પર્યાય એ બહિરતત્ત્વ છે. કેમકે આખું તત્ત્વ જે અવ્યક્ત પર્યાયની અપેક્ષાએ, વસ્તુ અપેક્ષાએ વ્યક્ત પ્રગટ, એ પર્યાયની અપેક્ષાએ તેને અવ્યક્ત કહીએ અને વ્યક્ત તો આ પર્યાયને કહીએ. એ પર્યાય વ્યક્ત તે બહિરતત્ત્વ, અંતર ત્રિકાળી રસકંદ આખો એ અંતરતત્ત્વ. સમજાણું કાંઈ? ઝીણું, ઝીણું, ઝીણું. કેટલું ઝીણું કાંતવું આમાં?

એક કોર બહિર કહેવું અને અહીં કહે કે, એ તો પોતે સ્વસમય કહેવો એને. ભીખાભાઈ! ભાઈ! આનંદનો અનુભવ છે, મોક્ષમાર્ગનો અનુભવ છે એ અનુભવને જ આત્મા એક ઠેકાણે કહ્યોને પર્યાયને. એ આત્મા. એને અહીં કીધો પર્યાય, શુદ્ધ પરિણમનના પર્યાયવાળો તે સ્વસમય આત્મા. આહા..હા..! જિનપ્રવચન દુરગમ્યતા, થાકે અતિ મતિમાન. શ્રીમદ્ તો ઘણું કહ્યું પણ લોકો સાધારણ દરજ્જાનાને એટલે વાત સાધારણ આવી ગઈ. અને શ્વેતાંબર અને દિગંબરની કોઈ ભિન્નતા ન આવી એટલે જરી... સમજાણું કાંઈ? ઓલું બહાર પોતાની હયાતી હોત તો આવું ન થવા દેત. લ્યો, ... કહેતા હતા ઈ. વસ્તુ તો જે સનાતન સત્ય છે તે સત્ય છે. પહેલાં ભલે આવી ગયું હોય. સમજાણું કાંઈ?

કહે છે, એકકોર અમૃતચંદ્રાચાર્ય મહારાજ એમ કહે સાધ્યસાધકની વ્યાખ્યા કરતા, સાધ્ય તે જીવને મોક્ષ છે અને સાધક એ એનો કારણરૂપ પર્યાય તે સાધક છે. પૂર્ણ પર્યાય તે સાધ્ય છે. એક બાજુ કહે કે, મોક્ષની પર્યાય પણ બહિરતત્ત્વ છે. આહા..હા..! અગમ્યગમ્યની વાતું છે આ તો. અગમ્યગમ્યની હોં! અગમ્ય ગમ્ય થઈ શકે છે. ન સમજાય એવી વાત નથી. થોડી એણે મહેનત કરવી જોઈએ ભાઈ. ભગવાનનો માર્ગ છે આ તો પરમેશ્વરનો. એવો જ માર્ગ છે, બીજો માર્ગ હોઈ શકે નહિ. આ રીત સિવાયની કોઈ પણ રીત બીજી કરવા જાય તો તત્ત્વ રહેશે નહિ. એવા સર્વજ્ઞ પરમાત્માના માર્ગમાં જ આ વાત છે. આહા..હા..! પહેલેથી જ ઉપાડે છે બધું, સર્વને જાણનાર, સર્વને જાણનાર એવું કેવળજ્ઞાન, એને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ. આહા..હા..! એ પોતે દર્શન, જ્ઞાનના સ્વભાવથી અસ્તિવાળું તત્ત્વ છે. એ તો કહ્યું, દર્શન-જ્ઞાનનો અસ્તિત્વવાળું તત્ત્વ છે. પરિપૂર્ણ દર્શન ને પરિપૂર્ણ જ્ઞાન એટલે સર્વ દર્શન અને સર્વ જ્ઞાન એવા સ્વભાવની હયાતીવાળો એ પદાર્થ છે. કહો, આ

પરિણામ ઉપરથી નીકળ્યું. પહેલા બોલમાં. ક્યા કહેતે હૈં? હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- પરિણામ સ્વરૂપ.

તારો સ્વભાવ ભગવાન પરિણામ સ્વભાવ છે. પરિણામ એટલે એકરૂપે ત્રિકાળી હયાતીવાળો ભાવ એને અહીંયાં પરિણામ કહેવામાં આવે છે. અને એ પરિણામ જ, એ પરિણામ જ અંતઃતત્ત્વ છે. અને આ ચરિત, દર્શન, જ્ઞાન, ચારિત્રના જે પરિણામ એ બહિરતત્ત્વ છે. એ આશ્રય કરવાની અપેક્ષાએ. પણ અનુભવની અપેક્ષાએ, આનંદના અનુભવની અપેક્ષાએ પોતાનું સ્વપણું છે એમ સિદ્ધ કરવું છે. આહા..!

મોક્ષમાર્ગમાં તો એમ કહ્યું લ્યોને કે, સંવર તે ઉપાદેય છે, નિર્જરા તે હિતકર છે, મોક્ષ તે પરમ હિતકર છે, બંધ તે અહિતકર છે, આસ્રવ તે હેય છે. આટલા ભેદ પાડ્યા છે, ટોડરમલ્લજીએ મોક્ષમાર્ગપ્રકાશકમાં. સમજાણું કાંઈ? અહીં કહ્યું નિયમસારમાં કે, સાત તત્ત્વ તે બહિરતત્ત્વ છે માટે હેય છે. અંતરતત્ત્વ એક કારણપ્રભુ પોતે તે ઉપાદેય છે. અહીં કહ્યું કે, એ કારણ તત્ત્વ એવો જે પરિણામ સ્વભાવ ભાવવાળો પદાર્થ પોતાનું શુદ્ધપણાનું પરિણમન કરે તેને અહીંયાં સ્વસમય એટલે આત્મા કહેવામાં આવે છે. સંવર-નિર્જરાની પર્યાયવાળો આત્મા કહેવામાં આવે છે. અને ભેદજ્ઞાનમાં એમ કહ્યું, સંવર (અધિકારમાં) કે, જે આત્મા એનો આધાર, શુદ્ધ પર્યાય તેનો આધાર છે. એક કોર કહેલું કે, પર્યાયનો આધાર આત્મા છે, બીજી બાજુ કહેલું કે, એ આત્માનો આધાર શુદ્ધ પરિણામ છે. કેમકે શુદ્ધ પરિણામને આધારે આ આ દ્રવ્ય છે એમ જણાય છે. સમજાણું કાંઈ?

એવા જ્ઞાનીના ગમમાં જે રીતે સમાય તેમ સમાડવા. એમાં ભાઈ આવતું આમાં. ... તત્ત્વની વાત નહિ. ... જ્ઞાનીના ગમમાં જે નાખે તે સમાય. સમજાણું? કહેતા હોં! જ્ઞાનીના ગમમાં જે નાખે... એમ ન હોય. જ્ઞાનીના ગમમાં જે રીતે કીધા છે એ રીતે સમાવ. અહીં કહે છે, આવો જીવ નામનો પદાર્થ. સમજાય છે? '**તે પદથી જે દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે.**' હવે એ પદાર્થને આ સાત બોલે કહેશે. એમાં આ એક બોલની થોડી વ્યાખ્યા આવી.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૫, મંગળવાર, તા. ૨૩-૧૧-૧૯૭૧
## ગાથા-૨-૩, પ્રવચન-૧૭

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર. ૨ ગાથા એનો ભાવાર્થ : **'જીવ નામની વસ્તુને પદાર્થ કહેલ છે.'** આ શરૂઆત જ કરે છે હજી, જીવો. આત્માનો અધિકાર છેને એટલે આત્મા કેવો છે? એ **''જીવ' એવો અક્ષરોનો સમૂહ તે 'પદ' છે...'** જીવ, જીવ. એ એક અક્ષર થયો, બે થઈને પદ થયું, શબ્દ થયો. અને તે પદથી એને આ ખુલાસો કરવો હતો કાલે. **'દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે.'** એનું ... પાઠ છેને? **'जीवो चरित्तदंसणणाणठिदो'** જીવ તે દ્રવ્ય અને એનું પરિણમન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એમાંથી અનેકાંતપણું સિદ્ધ કર્યું. ... ઈ પાઠ જ એવો છેને. **'जीवो'** એ દ્રવ્ય થયું. **'चरित्तदंसणणाणठिदो'** એ પર્યાય થઈ, ઓલું દ્રવ્ય થયું. પહેલેથી જ આ વાત ઉપાડી છે. સમયસારની....

**'તે પદથી જે દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું...'** અનેકાંત એટલે દ્રવ્ય, દ્રવ્યપણે છે ને દ્રવ્ય પાછું પર્યાયપણે પણ છે. પર્યાય ભલે પર્યાયપણે પર્યાય છે, દ્રવ્યપણે દ્રવ્ય છે. બે ધર્મોનું અનેકાંતપણું સિદ્ધ કર્યું. એકાંત દ્રવ્ય જ છે એમ નહિ અને એકાંત પર્યાય છે એમ નહિ. એથી અહીં ... **'जीवो चरित्तदंसणणाणठिदो'** ... એ **'जीवो'** ધ્રુવ દ્રવ્ય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં સ્થિતો **'जीवो ठिदो'** એ પર્યાય થઈ. દ્રવ્ય અને પર્યાય અનેકાંતસ્વરૂપ છે. સમજાણું કાંઈ? આ દ્રવ્ય ને પર્યાય ને અનેકાંત કોઈ દિ' સાંભળ્યું હતું ત્યાં? ભોગીભાઈ! ન્યાં સાંભળ્યું હતું ન્યાં ...? જલગાંવમાં. અપ્પાણં આત્મા થયો, વોસરામી અશુદ્ધ પર્યાયને વોસરામી એ પર્યાય થઈ.

અહીંયાં તો પાધરી વાત જ ઉપાડી. સમયસારમાં ભગવાન સર્વ સિદ્ધોને અંતરમાં આદર કરીને પોતાને પણ આદર કરાવીને આ સમયસાર શરૂ કરે છે ભગવાન કુંદકુંદાચાર્ય. એ ભગવાન મંગલં ભગવાન વીરો, પછી તરત જ સ્થાન આવ્યું ગણધરનું, પછી ત્રીજે સ્થાને આવ્યા કુંદકુંદાચાર્ય. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં. કહે છે, એ જીવ નામનો પદાર્થ, **'તે પદથી દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું નિશ્ચિત કરવામાં આવે છે તે પદાર્થ.'** જીવ જીવદ્રવ્યપણે છે અને તે પર્યાયપણે પણ છે. પર્યાયપણે પણ છે. જીવ છેને? જીવ પર્યાય, બે લેવું છેને અહીંયાં? જીવ એ વસ્તુ દ્રવ્ય થઈ. પછી

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રન એ પર્યાય એ તો પરિણામ થયા. સમજાણું કાંઈ? એવું એ પદથી જે દ્રવ્યપર્યાયરૂપ. વસ્તુરૂપ અને પરિણમરૂપ એવું અનેકાંતસ્વરૂપપણું નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે. પાછું જો નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ. આહા..હા..! બેનો નિશ્ચય કરવામાં આવે એ નિશ્ચિત કરવામાં આવે પર્યાયમાં. સમજાણું કાંઈ? આવી વાતું, ભાઈ!

કાલે કહ્યું હતું, ... જેમ જેનામાં જે નથી એનાથી એ ન પમાય. એટલે આત્મામાં પુણ્ય અને પાપના વિકલ્પો નથી તો એનાથી ન પમાય. હવે વળી પાછું કહ્યું કે, જેનામાં એ નથી એનાથી પમાય. એઈ..! દ્રવ્ય અને પર્યાય. એ દ્રવ્યમાં પર્યાય નથી. એ પર્યાયના પુણ્ય-પાપના વિકલ્પો વિકારો પણ નથી. એથી એ પુણ્યની વ્યવહારીક ક્રિયાથી આત્માની પ્રાપ્તિ થાય એવો નથી. તેમ એની પર્યાય જે છે નિર્મળ અને દ્રવ્ય, એ દ્રવ્યમાં પર્યાય નથી, છતાં એ પર્યાયથી જ પ્રાપ્ત થાય. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? દ્રવ્યથી દ્રવ્ય પ્રાપ્ત ન થાય. .... આ તો ન્યાયથી વાત છે. આ તો ઓલામાં ચિદ્‌વિલાસમાં છે. ચિદ્‌વિલાસમાં શરૂઆતમાં (આવે છે કે) અનિત્યથી નિત્યનો નિર્ણય થાય છે. અનિત્યથી દ્રવ્યના સ્વભાવનો નિશ્ચય થાય છે. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? કહે છે, કહો, આમાં આવે હીરા-માણેકની છેને તમારી પરીક્ષા? એ ચીમનભાઈ! આ જુદી જાતની પરીક્ષા છે. ધૂળમાં છે, કાંઈ ન મળે. આહા..હા..!

કહે છે કે, એક દ્રવ્યપર્યાયરૂપ... આત્મા બે રૂપે છે. દ્રવ્યરૂપે છે અને પર્યાયરૂપે છે. એ અનેકાંતસ્વરૂપપણું બે ધર્મો થયા એના. એક દ્રવ્યરૂપી ધર્મ સ્વભાવ, એક પર્યાયરૂપી ધર્મ સ્વભાવ. અનેકાંત એટલે અનેક અંત એટલે ઘણા ધર્મો. અનેક એટલે ઘણા, અંત એટલે ધર્મ. એટલે બે ધર્મ થયાને એ? એટલે અનેક થઈ ગયો તો ધર્મ થઈ ગયા એના. એક જ ધર્મ ન રહ્યો. સમજાણું કાંઈ? .... રાત્રે દરિયાપરી સાધુ આવેલા. પછી માંડે, 'ભુધરજી તમને ભૂલ્યો રે..' આ તો ૭૦ વર્ષ પહેલાની વાતું છે. દુકાન બંધ કરીને જાઈએ. સંભળાવો. ... 'ભુધરજી તમને ભૂલ્યો રે.. કૂતરાના ભવમાં મેં ખાધા કટકા, પણ ભૂખના વેઠ્યા ભડકા રે...' આવું ગાતા ઈ. અમે દુકાનેથી જઈએ, સાંભળીએ. અમારે તો મહારાજ કહેવાયને. જાધવજીભાઈ! એવું સાંભળતા. આ તો માર્ગ બીજો નીકળ્યો. આહા..હા..!

કહે છે કે, સમયસારની શરૂઆત કરતા હું સમયસાર કહીશ એમ કીધું છેને પહેલી ગાથામાં. '**वोच्छामि समयपाहुडम**'--સમયસારને હું કહીશ. શ્રુતકેવળી અને કેવળીએ કહેલું. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ કેવળી અને તેના સમીપમાં રહેનારા સાક્ષાત્ સુણનારા અને પછી સાક્ષાત્ અનુભવ કરનારા એમણે કહેલું હું સમયસાર કહીશ. નહિતર પોતે પણ સીધુ કહી શકે છે. સમજાણું? છતાં સર્વજ્ઞ પરમેશ્વરે કેવળીએ કહેલું ભાઈ! અને શ્રુતકેવળીઓ સમીપમાં રહેનારાએ અનુભવેલું એવા સમયસારને હું કહીશ. એમ કહેતા પહેલો જીવ ઉપાડ્યો કે, જીવ ભગવાને

કેવો કહ્યો છે? કે, જીવ એ દ્રવ્ય છે, વસ્તુ. એ એના દર્શન-જ્ઞાન-ચારિત્રના જે પરિણામ-પર્યાય છે, જે મોક્ષનો માર્ગ છે એ પર્યાય છે. એમાં એ જીવ રહે છે એને ખરેખર સ્વસમય એટલે આત્મા તેને કહેવામાં આવે છે. આ તો સમયસાર તો કેવળીએ કહેલું તત્ત્વ અજોડ છે. સમજાણું કાંઈ? એના એક એક શબ્દમાં ઘણી ગંભીરતા! શ્રીમદ્દે કહ્યું છેને, જ્ઞાનીના એક વાક્યમાં અનંત આગમો રહ્યા છે. હેં? એક 'જીવ' શબ્દ કહેતા, આત્મા એને કહીએ કે, જે આત્મા જેવો પોતે શુદ્ધ છે, પવિત્ર છે, આનંદસ્વરૂપ છે એવો જ આત્મા શુદ્ધ આનંદપણે પરિણમે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ એટલે કે આનંદપણે પરિણમવું. આહા..હા..! સમજાણું કાંઈ? એવો દ્રવ્યપર્યાયરૂપ. આખો પ્રમાણનયથી લીધોને આખો. આખો ઈ કોને કહેવો એ પછી પ્રશ્ન. સમજાય છે કાંઈ? પણ વસ્તુ આવી છે. પહેલી વસ્તુનું અસ્તિત્વ સત્ પદ પ્રરૂપણા. જેવું સત્ છે એવું પહેલું પ્રથમ સમજાયા વિના પછી એનો આશ્રય કોનો કરવો અને કોને આશ્રયે દશા પ્રગટ થાય એ પછી. સમજાણું કાંઈ? કહે છે કે, એવો સ્વસમય કેવો? ચેતનજી! ચોથે ગુણસ્થાનથી સ્વસમયની શરૂઆત થઈ જાય. અહીં ભલે ચારિત્રસહિત લીધું છે. સમજાણું કાંઈ? છે, ત્રણેય છેને. કળશટીકામાં લીધું છે કે ભાઈ! તમે આ સમ્યગ્દર્શનની એકલી વાત કરો છો, તો મોક્ષમાર્ગ તો ત્રણ છે. ભગવાન! આત્મા વસ્તુની અનુભૂતિમાં ત્રણેય આવી જાય છે. છે એમાં બે-ત્રણ ઠેકાણે છે.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ખબર છેને. બધે ઠેકાણે એ તો જે હોય એ આવેને, બીજું શું આવેય આહા..!

કહે છે કે, પ્રભુ આત્મા દ્રવ્ય વસ્તુ છે એ પોતાના પરિણમનમાં, પોતાની જાતની પરિણમન દશા, શુદ્ધ સ્વભાવનું પરિણમન એમાં એ આવે છે ત્યારે તેને ખરેખર આત્મા કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ તરીકે હોય એમાં શું થયું પણ? વસ્તુ ભાન આવ્યા વિના આ આવી છે, આ ચીજ આવી છે એ તો પર્યાય દ્વારા અનુભવમાં આવે. દ્રવ્ય દ્વારા દ્રવ્યનો અનુભવ હોઈ શકે નહિ. આવી અનેકાંત વસ્તુ કહે છે કે, પર્યાય દ્રવ્યમાં નથી છતાં પર્યાય દ્વારા જાણવામાં આવે. એનામાં નથી એના દ્વારા જાણવામાં આવે. આહા..હા..! ઈ ઉપાડ્યું પરિણમન પર્યાય અને દ્રવ્ય. સમજાણું કાંઈ? એવી વાત વાસ્તવિક તત્ત્વને જેણે પૂર્ણ લક્ષમાં લીધું છે એવા સર્વજ્ઞ સિવાય આ રીતની પદ્ધતિ જ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? કેમકે સર્વજ્ઞપણું એ પણ પર્યાય છે. સમજાણું કાંઈ?

પહેલો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આવે છે એટલે પછી પૂર્ણ કેવળજ્ઞાન દશામાં આવે છે. અને તે કેવળજ્ઞાન દ્વારા દ્રવ્ય જણાય છે, દ્રવ્ય દ્વારા દ્રવ્ય જણાતું નથી. આહા..! છતાં કહેવાય એમ કે, દ્રવ્યમાં જે જ્ઞાન દર્શન છે.. એ આવશેને આમાં, નિયમસારમાં, તેનો સ્વભાવ જે છે એ પોતાને જાણવાનો એનો સ્વભાવ છે. એ પોતાના કારણ પરમાત્માને

જાણે અને પોતાને પણ જાણે. એ જાણવું એ કાંઈ ન્યાં કાર્ય નથી. એની શક્તિ એવી છે એથી કહ્યું છે. ત્રિકાળ વસ્તુમાં જે દર્શન-જ્ઞાનસ્વભાવ છે એનો જાણવાનો પોતાનો આખો કારણ પરમાત્મા અને પોતે એને જાણવાનો એનો સ્વભાવ છે. એ કાર્યરૂપ નહિ, ત્રિકાળ સ્વભાવ છે. આવે છેને, ઉપયોગ અધિકારમાં આવે છે, ઈ હવે આવશે. એમાં ઉપયોગ નહિ. જ્ઞાનચેતના ત્રિકાળી. પોતે પોતાને જાણે કારણપણું, વસ્તુ છે એને જાણે. આનો શબ્દ ન્યાં કાર્યરૂપ નથી, એનો સ્વભાવ જ એવો છે. પણ એ સ્વભાવ આવો છે એવું જાણવાનું પર્યાયમાં થાય છે. સમજાણું કાંઈ? બદલતી અવસ્થામાં એ થાય. અજ્ઞાનપણું અને રાગનું એકત્વ હતું એ છૂટ્યું ત્યારે એને પર્યાયમાં આ દ્રવ્ય આવું છે (એમ જણાયું). આહા..હા..!

જૈન દર્શન એટલે વસ્તુ દર્શન, એ સ્વદર્શન. આવું તત્ત્વ જ છે, આવું ન હોય તો કોઈ રીતે એકેય મેળ નહિ થાય. સમજાય છે કાંઈ? આ '**પદથી જે દ્રવ્યપર્યાયરૂપ...**' દ્રવ્ય પર્યાયરૂપ આખું '**અનેકાંતસ્વરૂપપણું...**' અનેક અંત. અનેક એટલે ઘણા, અંત એટલે ધર્મ. ઘણા ધર્મ સ્વરૂપપણું નિશ્ચિત કરવામાં આવે તેને પદાર્થ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો હળવે હળવે ઘુંટીને ચાલે છે આ વાત. એઈ..! એમ છે લ્યો! આ તો ૧૭મી વાર ચાલે છે આ. ગજબ વાત છે! અમારે આ કાપડીયા લખેને, કાપડિયા નથી લખતા? ગજબ છે એમ બોલે છે. એની ભાષા ... અહીં તો ગજબ .. છે, ગજબ છે.

અહીં કહે છે કે, બાપુ! આહા..હા..! તારા સ્વરૂપની ચીજ જ કોઈ અદ્‌ભૂતા અદ્‌ભૂત વિસ્મયકારી છે. પાછળના શ્લોકમાં આવે છેને. કહે છે કે, દ્રવ્યપર્યાયસ્વરૂપ. સ્વરૂપ કહો કે રૂપ કહો. એનું અનેકાંતસ્વરૂપપણું. અહીં રૂપ કહ્યું ત્યારે અનેકાંતસ્વરૂપણું નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ. કહો, સમજાણું કાંઈ? જ્યારે એનો નિર્ણય કરવો છે એ તો પર્યાયમાં નિર્ણય આવે છે અને કરવો છે નિર્ણય દ્રવ્યનો. સમજાણું કાંઈ? કે, દ્રવ્ય આવું છે. સમજાણું કાંઈ?

મારામાં પર્યાય નથી એમ પણ નિર્ણય શેમાં આવ્યો? દ્રવ્યમાં આવે? નવનીતભાઈ! આ તો માખણ છે આ. કહે છે, હું એક ધ્રુવ તત્ત્વ છું. અનાદિઅનંત નિત્ય હું તે હું છું. શેમાં પણ આવ્યું ઈ? પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં એમ આવ્યું. હાલત એમ કહે છે કે, હું ધ્રુવ છું. હવે હાલત છે પર્યાય. હું એક ધ્રુવ છું, મારામાં પર્યાય નથી. એ પર્યાય પોતે નિર્ણય કરે છે કે, હું આ ધ્રુવ છું, આમાં હું નથી. અરે..! ગજબ વાત છે! સમજાણું કાંઈ? એવું જ દ્રવ્યપર્યાય અનેકાંતસ્વરૂપ નિશ્ચિત કરવામાં આવે એને અહીં પદાર્થ કહેવામાં આવે છે. હવે સાત બોલ.

'**એ જીવપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી સત્તાસ્વરૂપ છે,...**' જે આ પરિણામ, પરિણામની વ્યાખ્યા આવીને. સાંખ્યમતમાં પરિણામી પરિણામસ્વભાવ કહેવાથી, પરિણામસ્વભાવ કહેવાથી સાંખ્યમતનો ... પરિણામ તો ત્રિકાળને ... આ તો પાછો બીજો બોલ આવ્યો

એટલે જરી... પરિણામ પણ પરિણામ ત્રિકાળી છેને વસ્તુ. એમ જ્યારે પહેલા બોલમાં એમ આવ્યું કે, પરિણામસ્વભાવ હોવાથી, પરિણામ સ્વભાવમાં રહેલો હોવાથી એમ છેને. પરિણામ સ્વભાવમાં રહેલો એટલે ધ્રુવ સ્વભાવમાં રહેલ હોવાથી ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત છે. રહેલો છે ત્રિકાળમાં. રહેલો (એટલે) પર્યાયમાં રહેલો એમ નથી ત્યાં. પરિણામ સ્વભાવમાં રહેલો હોવાથી એટલે ત્રિકાળી જે દ્રવ્યસ્વભાવ, પરિણામ એટલે વસ્તુના સ્વરૂપની હયાતીરૂપ ભાવ એને અહીંયાં પરિણામ કહેવામાં આવે છે. પર્યાયરૂપી પરિણામ નહિ. સમજાણું કાંઈ?

પણ એ પર્યાય એમ નિર્ણય કરે છે કે, આ વસ્તુ દ્રવ્ય આત્મ, દ્રવ્ય આત્મલાભ- દ્રવ્યના સ્વરૂપની હયાતી, આ વસ્તુની હયાતી, એના સ્વભાવભાવની હયાતી, એના પરિણામ ભાવરૂપ સ્વભાવભાવની હયાતી એ દ્રવ્ય છે એમ પર્યાય નિર્ણય કરે છે. આહા..હા..! ભારે ઝીણું ભાઈ! આ એટલા બધા સામાયિકના પોહા ને પડિકમણા કરતા તો કરે, રખડી મરે. આહા..! કહો, પંડિતજી! આ દિગંબરમાં ખાવું ને પીવું ને આ આમ કરવું ને તેમ કરવું. ઓલામાં સામાયિક પોષા ને ઓલામાં હોય જાત્રા ને શેત્રુંજયની જાત્રા ... કરવી લ્યો! એના પેટામાં રહીને સિદ્ધચક્રની પૂજા કરવી, ન્યાં સાધુને હોય શેત્રુંજયની જાત્રા કરી. એઈ ચેતનજી! હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ... તમે તો પાલીતાણામાં હતા. પાલીતાણામાં એમ કે જાત્રા કરીએ અને ન્યાંના સાધુ ... એવું આવે છે. ... આવે છે ને ક્ષેત્રુંજય માહાત્મ્ય એમાં ઈ આવે છે. આહા..હા..! અરે..રે..! ક્યાં માણસને...

ભગવાન આત્મા શેત્રુંજય દ્રવ્યસ્વરૂપ એને પર્યાયે નક્કી કરવો એ શેત્રુંજય ઉપર ચડ્યો, આરૂઢ થયો. આરૂઢ થનારી પર્યાય આરૂઢ થાય છે. દ્રવ્ય એ દ્રવ્ય આરૂઢ થતું નથી. આહા..હા..! જીવપદાર્થ પરિણામ સ્વભાવ હોવાથી, અથવા પરિણામ સ્વભાવમાં રહેલો હોવાથી, રહેલો એટલે ન્યાં એ પર્યાય નથી કાંઈ. ત્રિકાળ. ... પરિણમન શબ્દ કર્યો છેને, એટલે આ વધારે સ્પષ્ટ થાય છે. બે ઠેકાણે પરિણમન કર્યું છે. એ જીવવસ્તુ પરિણામ સ્વભાવમાં ત્રિકાળી રહેલી છે અને તે ઉત્પાદ-વ્યયપણે પરિણમે છે. સમજાણું કાંઈ? ઓલો પરિણામભાવ ધ્રુવ છે અને ઉત્પાદ-વ્યય તે પર્યાય છે. ત્રણનું એકપણું તે સત્તા છે. સમજાણું કાંઈ? ઉત્પાદવ્યયધ્રુવયુક્તમ સત્. એવો સિદ્ધાંત ઉમાસ્વામીનો છે. ઓલાએ વળી એમ કહ્યું, ... જુઓ, ઉમાસ્વામી જેવાએ એમ કહ્યું કે, પરસ્પર ઉપગ્રહ જીવાનામ કહ્યું છે, ન્યાં જૈનાનામ નથી કહ્યું. જૈનાનામ નથી, જીવાનામ. દરેક જીવને પરસ્પર ઉપકાર કરવો. ગજબ કરે છેને. ન્યાં કેમ જૈનાનામ નથી કહ્યું? કે, જૈનોને જ ઉપકાર કરવો. જીવાનામ બધા જીવોનો ઉપકાર કરવો. ઉમાસ્વામી જેવા કુંદકુંદાચાર્યના શિષ્ય તત્ત્વાર્થસૂત્રમાં જૈન દર્શનનું રહસ્ય .. ભર્યું ઈ એમ કહે છે. અરે..! ભગવાન!

.... આપણે ગમે તેને પણ ઉપકાર કરવો એવું જ એનું સ્વરૂપ જીવનું છે. એમ કહે છે. ....

અહીં તો એનો સ્વભાવ ઉત્પાદ, વ્યય ને ... ધ્રુવ સ્વરૂપ છે. એનો સ્વભાવ કોઈનો ઉપકાર કરે અને કોઈથી લે એવો તો સ્વભાવ છે નહિ. આહા..! શું થાય? લુંટાણા છેને, ધર્મને નામે લુંટાણા છે. વાસ્તવિક તત્ત્વની સ્થિતિ એની મર્યાદા કેટલામાં અને શું એની મર્યાદા છે એની ખબર વિના ક્યાંકનું આમ કરી દે અને એનાથી અહીં કરે. અહીં તો કહે છે, દ્રવ્યપર્યાય ઉત્પાદ-વ્યય-ધ્રુવની સત્તા સ્વરૂપ છે. એનું ઉપજવું, વિણસવું પર્યાયનું, ધ્રુવનું રહેવું એ તો સ્વરૂપ પોતાનું છે. પરને લઈને ઉપજે અને પરને લઈને વ્યય ઉત્પાદ થાય અને પરને લઈને ટકી રહે એમ તો છે નહિ. આહા..! સત્તાસ્વરૂપ છે. એક બોલ.

બીજો બોલ. '**દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ છે,...**' એટલે ત્યાં એમ લીધું હતું કે ચેતનાસ્વરૂપ ત્રિકાળ અને દર્શન-જ્ઞાન એનું પરિણમન. શું કીધું? ચેતન, ચેતન, ચેતના ત્રિકાળ એ ધ્રુવ, એ દ્રવ્ય. એનો ગુણ કહો કે દ્રવ્ય કહો. અને એનું પરિણમન એ પર્યાય. એ પણ અનેકાંત થઈ ગયું. સમજાણું કાંઈ? દર્શનજ્ઞાનમય ચેતનાસ્વરૂપ ... એનું પાછું પરિણમન દર્શનજ્ઞાન. દર્શન-જ્ઞાન ધ્રુવ છે, ભગવાન આત્માનો દર્શન-જ્ઞાન નિત્ય સ્વભાવ છે પણ એ પરિણમન દ્વારા ખ્યાલમાં આવે છે. એટલે પર્યાયનું પરિણમન એ પર્યાય થઈ. કાયમનો જે ચેતનાગુણ એ દ્રવ્ય થયું અથવા ગુણ થયો. ગુણ અને દ્રવ્ય બેય .. એ દ્રવ્યપર્યાયરૂપ થઈ. સમજાણું કાંઈ?

'**અનંતધર્મસ્વરૂપ દ્રવ્ય છે,...**' વળી, એક વસ્તુ તે અનેક ગુણવાળી છે. અનેક ગુણવાળી હોવા છતાં એક છે. સમજાણું કાંઈ? દ્રવ્યદષ્ટિએ એક છે, અનેક ગુણવાળી છે એ પર્યાયદદષ્ટિએ અનેક છે. એ અનેકાંત થયું. અનેક ધર્મ થયા. સમજાણું કાંઈ? અનંતધર્મસ્વરૂપ એટલે કે એમાં અસ્તિત્વ, વસ્તુત્વ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ એવા સ્વભાવ એવો ધર્મ, ધર્મ નામ વસ્તુએ ધારી રાખેલા ભાવ. એવા અનંત ભાવસ્વરૂપ દ્રવ્ય છે વસ્તુ. દ્રવ્ય હોવાથી વસ્તુ છે. એ અનંત ગુણવાળું જેણે અનંત ગુણને ધાર્યા છે એવી એક વસ્તુ છે. વસ્તુ તરીકે એક છે અને અનંત ગુણ તરીકે અનેક છે. આહા..! એ પણ દ્રવ્ય અને પર્યાય થઈ ગઈ. સમજાણું કાંઈ?

'**ગુણપર્યાયવાળો છે,...**' એ બોલ છે. સમજાણું? એ ગુણપર્યાયવાળો છે એમ આવ્યું હતુંને? એના ગુણ અને પર્યાયવાળો દ્રવ્ય છે. સહવર્તી વસ્તુમાં ગુણો એકસાથે રહેનારા, દ્રવ્ય સાથે રહેનારા એમ નહિ. ગુણો એકસાથે રહેનારા એ સહવર્તી. અહીં ક્રમવર્તીમાં ... ભગવાન આત્મામાં એકસાથે રહેનારા અનંતા ગુણો, ગુણો એકસાથે રહેનારા અને એની પર્યાય ક્રમે થતી, અવસ્થા ક્રમે ક્રમે થાય એવા એ વસ્તુએ ગુણ અને પર્યાય અંગીકાર નામ ગુણ

ને પર્યાય સ્વરૂપે છે. એ અનેકાંત થયું. ગુણો કાયમ રહ્યા, પર્યાયરૂપે ક્રમે ક્રમે ભિન્ન (થાય છે). ઓલું અક્રમ અને ક્રમ, જુઓ અનેકાંત આવ્યું. સમજાણું કાંઈ? વસ્તુ અક્રમ અથવા ગુણ અક્રમ ને પર્યાય ક્રમ એવા બે ધર્મો એના છે. સમજાણું કાંઈ? હવે આ બિચારા સાધારણ માણસને આ? ગામડાના માણસ હોય એને... પણ ગામડાનો માણસ જ નથી, એ તો આત્મા છે. એ ગામડાના નથી ને શહેરનોય નથી. આહા..હા..! એ તો એનો છે ઈ. એઈ..! ગુણ પર્યાયવાળો છે. ક્રમે ક્રમે થતી દશાઓ એ, એ વાળો છે. ક્રમે ક્રમે થતી દશાઓ એ વાળો છે. અક્રમે થતાં રહેલા ગુણો એ વાળો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- અનેકાંત થયુંને. ક્રમે ક્રમે થવું, આ ક્રમે રહ્યું એમ એકરૂપ ન રહ્યું. બે પ્રકારના ધર્મ થઈ ગયા. વચ્ચે શબ્દ આવી ગયો છે. સમજાણું કાંઈ? આહા..હા..! શબ્દે શબ્દે એ વસ્તુ ... સાબિત કરી છે. એવી રીતે છે. ગુણ પર્યાયવાળો છે. કોણ? જીવ. એમ કહેવું છેને અહીં.

'**તેનું સ્વપરપ્રકાશકજ્ઞાન અનેકાકારરૂપ એક છે,...**' લ્યો! ઈ બે આવ્યા. જ્ઞાનમાં બધું જણાય છતાં એકરૂપ જ્ઞાન રહે છે. જ્ઞાન ખંડ ખંડ થઈ જતું નથી. આહા..હા..! સ્વપરપ્રકાશકજ્ઞાન બહુ આવશે આપણે આ અધિકારમાં. સવારનો અધિકાર છેને. સ્વપરપ્રકાશક કહ્યું એટલે નિશ્ચયથી, વ્યવહારથી જ્ઞાન, દર્શન ને આત્મા ત્રણેય સ્વપરપ્રકાશક છે ને.. ખુબ આવશે એમાં. સ્વપરપ્રકાશકજ્ઞાન, અહીં જ્ઞાનની મુખ્યતા લીધી છેને. જ્ઞાન સ્વને જાણે, પરને જાણે. સ્વઆકારરૂપે થાય, પરના સંબંધીના જ્ઞાન આકારે અનેક આકારરૂપ થાય છતાં તે એકરૂપ રહે. એ પણ દ્રવ્ય ને પર્યાય થઈ.

'**વળી તે (જીવપદાર્થ) આકાશાદિથી ભિન્ન અસાધારણ ચૈતન્યગુણસ્વરૂપ છે...**' આકાશ આદિ પાંચ જે પદાર્થો છે એના જે ગુણો છે એમાં આનો અભાવ છે. એ અસ્તિ-નાસ્તિ અનેકાંત થયું. સમજાણું કાંઈ? ... કહો, સમજાણું કાંઈ? જરીકેય સાંભળવાને લાયક નથી. ... સમજાણું કાંઈ આમાં? આ ... આ સમજાય નહિ અને કાં અમે સમજ્યા છીએ એટલે એને અભિમાન હોય સમજ્યાનું. એટલે નવું સમજવાનું કાંઈ રહ્યું નહિ. અભિમાન છે. અજ્ઞાનમય અભિમાન છે. સમજાણું કાંઈ? આકાશ આદિથી અરે..! ભિન્ન ભિન્ન કાળે, ભિન્ન ભિન્ન પર્યાયનું જે કથન એને ભિન્ન ભિન્ન કાળે તે રીતે એને જાણવું જોઈએ. આવું આ ... કહે છે, આકાશાદિથી ભિન્ન અસાધારણ ચૈતન્યગુણ. એ એક જ ગુણ એવો છે કે, બીજે ક્યાંય નથી. બીજામાં નહિ ને પોતામાં પણ એ ગુણ એક જ છે એવો કે સ્વપર પ્રકાશે છે. બીજા ગુણો સ્વપરપ્રકાશક છે નહિ. કહો, સમજાણું કાંઈ? છ થયા ને.

સાતમો બોલ, સાત બોલ લીધા. સાત પ્રકૃતિનો નાશ થઈને ક્ષાયિક સમકિત થાય.

આ તો હજારો વર્ષ રહેવાનું છેને આ. હેં? આ તો નીકળ્યા ઈ નીકળ્યા, ઈ તો હજારો વર્ષ આ રીતે રહેવાના છે. આહા..! **'અન્ય દ્રવ્યો સાથે એક ક્ષેત્રમાં રહેવા છતાં...'** જીવ, અનેરા અનંતા પદાર્થો છે બીજા એના **'એક ક્ષેત્રમાં રહેવા છતાં પોતાના સ્વરૂપને છોડતો નથી.'** લ્યો! એ અનેકાંત છે. પરની સાથે રહેવા છતાં સ્વરૂપથી ભિન્ન થતો નથી. **'આવો જીવ નામનો પદાર્થ સમય છે.'** સમજાણું કાંઈ? આવો જીવ નામનો પદાર્થ એ સમય છે. આ સમયની વ્યાખ્યા કરી. વસ્તુની. હવે સ્વસમય, પરસમય (કહે છે). જે આ આવે ઈ પર્યાયની વાત છે હવે. દ્રવ્ય અને પર્યાય સહિત આવું પણ હવે સ્વદ્રવ્યનો આશ્રય અને પરદ્રવ્યનો આશ્રય એની વાત ચાલે છે.

**'જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત હોય...'** ભાષા દેખો! સ્વભાવ શબ્દે નિર્મળ પર્યાય. જે એનો ત્રિકાળી શુદ્ધ સ્વભાવ છે એવું જ પરિણમનનું શુદ્ધપણું થઈને એમાં સ્થિત હોય. પોતાના સ્વભાવમાં સ્થિત. સ્વભાવમાં સ્થિત એટલે શુદ્ધ વીતરાગી પર્યાય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર વગેરે અનંત ગુણની નિર્મળ પર્યાય. એમાં આ ત્રણ પર્યાયની મુખ્યતા. સમજાણું કાંઈ? પોતાના સ્વભાવમાં સ્થિત હોય. આ ત્રિકાળી સ્વભાવમાં સ્થિત હોય એની વાત નથી. પર્યાયની વાત છે. એની દૃષ્ટિ પડતાં સ્વભાવનું પરિણમન થાય ત્યાં સ્થિત થાય એમ કહે છે. **'ત્યારે તો સ્વસમય છે...'** જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત હોય, **'જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત હોય ત્યારે તો સ્વસમય છે...'** ત્યારે તે આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઈ સ્વસમય આને કહીએ ... ઘણું કહ્યું હતું. મોક્ષનો માર્ગ બહિરતત્ત્વ છે અને અંતરતત્ત્વ બહિરતત્ત્વમાં સ્થિત થાય તેને આત્મા કહીએ. ગજબ છે! કઈ અપેક્ષાની વાત છે? આસ્રવ પુણ્ય, પાપ અને બંધ એ છે બહિરતત્ત્વ પણ એમાં સ્થિર થાય એ અણાત્મા છે અને સંવર-નિર્જરા નિર્મળ પર્યાયમાં સ્થિત થાય એ સ્વસમય છે. બે ભાગ પાડી નાખ્યા અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? શું થાય? એ ચીજ જ એવી છે. શાસ્ત્રોનું ગંભીરપણું, તત્ત્વનું અનેકાંતપણું, વસ્તુના સ્વભાવની અચિંત્ય મહિમા એ જ્યાં સુધી એના ખ્યાલમાં ન આવે ત્યાં સુધી સત્‌નો આદર કરી શકે નહિ. આહા..હા..!

આ પરસ્પર ઉપગ્રહ. બહુ આમાં મૂક્યું છે. કેટલું મૂક્યું છે જુઓ ઉમાસ્વામીએ. એવું નથી કહ્યું કે જૈનોને જ ઉપકાર કરવો. જીવોને ઉપકાર કરવો. કહો, હવે. આ તે શું કહે છે? તારે શું કહેવું છે? બધાનું ભલું કરવું એવું ઉમાસ્વામી કહે છે. અરે..! તને અર્થ કરતા આવડતો નથી. સાંભળને! ભલું પરનું કોણ કરે? અને પરથી પોતાનું ભલું ક્યાં થાય? પોતે પોતાની પરિણતિને દ્રવ્ય વિનાનો છે કે એ પરિણતિ બીજા બનાવી દે? અને બીજા દ્રવ્યની પરિણતિ વિનાનું એ દ્રવ્ય છે કે તું એની પરિણતિ ક્રિયા એનું કાર્ય બનાવી દે? ફક્ત એકબીજા નિમિત્ત-નિમિત્ત સંબંધને ત્યાં પોતાની દશા વખતે નિમિત્ત કોણ હતું એને અહીંયાં પરસ્પર

ઉપગ્રહ કહેવામાં આવે છે. એવો અર્થ પણ ભર્યો છે. જયચંદ્ર પંડિત, સર્વાર્થસિદ્ધિ વચનિકા. સર્વાર્થસિદ્ધિ વચનિકામાં અર્થ ભર્યો છે. છેને, આપણે અહીંયા છે. સર્વાર્થસિદ્ધિ વચનિકા, સર્વાર્થસિદ્ધિ વચનિકા, સર્વાર્થસિદ્ધિ ટીકા નહિ. જયચંદ્ર પંડિતે કરી છે. એમણે લખ્યું છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે, પોતાના જ ઉત્પાદ-વ્યયમાં રહેલો. હવે એને ઉત્પાદ બીજો કરે કોણ? અને બીજાના ઉત્પાદ અને ધ્રુવમાં એ રહેલો એ એના ઉત્પાદ-વ્યયને બીજો કરે કોણ? એ ઉપકાર શી રીતે કરે? શાસ્ત્રમાં આવ્યા તો વાંધા શાસ્ત્રના અર્થ કરવામાં. અવળાઈ તે અવળાઈ બહારમાં તો કરી પણ શાસ્ત્રને બહાને અવળાઈ. ઊંધો જ (અર્થ) કરે દરેકમાં, એની દૃષ્ટિ ફેર છેને આખી. આહા..હા..!

કહે છે '**જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત હોય...**' એટલે શું? કે, આવો જીવ નામનો સમય પદાર્થ જ્યારે એનું ધ્રુવ સ્વરૂપ છે એવું એનું પર્યાયમાં પ્રગટ કરીને એમાં રહે ત્યારે તેને સ્વસમય કહેવામાં આવે છે. એ.. શાંતિભાઈ! ન્યાયથી લોજીકથી છે કે કાંઈ ઘસડી-મસડીને છે? કહે છે '**જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત હોય...**' એટલે કે એની નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગ દશામાં આવે ત્યારે એને સ્વસમય કહીએ, ત્યારે તે આત્મા કહીએ. એની જાતની પરિણતિ પ્રગટ થાય તે વાળાને એને આત્મા કહેવામાં આવે છે. સંવર-નિર્જરાની શુદ્ધ પર્યાય સહિતને અહીં આત્મા કહેવામાં આવે છે. ગજબ વાત છે કે નહિ?

ભેદજ્ઞાનમાં સંવરમાંય એમ લીધુંને, સંવર. જ્યારે આત્મા એની નિર્મળ પર્યાયને આધારે એ આત્મા જાણે. નિર્મળ ઉપયોગમાં ઉપયોગ છે. શુદ્ધ વીતરાગી પર્યાયમાં એ આત્મા છે. આત્મામાં શુદ્ધ પરિણતિ છે એમ નહિ. લે, એક કોર કહેવું કે પર્યાય દ્રવ્યમાં નથી અને દ્રવ્ય પર્યાયમાં નથી. સમજને, કઈ અપેક્ષા છે? સમજાણું કાંઈ? એ આની આ શૈલી છે. આ આત્મા વસ્તુ આવી જે અનાદિઅનંત એ પોતે એના આધાર એની ભેદજ્ઞાનની શક્તિનો આધાર પ્રગટ થાય ત્યારે એને આત્મા કહેવામાં આવે. સમજાણું કાંઈ? એ ત્રિકાળી આત્માને આધાર વર્તમાન શુદ્ધ પર્યાયનો છે એમ કહે છે. ઉપયોગમાં ઉપયોગ. ઉપયોગમાં એટલે શુદ્ધ પરિણતિમાં આત્મા છે. ઈ જાણ્યુંને, જાણ્યું ત્યારે એને આમાં છું એમ. સમજાણું કાંઈ? જે પર્યાયે આધારે જણાણો એને આધારે છે એમ કહેવામાં આવે છે. એ રાગને આધારે ન જણાય. સમજાણું કાંઈ?

એક બાજુ કહે કે, દ્રવ્યનો આધાર પર્યાય અને ગુણ, ગુણ પર્યાયનો આધાર દ્રવ્ય. એમાં જ છે પ્રવચનસારમાં. પર્યાયનો આધાર દ્રવ્ય, પર્યાયનો કર્તા દ્રવ્ય, દ્રવ્યનો કર્તા પર્યાય. એઈ..! પ્રવચનસાર... વસ્તુને સાબિત કરવી હોય તો પર્યાયથી દ્રવ્ય સિદ્ધ થાય. એમ દ્રવ્ય

છે એનાથી પર્યાય સિદ્ધ થાય એમ. પરસ્પર ત્યાં સિદ્ધ કરવાની રીત છે. અસ્તિ તત્ત્વને સિદ્ધ કરવાની વાત છે. અહીં છે તે મોક્ષમાર્ગની વાત છે. સમજાણું કાંઈ? એક જ ઠેકાણે પકડે કે, આનું આમાં આમ કહ્યું ઈ કઈ અપેક્ષાએ કહ્યું? અહીં કઈ અપેક્ષા છે? બેને બરાબર જાણવી જોઈએ. આહા..હા..!

**'અને પરસ્વભાવ...'** લ્યો! પોતાના સ્વભાવમાં એટલું કહ્યું, અહીં પરસ્વભાવ એમ કહ્યું. એટલો શબ્દ. પોતાના સ્વભાવમાં એ પણ નિર્મળ પર્યાય, નિર્મળ. એમાં ત્યારે સ્વસમય કહીએ અને પરસ્વભાવ એટલે રાગ, દ્વેષ ને મોહ એ પરસ્વભાવ છે, જીવનો સ્વભાવ નથી. આહા..! બીજી રીતે કહીએ તો વિભાવમાં સ્થિત છે તે બહિરઆત્મા પરસમય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના વિકલ્પ એમાં જે સ્થિત છે એને બહિરાત્મા પરસમય કહેવામાં આવે છે. આરે ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? કેટલું આમાં યાદ રાખવું? હેં? કહો, સમજાણું?

અહીં તો ટીકામાં એમ લીધું કે, નિર્મળ સ્વભાવની દશા જે આનંદની એનામાં આવ્યો. આવ્યો તો ધ્રુવ ધ્રુવમાં રહ્યો છે, કાંઈ પર્યાયમાં નથી આવ્યો. એઈ..! ત્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત હોય, પર્યાયમાં દ્રવ્ય સ્થિત હોય. એમ કીધુંને? તો દ્રવ્ય તો દ્રવ્યમાં છે. પણ દ્રવ્યની પરિણતિ શુદ્ધ થતાં એમાં છે એમાં એની દૃષ્ટિ અને એમાં રહેલો છે એથી દ્રવ્ય પર્યાયમાં આવ્યું. બાકી તો શુદ્ધ પર્યાય પર્યાયમાં આવી છે. સમજાણું કાંઈ? કાંઈ શુદ્ધ પર્યાયમાં દ્રવ્ય આવ્યું નથી. ગજબ વાત છે! સમજાણું કાંઈ? ભઈ આ તો અભ્યાસ કરે અંદરમાં લક્ષ કરીને. લક્ષ કરીને હોં! તો સાચો પકડાય એવી વાત છે. બાકી વાદવિવાદનો વિષય નથી.

જ્યારે તે આત્મા--સમય આવો હોવા છતાં જ્યારે તે અંતર્મુખ દૃષ્ટિ કરીને પરિણમન નિર્મળ પ્રગટ કરે એ એની પર્યાય ત્યાં આવી થાય ત્યારે તે આત્મા તેનામાં છે. ઓલું રાગ ઉપર લક્ષ હતું એ શુદ્ધ ઉપર લક્ષ થઈ ગયું. થયું ભલે દ્રવ્યને લક્ષે, પણ પરિણમનમાં હવે આવ્યો. શુદ્ધ પોતાની જાતની પરિણમનમાં આવ્યો એ દ્રવ્ય એમાં આવ્યું સ્થિત છે એમ કહેવામાં આવે છે. બધા કથનો... હેં? સામે પાઠ છે કે નહિ? જુઓને. પાઠ છે એના અર્થ થાય છે આ. ઓહો..હો..!

અને જ્યારે... એમ લેવું, **'જ્યારે તે પરસ્વભાવમાં સ્થિત હોય ત્યારે...'** એમ છેને? ઓલામાં જ્યારે હતુંને? **'જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત હોય ત્યારે તો સ્વસમય છે...'** અને જ્યારે તે એમ આવેને? એમ પછી આવશેને? ત્યારે તે **'પરસ્વભાવ...'** એટલે એ શુભ પુણ્યના પરિણામમાં પણ અટકેલો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ વ્યવહાર રત્નત્રયનો જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચમહાવ્રતનો વિકલ્પ, શાસ્ત્ર

ભણવાનો વિકલ્પ એમાં એ સ્થિત છે, એ રૂપે થઈને રહે, રાગરૂપે થઈને રહે... આહા..હા..! ત્યારે પરસમય છે. એ બહિરાત્મા છે એ આત્મા નથી. એ વ્યભિચારી આત્મા થયો. સમજાણું કાંઈ? સ્વસમયમાં અવ્યભિચારી આત્મા છે.

**'એ પ્રમાણે જીવને દ્વિવિધપણું આવે છે.'** વસ્તુ એક હોવા છતાં એના બે પર્યાયમાં ભેદ પડી જાય છે. બે થઈ ગયુંને? શું બે? સ્વસમયમાં શુદ્ધમાં પરિણમવું અને અશુદ્ધમાં પરિણમવું એવા બે ભાગ પડી જાય છે એક સમયમાં. એ બે પણું ... એમ કહેશે.

## ગાથા-૩

अथैतद्बाध्यते---

एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।
बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।
एकत्वनिश्चयगतः समयः सर्वत्र सुन्दरो लोके।
बन्धकथैकत्वे तेन विसंवादिनी भवति।।३।।

समयशब्देनात्र सामान्येन सर्व एवार्थोऽभिधीयते, समयत एकीभावेन स्वगुणपर्यायान् गच्छतीति निरुक्तेः। ततः सर्वत्रापि धर्माधर्माकाशकालपुद्गलजीवद्रव्यात्मनि लोके ये यावन्तः केचनाप्यर्थास्ते सर्व एव स्वकीयद्रव्यान्तर्मग्नानन्तस्वधर्मचक्रचुम्बिनोऽपि परस्परचुम्बन्तो-ऽत्यन्तप्रत्यासत्तावपि नित्यमेव स्वरूपादपतन्तः पररूपेणापरिणमनादविनष्टानन्तव्यक्तित्वा-ट्टङ्कोत्कीर्णा इव तिष्ठन्तः समस्तविरुद्धाविरुद्धकार्यहेतुतया शश्वदेव विश्वमनुगृह्णन्तो नियतमे-कत्वनिश्चयगतत्वेनैव सौन्दर्यमापद्यन्ते, प्रकारान्तरेण सर्वसङ्करादिदोषापत्तेः। एवमेकत्वे सर्वार्थानां प्रतिष्ठिते सति जीवाह्वयस्य समयस्य बन्धकथाया एव विसंवादापत्तिः। कुतस्तन्मूलपुद्गलकर्मप्रदेशस्थितत्वमूलपरसमयत्वोत्पादितमेतस्य द्वैविध्यम्। अतः समयस्यैकत्वमेवावतिष्ठते।

હવે, સમયના દ્વિવિધપણામાં આચાર્ય બાધા બતાવે છે :-

એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;
તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩.

શ્લોકાર્થ :- [एकत्वनिश्चयगतः] એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે [समयः] સમય છે તે [लोके] લોકમાં [सर्वत्र] બધેય [सुन्दरः] સુંદર છે [तेन] તેથી [एकत्वे] એકત્વમાં [बन्धकथा] બીજાના સાથે બંધની કથા [विसंवादिनी] વિસંવાદ-વિરોધ કરનારી [भवति] છે.

ટીકા :- અહીં 'સમય' શબ્દથી સામાન્યપણે સર્વ પદાર્થ કહેવામાં આવે છે કારણ કે વ્યુત્પત્તિ પ્રમાણે 'समयते' એટલે એકીભાવે (એકત્વપૂર્વક) પોતાના ગુણપર્યાયોને પ્રાપ્ત થઈ જે પરિણમન કરે તે સમય છે. તેથી ધર્મ-અધર્મ-આકાશ-કાળ-પુદ્‌ગલ-જીવદ્રવ્યસ્વરૂપ લોકમાં સર્વત્ર જે કોઈ જેટલા જેટલા પદાર્થો છે તે બધાય નિશ્ચયથી (નક્કી) એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી જ સુંદરતા પામે છે કારણ કે અન્ય પ્રકારે તેમાં સર્વસંકર આદિ દોષો આવી પડે. કેવા છે તે સર્વ પદાર્થો? પોતાનાં દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે-સ્પર્શે છે તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી, અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે રહ્યા છે તોપણ જેઓ સદાકાળ પોતાના સ્વરૂપથી પડતા નથી, પરરૂપે નહિ પરિણમવાને લીધે અનંત વ્યક્તિતા નાશ પામતી નથી માટે જેઓ ટંકોત્કીર્ણ જેવા (શાશ્વત) સ્થિત રહે છે અને સમસ્ત વિરુદ્ધ કાર્ય તથા અવિરુદ્ધ કાર્યના હેતુપણાથી જેઓ હંમેશાં વિશ્વને ઉપકાર કરે છે-ટકાવી રાખે છે. આ પ્રમાણે સર્વ પદાર્થોનું ભિન્ન-ભિન્ન એકપણું સિદ્ધ થવાથી જીવ નામના સમયને બંધકથાથી જ વિસંવાદની આપત્તિ આવે છે; તો પછી બંધ જેનું મૂળ છે એવું જે પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થવું, તે જેનું મૂળ છે એવું પરસમયપણું, તેનાથી ઉત્પન્ન થતું (પરસમય-સ્વસમયરૂપ) દ્વિવિધપણું તેને (જીવ નામના સમયને) ક્યાંથી હોય? માટે સમયનું એકપણું હોવું જ સિદ્ધ થાય છે.

ભાવાર્થ :- નિશ્ચયથી સર્વ પદાર્થ પોતપોતાના સ્વભાવમાં સ્થિત રહ્યે જ શોભા પામે છે. પરંતુ જીવ નામના પદાર્થની અનાદિ કાળથી પુદ્‌ગલકર્મ સાથે નિમિત્તરૂપ બંધ-અવસ્થા છે; તે બંધાવસ્થાથી આ જીવમાં વિસંવાદ ખડો થાય છે તેથી તે શોભા પામતો નથી. માટે વાસ્તવિક રીતે વિચારવામાં આવે તો એકપણું જ સુંદર છે; તેનાથી આ જીવ શોભા પામે છે.

## ગાથા-૩ ઉપર પ્રવચન

'હવે, સમયના દ્વિવિધપણામાં આચાર્ય બાધા બતાવે છે :' છેને? 'अथैतद्बाध्यते'. માથે છે.

**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**
**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।**

આ તો શરૂ કરીએ છીએ. કાલ ન્યાં વજુભાઈના મકાનમાં ચાલશે સવારમાં. સમયસાર ચાલશે, ગાથા આ ચાલશે. વજુભાઈએ માંગણી કરી છે. ... વજુભાઈએ માંગણી કરી. ... એમાંથી વાંચશું.

**એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;**
**તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩.**

'**ગાથાર્થ :-- એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે...**' એકત્વનિશ્ચયને પ્રાપ્ત, '**સમય છે તે લોકમાં બધેય સુંદર છે...**' વસ્તુ વસ્તુમાં રહે પર્યાયમાં એ સુંદર છે. ઓલા અર્થમાં તો એમ લીધું હતું, એકેન્દ્રિયમાં પણ દ્રવ્યમાં છે એમ લીધું હતું. ... સમજાણું કાંઈ? ઓલામાં દ્રવ્ય પણ એકેન્દ્રિય આદિમાં .... દ્રવ્ય તે દ્રવ્ય સુંદર છે. પણ એ દ્રવ્યનું ભાન થયા વિના દ્રવ્યને સુંદર છે એમ કોણ નક્કી કરે? સમજાણું કાંઈ? એકત્વનિશ્ચયને પ્રાપ્ત સમય લોકમાં બધે સુંદર છે.

'**તેથી એકત્વમાં બીજાના સાથે બંધની કથા...**' એક સ્વરૂપે ભગવાન સ્વભાવરૂપ અને સ્વભાવની પરિણતિ એ તો એકરૂપ છે. એકમાં બીજો બગડે બે, રાગ અને બંધવાળો, રાગના બંધવાળો એને કહેવો, રાગમાં અટકે છે એવો એ કહેવો એ સુંદર નથી. સમજાણું કાંઈ? વિસંવાદ--વિરોધ કરનારી વાત છે. વાત તો એવી છે અહીં, બંધ કથા બીજાની સાથે બંધની કથા. કથા વિરોધ કરનારી છે. કથા વિરોધ કરનારી છે? શબ્દને વળગે તો.. ભાવ ભગવાન આત્મા શુદ્ધ આનંદનું ધામ એના આનંદની પરિણતિમાં હોય તો તો એ સુંદર અને શોભા છે, એ એકપણું થયું. એ એકપણાના સ્વભાવને છોડી, એક વિકલ્પમાત્ર સૂક્ષ્મ રાગ એના સંબંધના ભાવમાં આવવું એ વિરોધ છે. એકપણું છૂટીને વિભાવરૂપે થવું એ બંધભાવ તે વિરોધ કરનાર છે. ભાવ તો બંધ કથા છે. સમજાણું કાંઈ? બંધ કથા કહેવું એ શું વિરોધ કરે? એ તો વાણી છે. એક વસ્તુમાં રાગનો સંબંધ, વિભાવનો સંબંધ, કર્મનો સંબંધ, સંબંધ એવો બંધ એવો જે ભાવ એ જીવને વિરોધ કરનારી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**વિસંવાદ-વિરોધ કરનારી છે.**' એની ટીકા આવશે. લ્યો એ વજુભાઈને ત્યાં સવારે ચાલશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૬, બુધવાર, તા. ૨૪-૧૧-૧૯૭૧
## ગાથા-૩, પ્રવચન-૧૮

સમયસાર સિદ્ધાંત છે. જીવ-અજીવ અધિકાર છેને. એમાં વાસ્તવિક જીવ કોને કહેવો? સમયસાર તે વાસ્તવિક જીવ (છે). એ સમયસારમાં આ ૩જી ગાથા ચાલે છે.

**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**
**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।**

કહે છે, ગાથાર્થ ફરીને. '**એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે...**' દરેક પદાર્થ પોતાના સ્વભાવને પ્રાપ્ત થઈને રહે એ એકત્વગત સુંદર છે. આત્મા પણ પોતાના આનંદ અને જ્ઞાનાદિ જે સ્વભાવ એના સ્વભાવપણે પરિણમે, અભેદ રત્નત્રયરૂપ પોતાનો શુદ્ધ સ્વભાવ ચૈતન્ય ધ્રુવ આનંદ એની સાથે એકતા થઈને, જે અનાદિથી રાગની સાથે એકતા છે એ બંધ કથા વિરોધ કરનારી છે એમ કહે છે. એ બંધ ભાવ સ્વભાવથી વિરુદ્ધ ભાવ કરનારી છે. એથી આત્મા રાગમાં એકત્વ થાય એ વિરોધ વાત છે. તેથી એ અશોભા છે જીવની, એ જીવની શોભા નથી. સમજાણું કાંઈ? એની શોભા અને એની સુંદરતા તેને પામે કહેવાય.

ભગવાન આત્મા અનંત અતીન્દ્રિય આનંદ અને અનંત અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવસ્વરૂપ છે એમાં એકત્વ થઈને પરિણમે અથવા એકત્વ થઈને દ્રવ્યને પ્રાપ્ત કરે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પો જે રાગાદિ છે એનાથી પૃથક થઈને સ્વભાવ ચૈતન્ય આનંદની સાથે એકતાપણાને પામે એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના જે દ્રવ્યના સહજ પરિણામરૂપ ભાવ એને પ્રાપ્ત કરે દ્રવ્યની સાથે એકત્વ એ જીવની અથવા આત્માની અથવા સમયની એ શોભા છે. પંડિતજી! લ્યો! આ શોભા. બહારની શોભા એ તો બધા ઓભા. એનું નામ સુંદર છેને.

સમય ભગવાન આત્મા... અહીં છએ (દ્રવ્યની) વાત છે. કહેવું છે તો આત્મા માટેને. પોતાનો નિત્ય આનંદસ્વભાવ, જ્ઞાનસ્વભાવ, ધ્રુવસ્વભાવ એને છોડીને રાગના વિકલ્પની પુણ્ય-પાપની લાગણી સૂક્ષ્મ-ઝીણા વિકલ્પ એની સાથે એકત્વપણે જે રહે છે એ બંધભાવ છે. એ આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે. સમજાણું કાંઈ? આ વાસ્તુ કહે છે આ. વજુભાઈ! ક્યાં ગયા? ચીમનભાઈ! મોટો ભાઈ કરેને, પછી તમે આવશો ઘરમાં. આહા..હા..!

કહે છે કે, આત્મા નિજ ઘરને કાલ કહ્યું હતું, નિયમસારમાં આવે છે. અતિશય ગૃહ. બે ઠેકાણે આવે છે હોં! ભગવાન આત્માનું નિરતિશય ઘર, અલૌકિક ઘર છે કહે છે. એમાં તો એકલો આનંદ--અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય શાંતિ, વીતરાગતા

એનાથી એ ભરેલો પદાર્થ છે પ્રભુ. એ પોતાના સ્વરૂપને ભૂલી, છોડી અને રાગના નાનામાં નાનો કણ વિકલ્પ હોય એની સાથે એને પામીને રહે તો અશોભા છે. એને શોભતું નથી એમ કહે છે. માણસ નથી કહેતા? આને આ શોભતું નથી.

એમ અહીં ભગવાન કહે છે કે, હે પ્રભુ! તારી પ્રભુતામાં તો અનંત આનંદ ને જ્ઞાન ને શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા ભરી છે એને છોડીને રાગના કણમાં શરીર, વાણી, મનરૂપે તો માને તોપણ એ કાંઈ એ રૂપે તો થતો નથી. આ એક માને છે આ રીતનું. રાગનો કણ જે શુભ પુણ્યનો દયા, દાન, વ્રત, ભક્તિ, વ્રત આદિના પરિણામ એની સાથે, જે એનો સ્વભાવ નથી, એ વિભાવ છે, વિપરીત ભાવ છે સ્વભાવથી ઊલ્ટો ભાવ છે એની સાથે એકત્વપણે--એ હું અને એ રાગ મને લાભદાયક--એવી બુદ્ધિએ રહેવું એ, કહે છે પ્રભુ! તને શોભા નથી પામતું. સમજાણું કાંઈ? એ તારી શોભા નથી નાથ! આહા..હા..! સમજાણું કાંઈ?

રાગનો કણ હોં! નાનામાં નાનો. ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ એ ચૈતન્ય જ્ઞાતા આનંદકંદ પ્રભુ એને આ આનંદ છે અને આ આનંદનો ધરનાર છે એવી જે વૃત્તિ, ધ્રુવ તરફના ઘુંટણની જે વૃત્તિ એ પણ રાગ છે. એ રાગના સાથે એ વ્યભિચાર કરે છે. સમજાય છે કાંઈ? ભાઈ! ચીજ તો બહુ દુર્લભ છે. એણે અનંત કાળે વાસ્તવિક ધર્મ શું? સુખનો પંથ શું? અને દુઃખના પંથનો કેમ નાશ થાય એ વાત એણે અંતર્ગત થઈને સાંભળી નથી. લ્યો! વળી અંતર્ગત આવ્યું. ગત ગત અહીં છેને, આ ગત. સમજાણું કાંઈ?

કહે છે કે, ભગવાન આત્મા પોતાના એકત્વને **'પ્રાપ્ત જે સમય છે તે લોકમાં બધેય સુંદર છે...'** કહો, સમજાણું કાંઈ? ચૈતન્ય સ્વરૂપ જ્ઞાન અને આનંદનું ધામ પ્રભુ એ જ્ઞાન અને આનંદમાં નિજ ઘરમાં આવે એમાં એકત્વપણાને પ્રાપ્ત થાય પરથી ભિન્ન પડીને એ એની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિનો ભાવ એ એની શોભા છે. સમજાણું કાંઈ? ... શું કહે છે એ સમજવું સરખું. જગતના અભ્યાસ ઊંધા, શાસ્ત્રને બહાને અભ્યાસ ઊંધા.

પોતે સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ એટલે શાશ્વત ચિદ એટલે જ્ઞાન અને આનંદ એટલે સુખ એવું એનું ત્રિકાળી અવિનાશી સ્વરૂપ છે એમાં એકત્વ થઈને રહેવું આહા...! એ કોઈ દિ' એણે કર્યું નથી. સમજાણું કાંઈ? આહા..! આત્મા સિવાય કોઈ પણ ચીજ અનંતમાં બધા પરમાત્મા હો કે પરમેશ્વર કે પંચ પરમેષ્ઠી, સ્ત્રી, કુટુંબ, પરિવાર કે શેત્રુંજય હોય ને સમ્મેદશિખર હોય એ બધાથી પૃથક અને એના તરફના રાગવાળો ભાવ એનાથી પૃથક અને સ્વભાવથી એકત્વ. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. ભગવાન! તારી મહિમા તને આવી નથી અને આ બધી બહારની ધૂળની મહિમા. કાં શરીરની ને કાં પુણ્ય-પાપના ભાવની, એની મહિમા ગાઈને એની મહિમા કરીને એ મહિમામાં રોકાણો. એ અશોભતું છે પ્રભુ તને, એમ

કહે છે. સમજાણું કાંઈ?

તારી શોભા તો તારા આનંદ અને જ્ઞાન સ્વભાવમાં અંતર એકત્વ થવું (એ તારી શોભા છે). પર્યાય જે રાગમાં અને પર તરફના વલણમાં છે, ... એને આ બાજુ કરીને એકત્વપણાને ગત પ્રાપ્ત કરવું. સ્વદ્રવ્યના એકપણાની પર્યાય કરીને પ્રાપ્ત કરવું કે આ આત્મા... સમજાણું કાંઈ? એની એ શોભા છે. સમજાણું કાંઈ? અને એનું નામ ધર્મ છે. ભારે વાત. આ બધા બહારના આ બધા મંદિરો ને પૂજા ને આ બધું ક્યાં નાખ્યું? ...ભાઈ! એનાથી કાંઈ ધર્મ થાય કે નહિ? ત્યારે શું કરવા કર્યા? કર્યા શું કરવા આવા? આ જોરાવરમાં નથી? વીસ હજાર રૂપિયા નાખ્યા હતા. આહા..હા..! કરે કોણ? એ તો જગતની પૃથક ચીજ છે, એ ચીજને બનાવે કોણ? તોડે કોણ? રાખે કોણ? સમજાણું કાંઈ? ફક્ત એના તરફના વલણવાળો રાગ એમાં જે એકત્વ કરે તે અહીં અસુંદર અને અશોભા છે એટલું કહ્યું છે. ભારે! સમજાણું કાંઈ?

**'તેથી એકત્વમાં બીજાના સાથે બંધની કથા...'** ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એ પોતે રાગથી પૃથક થઈ, પૃથક છે, માન્યું છે કે, હું રાગરૂપ છું. પુણ્યના વિકલ્પની વૃત્તિરૂપ છું એવી એણે માન્યતા ઊભી ઊંધી કરી છે. પુણ્યના વિકલ્પની વૃત્તિરૂપ છું એવી એણે માન્યતા ઊભી, ઊંધી કરી છે. હેં! આહા..હા..! ઈ એમ છે નહિ, એ તો જ્ઞાયકભાવે જ છે અનાદિથી. આહા..હા..! ચૈતન્ય-હીરલો પરમાત્માના સ્વરૂપે જ બિરાજે છે એ તો. આહા..હા..! એમાં એણે આમ માન્યું, શુભ રાગ હો કે અશુભ રાગ હો એ પર વિષય કરીને બનેલો રાગ છે. એ સ્વ વિષયથી રાગ ઉત્પન્ન થાય નહિ. વિષય શબ્દે ધ્યેય. સમજાણું કાંઈ?

ચૈતન્ય ભગવાન સ્વ વિષયને છોડીને, સ્વ ધ્યેયને છોડીને પોતાના જ્ઞાનની પર્યાયમાં પોતાનો વિષય એટલે ધ્યેય એને છોડીને જેણે પરના ધ્યેયને બનાવ્યું એને ત્યાં રાગ ને દ્વેષ ઉત્પન્ન થયા વિના રહે નહિ. આહા..હા..! એ રાગ-દ્વેષની એકતા, એકતાની ... બંધ કથા વિસંવાદ--વિરોધ કરનારી છે. આત્માને નુકસાન કરનારી છે એમ કહે છે. આહા..! સમજાણું કાંઈ? ઝીણું ભારે ભાઈ. સમયસારની એક એક ગાથા...! સમજાણું કાંઈ?

એ બંધની કથા શબ્દ કહ્યો છે. કથા કાંઈ વિરોધ કરનારી નથી, કથા તો વાણી છે. પણ બંધ ભાવ, કથા શબ્દમાં બંધ ભાવ. ભગવાનસ્વરૂપ ચિદાનંદ અબંધસ્વરૂપ છે એને રાગના બંધવાળો, રાગના સંબંધવાળો જાણવો, માનવો એ વિરોધ કરનારી વાત છે. તને ઝેરના પીણા છે એમાં તો એમ કહે છે. શું કીધું? આહા..હા..! ભગવાન જ્ઞાન અને આનંદનું ધામ એવો પ્રભુ પોતે છે એને છોડીને રાગની સાથે સંબંધ કરવો, સંબંધ એ બંધ. એ ઝેરના અનુભવ છે કહે છે. કહો, સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આવો ધર્મ કેવો આવો છે? આવો જૈન ધર્મ હશે? આ જૈન ધર્મની વાત હશે? જૈન ધર્મ એટલે આત્મધર્મ. વળી પાછું

જૈન એટલે કોઈ... આતમધર્મનો આવો સ્વભાવ હશે? સમજાણું કાંઈ? એ શબ્દાર્થ થયો.

વસ્તુ પોતાના સ્વભાવમાં એકપણાને, દ્વિવિધપણું ટાળીને, રાગાદિ બે થઈ ગયા છે એમ માન્યા છે ને દ્વિવિધ એને છોડીને એકલા સ્વભાવ તરફમાં આવે એ પરિણતિ એને શોભાદાયક છે. એ અમૃતના પીણા છે એમ કહે છે. વજુભાઈ! આવો માર્ગ છે. આહા..હા..! એ ઘરમાં વાસ્તુ કર્યું એણે એમ કહે છે. પરઘરમાં ફરતો વ્યભિચારી થઈને. વિકલ્પની વૃત્તિ શુભ ને અશુભ રાગ એમાં ટકતો, ફરતો એ વ્યભિચારી આત્મા બહિરાત્મા છે ઈ. સમજાણું કાંઈ? આહા..હા..! એ દુઃખના ઝેરના પ્યાલા પીવે છે. આહા..હા..! એ આત્માને દુઃખદાયક છે, એ આત્માને ભૂંડું કરનાર છે માટે એ બંધ કથા શોભા આપતી નથી. એ એક ગાથાનો અર્થ થયો, શબ્દાર્થ થયો.

'**ટીકા :-- અહીં...**' આ તો ભાગવત્ કથા છે આત્માની, આ કાંઈ કોઈ વાર્તા નથી કે, ઝટ દઈને આમ રાજા હતો ને રાણી હતી ને રાણી રીસાણી ને રાજા મનાવવા ગયો. હવે એ તો ઘરે ઘરે થાય છે, આવડે એને. સમજાણું કાંઈ? આ તો આત્મા રીસાણો છે એને ઘરે લાવવો એમ કહે છે. એ રાગના ભાવમાં, પુણ્ય-પાપના ભાવમાં એકત્વપણે આવ્યો એ રીસાણો છે ઘરથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાતું ભાઈ!

દિશા ક્યાં છે એ પોતે એની સામું જોવાને દરકાર જ કરી નથી. જેમાં એ નથી એને જોઈને એમાં રાજી થયો છે. સમજાણું કાંઈ? બહાર શરીર આ તો બધા ધૂળ, માટી બહારના છે આ તો બધું. એની વાત તો અહીં છે જ નહિ. પણ અંદરમાં લાગણી ઉઠે વૃત્તિની, રાગની એને (પોતાની માની છે). કેમકે આ વસ્તુ છે એ દૃષ્ટિની તો ખબર નથી, દૃષ્ટિનો વિષય શું છે. એટલે પર્યાયબુદ્ધિમાં, વર્તમાન બુદ્ધિમાં રાગ પ્રગટ છે, કરે છે નવો એમાં આ પોતે આ હું છું એમ દિશા ફેરવીને આવી દશા રાગની એને પોતે માને છે. એ અહીં કહે છે બૂરું કરનારી વાત બાપા! ભાઈ! તારા ઝેરના પ્યાલા એ તેં પીધા છે. અમૃતના પીણા છોડી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ! કહો, ભીખાભાઈ! આ સમયસાર ચાલે છે આ. હાલે છે ઈ. પોતે આનંદકંદ પ્રભુ ઈ એના ઘરમાં આવે એટલે એનું પરિણમન ગતિ થાય છે એમાં. સમજાણું કાંઈ?

આનંદનું ને શ્રદ્ધા-જ્ઞાનની શાંતિનું જે પરિણમન એટલે અવસ્થાનું થવું એ એના અમૃતના પીણા છે. એ એનો ધર્મ છે અને એ એને શોભા આપે છે. સમજાણું કાંઈ? આહા..હા..! હુતાસણીમાં કાદવ મોઢે ચોપડે, કોલસા ચોપડે, ચોપડે છેને? હેં? અને એ રાજી થાય. હુતાસણી ખેલીએ છીએ. કો'ક તો સુતો હોય તો વળી બીજો ચોપડી જાય. હેં? પહેલા તો બહુ થાતું હવે તો ઓછું થઈ ગયું. પહેલા તો દુકાન દેખી થોર બાંધી જાય, હાડકા બાંધી જાય દુકાને હુતાસણીમાં. આ પહેલાની વાત છે. અને સુતો હોય તો કોલસાની મશ ચોપડી જાય,

આમ જોવે ત્યાં (કાળુમશ). આ તો ચોપડી જાય, આ તો ચોપડે છે. આહા..! હુતાસણી ખેલે છે. આહા..હા..! કહે છે કે, શુભ ને અશુભ રાગ એ કોલસા સમાન મેલ છે. એનાથી અશોભા હોવા છતાં એકપણાને પામીને રહ્યો છે એ એકપણું એની સાથે થાય નહિ, માને. સમજાણું કાંઈ? એનું નામ મિથ્યાત્વ અને બહિરાત્મા છે. આહા..હા..! આ તો સમજાય એવી ભાષા સાદી છે. આમાં કાંઈ કોઈ મોટું, ભલે ભાવ ઊંચા હોય પણ ભાષામાં કાંઈ ઊંચા હોય એવી ભાષા આવતી નથી. સમજાણું કાંઈ? એ વસ્તુ સીધી-સાદી છે આત્મા, એની કથની પણ સીધી ને સાદી જ હોય. આહા..હા..!

ભાઈ! તું પ્રભુ છોને, ધર્માત્મા છોને નાથ! તને આ રાગની સાથે સંબંધ કરવો શોભે છે તને પ્રભુ? એમ કહીને કહે છે કે, એ તો બૂરું કરનાર, રાગ સાથે સંબંધ તો તારા આત્માને ભૂંડું કરનાર છે. કહો, વજુભાઈ! ભારે વાતું ભાઈ આ. હવે એને ઠેકાણે આ પૈસા ને બાયડી, છોકરા ને આની સાથે સંબંધ. આહા..હા..! સંબંધ એટલે સમસ્ત પ્રકારે બંધ એટલે એની સાથે જોડાઈ જવું. આહા..હા..!

**'અહીં 'સમય' શબ્દથી સામાન્યપણે સર્વ પદાર્થ કહેવામાં આવે છે...'** સમય છેને? એ તો બધા પદાર્થને લાગુ પડે છે. પહેલું તો એમ કહે છે. **'કારણ કે વ્યુત્પત્તિ પ્રમાણે...'** આ આપણે પહેલો અર્થ આવી ગયો હતો બીજી ગાથામાં. સમજાણું? ત્યાં એમ આવ્યું હતું કે, **'समयत एकत्वेन युपज्जानाति गच्छति चेति निरुक्तेः'** ત્યાં આત્માને માટે વાત હતી. એ શબ્દ આ જ હતો. સમયની વ્યાખ્યા સંસ્કૃતમાં છે ત્રીજી લીટી. અહીં બીજી વ્યાખ્યા છે ,અહીં છએ દ્રવ્યની વ્યાખ્યા છે. એથી એમ કહ્યું **'समयत एकीभावेन स्वगुणपर्यायान् गच्छतीति निरुक्तेः'** શું કીધું? **'એકીભાવે (એકત્વપૂર્વક)...'** એમ એકીભાવેનો અર્થ કર્યો. **'પોતાના ગુણપર્યાયોને પ્રાપ્ત થઈ...'** પોતાની શક્તિ અને એની દશા એને પ્રાપ્ત થઈ અને પરિણમન કરે તેને સમય કહેવામાં આવે છે. એ છએ દ્રવ્યની વ્યાખ્યા છે આમાં. સમજાણું કાંઈ?

ભગવાન તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા ધર્મ ચક્રવર્તી એણે જ્ઞાનમાં છ દ્રવ્ય જોયા છે. ચૌદ બ્રહ્માંડ અને અલૌક એમ થઈને છ દ્રવ્ય જોયા ભગવાને. એ છએ દ્રવ્ય પોતાના ગુણ પર્યાયને પ્રાપ્ત થઈને રહે તો એને યથાર્થ સમય કહેવામાં આવે એમ કહે છે. સમજાણું કાંઈ? **'એકીભાવે (એકત્વપૂર્વક) પોતાના ગુણપર્યાયોને...'** ભાષા દેખો અહીં પંડિતજી! પોતાના ગુણ જે છે એની જે પર્યાય. એમ. પોતાના જે ગુણ છે--શક્તિ છે, દ્રવ્ય એટલે શક્તિવાન આત્મા કે છએ (દ્રવ્ય), અને એની શક્તિ એટલે ગુણ છે, એ ગુણની પર્યાયને પ્રાપ્ત થાય તેને સમય કહીએ. સમજાણું કાંઈ? ધર્માસ્તિકાય પદાર્થ છે ચૌદ બ્રહ્માંડમાં ભગવાને કહેલો, જોયેલો. અધર્મ એક પદાર્થ છે ચૌદ બ્રહ્માંડ, ચૌદ રાજુલોકમાં. આકાશ નામનો એક

પદાર્થ છે સર્વવ્યાપક આ લોકવ્યાપક, ધર્મ-અધર્મ લોકવ્યાપક, આકાશ સર્વવ્યાપક. કાળ નામના અસંખ્ય અણુઓ છે. કાળ નામના અસંખ્ય પદાર્થ છે લોકવ્યાપક. એક એક પ્રદેશે એક દ્રવ્ય વ્યાપક. પુદ્ગલ પરમાણુઓ લોકમાં રહેલા એક પરમાણુથી માંડીને બધું. બધાને પુદ્ગલ કહ્યા. જીવ અને આત્મા. એ દ્રવ્યસ્વરૂપ--આવા છ દ્રવ્યસ્વરૂપ '**લોકમાં સર્વત્ર જે કોઈ જેટલા જેટલા પદાર્થો છે...**' એની સંખ્યા કરી. ઈ છ તો એની જાતિ બતાવી પણ સંખ્યા અનંત છે. આહા..હા..!

'**સર્વત્ર જે કોઈ જેટલા જેટલા પદાર્થો છે તે બધાય નિશ્ચયથી (નક્કી) એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી જ સુંદરતા પામે છે...**' દરેક પદાર્થ પોતાની શક્તિના, ગુણના અંશોનું પરિણમન કરી એમાં રહે એ એની શોભા છે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા ધર્મની કેવી? હેં? વ્રત પાળવા, અપવાસ કરવા, દેરાસર બનાવવા, પૂજા કરવી એ તો કાંઈ વાત આવી નહિ આમાં. એ તો વિકલ્પ છે ત્યારે એવું સામે લક્ષ જાય. પણ અહીં તો વસ્તુ છે એ તો વિકલ્પ અને પરના સંબંધ વિનાની છે. એ વિકલ્પરૂપે પરિણમવું એ પણ એનો સ્વભાવ નથી એમ કહે છે. પોતાના ગુણપર્યાયને પ્રાપ્ત થાય એ સુંદરતા પામે છે.

'**કારણ કે અન્ય પ્રકારે તેમાં સર્વસંકર આદિ દોષો આવી પડે.**' એટલે શું કહે છે? બીજી રીતે કહીએ તો બધું એક થઈ જાય અને કાં જડનો ચૈતન્ય અને ચૈતન્યનો જડ થઈ જાય. દરેક પદાર્થ વસ્તુ, વસ્તુ એ અવિનાશી ત્રિકાળ, એની શક્તિ એટલે ગુણો એ અવિનાશી, એનું પરિણમન, એ ગુણનું પરિણમન, એની જાત છે એની દશા એ તો સુંદરતાને પામે છે. સમજાણું કાંઈ? બીજી રીતે, બધા દ્રવ્યો એક થઈ જાય જો આવું ભિન્ન ન હોય તો. આવું ભિન્ન ન હોય અને ભિન્ન ન રહે તો બધું એક થઈ જાય, એમ બની શકે નહિ. બધા આત્મા એક થઈ જાય, બધા રજકણો એક થઈ જાય. એ દોષની વ્યાખ્યા કરી. સર્વેષામ લખ્યું છે, થોડો ટૂકડો લીધો છે આમાં. તમારું લખેલું છે હોં! સર્વેષામ યુગપદ પ્રાપ્તિ સંકર. પરસ્પર વિષયગમન વ્યતિકર. એટલે.. વ્યતિકર જોઈએ, નહિ? શું કીધું?

જગતના જેટલા પદાર્થોની સંખ્યાએ જે છે એ પોતાની શક્તિ જે સામર્થ્ય છે ગુણનું એની પર્યાયપણે પરિણમે તો તો એ શોભા, તો તો એ વાસ્તવિકતા, તો તો એ યથાર્થતા. અન્યથા જો થઈ જાય, રાગપણે જીવ પરિણમે તો એ તો અજીવ થઈ ગયો, વિભાવરૂપ થઈ ગયો. સમજાણું કાંઈ? એ સંકર દોષ આવે, ખીચડો થઈ જાય બધા. બધા વિભાવ ને સ્વભાવ એક થઈ જાય છે. જડ ને ચૈતન્ય બધું એક થઈ જાય. એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

બે આંગળી આ છે એ બે રૂપે રહે તો શોભા પામે, ભિન્ન રહે. આમાં આ પણે અને આ આના પણે નહિ. તો તો એનું અસ્તિત્વ ટકી રહે. અસ્તિત્વ સમજાણું? હોવાપણું, આનું

હોવાપણું ત્યારે ટકે કે, પોતાપણે રહે અને પરપણે ન થાય ત્યારે તેનું હોવાપણું ટકી રહે. સમજાણું આમાં? એમ આત્મા આત્માપણે રહે, રાગપણે ન થાય તો એનું હોવાપણું યથાર્થ ટકી રહે. આવું તો બધું સાંભળ્યું નહી હોય બરવાળામાં તો આવું આવતું નહિ હોય. તમારો આવ્યો છેને? ન્યાં તો આવું નથી ભાઈ! ત્યાં ક્યાંય હોં! આ વાત કાંઈક બીજી જ છે. વીતરાગનો માર્ગ જ કોઈ જુદી જાતનો છે. લોકને અન્યને માર્ગે વીતરાગ માર્ગ મનાવી લીધો છે. અને ભડકે છે અહીંની વાત સાંભળતા.

કહે છે, એક વાર સાંભળ તો ખરો. ભગવાન! તું કોણ છો? ક્યા સ્વરૂપે છો? ભાઈ! તું તો આનંદ અને જ્ઞાન સ્વરૂપે છો. તો એ આનંદ ને જ્ઞાનનું પરિણમવું થાય, અવસ્થા થાય એ તો પોતે પોતાપણે ટક્યો અને પરપણે થયો નહિ. એ તો એની સુંદરતા ને શોભા છે. સમજાણું કાંઈ? પણ બીજી રીતે જો થાય તો આત્મા રાગરૂપે થઈ જાય, રાગ અને બધારૂપે થઈ જાય તો પોતાનું પૃથકપણું રહે નહિ. માટે એ વાત વ્યાજબી નથી અને કાં બધાપણે એક થઈ જાય અને કાં જડનો ચૈતન્ય થઈ જાય અને ચૈતન્યનો જડ થઈ જાય. એ પણ બને નહિ. માટે આ પોતામાં ગુણની પર્યાયમાં પરિણમવું, રહેવું, થવું એ જ એની અસ્તિની શોભા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ગ્રિક-લેટિન જેવું લાગે નવા માણસને. ઓલાને એકેન્દ્રિયા, બેઈન્દ્રિય, ત્રણઈન્દ્રિયા, ચોઈન્દ્રિયા, પંચેન્દ્રિયા આવે, આવેને? ઈચ્છામી પડિકમણામાં આવે છે કે નહિ? .... અરે..! ભાઈ! આ માર્ગ જુદો વીતરાગનો. લોકોને બીજી રીતે પીરસાયેલો છે. સમજાણું કાંઈ? માલ ઘરમાં હતો એ પીરસાણો નહિ અને એઠાં પીરસાણા પછી.

એમ ભગવાન આત્માના ઘરમાં, વીતરાગ માર્ગના ઘરમાં તો અંતર અનંત આનંદ, અનંત જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા છે. એ એની વાત ન કહેતા એને પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ એંઠા પીરસ્યા બધાને. એ..ઈ..! કહો, સમજાણું કાંઈ? એંઠા પીરસાણા ને એ શેઠિયાના ઘરનો માલ છે એમ એણે માન્યો. પોપટભાઈ! પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા એમણે કહેલો ધર્મ એ તો આત્મા પોતાના ગુણની શક્તિના પરિણમનપણે પરિણમે તે એનો ધર્મ અને એ જૈનશાસન અને એ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? એને ઠેકાણે એને આ દયા, દાન, વ્રત, પૂજા, અપવાસ ધર્મ, એંઠા પીરસાણા છે. સમજાણું કાંઈ? અન્ય પ્રકારે...

મુમુક્ષુ :-- ઢોર હોય ...

ઉત્તર :-- ઢોર જે હોય તે. .... એમાં કાંઈ અનાજનો સ્વાદ આવે, દાળનો આવે, કોઈ કાંઈકનો આવે. એકલા પાણીમાં સ્વાદ તો શું હોય? એકલો અવેડો પીવે એમાં. એંઠુ પીવે તો એકદમ મીઠાશથી પીવે. જીભને હબડકે. એમ અજ્ઞાનીને ઊંધા માર્ગ મળે એ પોતે

હોંશથી પકડે. સમજાણું કાંઈ? આહા..હા..! ડૉકટર! ભારે કામ આકરું હો! આ ભગવાનની ભક્તિથી થાય, ધર્મ થાય એ પણ પીરસાણું, એંઠુ પીરસાણું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- ભક્તિમાં ભૂલ્યો.

ઉત્તર :-- ભૂલ્યો. કોની ભક્તિની ખબર ન મળે.

ભગવાન આત્મા અનંત આનંદ અને જ્ઞાનનો દરિયો પ્રભુ છે. અરે..! એનામાં તો શાંતિ અને અતીન્દ્રિય આનંદનો સ્વાદ છે. એ સ્વાદને ન લેતા પુણ્યના, પાપના રાગને સ્વાદિયો થઈને લીધો, વ્યભિચારી થઈ ગયો. સમજાણું કાંઈ? જેમાં જે નથી એમાં તું જોડાણો એનું નામ મૈથૂન ને એનું નામ વ્યભિચાર છે. સમજાણું? આહા..હા..!

કહે છે, **'અન્ય પ્રકારે...'** એવું જો સ્વરૂપ ન રહે, દરેક પદાર્થ પોતાના ગુણ પરિણમનમાં પરને અડ્યા વિના, પરને સ્પર્શ્યા વિના, પોતાને છોડ્યા વિના, પોતાને છોડ્યા વિના, પરને સ્પર્શ્યા વિના પોતામાં રહે તે એકત્વપણું એ શોભે છે. સમજાણું કાંઈ? નિવૃત્તિ લઈને સાંભળવું એમ કીધું કાલે ચીમનભાઈએ. ધીરૂભાઈને કહેતા હતા. ઓલા ખેડુત વખાણ કરેને. બહુ સારું તો માસ્ટરી છે, પાછું ભાઈ કહે પણ માસ્તરી પણ પંદર દિ', મહિનો નિવૃત્તિ લઈને સાંભળો છો અહીં? ધીરૂભાઈ! કહ્યું હતુંને કાલે? વાત સાચી હોં! એમને એમ અધ્ધરથી માસ્ટરી માસ્ટરી કરીને કહે. હેં? માસ્તરજી. શબ્દ માસ્તરનો.. ... કહેતા પણ મારે એકદમ માસ્ટર નીકળી જાય છે ઘણી વાર. એકદમ માસ્તર એમ થઈ જાય. માસ્તર. માસ્તર એટલે માસ્ટર કી. સમજાણું? બોલવાનો ભાવ ન હોય, એ ભાષા ન હોય. આમ ભગવાન પરમાત્મા એમ કહેવું હોય ત્યાં માસ્તર થઈ જાય. કેટલી વાર હોં! જોર તો એ છે કે માસ્ટર કી. કુંચી આ છે. એમ. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, આમ જો પોતાના દરેક વસ્તુ એ પદાર્થ, એનો સ્વભાવ કાયમી એ એના ગુણ અને એ ગુણની વર્તમાન દશા એનું પરિણમવું એ પર્યાય. એ રીતે જો ન રહે તો એકબીજા ભેગા થઈ જાય. અને કાં બધું થઈને એક થઈ જાય. તો એમ હોઈ શકે નહિ. આહા..હા..! આમ ન હોય તો વિભાવરૂપે આત્મા થઈ જાય તો એ તો જડરૂપે થયો. કાં વિભાવ અને સ્વભાવ એક માને તો એ બધું એક થયું, બધું એક થયું. સમજાણું કાંઈ? આવી વાત. બાપુ! માર્ગ આ છે ભગવાન! બીજી રીતે મેળ હોય તો એ વાત બીજી જાતની હતી. આ માર્ગ છે. આહા..! સુખના પંથે જવાનો અને દુઃખના દહાડા ટાળવાનો. હેં? આ રસ્તો છે ભાઈ! આહા..હા..! એ પાંચ પચ્ચીસ લાખ મળે ને હોંશું કરે. આહા..હા..! એમાં વળી લગનના પ્રસંગ હોય અને કરોડ, બે કરોડ પૈસા હોય અને પાંચ લાખ ખરચવાનો હોય એનો બાપ દસ લાખ એકનો એક દીકરો હોય, જુઓ પછી એના શરીરના શણગારને, જુઓ પછી એની હોંશું. એ મખમલમાં એ બધા કોટ ને માથે આમ ... શું કહેવાય એને? કલગી આમ

બરાબર પટ્ટા-બટ્ટા કરે. બહુ પટ્ટા આવે છે. આમ બાંધ્યા હોય, કોઈએ આમ પટ્ટા બાંધ્યા હોય. ક્યાં જા છો? એ દુઃખના દરિયામાં ડૂબકી મારવા જા છો. સોનાનો ... ભલે રાતે દરરોજ નવ વાગે જાવું પડે. પણ એકલા પૈસા તો મળે. છેટે જાવું હોય તો રાત્રે જાવું પડે. .... ઘણું દૂર. લ્યો આ બધા ભક્તો તમારા. નામ તો તમારું હતું એમાં એક. નામ નહોતું એનું કાંઈ. એમ સમજવું. રાતે ખાય અને એ બધા ... ગામથી દૂર ઘણું. ન્યાંથી ઘરે આવતા રાત જ થઈ જાય એને.

કહે છે કે, આ દરેક પદાર્થ પોતાની પરિણતિમાં અને ગુણમાં જો રહે તો તો એ વાસ્તવિકતા ટકી રહે. સમજાણું કાંઈ? બીજી રીતે હોય તો તો બધું કાં એક થઈ જાય અને કાં એક વિષય બીજામાં પ્રવેશ કરી નાખે. ચૈતન્યનો જડ થઈ જાય, સ્વભાવનો વિભાવ થઈ જાય, પરમાણુ ચેતન થઈ જાય, ચેતન પરમાણુ થઈ જાય. એમ કોઈ દિ' બને નહિ. માટે એકપણું સ્વતંત્ર ભિન્ન રહેવું એ જ એનું અસ્તિત્વ ટકાવવાનું સાધન છે.

'**કેવા છે તે સર્વ પદાર્થો?**' આ બધા આત્માઓ અને આ પરમાણુ છેને આ રજકણો, આ રજકણો છે જડ માટી. આ તો ઘણા રજકણનું દળ છે. કટકા કરીને છેલ્લો પોઈન્ટ રહે એને પરમાણુ કહીએ. નાનામાં નાનો અણુ. એ જગતના એવા અનંતા આવા રજકણો જડ છે. ભગવાન એમાં આત્મા ભિન્ન એવા આત્માઓ પણ અનંત છે. '**કેવા છે તે સર્વ પદાર્થો? પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે...**' આહા..હા..! કહે છે, પરમાણુ અને આત્મા, પ્રત્યેક વસ્તુ ભિન્ન ભિન્ન એ '**પોતાના દ્રવ્યમાં અંતરંગ રહેલ...**' પોતાના વસ્તુમાં અંતર રહેલા શક્તિઓ અને ગુણ. આત્મામાં જ્ઞાન દર્શન આદિ. પરમાણુમાં રંગ, ગંધ, રસ. આ પરમાણુ રજકણ જડ એના જે ગુણો રંગ, ગંધ, રસ, સ્પર્શના અને આત્માના જ્ઞાન, દર્શન, આનંદના આદિ. '**પોતાના દ્રવ્યમાં...**' એ વસ્તુ કીધી. '**અંતર્મગ્ન રહેલ...**' એકમેક થઈને રહેલ '**પોતાના અનંત ધર્મો...**' આત્મા અને પરમાણુ પ્રત્યેક પોતામાં રહેલા સ્વભાવ અને એની પર્યાય એને ચુંબે ને સ્પર્શે છે. સમજાણું કાંઈ?

'**તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી,...**' તોપણ એટલે? દરેક વસ્તુ છે એ પોતાની શક્તિઓ એટલે ગુણ એવા ધર્મ અને એની પર્યાય એવો ધર્મ એવા ગુણ પર્યાયને સ્પર્શે, ચુંબે, આલિંગન કરે, રહે ટકે. આહા..! સમજાણું કાંઈ? '**પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ...**' પોતાના અનંત ધર્મો પાછા લીધા. બે શબ્દ છે. '**स्वकीयद्रव्यान्तर्मग्नानन्तस्वधर्म**' બે--સ્વકીય દ્રવ્ય અને સ્વધર્મ. બે છે, ટીકામાં બે છે. પોતાના દ્રવ્યમાં એટલે સ્વવસ્તુ. આત્મા આત્માની વસ્તુ. પરમાણુ પરમાણુની રજકણ આ. એમાં '**અંતર્મગ્ન રહેલ...**' એના દ્રવ્યના ધર્મો એટલે સ્વભાવો એમાં રહેલ છે. એ એની પર્યાય પણ લેવી આમાં. '**પોતાના અનંત**

**ધર્મોના...**' પોતાના અનંત ધર્મો. પોતાનું દ્રવ્ય વસ્તુ એમાં અનંત પોતાના સ્વભાવ. આત્માના જ્ઞાન, દર્શન આદિ. પરમાણુના રંગ, ગંધ આદિ. એના '**ચક્રને (સમૂહને) ચુંબે છે--સ્પર્શે છે,...**' અડે છે, એકમેક થઈને રહેલા છે. '**તોપણ...**' તોપણ કેમ લીધું? કે, સ્પર્શે તો છેને. તો પછી બીજાને સ્પર્શે તો શું વાંધો? સમજાણું કાંઈ? શું કીધું ઈ? આ તો સમયસાર છે. ભગવાનના મુખની વાણી સાક્ષાત્ ગણધરોને કાને પડેલી, એ ગણધરોએ ગૂંથી. એ એના પરંપરામાં આવેલી કુંદકુંદાચાર્યે રચના કરી. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, એ પોતાના વસ્તુમાં અંતર્મગ્ન એટલે અંતરમાં રહેલા પોતાના અનંત ધર્મો. પાછા દરેક પદાર્થમાં અનંત સ્વભાવ છે એમ કહે છે. એક ગુણ, એક ધર્મ એમ નહિ. એક આત્મામાં અનંતા ગુણો એટલે ધર્મો રહ્યા છે અને એની અનંતી પર્યાય છે. સમજાણું કાંઈ? અરે..! ઘરે આવ્યો નથી. એમાં કેટલી ઋદ્ધિ છે અને કેટલી સમૃદ્ધિ... હવે બહારમાં તમારી કેટલી ગણાય? પાંચ કરોડ, દસ કરોડ, અબજ, બે અબજ, પાંચ કરોડ. પહેલું અમારા વખતમાં પ્રાગ હતું. અત્યારે અબજ સુધી ચાલે છે. પહેલા અમારા વખતમાં પ્રાગ. ... એવા બોલ હતા સીત્તેર વર્ષ પહેલાની વાત છે. ૧૮મો આંકડો હતો એમાં, મોટો આંકડો. તોપણ કેટલો ઈ? આ તો અનંત છે. આહા..હા..! સમજાણું કાંઈ? અબજ આવે છેને? પછી ખર્વ, નિખર્વ, ... અને પ્રાગ. એવા આઠ બોલ આવતા. એ તો સંખ્યા છે, એ પણ મર્યાદિત છે.

આ તો અમર્યાદિ જેનો સ્વભાવ છે. આહા..હા..! અનંત, અનંત જેના એક એક દ્રવ્ય, જેટલા ગુણો ને ધર્મો આત્મામાં છે એટલા રજ અનંતા ગુણો અને ધર્મ એક પરમાણુમાં છે. જાત જુદી, આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ. પરમાણુમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ વગેરે. એમાં જ્ઞાન દર્શન નહિ. એમ જેટલી સંખ્યામાં એક આત્મામાં ભગવાને અનંતા ગુણો એ ધર્મો જોયા, તેટલા જ અનંતા ગુણોની સંખ્યા એક પરમાણુમાં છે. .... દ્રવ્ય છે સામે. જાતફેર છે. સમજાણું કાંઈ? આવી ધર્મની વ્યાખ્યા, ભઈ આ તો જુવાન માણસને મેટ્રીક ભણતા હોય ને ઓલા મોટા પૂછડા વળગાડ્યા હોય એલ.એલ.બી.ના ને શું કહેવાય તમારું ડૉકટરનું? રાજેન્દ્ર! હેં? .... પૂછડા મોટા આવડા વળગાડ્યા હોય.

મુમુક્ષુ :-- એનું નામ જ ડીગ્રી છે, ડીગ્રી એટલે ઉપાધિ.

ઉત્તર :-- ડીગ્રી એટલે ઉપાધિ કહે છેને.

આ તો ભગવાનને તો અનંત ધર્મની ડીગ્રી લાગેલી છે. નિરૂપાધિ સ્વભાવ છે બધો. સમજાણું કાંઈ? કહે છે આ જુઓ આવું સ્વરૂપ છે તેમ તેનામાં રહેવું એનું નામ ધર્મ છે. આહા..! સમજાણું કાંઈ? આત્મામાં અનંતા ધર્મો છે. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, જીવત્વ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ આદિ આવે છેને. ૪૭ શક્તિનું વર્ણન તો આપણે આવ્યું છે. પાછળ ૪૭ શક્તિ છે એનું વર્ણન છે. ૪૭ શક્તિના બે ગ્રંથો આવી ગયા બહાર. એક

આત્મપ્રસિદ્ધિ. આત્મપ્રસિદ્ધિને? અને એક આ--આત્મવૈભવ. મોટા પુસ્તક છે. અહીં તો સાડા સાત લાખ પુસ્તક બહાર પડી ગયા છે, આઠ લાખ. વાંચવાની નવરાશ ક્યાં? ચોપડા જોવાની નવરાશ હોય. રાજેન્દ્ર! દવાખાનું સાચવવામાં નવરાશ હોય કે આ સાચવવું? ... ખુશી માને પાછો હોં! થાય હેરાન, પીવે ઝેર (અને માને) ઓડકાર આવ્યો અમૃતનો. બાબુભાઈ! ... પાંચ-છ છોકરા, છોકરાઓની વહુરુ, એના મોટા વેવલા, વેવાઈ. વેવાઈ વેવલા. તું પણ જુદો છો ને ક્યાં ગયો આ? તારે અને પરને કાંઈ સંબંધ નથી. દરેક વસ્તુ પોતપોતાના ગુણ પર્યાયમાં રહેલી એ પરને અડતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના જ્ઞાન, દર્શન, આનંદ અને એની પરિણતિમાં રહેલો એને ચુંબે, એને સ્પર્શે, એમાં એકત્વ થઈને રહે પણ પરમાણુને, કર્મને, શરીરને એ આત્મા કોઈ દિ' અડ્યો નથી. આહા..હા..! હવે આ શું પણ .... આહા..હા..! પ્રાયમસ સળગાવોને! ભડકો થાય માટે. અડ્યો જ નથી અહીં કહે છે. અહીં તો એ સિદ્ધ કરવું છે. આહા..હા..! ગજબ વાત છે! એ ભડકો ચામડીને અડ્યો જ નથી.

મુમુક્ષુ :-- ભડકો કર્યો તો ખરોને?

ઉત્તર :-- કર્યો જ નથી. કરે કોણ? ....કરે કોણ? આંગળી આંગળીને કારણે ફરતી, એ એને કારણે ફરે. આંગળી આંગળીના ગુણ પર્યાયમાં રહેલી, એ એના ગુણ પર્યાયમાં રહેલ. એકબીજાને અડતા નથી. કહો, આ તમારું ઈંજેક્શન અડતું નથી શરીરને એમ કહે છે. સમજાણું? ભાઈ! તને ભ્રમ પડી ગયો છે. જો અડે તો બે એક થઈ જાય એમ કહે છે. કાં બધા એક થઈ જાય અને કાં જડનું ચૈતન્ય થઈ જાય ને ચૈતન્યનો જડ થઈ જાય. આહા..! અરે..! મૂળ વાત જ સાંભળી નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..!

કહે છે, એક ચીજ પોતાની શક્તિ ને દશામાં રહેલી છે. એ એક ચીજ પોતાની શક્તિ અને દશાને સ્પર્શે છે, અડે છે, ચુંબે છે છતાં એક ચીજ બીજી ચીજને જરીએ અડતી નથી. આહા..! કહો, સમજાણું કાંઈ? ગુરુ વાણીને અડતા નથી, વાણી આત્માને અડતી નથી. કહો, સમજાણું આમાં? આ પાનાની આ પર્યાયને આંખ અડી નથી, આંખ એને અડતી નથી. આહા..હા..! આ આંખની પર્યાય આ પરમાણુ છે એમાં અનંત ધર્મો છે પરમાણુના, એ આત્માની જ્ઞાનની પર્યાયને અડતા નથી અને જ્ઞાનની પર્યાય એને અડતી નથી. આહા..!

મુમુક્ષુ :-- ... એનું શું કરવું?

ઉત્તર :-- ધૂળેય નથી. ઓલા ડૉકટરે બધા ગપ્પા માર્યા બધા. અહીં જ્ઞાન પણ ... સમજાણું કાંઈ?

આખા આત્મામાં જ્ઞાનસ્વભાવ ભરેલો છે. તંતુ-ફંતુ કેવો? આખો આત્મા જ્ઞાનથી વ્યાપક છે. એમાં પ્રસરેલ છે, એમાં રહેલ છે અને એની અવસ્થા થાય તેમાં એ સ્પર્શેલ છે, રહેલ

છે, ચુંબે છે. પણ ખરેખર એ આત્મા શરીરને અડ્યો જ નથી, ત્રણકાળમાં અડતો નથી. કર્મને આત્મા અડ્યો નથી, ત્રણકાળમાં અડ્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને કર્મ જે છે આત્માને ત્રણકાળમાં અડ્યા નથી. હવે અડ્યા નથી ને કર્મ એને હેરાન કરે! આહા..હા..! ભાઈ! તને ખબર નથી. તારા હોવાપણામાં પરનું હોવાપણું આવતું નથી અને પરના હોવાપણામાં તું ત્યાં જતો નથી. માટે પરના હોવાપણાને તું અડતો નથી. આહા..હા..!

ભગવાન આત્મા એવો એનો સ્વભાવ જ પોતાના ગુણ પર્યાયમાં રહેવાનું જ એનું સ્વરૂપ છે. એની મર્યાદા છોડી શરીરના પરમાણુ માટીને અડે... આહા..હા..! કે વીંછી એની ચામડીને કરડે એમ બનતું નથી. આજના જમાનામાં ગાંડાને જ આ સમજાવાનું છે. જમાનો બધો ગાંડો થયો છે. સમજાણું કાંઈ? મોટા પૂછડા વળગાડ્યા આવડા આવડા એલ.એલ.બી. ને એમ.એ.ના ને દસ હજારનો પગાર ને પાંચ હજારનો પગાર ને. સમજાણું કાંઈ? કહે છે કે, એ પૈસાને અડતો નથી. આ ધૂળને આત્મા અડતો નથી, અડ્યો નથી એમ કહે છે. જીભના રજકણો જીવને અડ્યા નથી અને જીવ અડે એક થઈ જાય તો તો એક થઈ જાય, બધું એક થઈ જાય. ઈ અડવાની વ્યાખ્યા શું? એની એક સમયની પર્યાય ત્યાં પર્યાય જોડાય ગઈ એની સાથે? પોતામાં રહી છે અને પરની પર્યાયનો તો આમાં અભાવ છે. સમજાણું કાંઈ? આ શરીરની, વાણીની પર્યાયમાં આત્માનો અભાવ છે અને આત્માની દશામાં આની પર્યાયનો અભાવ છે. આહા..હા..! આ તો બધું નિવૃત્તિ લઈને સાંભળે તો સમજાય એવું છે. આમ ઉપરથી થોડુ કહી દે એમ ન ચાલે એમ ચીમનભાઈ કહેતા હતા. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

દરેક વસ્તુ પોતામાં રહેલા, પોતાનું દ્રવ્ય અને પોતાના ગુણો એમ. પોતાના ગુણો શક્તિ એની પર્યાયને અડે ને ચુંબે. 'તોપણ...' એવો ચુંબવાનો એનો સ્વભાવ હોવા છતાં પરને તો અડતું નથી. આહા..! આકરી વાત. હેં? એમ જો નક્કી કરે તો એને પરમાંથી મને સુખબુદ્ધિ થાય ને પરથી ધર્મ થાય, વિભાવથી ધર્મ થાય (એ બુદ્ધિ છૂટી જાય). ખરેખર આત્મા વિભાવને સ્પર્શ્યો નથી અને વિભાવ ચૈતન્યના સ્વભાવને સ્પર્શ્યો નથી. આહા..હા..! એવો જો નિર્ણય કરે તો એની દૃષ્ટિ સ્વભાવ ઉપર જાય અને વિભાવથી એકત્વપણું ટળી જાય. આ એને સમ્યગ્દર્શનનો ધર્મ કહેવામાં આવે છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ-૬, બુધવાર, તા. ૨૪-૧૧-૧૯૭૧**
**ગાથા-૩, પ્રવચન-૧૯**

આ સમયસાર સિદ્ધાંત છે. જીવ-અજીવ અધિકાર છે. ત્રીજી ગાથા ચાલે છે. કહે છે, આપણે અહીં આવ્યું છે. 'કેવા છે તે સર્વ પદાર્થો?' છે? ભગવાન તીર્થંકર પરમેશ્વરે કેવળજ્ઞાનમાં છ પદાર્થો જાતિએ જોયા છે. જાતિએ એટલે? પોતે જાતે જોયા છે એમ નહિ જાતિ એટલે જાત. છ પ્રકારના દ્રવ્યો છે. સંખ્યાએ અનંત છે. આત્મા, પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ એવી છ વસ્તુ ભગવાને જોઈ જગતમાં અનાદિ-અનંત. સંખ્યાએ અનંત છે જીવ, પુદ્ગલ. કાળ અસંખ્ય છે, બીજા એક એક છે. એ કહે છે કે, આ ચીજો જગતમાં જે છે એ સર્વ પદાર્થો, '**પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને ચુંબે છે...**' દરેક આત્મા અને દરેક આ પરમાણુ રજકણ એમાં રહેલા અનંતા ધર્મ, ધર્મ એટલે ગુણ. એ પરમાણુમાં રહેલા અનંતા ગુણો રંગ, ગંધ, રસ, સ્પર્શ આદિ. આત્મામાં અનંતા રહેલા જ્ઞાન, દર્શન, આનંદ આદિ. એ દરેક પદાર્થ પોતાના ગુણ અને એની દશા એને સ્પર્શે છે. કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. કહો, હવે શી રીતે આ રળ્યા વિના ખાવું? એમ કહે છે. કોણ રળે? રળે કોણ? ખોવે કોણ? એનામાં વિકલ્પ ઉઠે એ તો એનો ઉત્પાદ-વ્યયનો સ્વભાવ છે માટે આવે. એથી જગતના રજકણો એને (પોતાને) કારણે આવે એમ છે નહિ. કેમ ચુનીભાઈ! એ તો જ્યાં ... ત્યાં આવ્યા વિના, આવ્યા વિના રહે નહિ. આ શરીર અહીં આવે એને કારણે આવે, આત્માને કારણે નહિ. લ્યો! આહા..હા..!

આ આત્મા છે એ તો અરૂપી જ્ઞાનઘન છે. ભલે એની પર્યાયમાં વિકાર હો. આખું દ્રવ્ય સિદ્ધ કરવું છે. પણ એના પર્યાયને, ગુણને એ અડે, સ્પર્શે પણ પરને તો અડતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? છે? મહાસિદ્ધાંત છે આ. હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- કીધુંને, સર્વ પદાર્થ એમ છેને. એક પદાર્થ નથી. જગતમાં અનંત તત્ત્વો છે, અનંત દ્રવ્ય છે ગુણ પર્યાયવાળા. એ તો ... આવી ગયા છે.

દરેક ચીજ પરથી પૃથક રહી પોતામાં રહેલા ધર્મો એટલે શક્તિઓ અને અવસ્થા, ગુણ ને એની અવસ્થાને અડે છે, અડે એટલે એકમેક અંતર્મગ્નમાં છે એને ચુંબે છે. આહા..હા..! આ સિદ્ધાંત. 'તોપણ...' કહે છે કે પોતાના ગુણ અને પર્યાયને સ્પર્શે છે એવું તો છેને એનામાં? તો પછી એક ગાયનો ગોવાળ તો બે ગાયનો ગોવાળ એમ કહે છે કે નહિ આપણે?

એક ગાયને ચારવા જા તો તો બીજી સાથે રાખીએ. એમ આત્મા જ્યારે પોતાના જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ આદિની ગુણ પર્યાયને સ્પર્શે છે તો ભેગો પરદ્રવ્યને પણ સ્પર્શે. એમ છે નહિ. ....સવારમાં તો કંઈ ખબર નહોતી પડતી. એ વખતે તો ... યાદ આવ્યું. ... આઠ છે. સમજાણું કાંઈ? એમ એણે નિર્ણય કરવો જોઈએ.

ભગવાન એમ કહે છે કે, જ્યારે પ્રત્યેક વસ્તુ પોતપોતાની શક્તિમાં પછી ગુણની ને પર્યાયની એમાં જ એને અડે અને સ્પર્શે એવું સ્પર્શવું હોવા છતાં, '**એ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી,...**' મહાસિદ્ધાંત છે આ. એક આત્મા એક રજકણને અડતો નથી, એમ કહે છે. એક રજકણ બીજા રજકણને અડતો નથી. એક રજકણ આત્માને અડતો નથી. કહો, સમજાણું કાંઈ? અગ્નિ શરીરને અડતી નથી, શરીર આત્માને અડતું નથી, આત્મા શરીરને અડતો નથી એમ ભિન્ન ભિન્ન તત્ત્વો રહેલાં છે. આહા..હા..! અરે..! એણે ક્યાં વિચાર કર્યો છે એવો. આવી જિંદગી ચાલી જાય છે. કેટલાક બિચારા બાળપણે ભણવામાં હજી પછી આમ કરશું ને આમ કરશું ને ત્યાં તો જાય ચોર્યાશીની ગતિ. આહા..હા..! ... સાધારણ તિર્યંચમાં હોય. કાંઈ ધર્મ હોય નહિ, તેમ તીવ્ર માંસ આદિ હોય નહિ. આવા જીવન. આહા..હા..!

ભાઈ! તું એક આત્મા છો, એવા અનંતા આત્મા ભિન્ન જુદા છે અને આ શરીર છે એનો એક એક રજકણ એવા અનંતા રજકણો અહીં જે દેખાય છે એ એક રજકણ બીજા રજકણને સ્પર્શ્યો નથી. કેમકે એક રજકણમાં બીજા રજકણનો અભાવ છે. અભાવ છે એટલે એને ભાવરૂપે અડવું, સ્પર્શવું થતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! બાયડી, છોકરા ને પૈસા ને ધૂળ તો ક્યાંય રહી ગઈ. એ.. પોપટભાઈ! હેં? તમને મોટા પૈસાવાળા કહે છે લ્યો! કરોડપતિ ... એક જણો વળી પાંચ કરોડ એમ કહેતો હતો. ચાલીસ, પચાસ લાખ હોય ત્યાં બે કરોડ ને પાંચ કરોડ કહેવાય. ન્યાં ક્યાં આંકડા ગણવા છે, ધૂળને ક્યાં ગણવા હતો ત્યાં. અને હોય તોય એમાં એના ક્યાં હતા. ધૂળના, માટીના રજકણો છે. આહા..હા..! અરે..! એને ખબર નથી. સમજાણું કાંઈ? એક નોટ છે, અત્યારે બહુ નોટું થઈ ગઈ ઘણી, ઈ એક નોટનો એક રજકણ બીજા રજકણને અડતો નથી કહે છે અને આ આટલા ... દેખાય. જો એમ ન હોય તો અનંત પૃથક છે તે અનંતપણું પોતામાં રાખી શકે નહિ. જો બીજાને અડે, ઈ બીજામાં સ્પર્શ કરવા જાય તો બે એક થાય. એક થાય એટલે પોતાનું અસ્તિત્વ ભિન્ન છે એ રહી શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

આ ધર્મ કરવો હોય એણે પહેલો આ નિર્ણય કરવો પડશે એમ કહે છે. કરવો હોય તો, નહિતર તો અજ્ઞાની અનાદિથી દુઃખી થયા બિચારા મિથ્યા ભ્રાંતિમાં. ઈ પૈસાવાળા દુઃખી, રાજા દુઃખી, રંક દુઃખી, નારકી દુઃખી, એકેન્દ્રિય દુઃખી, અબજોપતિ વાણિયા દુઃખી. કહો, સમજાણું કાંઈ? એ દુઃખના ડુંગરામાં પડ્યા છે બિચારા ભાન વિનાના. એમ હશે?

અહીં તો ખાય, પીવે, લાડવા ઉડાડે, સાટા ઉડાડે. જુઓ! સામે પતરવેલીયા ઉડાડે. કહેને માણસો તો, સુખી છે એમ કહે છેને. એક જણો નહોતો આવ્યો અહીં? અમારા વેવાઈ સુખી છે. નાનાલાલ કાળીદાસના વેવાઈ આવ્યા હતાને એક ફેરી. મોહનભાઈના વેવાઈ કરોડપતિ કહેવાય ને ઓલા એના વેવાઈ. એટલે કહે કે, અમારા વેવાઈ સુખી છે. મેં કીધું, સુખીની વ્યાખ્યા શું? સુખી એટલે શું? આ પૈસાનો સંયોગ દેખાય એ સુખી? આ પણ કહે છે કે, સંયોગને અડતોય નથી. સમજાણું કાંઈ? આહા..હા..! પરમેશ્વર કહે છે અને એ ન્યાય લોજીકથી પણ અસ્તિત્વ એનું પરને અડ્યા વિનાનું ટકી રહે, નહિતર તો પોતાનું અસ્તિત્વ ટકી શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

આ શરીરનો રજકણે રજકણ, આ શરીર એક રજકણનું નથી. આ તો ઘણા રજકણનો દળ પિંડ છે. એના કટકા થાય કરતા.. કરતા.. કરતા.. રાખ થાય છેને બળે ત્યારે, જુઓને! અને રાખ થાય પછી આટલી ન રહે. અને પવન આવે તો જાય 'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત'. ધૂળ છે આ તો. એમ પૈસા માટી ને ધૂળ જડ છે. એમ સ્ત્રીનું શરીર માટી ને જડ છે. એને અડવાથી સુખ થાય છે. મૂઢ છો કહે છે. એઈ..! આહા..હા..! સમકિતી પણ સ્ત્રી પરણે છે. હોય છેને? એને નથી સ્ત્રી. આહા..હા..! ધર્મી સ્ત્રી પરણે, પછી રાજ-પાટમાં દેખાય. નથી પરણ્યો, ભાઈ! એની સાથે એકમેક થયો જ નથી. પરણવું એને કહીએ કે, એની સાથે એકમેક થાય. અજ્ઞાની એને એકમેક માને છે. સમજાણું કાંઈ? કો'કના તત્ત્વો એ મારા, મને સુખ આપે અને એ મારા, ચોર છો મોટો. સમજાણું કાંઈ? મોટો ચોર આ નાનો નાનો ચોર થયો હોય એ ... આ તો મોટો મહા અનંતા પદાર્થ જગતના એ બધા મારા. મહાચોર છે. સમજાણું કાંઈ? પ્રેમચંદભાઈ! ભારે વાતું ભાઈ!

સર્વ પદાર્થ જેઓ પોતામાં રહેલા ભાવો, એ ભાવ શબ્દે ગુણ અને પર્યાય એને ભલે એના અસ્તિત્વમાં, હયાતીમાં છે એટલે એને ચુંબે છે, સ્પર્શે છે, અંતર્મગ્નપણે રહે છે. પણ તેથી એ પરસ્પર... એની વ્યાખ્યા કરતા હતા. એમ કે એકબીજાને ચુંબતા નથી એનો અર્થ એટલો લેવો કે એકબીજા રૂપે થાતા નથી. પણ થાતા નથી એટલે કે ચુંબતા નથી. મૂળ તો આ વાત છે. થાતા નથી એ તો એની સ્થૂળતા થઈ ગઈ. ચુંબતા નથી એનું શું કરશું? અડતા નથી, કીધું. અડતાય નથી. એકબીજામાં અભાવ એને ભાવરૂપે અડવું એ તો ભાવરૂપ થયો. સમજાણું કાંઈ?

આ આંગળીમાં, આ આંગળીમાં આ આંગળીનો તો અભાવ છે. આ છે, છે એમાં આનો અભાવ છે. અભાવ છે ઈ આને અડે શી રીતે? બેના ભાવ જ જુદા છે, બેની દશા વર્તમાન અને ત્રિકાળ બેય જુદે જુદા છે, આના આમાં નથી, આના આમાં નથી. એમ એક એક આત્માના, બીજા રજકણના ગુણ અને પર્યાય એટલે અવસ્થામાં એક એક

આત્મામાં બીજાનો અભાવ છે. અને આત્માનો પણ એમાં અભાવ છે. અરે..રે..! કોઈ દિ' સાંભળ્યું ન મળે. પાગલની જેમ ગાંડો હોય એમાં ... અજ્ઞાની પાગલ કહ્યા છે. સમજાણું કાંઈ?

દાખલો આપ્યો છેને, ઓલામાં મોક્ષમાર્ગ પ્રકાશકમાં. એક પાગલ હતો. બહાર નીકળીને બેઠો નદીને કાંઠે. પથરો-બથરો હશે. નવ, સાડા નવનું ટાણુ દસ વાગયાનું. બેઠો ત્યાં મોટો રાજા નીકળ્યો, હાથી, ઘોડા, પાયદળ, માણસો. નાખ્યો પડાવ. પાણી નદીનું ખરુંને એટલે અહીં આહાર કરવા રોકાવ. દસ વાગેલા. એટલે અહીં આહાર કરી બે, ચાર કલાક વિશ્રામ લઈને સાંજે બે વાગે ... આવ્યા ત્યાં ઓલો કહે ઓહો..હો..! આ અમારો રાજા, અમારો માણસ છે મોટો, આ બાયડી આવી, આ છોકરા આવ્યા, આ હાથી આવ્યો, આ વરઘોડા આવ્યા. આહાર કરીને કલાકે, બે કલાકે ચાલવા માંડ્યા. હાલવા માંડ્યા. ઓલો ગાંડો કહે છે કે, એલા પણ વગર પૂછ્યે કેમ વયા જાવ છો? ઓલા કહે, એલા ગાંડો લાગે છે, તારા હાટુ અમે આવ્યા હતા? અમારે તો દસનું ટાણું હતું અને નદીમાં પાણીનો પ્રવાહ છે, માણસો પાંચસો, હજાર, બે હજાર છે તો પાણી કૂવામાંથી ખેંચવું ક્યાં? તો અહીં પડાવ નાખીએ અને ખાવું. અમે તારા છીએ? તારા માટે આવ્યા છીએ? માટે તારાથી જુદા પડીએ એટલે તારા હતા તો જુદા પડીએ છીએ? અમે જુદા છીએ, જુદા છે. એમ આ જ્યાં ક્યાંક જન્મીને આવ્યો, ત્યાં આવ્યા મકાન અને ત્યાં આવી બાયડી ને આવ્યા છોકરા.

નહોતું કીધું એક ફેરી? ગઢડાનું નથી કોઈ? ગઢડાના કામદાર હતા. કામદારના જમાઈ, ભાવનગરના હોં! નામ ભૂલી ગયા. જગજીવનભાઈ છે? ગયા. અહીં ક્યાં છે? તમે નહિ, જગજીવન કામદાર. ગઢડાના હોય એને ખબર હોય, તમને શું ખબર હોય. તમે ક્યાં ગઢડાના છો. પ્રભુભાઈ, પ્રભુભાઈ કામદાર. ભાવનગરના હતા. ૮૧નું ચોમાસુ હતું. પછી એકલા થઈ ગયેલા તો આવેલા. એમાં વાત નીકળી એમાં કહે, પાંચસો-પાંચસો, હજાર માણસ આવીને ખાય અને અહીં છૂટા પડી જાય. કોઈ કોઈના છે નહિ. અહીં હોય તોય કોઈના નથી. એકલો છે. ત્યાં એણે કહ્યું કે, મહારાજ! હું એકલો હતો પહેલો, મુંબઈ ગયો એકલો. એકના બાર થયા. બાયડી, છોકરા, છોડીયું. સોપારીની દુકાન હતી નાની સોપારીની. પૈસા થયા. આ જેવો ગયો એવો ૪૮ વર્ષે એકલો પાછો આવ્યો છું. એ પૈસાય નહિ, બાયડી, છોકરા બધું ખલાસ થઈ ગયું. એકલો આવ્યો છું.

મુમુક્ષુ :-- ઈ તો એકની વાત છે.

ઉત્તર :-- પણ એવા એકલા જ બધાય છે. આહા..હા..! કે દિ' બેકલા હતા? ઈ તો અહીં કહે છે. એક તત્ત્વ બીજા તત્ત્વને અડતું નથી, સ્પર્શતું નથી તો એનું થઈને રહે કેમ? સમજાણું કાંઈ? મૂર્ખો અજ્ઞાની મૂઢ થઈને દુઃખીને પંથે દોરાઈ ગયો છે કે, આ મારા,

હું એનો, એની સગવડતાએ મને સુખ થાય. પરની સગવડતાએ એને સુખ થાય. પરની અગવડતાએ મને દુઃખ થાય. આહા..હા..! મૂઢ છે, પાગલ છે. સમજાણું કાંઈ?

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ ત્રિલોકનાથ જેને ત્રણકાળ, ત્રણલોક જાણવામાં આવ્યા. એ પ્રભુની વાણી છે આ. સમજાણું કાંઈ? સર્વ પદાર્થો. આ આત્મા છે એ કર્મને અડ્યો નથી કહે છે. કર્મના રજકણમાં એક રજકણ બીજા રજકણને અડ્યું નથી, ચુંબતું નથી. આ છોકરાને ચુંબતા નથી? ... બચ્ચી ભરેને બચ્ચી. કહે છે કે ના ના, હરામ છે, મફતનો માને છે. હોઠના રજકણ જુદા, એના ગાલના રજકણ જુદા અને હોઠના રજકણ કરતા તું જુદો. આહા..! બરાબર છે? આહા..! એક સિદ્ધાંત જો સમજેને, મારું તો એકલાપણું પરથી ત્રણે કાળે જુદો છું. મારે અને પરપદાર્થને કાંઈ સંબંધ નથી. નિમિત્ત-નિમિત્ત સંબંધનો અર્થ જ કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ?

સર્વ પદાર્થો કેવા છે? એ પદાર્થો કેવા છે? '**પોતાના દ્રવ્યમાં...**' દ્રવ્ય એટલે વસ્તુ એમાં '**અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મો...**' પાછા. પોતાનું દ્રવ્ય અને પોતાના ધર્મો. એમ. એવા ચક્ર એટલે ઢગલો આખો ધર્મનો એને '**ચુંબે છે--સ્પર્શે છે...**' એક લીટીમાં તો કેટલું કહ્યું! કહો, સમજાણું કાંઈ? '**તોપણ જેઓ પરસ્પર...**' કહો, સોનાના લાટાને આત્મા અડતો નથી એમ કહે છે. આંગળી એને અડતી નથી એમ કહે છે. કહો, ધીરુભાઈ! શું હશે આ? આખો દિ' ન્યાં રોકાઓ છો, સોનાના ધંધામાં. સવારે જાય અને પછી સાંજે મોડા આવે. આહા..હા..! કહે છે, કોને તું, કોના હાટુ રોકાણો છો? એના હાટુ રોકાણો છે ઈ? બિલકુલ નહિ. અને એ રોકે છે એને? જડની ક્રિયાઓ અને જડ પદાર્થ આત્માને રોકે છે? એ તો એને અડતી નથી પછી રોકે શી રીતે? સમજાણું કાંઈ? વેપારી હોય છેને? પાંચ, પચાસ લાખના મોટા ધંધા, કરોડોના ધંધા, અબજોના ધંધા, અબજોના ધંધા. પન્ના આવે છેને, હીરા. અબજો રૂપિયા પેદા કરે છે. લ્યો! કોણે પેદા કર્યા? શું કહે છે તું આ? મૂર્ખ છો. એ તો જગતની ચીજ છે. એમાં તું આવ્યો નથી અને એ તારે માટે આવ્યા નથી. એ તો એને રૂપાંતર થઈને આવવું ને જવું એવો તો એનો સ્વભાવ છે. એની પર્યાય અને એના ગુણને સ્પર્શીને રહેવું અને પરને સ્પર્શવું નહિ એવો તો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? છે કે નહિ એમાં? પણ આ શબ્દનો અર્થ તો કરે. આ તો કાંઈ મોટા સંસ્કૃત અને વ્યાકરણની આમાં જરૂર નથી કાંઈ કે મોટો ભણેલો પંડિત હોય ઈ જ આને સમજે. આહા..હા..! છે કે નહિ એમાં? રાજેન્દ્ર! શું છે એમાં? શું કીધું?

મુમુક્ષુ :-- ગળે ઉતરતું નથી.

ઉત્તર :-- ગળુ સાંકડું હોય તો ન ઉતરે, પહોળું કરવું. આહા..હા..! કહેતા હતા, રામજીભાઈ, આ રામજી કામાણી. તે દિ' તો દસ-પંદર લાખ રૂપિયા હતા ૮૬માં. અત્યારે તો બે, ત્રણ

કરોડ રૂપિયા થઈ ગયા. કમાણી નહિ? રામજીભાઈ. અમારે ચોમાસુ હતું ૮૬માં. તે દિ' પંદર લાખ હતા. વાત સાંભળો, અમારી પાસે તો ભઈ આ છે. મહારાજ! આ જઠર સહન ન કરે એવી ચીજ છે. એલા રોટલા ખાવાને ઠેકાણે મેસુબ ખાવાની ભાવના કરો છો કે નહિ? કીધું. મેસુબ મેસુબ. ત્યારે એ જઠર નહિ પચે એનો ભાવમાં વિચાર કરો છો? જેમાં જેની પ્રીતિ એમાં નહિ પચે એ વિચાર તમને આવે છે? કીધું. આ તો ૮૬ની વાત છે હોં! ૮૬, ૧૪ ને ૨૮ = ૪૨ વર્ષ થયા. આમ જરી પાંચ-પચ્ચીસ લાખ મળે અને એમાં આશા બંધાય કે, હવે તો લાખ, બબ્બે લાખ પેદા થાય છે. દસ વર્ષે તો આપણે કરોડને આંબી જાશું. શું છે પણ ધૂળ સાંભળને હવે. સમજાણું કાંઈ? માથુ ફરી જાય. મૂર્ખ પાગલની જેમ. આહા..! અમે આમ રળ્યા, અમે આ રીતે મગજને કેળવેલું. નહોતા અને સાંપડ્યા, બાપ કાંઈ મુકી નહોતા ગયા. કોણ મુકી જાય? તું તારામાં, ઈ એનામાં. આહા..!

અહીં તો કહે છે... આહા..હા..! એ ત્રણલોકના નાથની વાણી પણ આત્માને સ્પર્શતી નથી એમ કહે છે. સમજાણું કાંઈ? વાણી પડેને દિવ્યધ્વનિ પરમાત્માની હોં! સર્વજ્ઞદેવ. કહે છે એ વાણી કાનને અડતી નથી. આ રજકણ જુદા, એ રજકણ જુદા. આહા..હા..! એ વાણી આત્માની જ્ઞાનની પર્યાયને અડે અને એને જ્ઞાન થાય એ વાતમાં એકેય દોકડો સાચો નથી. સમજાણું કાંઈ? પ્રેમચંદભાઈ! ભારે કામ આવું. કહે છે, 'જેઓ પરસ્પર...' છેને? એકબીજા. એક આત્મા ભગવાનના આત્માને અડતો નથી, ભગવાનનો આત્મા આ આત્માને અડતો નથી. આ આત્મા એક રજકણને અડતો નથી, એ રજકણ આત્માને અડતું નથી. એક રજકણ બીજા રજકણને અડતું નથી. સમજાણું કાંઈ? અનંતા સિદ્ધ છે, એક સિદ્ધ બીજા સિદ્ધને અડતા નથી. અરે..! ગજબ વાત. રહ્યા છે એક ક્ષેત્રે. કહેશે હમણાં ઈ. સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાન છેને અનંતા. ઉપર લોકાગ્રે એક સિદ્ધ છે ત્યાં અનંત સિદ્ધ છે પણ એક સિદ્ધ બીજા સિદ્ધને અડતા નથી. કહો, સમજાણું આમાં?

કેટલું સિદ્ધ કર્યું? કે, પદાર્થ ઘણા છે એટલે અનંત છે. અને અનંત પદાર્થમાં એક એક પદાર્થમાં અનંતા ધર્મો છે. અને અનંત ધર્મની એક સમયની અનંતી પર્યાય છે. આહા..! ત્રણ સિદ્ધ કર્યું--દ્રવ્ય, ગુણ અને પર્યાય. વસ્તુ આવી છે અનાદિ. એવી ન હોય તો બીજી રીતે વસ્તુ હોઈ શકે જ નહિ. પણ કહે છે કે, પોતે ભગવાન આત્મા કે એક એક રજકણ, આકાશ નામનો પદાર્થ જે સર્વવ્યાપક છે. છેને? કહે છે કે, એમાં રહેલા અનંત પદાર્થો અહીં લોકમાં એને આકાશ અડ્યું નથી. આકાશ છેને અહીં સર્વવ્યાપક. આકાશનો આવે છેને અવગાહન ગુણ. એમાં આવે, એને અવગાહ આપે. પણ છતાં અડે નહિ. અરે..! ... વાત છે. સમજાણું કાંઈ?

વીંછીનો ડંખ શરીરને અડતો નથી અને શરીરમાં જે ખળભળાટ થયો એ જીવને અડતો

નથી. કાળ આવ્યો, સર્પ કરડ્યો, એકદમ લીલું શરીર (થઈ ગયું). મોટો કાળો સર્પ હોય એ શરીરમાં એકદમ આમ... અરે..! વીંછી હોય. છ કલાકમાં મરી જાય. વીંછી હોય, ઠાકરિયો વીંછી થાય છે. વીંછીનો ... મોટો આવડો. અમે તો બધું જોયું હોયને, જંગલમાં ફરતા હોઈએ એટલે. કાળો એક નીકળ્યો હતો. જાણે ડબ્બો હોયને, ડબ્બો. લાંબો કાળો, ઈ કરડે તો છ કલાકે તો મરી જ જાય. ગઢડામાં થયું હતું. ..નો છોકરો જુવાન હતો. એને સર્પ કરડ્યો હતો, છોકરો મરી ગયો. ઈ કરડ્યો નથી કહે છે અહીં તો. ગજબ વાતું આ! એઈ..!

મુમુક્ષુ :-- મરી તો ગયોને.

ઉત્તર :-- મરી ગયો નથી. એ તો ક્ષેત્રાંતર થઈને પોતાના અસ્તિત્વમાં પલટીને રહેલો છે, જ્યાં છે ત્યાં. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શરીરમાં રહ્યો નથી. આત્મા આત્મામાં રહેલ છે, શરીર શરીરમાં રહેલ છે. ભારે... સમજાણું કાંઈ?

એવા બધા પદાર્થો... આ **'એકત્વનિશ્ચય-ગત સર્વત્ર સુંદર લોકમાં'** એની વ્યાખ્યા ચાલે છે આ. આહા..હા..! એ રીતે છે તેથી તે એક પદાર્થ બીજા પદાર્થના કોઈપણ અંશને, વર્તમાન એની દશાના કાર્યને, આ કાર્યની દશા એના કાર્યને અડતી નથી. આહા..હા..! આ પરના કારણે આમાં કાર્ય થાય. સમજાણું કાંઈ? કહે છે, કારણ કાર્યને અડતું નથી અને કાર્ય કારણથી શી રીતે થાય પરથી? સમજાણું કે નહિ? અગ્નિથી પાણી ઊનું થાય. અરે..! આ જગત પણ આવી વાત શી રીતે બેસે? ગળે શી રીતે ઉતરે? એય રાજેન્દ્ર! થઈ ગયો રાકેન્દ્ર. રાજેન્દ્રનું રાકેન્દ્ર થઈ ગયું. આહા..હા..! ... આમ કેમ ચાલે છે? આહા..હા..! છે તો બાદશાહ, આત્મબાદશાહ છે ઈ. સમજાણું કાંઈ? આહા..હા..! આતમરાયા કહ્યો છેને ૧૭મી ગાથામાં. **'जीवराया'** એમ કહ્યું. આત્મા રાજા. સમજાણું કાંઈ? પોતાને અનુભવે, જાતને જાણીને અનુભવે એ આતમ રાજા કહેવાય. બાકી રાગને અનુભવે. પરને તો નહિ. શરીરને, વાણીને, લાપસીને, લાડવાને, મેસુબને, મોસંબી પાણીને આત્મા ત્રણ કાળમાં અડ્યો નથી, અડશે નહિ ને અડવાનું છે નહિ વસ્તુમાં. આહા..હા..! ભારે કામ ભાઈ આકરું.

એવો આત્મા પરને અડ્યો નથી, પરને અનુભવ્યોય નથી. એને એ વખતે રાગ અને દ્વેષની વૃત્તિ થાય એ અનુભવે છે. એ પણ કહે છે કે, એને સ્પર્શે છે એ અજ્ઞાનભાવે છે. આહા..! સમજાણું કાંઈ? એ રાગ અને દ્વેષના વિકલ્પોને અડે ને સ્પર્શે ને અનુભવે એ અજ્ઞાનભાવ, મિથ્યાભાવ છે. આહા..? સમજાણું કાંઈ? અહીં તો પહેલું હજુ દ્રવ્યને જુદું પાડીને પછી એકત્વ નિશ્ચયગત સુંદર એનો ન્યાય આપશે. સમજાણું કાંઈ? આહા..હા..!

'જેઓ...' એટલે અનંત પદાર્થો ભગવાને કહેલા, જોયેલા છે એવા પરસ્પર માંહોમાંહે એકબીજાને સ્પર્શ કરતા નથી એટલે કે ચુંબતા નથી એટલે કે એક દ્રવ્ય બીજાને અડતું નથી. તમારી ભાષા એક દ્રવ્ય બીજા દ્રવ્યને છુતા નહિ. એ હિન્દી. એક પદાર્થ બીજા પદાર્થને

છુતે નહિ. આહા..હા..! ભારે પણ ભાઈ! લાદીના ધંધા મોટા આવડા મોટા કરે, ભાતભાતની આમ નાખે. શું કહેવાય તમારી? ડિઝાઈન. ... ન્યાં જામનગરમાં એક છે, છેને વઢવાણવાળો સ્થાનકવાસી. ત્યાં બે-ત્રણ વાર ઉતરેલા. બહાર, ... ખોવાઈ ગયો લાદીમાં. ખોવાઈ ગયો એમાં નહિ. એ મારા છે અને હું કરું છું એવી માન્યતામાં ખોવાઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! ધર્મ કરનારે પહેલો આવો નિર્ણય કરવો પડશે કે, કોઈ પદાર્થ, કોઈ પદાર્થને અડતું અને બીજાનું કાર્ય કરી શકતું નથી. તો આ છોકરાઓને મોટા કરવા, પાલનપોષણ કરવા, એ આત્મા કરે એ વાત હરામ છે એમ કહે છે.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- હરામીના માને છે, કાર્ય ક્યાં કરે છે? સુમનભાઈને ભણાવ્યા, પૈસા પાપ કરીને ભેગા કર્યા અને એના માથે નાખ્યા. અહીં એકલા રહેવું હવે ૮૯ વર્ષે લ્યો! એ રોટલા ને દાળ-ભાત ન્યાં ખાય જુદા. ... જુદા જ છે, કે દિ' ભેગા છે? એક ઘરમાં બધા પચ્ચીસ માણસ દેખાય તે આત્મે આત્મા તદ્દન જુદા છે. આહા..હા..! ઘર કોના? બાપા! તારું ઘર તો અંદર છે. ભારે કામ ભાઈ! આવો વીતરાગનો માર્ગ. આહા..! સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવ એનો માર્ગ તો આખા જગતથી જુદો છે, એને જગતની સાથે મેળ નથી. આહા..!

'**અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે રહ્યા છે તોપણ...**' ઓલામાં ધર્મનું કહ્યું, હવે એકક્ષેત્રાવગાહનું કહે છે. ઓલામાં એમ કહ્યું કે, એક વસ્તુ પોતાના ગુણો એટલે ભાવો અને પર્યાયની દશા એને ભલે અડે ને ચુંબે એના ભાવને પણ એ બીજાના ભાવને અડે નહિ. આહા..! હવે ત્યારે જગ્યા નજીક છેને? અત્યંત નિકટ. ઈ પહેલું આવ્યું હતું આપણે ઓલામાં બીજી ગાથામાં. અત્યંત નિકટ. આત્મા છેને અંદર. ત્યાં બીજા અનંત આત્માઓ અહીં છે અંદર. નિગોદના પૃથ્વીના અસંખ્ય, પાણીના અસંખ્ય. અહીંયાં જ્યાં આત્મા આ છે ત્યાં બીજા એક ક્ષેત્રે અનંત આત્માઓ છે ત્યાં. તેમ ત્યાં અનંતા રજકણો પણ ત્યાં એક ક્ષેત્રમાં રહેલા છે. એમ અત્યંત નિકટ એટલે આમ નજીકમાં તદ્દન. સમજાણું કાંઈ?

એક ક્ષેત્રા, એક ક્ષેત્ર. એક ક્ષેત્રનો અર્થ આકાશના એક ક્ષેત્રમાં એક ભેગા '**અવગાહરૂપે રહ્યા છે તોપણ જેઓ સદાકાળ...**' ત્રણે કાળ '**પોતાના સ્વરૂપથી પડતા નથી,...**' આહા...હા..! આત્માની દશા છૂટીને બીજા આત્માની અને જડની થતી નથી. ઓહો..હો..! દરકાર જ કરી નથી એણે. આત્માની કેમ દયા થાય આત્માની. આત્માની દયા હોં! પોતાની. ખબરું ન મળે. હાલી નીકળ્યો બીજાની દયા પાળવા, બીજાને આમ કરીએ, ફલાણું (કરીએ), દયા મંડળી, જીવદયા મંડળી. ભેગા થાય, નામ અમે બધા. અમે એના મોટા અગ્રેસર છીએ અને અમે અહીં આટલા બધા કામ હાલે. પૈસા-બૈસા ભેગા કરવા હોય તો મોઢાઆગળ ચાલીએ તો થાય. એ.. બલુભાઈ! એ મંડળીઓ બહુ કરે. ધૂળેય કરે નહિ, સાંભળને.

એક જગ્યાએ રહ્યા છતાં પોતાના સ્વરૂપથી પડતા નથી. એટલે પોતાના ભાવથી ખસીને પરભાવરૂપે થતાં નથી. આહા..! '**પરરૂપે નહિ પરિણમવાને લીધે...**' આ બીજી વાત છે. કેમ પડતા નથી? એક આત્મા બીજા આત્માપણે, એક આત્મા રજકણપણે, રજકણ બીજા રજકણપણે, રજકણ આત્માપણે. '**પરરૂપે નહિ પરિણમવાને...**' નહિ બદલવાને કારણે. '**અનંત વ્યક્તિતા નાશ પામતી નથી...**' એટલે જેટલા પદાર્થો છે એ પોતે પરરૂપે નહિ હોવાને લઈને, પરરૂપે નહિ થતાં હોવાને લઈને જેટલી અનંતી વ્યક્તિઓ--પદાર્થ એટલા અનંત રહે છે. સમજાણું કાંઈ?

સમયસાર આ તો વીતરાગની વાણી છે. કેવળીએ પ્રરૂપેલી વાણી છે. સાક્ષાત્ ભગવાનની દિવ્યધ્વનિ! સમજાણું કાંઈ? કીધુંને, ભગવાને કહ્યું છે તે બરાબર છે એને હું કહું છું. હું તો આડતિયો છું વચમાં કહેનારો. આહા..હા..! જ્ઞાન, જ્ઞાન આવી વસ્તુ છે એમ જ્ઞાન દ્વારા જણાવું છું. આહા..! તે મારા દ્વારા એ જાણે એમેય નથી. આહા..હા..! અને એને આ વાણી કરું માટે જાણશે એમેય મારા જ્ઞાનમાં નથી. આહા..હા..! ભારે ગજબ વાત! ત્યારે કહો છો શું કરવા? કોણ કહે? સાંભળને! એ તો વાણીને કારણે વાણી નીકળે છે. આહા..હા..! અટપટી વાતું ભારે.

મુમુક્ષુ :-- સ્પષ્ટ.

ઉત્તર :-- સ્પષ્ટ. એમાં ક્યાંય સંદેહને સ્થાન નથી. આમ હશે કે તેમ હશે એમ નથી. આમ જ છે.

એક ક્ષેત્રે નિકટ, અત્યંત નિકટ તદ્દન નજીકમાં. જે ત્યાં છે ત્યાં જ પર છે. જ્યાં અનંતા સિદ્ધ છે, ત્યાં અનંતા નિગોદના જીવ છે એ જ ક્ષેત્રમાં. સિદ્ધના પેટમાં અનંતા નિગોદ છે અભવ્ય આદિ. સમજાણું કાંઈ? પેટ એટલે? અવગાહન ... અરૂપી આત્માનો સ્વભાવ છેને એમાં પોતે પોતામાં છે. અને એના ક્ષેત્રમાં અનંતા નિગોદના જીવ અને અનંતા પરમાણુના સ્કંધો એવા અનંતા પડ્યા છે. આહા..! સિદ્ધ પાસે પણ જઈ આવ્યો છે અનંત વાર. સમજાણું કાંઈ? ગુનેગાર કહેતો હતો એક. કોઈ આવ્યા, કોઈ દિ' જોયા છે? હા. બરાબર નજરે નજર જોયા છે. હું જ્યારે કોર્ટમાં મારો ગુનો હતો અને... શું કહેવાય ઈ? પાંજરામાં ઊભો હતો ત્યારે દરબાર આવ્યા હતા, જોયા હતા. દરબારને મળ્યા છો? કે, હા મળ્યો છું. ક્યારે? ગુનો મેં કરેલો એટલે મને ... આવ્યા હતા. એમ આત્મા સિદ્ધ પાસે જઈ આવ્યો અનંત વાર, ગુનો કરીને. સમજાણું કાંઈ? પણ સિદ્ધને જોયા નથી. ...

પરરૂપે નહિ પરિણમવાને લીધે આ આત્મા છે એ કર્મરૂપે થતો નથી. શરીર છે એ આત્મારૂપે થતું નથી. આત્મા શરીરરૂપે થયો નથી. ભારે વાત ભાઈ! તેને કારણે એક ચીજ પરરૂપે પલટીને, પલટીને પરરૂપે જતી નથી. ... અનંત વ્યક્તિતા એટલે કે જેટલી અનંત દ્રવ્યોની સત્તા અનંત

છે એમાં એકપણ ઓછી થતી નથી. '**અનંત વ્યક્તિતા નાશ પામતી નથી.**' અનંત આત્મા, અનંત રજકણો જેટલી સંખ્યામાં છે એટલી સંખ્યામાં ઓછું-વધતું-ઘટતું થતું નથી. કેમકે દરેક વસ્તુ પરરૂપે ન થાય એટલે એમને એમ રહી છે અનાદિ. '**અનંત વ્યક્તિતા નાશ પામતી નથી માટે જેઓ ટંકોત્કીર્ણ જેવા (શાશ્વત) સ્થિત રહે છે...**' એમને એમ વસ્તુ અનંત આત્માઓ, અનંત રજકણો, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ. અનંત વ્યક્તિતા--પોતાની વસ્તુતા કાયમ રહે છે. સ્થિત પોતામાં પોતાને કારણે કાયમ રહે છે લ્યો! કહો, સમજાણું કાંઈ?

'**સમસ્ત વિરુદ્ધ કાર્ય તથા અવિરુદ્ધ કાર્યના હેતુપણાથી જેઓ હંમેશાં વિશ્વને ઉપકાર કરે છે...**' શું કહે છે? દરેક આત્મા અને દરેક રજકણો એક એક પરમાણુ વિરુદ્ધ કાર્ય (અર્થાત્) ઉત્પાદ-વ્યયરૂપી વિરુદ્ધ કાર્ય. સમય સમયમાં નવી અવસ્થા ઉપજે, જૂની અવસ્થા જાય એ વિરુદ્ધ છે. અને અવિરુદ્ધ ત્રિકાળ ગુણ. સમજાણું કાંઈ? ઊપજવું અને વ્યય થવું એ વિરુદ્ધ છે. એકભાવરૂપ ન થયો. એક ઊપજવાના ભાવરૂપ, એક અભાવના ભાવરૂપ. દરેક પદાર્થમાં ઉત્પાદ-વ્યય (થાય છે). સમય સમયમાં નવી અવસ્થા ઉપજે અને જૂની અવસ્થા જાય. ઊપજે ને જાય એ વિરુદ્ધ થઈ ગયું. પણ એ વિરુદ્ધ રીતે પણ રહેતા આખા જગતને ટકાવી રાખે જેમ છે તેમ.

અવિરુદ્ધ એટલે ધ્રુવ ગુણ, ગુણ. સમજાણું કાંઈ? ગુણ તે અવિરુદ્ધ છે, એકરૂપ ભાવ છે. દરેક આત્મા ને દરેક પરમાણુમાં ગુણ જે ધર્મ છે એ એક ત્રિકાળી ધ્રુવ એકરૂપ રહેનારા છે, અવિરુદ્ધ છે અને ઉત્પાદ-વ્યય તે એનાથી વિરુદ્ધ છે. પણ એ રીતે વિરુદ્ધ કાર્ય અને અવિરુદ્ધ કાર્યના હેતુપણાથી. એને કાર્ય કીધું. પહેલો અર્થ એમ કરતા, વિરુદ્ધ એટલે નાસ્તિ, અવિરુદ્ધ એટલે અસ્તિ. પોતાપણે છે અને પરપણે નથી. એવા હેતુપણે જેઓ હંમેશા વિશ્વ નામ આખી દુનિયા જે રીતે છે તે રીતે ટકી રહી છે. કહો, સમજાણું આમાં?

૧૭મી વાર વંચાય છે, આ કાંઈ એક બે વાર નથી, ૧૭મી વાર છે સમયસાર. સમજાણું કાંઈ? ઘણું જ સાદુ ને ઘણું જ સત્‌ને પ્રકાશતું તત્ત્વ છે. આહા..! સમસ્ત પદાર્થો, આત્મા, પરમાણુ ચીજ દરેક પોતાનું ગુણપણું કાયમ રાખીને અવિરુદ્ધ છે ઈ, ભાવરૂપ છે અને પર્યાય છે એ વિરુદ્ધ છે. ભાવ-અભાવ, ભાવ-અભાવ એક સમયમાં. એ રીતે જેઓ હંમેશા જેટલા પદાર્થ છે તે. જેઓ હંમેશા વિશ્વને એટલે જેઓ જગત છે એને એ રીતે, '**ટકાવી રાખે છે.**' આહા..હા..!

મુમુક્ષુ :-- ટકાવી રાખવાનો ...

ઉત્તર :-- કાંઈ કોઈ ભગવાન કેવો હતો. દરેક વસ્તુ પોતાથી આખું જગત એમ ટકી રહ્યું છે. દરેક પદાર્થ પોતાના ઉત્પાદ-વ્યયરૂપી કાર્ય અને ધ્રુવરૂપી એ રીતે રહેતું આખું જગત

એ રીતે ટકી રહ્યું છે, અનાદિ અનંત. સમજાણું કાંઈ? '**આ પ્રમાણે...**' ... બધા પદાર્થો પોતાની પર્યાયપણે અને ગુણપણે રહેતા હોવાથી જેઓ હંમેશા, જેવું આખું જગતનું સ્વરૂપ છે એ રીતે ત્યાં ટકી રહ્યું છે. અહીં ઉપકાર કરે છે એમ શબ્દ છે. લ્યો! છે કે નહિ?

આ અનુગ્રહતો... '**विश्वमनुगृह्यन्तो**' વિશ્વને અનુગ્રહે છે, ઉપકાર કરે છે. ઉપકાર કરે એટલે શું? એટલે જગત જે રીતે છે અનંત દ્રવ્યવાળું એ રીતે ત્યાં ટકી રહ્યું છે અંદર. એમાં કાંઈ ફેરફાર થાય તો એ ટકી રહે નહિ. ... અમૃતચંદ્રાચાર્યની ... ગંભીર ટીકા! આવી અધ્યાત્મ ટીકા અત્યારે ભરતક્ષેત્રમાં સમયસારની ટીકા જેવી કોઈ ટીકા નથી અત્યારે. સમજાણું કાંઈ?

આખી દુનિયા, દુનિયા એટલે જડ અને ચૈતન્યનો સંગ્રહ આખો. એ કહે છે કે, એમને એમ રહ્યું છે. કેમ? અનાદિથી. પ્રત્યેક પદાર્થ પોતાના ઉત્પાદ-વ્યયમાં અને ધ્રુવપણામાં રહેલો છે. ભાવ-અભાવરૂપી વિરુદ્ધ અને ભાવરૂપી અવિરુદ્ધ. એ રીતે રહીને આખું જગત એ જ રીતે આખું એમને એમ રહ્યું છે. ત્યારે કહે, ભવિ સિદ્ધ થાયને? એમાં ફેરફાર થાય. પણ ન્યાં સિદ્ધ થાય ઈ ક્યાં ફેરફાર થયો? એ એના ઉત્પાદ-વ્યય પરિણામ અને ધ્રુવપણે ત્યાં ટકી રહ્યા છે એમને એમ. સમજાણું કાંઈ? જેટલા ભવિ છે, મુક્તિ પામ્યા એટલા તો ઘટ્યા કે નહિ. શેમાં ઘટ્યા? જીવની સંખ્યામાં ઘટ્યા? એ તો સંસારીની સંખ્યામાં ઘટ્યા પણ જીવની સંખ્યામાં ઘટ્યા? જીવની સંખ્યા જે છે એટલી જ છે. સમજાણું કાંઈ? આ બધું સમજાય એવું છે, રાજેન્દ્ર! આ ઓલા પેલામાં તું પાસ થતો હતો. ઓલામાં નહિ? શું કહેવાય? પરીક્ષા શું કહેવાય? વર્ગ ચાલતો ત્યાં. આ વર્ગ બીજો થઈ ગયો હવે. કહો, સમજાણું કાંઈ? ઈ મોઢા આગળ પાસ થતો હતો, હમણા બધો ફેરફાર થઈ ગયો. આહા..હા..! તે દિ' ઠપકો આપ્યો હતો થોડો, નહિ? કીધું હતું. હેં? અમારી પાસે તો છોકરાઓ નાના હતાને. આહા..હા..! શું કહે છે?

આખી દુનિયાના જેટલી સંખ્યામાં પદાર્થો છે તેટલી સંખ્યા એમને એમ રહી છે. કેમકે પોતામાં જ ઉત્પાદવ્યય અને ધ્રુવપણે રહ્યું છે અને એમને એમ અનાદિઅનંત છે. ભવિ જીવ સિદ્ધ થયા તોપણ જીવની સંખ્યામાં કાંઈ ઘટાડો થયો છે? સિદ્ધમાં અનંતા વધ્યા એટલે જીવની સંખ્યામાં વધ્યા છે? એ તો જેટલા જીવ છે ઉત્પાદ-વ્યય ને ધ્રુવવાળા એ પ્રમાણે અનાદિઅનંત ટકી રહ્યું છે. બરાબર છે? આહા..!

સમયસાર અમૃતનો સાગર છે! આમ જાણે અને પછી દ્રવ્ય ઉપર એકાકાર થાય તો એને અમૃતના સ્વાદ આવે. એનું નામ ધર્મ કહેવામાં આવે છે. ધર્મની આ વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? '**આ પ્રમાણે સર્વ પદાર્થોનું...**' માથે કહ્યું એ રીતે સર્વ તરફ '**ભિન્ન ભિન્ન એકપણું સિદ્ધ થવાથી...**' દરેક પરમાણુ અને આત્મા ભિન્ન ભિન્ન એકપણું સાબિત થવાથી '**જીવ**

**નામના સમયને...**' હવે કહે છે. જીવ નામનો પદાર્થ એને '**બંધકથાથી જ વિસંવાદની આપત્તિ આવે છે;...**' ઓહો..! ભગવાન આત્મા ખરેખર તો પોતાના ગુણ અને ગુણની પર્યાયપણે ટકવું જોઈએ. સમજાણું કાંઈ? એને ઠેકાણે એને રાગનો બંધ છે એને, રાગ સાથે સંબંધ છે એને. આહા..હા..! સમજાણું કાંઈ? કર્મ સાથે સંબંધ કહો કે ભાવકર્મ સાથે (સંબંધ કહો), એ બધી એક જ વાત છે. એ બધું મૂળ પ્રધાનતા તો આ છે. એનામાં હોય એની સાથે સંબંધ હોયને, પરમાં તો છે ક્યાં? એને સંબંધ ક્યાં છે? સમજાણું કાંઈ? એ કંઈ પરપણે તો પરિણમ્યો નથી. પોતાપણે અંદર રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપ, શુભ ને અશુભ વિકલ્પો રાગ, ઝેર એ ઝેરપણે પરિણમ્યો એ વાત જ કહે છે વિરુદ્ધ કાર્ય છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એકપણે શોભે, એને ઠેકાણે બગડે બેમાં ગયો, રાગના વિકલ્પનો સંબંધ કર્યો, વિરુદ્ધ કાર્ય થયું ભાઈ! સમજાણું કાંઈ? એ બંધભાવ દુઃખને ઉત્પન્ન કરે છે. એ વિસંવાદી કથા છે. તારા ભાવથી વિપરીત ભાવવાળો ભાવ છે. આહા..હા..!

'**જીવ નામના સમયને બંધકથાથી...**' એટલે બંધ ભાવ લેવો. કથા તો શબ્દ છે વાચક પણ એનો ભાવ. ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ નિર્મળ જેના દ્રવ્ય, ગુણ અને પર્યાય એવું એનું સ્વરૂપ છે. એને આ રાગના ભાવ સાથે અબંધસ્વરૂપને બંધનો ભાવ કહેવો, એ બંધની વાર્તા કહેવી અને એ બંધવાળો કહેવો. '**બંધકથાથી જ વિસંવાદની આપત્તિ આવે છે;...**' એમ કહે છે. 'જ'. ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ એને રાગમાં સંબંધ છે, એને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ જે રાગ એનો એને સંબંધ બંધ છે એ ભાવ ભુંડું કરનાર છે. સમજાણું કાંઈ? એ ઝેરના પ્યાલા પીનારી વાત છે એ તો. '**જીવ નામના સમયને બંધકથાથી જ વિસંવાદની આપત્તિ આવે છે;...**' હવે એ વિસંવાદનું મૂળ કારણ કોણ નિમિત્ત, એ વાત વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ-૮, ગુરુવાર, તા. ૨૫-૧૧-૧૯૭૧**
**ગાથા-૩, પ્રવચન-૨૦**

એકત્વ નિશ્ચયગત. શું કહે છે? આ આત્મા જે વસ્તુ છે એમ બીજા પાંચ દ્રવ્ય પણ વસ્તુ છે. ભગવાનના જ્ઞાનમાં છ દ્રવ્યો જોયા છે. એમાં આ આત્મા છે એ પરમાણુ બીજા દ્રવ્યોથી તદ્દન જુદો છે. પરદ્રવ્યને અને એને કાંઈ સંબંધ નથી. એથી જુઓ ભાવાર્થમાં એમ છેને '**સર્વ પદાર્થ પોતપોતાના સ્વભાવમાં સ્થિત રહ્યે જ શોભા પામે છે.**' પાધરું ઈ જ લીધું. પરિણમન... કહે છે, ઝીણી વાતો છે બધી, વીતરાગ માર્ગ જ ઝીણો છે. આ આત્મા પોતાનો સ્વભાવ જ્ઞાન ને આનંદ આદિ સ્વભાવ છે. એ એકત્વપણે જો થાય, પોતાના સ્વભાવમાં એકપણે પરિણમે તો તો એ સત્ય છે અને એ જીવની શોભા છે અને એ જીવની સુંદરતા છે અને એ અવિરુદ્ધ ભાવ છે. સમજાણું કાંઈ?

આત્મા પોતાના સ્વભાવમાં તન્મય થઈને રહે, રાગાદિમાં તન્મય થઈને ન રહે તો એ આત્માની શોભા અને આત્માના સ્વરૂપની સત્યતા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહે છે કે, આ સંસાર એમ પડ્યો છે આખો. '**આ પ્રમાણે સર્વ પદાર્થોનું...**' ત્યાંથી આપણે છે અંદરમાં. ટીકામાં છેને? પાંચમી લીટી છે હેઠે ત્રીજી ગાથાની. '**સર્વ પદાર્થોનું ભિન્ન ભિન્ન એકપણું સિદ્ધ થવાથી...**' દરેક વસ્તુ આત્મા... ભગવાન તીર્થંકરે કેવળજ્ઞાનમાં જે છ દ્રવ્યો જોયા એમાં પ્રત્યેક પદાર્થ ભિન્ન ભિન્નપણે રહે એ એની શોભા છે. સમજાણું કાંઈ? ઝીણું ભારે. '**સિદ્ધ થવાથી,..**' '**એકપણું સિદ્ધ થવાથી...**' વસ્તુમાં બેપણું ન હોય એમ કહે છે. આત્મા અને એમાં વિકલ્પનો રાગ વિભાવ એ બેપણું અંદર નિમિત્તના સંબંધ અને રાગના સંબંધથી એમાં બેપણું આવે છે. એ વસ્તુની સ્થિતિ નથી. આહા..! સમજાણું કાંઈ? ચાહે તો દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાનો વિકલ્પ જે રાગ, એ રાગ સાથે એકત્વ એ વસ્તુનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ?

સર્વ પદાર્થોનું જુદા જુદાપણું એકપણું '**સિદ્ધ થવાથી જીવ નામના સમયને...**' જીવ નામનો ભગવાન આ આત્મા એને '**બંધકથાથી જ વિસંવાદની આપત્તિ આવે છે;...**' એને રાગનો સંબંધ તો કર્મનો સંબંધ એમ જાણવો ને કહેવો એ અસત્યપણું ઊભું થાય છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! આવું વીતરાગમાર્ગનું સ્વરૂપ હશે? આ તો ઓલા કહે, વ્રત પાળો, અપવાસ કરો, આ કરો. એ..ઈ..! ભાઈ! એ ક્રિયાઓમાં લક્ષ જાય છે એ શુભ

રાગ છે. એ રાગનો સંબંધ એને માનવો, જાણવો એ આત્માની અસત્યતા છે. સત્ય સ્વરૂપ એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બંધકથાથી એટલે એને કર્મનો સંબંધ છે અથવા વિભાવનો સંબંધ છે એ ભાવ વિસંવાદ કરે છે, અસત્ય ઊભું થાય છે, ઝઘડો છે, એમાં દુઃખ છે કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ છે, અસ્તિ છે, સત્તા છે તો એ તો શુદ્ધ સ્વભાવે એનું અસ્તિપણું છે. અને એ શુદ્ધભાવ, આનંદભાવ, જ્ઞાયકભાવ એ પણાના એકત્વપણાને પામે અંદર રાગથી ભિન્ન થઈને, જેટલી ક્રિયા રાગની કહેવાય વ્યવહારની એનાથી ભિન્ન થઈને... સમજાણું કાંઈ? પોતાના સ્વભાવમાં બીજાની અપેક્ષાવાળા ભાવ વિના, પોતાના સ્વભાવમાં એકત્વપણાને, તન્મયપણાને, લીનપણાને, અભેદપણાને પામે એ આત્માની સ્થિતિ ને આત્માનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

અરે..! જીવ નામના પદાર્થને એને બંધ કથા એટલે પુદ્‌ગલકર્મ સાથે નિમિત્તરૂપ બંધ અવસ્થા. ભાવાર્થમાં એમ છે. અવસ્થા છે, ભાઈ! ભાવાર્થમાં બીજી લીટી. '**નિમિત્તરૂપ બંધ અવસ્થા...**' એ કર્મની બંધ અવસ્થા એનો જીવને સંબંધ માનવો એ અસત્યપણું છે કહે છે. આહા..હા..! ઝીણી વાત ભાઈ! અને એના નિમિત્તે થતી વિકારી અવસ્થા એ પણ ખરેખર તો પરવસ્તુ છે, પરદ્રવ્ય છે, પરભાવ છે. એની સાથે બંધકથા કહેવાથી એટલે બંધ ભાવનો એને ભાવનો સંબંધ છે જીવને, અબંધસ્વરૂપી ભગવાન આત્મા એને વિભાવ આદિનો સંબંધ છે એમ જે જાણવું ને માનવું એ અસત્ય છે, એ જૂઠું છે. આહા..હા..! વિસંવાદ વિપરીત ભાવ છે, એ મિથ્યાત્વભાવ છે. ભારે તકરાર છે મૂળમાં. લોકો ચારિત્ર, ચારિત્ર કરે અત્યારે. ચારિત્રમાં નાખે શું? કે, આ વ્રત પાળવા ને અપવાસ કરવા એ ચારિત્ર. ભાઈ! ચારિત્રની વ્યાખ્યા એ ન હોય, એ તો વિકલ્પ રાગ છે. રાગની સાથે સંબંધ માનવો અને રાગ કરે, આત્મા રાગ કરે એ અસત્ય વાત છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાનભાવે કરે એ વસ્તુ કંઈ નથી. અજ્ઞાનભાવે એટલે આત્માથી નથી. આહા..હા..!

અહીં તો એમ કહે છે પરમાત્મા કે, ભાઈ! પરમાત્માએ કહેલું સંતો કહે છે. ત્રણલોકના નાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર જેની ઈચ્છા વિના વાણી નીકળી એમાં આ આવ્યું છે કે, ભગવાન તું આત્મા છોને. તને બીજા પદાર્થના સંબંધમાં અને સંબંધથી થતો ભાવ એ તારો અને તું એમાં રહ્યો એ જૂઠી વાત છે ત્રિકાળ સત્‌ની અપેક્ષાએ. પર્યાયની અપેક્ષાએ છે, પર્યાયની દૃષ્ટિએ છે. સમજાણું કાંઈ?

'**જીવ નામના સમયને...**' સમય એટલે પદાર્થ, વસ્તુ. '**બંધકથાથી જ...**' એને- વસ્તુ જે અખંડ ચિદાનંદ દ્રવ્યસ્વભાવ એને--બંધ કર્મના નિમિત્તની અવસ્થા અને મને એનાથી થતી એનામાં અવસ્થા એ વાળો એને કહેવો, જાણવો, માનવો એ સત્યથી વિરુદ્ધ વાત

છે. સમજાણું કાંઈ? આ ક્યાં આવું? ...ભાઈ! સાંભળ્યું હતું ન્યાં કલકત્તામાં? આહા..હા..! ભાઈ! તારા ઘરની વાતું ગજબ છે. આગળ કહેશે ચોથીમાં, તેં સાંભળી નથી હોં! એકત્વની વાત અને વિભક્તની વાત તેં સાંભળી નથી. જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા પોતે આનંદનું ધામ એવી ચીજને વિકૃત અવસ્થાના સંબંધવાળો (માનવો), એના પરમ સત્ય સ્વભાવ સાથે એવા રાગભાવના સંબંધવાળો, બંધવાળો એ તો બેપણું થઈ ગયું. સમજાણું કાંઈ? એ તો બગડ્યો. એકડે એક ને બગડે બે. એકત્વપણે એ સુંદર અને રાગના સંબંધવાળો એ અસુંદર ને અસત્ય ને જૂઠું. વસ્તુની અપેક્ષાએ, એની અપેક્ષાએ સત્ય છે. સમજાણું કાંઈ? આહા..! કહો, ચીમનભાઈ! આવો માર્ગ છે બહુ... સાધારણ માણસને બિચારાને જૈનમાં જન્મ્યા હોયને તો એને ખબર નથી કે, આ વીતરાગ શું કહે છે અને શું વાત છે. શું થાય?

કહે છે કે, એ બંધકથાથી જ વિપરીત વાત, વિપરીત ભાવની આપત્તિ આવે છે. **'તો પછી બંધ જેનું મૂળ છે...'** બંધનું મૂળ આત્મા નથી. સમજાણું? **'એવું જે પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થવું,...'** એટલે કે મિથ્યાશ્રદ્ધા, રાગાદિમાં સ્થિર થવું **'તે જેનું મૂળ છે એવું પરસમયપણું,...'** એકને બેપણું આવી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? બંધ જેનું, **'બંધ જેનું મૂળ છે એવું જે પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થવું,...'** એટલે કે મિથ્યાશ્રદ્ધા વિભાવ, મિથ્યાજ્ઞાન વિભાવ એમાં સ્થિત થવું. **'તે જેનું મૂળ છે એવું પરસમયપણું,...'** તે જેનું મૂળ એવું એકમાં બેપણું થઈ ગયું છે. સમજાણું કાંઈ? આવી વાત. આપણે તો જૈનમાં એમ હાલે કે, અપવાસ કરવા, સામાયિક કરવી, પોષા કરવા, પ્રતિક્રમણ કરવું, જાત્રા કરવી, કંદમૂળ ન ખાવું, લીલોતરી ખાય એને પાપ માનવું, પ્રત્યેક. આ વાત પણ ક્યાંથી આવી? ભાઈ! તને ખબર નથી ધર્મની ચીજ શું છે. એવી તો અનંત વાર રાગની ક્રિયાઓ કરી છે પણ એ રાગની સાથે સંબંધવાળો જાણવો એ એકમાં બે થઈ ગયો કહે છે. બગડ્યો એમ કહે છે. સમજાણું કાંઈ? **'તો પછી બંધ જેનું મૂળ છે એવું...'** અહીં હવે પરસમય સિદ્ધ કરવું છેને. પુદ્‌ગલકર્મના અંશોમાં, એ બધા પુદ્‌ગલકર્મના અંશો છે સ્વભાવના અંશો નહિ. કોણ? વિભાવભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ રાગ કે અશુભ રાગ એ બધા પુદ્‌ગલકર્મના જ પરિણામ છે, જીવનો એ નથી. આહા..હા..! માણસને એવું લાગેને. હજી દર્શનશુદ્ધિના ઠેકાણા ન મળે અને માણસ કહે વ્રત લ્યો, અપવાસ કરો અને વ્રત, તપ નથી કરતા એને ચારિત્ર નથી. અને વ્રત, તપ કરે એને ચારિત્ર છે. આહા..હા..! અરે..! ન્યાં ક્યાં ચારિત્રની ખબરેય નથી તને. વ્રત, તપનો પૂજા આદિનો વિકલ્પ એને સંબંધવાળો કહેવો એ એક સ્થિતિને બે થાય છે તો બગડ્યો કહે છે. કહો, પંડિતજી! આહા..! કહો, સમજાય છે કે નહિ?

આ તો વીતરાગ ભાવની વાર્તા છે. એટલે જેણે સાંભળી ન હોય એને તો આ ગ્રિક-

લેટિન જેવું લાગે. એમ લાગેને? ક્યાં ગયા ...? કહો, સમજાણું કાંઈ? આ તો નિવૃત્તિ લઈને સમજવા જેવું છે એમ કહે છે. મોટાભાઈ એમ કહેતા હતા. ખબર છે કે નહિ? આ એમને એમ સમજાય એવું નથી એક દિ' આવીને પછી કરો ધંધો. એ.. વજુભાઈ! આહા..હા..!

ભાઈ! એ વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્માનો પંથ કોઈ અલૌકિક જગતથી જુદી જાતનો છે. સમજાણું કાંઈ! જુઓને અહીંયાં કહે છે, પ્રભુ! .... પણ એકની સાથે આ તારા સ્વભાવથી વિરુદ્ધ ભાવ એનો તને સંબંધ છે અને એ વાળો તને કહેવો અરે..! એ તો પરસમયપણું--એકમાં બેપણું થઈ ગયું. શરીરવાળો ને કર્મવાળો તો ક્યાંય રહી ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? એ વાળો તો છે જ નહિ. આ તો શરીર, વાણી આ તો જડ માટી ધૂળ છે. એનાથી તો તદ્દન જુદી ચીજ પણ અહીં તો એમાં થતો વિકાર, વિભાવ એને એ પુદ્ગલકર્મની દશા ગણીને એમાં રહેવું એ એકમાં બેપણું એ પરસમયપણું આવે છે એ બહુ દુઃખદાયક છે. એ અસત્યપણું ઊભું થાય છે, એમાં નથી એવું ઊભું થાય છે. સમજાણું કાંઈ?

'**એવું પરસમયપણું, તેનાથી ઉત્પન્ન થતું**...' એટલે કે આ રાગ ને દ્વેષના ભાવમાં રહેવું એનાથી ઉત્પન્ન થતું સ્વસમયપણું એક તો ઠીક પણ આ બીજું ઊભું થયું. '(**પરસમય-સ્વસમયરૂપ**) **દ્વિવિધપણું તેને** (**જીવ નામના સમયને**) **ક્યાંથી હોય?**' આહા..હા..! સમજાણું કાંઈ? આવું હોય ક્યાંથી? એમ કહે છે અહીં તો. ભાઈ! તારામાં રાગ ક્યાંથી હોય પણ? એમ કહે છે. આહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સહજાત્મ સ્વરૂપ તીર્થંકર કેવળીએ કહેલો એ. અજ્ઞાનીઓ આત્મા કહે એ આત્મા નહિ. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા સમયને સંબંધવાળો (માનવો), એ વસ્તુ જ્યાં અબંધ એટલે પરના સંબંધ વિનાની મુક્તસ્વરૂપ જ આત્મા છે. વસ્તુ છે એ કહેવું એટલે કે પરના સંબંધ વિનાની જ છે. સમજાણું કાંઈ? એને એકને બીજાના જે એનામાં ભાવ નથી એ અજ્ઞાનભાવ છે. પુણ્ય-પાપ વિકલ્પ બધો અજ્ઞાનભાવ છે. આહા..! એટલે પુદ્ગલના પ્રદેશોમાં છે ઈ, આત્મામાં નથી. આહા..હા..! ડૉક્ટર! ક્યાં ગયો તમારો? આવ્યો નથી હજી? કહેતા હતા, બધા પાલીતાણા જવાના છે. સવારે મળ્યો હતો. દિશાએ ... મોટર ઊભી રાખી હતી હોં! જાત્રામાં કરતા આ સમજવા જેવું છે. હોય છે ઈ ભાવ અમુક વખતે, પણ જ્યારે આ વાતની જરૂરિયાત હોય ત્યાં એ વાતની મુખ્યતા કેમ કરાય? આહા..! હેં? આહા..હા..!

આ તો વાત એવી કરીને... એકડે એક અને બગડે બે. એકત્વ એ સુધરેલી દશા છે એની, એ પોતે જ સ્વરૂપ છે એમ કહે છે. રાગથી, વિકલ્પથી, પુણ્ય-પાપના ભાવથી ભિન્ન ચીજ છે ઈ. અને ભિન્ન છે એ રીતે પરિણમવું એ તો એ આત્મા છે. એનું નામ સ્વસમય કહેવામાં આવે છે. એને આ શું કહે છે? ...લપ વળી આ. આમાં સ્થિત થવું એને બદલે આમાં સ્થિત થવું. સમજાણું કાંઈ? ઝીણું તો છે ભઈ. જેટલું ઉત્તમ વસ્તુને ગમે એવી શૈલી

કરે પણ હોય એવી રહેને. એ કાંઈ બીજું રૂપ ક્યાંથી થાય એનું. લોકોએ ન સાંભળ્યું હોય એટલે એને એમ લાગે કે, આ શું? ઓલા એમ કહે છે, પહેલું પ્રથમાનુયોગ શીખો. શાસ્ત્રના ચાર અનુયોગમાં પહેલો એને મૂક્યો છે રત્નકરંડ શ્રાવકાચારમાં. એઈ..! આમ આવ્યું છે. અરે..! ભગવાન! પણ તું પોતે કોણ છે એને જાણ્યા વિના કેની વાત માંડવી? હેં? આહા..!

જેના લગન છે એનું નક્કી કર્યા વિના પાધરા માંડવા માંડવા, લખવા માંડવું. હેં? ઓલો ચાકળો નહોતો ન્યાં કાલ? જાણનારને જાણ્યા વિના કલ્યાણ કોનું? હતુંને? એ.. વજુભાઈ! ઈ ચાકળો ત્યાં જોયો હતો. ત્યાંથી લીધો હતો, સુરતથી. ગયા વર્ષે વ્યાખ્યાન ત્યાં વાંચ્યુંને. ત્યાં વ્યાખ્યાનમાં કહ્યું હતું, આ.. કહ્યું હતું, ભાઈ! જાણનારને જાણ્યા વિના કલ્યાણ કોનું? જેને કલ્યાણ કરવું છે એવો આત્મા, ધર્મ કરવો છે એવો આત્મા એ કોણ છે એને જાણ્યા વિના ધર્મ થાય ક્યાં? આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત. દર્શનશુદ્ધિના ભાન વિના પાધરા વ્રત ને તપ કરવા માંડે અને એને માને ચારિત્ર. ખોવાઈ જઈશે ભાઈ! ખોવાઈ જ ગયો છે અહીં. આહા..!

આત્મા વસ્તુ જે જ્ઞાન, દર્શન, આનંદ આદિ પદાર્થ સ્વભાવ ઈ એનામાં રાગથી પૃથક થઈને વસ્તુની સ્થિતિમાં જે ભાવ છે એમાં રહે એ તો મૂળપણું, મોક્ષના માર્ગનું મૂળિયું. અને શુદ્ધ પરિણતિનું મૂળ એ દ્રવ્ય. સમજાણું કાંઈ? પણ આ વિકલ્પની જાળ, કહે છે કે પુણ્ય-પાપના ભાવ એને ન્યાં મિથ્યાશ્રદ્ધા એટલે કે એ મારા, એનું જ જ્ઞાન એ અજ્ઞાન અને એમાં રહેલું એ અચારિત્ર. સમજાણું કાંઈ? અરે..! આ તે કાંઈ વાદવિવાદે પાર પડે એવું છે આમાં? હેં? લખે, ઘણા લખે, ખુબ લખ્યું છે આજ તો આમાં. આ બધું થયું છેને એટલે બળ્યા છે બધા. આ ફત્તેહપુરનું. નામ આપ્યું નથી એણે. ... એવી બળતરા થાય છેને. અરે..! ભગવાન તું ક્યાં જા છે? બાપા! સમજ્યાને? એક અડધા કલાકમાં ત્રણ લાખ. ફત્તેહપુરમાં. એમાં બળ્યા. આ આવા આવા બોલનારા અને આ નવા ધર્મમાં ગરી ગયા. નવો ધર્મ. અરે..! પ્રભુ! નવો નથી, તારો જૂનો છે આ. તને જૂના ધર્મની ખબર નથી.

કહે છે, અરે..! આવું હોવા છતાં એને બંધની આપત્તિ આવી એનું મૂળ શું? કહે છે. રાગનો સંબંધવાળો એને કહેવો એ અસત્ય ઊભું થયું (પણ) એનું મૂળ કોણ? પર્યાયદૃષ્ટિથી વાત છેને. એનું મૂળ છે, પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થવું. અને તે જેનું મૂળ છે એવું પરસમયપણું. એટલે શું કહ્યું? કે, ભગવાન આત્મામાં પુણ્યના વિકલ્પનો રાગનો સંબંધ એ વિસંવાદ આપત્તિ. એનું મૂળ રાગમાં ઠરવું ઈ અને એનું મૂળ એને પરસમય કહેવું. પરસમયનું મૂળ આ રાગનું એકત્વ એ પરસમયનું મૂળ. સમજાણું કાંઈ? છેને એમાં જુઓને, શબ્દો પડ્યા છે. **'જેનું મૂળ છે...'** આહા..હા..!

કહે છે કે, વસ્તુ ભગવાન આત્મા એકરૂપે ચીજ છે એને બીજા રાગમાં, એ પુદ્‌ગલકર્મના પ્રદેશમાં સ્થિત થવું એ બંધનું મૂળ છે અને એનું મૂળ એને લઈને એને પરસમય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ જેનું મૂળ છે. શું? કે, આ રાગમાં રહેવું એ જેનું મૂળ છે એનું નામ પરસમયપણું છે. એટલે કે એ અણાત્મા રહ્યો. સમજાણું કાંઈ? એટલે કે એ અજ્ઞાનમાં રહ્યો. અજ્ઞાન એટલે આત્માનું સ્વરૂપ છે એનાથી વિરુદ્ધ ભાવ એમાં રહ્યો. તેનાથી ઉત્પન્ન થતું એકને બે કહેવા એવું ઉત્પન્ન થતું દ્વિવિધપણું થયું. આહા..હા..! સમજાણું કાંઈ? એ ક્યાંથી હોય? આવું ક્યાંથી હોય? કહે છે અહીં તો. એકમાં દ્વિવિધપણું હોય ક્યાંથી? આ શું થયું પણ આ? એમ કહે છે. સમજાણું કાંઈ?

ચૈતન્ય જ્ઞાન ને આનંદનું રૂપ જેનું એ તો એનું એકપણું. એ રૂપનું ભાન થયુંને પરિણમન ત્યારે જ એને આત્મા કહેવામાં આવે છે. ત્યારે એને સ્વસમય કહેવામાં આવે છે. એ પોતાનું સ્વરૂપ એમ, પોતાનું સ્વરૂપ. અને આ પોતાના સ્વરૂપ સિવાય રાગવાળો એને પુદ્‌ગલમાં, રાગમાં સ્થિત થવું એ જેનું મૂળ છે વિસંવાદનું, અસત્યપણાનું, જૂઠાપણાનું, ઝઘડાપણાનું. સમજાણું કાંઈ? એનું મૂળ પરસમયપણું. જેનું મૂળ એવું પરસમયપણું. અરે..! એને આવું ક્યાંથી હોય? એક ફીટીને બે કેમ થાય ઈ? સમજાણું કાંઈ? એણે તો આશ્રય કર્યો છે. અરે..! એક સ્વરૂપને દ્વિવિધપણું, પરસમયપણું કેમ હોય? આહા..હા..! કહો, છગનભાઈ!

વસ્તુ આખી ચૈતન્યબિંબ પ્રભુ, અનાકુળ જ્ઞાન ને આનંદનો પુંજ પ્રભુ આત્મા અરે..! એને બંધમાં આવ્યો અને એને પરસમય કહેવું, અરે..! આ ક્યાંથી ઊભું થયું? આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સાદી ભાષા છે હોં! ઝીણા ભલે હો ભાવ પણ કાંઈ ન સમજાય એવું નથી. ન સમજાય એવું આમાં હોય જ નહિ. અરે..! એ દ્વિવિધપણું ક્યાંથી હોય? પણ એમાં હોય જ નહિ કહે છે આ. આહા..! એમ કહે છે. આહા..હા..! પ્રભુ! તારામાં પામરતાનો રાગ એનો સંબંધ હોય નહિ. આ શું થયું પણ તને? આહા..હા..! સંતોએ તો ઘા માર્યા છે અંદરથી. આ વાણી તો સર્વજ્ઞમાંથી આવેલી એ વાણી છે આ. ત્રિલોકનાથ પરમાત્માની દિવ્યધ્વનિ ૐ ધ્વનિ ઉઠી એમાંથી બધા શાસ્ત્ર રચાણા અને એ માયલું આ શાસ્ત્ર છે. આહા..!

**'માટે સમયનું એકપણું હોવું જ સિદ્ધ થાય છે.'** લ્યો! સમજાણું કાંઈ? અરે..! આવું બેપણું ક્યાંથી થયું તને? શું થયું? એમ કહે છે. સમજાણું કાંઈ? બીજી ચીજમાં રહેવું, એ રાગાદિ વિકલ્પ બીજી ચીજ છે, એ તારી ચીજ નહિ, તારામાં નહિ. આહા..હા..! અરે..! આમાં રહેવું આ શું થયું આને? આ વિવિધપણું ઊભું ક્યાંથી થયું? આશ્ચર્ય પ્રગટ કર્યો છે. છે એમાં? માટે... આ વીતરાગની ધર્મ કથા ચાલે છે આ. સમજાણું કાંઈ? ધર્મ કેમ થાય ને અધર્મ કેમ થયો એનું આશ્રય બતાવે છે અહીં તો આચાર્ય. ભગવાન! તું તો જ્ઞાનની

જ્યોત છોને. પ્રભુ! તું તો આનંદનો સાગર છો. એમાં આ વિકલ્પની દુઃખદશા ક્યાંથી આવી? શું થયું આ? એમ કહે છે. આહા..! સમજાણું કાંઈ? કેમ ..લાલજી! આહા..! આ લોકોને એવું લાગે છેને, આ તો આ બધું નિશ્ચય. એટલે સાચું છે. ... આહા..હા..! સમજાણું કાંઈ? બળે છે અંદરથી. અરે..! પ્રભુ! તારી વાત ઘરની છે અને તને શું વાત આવી?

અહીં તો કહે છે કે, રાગની ઉત્પત્તિ થઈ એવું એકમાં બેપણું આવ્યું ક્યાંથી આ? શું થયું છે આ? સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવપણું જીવને લાગું પડે એ શું થયું આ? એમ કહે છે. એઈ..! ચીમનભાઈ! આહા..હા..! પંચ મહાવ્રતના પરિણામ એ તો રાગ છે, વિકલ્પ છે, વૃત્તિ છે. અરે..! આ આવ્યું ક્યાંથી? આ તને છે એ ક્યાંથી આવ્યું? કહે છે. આહા..હા..! ત્રણ કાળમાં ન હોય એને. ભારે વાત ભાઈ! માણસને દર્શનશુદ્ધિનું ધ્યેય શું ચીજ છે અને દર્શનશુદ્ધિ શું છે એની ખબરું વિના આ બધા હાંક્યે રાખ્યા ગાડા બધા. વ્રત ને તપ ને અપવાસ ને ઓળી ને હોળી ને પૂજા ને ભક્તિ બધા રખડવાના રસ્તા છે. એઈ.. છગનભાઈ! આહા..હા..!

અહીં તો એમ કહે છે કે, એ સ્વરૂપમાંથી ચ્યુત થઈને પર્યાયમાં રહ્યો ઈ શું થયું? આ થયું શું આ? આ ક્યાંથી આવું બેપણું એમાં આવ્યું? એકમાં બેપણું હોવું ક્યાંથી થયું? કહે છે. આહા..હા..! '**માટે સમયનું એકપણું હોવું જ સિદ્ધ થાય છે.**' બેપણું નહિ. હેં? આહા..હા..! એ પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ એનાથી ભિન્નપણે એકપણું સિદ્ધ થાય છે એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આહા..! આ વાતું બેસવી, અરે..! એને સાંભળવા મળવી એ પણ મહા પુણ્યનું કારણ હોય તો મળે. બાપુ! આ કાંઈ વાત કોઈ કથા નથી, આ તો વીતરાગના પેટ છે.

અરે..રે..! વીતરાગમૂર્તિ આત્મા એમાં રાગમાં રહ્યો એમ દ્વિવિધપણું શું થયું આ? માટે દ્વિવિધપણું છૂટી અને એકપણું હોવું એ યથાર્થ છે. કહો, સમજાણું કાંઈ? ઝીણું છે નવનીતભાઈ! ઓલા ધંધામાં જેમ એકદમ કામ કરે એમ નથી અહીં કામ કરે એવું. આહા..! ધંધામાં શું કામ કરે? રાગ હોં! ધંધાની ક્રિયા કંઈ કરી શકતો નથી. રાગ કાંઈ જાણે નહિ માટે કહે છે કે, એની સાથે સંબંધ તેં કર્યો, શું કર્યું તેં આ? એમ કહે છે. એ આંધળા રાગ, એ વિકલ્પ આંધળા અને તું દેખતો. તું જાગતી જ્યોત ચૈતન્યમૂર્તિ પ્રભુ સૂર્ય અને આ રાગ આંધળો. ચાહે તો દયા, દાન, વ્રતનો, પૂજાનો હોય પણ એ રાગ આંધળો છે. રાગ પોતાને જાણતો નથી, રાગ આત્માને જાણતો નથી. એઈ..! આ દેખતાએ આંધળાનો શું સંબંધ કર્યો? શું થયું તને આ? કહે છે. જાગતી જ્યોત ચૈતન્યસૂર્ય પ્રભુ તું અને રાગનો કણ એક અંશ સમયનો આંધળો અંધા અરે..! રાગ આંધળાનો સંબંધ કર્યો એ તને ક્યાંથી થયું? આ શું થયું તને? સમજાણું કાંઈ?

આ કારણે, માટે કહ્યું ને? **'સમયનું એકપણું હોવું જ સિદ્ધ થાય છે.'** હોવું જ સિદ્ધ (થાય છે). એક જ વાત છે વસ્તુમાં. મૂળ તત્ત્વની વાત એટલી સૂક્ષ્મ અને ગંભીર છે કે, જેથી એને પહોંચી શકે નહિ એટલે ઊંધે રસ્તે ચડી ગયા. સમ્યગ્દર્શન વિના, સમ્યગ્દર્શનની શુદ્ધિ વિના. અને સમ્યગ્દર્શનની... આને આમેય કબુલે છે કે, હું તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું. રાગનોય સંબંધ નથી મારે, વિભાવનો સંબંધ નથી મારે. આહા..હા..! એ વ્યવહાર જેને કહ્યોને, એ શાસ્ત્રમાં તો આવ્યુંને, વ્યવહારથી સમકિતી મુક્ત છે, એની વસ્તુ જ વ્યવહારથી મુક્ત છે. સમજાણું કાંઈ? ત્રણે કાળે મુક્ત છે એમ દૃષ્ટિમાં આવ્યું. થઈ રહ્યું ... આહા..હા..! સમજાણું કાંઈ? ભારે કથા. હેં? ગજબની! આહા..હા..!

વિકલ્પ ઉઠવો એ શું થયું કહે છે. એકમાં જ્ઞાનમાં આ અજ્ઞાન શું આવ્યું આ? ચૈતન્યસૂર્યમાં આ કોલસાનો કણ ક્યાંથી દેખાય? આહા..હા..! સમજાણું કાંઈ? એ પણું છે તો ખરું પણ કેમ આવ્યું એમ કીધું છેને? છે ત્યારે જ કેમ આવ્યું એમ કહ્યું ને? સમજાણું કાંઈ? ક્યાંથી હોય? દ્વિવિધપણું છે ત્યારે કહે છે ક્યાંથી હોય પણ આવું? એમ કહે છે. ભાઈ! તારી ચીજ તો અંદર આનંદકંદ પ્રભુ છે, ચૈતન્યનો પુંજ પ્રભુ તું છો, જાગતી જ્યોત છો એમાં આંધળા રાગનો સંબંધ તને ક્યાંથી થયો આ? અરે..! એ આંધળાનો તેં આધાર ક્યાંથી લીધો? એમ કહે છે. સમજાણું કાંઈ?

ગજબ ટીકા છે! ઓહો..હો..! સત્યને જાહેર કરે છે. પરમ સત્ય જ આવું છેને કહે છે. આવું પરમ સત્ય એમાં આ અસત્યનું જોડાણ, આ શું થયું તને? માટે પરના સંબંધ અને રાગના ભાવ વિનાનું એકલું આત્મતત્ત્વ તે આમાં સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો ૧૭મી વાર ચાલે છે આ. સાંભળ્યું છેને? આ એક એક ગાથાઓ ૪૧૫, સોળ વખત વંચાઈ ગયું આ આખું પુસ્તક અને ૩૭મું વર્ષ ચાલે છે એમાં આ ૧૭મી વાર ચાલ્યું આ.

**ભાવાર્થ :--** કહે છે કે, રાગની સાથે સંબંધ કરતા હરખ તને આવે. અહીં કહે છે કે, પણ આ થયું શું તને? આ શું થયું? હેં? આ શું છે? બાપુ! ભાઈ! આહા..! અરે..! ખાનદાનનો ફરજન તું. બાપ કહેને અરે..રે..! એ બાવણની બાવળ સાથે કે કોળણ સાથે આ શું થયું તને આ? બાપુ! આપણા ઘરને આ ન શોભે. બાપ કહે કે નહિ? હેં? ભાઈ! આપણા ઘરને આ ન શોભે હોં! ખાનદાનને આ ન હોય બાપા! અને એને કહે હોં બાપ! અરે..! ઘરે પદમણી જેવી ભર્યે ભાણે પડી છે અને આ એંઠા ચાટવા જા. એમ કહેને? કપુરભાઈ! એમ ત્રણલોકના નાથ વીતરાગ ધર્મપિતા... આહા..હા..! જગતને કહે છે, હે આત્મા! તારા ઘરમાં તો જ્ઞાન ને આનંદના મોટા ભરપૂર ભાણા પડ્યા છે. એને ન અનુભવતા તું આ રાગનો વ્યભિચારનો આ અનુભવ ક્યાંથી તને? શું થયું તને? આપણા ઘરને આ શોભે

નહિ. ભગવાન એમ કહે છે. સમજાણું કાંઈ?

એક ફેરી હીરાજીમહારાજ હતાને ભાઈ! અમારા સંપ્રદાયના ગુરુ. ... ચાર મહિનાના અપવાસ કરતા હતા, ૭૧ની સાલ. વર્ષ એક આખું. એક ટંક ખાવું, ૪૮ કલાક. પછી એકવાર જરીક થાક લાગેલો એટલે ભગવતી વાંચતો હતો, ભગવતી. ૧૯૭૧ની સાલ. ભગવતી સૂત્ર છેને ઊંચુ? ૧૬૦૦૦ શ્લોક અને સવા લાખની ટીકા. પહેલુંવહેલું હાથમાં આવ્યું ત્યારે. ચોવિહારો અપવાસ, પાણી-બાણી કંઈ નહિ. એટલે બોલ્યા, એ.. કાનજી! આપણને આ ન શોભે હોં! સુતા વાંચવું. બહુ .... મૂળચંદજી એમ સુતા સુતા વાંચે. ... એકવાર જરી... મારા હાથમાં ભગવતીનું પાનું હતું, પુસ્તક. ઊંઘીએ નહિ બપોરે કાંઈ. એટલું બોલ્યા, કાનજી! આપણને આ ન શોભે હોં! ... વાત સાચી મહારાજ. ભગવતી સૂતા વાંચવું એ તો અશાતના છે. હેં! એને બહુમાનથી વાંચવું જોઈએ. એની શૈલી પ્રમાણે વાત હતીને. અહીં તો અત્યારે....

એમ ત્રણલોકનો નાથ જગતગુરુ એમ જગતને કહે છે, અરે..! આત્મા! આ તને રાગનો સંબંધ પ્રભુ ન શોભે હોં! આપણે ન શોભે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ. ચૈતન્ય નિર્લેપ પ્રભુ એને આ ... આહા..હા..! એ રાગ મારો અને એને અનુભવવો એ એંઠા, એંઠા છે બાપા! એ તારું સ્વરૂપ નહિ. સમજાણું કાંઈ? અરે..! આ સમયસાર તો કોઈ કઈ પળે લખાઈ ગયું છે. આહા..હા..! .... ધન્યના ભાગ્ય! એવું પાત્ર હશે ને એને માટે આ સમયસાર બહાર આવ્યું છે. આહા..! સમજાણું કાંઈ?

કોઈને એવું લાગે કે આ તો નિશ્ચય. પણ બાપુ! નિશ્ચય એટલે સત્ય અને આ વ્યવહાર એટલે વિસંવાદ અને અસત્ય. એ તો અહીં સિદ્ધ કરવું છે. આહા..હા..! ડૉકટર! ઓલા એમ કહે, ભગવાનની ભક્તિથી તને કલ્યાણ થશે. અહીં તો કહે કે ભગવાનની ભક્તિનો રાગ આવ્યો ક્યાંથી તને? શું થયું આ? એ.. ચીમનભાઈ! આહા..હા..! એ રાગને એકપણે તું માનીને ઊભો છો એ શોભતું નથી તને. ભિન્ન રહે ત્યારે એ તો જુદી વાત છે. એ તો ભિન્ન રહે તો પરદ્રવ્ય થઈ ગયું એ તો. જ્ઞાનીને જ્ઞાન થતાં રાગ હોય પણ એ જ્ઞાનીને નહિ. આહા..હા..! એ રાગને પૃથક રાખીને જ્ઞાન જ્ઞાનમાં રહીને રાગને પૃથકથી જાણે છે. સમજાણું કાંઈ? આવું સ્વરૂપ છે આ હોં! પરમેશ્વરે કહ્યું એ તો એવું સ્વરૂપ છે એવું કહ્યું છે.

**ભાવાર્થ :-- 'નિશ્ચયથી સર્વ પદાર્થ પોતપોતાના સ્વભાવમાં સ્થિત રહ્યે જ શોભા પામે છે.'** અહીં તો એ વાત લે છે. વિભાવમાં એ પણ નહિ એમ. વાત જ એકત્વ નિશ્ચયગતમાં.... સમજાણું કાંઈ? છેને ભાવાર્થ? નિશ્ચય એટલે ખરેખર, યથાર્થપણે વ્યાજબી રીતે સર્વ પદાર્થ પોતપોતાના સ્વભાવમાં જાતિનો જે સ્વભાવ પોતાનો તેમાં સ્થિત રહ્યે શોભા છે, સુખ છે, આનંદ છે, યથાર્થ છે. કહો, સમજાણું કાંઈ? કહે છે કે, આવું તત્ત્વ જ્યાં સુધી તને દૃષ્ટિમાં ન આવે અને ન બેસે ત્યાં સુધી ઠરવું ક્યાં એ ભૂમિકા તો

જોઈ નથી, તો ચારિત્ર હોય ક્યાંથી. શું કીધું? ચારિત્ર એટલે ચરવું, રમવું. શેમાં પણ? જે ચીજ છે આવી બંધ રહિત રાગના સંબંધ વિનાની એ ચીજની દૃષ્ટિ અને એનું ધ્યેય પકડીને અનુભવ ન થયો તો ક્યાં ઠરવું એ તો તને ભૂમિકા હાથ જ આવી નથી. ચારિત્ર કેવું તને? સમજાણું કાંઈ? આ મોટા વાંધા અત્યારે એ ઉઠ્યા છે. આવા આવા મુનિઓ આમ કહે છે, આવા મુનિઓ સંયમીઓ છે અને અસંયમી થઈને સંયમીને માનતા નથી. અરે..! ભગવાન! તું સાંભળને પ્રભુ! ધન્ય અવતાર સંયમીઓના! સંયમ કહેવો કોને? સમજાણું કાંઈ? જેને રાગના વિકલ્પથી ભિન્ન ચૈતન્યનો અનુભવ થયો એ જ એનું સ્વરૂપ છે. પછી એમાં ઠરવા માંડે આનંદમાં લીનતા, આનંદની લીનતાની ઉગ્રતા એનું નામ સાધુપણું ને ચારિત્ર છે. આ લોકો થોથા લુગડા ફેરવે, વ્રતના વિકલ્પ કરે એ ચારિત્ર છે એ ત્રણકાળમાં નથી. સમજાણું કાંઈ? પહેલું તો એવું લાગે હોં! ઓલી પક્કડ લઈને આવ્યા હોયને. આ શું કહે છે આ? ભગવાન કહે છે. કારણ કે ... આ શું છે આ? આ શેમાં છે આ? અહીંનું બનેલું છે આ પુસ્તક? બે હજાર વર્ષ પહેલા કુંદકુંદાચાર્ય મુનિ પછી આ અમૃતચંદ્રાચાર્ય હજાર વર્ષ પહેલા થયા, પછી એનું સ્પષ્ટીકરણ ગુજરાતીમાં ભાઈએ કર્યું. પણ એણે સહેલું કરી નાખ્યુંને ગુજરાતીમાં. આહા..હા..! આ ગુજરાતી થયું છે એ બહુ કામ સારું ઘણું થયું છે. નિમિત્તમાં તો હિમતભાઈ હતાને. હેં? આહા..હા..!

કહે છે, ખરેખર. નિશ્ચય એટલે ખરેખર સર્વ પદાર્થ એટલે દરેક વસ્તુ. આત્મા, પરમાણુ, છએ દ્રવ્ય. '**પોતપોતાના સ્વભાવમાં સ્થિત રહ્યે જ શોભા પામે છે.**' પણ સ્થિત નથી ત્યારે તો વાત કરે છે. હેં? .. એ તો વાત કરી છે. એ શોભા ....નથી. '**પરંતુ જીવ નામના પદાર્થની અનાદિ કાળથી...**' ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત અને આનંદનું ધામ નાથ એવો પ્રભુ એને '**અનાદિ કાળથી પુદ્‌ગલકર્મ સાથે...**' જડ કર્મ છે જ્ઞાનાવરણીય આદિ જડ અજીવ એના '**સાથે નિમિત્તરૂપ બંધ-અવસ્થા છે; પુદ્‌ગલકર્મ સાથે નિમિત્તરૂપ બંધ-અવસ્થા છે;...**' ખરેખર તો પુદ્‌ગલકર્મની અવસ્થા એ બંધરૂપે અને પુદ્‌ગલકર્મ સાથે નિમિત્તરૂપ બંધ અવસ્થા થઈ એ નિમિત્તરૂપે છે, શુદ્ધમાં અંદર છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- નિમિત્ત જ છે ને ઈ. અશુદ્ધ પરિણામ એ નિમિત્ત છે, શુદ્ધ પરિણામમાં ક્યાં છે ઈ. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એ વિહામાનું વાક્ય છે. એ ઘણી વાર આવે છેને, વિહામો હોય ને એકબીજાને બોલવામાં. સમજાય છે? કારણ કે, સમજાય છે એ વિહામાનું વાક્ય છે. અને સમજ્યે વિહામો મળે એવું નથી. એ વિના વિહામા ક્યાંય ધૂળમાંય નથી. સમજાય છે કાંઈ? એ રાગની ક્રિયા, પુણ્યની ક્રિયામાં દુઃખ છે, વિહામો નથી ત્યાં. કપુરભાઈ!

'**આ પુદ્‌ગલકર્મ સાથે નિમિત્તરૂપ બંધ-અવસ્થા છે; તે બંધાવસ્થાથી...**' પાછો વિભાવ થયો એ બંધ અવસ્થા પોતામાં છે એમ. '**તે બંધાવસ્થાથી આ જીવમાં વિસંવાદ ખડો થાય છે...**' પુણ્ય ને પાપ, શુભ ને અશુભ રાગ, વિકલ્પ એ આ જીવમાં એને લઈને વિસંવાદ અસત્યપણું ઊભું થાય છે, ઝઘડો ઊભો થાય છે. સમજાણું કાંઈ? '**તેથી તે શોભા પામતો નથી.**' કોણ? વિસંવાદ. એ અસત્ય ભાવ તે શોભા પામતો નથી. અરે..રે..! આર્યને ઘરે હાડકા ટાંગે એ શોભા પામે? પહેલા થાતા આ હુતાસણીમાં. દુકાન હોયને, સામે હાડકા બાંધે. છોકરાઓ કરતા. એમ પ્રભુ! તું ચિદાનંદ અમૃતનો દરિયો છોને એમાં રાગના હાડકા સાથે તને સંબંધ ક્યાંથી થયો? એ તો અચેતન છે, અજીવ છે. આહા..હા..! અરે..! ચૈતન્યને જડના સંગ ક્યાંથી આવ્યા? વિસંવાદ ખડો છે અહીં.

'**તેથી તે શોભા પામતો નથી. માટે વાસ્તવિક રીતે વિચારવામાં આવે...**' ખરેખર રીતે જોવામાં, જાણવામાં આવે તો, '**એકપણું જ સુંદર છે;...**' ભગવાન આત્મા જ્ઞાનમાં એકત્વ થાય, સ્વભાવમાં એકત્વ થાય એ એની સુંદરતા અને શોભા છે અને એમાં સુખની દશા છે. સમજાણું કાંઈ? '**તેનાથી આ જીવ શોભા પામે છે.**' એટલે એનાથી આ જીવ સુખી થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ ત્રીજી ગાથા બહુ...

'**હવે તે એકત્વની અસુલભતા બતાવે છે :--**' અરે.. બાપુ! રાગથી ભિન્ન જેવો છે એવો એકત્વ એ કાંઈ સુલભ નથી. સમજાણું કાંઈ? એ અનાદિથી દુર્લભ થઈ પડ્યો છે એને. એકત્વની અસુલભતા એટલે રાગથી ભિન્ન જેવું તત્ત્વ છે ભગવાન આત્માનું એવું એકપણાની વાત પણ દુર્લભ છે, સુલભ નથી. એ વાત કરશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૪

अथैतदसुलभत्वेन विभाव्यते--

सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।
एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स।।४।।
श्रुतपरिचितानुभूता सर्वस्यापि कामभोगबन्धकथा।
एकत्वस्योपलम्भः केवलं न सुलभो विभक्तस्य।।४।।

इह किल सकलस्यापि जीवलोकस्य संसारचक्रक्रोडाविरोपितस्याश्रान्तमनन्तद्रव्य-क्षेत्रकालभवभावपरावर्तैः समुपक्रान्तभ्रान्तेरेकच्छत्रीकृतविश्वतया महता मोहग्रहेण गोरिव वाह्यमानस्य प्रसमोज्जृम्भिततष्णातङ्कत्वेन व्यक्तान्तराधेरुत्तम्योत्तम्य मृगतृष्णायमानं विषयग्राममुपरुन्धानस्य परस्परमाचार्यत्वमाचरतो ऽनन्तशः श्रुतपूर्वानन्तशः परिचितपूर्वा-नन्तशोऽनुभूतपूर्वा चैकत्वविरुद्धत्वेनात्यन्तविसंवादिनिन्यपि कामभोगानुबद्धा कथा। इदं तु नित्यव्यक्तयान्तःप्रकाशमानमपि कषायचक्रेण सहैकीक्रियमाणत्वादत्यन्ततिरोभूतं सत् स्वस्यानात्मज्ञतया परेषामात्मज्ञानामनुपासनाच्च न कदाचिदपि श्रुतपूर्वं, न कदाचिदपि परिचितपूर्वं, न कदाचिदप्यनुभूतपूर्वं च निर्मलविवेकालोकविविक्तं केवलमेकत्वम्। अत एकत्वस्य न सुलभत्वम्।

---

હવે, તે એકત્વની અસુલભતા બતાવે છે :-

શ્રુત-પરિચિત-અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;
પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪.

શ્લોકાર્થ :- [सर्वस्य अपि] સર્વ લોકને [कामभोगबन्धकथा] કામભોગસંબંધી બંધની કથા તો [श्रुतपरिचितानुभूता] સાંભળવામાં આવી ગઈ છે, પરિચયમાં આવી ગઈ છે અને અનુભવમાં પણ આવી ગઈ છે તેથી સુલભ છે; પણ [विभक्तस्य] ભિન્ન આત્માનું [एकत्वस्य उपलम्भः] એકપણું હોવું કદી સાંભળ્યું નથી, પરિચયમાં આવ્યું નથી અને અનુભવમાં આવ્યું નથી તેથી [केवलं] એક તે [न सुलभः] સુલભ નથી.

ટીકા :- આ સમસ્ત જીવલોકને, કામભોગસંબંધી કથા એકપણાથી વિરુદ્ધ હોવાથી અત્યંત વિસંવાદી છે (આત્માનું અત્યંત બૂરું કરનારી છે) તોપણ, પૂર્વે અનંત વાર સાંભળવામાં આવી છે, અનંત વાર પરિચયમાં આવી છે અને અનંત વાર અનુભવમાં પણ આવી ચૂકી છે. કેવો છે જીવલોક? જે સંસારરૂપી ચક્રના મધ્યમાં સ્થિત છે, નિરંતરપણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ અનંત પરાવર્તોને લીધે જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે, સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્યથી વશ કરનાર મોટું મોહરૂપી ભૂત જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે, જોરથી ફાટી નીકળેલા તૃષ્ણારૂપી રોગના દાહથી જેને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે, આકળો બની બનીને મૃગજળ જેવા વિષયગ્રામને (ઇન્દ્રિયવિષયોના સમૂહને) જે ઘેરો ઘાલે છે અને જે પરસ્પર આચાર્યપણું પણ કરે છે (અર્થાત્ બીજાને કહી તે પ્રમાણે અંગીકાર કરાવે છે). તેથી કામભોગની કથા તો સૌને સુલભ (સુખે પ્રાપ્ત) છે. પણ નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું જ-જે સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે તોપણ કષાયચક્ર (-કષાયસમૂહ) સાથે એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી અત્યંત તિરોભાવ પામ્યું છે (-ઢંકાઈ રહ્યું છે) તે-પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી (-પોતે આત્માને નહિ જાણતો હોવાથી) અને બીજા આત્માને જાણનારાઓની સંગતિ-સેવા નહિ કરી હોવાથી, નથી પૂર્વે કદી સાંભળવામાં આવ્યું, નથી પૂર્વે કદી પરિચયમાં આવ્યું અને નથી પૂર્વે કદી અનુભવમાં આવ્યું. તેથી ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી.

ભાવાર્થ :- આ લોકમાં સર્વ જીવો સંસારરૂપી ચક્ર પર ચડી પાંચ પરાવર્તનરૂપ ભ્રમણ કરે છે. ત્યાં તેમને મોહકર્મના ઉદયરૂપ પિશાચ ધોંસરે જોડે છે, તેથી તેઓ વિષયોની તૃષ્ણારૂપ દાહથી પીડિત થાય છે અને તે દાહનો ઈલાજ ઈન્દ્રિયોના રૂપાદિ વિષયોને જાણીને તે પર દોડે છે; તથા પરસ્પર પણ વિષયોનો જ ઉપદેશ કરે છે. એ રીતે કામ (વિષયોની ઈચ્છા) તથા ભોગ (તેમને ભોગવવું)-એ બેની કથા તો અનંતવાર સાંભળી, પરિચયમાં લીધી અને અનુભવી તેથી સુલભ છે. પણ સર્વ પરદ્રવ્યોથી ભિન્ન એક ચૈતન્યચમત્કારસ્વરૂપ પોતાના આત્માની કથાનું જ્ઞાન પોતાને તો પોતાથી કદી થયું નહિ, અને જેમને તે જ્ઞાન થયું હતું તેમની સેવા કદી કરી નહિ; તેથી તેની કથા (વાત) ન કદી સાંભળી, ન તેનો પરિચય કર્યો કે ન તેનો અનુભવ થયો. માટે તેની પ્રાપ્તિ સુલભ નથી, દુર્લભ છે.

**માગશર સુદ-૯, શુક્રવાર, તા. ૨૬-૧૧-૧૯૭૧**
**ગાથા-૪, પ્રવચન-૨૧**

૪થી ગાથા.

**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।**
**एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स।।४।।**

નીચે હરિગીત.

**શ્રુત-પરિચિત-અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;**
**પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪.**

એનો ગાથાર્થ. છેને ગાથાર્થ? અરે..! 'સર્વ લોકને...' એકેન્દ્રિયથી માંડીને બધા લોકને જગતના પ્રાણીને, **'કામભોગસંબંધી...'** કામ નામ રાગ અને ભોગ નામ એનું ભોગવવું. વિકલ્પ એટલે રાગ--ઈચ્છા એ કામ એનું કરવું અને એનું ભોગવવું. એવા **'સંબંધી બંધની કથા...'** રાગના સંબંધની બંધની કથા. ભગવાન આત્મા શુદ્ધ દ્રવ્યસ્વભાવ, જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ એવો હોવા છતાં એને પુણ્ય અને પાપના વિકલ્પના સાથનો સંબંધ એવો જે બંધ એવી વાર્તા તો જગતે અનંત વાર સાંભળી છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી શુદ્ધ ચૈતન્યઘન હોવાપણે પણ આ રાગ ચાહે તો શુભરાગ હો કે અશુભ હો, એ રાગના સંબંધની બંધ કથા એને આ બંધ છે અને એ રાગ કરવા જેવો ને રાગને ભોગવવા જેવો (છે). એનો અર્થ એ થયો કે, રાગના વ્યવહાર પુણ્યના પરિણામ એ કરવા અને ભોગવવા એવો જે સંબંધ સ્વભાવમાં નથી છતાં એનો સંબંધ કરવો અને માનવું કે, આ રાગ તે હું અને એવી વાત સાંભળવાને અનંત વાર મળી છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાંચ ઈન્દ્રિયના વિષય નાખ્યા છે જયચંદ્ર પંડિતે. પંડિત શું (જયસેનાઆચાર્યે). શબ્દ ને રસ એ કામ, અને ... ભોગ એમ કરીને નાખ્યું છે પાંચ ઈન્દ્રિય. ખરેખર તો એ વસ્તુ એમ જ છે. અણીન્દ્રિય સ્વભાવને ઈન્દ્રિયોના વિષયના લક્ષ જતાં જે રાગ થાય છે એ રાગ સંબંધીની વાર્તા પુણ્ય કરવું, પુણ્ય કરવા જેવું છે અને પુણ્ય કરે તો પુણ્ય ભોગવવા જેવું પણ છે. સમજાણું કાંઈ? એવી કથા તો અબંધની સાથે... ભગવાન આત્મા તો અબંધસ્વરૂપ છે, મુક્તસ્વરૂપ છે એને આવા રાગના, ક્રિયાના સંબંધની કથા એ સાંભળવામાં આવી ગઈ છે. અનંત વાર સાંભળી છે. સર્વસંબંધી શબ્દ છેને? એકેન્દ્રિયના

જીવે અને નિગોદના જીવે પણ એ વાત સાંભળી છે એમ કહે છે. કોઈ દિ' નીકળ્યા નથીને ઈ? ત્રસ પણ થયા નથી એવા જીવ અનંત છે. તોપણ કહે છે કે, એ રાગને કરે ને રાગને ભોગવે છે એવો ભાવ એણે પરિચયમાં લીધો છે માટે એ વાત એણે સાંભળી છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

સર્વ લોક લીધો છેને? એકેન્દ્રિય જીવ નિગોદથી માંડીને પંચેન્દ્રિય. નવમી ગ્રૈવેયકે ગયો જૈન દિગંબર સાધુ થઈને, પણ એ રાગ જે મહાવ્રત ને સમિતિ, ગુપ્તિનો વિકલ્પ જે રાગ એ કરવા જેવો છે અને ભોગવવા જેવો છે એવું એણે અનંત વાર સાંભળ્યું છે. સમજાણું કાંઈ? આહા..! **'પરિચયમાં આવી ગઈ છે...'** એ વાત. ટેવાઈ ગયો છે કહે છે એમાં. એવી વાત સાંભળવામાં (ટેવાઈ ગયો છે). પુણ્યથી લાભ થાય ને પુણ્યનો સંબંધ હોય. વાંધા ઈ છેને મોટા સૌને. એ શુભભાવ હોય તો એનો સંબંધ થાય તો આત્માને અબંધ પરિણામનું ભાન થાય. ન થાય? ગુરુની ભક્તિ હોય, દેવની ભક્તિ હોય, શાસ્ત્રશ્રવણ હોય ઈન્દ્રિયોથી તો એનાથી આત્માને લાભ થાય. સમજાણું કાંઈ? એ વાત અજ્ઞાનની એવી અનંત વાર સાંભળી છે. સમજાણું કાંઈ? સ્થૂળ કામભોગની અહીંયા વાત નથી. અહીંયા તો સૂક્ષ્મ રાગની ઈચ્છા--કામ જે સ્વભાવમાં નથી અને એનું કરવું અને એનું ભોગવવું એવો જે ચૈતન્ય સ્વભાવ ત્રિકાળી આનંદ એની સાથે આને સંબંધ કહેવો એવી વાત તો એણે અનંત વાર સાંભળી છે. સમજાણું કાંઈ?

**'પરિચયમાં આવી ગઈ છે અને અનુભવમાં પણ આવી ગઈ છે...'** અને રાગની એકતાનો અનુભવ એણે અનંત વાર કર્યો છે. વિકલ્પ જે રાગ, ચાહે શુભ હો કે અશુભ હો, એનો અંતરમાં અનંત વાર એનો અનુભવ કર્યો છે એણે, એ કાંઈ નવી ચીજ નથી. સમજાણું કાંઈ? એકપણું, રાગની સાથે એકપણું, રાગથી લાભ અથવા રાગનો ચૈતન્યસ્વભાવ સાથે સંબંધરૂપી બંધ એવી વાતું એણે અનંત વાર સાંભળી, અનુભવમાં આવી. પરિચય કર્યે ટેવાઈ ગયો અને અનુભવમાં આવી ગઈ છે કહે છે. સમજાણું કાંઈ? **'ભિન્ન આત્માનું એકપણું હોવું કદી સાંભળ્યું નથી,...'** ... વિકલ્પ જે શુભ-અશુભ રાગ એના સંબંધ વિનાનો એકત્વસ્વરૂપ ભગવાન એકપણું અંદર રાગથી ભિન્નપણું. રાગથી સહિતપણું એ તો દ્વિવિધપણું થયું. સમજાણું કાંઈ? સૂક્ષ્માં સૂક્ષ્મ રાગનો કણ વિકલ્પ એનાથી ભિન્ન એવું એકપણું ચૈતન્યનું હોવું કદી સાંભળ્યું નથી. કહો, સમજાણું કાંઈ? શું કીધું આ?

સમવસરણમાં અનંત વાર ગયો છેને. ભગવાનનું સમવસરણ ત્રણલોકના નાથ તીર્થંકરદેવ જેની દિવ્યધ્વનિ છૂટે એની હાજરીમાં સમવસરણમાં પણ અનંત વાર ગયો છે. એણે ભગવાનની દિવ્યધ્વનિ પણ સાંભળી અનંત વાર એમ કહે છે. સમજાણું કાંઈ? પણ એમાં એ એણે લીધું કે, એનો સંબંધ કરીએ છીએ. વાણીનું સાંભળવું થાય છે એમાંથી મને જ્ઞાન થાય

છે એમ એનાથી મને કલ્યાણ થાશે.

મુમુક્ષુ :-- તો પછી સાંભળવું શું કરવા?

ઉત્તર :-- સાંભળવાનો વિકલ્પ આવે એ જુદી વાત છે. પણ સાંભળવાથી સમ્યક્જ્ઞાન થાય કે સ્વનો આશ્રય એવું દર્શન થાય, એ ન થાય. માર્ગ એવો છે અપૂર્વ છે ભઈ આ તો. સમજાણું કાંઈ?

અહીં ત્રિલોકનાથ તીર્થંકર પોતે કહે છે એની વાણી કેવળીએ કહેલું કહું છું એમ કહ્યું છેને. એમાં આ કહ્યું કે, ભાઈ! તારા સ્વભાવથી ભિન્ન ચીજ રાગ એ શુભ હો કે અશુભ હો, એ કરવા જેવો છે, એમાં રહેવા જેવું છે, એને ભોગવવા જેવું છે એવું તો તેં મિથ્યાત્વભાવમાં અનંત વાર સાંભળ્યું છે. સમજાણું કાંઈ? પણ એ રાગના વિકલ્પથી આ ભગવાન આત્મા, તીર્થંકરદેવ કેવળજ્ઞાની એમ કહે છે સમજાણું કાંઈ? કે, મારી વાણી અને સાંભળવાનો વિકલ્પ એનાથી ભિન્ન ભગવાન છે, એનાથી ભિન્ન પડે તો આત્માનું જ્ઞાન થાય. એ વાત એણે કોઈ દિ' સાંભળી નથી. કહો, સમજાય છે કાંઈ? કહો, ડૉક્ટર! ભારે વાત! અમને એણે સાંભળ્યા નથી કહે છે, એમ કહે છે. એ એણે એનું સાંભળ્યું. સ્વચ્છંદ રાખી અને રાગના પરિણામ જે શુભ પુણ્ય આદિ હો એ મારો સંબંધ છે અને એનાથી મને લાભ થશે એવું એણે ત્યાં સાંભળ્યું, એવું કાઢ્યું છે અંદરથી. સમજાણું કાંઈ? સીધો પ્રભુ આત્મા જ્ઞાનાનંદ વિકલ્પથી, રાગથી, પુણ્યથી ભિન્ન છે એ વાત એણે સાંભળી નથી. આહા..હા..! સાંભળી ત્યારે કહેવાય કે, એ રાગથી ભિન્ન સાંભળ્યું હોય તો એનું એને પરિણમન પરનું લક્ષ છોડીને સ્વ ઉપર લક્ષ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ!

**'એકપણું હોવું કદી સાંભળ્યું નથી,...'** સમવસરણમાં સાંભળ્યું તોય સાંભળ્યું નથી એમ કહે છે. ... છેને ત્યાં? ઘણી વાર આવે છે પરમાત્મપ્રકાશમાં, 'ભવે ભવે જિન પૂજીયો' એવું આવે છે લ્યો! ભવે ભવમાં તે શંકરને પૂજ્યા, સર્વજ્ઞદેવને પૂજ્યા, ગુરુને તો પૂજ્યા એમાં આવી ગયું. ભવે ભવે પૂજીયો. અનંત ભવમાં અનંત વાર તીર્થંકરના સમવસરણમાં જઈને સાંભળ્યું. મણિરત્નના દીવા ને હીરાના થાળ ને કલ્પવૃક્ષના ફૂલ. જય મહારાજ, જય પ્રભુ! એઈ..! સમજાણું કાંઈ? કહે છે કે, એ બધી તેં રાગની વાતું સાંભળી હતી. એ પણ ભગવાનની ભક્તિનો પણ એ રાગ છે, એ તો પર વિકલ્પ છે. સમજાણું કાંઈ? એનાથી મને લાભ થાશે એવી એકત્વબુદ્ધિ રાગની રાખીને સાંભળ્યું હતું. એ રાગથી પણ મને લાભ નહિ, હું તો મારો સ્વભાવ ભિન્ન છે, વીતરાગ સ્વરૂપ મારું છે જે પરની અપેક્ષા રાખતું નથી. એવી વાત કદી સાંભળી નથી.

પરિચયમાં સાંભળી નથી એટલે **'પરિચયમાં આવ્યું નથી અને અનુભવમાં આવ્યું નથી...'** સમજાણું કાંઈ? આવી વાત છે. **'તેથી એક તે સુલભ નથી.'** બાકી આ બધું

સુલભ છે કહે છે. રાગથી લાભ થાય, પુણ્યથી લાભ થાય, પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય એ વાત કાંઈ દુર્લભ નથી. એ વાત તો અનંત વાર સાંભળી ને સાંભળવા મળે છે, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? કેમ ચીમનભાઈ નથી આવ્યા? આ તો ઓલા તમારા વેવાય આવ્યા એની વાત ... આવ્યા છેને ચીમનભાઈના. ઈ કહે, આ મહારાજ કહે છે પણ પુણ્ય કર્યા વિના કાંઈ હાલે છે? પુણ્ય કર્યા વિના થાતું હશે? આ લાકડા. વીતરાગ સર્વજ્ઞનો શું માર્ગ છે એ સંપ્રદાયમાં મળતો જ નથી સાંભળવા. એ આ સાંભળો, આ કરો ને આ કરો ને આ કરો ને એનાથી તમારું કલ્યાણ થશે. એ તો બધી રાગની કથા ને રાગના અનુભવનો પરિચય છે. આહા..! કહો, સમજાણું કાંઈ?

રાગથી ભિન્ન ભગવાન (છે). કારણ કે, રાગ એ તો આસ્રવતત્ત્વ છે. સમજાણું કાંઈ? તો એક તત્ત્વને બીજા સાથે તત્ત્વની એકતા અને એનાથી લાભ એ વાત તો તેં અનંત વાર સાંભળી છે. સમજાણું કાંઈ? અને ગુરુઓ જે જગતના એ પણ તને એ જ સંભળાવે છે. જગતના ગુરુ. સમજાણું કાંઈ? એને એમ કહે, અમારો પરિચય કરો, અમારા તરફ ધ્યાન રાખો, અમારી ભક્તિ કરો. તમારું કલ્યાણ થશે. સમજાણું કાંઈ? ભારે વાત, આકરી ભારે લાગે. એ.. પંડિતજી! પંડિતજીથી સામાને ન મળતું હોય તો પંડિતની સેવા શું કરવા, પૂજા શું કરવા કરે છે. એમ પંડિત એમ કહે કે, અમારા પાસેથી કંઈ તમને લાભ નહિ મળે? તો એનું માને કોણ પછી?

અહીં તો કહે છે કે, ત્રણલોકના નાથની વાણીમાં એમ આવ્યું કે, અમારી વાણીનો સંબંધ ને વાણીમાં ઉઠતો રાગ એના સંબંધની વાતું અમારી પાસે નથી. એઈ..! આહા..હા..! બીજી રીતે કહીએ તો આ લોકો કહે છેને કે, વ્યવહાર કરતા નિશ્ચય થાય. એનો અર્થ થયો કે, રાગ કરતા વીતરાગતા થાય. એ વાત પરથી ભિન્નની એણે સાંભળી નથી. '**તેથી એક તે સુલભ નથી.**' આ એક સુલભ નથી. પૈસો મળવો સુલભ નથી એમ નથી કહ્યું અહીં. એ... ચંદુભાઈ! હેં? બેયને ઘણા લાખો છે, બેય વેવાયને લ્યો! સુલભ થઈ ગયા. સુલભ એટલે શું પણ? આહા..હા..! ... મળી એ કંઈ સુલભ (નથી), એ તો અનાદિની વાત છે. આહા..હા..! ત્યાગી થયો જૈનનો સાધુ નામ ધરાવ્યો પણ એણે રાગથી લાભ થાય એ વાત છોડી નથી. જેનો સન્યાસ કરવો જોઈએ એનો ત્યાગ કર્યો નથી. સમજાણું કાંઈ? બાયડી, છોકરા છોડી નગ્ન થઈ હજારો રાણી છોડી સાધુ થયો. સાધુ ક્યાં હતો પણ, સાંભળને. જેનો ત્યાગ જોઈએ તેનો ત્યાગ તો છે નહિ. રાગનો ત્યાગ આત્મામાંથી જોઈએ એને ઠેકાણે રાગનું ગ્રહણ ને રાગના સંબંધમાં તો પડ્યો છે, સંબંધ તોડ્યો નથી. આહા..! કહો, સમજાણું કાંઈ? આણે બાયડી, છોકરા છોડ્યા, આવું કરે, આવું કરે લ્યો! એક જણાએ લખ્યું હતું. શ્વેતાંબરને આપણે આમ કેમ કહેવાય? એ દયા પાળે, આમ કરે, ફલાણું કરે, ઢીંકણું કરે

એને આપણે કેમ આમ કહેવું? આહા..! કહો, સમજાણું કાંઈ? ભાઈ! જેને અંતરનો શુભ રાગનો વિકલ્પ એનો જેને અંતર દૃષ્ટિમાં ત્યાગ નથી એને ક્યાંય પણ ત્યાગી બીજી ચીજનો કહેવો અસદ્ભુત વ્યવહારનયે એ પણ છે નહિ. આહા..હા..! ગજબ વાત છે. કારણ કે, પરનો ત્યાગ તો છે જ આત્મામાં. પરનું (ગ્રહણ) આત્મામાં છે નહિ. એને રાગેય આત્મામાં નથી ખરેખર. એને ઠેકાણે રાગનો સંબંધ કરી અને માનવું કે, હું કાંઈક ધર્મી છું. એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જૈન નથી. સમજાણું કાંઈ?

જૈન તો એને કહીએ કે, જે વિકલ્પનો ત્યાગ સ્વભાવની દૃષ્ટિએ કરીને એ મારી ચીજ જ નથી. સમજાણું કાંઈ? હું તો રાગ વિનાનો પૂર્ણાનંદ સહજાનંદની મૂર્તિ પ્રભુ છું. એવી દૃષ્ટિ વિના રાગનો ત્યાગ થાય નહિ અને રાગના ત્યાગ વિના બીજો ત્યાગ એણે કર્યો એવું વ્યવહારથી પણ કહેવાય નહિ. સમજાણું કાંઈ? કેવળ **'એક તે સુલભ નથી.'** એ રાગથી ભિન્ન અને સ્વભાવથી એકત્વ ભગવાન એ વાત જ અસુલભ છે. સમજાણું કાંઈ? એ વાત મળવી એ અસુલભ છે એટલે કે દુર્લભ છે. એનો અર્થ કે, એ વાત મળતા એને અંદરમાં ભાસ 'રાગ વિનાનો છું' એમ મળવું એ મહા દુર્લભ છે. આહા..! સમજાણું કાંઈ? ભારે વાત.

બાર ગાથામાં તો આખું જૈનદર્શન આખું સમયસાર પહેલું ગોઠવ્યું. પછી એનો વિસ્તાર. કાલે રાતના નહોતા. પ્રદેશમાંથી ક્ષેત્ર કાઢ્યું હતું. પુદ્ગલકર્મ પ્રદેશ. બેય નહોતા. કીધું આમાં ક્ષેત્ર પણ આવી જાય છે. રાગનું ક્ષેત્ર જુદું. પાછો વિસ્તાર કર્યો ભલે ભેદજ્ઞાનનો પણ અહીં સામાન્ય બધું નાખી દીધું. પુણ્ય ને પાપના ભાવ તે ભાવ જુદા ભગવાન આત્માથી, એનું ક્ષેત્ર જુદું, એનું સામર્થ્ય જુદું, એનો કાળ જુદો. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કહ્યું છેને, **'पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं'**. જે કંઈ રાગના ભાવથી લાભ થાય એવો જે મિથ્યાત્વભાવ અને એનું રાગનું જ જ્ઞાન અને રાગમાં એકાગ્રતા એ પુદ્ગલકર્મના પ્રદેશમાં એના ક્ષેત્રમાં પડ્યો છે. પોતાનું ક્ષેત્ર છોડી દીધું છે. સમજાણું કાંઈ? આવી ધર્મકથા કેવી? માંડ માંડ સમજાય. ઘણા જીવોને લાગુ પડે એવી હોવી જોઈએને? આ બધા જીવને લાગુ પડે એવી વાત છે આ. સત્ય તો સત્યપણે લાગુ પડે.

એ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ પ્રભુ એ વિકલ્પથી તદ્દન જુદી ચીજ. કેમકે વિકલ્પ છે, રાગ છે એ આસ્રવતત્ત્વ છે. કર્મ, શરીર અજીવતત્ત્વ છે એનાથી જ્ઞાયકભાવ તત્ત્વ તદ્દન ભિન્ન છે. એ વાત સાંભળવી એક જ સુલભ નથી. બાકી બધું સુલભ છે. પૈસા-બૈસા મળવા એ તો કાંઈ બધું સુલભ છે. આ એની પાસે બંગલા ઊભા રહ્યા. છ છોકરાઓ. છત્રીસ હજારની જમીન લીધી. બંગલા નાખશે કે નહિ? ત્રણ લાખના ત્રણ છોકરા માટે. પછી સૌ આવી ન શકે, વારફરતી (આવે). અડધા, અડધા અહીં આવે ને અડધા

ન્યાં ધંધો કરે. એઈ..! આ પોપટભાઈની વાત કરી. છત્રીસ હજારની જમીન લીધી છે હમણાં. છત્રીસ હજારની જમીન લીધી તો કાંઈક નાખશે તો ખરા કે નહિ બે-ત્રણ લાખ બંગલામાં? કોણ નાખશે? જમીન ક્યાં એની હતી? છોકરા ક્યાં એના હતા? છોકરા તો એના આત્માના આત્મા છે. આહા..હા..!

મુમુક્ષુ :-- કજિયો થાય એવું છે.

ઉત્તર :-- કજિયો મટાડે એવું આ છે. બેને એક માન્યા એ કજિયો ઊભો કર્યો છે એણે. હેં? ભાઈ! તું એકલો અનાદિઅનંત એકલો છો. રાગનો પણ સંબંધ નથી પછી પરનો સંબંધ તને કહેવો, પ્રભુ! તને કલંક છે. એ કલંકથી ખુશી થવું, મોટું કલંક છે. સમજાણું કાંઈ?

અહીં તો શુભ રાગ છે એને વશે, એને અહીં તો મિથ્યાષ્ટિ નપુંસક કહ્યો છે. અને એ તો મને લાભ કરે એ તો નપુંસકમાં નપુંસક મિથ્યાષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ? રચવું તો, સ્વરૂપનું રચવું તે વીર્યનું કાર્ય છે. આત્માનું બળ વીર્ય એ તો સ્વરૂપને રચે, રાગને રચે? વ્યવહારને રચે? આહા..હા..! ગજબ વાત છે! સમજાણું કાંઈ? કષાયની મંદતાના પરિણામને રચે એ વીર્ય નહિ, એ જીવ નહિ. સમજાણું કાંઈ? એ એનું વીર્ય નપુંસક છે, કહે છે. એની પ્રજા એણે ન ઉપજાવી અને ... રાગાદિ એને અંગારા જેવા એણે ઉપજાવ્યા. સમજાણું કાંઈ? એ રાગનો ભાવ બંધના સંબંધથી અબંધ ભગવાન તદ્દન ભિન્ન છે એ વાત એક જ સુલભ નથી, બાકી બધું જગતને સુલભ છે.

કહ્યું હતું, અધ્યાત્મ તરંગિણીમાં એમ આવે છે, તત્ત્વજ્ઞાન તરંગિણીમાં. જગતને પૈસા આદિ કે બધું બહારનું મળવું એ સુલભ છે. કેમકે અનંત વાર મળ્યું છે. એક રાગ વિનાની આત્માની ચીજ મળવી એ દુર્લભ છે. બીજી રીતે કહ્યું કે, પૈસા આદિ મળવા એ દુર્લભ છે. હેં? ફેરવ્યું. કેમકે એ પુણ્યને આધીન છે, તારે આધીન નથી. માટે પરચીજ મળવી એ દુર્લભ છે. સાંભળ્યું કે નહિ? નવનીતભાઈ! શું સાંભળ્યું આમાં? બે વાત કરી. પહેલા એમ કહ્યું કે, આત્મા સિવાય બીજું બધું મળવું, રાગ મળવું, પૈસા મળવા, બાયડી મળવી, પદ મળવું, દેવમાં મોટા ઈન્દ્રાસન મળવા એ બધા સુલભ છે. કેમકે અનંત વાર મળી ચુક્યા છે. બીજી વાર એમ કહ્યું કે, આત્મા સિવાય બીજી ચીજ મળવી દુર્લભ છે. કેમ? કે તારી આધીન નથી એ તો પૂર્વના પુણ્ય હોય એને આધીન આવે છે.

મુમુક્ષુ :-- બેમાંથી ક્યુ સાચું?

ઉત્તર :-- બેય સાચું છે, કહી હતી એ અપેક્ષાએ કીધું ઈ. કહો, સમજાણું કાંઈ? એ પૈસા-બૈસા કાંઈ તમારા પ્રયત્નથી આવતા નથી. પૂર્વના પરના રજકણો ધૂળ પડી હોય એ બળવાને તૈયાર થાય, ખરવાને ત્યારે ગોઠવાય જાય. ત્યાં સંચો આવ્યો એક જોરાવરનો અને

એક આવ્યો મુંબઈનો. એ ગોઠવાઈ ગયું છે. એમાં કાંઈ ચીમનભાઈએ ન્યાં કાંઈ કર્યું છે (એમ નથી).

મુમુક્ષુ :-- કાંઈક તો કર્યું હશેને.

ઉત્તર :-- મમતા કરી. ...ભાઈ! આ એક સુલભ નથી. આહા..હા..! એટલે કે દુર્લભ છું એમ થયુંને.

**'ટીકા :-- આ સમસ્ત જીવલોકને,...'** '**સવ્વ**' શબ્દ પડ્યો છે ખરોને. '**સવ્વસ્સ વિ**'નો અર્થ કાઢ્યો. '**સમસ્ત જીવલોકને...**' એટલે એકેન્દ્રિય પ્રાણી પૃથ્વીના, પાણીના, અગ્નિના, વાયુના, વનસ્પતિના, ત્રસના બધા જીવ. '**આ સમસ્ત જીવલોકને, કામભોગસંબંધી...**' એટલે રાગ અને રાગનું કરવું, ઇચ્છા અને ઇચ્છાનું ભોગવવું એવી સંબંધવાળી કથા. સમજાણું કાંઈ? ભારે આ તો ભાઈ. કામભોગ એટલે ભોગ ને એ અહીં વાત નથી. પરની સાથે ભોગ જે છે એ તો આત્મા લઈ શકતો નથી. એ તો જડની ક્રિયા એને આત્મા શું કરે? રાડ નાખે. અહીં તો એનામાં માની શકે છે એ વાત છે. પરની ક્રિયા કરું એ તો માને તોપણ કરી શકતો નથી. સમજાણું કાંઈ? ફક્ત શુભ ને અશુભ રાગ વિકલ્પની વૃત્તિ જે ઉઠે વાસના, એ વાસનાનું કરવું અને એ વાસનાનું ભોગવવું એ તો અનંત વાર સાંભળ્યું તેં. એકપણાથી વિરુદ્ધ હોવાથી, આહા..હા..! ભારે વાતું. આવો ધર્મ હશે વીતરાગનો? હેં? શું હા? ક્યાંય સાંભળ્યું હતું આવું?

આ બધા ખોટા? આ બધા કહેતા હશે ઈ. બધા પંડિતો મોટા. એ.. પોપટભાઈ! હેં? ઓલો કહેતો હતો ... ઘણી વાર આવે છે પણ આ ફેરી રોકાય ગયો પાંચ, સાત દિ'. પછી અંદર આવીને કહે, મહારાજ! આ બધા મોટા મોટા આચાર્યો.... બાપુ! સાચું, ખોટું તમે નિર્ણય કરો, આપણે કો'કનું શું કામ છે? જે આ ભગવાન વીતરાગ કહે છે એ પ્રમાણે કહે એ સાચો, એનાથી વિરુદ્ધ કહે ઈ ખોટો, લાખ વાતે અને અનંત વાતે ખોટો. પછી મોટો કરોડો માણસ એને માનતા હો, જેના પ્રવચનમાં કરોડો માણસો ભેગા થતાં હો એની સાથે શું સંબંધ છે? સમજાણું કાંઈ? જેને અહીંયા વિકલ્પ સાથે સંબંધ નથી એની સાથે સભા સાથે સંબંધ, એને લઈને એને મોટો માનવો સમજાણું કાંઈ? એવો તો કોઈ ન્યાય નથી.

કહે છે, અરે..! બધા જીવે. જીવલોકની અસ્તિ કીધી. બધા જીવે રાગ અને રાગને ભોગવવું એટલે કર્તા ને ભોક્તા અહીં સિદ્ધ ન કરતા, જીવનો અધિકાર છેને, એટલે જીવના સ્વભાવમાં રાગનો સંબંધ અને ભોગનો સંબંધ એમ જે માનવું એ કથા અને એ ભાવ આહા..હા..! એકપણાથી વિરુદ્ધ હોવાથી. ભગવાન ચિદાનંદ પ્રભુ એ જ્ઞાન અને આનંદનું ધામ જેમાં અનંત આનંદ ને સુખ વસે છે. એવા સુખના ધામને મૂકી અને રાગ અને પરમાં સુખ છે એવી

મતિ ઊભી કરવી '**એ એકપણાથી વિરુદ્ધ હોવાથી અત્યંત વિસંવાદી છે...**' અત્યંત જૂઠી છે એમ કહે છે. '**(આત્માનું અત્યંત બૂરું કરનારી છે)...**' આહા..હા..! સમજાણું કાંઈ? બહારમાં ... પાંચ-પચાસ લાખ રૂપિયા કરોડ, બે કરોડ, પાંચ કરોડ હોય. દુનિયા શું કહે? ભાઈ! લક્ષ્મી મળે એ ધર્મમાં વાપરશે તો ધર્મ થાશે.

મુમુક્ષુ :-- પૈસાવાળાથી ધર્મ ....

ઉત્તર :-- ધૂળેય નથી પૈસા, પૈસાવાળો છે કોણ? જડવાળો છે ઈ? પૈસા તો જડ છે માટી ધૂળ છે. એ ધૂળવાળો આત્મા? અહીં તો રાગવાળો આત્મા કહેવો એ કલંક છે. તારા આત્માને બૂરું કરનાર, ભૂંડું કરનાર છે કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ છ છોકરા ને એનું શું સમજવું ત્યારે પછી? વાત તો એમ છે.

મુમુક્ષુ :-- રાજીનામું આપી દેવું.

ઉત્તર :-- રાજીનામું નો આપે તોય રાજીનામું જ છે. આહા..હા..! પર તે પરના થઈને રહ્યા છે. કરો ન્યાય. પૈસા છે એ પૈસાના થઈને રહ્યા છે કે તારા થઈને રહ્યા છે? તારા થઈને રહે તો તો ચૈતન્ય થઈ જાય ઈ. એ તો જડના જડપણે થઈને રહ્યા છે. હવે બીજો છોકરાનો આત્મા અને બાયડીનો લ્યો. ઈ એનો આત્મા એના આત્માપણે થઈને રહ્યો છે કે તારા આત્માપણે થઈને રહ્યો છે?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- મિત્રતા કોની સાથે હોય? ધૂળમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વાતું એવી છે ભાઈ! અલકમલકની વાત, અગમ-નિગમની વાતું છે આ. એઈ..!

મુમુક્ષુ :-- યુક્તિસંગત છે.

ઉત્તર :-- યુક્તિસંગત છે? લ્યો, અમારે પંડિતજી યુક્તિસંગત છે એમ કહે છે પંડિતજી લ્યો. ન્યાયસંગત છે કે નહિ? એમ કહે છે.

ભગવાન આત્મા જ્ઞાન ને આનંદનો પ્રભુ પુંજ એને વિકૃત રાગ સાથે સંબંધ કહેવો, ગજબ વાત છે, વિરોધ બૂરું કરનારી છે તારી. તું વ્યભિચારી થયો હોં! આહા..હા..! સમજાણું કાંઈ? એકપણાની વિરુદ્ધ બેકલો તને માન્યો તેં રાગવાળો, પુણ્યવાળો. પરિણામ હોં! બહારની વાત તો ધૂળ ક્યાંય રહી ગઈ. આહા..હા..! અરે..રે..! જુઓને, વીસ-વીસ વર્ષના, પચ્ચીસ-પચ્ચીસ વર્ષના આમ હાલ્યા જાય છે. આહા..હા..! કોઈ શરણ છે? હેં? જ્યાં છે ત્યાં જોયું નહિ. ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ છે ત્યાં નજરું નાખી નહિ, જ્યાં નજરું નાખી ત્યાં એ નથી. એ નથી તો એને શરણ પણ નથી. આહા..હા..! ચીમનભાઈ! જુઓને તમારે ન્યાં કેટલા મરી જાય છે મુંબઈમાં તો. આ જુઓને પુનમભાઈ. પુનમભાઈ કેવો માણસ બિચારો. ફોટોગ્રાફી ૩૭ વર્ષની ઉંમર. અહીં બહુ આવતા બિચારા પ્રેમ ઘણો છેલ્લે ત્યાં મુંબઈમાં આવ્યા

હતા છેલ્લે પ્લેન ઉપર. મુંબઈનું શું કહેવાય ઈ? આલબમ એવું કંઈક કહેને તમારે? આલમબ એટલે ગુજરાતી શું એનું? પુસ્તક ક્યાં હતું. આલબમ દેવા આવ્યા હતા. નવનીતભાઈને અપાવ્યું હતુંને. ... ત્યાં દેવા આવ્યા હતા. એક સેકન્ડમાં. ઘરે જવા નીકળ્યો હતો ... ત્યાં ખટારો.. આમ ચેપો થઈ ગયો માથાનો. આમ સોટી લાંબી વણાઈ જાયને, એમ વણાઈ ગયો. ખટારાના બે ઓલા આવ્યા હતા. ફોટા લાવ્યા હતા અહીં. મણીકાંતે બતાવ્યા હતા. સાત-આઠ ફોટા હતા. ... લીધેલા, મરી ગયેલાના લીધેલા, ચેપાઈ ગયેલાના લીધેલા ફોટા, અમે જોયા. મોઢું આમ રહી ગયું અને આ ... આમ થઈ આમ લાંબી થઈ ગઈ. એક સેકંડમાં દેહ છૂટી ગયો. એ જ સમયે છુટવાનો કાળ હતો. ન્યાં ધ્યાન રાખે તો ન છૂટે એ વાતમાં એકેય માલ નથી. એ રીતે જ જે નિમિત્ત થતું તે નિમિત્ત અને ઉપાદાનની પર્યાય ત્યાં રહેવાની નહોતી. આહા..! ગજબ વાત છેને ભાઈ! સમજાણું કાંઈ? એમાં પરને તું રાખી શક અને સંભાળ કરી શક, એમ રહે મૂઢની માન્યતા એવી છે.

અહીં તો ભગવાન એમ કહે છે, ભગવાન આત્મા ચૈતન્યબિંબ અનાકુળ આનંદનો રસિયો, રસવાળું તત્ત્વ છે ઈ તો. આહા..હા..! જેમાં અતીન્દ્રિય આનંદ છે, જે આનંદની ગંધ ઈન્દ્રના ભોગમાં પણ નથી. રાગ ઝેરના પ્યાલા છે ઈ તો બધા. ભગવાન અમૃતના કુંડ સરોવર એની સાથે આ રાગની વાત, આચાર્ય કહે છે, અરે..રે..! એ અત્યંત વિસંવાદી છે હોં! આત્માનું અત્યંત બૂરું કરનારી છે. ખુશી થાય એને. અજ્ઞાની કહે કે, આ પુણ્ય કરો. પુણ્ય કરતાં કરતાં પવિત્રતા થાશે. લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવશે. હા. તું કેની હા પાડે છે? એ.. રાજેન્દ્ર! લસણના ઢોકળા નથી ખાતા? ઢોકળા. લસણ પાથર્યું હોય સરખું, સરખું. ઘી ને તેલ લઈને ગળા સુધી ગળસ્યું હોય. ઓ... શેનો ઓડકાર આવ્યો? કસ્તુરીનો. મુર્ખ લાગે છે. લસણના ઓડકારમાં કસ્તુરો ક્યાંથી આવ્યો?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ઈ તો જુદી વાત છે કસ્તુરી. ઈ તો પૈસા ઓલો ખર્ચી ન શકે એટલે એને એમ કીધું. કસ્તુરો ન્યાં ક્યાં હતો? કસ્તુરી હોય તોય એ જડ માટી, ધૂળ છે. સમજાણું કાંઈ?

અહીં તો રાગ પણ ધૂળ ને અચેતન છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! ભગવાન ચૈતન્યની જાતની ચીજ એને રાગ જે અચેતન છે હોં! એ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિનો વિકલ્પ એ અચેતન છે. એ એમાં જ્ઞાન સ્વભાવનો અંશ છે નહિ. આહા..હા..! અરે..રે..! ચેતનને અચેતનનો સંબંધ એવી વાત અને એવો ભાવ. **'અત્યંત વિસંવાદી છે (આત્માનું અત્યંત બૂરું કરનારી છે) તોપણ,...'** ભૂંડું કરનારી છે તોપણ. **'પૂર્વે અનંત વાર સાંભળવામાં આવી છે,...'** ભાઈ! તને એ વાતું તો ઘણી વાર મળી છે હોં! કેટલી

વાર? અનંત વાર. આહા..હા..! સમજાણું કાંઈ? **'પૂર્વે અનંત વાર સાંભળવામાં આવી છે, અનંત વાર પરિચયમાં આવી છે...'** એમાં પરિચય કર્યો છે એણે અનંત વાર હોં! સ્વરૂપ નિર્વિકલ્પ અને આનંદ છે. આત્માનું સ્વરૂપ નિર્વિકલ્પ ને અતીન્દ્રિય આનંદ છે. એને આ વિકલ્પનો રાગ ને દુઃખ દશા, એ વિકલ્પ છે એ દુઃખ છે. આહા..! એ દુઃખની વાત આત્માને દુઃખી કરનારી, ભૂંડું કરનારી છે કહે છે. કહો, છગનભાઈ! આવી વાત. આવો ધર્મ કેવો આ? આ વીતરાગનો ધર્મ હશે આ? કોઈ કહે સોનગઢવાળાએ નવો કાઢ્યો છે. એઈ..! નવો કાઢ્યો નથી ભગવાન! અનાદિનો જૂનો ધર્મ આ તારો છે. એ સમજાવવાની વાત જુદી, 'જુનો ધર્મ લે જાણી સંતો, જુનો ધર્મ લે જાણી.' એ ભજન આવે છે હોં! એને ક્યાં ખબર છે. એને જૂનો એટલે અનાદિનું તત્ત્વ છેને ... જુનો એટલે ભગવાન આત્મા અનાદિનો સચ્ચિદાનંદ પ્રભુ એની એકતા કરવી એ ધર્મ અને એ ધર્મકથા કહેવામાં આવે છે. અને એમાં રાગથી લાભ થાય એ વિકથા છે. ઉપદેશક રાગથી લાભ મનાવે એ વિકથા કરે છે એમ કહે છે. એ.. રાજેન્દ્ર! સમજાણું કે નહિ? ઓલા રસ પડ્યો છે દવાખાનામાં ન્યાં રસ કેમ થાય છે? અને અહીં જરીક (સૂક્ષ્મ આવે તો કહે), સમજાતું નથી. દરકાર નથી એટલી. ઓલા રળવામાં દરકાર છે એટલી. બરાબર છેને ભાઈ?

મુમુક્ષુ :-- ...બરકત લાભ આપે છે.

ઉત્તર :-- ધૂળેય લાભ નથી. પકડાતું નથી એમ તો કહેતો હતો. અહીં સમજીએ ત્યારે તો સમજાયય છે. પણ આમ પોતાની મેળે વાંચીએ તો એમાં કાંઈ (સમજાય નહિ). નહિ? આહા..હા..! જેનો જેને રસ એમાં એની દઢતા થયા વિના રહે નહિ. આહા..! જેની જેને જરૂરિયાત જણાય તેમાં પુરુષાર્થ ગતિ કર્યા વિના રહે નહિ. સિદ્ધાંત તો બરાબર છે કે નહિ? એમાં કાંઈ ના પડાય એવું નથી કાંઈ. આહા..હા..!

કહે છે, આચાર્યે પણ જગતને ... આપ્યું છેને. આહા..હા..! સમયસાર ભેટણું આપ્યું હોં! કહે છેને, સમયસારરૂપી મહાપર્વત ઉપાડ્યો કુંદકુંદાચાર્યે. આત્માની પર્યાયમાં હોં! સમયસારરૂપી મોટો પર્વત ઉપાડ્યો ભગવાન કુંદકુંદાચાર્યે, જગતને ભેટણું આપ્યું. ભાઈ! આ તું લે, આ સમજ તું અને આને તું પચાવ. સમજાણું કાંઈ? પૂર્વે અનંત વાર સાંભળવામાં આવી ગઈ વાત, ઈ તો વિકથા છે કહે છે. એ.. છગનભાઈ! જે ઉપદેશમાં ઉપદેશક પુણ્ય પરિણામથી લાભ બતાવે, પુણ્ય પરિણામને કારણ બતાવે ધર્મમાં એ ઉપદેશ ધર્મ કથા નહિ પણ અધર્મ કથા છે. હાલો સાંભળવા જઈએ. એ.. કપુરભાઈ! શું? વિકથા, પાપ કથા.

દેડકા નાના મંડુક, ઈ ભગવાનના સમવસરણમાં સાંભળે. તીર્થંકરદેવ એને સાંભળે પણ એ એમ સાંભળ્યું એણે ઓહો..! ભગવાન એમ કહે છે કે, અમારી સામું જોવામાં તને રાગ થાય છે અને રાગથી તને લાભ નથી, તું રાગથી નિરાળો છો. જે તારામાં નથી તેનાથી

તને લાભ થાય એમ ન હોય. એમ દેડકા અંદરમાં સમજી ગયા. સમજાણું કાંઈ? ધર્મ કથા હતી. આહા..! ભારે આકરું કામ. જગતને પુણ્યના ભાવ ને પુણ્યના ફળની મીઠાશ ગળે વળગી હોય. હેં? ધરમચંદભાઈ! આહા..હા..! એક તો પુણ્યનો ભાવ કો'ક દિ' થાય, એને ગળે વળગે. આહા..હા..! પુણ્ય કર્યા. શું થયું? એમાં ધર્મ થયો. હળવે હળવે થાશે. ધૂળેય નહિ થાય સાંભળને! ધૂળેય નહિ થાય એટલે? દૃષ્ટિ ખોટી ત્યાં સારા પુણ્ય પણ નહિ બંધાય. સમજાણું કાંઈ? ભારે વીતરાગ માર્ગ. તીર્થંકરનો વીતરાગ માર્ગ છે. વીતરાગમાં રાગથી વીતરાગતા આવે એ કથા અત્યંત ભૂંડું કરનારી છે. પણ જગત એને હોંશથી સાંભળે છે. હેં? આહા..હા..! માણસ ભેગા થાય, લાખો માણસો આવે. ચાલીશ ચાલીશ હજાર સાંભળે. પણ કીડીના નગરા ઘણા હોય એથી કાંઈ કીડીઓ માણસ થઈ જાય? સમજાણું કાંઈ? એમ ઘણા માણસો સાંભળે છે. પણ સાંભળવામાં શું સાંભળે છે? છગનભાઈ! હેં?

મુમુક્ષુ :-- છે સાંભળ્યું છે ઈ.

ઉત્તર :-- ઈનું ઈ, તો ઈ તો ઈની ઈ વિકથા અધર્મ કથા છે. રાગથી ધર્મ થાય એ કથા અધર્મ કથા છે. એ વીતરાગની કથા નહિ. આવો માર્ગ છે ભાઈ! સમજાણું કાંઈ? બહુ આકરું. જગતને સત્ય મળવું જ કઠણ છે. એવી વાત સાંભળવી જ સુલભ નથી કહે છે, એમ કહ્યુંને પહેલું તો. એનો અર્થ કે ભાવ સુલભ નથી. બૂરું હોવા છતાં, ભૂંડું કરનારી હોવા છતાં, પૂર્વે અનંત વાર સાંભળવામાં આવી. અરે..! **'અનંત વાર પરિચયમાં આવી છે...'** એ રાગનો પરિચય અનંત વાર કર્યો છે. સંબંધ વિનાની ચીજનો સંબંધ કર્યો છે. જે રાગનો સંબંધ જીવને નથી. આહા..હા..! **'અને અનંત વાર અનુભવમાં પણ આવી ચૂકી છે.'** ત્રણે શબ્દ આવી ગયા--શ્રુત, પરિચિત, અનુભૂતા.

**'કેવો છે જીવલોક?'** ઓલું કીધુંને, સમસ્ત જીવલોક માથે પહેલી લીટીમાં. **'કેવો છે જીવલોક? જે સંસારરૂપી ચક્રના મધ્યમાં સ્થિત છે,...'** આહા..હા..! બે ઘંટીના પડમાં જેમ ઘઉં પીસાય. ઘંટી સમજતે હૈ? ચક્કી, ચક્કી ચક્કી. બે ઘંટીના પડમાં અંદર વચમા હોય ઈ રહી જાય. લોટ (થઈ જાય). એમ સંસારરૂપી ચક્ર, પુણ્ય અને પાપના ચક્રના મધ્યમાં સ્થિત છે એ તો. આત્મામાં (સ્થિત) નથી. સંસારરૂપી ચક્રના મધ્યમાં. ભવ ભવ છેને. નામકર્મનો ઉદય અને આયુષ્યનો ઉદય છે એની એ સ્થિતિ એને અહીંયાં સંસાર ને ભવ કહે છે. એવા સંસારરૂપી ચક્રના મધ્યમાં, કાંઠે નહિ. બરાબર મધ્યમાં પડ્યો છે અંદર. આહા..હા..! દરિયાના મધ્યમાં સ્થિત છે. એ રાગ અને પુણ્યના પરિણામમાં સ્થિત છે. એ સંસારમાં સ્થિત છે. સમજાણું કાંઈ?

**'નિરંતરપણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ અનંત પરાવર્તોને લીધે જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે,...'** આહા..હા..! માણસ ચકરાવો ખાયને આમ તો એની ગતિ જ

એવી આમ આમ ફર્યા કરે એવી જ ગતિ હોય એમાં. સમજાણું કાંઈ? શ્રીમદ્દે કહ્યુંને? સંસાર... 'તોયે અરે ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો' આ ભવચક્ર. શ્રીમદ્ તો નાની ઉમરમાંથી..

મુમુક્ષુ :-- બહુ પુણ્ય કેરા પુંજથી...

ઉત્તર :-- હા, બહુ પુણ્ય કેરા.. 'તોયે અરે ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો'. કેમકે આને આમ ચકરાવામાં વેગમાં જ હાલ્યો જાય છે. અને વેગમાં ઊભો રહે તો પડી જ જાય. ગુલાંટ ખા એકવાર આમ. આમ ફરતો હોય એમાંથી આમ એકવાર કરે તો ઊભો રહી જાય. આમ ફરતો હોય, આમ ફરતા ફરતા જ ઊભો રહે (તો) નહિ ઊભો રહી શકે. વેગ છેને આમ. ચકરાવો છે તો પડી જશે ફટ. એમ અનાદિથી પુણ્ય ને પાપના વિકલ્પના વેગમાં પડ્યો, મધ્યના ચકરાવામાં પડ્યો છો કહે છે.

નિરંતર દ્રવ્ય (અર્થાત્) આ જગતના પરમાણુઓ એનો સંબંધ તને અનંત વાર થયો. સમજાણું? એનું પરાવર્તન, પરાવર્તનનું ભ્રમણ. આહા..હા..! એંઠું. અનંત વાર આવા શરીર, લક્ષ્મી, ... પરમાણુ એનો તને સંબંધ અનંત વાર થઈ ગયો છે. એ દ્રવ્યપરાવર્તન કહેવાય. દ્રવ્ય એટલે સંયોગી ચીજનું અંદર પલટવું એમાં તું અનંત વાર આવી ગયો છો. **'ક્ષેત્ર...'** આ ચૌદ રાજુલોક એના એક એક પ્રદેશે અનંત વાર પરાવર્તન પરિભ્રમણ તને થઈ ગયું છે. સમજાણું કાંઈ? ચૌદ રાજુલોક ચૌદ બ્રહ્માંડમાં એક પ્રદેશ ખાલી નથી જ્યાં અનંત વાર જન્મ્યો અને મર્યો ન હોય. અહીં તો જેને ભ્રમણ આવું પ્રાપ્ત થયું એમ કહે છે. વેગ જ પ્રાપ્ત થયો છે, **'દ્રવ્ય, ક્ષેત્ર, કાળ,...'** સમય સમયમાં એક અવસર્પિણી કાળ લ્યો. એના એક સમયમાં અનંત વાર જન્મ્યો મર્યો. એવી અનંતી અવસર્પિણીમાં અનંત વાર જન્મ્યો ને મર્યો. આહા..હા..!

**'ભવ,...'** આ ભવ. નામકર્મને લઈને ગતિ મળવી અને આયુષ્યને લઈને ત્યાં રહેવું, રોકાવું એવો ભવ એનો તને વેગ ચડ્યો છે કહે છે. ભવનું ભ્રમણ તને પ્રાપ્ત થયું છે. **'અને ભાવરૂપ...'** અને શુભ-અશુભભાવ એ, **'અનંત પરાવર્તોને લીધે જેને ભ્રમણ...'** શુભ ને અશુભ, શુભ ને અશુભ ચક્ર. આહા..હા..! સમજાણું કાંઈ? અનંત વાર શુભભાવ અને અનંત વાર અશુભ (ભાવ થયા). એ નવમી ગ્રૈવેયક ગયો એવો શુભભાવ અનંત વાર થઈ ગયો તને કહે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, મુનિવ્રત ધાર અનંત બૈરે ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન, સુખ લેશ ન પાયો'. એ મહાવ્રત પાળ્યા, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા, નગ્ન રહ્યો અનંત વાર પણ રાગથી ભિન્ન આત્માનું અંદર જ્ઞાન કર્યું નહિ. એથી એવા શુભાશુભભાવમાં અનંત વાર આવી ગયો છે. એ કાંઈ નવી ચીજ નથી. આહા..હા..! પંચ મહાવ્રત પાળવા ને અઠ્યાવીસ મૂળગુણ મુનિને પાળવા ને, કહે છે એવા ભાવ તો તને અનંત વાર આવી ગયા છે એમ કહે છે. એઈ..!

ઓલા પાછા કહે છેને, છોડી તો જુઓ. શું છોડે પણ? સાંભળને. એમ કે એક વાર નગ્ન થાવ, સહન તો કરો બહારની વાત. હવે એવા કોણ નગ્ન, કોણે સહન... સાંભળને. ઘાણીમાં પીલાઈને મરી ગયો અનંત વાર, એમાં શું છે પણ? આહા..હા..!

કહે છે કે, નિરંતરપણે રજકણો અને બીજા આત્માના સંબંધમાં અનંતવાર આવ્યો, ક્ષેત્રમાં આવ્યો, કાળ ને ભવ ને ભાવ અનંત પરાવર્તનને લીધે જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે. આહા..હા..! હવે કહે છે એને મોટું મિથ્યાત્વરૂપી ભૂતડું વળગ્યું છે. મોહરૂપી પિશાચ વળગ્યું છે એને. એની વિશેષ વાત કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૧૦, શનિવાર, તા. ૨૭-૧૧-૧૯૭૧
## ગાથા-૪, પ્રવચન-૨૨

સમયસાર જથી ગાથા. કામભોગની કથા અનંત વાર સાંભળી છે એમ કહ્યું. એટલે શું? ભાવાર્થમાં છે. કામ--વિષયોની ઇચ્છા અને એનું ભોગવવું. મૂળ તો અસ્તિત્વ આત્માના અસ્તિત્વમાં, જીવ-અજીવ અધિકાર છેને એટલે આત્માના હોવાપણામાં જ્ઞાન, દર્શન ને આનંદ એના હોવાપણામાં છે. એ તો એનું જીવનું જીવપણું છે. સમજાય છે કાંઈ? આત્મા એ વસ્તુ અને આત્માપણું એના જ્ઞાન, દર્શન, આનંદ એ તો એનું સ્વરૂપ એનું સત્ત્વ, એનો ભાવ એ તો એનામાં છે. એમાં રાગની ઇચ્છા અને એનું ભોગવવું એ આત્માના મૂળ સ્વભાવમાં હયાતીમાં એ નથી. સમજાણું કાંઈ? ચાહે તો ઇચ્છા ગમે તે પ્રકારની હો, પણ એ ઇચ્છાનું અસ્તિત્વ ચૈતન્યમાં નથી. કેમકે ઇચ્છા એ અજીવતત્ત્વ છે. જીવ-અજીવ અધિકાર ચાલે છેને. એ ઇચ્છા એ અજીવતત્ત્વ છે, એ અજીવનું અસ્તિત્વ છે. જીવનું અસ્તિત્વ, જીવની હયાતી એમાં નથી. સમજાણું કાંઈ? તેમ એ રાગ અને રાગનું ભોગવવું, પાંચ ઇન્દ્રિયોના વિષયો તરફનું વલણ અણીન્દ્રિય ભગવાન આત્માનો ચૈતન્ય જીવ સ્વભાવ એને ભૂલીને પાંચ ઇન્દ્રિયના વિષય તરફનું વલણ, ઢલણ એવી જે ઇચ્છા અને એ ઇચ્છાનું ભોગવવું. વિષયો કંઈ પરને

ભોગવતો નથી આત્મા. સમજાય છે કાંઈ?

પરને, શરીરને, વાણીને, પૈસાને ભોગવતો નથી અથવા એની પર્યાયના અસ્તિત્વમાં એ નથી. એની પર્યાયમાં માને છે કે, આ રાગ અને રાગનું ભોગવવું એ મારામાં છે. એવી એની માન્યતા છે. સમજાણું કાંઈ? એથી રાગ એટલે કામ એટલે ઈચ્છા અને ભોગ એટલે એનું ભોગવવું અથવા ઈચ્છાનું થવું અને ઈચ્છાનું ભોગવવું એ વાસ્તિવક જીવના દ્રવ્ય અને ગુણ ને પર્યાયમાં એ છે જ નહિ. સમજાણું કાંઈ? જીવની પર્યાયમાં એ અજીવતત્ત્વ કેમ હોય? આહા..! એ રાગ અને ચાહે તો ભગવાન પ્રત્યેની ભક્તિ કે સ્ત્રી પ્રત્યેનો રાગ, સમજાય છે કાંઈ? એ પર તરફના વલણવાળી વૃત્તિ છે એ સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ?

એને આવી વાત કે, મારામાં છે રાગ અને રાગ થવો જોઈએ અને રાગનું આચરણ પણ મારે કરવું જોઈએ અને રાગને ભોગવવો જોઈએ. એવી વાત એણે અનંત કાળમાં અનંત વાર સાંભળી છે. આહા..! સમજાણું કાંઈ? અનંત વાર... જો કે, એકપણાથી વિરુદ્ધ હોવાથી. ભગવાન આત્મા રાગથી પૃથક સ્વભાવની એકતાવાળું, સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રના પરિણમનવાળું જે એકત્વ તત્ત્વ છે એમાં આ રાગની ઈચ્છા અને એનું ભોગવવું વિરોધ અત્યંત વિસંવાદી છે. અસત્પણું ઊભું થયું છે. સમજાણું કાંઈ?

આ વ્યવહાર, વ્યવહાર જેને કરે છેને એ રાગની, વિકલ્પની દશા એ બધું આત્મામાં છે અને આત્માનું છે એવો જે ભાવ એ અત્યંત ભૂંડો છે. સમજાણું કાંઈ? બાયડી, છોકરા, પૈસો, ધંધો તો ક્યાંય બહાર રહી ગયો. એ તો એની પર્યાયમાં માને તોપણ એ આવતો નથી. આ માને તો થાય છે. રાગ હું છું, વિભાવ હું છું. એ મારી ચીજ નથી એમ એણે જાણ્યું નથી. એ મારી ચીજ જ છે ઈ. એવા ભાવની વાર્તા અથવા ભાવ ભૂંડું કરનાર છે. તોપણ એવું ભૂંડું કરનાર અનંત વાર સાંભળ્યું, અનંત વાર પરિચયમાં આવ્યું, અનંત વાર અનુભવમાં આવી ચૂક્યું છે. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક ગયા જીવો દિગંબર સાધુ થઈને એણે આવું અનંત વાર કર્યું છે કહે છે. સમજાણું કાંઈ?

'**કેવો છે જીવલોક? જે સંસારરૂપી ચક્રના મધ્યમાં સ્થિત છે,...**' ઘંટીના બે પડના મધ્યમાં પીસાય છે. શુભ અને અશુભભાવ એવું જે શુભ-અશુભ કર્મ એના મધ્યમાં અનાદિથી પીસાઈ રહ્યો છે. સમજાણું કાંઈ? મધ્યમાં સ્થિત છે. આહા..! '**નિરંતરપણે દ્રવ્ય,...**'ના સંયોગમાં અનંત વાર આની ગયો છે, પરના ક્ષેત્રમાં એના જન્મ-મરણ અનંત વાર થયા છે, કાળના સમયના અસંખ્ય ભેદ પડે એમાં સમય સમયમાં અનંત વાર તે કાળના પરિચયમાં આવી ગયો છે અને ભવ, ભવ એટલે કે નામકર્મના ઉદયથી મળતી ગતિ અને આયુષ્યથી રહેતી એમાં સ્થિતિ એવો ભવ પણ એને અનંત વાર આવી ચૂક્યો છે. એવા ભવના પલટા પરાવર્તન અનંત વાર કર્યા છે. સમજાણું કાંઈ? ભાવ. અને શુભ-અશુભભાવ.

એવા અનંતા પરાવર્તન થઈ જાય એના. આહા..હા..!

સમસ્ત લોક કીધો છેને? સમસ્ત લોકમાં એકેન્દ્રિય આવ્યા, નિગોદના જીવ બટાટા, શકરકંદ એ બધા એ ભાવના, શુભ-અશુભભાવના ચક્રમાં અનંતવાર આવી ગયા છે. સમજાણું કાંઈ? સમસ્ત લોક કીધો છેને? એ ભાવના **'અનંત પરાવર્તોને લીધે...'** શુભભાવ તો એકેન્દ્રિય નિગોદ જે કોઈ દિ' ઈયળ થયો નથી અને થવાનાય નથી હજી કેટલાક એવા જીવ છે, એને પણ શુભ-અશુભભાવ તો અનંત વાર થઈ ચૂક્યા છે. સમજાણું કાંઈ? એને લઈને એનું ભ્રમણ, ભ્રમણ વધી ગયું. ગતિ એ બાજુ જ ગઈ છે કહે છે. સમજાણું કાંઈ?

**'સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્યથી વશ કરનાર...'** સમજાણું કાંઈ? સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્ય. **'મોટું મોહરૂપી ભૂત...'** મિથ્યાત્વરૂપી ભૂતડું. આહા..! એ પુણ્યના પરિણામ ને પાપના પરિણામ મારા એવા જે જીવમાં નથી તેને પોતાના માનવા એ માન્યતારૂપી ભૂતડું એને અનાદિથી વળગ્યું છે. એકછત્ર રાજ. રાજમાં એનો સિક્કો ચાલે કે નહિ? એનો સિક્કો ચાલેને? એમ સંસારમાં મિથ્યાત્વનો સિક્કો ચાલે છે કહે છે. આહા..! મોટા માંધાતા સાધુ થઈને ફરે બહારથી એને પણ અંદર રાગની એકતાબુદ્ધિ અને રાગ કરું અથવા રાગનું હોવાપણું મારામાં છે એવી માન્યતાનું ભૂતડું એને વળગ્યું છે કહે છે. પંડિતજી! ભારે વાતું ભાઈ!

**'સમસ્ત વિશ્વને...'** એકેન્દ્રિયથી માંડી અને નવમી ગ્રૈવેયકનો ગયેલો દિગંબર સાધુ અનંત વાર ગયો પણ એને મિથ્યાત્વનું ભૂતડું વળગ્યું છે. એ રાગની ક્રિયા કરું તો મારી ચીજ છે અને મારી ફરજ છે એવું મિથ્યાત્વનું ભૂતડું એને વળગ્યું છે. સમજાણું કાંઈ? **'મોહરૂપી ભૂત જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે,...'** એ વિપરીત માન્યતા સ્વરૂપમાં નથી એ ચીજ મારી એવી જે માન્યતા બળદની જેમ ભાર વહેવડાવે છે. કહો, ચીમનભાઈ! આ સંચા કરું, હું કરી શકું, એનો ભાવ હું કરી શકું, એ ભાવ મારા અસ્તિત્વમાં છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વરૂપી ભૂતડે રાગ-દ્વેષના બળદમાં જોડી દીધો છે એને, ઘાણીએ જોડી દીધો. આહા..! કાંઈક કાંઈક રાગ કરે, કાંઈક દ્વેષ કરે, કાંઈક શુભ રાગ ને કોઈક અશુભ રાગ (કરે). શુભ રાગમાં અસંખ્ય પ્રકાર. ભ્રમણામાં ચડી ગયેલો સ્વભાવથી વિપરીત માન્યતાના ભૂતમાં વળગેલો, ભૂત વળગ્યું છે કહે છે એને. આ ધંધો કરું, આ કરું ને આ કરું ને, આ ભણું ને અહીંથી થશે ને અહીંથી થશે. ભૂતડું વળગ્યું છે કહે છે. એ.. ભીખાભાઈ! ભારે વાત.

પોતે જ્ઞાતા-દૃષ્ટા હોવા છતાં પણ એને એટલા એવા અસ્તિત્વને નહિ સ્વીકારનાર એનામાં નથી એવા પુણ્યના વિકલ્પને સ્વીકારીને, હવે આ કરું... આ કરું... આ કરું... આ બનાવું આમાંથી સ્થિત થાય, આમાંથી સારો દેખાઉં. ધર્મને બહાને પણ રાગને કરીને કાંઈક ક્રિયાવાળો છું, ક્રિયા કરે છે. આ લોકો કહે છેને, પરખવાનું સાધન તો એની ક્રિયા છે. એ ક્રિયા સારી કરતો હોય એ કોઈ ધર્મનો કરનાર કહેવાય. કહો, સમજાણું કાંઈ?

કહે છે, મોહરૂપી ભૂત પીશાચ, પીશાચ વળગે એને પછી ચાળાના બાકી હોય? ભૂતડું વળગ્યું હોય તો ચાળા બાકી હોય? એમ હું ચૈતન્ય એક અસ્તિત્વ જ્ઞાતા-દૃષ્ટાથી ભરેલો પદાર્થ એવા હોવાપણાનો જ્યાં સ્વીકારનો અભાવ (છે) અને એના વિના પુણ્ય ને પાપના રાગના સ્વીકારમાં જોડાઈ ગયો એથી, **'એ બળદની જેમ ભાર વહેવડાવે છે,...'** કહો, ધીરૂભાઈ! સાંજે રોટલાય ખાવા નવ વાગે આવે ગામમાં. આ તો દાખલો. એક નહિ એવા બીજા ઘણા લાખો છેને, હેં? લાખો છે. આહા..હા..! સુરતથી મુંબઈ જાય. .. છેને? શું કહે છે ઈ? રેલ રેલ. સવારથી જાય તો નવ વાગે ન્યાં પોગે, સાંજે ન્યાંથી આવે. સુરતના રહેવાસી મુંબઈ જાય. ભૂતડે પણ (વળગાડ્યો છેને). ક્રિયાની વાત અહીં નથી. પણ એનો રાગ એને એવો મિથ્યાત્વભાવ એને રાગમાં જોડી દ્યે છે. આવું પણ કરવું પડે, આવું પણ કરવું પડે. આહા..હા..! ધર્મને બહાને પણ આવા મોટા મહોત્સવ કરવા ને આ કરવું એવું એને રાગમાં જોડાઈ જવાની વૃત્તિ થઈ જાય છે. સમજાણું કાંઈ? અને એ દ્વારા જાણે હું કાંઈક આગળ વધેલો છું એમ અજ્ઞાની પોતાને માને ને બીજા પાસે મનાવે છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! ભારે કામ. માંડ વધ્યા ... ત્યાં કહે છે કે આ ભૂતડું વળગ્યું છે. કાંઈક થયા સારા, ઘરમાં કુટુંબમાં દેખાવડા જેવા થયા કાંઈક. એ.. ચંદુભાઈ! આ બેય વેવાય બેઠા છેને. આહા..! આ તો દાખલો છે હોં! અહીં તો વિશ્વ આખું લીધું છેને.

જેને હું જ્ઞાન ને આનંદ છું. મારામાં રાગનો કણ નથી, એ તો અજીવ તત્ત્વ છે. આહા..હા..! ભગવાનની ભક્તિનો ભાવ એ રાગ અજીવતત્ત્વ છે. એ અજીવતત્ત્વનું આચરણ મારે જોઈએ એમ માનનાર મિથ્યાત્વના ભૂતડે બળદની જેમ ભાર વહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મહિના મહિનાના અપવાસ (કરે), એ બિચારા શરીર જીર્ણ થઈ જાય અને ખેદ.. ખેદ.. ખેદ. મરે એમાં પાછા. મહિનો પૂરો ન થાય ત્યાં તો ... સમજાણું કાંઈ? ગતિ આમ ગઈ છેને ભ્રમણમાં એમ કહે છે. વેગ ચડ્યો છે એને. આ તો વેગ વિનાની ચીજ છે. ઠરવું, જ્ઞાન, દર્શન ને ઠરવું એ ચીજ છે. સમજાણું કાંઈ? આહા..!

જેને એકછત્ર રાજ્ય. મિથ્યાત્વનું જ રાજ ચાલે છે બધે. એમાં ક્યાંય બીજો ભંગ પાડે એવું છે નહિ. આહા..હા..! ગજબ વાત છે. મહંતોને પાડ્યા છે કહે છે મિથ્યાત્વે. અમે ત્યાગી છીએ, અમે આમ ભોગ ત્યાગી છીએ, બાયડી છોડી છે, છોકરા છોડ્યા છે એ પણ એક મિથ્યાત્વનું ભૂતડું છે. સમજાણું કાંઈ? આહા..! યશ માટે, આબરૂ માટે, દુનિયામાં સારો દેખાવા માટે, સારો કોઈ કહે એને માટે મિથ્યાદૃષ્ટિ રાગમાં જોડાયેલ બળદની જેમ ભાર વહે છે, કહે છે. સમજાણું કાંઈ? કહો, સમજાણું? આ પુસ્તક લખીને હું બહાર પાડું, મને જાણપણું છે એમ લોકો માને. એ મિથ્યાત્વ ભૂતડે આ રાગ કરાવ્યો છે એને. એ પંડિતજી! પછી જાતમાં ફેર ભલે હો પણ વસ્તુ એક જાત છે. એકછત્ર રાજ્ય. બીજો ભાગ નહિ

કહે છે. આખી દુનિયાને મિથ્યાત્વે વશ કરી લીધું છે. ભોગીથી માંડીને ત્યાગી, નરકથી માંડીને નિગોદ, નવમી ગ્રૈવેયક. નિગોદ, નવ ગ્રૈવેયક ને નરક. સમજાણું કાંઈ? અને નવમી ગ્રૈવેયકના જનારા, રાગની ક્રિયાના કરનારા, મિથ્યાત્વરૂપી ભૂતડે એને રાગ ક્રિયા કરાવી છે. સમજાણું કાંઈ? અને કાંઈક રાગ કરશું તો કાંઈક મળશે, સુખ મળશે સ્વર્ગના અને સુખી હશું તો ભગવાન પાસે જવાશે. દુઃખી નારકી આવી શકે છે? નરકમાં નારકી છે એ આવી શકે ભગવાન પાસે? પાપના ઉદયવાળા આવી શકે? પુણ્ય કર્યા હશે તો સાધન સરખા હશે તો ભગવાન પાસે જવાશે. ભૂતડે--મિથ્યાત્વ ભૂતડે રાગમાં જોડીને આ કામ કરાવ્યા બધા કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! તદ્દન નિવૃત્તસ્વરૂપ ભગવાન એને રાગની પ્રવૃત્તિમાં જોડી દીધો છે. અને એમાં વિહામો લીધા વિના રાગના આચરણમાં ખૂંચી ગયો કહે છે. સમજાણું કાંઈ? આવું એક, બે દિ' સાંભળે તો બરાબર પકડાય એવું નથી.

મુમુક્ષુ :-- કેટલા દિ' સાંભળવું?

ઉત્તર :-- કેટલા દિ'નું પ્રમાણ ન હોય. કેટલા દિ'નું પ્રમાણ કરી બરવાળાથી ગયા હતા ન્યાં? હેં? કે આટલા વર્ષ રહેવું એમ કરીને ગયા હતા? બે-ચાર લાખ રૂપિયા થયા તોય હખ આવે છે હજી? ન્યાં પ્રમાણ બાંધે છે કે આટલા એક લાખ થાય કે બે લાખ થાય કે પાંચ લાખ થાય પછી મારે રહેવું જ નથી ત્યાં. એ.. ચીમનભાઈ! એમાં એનું પ્રમાણ ન હોય. એને શ્રવણ કરીને વારંવાર એને રુચિમાં લાવવું જોઈએ. કંટાળો ન આવવો જોઈએ ચૈતન્યને સાંભળતા એમ કહે છે. વારંવાર ઓહો..! એ ભગવાન રાગની ક્રિયાના પરિણામથી ભિન્ન છે. એ તો જગતનો જે કાંઈ થાય તેનો સાક્ષી છે. એમાં જોડાઈ જાય એવું એનું સ્વરૂપ છે નહિ. એકછત્ર સમસ્ત વિશ્વને રાજનો શું કહેવાય એ? સિક્કો, એ સિક્કો ક્યાંય ના જ ન પાડે એના રાજમાં. હેં? આ કોઈક ઠેકાણે ... કાંઈક બીજું હોય, ઘણા પ્રકાર હોય છેને? વિલાયતનું શું કહેવાય? પાઉન્ડ ને શિલિંગ. એ બધું ચાલે બધે. એમ આ મિથ્યાત્વનું ભૂતડુ બધે ચાલે છે કહે છે. સમજાણું કાંઈ?

નગ્ન સાધુ થાય, હજારો રાણી છોડે એને એમ થઈ ગયું કે, આહા..હા..! અમે તો ઘણું છોડ્યું હોં! અમે ઘણો ત્યાગ કર્યો અમે. શેનો? સ્વભાવનો ત્યાગ કર્યો છે બાપા! આ મેં ત્યાગ કર્યો એ અભિમાન જ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આ છેવટે શાસ્ત્રના ભણતરના ભાવ આવ્યા અંદર. મિથ્યાત્વને ભૂતડે ત્યાં વળગાળી દીધો (કે) ખૂબ જાણપણું થાય તો આપણે આગળ વધીએ અને દુનિયામાં મોટી પદવી આવે. આ તમારે આવે છેને પદવી શું કહેવાય સંસારની? ડીગ્રીઓ, એમ ધર્મની ડિગ્રી આવે. આચાર્ય, ઉપાધ્યાય, ગણી, પ્રજ્ઞા, શ્રમણ. અરે..! ભગવાન શું કરવું છે તારે? એ.. ચેતનજી! આ સાચી વાત હશે આ? આહા..!

રાગના વિકલ્પને પોતાનો માનીને જોડાણો છે એવું જે મિથ્યાત્વ એને જોડાવામાં જ

જોડી દ્યે છે. ક્યાંય એનાથી પાછું વળવું એવું એને રહેતું નથી. આહા..હા..! અશુભમાં તો ત્યાં, આગળ જતાં શુભમાં તો ત્યાં (જોડાઈ જાય). બધી જાત તો એક જ છે. સમજાણું કાંઈ? આહા..! પૂજા ભણાવતા આવડે, .. નિશાળ હોય અને પાંચ, દસ, પચાસ હજાર, લાખ માણસ હોય એની સામે બોલે. આહા..હા..! એને (એમ થાય કે) કેવડો મોટો થઈ ગયો, જુઓ આ બધા (સાંભળે છે). એ બધા મિથ્યાત્વના અભિમાન છે. અહીં તો અભિમાનથી શું કહેવું છે? કે એમાં અહંપણું છે, એમ. રાગમાં અહંપણું છે. સમજાણું કાંઈ? પોતે ત્યાં છે અને એનાથી મને લાભ થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સમસ્ત વિશ્વને...'** આખી દુનિયાને **'એકછત્ર રાજ્યથી...'** જેમાં ભંગ જ પડ્યો નથી કહે છે. આહા..હા..! સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગનો કણ એ હું છું, એ મિથ્યાત્વે રાગના કર્તવ્યમાં જોડી દીધો છે. અજીવમાં એનું જોડાણ થઈ ગયું છે. રાગનું જોડાણ એ અજીવનું જોડાણ છે. જેમાં જીવનો અભાવ છે અને જે અજીવ છે, જીવમાં નથી છતાં એને ભાવ તરીકે માની (જોડાઈ ગયો છે). આહા..! ગજબ વાત છે! જેને લોકો વ્યવહારરત્નત્રય કહે છેને, એ રાગ છે, શુભોપયોગ. અને એમાં એકાગ્ર થયો છે એ મિથ્યાત્વભાવ છે. જેઠાભાઈ! આકરું ભારે કામ.

**'બળદની જેમ ભાર વહેવડાવે છે,...'** રાત્રે દસ વાગે સૂવે, પાછો સવારે ચાર વાગે ઉઠે. મોટા મજૂર રાગમાં જોડાઈને રાગથી લાભ માનનારા. સમજાણું કાંઈ? બળદની જેમ ભાર (વહે છે). બળદ બહુ ઉપાડે માથે. પ્રવચનસારમાં આવે છેને. પરમાત્માને આ કરું રાગને એવો બોજો એને હોય જ નહિ. આટલું કામ તમારે કરવું પડશે, આ પાઠશાળામાં તમારે ભણાવવું પડશે, દરરોજ એક કલાક તમારે વ્યાખ્યાન દેવું પડશે. એ કામનો બોજો ધર્માત્માને હોતો નથી. સમજાણું કાંઈ? આણે માથે બોજો લીધો, આટલું તો કરવું જ પડે. આટલું કર્યા વિના ચાલે જ નહિ. બાળ-બચ્ચા છીએ, આ છીએ... એમને એમ બેસી રહીએ તો કાંઈ બીજાનું પોષણ થાય? એ તો મહેનત કરવી પડે. એઈ..! શેની? રાગની. પરની તો કાંઈ કરી શકતો નથી. ચંદુભાઈ! બધો ગર્વ ઉતારી નાખે એવું છે. આહા..હા..! અમે મંદિર બનાવ્યા, પાંચ લાખ આપ્યા, અમને કોઈ ઓળખો, અમને ધર્મ ધુરંધરનું બિરુદ આપો. અમે કાંઈક ધર્મને કરીએ છીએ અને ધર્મને સહાય (કરીએ છીએ). પૈસાવાળાનો અહીં કાંઈ ... ખરો કે નહિ? પૈસાવાળું કંઈક ખરું કે નહિ? (સંવત) ૧૯૮૧માં કહેતા હતા, ... કેશવલાલ નહિ? કેશવ ... સવાઈલાલના બાપને? ... બધા આવ્યા હતા. ઈ ન્યાં એક ફેરી વ્યાખ્યાનમાં આવ્યા. દરબાર આવ્યા હતા. દરબાર કહે, કાલે પણ મારે સાંભળવું છે. કીધું, વખત થઈ ગયો છે અમારે. ટાઈમ થઈ ગયો. રાજા હોય કે ફલાણો હોય, એના માટે એક દિ' ન રોકાઈએ. તમે પહેલા ન આવ્યા અને હવે કહે છે, મારે કાલ આવવું છે. શેઠે કીધું. શેઠ

હતાને લાલચંદભાઈ. ગયા, ... બહાર બેઠા હતા. એમાં આવ્યા. મહારાજ! પૈસાવાળાનું કાંઈ ખરું? પૈસાવાળા હોય તો પૈસા ખર્ચે, ધર્મશાળા થાય, અપાસરા થાય, દેરાસર થાય. કહો, સોનાની અંબાડીઓ થાય, ભગવાનને બેસવાની... શું કહેવાય? પાલખી સોનાની થાય, હીરા જડાય. ગરીબ માણસો કરી શકે? ધૂળેય થાય નહિ, સાંભળને હવે. એ તો જડની ક્રિયા જડને કાળે જડને કારણે થાય છે. એમાં તું કહે કે, અમે પૈસા આપ્યા માટે અમારાથી થયું. મૂઢ છો. બળદની જેમ મિથ્યાત્વનો ભાર અને રાગનો ભાર વહ્યો છે. આહા..હા..! ભારે કામ. સમજાણું કાંઈ?

એવા '**ભૂત જેની પાસે ભળદની જેમ ભાર વહેવડાવે છે, જોરથી ફાટી નીકળેલા તૃષ્ણા...**' એટલે શું કહે છે? અંદરમાં સમાવું જોઈએ એને ઠેકાણે મિથ્યાત્વને લઈને તૃષ્ણા... તૃષ્ણા... તૃષ્ણા... તૃષ્ણા..., આ કરવું... આ કરવું... આ કરવું... '**જોરથી ફાટી નીકળેલા તૃષ્ણારૂપી રોગના દાહથી જેને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે,...**' પાંચ ઈન્દ્રિયોના વિષયો તરફનું વલણ એમાં આમ થાય તો ઠીક, આમ થાય તો ઠીક. અંતરંગમાં બળી રહ્યો છે કહે છે. દાવા અગ્નિ લાગી છે ઘરમાં. આમ ખુરશીએ બેઠો હોય. સોનાની ખુરશીએ, માથે ... શું કહેવાય? પંખા પીતળના. શેઠસાહેબ! મૂર્ખને ભાન કે દિ' છે કે પીડા છે કે નહિ. કષાયઅગ્નિ બળે છે ત્યાં તો. એ..ઈ..! સમજાણું કાંઈ? આહા..! તૃષ્ણારૂપી રોગ વળગ્યો છે એને. આમ ગયો આમ. અહીં સમાવું જોઈએ ... એને ઠેકાણે આમ ગયો રાગ અને મિથ્યાત્વમાં એટલે તૃષ્ણા ફાટી. આ સાંભળુ, આ જોઉં, આ સૂંઘવું. આજે જ નીકળે છે હોં વાત બધી. સમજાણું કાંઈ? આ સ્પર્શું. એવા તૃષ્ણારૂપી રોગની બળતરા વળગી છે કહે છે. આહા..હા..! અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે. અંતરમાં તો દાહ સળગે છે કષાયની અગ્નિનો. ચાહે તો શુભ હો કે ચાહે તો અશુભ હોય, એ તો અંતરંગમાં ભઠ્ઠી છે અગ્નિની, કષાયની એમ કહે છે. સમજાણું કાંઈ?

'**આકળો બની બનીને મૃગજળ જેવા વિષયગ્રામને...**' ઈ લીધું. કામભોગ શબ્દ છેને. ઈચ્છા અને ભોગ. '**મૃગજળ જેવા વિષયગ્રામને...**' બહારના સંયોગો મૃગજળ જેવા છે બધા. દેખાવ આપીને નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..! ટીકા તે પણ ટીકા છેને સમયસાર. મૃગજળની જેવા. કહે છે કે, બહારની સામગ્રી બધી મૃગજળ જેવી છે. એવા વિષયના સમૂહને, ગ્રામ એટલે સમૂહને, '**(ઈન્દ્રિયવિષયોના સમૂહને) જે ઘેરો ઘાલે છે...**' તૃષ્ણા ઘેરો ઘાલે છે. આ કરું, આનું કરું ને આનું કરું ને આનું કરું ને આનું કરું. સમજાણું કાંઈ? બાયડીનું કરું, છોકરાનું કરું, મકાનનું કરું, આબરૂનું કરું, ભાગીદારનું કરું અને દીકરાના દીકરાનું કરું, દીકરાના દીકરાના દીકરાનું કરું. ચાર, પાંચ પેઢી હોયને ત્યાં સુધી એને (કરવું છે). આહા..હા..! મરી ગયો છે કહે છે. કાંતિભાઈ! કરવું પડે, એ કાંઈ બેઠા બેઠા

કાંઈ પૈસા મળે, રોટલા મળે? એમ માનીને રાગમાં જોડાય મિથ્યાદૃષ્ટિ તૃષ્ણાથી ફાટી ગયેલો પીડામાં, અગ્નિમાં પીડાય છે. આહા..હા..! અહીં તો શુભ-અશુભભાવ બેય પીડા છે હોં! અગ્નિ એમ કહે છે. ભાવ આવી ગયોને ભાવ અંદર. ભાવરૂપ આવી ગયોને, શુભ-અશુભભાવ. બેય કષાયઅગ્નિ છે. કહો, સમજાણું કાંઈ?

રાગ તો જ્ઞાનીને હોય છેને? હોતું નથી, હોય છે તેને જાણે છે, મારામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? દૃષ્ટિ ફેરે રાગ હોવા છતાં એ મારામાં નથી. હું તો જ્ઞાન ને દર્શન ને આનંદ છું. રાગને પૃથક રાખીને એને જાણવું એમ કહેવું એ પણ એક ઉપચાર છે. સમજાણું કાંઈ? એને થાય છે અને એમાં ઈ છે એમ નથી. રાગ ધર્મીને થાય છે એમેય નથી અને રાગમાં એ ધર્મી છે એમેય નથી. ડૉક્ટર! આ તો વીતરાગની વાણી છે કેવળીના મુખથી નીકળેલી. સમજાણું કાંઈ?

'**મૃગજળ જેવા વિષયગ્રામને જે ઘેરો ઘાલે છે...**' આ સાંભળું, આ સૂંઘું, આ લખું. સમજાણું કાંઈ? પાંચેય ઈન્દ્રિયમાં ધામા નાખે છે કહે છે. અનીન્દ્રિય એવો ભગવાન એને સૂઝ પડી નહિ અંદરની. એ આ પાંચ ઈન્દ્રિયના વિષયમાં, વિકલ્પમાં વિષયગ્રામને ઘેરો ઘાલે છે. નહોતી ઓલી રાજાની વાત? માસ્તર કહેતા હતા. એક રાજા હતો. નહિ? મોહમદ બેગડો. ખાવા વખતે વેશ્યા નચાવે, બાગમાં બેઠો હોય, ફૂલની સુગંધ આવે. પાંચેય ઈન્દ્રિયના વિષય એકસાથે. વખાણ કરતા જાય કોઈ. વખાણ કોઈ કરે ઈ સંભળાય. આંખે, વેશ્યા નાચતી હોય ઈ જોવે. સમજ્યાને? ખાતો હોય. કેરીનો રસ. સમજાણું? સ્પર્શ. મખમલના કપડા પહેર્યા હોય. સુંવાળા, સુંવાળા રૂંવાટી. મખમલમાં રૂંવાટી ઉપર હોય. આને રૂંવાટી ઉપર બહુ ન હોય. મખમલની રૂંવાટી ઉપર હોય એટલે એ બધું સુંવાળું બહુ લાગે એને. એકસાથે એને ભોગવટો આપે. માસ્તર કહેતા, હીરાચંદ માસ્તર. કથામાં આવતું હતુંને.

ભગવાનના અંતરના તેજ ને અંતરના જ્ઞાન ને આનંદને ન જોતા, કારણ કે એની શ્રદ્ધામાં એ વસ્તુ તો આવી નથી. હું કોણ? પરમાત્મા છું, ચિદાનંદ ભગવાન છું એવું જેને ભાનમાં આવ્યું નથી એ અભાની, અજ્ઞાની (પંચેન્દ્રિયના વિષયને ઘેરો ઘાલે છે). સૂક્ષ્મ પણ અંદર રાગના અસ્તિત્વને સ્વીકારનારો, મારું છે અને મારે તો ફરજ જોઈએ, એટલી તો ફરજ જોઈએ. આહા..હા..! એવી વિષયની સામગ્રીને ઘેરો ઘાલે છે. વૃત્તિ, આ કરું, આ લઉં, આ લઉં... સમજાણું કાંઈ? પૈસાવાળો હોય કરોડ, બે કરોડ રૂપિયા, ઘરની દુકાન ચાલે, દુકાનવાળાને પાંચ લાખ આપે, બાર આના, પહેલા બાર આના હતા, હવે અત્યારે વધારે હશે. રૂપિયાનું વ્યાજ લે, અડધો ભાગ લે, ચોપડા મહિને તપાસે. ચીમનભાઈ! એની દુકાન ચાલતી હોય, પચ્ચીસ-પચાસ લાખ આવતા હોય, રૂપિયા નાખવા ક્યાં? ભાગીદાર ....મજૂરી કરે ઈ. રૂપિયાનું વ્યાજ, આઠ આના ભાવ. મહિને તપાસે પાછો, ખાય ન જાય ઓલો. એ.. ધીરૂભાઈ!

આ તમારી બધી સરખાઈ. આહા..હા..! એમાંથી કાંઈક નીકળે ફેરફાર (તો) ઊંઘ ન આવે એને. અરે..! જાણીતો માણસ લઈને વયો ગયો. કરવું શું? એ આપણો વિશ્વાસુ, હવે એના ઉપર કાંઈ થાય નહિ અને એ રીતે ગયું હોય તો એણે લીધું છે એવું નક્કી કરાય નહિ. બળતરા, બળતરા. પોપટભાઈ! હેં? બાયડી લઈ જાય અંદરમાંથી. હવે કહેવાય નહિ, ખ્યાલમાં તો આવ્યું હોય કે, આ સિવાય કોઈ લે નહિ પણ હવે કહેવું શી રીતે? અણબનાવ થઈ જશે. એવું હોય છેને? સ્રીની ... અંદર ઘરમાંથી લઈ લે. આને ખબર પડે અને બળતરા પછી થાય. ... ચોરીની પ્રકૃતિ હતી એની. .... આ તો બાદશાહ હતો. જ્યાં જાય .. ઓલું હોય તો અંદર નાખી દે. આમ કરોડપતિ. નોકરને ખબર પડે ... બાદશાહને ટેવ પડી ગઈ. ગજબ છે! સમજાણું કાંઈ? આ દિલ્હી ગયા હતાને જોવા જ્યારે, નહિ? ઓલાને બધા મહેમાનો જમાડવાના છેને? ત્યાં થયું. ત્યાં વાત નીકળી હતી. બધા આવા. ... રૂપાની ઓલી હોય, શું કહેવાય? ચમચી. આમ કરોડની ઉપજ હોય, પણ ચારે કોર અહીંથી લઉં, અહીંથી લઉં. આહા..હા..! સમજાણું કાંઈ?

સારું દૂધ હોયને દૂધ મણ ને બે મણ સારી રીતે જામ્યું હોય. પછી ઉપર લોચો થાય માથે થાય, શું કહેવાય? મલાય. એ સગો છોકરો હોય તોય આપે નહિ એને. ... એ તો જાણે ક્યાંયથી બચાવું. બાયડી એવી હોય. એઈ..! આ બધા આત્માની વાત ચાલે છેને, આ ક્યાં ન્યાં ફલાણાનો આત્મા. આહા..હા..! બચાવી લ્યે, થોડું આપે. જુઓ! તમને થોડું આપવાનું કારણ શું? કે, તમે જ્યાં સુધી રળાવ નહિ થાઓ ત્યાં સુધી આવા ઉડાવ જો થઈ જશો તો તમને ભારે પડશે. હોય પોતાની કંજુસાય એ વાત ન કરે. પોપટભાઈ! તમને પૂરતી નથી આપતા એનું કારણ કે, તમે જાતે જ્યાં સુધી રળીને ન લ્યો ત્યાં સુધી જો તમને આપશું તો તમને ટેવ પડી જશે. ઓહો..હો..! કંજુસાય કરવાની કળા પણ એક જુદી જાતની હોય. એ.. ધીરૂભાઈ! આહા..હા..! ... દાન લેવા આવે તો દાનનો ભાવ છે પણ તમારી વ્યવસ્થા જે છે કરનારાઓ એને ઉપર મારો ભરોસો બરાબર આવતો નથી. માટે તમને આપવા નથી. બહુ સારું. જાહેર દઈને ના પાડી શકતા નથી આપવા એમ કહેને. આવો ઘેરો ઘાલીને મરી ગયો કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! આમાં તો દાખલા છે બધા, આવા આવા તો અનંત દાખલાઓ હોય. કપુરભાઈ!

જગતની જંજાળમાં, રાગમાં આહા..! જકડાઈ ગયેલા, રાગના સંયોગોમાં ઝપટ મારે આમ. વિષય સામગ્રીને જે ઘેરો ઘાલે છે. સામગ્રી ન હોય તો સામગ્રી પ્રત્યેનો ભાવ આ કરવો છે એમ. આને ભેગા કરું, આને ભેગા કરું. ભેગા કરી શકે નહિ. કેમ નવનીતભાઈ! કેમ હશે આ? ભારે. એક દુકાન બંગાળમાં નાખો, એક દુકાન મુંબઈ રાખો, એક દુકાન કાઠિયાવાડમાં રાખો. ... ક્યુ કહેવાય તમારું? મહારાષ્ટ્ર. મહારાષ્ટ્રનું ફાટે મુંબઈમાં તો? આવવા

થાય. બંગલા કરી રાખો અહીં દેશમાં. શું છે પણ આ? આહા..હા..! મિથ્યાત્વે મારી નાખ્યા કહે છે. વિપરીત શ્રદ્ધાએ આવા ઘેરામાં અટકી ગયો છે. સમજાણું કાંઈ? '**અને જે પરસ્પર આચાર્યપણું પણ કરે છે...**' એ શું કીધું? એકબીજાને કાંઈ પ્રમાણ અંગીકાર કર. બીજો કહે હા પણ આપણે કરવું જોઈએને, આપણે ન કરે તો કાંઈ હાલતા હશે. એ તો મહારાજ વાતું કરે ઈ. એને કાંઈ બાયડી, છોકરા છે? અમારે તો આ બધું પડ્યું છે જુઓ! એક જણો એમય કહેતો હતો. અરે..! સાંભળને હવે. બાયડી, છોકરા તારાય નથી અને તું માન તોય તારા નથી. આહા..હા..! આપણે તો કરવું જોઈએ, આપણે કાંઈ રળ્યા વિના ચાલે? આપણે આમ હાથ બંધ કરીને બેસીએ તો કંઈ પૈસા આવી જાય, રોટલા? કહો. આ મિથ્યાત્વના ભૂતડે પણ રાગમાં જોડાઈને.. આહા..હા..! પોતાના બચાવ આવા કરે.

આચાર્યપણું કરે એટલે ઓલો કહે ઈ હા, બરાબર તમારી વાત છે હોં! ઓલો કહેનારો એમ કહે અને કહેનારો (એમ કહે), તમને બેસે છે વાત હોં! રાગ કરવો જોઈએ, રાગ કર્યા વિના કાંઈ આગળ વધાતું હશે? સમજાણું કાંઈ? લ્યો! પ્રશસ્ત રાગ છે કે અપ્રશસ્ત છે? કરો એ ... પ્રશસ્ત છે કે નહિ? કે, પ્રશસ્ત છે તો સારો કહેવાય કે ભૂંડો? અહીં કહે છે કે, એ ભૂંડો છે, સાંભળને હવે. આહા..! એ તો અશુભ રાગની અપેક્ષાએ એને પ્રશસ્ત કહ્યો છે. ભગવાન આત્માની અપેક્ષાએ તો એ અપ્રશસ્ત છે. યોગસારમાં નહોતું આવ્યું? પાપ-પાપને તો સૌ કહે, અનુભવીજન પુણ્યને પણ પાપ કહે. આહા..હા..! પુણ્ય-પાપના અધિકારમાં આવે છે છેલ્લે. વિકલ્પથી પતીત થાય છે સ્વરૂપમાંથી. વ્યવહાર રત્નત્રયથી સ્વરૂપમાંથી પતીત થાય છે માટે વ્યવહારરત્નત્રય પાપ છે. આહા..હા..! ડૉક્ટર! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા (એવી હોય કે) માથું જાય તોય મૂકે નહિ બીજાને, એવી માન્યતા (હોય). પણ એ બધો રાગ, વૃત્તિનું ઉત્થાન નિર્વિકલ્પ ચીજમાં નથી. ...

નય અને પ્રમાણ છેને? ભાઈ! સવિકલ્પ અને નિર્વિકલ્પ. બે પ્રકારના. એમાં એ બે પ્રકારના બીજા વર્ણવ્યા છે. નયચક્રમાં બીજા વર્ણવ્યા છે. નય ચક્રના પ્રમાણ સવિકલ્પ એટલે રાગવાળું અને અરાગવાળું એવું પ્રમાણજ્ઞાન છે. રાગવાળું જ્ઞાન એને પોતાનું સાચું માને એ પણ મિથ્યાત્વથી ત્યાં જોડાઈ ગયો છે. અને આમાં બીજી નય છે. પ્રમાણમાં સવિકલ્પ પ્રમાણ એટલે ચાર જ્ઞાનનું જ્ઞાન એ સવિકલ્પ પ્રમાણ છે. ક્ષયોપશમ જ્ઞાન છેને. અને કેવળજ્ઞાન છે નિર્વિકલ્પ પ્રમાણ છે. પ્રમાણના ચાર ભેદ પાડ્યા. એ તો આમાં જરી ... બે તો આવે છે સમયસારમાં. હું શુદ્ધ છું, પવિત્ર છું, પૂર્ણાનંદ છું એવો પણ એક વિકલ્પ રાગ છે અને એ રાગનો જ્યાં સુધી કર્તા થાય છે ત્યાં સુધી મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? કર્તાકર્મમાં આવે છે. 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની' એ નિર્વિકલ્પ નય. ભગવાન પોતાનો આશ્રય લઈને પવિત્રતા પ્રગટ કરે એ પવિત્રતાથી મુક્તિ મળે. રાગથી મુક્તિ મળતી નથી.

આહા..! સમજાણું કાંઈ? કેવળજ્ઞાનીનો માર્ગ ...

(અહીંયા) કહે છે કે, પરસ્પર આચાર્ય(પણું કરે છે). આચાર્ય એટલે ઉપદેશમાં બીજાને હા પડાવે, ઓલોય હા કહે, સાચી વાત છે. રાગની ક્રિયા કર્યા વિના, વ્યવહાર કર્યા વિના પાધરા નિશ્ચય થઈ જતાં હશે? સાચી વાત છે. અહીં તો એક જ વાત કરે કે, આમ થાય. રાગ વિનાનો આત્મા એને વ્યવહારની અપેક્ષા છોડી દઈને નિશ્ચયની દૃષ્ટિ કર, એ વિના સમ્યગ્દર્શન થશે નહિ. કહો, સમજાણું કાંઈ? પરસ્પર હોં! એમ છેને? એકબીજા.

પંચાસ્તિકાય નહિ? ... નવ તત્ત્વની શ્રદ્ધા, તીર્થંકરની માન્યતા અને સૂત્રની રુચિ સિદ્ધાંત શાસ્ત્રની એ બધો વિકલ્પ છે. ૧૭૦ ગાથા પંચાસ્તિકાય. આ બીજું સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે, ભગવાન આત્મા તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એનો આ રાગ છે એ તો અજીવ સ્વરૂપ છે. જીવ-અજીવ અધિકાર છેને. કરવું-ભોગવવું એમાં સાથે હોય છે. એ તો લીધું છે એમાં વિષયની ઇચ્છા અને તેને ભોગવવું. ભાવાર્થમાં (લીધું છે). ભોગવવું એ સ્વરૂપ નથી. જીવવસ્તુ નથી. રાગનું થવું, કરવું ને ભોગવવું એ કાંઈ જીવનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? એ જીવની જાત જ નથી. પાંચ મહાવ્રતનો રાગ એ જીવને કરે અને ભોગવે એ વસ્તુનું સ્વરૂપ જ નથી. આહા..હા..! જાધવજીભાઈ! બહુ માર્ગ બાપા! સાંભળવા મળે નહિ, કે દિ' સમજે? આહા..! એમને એમ મજૂરની પેઠે. મિથ્યાત્વના કષાય... અરેરે..! જિંદગી ચાલી જાય છે. ભાવ અને ભવના પરિભ્રમણની ગતિમાં જાય છે. માથે કહ્યું ઈ. ગજબ ટીકા કરી છે! પાઠમાં ઈ છે, કામભોગ. કામ એટલે ઇચ્છા. 'ક્યા ઇચ્છત ખોવત હવે, હૈ ઇચ્છા દુઃખમૂલ.' આવે છેને? એ ... વિચાર કર એ ઇચ્છા પણ દુઃખમય છે. ગજબ વાત છે. આ તો વીતરાગનો માર્ગ છે. આ કાંઈ આલીદુઆલી માને, બે, પાંચ, પચ્ચીસ ... કે બે, પાંચ કરોડ એનો માર્ગ નથી. આ તો અનાદિઅનંત જૈન સ્વરૂપ એટલે જિનસ્વરૂપ આત્મા. એ જિનવરસ્વરૂપ આત્મા, જિનસો હી આત્મા છે. એમાં રાગને ભેળવવો એ જિનને માનતો નથી. આહા..! એનાથી લાભ થાય એ જિનને માનતો નથી, ગુરુને માનતો નથી, શાસ્ત્રને માનતો નથી, આત્માને માનતો નથી. જેઠાભાઈ! ભારે કામ ભાઈ! પછી કોઈ નહિ કરે આવું. ભાઈ! તને ખબર નથી. કરવાનું તને અભિમાન મિથ્યાત્વનું વર્તે છે. રાગ આવે ત્યારે એ મારું કર્તવ્ય છે એવો મિથ્યાત્વ ભાવ વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ખરેખર તો એ અજ્ઞાનનું જ આચાર્યપણું પરસ્પર કરે છે એમ કહે છે. એક કોર જ્ઞાનાનંદ પ્રભુ અને એક બાજુ રાગથી માંડીને બધું અજ્ઞાન. એટલે આ જ્ઞાનસ્વભાવી ભગવાન એમાં નથી. એમાં જે મનાવે છે એ માનનાર અને કહેનારા બેય પરસ્પર આચાર્યપણું કરે છે મિથ્યાત્વનું. સમજાણું કાંઈ? મોટા અધિપતિ થાય ઉપદેશક આહા..! વાહ રે વાહ! બીજા કહે. આ તો એકાંત આત્માથી થાય, આત્માથી થાય. એમાં રાગથી કાંઈ ન થાય. આ તો એકાંતથી કહે

છે. અજીવથી જીવ ન થાય. રાગ તો અજીવ છે. એવી પ્રરૂપણા કરે અને બીજાને મનાવે, માનનારા એને કબુલે. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! ભારે વાતું ભાઈ! પરસ્પર આચાર્ય કરે એટલે '(**અર્થાત્ બીજાને કહી તે પ્રમાણે અંગીકાર કરાવે છે**).' સમજાણું કાંઈ? આ કારણે કારણ કે, એવું તો અનાદિથી ચાલ્યું આવે છે. સમજાણું કાંઈ?

'**તેથી...**' માથે એના ગુરુ થાય એમ કહે છે. શિષ્ય સ્વીકારે કે, હા. આ વાત બરાબર છે. આ તો પાધરો આત્મા સમજો, આત્મા સમજો. વ્યવહારની ક્રિયાની અપેક્ષા છોડી દઈને. અપેક્ષા છોડી દઈને એ સમજાય શી રીતે? સમજાણું કાંઈ? કાંતિભાઈ! અજીવને રાખીને જીવ સમજાય એમ? જીવમાં અજીવ રાખીને જીવ સમજાય એમ? પોપટભાઈ! હવે તો મળ્યું છે કે નહિ? આંધળી દોડે એમને એમ મુંઠીઓ વાળીને દોડ્યા. જાવું હતું આથમણું, દોડ્યો ઉગમણું. જાવું હતું આથમણું ને દોડ્યો ઉગમણું લ્યોને. ઉગમણું જાવું ને આથમણું દોડ્યા. આહા..હા..!

પોતાની દશામાં રાગ, એ દશાવાળો જેણે માન્યો એને જાવું છે આત્મામાં, એને ઠેકાણે રાગમાં ગયો એ તો. ન્યાં તણાણો ત્યાં, એ રાગના પૂરમાં .. તણાણો. એ વાત કરે તો બીજાને સારી લાગે. કારણ કે, એમાં આવે છેને ઓલું? પરમાર્થ વચનિકામાં. આગમની ક્રિયા સહેલી છે, અધ્યાત્મનો વ્યવહાર પણ સમજવો કઠણ છે. પરમાર્થ વચનિકામાં આવે છે. દિગંબરમાં તો ગૃહસ્થો પણ એવા પાક્યા. સત્‌ના પ્રવાહમાં આવ્યા. જન્મ ત્યાં થયો અને સત્ય હતું એટલે ગૃહસ્થો પણ એવા પાક્યા. સાધુની અને એની વાત શું કરવી. જેના અવતાર મોક્ષને માટે. અવતાર જેણે સફળ કર્યા. સ્વરૂપનું ભાન કરીને જેણે રમણતા જગાવી. તેમાં રમતા વિકલ્પ આવે તોપણ જેને અડતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને અડતા નથી પણ ત્યાં રાગ તો વિશેષ છે. અહીં તો ઘણો જ અલ્પ રાગ, ઘણી જ શાંતિ, ઘણી જ શાંતિ. એના વિકલ્પથી અશાંતિ થોડી આવે એને શાંતિમાં રહ્યો, એને પરને પૃથક તરીકે ધર્મી જાણે છે. અને આ (મિથ્યાદૃષ્ટિ) એકત્વ તરીકે જાણે છે એ વાત ચાલે છેને અહીં. સમજાણું કાંઈ? એકત્વ સ્વભાવમાં થવું જોઈએ એને ઠેકાણે રાગના એકત્વમાં ઘૂસ્યો. દુનિયાની... કહેશે, ઈ આવ્યુંને આજ નિયમસારમાં? દુનિયા આવી વાત સાંભળીને કોઈ ઈર્ષા કરે, નિંદા કરે અને વસ્તુની વીતરાગતા નિશ્ચયપણે પ્રગટે પરની અપેક્ષા વિના એની અભક્તિ કરીશ નહિ. સમજાણું કાંઈ? દુનિયાના લાખો, કરોડો એમ કહે કે આ? આવું આ? આપણી જૈનધર્મની પ્રણાલિકા વ્રત ને નિયમ ને તપથી ચાલતી હતી. એને આ કહે કે વ્રત ને નિયમ એ તો બધો વિકલ્પ છે. ... અરે..! ભગવાન! ભાઈ! બીજે અવળી દોટે ચડી ગયો છે, ભાઈ! આવું એકબીજા પણ કહી રહ્યા છે કહે છે. આવા ઉપદેશકો જગતને મળે છે એમ સાંભળનારા પણ એને હા પાડે છે. '**તેથી કામભોગની કથા તો સૌને સુલભ** (સુખે પ્રાપ્ત) **છે**.'

લ્યો! એથી એ વાતું સાંભળવી તો સુલભ છે. ઘરે ઘરે બધે ઈ જ મળે છે. દુર્લભ શું એ વાત કરશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૧૧, રવિવાર, તા. ૨૮-૧૧-૧૯૭૧
## ગાથા-૪, પ્રવચન-૨૩

જથી ગાથા ચાલે છે. અહીં આવ્યું છેલ્લે જુઓ. '**તેથી કામભોગની કથા તો સૌને સુલભ છે.**' ત્યાં સુધી આવ્યું. એટલે શું કહ્યું? કે, અનાદિની જીવે રાગ અને રાગનું ભોગવવું અને એનું ફળ બંધ અથવા રાગને ભોગવવું એ ભાવબંધ એની વાત તો એણે અનંત વાર સાંભળી છે. સમજાણું કાંઈ? રાગ કરવો કે રાગને ભોગવવો, એવો જે અબંધસ્વભાવ આત્માનો એમાં આવા બંધ ભાવની વાર્તાનો ઉપદેશ તો અનંત વાર સાંભળ્યો એણે. સમજાણું કાંઈ? જે પોતે રાગ પુણ્યના, પાપના વિકલ્પથી રહિત આત્મા છે એને ઠેકાણે એને સહિત છે અને એનાથી આત્મા છે પુણ્યથી, પાપના ભાવથી એવી વાત અને એવો ઉપદેશ કહેનારા પણ અનંતા મળ્યા અને સાંભળનારા પણ એને વાતને હા પાડી. આચાર્યપણું કર્યુંને માંહોમાહે. સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો સ્વ-વિષય જે આત્મા એને છોડીને પર-વિષય કરવાની વાતું તો અનંત વાર સાંભળી છે. સમજાણું કાંઈ? ભારે! પોતાનો આત્મા આનંદસ્વરૂપ જ્ઞાનની મૂર્તિ એને જે વિષય, સમ્યગ્દર્શનમાં વિષય એને ધ્યેય બનાવવો જોઈએ એ એની હિતકર વસ્તુ છે. પણ એનાથી ઊલ્ટી, પોતાનો સ્વભાવ ચૈતન્યનો વિષય ધ્યેય છોડીને પરપદાર્થના વિષયની વૃત્તિઓ અને પરપદાર્થનો સંબંધ અને પરપદાર્થ ઉપર લક્ષ જાવું એનાથી લાભ છે એવી વાત એણે અનંત વાર સાંભળી છે. કહો, પોપટભાઈ! આવું જ કર્યું છે? સમજાણું કાંઈ? અને માંહોમાંહે આચાર્યપણું એવું કરે. આચાર્યપણું એટલે ઉપદેશ. એવો જ ઉપદેશ કરે અંદર કે, ભાઈ! તને આત્માના સ્વ વિષયને છોડી, પરપદાર્થનો વિષય લક્ષમાં લે એમાં

તને લાભ થાશે. સમજાણું કાંઈ? ઉપદેશ એવા મળ્યા અને તેને સાંભળનારા પણ એની વાત એવી સાંભળી અને રુચિ. કહો, સમજાણું કાંઈ?

આ ભગવાનની પ્રતિમા અને સાક્ષાત્ ભગવાન પણ એ ઇન્દ્રિયનો વિષય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ સ્વ-વિષય નહિ. આહા..હા..! એનાથી એને ધ્યેય બનાવવાથી, પર સંયોગી ચીજને લક્ષમાં લેવાથી જે રાગ થાય એનાથી તને લાભ થશે. એવી વાતું એણે અનંત વાર સાંભળી છે. આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ શાશ્વત જ્ઞાન ને આનંદનું ધામ એમાં એ પર વિષયનો વિકલ્પ જે છે એ વસ્તુ નથી. સમજાણું કાંઈ? પણ એ વાત એને મળી અનંત વાર. સાધુ થયો તોપણ એને પરપદાર્થના લક્ષ અને આશ્રય કરવાથી જે રાગ થાય એમાંથી એણે લાભ માન્યો. કહો, સમજાણું કાંઈ? અને એ લાભ મનાવ્યો એણે. એવું અનંત વાર જીવને ચોર્યાશીના અવતારમાં થઈ ગયું છે. કહો, સમજાણું આમાં?

કામ--ઇચ્છા અને ઇચ્છાનું ભોગવવું એ તો વિકાર છે. અને ઇચ્છા ને ઇચ્છાનું ભોગવવું એ તો પરલક્ષે ને પરને વિષય બનાવવાથી રાગ થાય છે. આહા..! ભગવાન આત્મા એવા વિકલ્પથી અને વિષય, પરવિષયના સંબંધથી તદ્દન રહિત છે. એ વાત એણે કોઈ દિ' સાંભળી નથી. સમજાણું કાંઈ? કહે છે કે, કામભોગની કથા તો સૌને સુખે, સુખે મળી રહે છે, સહેજે સહેજે. તમે આમ કરો તમને પુણ્ય થશે અને પુણ્યથી તમને હળવે હળવે ધર્મ થશે. એવી વાત એને અનંત વાર સહેજે મળી છે એમ કહે છે, સુખે સુખે મળે છે, એ સુલભ છે. આહા..હા..! કહો, ભીખાભાઈ!

ભગવાન આત્મા ઇચ્છાનો વિકલ્પ જે પુણ્યનો એનાથી તે ભિન્ન છે અને ઇચ્છાથી આત્માનો વિષય થઈ શકે એમ નથી. છતાં એને એમ જ મનાણું છે અનંત કાળથી. સમજાણું કાંઈ? અ વિષય પલટાવવો, બદલવો એ એને સૂઝ પડતી નથી. સમજાણું કાંઈ? બાયડી, છોકરા ને કુટુંબ ઉપર લક્ષ કર્યું. ત્યાંથી ફેરવીને દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર લક્ષ કર્યું. બેય વિષય છે. ગયા ચીમનભાઈ? કહો, સમજાણું કાંઈ? અહીં સુધી તો ... થયું હોય. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

એની ગતિ જ બગડી છે કહે છે અનાદિથી એની. રાગ ને પર વિષયથી લાભ માનતા એની સ્વમાં ગતિ જવી જોઈએ એ બધી અટકી ગઈ છે. આહા..! એથી એ વાર્તા, એ ભાવ જગતને સહેજે પ્રાપ્ત થાય છે. કહે છે કે, સુખે પ્રાપ્ત થાય છે એમ છેને? આહા..હા..! પરથી લાભ થશે, રાગથી લાભ થશે એવી વાત એને સ્વ સુખે મળે છે. એ કાંઈ દુર્લભ નથી. આહા..હા..! આવી વાત. દેવ, ગુરુ ને શાસ્ત્રથી પણ મળે એ વિષય પર ઉપર જાય છે એમ કહે છે.

મુમુક્ષુ :-- પ્રભુ! છોડાવો હવે, આ...

પ્રઉત્તર :-- જેણે જોડ્યું એ તોડે. કોણે જોડ્યું છે? જોડે એ તોડે.

મુમુક્ષુ :-- દેવ-ગુરુના ઉપદેશથી...

ઉત્તર :-- એ તો પોતે છોડે ત્યારે છોડાવ્યું કહેવાય. આહા..! કહો, સમજાણું કાંઈ? ભારે મથાળા બાંધ્યા છેને. સમયસારની બાર ગાથા સુધીનું મથાળુ છેને બધું ભારે બાંધ્યું છે. અલૌકિક! ઠેઠથી તળિયા ખેંચ્યા છે અંદરથી.

ભગવાન આત્મા પોતાના સ્વ-વિષય, સ્વ-ધ્યેયને છોડી અને પરના ધ્યેયે, પરના લક્ષે, પરનો વિષય બનાવી અને જે કાંઈ રાગાદિ થાય એનાથી લાભ થશે એવા ઉપદેશો એણે હોંશથી સાંભળ્યા છે કહે છે. સમજાણું કાંઈ? પ્રીતિથી સાંભળ્યા છે. કપુરભાઈ! પૈસા-બૈસા મળવાની વાત નહિ હોં! અહીં તો હજી રાગનો... પણ એનો અર્થ ઈ થયો કે, રાગાદિ થાય એનું ફળ સંયોગ છે. ચાહે તો શુભરાગ હો ભગવાનની ભક્તિનો, દેવ-ગુરુ-શાસ્ત્રની રુચિનો પણ એ રાગનું ફળ સંયોગ છે. કેમકે રાગ પોતે સંયોગી ચીજ છે, એ સ્વભાવી ભાવ નથી. આહા..! સમજાણું કાંઈ? પણ એ વાત એને રુચિથી અનંત વાર સાંભળી છેને એટલે ટેવાય ગઈ છે એમાં. ટેવાઈ ગયો છે એવી વાતની એને ઘડ બેસી ગઈ છે અને એવી વાત મળે તો એની વાત સારી લાગે.

‘પણ **નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી**...’ આહા..હા..! સમજાણું કાંઈ? પહેલી લીટી ‘**નિર્મળ ભેદજ્ઞાનરૂપ**...’ આટલા શબ્દો વાપર્યા છે. ‘**પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું જ**...’ એક એકનો અર્થ થશે. નિર્મળ ભેદજ્ઞાન એટલે કે એણે સાંભળ્યું હોય એમાં લક્ષમાંય લીધું હોય કે, આ વિકલ્પ છે ને એનાથી આ જુદો ને એવું ધાર્યું હોય એ ભેદજ્ઞાન નહિ. સમજાણું કાંઈ? આ આત્મા ચૈતન્ય શુદ્ધ છે, રાગથી ભિન્ન છે, પુણ્યના ભાવથી પણ જુદો છે. એવો એણે વિકલ્પના જ્ઞાન દ્વારા એવું એણે સાંભળ્યું હોય એ ભેદજ્ઞાન નથી. એ તો મલિન વિકલ્પવાળા ભાવથી એણે એ જાતની ધારણા કરી છે. સમજાણું કાંઈ? નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશ. અંતરમાં ચૈતન્યસ્વભાવ સન્મુખ રાગથી વિમુખ. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ હો, પંચ મહાવ્રતનો હો કે શાસ્ત્રને ભણવાનો રાગ હો એનાથી પણ ભિન્ન એવો નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશ.

‘**નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન**...’ એને અંદર જ્ઞાનમાં પ્રત્યક્ષ આત્મા જણાય એવું માત્ર ભિન્ન આત્માનું એકપણું સાંભળ્યું નથી. આવું અનંત વાર સાંભળ્યું, આ સાંભળ્યું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ આત્મા પ્રત્યક્ષ મતિ શ્રુતજ્ઞાનથી થાય. મતિ શ્રુતજ્ઞાનથી આત્મા પ્રત્યક્ષ થાય. એવું ભિન્ન દેખવામાં આવે છે. એવું રાગથી નિર્મળ ભેદજ્ઞાન દ્વારા, ભેદજ્ઞાનના પ્રકાશથી પ્રત્યક્ષ આત્મા જુદો છે, ભિન્ન દેખવામાં જુદો છે. દેખવામાં આવે છે, દેખવામાં આવે છે એવો એનો વસ્તુનો સ્વભાવ

છે. સમજાણું કાંઈ?

**'એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું જ...'** **'એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું જ--જે સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે...'** જો કે પ્રભુ આત્મા શુદ્ધ ચૈતન્યસત્તાથી સદા પ્રગટપણે અંતરંગમાં તો પ્રકાશમાન અસ્તિત્વ જ્ઞાયકભાવથી ભરેલું તત્ત્વ છે જ. સમજાણું કાંઈ? ઘણી ઝીણી વાતું કરી છે. સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન ચીજ છે એ તો, જ્ઞાનની જ્યોત છે. જ્ઞાનના પ્રકાશનો પુંજ ભિન્નપણે સ્પષ્ટ પ્રકાશમાન થાય એવો એ છે. સમજાણું કાંઈ?

**'તોપણ કષાયચક્ર (-કષાયસમૂહ) સાથે...'** શુભ અને અશુભ બે ભાવ એ કષાયચક્ર. ઘંટીના બે પડ. એમ આ શુભભાવ અને અશુભભાવ, શુભ વિકલ્પ અને અશુભ વિકલ્પ એ કષાયચક્ર છે, એ આત્મજ્ઞાનચક્ર નહિ. સમજાણું કાંઈ? આવો છે તોપણ એમ કહે છે. વસ્તુ સ્થિતિએ તો આવો છે તોપણ કષાયચક્રની સાથે વિકલ્પની, સૂક્ષ્મ રાગની કણી એની સાથે એકરૂપ જેવું, એકરૂપ કરી નાખ્યું નથી પણ **'એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી...'** એ રાગ તે જ હું, એ પુણ્યના ભાવ શુભભાવ તે હું. આહા..હા..! ભારે ઝીણી વાત ભાઈ!

ભગવાન આવું સંભળાવે છે. ભાઈ! અમારી સામું જોઈને તું સાંભળે છો એમાં જે રાગનો કણ થાય છે એ કષાયના કણ સાથે જાણે એકપણું એનાથી લાભ થાય એવું માન્યું છે તેં. કષાયચક્ર શુભ અને અશુભ, શુભ અને અશુભ ભાવ અનંત વાર થયા, અનંત વાર થઈને વ્યય પણ થયા. નિગોદના જીવ જે અનંત કાળમાં કોઈ દિ' ત્રસ નહિ થાય એવા જીવને શુભ-અશુભભાવ અનંત વાર થયા. જે નિગોદ બટાટા, શક્કરકંદ, લીલ, ફૂગ લોકમાં ભર્યા છે અનંતા. આ ઠેકાણે અનંતા છે નિગોદના જીવ. એવો આખો લોક ભર્યો છે. એકલો જ્ઞાનનો સાગર ભર્યો છે આખો અહીંયા. ઓલા વેદાંત છે કહે છે એક, એમ નહિ. હેં? દરેક જ્ઞાનસ્વરૂપ... જ્ઞાનસ્વરૂપ... જ્ઞાનસ્વરૂપ. સ્વરૂપ એટલે જ્ઞાનનો રસ, જ્ઞાનનું તત્ત્વ, સત્નું સત્ત્વ જે જ્ઞાનસ્વરૂપ. ભલે ક્ષેત્ર નાનું હો પણ એ જ્ઞાનસ્વરૂપે ભગવાન આખા આત્માઓ લોકમાં બિરાજમાન છે. એ જીવે પણ અનંત વાર શુભ ને અશુભભાવ સાથે જાણે હું એક છું એવું એણે માન્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ ધંધા ને પાણી ને એની તો અહીં વાતુંય નથી કરતા. કપુરભાઈ! બધા ભાઈઓ ભેગા થઈને ધંધા કેવા કરે, લ્યો. છ ભાઈઓ. બ્રધર્સ, ... શું કાંઈક? અત્યારે તો કરોડો, કરોડો રૂપિયા ભેગા કરીને કરે છેને માણસો. દસ કરોડ ને પચ્ચીસ કરોડનું શું કહેવાય ઈ? બ્રધર્સ. ઝાઝા ભેગા થઈને નામ આપે. કંપની કરે લ્યો! એમ કંપની થાતી નથી ત્રણ કાળમાં. આહા..હા..! ભેગા થઈને જો આપણે (કરીએ), 'ઘણા હાથ તે રળિયામણા' એમ નથી કહેતા? હેં? 'જાજા હાથ તે રળિયામણા' એક હાથે કાંઈ કામ થાય કાંઈ ભાઈ? ઘણા આપણે ભેગા થઈએને તો .. એ વાત તો ક્યાંય રહી

ગઈ, ધૂળેય ભેગા થતા નથી. કહો, એથી તો ભાગીદાર સારો ગોતે. ખાનદાન ... ભલે પૈસા ન હોય, ગરીબ હોય પણ એવો ખાનદાન ગોતે. જુઓ, આ દસ લાખ આપીએ છીએ. દોઢ ટકાનું વ્યાજ આપજે, પેદા થાય એનો અડધો ભાગ આપજે. પછી મહિને મહિને હું ચોપડા જોવા આવીશ. વળી પાછો ક્યાંય ખાઈ ન જાય. આહા..હા..! ત્રણપટી ધ્યાન રાખે લ્યો! હેં?

મુમુક્ષુ :-- રોજ ટપાલમાં હિસાબ મોકલવાનો.

ઉત્તર :-- હા. ... મુશ્કેલી પડે નહિ. અરે..! ભાઈ! એની વાત તો ક્યાં છે અહીં. ઈ તો કરી શકતો જ નથી. પરની સાથે એકપણું, ભાગીદારપણું કરી શકતો નથી. આહા..હા..! ભારે પણ માણસને આવું શરીર સાંઢિયા જેવું મળ્યું હોય અરે..! ત્રણ ત્રણ લાડવા ચુરમાના ચડાવતો હોય, પતરવેલીયા માથે (ચડાવીને) ઓય.. (કરે). એને એમ કહેવું કે, એલા પણ આ તારી ચીજ નહિ. આ તો કો'કની એંઠ જગતની એ અહીં આવીને ઊભી છે, તારી નહિ, આ તું નહિ. આહા..હા..! એ તો ક્યાંય રહી ગઈ વાત, એની વાત તો અહીં છે જ નહિ હવે.

અહીં તો અંદરમાં એક શુભ વિકલ્પ ઉઠે (કે) આ ભગવાન અનંત ગુણનો પિંડ છે અને એનામાં અનંતા ગુણ છે એવા ભેદરૂપી વિકલ્પની વૃત્તિ ઉઠે એની સાથે એકરૂપ જેવું કર્યું છે, એણે માન્યું છે. **'એકરૂપ જેવું કરવામાં આવતું...'** એમ કીધું. એકરૂપ થઈ જતું નથી. એને માનવામાં એમ થઈ જાય કે, આહા..હા..! આ રાગ ને હું બેય એક છીએ. એટલે કે એ આસ્રવતત્ત્વ અને આત્મતત્ત્વ બે એક છે. રાગ એટલે આસ્રવતત્ત્વ. ભલે દયાનો, દાનનો, ભક્તિનો, વ્રતનો, પૂજાનો, શાસ્ત્રશ્રવણનો ને શાસ્ત્ર કહેવાનો. સમજાણું કાંઈ? એવો જે વિકલ્પ એટલે કષાયનું ચક્ર શુભ-અશુભ, શુભ-અશુભ, શુભ-અશુભ એની સાથે એકરૂપ જેવું કરવામાં આવતું. ભાષા કેવી સમજાય છે? આહા..! એકરૂપ થતું નથી. પણ એની માન્યતામાં એમ માન્યું છે કે, હું રાગવાળો છું, પુણ્યવાળો છું. પુણ્યવાળો એટલે આ પૈસાવાળાની વાત નથી. પૈસા-ફૈસા તો ક્યાંય ધૂળમાં રહી ગયા ઈ ન્યાં ક્યાં એમાં ગરી ગયા છે. આહા..! પણ ઓલા શુભભાવ થાય એવો હું છું એવું એણે કષાયચક્રની સાથે એકત્વપણું માન્યું છે. આહા..હા..! ભારે ભાઈ! સમજાણું કાંઈ?

સાંભળવાનું મળે એ તો પૂર્વના પુણ્ય અને વર્તમાન એ જાતની ક્ષયોપશમની યોગ્યતા અને એ જાતનો સાંભળવાનો વિકલ્પ. પણ કહે છે કે, એ વિકલ્પની સાથે એકપણું જેવું કરવામાં આવે છે. એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આ મિથ્યાત્વની આ વ્યાખ્યા છે. કુદેવ, કુગુરુ, કુધર્મને છોડવા ને સુદેવ માનવા ને એ અહીં તો વાત છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ કષાયનો સમૂહ અંદર વૃત્તિનું ઉત્થાન (થવું). જ્ઞાન-સમુદ્ર ભગવાન આત્મા

વીતરાગી વસ્તુનું સ્વરૂપ, વીતરાગસ્વરૂપ, આત્મા વીતરાગસ્વરૂપ જ છે. આસ્રવભાવથી રહિત છે. એને ઓલા કષાય ને રાગનો ભાવ એની સાથે એક જેવું કરવામાં આવતું. ભાષા પાછી એવી છે કે, કર્મનો, દર્શનમોહનો એનો ઉદય છે માટે રાગ સાથે એક જેવું કરે છે એમ નથી. સમજાણું કાંઈ? શું કરે? કર્મનું જોર હોય (તો વિકાર કરવો પડે). એની અહીં વાતેય નથી. કર્મફળ એને ઘરે રહી ગયા. આ તો અજ્ઞાની રાગના કણને એકસાથે કરવાનું માને છે એ પોતાના ઊલ્ટા પુરુષાર્થથી માને છે. સમજાણું કાંઈ? આમાં કાંઈ કર્મને લઈને છે ઈ આવ્યું આમાં ક્યાંય?

મુમુક્ષુ :-- ભાવાર્થમાં છે.

ઉત્તર :-- એ તો બીજી વાત કહી છે ત્યાં. સમજાય છે કાંઈ? આહા..હા..! '**મોહકર્મના ઉદયરૂપ પિશાચ ધોંસરે જોડે છે,...**' એ તો પોતે ધોંસરે જોડાય છે એટલે જોડ્યો છે એમ કહેવામાં આવે છે. એમ છે.

પોતાના સ્વભાવને ભૂલી એકલો જ્ઞાનનો રસ ને વીતરાગમૂર્તિ આત્મા છે. જેમાં વિકલ્પની વૃત્તિ ઉઠે એ એની જાત જ નથી. એની સાથે એક જેવું કરવામાં આવે છે. ઓલામાં તો એમ કહ્યું, બીજું કહ્યું હતું. મોહ ઉદયરૂપ પિશાચ ધોંસરે જોડે છે. સમજાય છે? ઉદયમાં આવે ત્યારે ઓલો જોડાય છે અંદર એને જોડે છે એમ કહેવામાં આવે છે. જોડે કોણ? કર્મ જડ છે, એને બિચારાને ભાનેય નથી. પોતે જોડાય છે. જડ કર્મ છે એને તો ખબરેય નથી કે, અમે જગતના શું તત્ત્વ છીએ. કોઈ અમે ચીજ છીએ એવું એને ખબર છે? ખબર નથી ઈ બિચારો શું કરે પણ? અને એ ભિન્ન રહીને એમાં પરિણમન થાય. આને કરાવે રાગ એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ?

કહે છે કે, કષાયના સમૂહ સાથે. ભગવાન તો અકષાયસ્વરૂપ છે. ચૈતન્ય જિનસ્વરૂપ છે, એ જિનવરસ્વરૂપ જ આત્મા છે. જિન ને જિનવરમાં અને આત્મામાં કાંઈ ફેર નથી. આહા..હા..! છતાં એનાથી વિરુદ્ધ એવો વિકલ્પનો કણ રાગનો શુભ એની સાથે એકપણું કરવામાં આવતું હોવાને કારણે, '**અત્યંત તિરોભાવ પામ્યું છે...**' શું કીધું? સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે એવું તત્ત્વ પ્રગટ છે અંદર. પણ આ રીતે ઢંકાઈ ગયું છે, કહે છે. રાગની એકતાબુદ્ધિના ભાવમાં રાગ વિનાનું તત્ત્વ ભિન્ન પ્રગટ છે એ ઢંકાઈ ગયું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- એક વાર વધારે કહો..

ઉત્તર :-- ફરીથી લઈએ. કર્મે એને તિરોભાવ કર્યો છે એમ નથી. ફક્ત ભગવાન જ્ઞાન ચૈતન્ય સ્પષ્ટ પ્રકાશમૂર્તિ કે, જે ભેદજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ અનુભવમાં દેખવામાં આવે એવું જ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એનો સ્વભાવ જ એવો છે. છતાં અજ્ઞાની રાગના કણની સાથે એકત્વ બુદ્ધિ કરતો આવી ચીજને એણે તિરોભૂત નામ ઢાંકી દીધી છે. છતી નિધિને

એકત્વબુદ્ધિએ ઢાંકી દીધી છે.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ઈ ઢંકાણો એની દૃષ્ટિમાં આવ્યો નથી ને ઢંકાણો છે. ઢંકાઈ ગયો એને ખ્યાલમાં આ વસ્તુ છે એ તો દૃષ્ટિમાં આવી નહિ. ઢંકાઈ ગયું એ. શેનાથી? રાગની એકતાબુદ્ધિની આડમાં એ ઢંકાઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, કષાય સાથે એકરૂપ કરવામાં આવતો. એનો અર્થ થયો કે, ભગવાન આત્મા અકષાયસ્વરૂપ છે. ખરું ને? અને એ કહ્યું હતુંને પહેલું '**નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું જ--જે સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે...**' એવું એને સાંભળવા મળતું નથી. આહા..હા..! વેપારના ધંધાની વાત આવે કાંઈક, તો હરખ આવી જાય અંદરથી. ઓણ તો પાંચ લાખ પેદા કર્યા. ... ઈ તો સ્થૂળ પાપ અને સ્થૂળની એકતા. આ તો સૂક્ષ્મ રાગ અંદર કણી સ્વભાવથી વિરુદ્ધ એમાં ઉત્સાહથી વીર્ય ત્યાં રોકાઈ જાય, એવા રાગની એકતાબુદ્ધિની આડમાં ભગવાન દેખાણો નહિ એટલે તિરોભૂત થઈ ગયો. આવો છતો છે છતાં તિરોભાવ થઈ ગયો એમ કહે છે. એમ કીધુંને, જુઓને! અંતરંગમાં પ્રકાશમાન છે ભિન્ન આત્માનું એકપણું. આહા..હા..! ભારે કામ ભાઈ. આખું જગત ...

વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા અરૂપી જ્ઞાનઘન, જેમાં કષાયનો કણ અંશ જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ જેની ચીજમાં નથી. સમજાણું કાંઈ? અજ્ઞાની આવી ચૈતન્યમૂર્તિ પ્રકાશપુંજ પ્રભુ અને જે નિર્મળ ભેદજ્ઞાનના પ્રકાશથી સ્પષ્ટ દેખવામાં આવતું એવું, એણે આ રાગની એકતામાં તિરોભૂત કરી નાખ્યું. આ તો આત્માની વાત છે, આ કાંઈ કોઈ રાજા રિસાણો ને રાણીને મનાવે એ વાત નથી, એ બધી કથાઓ. એ આ રાગને કરવો એ બધી વાતું એવીને એવી છે. સમજાણું કાંઈ?

રાગ એટલે આંધળો, ચાહે તો શુભ રાગ હોય તો એ આંધળો અને અજ્ઞાન. એ રાગમાં જ્ઞાનનો, ચૈતન્યનો અંશ એક્કે નથી. સૂર્યના જેટલા કિરણો (નીકળે) એ બધા ઉજળા હોય. કોલસા ન હોય. કોલસાનો કણ નીકળે એમાંથી? એમ ભગવાન ચૈતન્યજ્યોત પ્રભુ, જળહળ જ્યોતિ ચૈતન્ય, જે ભેદજ્ઞાનના નિર્મળ પ્રકાશના પ્રત્યક્ષ દ્વારા દેખવામાં આવે એવી એ ચીજ અને અંતરંગમાં પ્રકાશમય પ્રગટ છે છતાં.. આહા..હા..! ... આવા ભગવાનને એણે તિરોભૂત કરી નાખ્યો, ઢાંકી દીધો કહે છે. શેને લઈને? એ કષાયચક્રના રાગમાં એકત્વપણાની માન્યતાથી. આ ભગવાન ભિન્ન છે તેને તિરોભૂત કરી નાખ્યો, અનાદર કર્યો. આહા..હા..! સમજાય છે કાંઈ?

જૈનધર્મ સૂક્ષ્મ છે. એ જૈનધર્મ એમને એમ વાડામાં આવ્યા અને આ દયાઓ પાળી

ને વ્રત પાળ્યા ને અપવાસ કર્યા માટે ધર્મ થઈ ગયો, એમ નથી. સમજાણું કાંઈ? કહો, કપુરભાઈ! ત્યાં તમારા કલકત્તામાં બધા ભાઈઓ ભેગા થઈને આવી વાતું કરતા હશે ત્યાં? રળવાની વાતું કરે કે આનું આ છે ને આનું આ છે. અર..ર..ર..! ભારે ભાઈ.

અહીં તો એમ કહે છે કે, ધર્મને બહાને આવ્યો સાંભળવા એને પણ એવો ઉપદેશ ત્યાં મળ્યો કે, તને પુણ્યના પરિણામના રાગભાવ કષાયભાવથી તને લાભ થશે. સમજાણું કાંઈ? એવી ઝેરના પ્યાલાની કથાઓ એણે અનંત વાર સાંભળી છે. સમજાણું કાંઈ? પણ જ્યાં અમૃતના પ્યાલા અંદરથી આવે... આહા..હા..! ભારે કામ છે. રાગના વિકલ્પથી ભિન્ન પડીને પ્રત્યક્ષ દેખાય એવો આત્મા એટલે કે જેને અમૃતના ઘુંટડા આવે એવો આત્મા છે. એને એણે અજ્ઞાનભાવમાં એ પુણ્ય આદિના પરિણામમાં એકત્વબુદ્ધિ કરતાં ભિન્નપણાનું ભાન ખોઈ બેઠો ઈ. સમજાણું કાંઈ? '**અત્યંત તિરોભાવ પામ્યું છે...**' જુઓને ભાષા. સમજાણું કાંઈ?

આ લાપસી આદિ નથી રાંધતા? લાપસી રાંધેને? હેઠે લાકડા કાચા હોય અને તપેલામાં લાપસી હોય. લોટ ઓલો થાતો હોય. પછી તો હલાવે આમ હોં! નહિતર ગાંઠા પડી જાય અંદર. પણ થોડીવારમાં ચુલામાં ચારે બાજુથી ઓલા લીલા લાકડાનો ધૂમાડો એકલો દેખાય. તપેલું દેખાય નહિ, લાપસી દેખાય નહિ. એઈ..! આ શું રંધાય છે? કોઈ પૂછે તો કહે આ તો ધુમાડો છે. લીલા (લાકડા) નાખ્યા હોયને, છાણા .... તપેલું મૂક્યું હોય અને ઓલાની ચારે બાજુ ખાલી હોયને થોડો ભાગ.

એમ ભગવાન... આહા..હા..! અંદર અમૃતના ઘુંટડા લાપસીના પીવે એવો એ આત્મા છે. આહા..હા..! પણ એણે આ પુણ્યના, પાપના પરિણામ સાથે એકત્વ કરી અને દેખાતો નથી. છે કે નહિ પણ આ? એઈ..! ઘરનું માણસ કોઈ નવું પૂછવા આવેને, શું મૂક્યું છે પણ આ? એ લાપસી મૂકી છે. દેખાય ધૂમાડો એકલો, ઓલું તપેલું ન દેખાય. આહા..હા..! પ્રગટ છે. સમજાણું કાંઈ? આરે ભારે વાત ભાઈ! આહા..હા..!

શું પણ ટીકા તે કાંઈ...! '**નિર્મળ ભેદજ્ઞાન પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું જ--જે સદા...**' એકપણું સાંભળ્યું નથી એમ કહેવું છેને, સરવાળે ન્યાં લઈ જવું છે. '**જે સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે તોપણ કષાયચક્ર (-કષાયસમૂહ) સાથે એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી અત્યંત તિરોભાવ પામ્યું છે...**' આહા..હા..! આનંદનો નાથ પ્રભુ છે પણ આ રાગના વિકલ્પના દુઃખની આડમાં એને દેખાતો નથી. આહા..હા..! તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ. મોટો ડુંગર હોય આમ જોવે પણ તરણું આડું રાખે આમ (તો) આખો ડુંગર ન દેખાય. છે તો ખરો. એમ ચૈતન્ય-ભગવાન રાગથી ભિન્ન પડી ભેદજ્ઞાનના નિર્મળ પ્રકાશ

દ્વારા પ્રત્યક્ષ થાય, આનંદનું વેદન થાય એવો એ આત્મા છે, એનો સ્વભાવ જ એ છે. એવા ભિન્ન આત્માનું એકપણું જ કે, જેને રાગનો સંબંધ નથી. વ્યવહારની જેટલી ક્રિયાકાંડ કહેવાય રાગ એનો આત્મા સાથે કાંઈ સંબંધ નથી. એ તો નિર્મળાનંદ પ્રભુ છે. સમજાણું કાંઈ? તેને તિરોભૂત કર્યું.

'**તે-પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી...**' પોતે તો આત્મા શું છે એ જાણતો નથી, રાગને પોતાનો કરીને માનીને બેઠો છે. સમજાણું કાંઈ? એની દૃષ્ટિમાં તો રાગ છે. એની ખતવણીમાં તો આત્મા સાથે રાગ છે એમ એની ખતવણી છે. આ લોકો કેટલાય એમ કહે કે, વ્યવહાર કરે તો નિશ્ચય થાય. અરે..! ભગવાન! આ શું થયું? બાપુ! તારું ભગવાનપણું ત્યાં ઢંકાઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્રણ લોકનો નાથ જેની હોડમાં લોકાલોક સમાય નહિ એથી અનંતગુણા હોય તોય જણાય જાય. એવો ત્રણ લોકનો નાથ ચૈતન્ય ભગવાન એને વર્તમાનમાં સદાય આવો છે એમ કીધુંને? છતાં વર્તમાનમાં રાગની એકતાની આડમાં તેને એણે ઢાંકી દીધો. સમજાણું કાંઈ?

પહેલી ગાથાઓ તો અલૌકિક ગાથાઓ છે બધી! આહા..હા..! એકલું માખણ ભર્યું છે. ટાણા આવે તો નાખેને ઈ તો. જવા દે? આહા..હા..! કોણ કહે અને કોણ સાંભળે? એવી વાતું છે આ. હેં? કોણ કહે? આત્મા કહે ત્યાં. આહા..હા..! કહેવું ઈ આત્મામાં છે ક્યાં? અને વાણીને સાંભળવું એ આત્મામાં ક્યાં છે? મૌન રાખવું એ ક્યાં છે? એ તો વાણીને કાળે વાણી નીકળે એને મૌન કરવું એ તો અભિમાન અજ્ઞાનનું થયું. સમજાણું કાંઈ?

એ અંદરમાં ભગવાન દેહદેવળમાં... આહા..હા..! નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી પ્રત્યક્ષ દેખવામાં આવે છે '**એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું જ--જે સદા પ્રગટપણે...**' અંદરમાં હોવા છતાં એ એકને એણે કોઈ દિ' એકપણાને સાંભળ્યું નથી. કેમ નથી સાંભળ્યું? કે, પોતામાં અનાત્મજ્ઞપણું છે, રાગ સાથે એકત્વ કરીને બેઠો છે અને જેને આત્મજ્ઞાન છે એની સેવા કરી નથી. સેવા એટલે આત્મજ્ઞાનીને સાંભળીને એ કહે છે એવું માન્યું નથી. સમજાણું કાંઈ? સેવા આમ કાંઈ પગ દાબવા નથી ત્યાં. રાગેય નથી જ્યાં આત્માનો ત્યાં વળી પગ દાબે શું? કહો, સમજાણું કાંઈ? રામજીભાઈને પગ દાબવા ઓલો આવે છે લ્યો. સુમનભાઈ આઠ હજારનો પગારદાર. પગ જડના દાબે કોણ? અરે.. અરે..! ભારે વાત ભાઈ!

એવી વાત આવે છેને, નહિ? પેશવા રાજા. પછી આ આવ્યા હતાને, શંકરાચાર્ય. શંકરાચાર્ય હતા તે એના પગ ધોતો હતો પેશવા મોટો રાજા. પગ ધોતો હતો એટલે એને રાજાને એમ થઈ ગયું પેશવાને કે, આહા..હા..! આવો રાજા અમને પગ ધોવે અત્યારે એને કેટલો આનંદ હશે, કેટલી મજા હશે! શંકરાચાર્યને કહે છે, કેમ તમે ... આહા..હા..! આવા ત્યાગી, આવા બ્રહ્મચારી. બ્રહ્મચારી હતાને. અને એને એક પેશવો રાજા પગ ધોવે. અરે..! તારા પગ ધોવા,

સાંભળને. આહા..હા..! અમારા જ્યારે શાસ્ત્રના અર્થ ગૂઢ ગહન શિષ્યો ભેગા થઈને એના વિચારના ખોલવટ કરીએ અને એમાં જ્યારે યથાર્થ પદનું અંદર ભાન થાય, એ આનંદ આગળ તારો આનંદ મળે ધૂળમાંય નથી, સાંભળને હવે. ઓલો તો અજ્ઞાની હતો ઈ એમ કહે છે હોં! શંકરાચાર્ય અજ્ઞાની હતા, એને ક્યાં ભાન હતા. પણ એને તો ઓલા શાસ્ત્રના ગૂઢ શબ્દોના ભાવ ખુલતા ન હોય, મેળ ન ખાતો હોય (તો) વિચારમાં પડી જાય, ગુમ થઈ જાય. વેદાંત જેવામાં... અરે..! એમાંથી જ્યારે ખીલવટ થઈને એનો અર્થ ખ્યાલમાં આવી જાય એ વખતે અમને જે પ્રમોદ હોય એ જાતનો, ઈ તારા હવે પગ ધો ને ધૂળમાં ન્યાં ક્યાં આનંદ હતો, સાંભળને. સમજાણું કાંઈ? કપુરભાઈ!

એમ દુનિયા માન આપે, બહુ અભિનંદન આપે ને આહા..હા..! અરે..! ભાઈ! તારા અભિનંદન ને માનમાં ક્યાં હતું સુખ. એ આત્મામાં રાગ રહિત થઈને એકાકાર થતાં જે આનંદ આવે એની પાસે મોટા ઈન્દ્રના પદ પણ સડેલા તરણા જેવા લાગે. અમે તો જગતને તરણા સમાન જાણીએ છીએ. અમને જગતની આત્મા આગળ કાંઈ કિંમત છે નહિ. આહા..હા..! સમજાણું? આવા મોટા કુટુંબવાળો, બે, પાંચ, દસ અબજ રૂપિયા ને ડબલ ઘર સારા, પેદાશું પણ એક એક દિ'ની પાંચ, દસ, દસ લાખની, રોગ કોઈ દિ' આવ્યો નથી, સૂંઠ કોઈ દિ' ચોપડી નથી. ભારે સુખી છે. ધૂળેય નથી હવે સાંભળને. એ બધા દુઃખના ડુંગરામાં માથા ફોડે છે. અમે અમારા આત્માના આનંદ આગળ જગતને તરણા જેવા (જોઈએ છીએ) એમ કહે છે. અહીં આત્મા આગળ રાગને માહાત્મ્ય માને છે ત્યાં ભગવાન આત્માનું માહાત્મ્ય ખોવાઈ ગયું છે. સમજાણું કાંઈ?

પોતાની ચીજ સિવાય ક્યાંય પણ રાગ બીજી ચીજમાં અધિકપણે, વિશેષપણે, વિશેષતા થઈ જાય કહે છે કે, મિથ્યાદૃષ્ટિ ચૈતન્યને ખોઈ બેસે છે. આહા..હા..! ... ઢાંકી દીધો છે. અરે..! ભગવાન આવ્યા ઘરે ભેટો કરવા સામું ન જોયું તેં, કહે છે. હેં? હમણા નહિ, હમણા નહિ. ઊભા રહો થોડી વાર, હું ખાઈ લઉં. ત્યારે મારું શરીર સારું લાગશે. પછી આપણે ભેટા થાશું. હવે મૂકને પડતું. ઓલા નથી કહેતા? લક્ષ્મી ચાંદલો કરવા આવી ને મોઢું ધોવા જાય. હવે મોઢુ ધોયા વિના ચાંદલો કરવા દેને, વઈ જશે ઈ. ન્યાં ક્યાં તારા હાટુ ઊભી રહે એમ છે ન્યાં. આ ભગવાન આત્મા એ આનંદલક્ષ્મી, જ્ઞાનલક્ષ્મી પ્રભુ એકલી સ્વતંત્ર. એકલું જ જુદું છે એમ કહેને, એ તો કહ્યું, એકપણું એ તો વસ્તુ છે. આહા..હા..! ઈ કહે છે, હમણાં નહિ, હમણાં નહિ. ચાંદલો કરવા આવી ને મરી જાઈશ, પાછો નહિ મેળ આવે ફરીને. આહા..હા..! હમણાં એ નહિ. એક કહેતો હતો સાધુ ... વિજય સાથે આવ્યો હતોને? કુંદનવિજય, કુંદકુંદવિજય. ૧૮ દિ' સાંભળ્યું. વાત તો ઠીક લાગે છે પણ આ ભવમાં થાય એવું નથી લાગતું. લ્યો! આ સાધુ. મહાજન, મહાજન. મહાજન નહિ? માંઢાના

કુંદકુંદવિજય. અહીં ૧૮ દિ' સાંભળ્યું. ... તમારો ભાઈ મોટો ઈ ભેગો હતો. સાંભળ્યું, ઓલો કહે, વાત તો સારી લાગે છે, હોં! પણ હમણાં નહિ. પહેલાવહેલા જ્યારે ... સાંભળ્યું, ... બીજી વાર સાંભળ્યું ત્યારે શંકા પડી ગઈ કે વાત બીજી. પહેલાવહેલા સાંભળ્યું. બેચરભાઈના વહુ હતા તે દિ'. બેચરભાઈ છેને? રાજકોટવાળા. ... કેમ મહારાજ, કેવું લાગે છે? બધું સમજાય છે, એકેએક વાત સમજાય છે. કેમ લાગે છે? ... ઓલી બાઈ ખુશી થઈ ગઈ, જાણે બધું સમજાય છે એટલે આહા..હા..! બધું સમજાય છે. કેમ તમને લાગે છે? એઈ..! આ તમારો ... એનો મોટો ભાઈ. શાંતિભાઈથી નાનો. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! ભગવાન તેં આવું જ કર્યું છે, હોં!

કહે છે કે, રાગનો વિકલ્પ જે સ્વરૂપમાં અબંધસ્વરૂપની સાથે રાગનો સંબંધ? બંધ? આહા..હા..! અને એ સંબંધથી આત્મા અબંધપણે થશે. રાગની ક્રિયાથી આત્માનું અબંધપણું પ્રગટશે આ તારી માન્યતા એકત્વબુદ્ધિથી આત્માને ઢાંકી દીધો છે. ડૉકટર! ન્યાયથી તો વાત છે કે નહિ આ? લોજીકથી આ બેસે એવું છે આ. આહા..હા..! અરે..રે..! એણે આત્માને મારી નાખ્યો છે. મારી નાખ્યાનો અર્થ અનાદર કર્યો એ મારી નાખ્યો. છતી ચીજને અછતી કરી અને અછતીને છતી માની, માની. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત. પણ આવા વાણિયા આમ મૂંઝાતા હશે? ડાહી માના દીકરા કહેવાય નહિ? વાણિયા ડાહી માના ન કહેવાય હોં! ગાંડી માના કહેવાય. એવું કહેવાય છે. ભરવાડમાં ડાહી માના દીકરા કહેવાય. ગરાસિયામાં અને ભરવાડમાં વધારે ચાલે. બાયું ડાહી હોય. અને ગાંડી માના વાણિયા એમ કહે. બાયડી એવી ગાંડા જેવી અને આ વાણિયા હુશિયાર ... વાતું ચાલે લોકોમાં. બધી ગપ્પે ગપ્પ ખોટી છે. જૂના માણસ કહેતા. જૂના સાંભળતા નાની ઉંમરમાં.

અહીં તો કહે છે, અરે..! ડાહ્યાનો ડમરો તું ભગવાન ત્રણલોકનો નાથ છોને. એને રાગની સાથે એકત્વ કરીને તેં તો મારી નાખ્યો આત્માને. એ જીવતી જ્યોત ચૈતન્ય આવી એનો અનાદર કર્યો અને રાગનો તેં આદર કર્યો. આહા..હા..! મડદાના આદર અને ચૈતન્યના અનાદર એમ કહે છે. સમજાણું કાંઈ? જયંતિભાઈ! .... આ પૂજા ને ભક્તિ ને વ્યવહાર તો હોયને. એને કહે કે આ તારો રાગ છે અને એમાં ધર્મ નહિ અને રાગની એકતાબુદ્ધિ મિથ્યાત્વભાવ. ખસો અહીંથી, ભાગો અહીંથી. ભાગેલા જ પડ્યા છે સાંભળને હવે. આહા..હા..! અહીં તો કહે છે, કષાય સાથે આવું કરવાથી પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી આત્મા આવો છે એવું તો એને ભાન નથી. અનાત્મજ્ઞપણું છે, રાગને પોતાનો માન્યો, અનાત્મજ્ઞ છે. આહા..હા..! વ્યવહારનો એવો રાગ જે ધર્મને માનવાનો એ મારો એ અનાત્મજ્ઞપણું છે.

'**(-પોતે આત્માને નહિ જાણતો હોવાથી) અને બીજા આત્માને જાણનારાઓની સંગતિ-સેવા નહિ કરી હોવાથી,...**' જાણનારની સંગતિ ન કરી. સંગતિ કરી હોય તો

એ શું કહે છે એનો એને ખ્યાલ આવે, તો તો જ્ઞાન થાય. સત્સંગ એટલે વાસ્તવિક સત્સંગ તો પોતાનો છે પણ બાહ્ય પણ સત્સંગ શું કહે છે એનો એણે સંગ અને સંગતિ કરી નથી. આવું તો અનંત વાર સાંભળ્યું ને સમવસરણમાં ગયોને? એ..ઈ..! અહીં તો ના પાડે છે. સંગતિ કરી નથી. અને એકકોર પાછું કહે કે, સમવસરણમાં અનંત વાર ગયો અને મણિરત્નના દીવે, હીરાના થાળે, કલ્પવૃક્ષના ફૂલે.. જય નારાયણ, જય ભગવાન! એવું અનંત વાર કર્યું. ઈ કર્યું છે એણે પણ ભિન્ન કર્યું નથી. ન્યાં જઈને ધર્મ માન્યો અને એ જ મારું સર્વસ્વ છે એમ માન્યું. આહા..હા..! ભગવાનની પૂજાથી ધર્મ ન થાય તો પછી કોનાથી થાય? સમજાણું કાંઈ? આહા..હા..!

ઓલામાં આવે છેને? ભરતેશમાં, ભરતેશ વૈભવમાં આવે છે. કથામાં નથી આવતું? એમાં ભરતના દીકરાઓ. નેમિ રાજા હતા, એ છોકરાના મામા થાય. નેમિ રાજા વિદ્યાધર વૈતાલ પર્વત ઉપર છેને. મોટા રાજા, મોટા રાજા હજારો રાજા સેવા કરે, દેવો. એ દીકરી દેવા આવેલા. એને ફઈ-મામાના પરણેને. મામાની દીકરી અને ફઈનો દીકરો પરણે. દેવા આવ્યા. એમાં ભરતે એકવાર છોકરાને પૂછ્યું, એલા છોકરાઓ! આ ભગવાનની પૂજા કરીએ, ભગવાનની સેવા કરીએ એ કલ્યાણનું કારણ નહિ? ના. છોકરાઓ કહે છે. અરે..! ભગવાન આપણા પિતા, શરીરના પિતા, ધર્મ પિતા, ત્રણ લોકના નાથ. ઘણા વર્ષે ભગવાન તીર્થંકર થયા. એની સેવા, એની શ્રદ્ધા, એનું જ્ઞાન, એ તરફનું વલણ, વ્યવહાર રત્નત્રય એ મુક્તિનું કારણ નહિ? ના. ત્યારે કહે, રાજા તારો મામો દીકરી દેવા આવ્યો છે તને, એટલે એની સાથે હા પાડે છે તું. ઈ તારો મામો ના પાડે છે કે વ્યવહારથી લાભ થાય નહિ. અરે..! પિતાજી તમારું શું ફરી ગયું આ? પહેલા તમે કહેતા હતા ને કે, વ્યવહારથી લાભ થાય નહિ. તમે કહેતા હતા. વાહ બેટા વાહ! એઈ..! એવા છોકરાઓ હતા. અહીં મોટા આચાર્ય નામ ધરાવે એને કહે કે, એલા રાગથી વ્યવહારથી નિશ્ચય ન થાય, વ્યવહારની હોળી સળગાવે ત્યારે આત્મા પ્રગટ થાય. રાડ નાખે મોટી. એકાંત છે, એકાંત. એ નિશ્ચયાભાસી જીવ છે. વાંધો નહિ, તું તારે કહેને.

(અહીંયા) કહે છે, '**જાણનારાઓની સંગતિ-સેવા નહિ કરી હોવાથી,...**' એટલે? એમણે જે કહ્યું તે એણે માન્યું નહિ. એનો પોતાનો સ્વચ્છંદ છોડ્યો નહિ. આહા..હા..! પર તરફના વલણવાળો રાગ એનાથી લાભ થાય એ વાત એણે છોડી નહિ. એણે સંગતિ કરી નહિ. સમજાણું કાંઈ? આને કારણે માત્ર એક ભિન્ન આત્માનું એકપણું જ કદી પૂર્વે કદી સાંભળવામાં આવ્યું નથી, '**નથી પૂર્વે કદી સાંભળવામાં આવ્યું,...**' લ્યો! આહા..હા..! સાંભળ્યું ત્યારે કહેવાય કે, સાંભળવામાં રાગથી ભિન્ન પાડીને આત્માને અનુભવે એમ કહ્યું હતું, એ વાત એમ કરે તો એણે સાંભળ્યું કહેવામાં આવે. સમજાણું કાંઈ?

આવું માથે લીધુંને માથે? એ પ્રગટ અંતરંગમાં પ્રકાશમાન છે તોપણ આવો આત્મા એને કોઈ દિ' સાંભળવામાં આવ્યો નથી, સાંભળવામાં આવ્યો નથી. આહા..હા..! કેવળી આગળ રહી ગયો કોરો. આવે છેને? ચેતનજી! શ્વેતાંબરમાં આવે છે. પણ અહીં ... અનંત વાર ગયો કીધુંને. સજ્ઝાયમાળા આવે છે એમાં આવે છે. ચાર સજ્ઝાયમાળા છેને? આહા..હા..! એકલું જ્ઞાન સ્વરૂપ જ છે એને આવા વૃત્તિના સંબંધનો ભાવ તે ત્રણ કાળમાં નથી. અને એ સંબંધને લઈને આત્માને લાભ થાય, અબંધ પરિણામ બંધ પરિણામથી પ્રગટ થાય (એમ) ત્રણ કાળમાં ન થાય. સમજાણું કાંઈ?

**'નથી પૂર્વે કદી સાંભળવામાં આવ્યું, નથી પૂર્વે કદી પરિચયમાં આવ્યું...'** સાંભળ્યું નથી તો પરિચય ક્યાંથી હોય. **'અને નથી પૂર્વે કદી અનુભવમાં આવ્યું.'** એને ક્યાંથી અનુભવ્યું હોય. એકપણું ભિન્ન સાંભળવામાં આવ્યું નહિ, પરિચયમાં આવ્યું નહિ તો રાગથી ભિન્ન એવું અનુભવમાં તો ક્યાંથી આવ્યું હોય. **'તેથી ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી.'** રાગથી ધર્મ થાય, રાગથી લાભ થાય, રાગને સંબંધ આત્માનો છે એવી વાતો સુખે, સુલભે અનંત વાર મળી છે. આહા..હા..!

રાગથી ભિન્ન થયે સ્વરૂપને આશ્રયે સ્વભાવથી પ્રત્યક્ષ જ્ઞાન થાય એવો જ એ પ્રભુ છે. એવી વાત એણે સાંભળી નહિ. સાંભળી હોય તો દરકાર કરી નહિ એટલે સાંભળી જ નહિ. પરિચયમાં લીધી નહિ, અંતરમાં ઉતર્યો નહિ, અનુભવમાં લીધું નહિ માટે એક ભિન્ન આત્માનું, માથે હતુંને? ભિન્ન આત્માનું એકપણું જ આવા કારણે એણે સાંભળ્યું નથી. ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી. આહા..હા..! એ વાત કાંઈ સોહ્યલી નથી. એ વ્યવહાર અને રાગથી આત્માને લાભ ન થાય. એ આત્માને આત્માના સ્વઆશ્રયથી લાભ થાય. એ શાસ્ત્ર વાંચવા ને સાંભળવાથી પણ લાભ ન થાય એમ કહે છે. એવી વાત એને મળી નથી માટે એક એ સુલભ નથી. બાકી બધું સુલભ છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૧૨, સોમવાર, તા. ૨૯-૧૧-૧૯૭૧
## ગાથા-૪, ૫. પ્રવચન-૨૪

સમયસાર, જીવ-અજીવ અધિકાર. ૪થી ગાથાનો ભાવાર્થ.

'**ભાવાર્થ :-- આ લોકમાં સર્વ જીવો...**' એકેન્દ્રિયથી માંડીને નિગોદ, લીલ, ફૂગ એ બધા એકેન્દ્રિય જીવોથી માંડીને પંચેન્દ્રિય જીવો, '**સંસારરૂપી ચક્ર પર ચડી...**' કહે છે કે, એ અંદરનો ઉદયભાવ જે આવે, આત્મામાં થાય પુણ્ય અને પાપનો ભાવ એને અહીં સંસારચક્ર કહે છે. આત્માનો સ્વભાવ તો એ સંસારચક્રથી ભિન્ન છે. પણ એવું એને અનંત કાળમાં, ભાન અનંતે કાળે થયું નથી. સર્વ જીવો એ ઉદયના ચક્રમાં ચડ્યા છે કહે છે. પોતાનો આનંદ અને જ્ઞાનસ્વભાવ એમાંથી ખસીને સંસારરૂપી ચક્ર શુભ ને અશુભ, પુણ્ય ને પાપરૂપી ભાવ એ ચક્ર પર ચડ્યા છે. સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવે ત્રણ કાળ, ત્રણ લોક જોયા એમાં આ કહ્યું કે, અરે..! બધા સંસારી જીવો પોતાના સ્વભાવને ભૂલી અનાદિથી જે એમાં નથી, એના ત્રિકાળી સ્વભાવમાં નથી એવા... લ્યો! વીરચંદભાઈ! આ અધિકાર ક્યાંથી આવ્યો? લ્યો, પહેલો પ્રશ્ન. એના સ્વભાવમાં નથી. ત્રિકાળી વસ્તુ ભગવાન આત્મા અને એની શક્તિ ગુણો એમાં એ વિકારનો કોઈ ગુણ નથી. પ્રશ્ન કર્યો હતો ભાઈએ એમ કે આ દ્રવ્ય ગુણમાં વિકાર નથી ને પર્યાયમાં આવ્યો ક્યાંથી? જૂનો પ્રશ્ન છે. ભાઈ! પર્યાયમાં એનો સ્વભાવ પર્યાયનો અવસ્થાનો વસ્તુમાં નથી પણ પર્યાયમાં ઊભું કરેલું પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ એવું ચક્ર નવું ઊભું કરીને તેમાં એ ચોંટ્યો છે, એમાં એ ચડ્યો છે. સ્વભાવ ઉપર આરૂઢ થવું જોઈએ એને ઠેકાણે અનાદિથી કર્મના ચક્રેથી વિકારમાં ચડ્યો છે. સમજાણું કાંઈ?

'**પાંચ પરાવર્તનરૂપ ભ્રમણ કરે છે.**' અનાદિથી અનંતા રજકણોના સંબંધમાં અનંત વાર આવી ગયો, અનંતા ક્ષેત્રમાં અનંત વાર જન્મ્યો, મર્યો. કાળમાં પણ એક એક સમયની અવસ્થામાં અનંત વાર જન્મ્યો ને મર્યો, ભાવ પણ પુણ્ય અને પાપમાં અનંત વાર આવ્યો અને ગયો અને ભવ પણ અનંતા ભવ કર્યા ને ભવ ગયા. એવું ભ્રમણ, પરાવર્તન ભ્રમણ કરે છે. ઓહો..! ચોર્યાશી લાખના અવતારમાં ચાર ગતિમાં રખડી રહ્યો છે કહે છે. '**ત્યાં તેમને મોહકર્મના ઉદયરૂપ પિશાચ ધોંસરે જોડે છે,...**' કર્મનું નિમિત્ત છે એનો ઉદય આવતા તેમાં જોડાઈ જાય છે. એનો અર્થ ઈ છે. મોહકર્મના ઉદય, ઉદય છે એ તો જડ

છે પણ એનામાં જે થયેલો ભાવ એ ઉદયભાવ ચૈતન્યના સ્વભાવનો નથી. એથી મોહકર્મના નિમિત્તે થયેલો પુણ્ય અને પાપનો ભાવ એવું ઉદયરૂપ ભૂતડું, પિશાચ એને ધોંસરે જોડે છે. આ કરું... આ કરું... આ કરું... આ કરું... આ કરું... એમ બળદની પેઠે અનાદિથી પુણ્ય-પાપના ભાવના ભારને વહે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ... ઈ તો વળી અત્યારે આ છે. ઘોડાની પેઠે દોડવું ને એમ કહે છેને, કૂતરાની પેઠે ભસવું. આ મુંબઈમાં જુઓ તો આ હોળી સળગતી હોય. બધે કલકત્તાય એવું છેને. હેં? કારણ કે જગ્યા ઘણી લાંબી છેને. અહીં પૂરી જગ્યા નહિ. મુંબઈમાં બહુ. આહા..હા..!

અહીં તો પરમાત્મા તીર્થંકરદેવે કહેલું સંતો જગતને કહે છે કે, ભાઈ! તારું સ્વરૂપ તો આનંદ અને જ્ઞાનનું ધામ છે કે, જે જ્ઞાન ને આનંદની દશા પ્રગટ પૂર્ણ થતાં એને સિદ્ધદશા થાય છે એવું તારું સ્વરૂપ છે. એને છોડીને અનાદિના પ્રાણીઓ એ કર્મના નિમિત્તથી થતાં વિકારી ભાવો પુણ્ય અને પાપ, સ્વભાવભાવથી નહિ થતાં એવા પુણ્ય-પાપના ભાવમાં પિશાચરૂપી ધોંસરું, પિશાચ એને ધોંસરે જોડે. મિથ્યાત્વ એટલે રાગ ને પુણ્ય મારા એવી માન્યતાથી મિથ્યાદષ્ટિ પુણ્ય-પાપના ભાવને વહે છે. ધોંસરે જેમ બળદ ભાર ઉપાડે, એમ આ પુણ્ય-પાપનો ભાર ઉપાડે છે. કહો, સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! બરાબર હશે આ? આહા..હા..!

જુઓ! આ જગતથી વાત ઊંધી છે. જગત કહે છે કે, કાંઈક પુણ્યભાવ કરીએ તો આગળ વધાય અને કલ્યાણ થાય. ભગવાન કહે છે કે, એમ માર્ગ નથી ભાઈ! એ પુણ્ય અને પાપના બેય ભાવ વિકારને ભૂતડું મિથ્યાત્વનું એને જોડી દીધા. આ કરું, આ કરું. એના અસ્તિત્વમાં નથી. જીવ-અજીવ અધિકાર છેને. ભગવાનઆત્મા તો જ્ઞાન અને આનંદનો કંદ છે. સમજાણું કાંઈ? એની સત્તાના સ્વભાવમાં એ પુણ્ય-પાપ છે જ નહિ. પણ કર્મના નિમિત્તમાં જોડાતા સ્વભાવનું જોડાણ અનાદિથી છૂટી ગયેલું છે. આહા..! ચાહે તો અશુભભાવ હો કે શુભ બે ચક્રમાં પિસાઈ ગયો છે. સમજાણું કાંઈ? ભારે લાગે આ.

**'તેથી તેઓ વિષયોની તૃષ્ણારૂપ દાહથી...'** એટલે? અંતરના અણીન્દ્રિય સ્વભાવને છોડી અને પાંચ ઈન્દ્રિયના વિષય તરફ ઝુકી ગયો છે, આમ ઝુકી ગયો છે. સમજાણું કાંઈ? તૃષ્ણા ઉઠી એમાંથી. મિથ્યાત્વના પિશાચે ધોંસરે જોડ્યો એને પુણ્ય-પાપમાં એથી એની તૃષ્ણા ફાટી. પરને સાંભળવું, પરને જોવું, પરને સુંઘવું, પરને સ્પર્શવું એવી તૃષ્ણારૂપી દાહથી જગત આખું પીડિત, દુઃખી છે. કહો, સમજાણું કાંઈ? સાધુ થઈને બહારથી બેસે, નગ્ન મુનિ થાય, વસ્ત્ર-પાત્ર છોડે, મુનિ સ્ત્રી છોડે પણ ઊંડાણમાં એને રાગનો ભાવ છે એના ઉપર એ ચડેલો છે ઈ. આહા..હા..! એને પણ એ બહારની તૃષ્ણા વિષયની છે. અંદરના ભાવનો ભાવ-ભાવના નથી. ભારે વાત. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંતર આનંદ અને જ્ઞાનનું ધામ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરે જોયો એવા અનંત આત્માઓ છે. એવા અંતરના જ્ઞાનના સ્વભાવભાવના સંતોષિત આનંદને વિષય ન કરતા, એનો વિષય ન બનાવતા રાગને પોતાનું માનીને એ બહારની તૃષ્ણાના વિષયમાં જોડાઈ ગયો છે. આહા..હા..! ભારે વાત ભાઈ! એઈ..! અહીં તો શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શ પાંચેય તરફના ઝુકાવને પરવિષય કહે છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, રાજપાટ કે ધંધાના વિષયમાં જોડાય રાગથી. ધંધો તો ધંધાથી થાય. સમજાણું કાંઈ? એમ અહીંયાં કહે છે કે, ધર્મશ્રવણના ભાગમાં પણ જોડાઈને મિથ્યાત્વરૂપી ભૂતડે એને પર વિષયમાં જોડાણ કરાવી નાખ્યું છે. પ્રેમચંદજી! બહુ વાત આકરી ભાઈ! આહા..હા..!

ભગવાન ત્રણ લોકના નાથ અને ભગવાનની વાણી એ પણ પરવિષયમાં જાય છે. સમજાણું કાંઈ? એમ ભગવાન પોતે કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ કેવળીએ જોયો એ હોં! બીજાઓ એ આત્માને જોઈ શક્યા નથી. સર્વજ્ઞ પરમેશ્વર સિવાય કોઈએ આત્મા જોયો જ નથી, અન્ય અજ્ઞાનીઓએ. જેના મતમાં સર્વજ્ઞપણું નથી એના મતમાં આત્મા શું છે એ જોવામાં આવ્યો નથી. સમજાણું કાંઈ? આવ્યો નથી.

ઈ કહે છે કે, તેઓ વિષયોની તૃષ્ણા.. બહારનું સાંભળવું, જોવું, સુંઘવું, સ્પર્શવું, રસના સ્વાદમાં લક્ષ પરના વિષયમાં જોડાઈ ગયા છે, દાહથી પીડિત છે, એ તૃષ્ણાની બળતરાથી પીડાયેલા છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેણે એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ પુણ્ય છે એમાં જે જોડાઈ ગયા છે તે મિથ્યાદૃષ્ટિ છે. ભારે આકરું ભાઈ! અને એની દૃષ્ટિ પર ઉપર જ જાય છે. એ અંતરમાં વળતો નથી. અને પર ઉપરના વલણથી મને લાભ થશે એવી મિથ્યાત્વરૂપી ભૂતડે ધોંસરે જોડીને તૃષ્ણા ફાટી નીકળી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને તે દાહનો ઈલાજ ઈન્દ્રિયોના રૂપાદિ વિષયોને જાણીને...'** એ દાહ જે થાય છે એને એમાં ઉપાય આ કરું તો મને તૃષ્ણા મટે. આ જોઉં, આ સાંભળું, આ દેખું, આ સુંઘું તો મને મારી તૃષ્ણા મટે. એમ **'ઈન્દ્રિયોના રૂપાદિ વિષયોને જાણીને...'** બહુ સંકેલ્યું છે. આકરો માર્ગ છે ભાઈ! ઓલા વળી એમ કહે છેને, લ્યો! તમે અધ્યાત્મની વાતું કરો ને વળી પાના ફેરવ્યા કરો છો જડના. અરે..! ભગવાન! ભાઈ! પાના કોણ ફેરવે તને ખબર નથી. એ તો જેના અંદરમાં પર તરફના વલણવાળો ભાવ એકત્વબુદ્ધિએ ચડ્યો છે એ પરમાંથી મને કાંઈક લાભ થશે એમ જાય છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ. વીતરાગનો માર્ગ બહુ ઝીણો છે ભાઈ! દુનિયાને બીજું મળ્યું છે. એને ભગવાનને નામે આપ્યું છે બીજું. રાગની ક્રિયા વ્હોરાવી છે એને અને માન્યો છે કે વીતરાગનો આ ધર્મ છે. આહા..!

એ વિષયોને જાણી, ઈચ્છા ઉત્પન્ન થતાં એ પરના તરફના વલણમાં જાય છે. **'તે પર**

દોડે છે;...' અંદરમાં તો એમ આવ્યું હતું કે, વિષયોનું ઘેરો ઘાલે છે, ઝપટ મારે છે કે, આ સાંભળી લઉં, આ જોઈ લઉં, આ કરી લઉં, આ કરી લઉં. એમ. આહા..હા..! '**તથા પરસ્પર પણ વિષયોનો જ ઉપદેશ કરે છે.**' પર તરફના ઝુકાવવાળી જ વાત કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ બધા ઉપદેશકો અને ઉપદેશના સાંભળનારા એ બધો એવો જ ઉપદેશ કરે છે કહે છે. 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા...' આવે છેને? 'ભાવ ધર્મ રુચિ હીણ, ઉપદેશક પણ તેહવા, શું કરે જીવ નવીન' કૂવામાં હોય એ અવેડામાં આવે. એમ ઉપદેશક પણ એવા. કરો, વ્રત પાળો, અપવાસ કરો, તપસ્યા કરો, આ કરો, આ કરો. બહારના પરના વિષય તરફના ઝુકાવ છે. એ.. ચેતનજી! તમારા ઓલામાં તો એમ કહે છે, વ્યવહારનો ઉપદેશ.. શું કીધું? પોષો. અહીં કહે છે, ઈ આવા જ ઉપદેશક છે બધા. આહા..હા..! ગજબ વાત છે ભાઈ! સમજાણું કાંઈ? વ્યવહારની દેશના દેવી, વ્યવહારના પ્રાણ પોષવા. કંઈક કહે છે અગિયાર કે એવા કંઈક. ઓગણીસ નહિ, અગિયાર. એવું સાંભળ્યું હતું. અગિયાર, ... પણ અગિયાર એમ કો'ક કહેતું હતું. અરે..રે..! વાડ વેલાને ખાય, વેલાને ક્યાં જાવું? એમ ઉપદેશક જ આવા મળ્યા. ધ્રુવ પૂર્ણાનંદ પ્રભુ તરફ ઝુકાવ જોઈએ અને એમાં નિર્વિકલ્પતાની પર્યાય જોઈએ, એ ધર્મ છે. એને ઠેકાણે આ સવિકલ્પ દશામાં જોડાઈને બહારમાં ઝુકાવ કરી નાખ્યો કે આ કરો ને આ કરો ને આ કરો, આવી પૂજા કરો ને આવી ભક્તિ કરો ને આવી જાત્રા કાઢો ને સમ્મેદશિખર જાઓ ને શેત્રુંજય જાઓ ને અપવાસ કરો ને વ્રત કરો ને એના ઉજવણા કરો. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ. એ પર તરફના વિષયમાં જ જેનો ઝુકાવ થઈ ગયો છે કહે છે. ભીખાભાઈ! ભારે ઝીણું હોં!

ઓહો..હો..! આચાર્યોએ હૃદયને ઠાલવ્યા છેને અંદર! વાહ! પ્રભુ! તું કોણ છો? તું તો વીતરાગ સ્વરૂપે છો, અંતરમાં એકલો વીતરાગનો રસ તે આત્મા. એમાં વળી આ કષાયનો કણ આવ્યો ને એમાં જોડાઈને પર તરફના ઝુકાવમાં તને લાભ માન્યો એ બધો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! ઝીણી વાતું બહુ ભાઈ! આ લોકોને મળી ન હોયને એટલે લોકો (એમ કહે), એ સોનગઢવાળા તો વ્યવહારનો નાશ કરે છે. હવે ભગવાન! સાંભળ તો ખરો હવે. તને ખબર નથી. આ શું કહે છે આ? વ્યવહાર છે એ પરવિષયનો ભાવ છે. એઈ..! બરાબર છે?

આ આત્માનો સ્વભાવ જે નિશ્ચય છે એ તો સ્વવિષયથી પ્રાપ્ત થાય છે. એ પરવિષય કરે અને સ્વવિષય પ્રાપ્ત થાય (એમ બને નહિ). કહે છેને, વ્યવહાર કરો, વ્યવહાર સુધારો, વ્યવહાર સુધારો. કોલસાને ધોઈ ધોઈને સુધારો તો કોલસા ધોળા થાય. ધોએ કોલસા ન ધોળા થાય, બાળ્યે ધોળા થાય. એમ ક્રિયા કરો, આવી કરો, આવી કરો, વ્રત પાળો, અપવાસ કરો, .... આ પજોસણમાં તો કેટલા મોટા વરઘોડા કાઢે. મુંબઈમાં તો ઘણા હોયને, બગીઓ, ઘોડાગાડીઓ, મોટરો ને ઠાઠ જામ્યા હોય. જાણે કે, આહા..હા..! શું પણ ધર્મની પ્રભાવના!

ધૂળેય નથી પ્રભાવના, સાંભળને. બહારની ક્રિયા તો જડની છે, એમાં તારા વલણનો ભાવ હોય તો રાગ છે. એ પર તરફમાં ઝુકાવીને બળદની પેઠે ભાર વહેવડાવે છે. સમજાણું કાંઈ? એ વ્યવહારના રુચિવાળા બળદની પેઠે વિકારનો ભાર વેઠે છે. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગનો માર્ગ આખા જગતથી જુદો છે. સમજાણું કાંઈ?

કહે છે, અરે..! એ પરસ્પર પણ વિષયોનો જ ઉપદેશ કરે છે. એટલે પર તરફના વલણવાળો જ ઉપદેશ છે અજ્ઞાનીનો. વ્યવહારનો ઉપદેશ એનો અર્થ ઈ. કહો, સમજાણું કાંઈ? અને સાંભળનારને એ સારું લાગે. હા, ઈ વાત સાચી. આ તો સોનગઢમાં તો કહે, આત્માને અંદર ઓળખો, આત્માનું ધ્યાન કરો, પર તરફના વલણમાં રાગ થાય છે. અહીં તો કહે છે, ભગવાનનું સાંભળવામાંય રાગ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ઓલી વાત થઈ હતી, વીરચંદભાઈની. જાય છેને, રતનચંદજી. મોક્ષમાર્ગ માનો છો કે નહિ તમે? ... ઈ કહે, નહિ. ખોટી વાત છે. માંહોમાંહે ઠેકાણા ન મળે. મોક્ષમાર્ગ ... નહિ. કારણ કે, એક, બે ભૂલ કાઢી હતી. છાપામાં આવ્યું હતું. અરે..! એક, બે ઠેકાણે કોઈ તને ન મળતું હોય એથી કરીને... અને આ સવારે ચાલ્યુંને? નિયમસારની ટીકા, એ કહે, અમારે માન્ય નથી. એ આચાર્યનું કથન છે, આ તો પદ્મપ્રભમલધારી મુનિનું કથન છે. લ્યો ઠીક. કુંદકુંદાચાર્યની ગાથામાં કહે છે કે, એક સમયે એક ઉપયોગ ને બીજે સમયે બીજો એમ માનનાર તે મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. એ તો કુંદકુંદાચાર્ય કહે છે. એણે તો એનો ખુલાસો કર્યો છે. એ તો ભેદથી વાત કરી છે સંસારીની. એમ કે આચાર્યનું માન્ય છે. પણ કુંદકુંદાચાર્ય કહે છે એ શું? એ ખોટા ઠરાવી શકતા નથી, તૈયારી નથી. આહા..હા..!

મુમુક્ષુ :-- ખોટા છે એમ માને છે પણ બોલી શકતા નથી.

ઉત્તર :-- બોલી શકતા નથી અંદરથી. આહા..હા..! કુંદકુંદાચાર્ય બોલે ખરા, મંગલમ ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,.. અંદરમાં... હવે એને ખોટા ઠરાવવા, એના અર્થો ફેરવવા. આહા..હા..! ભાઈ! એમાં તું છેતરાઈ જઈશ, બાપુ! તને શાંતિ નહિ મળે. સમજાણું કાંઈ? ટોડરમલે કામ કર્યા છે, એને આચાર્યકલ્પ ઠરાવ્યા છે. હવે એને આ કહે છે કે, નહિ. કારણ કે, એની દૃષ્ટિ પ્રમાણે એનો અર્થ મળતો નથી. એ તો ચોખ્ખું કહે કે જે રાગભાવ છે ભગવાનની શ્રદ્ધા આદિનો એ પુણ્ય છે, જો એને ધર્મ માન્યો તો મિથ્યાદૃષ્ટિ છો.

મુમુક્ષુ :-- ઘાતક છે.

ઉત્તર :-- બધું છે. ઘાતક છે એને તું સાધક માન. સમજાણું કાંઈ? ન બેસે વીતરાગ માર્ગ. રાગથી કાંઈક લાભ થાય... ખૂબ લખ્યું છે, આજે આવ્યું છે. કોઈકે પૂછ્યું છે. સ્વાધ્યાય એ તપ છે, અસંખ્યગુણી નિર્જરા થાય છે અને અમૃતચંદ્રાચાર્ય આમ કહે છે, કુંદકુંદાચાર્ય આમ કહે છે, વીરસેનસ્વામી આમ કહે છે, બધા નાખ્યા છે. ભાઈ! એ તો આત્માને લક્ષમાં

રાખેલો છે અને એ જાતનો સ્વાધ્યાય આદિ હોય છે તેથી એને સ્વના આશ્રયનું ધ્યાન છે એટલી નિર્જરા છે. સ્વાધ્યાય તરફનો વિકલ્પ છે જેટલો એ તો પુણ્યબંધનું કારણ છે. આહા..હા..!

મુમુક્ષુ :-- એમાં ચોખ્ખું કીધું છે, જયધવલમાં એમ જ લીધું છે.

ઉત્તર :-- આવે છે. એ દાખલો આપ્યો છે. બધો આપ્યો હતો.. શુભ અને શુદ્ધથી નિર્જરા થાય. ઈ બધું છે. અમને આવડે અર્થ એવા બીજાને નથી આવડતા. અમે પાવરધા છીએ. આહા..હા..!

અહીં તો અજ્ઞાનીઓ માંહોમાંહે વ્યવહાર કરો ને વ્યવહારથી લાભ થાય એવો જ ઉપદેશ આપે છે. એ પરના વિષય તરફ ઝુકાવવાનો ઉપદેશ છે. આહા..હા..! ભારે વાત ભાઈ! પંડિતોથી લાભ ન થાય પરમાં એમ કહે છે અહીં. તો પછી પંડિતોને માન કોણ આપશે? ભણી ભણીને મોટા થયા હોય. આ પ્રોફેસર છે સંસ્કૃતના, મોટા પંડિત છે મોટા. અહીં ઠરી ગયા હવે. આહા..હા..! આઠ દિ', પંદર દિ' સાંભળે તો ખબર પડે કે, આ શું છે આ. એમને એમ ઊંટને દેખીને ભાગે એમ ભાગે.. આ તો નિશ્ચયની વાત કરે છે, વ્યવહારનો લોપ થાય છે. હવે સાંભળ તો ખરો પણ, નિશ્ચય અને વ્યવહાર તારે ક્યાં છે. સમજાણું કાંઈ? એકલો જ્યાં પર તરફના વલણનો જ જ્યાં ભાવ (છે) ત્યાં વ્યવહાર પણ ક્યાં અને નિશ્ચય પણ ક્યાં છે. આહા..હા..!

અહીં કહે છે, માંહોમાંહે એ જ ઉપદેશ કરે છે. **'એ રીતે કામ (વિષયોની ઈચ્છા)...'** વિષય શબ્દે એમ માનેલું કે, આ સ્ત્રી, રળવું એ વિષય. પણ વિષય શબ્દે આ પાંચેય ઈન્દ્રિય તરફના વલણનો ભાવ એ બધો વિષય જ છે. આહા..હા..! આ તો ભગવાનની પ્રતિમાને જોવી એ પણ વિષય છે એક, ત્યાં શુભભાવ થાય છે. ગજબ વાત! ધર્મ થતો નથી કાંઈ. એ તો પાપના પરિણામથી બચવાનો ભાવ હોય જ્યારે શુભ ત્યારે એનું લક્ષ ત્યાં જાય, છતાં એ છે બંધનું કારણ. ગજબ વાત છે. સમજાણું કાંઈ?

**'એ રીતે કામ (વિષયોની ઈચ્છા) તથા ભોગ (તેમને ભોગવવું)...'** નથી આવ્યા? ક્યાં ગયા કોઠારી? જતા રહ્યા. સવારે પૂછ્યું હતું, પૂછ્યું હતું સવારે. કહે છે, એ રાગનું કરવું અથવા રાગનું અસ્તિત્વ આત્મામાં માનવું અને રાગ માટે પર તરફના ઝુકાવમાં જાવું. રાગ તે પર તરફનો જ ઝુકાવ હોય, રાગમાં કાંઈ સ્વ તરફનો ઝુકાવ હોય નહિ. એથી રાગનું કરવું અને એનું ભોગવવું. આહા..હા..! અરે..! મહાવ્રતના પરિણામ. કહ્યું હતું નહિ, એક ફેરી નહિ? રાતે જ કહ્યું હતું ભાઈને, સંઘવી લક્ષ્મીચંદભાઈને. ૧૯૮૫માં હજારો માણસ, બોટાદમાં તો બહુ માન હતુંને. ૮૫ની સાલની વાત છે. પોષ મહિનો હતો. વ્યાખ્યાન ચાલતું હતું, માણસો ખીચોખીચ ભરાય, લઈને બેસીએ વ્યાખ્યાન કરવા એટલે લોકો મકોડાની પેઠે

નીકળે. બહાર માણસ, અપાસરાની પાછળ, બારીની પાછળ ... હતુંને, ત્યાં. એમાં આટલું જરી કહ્યું હતું, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. કેમકે બંધનું કારણ એ ધર્મ હોય નહિ. અને પંચ મહાવ્રતના પરિણામ તે આસ્રવ છે. બસ, આટલા બે બોલ કહ્યા હતા. ૮૫(ની સાલ). ૪૩ વર્ષ થયા. સમજાણું કાંઈ? બીજા તો બધા સાંભળે, બધા બેઠા હતા, શિવલાલ ગોપાલ, રાયચંદ ગાંધી, ઉજમશીભાઈ ને બધા તે દિ' તો ત્યાં હતાને. ... ઉઠ્યા, વોસરે.. વોસરે.. બપોરે વ્યાખ્યાન પછી કહ્યું, બેસી રહેવું હતુંને, તમને કોણ કહેતું હતું ન્યાં? તમે શું કીધું સાંભળ્યું કોઈએ? મને ખબર છે, તમને ગોઠ્યુ નહિ અને તમે વોસરે વોસરે કર્યું. વીર્યહીન હતા ભાઈ. વ્યાખ્યાન પછી મેં કહ્યું. બેસી રહેવું હતું ને! દબાઈ જાય, વીર્ય ન મળેને. બેસી રહેવું હતુંને, તમારે ન માનવું. આવું કર્યું, કર્યું એટલે શું? લોકોએ માન્યું તમારું? લોકોને ખબર છે કે તમે શું કર્યું? કેમ ગયા હશે? આ ૮૫ના પોષ મહિનાની વાત છે. આહા..! લોકોને તત્ત્વની વાત (સાંભળવા મળે નહિ). સાધુ નામ ધરાવે પણ બિચારા ઘુંચી ગયા છે મિથ્યાત્વમાં. સમજાણું કાંઈ? આહા..હા..!

દિગંબરમાંય અત્યારે એ ચાલે છે. ... આ કરો, આ કરો, આ કરો.. ઓહો..હો..! આવ્યા હતા અહીં. મહાવીરકીર્તિ પાલિતાણા. ભાઈ કાલે ગયા હતાને. ઈ ઉતરતા હતા જાત્રા કરીને. અરે..! ભગવાન! એ બહારની પ્રવૃત્તિ નગ્નપણાની અને એમાં કોઈ રાગની મંદતા હોય તો એ બધો ભાવ સંસાર છે. આહા..હા..! અને એમાં એ રાગથી લાભ માનવો એ તો મિથ્યાત્વરૂપી ભૂતડું છે મોટું. આહા..હા..! શાસ્ત્રમાં તો આવ્યું છેને, રાગ તે નપુંસકનું કાર્ય છે. પુણ્ય-પાપ અધિકાર. ક્લિવ છે. રાગને રચવો એ નપુંસક છે. ભગવાનનું વીર્ય રાગને રચે આત્માનું? એ તો સ્વરૂપની રચના કરે. આહા..હા..! સમજાણું કાંઈ? સોગાનીએ લખ્યું છે એક ઠેકાણે, રાગને કરવું એ નપુંસકતા છે અને એ રાગ કરવા જેવો માનવો એ નપુંસકની નપુંસકતા છે. એ તો મિથ્યાત્વની. સમજાણું કાંઈ?

અહીં કહે છે, આહા..! આવા રાગની વાતું અને પર તરફના ઝુકાવના ભાવોની વાતું, **'એ બેની કથા તો અનંત વાર સાંભળી,...'** છે. એ કાંઈ નવી નથી. આહા..હા..! **'પરિચયમાં લીધી...'** એની ટેવ પણ પડી ગઈ છે. સાંભળવું ને જોવું ને આ કરવું ને એનાથી આ થાશે ને.. સમજાણું કાંઈ? અરે..! આ શાસ્ત્રના પાના ફેરવીને એમાંથી જ્ઞાન થાશે એ પણ મિથ્યાત્વભાવ છે. આમાં ક્યાં જ્ઞાન છે? આ તો પાન જડ છે. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! વળી પાછા લઈને બેસે કે, સમયસાર અને ભગવાનની મૂર્તિ. સાંભળને ભાઈ તું. આહા..હા..! એ પરચીજ તો પરચીજને કારણે ત્યાં ઉપસ્થિત થાય છે, આત્માને કારણે નહિ. આહા..હા..! ભારે આકરું કામ.

કહે છે, અરે..! અનંત વાર એ રાગની વાતું, પુણ્યની વાતું અને પુણ્યના વલણ પર

તરફ જાય એ ભાવો અનંતા તેં પરિચયમાં લીધા અને અનુભવમાં લીધા છે. આહા..હા..! **'અને અનુભવી તેથી સુલભ છે.'** એ તો બધાને સુલભ મળે છે. આહા..હા..! કહો, સમજાણું? **'પણ સર્વ પરદ્રવ્યોથી ભિન્ન...'** પણ ભગવાન અંદર ચૈતન્ય સ્વરૂપ શરીર, વાણી, કર્મ, પરદ્રવ્યથી તદ્દન જુદી ચીજ છે આત્મા. **'સર્વ પરદ્રવ્યોથી ભિન્ન એક ચૈતન્યચમત્કારસ્વરૂપ, ચૈતન્યચમત્કારસ્વરૂપ પોતાના આત્માની કથાનું...'** પાછી ભાષા જુઓ! છે કેવો? એ તો ચૈતન્યચમત્કાર, જ્ઞાનસ્વરૂપનો ચમત્કાર ઈ. જેના જ્ઞાનમાં એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાય એવો ચૈતન્યચમત્કાર ભગવાન આત્માનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

**'એ ચૈતન્યચમત્કારસ્વરૂપ પોતાના આત્માની...'** પોતાનો આત્મા ચૈતન્યચમત્કારસ્વરૂપ એમ સિદ્ધ કર્યું. કેવો છે આત્મા? એ પુણ્ય-પાપના રાગ ને પરના વિષયના સંબંધવાળો એ આત્મા નથી. આહા..હા..! હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ત્રિકાળી, ત્રિકાળી. ચૈતન્યચમત્કાર ભગવાન આત્મા. જેમ સાકર ગળપણનો જ પિંડ, અફિણ કડવાશનો જ પિંડ, મીઠું ખારાપણાનો જ પિંડ. એમ ભગવાન ચૈતન્યચમત્કારનો જ પિંડ છે. ચૈતન્યથી ઓળખાવ્યું જોયું? ચેતનને ચૈતન્યચમત્કારસ્વરૂપ પોતાનો આત્મા. આત્મા એટલે ચેતન એ કેવો છે? કે, ચૈતન્યચમત્કારસ્વરૂપ છે એ તો. એકલો જાણનાર-દેખનાર સ્વભાવ ચૈતન્યચમત્કાર. એના એક ક્ષણમાં ત્રણ કાળ, ત્રણ લોક સમાય છતાં ખાલી એટલો ભાગ રહે કે આવી જાય એથી અનંતગુણું હોય તોપણ. સમજાણું કાંઈ? જાણનારના સ્વભાવમાં મર્યાદા શી? ત્રણ કાળ, ત્રણ લોક તો છે પણ એથી અનંતગુણો કાળ અને અનંતગણું ક્ષેત્ર હોય તોપણ (જાણી લે એવો) એનો જાણવાનો સ્વભાવ છે. રાગનું કરવું ને પુણ્યનું કરવું અને એનું ભોગવવું એનું સ્વરૂપ નથી. આહા..હા..! ઓહો..! એક ચૈતન્યચમત્કારસ્વરૂપ પોતાનો ભિન્ન એકરૂપ આમ વસ્તુ. પોતાના આત્માની હોં! એમ પાછું. ભગવાનના આત્માની એના ઘરે રહી. નિજ સ્વરૂપ ભગવાન જેવો સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરે કહ્યો અંદર. નિજ સત્તાએ શુદ્ધ સૌને દેખતા. કહો, સમજાણું કાંઈ? સ્તુતિમાં આવે છેને? 'પ્રભુ તુમ જાણગ રીતિ' સર્વજ્ઞ પરમેશ્વરને કહે છે કે, હે નાથ! કેવળીને, 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા, નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા.' ભગવાન આત્મા મારો અને બધામાં નિજ સત્તાએ શુદ્ધ છે એમ આપ જોવો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવો એની કથાનું જ્ઞાન, આત્મકથાનું જ્ઞાન. એ આત્મા કેવો એમ વર્ણવ્યું. ચૈતન્યચમત્કારસ્વરૂપ પોતાનો આત્મા. એ રાગવાળો ને પુણ્યવાળો ને કર્મવાળો આત્મા એમ નથી અહીં. સમજાણું કાંઈ? આહા..હા..! રાગવાળો આત્મા એ માન્યતા જ મિથ્યાત્વ છે.

સમજાણું કાંઈ? આહા..હા..! '**પોતાના આત્માની કથાનું જ્ઞાન પોતાને તો પોતાથી કદી થયું નહિ,...**' એ સ્વરૂપનું જ્ઞાન, ભગવાન આત્મા એનું જ્ઞાન પોતાથી, પોતાને કદી થયું નહિ. અનંત કાળમાં રખડવામાં મુનિવ્રત અનંત વાર લીધા, સાધુ અનંત વાર થયો દિગંબર. આ લુગડાવાળાને તો સાધુય કહેતા નથી વ્યવહારે પણ. સમજાણું કાંઈ? માર્ગ આવો છે ભાઈ! પણ જે દિગંબર મુનિ અઠ્યાવીસ મૂળગુણ પાળનાર, જંગલમાં વસનાર, આમ ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે, પણ છે મિથ્યાદૃષ્ટિ. કેમકે રાગ ઉપર દૃષ્ટિ ને રાગની ક્રિયા તે હું એમ માન્યું છે. સમજાણું કાંઈ?

એથી કહે છે કે, એવા જીવને અનાદિથી પોતાની આત્મજ્ઞાનની વાત (સાંભળવા મળી નથી), પોતાને પોતાનું કદી જ્ઞાન થયું નથી. '**પોતાને તો પોતાથી કદી થયું નહિ, અને જેમને તે જ્ઞાન થયું હતું તેમની સેવા કદી કરી નહિ;...**' એટલે કે જે એ કહેવા માગે છે એ એણે શ્રદ્ધામાં લીધું નથી. સેવા કરી નથી એટલે વાણીની સેવા કરવી છે? એઈ..! વાણી ક્યાં હતી આત્મા? રાગેય ક્યાં આત્મા છે? એ તો અહીં વાત કરે છે. રાગ એ આત્મા છે? રાગની સેવા કરવી છે? એમણે કહ્યું કે, આ આત્મા... સર્વજ્ઞે કહ્યું એવું સંતોએ, જ્ઞાનીએ કહ્યું. ભાઈ! આ રાગથી ભિન્ન આત્મા છે. કહો, સમજાણું કાંઈ? માન્યું નહિ, માન્યું નહિ. વેઠ છે આ, રાગથી ભિન્ન, રાગથી ભિન્ન અત્યારે હોય? એ તો કેવળ થાય ત્યારે હોય. દસમા ગુણસ્થાન સુધી રાગ છે. નથી ભગવાન કહેતા? અરે..! સાંભળને. એ રાગથી ભિન્ન ત્રણે કાળે છે. આહા..હા..! રાગ તો આસ્રવ છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ તો આસ્રવ છે. એનાથી તો ત્રણે કાળે જુદો છે. આહા..! સમજાણું કાંઈ?

જેમને જ્ઞાન થયું હતું તેમની સેવા કદી કરી નથી. એને સાંભળ્યા નથી એમ કહે છે. એને સાંભળ્યા નથી, તેં તારી વાતને સાંભળી ત્યાં જઈને. રાગથી લાભ થાય ને પુણ્યથી લાભ થાય, એ વાત જ તેં સાંભળી ત્યાં જઈને. સમજાણું કાંઈ? આહા..હા..! '**તેથી તેની કથા (વાત) ન કદી સાંભળી,...**' રાગથી, વિકલ્પથી ભગવાન આત્મા જુદો એ વાતનું જ્ઞાન તને ન થયું તારાથી, જેને થયું તેનું તેં માન્યું નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! કાંઈક કાંઈક બહાના કાઢ્યા. '**ન તેનો પરિચય કર્યો કે ન તેનો અનુભવ થયો. માટે તેની પ્રાપ્તિ સુલભ નથી,...**' ભગવાન આત્માની વાત સાંભળવી, પરિચય કરવો, અનુભવ કરવો એ સુલભ નથી, '**દુર્લભ છે.**' બાકી બધું અનંત વાર થયું એ સુલભ છે. પૈસા મળ્યા, રાજા થયો, દેવ થયો. એ પુણ્ય એવા કર્યા કે નવમી ગ્રૈવેયકે ગયો. એ બધું સુલભ છે કહે છે. પણ એનાથી ભિન્ન છે એવો આત્મા એ વાતનો અનુભવ, પરિચય ને શ્રવણ પણ મહા દુર્લભ છે. ભારે વાત.

હવે તો લોકો સાંભળે છે હોં! આ મુંબઈમાં હમણા વ્યાખ્યા થયુંને, જુઓને ભાઈ!

ખીચોખીચ માણસ. વ્યાખ્યા હતુંને અગિયારસનું. આજ બારસ થઈ, દોઢ મહિના પહેલા. શું એક કહેવાય હોલ? તેજપાલ હોલ. એક દિ' આવવું, ક્યાં ગોઠવશે આ? એક હોલ મળી ગયો વળી ખાલી. બે, અઢી હજાર માણસ સમાય એવો. માણસ ખીચોખીચ, સાંભળે. ગાથા લીધી હતી, કઈ? નિયમસારની. સાંભળતા હતા, બધા સાંભળતા હતા. સ્થાનકવાસીના અગ્રેસરો બધા, દામનગરવાળા. .. નહિ? .. ભાઈ છેને? દામનગરવાળા. ... સાંભળે. કંઈક જગતથી જુદી જાત છે. સમજાણું કાંઈ? બહુ માણસ હતું, પાછી લહાણી હતી. એક એક માણસ દીઠ એક રૂપિયો અને એક નાળિયેર. આ દોઢ મહિના પહેલાની વાત છે. અગિયારસ, આસો વદ-૧૧. બારસ તો ... આને તો સાંભળવા જેવું થયું હતું. પછી એને ખબર પડી કે આ તો... માણસ દીઠ એક રૂપિયો અને એક નાળિયેર. ઢગલા માણસના. સાંભળો કાંઈક સાંભળવા જેવું છે એમ કહે છે. નથી સાંભળ્યું એવી કાંઈક વાત છે આ. કપુરભાઈ! આહા..હા..!

ભગવાન તો ચૈતન્યચમત્કારસ્વરૂપ તારું તત્ત્વ છે. એમાં બીજી વાતને નાખ, લપ નાખ તો દુશ્મન થયો. આહા..! સમજાણું કાંઈ? એ એક જ વાત દુનિયામાં સુલભ નથી, બાકી બધું સુલભ છે. પદવી દેવની મળવી, રાજા થવો, મોટા પ્રમુખપણા થવા, સાધુ થવા, આચાર્ય, ઉપાધ્યાય થવા. શ્રીમદ્ તો લખે છેને, શ્રીમદ્. ભાઈ ગયા? હેં? કાલે ગયા? ઠીક. અનંત વાર આચાર્ય થયો, અનંત વાર દીક્ષા તેં લીધી. સામે આવે છે એમાં. પણ આત્મા શું ચીજ છે તેં સાંભળી નથી. સત્ સરળ છે, સત્ છે, સર્વત્ર છે, સહજ છે એવું લખ્યું છે. આહા..! (અહીં કહે છે) એ '**સુલભ નથી, દુર્લભ છે.**'

---

## ગાથા-૫

अत एवैतदुपदर्श्यते--

तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।
जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं।।५।।
तमेकत्वविभक्तं दर्शयेऽहमात्मनः स्वविभवेन।
यदि दर्शयेयं प्रमाणं स्खलेयं छलं न गृहीतव्यम्।।५।।

इह किल सकलोद्भासिस्यात्पदमुद्रितशब्दब्रह्मोपासनजन्मा, समस्तविपक्षक्षोदक्षमातिनिस्तुषयुक्त्यवलम्बनजन्मा, निर्मलविज्ञानघनान्तर्निमग्नपरापरगुरुप्रसादीकृतशुद्धात्मतत्त्वानुशासन-

जन्मा, अनवरतस्यन्दिसुन्दरानन्दमुद्रितामन्दसंविदात्मकस्वसंवेदनजन्मा च यः कश्चनापि ममात्मनः स्वो विभवस्तेन समस्तेनाप्ययं तमेकत्वविभक्तमात्मानं दर्शयेऽहमिति बद्ध-व्यवसायोऽस्मि। किन्तु यदि दर्शयेयं तदा स्वयमेव स्वानुभवप्रत्यक्षेण परीक्ष्य प्रमाणीकर्तव्यम्। यदि तु स्खलेयं तदा तु न छलग्रहणजागरूकैर्भवितव्यम्।

---

દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;
દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.

શ્લોકાર્થ :- [तम्] તે [एकत्वविभक्त] એકત્વવિભક્ત આત્માને [अहं] હું [आत्मनः] આત્માના [स्वविभवेन] નિજ વૈભવ વડે [दर्शये] દેખાડું છું; [यदि] જો હું [दर्शयेयं] દેખાડું તો [प्रमाणं] પ્રમાણ (સ્વીકાર) કરવું અને [स्खलेयं] જો કોઈ ઠેકાણે ચૂકી જાઉં તો [छलं] છળ [न] ન [गृहीतव्यम्] ગ્રહણ કરવું.

ટીકા :- આચાર્ય કહે છે કે જે કાંઈ મારા આત્માનો નિજવૈભવ છે તે સર્વથી હું આ એકત્વ-વિભક્ત આત્માને દર્શાવીશ એવો મેં વ્યવસાય (ઉદ્યમ, નિર્ણય) કર્યો છે. કેવો છે મારા આત્માનો નિજવિભવ? આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરના અને 'स्यात्' પદની મુદ્રાવાળો જે શબ્દબ્રહ્મ-અર્હંતનાં પરમાગમ-તેની ઉપાસનાથી જેનો જન્મ છે. ('स्यात्'નો અર્થ 'કથંચિત્' છે એટલે કે 'કોઈ પ્રકારથી કહેવું'. પરમાગમને શબ્દબ્રહ્મ કહ્યાં તેનું કારણ : અર્હંતનાં પરમાગમમાં સામાન્ય ધર્મો-વચનગોચર સર્વ ધર્મો-નાં નામ આવે છે; અને વચનથી અગોચર જે કોઈ વિશેષ ધર્મો છે તેમનું અનુમાન કરાવવામાં આવે છે; એ રીતે તે સર્વ વસ્તુઓનાં પ્રકાશક છે માટે સર્વવ્યાપી કહેવામાં આવે છે, અને તેથી તેમને શબ્દબ્રહ્મ કહે છે.) વળી તે નિજવિભવ કેવો છે? સમસ્ત જે વિપક્ષ-અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલ સર્વથા એકાંતરૂપ નયપક્ષ-તેમના નિરાકરણમાં સમર્થ જે અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ તેના અવલંબનથી જેનો જન્મ છે. વળી તે કેવો છે? નિર્મળવિજ્ઞાનઘન જે આત્મા તેમાં અંતર્નિમગ્ન પરમગુરુ-સર્વજ્ઞદેવ અને અપરગુરુ-ગણધરાદિકથી માંડીને અમારા ગુરુ પર્યંત, તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ જે શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ, તેનાથી જેનો જન્મ છે. વળી તે કેવો છે? નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન, તેનાથી જેનો જન્મ છે. એમ જે જે પ્રકારે મારા જ્ઞાનનો વિભવ છે તે સમસ્ત વિભવથી દર્શાવું છું. જો દર્શાવું તો સ્વયમેવ (પોતે જ) પોતાના અનુભવ-પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરવું; જો ક્યાંય અક્ષર, માત્રા, અલંકાર, યુક્તિ આદિ પ્રકરણોમાં

ચૂકી જાઉં તો છલ (દોષ) ગ્રહણ કરવામાં સાવધાન ન થવું. શાસ્ત્રસમુદ્રનાં પ્રકરણ બહુ છે માટે અહીં સ્વસંવેદનરૂપ અર્થ પ્રધાન છે; તેથી અર્થની પરીક્ષા કરવી.

ભાવાર્થ :- આચાર્ય આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરાપર ગુરુનો ઉપદેશ અને સ્વસંવેદન-એ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલ પોતાના જ્ઞાનના વિભવથી એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે. તેને સાંભળનારા હે શ્રોતાઓ! પોતાના સ્વસંવેદન-પ્રત્યક્ષથી પ્રમાણ કરો; ક્યાંય કોઈ પ્રકરણમાં ભૂલું તો એટલો દોષ ગ્રહણ ન કરવો એમ કહ્યું છે. અહીં પોતાનો અનુભવ પ્રધાન છે; તેનાથી શુદ્ધ સ્વરૂપનો નિશ્ચય કરો-એમ કહેવાનો આશય છે.

## ગાથા-૫ ઉપર પ્રવચન

'**હવે આચાર્ય કહે છે કે, તેથી જ જીવોને તે ભિન્ન આત્માનું એકત્વ અમે દર્શાવીએ છીએ :--**' જે નથી થયું, સાંભળ્યું એ વાત તને કહીએ છીએ હવે, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? અપ્રતિબુદ્ધને સમજાવે છે એમ આવ્યું છેને? ભાઈ! અપ્રતિબુદ્ધને સમજાવે છે. આ તો નથી સાંભળ્યું એને સમજાવે છે એમ કહે છે. અહીંથી માંડી છે. તેં સાંભળ્યું નથી કોઈ દિ'. આહા..હા..! ઓલા કહે કે, આ સમયસાર તો મુનિને માટે છે. મુનિ કે દિ' હતો? હજી મુનિના ભાન વિના મુનિ ક્યાંથી થઈ ગયો? લુગડા છોડીને નગ્ન થઈ ગયો તો મુનિ થઈ ગયો? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન આચાર્ય કહે છે, '**તેથી જ જીવોને...**' આ કારણે જીવોને. એમ. આ કારણે જીવોને '**તે ભિન્ન આત્માનું...**' રાગથી, પુણ્યની ક્રિયાના વિકલ્પથી ભગવાન આત્મા જુદો છે એવું તેં સાંભળ્યું નથી માટે તને '**એકત્વ અમે દર્શાવીએ છીએ.**' આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! ભારે કઠણ લાગે હોં માણસને. સંપ્રદાયનું સાંભળ્યું હોયને, એટલે એમાંથી એવું લાગે કે આ શું છે? બાપુ! આ વાત વીતરાગના માર્ગની છે ભાઈ! સમજાણું કાંઈ? તેં વીતરાગ માર્ગ શું છે એ સાંભળ્યો નથી. રાગને સાંભળીને આ માર્ગ વીતરાગનો છે એમ તું માની બેઠો છો. આહા..હા..! આ કારણે જીવોને. એમ થયુંને? '**अत एवैतदुपदर्श्यते**' એમ છેને? આ કારણે હવે અમે ભગવાન આત્મા જે સમ્યગ્દર્શનનો વિષય, જે રાગથી ભિન્ન, શરીર, વાણી આ જડ એનાથી તો જુદો પણ વિકલ્પ થાય જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ રાગથી ભિન્ન. આહા..હા..! મહાવ્રતના પરિણામ થાય એ વિકલ્પ

રાગ આસ્રવ એનાથી ભિન્ન. આહા..હા..! એવા ભિન્ન આત્માનું એકત્વ, એકત્વ એટલે સ્વભાવની એકતા, પરની ભિન્નતા, પરની એકતા છૂટીને સ્વની એકતા ને ભિન્નતા અમે દર્શાવીએ છીએ. આહા..હા..! 'तदुपदर्श्यते'. અમે દેખાડીએ છીએ. ૫મી ગાથા.

**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**
**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं।।५।।**

**દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;**
**દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.**

આહા..હા..! અમૃત વરસાવ્યા છે! આહા..! શ્રીમદ્‌માં ગાય છે ઓલામાં

જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત રે,
ગુણવંતા રે જ્ઞાની, અમૃત વરસાવ્યા પંચમકાળમાં.

ઈ ગાય પણ એને પાછા સમજતા નથી. સમજાણું કાંઈ? એમ અમૃત વરસાવ્યા કુંદકુંદાચાર્યે. આહા..હા..! વીતરાગમાર્ગના અમૃતના ધોધ! આહા..હા..! ભાઈ! તું આવો છો હોં! ભાઈ! તું બીજી રીતે કલ્પે છો એ તું નહિ હોં! આહા..હા..! કરુણાથી બોલે છે. ભગવાન! તારું સ્વરૂપ તો ભગ--અનંત જ્ઞાન ને આનંદ એનો વાન નામ રૂપ તારું છે ભાઈ! એ તો રાગથી પૃથક છે અને સ્વભાવથી એકત્વ છે. વસ્તુથી સ્વભાવથી એકત્વ છે અને રાગથી પૃથક છે. વિભાવથી જુદી અને સ્વભાવથી એકત્વ વસ્તુ આત્મા છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

એનો લઈએ શબ્દાર્થ. ગાથાર્થ છેને? આનો ગાથાર્થમાં ... કોઈનો અન્વયાર્થ નથી? નથી. '**ગાથાર્થ :-- તે એકત્વવિભક્ત આત્માને...**' પુણ્યથી ભિન્ન વિભક્ત અને એ આત્મા પોતાના જ્ઞાનચમત્કાર સ્વભાવથી એકત્વ. કોણ? આત્મા. આત્મા વસ્તુ એ સ્વભાવથી એકત્વ અને વિભાવના દયા, દાન, વ્રતના વિકલ્પથી પૃથક. કહો, સમજાણું કાંઈ? પૈસા-ફૈસાથી ક્યાંય પૃથક થઈ ગયો, છોકરા ક્યાંય રહી ગયા. અત્યારે તો ન્યાં છે પણ ન્યાં જાવ તોય જુદા છે. ગરી જતા હશે ન્યાં? મજા કેવી લાગે પણ, લ્યો. છોકરાઓ રળવામાં હોશિયાર, હસમુખભાઈ કંઈક લઈ આવ્યો છે. ઓહો..! ... બહુ સારી છે. હરખ કેટલો આવે? આહા..હા..!

તું પ્રભુ તારા ચૈતન્ય આનંદનો નાથ છેને. એમાંથી આનંદ પ્રગટ કરવો એ તારી પ્રજા ને તારો પુત્ર છે. સમજાણું કાંઈ? તારી પ્રજા તો આનંદની પર્યાય પ્રગટ થાય એ પ્રભુ તારી પ્રજા હોં! આ રાગ તારી પ્રજા નહિ. આહા..હા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ? એવી એકત્વ ભગવાન આત્મા એનો સ્વભાવ એનો જ્ઞાન ને ચૈતન્યચમત્કાર આનંદ એનું એકત્વ અને રાગના વિકલ્પથી વિભક્ત. અસ્તિ-નાસ્તિ કરી. આત્મા અંતર અનંત જ્ઞાન, દર્શન, આનંદથી એકત્વ અને વિકલ્પથી પૃથકત્વ, વિભક્ત. વિકલ્પ એમાં છે નહિ. આવો છે અને

આવો નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવા **'આત્માને હું...'** ભાષા એમ છેને. **'अहं'** છે ને? **'दाएहं'** એમ છેને? **'दाएहं'** એમ છે. ત્રીજો શબ્દ છે. **'હું આત્માના નિજ વૈભવ વડે...'** આત્માના નિજ વૈભવ વડે. આ જગતના ધૂળના વૈભવ ને શરીરના વૈભવ તો માટીના છે, એ કાંઈ તારો વૈભવ નથી. આહા..હા..! કહે છે, આત્માના નિજ વૈભવ વડે. આ પર્યાય થઈ. આત્મા એ વસ્તુ છે અને નિજ વૈભવ વડે એ નિર્મળ દશા છે. સમજાણું કાંઈ? **'દેખાડું છું;...'** દેખાડું છું. **'यदि' જો હું દેખાડું...'** વળી દેખાડું છું પાછું કહે, દેખાડું છું **'यदि' 'જો હું દેખાડું તો પ્રમાણ (સ્વીકાર) કરવું...'** આહા..હા..! આવી વાણી જ્યારે આવે ત્યારે તારે સ્વીકાર કરવો. કેવી રીતે? જે રાગથી ભિન્ન અને સ્વભાવથી એકત્વ કહેવા માગીએ છીએ એનો અનુભવ કરીને પ્રમાણ કરવું. હા પાડીને કે આ સાચું એમ નહિ. આહા..હા..!

વસ્તુ ભગવાન આત્મા જ્ઞાન, આનંદ શાંતિનો સાગર એ આત્માની એકત્વતા અને પુણ્ય-પાપના વિકલ્પની પૃથકતા એટલે એમાં નાસ્તિ. આટલું અસ્તિ અને આ નાસ્તિ. એવી વાત દેખાડું તો અસ્તિ-નાસ્તિનો અનુભવ કરજે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલું સાધારણ કહ્યું દેખાડું. પણ દેખાડું તો તું સ્વીકારજે. આહા...! ધન્ય રે ધન્ય! સમજાણું કાંઈ? દેખાડું તો અનુભવ કરજે. દેખાડુ છું તો અનુભવ કરજે. રાગના ભાગથી ભગવાન વીતરાગસ્વરૂપ ભિન્ન છે. એમ તું પ્રમાણ (કરજે). તારા ભાવમાં એ વસ્તુ આવે ત્યારે તેં પ્રમાણ કરી કહેવામાં આવે. આહા..હા..! ભારે ઝીણું. હા પાડજે ને શ્રદ્ધા કરજે એમ નહિ. કહો, પંડિતજી! આવું છે. આહા..હા..! ચૈતન્યચમત્કાર સહિત, રાગથી રહિત, એ વિકલ્પની જાળથી રહિત એમ હું કહીશ તને હોં! બસ એટલું. પણ દેખાડવામાં જો આવી શરૂ થઈ ગઈ વાત તો પ્રમાણ કરજે. આહા..હા..!

**'અને જો કોઈ ઠેકાણે ચૂકી જાઉં...'** સંસ્કૃત, વ્યાકરણ એવા શબ્દોના ઘણા પ્રકાર છે. કોઈ શબ્દોની સંસ્કૃતની જાળમાં ભૂલાય જાય અને એનો તું કદાચ જાણનાર હો તો એ **'छलं न गृहीतव्यम्'** તો ત્યાં ઊભા ન રહેવું તારે. એ ખ્યાલમાં ઊભા ન રહેવું. અમે અનુભવની વાત કરીએ છીએ એ વાતમાં જાજે. આ તો આમ બોલ્યા, શબ્દમાં આમ કહ્યું હતું, ભૂતકાળનું વર્તમાન થઈ ગયું હતું, વર્તમાનનું ભૂત થઈ ગયું હતું. જે થયું ઈ થયું, સાંભળને. તારો ભૂત આત્મા અનાદિનો છે, જે કહીએ છીએ પરથી ભિન્ન એ અનુભવમાં લેજે. પછી વ્યાકરણનો આમ શબ્દ ને આમાં એમ બોલ્યા ને એનું આમ બોલ્યા, એ તને ખ્યાલ હોય કદાચિત અને અહીં જરી ભૂલ થઈ જાય શબ્દોની (તો) ઊભો નહિ રહીશ ત્યાં, અંદર જાજે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ-૧૩, મંગળવાર, તા. ૩૦-૧૧-૧૯૭૧**
**ગાથા-૫, પ્રવચન-૨૫**

'**ટીકા :-- આચાર્ય કહે છે...**' હું આ સમયસાર જે કહીશ એ મારા આત્માના નિજવૈભવથી કહીશ. ભગવાને કહ્યું છે અને સાંભળ્યું છે માટે કહીશ એટલું નહિ. પણ મારો વૈભવ જે આત્માનો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ને આનંદ એવી જે મારી વૈભવ સંપદા પ્રગટેલી છે એનાથી હું આ સમયસાર કહીશ એમ કહે છે. સમજાણું કાંઈ? આચાર્ય કહે છે, '**જે કાંઈ મારા...**' '**જે કાંઈ મારા આત્માનો નિજવૈભવ છે...**' નિજવૈભવ છે. સમજાણું કાંઈ? આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ પોતે... કહેશે, અમને તો ગુરુએ શુદ્ધાત્મ તત્ત્વનો અમને ઉપદેશ આપ્યો. આત્મા શુદ્ધ આનંદ અને પવિત્રનું ધામ (છે) એમ અમને ગુરુએ કહ્યું હતું એવું અમે અંતરમાં અનુભવની નિજવૈભવ પ્રગટ કર્યો છે. સમજાણું કાંઈ?

અમારા આત્માની જ્ઞાનસંપદા, દર્શનસંપદા, ચારિત્રસંપદા, આનંદસંપદા આદિ જે નિજવૈભવ પર્યાયમાં પ્રગટરૂપે વૈભવ પ્રગટ્યો છે, '**તે સર્વથી...**' એ બધા સ્વભાવનું જે ભાન અને શ્રદ્ધા છે એ બધાથી હું (કહીશ). એકલું જ્ઞાન ને દર્શનથી નહિ પણ સાથે ચારિત્ર અને આનંદ પણ છે. કહો, પંડિતજી! આ મુનિની, આચાર્યોની આવી દશા હોય છે એમ પણ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? નિજ આત્મા આનંદમૂર્તિ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ એનો અનુભવ કરીને જે વર્તમાન દશામાં આનંદ, જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, વીર્ય વગેરે પ્રગટ્યું છે એ સર્વથી. એકલા જ્ઞાનથી નહિ, એકલા દર્શનથી (નહિ). બધા જ્ઞાન, દર્શન, આનંદ, ચારિત્ર સર્વથી '**હું આ...**' એવો હું. '**આ એકત્વ-વિભક્ત આત્માને દર્શાવીશ...**' હું આ પૃથક આત્મા ... પોતાના આનંદ આદિ સ્વભાવથી એકત્વ અને રાગાદિથી વિભક્ત એવું સ્વરૂપ એવા આત્માને, એવા આત્માને. '**આ એકત્વ-વિભક્ત આત્માને દર્શાવીશ એવા મેં વ્યવસાય (ઉદ્યમ, નિર્ણય) કર્યો છે.**' કહો, સમજાણું કાંઈ?

'**કેવો છે મારા આત્માનો નિજવિભવ?**' એ વૈભવ કેવો છે મારા આત્માનો નિજવૈભવ? જે પર્યાયમાં પ્રગટ થયો તે. ત્રિકાળી દ્રવ્ય, ગુણનો વૈભવ એ આ વાત નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અંતર અનંત વૈભવ સંપદા ગુણની શક્તિની પડી છે એ તો ત્રિકાળ બધાને છે. હું એમાંથી પ્રગટેલી વૈભવ દશા પર્યાયમાં તેનાથી હું તને દેખાડીશ એમ કહે છે. સમજાણું કાંઈ? વસ્તુ તો જુઓ! એવો હું, આવા નિજવૈભવ પ્રગટેલો તે હું એમ.

સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે તો એક એક શબ્દમાં ઘણી ગંભીરતા છે. તે મારા આત્માનો નિજ વૈભવ કેવી રીતે પ્રગટ્યો? **'આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર...'** અર્હંતનું પરમાગમ. સર્વજ્ઞ પરમાત્મા અરિહંત પરમેશ્વરે જે પરમાગમ કહ્યું કેવું છે ઈ? **'પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર...'** અરિહંતની વાણી સાક્ષાત્ દિવ્યધ્વનિ એ પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર છે. ત્રણ કાળ, ત્રણ લોકમાં જે ચીજો જે છે આત્મા સહિત બધું એ બધાને પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર

**'સ્યાત્' પદની મુદ્રાવાળો...'** જેમાં **'સ્યાત્'** પદની છાપ છે. જેમ આત્માને નિત્ય કહેવો, અનિત્ય કહેવો, શુદ્ધ કહેવો, અશુદ્ધ કહેવો એ **'સ્યાત્'** પદ જેમાં છાપ પડેલી છે. સમજાણું કાંઈ? કથંચિત્ છે, એના મુદ્રા એની છાપ છે. એવી શબ્દ્‌બ્રહ્મ દશા, **'શબ્દ્‌બ્રહ્મ...'** વાપર્યો છે શબ્દ કેવો? શબ્દબ્રહ્મ. સર્વવ્યાપક. શબ્દ્‌બ્રહ્મમાં સર્વ વસ્તુ જણાવી દીધી છે. કોઈ બાકી રહી નથી. **'અર્હંતના પરમાગમ...'** અરિહંતના મુખકમળથી નીકળ્યું પરમાગમ, **'તેની ઉપાસનાથી જેનો જન્મ છે.'** એમ કહે છે. આહા..! સમજાણું કાંઈ? અમને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને આનંદ આદિ ધર્મદશા--મોક્ષનો માર્ગ જે પ્રગટ્યો છે એ અમને અરિહંતના સર્વજ્ઞની વાણીની સેવાથી પ્રગટ્યો છે એમ કહે છે. સમજાણું કાંઈ? એટલે કે અમને ઉપદેશ જે મળ્યો એ સર્વજ્ઞની વાણીનો મળ્યો છે, અમે એ વાણીની સેવા કરી છે. એ તો નિમિત્ત છે, નિમિત્તથી કથન છે. સર્વજ્ઞ પરમેશ્વરે જે સર્વ પદાર્થને પ્રગટ કરનારી વાણી **'સ્યાત્'** પદની મુદ્રાવાળી, કથંચિત્ કહેવામાં આવે એવી. એવા પરમાગમ, અર્હંતના પરમાગમ. એમ. કોઈએ કલ્પીત કરેલા એ નહિ. આહા..! સમજાણું કાંઈ? શ્વેતાંબર આદિના શાસ્ત્રો એ અર્હંતના પરમાગમ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો એમના આચાર્યોએ કલ્પીને બનાવેલા છે. એની સેવાથી સમ્યગ્દર્શન થાય એમ છે નહિ, એમ કહે છે. આહા..! સમજાણું કાંઈ? છેને એમાં? કપુરભાઈ! આ તો બ્રહ્મસ્વરૂપ ભગવાન એની શરૂઆત થાય છે અહીં. આહા..! અમને અમારો નિજ વૈભવ, આનંદનો અનુભવ, સમ્યગ્દર્શન-જ્ઞાન ને શાંતિ ચારિત્ર એ અમને નિજવૈભવમાં પરમાગમના અરહંતની વાણીનું સેવન છે અમારે. ઈ કહે છે એ અમે માન્યું છે. એમને જે કહેવાનું હતું તે અમે માન્યું છે. ઈ સેવા. નિમિત્તથી તો એમ કહેવાયને. વાંચન, શ્રવણ, એનું બહુમાન. સમજાણું કાંઈ? લ્યો! એક કોર કહે કે, સાંભળીને જ્ઞાન થાય નહિ. હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- નિમિત્ત હોય એ લાગુ પડે. એઈ..! એ નિમિત્તપણે પરમાગમની સેવા જ હોય છે. અજ્ઞાનીની વાણી, કલ્પેલી વાણી એને સમ્યગ્દર્શન ઉત્પન્ન (થવામાં) નિમિત્તપણું હોતું નથી એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કેટલા ..., કેટલું ગંભીરપણું છેને. અરહંતના, અરહંતના પરમાગમ. જેને કાંઈ જાણવું બાકી નથી એવું જેને સર્વજ્ઞ પરમેશ્વરપદ

પ્રગટ્યું. એની જે વાણી નીકળી એ પરમાગમ, એ પરમાગમ તેની ઉપાસના. એ શું કહે છે એ જાણવાની ધગશ. આહા..હા..! સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ... વાત તો કેવી છે. વ્યવહાર છે એવો. પછી અમે અમારે આશ્રયે પ્રગટ્યો પણ વ્યવહાર આ હતો એમ કહે છે. એ.. ચેતનજી! એક કોર વીતરાગની વાણીથી પણ જ્ઞાન ન થાય. વાણી સાંભળવામાં વિકલ્પ છે. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :-- મેળ કરવો પડેને.

ઉત્તર :-- મેળ બરાબર છે. એને જ્યારે નિમિત્ત હતું તો વીતરાગની વાણી, તીર્થંકરની વાણી નિમિત્ત હતી એટલું જણાવવું છે.

અહીં તો એમ કહ્યું, એની ઉપાસનાથી જેનો જન્મ છે એમ શબ્દ છે. કહો. નિમિત્તથી કથન છે. નિમિત્ત વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એની જે દિવ્યધ્વનિ એવી જે પરમાગમ દશા એની અમારી સેવા હતા. એના તરફનો અમારા વલણવાળો ભાવ (હતો) એમાં અમને ખ્યાલમાં આવ્યું હતું કે, આ ભગવાન આમ કહેવા માગે છે. એ પછી અમે સ્વને આશ્રયે કર્યું પણ આનાથી થયું એમ નિમિત્તથી વાત કરે છે. કહો, સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય જેવા કે, જે 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો' ત્રીજે નંબરે જે આવ્યા છે. શ્વેતાંબરમાં ત્રીજે (નંબરે) સ્થૂલીભદ્રાચાર્ય. કહો, સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય ધર્મના નાયક પંચમ કાળના પછી ધર્મતીર્થના અગ્રેસર. સમજાણું કાંઈ? એ એમ કહે છે કે, અમને આનંદ ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પ્રગટ્યા એ અમારે ભગવાનના આગમની પરમાગમની સેવાથી પ્રગટ્યા છે, એની સેવા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- નિમિત્તથી વાત કરી એટલે...

ઉત્તર :-- એનાથી થયું નથી પણ એનાથી થયું વ્યવહારથી કહેવામાં આવે છે. પણ વ્યવહાર હોય તો આ જ હતો એમ સિદ્ધ કરવું છે. વીતરાગની વાણી સિવાય કોઈએ કલ્પેલી શાસ્ત્રની વાણી અને પોતાથી કહેલી એવી વાણી આ નિજવૈભવ ઉત્પન્ન થવામાં અમને નિમિત્ત નહોતી એટલે બીજાને પણ ન હોય એમ કહે છે.

મુમુક્ષુ :-- આવો વ્યવહાર ન હોય એને શું?

ઉત્તર :-- આવો વ્યવહાર ન હોય એ મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ? એઈ..! હેં?

મુમુક્ષુ :-- નપી-તુલી બાતેં હૈં.

ઉત્તર :-- નપી-તુલી વાત છે. નપી-તુલી--માપથી, માપીને, તુલના કરીને વાત કરવી. એમની ભાષા ... નપી-તુલી. માપથી તુલના કરીને ભાષા થઈ. આહા..! આ તો ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ અરિહંત પરમેશ્વર એના કહેલા આગમો (છે). એમ કહીને આ શ્વેતાંબરના

શાસ્ત્રો કાંઈ ભગવાનના કહેલા નથી. ખોટું લાગે, દુઃખ લાગે દુનિયાને એ માટે નથી, આ તો સત્યની વાત માટે છે ભાઈ! એ.. ચેતનજી! આહા..હા..!

**'અર્હંતના પરમાગમ...'** શબ્દબ્રહ્મની વ્યાખ્યા. **'અર્હંતના પરમાગમ--તેની...'** એ આગમની, પરમાગમની. ભાષા પરમાગમ છે જુઓ! સમજાણું કાંઈ? આ પરમાગમ આપણે છપાય છેને આ વ્યવહારે. એઈ..! આ પરમાગમ શબ્દ આવ્યો છે આ. સમજાણું કાંઈ? એ.. મિત્રસેનજી! આહા..હા..! અર્હંતના પ્રવચનો શબ્દ્બ્રહ્મ, કે જે અર્હંતનું પરમાગમ એમ. શબ્દ્બ્રહ્મ. સમજાણું કાંઈ? છેને શબ્દ? '**मुद्रितशब्दब्रह्म**'. પછી ઈ શબ્દબ્રહ્મની વ્યાખ્યા કરી. ભાઈ! પાઠમાં શબ્દબ્રહ્મ છે. સંસ્કૃતમાં શબ્દ્બ્રહ્મ છે. એ શબ્દ્બ્રહ્મ એટલે કે અર્હંતનું પરમાગમ એમ કરીને ખુલાસો કર્યો. સંસ્કૃતમાં આટલું છે--'**शब्दब्रह्मोपासनजन्मा**'. ભગવાને જે વાણી કહી શબ્દબ્રહ્મ. અરિહંતના મુખથી નીકળી. સર્વાંગે નીકળી છે પણ મુખથી કહેવાય છે. એવી જે શબ્દબ્રહ્મ પરમાગમ દશા, શબ્દબ્રહ્મ એટલે પરમાગમ, અર્હંતના પરમાગમ. આહા..હા..!

**'તેની ઉપાસનાથી...'** તેની સેવાથી અમારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના વૈભવનો જન્મ નામ ઉત્પત્તિ છે. કહો, બાબુભાઈ! એક કોર આમ લેવું, ભગવાનની વાણી સાંભળવામાં પણ નુકસાન છે. એઈ..! અરે.. અરે..! ભારે! કેમકે વાણી પણ પર છે. કેમ? કે, જેમ સ્ત્રી આદિ પર છે એમ વાણી પણ પર છે. ખરેખર બેય પર વિષય છે અને પર વિષય તરફ ઢળતાં એને રાગ જ થાય. ભલે સ્ત્રી તરફ ઢળતાં અશુભ, આના તરફ ઢળતાં શુભ (થાય). અહીં તો એના કહેવાના ભાવમાં એ જે વસ્તુ છે એના તરફનું અમારું લક્ષ હતું એમાં આમ કહ્યું હતું, એ અમને આત્માની સેવાથી પ્રગટ્યું. એ ઉપાસનાથી પ્રગટ્યું એમ કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ? નિશ્ચયથી એનાથી પ્રગટ્યું નથી. પણ વ્યવહારથી નિમિત્તની મુખ્યતા આવી હોય, પરમાગમની સેવા હોય, પરમાગમનું શ્રવણ, મનન હોય એ એની વાત સ્થાપવા આમ કહ્યું છે. આહા..હા..! અજ્ઞાનીઓ જે કંઈ પોતાની કલ્પીને વાતું કરે એનાથી ઓલાને સમ્યગ્દર્શન થાય, ત્રણ કાળમાં ન થાય એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ... વસ્તુ છેને એ તો. દેશનાલબ્ધિ હોય જ છે એને. એનેથી લક્ષમાં આવ્યું એને ખ્યાલમાં કે, આ આમ કહે છે. સ્વનો આશ્રય લે તો શુદ્ધાત્મા (પ્રગટ થાય). છે કે નહિ? શુદ્ધાત્મનો ઉપદેશ અમને આપ્યો. શુદ્ધાત્મા આમ છે એમ એણે લક્ષ કરાવ્યું એથી એનાથી ઉત્પન્ન થયું એમ કહેવામાં આવે છે. પણ એ લક્ષ છોડીને સ્વનું લક્ષ કર્યું ત્યારે ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! માંડ માંડ આવ્યું હતું અહીં હોં! વીતરાગની વાણી કઈ અપેક્ષાએ છે એમ જાણવી જોઈએને. આહા..હા..!

એમ કહેવાનો આશય એટલો છે કે, આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ ને આનંદની મોક્ષમાર્ગ

દશા થાય એમાં પરમાગમના વચનો જ નિમિત્ત હોય છે. બીજી વાણી અજ્ઞાનીની નિમિત્ત હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? લોકોને એમ લાગે આ તો લ્યો! પોતાના સંપ્રદાયની વાતુંને ખોસે છે. પણ સંપ્રદાય છે જ ક્યાં. સમજાણું કાંઈ? દિગંબર ધર્મ તો અનાદિ સનાતન, અનાદિ સનાતન છે. અનાદિ પ્રવાહથી આવેલો માર્ગ છે. એ કંઈ બહારથી અધ્ધરથી કાઢ્યો છે એમ નથી. આહા..હા..! કહો, પંડિતજી! બસ, બીજાના કોઈ શબ્દો અન્યમતિના વેદાંતિઓના બધા ધર્મના કહેનારા તો ઘણા છે જગતમાં. સમજાણું કાંઈ?

અરહંતના પરમાગમો, પરમાગમ શબ્દબ્રહ્મની સેવા, શબ્દબ્રહ્મની સેવા એટલે કે અર્હંતના પરમાગમની સેવા. .... નથી. એનું લક્ષ આ શું કહે છે એ લક્ષ છે એને. એટલે એમાં નિમિત્ત આ આવે છે. અને એ નિમિત્તમાં આવ્યું એટલે લક્ષ કરીને ગયો અંદરમાં (તો) એનાથી પ્રગટ્યું એમ કહેવામાં આવે છે, વ્યવહારથી કહેવામાં આવે છે. શૈલી ઈ છે. વ્યવહાર છે કે નહિ? વ્યવહાર નથી એમ છે? એનાથી થાય એ કહેવું વ્યવહારનય છે, પણ વ્યવહાર છેને. સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :-- ખોટો છેને?

ઉત્તર :-- ખોટો એટલે એ છે એટલું. એને આશ્રયેથી થાય એ કહેવું વ્યવહાર છે. સમજાણું કાંઈ? એવો વ્યવહાર વચમાં આવે છે કે નહિ? એનાથી થાય એ વ્યવહારનું વાક્ય છે. કારણ કે, એમાં કહેવામાં એ આવ્યું હતું પરમાગમમાં (કે) ત્રિકાળ ભગવાન આત્મા એનો આશ્રય લે તો તને સંપદા પ્રગટશે. એમ કહેવામાં આવ્યું હતું, એમ કર્યું એટલે નિમિત્તથી થયું એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એટલે આત્માર્થીઓને શ્રવણ અને સેવા હોય તો પરમાગમની વાણીની સેવા જોઈએ એમ કહે છે. ઈ બીજી ગાથામાં આવી ગયું છેને. સમજાણું કાંઈ? સર્વજ્ઞની વાણી પણ પૂજ્ય છે એમ આવી ગયું છે આપણે.

મુમુક્ષુ :-- ઈ તો કળશમાં આવ્યું હતું.

ઉત્તર :-- કળશમાં આવ્યું છે કે, આમાં આવી ગયુંને બધું, ઈનું ઈ છેને. અમૃતચંદ્રાચાર્ય પોતે કહે છે. કેમકે વાણી સર્વજ્ઞ જ્ઞાનની અનુસારિણી છે. વાણી તો વાણી રીતે સ્વતંત્ર નીકળી છે પણ વાણીમાં સર્વજ્ઞ જ્ઞાનનું નિમિત્ત છે. એટલે એ સર્વજ્ઞ જે જ્ઞાન છે એને અનુસરીને જ વાણી પરિણમી છે. માટે વાણી... એમ આવી ગયું છે કળશમાં. વાણીને અનુભવશીલ કહી છે. શું કીધું? વાણી, ભગવાનની વાણી અનુભવશીલ છે. એટલે? આમાં છેને? ઓલામાં કળશ-ટીકામાં છે, આમાં નથી. કળશ-ટીકામાં છે.

'प्रत्यगात्मनः पश्यन्ती' અનુભવશીલ, 'અનુભવનશીલ છે.' વાણી અનુભવનશીલ છે, સર્વજ્ઞની વાણી અનુભનવશીલ (છે) એટલે? સર્વજ્ઞને અનુસરીને ભવન નામ થવું એવો જેનો સ્વભાવ છે. સ્વભાવ પોતાનો છે.

મુમુક્ષુ :-- પોતાનો એટલે?

ઉત્તર :-- જડનો. એઈ..! જુઓ! એક એક શબ્દે ઘણું કહ્યું છે. જુઓ! '**तत्त्वं**' તેને '**पश्यन्ती**'. એ તત્ત્વને દેખાડે છે એટલે કે અનુભવનશીલ છે. '**કોઈ વિતર્ક કરે કે દિવ્યધ્વનિ તો પુદ્‌ગલાત્મક છે, અચેતન છે, અચેતનને નમસ્કાર નિષિદ્ધ છે.**' અચેતનને નમસ્કાર તો ના પાડો છો. '**તેનું સમાધાન કરવાને માટે આ અર્થ કહ્યો કે વાણી સર્વજ્ઞસ્વરૂપ-અનુસારિણી છે,...**' એ અનુભવનશીલની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ? આ કળશ-ટીકાકારે જુઓને કેટલું સરસ લખ્યું છે! વાણી સર્વજ્ઞસ્વરૂપ પ્રગટેલું એની અનુસારિણી--એને અનુસરીને થવું એવો જે જડનો પોતાનો સ્વતઃશીલ સ્વભાવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- વ્યવહાર...

ઉત્તર :-- વ્યવહાર પૂજ્ય નથી, વ્યવહાર વ્યવહાર તરીકે પૂજ્ય નથી? વ્યવહાર વ્યવહાર તરીકે પૂજ્ય ન હોય તો સર્વજ્ઞદેવ તીર્થંકર એની પ્રતિમા એ કાંઈ પૂજ્ય હોઈ શકે નહિ. એઈ..! અનેકાંત માર્ગ જેમ છે એમ એને સમજવો જોઈશે કે નહિ? આહા..હા..!

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ખોટો એટલે ત્રિકાળની નિશ્ચયની અપેક્ષાએ ખોટો, પણ એની અપેક્ષાએ તો છે કે નહિ? એનાથી થાય આત્માને એ વ્યવહાર. પણ વ્યવહાર છે કે નહિ એટલી વાત છે બસ. સમજાણું કાંઈ? છે એટલું. એનાથી થાય એમ કીધું છે એ વ્યવહાર. વાણી તો એના અનુસારે થાય એ વ્યવહાર નથી. એ તો પોતાનો સ્વભાવ જ એવો છે કે, જેવું સર્વજ્ઞ છે એને અનુસારે જ વાણી થાય. અનુસરીને ભવવું, થવું એવો એ વાણીનો સ્વભાવ છે.

મુમુક્ષુ :-- વાણીનો નિશ્ચય સ્વભાવ છે.

ઉત્તર :-- માટે એનો નિશ્ચય સ્વભાવ કીધો. એઈ..! આહા..હા..! નાપ અને તોલ કરીને.

'**જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે જાણવું કે વાણીનું પૂજ્યપણું પણ છે.**' વ્યવહારે વાણી પૂજ્ય ન હોય તો થઈ રહ્યું. પછી તીર્થંકર સાક્ષાત્ બિરાજે એ પૂજ્ય ન ઠરે. હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- એ નિશ્ચય પણ વ્યવહાર છે પૂજ્ય ત્યારે એને નિશ્ચયમાં (હોય કે) આ નહિ, હું પૂજ્ય છે. પણ વ્યવહાર છેને પેલો. પ્રભુ! મને આપો, લ્યો. મને આત્મા આપો, મુનિપણું આપો એમ કહે. એ આત્મા આપો એમ કહે છેને. ઈ જ કહે છે, મને મુનિપણું આપો. મુનિપણું તો વીતરાગી દશા છે. અને દ્રવ્યલિંગ આપો લ્યો! નગ્નપણું અને પંચ મહાવ્રતના પરિણામ દ્રવ્યલિંગ. ભાવલિંગ અને દ્રવ્યલિંગ બે આપો. લ્યો આપ્યું. એને જેમ છે તેમ

સમજવું જોઈએ.

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ.

વ્યવહારે વ્યવહાર પૂજ્ય છે. દીપચંદજીએ કહ્યું છે. પંચસંગ્રહ, શું કહેવાય? અધ્યાત્મ પંચસંગ્રહ. વ્યવહાર વ્યવહાર તદ્દન કાઢી નાખશો તો ભગવાન છે પરમાત્મા સાક્ષાત્ એ વ્યવહારે પૂજ્ય છે એ નહિ રહે. એટલે બહુ કહેશા માં. એઇ..! ઓલામાં લખ્યું છેને, શું કહેવાય? અધ્યાત્મ પંચસંગ્રહમાં લખ્યું છે. હેં? છે ક્યાંય? કાઢોને ભાઈ. હોય તો આ ટાણે ટાણે મેળ ખાય. માંડવે માણસ આવે તો શોભેને. અમથા આવીને ઊભા હોય તો ઠીક. આહા..હા..!

સર્વજ્ઞસ્વરૂપ અનુસારિણી છે. જેવો સર્વજ્ઞનો ભાવ પરમાત્માને પ્રગટ્યો છે એને અનુસરીને જ વાણીનો સ્વભાવ પોતાનો પોતાથી થવાનો છે. આહા..હા..! એથી તે વાણીને સર્વજ્ઞ અનુસારિણી શબ્દબ્રહ્મ હોવાથી વ્યવહારે તે પૂજનીક કહેવામાં આવે છે. શું કહ્યું સમજાણું? પહેલે મુદ્દાની વાત કરતા અહીંથી ઉપાડ્યું છે. હું મારો વૈભવ કહીશ ત્યાં પહેલો આ ધ્વનિ ઉપાડ્યો. એની દેશનાલબ્ધિમાં ભગવાનની વાણી જ હોય. ભલે સંત કહે તોપણ એ વાણી ભગવાનની જ છે.

મુમુક્ષુ :-- ઉપાદાન ન લેતા નિમિત્ત શું કરવા લીધું?

ઉત્તર :-- ઈ નિમિત્ત હોય છેને અંદર. સાંભળ્યા વિના... ઈ ત્યારે એને વ્યવહાર કહેવામાં આવે છે. ઉપાદાનથી થયું ત્યારે વ્યવહારથી થયું એમ કહેવામાં આવે છે. એમ છે. આ ઘડિયાળ છે. ઈ શબ્દ પડ્યો ન હોય તો ઘડિયાળનું જ્ઞાન થાય? જ્ઞાન થયું છે એનાથી. ઘડિયાળ છે આ, કાંટો છે આ. એ જ્ઞાનમાં આવો શબ્દ હોય છે કે નહિ? જ્ઞાન થયું છે એનાથી પણ પહેલું આ ઘડિયાળ છે એવો શબ્દ પડ્યો ત્યારે એને જ્ઞાનની દશામાં જ્ઞાન પોતાને કારણે થયું એટલે આ નિમિત્ત એમ બતાવ્યું છે. સમજાણું કાંઈ? એઇ..!

શબ્દબ્રહ્મ તેની ઉપાસના એમ કહીને અર્હંત પરમાત્મા તીર્થંકરદેવની દિવ્યધ્વનિ પરંપરાએ આવેલી હોય એની સેવા એ સમકિતનું કારણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! સાક્ષાત્ અમને તો ભગવાનની વાણીની સેવા કરવાથી (વૈભવ પ્રગટ થયો છે) એમ કહે છે. અજ્ઞાનીઓની વાણીનું... ઈ પછી કહેશે. એનું તો અમે નિરાકરણ કરી નાખ્યું છે. એ ખોટા છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ! આ તો વસ્તુની સ્થિતિ આવી છે. સમજાણું? ... અજ્ઞાની પાસેથી જ્ઞાન મળશે. અજ્ઞાની પાસેથી નહિ મળે. પણ એ જ્ઞાનીનો અર્થ, એ જ્ઞાની પોતે નિમિત્તરૂપે થયા અને જ્ઞાની પોતે ઉપાદાનરૂપે થયા ત્યારે નિમિત્તથી થયું એમ કહેવામાં આવે. હેં? શાસ્ત્રની નિવેડો એકલો નહિ આવે, અનુભવથી નિવેડો આવશે. અને આમાંય છેને ભાઈમાં નહિ? સોગાનીમાં. એ તો એમ કહે છે, આચાર્યના વચનોમાં અમૃતના બિંદુ

ઝરે છે. વળી એક કોર કહે કે નુકસાન છે અને એક કોર કહે કે (અમૃતના બિંદુ ઝરે છે). સમજાણું કાંઈ? આવે છેને એમાં? વિકલ્પની અપેક્ષાએ વાત કરી છે, પણ અંદર જે ભાવ છે એ સમજવાનું લક્ષ છે તેથી એને ભાવનું લક્ષ છે, એથી એને ભાવમાં આનંદ અમૃત ઝરે છે એમ કહેવામાં આવે છે. એવી વાત છે. આ લોકો પણ બહુ છાપે છેને. સ્વાધ્યાયમાં નિર્જરા છે. એ બહુ આવ્યું છે કાલે. સ્વાધ્યાયમાં નિર્જરા છે, બાપુ! સ્વનો આશ્રય છે ત્યાં વિકલ્પ છે ઈ, પણ સ્વનો આશ્રય છે એને લઈને નિર્જરા છે. નિર્જરા કાંઈ વિકલ્પથી નિર્જરા છે? વિકલ્પથી નિર્જરા છે એમ કહેવું એ તો વ્યવહારનું કથન છે. નિર્જરા તો પોતાના શુદ્ધ સ્વભાવને આશ્રયે થાય. ત્યારે વિકલ્પ નિમિત્ત હતું તો નિમિત્તથી નિર્જરા એ તો ઉપચારથી કથન કર્યું, પ્રમાણનું જ્ઞાન કરાવવા. પણ પ્રમાણે ઓલા નિશ્ચયનો નિષેધ કરીને એકલું વ્યવહારથી જ્ઞાન થાય છે એમ પ્રમાણે નથી જાણ્યું. સમજાણું કાંઈ? વ્યવહારનું ખેંચશો નહિ બહુ...

કહે છે, અહો..! જે વાણી લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર એવા સ્યાત્ પદની છાપવાળી વાણી છે. અજ્ઞાનીની એવી વાણી હોય નહિ. આહા..! એવા શબ્દબ્રહ્મની એટલે અર્હંતના પરમાગમની ઉપાસનાથી જેની ઉત્પત્તિ છે. એ અમારા ધર્મની ઉત્પત્તિ, જન્મ એટલે ઉત્પત્તિ. પરમાગમની સેવાથી અમારા આનંદની, સમકિતની ઉત્પત્તિ છે. નિમિત્તથી જણાવ્યું છે. દેશનાલબ્ધિ ન હોય અને એની મેળાએ પામી જાય એમ છે કોઈ? તેમ દેશનાલબ્ધિ આવી માટે પામી જાય એમ છે? એ તો અભવિને મળે દેશના તો. પણ જેને પામ્યો છે એને દેશનાલબ્ધિ નિમિત્ત હતી એથી વીતરાગની વાણીની સેવાથી થયું એમ કહેવામાં આવે છે. આવી વાત છે ભાઈ! આહા..! એથી વ્યવહાર આદરણીય છે નિશ્ચયથી એમ નહિ. પણ વ્યવહારે છે એમ અહીંયાં સ્થાપન કરે છે.

મુમુક્ષુ :-- વ્યવહારે વ્યવહાર આદરણીય છે.

ઉત્તર :-- વ્યવહારે વ્યવહાર આદરણીય ન હોય તો પછી વ્યવહાર થઈ રહ્યો. અરિહંત તીર્થંકરને તીર્થંકર ત્રિલોકનો સમૂહ. હે ભગવાન! લ્યો, ઈ કહેવું રહેતું નથી. સમજાણું કાંઈ? વિનય કરવો દેવનો, ગુરુનો, શાસ્ત્રનો એ તો વ્યવહાર છે બધો. વ્યવહાર ન હોય તો આ રહેતું નથી. વ્યવહારે વ્યવહાર છે. બહુ આગ્રહ એટલું બધું ખેંચીને, વ્યવહારે વ્યવહાર આદરણીય નથી એમ કહેવું એમ નથી. નિશ્ચયથી તો છે એમ છે. સમજાણું કાંઈ? છે એમાં હોં, તે દિ' બતાવ્યું હતું એમાં. પાનું ન્યાં વચમાં છે.

હવે એ '**સ્યાત્**'ની વ્યાખ્યા કરે છે. '**સ્યાત્**' પદ હતુંને અંદર? '**('સ્યાત્'નો અર્થ 'કથંચિત્' છે એટલે કે 'કોઈ પ્રકારથી કહેવું'.**' કોઈ અપેક્ષાથી કહેવું. '**પરમાગમને શબ્દબ્રહ્મ કહ્યાં તેનું કારણ : અર્હંતના પરમાગમમાં સામાન્ય ધર્મો-વચનગોચર...**' સામાન્ય ધર્મો-વચનગોચર, વચનમાં આવી શકે વચનમાં. '**સર્વ ધર્મો-ના નામ આવે છે;...**' વચનગોચર

એ ધર્મોના નામ આવે. અસ્તિત્વ, વસ્તુત્વ, જ્ઞાન, દર્શન, આનંદ વગેરે. **'અને વચનથી અગોચર...'** કેટલાક તો વચનગમ્ય પણ નથી. વચનથી અગોચર હોં! વચનને ગમ્ય નથી, જ્ઞાનને ગમ્ય છે. **'વચનથી અગોચર જે કોઈ વિશેષ ધર્મો છે તેમનું અનુમાન કરાવવામાં આવે છે;...'** કે, બીજા વિશેષ ધર્મો આમાં છે. **'એ રીતે તે સર્વ વસ્તુઓના પ્રકાશક છે...'** એમ. સામાન્ય વચનગમ્ય છે અને કેટલાક વચનઅગમ્ય એને પણ જણાવે છે.

**'એ રીતે તે સર્વ વસ્તુઓના પ્રકાશક છે માટે સર્વવ્યાપી (શબ્દ્બ્રહ્મ) કહેવામાં આવે છે, અને તેથી તેમને શબ્દ્બ્રહ્મ કહે છે.)'** બધું કહેનાર છે માટે સર્વવ્યાપીને શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે, એમ કહે છે. એટલી વાત તો ઘણી વાર કરી છે, હોં! ઈ ઓલું આવે છેને હોનહાર, ત્યાં આવે છે ઈ. હોનહાર હશે... પણ હોનહાર પુરુષાર્થ વિના નહિ નક્કી કરાય એમ કહે છે. ઈ આવે છે ભાઈ ત્યાં.

મુમુક્ષુ :-- એમાં તો પુરુષાર્થને વ્યવહારમાં નાખ્યો છે.

ઉત્તર :-- હા, છેને, પુરુષાર્થને વ્યવહારમાં નાખ્યો છે. નિશ્ચય છે અને પુરુષાર્થ વ્યવહારમાં નાખ્યો છે. પર્યાય છેને એટલે. પુરુષાર્થ કરવો એ વ્યવહાર છેને પર્યાયમાં, નિશ્ચય તો દ્રવ્ય છે. મોક્ષમાર્ગ પોતે પર્યાય છે અને વ્યવહાર છે. એવી વાત છે ભાઈ. એને ને એને અપેક્ષાએ વ્યવહાર કહેવો અને એને ને એને અપેક્ષાએ નિષેધ કરવો. ભારે વાર લાગી. વ્યવહારનું આવ્યું ... પૂરો અધિકાર થાય છે ત્યાં. પૂરો થાય છે ત્યાં. અધિકાર પૂરો કોઈપણનો છે ત્યાં છે. વચમાં નહિ. એ અધિકાર પૂરો થાય છે ત્યાં... ઈ એક બોલ થયો લ્યો!

**'વળી તે નિજવૈભવ કેવો છે?'** પહેલા અસ્તિથી સ્થાપ્યું. આહા..! ભગવાનની વાણીનું શ્રવણ, મનન, ચિંતવન છે બધો વિકલ્પ. સમજાણું કાંઈ? પણ તેમાંથી લક્ષ આવ્યું. શ્રીમદ્ કહે છેને છેલ્લે. 'લક્ષ થવાને તેહનો કહ્યાં શાસ્ત્ર સુખદાયી'. 'કહ્યાં શાસ્ત્ર સુખદાયી'. લ્યો ઠીક. શાસ્ત્ર સુખદાતા છે. ભાષા વ્યવહારે શું આવે પણ? દુઃખદાતા છે એમ કહે? સમજાણું કાંઈ? **'વળી તે નિજવૈભવ કેવો છે?'** મારો આનંદ અને સમ્યગ્દર્શનનો વૈભવ. આહા..હા..! **'સમસ્ત જે વિપક્ષ...'** આ અરિહંતના પરમાગમથી વિપક્ષ માનનારા, વિપરીત એકાંત માનનારા. **'અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલ...'** સર્વજ્ઞ સિવાય જેટલા મતો જગતમાં (છે) તે બધા વિપક્ષ છે, વિપરીત કહેનારા છે. ચાહે તો વેદાંત હો કે ચાહે તો સાંખ્ય હો અને વૈશેષિક હો. સમજાણું કાંઈ? **'સમસ્ત જે વિપક્ષ-અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલ...'** એ તો વિપક્ષની વ્યાખ્યા કરી.

**'સર્વથા એકાંતરૂપ નયપક્ષ...'** સર્વથા એકાંત કહેનારા (અર્થાત્) દ્રવ્ય નિત્ય જ છે, દ્રવ્ય અનિત્ય જ છે, દ્રવ્ય શુદ્ધ જ છે, પર્યાય પણ શુદ્ધ જ અનાદિ છે એમ એકાંત માનનારા અન્યવાદીઓના કથનો. પર્યાય જ છે દ્રવ્ય નથી, દ્રવ્ય જ છે પર્યાય નથી, અભેદ

જ છે ભેદ નથી, ભેદ જ છે અભેદ નથી. આહા..હા..! એક જ છે આત્મા, એમાં ગુણથી અનેકપણું નથી, અનેક જ ગુણપણે છે અને એકપણે વસ્તુ એક નથી. આહા..હા..!

હોનહારનું જ્યાં આવે છેને હોનહાર, કોઈ કહે છે કે હોનહાર છે. પણ હોનહારમાં પણ પુરુષાર્થ છે. હોનહાર ભગવાને ... '... કાહેકો જિનેન્દ્રદેવ કહે ભવિજીવનકો ઉદ્યમ બતાવની, તત્ત્વકો વિચારસાર વાણીકો ... વાણીકે ઉથાપે યાકિ દશા હૈ અભાવની, મોક્ષપંથ સાધી સાધી કહે જિનવાણી રીતિ હૈ ઐસી ભલી ભાવની'. ઓલા બોલ જુદા છે. કહો, સમજાણું આમાં?

ભગવાનની વાણીની સેવાથી પહેલું અસ્તિ સ્થાપ્યું, નિમિત્ત વ્યવહાર. શબ્દબ્રહ્મ દેશનાલબ્ધિ કાને પડી. પામવાની લાયકાત પોતાની છે. શબ્દબ્રહ્મ પડે એની સેવાથી અમને આ પ્રગટ્યું છે. વળી વિપક્ષ જેટલા અન્યવાદીઓ એણે એકાંત કરેલું સર્વથા એકાંત નયપક્ષ, '**તેમના નિરાકરણમાં સમર્થ...**' તેનો નિષેધ કરવામાં સમર્થ યુક્તિ હતી. '**અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ...**' એમ પાછું. અતિનિસ્તુષ એટલે તુષ-ફોતરા વિનાની અખંડ, '**અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ તેના અવલંબનથી...**' યુક્તિથી અમે સિદ્ધ કર્યું કે, એ વાત એની જૂઠી છે. લ્યો ઠીક. કો'કની જૂઠી છે એમ નક્કી શું કરવા કરવું? પણ કહે છે કે એ વિના તારો નિર્ણય સાચો રહેશે નહિ. ખોટા પાછા કહેશે તો (એમાં હા પાડીશ કે) હા ભાઈ હા એમેય ખરું હોં! એમેય ખરું. સમજાણું કાંઈ?

'**અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલ સર્વથા એકાંતરૂપ નયપક્ષ-તેમના નિરાકરણમાં સમર્થ જે અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ...**' અમારી. એમ હોય નહિ, તમે કહો છો એવો માર્ગ ન હોય. દ્રવ્યરૂપ ત્રિકાળ છે, પર્યાયરૂપ એક સમયની અવસ્થા છે. પર્યાય તે દ્રવ્યરૂપ નહિ, દ્રવ્ય તે પર્યાયરૂપ નહિ. શુદ્ધતા ત્રિકાળ છે, પર્યાયમાં અશુદ્ધતા છે એ અશુદ્ધતા છે માટે ત્રિકાળ દ્રવ્ય અશુદ્ધ છે એમ નહિ. સમજાણું કાંઈ? અત્યારે એમ કહે છેને? પર્યાય અશુદ્ધ માટે દ્રવ્ય પણ અશુદ્ધ થઈ ગયું એમ કહે છે. એઈ પંડિતજી! રતનચંદજી એમ કહે છે.

મુમુક્ષુ :-- અશુદ્ધદ્રવ્યાર્થિકનયે આવે છેને.

ઉત્તર :-- અશુદ્ધદ્રવ્યાર્થિક એટલે શું? દ્રવ્ય પોતે પર્યાયપણે અશુદ્ધપણે પરિણમ્યું છે એટલે એને અશુદ્ધદ્રવ્યાર્થિક કહ્યું. સમજાણું કાંઈ? જેમ કે પુણ્ય પરિણામરૂપે આત્માની પર્યાયમાં થયું તો એ તો અશુદ્ધતા પર્યાયના છે, પણ એ અશુદ્ધતા દ્રવ્ય-ગુણમાં છે એમ નથી. ત્રિકાળી શુદ્ધ આનંદકંદ છે. પર્યાયમાં દુઃખની દશા વિકલ્પ છે માટે આખું દ્રવ્ય દુઃખરૂપ પરિણમી ગયું છે એમ નથી. આહા..હા..! ભારે વાત.

આચાર્ય પોતે કહે કે, વિપક્ષનું નિરાકરણ કર્યું છે. ત્યાંથી અમને નિજવૈભવ પ્રગટ્યો છે. બધા ખોટાઓ કોણ કોણ છે એ બધાનું અમે નિરાકરણ યુક્તિથી કર્યું છે. અતિનિસ્તુષ.

એમને એમ ખોટા તર્ક કરવા એમ નહિ.

મુમુક્ષુ :-- પણ જેને આચાર્યપણું હોય એની વાત છેને.

ઉત્તર :-- આચાર્યની ક્યાં વાત છે, અહીં તો નિજવૈભવ પ્રગટ્યો એની વાત છે. જેને નિજવૈભવ પ્રગટે એને આ રીતે પ્રગટે એમ કહે છે. ભલે કોઈ સંક્ષેપવાળું હોય, કોઈ વિસ્તારવાળું હોય. સમજાણું કાંઈ?

એ પ્રશ્ન ઊભો થયો હતો (સંવત) ૧૯૮૦માં. ૨૮મું અધ્યયન છેને આ ઉત્તરાધ્યયનું. સંક્ષેપરુચિ તે સમકિત. દસ રુચિ છે. ૮૦ની વાત છે આ તો. ૪૭ વર્ષ થયા. બોટાદ, બોટાદ. હજારો માણસ વ્યાખ્યાનમાં ત્યાં તો હોયને. કાયમ વ્યાખ્યાન હોય. એમાં પ્રશ્ન ઉઠ્યો, જુઓ આ સંક્ષેપરુચિ કહી છે. ... સંક્ષેપરુચિ કહે છે. એમ આપણે સ્થાનકવાસીમાં આપણો ધર્મ સાચો છે એમ માને, સંક્ષેપ રુચિ હોય અને વિસ્તાર ... નામ લે તોય સમકિતી કહેવાય. કીધું, એમ છે નહિ. સંક્ષેપરુચિની વ્યાખ્યા બીજી છે. ખોટા મતને જેણે ગ્રહ્યા નથી પણ વિશેષ જ્ઞાન ખુલ્લું છે નહિ એને સંક્ષેપરુચિ કહેવામાં આવે છે. આ તો ૮૦ની વાત છે ૪૭ વર્ષ થયા. બોટાદ'ની વાત છે. કહો, સમજાણું કાંઈ? પહેલેથી અહીં તો હાલ્યા જ કરે છેને એમને એમ. જુઓ! પણ શું કીધું છે? ... કોઈ પણ અજ્ઞાનીના કહેલા મતો એણે ગ્રહ્યા ન હોય. પણ આ તો લાકડા કેટલાય ગ્રહ્યા છે અંદરમાં. એને તો આ બધું નિરાકરણ કરીને સ્વની આસ્થામાં આવવું પડશે. સમજાણું કાંઈ? જુઓને, કેટલાક કહે છેને અત્યારે આ અહીંનું સાંભળીને, રજનીશનું પણ મહારાજ જેવું લાગે છે. ક્યાંના ક્યાં (જોડી દે છે). અને મહારાજ કહે છે ઈ વેદાંત જેવું લાગે છે. લ્યો! અરે..! ક્યાં વેદાંત ને ક્યાં આ. ક્યાંય ઉગમણે-આથમણે મેળ નથી. ઓલા રજનીશનું. ભાઈ કહેતા હતાને, .. ગુજરી ગયા. ન્યાં આબુમાં. આઠ દિ' કુંદકુંદાચાર્યનું શિબિર કાઢ્યું. હવે કુંદકુંદાચાર્ય કોણ અને તું કોણ. બધાય સાચા છે અને બધાનો સમન્વય કરવો...

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ખોટા છે એમ કહેતા હતા. બધાય અત્યાર સુધીના આચાર્યો બધા ધર્મઆચાર્યોએ આપણને ભ્રમમાં નાખ્યા છે. ગીતાને ભજજો, વળી પાછું કુંદકુંદાચાર્યનું નામ લઈને એમ કરીને લોકોની વાહ...વાહ. બાપુ! એ માર્ગ એમ નથી. સમજાણું કાંઈ? ભાષા જરીક હોય પ્રોફેસરની. લોકો બિચારા સાધારણ મૃગલા જેવા. મૃગલા જેવા ભલે વાણિયા હોય પણ ભાન વિનાના. જી હા... જી હા. પાંચ બોઘા, પાંચ બોઘલી, પાંચ બોઘાના બચ્ચા, ગુરુ.... આ કહે સચ્ચા. ગુરુ મારે ગપ્પા. ભાન કે દિ' (હતું). સંસારના ઓલામાં તર્ક કરે બધોય કે, આવું આનું રૂ હોય ને આવું ફલાણું હોય ને એનું ઢીંકણું આવું હોય ને. એ રૂ લાગે છે ઊંચું પણ જરીક પલળેલું લાગે છે હોં! પાણી નાખ્યું લાગે છે માટે વધી ગયું હશે

મણ, બે મણનું ધોકડું. બધી ન્યાં તપાસ કરે.

પણ અહીંયા લક્ષ્મી ચાલી જાય છે આત્માની ઈ. કુતર્કથી માનવું ને ખોટાઓનું માનવું (એમાં) આખો આત્મા હાલ્યો જાય છે રખડવામાં.

મુમુક્ષુ :-- ઈ તો ધ્રુવ છે, કોઈ દિ' જાય નહિ.

ઉત્તર :-- ધ્રુવ છે પણ પર્યાયમાં રખડે છેને આ. ધ્રુવ તો ધ્રુવ રહ્યો. આ પર્યાયની વાત ચાલે છેને આ? નિજવૈભવ મારો પ્રગટ્યો એ પર્યાયમાં, એ બીજાના ખોટા માર્ગનું નિરાકરણ કરીને પ્રગટ્યો છે. સમજાણું કાંઈ? કહો, આ તમે દલીલ આપતા હશો કે નહિ? એઈ..! વકીલ! સામા પક્ષની દલીલ આપો કે નહિ? ખોટી હોય તો કહે, નહિ આમ નહિ. આમ ન હોય, ફલાણું ન હોય, ઢીંકણું ન હોય.

આ ભગવાન કુંદકુંદાચાર્ય આહા..હા..! કહે છે કે, અન્યવાદીઓ જે વિપક્ષ છે, સ્વપક્ષના સિદ્ધાંતના તત્ત્વોથી એકાંત માનનારા છે. વિપક્ષ છેને. સમસ્ત વિપક્ષ. પછી શું શબ્દ છે? અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ. આહા..હા..! ન્યાયથી અંદર સિદ્ધ કરવા માટે ખોટાની વાતનું નિરાકરણ યુક્તિથી અમે કર્યું છે. અને એવા યુક્તિ ને તેના અવલંબનથી એનો અમારો જન્મ છે. અમે એમને એમ માન્યું નથી એમ કહે છે. ખોટા પંથથી અમે નીકળી ગયા અને સાચા પંથમાં આવ્યા એ ખોટાના કુતર્કોને સયુક્તિથી નાસ્તિ કરીને આવ્યા છીએ. સમજાણું કાંઈ? એમ આંધળી દોડે અમે આવ્યા નથી એમ કહે છે.

વેપારમાંય બધી પરીક્ષા કરેને આનો માલ સારો નથી, આનો સારો છે, નથી કરતા? અત્યારે ... બધું ઘણું થઈ જાય છે. મરચામાં બીયા નાખે, ચોખામાં કણકી નાખે, ઓલામાં કેસરમાં હળદરનો ભૂક્કો કરીને નાખે. ઓહો..હો..! કહેતો હતોને હમણાં એક જણો. સેમ્પલ લાવ્યા હતા મ્યુનિસીપાલટીમાંથી. એક દુકાનમાંથી. પાંત્રીસ-ચાલીસ. પચ્ચીસ-ત્રીસ ચીજ સારી નીકળી, બાકી બધી ખોટી નીકળી. દસ-પંદર કોઈ સારી હશે. શું કહેવાય? ભેળસેળ વિનાની. એમ અજ્ઞાનીઓએ ભેળસેળ કરી નાખ્યું છે અનાદિનું. સાચો માર્ગ છોડીને જૂઠે જૂઠે રસ્તે ચાલ્યા.

એનું અમે નિરાકરણ કર્યું છે એમ કહે છે. જોયું! **'એકાંતરૂપ નયપક્ષ-તેમના નિરાકરણમાં સમર્થ...'** એવી અમારી અતિનિસ્તુષ (યુક્તિ છે). અતિનિસ્તુષ એટલે ફોતરા વિનાની. એટલે કસવાળી યુક્તિ અમારી ન્યાયવાળી યુક્તિ એમ કહે છે. સમજાણું કાંઈ? નયાવોયમ માર્ગ આવે છેને? ન્યાયથી અમે નિર્બાધ યુક્તિ... આહા..હા..! **'તેના અવલંબનથી જેનો જન્મ છે.'** તેના અવલંબનથી.. સમજાણું કાંઈ? પહેલામાં વાણીનું નિમિત્ત, બીજામાં આ આવો છે, આવો છે એવી જાતનું નિરાકરણ. એ પણ હજી પરલક્ષી આવો ભાવ હોય છે. આહા..હા..! એવો અમારો વૈભવ છે કહે છે. ત્રીજું કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૧૪, બુધવાર, તા. ૧-૧૨-૧૯૭૧
## ગાથા-૫, પ્રવચન-૨૬

સમયસાર, ૫મી ગાથા ચાલે છે. આચાર્ય કહે છે કુંદકુંદાચાર્ય કે, કંઈ પણ મારા આત્માનો જે નિજવૈભવ છે એનાથી હું આ સમયસાર કહીશ. ભગવાને કહ્યું છે એટલે એમ નહિ પણ મારા વૈભવથી હું કહીશ. મારો જે અનુભવ સમ્યગ્દર્શન-જ્ઞાન ને શાંતિ ને ચારિત્ર એનું જે વેદન અને એનો વૈભવ એ દ્વારા હું સમયાસરને કહીશ. જુઓ કથનની પદ્ધતિ! સમજાણું કાંઈ?

એ વૈભવ કઈ રીતે પ્રગટ્યો મારો? પર્યાયની વાત છે આ વૈભવ એટલે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માની પર્યાય એટલે અવસ્થારૂપ નિજવૈભવની વાત છે. જે સંપદાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય એની વાત છે. સમજાણું કાંઈ? સ્વભાવ મારો આત્મા પૂર્ણ આનંદ, જ્ઞાનઘન, હમણાં કહેશે, એમાંથી પ્રગટેલી દશા એ તો નિશ્ચયમાં નાખશે. પણ એ નિજવૈભવ નિમિત્ત અને ઉપાદાન બેને કારણે પ્રગટેલું એમ કહેવામાં આવે છે. એક તો અર્હંતના પરમાગમની સેવા. ભગવાન તીર્થંકરના શ્રીમુખે જે વાણી નીકળી એ વાણીને પરમાગમ કહીએ, એને શબ્દબ્રહ્મ કહીએ. એની સેવાથી અમારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો વૈભવ પ્રગટ થયો છે. કહો, સમજાણું કાંઈ?

બીજી વાત કે અન્યવાદિઓના જે વિપક્ષના માર્ગો એકાંતના એને અમે અતિનિસ્તુષ અખંડ યુક્તિથી નિરાકરણ કરીને આ આ પ્રકારના માર્ગ એ જૂઠા છે એમ નિરાકરણ કરીને અમને આત્માની નિજ દશા વૈભવ પ્રગટ થયો છે. સમજાણું કાંઈ? ઈ બે બોલ તો આવી ગયા છે, આજ હવે ત્રીજો.

'વળી તે કેવો છે?' નિજવૈભવ. જુઓ! આ નિજવૈભવ આ પૈસા ને ધૂળ ને ચીજ એ નિજવૈભવ નહિ, એ તો જડ જડની પર્યાય છે. તેમ આત્મામાં થતાં પંચ મહાવ્રતના પરિણામ આદિ પુણ્ય ભાવ એ પણ અમારો નિજવૈભવ નહિ એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? એ મલિન દશા અને પંચ મહાવ્રત અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ રાગ એ મારો નિજવૈભવ નહિ. સમજાણું કાંઈ? પંચ મહાવ્રતના પરિણામ અમારો નિજ વૈભવ અને ભગવાનની સેવાથી આવ્યો છે વિકલ્પ એમ નથી અહીં કહ્યું.

વળી કેવો છે વૈભવ? અમારા આત્માનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર શાંતિનું,

આનંદનું વેદન એ અમારો નિજ વૈભવ કેવો છે? શેનાથી ઉત્પન્ન થયો છે? '**નિર્મળવિજ્ઞાનઘન જે આત્મા...**' સંસ્કૃતમાં તો ફક્ત એટલું છે કે નિર્મળવિજ્ઞાનઘન. પણ કોણ છે આ આત્મા? આત્મા છે નિર્મળ વિજ્ઞાનઘન છે. આહા..! સમજાણું કાંઈ?

અંદર આત્મા... આ તો દેહ, વાણી જડ માટી. પુણ્ય-પાપના ભાવ વિકાર એ કાંઈ મારો વૈભવ નથી, એ કાંઈ મારામાં નથી. આહા..! નિર્મળ વિજ્ઞાનઘન અંદર નિર્મળ પવિત્ર વિજ્ઞાનઘન એવો હું આત્મા છું. એવા આત્માઓ હતા એમાં અંતર્નિમગ્ન. સમજાણું કાંઈ? નિર્મળ વિજ્ઞાન ચૈતન્યઘન, ચૈતન્યપુંજ એમાં અંતર્નિમગ્ન--અંતર સ્વરૂપમાં નિમગ્ન ઊંડા ઉતરીને સ્થિર થઈ ગયેલા. કહો, સમજાણું કાંઈ? એવા પરમગુરુ સર્વજ્ઞદેવ. આ સર્વજ્ઞની વ્યાખ્યા. પરમગુરુ સર્વજ્ઞદેવ. જે આત્માના નિર્મળ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન (હતા). એ પર્યાય હતી. આત્મા એ વસ્તુ, નિર્મળ વિજ્ઞાનઘન ઈ એનો સ્વભાવ, એમાં અંતર્નિમગ્ન એ એની પર્યાય. સમજાણું કાંઈ?

'**એવા પરમગુરુ-સર્વજ્ઞદેવ અને અપરગુરુ-ગણધરાદિથી માંડીને અમારા ગુરુ...**' આહા..હા..! સર્વજ્ઞ પરમાત્મા એ પણ વિજ્ઞાનઘન આત્માનો ચૈતન્યઘન પિંડ એમાં અંતર્મગ્ન હતા. પછી ગણધર થયા એ પણ નિર્મળ વિજ્ઞાનઘનમાં અંતર્મગ્ન હતા. પછી પરંપરાએ સંતો આવ્યા એ બધા નિર્મળ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતા. અમારા ગુરુ પણ નિર્મળ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતા એમ કહે છે. સમજાણું કાંઈ? અમારા ગુરુ પંચ મહાવ્રત પાળતા હતા, નગ્ન હતા એ વાત ન લીધી. સમજાણું કાંઈ?

અમને, અમારા ગુરુ ઠેઠ સર્વજ્ઞથી પરાપર શબ્દ છેને? '**परापरगुरु**' એમ સંસ્કૃત શબ્દ છે. પર એટલે સર્વજ્ઞદેવ. જુઓ સર્વજ્ઞદેવની પ્રતીતિમાં એને સર્વજ્ઞ કેવા છે એ પણ આવ્યું. અને એમના ઉપદેશથી અમને આ આત્મવૈભવ અંતર આનંદ અને મોક્ષનો માર્ગ પ્રગટ થયો છે. અને ગણધરથી માંડીને... ઓહો..! તમે છદ્મસ્થ છોને, તમે એમ કેમ જાણ્યું કે, સર્વજ્ઞથી માંડીને અમારા ગુરુ પર્યંત બધા નિર્મળ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતા? સમજાણું કાંઈ? ગંભીર ટીકા છે. અમે કહીએ છીએ, પંચ મહાવ્રત ધારી અમે છીએ એ વ્યવહાર. નિજવૈભવધારી છીએ એ પરમાર્થ છે. સમજાણું કાંઈ? એ એમ અમે કહીએ છીએ અને એમ અમે માનીએ છીએ. સર્વજ્ઞ પરમાત્માથી અંતર અમારા ગુરુ છદ્મસ્થ પણ બધા વિજ્ઞાનઘનમાં, નિર્મળ વિજ્ઞાનઘનમાં અંતર્મગ્ન હતા. એ એક જ વર્ગમાં બધાને નાખ્યા. સમજાણું કાંઈ? કેમ પંડિતજી! એક વર્ગમાં નાખ્યા.

સર્વજ્ઞ અને મારા ગુરુ છદ્મસ્થ. આહા..હા..! બેય ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાનનો સાગર નિર્મળ વિજ્ઞાનઘન પિંડ એમાં અંતર્નિમગ્ન હતા. એવું અમે અમારા અનુભવની ખાત્રીથી અમને એમ લાગ્યું છે. કહો, સમજાણું કાંઈ? અથવા ગુરુ હોય કેવા એની પણ વ્યાખ્યા

આપી. સંતો અને સર્વજ્ઞો બે કેવા હોય? સમજાણું કાંઈ? સર્વજ્ઞ આત્માનો સ્વભાવ એટલે નિર્મળ વિજ્ઞાનઘન એમાં અંતર્નિમગ્ન સર્વજ્ઞથી માંડીને અમારા ગુરુ સુધી, બધા આત્માના સ્વભાવમાં લીન--મગ્ન હતા. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ટીકા તે ટીકા છેને! કેટલું અંદરમાં નિશ્ચય દશાનું વર્ણન અને ખાત્રીપૂર્વક નિઃસંદેહ. કહે છે, અમને ખાત્રી છે કે, એ બધા સર્વજ્ઞથી માંડી ગણધર ને અમારા ગુરુ. '**ગણધરાદિકથી માંડીને અમારા ગુરુ પર્યંત,...**' બધા વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતા. છદ્મસ્થને વિકલ્પ છે અને કેવળીને નથી. શું કીધું ઈ?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- છતાં એ વિકલ્પ છે એની ગણતરી ન લીધી.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- એનામાં નથી. પણ ક્યાં પંચ મહાવ્રતના વિકલ્પને પાળે છે. ભાવલિંગ, દ્રવ્યલિંગ. વ્યવહારના કથન. છે કે નહિ? વળી પાછા માંગે, પ્રભુ! ભાવલિંગ અને દ્રવ્યલિંગ આપો. પ્રવચનસાર કહે છે જુઓ! ...

અહીં કહે છે કે, અમને તો, અમારા ગુરુ સુધી વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતા એમ અમને ભાસ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ નિર્મળ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન અને અમારા મુનિ દિગંબર સંત ગુરુ એ પણ જ્ઞાનમાં આનંદ વિજ્ઞાનઘનમાં લીન હતા. એને સાધુ કહીએ અને એને ગુરુ કહીએ, એને જૈનમાં સાધુ અને ગુરુ કહેવામાં આવે છે. અથવા આચાર્ય ને ઉપાધ્યાય બધા અંતર્નિમગ્ન હતા. સમજાણું કાંઈ? એવા અમારા ગુરુ સુધી. ઓહો..! એટલી પંરપરા. ... થયા કુંદકુંદાચાર્યને. છેક સર્વજ્ઞની હાજરીથી અત્યાર સુધીની ખાત્રી આપે છે. આવું સ્વરૂપ અને આવું કથન બહુ ક્યાંક હોય છે. સમજાણું કાંઈ? એમ કહીને એમ પણ કહ્યું કે, અમારા ગુરુએ અમને મહેરબાની કરીને અમને ઉપદેશ આપ્યો એ શુદ્ધાત્મ તત્ત્વમાં લીન થવાનો. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અમારા ગુરુ પર્યંત, તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ...**' એમની મહેરબાનીથી અમને ઉપદેશ મળ્યો. આહા..હા..! એમાં એમની મહેરબાની કીધી. ખરેખર તો અમારી લાયકાત હતી તો એ મળ્યો એમ ન કહેતા.. સમજાણું કાંઈ? અમારા સર્વજ્ઞદેવથી અમારા ગુરુએ અમારા ઉપર કૃપા કરી. આહા..હા..! વળી કોઈ ઉપર કોઈ કૃપા કરે નહિ. અહીં તો એવા પુરુષો હતા, અમને અમારા ઉપર મહેરબાની કરીને અમને ઉપદેશ આપ્યો. સમજાણું કાંઈ? અમને પ્રસાદી આપી. આહા..! જે પ્રસાદરૂપે અપાયેલ. મહેરબાનીથી દીધો અમને ઉપદેશ.

'**જે શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ,...**' મહેરબાનીનો ઉપદેશ. ન્યાં એ પ્રસાદ. અનુગ્રહપૂર્વક ઉપદેશ. અરે..! એક કોર કહો કે, ઉપદેશ કોઈ આપી શકે નહિ, ઉપદેશ કોઈ દઈ શકે નહિ એ તો વાણી છે. પણ સાંભળને, ઈ શું કહેવા માગે છે? એમનો ભાવમાં

જે અમને આનંદનો નાથ એવો આત્મા તે તરફ ઢળી જા એવું કહેવું છે એ ભાવને અહીંયાં ઉપદેશ અમે આપ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? માર્ગ જુદો બાપા, બહુ જુદો. દિગંબર સંતોએ સનાતન સર્વજ્ઞનો પંથ પવિત્રની ધારા અમૃતધારા હાલી છે એ અમને આપી છે. સમજાણું કાંઈ?

પરીક્ષા કરીને અમે આ અંગીકાર કર્યું છે એમ કહે છે. આહા..હા..! શુદ્ધાત્મ તત્ત્વ. આ બધું વાંચન, શાસ્ત્રો ને બધા છેને? એનો કેમ તમે ઉપદેશનું ન કહ્યું? અમને તો એમણે શુદ્ધાત્મ તત્ત્વનો મહેરબાની કરીને ઉપદેશ આપ્યો. ભાઈ! તું ભગવાન છો હોં! શુદ્ધ આનંદ ને જ્ઞાનનું સ્વરૂપ તારું છે. એવું શુદ્ધ આત્મતત્ત્વ, દ્રવ્યસ્વભાવ શુદ્ધ જ્ઞાન ને આનંદનું ધામ એના તત્ત્વનો અમને ઉપદેશ આપ્યો. આટલા બધા ચાર અનુયોગમાં એક જ આપ્યો ઉપદેશ? ચારમાં એક જ આ કહેવું છે. સમજાણું કાંઈ? ચારેય અનુયોગમાં કહેવાનું આ જ છે. આ હેતુએ ચાર અનુયોગ છે. આહા..હા..! વીતરાગતાનું તાત્પર્ય છે અનુયોગમાં. તો વીતરાગતા ક્યારે થાય? કે, સ્વ તરફના આશ્રયમાં જાય અને પરની ઉપેક્ષા કરે એનું નામ વીતરાગતા. તો એ અમને અનુગ્રહ આ ઉપદેશ મહેરબાની કરીને આપ્યો. આહા..!

એ શુદ્ધાત્મ તત્ત્વમાં લીન પુરુષો હતા. વળી ઉપદેશ આપ્યો અમને! એમ કહ્યું કે ન કહ્યું? અમારા ગુરુ તો અંતર્નિમગ્ન હતા. ઉપદેશ ક્યાંથી આવ્યો? ઈ અંદરમાં નિમિત્ત એનો ભાવ છેને વાણીને એટલે એની વાણી, ઉપદેશ આપ્યો એમ કહેવામાં આવે છે. જે ભાવમાં ઘોલન હતું આનંદનું, જ્ઞાન દર્શનનું અને અનુસરીને જ વાણી નીકળી. આહા..હા..! સમજાણું કાંઈ? એથી એમ કહ્યું કે, એમણે અમારા (ઉપર) મહેરબાની કરી અમને ઉપદેશ આવો આપ્યો ભાઈ! તું શુદ્ધ આનંદનો ઘન છોને નાથ! આહા..હા..! તું શરીર નહિ, વાણી નહિ, મન નહિ. તું પુણ્ય અને પાપના વિકલ્પ નહિ અને તું અલ્પજ્ઞ પણ નહિ. આહા..હા..! અમૃત રેલાવ્યા છેને પણ! એક એક શબ્દે કેટલું કેટલું ભરે છે અંદરથી!! આહા..હા..! સમજાણું કાંઈ? જેને અનુસરીને વાણી આવી છેને, એ ભાવ ત્યાં કેવો પાછળ છે એ આમાં સાબિત થાય છે. આહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આહા..હા..! અરે...! આવા અવસર તો ક્યારેક કો'ક વખતે આવે એમ કહે છે. હેં? અમારી ઉપર પ્રભુએ મહેરબાની કરી હોં! વળી ઓલામાં આવે, યોગસારમાં નથી આવતું? કોઈ કોઈની.. શું કહેવાય? ટીકા ન કરે, સેવા ન કરે કોઈ કોઈની, આવે છેને? હેં? કોણ કોની સેવા કરે? સેવે પૂજે કોણ? એવું આવે છે. કોની નિંદા એવું આવે છે. અહીં કહે છે, મેં સેવા કરી પરમાગમની, લ્યો. આહા..હા..! બાપુ! એને સમજવું જોઈએને. જે અપેક્ષા છે એટલી અપેક્ષાએ સમજવું જોઈએ. આહા..! અમારા ગુરુએ અમને આ આપ્યું. અમે સાંભળનારા પાત્ર હતા એથી ગુરુએ કહ્યું એમ ન કહેતા, જેનાથી મુક્તિ મળે અને

પરમ આનંદ અતીન્દ્રિય પ્રાપ્ત થાય એવો અમને શુદ્ધાત્મનો ઉપદેશ આપ્યો. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

એક શ્વેતાંબરમાં આવે છે કે, ... પ્રશ્નવ્યાકરણમાં. એટલે એની તકરાર ચાલી મોટી. સ્થાનકવાસી અને ઓલા તેરાપંથીને એક મહિનો ચર્ચા (ચાલી). પાઠમાં આ છે, ભગવાને છ જીવનિકાયની રક્ષા માટે પ્રવચન કર્યા છે. ત્યારે ઓલા તેરાપંથી કહે, રક્ષા માટે નહિ. પાઠ રક્ષા છે. ઓલા કહે કે, રક્ષા માટે. એક મહિનો ચર્ચા ચાલી. જેની અંદરની પુષ્ટિ લાગે એ બિચારા ... સાધુ, સાધ્વી. પણ બેયની વાત ખોટી. છજીવનિકાયના રક્ષણ માટે, રક્ષણ માટે પ્રવચન કર્યા એમ નહિ. શુદ્ધાત્મ તત્ત્વના ઉપદેશ માટે પ્રવચન નિકળ્યા છે એમ કહે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો ટૂકડો છે અને એક મહિનો ચર્ચા (ચાલી). લીલાધરજી કહેતા. અમારી સાથે રહ્યા હતાને, લીલાધરજી. તેરાપંથીના સાધુ હતા. સાધુપણું મૂકી દીધું હતું. શ્રાવક .. અમારી સાથે રહ્યા હતા. ...પછી કાંઈક કાગળ આવ્યો, ... ઈ કહેતા કે, અમારે ચર્ચા ચાલે છે. હવે ચર્ચા બેય ખોટી. ભગવાનનો ઉપદેશ... અહીં તો કહે કે, ભગવાને અને અમારા ગુરુએ, બધું આવ્યુંને ભાઈ આમાં તો? આહા..હા..! સમજાણું કાંઈ? છ કાયના રક્ષા માટે ઉપદેશ આપ્યો. ઓલા તેરાપંથી તો એમ માને કે, રક્ષા કરાવીશ નહિ, રક્ષા કરવી જીવની રક્ષા કરવી એ તો પાપ કહેવાય. તેરાપંથી (એમ કહે) રક્ષા કરવી એ તો પાપ છે. એવો કેમ ઉપદેશ (આપ્યો)? માટે એને ન મારવા એવો ઉપદેશ ભગવાને આપ્યો. અરે..! ભગવાન! એઈ..! પંડિતજી! મોટા મોટા તેરાપંથી છેને, તુલસી. ઈ હમણાં ... છે. ભાઈ! આહા..હા..! ગજબ વાત છે! એક એકમાં કેટલો નિકાલ કરે છે.

ભગવાનની વાણીમાં તો અમારા શુદ્ધાત્મતત્ત્વનો જ ઉપદેશ આવ્યો છે. સમજાણું કાંઈ? આહા..! અને સંતોની વાણીમાં પણ એ આવ્યું છે એમ કહે છે. સમજાણું કાંઈ? અમારા ગુરુ સુધી અને પોતે એમ કહે છે એનો અર્થ, અમે પણ શુદ્ધાત્મ તત્ત્વના ઉપદેશ કરનારા સમયસાર કહેશુંને. એટલે શુદ્ધાત્મ તત્ત્વનો અમે ઉપદેશ કરશું એમ. પણ આમ ન કરતા આમથી લીધું પહેલું. કેમ વૈભવ ઉત્પન્ન થયો એમ કહ્યુંને? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ, અતીન્દ્રિય જ્ઞાનથી પૂર્ણ ભરેલો આત્મા એમાં અમે એકાગ્ર થઈને જે અમને નિજ દશા આનંદની, જ્ઞાનની વૈભવ પ્રગટ્યો એ ગુરુની કૃપાથી પ્રગટ્યો છે. આહા..હા..! વિનય પણ કેટલો રાખે છે! પહેલેથી ઉપાડ્યું છે, પરમાગમની સેવાથી. આહા..! સમજાણું કાંઈ?

ત્યારે વળી એક જણા એમ કહેતા, તમે એમ અંદર માનો કે, અમારાથી થયો લાભ. અને ગુરુને કહો કે તમારાથી (લાભ) થયો, એ તો માયા થઈ ગઈ. હે ભગવાન! એઈ..! એવી માયા ન કહેવાય, એ તો વિનય કહેવાય ભાઈ! સમજાણું કાંઈ? મોટા મોટા ભણેલા કાશીના હોં ગોટા વાળતા. આહા..! અમારી પાસે તમે આવ્યા છો, પૂછો છો. હવે તમે

કહો છો કે, નિમિત્તથી કાંઈ લાભ ન થાય. તો અમારી વાણીથી ને અમારાથી તમને લાભ ન થાય તો તમને શું કરવા પૂછવું, અમે મૌન થઈ જશું. એ ચર્ચા થઈ ગઈ છે મોટી, એક પંડિત સાથે. સમજાણું? ત્યારે ઓલા કહેનારે કહ્યું, કે શું વાણી કર્તા? જ્ઞાન કર્તા અને વાણી કાર્ય છે તો અમે મૌન થશું? શું કહો છો આ? જ્ઞાન કર્તા અને વાણી કાર્ય. અરે..! કર્તા જ્ઞાન અને વાણી કરે? જ્ઞાનમાં વાણીનું કર્તાપણું છે? એનો જવાબ નહોતો આપ્યો, આણે આપ્યો હતો, રતનચંદજીએ. શું કહેવાય? ખાણિયા ચર્ચામાં. એ તો નિમિત્ત-નિમિત્ત સંબંધને કર્તાકર્મ સંબંધ કહ્યો છે. આહા..હા..! જ્ઞાન કર્તા અને વાણી કાર્ય એમ આવે છે. ઓલાએ એમ જવાબ નહોતો આપ્યો. લ્યો ત્યારે અમારાથી તમને કાંઈ લાભ ન થાય. તમે તો નિમિત્તથી લાભ થાય એમ માનતા નથી. ત્યારે અમારાથી લાભ ન થાય તો અમે શું કરવા બોલીએ તમને? મૌન થઈ જઈએ. આહા..હા..!

ઈ પોતે કુંદકુંદાચાર્ય કહે છે, અમને લાભ પરથી થતો નથી એવી અમારી માન્યતા અને અનુભવમાં છે. છતાં અમે એમ કહીએ છીએ (કે) અમને અમારા ગુરુની પ્રસાદીથી અપાયેલો અનુગ્રહપૂર્વક--મહેરબાનીપૂર્વક, અમારા ઉપર મહેરબાનીપૂર્વક અમને ઉપદેશ આપ્યો. નિર્માનપણું છેને એટલું. તેનાથી જેનો જન્મ છે. એ અમને અમારા ગુરુએ સર્વજ્ઞથી આવેલી પદ્ધતિ અને બધા અંતર્નિમગ્ન ભગવાન આનંદમાં લીન હતા, અમારા ગુરુ પણ જ્ઞાન ને આનંદમાં લીન હતા એમણે અમને ઉપદેશ આપ્યો, એમાંથી અમારો વૈભવ પ્રગટ્યો. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

હીરાના કાંટા હોય જુદા હોય તોલવાના. સમજાણું? પા રતિભાર ફેર પડે તો દસ દસ હજાર રૂપિયાનો એક રતિ હોય છે. ઈ કાંઈ આ ગુણી તોલે એ કાંટા હશે? ચાર મણ ને અઢી શેર. થાય છેને, શું કહેવાય મોટા? અમારા પાલેજમાં બહુ. ... પાલેજમાં બહુ. દુકાનની જોડે હતી. અજમુદીન નુરુદીનની. મોટી ઘોડી હોય ને... ચાર મણ ને અઢી શેર. અઢી શેર હોય બારદાન અને ચાર મણ હોય ચોખા. પણ પેલું તો ખપે ચાર મણ ભેગુંને. આહા..હા..! આવો ઉપદેશ અમને ભગવાન સંતોએ આપ્યો. સર્વજ્ઞથી માંડીને અત્યાર સુધીના ગુરુ એમણે અમને શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ આપ્યો. એનાથી અમારો આ વૈભવ જન્મ્યો છે એમ કહે છે, કુંદકુંદાચાર્ય કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભઈ, તમે ઉપાદાનના માનનારા અમારાથી થાય અને વળી આનાથી થાય એમ ક્યાં લાવ્યા? એઈ..! ભઈ, એમ જ આવ્યું એમાં, સાંભળને! એ અમારા ઉપાદાનમાં પ્રગટ્યું અમારાથી, ત્યારે આ નિમિત્ત હતું. એટલે એનાથી અમને આ વૈભવ પ્રગટ્યો એમ અમે કહીએ છીએ. સાંભળને હવે.

કહો, કાલે કાઢ્યું હતું ભાઈ ઈ, નહિ? કાલે કાઢ્યું હતું, નહિ? શું કહેવાય ઈ? અધ્યાત્મ પંચસંગ્રહમાંથી કાઢ્યું હતું. છેલ્લું. બહુ વ્યવહારનું ઓલું ન કરીશ. નહિતર ભગવાનનું--ત્રણ

લોકના નાથનું પૂજ્યપણું વ્યવહારે છે એ તે ... નથી. આહા..! સંસારના કામ માટેના અશુભભાવ કરે આખો દિ'. અને જ્યારે શુભભાવનો વખત આવે (ત્યારે કહે) એ તો ભઠ્ઠી છે. બહુ સારી વાત. આહા..! અશુભભાવ તને ભઠ્ઠી લાગતી નથી. આખો દિ' બાયડી સાથે, છોકરા સાથે, ધંધા સાથે, શેઠ સાથે ભાવ કરે ઈ ક્યો ભાવ હશે? પુણ્ય હશે? એ તો એકલો તીવ્ર ભઠ્ઠી છે. હેં? બાયડી સાથે બેઠો હોય, છોકરા સાથે બેઠો હોય તો મૌન થઈને બેસતો હશે? ન્યાં તો હોંશથી વાતું કરે. સમજાણું કાંઈ? ત્યારે ભઠ્ઠી એને લાગતી નથી અશુભની. એટલે ટાણા જ્યારે શુભના આવે (ત્યારે કહે) એ શુભ તો ભઠ્ઠી છે. બહુ સારી વાત છે. કોણે ના પાડી? પણ એ આવ્યા વિના રહેતું નથી. અશુભથી બચવા એ પ્રસંગ હોય ત્યાં ઈ આવે. એમ કહીને અહીં કહે છે અમને તો અમારા ગુરુએ (અનુગ્રહપૂર્વક આપ્યો). અમને સાંભળવા વખતે તો વિકલ્પ હતો લ્યો! પણ અમને એનાથી અમારો નિજવૈભવ પ્રગટ્યો એમ કહે છે લ્યો! સમજાણું કાંઈ? આહા..હા..!

અને એક કોર કહો કે, ઉપદેશ સાંભળો એ પણ વિકલ્પ છે અને તે સંબંધીનું જ્ઞાન પોતાથી ભલે થાય પણ એ બધું પરલક્ષીજ્ઞાન છે, એ કંઈ આત્માને લક્ષ કરાવે એવું એ જ્ઞાન નથી. એ.. ચીમનભાઈ! ભારે વાતું આ ભાઈ.

મુમુક્ષુ :-- અનેકાંત માર્ગ છે.

ઉત્તર :-- અનેકાંત માર્ગ કહે એમ જ્યાં જ્યાં જેમ છે તેમ એને સમજવું જોઈએ. આ કુંદકુંદાચાર્ય જેવા એમ કહે છે લ્યો! એને અંદર એમ છે કે આમાં ઉપદેશ છે ને આમ વાણી સાંભળી, વાણી તો પર છે. અને સાંભળવાનું થયું ઈ તો જ્ઞાનના ક્ષયોપશમની પોતાની યોગ્યતાથી થયું છે. એ કંઈ વાણીથી કંઈ ક્ષયોપશમ થયો નથી. એ તો અડી પણ નથી અને તે જ સમયે પાછું. જે સમયે અહીં વાણી છે તે સમયે જ્ઞાનનો ક્ષયોપશમ પોતાથી થયો અને શુભ વિકલ્પ પણ પુરુષાર્થની નબળાઈથી થયો છે. સમજાણું કાંઈ?

અમને તો અમારા ગુરુએ આપ્યો અમને શુદ્ધનો ઉપદેશ. એનાથી અમારી સમ્યગ્દર્શન-જ્ઞાનદશા ચારિત્રની પ્રગટ થઈ છે. વળી કહો કે સમ્યગ્દર્શન તો આત્માના દ્રવ્યને આશ્રયે થાય. પર્યાયને આશ્રયે ન થાય, રાગને આશ્રયે ન થાય, નિમિત્તને આશ્રયે ન થાય. શાંતિભાઈ! વળી એક કોર આ. કહે છે કે, ઈ વ્યવહારને વ્યવહાર તરીકે બરાબર જાણ. સમજાણું કાંઈ? અમને તો અમારા ગુરુએ અમને ઉપદેશ આપ્યો એમાંથી અમને તો આત્માનો અનુભવ પ્રગટ થયો છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? નિમિત્તમાં એ હતું એમ સિદ્ધ કરવું છે. આમાં બહુ પરિચય હોય તો સમજાય એવું છે. ગુલાબચંદભાઈ! ન્યાં ઓલા વેપારમાં બધા ભાઈઓ ભેગા થઈને વાતું ન્યાં કરો. પહેલા છ હતા, હવે ત્રણ રહ્યા. ન્યાં ભેગા થઈને કરો. ન્યાં તો બધી આવડત અનાદિની છે ઈ તો. આ સમજવું આ શું છે, આ લખાણ કાંઈક, એનો

ભાવ કાંઈક. સમજાણું કાંઈ? આહા..હા..! એ ચોથો બોલ થયો.

'**તેનાથી જેનો જન્મ છે.**' એમ છેને? ઉત્પન્ન થયો. આહા..હા..! છેને છેલ્લો શબ્દ ઈ છેને? '**कश्चनापि ममात्मनः स्वो विभवस्तेन**' એમને? ત્યાં ચોથી લીટી સંસ્કૃતની. '**आ अपि**' એટલે કોઈપણ પ્રકારે '**ममात्मनः स्वो विभवस्तेन**' એમ. આ વૈભવ ન્યાંથી થયો છે અમારે. ચોથી લીટી છેને ભાઈ! ગજબ ટીકા છે! ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્ય ભાવલિંગી સંત છઠ્ઠે ગુણસ્થાને અત્યારે છે, લખવા ટાણે વિકલ્પ છેને. ત્રણ કષાયનો અભાવ વીતરાગપણાને જોવે છે. આહા..! સમજાણું કાંઈ? એ વિકલ્પ આવે છે એ પણ જુદો રાખીને જાણે છે. આહા..! વાણીને પણ જુદી રાખીને જાણે છે. ગજબ વાત છેને! સમજાણું કાંઈ? એક જણો કહે, કે તમે નવ તત્ત્વની વાત કરોને સમયસારમાં એ પંદર દિ'માં વાંચી ગયો. બહુ સારી વાત છે બાપા! પંદર દિ'માં શું અંતર્મુહૂર્તમાં સમયસાર વંચાઈ જાય. પણ કઈ રીતે? આહા..હા..!

એના ભાવો સમયસારના ગજબ! આચાર્યોના કથનો સર્વજ્ઞને અનુસારે કથનો. એનાથી જેનો જન્મ છે. એમ. એ ત્રણ બોલ થયા. મારા આત્માનો વૈભવ એ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર અને આનંદ એ પ્રગટેલી દશા એ આત્માનો વૈભવ. એ આવા કારણે પ્રગટ થયો છે. હવે ચોથું ઉપાદાન પોતાનું એકનું લ્યે છે. પછી નાખ્યું. '**નિરંતર ઝરતો...**' હવે શું કહે છે? મારો વૈભવ મારો આત્મામાં આનંદ છે અતીન્દ્રિય એ નિરંતર ઝરે છે. ડુંગરમાંથી જેમ પાણી ઝરે. અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન એમાં અમારી એકાગ્રતા થતાં એમાંથી નિરંતર આનંદ ઝરે છે, અતીન્દ્રિય આનંદ ટપકે છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ આ મુનિની દશા! અને કહેનાર વચનના ક્રમાંક કેમ કરવા કે, આ પુરુષ પ્રમાણે વચન પ્રમાણ. આહા..!

'**નિરંતર ઝરતો...**' આંતરા વિનાનો આનંદ આવે છે અંદરથી કહે છે. અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, અતીન્દ્રિય આનંદના અમૃતનો દરિયો આત્મા એમાં સન્મુખ થા. સન્મુખતા થવાથી સમયે સમયે નિરંતર આનંદ પ્રગટ થાય છે. ઝરે છે, ટપકે છે આનંદ કહે છે. જુઓ આ મુનિદશા! સમજાણું કાંઈ? એ સાધકનો માર્ગ લહેરનો! અમને આ પ્રચુર સ્વસંવેદન પ્રગટ્યું એનાથી આ વૈભવથી અમે વાત કરીએ છીએ, એમ કહે છે. આહા..હા..! '**આસ્વાદમાં આવતો,...**' '**अनवरतस्यन्दि**' આસ્વાદમાં ઝરતો એ અનુભવમાં આનંદમાં વેદન આવે છે કહે છે. અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ... દુનિયામાં સુખ ને કલ્પના કરી સ્ત્રીઓમાં, પૈસામાં, પુણ્યમાં એ તો ઝેરની કલ્પના હતી. સમજાણું કાંઈ? એ કલ્પના અમારી ગઈ અને અમારા આત્મામાંથી આનંદનો સ્વાદ અમને આવ્યો એમ કહે છે. સમજાણું કાંઈ? શુદ્ધાત્માના ઉપદેશથી અમને અનુભવ થયો. એમાં '**સુંદર જે આનંદ...**' આ દુનિયા પાછા માને છેને બહારમાં,

ધૂળમાં ને પૈસામાં ને શરીરની સુંદરતામાં ને આબરૂમાં ને છોકરા કાંઈક સારા પાકે એમાં ને બાયડી કાંઈક કહ્યાગરી હોય એમાં. ધૂળમાંય નથી સાંભળને. સમજાણું કાંઈ? એ તો વિકલ્પ ઉઠે ઈ ઝેર છે. ઝેરનો અનુભવ અજ્ઞાની લે છે. આ બધા તમને સુખી કહે છેને લોકો. મોટી મોટી વાતું. તમારા ઘરે ભલે ગમે એટલા હોય. એક કરોડપતિ કહે, એક પાંચ કરોડવાળા કહે, બધું કહે. ભલે પૈસા ગમે એટલા હોય પણ આબરૂ મોટી લાંબુ નાક હોય તો લોકો એમ કહે કે, આ તો બહુ સુખી. લ્યો. એ.. ભીખાભાઈ! હેં? વાત તો એમ છે. એની જાતના બધા સરખા હોયને આહા..! ગાંડાના ટોળામાં ગાંડો બહુ હોય ઈ બહુ મોટો કહેવાય. સમજાણું કાંઈ? આહા..! આ અમારે કહેતા હતા શિવલાલભાઈ, એમના ભાઈ હતાને શિવલાલભાઈના. હેમચંદભાઈના ભાઈ. ઈ કહે, ત્યાં અમારે... ત્યાં રહેતાને, લાતણ બજાર. ત્યાં એવો રિવાજ છે કે, જ્યારે માંડવો થાયને ત્યારે વાંદરા આવે પચ્ચીસ, પચાસ. માંડવો નાખે લગનમાં. એમાં એનો એક મોટો વાંદરો હોય એને પાઘડી બંધાવી જોઈએ.

મુમુક્ષુ :-- એના પટેલ.

ઉત્તર :-- હા પટેલ કહેવાય. અને જો પાઘડી ન બાંધે તો એનો માંડવો વિંખી નાખે બધા. એમ કહેતા. હેમચંદથી મોટા નહોતા રહેતા? બાર વર્ષ રહ્યાને અમારી સાથે. અહીં બેસતા. (સંવત) ૨૦૧૦ની સાલમાં ગુજરી ગયા. હેમચંદભાઈ નહિ? ન્યાં મુંબઈ છેને. મુંબઈ રહે છેને. ભુપેન્દ્ર ડાઈંગ. ભુપેન્દ્રનો બાપ હેમચંદ, હેમચંદથી મોટાભાઈ શિવલાલભાઈ. દાદાના દીકરા થાયને. ઈ કહેતા હતા ત્યાં કે, ન્યાં ... બાજુમાં એવું કે વાંદરા આવે પચ્ચીસ-પચાસ, જેવી વાર લાગે ને તો માંડવો તોડી નાખે. એટલે પાઘડી બાંધવી પડે અને થોડા લાડવા નાખવા પડે. કંઈક ખાવાનું. એમ આ મોટા પાપી અને મોટા હોયને સુખી માનતા એને ઓલા વખાણે બધા. પાઘડી બાંધે એને. પ્રમુખ બનાવે. હેં? અને પાછું બોલે ત્યારે એમ બોલે, તમે મને પસંદ કર્યો. હું લાયક તો નથી. અંદર તો ગલગલિયા હોય એને, મોટો બેસવામાં. તમે મને પસંદ કર્યો એ પ્રમાણે બધા ભેગા થઈને હવે ... નભાવજો તમે. એમને એમ રાખજો પાછું. કાઢી નાખશો નહિ. એઈ..! આવાને આવા બધા ગાંડા ભેગા થયા. આહા..હા..!

કહે છે કે, અમને તો.. આહા..હા..! પ્રત્યક્ષ આનંદનો સ્વાદ આવે છે હોં! આહા..હા..! આનું નામ ધર્મ. સમજાણું કાંઈ? આનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર. રસિકભાઈ! આ માર્ગ છે. ભગવાનનો તો આ માર્ગ છે. ...ભાઈ! આવો માર્ગ. આહા..હા..! બીજે તો સાંભળવામાં આવતો નથી. એથી અહીં ... વ્રત થઈ ગયા. અરે.. ભગવાન સાંભળને ભાઈ! બાપુ! માર્ગ તો કાંઈક જુદા જ છે. અહીં તો કહે છે કે, સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર જે આત્માનો નિજવૈભવ દશા એ તો આનંદદાયક છે એમ કહે છે. એમાં તો આનંદ આવે છે. આહા..હા..!

લોકો એમ કહે કે, આહા બાપા! ચારિત્ર પાળવા, વેળુના કોળિયા મીણના દાંતે ચાવવા. આ શું કહે છે તું? સમજાણું કાંઈ? પોપટભાઈ એમ કહે છે કે નહિ? હેં? તમે પાળી શકો નહિ તો ઓલા એમ કહે કે, હા વાત સાચી. જુઓ આ ત્યાગ કરે, ઉઘાડા પગે ચાલે, પાણી ઊના પીવે, લોંચ કરાવે. હવે એ તો બોકડાય કરાવે છે ... સાંભળને. ઉઘાડા પગે (ચાલે છે) ઢોર ઉઘાડા પગે જ ચાલે છે. હેં? ઊના ... પાણી પીવા ન્યાં બહુ જાય છે. શું કહેવાય? ... હોય છેને? ઊના પાણીના. રાજગૃહીમાં છે ને બધે છે. છેને? ઊના પાણીના (કુંડ). ન્હાવા જાય. વસ્તુની શું સ્થિતિ છે એની ભાન વિના તારા ઊના પાણી ને ઉઘાડા પગ, ચોવિહાર કરે ને રાત્રે ખાય નહિ એ ધર્મ. ધૂળેય ધર્મ નથી સાંભળને. આહા..હા..!

કહે છે, એ સુંદર જે આનંદ, આત્માનો અમૃતનો મીઠો સ્વાદ. આહા..હા..! સમજાણું કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પો જે વૃત્તિઓ છે એ તો દુઃખ છે. એ તો આનંદની ઉલ્ટી અવસ્થા છે. એટલે એમાં કહ્યુંને, 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયો'. એવા પંચ મહાવ્રત ને અઠ્યાવીસ મૂળગુણ એવી તો અનંત વાર ક્રિયા કરી, એ તો દુઃખની ક્રિયા, રાગની ક્રિયા, ઝેરની ક્રિયા. આ ક્રિયા આનંદની ક્રિયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ટીકા તે પણ ટીકા છેને જુઓને! સુંદર આનંદ એમ. એટલે શબ્દ વાપર્યો સુંદર આનંદ એમ. સુંદર આનંદ છેને? પાઠમાં છે. '**તેની છાપવાળું...**' શું કહે છે? આ ... આવે છેને, શું કહેવાય? પોસ્ટનું. છાપ મારે છેને છાપ. એમ અમૃતનો આનંદનો અનુભવ, અનુભવમાં આનંદની છાપ છે કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! મહોર મારી છે આનંદની.

અમે આત્મા આનંદનો નાથ સ્વરૂપ પ્રભુ સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથે કહ્યો તે. આહા..હા..! એમાં અમારું વેદન આનંદની છાપવાળું છે, માથે મહોરછાપ મારી છે. અતીન્દ્રિય આનંદની જેમાં પ્રધાનતા છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ બિચારા ઉપવાસ કરે, વર્ષીતપ કરે ને ઓલું શું કહેવાય? પર્યુષણમાં આઠ આઠ દિ' (અપવાસ કરે અને) પછી કાઢે વરઘોડા. વરઘોડા વરટોળા છે બધા. દુઃખી... દુઃખી... દુઃખી પ્રાણી છે. એને ખબર નથી. ધર્મ તે આનંદના ઝરણાવાળો ધર્મ છે એની તો ખબર નથી. એકલી લાંઘણું કરે અને માને આ વર્ષીતપ કર્યા ને અપવાસ કર્યા આઠ ને દસ ને શું? શહેર બહારમાં તો નહિ કરતાં હોય, માવાણી! પરદેશમાં બહુ નહિ કરતા હોય. દેશમાં છે બધું. આહા..હા..! હેં?

કહે છે,... એક એક લીટીએ તો અંદર પરમ સત્ય ઝરે છે! આત્માનો ધર્મ કેવો હોય? ધર્મ એને કહીએ, જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ ને અતીન્દ્રિય આનંદની મહોરછાપ પડી હોય. આહા..હા..! સમ્યગ્દર્શનમાં પણ અતીન્દ્રિય આનંદની મહોરછાપ પડી છે. શાંતિભાઈ! જુઓ તો ખરા, આહા..હા..! ભાગ્યવાનને માટે ભગવતી રહી ગયું. ભગવતી શાસ્ત્ર આ.

ભાગવત શાસ્ત્ર છેઆ. છેને ટીકા અંદર? પંડિતજી! સંસ્કૃતમાં છે. '**अनवरतस्यन्दिसुन्दरानन्द-मुद्रितामन्दसंविदात्मकस्वसंवेदनजन्मा**'. આહા..હા..! એટલે કે આનંદની મહોરછાપ પછી થઈ, પહેલી નહોતી, મિથ્યાત્વભાવમાં એ હતી નહિ. આહા..હા..! રાગને પોતાનો માનતા રાગની એકતાબુદ્ધિમાં... એકત્વ-વિભક્ત છે ને? સમજાણું કાંઈ? એકત્વ-વિભક્ત છેને મૂળ પાઠ. જ્યાં સુધી અમે રાગ ને વિકલ્પની એકતામાં હતા ત્યારે તો દુઃખ હતું. ભલે એ પંચ મહાવ્રત પાળતો હોય ને અઠ્યાવીસ (મૂળગુણ પાળતો હોય) પણ એ દુઃખી હતો. આહા..હા..! જ્યારે એને આત્માને રાગથી ભિન્ન પાડીને એકત્વ કર્યું ત્યારે તેના ભાનમાં અતીન્દ્રિય આનંદના છાપવાળું વેદન અમને પ્રગટ્યું એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સુંદર જે આનંદ તેની છાપવાળું...**' મુદ્રાછાપ, ટ્રેડમાર્ક માર્યો. ધર્મ પ્રગટ થાય તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એ એની મહોરછાપ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાતું ભાઈ! આવા ધર્મની વાતું. ઓલા કહે કે, અપવાસ કરો, ચોવિહાર કરો, સામાયિક કરો, પડિકમણા કરો, કંદમૂળ ન ખાઓ. હેં? કરો કરો ને મરો. એ રાગ કરે એ તો વિકલ્પ છે. કરવું એ મરવું છે. ભાઈ કહે છેને. ... કર્તા .. આ કરું, આ કરું, આ કરું. કરવું ઈ મરવું છે. આ તો અંદરમાં ઠરવું એ જીવન છે. આહા..હા..! આવો માર્ગ સાંભળવા મળે નહિ એ કે દિ' સમજે ને કે દિ' અનુભવમાં આવે? અને માને કે, અમે ધર્મ કરીએ છીએ. સ્વતંત્ર જીવ છે અનાદિનો. આહા..હા..!

મુમુક્ષુ :-- ઈ માને છે એ મિથ્યાત્વ છે.

ઉત્તર :-- માન્યતા તો માન્યતા જ જૂઠી ઝેરની છે. આહા..હા..! એને માન્યતાની જ ખબર નથી એની.

ભગવાન આત્મા અખંડ શુદ્ધ ચૈતન્ય એની જ્યાં માન્યતા સમ્યગ્દર્શનમાં પ્રગટ થઈ અને સમ્યગ્જ્ઞાન એનું થયું, સ્વરૂપમાં ઠરતા ચારિત્ર થયું એ ત્રણેમાં આનંદની મહોરછાપ છે. સમજાણું કાંઈ? એ આનંદનો ટ્રેડમાર્ક એને લાગુ પાડ્યો છે. આહા...! એ ચારિત્ર, સમ્યગ્દર્શન, જ્ઞાન એ દુઃખરૂપ નથી, એમ કહે છે. આનંદરૂપ છે. ઓલા કહે આહા..હા..! બાપા! ચારિત્ર પાળવા, વેળુના કોળિયા મીણને દાંતે ચાવવા. સુગંધને કોથળે ભરો. કોથળા આવે ને કોથળા બારદાન કાણા હોયને, ... એ રહે નહિ. મૃગાપુત્રનો અધિકાર આવે છે ઉત્તરાધ્યયનમાં. એ બધી વાતું બહારની છે. ધર્મના આનંદમાં ચારિત્ર તો એને કહીએ કે, જેને આત્માનો આનંદસ્વરૂપ ભગવાન એની અંદરમાં એકાગ્ર થઈને ફાટ પડીને દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યા એમાં આનંદ આવ્યો. આહા..હા..!

એવો જે આનંદની જેમાં છાપ છે, '**છાપવાળું જે પ્રચુરસંવેદનસ્વરૂપ...**' શું કીધું? મુનિ છેને. સમ્યગ્દર્શનમાં પ્રચુરસ્વસંવેદન નથી, થોડું સંવેદન છે. પાંચમે ગુણસ્થાને પણ

પ્રચુરસંવેદન નથી. આ મુનિ પોતાની દશાનો જાતે વર્ણવીને કહે છે, અમને પ્રચુરસંવેદન, સ્વરૂપસ્વસંવેદન. એમ. આહા..હા..! બહોળતાથી ફાટી નીકળેલું સંવેદનસ્વરૂપ એવું સ્વસંવેદન-આત્માના આનંદનું વેદન આ તેનાથી અમારો વૈભવ જન્મ્યો છે. ઓલા માણસ કેમ કહે ને, ક્યાંથી પૈસા એટલા પેદા કર્યા? ગયા હતા પરદેશમાં અને આમ કર્યું ને ન્યાંથી આ થયા પાંચ-પચ્ચીસ લાખ. એમ આ વૈભવ ક્યાંથી આવ્યો? ચાર બોલ કહ્યા. ત્યાંથી અમારો ધર્મને વૈભવ અમને અંતરમાં પ્રગટ્યો છે. એ વૈભવથી હું આ સમયસાર કહીશ એમ કહે છે. એ ભૂમિકામાં રહેલો સમયસાર કહીશ એમ કહે છે. સમજાય છે કાંઈ?

ગુરુએ શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો ત્યાં એનો અર્થ થયો કે, દેશનાલબ્ધિ એને મળી. સમજાણું કાંઈ? એની મેળાએ વાંચીને થાય એમ નહિ. આમાં એમ આવ્યું. ઉપદેશ ગુરુએ કહ્યો ત્યારે એને અંતરમાં ઉતર્યો, ત્યારે એને શુદ્ધાત્મ ઉપદેશનું નિમિત્ત કહેવામાં આવે છે. અજ્ઞાનીની વાણી એને નિમિત્ત થાય એમ હોઈ શકે નહિ એમ કહે છે. ભારે વાત ભાઈ! કેટલું ભર્યું છે આમાં! અને પ્રચુર ઘણું સંવેદનસ્વરૂપ. અતીન્દ્રિય જ્ઞાનનું વેદન આનંદનું ઘણું સંવેદનસ્વરૂપ સ્વસંવેદન. પોતાના આત્માની દશાનું વેદન આનંદનું ઘણું પ્રગટ્યું છે એનાથી અમારો જન્મ છે. આહા..હા..!

ઓલા કહે છે ને કે, ભાઈ! આ મા-બાપથી અમારો જન્મ છે. આ ગામમાં અમારો જન્મ છે એમ કહેને? આ કહે છે કે, અમારો વૈભવ અમારે આ રીતે જન્મ્યો છે. આહા..હા..! સમયસારનું સાંભળવું પણ એક જિંદગીનો લ્હાવો છે. સમજાણું કાંઈ? એવી વાત છે. જુઓને કીધુંને, ઉપદેશથી અમારો આ વૈભવ આવ્યો છે. ભારે પણ ટીકા પણ ગજબ કરી છેને! હેં? કેવળીઓ જેવું કામ કર્યું છે. ગાથાકર્તાએ તીર્થંકર જેવું (કામ કર્યું છે), કુંદકુંદાચાર્યે પંચમ આરાના તીર્થંકર જેવું કામ કર્યું છે અને અર્થકર્તાએ ગણધર જેવું. ગજબ વાત છે! બીજા બધા ભણતર-ફણતર મૂકીને આ એક ભણને, તને ખબર પડી જશે કે આ વસ્તુ શું છે. સમજાણું કાંઈ?

**'એમ જે જે પ્રકારે...'** શબ્દ એમ છેને પાછો છેલ્લો? **'कश्चनापि'** એમ છે છેલ્લો. કોઈપણ પ્રકારે. સમજાણું કાંઈ? **'એમ જે જે પ્રકારે મારા જ્ઞાનનો વિભવ છે તે સમસ્ત વિભવથી...'** લ્યો! **'समस्तेनाप्ययं'** એમ છેને? **'समस्तेनाप्ययं तमेकत्वविभक्तमात्मानं दर्शयेऽहमिति'** આહા..હા..! આનંદનો ઢીમ પ્રભુ છે આત્મા, અતીન્દ્રિય આનંદનો ઢીમ એમાંથી એકાગ્ર થઈને ઝરણા આવ્યા, આ એમાંથી અમે આત્માની વાતું કરશું એમ કહે છે. આહા..! સમજાણું કાંઈ? આટલી તો સમયસારની પ્રમાણતામાં કરનારા આવા છે, કહેનારા એમ પુરુષ પ્રમાણે વચન પ્રમાણ સિદ્ધ કર્યું. **'તે સમસ્ત વિભવથી...'** એ મારા જ્ઞાનનો વિભવ છે. સમજાણું કાંઈ? એનું છેને જ્ઞાનને, એટલે જ્ઞાનનો વૈભવ.

**'તે સમસ્ત વિભવથી દર્શાવું છું.'** જેટલો મારો વૈભવ પ્રગટ્યો છે એના બધા પ્રકારથી હું દર્શાવું છું. હું દર્શાવું છું એનો અર્થ એમ થયો કે તમે સાંભળો આ પ્રમાણે. એમ થયું કે નહિ? દર્શાવું શું પોતાને કહે છે? જો દર્શાવું તો પ્રમાણ કરજે. એમ આવે છેને? આહા..! **'જો દર્શાવું તો...'** જો વાણી નીકળી આ પ્રકારે તો. આહા..હા..! **'પોતે જ પોતાના અનુભવ-પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરવું;...'** એકલું સાંભળીને નહિ, એકલું ધારીને નહિ. પોતાના સ્વયમેવ પોતાના અનુભવથી. ઓહો..! આ વસ્તુ તો આ કીધી એવી જ આ છે. પોતાના અનુભવ પ્રત્યક્ષ, અનુભવ પ્રત્યક્ષ. મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાનનું પ્રત્યક્ષપણું કરીને અનુભવનું પ્રત્યક્ષથી પ્રમાણ કરજે. સમજાણું કાંઈ? એ વિશેષ આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૧૫, ગુરુવાર, તા. ૨-૧૨-૧૯૭૧
## ગાથા-૫, ૬. પ્રવચન-૨૭

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર ચાલે છે. કેવા જીવને અનુભવવાથી સમ્યગ્દર્શન થાય અથવા જીવ કોને કહેવો એ અધિકાર ચાલે છે. ૫મી ગાથા છેને અહીં. અહીંયાં આપણે આવી ગયું છે, **'જો દર્શાવું તો...'** કહે છે કે, એ આત્માનો સ્વભાવ વાસ્તવિક શુદ્ધાત્મ એ જો દેખાડું તો. દર્શાવું છું એમ તો કીધું પહેલું, પણ ફરીને સંધિ કરે છે. હું દર્શાવું તો અનુભવથી પ્રમાણ કરજે. સમજાણું કાંઈ? દર્શાવું તો, સ્વયમેવ તારાથી, અમારાથી નહિ એમ કહે છે. દર્શાવું હું એમ કહે છે. પણ તારે સ્વયમેવ તારા પોતાથી, પોતાના અનુભવ પ્રત્યક્ષથી. સ્વયમેવ પોતાના અનુભવ પ્રત્યક્ષથી. આત્મા શુદ્ધ આનંદ અને અખંડ અભેદ છે. શુદ્ધાત્માનો ઉપદેશ કહ્યો હતોને કે, મારા ગુરુએ અમને કહ્યું. એનો અર્થ કે એ જ અમે કહીએ છીએ. એમ. શુદ્ધાત્મ તત્ત્વનો મહેરબાની કરીને ઉપદેશ આપ્યો. એમ લ્યે છે. એ જ સમયસાર, એ જ વસ્તુ ભગવાન આત્મા શુદ્ધ આનંદ અખંડ આનંદકંદ અભેદ એ અમે તને બતાવશું. તો તારા પોતાના અનુભવથી (પ્રમાણ કરજે). અમે કહીએ છીએ માટે ઠીક છે એમ નહિ.

સમજાણું કાંઈ? તારા જ અનુભવ પ્રત્યક્ષ, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના પ્રત્યક્ષ દ્વારા અનુભવ કરીને પ્રમાણ કરજે. સમજાણું કાંઈ? અહીં તો ઊંચામાં ઊંચી છેલ્લી વાત લીધી છે. ફલાણું કરજે, પહેલું હા પાડજે ને પછી ફલાણું કરજે એમ કાંઈ નથી અહીં. આહા..હા..! પોતે ચિદાનંદ સ્વરૂપ પ્રત્યક્ષ પ્રગટ છેને. આનંદ અને જ્ઞાનનું ધામ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે કહ્યો એવો જ આ આત્મા છે, એ જ અમે કહીએ છીએ એમ કહે છે. આહા..હા..! એને તારી પોતાની શક્તિથી, '**પોતાના અનુભવ-પ્રત્યક્ષથી પરીક્ષા કરી...**' જોયું? પરીક્ષા પાછી આમને આમ એમ નહિ. કોઈ કહે કે વ્યવહારથી આમ, નિશ્ચય આવો એમ નહિ. અંદરના અનુભવ પ્રત્યક્ષથી, આનંદના વેદનથી. સમજાણું કાંઈ?

પરોક્ષ જે અનાદિથી તને છે એને પ્રત્યક્ષ કર. એમ. મતિ-શ્રુતજ્ઞાન એને મનનું અને રાગનું અવલંબન જે છે અનાદિથી એ છોડ. અને એને મતિ-શ્રુતજ્ઞાનનો આધાર આત્માને લે. એનાથી તને પ્રત્યક્ષ આ આત્મા શુદ્ધ છે, અખંડ છે, આનંદ છે એવી તને અનુભવમાં, અનુભવની પરીક્ષા દ્વારા તને હા પડશે કે અહો..! માર્ગ તો આ છે. અંદરમાં અનુભવમાં આ આત્મા પૂર્ણાનંદ છે એનો અનુભવ એ જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

'**જો ક્યાંય અક્ષર,...**' છેને છેલ્લો શબ્દ? '**छलं ण घेत्तव्वं**' '**ક્યાંય અક્ષર, માત્રા, અલંકાર, યુક્તિ આદિ પ્રકરણોમાં ચૂકી જાઉં...**' તો એ કાંઈ મુખ્ય પ્રયોજનભૂત ચીજ નથી. '**તો છલ (દોષ) ગ્રહણ કરવામાં સાવધાન ન થવું.**' એનો અર્થ કે ભાષાની શૈલીમાં કોઈ વ્યાકરણના નિયમમાં, કોઈ વાણીમાં ફેર પડે એ પડે અને તને એ જાતનો ખ્યાલ હોય ક્ષયોપશમ, ખ્યાલ આવે તને ક્યાંય તો ત્યાં ઊભો ન રહીશ. એ વાણીમાં ક્યાં ફેર પડ્યો ને ફલાણું છે ને ઢીંકણું એમાં ક્યાંય છલ ન ગ્રહીશ. જોયું? '**એ દોષ ગ્રહણ કરવામાં સાવધાન ન થવું.**' ખ્યાલ આવે તને. સમજાણું કાંઈ? શબ્દોમાં. અનુભવની મૂળ ચીજમાં નહિ. પાઠ છેને. '**छलं ण घेत्तव्वं**'. '**स्खलेयं**' ક્યાંય ઠેકાણે ચૂકી જાઉં, ચૂકી જાઉં શેમાં? અનુભવમાં નહિ, વાસ્તવિક પદાર્થમાં નહિ પણ ધારણાના વિષયમાં, કોઈ શબ્દમાં, વ્યાકરણમાં વ્યુત્પત્તિમાં ફેરફાર થાય, એવું આવી જાય તો ત્યાં સાવધાન ન થઈશ એમ કહે છે. ખ્યાલ આવી જાય તને, પણ ત્યાં રોકાઈશ નહિ. અમારે જે કહેવું છે (કે) સ્વભાવની એકતા અને રાગની પૃથકતા. સમજાણું કાંઈ? બહુ માર્ગ એવો છે આ. એ અમારે કહેવું છે ત્યાં અનુભવમાં જજે એમ કહે છે. સમજાણું કાંઈ? ન્યાંથી લીધું છેને. એકત્વ-વિભક્ત અંદર દેખાડું છું. એ દેખાડું તો તું રાગથી ભિન્ન પડી સ્વભાવની એકતા કરીને, અનુભવ કરીને આ પ્રમાણ કરજે. ભારે વાત. કહો, સમજાણું?

'**શાસ્ત્રસમુદ્રનાં પ્રકરણ બહુ છે માટે અહીં સ્વસંવેદનરૂપ અર્થ પ્રધાન છે;...**' સ્વસંવેદન ભાવ તે મુખ્ય છે. કોઈ શબ્દ ને વ્યાકરણ ને એની કંઈ મુખ્યતા નથી. સમજાણું

કાંઈ? સ્વસંવેદન. આત્મા રાગ ને વિકલ્પથી ભિન્ન એવું સ્વ--પોતાના શુદ્ધ સ્વરૂપનું સ્વ-સંવેદન--પ્રત્યક્ષ આનંદનું વેદન એવો અહીંયાં ભાવ મુખ્યપણે કહેવા માંગીએ છીએ. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? **'તેથી અર્થની પરીક્ષા કરવી.'** અર્થ એટલે પદાર્થના અનુભવની પરીક્ષા કરવી. એમ. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :--** છેલ્લી લીટી હતી ઈ. **'આચાર્ય આગમનું સેવન,...'** અમે આગમના સેવન કર્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તિર્થંકરદેવની જે વાણી એને પરમાગમ કહીએ અને એ પરમાગમની અમે સેવા કરી છે. આહા..હા..! લ્યો! અહીં તો નિમિત્તથી ઉપાડ્યું છે. ઓલા કહે, તમે કહો છો નિમિત્તથી કાંઈ થાય નહિ. નિમિત્તથી થાય એવું આમાં નથી કાંઈ કહ્યું. પણ અમને આગમની સેવા ઉપર લક્ષ હતું એ લક્ષ ફેરવીને અમે અમારા ઉપર ગયા છીએ. ત્યારે આગમની સેવાથી નિજવૈભવ---સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, આનંદની દશા, સંપદા પ્રગટી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સ્વસંવેદન ચોથું છેલ્લું લેશે. નિમિત્તના ત્રણ બોલ પહેલા લીધા. એનો અર્થ કે અમને વીતરાગની વાણી સાંભળવાનું થયું અને એમાં જે કહે છે એ વાત અમે અંતરના અનુભવથી પ્રમાણ કરી છે. એટલે એનાથી પ્રગટ્યું એમ કહેવામાં આવે છે.

**'આગમનું સેવન, યુક્તિનું અવલંબન,...'** આ માર્ગ સિવાય અન્યમતિઓએ અનેક પ્રકારે આત્માને ને એના મોક્ષમાર્ગને વર્ણવ્યો હોય તો તેના એકાંતની અમે કુયુક્તિ એની એનું અમે સુયુક્તિ વડે નિરાકરણ કર્યું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એમને એમ અમે નથી માન્યું કે એ બધા ખોટા છે. અમે સુયુક્તિથી ન્યાયથી કસોટીએ કસીને અન્યમતના એકાંત મતો તે જૂઠા છે એવું નિરાકરણ કરીને અમને અમારો સમ્યગ્દર્શન વૈભવ પ્રગટ થયો છે. સમજાણું કાંઈ? **'પરાપર ગુરુનો ઉપદેશ...'** સર્વજ્ઞનો ઉપદેશ. નિર્મળ વિજ્ઞાનઘનમાં એ લીન હતા. સર્વજ્ઞ પરમાત્મા નિર્મળ વિજ્ઞાનઘન આત્મામાં લીન હતા. એવા ગણધરો લીન હતા, એવા જ અમારા ગુરુ પર્યંત નિર્મળ વિજ્ઞાનઘનમાં લીન હતા. એનો અમને ઉપદેશ મળ્યો છે. સમજાણું કાંઈ?

અને ચોથું હવે સ્વસંવેદન પોતે આવ્યો. ચોથું **'અને સ્વસંવેદન...'** પોતાનું પ્રત્યક્ષ પોતાથી વેદન. વેદન દ્વારા અમે નિર્ણય કર્યો છે આત્માનો. સમજાણું કાંઈ? એકલું, ભગવાન આમ કહે છે અને અમે ધારી રાખ્યું છે, એમ નહિ. આહા..હા..! ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ એને અમે સ્વ નામ પોતાના સં નામ પ્રત્યક્ષ વેદનથી અમે વેદ્યું છે. લ્યો! આ તમારું આવ્યું--પ્રચુર સ્વસંવેદન. અંદર આવ્યું ... પ્રચુર સંવેદનસ્વરૂપ સ્વસંવેદન એમ છેને? પ્રચુર સ્વસંવેદન. મુનિ છેને મુનિ છે. સમ્યગ્દષ્ટિ હોય ત્યાં પ્રચુર સ્વસંવેદન ન હોય. એને થોડું આત્મજ્ઞાનનું વેદન થોડું હોય. સમજાણું કાંઈ? આહા..! પણ વેદન હોય સ્વસંવેદન.

આહા..હા..! ધર્મની દશા પ્રગટ થતાં સ્વ-ભગવાન આત્માનું પ્રત્યક્ષ વેદન હોય એને અહીંયાં સ્વસંવેદન કહે છે. મુનિને તો પ્રચુર સ્વસંવેદન છે. આચાર્ય છેને. ઓલા કહે છેને? ણમો લોએ સવ્વસાહૂણં. બધા લોકમાં જૈનના સાધુનું ક્યાં નામ છે એમાં. ગમે એ સાધુ હોય નમસ્કાર કરો, જય નારાયણ! પણ એ બીજા સાધુ બધા આવા હોય એની વાત છે. સમજાણું કાંઈ? જૈન પરમેશ્વરે કહેલા તત્ત્વોને અંતરમાં અનુભવીને જેણે પ્રચુર નામ ઘણું સંવેદન પ્રત્યક્ષ આત્માનું કર્યું છે એને સાધુ કહીએ. સમજાણું કાંઈ? બધાને, બધા સાધુએ વેશ પહેર્યા એ બધા સાધુ. જય નારાયણ! ન્યાં ણમો લોએ જૈન સાધુ એમ કહ્યું છે? ભારે. ઓલા અમરચંદજી પણ એમાં જરી આવી ગયા છે. આગ્રાવાળો છેને. એ કહે કે, ણમો લોએ સવ્વસાહૂણં એમાં ક્યાં કોઈનું નામ આપ્યું છે. કોઈપણ સંપ્રદાયમાં ધર્મની દશા પ્રગટેલી હોય એ બધા સાધુ જ છે. અરે.. ન જ પ્રગટે પણ જૈન સિવાય. જૈન એ વસ્તુનું સ્વરૂપ છે. એવા સ્વરૂપને જેણે સાંભળ્યું નથી, જાણ્યું નથી એને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

વિરજીભાઈના બાપ તારાચંદભાઈ એમ કહેતા. જામનગર. ઈ તો કહે... આંકડો શાસ્ત્રમાં ઘણો છે અને આપણા જૈનના સાધુ થોડા છે. સ્થાનકવાસી ... કેટલાય, ઘણાને નાખવા નહિતર આંકડો પૂરો નહિ થાય. ઈ વળી એમ કહેતા. તારાચંદભાઈ હતાને, વિરાજીભાઈના બાપ. જામનગર. એમ ન હોય. આંકડાનું શું તમારે કામ છે? આંકડો તો ભગવાન જાણે છે. માર્ગ હોય ઈ હોય એમાં. પરમેશ્વરે જે એકત્વ-વિભક્ત (કહ્યું)... એનો અર્થ શું થયો? બીજી ચીજ છે. શરીર, કર્મ, રાગાદિ ચીજ છે એનાથી જુદો પડીને પોતાનો અખંડ સ્વભાવ છે એકત્વને અનુભવ્યો અને ઉગ્રપણે અનુભવ્યો એને સાધુ કહેવામાં આવે છે. સાધે ઈતિ સાધુ. સાધે કોને? આત્માને. નિર્વિકલ્પ આનંદસ્વરૂપ ભગવાન આત્મા અભેદ ચૈતન્યમૂર્તિ એનું આરાધન. ઈ સર્વજ્ઞે કહ્યો એ આત્મા અને એવો આત્મા. બીજા કલ્પિત કહે આત્માને આવો છે ને સર્વવ્યાપક છે ને ફલાણું છે. બધાય વસ્તુના સ્વરૂપથી તદ્દન વિરુદ્ધ છે. સમજાણું કાંઈ?

કહે છે કે, અમારું સ્વસંવેદન આહા..! '**એ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલો પોતાના જ્ઞાનના વિભવથી...**' દેખો! મારા જ્ઞાનના વૈભવમાં આ સંપદા મને પ્રગટી છે. આહા..હા..! ભગવાન કહે છે માટે કહું છું એમ ન અહીં લીધું. શ્વેતાંબરમાં તો એ આવે, ... કહે છે, હે જંબુ! ભગવાને મને આમ કહ્યું એ તને કહું છું. આ કહે કે, એમ નહિ, હું તો મારા વેદન અને અનુભવથી કહું છું. આહા..! કહો, પોપટભાઈ! પણ આ તમારે વાણિયા જેવાને જાણે નવરાશ ન મળે નિર્ણય કરવાની. રળવાના ઓલા આડે નવરાશ નહિ. જે માથે કહે ઈ જય નારાયણ! એમ હતું કે નહિ? માથે બેઠો હોય એ જે કાંઈ કહે ઈ જય નારાયણ! એમ નહિ. વસ્તુની સ્થિતિનું યથાર્થપણું કોણ કહે છે અને યથાર્થપણું સર્વજ્ઞના પંથના અનુસારે ક્યાં ચાલ્યું આવે

છે એને પરખીને અંતરમાં અનુભવમાં જાવું જોઈએ. સમજાણું કાંઈ? આહા..! એવો માર્ગ છે, ભાઈ! શું થાય? અહીં ત્યાં સુધી કહે છે કે, અમને તો સર્વજ્ઞ માર્ગથી હાલ્યો આવ્યો માર્ગ છે. ઠેઠ પરંપરાથી ચાલ્યો આવેલો, અમારા ગુરુ પણ સ્વસંવેદનમાં હતા એણે અમને આ શુદ્ધાત્મનો ઉપદેશ આપ્યો છે. સમજાણું કાંઈ? એ સળંગ ધારા ક્યાંય અમારે તો તૂટી નથી એમ કહે છે. કહો, ચેતનજી! આ તમારું શું સમજવું? હેં? કલ્પિત છે? આ તો એમ કહે છે.

અહીં તો કહે... આહા..હા..! દિગંબર સનાતન સત્ય, દિગંબર સનાતન જૈન સત્ય. એ એમ પોકાર કરે અમે તો સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર એ પણ નિર્મળ વિજ્ઞાનઘનમાં લીન હતા. અમારા ગુરુ ત્યાંથી માંડીને અહીં સુધી અમે તો એકધારાએ કહીએ છીએ કે, બધા નિર્મળ વિજ્ઞાનઘનમાં લીન હતા. કોઈ પંચ મહાવ્રત પાળતા હતા ને આવું હતું એમ અમે નથી માનતા કહે છે, જુઓ! સમજાણું કાંઈ? ઓલામાં તો ઈ આવે, સત્યાવીસ ગુણ પાળે, સત્યાવીસ આવે છેને સાધુના? તમારે સત્યાવીસ આવે છે શ્વેતાંબરમાં. સત્યાવીસ પાળે ઈ સાધુ. અહીં કહે છે, ઈ નહિ. આત્માના આનંદને પ્રચુરપણે ઘણા બહોળતાથી વેદે એ સાધુ. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જૈન પરમેશ્વરનો અનાદિનો પરંપરા માર્ગ એ કુંદકુંદાચાર્ય જગતને ફરમાવે છે. આહા..!

**'પોતાના જ્ઞાનના વિભવથી...'** શું કહીશ? **'એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે.'** લ્યો! એકત્વ અને વિભક્ત એટલે અસ્તિ-નાસ્તિ બે થઈ. સ્વભાવનું એકત્વ અને વિભાવ અને નિમિત્તનું પૃથકત્વ. સમજાણું કાંઈ? અમારો ભગવાન આત્મા સ્વભાવમાં જ્ઞાન, દર્શન, આનંદમાં આત્માનું એકત્વ સ્વભાવનું અને વિકલ્પ રાગાદિ વ્યવહાર રત્નત્રયનું, રાગાદિ એનાથી વિભક્ત નામ ભિન્ન. એટલે બીજી ચીજ છે એમ સિદ્ધ કરી. વ્યવહાર છે, નિમિત્ત છે, કર્મ છે, બીજી ચીજ છે તો એનાથી અમે ભિન્ન છીએ અને તમને પણ કહીએ છીએ કે, તમારો આત્મા એનાથી ભિન્ન છે અને સ્વભાવથી એક છે.

**'એવા શુદ્ધાત્માનું સ્વરૂપ દેખાડે છે.'** પાઠમાં એક જ આવ્યું હતું. શુદ્ધાત્મ તત્ત્વનો અનુગ્રહ(પૂર્વક) ઉપદેશ અમને આપ્યો. પછી અશુદ્ધપણું ન સમજાવ્યું એમને? અનાદિનો અશુદ્ધ છે સંસારી. ચંદુભાઈ! ઈ તો કાંઈ વાત જ ન કરી. અમને તો અમારા ગુરુએ શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ આપ્યો. આ સંસાર છે, વિકાર છે એનું કાંઈ નહિ? હવે સાંભળને, એ તો શુદ્ધનો ઉપદેશ આપ્યો એમાં આવી ગયું. અશુદ્ધતા છે પર્યાયમાં ત્યારે એને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. અરે..રે..! આહા..હા..! ભારે ગજબ વાત! કુંદકુંદાચાર્ય, એમાં અમૃતચંદ્રાચાર્યની ટીકા, ગજબ કામ કર્યા છે! અમૃતને ઉતાર્યા હેઠે. ઓલા કહે, અમે સ્વર્ગથી હેઠે ઉતારું છું. અરવિંદ ઘોષ, એમને? સ્વર્ગને હેઠે ઉતારવું છે. હમણા આવ્યા હતાને ભાઈ એક. હિંતમભાઈના બનેવી,

નહિ? તમારા ઓળખીતા વજુભાઈ. અરવિંદ ઘોષ ગયા છે ઉપર, શરીર બનાવે છે. તૈયાર થઈને ખણખણાટ કરતા હશે ઉપર. ગપ્પેગપ, જૈનમાં રહ્યા આવા. શું બનાવવું? શું કરે છે આ? મોટી મૂઢતા. અરે..! જૈનના સંપ્રદાય નામ નિક્ષેપે વાડામાં જન્મ્યા એને આવી વાત બેસે શી રીતે? સમજાણું કાંઈ? ઈ આવશે અને પછી બધાને આમ કરશે, ને પછી આમ કરશે. ઈ તો સાધક છે. દેહ કેમ છોડ્યો? આમ જોયું, સાધક હોય તો મારે દેહ છોડવો નથી. ... નવું બનાવો. ઠીક. એમ કહ્યુંને? આહા..હા..! અરે..રે..! શું કહે છે આ?

અહીં તો ત્રિલોકનાથ પરમાત્માના પરંપરાના પંથના માર્ગમાં કહે છે કે, ક્યાંય ઉતરવું નથી ને જાવું નથી, કોઈ પાસેથી લેવું નથી. એ અંદરમાં ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ પડ્યો છે એના સન્મુખ જો અને રાગની વિમુખતા કર. તારાથી તે પ્રાપ્તિ થાય એવું છે. સ્વર્ગ જોવે છે ને વળી સ્વર્ગમાં બધા સુખી છો. આ ધૂળના સુખી. દુઃખી છે બિચારા, સ્વર્ગના દેવોય દુઃખી છે. અજ્ઞાનથી રાગમાં એકત્વબુદ્ધિએ દુઃખી છે. સમજાણું કાંઈ?

ઈ મળ્યા હતાને આપણને ભાઈ! નહિ ત્યાં? તલોદ, તલોદ. શું કહેવાય? નાગરપર. નાગરપર નહિ? ... ઈ એમ કહેતા. ત્યાં આવ્યા હતાને, ત્યાં આવ્યા હતા વ્યાખ્યાનમાં. એના બાપ હાડકાના ઓલા હતા. શું એના બાપનું નામ? આ તો ઘણા ૬૫-૬૬ વર્ષ પહેલા. એના બાપ ત્યાં હતા. પછી કેશવલાલ. ઈ આવ્યા હતા ત્યાં. અમે બોટાદ આવ્યા હતા ને મ્યુનિસિપાલિટીના મકાનમાં રાત્રે આવ્યા હતા. મહારાજ! પણ એકવાર એને સ્વર્ગના સુખ તો ભોગવવા દ્યો. સ્વર્ગના સુખ ભોગવશે અને પછી મનુષ્ય થઈને મોક્ષ જશે. આહા..હા..! નાગલપરમાં પણ હતા, નહિ? રામજીભાઈ હતા, નહિ? નાગલપરમાં. વ્યાખ્યાનમાંથી આવીને, એલા ફલાણા.. શું નામ? કાંઈક બીજું હતું. વર્ધમાન, વર્ધમાન. એ વર્ધમાન! આવું તો આપણા હીરાજી મહારાજ નહોતા કહેતા. કોઈ વર્ધમાન હતા, કોઈ વર્ધમાન. દેરાવાસી. દેરાવાસીના ... ઈ સાચી વાત. આપણા મહારાજ તો આવું કહેતા નહોતા. અરે.. ભાઈ! બિચારા એને ખબર નહિ. એ સ્થિતિ નહોતી. સંપ્રદાયની દૃષ્ટિ પ્રમાણે એમનું આચરણ કષાય મંદ, એમ બહુ હિરાજી મહારાજને, પણ વસ્તુ જ નહોતી ત્યાં, આ વસ્તુ સાંભળી જ નહોતી એમણે. આહા..હા..!

અહીં તો કહે છે કે, એ અસ્તિ સિદ્ધ કરી પહેલી કે, પોતે આત્મા છે અને એનો શાશ્વત સ્વભાવ છે જ્ઞાન-દર્શન-આનંદ. એ સ્વભાવનું આત્મા સાથે એકત્વપણું અને રાગથી જુદાપણું છે. વિભાવથી, સંયોગથી જુદાપણું બતાવીશ એમ કહ્યું. '**એવું શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે. તેને સાંભળનારા હે શ્રોતાઓ!**' આહા..! દેખાડીશનો અર્થ થયો કે નહિ, કોઈ સાંભળનારા છે. '**પોતાના સ્વસંવેદન-પ્રત્યક્ષથી પ્રમાણ કરો;...**' આહા..હા..! પોતાના સ્વસંવેદન એટલે? જ્ઞાન અને જ્ઞાનથી સીધું વેદવું. રાગ અને મનની અપેક્ષા નહિ.

આહા..હા..! પહેલે ધડાકે આ વાત છે.

'**પોતાના સ્વસંવેદન-પ્રત્યક્ષથી પ્રમાણ કરો; ક્યાંય કોઈ પ્રકરણમાં ભૂલું તો એટલો દોષ ગ્રહણ ન કરવો એમ કહ્યું છે. અહીં પોતાનો અનુભવ પ્રધાન છે;...**' શાસ્ત્રના... શ્રીમદ્‌માંય આવે છેને? શાસ્ત્રથી નિવેડો નથી, અનુભવથી નિવેડો છે એમ આવે છે. અનુભવજ્ઞાન વિના નિવેડા છે નહિ. ચર્ચા કરી કરીને આહા..હા...! આમ છે ને તેમ છે ને ફલાણું છે ને... અરે..! ભાઈ! તારો ભગવાન બિરાજે છે અંદર શુદ્ધ ચૈતન્ય, પૂર્ણ જ્ઞાન ને આનંદથી છલોછલ ભરેલું તત્ત્વ છે. એની સન્મુખ થા અને રાગથી વિમુખ થા. એ અમારે બતાવવું (છે), એ પ્રમાણે તું કર. આહા..હા..!

'**એમ કહેવાનો આશય છે.**' લ્યો! '**તેનાથી શુદ્ધ સ્વરૂપનો નિશ્ચય કરો...**' શુદ્ધ સ્વરૂપનો અનુભવથી નિશ્ચય કરો. એમ. કોઈ વિકલ્પથી (નિશ્ચય કરો એમ નહિ). પહેલું આવે ખરું વિકલ્પથી આ શું કહે છે એનો નિર્ણય, પણ એ નિર્ણય યથાર્થ નહિ. ચેતનજી! શું કીધું? આ આમ કહે છે, આ આમ કહે છે, આમ હોય એમ વિકલ્પથી નિર્ણય આવે ખરો પહેલો, પણ એ નિર્ણય યથાર્થ નહિ. આહા..હા..! આ અનુભવથી નિર્ણય કરે એ યથાર્થ છે. આમ છે, ભાઈ! લ્યો! હવે છઠ્ઠી ગાથા, છઠ્ઠીના લેખ.

---

## ગાથા-૬

कोऽसौ शुद्ध आत्मेति चित्--

ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।
एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव।।६।।

नापि भवत्यप्रमत्तो न प्रमत्तो ज्ञायकस्तु यो भावः।
एवं भणन्ति शुद्धं ज्ञातो यः स तु स चैव।।६।।

यो हि नाम स्वतःसिद्धत्वेनानादिरनन्तो नित्योद्योतो विशदज्योतिर्ज्ञायक एको भावः स संसारावस्थायामनादिबन्धपर्यायनिरूपणया क्षीरोदकवत्कर्मपुद्गलैः सममेकत्वेऽपि द्रव्य-स्वभावनिरूपणया दूरन्तकषायचक्रोदयवैचित्र्यवशेन प्रवर्तमानानां पुण्यपापनिर्वर्तकानामुपात्त-

वैश्वरूप्याणां शुभाशुभभावानां स्वभावेनापरिणमनात्प्रमत्तोऽप्रमत्तश्च न भवति। एष एवाशेष-द्रव्यान्तरभावेभ्यो भिन्नत्वेनोपास्यमानः शुद्ध इत्यभिलप्यते।

न चास्य ज्ञेयनिष्ठत्वेन ज्ञायकत्वप्रसिद्धेः दाह्यनिष्ठदहनस्येवाशुद्धत्वं, यतो हि तस्यामवस्थायां ज्ञायकत्वेन यो ज्ञातः स स्वरूपप्रकाशनदशायां प्रदीपस्येव कर्तृकर्मणोरनन्य-त्वात् ज्ञायक एव।

---

હવે પ્રશ્ન ઊપજે છે કે એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :-

**નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**
**એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬.**

શ્લોકાર્થ :- [यः तु] જે [ज्ञायकः भावः] જ્ઞાયક ભાવ છે તે [अप्रमत्तः अपि] અપ્રમત્ત પણ [न भवति] નથી અને [न प्रमत्तः] પ્રમત્ત પણ નથી,- [एवं] એ રીતે [शुद्धं] એને શુદ્ધ [भणन्ति] કહે છે; [च यः] વળી જે [ज्ञातः] જ્ઞાયકપણે જણાયો [सः तु] તે તો [सः एव] તે જ છે, બીજો કોઈ નથી.

ટીકા :- જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી (કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી) અનાદિ સત્તારૂપ છે, કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે, નિત્યઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે એવો જે જ્ઞાયક એક 'ભાવ' છે, તે સંસારની અવસ્થામાં અનાદિ બંધપર્યાયની નિરૂપણાથી (અપેક્ષાથી) ક્ષીરનીરની જેમ કર્મપુદ્ગલો સાથે એકરૂપ હોવા છતાં, દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો દુરંત કષાયચક્રના ઉદયની (-કષાય સમૂહના અપાર ઉદયોની) વિચિત્રતાના વશે પ્રવર્તતા જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી (જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો નથી) તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી; તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે.

વળી દાહ્યના (-બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી, તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી; કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપ-પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ, દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે-પોતે જાણનારો માટે

પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ. (જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાને-પોતાની જ્યોતિરૂપ શિખાને-પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે, અન્ય કાંઈ નથી; તેમ જ્ઞાયકનું સમજવું.)

ભાવાર્થ :- અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે. ત્યાં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી, માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે. દ્રવ્ય-દૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે અને પર્યાય(અવસ્થા)-દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે. એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે, અને તેની અવસ્થા પુદ્‌ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે તે પર્યાય છે. પર્યાયની દૃષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે અને દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે, કાંઈ જડપણું થયું નથી. અહીં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરી કહ્યું છે. જે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. એ અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે, વ્યવહાર છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, ઉપચાર છે. દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે, અભેદ છે, નિશ્ચય છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે, પરમાર્થ છે. માટે આત્મા જ્ઞાયક જ છે; તેમાં ભેદ નથી તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી. 'જ્ઞાયક' એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે. તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં જ્ઞાયક જ છે. 'આ હું જાણનારો છું તે હું જ છું, અન્ય કોઈ નથી'- એવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે અને જેને જાણ્યું તે કર્મ પણ પોતે જ છે. આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે.-આ શુદ્ધનયનો વિષય છે. અન્ય પરસંયોગજનિત ભેદો છે તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે. અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં પર્યાયાર્થિક જ છે તેથી વ્યવહારનય જ છે એમ આશય જાણવો.

અહીં એમ પણ જાણવું કે જિનમતનું કથન સ્યાદ્વાદરૂપ છે તેથી અશુદ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનવો; કારણ કે સ્યાદ્વાદ પ્રમાણે શુદ્ધતા અને અશુદ્ધતા-બન્ને વસ્તુના ધર્મ છે અને વસ્તુધર્મ છે તે વસ્તુનું સત્ત્વ છે; અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે. અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે અને સંસારમાં આત્મા ક્લેશ ભોગવે છે; જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય ત્યારે સંસાર મટે અને ત્યારે ક્લેશ મટે. એ રીતે દુઃખ મટાડવાને

**શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે. અશુદ્ધનયને અસત્યાર્થ કહેવાથી એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી. એમ સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે; માટે સ્યાદ્વાદનું શરણ લઈ શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ. સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી શુદ્ધનયનું પણ આલંબન નથી રહેતું. જે વસ્તુસ્વરૂપ છે તે છે-એ પ્રમાણદૃષ્ટિ છે. એનું ફળ વીતરાગતા છે. આ પ્રમાણે નિશ્ચય કરવો યોગ્ય છે.**

**અહીં, (જ્ઞાયકભાવ) પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહ્યું છે ત્યાં 'પ્રમત્ત-અપ્રમત્ત' એટલે શું? ગુણસ્થાનની પરિપાટીમાં છઠ્ઠા ગુણસ્થાન સુધી તો પ્રમત્ત કહેવાય છે અને સાતમાથી માંડીને અપ્રમત્ત કહેવાય છે. પરંતુ એ સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે; શુદ્ધનયથી આત્મા જ્ઞાયક જ છે.**

## ગાથા-૬ ઉપર પ્રવચન

'**હવે પ્રશ્ન ઊપજે છે કે એવો શુદ્ધ આત્મા કોણ છે...**' એમ કરીને શું કહ્યું છે? જુઓ છે. '**कोऽसौ शुद्ध आत्मेति चित्**' જેને આવો શુદ્ધ આત્મા સમજવાની દરકાર છે એ પૂછે છે અને એને આ કહેવામાં આવે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કોઈ વેઠ તરીકે સાંભળવા આવ્યા અને સંભળાવો એમ નહિ. '**कोऽसौ आत्मा**' જેને અંતરથી આ આટલું સાંભળીને એમ થયું અરે..! પણ આ શું કહો છો તમે? એ શુદ્ધ આત્મા શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ શું? એકત્વ-વિભક્તનો તમને શુદ્ધનો ઉપદેશ મળ્યો એ શુદ્ધ આત્મા છે કોણ? એવો શુદ્ધ આત્મા કોણ છે? એવી અંતરની જેને ધગશ, અભિલાષ, તત્પરતા શુદ્ધને સમજવાની અંતરથી જેને પ્રગટી છે એ અંતરથી પ્રશ્ન કરે છે. મહારાજ! આવો શુદ્ધ તે કોણ છે?

'**કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ?**' કે, જેનું સ્વરૂપ જાણવામાં આવવું જોઈએ. સમજાણું કાંઈ? બીજું બધું હો ન હો જાણવું. આ કોણ છે આ? સમજાણું કાંઈ? આહા..! સમયસાર તો સમયસાર છેને! ભગવાનને ઉતાર્યા છે હેઠે! અમે તો આવશું ત્યાં. ઉતાર્યાને? કીધું નહિ? '**वंदित्तु सव्व सिद्धे**'. સર્વ સિદ્ધોને સ્થાપ્યા પર્યાયમાં, અમે હવે હાલ્યા આવીએ છીએ તારી પાસે હોં! '**એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :--**' જેને આવો પ્રશ્ન એનાથી પોતાથી શુદ્ધ કોણ છે એમ જેને જિજ્ઞાસા સમજવાની છે અને એને પ્રશ્ન અંદરથી ઉઠ્યો

છે એને આ ઉત્તર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તમે તો આખી સભાને કહો છેને? અમે આને કહીએ છીએ આવાને. આહા..હા..! સમજાણું કાંઈ?

જુઓ! આ આત્મા શુદ્ધાત્મા, શુદ્ધાત્મા તમે કહો છો, એ જાણવો જોઈએ એમ કહો છો આપ તો એ શુદ્ધાત્મા કોણ છે કે જેને જાણવો જોઈએ? જેનું સ્વરૂપ જાણવું જોઈએ? **'कोऽसौ शुद्ध आत्मेति चित्'** એ અમૃતચંદ્રાચાર્યે સંધિ કરી. ઉપર સંસ્કૃત છે. મહારાજ! પ્રભુ! એવો તે કોણ શુદ્ધાત્મા છે? એનો અર્થ થયો કે પ્રશ્ન કરનાર આવો છે, જેને શુદ્ધાત્મા જાણવો છે અને પ્રશ્ન કરનાર ગુરુને આમ પ્રશ્ન કરે છે. સમજાણું કાંઈ? બીજું ન પૂછતા, બીજું ન જાણવાનું કહેતા, આ એક જાણવાનું મારે છે. પ્રભુ! એ શુદ્ધ આત્મા છે કોણ કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? એટલે કે કોણ છે કે જેને જાણવો જોઈએ? એમ. જેને જાણવો જોઈએ એનો અર્થ કે એના સ્વરૂપને જાણવું જોઈએ. એવો જેને ધગશ છે અંદર. કોઈ... આવે છેને શ્રીમદ્માં? 'કામ એક આત્માર્થનું બીજો નહિ મન રોગ' આપણે સાંભળશું કાંઈક દુનિયામાં બહારમાં જ્ઞાની કહેવરાવશું. આપણને આવડે છે એમ ઠરશે. કાંઈક વળી સ્વર્ગ થાશે, આવું સાંભળશું તો પુણ્ય બંધાશે, સ્વર્ગમાં જાશું એ કોઈ પણ અભિલાષા છે એને આ શુદ્ધાત્માને સમજવાની દરકાર નથી. આહા..હા..! ત્યારે એનો અર્થ એ થયો કે પૂછનાર, શુદ્ધાત્મા શું છે એ જાણતો નથી. એમ થયું કે નહિ? જાણતો નથી એ જાણવા માગે છે. આહા..હા..!

અહીંથી ઉપાડ્યું આ છઠ્ઠીના લેખ. આપણે આવે છેને છઠ્ઠીના લેખ નથી? મર્યા ને જન્મ્યા પછી, મર્યા પછી શું? જન્મ્યા પછી છ દિવસે આવે છેને, લખે છેને કાંઈક? કોરો કાગળ મૂકે. ન્યાં ક્યાં હતું ન્યાં. લેખ તો લખીને આવ્યો છે પહેલેથી, ઓલા ભવથી. આ ભવનું શું થશે પુણ્યથી, પાપથી, સંયોગ એ બધું લખીને આવ્યો છે અંદર. એ વિધિ ન્યાં લખતો હશે? કોઈ આવીને લખી જતું હશે વિધિ? તારો ફોટો હશે એવું દેખાશે, કાંઈ લખેલું નથી. જગતને ભ્રમ. હેં? પહેલા જન્મ્યો, ગૃહસ્થને ઘરે આવ્યો ઈ લેખ નથી લખેલા અંદર? હવે લખવા છે?

આ લેખ તો કહે છે નવા લખવા છે. આહા..હા..! છઠ્ઠી ગાથા છેને! જેણે આવું પૂછ્યું એને ઉત્તર મળે એના છઠ્ઠીના લેખ ફરે નહિ. આહા..હા..! એવી કોઈ સમયસારની રચના! લ્યો! આ છઠ્ઠી ગાથા. જે આવું પૂછે છે, જેને અંતરમાં શુદ્ધ ભગવાન આત્મા એક જ વાત જાણવાની, જોવાની, અનુભવવાની જેને ધગશ છે એવા જીવની ભૂમિકાવાળાને આવો ઉત્તર દેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**
**एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव।।६।।**

'ण वि होदि अप्पमत्तो' આહા..હા..! જ્યારે એને વિકલ્પ ઉઠ્યો હશે અને જ્યારે આ ગાથા લખાણી હશે જંગલમાં.. હેં? 'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।' 'भावो' છે હોં! 'जो भावो' જાણક જે ભાવ. એમ. 'एवं भणंति सुद्धं'. 'एवं भणंति सुद्धं' એણે જે આમ જાણ્યું જેણે જ્ઞાનમાં એને 'एवं भणंति सुद्धं' એને આ શુદ્ધ છે એમ જ્ઞાનમાં આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? ચૌદ ગુણસ્થાનની પર્યાય ... ચૌદ ગુણસ્થાન એ નથી એમાં. એકલો જ્ઞાયકભાવ. જુઓ, પ્રમત્ત-અપ્રમત્તપણું છે ખરું, એની અસ્તિ સ્થાપી પર્યાયમાં. સમજાણું કાંઈ? ઈ ન્યાંથી કેમ ઉપાડ્યું? પોતે મુનિ હતા એટલે પ્રમત્ત-અપ્રમત્તની દશામાં ઝુલતા હતા. સમજાણું કાંઈ? નહિતર તો એમેય કહેવાય 'ण वि होदि संगो असंगो' સંગતિ, અસંજત નથી. આત્મા જ્ઞાયકભાવ છે. એમાં એ વાત તો આવી જાય છે. પોતે જે ભૂમિકાએ છે પર્યાયમાં ન્યાંથી કહે છે. 'एवं भणंति' 'एवं जाणंति सुद्धं' 'भणंति' એ તો શબ્દો છે. ભાઈ! 'भणंति' તો કથન શબ્દ છે. 'एवं जाणंति सुद्धं' એમ છે. આ તો શુદ્ધ અનુભવે એને શુદ્ધ છે, એમ આવ્યું છેને? ઈ આમાંથી કાઢ્યું છે. 'भणंति' 'भणंति' તો શબ્દ છે. 'एवं भणंति' 'एवं जाणंति' આહા..હા..! ગજબ ટીકા છે હોં! શ્લોક, એક એક શ્લોક એનો પરમાર્થ પામે અનુભવમાં તો ન્યાલ થઈ જાય એવું છે. એને બહુ જરૂર પડે નહિ બીજા શાસ્ત્ર ભણવાની એમ કહે છે. આહા..હા..!

'ण वि होदि अप्पमत्तो' એ અપ્રમત્ત પર્યાયને કીધી છે. કહેશે, આપણે પાઠમાં જરી ધ્વનિ શું છે એ (લઈએ છીએ). 'ण पमत्तो जाणगो' ઈ પ્રમાદ. પહેલું અપ્રમત્ત લીધું. 'ण वि होदि पमत्तो अप्पमत्तो' ન લીધું. અપ્રમત્ત પર્યાય સાતમેથી ચૌદ સુધી અને પ્રમત્ત પર્યાય પહેલેથી છ સુધી. વિકલ્પ ઉઠ્યો છે છઠ્ઠે આ. કહેવા વખતે નકાર નથી આવ્યો. આ અપમત્તપણું જે છે ભેદ છે એ નથી અને આ પ્રમત્તપણું આવું અત્યારે વર્તે છે પર્યાય એ નથી. એવો એમ જે જાણે છે એને શુદ્ધ જાણવામાં આવે છે. સમજાણું કાંઈ? એને આ શુદ્ધ છે એમ. અપ્રમત્ત-પ્રમત્તનો નિષેધ કરી... વ્યાખ્યામાં સમજાવવું શી રીતે? ખરેખર તો જ્ઞાયકભાવમાં જ્યાં જાય છે એટલે અપ્રમત્ત-પ્રમત્ત પર્યાયનો ત્યાં નિષેધ થઈ જાય છે એટલે ત્યાંથી લક્ષ ખસી જાય છે. સમજાણું કાંઈ? આ તો હવે માલ શરૂ થાય છે હવે. આહા..હા..! ... પ્રમત્ત-અપ્રમત્ત ગુણસ્થાનની દશાઓ અસ્તિરૂપે છે વ્યવહાર. સમજાણું કાંઈ? એ પણ જેમાં નથી. નથીથી ઉપાડ્યું. પાઠમાં ... 'ण वि होदि अप्पमत्तो' એમ ઉપાડ્યુંને? કારણ કે એ પ્રમત્ત-અપ્રમત્ત અવસ્થા છે પોતાની દશામાં. મુનિ છેને. છઠ્ઠે, સાતમે ગુણસ્થાને ઝુલે છે પર્યાયમાં હોં! પર્યાય સમજાય છે? અવસ્થા. એ 'जाणगो दु जो भावो।' એ અસ્તિ સ્થાપ્યું, ઓલું નાસ્તિ કહ્યું પહેલું શબ્દાર્થનું થોડું. સમજાણું? 'एवं भणंति सुद्धं

**णादो जो सो दु सो चेव।।'**. જણાયો એ તો જણાયો પોતે છે.

એનું હરિગીત. '**નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**' '**જિન**' શબ્દમાં પણ ભાઈ જીતવુંથી ઉપાડ્યું છેને. ઈ શૈલી જ એવી આવે. જિન શબ્દે તો જીતવું, જીતવું તો નાસ્તિ થઈ ગયું. સમજાણું કાંઈ? પણ કથનશૈલીમાં એવો જ વ્યવહાર પહેલો આવે. જીતે છે. પણ એમ કહોને, આત્માના સ્વભાવમાં જાય છે તો ઓલું જીતાય જાય છે. એ લક્ષમાં રહેતું નથી, લક્ષમાં આવતું નથી, એના લક્ષમાં ઉત્પન્ન થતું નથી. ઉપદેશની શૈલી જ એવી છે. ભાષા દ્વારા કહેવું, કહેનારો ભાષાથી રહિત આહા..હા..!

**નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**

**એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬.**

'**भणंति**' છેને. એ રીતે શુદ્ધ જણાય. કથાય ક્યાં કહ્યું છે. હવે એનો અન્વયાર્થ કરીએ. પહેલો ગાથાર્થ. ગાથાર્થ આ તો મૂળ ગાથા છેને.

'**ગાથાર્થ :-- જે...**' લ્યો, અસ્તિથી અહીંથી ઉપાડ્યું. એઈ..! ગાથામાં અસ્તિથી ઉપાડ્યું. એ શબ્દની શૈલી એવી છે. પાઠમાં અપ્રમત્ત-પ્રમત્ત છે સ્વરૂપ. અસ્તિથી અર્થ કર્યો એટલે એની શૈલી હશે એવી? હેં? પદ્યમાં ગોઠવવામાં આમ આવ્યું છે. શૈલી તો અસ્તિથી ઉપાડી છે. '**જે જ્ઞાયક ભાવ...**' સ્પષ્ટ તો થવું જોઈએ. '**જે જ્ઞાયક ભાવ છે તે...**' ભગવાન આત્મા જ્ઞાયક છે, ચૈતન્યસૂર્ય છે. અસ્તિ તરીકે જ્ઞાયક ભાવ છે. જ્ઞાયક ભાવ છે, જોયું? સમજાણું કાંઈ? પોતે જ્ઞાયક જાણનાર... જાણનાર... જાણનાર... જ્ઞાયક શબ્દ આવ્યોને, જ્ઞાનનો કરનાર એમ આવ્યુંને પહેલું. ... આ જ્ઞાયક ભાવ એકલો જાણનાર જ્ઞાયક સ્વભાવભાવ એ આત્મા. સમજાણું કાંઈ?

લ્યો! આ લેખ શરૂ થયા છઠ્ઠીના. આહા..હા..! પૂછ્યું, મહારાજ! આ ... ભાઈ! એ જ્ઞાયક ભાવ છે એ જ્ઞાયક ભાવ છે જાણનાર અસ્તિરૂપ, સત્તારૂપ સ્વભાવભાવ છે તે '**અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી,...**' અહીંથી આવ્યું. અસ્તિ કહીને નાસ્તિ કહી. આ થોડો અભ્યાસ કરવો પડે ગુલાબચંદભાઈ! આ એમ કંઈ નથી સમજાય જાય એવું. ક્યાં ગયા કપુરભાઈ? જુઓને, આકડિયા મૂકીને ન્યાં ગયા છેને રખડવા. રળવા માટે ન્યાં કલકત્તા ગયાને. સગા-વહાલા બધું મૂકીને ગયા છે અને તે છતાં ત્યાં પુણ્ય હોય તો મળે. તો આ તો બધું છોડીને સમજવું પડશે આ. પ્રમત્ત-અપ્રમત્ત પણ નહિ એમ કહે છે. આહા..હા..!

સમ્યગ્દર્શનનો વિષય એ જ્ઞાયક ભાવ, એ જ્ઞાયક ભાવ તે આત્મા. એ અપ્રમત્ત પણ નથી. ન્યાંથી અપ્રમત્તથી ઉપાડ્યુંને. એ અપ્રમાદી પણ નથી, અપ્રમાદ એ તો પર્યાય છે. સાતમા ગુણસ્થાનની અપ્રમત એક પર્યાય છે. એમ આઠ, નવથી ચૌદ સુધી અપ્રમત્ત પર્યાય છે. અને પ્રમત્ત પર્યાય પણ નથી. કઈ રહી બાકી હવે એમાં? સમજાણું કાંઈ? એ અપ્રમત્ત

પણ નથી. 'પણ' કેમ કહ્યું? છેને **'अप्रमत्तः अपि'**. કારણ કે પાછું પ્રમત્ત કહેવું છેને બીજું. એ ભગવાન જ્ઞાયક ભાવ એ અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી. એ અપ્રમત્ત તો નિર્દોષ દશા છે, પ્રમત્ત ભલે સદોષ દશા છે. એ બેય નથી. આહા..હા..! એઈ..!

**'એ રીતે એને શુદ્ધ કહે છે;...'** એટલે કે જ્ઞાયક ભાવ જ્યાં અનુભવમાં આવ્યો ત્યારે ત્યાં અપ્રમત્ત અને પ્રમત્ત પર્યાયનો અભાવ છે એમાં. અને એ ભાનમાં આવ્યો ત્યારે એને આ આત્મા શુદ્ધ છે એમ એના ખ્યાલમાં આવ્યું. સમજાણું કાંઈ? **'એ રીતે એને...'** એમ. આ રીતે એને. એટલે કે, અપ્રમત્ત અને પ્રમત્ત જ્ઞાયક ભાવમાં નથી એમ જ્યારે અનુભવમાં આવ્યું એને શુદ્ધ આત્મા આ છે એમ અનુભવમાં આવ્યું. ત્યારે એને શુદ્ધ (કહેવાય). શુદ્ધ તો છે ઈ નહિ. આહા..! સમજાણું કાંઈ? ત્રિકાળ શુદ્ધ છે પણ એની સત્તાના ભાન વિના શુદ્ધ છે એ કોનો સ્વીકાર? કોણ કરે? સમજાણું કાંઈ? સ્વીકાર પર્યાય કરે પણ અહીં તો દ્રવ્યમાં એ નથી. સ્વીકાર કરનારી પર્યાય પણ દ્રવ્યમાં નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે મોંઘું પડે આ બધું.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- એ બધું કાઢી નાખ્યું, બધી પર્યાયો કાઢી નાખી. ઈ તો ચૌદ ગુણસ્થાનમાં... એવો અર્થ એણે કાઢ્યો છે આમ તો. પણ ખરેખર તો બધી પર્યાયો નથી એમાં. એમ અહીં તો સિદ્ધ કરવું છે. સયોગી ગુણસ્થાન તારું નથી, એમ કહેતા હતાને? ખરેખર તો એની પર્યાય જે અભેદ થઈ જાય છે એને અહીં ગણવી નથી, કારણ કે એ તો અભેદ થઈ ગઈ. એ પણ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? ખરેખર તો મોહ, જોગ ભવા ગુણસ્થાન છે. મોહ, જોગના નિમિત્તથી પોતાની દશા થાય છેને ભેગો. વિમળ છે એ વાત અહીંયા ગૌણ કરી દીધી. મોહ જોગ ભવા કીધું છેને? ભાઈ! મોહ જોગ ભવા પણ એનો નિષેધ કરતાં એકલું દ્રવ્ય જ દૃષ્ટિમાં રહ્યું. ભલે નિષેધ આમ મોહ જોગ ઉત્પન્ન થયેલા એવા ચૌદ એનો નિષેધ કર્યો છે. સમજાણું કાંઈ? પણ એ નિષેધ કર્યો છે જ્યાં ત્યાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડતા એ બધાનું લક્ષ છૂટી ગયું છે. સમજાણું કાંઈ? વાત એમાં ગુણસ્થાનની લીધી. ગુણસ્થાન તો જોગ અને મોહના ઉદ્‌ભવેલા છે, નિર્મળની વાત ત્યાં આવી નહિ. ... બારમા સુધી મોહ અને તેર, ચૌદ જોગ. ઈ આવે છે કે નહિ? ગોમ્મટસારમાં આવે છે. સાંભળ્યું છે કે નહિ? મોહ જોગ ભવા... સંસ્કૃતમાં છે અહીંયા, જયસેનાચાર્યમાં. છેને, પાઠ તો એનો નાખ્યો છે. .. અભેદ થતાં મોહ, જોગમાં ભેદે ચૌદ ભેદ પડી ગયા છે.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- એ બધાનો નિષેધ છે એક ન્યાયે. એક ન્યાયનો અર્થ કે, આમ, આમ સીધું તો એમ કીધું કે, આ મોહ, જોગ, ભવા એ એમાં નથી. પણ એની અંદર આવી ગયું

કે, એ પર્યાય જે નિર્મળ એ એમાં નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- પર્યાય જાણે. અત્યારે પર્યાય જાણે દ્રવ્યને એટલી વાત છે અહીં તો.

મુમુક્ષુ :-- શુદ્ધ પર્યાય જાણે દ્રવ્યને.

ઉત્તર :-- દ્રવ્યને. પણ ઈ પર્યાય ઉપર લક્ષ નથી ત્યાં એનું. એટલે પર્યાય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્યસ્વભાવ લીધો એકલો ત્રિકાળી. જ્ઞાયક ભાવ તો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ અવિનાશી એકલો એમાં આ કાંઈ નથી. આ બે કીધું એનો અર્થ કે, બધું પર્યાય-ફર્યાય નથી એમાં. આશ્રય કરે છે પર્યાય પણ પર્યાય દ્રવ્યમાં નથી. સમજાણું કાંઈ? શબ્દ તો અહીં ગુણસ્થાનથી લીધો છે. મોહ જોગથી. ભેદ પડ્યો એટલો એમાં નથી. પણ એનો અર્થ કે આમ જાય છે ત્યાં ઈ નથી ભેગી પર્યાય પણ (નથી). આ પર્યાય ઉપર લક્ષ ક્યાં રહે છે. ભાઈ! સમજાણું? આમ તો મોહ જોગ ભવાના વિશેષ આમાં. પણ એનો અર્થ એ છે. ભેદવાળો જે નિમિત્તથી થયેલો ભાવ એનો જ્યાં આમ આમાં અભાવ છે. એનો અર્થ કે, એની સાથે જે નિર્મળ પર્યાય (છે) એ પણ વસ્તુમાં તો નથી. સમજાણું કાંઈ? ત્યારે ઓલા કહેતા હતાને, '**भूदत्थमस्सिदो खलु**' તો આશ્રય કરનાર તો પર્યાય છે, વ્યવહાર થઈ ગયો. સોમચંદભાઈ. આ આવે છેને, '**भूदत्थमस्सिदो खलु**'. વડલે વાત થઈ હતી. આશ્રય કરનાર તો વ્યવહાર છે, વ્યવહાર આવ્યો કે નહિ? અરે..! પણ ન્યાં વ્યવહારનું લક્ષ ક્યાં છે? ન આવ્યો એમાં. ભાઈ! આહા..હા..! શું થાય? વ્યવહાર નિશ્ચયની ઉપર દૃષ્ટિ જાય છે એટલે એ પર્યાયની નિશ્ચય ઉપર દૃષ્ટિ જાય છે એટલે વ્યવહાર, નિશ્ચયમાં નથી. શું થાય? ઝઘડે કાંઈ પાર પડે એવું છે? આશય ન સમજાય તો... ભઈ, આ તો એવી વાત છે.

આત્મા અપ્રમત્ત અને પ્રમત્ત નથી, જુઓ! એ રીતે એને શુદ્ધ કહે છે. તો શુદ્ધ કોને? ત્રિકાળીને. પર્યાય જાણે છે, કહે છે એટલે જાણે છે. કહે છેનો અર્થ ઈ. પર્યાય જાણે છે કે, આ શુદ્ધ છે. સમજાણું કાંઈ? ઝીણું તો ભઈ છે. ... ચાલે છેને. આહા..હા..! આ એક એક શબ્દનો વિસ્તાર સામાન્ય વિશેષ શું છે એ બધું જાણે છે. ઓલું બધું સામાન્ય સામાન્યપણે હાલતું. હવે તો આ ૧૭મી વાર છે તો કાંઈ... આહા..હા..! એને શુદ્ધ કહે છે એટલે જાણાય છે. એને જાણાય છે ત્યારે આ શુદ્ધ છે. આ શુદ્ધ છે. પર્યાય શુદ્ધ છે એમ નહિ. સમજાણું કાંઈ? ટીકામાં આવશે, આ તો શબ્દાર્થમાં થોડું આ ભર્યું છે ઈ જ કાઢ્યું છે.

'**વળી જે જ્ઞાયકપણે જણાયો...**' જાણનારો જણાયો '**તે તો તે જ છે, બીજો કોઈ નથી.**' ઈનો ઈ જાણનાર જાણાયો પોતાને. આહા..! જાણનારની પર્યાય દ્વારા જાણનાર

જાણાણો. સમજાણું કાંઈ? એ ટીકામાં આવશે ખુલાસો. પરને જાણે છે એમેય નથી અહીં તો. એ જાણે છે પોતાને જ. પર્યાયમાં પણ જાણે છે પોતાને. સમજાણું કાંઈ? જાણાયો આત્મા આવો. એ પર્યાયમાં જાણાણો ઈ પોતે જ છે. ઈ પર્યાયનો ત્યાં ચોથા બોલમાં અભેદ કર્યું. જણાણો પર્યાયમાં છેને, જાણાણો તે જ આત્મા છે. પર્યાયમાં જણાણો તે આત્મા છે. સમજાણું કાંઈ? પર્યાય લેશે ચોથા બોલમાં અર્થમાં પર્યાય લેશે. પણ જાણ્યું છે કોણે? પર્યાયે જાણ્યું છેને. એટલે પર્યાય જાણનારે જાણ્યું છે. પરને જાણ્યું છે ને પરને લઈને છે નહિ એમ ખુલાસો કરશે. તે જ છે બીજો કોઈ નથી. એનો એ પોતે પોતાના ત્રિકાળ સ્વરૂપને જાણે અને ત્રિકાળ શુદ્ધ છે એવું જાણાણું એ જ્ઞાને જાણ્યું. જ્ઞાન કર્તા અને જ્ઞાન એનું કર્મ. કહો, સમજાણું? કર્મ એટલે કાર્ય. ગાથાર્થ થયો, ટીકા કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૧, શુક્રવાર, તા. ૩-૧૨-૧૯૭૧
## ગાથા-૬, પ્રવચન-૨૮

છઠ્ઠી ગાથા. છઠ્ઠી ગાથા શિષ્યનો પ્રશ્ન છે, આ મૂળ ગાથા છે શરૂઆતની, કે આ શુદ્ધાત્મા કોણ છે આ? કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? જાણવું જોઈએ. જેનું એટલે એનું, સ્વરૂપ એટલે એનો સ્વભાવ--ભાવ જાણવો જોઈએ?

મુમુક્ષુ :-- એ તો પર્યાય આવી.

ઉત્તર :-- જાણવું જોઈએ એ તો પર્યાય થઈ. એ.. ચેતનજી! ઈ કહે છે, એ તો પર્યાય આવી. એ જાણવું કાર્ય શેમાં થાય? દ્રવ્ય ગુણમાં થાતું હશે કાર્ય? કાર્ય તો પર્યાયમાં છે. સમજાણું કાંઈ? મૂળ તો દ્રવ્ય છે ત્રિકાળ શુદ્ધ ધ્રુવ. હવે એમાં મારામાં પર્યાય નથી કે અશુદ્ધતા નથી એમ નિર્ણય કોનામાં આવે? એ તો પર્યાયમાં કાર્ય આવે છેને. ધ્રુવમાં તો કાંઈ કાર્ય નથી, એ તો વસ્તુ છે એમ છે. એટલે કહે છે કે, શુદ્ધાત્મા કોણ છે આ કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? જાણે છે એ તો પર્યાય થઈ. એઈ..! હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- પોતાનું સ્વરૂપ શું છે? આપણે ગાથાર્થ થઈ ગયો છે.

'**ટીકા :-- જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી (કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી) અનાદિ સત્તારૂપ છે,...**' શુદ્ધ ભગવાન આત્મા પોતે પોતાથી છે. કોઈએ એને ઉત્પન્ન કરનાર અને કોઈથી ઉત્પન્ન થયો છે એમ છે નહિ. અનાદિ છે એમ કહે છે. પોતે પોતાથી સાબિત છે, સિદ્ધ છે એટલે કે પોતાથી પોતે છે. એને કોઈ ઉત્પન્ન કરનાર કે કોઈથી ઉત્પન્ન થયો એવું છે નહિ. '**અનાદિ સત્તારૂપ છે,...**' માણસ એમ કહે છે કે અનાદિ સત્તારૂપ છે તો એનું પહેલું સ્વરૂપ શું છે એ જણાણું નહિ માટે અનાદિ સત્તારૂપ એમ કરીને ખુલાસો કર્યો. ગજબ કરે છેને! આવ્યું છેને, ક્યાંક આવ્યો છે પ્રશ્ન આવ્યો છે. પ્રશ્ન આવ્યો છે ... તરફથી. અરે..! આ તો છે. વસ્તુ જે છે ઈ તો છે. હવે છે ઈ ક્યે કાળે નથી કે એની આદિ હોય? સમજાણું કાંઈ?

વસ્તુ છે એ તો છે. ગમે તે કાળ લ્યો. ગતકાળમાં છે... છે... છે... છે... છે... છે... એની આદિ છે? આદિ નથી માટે જણાણો નથી? જણાણો નથી માટે અનાદિ કહીને સમાધાન કરી નાખ્યું. એમ કહે છે. પ્રશ્ન આવે છે બધા, બહારના ઘણા આવે છે, અત્યારે તો આ બધું ચાલ્યુંને સમયસાર, એટલે લોકોને ખળભળાટ થઈ ગયો છે ઘણો. કોઈ વિરોધનો, કોઈ સમજવાનો, કોઈ એને ઉડાડવાનો. ... એમાં કાંઈ નવું નથી. હવે પણ ઘણા જિજ્ઞાસુ થયા છે. સમજવા માટે જિજ્ઞાસુ થયા છે. આ શું છે? પેહલા લક્ષમાં તો લ્યો! આ જન્મ-મરણ ટાળવાના ઉપાયની રીત શું છે? બાકી બધું ઠીક. દયા, દાન, વ્રત પાળે ને પુણ્ય થાય ને સ્વર્ગમાં જાય, પાછો ન્યાંથી નીકળીને ઢોર થઈને નરકમાં જશે. અનંત વાર થયું છે.

આ આત્મા શુદ્ધ કોણ છે કે જેને જાણ્યે મુક્તિ થાય? સમજાણું કાંઈ? તો કહે છે કે, એ ભગવાન આત્મા અનાદિ સત્તારૂપ પોતાથી છે એ પોતાના વડે છે, પોતાથી છે. એ અનાદિની સત્તા સિદ્ધ કરી. અનાદિ નહોતું જણાણું માટે અનાદિ એમ નહિ. એ છે ત્યાં પછી પ્રશ્ન શું? ભારે જગતને. વસ્તુ છે, ઈ છે તો એમાં પછી પ્રશ્ન શું? કે દિ'? કે દિ' શું, એમને એમ છે. એમને એમ છે કહો કે અનાદિ છે કહો. સમજાણું કાંઈ? .... પણ ગમે તે ખુલાસો કરે, કરશે શું? તું છો. ક્યારનો છો? કે છો. પછી છોને ક્યારનો એ પ્રશ્ન લાગુ થતો નથી. આહા..! સમજાણું કાંઈ?

કોઈથી ઉત્પન્ન થયો નથી માટે અનાદિ હોવાપણે છે, અનાદિ હોવાપણે છે. સમજાણું કાંઈ? જેને પ્રશ્ન અંદરથી ઉઠ્યો છે. એને ઉત્તર કહેવામાં આવે છે એમ કીધું છેને? એમને એમ સાંભળવા આવ્યા, હાલો ભઈ સાંભળીએ બધાની ભેગા. સવાર પડે એટલે આપણે સાંભળવું ને એને કહેવું. એને માટે નહિ. એ.. હિંમતભાઈ! એને એમ થયું કે, ઓહો..! આ દેહમાં રહ્યો પ્રભુ આ આત્મા છે શુદ્ધ કોને આપ કહો છો કે જે જાણવાની જરૂર છે? જેનું સ્વરૂપ જાણવાની જરૂર છે એમ કહે છે. જાણવું જોઈએ. બીજું બધું એક કોર રહ્યું,

આ શું ચીજ છે? એવો જેને અંતરથી ધગશ થઈને પ્રશ્ન ઉઠ્યો છે એને આ ઉત્તર દેવામાં આવે છે. ... એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા છે. કહે છે જે અનાદિ છે ભાઈ! વસ્તુ તો અનાદિ છે. આહા..! સમજાણું કાંઈ?

'**કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે,...**' ભૂતકાળની વાત કરી, હવે એ કોઈ દિ' નાશ પામે છે? વસ્તુ હોય એ નાશ પામે? પદાર્થ સત્ છે, સત્ છે એનો નાશ કે દિ' હોય? તેથી કોઈ દિ' કદી એટલે કોઈ દિ' ભવિષ્યમાં વિનાશ પામતો નહિ હોવાથી તે ભવિષ્યમાં અનંત છે. ક્યાંય એનો અંત નથી કે, અમુક કાળે એનો અંત આવી જાય. સંસારનો નાશ અંત આવી જતો હશે કે નહિ? સંસારનો નાશ થાય ત્યારે. એ તો સંસારનો નાશ થયો, આત્માનો નાશ થયો? એ તો સંસારની વિકારી પર્યાયનો અંત આવ્યો. વસ્તુ તો છે ઈ છે અનાદિઅનંત. છે અનંત, અનાદિ અવિનાશી, નાશ ન પામે એવા. કહો, સમજાણું કાંઈ?

વળી, '**નિત્યઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી...**' છે એ વર્તમાનમાં પણ પ્રત્યક્ષ નિત્ય ઉદ્યોતરૂપ છે. પ્રકાશરૂપ, '**ક્ષણિક નથી...**' ... જ છે એમ નથી. એ વર્તમાનની સિદ્ધિ કરી. '**સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે...**' એ જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય એવી જ્યોતિ છે એમ કહે છે. વિશદ છેને શબ્દ. વિશદજ્યોતિ. ભગવાન આત્મા અંદરમાં ચૈતન્યસ્વરૂપ એ પ્રત્યક્ષ વિશદ જ્યોતિ છે. એ વર્તમાનમાં જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય એવી એ જ્યોતિ છે. એ પરોક્ષ રહે એવી એ ચીજ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? સમયસાર તો કેવળીના પેટ ખોલ્યા છે એટલે એ તો બહુ ગંભીર છે. સમજાણું કાંઈ?

કહે છે, નિત્યઉદ્યોતરૂપ છે. કાયમ એવોને એવો પ્રગટ... પ્રગટ... પ્રગટરૂપ. '**ક્ષણિક નથી...**' સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ જ્યોતિ છે. સ્પષ્ટ ચૈતન્યના પ્રકાશ સ્વરૂપે જ્યોતિ છે. જ્યોતિ ... પ્રકાશમાન જ્યોતિ છે. એવો જે એક જ્ઞાયક '**એવો જે જ્ઞાયક એક 'ભાવ' છે,...**' એવો એક જ્ઞાયક ભાવ છે. ત્રિકાળી જાણવાના સ્વભાવવાળો અનાદિઅનંત એક જ્ઞાયક ભાવ છે. વસ્તુ લીધી એવો જે ભગવાન આત્મા અનાદિઅનંત નિત્યઉદ્યોતરૂપ સ્પષ્ટ પ્રકાશમાન ચૈતન્ય જળહળ જ્યોતિ (સ્વરૂપ) છે.

'**તે સંસારની અવસ્થામાં...**' હવે અવસ્થા લીધી--પર્યાય. અરે..! બીજાના ઘર જોયા પણ પોતે કોણ છે એમ કોઈ દિ' જોયું નહિ. આહા..હા..! બધાની મોટી ડિગ્રીઓ મેળવી હેં! આ કોણ છે? શું છે આ? જરી સામું તો જો એની. એની સામું જોવું મૂકીને બધાને જોવા માંડ્યા પણ જોનારને એણે જોયો નહિ. જોનાર એવો છે કે જે સંસારદશામાં, વસ્તુ તો છે ઈ છે આમ ત્રિકાળી કીધી ઈ, વસ્તુ કીધી, એ તો ધ્રુવ કીધી. '**તે સંસારની અવસ્થામાં અનાદિ બંધપર્યાયની નિરૂપણાથી...**' ... કર્મના બંધની પર્યાયનું નિમિત્તપણે '**(અપેક્ષાથી)**

**ક્ષીરનીરની જેમ કર્મપુદ્‌ગલો સાથે એકરૂપ હોવા છતાં,...**' કર્મના રજકણો સાથે ભગવાન આવી સત્તા જ્ઞાયકની એક ક્ષેત્રે, એક ક્ષેત્રે એકમાં અવગાહન રહ્યા છતાં ક્ષીરનીરની જેમ પણ, હોં! દૂધ અને ધોળાશની જેમ નહિ. ક્ષીર--દૂધ અને પાણી, દૂધ અને પાણી એમ છે. ક્ષીર એટલે દૂધ, દૂધની ધોળાશ અને દૂધ એની પેઠે નહિ. ઈ તો એકને એક છે, અભેદ છે. ક્ષીર એટલે દૂધ અને પાણી એની પેઠે બેપણે રહીને કર્મપુદ્‌ગલો એકરૂપ હોવા છતાં. એક ક્ષેત્રે બે એક ભેગા રહેવા છતાં '**દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે...**' ઓહો..હો..! એનો સ્વભાવ ભગવાન આત્માનો... સમજાણું કાંઈ?

'**દ્રવ્ય સ્વભાવની અપેક્ષાથી...**' એટલે શું કીધું? કે, બંધપર્યાયના નિમિત્તથી એને એકમેક જાણે ક્ષીર-દૂધ અને પાણી જેવા દેખાય છે પણ એનો વસ્તુ સ્વભાવ જોઈએ. દ્રવ્ય વસ્તુ ભગવાન આત્મા એના '**સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો દુરંત કષાયચક્રના ઉદયની (-કષાય-સમૂહના અપાર ઉદયોની) વિચિત્રતાના વશે...**' કષાયસમૂહનો અપાર ઉદય છે કહે છે. કષાયનો ઉદય, કર્મનો ઉદય છેને. એનો ... કષાયસમૂહનો અપાર ઉદય છે, જેનો અંત લાવવો મુશ્કેલ છે કહે છે. દુરંત. '**વિચિત્રતાના વશે...**' એ કર્મના ઉદયની વિવિધતાની વિચિત્રતાને વશે. ... એને વશે હોં! '**પ્રવર્તતા જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર...**' ઉદયને વશે. આમ સ્વભાવને વશે નથી એટલે ઉદયને વશે વર્તે છે. કહો, સમજાણું કાંઈ?

આ કહ્યુંને, ઉદયને લઈને નહિ. પણ ઉદયને વશને લઈને તાબે થાય છે. આમ તાબે નહિ થતા આમ તાબે થશે. પર્યાયદૃષ્ટિ આવે છે, દ્રવ્યદૃષ્ટિની ખબર નથી. એટલે કર્મના ઉદયના વશે કહે છે. આ શું માંડી છે આ? આહા..હા..! તું કોણ છો આ? અને કેવો છો? ક્યારનો છો? કેમ છો? ઝીણી વાત છે. કહે છે કે, છે તો છે એ જ્ઞાયકભાવ, પણ કર્મના નિમિત્તને તાબે થયેલો છે. નિમિત્ત એને તાબે કરે છે એમ નહિ. સમજાણું કાંઈ? અનાદિના દ્રવ્ય સ્વભાવની ચીજ જોઈએ તો કષાયચક્રનો અપાર, એની વિચિત્રતા ઉદયની અનેકતા છેને, એકરૂપ ઉદય નથી. એના વશે પ્રવર્તતા.

એના વશે '**પ્રવર્તતા જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી...**' નિમિત્તને વશે થતાં અનેક પ્રકારના પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારા શુભ-અશુભભાવ એ રૂપે જ્ઞાયકભાવ તે થયો નથી. કેમકે શુભ-અશુભ ભાવ એ તો અચેતન છે. દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ એ અચેતન છે એમાં ચેતનનો અંશ નથી. એના અસ્તિત્વમાં સિદ્ધ કરવું હોય ત્યારે એની પર્યાય છે, પણ જ્ઞાયકભાવમાં એ પોતે જ્ઞાયકભાવ એ રીતે થયો નથી. કારણ કે એ રૂપે થાય તો જડ થઈ જાય. એ તો જ્ઞાયક છે, ચૈતન્યપ્રકાશનો નૂર છે પ્રભુ, આત્મા તો ચૈતન્યપ્રકાશનો પૂર છે. એ ચૈતન્યપ્રકાશ શુભાશુભરૂપે થઈ જાય તો જડ થઈ જાય. સમજાણું કાંઈ? આહા..હા..! આ શરીરરૂપે તો

થયો નથી, વાણીરૂપે તો થયો નથી, કર્મરૂપે તો થયો નથી પણ એ શુભાશુભભાવરૂપે વસ્તુ થઈ નથી. આહા..હા..! અરે..! એની એણે દરકાર કરી નથી. બધી જગતની સંભાળ, થોથા રખડવાના. એ.. પોપટભાઈ! હેં? એ જ ધંધો કર્યો છે?

ભગવાન! તું કોણ છો? કોણ છે આ શુદ્ધ કે જેને જાણવો જોઈએ? એમ કહે છે. ભાઈ! તું આવો છો કે કર્મને વશે થયેલા પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારા શુભાશુભભાવ... સિદ્ધ કર્યું પર્યાયમાં. સમજાણું કાંઈ? પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર શુભાશુભભાવ હોં! જડ બંધાય છેને પુણ્ય-પાપ? એને ઉત્પન્ન કરનાર શુભ-અશુભભાવ. એ '**તેમના સ્વભાવે...**' આહા..! દ્રવ્યસ્વભાવ, જ્ઞાયકસ્વભાવ, જાણકસ્વભાવ ભગવાન આત્મા એ શુભ-અશુભ પરિણમનરૂપે કેમ થાય? થયો જ નથી. એ રૂપે થાય તો તો જડ થઈ જાય. આ તો જ્ઞાયક છે, ચૈતન્ય રસકંદ છે. સમજાણું કાંઈ?

એ તો અંતરની અધ્યાત્મની વાત છે. એને જરી મગજને કેળવવું પડે. હેં? લૌકિકનું ભણવા માટે કેટલા વર્ષ ગાળે છે, માથા ફોડે છે. ધૂળધાણી રખડવાના રસ્તે. આહા..હા..! પ્રભુ! કોણ છો તું? આ જ્ઞાયક ચૈતન્યરસસ્વરૂપ જાણક સ્વભાવસ્વરૂપ તે અજાણસ્વરૂપ એવા શુભાશુભભાવ, જાણક સ્વભાવસ્વરૂપ એ અજ્ઞાન એવા શુભાશુભભાવ એ રૂપે થયો જ નથી. સમજાય છે કાંઈ? અહીં તો કહે કે, આ દયા, દાન, વ્રતના ભાવ કરો, તમને કલ્યાણ થશે. હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- બાપુ! એ દ્રવ્ય એ રૂપે થયું નથી અને એ રૂપે થાય છે એમ માન એ મિથ્યાત્વ ભાવ છે. આહા..! ભારે પણ વાતું. સમજાણું કાંઈ?

કહે છે, વસ્તુ તો આ જાણકસ્વરૂપી સત્તા એને સંસારના બંધપર્યાયની અપેક્ષાથી જોઈએ તો તો એના ઉદયને વશે એને અનેક પ્રકારની વિચિત્રતાના ઉદયને વશે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર એવા શુભાશુભભાવ છે, પણ દ્રવ્યસ્વભાવ એ રૂપે પરિણમ્યો નથી. આહા..! સમજાણું કાંઈ? એ.. પંડિતજી! પુણ્યભાવપણે, શુભભાવપણે જ્ઞાયકભાવ, પુણ્યભાવ એ અચેતનપણું, જ્ઞાયકભાવ થયો નથી. એ પર્યાયમાં તને ભાસે છે કે આ ઠીક છે. વસ્તુમાં છે નહિ. આહા..હા..! એ સમજાણું કાંઈ?

'**ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો...**' શુભાશુભ એક પ્રકારના નથીને, શુભાશુભ ઘણા પ્રકારના છે. શુભભાવ અસંખ્ય પ્રકારના છે, અશુભભાવ અસંખ્ય પ્રકારના છે. '**તેમના સ્વભાવે પરિણમતો નથી...**' આહા..હા..! વસ્તુ તો વસ્તુ તરીકે જ અનાદિ રહી છે અંદર. '**(જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો નથી)...**' ખુલાસો કર્યો. એનો અર્થ જાણક સ્વભાવ વસ્તુ જે છે, ચૈતન્યપ્રભુ તો જાણક સ્વભાવરૂપ અસ્તિ

સત્તા હોવાપણે છે એ પુણ્યના હોવાપણે કોઈ દિ' થતો જ નથી. શુભભાવના હોવાપણે થતો નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

... એમ આવે કે શુભભાવ વખતે ...પણે આત્મા શુભપણે પરિણમ્યો છે. એઈ..! પ્રવચનસારમાં આવે છેને? મેળવવું તો જોઈએને. ત્યાં એમ કહે, અહીંયા આમ કહે. એ તો શુભ ભાવનું પરિણમન જ્ઞાનની અપેક્ષાએ જોતા એના પર્યાયમાં છે એટલું સિદ્ધ કર્યું છે. દ્રવ્યસ્વભાવમાં તો છે નહિ. સમજાણું કાંઈ? ત્યારે ઈ એમ કહે છે કે, શુભભાવ તન્મયપણે થાય છે માટે એ વખતે દ્રવ્ય પણ તન્મય થઈ ગયું એમાં. સમજાણું કાંઈ? પર્યાયમાં શુભભાવ થયો તો તન્મયપણે છે પર્યાયમાં, એ શુભ રાગ ભિન્ન રહી ગયો અને પર્યાય ભિન્ન છે એમ નથી. દ્રવ્ય તો ભિન્ન જ છે. સમજાણું કાંઈ? શુભ કે અશુભભાવ એ જીવમાં પર્યાયપણે, પર્યાયમાં તન્મયપણે છે. એથી એ શુભ-અશુભભાવ પર્યાયમાં તન્મય છે તે રૂપે, એથી દ્રવ્ય એ રૂપે થયું છે એમ નથી. પર્યાયમાં ... ઈ પોતે પર્યાય છે, ઈ પોતે તન્મય એટલે એની દશામાં તન્મય. એમ. કારણ કે, ... આમ રહી ગયું અને પર્યાય ભિન્ન રહી ગઈ છે (એમ નથી). સમજાણું કાંઈ? આ તો વીતરાગના ઘરમાં જાવું હોય એની વાતું છે. સમજાણું કાંઈ? મોટાને ઘરે જાવું હોય તો કેટલી તૈયારી કરે છેને માણસ. હેં! આ તો ત્રણ લોકનો નાથ આત્મા આહા..હા..! એને ભગવાને જે વર્ણવ્યો એવો એને જોવા જાય તો એની તૈયારી કેટલી હોય. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, એ દ્રવ્યસ્વભાવ, સ્વ-ભાવ પોતાનો જ્ઞાયકભાવ જે જાણકભાવ, જ્ઞાનભાવ. એ જ્ઞાનભાવ વસ્તુ એ પુણ્ય અને પાપના, દયા, દાન ને વ્રતના પરિણામ, કામ-ક્રોધના પરિણામપણે એ વસ્તુ થઈ નથી. વસ્તુ તે રીતે દ્રવ્યમાં તે રૂપે દ્રવ્ય થયું જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ગંભીર વાત છે ભાઈ! એના પોતાના ઘરમાં શું છે અને શું નથી થયું અને શું થાય છે, શેમાં થાય છે એના એણે કોઈ દિ' વિચાર કર્યા જ નથી. એમને એમ ઓઘે ઓઘે કરો ધર્મ. ઓલા કહે, પૂજા-ભક્તિ કરો, આ કહે દયા-દાન કરો, ઓલા કહે, આ ખાવું, ન ખાવું. બધા સલવાણા. સાંગો કહે સલવાણા, ... સમજાણું કાંઈ?

આ આત્મા દેહના રજકણથી, કર્મના રજકણથી તો ભિન્ન, એ રૂપે તો થયો નથી. એ જડ તો જડરૂપે થઈને રહ્યા છે પણ ચૈતન્ય, પુણ્ય-પાપરૂપે થઈને રહ્યો જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ... એ.. દેવજીભાઈ! કહે છે, એ સમસ્ત અનેકરૂપ શુભાશુભભાવ. ભાવ શબ્દે વિકારી દશા. સમજાણું કાંઈ? તેમના સ્વભાવે એ વિકારીના ભાવે જ્ઞાયક ભગવાન ત્રિકાળી વસ્તુ થઈ નથી. સમજાણું કાંઈ? એટલે કે '**(જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો નથી)**...' જુઓ, ખુલાસો લેશે. જડનો અર્થ પુણ્ય-પાપના ભાવ અચેતન જડ. એ ચૈતન્ય તે ચૈતન્યરૂપે રહ્યો છે. એ અચેતન રાગ-દ્વેષના પરિણામપણે થયો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો જે આ વ્યવહાર રત્નત્રયના જે પરિણામ કહેવાયને શુભ, હેં? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ, શાસ્ત્રના ભણેલાનો રાગ એ બધો રાગ છે. આહા..હા..! એ શુભ રાગપણે વસ્તુ પરિણમી જ નથી. સમજાણું કાંઈ? એ શુભ રાગ વસ્તુના સ્વભાવમાં તન્મય છે જ નહિ. આહા..! શુભ રત્નત્રય, વ્યવહાર રત્નત્રય જે કહેવાય એ શુભ વિકલ્પ રાગ, રાગ એ પણે દ્રવ્ય સ્વભાવથી જોઈએ તો એ દ્રવ્યસ્વભાવ એ રૂપે થયો જ નથી. હવે એ રૂપે થયો નથી એનાથી આત્માને લાભ થાય? હેં?

'**તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી;...**' પહેલા એ લીધું. એમાં અપ્રમત્ત લીધું, ભાઈ! પહેલા બોલમાં અપ્રમત્તપણું લીધું, પછી અર્થમાં જ્ઞાયકભાવ તે અપ્રમત્ત પ્રમત્ત નથી, જ્ઞાયકભાવ તે અપ્રમત્ત પ્રમત્ત નથી. કારણ કે પ્રમત્ત છે ખરોને. પહેલો છેને અનાદિનો ઈ. એમ. પ્રમત્ત-અપ્રમત્ત નથી. સમજાણું કાંઈ? ગાથામાં એમ કહ્યું કે, '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो**' જાણગ જે ભાવ, એ અપ્રમત્ત અને પ્રમત્ત નથી. એનો ખુલાસો કરતાં એમ કહ્યું કે, ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ જ્ઞાયકભાવે ચીજ એ પુણ્ય-પાપના ઉત્પન્ન કરનારા શુભ અને અશુભભાવ (તે પણે થઈ નથી). એ શું કહ્યું? કે, શુભ, અશુભભાવ પુણ્ય-પાપને ઉત્પન્ન કરે છે, બંધને. પુણ્ય-પાપ કંઈ આત્માને કાંઈ શાંતિ ઉત્પન્ન કરે છે એમ છે નહિ. આહા..હા..! સંપ્રદાયની વાત સાંભળી હોયને એથી એવી લાગે આ બધી... એ.. ચીમનભાઈ! ... ત્યાંના અગ્રેસર છે. મારગડા નાથ તારા જુદા છે. સમજાય છે કાંઈ? સંપ્રદાયમાં આ વાતને સાંભળવાની ગંધેય નથી.

ભગવાન આત્મા ચૈતન્યરસનું તત્ત્વ એવો પ્રભુ, એ પુણ્ય-પાપના રજકણને બંધને ઉત્પન્ન કરનારા ભાવો-એમ કરીને એમ કહ્યું કે, એ ભાવો રજકણને ઉત્પન્ન કરનારા છે, બંધને. અબંધ સ્વરૂપમાંથી પરિણામ બંધને ઉત્પન્ન કરનારા છે. આહા..! એ અબંધસ્વરૂપી જ્ઞાયકભાવ વસ્તુ એને ઉત્પન્ન કરનારા એ નથી શુભાશુભભાવ. સમજાણું કાંઈ? કેમકે એ તો અચેતન છે. એ ચેતનને કેમ ઉપજે? ઉપજાવે? તેમ ચેતન પોતે છે એ પુણ્ય-પાપપણાને કેમ ઉપજાવે શુભાશુભભાવને? એ અચેતન છે. સમજાણું કાંઈ? આ ટીકા તો ૯૦૦ વર્ષ પહેલાની છે, કે સોનગઢની છે?

મુમુક્ષુ :-- ગુજરાતીમાં તો...

ઉત્તર :-- ગુજરાતીમાં કે ગમે ઈ ભાષામાં લખાઈ હોય, એનો અર્થ શું થયો? અને ન્યાય લોજીકથી પણ એને બેસે છે કે નહિ?

વસ્તુ છે એ વસ્તુ છે. એ શુભાશુભભાવપણે થઈ હોય તો શુભાશુભભાવ જ એ પોતે શુભાશુભ પલટતા વસ્તુ પોતે આખી નાશ થઈ જાય. સમજાણું કાંઈ? એ ચીજ ભગવાન જ્ઞાનરસનો નાથ, એકલો જ્ઞાન--સમજનો પિંડ, ધ્રુવ ચૈતન્ય જ્ઞાયકભાવ એવું જે વસ્તુનું સ્વરૂપ

ચૈતન્ય પોતાનું નિજ સત્તાનું, એ આ પુણ્ય-પાપના અચેતન સત્તારૂપે એ સત્તા થઈ નથી. કહો, સમજાણું કાંઈ?

આમાં તો ઘણા બોલો સાફ થઈ જાય છે. ભાઈ! શુભાશુભભાવ કરશું તો આપણને પરંપરાએ કંઈક લાભ થશે. શુભભાવ તે શુદ્ધ ઉપયોગનું કારણ છે. હેં?

મુમુક્ષુ :-- શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર :-- એ શાસ્ત્રમાં આવે એ શું અપેક્ષા આવે સમજ્યા વિના. શુભ હોય છે એનો અભાવ કરીને શુદ્ધ થાય છે. તો તો પછી અશુભભાવનો અભાવ કરીને શુભ થાય છે, તો અશુભ ટાળીને શુભ થાય એમ છે? લખ્યું છેને એમાં, મોક્ષમાર્ગપ્રકાશકમાં દલીલ આપી છે આ બધી. આ તો યાદ આવી જાય છે. ન્યાં એમ કહ્યું છે લ્યો! શુભથી શુદ્ધ થાય તો તો અશુભથી શુભ થાય, કારણ અશુભ છૂટીને શુભ થાય છે. એમ શુદ્ધનું અંદર આત્માનો આશ્રય લઈને પરિણમન ધર્મનું (થાય) એ શુભને લઈને નથી. એ તો દ્રવ્યસ્વભાવનો આશ્રય કરતાં શુદ્ધતા પ્રગટ થાય છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે, ભગવાનનો આશ્રય, ગુરુનો આશ્રય અને શાસ્ત્રનો આશ્રય કે પંચ પરમેષ્ઠીનો આશ્રય કરતાં રાગ ઉત્પન્ન થાય. એ રાગ એ પુણ્યબંધને ઉત્પન્ન કરે છે. ... સમજાણું? ... તત્ત્વાર્થ સૂત્રમાં આવે છે. ... સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- છેને, ખબર છેને. ... સમજાણું કાંઈ? ... અહીં તો શરીરની ક્રિયા આત્મા કરે, આત્મા કરી શકે હાલવું, ચાલવું, બોલવું, દયા પાળવી. તો કહે છે કે, એ રૂપે થતો જ નથી, એ કરે શી રીતે? સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે, પુણ્ય ને પાપના બંધના ઉત્પન્ન કરનારા, રજકણોનો સંગ્રહ થાય બંધનો એના ઉત્પન્ન કરનારા શુભાશુભભાવ છે. અશુભભાવ એકલા છે એમ નથી કહ્યું. કહો, ભીખાભાઈ! ... એને પંથે ચાલતા .... એ શુભ ને અશુભની ક્રિયાના પંથે અનંત વાર ગયો એનાથી પુણ્ય ને પાપની ઉત્પત્તિ થઈ. આહા..હા..! એમાંથી ધર્મની ઉત્પત્તિ ન થાય. આહા..હા..! અરે..! એને સાંભળતા જ એમ લાગે કે, અર..ર..! હાય..હાય..! આ તો નાશ થઈ જાય છે. પુણ્ય-પાપ રૂપે થયો નથી એને પુણ્ય-પાપને નાશ કરનાર કહેવો. ઉત્પન્ન કરનાર તો નથી પણ નાશ કરનાર કહેવો એ ... છે. સમજાણું કાંઈ?

એવી વસ્તુસ્થિતિ ભગવાન આત્મા, પરની સાથે તો કાંઈ સંબંધ નથી. ધૂળની ને ધમાહા. શરીર, વાણી, મન, પૈસો, આબરૂ, કીર્તિ એ તો ક્યાંય જગતની ચીજ, બાયડી, છોકરા એ તો ક્યાંય જગતના પદાર્થ છે, એની સાથે તારે કાંઈ મેળ નથી. પણ અહીં પુણ્ય-પાપના ઉત્પન્ન કરનારા શુભાશુભભાવ સાથે તારા દ્રવ્યસ્વભાવને મેળ નથી. સમજાણું કાંઈ? એ..

મનસુખ! પુસ્તક રાખ્યું છે કે નહિ? ઈ ન્યાં અમારા પંડિત છે પાલેજના. ... શું કહે છે ઈ? ... વાંચનાર ઈ પંડિત, બીજું શું છે એમાં. કહો, સમજાણું કાંઈ? આહા..!

આ ગાથા છઠ્ઠી ચાલે છે આ. કહે છે, હે પ્રભુ! ઓલાએ પૂછ્યું છે, પ્રભુ! શુદ્ધ કોને કહીએ કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? તો કહે છે કે, આ જ્ઞાયકભાવ જે ત્રિકાળ છેને, એ શુભાશુભભાવપણે થયો નથી. એને ખરેખર શુદ્ધ કહેવામાં આવે છે. પણ એને જાણવાની પર્યાય સહિત લઈને ... કારણ કે, એકલું શુદ્ધ છે એ જાણ્યું નહિ, જાણવામાં આવ્યું નહિ આ શુદ્ધ છે, તો એને શુદ્ધનું જ્ઞાન તો નથી. સમજાણું કાંઈ? પર્યાયમાં શુદ્ધનું ભાન તો ન થયું, તો આ શુદ્ધ છે એમ આવ્યું ક્યાંથી? એ અપેક્ષાએ એને શુદ્ધની પર્યાય સહિતનો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ ૧૪માામાં એમ લીધું છેને કે, શુદ્ધનય કહો. ૧૧મી ગાથામાં લીધું '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' એ તો વસ્તુસ્થિતિ દ્રવ્યદૃષ્ટિનો વિષય આ છે, ઈ. ભૂતાર્થ વસ્તુ તે શુદ્ધનય. સમજાણું કાંઈ? પણ એ શુદ્ધનય આ વસ્તુ છે એમ જે જ્ઞાનમાં, શ્રદ્ધામાં જણાણું એથી એને અભેદ ગણીને એને શુદ્ધનય કહેવાય. સમજાણું કાંઈ? શું આ બધું જાણીને...? સમજાણું? બીજો રસ્તો જ નથી, બીજો રસ્તો જ નથી. જાણનારને જાણ્યા વિનાનો બીજો રસ્તો નથી.

ચીજ લેવા જાય તો જાણવું પડે છે કે નહિ કે, આ ચીજ મારે જોવે છે. કે, એમને એમ કહેતો હશે? બે રૂપિયાનું શાક આપજો. ક્યુ શાક? ઈ મને ખબર નથી. મારા બાપે મગાવ્યું છે. મુર્ખો લાગે છે, હાલ્યો જા. પચાસ શાક છે. શું જોવે છે? બે રૂપિયાનું શાક, રૂપિયા મને બે આપ્યા છે. મૂર્ખો લાગે છે. ... તને? કારેલાનું કહ્યું છે? કે, હા... હા... હા... હા... હા... કારેલાનું કહ્યું છે. જેઠ મહિનો છેને કેરીનું ટાણું. હું ભૂલી ગયો લ્યો. પણ ભૂલી ગયો તો બીજું શું ...? એમ આ આત્મા કોણ છો? કે, એ આપણને કાંઈ ખબર નથી. કહો, સમજાણું કાંઈ?

.. મેં પૂછ્યું હતું. ૭૬ની વાત છે. મોહનલાલજીનો શિષ્ય હતો. .. સાધુ હતો વાણિયો. ૭૬ની વાત છે આ તો. ... ૪૨ વર્ષ થયા. સુંદર વોરાના અપાસરે. મોહનલાલજી હતા ને મોહનલાલજી મણીલાલજી, એઈ..! રમણીકભાઈ! જોયા હતા તમે? નથી જોયા? મોહનલાલજી અને મણીલાલજી. કેશવલાલજીના શિષ્ય હતા. ... સુંદર વોરાનો અપાસરો છેને? ત્યાં ઉતરેલા. હું પણ હતો ત્યાં. ... પછી ... મેં કીધું, આ સામાયિક તમે કહો છો એ સામાયિક ત્રસ કે સ્થાવર? એટલું પૂછ્યું. ૭૬ની સાલ. સાધુ શિષ્ય ... મહારાજે મને શીખવ્યું નથી. ત્રસ સ્થાવરની (ખબર નથી)? આહા..હા..! ... ઘણા વર્ષ થઈ ગયા. ... દરિયાપરી પાસે ઉતર્યા હતા, નહિ? બહુ માણસ. ત્રણ અપાસરામાં. ... ઈ ત્યાં આવ્યા હતા. ત્રણે અપાસરના ... ૭૬ની વાતું છે. કેટલાકના તો જન્મ પણ ન હોયને. ત્યારે આ પ્રશ્ન કર્યો હતો મેં,

આ તમે સામાયિક કરો છે તો ઈ સામાયિક ત્રસ હશે કે સ્થાવર? ... અહીં તો કહે છે કે, તું પુણ્ય ને પાપ પણ તું નહિ એમ કહે છે, એને ઉત્પન્ન કરનારા ભાવ પણ તું નહિ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

'**તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી;...**' લ્યો! છેને? '**स्वभावेनापरिणमनात्प्रमत्तोऽप्रमत्तश्च न भवति।**' આ તો પદ છે, ગદ્ય. એમાં કાંઈ ગોઠવવાનું હોય નહિ. ... શું કહેવાય તમારે? પ્રાસ મેળવવા ને ફલાણું મેળવવું. આમાં કાંઈ પ્રાસ મેળવવાનું નથી. ભગવાન! તું પૂછે છો કે, શુદ્ધ આત્મા કોને કહેવો? અમે તને કહીએ છીએ કે, જે આત્મા વસ્તુ છે એ પ્રમત્ત-અપ્રમત્તપણે થઈ નથી એને વસ્તુ કહીએ. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ઝીણું. ... નથી બાપા, બાપા! તારા ઘરની વાત છે. સમજાણું કાંઈ? અનંતા જીવો મોક્ષ ગયા અને તું પણ મોક્ષને લાયક છો. ના ન પાડ, ન સમજાય એમ ન કહે. કલંક લાગે છે એને. સમજાણું કાંઈ?

ભગવાન! તું તો ત્રણલોકનો નાથ છો. ત્રણ કાળ, ત્રણ લોકને જાણીને હજી એથી અનંતગુણું તોપણ લાવ એને હું જાણી શકું એવો તારો સ્વભાવ છે. એવું તારું સ્વરૂપ, શક્તિરૂપ, સત્ત્વરૂપ અનાદિનું છે. એ તું છો. આ શુભાશુભભાવ પણ તું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે કહે છે, એથી '**તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...**' તે સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી. '**ભિન્નપણે ઉપાસવામાં આવતો...**' આવો છે, જ્ઞાયક ભાવ અનાદિઅનંત નિત્ય ... ઈ અવસ્થાની દૃષ્ટિએ એને શુભાશુભભાવ ઉત્પન્ન કરનારા પુણ્ય-પાપને દેખાય છે. એ રૂપે એ આત્મા પરિણમ્યો નથી. તેથી તેને પ્રમત્ત-અપ્રમત્ત હોઈ શકે નહિ. વસ્તુના સ્વરૂપમાં પ્રમત્ત-અપ્રમત્તપણું હોઈ શકે નહિ. '**તે જ સમસ્ત અન્યદ્રવ્યોના...**' આવા પ્રમત્ત-અપ્રમત્ત વિનાનો જે જ્ઞાયકભાવ છે તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી, અન્યદ્રવ્યના ભાવથી હોં! વિકારી આદિ ભાવથી ભિન્નપણે. ...

વિકારી પરિણામ એ અન્યદ્રવ્યનો ભાવ છે, સ્વદ્રવ્યનો નહિ. એનાથી ભિન્નપણે, ભિન્નપણે, એનું લક્ષ છોડીને દ્રવ્યની સેવા કરતા. એમ આવ્યુંને? આહા..! '**ભિન્નપણે ઉપાસવામાં આવતો..**' કોણ? જે જ્ઞાયકભાવ છે એ. 'તે જ' શબ્દ છેને માથે? જ્ઞાયકભાવ ચૈતન્ય સ્વભાવભાવ ... આવો જે જ્ઞાયકભાવ તે જ '**સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...**' એ જડ અને જડના ભાવો બધા પુણ્ય-પાપના એને ભિન્નપણે ઉપાસવામાં આવતા. એનો અર્થ થઈ ગયો. જ્યાં વિકારનું લક્ષ છોડ્યું એનાથી જુદો પડ્યો એટલે એનું લક્ષ ગયું દ્રવ્ય ઉપર. સમજાણું કાંઈ? દ્રવ્ય ઉપર લક્ષ ગયું એટલે એ દ્રવ્યની પર્યાયે સેવા કરી.

ફરીને, ફરીને આવે છેને. ભગવાન આત્મા જ્ઞાયક સ્વભાવ એ પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારા

વિકલ્પો શુભાશુભપણે થયો નથી. એ જ જ્ઞાયક પરદ્રવ્યની ક્રિયા અને પરદ્રવ્યનો ઉદયભાવ વિકારી પોતામાં થતો. એમ ન લ્યો તો પરદ્રવ્યના ભાવથી ભિન્ન. પોતાના વિકારી ભાવથી નહિ. પરથી ખસ્યો એટલે વિકારી ભાવથી ખસી ગયો અને પર્યાયથી ખસી ગયો. અન્યદ્રવ્યના ભાવ લીધા છેને. વિકારી પર્યાય એક કોર રહી ગઈ.

અન્યદ્રવ્યનો જે ભાવ, જડનો જે ભાવ જડનો. શુભભાવ ભલે હો પણ જડના ભાવથી જ્યાં ભિન્ન આવ્યો એટલે પુણ્ય-પાપના ભાવથી પણ ભિન્ન પડી ગયો અને દૃષ્ટિ પર્યાય ઉપર ન રહેતા દ્રવ્ય ઉપર ગઈ. સમજાણું કાંઈ? દૃષ્ટિ ગઈ. દૃષ્ટિ પર્યાય છે. ભિન્નપણે ઉપાસવામાં આવતોને? ઉપાસવામાં આત્માની, જ્ઞાયકભાવની સેવા કરતા એમ કીધું. પરની સેવા કરે એમ કહે છેને માણસ. આ સેવા કરો, આ સેવા કરો, સેવા પરમો ધર્મ. હેં? કાંઈ ધૂળેય નથી, કોણ કરી શકે? સેવા કરે કોણ? સેવક મંડળી થાય છેને બધા? મોઢા આગળ પડે ગામના જરી હોયને મોઢા આગળ, નાખે એમાં. સેવા મંડળી તરીકે. માન હાટુ એકલા. કોણ સેવા કરે કોની? આહા..હા..! રાગની સેવા કરનારો પણ મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે અહીં તો કહે છે. સમજાણું કાંઈ? એ રાગની ઉપાસના કરનારો, પુણ્ય ભાવની ઉપાસના કરનારો એ મૂઢ અજ્ઞાની છે.

આ તો દ્રવ્યની ઉપાસના કરનારો. આહા..હા..! એ ઉપાસના એ ઉપાસવામાં આવતો, ઉપાસવામાં આવતો કોણ? દ્રવ્ય. પણ ઉપાસવામાં આવતો કઈ પર્યાય? નિર્મળ પર્યાયે તેને સેવવામાં આવતો. કહો, સમજાણું કાંઈ? **'સમસ્ત અન્યદ્રવ્યોના...'** આ અન્યદ્રવ્યના ભાવો એટલે જડ બીજા હોં! શુભાશુભભાવ પણ આવી ગયા. ઈ તો અન્યદ્રવ્યથી ખસ્યો એટલે સ્વ ચૈતન્ય જ્ઞાયકભાવ ત્યાં આવ્યો, એટલે પુણ્ય-પાપથી ખસી ગયો ને પર્યાયની દૃષ્ટિમાંથી ખસી ગયો છે. સમજાણું કાંઈ? ભારે વાતું. એક જણો કહેતો હોં કે, સોંઘો ધર્મ હતો ને તમે મોંઘો કરી નાખ્યો. એક જણો એમ કહેતો હતો. એક વિરમગામનો આવ્યો હતો. શું કહેવાય? ... અમે તો ભગવાનની સેવા કરીએ... શેત્રુંજયની જાત્રા કરીએ, પુણ્ય-દાન થઈ ગયા જાવ. આ સમેદશિખરની કરીએ. ધૂળેય ન થાય, સાંભળને! જાત્રા કહેવી કોને? એ તો શુભભાવ હો, અશુભથી બચવા. ઈ કાંઈ ધર્મ છે એમ નથી. પણ આવ્યા વિના રહે એમ પણ નથી. છતાં તે હેયરૂપ છે. આહા..હા..!

અહીં તો ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપે ચૈતન્યમૂર્તિ પ્રભુ એની ઉપાસના. એક જ્ઞાયકભાવ, એક જ્ઞાયકભાવ સમસ્ત અન્યદ્રવ્ય જડના ભાવ, જડનું દ્રવ્ય અને જડના ભાવ એનાથી ભિન્નપણે ઉપાસવામાં આવતા (એટલે) એનાથી લક્ષ છોડતા દ્રવ્યના લક્ષમાં જ્યાં ગયો તો લક્ષ થયું એ પર્યાય ઉપાસવામાં આવતી, એ પર્યાયે દ્રવ્યને સેવ્યો. સમજાણું કાંઈ? એ.. બાબુભાઈ! આ બધું સમજવું પડશે હોં! એકલા સોગાનીના શબ્દો ગોખી ગોખીને...એઈ..! ... પર્યાયનું

નામ લેવું નથી. એઈ ચેતનજી! ... આહા..હા..!

ઉપાસવામાં આવતો એ શું છે? એ પર્યાય છે. કોનું ઉપાસવામાં આવતો? દ્રવ્યને. શું ઉપાસવામાં આવતું? ઉપાસવું એટલે શું? જ્ઞાયકભાવ એકાકાર છું એ એની ઉપાસના, એ એની સેવા કરી કહેવામાં આવે છે. આહા..! પુણ્ય-પાપના રાગને પોતાના માનીને સેવા કરતો એ મૂઢ અને અજ્ઞાની હતો. સમજાણું કાંઈ? એ દૃષ્ટિ ફરી ત્યાં સૃષ્ટિ ઉત્પન્ન થઈ બીજી. ભગવાન આત્મા.. આહા..હા..! અરે..! તારી સમૃદ્ધિ ને ૠદ્ધિ એકલા જ્ઞાયકભાવથી ભરેલી છે. પારિણામિક ભાવની પ્રધાનતા ગણવી છેને. પારિણામિકભાવ .. પણ જ્ઞાયકભાવ જાણનાર પારિણામિક ભાવ ત્રિકાળ છે. એવા ભાવની સેવા કરતા. ઉદયની સેવા તો કરતો હતો અનાદિની, હવે એમાં તારે જાણવું શું? સમજાણું કાંઈ? પારિણામિક જ્ઞાયકભાવ એની સેવા ઉપાસના. લ્યો! આ જીવ તત્ત્વનો સેવક થયો, જીવનો ઉપાસક થયો. કોનો ઉપાસક છો? વીતરાગભાવ એવો આત્મા તેનો ઉપાસક છું. હું રાગનો ને પુણ્યનો ને નિમિત્તનો ઉપાસક નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? ગુલાબચંદભાઈ! કો'ક દિ' આવે એટલે માંડ માંડ લાગે ઝીણું એવું લાગેને. ... કરવા જેવું આ છે, બાકી બધા હેરાન... ધર્મને નામે રાગની ક્રિયા, પુણ્યની ક્રિયા કરે અને માને કે અમારો ધર્મ થાય. મિથ્યાત્વથી લુંટાય છે.

કહે છે, એ જ એટલે જે જ્ઞાયકભાવ શુભાશુભ પરિણામે પરિણમ્યો નથી અને તેથી કરીને અપ્રમત્ત ને પ્રમત્ત નથી એવો જે જ્ઞાયકભાવ. આહા..હા..! પરથી ખસી અને સ્વભાવમાં અસ્તિની સેવા એટલે કબુલાતમાં આવ્યો (કે) આ જ્ઞાયકભાવ તે હું, એવી સેવા કરી એને શુદ્ધ કહેવાય છે. એટલે કે શુદ્ધ તો હતો પણ સેવા કરીને પરિણતિમાં શુદ્ધતા થઈ એને આ શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. કોણ શુદ્ધ? પર્યાય શુદ્ધ એમ નહિ, ત્રિકાળ શુદ્ધ છે. આને. જેણે પરનું લક્ષ છોડી સ્વદ્રવ્યના લક્ષને બાણે બંધાણો અને સેવા ઉપાસના કરી એવા ઉપાસકને આ શુદ્ધ છે એમ કહ્યું. સમજાણું કાંઈ? લ્યો! આ એક પેરેગ્રાફ થયો ત્રણ બોલમાં, બીજા આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશ વદ-૨, શનિવાર, તા. ૪-૧૨-૧૯૭૧**
**ગાથા-૬, પ્રવચન-૨૯**

આ સમયસાર, ૬ઠ્ઠી ગાથા ચાલે છે. અહીંયા સુધી આવ્યું હતું. પહેલો પેરેગ્રાફ આવ્યો છેને? આ આત્મા છે એ વસ્તુ અનાદિઅનંત અને નિત્યઉદ્યોતરૂપ સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. એવો એકરૂપ ભાવ જ્ઞાયકભાવ એ સંસારની બંધ અવસ્થાની અપેક્ષાએ જોઈએ તો તેમાં પુણ્ય-પાપના રજકણોના બંધનની ઉત્પત્તિના કારણો એવા શુભ અને અશુભભાવ એ નિમિત્તને વશે પ્રવર્તતા. સમજાણું કાંઈ? કર્મના નિમિત્તને વશે પ્રવર્તતા એ ભાવપણે, આત્મા વસ્તુ જે છે એ ભાવપણે પરિણમતી નથી. સમજાણું કાંઈ?

'**તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી;...**' એ શુભાશુભભાવપણે થાય તો તેના ભેદો દેખાય કે, આ ગુણસ્થાન સહિત છે, .... '**તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી; તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...**' એવો જીવ ભગવાન અનાદિઅનંત ઉદ્યોતમાન પ્રકાશ જ્યોતિ એને અન્યદ્રવ્યોના ભાવો એટલે જડ અને જડના ભાવ એનાથી લક્ષ છોડી ભિન્નપણે ઉપાસવામાં આવતો. એ જ્ઞાયકભાવ શુદ્ધ ધ્રુવ ભાવ એને પરના લક્ષથી છૂટી એવા જ્ઞાયકભાવને ઉપાસવામાં આવતો, ભિન્નપણે સેવવામાં આવતો, પરથી ભિન્નપણે આત્માના સ્વભાવને સેવવામાં આવતો આત્મા એને શુદ્ધ કહેવાય છે. શુદ્ધનું ભાન થયું ત્યારે એને આ આત્મા શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

જે વસ્તુ છે એ દૃષ્ટિમાં ન આવે અને જ્ઞાનમાં ન આવે ત્યાં સુધી ચીજ આ છે, આ છે એ જાણે કોણ? કહે કોણ? સમજાણું કાંઈ? છેલ્લો શબ્દ, '**તે જ સમસ્ત...**' 'તે જ' એમ કહ્યુંને? એવો જે ભગવાન જ્ઞાયક પ્રભુ જે નિમિત્તવશે પ્રવર્તતા શુભાશુભભાવ(પણે) થતો નથી, પરિણમતો નથી, વિકારપણે આવતો નથી એવો જે આત્મા એને પરથી જુદાપણે ઉપાસવામાં આવતો. પોતાના સ્વભાવમાં એકાગ્ર થતો, એવા જીવને આ દ્રવ્ય શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ખરેખર તો નિશ્ચય અને વ્યવહાર નય છેને, નય. વ્યવહાર પણ એને કહેવાય કે, આ ઉપાસવામાં આવતા જો પરિણતિ પ્રગટી એને નિશ્ચય કહેવાય અને બાકી રહ્યો રાગ એને વ્યવહાર કહેવાય, એને નય લાગુ પડે. સમજાણું કાંઈ? એ આત્મા પોતાના ધ્રુવ ચૈતન્ય શુદ્ધ આનંદ, જ્ઞાનભાવ સ્વભાવ એની સેવા કરતા એને એમાં આવતા ત્યારે તેને નિશ્ચયનય એનો

વિષય દૃષ્ટિમાં આવ્યો અને શુદ્ધ પરિણમનમાં ખ્યાલમાં આવ્યો કે, આ. દૃષ્ટિ તો શ્રદ્ધા છે પણ એના જ્ઞાનમાં પણ આવ્યો કે, આ આત્મા ધ્રુવ અને શુદ્ધ છે. એવું જેને પ્રગટ્યું એવા જીવને નયનું પરિણમન થયું એમ કહેવામાં આવે છે. એવા જીવને.. અહીં તો અસ્તિની જ એકલી વાત છે. સમજાણું કાંઈ?

અને એમાં બે નયોનો નિષેધ થયો. એક નયનો આશ્રય થયો, બે નયનો નિષેધ થયો. અસદ્ભુત વ્યવહાર ઉપચાર અને અસદ્ભુત વ્યવહાર અનઉપચાર એવી બે નયનો એમાં નિષેધ થયો. સમજાણું કાંઈ? ... આ તો સાદી વાત છે. વસ્તુ જે છે જ્ઞાનભાવ, સ્વભાવભાવ એ જ્યારે શુભાશુભભાવપણે થઈ નથી એવી ચીજને સેવવામાં આવતા. સમજાણું કાંઈ? એટલે કે એને સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થતાં જેવું આ શુદ્ધ હતું એવું એને ભાન થયું. સમજાણું કાંઈ? એટલે એમાં શુભ-અશુભભાવ એ કંઈ જાણવામાં આવે, નથી અને જાણવામાં આવે એને અસદ્ભુત ઉપચાર કહે છે અને નથી એમાં થતાં જાણવામાંય ન આવે અબુદ્ધિપૂર્વક એવા ભાવ વિકારને અસદ્ભુત અનઉપચાર કહેવામાં આવે છે. આવું છે. અભ્યાસ ન મળે મૂળ ચીજનો. એઈ.. મનસુખ! ક્યાં ગયો તમારો? ગયો? છે? એણે પૂછ્યું હતું, તો કહે, સમજાય છે. કોઈ દિ' અભ્યાસ ન મળે. એકડાને મીંડે ચેડલો નહિ કોઈ દિ'. સાદી વસ્તુ પણ એને પ્રયોજનભૂત આ છે એમ એની દૃષ્ટિમાં એને આવતું નથી.

કહે છે કે, જ્યારે આ આત્મા પોતાના સ્વભાવની સેવા કરે છે, જ્ઞાયકભાવ વસ્તુનો ભાવ એની સેવા કરે છે ત્યારે તેને શુદ્ધનય નિશ્ચયનયનું ધ્યેય જે વસ્તુ એ લક્ષમાં આવી એટલે એના પરિણમનમાં નિર્મળતા આવી. હજી બાકી રહી ગયો જે રાગ, એ રાગનો આમાં નિષેધ થયો. સમજાણું કાંઈ? ખ્યાલપૂર્વક આવે એવો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ .... એણે એમ લખ્યું છે કે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ પણ વિકાર છે. આમાં આવ્યું છે. રાગની વૃત્તિ ઉઠે છે એનો તો આમાં નિષેધ છે. સમજાણું કાંઈ? ત્યારે એને અહિંસા સ્વભાવ, શુદ્ધની સેવા કરતા અહિંસક સ્વભાવ ઉત્પન્ન થયો. બાકી રહ્યો રાગ, ખ્યાલમાં આવે એવો એક રાગ અને એક ઉપયોગ સ્થૂળ છે તેથી ખ્યાલમાં ન આવે એવો એ રાગ. એ ખ્યાલમાં આવે એવા રાગને અસદ્ભુત ઉપચાર, અસદ્ભુત એટલે આત્મામાં નથી. પણ આમ છે પર્યાયમાં એમ જાણવું એનું નામ ઉપચાર કહેવામાં આવે છે. અને બીજો ભાગ રાગ આમાં નથી, પણ પર્યાયમાં જે છે કચાશને લઈને પણ એ ખ્યાલમાં નથી આવતો એથી એને અસદ્ભુત અનઉપચાર કહેવામાં આવે છે. ભારે વાત ભાઈ! એ બેનો નિષેધ થયો. સમજાણું કાંઈ? એ આમાં ભળતો નથી રાગ, ભિન્ન રહે છે. ભિન્નતા છે. એમ આવ્યોને. ગાથા આખી સમયસારની શરૂઆત કરનારી આ ગાથા છે. સમજાણું કાંઈ?

અનાદિનું જે શુભાશુભભાવ ઉપર લક્ષ હતું એટલે કે એને નિમિત્ત ઉપર વશ થયેલું

લક્ષ હતું. એ મિથ્યાદષ્ટિ હતો. એ હવે એનું લક્ષ છોડી ચૈતન્ય મહાપ્રભુ જ્ઞાયકભાવ, આનંદભાવ,.. જ્ઞાયક એટલે જ્ઞાન પ્રધાનતાથી વાત. એકલો જ્ઞાનભાવ અનાદિઅનંત નિત્ય સ્પષ્ટ એના તરફના વલણમાં એની ઉપાસના થઈ ઓલા ધ્રુવની. સમજાણું કાંઈ? અહીં ઉપાસના હતી પુણ્ય-પાપના શુભાશુભભાવની, એ મિથ્યાત્વ હતું. ત્રિકાળ જ્ઞાયકભાવની ઉપાસના એ પર્યાય છે. પણ ધ્રુવની ઉપાસના. એમ કીધુંને, '**તે સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો...**' ધ્રુવ સેવવામાં આવતો એમ કીધું. એઈ..! ધ્રુવ સેવાતો હશે? એનો અર્થ ઈ કે, જ્ઞાયકભાવ તરફનો ઝુકાવ એ એની સેવા કહેવામાં આવે છે. એટલે કે એના સન્મુખની ભાવના એણે આખાને સ્વીકાર્યો. નહોતો દષ્ટિમાં, આ છે જ નહિ એને ઠેકાણે સ્વીકાર્યો ઈ એની સેવા કહેવામાં આવે છે. ભારે વાત ભાઈ! આવી કથા સાંભળતા માણસને (એવું લાગે) આવું ક્યાં? આ તો જૈન ધર્મ હશે? વાડાવાળાને તો આકરું લાગે. એ... ચીમનભાઈ! આ તો બધા અગ્રેસર છે ત્યાંના. સામાયિક ને પોહા ને પડિકમણા કરે તો સમજાય તો ખરું કે, આ કાંઈક કરીએ છીએ. એ તો બધો વિકલ્પ છે. સમજાય છે? એ રાગથી ભિન્ન પડીને જે ત્રિકાળી જ્ઞાયકભાવની સન્મુખ થયો ત્યારે તેનો સ્વીકાર થયો એ એની સેવા છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ... અલ્પ શબ્દોમાં ઘણું ગૂઢ કહ્યું. એક આખું એક એક ગાથાએ ચૌદ પૂર્વનો સાર સમાડી દીધો છે. સમજાણું કાંઈ?

કહે છે કે, જ્યારે અમે તે જ, તે જ એટલે ક્યો? કે, જે શુભાશુભભાવે પરિણમ્યો નથી એવો જે ત્રિકાળી જ્ઞાયકભાવ તેને સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી, પરના લક્ષથી છૂટીને પરથી ભિન્નપણે ઉપાસવામાં આવતો, આરાધકપણે એ દ્રવ્યનું આરાધનપણું કર્યું. વસ્તુની આરાધના કરી, વસ્તુની સેવા કરી, વસ્તુની ઉપાસના કરી. એટલે કે આખી ચીજ આવી છે એમ પ્રતીત અને જ્ઞાનમાં સ્વીકાર થયો. ...ભાઈ! આવું છે આ જૈનપણું. શેઠ હતા ત્યાં તો બધા પોહા ને પડિકમણા ચાલે તો સમજાય પણ ખરું. આ તો આ શું માંડી છે? બાપુ! વસ્તુ જ આ છે અને આ સમજ્યા વિના તારા નિવેડા આવે એવા નથી. ચોર્યાશીના અવતાર આહા..હા..! અરે..! એણે વિચાર કે દિ' કર્યા છે.

નિમિત્તને વશ પડેલો અને વશે થયેલો... સમજાણું કાંઈ? વશ કોણ છે? ધ્રુવ? પર્યાય (વશ) થાય છે. સમજાણું કાંઈ? ધ્રુવ વશ પડ્યો? એની પર્યાય નિમિત્તને વશ થઈને શુભાશુભ ભાવ કર્યા કરે છે. આહા..હા..! એ રૂપે થયો નથી એની સેવા કરવાથી, એનો સ્વીકાર કરવાથી, એના સન્મુખ થઈને આ જ વસ્તુ છે એમ પરિણમન કરવાથી એવા જીવને આ વસ્તુ શુદ્ધ છે એ શુદ્ધનયનો વિષય છે એવું નયનું જ્ઞાન એને યથાર્થ થયું. સમજાણું કાંઈ? બાબુભાઈ! આવું ઝીણું છે.

'**અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો...**' એનો અર્થ જડથી તો

ભિન્ન છે. સમજાણું? પણ જડથી ભિન્ન પડતા પુણ્ય-પાપના ઉત્પન્ન કરનારા ભાવોથી પણ ભિન્ન પડી ગયો. એનાથી તો ભિન્ન પડ્યો પણ વર્તમાન પર્યાય ઉપર દૃષ્ટિ રહી નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો હજી પ્રથમ સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થાય એની વાત છે. આ તો પ્રથમ ધર્મ. હેં? એકડાનો પહેલો એકડો છે આ તો. અરે..!

કહે છે, એવો '**ભિન્નપણે ઉપાસવામાં આવતો...**' એટલે બીજા ભાવ છે ખરા. અન્ય દ્રવ્ય અને દ્રવ્યનો ભાવ છે. ભિન્નપણે ઉપાસવામાં આવતો તો એનાથી ભિન્ન કાંઈક બીજી ચીજ છે. એટલે કર્મનો ઉદય નિમિત્ત છે એને તો અહીં સ્વીકાર્યું, છે એક ચીજ બીજી. સમજાણું કાંઈ? એક જ આત્મામાં પરના લક્ષે ભૂલ થવી એમ હોઈ શકે નહિ. પર હોય તો એને લક્ષે ભૂલ થાય સ્વલક્ષ છોડીને. સમજાણું કાંઈ? આ વાત વેદાંતમાં પણ આ વાત હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એક તરફના લક્ષમાં હતો, એક બીજી ચીજ હતી, એનાથી ભિન્નપણે સેવવામાં આવતો એની દૃષ્ટિ ફરીને તે જ આખો જ્ઞાયકભાવ એ ઉપર દૃષ્ટિ પડતા એના તરફના ઝુકાવમાં એનું સેવન કર્યું એવા જીવને ઓલો શુદ્ધ છે એમ કહેવાણું. ...ભાઈ! આવું સ્વરૂપ છે. એ.. રસિકભાઈ! લક્ષ્મીચંદભાઈએ તો સાંભળ્યું નહોતું ત્યાં. બિચારા બહુ પ્રેમવાળા છે હોં! બહુ પ્રેમ છે. પણ આ વાત જ ત્યાં થોડી જ્યાં કહીએ ત્યાં ભડકતા હતા. ૧૯૮૫માં કહ્યું, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. હાય.. હાય..! આ ઈ વાત અહીં અત્યારે આજે આવી. ...

ભાઈ! આ પરલક્ષને લઈને જે પરદ્રવ્યાનુસારી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ, પૂજા, ભક્તિનો રાગ એ હિંસા છે. એ ભડક્યા. રાગ તે હિંસા છે. અહિંસા ધર્મ આમ સાધારણ કહે છે એમ એ નથી. રાગથી ભિન્ન પડીને પોતાના આત્માનું સેવન કરે એ પર્યાયને અહિંસા ધર્મ કહેવામાં આવે છે. વીતરાગી ભાવની સેવા કરતા જે પર્યાય પ્રગટે એને અહિંસા કહેવાય. આહા..હા..! એ અહિંસા પરમો ધર્મ છે. સમજાણું કાંઈ? એટલે બે નયનો નિષેધ થયો. એકનો આદર થયો ત્યાં બેનો નિષેધ થયો. ભીખાભાઈ'! ક્યા બે?

મુમુક્ષુ :-- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :-- પરદ્રવ્ય છે, અસદ્ભુત છે. રાગાદિ છે નહિને આત્મામાં. એનો ઉપચાર અને અનુપચાર. કારણ કે એ ... શું છે? ખ્યાલમાં આવે છે કે આ રાગ છે. ભિન્ન છે છતાં આત્માનો છે એમ કહેવું એ ઉપચાર વ્યવહાર અસદ્ભુત છે. સમજાણું કાંઈ? તે જ કાળે ઉપયોગની સ્થૂળતા હોવાને લઈને એક સમયની અંદરમાં વિકાર જાણવામાં આવ્યો એ સ્થૂળ આવ્યો, બીજો જાણવામાં ન આવ્યો એ બાકી રહી ગયો અંદર એને અહીંયાં અસદ્ભુત બરાબર અનઉપચાર એટલે કે છે. સમજાણું કાંઈ? જાણવામાં આવતો નથી છતાં છે એને અસદ્ભુત અનઉપચારનય કહે છે. બેનો નિષેધ થયો.

હવે ત્રીજાની વાત. ચોથું પદ અને ત્રીજા નયનો નિષેધ. સદ્‌ભુત ઉપચારનયનો નિષેધ, સદ્‌ભુત ઉપચારનો નિષેધ એ ચોથા પદની અંદરમાં એ વર્ણવે છે. ધીમે ધીમે આ તો ભાઈ સમજવાની વાત છે. અરે..રે..! જ્યાં વિશ્રામ લેવો જોઈએ એ ધામ શું છે એની એને ખબર નથી. જેમાં ઠરવું જોઈએ, વિશ્રામ મળે એવું ધામ જ્ઞાયકભાવ એની ખબરું વિના જ્યાં-ત્યાં વિશ્રામ લેવા પુણ્ય પરિણામમાં ને આમાં ને પાપમાં સુખ માની વિશ્રામ લેવો એટલે એમાં સુખ માનવું. એ તો મિથ્યા ભ્રાંતિમાં ભ્રમમાં પડ્યો છો.

બીજો પેરેગ્રાફ. પદ ચોથું. ... '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो। एवं भणंति सुद्धं**' એને શુદ્ધ છે એમ જાણવું. ... હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- જાણવું એનો અર્થ એ.. જાણવું, જાણવું એટલે '**भणंति** કહેવું નહિ એમ. એને શુદ્ધ છે એમ જાણવું. આ શુદ્ધ છે એમ જાણવું છે ને? શુદ્ધ છે એમ પરિણમ્યો છે!

આત્મા પૂર્ણાનંદ પ્રભુ જ્ઞાયકભાવની ચીજ અનાદિઅનંત એનું આખું તત્ત્વ જ્ઞાયકભાવરૂપ સત્‌નું સત્ત્વ એની સેવા કરતા... સમજાણું કાંઈ? સેવા કરનારને આ આત્મા ધ્રુવ શુદ્ધ છે એમ એને જાણવામાં આવ્યું, એમ કહ્યું છે. પંડિતજી! હવે '**णादो जो सो दु सो चेव।**' ચોથું પદ છે, ચોથા પદનો આ બીજો પેરેગ્રાફ છે.

'**વળી દાહ્યના (-બળવાયોગ્ય પદાર્થના)...**' અગ્નિ, દાહ્ય જે બળવા યોગ્ય પદાર્થને આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે, એને બાળનાર કહેવાય છે. હેં? આ લાકડા હોય એ રીતે આકારે અગ્નિ થાય છેને? છાણા હોય, શું કહેવાય? કોલસા, અડાયા. અડાયા એટલે એમને એમ છાણ પડ્યું હોય અને સૂકુ થઈ ગયું હોય એ અડાયું કહેવાય. અને લીલુ છાણું હોય એને લાવીને .... છાણા કહેવાય. અડાયા હોય ખરાને, પડ્યા હોય ... એમને એમ સૂકાય જાય એટલે લઈ આવે. અડાયા હોય એમ કે અગ્નિ એને આકારે પરિણમી જાય. ઈ અગ્નિનો આકાર ઓલી બળી ચીજ છે એને આકારે નથી થઈ. જ્ઞેયાકાર જણાય છે પણ છે જ્ઞાનાકાર. સમજાણું કાંઈ?

અડાયા, છાણા, લાકડા, કોલસા નાના મોટા કોલસા હોયને, સવારે નીકળ્યા હોયને શું કહેવાય? સગડી. સવારમાં જ્યાં હોય ત્યાં સગડી સળગતી હોય. ધુમાડા કાઢે છેને. જે જાતના કોલસા જેવા આકારે હોય એ અગ્નિ થાય. ખરું કે નહિ? એ '**(-બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી...**' પણ થઈ છે કોણ? અગ્નિ. બળવાયોગ્ય પદાર્થના આકારે થઈ છે અગ્નિ, બળવાયુક્ત પદાર્થને આકારે બળવાયોગ્ય પદાર્થ ત્યાં નથી. સમજાણું કાંઈ? ઈ શું કહ્યું? દાહ્ય. જુઓ અહીં ભિન્ન પદાર્થ લેવો છે હોં! નહિતર કેટલાક એમ લ્યે છે કે, જ્ઞાયકને જાણવું

છેને, જાણે છે એ જાણે ઈ સમયે જ્ઞાયક ઈ નહિ, કોને જાણે એની વાત નથી અહીં. અહીં તો પર્યાયમાં, જેમ અગ્નિ બળવાયોગ્ય પદાર્થને આકારે, બળવાયોગ્ય પદાર્થને આકારે અગ્નિ થઈ છે. બળવાયોગ્ય પદાર્થના આકાર સ્વરૂપે થઈ નથી. એના આકારરૂપે પોતે અગ્નિ થયેલી છે. એ આકાર અગ્નિનો છે. સમજાણું કાંઈ? બળવાયોગ્ય પદાર્થનો એ આકાર નથી. બરાબર હશે? આવા ન્યાય ને આવું ... હવે આમ દેખાય કે, અગ્નિ લાકડા જેવું હોય, અડાયું (હોય) એવા આકારે થઈ ગઈ. દોરી હોય, શું કહેવાય? રસ્સી-સિંદરી જાડી. અગ્નિ એવી સળગશે. ... એને આકારે થઈ. છતાં એને આકારે થઈ નથી, ઈ પોતાને આકારે થઈ છે. સમજાણું કાંઈ? બળવાયોગ્ય લાકડાના આકારે થયેલું અસ્તિત્વ અગ્નિમાં છે.

‘**દાહ્યના (-બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી અગ્નિને દહન...**’ નામ આને બાળે છે, એમ ‘**કહેવાય છે તોપણ...**’ આમ હોવા છતાં પણ. ધ્યાન રાખે તો સમજાય એવું છું. આ બહુ સાદી ભાષામાં આવે છે. આમાં કંઈ સંસ્કૃત ને વ્યાકરણ મોટા મોટા એવું કાંઈ નથી. એ પોતે સાદો છે. સમજાણું કાંઈ? આવું હોવા છતાં ‘**દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી,...**’ એ આકારવાળા બળવાયોગ્ય પદાર્થ હતા એવે આકારે અગ્નિ થઈ તેથી બળવાયોગ્ય પદાર્થને આકારે થઈ માટે તેને અશુદ્ધતા આવી એમ નથી. બળવાયોગ્યને કારણે અશુદ્ધતા થઈ એમ નથી. સમજાણું કાંઈ?

‘**તેવી રીતે...**’ એ દૃષ્ટાંત કહ્યો છે. લોકોને સમજવામાં સહેલું પડે એટલે દાખલો (આપ્યો). દાખલો એને માટે છે. દાખલામાં અટકવા માટે નથી. કહો, આ દાખલો લ્યો! હવે શું દાખલો? પણ દાખલાનો સિદ્ધાંત શું? એને એનો સિદ્ધાંત સમજવામાં સરળ પડે માટે દાખલો આપે છે. અગ્નિ તો બરાબર છે, આ અગ્નિ છે એ બળવાયોગ્યને આકારે થઈ છતાં એને બળવાયોગ્ય પદાર્થને કારણે એ આકાર છે એવી અશુદ્ધતા એને નથી. શાંતિભાઈ! ‘**તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે ‘ભાવ’ને...**’ એટલે જ્ઞાયકભાવને જાણનાર એવા આત્મભાવને જ્ઞેયાકાર રાગ, શરીર, વાણી આદિ જે ભાવ છે તે પ્રકારના આકારરૂપે અહીં પરિણમન હોવા છતાં તે ભાવને, ‘**જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...**’ એ રાગનો, શરીરનો જાણનાર છે એમ એ પ્રસિદ્ધ છે. એના આકારનું જે સ્વરૂપ છે પરનું એ જ સ્વરૂપે જ્ઞાનાકાર થાય. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો થોડો અભ્યાસ જોઈએ. મનસુખભાઈ! હળદરના ગાંઠિયે ગાંધી ન થવાય એમ કહે છે. હેં? એક એક ગાથા આ તો આહા..હા..! વીતરાગભાવના વલણના ભાવ છે આ બધા. સમજાણું કાંઈ? પોતે વીતરાગભાવસ્વરૂપ છે એના વલણનો જ આ ભાવ છે. સમજાણું?

કહે છે કે, અગ્નિને દાહ્યકૃત, દાહ્યના આકારે એ પરિણમવા છતાં એ અગ્નિને દાહ્યકૃત અશુદ્ધતા લાગુ પડતી નથી. એ તો અગ્નિનું પોતાનું જ પરિણમન છે. અગ્નિના અસ્તિત્વમાં એનું પરિણમન છે. એને લઈને પરિણમન છે એમ છે નહિ. સમજાણું કાંઈ? ‘**તેવી રીતે**

**જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને...'** જ્ઞાયકભાવને. એને જાણવું એવું જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. રાગને જાણે, શરીરને જાણે એમ કહે છેને? જ્ઞાન રાગને જાણે, શરીરને જાણે એવું એમાં પ્રસિદ્ધ છે. કહો, સમજાણું આમાં?

**'તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...'** રાગનું રાગપણાના સંબંધનું પોતાનું જ્ઞાન તે જ્ઞેયાકારે થયું પણ એ જ્ઞાનઆકાર છે. એ છે તો આ જાણવું થયું એમ અશુદ્ધતા નથી એને. સમજાણું કાંઈ? બળવાયોગ્ય પદાર્થ હતા તો અગ્નિ એ આકારે થઈ એમ નથી. એમ રાગ અને શરીર છે તો તે પ્રકારના જ્ઞાનમાં તે પ્રકારનું જ્ઞાન થયું એમ નથી. એ જ્ઞાયક છે તેથી તેના પર્યાયમાં પોતાને કારણે જ્ઞેયાકારનો ભાવ જ્ઞાનાકારપણે પરિણમ્યો છે. આના અસ્તિત્વને લઈને આ અસ્તિત્વ છે એમ નથી. કહો, સમજાણું કાંઈ?

વસ્તુ છે એ તો ત્રિકાળ કીધી પહેલી. હવે એમાં જ્ઞાનનું જ્ઞાયક આવ્યુંને? જાણનાર. પોતાને જાણનાર એની અત્યારે વાત નથી. જાણનાર. કોનો? કે, જ્ઞેયનો. કે, જ્ઞેયનો જાણનાર માટે એટલી જ્ઞેયની પરાધીનતા આવી અને એ પર્યાયમાં એટલા જાણવાના આકારે પરિણમેલા જ્ઞાન જેવું જ્ઞેય છે તે રીતે પરિણમ્યું માટે તેને અશુદ્ધતા આવી એમ નથી. એના પર્યાયનું અસ્તિત્ત્વ જ જ્ઞેયાકારે થવાનું પોતાના જ્ઞેયઆકારે થવું એ પોતાથી થયેલું છે. સમજાણું કાંઈ?

... આમ સિદ્ધ છે પણ એની પર્યાયમાં આ રાગનું જ્ઞાન, આ શરીરનું જ્ઞાન એમ જે કહેવું એથી એને અશુદ્ધતા આવતી નથી. એ તો નિમિત્તનું જ્ઞાન કર્યું છે. એ જ્ઞાન, નિમિત્તનું અસ્તિત્વ છે માટે અહીં જ્ઞાન થયું છે (એમ નથી). પોતાના અસ્તિત્વની પર્યાયનું જ્ઞાન તે કાળે પોતાથી થયું છે. સમજાણું કાંઈ? આમાં માથાકૂટમાં કોણ પડે આવામાં. અમારે મૂળચંદજી કહેતા ૮૦ની સાલનું ચોમાસુ પૂરું થયું. ૪૭ વર્ષ થઈ ગયા. ૮૦ની સાલનું ચોમાસુ. ... ... છેલ્લે કહ્યું, જુઓ ભાઈ! આપણને શ્રદ્ધામાં ગણધર જેવી મળી છે. આપણે આડું-અવળું કાંઈ બીજું માનવું નહિ હવે. યથાશક્તિ ત્યાગ કરો, ચારિત્ર પાળો બસ જાવ. બોટાદના અપાસરામાં... એ ૮૧ના કારતક સુદ પુનમ. રાતે કહ્યું હતું. ... અરે..! ભગવાન! શું થાય?

વસ્તુ, વસ્તુ શું છે? જેની સત્તા સ્વયંસિદ્ધ છે એને પરની અપેક્ષા છે નહિ. એ તો પહેલું કહ્યું, છે એને પરની અપેક્ષા નથી દ્રવ્યને. હવે અહીં તો એની પર્યાયને પરની અપેક્ષા નથી એ સિદ્ધ કરવું છે. આહા..હા..! પહેલા કહી ગયા હતાને, કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી. છેને? પોતાથી સિદ્ધ છે એ તો વસ્તુ કીધી. વસ્તુ જ્ઞાયકભાવ. જ્ઞાયકભાવ જાણે છે એમ જે આવ્યો ધ્વનિ કે આને જાણે છે, રાગને જાણે, શરીરને જાણે એટલે એનું અસ્તિત્વ છે બીજાનું માટે અહીંયાં જ્ઞાનના અસ્તિત્વનું પરિણમન એવું થયું એમ નથી. છોટાભાઈ! ભારે વાતું ભાઈ! જ્ઞાન એવું થાય પર્યાયમાં. અગ્નિ જેવો સામે આકાર હોય દાહ્યનો એવી જ અગ્નિ થાય. સમજાણું કાંઈ? એમ જ્ઞાનમાં જે પ્રકારનો રાગ, જે પ્રકારનો દ્વેષ, જે પ્રકારનો

વિકલ્પ કે જે પ્રકારની શરીરની આકૃતની અવસ્થા હોય એવું અહીં જ્ઞાન થાય. જ્ઞાન તો સમ્યક્ થાય, સત્ય હોય એમ થાય કે અસત્ય થાય? સમજાય છે કાંઈ? એવું જ્ઞાન જ્ઞેયના આકારે પરિણમતા છતાં, એ જ વિધિપણે પરિણમતા છતાં એ જ્ઞેય છે તો આ થયું આ એવી અશુદ્ધતા એને લાગુ પડતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કપુરભાઈ! વેપારીઓને આ બધું સમજાય છે કે નહિ આ બધું? વેપારમાં હુશિયાર બધા કહેવાય. ક્યાં ગયા મોહનભાઈ? નથી? શું આ કહેવાય છે આ?

કહે છે કે, જેમ બળવાયોગ્ય પદાર્થને કારણે અગ્નિનો આકાર થયો છે એમ નથી. અગ્નિના આકારનું અસ્તિત્વ સ્વયંસિદ્ધ પોતાથી થયું છે. એમ જ્ઞાનના પર્યાયમાં વસ્તુ તો સ્વયંસિદ્ધ છે એનું કીધું, હવે તો અહીં જ્ઞાન પરને જાણે છે એવો જે ઉપચાર, સદ્ભુત ઉપચાર, જ્ઞાન છે પોતાનું પણ આ રાગને જાણે અને એ આકારે પરિણમ્યું છે એમ નથી. સમજાણું કાંઈ? ઓલું તો સહેલુંસટ હતું, લ્યો. અમારે હિરાજી મહારાજ કહેતા, ... ભગવાને અહિંસા કીધી છે. બીજા જીવોને ન મારવું એ બધા સિદ્ધાંતનો સાર છે. એ.. ચીમનલાલભાઈ! 'હીરાજી મહારાજને જોયા નહિ હોય તમે? જોયા છે? ૧૯૭૪માં કાંપમાં ગુજરી ગયા. ૭૪.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ... ચૈત્ર વદ-૮. આ કહેતા, બહુ સરળ ભદ્રિક પણ તત્ત્વની કંઈ ખબર નહિ. હીરાજી મહારાજના એટલા વખાણ (થતાં), હીરા એટલા હીર બીજા સુતરના ફાળકા. એમ કહેવાતું હોં! તમે તો જોયા નહિ હોય. ૫૪ વર્ષ પહેલાની વાત છેને. બહુ વૈરાગ્ય, કષાય મંદ, બ્રહ્મચર્ય ... શાંત. હજારો માણસમાં વ્યાખ્યાન કરે પણ આંખ ઊંચી ન કરે. આમ હાથ રાખે. ભગવાનની ... ભાઈ! તત્ત્વની વાતું સાંભળેલી નહિને. બસ એટલું (કે) પરને ન મારવા એ અહિંસા સિદ્ધાંતમાં બધો સાર છે. અહીં કહે છે કે મારવું, ન મારવું એ સિદ્ધાંતમાં છે જ નહિ. બીજાને મારી શકે કે ન મારી શકે એ વાત છે નહિ, આત્મામાં છે જ નહિ.

અહીં તો આત્મામાં પરની જે ચીજ છે તે પ્રકારે જ્ઞાનનું થવું છતાં એને કારણે આ એ છે માટે એમ થયું છે એમ નથી. પરને કરવું દયાને એ તો નથી પણ એ પરની દયા ટળી, જીવ બચ્યો ત્યાં એવું અહીં જ્ઞાન થયું. એ જ્ઞાન એવું થયું કે, આ છે અત્યારે, પણ એ બચ્યો છે એવી પર્યાય છે એનું અહીં જ્ઞાન થયું તેથી બચવાની પર્યાયને કારણે અહીં જ્ઞાન થયું એમ નથી. સમજાણું કાંઈ? આહા..! જડથી પણ ધર્મ થાય છે. જડમાં ચૈતન્ય પેસે છે અને ચૈતન્યમાં જડ પેસે છે. ભગવાને મૂર્ત કીધો છે આત્માને. એ બધું કાલે નથી આવ્યું? ખૂબ આવ્યું છે. ... એ તો નિમિત્તની અપેક્ષાથી એને શું ખબર છે. નિમિત્ત છે, નિમિત્ત ન હોય તો બંધાય નહિ. એ તત્ત્વાર્થ રાજવાર્તિકમાં કહ્યું છે.

ભગવાનના દર્શન વીતરાગ ભાવ આવે ન્યાંથી. ભગવાનની મૂર્તિ દેખીને વીતરાગભાવ આવે, અરે..! દેખીને રાગેય ન આવે. સાંભળને! રાગ તો તારા પોતાથી (થાય છે), ન્યાં મૂર્તિમાંથી ક્યાં આવતો હતો રાગ. ભારે વાત. સમજાણું કાંઈ? એ જિનબિંબ જડ છે પણ જડમાંથી વીતરાગ ભાવ આવે છે. આવા ... પંડિતજી! જીવને મૂર્ત કહ્યો છે. ૨૧ છેને ભાઈ! ૨૧મી. (આત્માને) મૂર્ત કહ્યો છે, પરમાણુને અમૂર્ત કહ્યો છે. પણ કઈ કઈ અપેક્ષાઓ ઉપચારથી કહેવામાં આવે. આહા..હા..! એને યથાર્થપણે માની લે (તો મિથ્યાત્વ છે). ત્રિકાળ ભગવાન તો અરૂપી અમૂર્ત જ છે. સંસારમાં મૂર્ત કોઈ દિ' થયો નથી. ત્રિકાળીને તો ભાવ... અરે..રે..! દૃષ્ટિ ફેરે આખી વાતનો, શાસ્ત્રનો અર્થ ખોટો કરે.

કહે છે, જ્ઞેયાકાર થવાથી. કોણ? જ્ઞાયકભાવ. જ્ઞાયક જાણે છે, જાણનાર છે તો એનો અર્થ થયો કે, જાણે છે કોને? પરને. બાળે છે કોને? પરને. અગ્નિ બાળે છે. કોને? પરને. એમ જ્ઞાન જાણે છે. કોને? પરને. એવો ધ્વનિ જ્ઞાયકમાં આવે છે કહે છે. છતાં તે પરને જાણવું એ વાત યથાર્થ છે નહિ. પરને બાળવું એ જેમ અગ્નિમાં યથાર્થ નથી. એ અગ્નિ પોતે જ પોતાને આકારે પરિણમેલી છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**જ્ઞેયાકાર થવાથી** તે '**ભાવને**'...' ઓલામાં કહ્યું ને '**તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી**...' ઈ તે ભાવને એટલે જ્ઞાયકભાવને '**જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે**...' આ જાણે છે. આ જ્ઞાયક છે એ જાણનાર છે, પરનો જાણનાર છે જેમ પણ પ્રસિદ્ધ તો છેને?

'**તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;**...' એ જ્ઞેયના કારણે આકારે અહીં પરિણમ્યો માટે એને કારણે પરિણમ્યો એવી અશુદ્ધતા છે નહિ. પોતાને કારણે જ્ઞાન તે સમયે પોતાથી સ્વયંસિદ્ધ પરિણમ્યું છે. એ જ્ઞાનનો આકાર છે. આવી વાત ભારે. સમજાણું કાંઈ? ધર્મ શબ્દ કહે. શબ્દ છે. જ્ઞાનમાં પણ એમ જણાય કે આ ધર્મ છે. પણ ઈ ધર્મ શબ્દ છે એને કારણે અહીં જ્ઞાન ધર્મના જ્ઞાનપણે પરિણમ્યું, ધર્મના ભાવપણે પરિણમ્યું એમ નથી. એ વખતે ધર્મનું જ્ઞાન, ધર્મ શબ્દનું જ્ઞાન પોતાના સ્વતઃ તે પર્યાયના સામર્થ્યથી પોતે પરિણમ્યું છે. પરની અપેક્ષાથી એવો આકાર એમાં આવ્યો, જેવું એ છે એવું અહીં જણાણું માટે એટલો પણ અપેક્ષા પરની આવી એમ એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

દ્રવ્યમાં તો વાળ્યો અંદરમાં પણ પર્યાયમાંય વાળ્યો અંદરમાં. આહા..! બહારનું લક્ષ છોડી દે. આહા..હા..! સમજાણું કાંઈ? અગ્નિ જણાણી. અગ્નિ જણાય છે? એ તો જ્ઞાન જણાય છે. અગ્નિ તો પર છે. અને થાય પણ એમ ખરું કે, અગ્નિને અહીં જ્ઞાન જાણે છે. એમ કહેવાય પણ ખરું. કહેવા છતાં અગ્નિ છે માટે અગ્નિનું જ્ઞાન થયું એમ નથી. તે સમયનો તે જ્ઞાનનો પર્યાય તે પ્રકારે પોતાના અસ્તિત્વથી રચાયેલો છે. અશુદ્ધતા, જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. કોને? જાણનાર આત્માને પર્યાયમાં હોં! દ્રવ્યમાં નહિ. દ્રવ્યની વાત

એક કોર રહી ગઈ. જાણવાની પર્યાયમાં જણાય છે એને જાણે છે એ જ પ્રકારના આકારે જ્ઞાન જ્ઞેયાકારરૂપે પરિણમ્યું છે છતાં એ જ્ઞેયાકારની એને અપેક્ષા છે એમ નથી. આહા..આહા..! ભારે વાત ભાઈ. એ સમયના જ્ઞાનનું પરિણમન જ સ્વતઃ તે પ્રકારનું પોતાના અસ્તિત્વને પરની અપેક્ષા રાખ્યા વિના આવું હોય છે. ક્યાંક ક્યાંક પકડવું ભાઈ! ઘણા ભાવ ભિન્ન ભિન્નથી આવે છે. સમજાણું કાંઈ? કહે છે કે તને નિમિત્તથી કાંઈ ન થાય તો સમયસાર લઈને શું કરવા બેસો છો? શું કહેવાય એ? પદ્મપુરાણ, પદ્મપુરાણ લઈને બેસો, જો નિમિત્તથી કોઈ વિશેષતા ન હોય તો. હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ઈ વાત જ ખોટી છે એની. એ વખતે જ્ઞાનમાં તે પ્રકારનું જેવું સામે નિમિત્ત છે એવું એ પરિણમન હોવા છતાં એ પરિણમનની અસ્તિ પર્યાયની સ્વતઃ પોતાથી છે, આને કારણે નહિ. સમજાણું કાંઈ? આ તો નિમિત્તથી થાય છે એમ ઉડાવ્યું.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- એ એને ઘરે. નિમિત્ત નિમિત્તના ઘરે ન હોય? પર્યાયના ઘરમાં નહિ એમ કહે છે. ન્યાયથી જુઓ, ન્યાયથી છે.

પોતાનું અસ્તિત્વ, અસ્તિત્વ છે એ ... એનો સ્વીકાર થયો. હવે જ્ઞાનમાં જાણવામાં આવે છે, જ્ઞાન અધૂરું છે, પૂર્ણ હોય તોય કેવળી પરને જાણે છે એ વ્યવહારથી કીધું. સમજાણું કાંઈ? કેમકે પરમાં એ જ્ઞાન તન્મય થતું નથી, એકમેક થતું નથી. એમ આ જ્ઞાન રાગ, શરીર આદિ જે વ્યવહાર હોય એને જાણે. છતાં એ જ્ઞાન જ્ઞાનપણે પોતાથી પરિણમ્યું છે. રાગનું, શરીરનું અસ્તિત્વ છે માટે પરિણમ્યું છે એવી અપેક્ષા એને નથી. સમજાણું કાંઈ? ઓલા કહે, ન્યાયના ગ્રંથો શીખો. આ બધા ન્યાયના જ છે આમાં. ન્યાયના ગ્રંથ ... પડે. આ ન્યાય નથી?

કારણ કે, '**જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...**' તે ભાવને એટલે આત્મભાવને--પર્યાયને, આને જાણે છે એમ હોવા છતાં તેનાથી આ જાણવાની પર્યાય થઈ છે એવા જ આકારે થઈ છતાં તેનાથી થઈ છે એવી અશુદ્ધતા જ્ઞાનની પર્યાયને નથી. એ.. વજુભાઈ! સાંભળવાના શબ્દો આવે છે. જ્ઞાન પણ તે આમ કહે છે એમ જ્ઞાન જાણે, પરિણમે. છતાં એ સાંભળવાના શબ્દોને કારણે જ્ઞાન એમ પરિણમ્યું છે એમ નથી. એ જ્ઞાનનો તે સમયનો પર્યાય તે સ્વ ને પર જે આવું છે એને જાણવાના પર્યાયપણે પરિણમવું તે કાળનું એનું સ્વયં સત્ પરની અપેક્ષા વિનાનું તે (પરિણમન) છે. સમજાણું કાંઈ?

'**કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં...**' પછી તો આ નિશ્ચયની વાત સિદ્ધ કરશે ન્યાયથી. '**જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો...**' શુદ્ધને. ભલે રાગ ને શરીર ને જાણવાના

કાળમાં જ્ઞેયાકાર અવસ્થા (થઈ). અવસ્થા તો કોની છે? પોતાની. જ્ઞેયાકાર અવસ્થા છે એની. એ જ્ઞેયની અવસ્થા નથી. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે--જાણનારપણે જણાયો, જાણનારપણે જણાયો. 'તે **સ્વરૂપની પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ, જ્ઞાયક જ છે...'** ... તેમ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જાણાયો, એમ સ્વરૂપ પ્રકાશનની અપેક્ષાએ પણ જ્ઞાયક જ છે. પહેલો શબ્દ છેને!

'**દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી...**' કર્તા અને કર્મ બે જુદા ન હોય. જાણનાર કર્તા અને એનું કર્મ જ્ઞેય એમ નહિ. જાણનાર કર્તા અને જ્ઞાનનું પરિણમન જે થયું એ એનું કર્મ, એ એનું કાર્ય. પરનું કાર્ય નહિ, પરને લઈને નહિ. કર્તાને લઈને જ્ઞાનની પર્યાયમાં પરનું જાણવું થયું એ પોતાની જ જ્ઞેયાકાર અવસ્થા છે. જ્ઞેયના સંબંધનો આકાર જ્ઞાનાકારની અવસ્થા પોતાની છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ. નિમિત્ત અને વ્યવહારને તો ઉડાડી દ્યે છે. હેં? જેમ છે એમ છે. ... છે એમ છે. છે તેનું જ્ઞાન થવું, ઈ છે માટે અહીં જ્ઞાન થયું એમ નહિ. પોતાના જ્ઞાનનો પર્યાય એ પ્રકારનો સ્વને, પરને પરિણમવાની અવસ્થાના આકારવાળો એને પરની અપેક્ષાની અશુદ્ધતા આવતી નથી. કેટલું મૂકી દીધું છે!

પ્રત્યેક તત્ત્વને નિશ્ચયનું સત્ છે એના તરફનું વલણ નહિ અને એકલા વ્યવહારની વાતું લઈને બેસી ગયા એટલે આ એને એમ લાગે, કે એકાંત છે. ... જ્ઞાનમાં પરિણમનમાં એવું જ જણાણું. ... એ પણ કારણ અને જ્ઞાન પણ... પણ નિમિત્ત ... છેને? પણ નિમિત્તનો અર્થ શું થયો? આમાં એ નથી, એનામાં એ છે. પણ એનું જ્ઞાન થતાં તે છે માટે એનું અહીં જ્ઞાન થયું છે એમેય નથી. ...

અહીં કહે છે '**(સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ, દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે....**' તેમ એ વિશેષ આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ-૩, રવિવાર, તા. ૫-૧૨-૧૯૭૧**
**ગાથા-૬, પ્રવચન-૩૦**

સમયસાર, છઠ્ઠી ગાથા ચાલે છે. આખા સમયસારની અહીંથી શરૂઆત થાય છે. છઠ્ઠી ગાથા. આચાર્યા મહારાજ કહે છે, કે જે આ આત્મા છે આત્મા, જ્ઞાયક ભાવ જાણનસ્વભાવવાળો આત્મા એ આત્મા પ્રમત્ત-અપ્રમત્ત નથી. અર્થાત્ એમાં ચૌદ ગુણસ્થાનની દશાના ભેદ એમાં નથી. એ તો જ્ઞાયક ભાવ ચૈતન્યસ્વભાવભાવ એવોને એવો અનાદિથી છે. એ શુભ-અશુભભાવ એ પોતાની પર્યાયને રચવામાં તો કારણ નથી, પણ એ શુભાશુભભાવ કર્મબંધનનું કારણ છે. સમજાય છે કાંઈ? શુભ અને અશુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ અશુભભાવ આર્તધ્યાન, રૌદ્રધ્યાન વગેરે એ બધા ભાવ કર્મની ઉત્પત્તિમાં નિમિત્ત છે. એ રૂપે આત્મા થયો જ નથી. જે ભાવે કર્મબંધન થાય એ ભાવરૂપ તો આત્મા થતો જ નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. અંદર ચૈતન્યસ્વરૂપ જ્ઞાનનો પુંજ પ્રભુ એ પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ એ રૂપે થયો જ નથી, થતો નથી અને થશે નહિ. તેથી એ ત્રિકાળી જ્ઞાયક ભાવ એ જ આત્મા છે અને એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન ધર્મની પહેલી દશા છે. સમજાય છે કાંઈ?

કહે છે, અહીંયા તો આપણે ત્રીજા-ચોથા પદનો અધિકાર ચાલે છે. ભગવાન આત્મા જ્ઞાયક ભાવ શુભ-અશુભભાવરૂપ થતો નથી તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી. એવા જ્ઞાયક ભાવમાં પુણ્ય-પાપના ભાવનો નિષેધ આવે છે. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના જે ભાવ, એ જ્ઞાયક ભાવની દૃષ્ટિ થવાથી એમાં શુભ-અશુભભાવ આવતા નથી. નિષેધ થાય છે. હવે અહીંયા ચોથા પદનો અધિકાર ચાલે છે. જાણ્યું કે આ આત્મા છે ઈ જ્ઞાયક ભાવ છે. તો જાણવાથી એનું નામ જ્ઞાયક પડ્યું. જ્ઞાયક નામ પડ્યું તો એને પરવસ્તુ જણાય છે એમ જણાયું. તો કહે છે, ઈ શું છે? ઈ કહે છે, જુઓ! આવ્યુંને?

‘**કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો...**’ શું કહે છે? પોતાના જ્ઞાનની વર્તમાન પર્યાયમાં જે જ્ઞેય નામ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ભાવ જે વ્યવહાર છે એને જાણવારૂપ જ્ઞાન પોતાની પર્યાયમાં, અસ્તિત્વમાં પરિણમ્યું છે. દ્રવ્ય તો શુભાશુભરૂપે પરિણમ્યું નથી. તેમ પર્યાય પણ શુભાશુભરૂપે પરિણમતી નથી. એમ કહે છે. કારણ કે શુભાશુભ ભાવ જે થયા છે તે પ્રકારે જ્ઞેયાકારરૂપ જ્ઞાનની પરિણતિ પોતાથી થાય છે. સમજાય છે કાંઈ? જેમ જ્ઞાયક ભાવ ત્રિકાળી એ શુભાશુભ રૂપે થયો નથી, તેમ વર્તમાન દશા જ્ઞાનની પરિણતિ

જે સ્વપરપ્રકાશની દશા થાય છે... સમજાય છે? એ પુણ્ય-પાપના ભાવ એ રૂપે પણ પર્યાય પરિણમતી નથી. સમજાય છે કાંઈ? વાત તો સૂક્ષ્મ છે. આત્મદર્શન, જૈનદર્શન કહો કે આત્મદર્શન એ સૂક્ષ્મ છે.

કહે છે કે ભગવાન! તારી વસ્તુ જે છે એ તો જ્ઞાયકસ્વરૂપે જ્ઞાનસ્વરૂપે બિરાજમાન ધ્રુવ છે. એ વસ્તુ શરીર અને જડરૂપ તો નથી થતી પણ એ વસ્તુ પુણ્ય અને પાપના શુભ-અશુભભાવરૂપે પણ નથી થતી. એ તો નથી થતી, પણ એવી દૃષ્ટિ કરનારને આવો જ્ઞાયક ભાવ, આવી દૃષ્ટિ કરનારને શુભ-અશુભાવનો નિષેધ થઈ ગયો. કેમકે જ્ઞાયક ભાવ શુભાશુભ ભાવરૂપે થતો નથી, જ્ઞાયક, તો એ દૃષ્ટિવંત પણ શુભાશુભ ભાવરૂપે જ્ઞાયક નથી થયો એવી દૃષ્ટિ થઈ. સમજાય છે કાંઈ? હવે એ ઉપરાંત હવે તો પર્યાયની વાત ચાલે છે. ચંદુભાઈ!

પર્યાયમાં જ્ઞાનની દૃષ્ટિ થઈ કે જ્ઞાયક ભાવ ત્રિકાળી શુદ્ધ છે. એવી દૃષ્ટિ થઈને જે જ્ઞાનના પરિણમનરૂપ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો જે ભાવ થયો એમાં શુભ-અશુભભાવ ભિન્ન રહી ગયા. એ શુભ-અશુભભાવને જાણવાવાળી પર્યાય છે. પણ એ પર્યાય શુભાશુભભાવરૂપે થાય છે એમ નથી. સમજાય છે કાંઈ? એમ શુભાશુભભાવરૂપે પર્યાય થઈ નથી પણ શુભાશુભ ભાવનું જ્ઞાન કરે છે એ જ્ઞાનનો સ્વભાવ છે, પણ એ શુભાશુભ ભાવ છે તેથી અહીંયા જ્ઞાનાકારની પર્યાય થઈ એમ નથી. સમજાય છે કાંઈ? હેં? આહા..હા..! એ.. સુંદરલાલજી! સમજાય છે કાંઈ? આ સમજવું પડશે આ. ધૂળમાં કાંઈ નથી બહારમાં.

ચૈતન્યબિંબ પ્રભુ એનું ભાન થયું, તેને પકડીને પર્યાય થઈ, સમ્યગ્દર્શન-જ્ઞાન જે ધર્મની પ્રથમ દશા થઈ, તો એ દશામાં જે જ્ઞાન પરિણમ્યું એ જ્ઞાનની પર્યાય ધર્મીની અને ધર્મીની દૃષ્ટિમાં તો ધર્મી--દ્રવ્ય આવ્યું છે, સમજાય છે કાંઈ? દૃષ્ટિમાં દ્રવ્ય આવ્યું તો જ્ઞાયક ભાવ જેમ શુભાશુભરૂપે થયો નથી, તો દૃષ્ટિવંત પણ પર્યાયમાં શુભાશુભરૂપે થતો નથી. ચંદુભાઈ! આહા..હા..! એનું અસ્તિત્વ--હોવાપણું જ્ઞાયક ભાવનું ભાન થયું... ઉપયોગ તો આવી ગયો ને સેવા કરવાથી. ભાન થયું પરનું લક્ષ છોડીને પોતાનું દ્રવ્ય ચૈતન્ય ભગવાન એની ઉપાસના કરવાથી જે પર્યાય પ્રગટ કરવાથી, ઉપાસના કરવાથી આ દ્રવ્ય શુદ્ધ છે એ તો ઠીક, એ તો જ્ઞાયકમાં આવી ગયું, હવે એ પર્યાયમાં શુભરાગ અહીંયા થયો તેને જ્ઞાનની પર્યાય જાણે છે કે જેવો રાગ આવ્યો, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ જેવો આવ્યો એને જ્ઞાનાકાર, જેવું જ્ઞેય છે તેવા જ્ઞાનાકારે પરિણમે છે, પણ એ જ્ઞેય છે તેથી જ્ઞાનકારની પરિણતિ--પર્યાય થઈ એમ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..!

જીવ અધિકાર છેને, અસ્તિત્વ સિદ્ધ કરે છે. '**જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે...**' જ્ઞેયાકાર અવસ્થામાં અર્થાત્... કહો, સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એ અમારી ગુજરાતી ભાષા છે. સમજમેં આતા હૈ? ઈ હિન્દી છે. કહે છે, સૂક્ષ્મ વાત છે, ભાઈ! સવારે પણ

હિન્દી... ભાવ એમને એમ ચાલે, અને આ તો ... છે. ભાષા હિન્દી આવે છે, ભાવ અટકતા નથી. કહે છે, એ... મનસુખ! ભગવાન આત્મા એ ચૈતન્યમૂર્તિ પ્રભુ, ચૈતન્યસ્વભાવી વસ્તુ એ પુણ્ય-પાપ જે અચેતન જેમાં જ્ઞાનનો અંશ નથી એ શુભ-અશુભભાવમાં જ્ઞાનનો અંશ નથી. એ તો અચેતન જડ છે નિશ્ચયથી તો. તો ચૈતન્યસ્વભાવ જડરૂપે કેમ થાય? તો એવું જ્ઞાન શુભાશુભ રૂપે થયું નથી. પણ તેનો જાણનાર, તેનો જાણનાર તે સમયે જે જાણવાની પર્યાય થઈ એમાં જે રાગાદિ જણાય છે તેને જાણે છે અને જ્ઞેયાકારરૂપ જ્ઞાન થયું, તો એ જ્ઞેય છે માટે જ્ઞાન થયું એમ નથી. કહો, સમજાય છે કાંઈ? આ ગાથા તો... તેથી તો આ રતિભાઈ ને બધા અમદાવાદથી આવ્યા છેને. મેં એ લોકોને બધાને કહ્યું હોં! કીધું, ચંદુભાઈ બોલે ને રતિભાઈ બોલે, રતિભાઈ બોલે અને લાલુભાઈ બોલે બધા સૌને ... કોઈ કોઈને કાંઈ ... નથી. એઈ..! ચંદુભાઈ! સાચી વાત છે. ... એઈ..! અમદાવાદવાળા.

એમ ભગવાન આત્મા.. આવું જેને સમજવું છે એને આવા સાધારણ માન-અપમાનના ખ્યાલ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આવો ભગવાન આત્મા, તીર્થંકરદેવે કહ્યો એ આત્મા હોં! આગળ આવશેને આગળ. ... સર્વજ્ઞે કહ્યું એવું આત્માનું પૂરું રૂપ હોય એને જાણવું. આવે છેને ભાઈ આગળ? શ્રદ્ધા, એમ કે આત્માની શ્રદ્ધા એકલી કરી એમ નહિ. એમ નહિ, છેને? સર્વજ્ઞે કહ્યો ઈ. છેને એમાં? કઈ ગાથા? આમને આમ એમ નહિ, સર્વજ્ઞે કહ્યું ઈ. આગળ આવે છે. કઈ ગાથામાં? હેં? આ તો હિન્દી આવ્યુંને એટલે આમાં ભૂલી ગયા. આત્મા ચૈતન્ય છે માત્ર એટલું જ અનુભવમાં આવે તો એટલી શ્રદ્ધા સમ્યગ્દર્શન છે કે નહિ? આ તો હિન્દી છે એટલે પાના ફરી ગયા. એક પાનું આમ છે. કહે છે, જો એટલી જ શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવામાં આવે તો બધાને સમ્યગ્દર્શન સિદ્ધ થઈ જશે. આહા..હા...! ઓલાએ કહ્યું, બધા સમ્યગ્દષ્ટિ છે. તેથી સર્વજ્ઞની વાણી, સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર કેવળજ્ઞાની પરમાત્મા એની વાણીમાં આત્માનું સ્વરૂપ કહ્યું છે તેવું શ્રદ્ધાન થવાથી જ નિશ્ચય સમકિત થાય છે.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- આત્મા જ્ઞાયક કહ્યો છે, એકલો જ્ઞાયક ભાવ પરિપૂર્ણ, અનંત ગુણનો પિંડ. અસંખ્યપ્રદેશી અનંત ગુણનો પિંડ એવો આત્મા. એ વાત સર્વજ્ઞ સિવાય બીજે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એક ગુણ નહિ પણ અનંત ગુણ એમાં છે. અને અસંખ્યપ્રદેશી ભગવાન આત્મા છે એમ સર્વજ્ઞે જોયું છે. આવા ત્રિકાળી જ્ઞાયક ભાવ ઉપર દૃષ્ટિ કરવાથી, દૃષ્ટિ દ્રવ્યમાં પ્રસરવાથી જે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે તેનું નામ ધર્મ કહેવામાં આવે છે. અને જે જ્ઞાન થયું તે જ્ઞાન વ્યવહારને જાણે છે તો વ્યવહાર જેવો છે એવું જ્ઞાનાકાર જ્ઞાન થયું તો વ્યવહારથી થયું, વ્યવહારની અસ્તિ છે તો જ્ઞાનાકાર થયું એમ નથી. દ્રવ્ય પણ પોતાથી સ્વતંત્ર છે

અને પર્યાય પણ પોતાથી સ્વંતત્ર છે. ... સમજાય છે કાંઈ?

કહે છે, **'જ્ઞેયાકાર અવસ્થામાં...'** અર્થાત્ આત્મા જે રાગાદિ દયા, દાનના જે વિકલ્પ છે એનું જ્ઞાન કર્યું. દ્રવ્યનું જ્ઞાન કર્યું, દ્રવ્યનું તો જ્ઞાન કર્યું પણ જ્ઞાનની પર્યાયમાં રાગનું જ્ઞાન થયું તો કહે છે કે **'જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો...'** એમાં પણ જ્ઞાયકપણે જણાયો છે--હું જાણનારો છું એમ જણાયું. હું રાગને જાણનારો છું એમ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? માર્ગ સૂક્ષ્મ બહુ. લોકોને મળ્યો નહિ એટલે લોકોને એવું લાગે.

**'સ્વરૂપ-પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં...'** શું કહે છે? જ્ઞેયાકારની અવસ્થામાં ઈ છે તો જ્ઞાનની અવસ્થા. પુણ્ય-પાપના ભાવ, જ્ઞાનાકાર થયો એ જ્ઞેયાકાર થયોને? તો જ્ઞેયાકારની અવસ્થામાં પણ જ્ઞાનની અવસ્થા, એ અવસ્થામાં પણ જ્ઞાયકપણે જણાયો. હું તો જાણનારો છું એવું જ્ઞાન થયું. હું રાગરૂપ છું અને રાગથી જાણનારો છું એમ ન થયું. ..ભાઈ!, કલ્યાણજીભાઈ! આવો માર્ગ છે. એમેય કહે છે કે વ્યવહારના વિકલ્પ જે ઊઠે એને પણ જાણવું એમ નથી. એ તો છે તેવું જ જ્ઞાનની પર્યાયનું પરિણમન પોતાના અસ્તિત્વથી પોતામાં પોતાને કારણે થાય છે. હવે આવી ચીજને જેને માનવી, કબુલવી એને માન-અપમાનનો સવાલ રહેતો નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ..ભાઈ! ઈ આવે ત્યારે વાત આવેને. આહા..હા..!

કહે છે કે એ જ્ઞેયાકારની અવસ્થા પણ છે તો પોતાની જ્ઞાનાકારની અવસ્થા. સમજાય છે? પોતાની જ્ઞાનપર્યાયમાં જ્ઞેય દ્રવ્યનું તો જ્ઞાન થયું, પણ એ રાગ થયો તેનું પણ જ્ઞાન થયું. તો જ્ઞેયાકારની દશામાં જ્ઞાયકપણે જણાયો. એ જાણનાર છે એમ પ્રસિદ્ધ થયું. હું રાગરૂપ છું અને રાગને જાણનારો છું એમ પ્રસિદ્ધ થયું? હું જાણનારો છું એમ પ્રસિદ્ધ થયું છે. સમજાય છે કાંઈ?

**'સ્વરૂપ-પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ, દીવાની જેમ...'** દીવો દીવો. દીવો કહે છેને? હિન્દીમાં શું કહે છે? દીપક-દીવો. પાઠ છે હિન્દીમાં. **'દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે...'** શું કહે છે? દીવાની જેમ આત્મા કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી અર્થાત્ આત્મા જ્ઞાયક એ કર્તા છે અને રાગની પર્યાય જે પોતામાં જણાણી એ પોતાનું કર્મ છે, એ પોતાનું કાર્ય છે. એ રાગ પોતાનું કાર્ય છે અને રાગ છે તો જ્ઞાનની પર્યાય એનું કાર્ય છે એમ નથી. સમજાય છે કાંઈ? રાગ તો પૃથક છે. અહીં તો અનન્ય કર્તા-કર્મ છે.

જ્ઞાયક ભગવાન આત્મા જણાયો તે જ સમયે પર્યાયમાં રાગ પણ જણાયો તો એ તો જ્ઞાયકપણે પર્યાય પ્રસિદ્ધ થઈ છે. રાગપણે અને રાગને કારણે પ્રસિદ્ધ થઈ છે એમ

નથી. ભારે ઝીણું ભાઈ. હેં? હવે આમાં નવરા કોણ થાય? આટલું બધું (સમજવું). શાસ્ત્ર વાંચો, ભણો ઈ જ્ઞાન થયું ગયું જ્ઞાન. ઈ તો કહે છે કે શાસ્ત્રને ભણવા કાળે પણ.. આહા..હા..! જે જ્ઞાનની પર્યાય, જેવું શાસ્ત્ર સામે છે જ્ઞેય, એ પ્રકારે અહીંયા વિકલ્પ ઉઠ્યો એનો અને એને આકારે અહીં જ્ઞાન પરિણમ્યું, તો એ જ્ઞાનનું પરિણમન ઈ શાસ્ત્ર છે તો અહીં થયું એમ નથી. શાસ્ત્ર છે તો જ્ઞાનની પર્યાય થઈ, વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે માટે જ્ઞાનની પર્યાય થઈ એમ નથી. સત્‌નું સ્વરૂપ એવું નથી. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે ભાઈ! જૈનદર્શન એટલે વસ્તુદર્શન, વિશ્વદર્શન, આત્મદર્શન.

કહે છે, કે '**દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું...**' કર્તા ભિન્ન અને કર્મ ભિન્ન એમ હોતું નથી. શું કહ્યું? ... '**પોતે જાણનારો માટે પોતે કર્તા...**' જ્ઞાનની પર્યાયમાં રાગને અને પોતાને જાણનારો સ્વયં છે. રાગથી પોતે જણાય છે એમ નથી. આહા..હા..! ગજબ વાત છેને! કહો, શાસ્ત્રથી જ્ઞાનની પર્યાય (થઈ નથી). શાસ્ત્ર જણાયું, આવું જ્ઞેય છે એવી જ્ઞાયકની પર્યાય પોતાથી થઈ તો એ શાસ્ત્રથી થઈ કે શાસ્ત્રની અસ્તિ છે તો જ્ઞાનની પર્યાય થઈ એમ નથી. પણ એ વખતે પણ જ્ઞાયકની પ્રસિદ્ધિ છે. હું જાણનાર છું એવી પર્યાયની પ્રસિદ્ધિ છે, જાણનારની પર્યાયની પ્રસિદ્ધિ છે, જ્ઞેયની શાસ્ત્રની પ્રસિદ્ધિ નથી. સમજાણું કાંઈ?

કહે છે, સ્વયં જ કર્તા. આહા..હા..! કેવી ટીકા છે! દિગંબર સંતો જૈન વસ્તુની સ્થિતિનું અસ્તિત્વ ધર્મ ધુરંધર તરીકે ટકાવી રાખ્યું છે. આવી વસ્તુ બીજે ક્યાંય નથી. આવી વસ્તુ બીજે ક્યાંય નથી. સમજાય છે કાંઈ? ઓહો..હો..! કહે છે કે ભગવાન આત્મા તો જ્ઞાયક છે જ, પણ એ જ્ઞાયકનું ભાન થયું સમ્યગ્દર્શન-જ્ઞાનમાં તો એ પર્યાયમાં સ્વ તો જણાયું જ, સાથે વ્યવહાર રત્નત્રયના રાગાદિ થયા કે શરીરની ક્રિયા થઈ કે શાસ્ત્રના શબ્દો કાને પડ્યા, તો એ જ્ઞેયાકારે જ્ઞાનની અવસ્થા પોતાથી થઈ છે. એ શબ્દથી કે રાગથી જ્ઞાનની પર્યાય થઈ છે એમ નથી. ત્યાં જ્ઞાનની પર્યાયની પ્રસિદ્ધિ છે, ન્યાં શાસ્ત્રની અને રાગની પ્રસિદ્ધિ નથી. સમજાય છે કાંઈ? ભારે ઝીણું ભાઈ. આવો માર્ગ. આખા જન્મ-મરણના ઉદ્ધાર કરવાનો રસ્તો તો આ છે. સત્‌થી અસત્ ટળે, કંઈ અસત્‌થી અસત્ ટળે નહિ. ... અસત્‌થી અસત્‌નો નાશ નથી થતો, સત્‌થી નાશ થાય છે. ઓહો..હો..!

ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપમાં શુભાશુભ નથી તો શુભાશુભનું પરિણમન જ્ઞાયક ભાવથી થતું નથી. એ સત્ ત્રિકાળ છે. અરે..! પર્યાય પણ સત્ છે. જાણવાની પર્યાય થઈ, પોતાને અને રાગને (જાણનારી પર્યાય થઈ) તોપણ કહે છે કે જાણવાની જે પર્યાય થઈ એ જાણવાની પર્યાય જ્ઞાયકપણાને પ્રસિદ્ધ કરે છે. આ શાસ્ત્ર આવું છે અને આ રાગ આવો છે એમ પ્રસિદ્ધ કરે છે એમ નથી. આહા..હા..! નિમિત્તની પ્રસિદ્ધિ થાય છે એમ નહિ, એમ કહે છે. હેં?

આહા..હા..! નૈમિત્તિક જે પોતાની જ્ઞાનાકારરૂપ પર્યાય થઈ એની પ્રસિદ્ધિ છે. સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ જયંતિભાઈ? ... આવું સ્વરૂપ ભગવાન.

એ ચૈતન્યની અસ્તિ એટલે હોવાપણે પ્રભુ એનું જ્યાં ભાન થયું તો એની પર્યાયના હોવાપણાનું અસ્તિત્વ શાસ્ત્ર સાંભળવાથી થયું કે રાગથી થયું એમ નથી. અને બીજી વાત, પોતાનો આત્મા જ્ઞાયક હોવાથી કર્તા છે. કેમકે કર્તા સ્વયં સ્વતંત્ર પરિણમે તેને અહીંયા કર્તા કહે છે. તો આત્મા કર્તા થઈને રાગ અને નિમિત્તરૂપે અપેક્ષા કરીને પરિણમે છે એમ નથી. સમજાય છે કાંઈ? શાસ્ત્રનું નિમિત્ત છે અને રાગ છે, પણ એની અપેક્ષાથી જ્ઞાનની પર્યાય થાય છે અને એનાથી આ નિમિત્ત કોણ છે એમ પ્રસિદ્ધિ થાય છે એમ નથી. સમજાય છે કાંઈ? એકલા લોજીક--ન્યાયથી સત્‌ને સિદ્ધ કરે છે. માણસને અભ્યાસ ન મળે. બહારની પ્રવૃત્તિમાં જ્યાં-ત્યાં રોકાઈ ગયા. આ જાત્રા કરી ને પૂજા કરી ને દયા પાળી ને વ્રત કર્યા ને તપ કર્યા એ થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. સમજાય છે કાંઈ? તે સમયે જે રાગ થયો તો જ્ઞાયકનું જ્યાં ભાન થયું તો જ્ઞાયકની વર્તમાન પર્યાયમાં એ રાગ સંબંધી પોતાનું જ્ઞાનાકારરૂપ પરિણમન થયું એની પ્રસિદ્ધિ છે. (જ્ઞેયની) પ્રસિદ્ધિ નથી થઈ. સમજાય છે કાંઈ? એ.. મિત્રસેનજી! ... પરમસત્ય! માર્ગ તો આવો છે.

ત્રિલોકનાથ તીર્થંકર સર્વજ્ઞદેવ પરમાત્માની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. આ માર્ગ છે. બાળક માનો, વૃદ્ધ માનો, સ્ત્રી માનો, પુરુષ માનો, દેવ માનો, નારકી માનો, માર્ગ આ છે. કહે છે, કે '**પોતે જાણનારો...**' છે. એ રાગને પણ સ્વયં જાણનારો છે, પરની અપેક્ષા વિના. '**માટે પોતે કર્તા...**' એ જાણવાની પર્યાય પોતાથી જે થઈ તેનો કર્તા જ્ઞાયક છે, એનો કર્તા એ શાસ્ત્ર ને રાગ છે તો એ કર્તા અને જ્ઞાનની સ્વપરપ્રકાશક પર્યાય એનું કર્મ-એનું કાર્ય એમ નથી. સમજાય છે કાંઈ? '**પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો...**' ઈ શું કહે છે? રાગને અને નિમિત્તને નહિ. એ સમયે પણ સ્વપરપ્રકાશક જે પોતાની પર્યાય છે તેને જાણી. રાગ અને વ્યવહારને જાણ્યો, પરને જાણ્યું એમ પણ નહિ. આહા..હા..! સદ્‌ભુત ઉપચાર ... છેને, ઉડાડે છે. સદ્‌ભુત (એટલે) પોતામાં છે પણ પરને જાણવું એમ નહિ. એ તો પોતાને જાણ્યો, પોતાને જાણ્યો. આહા..હા..! એ જ્ઞાનની પર્યાય પોતાથી પોતાના આશ્રયે થઈ અને જેવા રાગાદિ વ્યવહાર છે તે પ્રકારે જ્ઞાનનું પર્યાયમાં પરિણમન પોતાની દશામાં થયું તે સ્વયં જ કર્મ છે. પોતાને જાણ્યું, એ પર્યાયને જાણી ઈ કર્મ છે. કર્મ અર્થાત્‌ કાર્ય. સમજાય છે કાંઈ?

ફરીથી. ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળી અસ્તિ અવિનાશી ધ્રુવ એનું જ્ઞાન થયું, એ તરફનું જ્ઞાન થયું એ જ્ઞાનની પર્યાયમાં સ્વને પણ જાણ્યું અને એ પર્યાયમાં વ્યવહારનું પણ જ્ઞાન થયું. ઈ વ્યવહારનું જ્ઞાન નથી એમ કહે છે. ઈ તો પોતાની પર્યાયનું જ્ઞાન થયું

છે. સમજાય છે કાંઈ? ભોગીભાઈ! આવી વ્યાખ્યા છે. 'પોતાને જાણ્યો...' વ્યવહારને નહિ, નિમિત્તને નહિ. એ સંબંધી પોતાની પર્યાય તે રૂપે થઈ ... જ્ઞાયકને પણ જાણ્યો અને પોતાની જ્ઞાનની પર્યાયને પણ જાણી. પોતાને જાણ્યું, રાગ જાણવામાં આવ્યો એમ નહિ. આહા..હા..! ધીરજની વાતું છે ભઈ આ. પાતાળકૂવો ચૈતન્યમૂર્તિ ઊંડો છે. એના ઉપર દૃષ્ટિ પડવાથી જે સમ્યગ્દર્શન-જ્ઞાન થયા એ જ ધર્મની શરૂઆત થઈ, એ વિના ધર્મ થતો નથી. આહા..હા..! ત્યારે કહે, આ વ્યવહારધર્મ છેને? નિશ્ચયવાળાને એકલા અજ્ઞાનની તો વ્યવહાર છે નહિ. કેમકે નય પ્રગટ્યા વિના વ્યવહાર કોને કહેવો? સમજાય છે કાંઈ? નિશ્ચય સ્વભાવ શું છે એ જાણ્યા વિના વ્યવહારનય કોને કહેવી? પણ અહીં તો કહે છે કે દયા, દાન, વ્રત પરિણામ જે થાય છે વ્યવહાર, એને જાણ્યું એમ પણ અહીંયા નથી. તે સમયે પોતાની જ્ઞાનની પર્યાય પ્રસિદ્ધ થઈ છે એવી એ ચીજ છે. કહો, સમજાય છે કાંઈ? એ.. વાડીભાઈ! આ બધું સમજવું પડશે હોં! ત્યાં બધા પૈસા-ફૈસા, મેડી-મકાનમાં ધૂળમાં કાંઈ નથી. અરે..! રાગને જાણવો એ પણ પાલવતું નથી. પાલવતું નથી એટલે શું? એનાથી પણ ઈ નથી. રાગને જાણે છેને? ના. કોણ કહે છે? પોતાની પર્યાયને જાણે છે. એઈ..! ... અરે.. ભગવાન! તકરાર શેની બાપા? માર્ગમાં તકરાર હોય નહિ. એઈ..! આહા..હા..!

ભગવાન આત્મા... કહે છે કે પોતાનો જ્ઞાયકસ્વરૂપ ભગવાન અસ્તિ સત્તા મહાપ્રભુ પૂર્ણ જેનું રૂપ છે, એની દૃષ્ટિ થઈ અને એને જ્ઞેય બનાવ્યો તો પર્યાયમાં સ્વપરપ્રકાશની પર્યાય ઉત્પન્ન થઈ. એકલા સ્વપ્રકાશકની પર્યાય ઉત્પન્ન નથી થઈ. કેમકે જ્ઞાનનો સ્વભાવ જ સ્વપરપ્રકાશક છે. તો સ્વપરપ્રકાશક જ્ઞાનનો સ્વતઃ સ્વભાવ છે તો જ્યારે જ્ઞાયક જણાયો ત્યારે રાગ પણ જણાયો એમ કહેવું એમ પણ નથી. આહા..હા..! તે સમયે પોતાની જ્ઞાનની પર્યાયમાં પોતાને--દ્રવ્યને અને પોતાની પર્યાયને જ્ઞાને જાણી. સમજાણું કાંઈ? એ.. પંડિતજી! ઊંચી ગાથા છે. જૈનદર્શનના પ્રાણ છે. ઈ ૧૧મી ગાથા. ... સમાજને ન બેસે માટે સમાજને તુલનામાં રાખવા, ઊંધા અર્થ કરવા છે? સમાજની તુલના યથાર્થથી રહેતી હોય તો રહો, અયથાર્થથી સમાજની તુલના રાખવા જાય તો તારું અયથાર્થ થઈ જશે. સમાજ કેમ અનુકૂળ રહે અને આખા સમાજમાં પ્રસિદ્ધિ થાય, એને રુચે એવો માર્ગ કહો, એવી વાત અહીંયા નથી.

વૈદ્ય, જેને રોગ થયો, તો એ વૈદ્ય એમ બંધાયેલો નથી કે તને મીઠી દવા જ આપવી. ...ભાઈ! તારો રોગ મટે એવી દવા આપશે. .... તો સાકર બતાવે? ... કડુ કડુ. બહુ કડવું. હવે જો એમ બતાવે કે તને સારું લાગે, ઠીક લાગે ઈ દવા બતાવું. એમ છે? તારો રોગ મટે ઈ બતાવું. કડવી લાગે તોપણ એ કડવીથી છૂટશે. ગળપણથી મરી જઈશ. આહા..હા..! સમજાય છે કાંઈ? એક પ્રાણીની વાત છેને? એને .... તો .. માણસે કીધું, ગૃહસ્થ માણસ હતો એટલે કહ્યું કે ... કોઈ કહે, આમ કરો, કોઈ કહે, લીમડાના પાન નાખો, કોઈ આમ

કહે. એક વળી ડોસો નીકળ્યો કણબી, ઈ કહે, આને શીરો આપો સાકરનો. તો માંદો માણસ કહે છે, શું કીધું? બીજો કહે કે તારા મરણનું કહે છે. એને આઠ ડિગ્રી તાવમાં શીરો ખાઈશ તો મરી જશે. તને મીઠું લાગે અને તને એની વાત સારી લાગે છે, મરી જઈશ. આ કહે કે કડવું મટાડે. પણ કડવું આમાં તોડવાનું કહે છે. ... આ શું કહે છે? ઈ કહે છે, મરવાનું. મરી જવાનો, સાંભળને હવે. શું તને લાગે છે?

એમ અજ્ઞાનીઓએ વ્યવહારની ક્રિયા કરતાં ધર્મ થાય, નિમિત્તથી તારા કાર્ય થાય એ વાત એને સારી લાગે. આ તાવમાં ચડેલા શીરો ખાનારની જેમ. એને કહ્યું કે નિમિત્તથી જ્ઞાન થાય નહિ, રાગથી જ્ઞાન થાય નહિ અને તે જ્ઞાનનો પર્યાય સ્વને જાણતા પરને જાણવારૂપે સ્વતઃ પરિણમે છે. હાય.. હાય..! આ તો બધું લોપ થઈ જશે. આ નહિ, આ નહિ, આ નહિ. આ તો કડવી દવા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, **'પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો...'** પોતાની જ્ઞાનપર્યાયમાં પરિણમન જે જ્ઞાનનું થયું તેનો કર્તા તો આત્મા છે. શું તેનો કર્તા એ રાગ અને વ્યવહાર છે? કર્તાની વ્યાખ્યા--સ્વતંત્રપણે પરિણમે તે કર્તા. કોઈની અપેક્ષા કર્તાને હોતી નથી. એ વ્યવહાર છે માટે જાણ્યું એવી અપેક્ષા જાણવાની પર્યાયમાં કર્તાને હોતી નથી. સમજાય છે કાંઈ? ભારે ભાઈ. આવું ... ? ઓલા કહે, વ્રત કરો, અપવાસ કરો. એઇ..! ..ભાઈ! ભક્તિ કરો દેરાસરની, લ્યો. એક-બે દેરાસર બનાવી દો, બે-પાંચ-દસ લાખના. કલ્યાણ થઈ જશે. ધૂળેય નહિ થાય, સાંભળને હવે. દેરાસર કોણ બનાવે? કોણ બનાવે છે? ઈ તો જડની પર્યાય છે. ઈ બીજો કોઈ બનાવે છે? પૈસા આપ્યા એનાથી બન્યું છે?

મુમુક્ષુ :-- પૈસા દે છે જ ક્યાં.

ઉત્તર :-- ઈ માને કે મેં પૈસા આપ્યા. પૈસા મેં આપ્યા ઈ માન્યતા જ મિથ્યાત્વ છે. શું કહે છે? સમજાય છે કાંઈ? પૈસા અજીવ છે, ઈ મારા હતા, ઈ મેં આપ્યા એ તો અજીવનો સ્વામી થયો, એ તો મૂઢ છે. એ.. દેવશીભાઈ! આવી વાત. ... ન્યાયથી બેસી શકે એવી ચીજ છે. સર્વજ્ઞે સત્યનો આવો ઢંઢેરો પીટ્યો. આવો છે જ તું. સમજાય છે કાંઈ?

કહે છે, **'પોતે કર્તા અને પોતાને જાણ્યો...'** વ્યવહારને નહિ, નિમિત્ત નહિ. ઓહો..હો..! એ સમયની જ્ઞાનની પર્યાયે પોતાને જાણ્યો, એ પર્યાય પોતાની છે. એ પર્યાય પરની નથી. પરને જાણ્યું નથી, પોતાની પર્યાયને જાણી છે. આહા..હા..! કેમ, ભીખાભાઈ! આવી વાત. ... આહા..હા..! વાહ! ગજબ કામ કર્યું છેને! સામે જેવો રાગ આવ્યો અને જેવા દેવ-ગુરુ-શાસ્ત્ર સામે મળ્યા એવું જ જ્ઞાન થયું. એવું જ જ્ઞાન થયું તો નિમિત્તના કંઈક દોકડા... દોકડાને શું કહે છે? કંઈક ભાગ ખરો કે નહિ? નિમિત્તનો એમાં કાંઈક ભાગ ખરો કે નહિ?

મુમુક્ષુ :-- ભાગ નહિ પ્રભાવ.

ઉત્તર :-- પ્રભાવ. પ્રભાવ કોનો પડ્યો? નિમિત્તની પર્યાયનો પ્રભાવ પડ્યો? કે પોતાનો પ્રભાવ પોતાની પર્યાયમાં થયો? આહા..હા..! આમાં તો ઉપાદાન-નિમિત્ત અને નિશ્ચય-વ્યવહાર બધાનું સ્પષ્ટીકરણ થઈ જાય છે. સમજાય છે કાંઈ? એવી પર્યાય કેમ થઈ? એવું જ જ્ઞાન કેમ થયું? એવું જ્ઞાન કેમ થયું શું, એની સ્વપરપ્રકાશક પર્યાયનો સ્વકાળ એવો છે. સમજાય છે કાંઈ? હવે આવા વિચાર અને મંથનમાં રોકાય, એને ઠેકાણે બીજામાં રોકાઈ જાય, આ કે દિ' એને સમજમાં આવે? સમજાય છે કાંઈ? સાધારણ (વાત માટે) બીજામાં રોકાઈ જાય, વખત ચાલ્યો જાય. આહા..હા..! હેં?

'પોતે જ...' એમ શબ્દ છે, જુઓ! 'જ'માં તો એકાંત થઈ જાય છે. એકાંત જ છે. પોતાના આત્માનું જ્ઞાન સ્વદ્રવ્યના આશ્રયે થયું ત્યારે તે જ્ઞાનની પર્યાય રાગને જાણે છે, એવી પર્યાય પોતાથી પરિણમી છે અને પોતાને જાણે છે. પોતાને.. સમજાય છે? એ પોતાનું જ કાર્ય છે. પોતાનું જ કાર્ય છે. વળી 'જ' કહેવાથી તો એકાંત થઈ જશે. થોડો વ્યવહાર રાગાદિનો છે તો એની જ્ઞાનની પર્યાય થઈ. બિલકુલ નહિ. એકાંત કહે છે કે પોતાની પર્યાય પોતાથી થઈ છે. બે કારણથી કાર્ય થાય છેને? એનો અર્થ, ઈ તો વ્યવહારનું કથન છે. બે કહેતા જ વ્યવહાર થઈ ગયો. સમજાય છે કાંઈ? આહા..હા..!

પોતાના આત્માનું સમ્યગ્દર્શન ત્રિકાળી દ્રવ્યનું થયું તો તે સમયે જ્ઞાનની પર્યાય પોતાથી જ દ્રવ્યના આશ્રયે થઈ તે જ પર્યાયમાં રાગ અને વ્યવહાર જણાયા. તો કહે છે, નહિ. એ તો પોતાની પર્યાય જણાણી છે. સમજાય છે કાંઈ? અને એ તો પોતાની પર્યાય સ્વયં પોતાનું કાર્ય છે. સ્વયં પોતાનું તે સમયનું કાર્ય છે. તેના કાર્યમાં પરની કોઈ અપેક્ષા છે તો સ્વયંસિદ્ધ કર્મ અને કર્તા સિદ્ધ થતું નથી. અને કર્તા અને કર્મ અનન્ય હોય છે, એક હોય છે. કર્તા બીજો અને કર્મ જુદું હોય એમ વસ્તુ નથી. સમજાય છે કાંઈ? પોતાની જ્ઞાનની પર્યાયમાં પોતે કર્તા અને કર્મ રાગાદિ તેનું કાર્ય એમ નથી. અને રાગ કર્તા અને નિમિત્ત કર્તા અને એ જ્ઞાનની પર્યાય તેનું કર્મ નામ કાર્ય, એમ પણ નથી. એ.. શાંતિભાઈ! આવો માર્ગ છે. આહા..હા..!

એક પણ વાત યથાર્થપણે સત્ય છે એમ સમજી લ્યે તો એગં જાણઈ સવ્વં જાણઈ. બધાનો ખુલાસો એમાં આવી જાય છે. આહા..હા..! બહુ ભર્યું છે આમાં. ઓહો..હો..! કેટલા ખુલાસા! ગજબ! અમૃતચંદ્રાચાર્ય. કુંદકુંદાચાર્યે જે કામ કર્યા છે. દિગંબર સંત વનવાસી ભગવાન પાસે ગયા હતા. કુંદકુંદાચાર્ય, સંવત-૪૯. બે હજાર વર્ષ પહેલા ભગવાન પાસે ગયા હતા. પરમાત્મા બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં. એ સીમંધર ભગવાન તીર્થંકરદેવ. ૫૦૦ ધનુષ ઊંચા, કરોડ પૂર્વની આયુષ્યની સ્થિતિ અત્યારે બિરાજે છે. બે હજાર વર્ષ પહેલા ભગવાન પાસે

ગયા હતા. ત્યાંથી આવીને આ બનાવ્યું છે. ભગવાન પાસે જઈને હું આ માલ લાવ્યો છું. પિતા બહાર પરદેશમાં જાયને? ચાર-છ દિ'માં આવે તો બાળક જાય. બાપા! મારા માટે શું લાવ્યા? મારા માટે શું લાવ્યા છો? બેટા! તારી માટે એક ઘડિયાળ લાવ્યો છું. એમ અહીં ભગવાન પાસે ગયા અને આવ્યા. ભગવાને આમ કહ્યું છે એવો માર્ગ હું લાવ્યો છું, ભાઈ! સમજાય છે કાંઈ? આહા..હા..! એ માર્ગ સમયસારનું ભેટણું આપું છું. આહા..હા..! કહો, મનસુખભાઈ! આ બધું એકદમ સમજાય એવું નથી હોં! અહીંયા બે-ચાર દિ' રહી જાય અને ન્યાં બાર મહિના કોથળા અને ઓલા..

મુમુક્ષુ :-- કેટલો વખત રોકાય?

ઉત્તર :-- એના માપ હોય? ... માપે કર્યું છે કે આટલા વર્ષ કાઢીશ આમાં? કર્યું છે આમાં? આટલા રૂપિયા થાય ત્યાં સુધી રહેવું પછી ઉમરાળા આવવું. .. મુદ્દત નથી કે બહાર ગયા એમાં આટલા કાઢું, આટલા પૈસા થાય તો ઘરે આવીશ. એમ આત્માને સમજવા માટે કેટલો કાળ જોઈએ? કે કાળની મુદ્દત ન નખાય. અંતર્મુહૂર્તે પણ સમજાય અને છ મહિને પણ સમજાય. આવે છેને છ મહિના? આવે છે. છ મહિને તો જરૂર સમજાય. ધારાવાહી સમજણમાં લે તો હોં! હેં? વધુમાં વધુ છ મહિને તો...

'(**જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે...**' શું કહે છે? દીવો છેને દીવો? એ ઘટપટને પ્રકાશે છે તોપણ પ્રકાશની અવસ્થા દીવામાં છે. એ દીવો જ છે. એ કંઈ ઘટપટની અવસ્થા નથી. શું કહે છે સમજ્યા? દીવો છે. આ ઘડિયાળ દેખાય. એ દેખવાની અવસ્થામાં પ્રકાશ તો એનો પોતાનો છે. ઈ આનો પ્રકાશ નથી અને આને લઈને પ્રકાશ નથી. પોતાના અસ્તિત્વમાં, દીવાનો પ્રકાશ પોતાના અસ્તિત્વમાં છે. દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક જ છે. કોલસાને દીપક પ્રકાશે છે તો કોલસારૂપે થઈ જાય છે? કેરીને પ્રકાશે છે તો કેરીરૂપ થઈ જાય છે પ્રકાશ? એમ આત્મા રાગને પ્રકાશે, શરીરને પ્રકાશે તો રાગરૂપ થઈ જાય છે? એ તો પોતાની પર્યાયરૂપ રહીને પ્રકાશે છે. પોતાના જ્ઞાનના પ્રકાશમાં રહીને પ્રકાશે છે. ભારે જીણું આવું. કપુરભાઈ! ત્યાં કલકત્તામાં ક્યાંય મળે એવું નથી આવું. હેરાન થવાના રસ્તા છે બધા. આ પૈસા આવ્યા ને ધૂળ આવી ને આબરૂ વધી, લાખ ખર્ચ્યા ને બે લાખ ખર્ચ્યા ને... મરી ગયો એમને એમ. તારી મુડી શું છે એમાંથી તું શું લાવ્યો? ખર્ચ્યું શું? તારુ પંજીમાંથી કેટલું બહાર લાવ્યો? આ કહે છે કે પોતાનો જ્ઞાન ભગવાન આત્મા એનો આશ્રય કરવાથી જે જ્ઞાન-પુંજી બહાર આવી એ પોતાથી આવી છે, રાગનું જ્ઞાન થયું માટે રાગથી પુંજી બહાર આવી છે એમ નથી. રાગ કર્તા, ઘટપટ કર્તા અને દીપકનો પ્રકાશ એનું કાર્ય એમ નથી. ઘટપટ ... ઘડો, પટ આદિ એ કર્તા, રચનાર અહીં પ્રકાશની પર્યાયને રચનાર છે? પ્રકાશની પર્યાયનો રચનાર દીવો છે, ઘટપટ નથી.

**'કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાને--પોતાની જ્યોતિરૂપ શિખાને-પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે, અન્ય કાંઈ નથી; તેમ જ્ઞાયકનું સમજવું.)'** જ્ઞાયક ભગવાન આત્મા વ્યવહારને અને નિમિત્તને પ્રકાશે તોપણ આત્મા જ છે, પોતાને પ્રકાશે તોપણ આત્મા છે. કોઈ બાહ્ય ચીજ આવી નથી અને બાહ્ય ચીજરૂપ થઈ નથી જતો. આહા..હા..! એક કલાકમાં કેટલું યાદ રહે? યાદ રાખવાનું ક્યાં છે? અહીં તો અસ્તિત્વ આવું છે એટલી સીધી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો ભગવાનનો વીતરાગતા ધર્મ મહા દુર્લભ છે. મહા સ્વતંત્ર છે. વસ્તુની શુદ્ધિની પ્રસિદ્ધિ કરે છે. પરને જાણવામાં પોતાની પર્યાયની પ્રસિદ્ધિ છે. આહા..હા..! નૈમિત્તિક, નિમિત્તની પ્રસિદ્ધિ કરે છે એમ ન આવ્યું, લ્યો. નિમિત્ત સંબંધી પોતાનું જ્ઞાન પોતાના જ્ઞાનની પ્રસિદ્ધિ કરે છે. ... જે સ્વપરનું જ્ઞાન થયું એ પોતાના જ્ઞાનની પ્રસિદ્ધિ છે, પરની પ્રસિદ્ધિ નથી.

સ્વતંત્રતા. હજી સ્વતંત્રતા ગોઠતી નથી. એ.. સોનગઢવાળા સ્વતંત્ર કહે છે બધું. સોનગઢવાળા કે આ ભગવાન કહે છે? આહા..હા..! વસ્તુનું સ્વરૂપ આવું છે. સોનગઢવાળા બધું સ્વતંત્ર કહે છે એમ નથી. કર્મ છે તો વિકાર થાય છે, વિકાર છે, શુભભાવ થાય છે નહીં તો શુભભાવ થતો નથી. કરમ છે તો શુભભાવ થાય છે અને શુભભાવ થાય છે તો શુદ્ધભાવ થાય છે. ત્રણેય વાત જૂઠી. ભાઈ! આ તો સમજાય એવું છે હોં! ન સમજાય એવી વાત નથી. ..ભાઈ! આમાં હટની વાત ક્યાં છે, આ તો વસ્તુની સ્થિતિ છે.

આત્મધર્મ, આત્મધર્મ. આત્માનો ધર્મ સ્વભાવ જ્ઞાયકભાવ. એ જ્ઞાયકભાવને જાણવો પર્યાયમાં એ પર્યાયનો ધર્મ. પેલો કાયમનો ધર્મ અને પર્યાયમાં સ્વપરપ્રકાશક જ્ઞાનપર્યાય થઈ એ પોતાની પર્યાયથી પોતાની પ્રસિદ્ધિ છે. કેવળજ્ઞાનમાં લોકાલોકનું જ્ઞાન થયું એ પૂર્ણ જ્ઞાનની પર્યાયની પ્રસિદ્ધિ છે, લોકાલોકની પ્રસિદ્ધિ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? **'તેમ જ્ઞાયકનું સમજવું.'** અર્થાત્ જ્ઞાયક ભગવાન આત્મા પોતાને અને પરને જાણવું એ સ્વયં પોતાની પર્યાયનો કર્તા છે અને એ જ્ઞાનની પર્યાય થઈ તે પોતાનું કાર્ય છે. કર્તા-કર્મ અનન્ય નામ એકમાં ભેગા અભેદ હોય છે. ... જયચંદ્ર પંડિતે. ... સમજાણું કાંઈ?

પોતાનો આત્મા પોતાની જ્ઞાનસંપદા અને પૂર્ણ સંપદા જ્ઞાયક ભાવ એવી દૃષ્ટિ થઈ એ દૃષ્ટિના કાળે જ પોતાના અને પરના જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ થયું એ અસ્તિત્વ તેનું કાર્ય છે અને આત્મા તેનો કર્તા છે. રાગ અને નિમિત્ત એ જ્ઞાનની પર્યાયના કર્તા છે અને પર્યાય કાર્ય એમ વસ્તુની સ્થિતિમાં ત્રણ કાળમાં નથી. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? લ્યો, આ ત્રણ-ચાર લીટીમાં કલાક થયો. ..ભાઈ! આવો ધર્મ છે. ઓલું તો ... પરની દયા પાળવી, જાઓ ધર્મ થઈ ગયો. ભગવાનની ભક્તિ કરવી. કાંઈ એમાં સમજવાનું છે? આહા..હા..! જાણનસ્વભાવ તો એમાં ક્યાંય આવ્યો નહિ. રાગ ને પર બે આવ્યા. જાણક આત્મા કોણ

ઈ તો આવ્યું નહિ. એના અસ્તિત્વની પ્રસિદ્ધિ કરી. સમજાય છે કાંઈ? આહા..હા..! એક ગાથામાં તો નિમિત્ત-ઉપાદાનના ફાળચા અને ક્રમબદ્ધમાં પણ તે જ સમયે તે જ્ઞાનની પર્યાય પોતાથી અને ... પરિણમનનો કાળ પોતાનો છે. પોતાનું કર્મ છે અને આત્મા તેનો કર્તા છે. દીવાની જેમ. એ ભાવાર્થમાં વિશેષ વિસ્તાર કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ-૪, સોમવાર, તા. ૬-૧૨-૧૯૭૧**
**ગાથા-૬, પ્રવચન-૩૧**

આ સમયસાર. ૬ઠ્ઠી ગાથા ટીકા ચાલી એનો ભાવાર્થ. કહે છે કે, આ છઠ્ઠી ગાથામાં પ્રમત્ત-અપ્રમત્ત જે કહ્યું એ એમાં નથી, કેમકે એ અશુદ્ધના બધા ભેદો છે. એ '**અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે.**' વસ્તુ તો શુદ્ધ એકરૂપ દ્રવ્ય છે પણ એમાં પરદ્રવ્યના નિમિત્તના સંબંધમાં પોતાના પર્યાયમાં અશુદ્ધતા ભેદ આવે છે. '**ત્યાં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી,...**' જે ચીજ જ્ઞાયક ભાવ છે એ કાંઈ જડરૂપે થતો નથી. તેમ એ પુણ્ય-પાપના વિકલ્પના રાગરૂપે પણ થતો નથી. '**માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે.**' વસ્તુમાં પરદ્રવ્યના સંગે એની પર્યાયમાં મલિન અવસ્થા એની પોતાની પોતાથી થાય છે. નિમિત્તથી અવસ્થા મલિન થાય એમ શબ્દ છે.

મુમુક્ષુ :-- પોતાથી થાય એમ નથી લીધું?

ઉત્તર :-- નથી લીધું. એઈ..! નિમિત્તથી થાય એનો અર્થ શું? અહીં નૈમિત્તિક થઈ છે એથી નિમિત્તથી થાય એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**પરદ્રવ્યના સંયોગથી...**' સંયોગ કહો કે નિમિત્ત કહો. પહેલો ખુલાસો પરદ્રવ્યના સંયોગથી આવે છે એમ કહ્યો. પહેલા એમ કહ્યું હતું. પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થાય છે. રાગ-દ્વેષ આદિ ભેદો એને લઈને થાય છે. '**દ્રવ્ય-દૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે...**' દ્રવ્યથી જોઈએ તો દ્રવ્ય છે તેમ ન લેતા દ્રવ્ય-દૃષ્ટિથી જોઈએ એમ કહે છે. દ્રવ્યની દૃષ્ટિથી આમ દૃષ્ટિથી દ્રવ્યને જોઈએ તો તો દ્રવ્ય જે છે તે જ છે. સમજાણું કાંઈ? વસ્તુ છે એ દ્રવ્ય પણ એને એની દૃષ્ટિથી જોઈએ એક તરફની તો તો જે દ્રવ્ય છે તે

છે, એમાં કાંઈ ફેરફાર નથી. પર્યાયદષ્ટિથી જોવામાં આવે, પર્યાયથી નહિ પણ પર્યાયના લક્ષે દષ્ટિથી જોઈએ. અવસ્થા કૌંસમાં કર્યું છેને. '**(અવસ્થા)-દષ્ટિથી જોવામાં આવે...**' દ્રવ્યદષ્ટિથી જોવામાં આવે તો જે છે તે છે. '**પર્યાય (અવસ્થા)-દષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે.**' મલિન દેખાય છે, મલિન નથી એમ નહિ. સમજાણું કાંઈ?

'**એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે,...**' લ્યો! અવસ્થા દષ્ટિથી ન જુઓ, દ્રવ્યદષ્ટિથી જુઓ તો એનો સ્વભાવ, આત્માનો સ્વભાવ ઓલી અવસ્થાથી ન જુઓ, આમ આત્માના સ્વભાવથી જુઓ તો આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે. જાણક સ્વભાવે ભરેલું તત્ત્વ અખંડ અભેદ એકરૂપ છે. સમજાણું કાંઈ? અને તેની અવસ્થા, કોની? '**જ્ઞાયકપણું માત્ર છે, અને તેની અવસ્થા પુદ્‌ગલકર્મના નિમિત્તથી...**' માત્ર પરદ્રવ્યના નિમિત્તથી કહ્યું હતું. હવે ઈ પરદ્રવ્ય શું ઈ ખુલાસો કર્યો. પહેલું અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે એમ કહ્યું, પછી માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા માત્ર મલિન થાય છે, વસ્તુમાં છે નહિ.

કહે છે કે, '**એ પુદ્‌ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે તે પર્યાય છે.**' પુણ્ય-પાપના ભાવ, વિકારી અવસ્થા એ માત્ર પર્યાય છે. પર્યાયની દષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે. મલિન જ દેખાય છે.

મુમુક્ષુ :-- પર્યાયની દષ્ટિથી જોવું શું કરવા?

ઉત્તર :-- જાણવા જોવે નહિ? એઈ.. ચેતનજી! જાણવા માટે વાંધો શું? પર્યાયદષ્ટિએ અવસ્થાથી જોવે છે એ અવસ્થા મલિન છે. કહો, સમજાણું કાંઈ?

અહીં તો ફક્ત નિમિત્તના સંબંધે થતો ભેદ અશુદ્ધતા એની વ્યાખ્યા કરી છે. બાકી તો પોતાના દર્શન, જ્ઞાનગુણના ભેદો પર્યાય એ પણ અશુદ્ધ છે. એ અશુદ્ધપણું અહીંયા ગૌણ રાખીને પછી ખુલાસો કરશે. સમજાણું કાંઈ? ૭મી ગાથામાં એનો ખુલાસો મુખ્યપણે કરશે. '**પર્યાયની દષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે...**' પર્યાયમાં મલિનતા નથી સંસારમાં એમ છે નહિ. '**અને દ્રવ્યદષ્ટિથી જોવામાં આવે...**' દ્રવ્યદષ્ટિથી જોવામાં આવે, '**તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે,...**' જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... એ દષ્ટિ સમ્યગ્દર્શનનો વિષય. સમજાણું કાંઈ? જેને આશ્રયે સમ્યગ્દર્શન થાય એ જ્ઞાયકપણું તો જ્ઞાયક જ છે. આહા..! '**કાંઈ જડપણું થયું નથી.**' પોતે ખુલાસો કૌંસમાં નાખ્યો છે. જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર ત્રિકાળ એમને એમ રહેલો છે. એ જાણનાર દ્રવ્યસ્વભાવ જે કાંઈ પુણ્ય-પાપના અચેતન ભાવરૂપે થતો નથી. સમજાણું કાંઈ?

'**અહીં દ્રવ્યદષ્ટિને પ્રધાન કરી કહ્યું છે.**' વસ્તુની દષ્ટિને મુખ્ય કરીને વસ્તુ જ્ઞાયકભાવ

એને મુખ્ય કરીને કહ્યું છે કે, **'જે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે...'** પ્રમત્ત-અપ્રમત્તનો નિષેધ કર્યોને. પાઠમાં અપ્રમત્ત-પ્રમત્ત આવ્યું છે. અહીં પ્રમત્ત-અપ્રમત્તના ભેદ ટીકામાં એમ આવ્યું હતું. પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ એમ આવ્યું હતું. આમ છેને, પહેલું પ્રમત્તપણું છેને. પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. **'તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે...'** પરદ્રવ્યના સંયોગ નિમિત્તજનિત પર્યાય છે. એ કાંઈ આત્માનો ભૂતાર્થ ભાવ નથી. આજે આવ્યું છે ઓલું. અભૂતાર્થ અને અસત્યાર્થ ન કહેવું એમ કહે છેને એ લોકો? કૈલાસચંદજી હતા. બધા દાખલા આપ્યા હતા. જયસેનાચાર્યે એને અસત્યાર્થ કર્યું, ટોડરમલજીએ એને સત્ય સ્વરૂપ કહ્યું નથી, અસત્ય કહ્યું પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું. અભૂતાર્થ છેને અભૂતાર્થ. અભૂતાર્થ અને અસત્યાર્થ ન કહેવો. એક પંડિત વળી એમ જાગ્યા, અત્યારે જાગ્યા હવે આ. અભૂતાર્થ નામ અ-ભૂત--છતો અર્થ નથી. છતો ભાવ તે કાયમી ત્રિકાળી તે નથી. અછતો કલ્પિત આગંતુક ભાવ એ છે. આગંતુક ભાવ તે અસત્યાર્થ છે. આહા..હા..! પંડિતજી! પુણ્ય-પાપના ભાવ આગંતુક છે, મૂળ ચીજ નથી. કહો, સમજાણું કાંઈ? આગંતુક ને મહેમાન કહ્યું છેને પંચાધ્યાયીમાં. આગંતુકને એમ કહ્યું છે. કહો, સમજાણું કાંઈ? એટલે નવા આવેલા ભાવ છે એ કાંઈ વસ્તુમાં નથી એમ કહેવું છે. પુણ્ય અને પાપના ભાવ એ અભૂતાર્થ છે. અભૂતં અર્થમ્ પ્રદ્યોતિ. એમ છેને? વ્યવહારનય એમાં નથી તેવા અર્થને એટલે ભાવને, એમાં નથી એવા અર્થને એટલે ભાવને પ્રકાશે છે. નિશ્ચયનય ભૂતાર્થ--એમાં છે એવા ભાવને પ્રકાશે છે. સમજાણું કાંઈ? તકરાર લઈને બેસે, આ ને આ ને આ. અભૂત અર્થ કહો કે, નથી એનો ભાવ એવો, છતો ભાવ નથી, કલ્પીત આવેલો ભાવ છે. પુણ્ય અને પાપ આખો સંસારભાવ. સમજાણું કાંઈ? એને અસત્યાર્થ કહ્યો છે. અભૂતં અર્થમ્ પ્રદ્યોતિ. વ્યવહારનય નથી એવા અર્થ ને એના ભાવને પ્રકાશે છે. નિશ્ચયનય એમાં ભૂતાર્થ છતો અર્થ ભાવરૂપ જ્ઞાયક ભાવ ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... એવા અર્થને તે પ્રકાશે છે. આ તો સમજાય એવું છે.

વસ્તુ છે કાયમી છતો ભાવ છે. છતો અર્થ છે કે છતો ભાવ છે કહો. એ દૃષ્ટિનો વિષય છે અને પર્યાયમાં મલિનતા તે અછતો ભાવ છે, અસત્યાર્થ છે, અભૂતાર્થ છે, અવિદ્યમાન છે એમ શબ્દ આવે છેને? આહા..હા..! વસ્તુ સ્વભાવ જ્ઞાયક ત્રિકાળી ભાવ છતો અર્થ છે, શાશ્વત પદાર્થ ભાવ છે,વિદ્યમાન ભાવ છે ઇ. અને પર્યાયમાં કર્મના નિમિત્તથી, સંયોગથી ઉત્પન્ન થયેલો ભાવ તે અસત્યાર્થ છે, અભૂતાર્થ છે, અવિદ્યમાન છે, ત્રિકાળમાં એ છે નહિ. સમજાણું કાંઈ? હવે આટલા વર્ષે ભૂતાર્થ-અભૂતાર્થના અર્થ કાઢવા માંડ્યા. ઓલો વળી (કહે છે), કથંચિત્ ભૂતાર્થ અને કથંચિત્ અભૂતાર્થ એક જણો કહે. બીજો કહે, અભૂતાર્થ કેમ કહ્યો? અસત્યાર્થ કેમ ન કહ્યો? માટે અસત્યાર્થ કહેવું જૂઠું છે. કૈલાસચંદજીએ જવાબ ઠીક આપ્યા

છે. શાસ્ત્રના આધાર આપ્યા છે.

ભાઈ! પાઠમાં છેને, ૧૧મી ગાથા. નિશ્ચયનય, શુદ્ધનય ભૂતાર્થ, સત્યાર્થ, ભૂતાર્થ, સત્યાર્થ સત્ય ભાવને પ્રકાશે છે. અને એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. કહો, સમજાણું કાંઈ? સત્યાર્થભાવ, વિદ્યમાનભાવ, કાયમી કાયમી. એવા વિદ્યમાન સત્યાર્થના આશ્રયથી સત્યદૃષ્ટિને પ્રગટ કરે છે. કહો, સમજાણું કાંઈ? જે એનામાં ભાવ નથી અસત્ય છે, કલ્પનાથી છે છૂટી ગયા પછી દેખાતો નથી. ત્યારે અત્યારે પણ નથી એનો અર્થ (ઈ થયો). કહો, સમજાણું કાંઈ?

વસ્તુ એકલી જ્ઞાયકભાવરૂપ પિંડ ચૈતન્ય એ જ સત્યાર્થ ને ભૂતાર્થ ને વિદ્યમાન ભાવ છે. એમાં આ પ્રમત્ત-અપ્રમત્તના ભાવો તો સંયોગજનિત ઉપાધિ (છે). એટલે કે વ્યવહારનો ભાવ, અસત્ય અર્થ, જૂઠા ભાવને તે પ્રગટ કરે છે. ઓલો સત્યાર્થ સત્ય ભાવને પ્રગટ કરે છે. સીધી વાત છે પણ હવે... સમજાણું કાંઈ? એની અપેક્ષાએ ભલે સત્ય છે પણ ત્રિકાળ સત્યાર્થની અપેક્ષાએ તે જૂઠો છે. એની અપેક્ષાએ ખોટું, ખોટું પણ છેને. ઈ છે માટે એને એક અપેક્ષાએ ભૂતાર્થ કહ્યું છે. છે. પણ ત્રિકાળ ભૂતાર્થના સત્યાર્થની અપેક્ષાથી તે અસત્યાર્થ છે. ભારે તકરાર. સીધી વાત છે.

દ્રવ્યદૃષ્ટિને મુખ્ય કરીને કહ્યું છે, પર્યાયને ગૌણ કરીને કહ્યું છે એમ કહે છે. પર્યાય છે ખરી એમાં, મલિન નામ પ્રમત્ત-અપ્રમત્તના ભેદો. પણ એને પ્રયોજન દ્રવ્યને આશ્રયે દૃષ્ટિ થઈને પ્રયોજન સિદ્ધ થાય છે, એ પ્રયોજન સિદ્ધ થવા માટે બેય હોવા છતાં એકને મુખ્ય કરીને, પ્રધાન કરીને કહ્યું અને બીજી અવસ્થા આદિને ગૌણ કરીને કહ્યું છે, અભાવ કરીને કહ્યું નથી. સમજાણું કાંઈ? આવા બધા પ્રકાર સમજવા અને આ બધું... પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે. ભેદ છેને પણ. છે કહ્યું છેને? કે નથી?

‘**તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે.**’ ભેદ છે. એ છતો ભાવ શાશ્વત વિદ્યમાન ભાવ, ટકતો ત્રિકાળી ભાવ એ આ નહિ. એ અશુદ્ધતા, આ અશુદ્ધતા અત્યારે લેવી છે હોં! બાકી તો ઓલી ભેદની અશુદ્ધતાની વ્યાખ્યા પછી આવશે. ઈ શિષ્ય પૂછશે કે આ તો તમે કહ્યું પણ ભેદરૂપભાવથી આત્માને અશુદ્ધપણું આવે છે. ૭મી ગાથાના ઉપોદ્‌ઘાતમાં. એનું શું? અહીં મુખ્યપણે આની અશુદ્ધતા લીધી છે. સમજાય છે કાંઈ? ઓલી અશુદ્ધતા તો આવે છે ભેદ કરતા, વાત સાચી છે કે ભેદ કરતા અશુદ્ધતા તો આવે છે. માટે તેને ગૌણ કરીને એકરૂપ વસ્તુ છે તેની દૃષ્ટિ કરાવી છે. સમજાણું કાંઈ?

એ અશુદ્ધતા, આ અશુદ્ધતા. કોણ? પ્રમત્ત-અપ્રમત્તના સંયોગજનિત ભાવ એ અશુદ્ધતા. ઓલી પર્યાયના ભેદની અશુદ્ધતાના ભેદની અત્યારે વ્યાખ્યા નથી. એ અશુદ્ધતા જો કે એમાં ગૌણપણે એનો નિષેધ તો થઈ ગયો છે, ત્રિકાળમાં. કારણ કે પરનું લક્ષ કાઢતા, છોડતાં

(અને) સ્વની સેવા કરતા. એટલે અશુદ્ધપણું ગયું અને ભેદ પણ પર્યાયનો ભેદ પણ દૃષ્ટિમાંથી ગયો. પણ ગૌણપણે કાઢીને આના અભાવને અત્યારે અશુદ્ધ કહીને નિષેધ કર્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત. ગજબની ટીકા છેને! એક એક અક્ષર અને એક એક શબ્દ તોળી તોળીને માપથી આવ્યા છે. નપી-તુલી. પંડિતજી! શું ભાષા છે તમારી? મપી-તુલી. માપ અને તુલનાથી આવે છે. હીરના કાંટા પણ એવા હોય. એમાં કાંઈ આ મણિકા મૂકીને તોળાય નહિ એને. એને તો રતિ ને ચણોઠી ને એનાથી તોળાય. એમાં કાંઈ આમ ઊંચો-નીચો ન થાય. જરીક આમ હેઠે એવા લાકડા હોય એના. જરીક ચોંટ્યું હોય. આમ ઊંચું થાય અને આ આમ ઊંચુ (થાય), બસ એટલું. અંદરથી ઘસારો લાગે ઓલા કાંટાને. એક રતિના દસમા ભાગનો ફેર પડી જાય તો હજાર હજાર રૂપિયાનો ફેર પડી જાય. એક રતિના દસ હજાર રૂપિયા હોય છે. કાંટા તો લોઢાના અને અનાજના તોળાય એવા કાંટા હોય ઈ? ઓલામાં તો પા શેર, અધશેર ફેર પડી જાય ચોખામાં. ન્યાં પા શેર પડી જાય તો ત્યાં શું ગણતરી? અહીં તો રતિનો સોળમો ભાગ ફેર પડે તો હજાર રૂપિયાનો ફેર પડી જાય. ઈ કાંટા પણ જુદા, માપ જ જુદું છે. એ તો મહાસાધારણ, હવે હીરાની શું કિંમત. આ તો ચૈતન્ય-હીરો. આહા..હા..! ચમકતો ચૈતન્ય હીરો તો એને માપ ને તોલમાં લેવો છે.

કહે છે કે, એને માપમાં લેવા શુદ્ધનયનો વિષય તે દ્રવ્ય છે એ આદરણીય છે. અશુદ્ધનયનો વિષય જે અભૂતાર્થ છે એ જાણવા જેવો છે, આદરવા જેવો નથી. સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! છેને, જુઓ! '**અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે,...**' સમજાણું કાંઈ? મુખ્યનું અહીંયા એને લાગુ પડતું નથી. મુખ્ય તો દ્રવ્યપ્રધાન વસ્તુ... વસ્તુ... વસ્તુ... ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિથી પ્રધાન છે અને આ અશુદ્ધતા તે ગૌણ છે. દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે. દ્રવ્યની વસ્તુની દૃષ્ટિ કરતાં એમાં એ પર્યાય આવતી નથી માટે ગૌણ છે. સમજાણું કાંઈ? આવા બધા સમજવા અને વાંચવા. ઈ કરતાં દયા પાળવી ને ભક્તિ કરવી, થઈ રહ્યું જાઓ. પતી ગયો ભવ. બાપુ! વસ્તુસ્થિતિને જાણ્યા વિના અને પકડ્યા વિના, અનુભવ વિના એ બધા થોથે થોથા છે. સમજાણું કાંઈ?

એ દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે એટલે કે દૃષ્ટિની પ્રધાનતા એ '**વ્યવહાર છે,...**' ચૌદ ભેદો પ્રમત્ત-અપ્રમત્તના, અશુદ્ધતાના એ બધા વ્યવહાર છે. આહા..હા..! એટલે કે '**અભૂતાર્થ છે,...**' જુઓ, ખુલાસો કર્યો. આમાં જ આવ્યું લ્યો! અભૂતાર્થ છે એટલે અભૂત અર્થ. એ છતો ભાવ નથી. એનો અર્થ એ થયો. છતો સમજાય છે? સત્યાર્થભાવ. આહા..! વસ્તુમાં વિદ્યમાનતા ત્રિકાળી સત્યાર્થની અપેક્ષાએ આ પુણ્ય-પાપના અને પ્રમત્ત-અપ્રમત્તના ભાવ એ અછતા પદાર્થ છે, ત્રિકાળની અપેક્ષાએ. એની અપેક્ષાએ છે. ઈ તો કીધું, પહેલું કીધું કે પ્રમત્ત-અપ્રમત્ત ભેદ છે, નથી એમ નહિ. નથી એનો નિષેધ શું હોય? આવી ગાથા ઝીણી પડે. છઠ્ઠી ને અગિયારમી

ગાથા ઝીણી છે.

અભૂતાર્થ. અ નામ નહિ, ભૂત નામ છતો, સત્યાર્થ--સાચો અર્થ--ભાવ, સાચો ભાવ એ નહિ. અશુદ્ધભાવ પુણ્ય-પાપનો ભાવ એ સાચો ભાવ નહિ. સમજાણું કાંઈ? પુસ્તક છે સામે એનો આ શબ્દનો અર્થ થાય છે. **'અસત્યાર્થ છે,...'** લ્યો! એનો અર્થ જ ઈ કર્યો. ગૌણ છે, વ્યવહાર છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. ત્રિકાળ સત્યાર્થની અપેક્ષાએ વિદ્યમાન ત્રિકાળ ભગવાન જ્ઞાયકભાવની ધ્રુવતાની અપેક્ષાએ ઈ અશુદ્ધતા તે અસત્ય છે. આ સત્ય છે, આ અસત્ય છે. આ ભૂતાર્થ છે, આ અભૂતાર્થ--નથી એવા ભાવને વ્યવહાર પ્રસિદ્ધ કરે છે. કહો, સમજાણું આમાં? હવે એક જણો કહે, પંદર દિ'માં આ સમયસાર વાંચી ગયો, લ્યો! બહુ સારી વાત છે. વકીલનું પુસ્તક હોય ઊંચું, કક્કાનો શીખનાર હોય તો ક, કા, કૂ, કા એમ કરીને વાંચી ગયો. પણ એનો અર્થ શું? બેના શબ્દની જોડણી પણ તને આવડે નહિ. તો એના ભાવ તો આવડે શેના? આહા..હા..!

આ તો અલૌકિક શાસ્ત્ર છે, અલૌકિક ભાવને પ્રસિદ્ધ કરે છે. વ્યવહારભાવ એ બધો લૌકિક ભાવ છે એમ કહે છે. વ્યવહાર કહો કે લૌકિક કહો. દ્રવ્યસંગ્રહમાં કહ્યો છે એને. લોકોત્તર તો ભગવાન જ્ઞાયકમૂર્તિ આનંદકંદ પ્રભુ છતો ભાવ એમને એમ, એમને એમ છતો ત્રિકાળ એ જ સત્યાર્થ છે, ભૂતાર્થ છે. ઈ પછી કહેશે. કહો, સમજાણું કાંઈ? વ્યવહારની વાત પહેલી કરે છે. એ પ્રમત્ત-અપ્રમત્તના ભેદો એ અસત્યાર્થ છે. આગંતુક ભાવ છે. એમાં છે અને આવ્યા છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

અરે..! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ને રાગ, ત્રિકાળ જ્ઞાયકની અપેક્ષાએ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ગૌણ છે, વ્યવહાર છે, જૂઠો છે, અસત્ય અર્થને પ્રગટ કરે છે. આહા..હા..! અને એને ઉપચાર કીધો છે. એને ઉપચાર કીધો છે. ભગવાન આત્મા ત્રિકાળીને અનુપચાર કહેશે. હજી તો આ પ્રમત્તની વ્યાખ્યા ચાલે છેને. આહા..હા..! આ પોતાએ પાછું ઘરે વાંચવું જોઈએ. ક્યો અર્થ થયો ક્યા પ્રકારે એ મેળવવું જોઈએને. એમને એમ સીધે કાંઠે આમાં... પોતાને અંદર વિચાર કરીને એનો મેળ કરવો જોઈએ. કે આ છે ઈ આમ છે કે બીજી રીતે છે? આવે છે નહિ? મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. ભાઈ! આવે છે. સાંભળીને વિચારવું. ઈ કહે છે ઈ એમ હોય કે બીજી રીતે હોય? એમ આવે છે. સમ્યગ્દૃષ્ટિ સન્મુખ. સમ્યગ્દૃષ્ટિ સન્મુખના વ્યાખ્યાનમાં આવે છે. બહુ મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો ઓહો..હો..! ક્યાં ક્યાં યાદ આવી જાય જુઓને ક્યાંનું ક્યાં. ઘણું નાખ્યું છે એણે હોં! ઘણું લખ્યું છે. એક ઠેકાણે ભાવને મેળવવો, ત્યાં બધે એમાંથી.. એ માન્ય નહિ. ટોડરમલ નહિ. પદ્મપ્રભમલધારીદેવ નહિ અને પંચાધ્યાયીકાર નહિ. અરે.. ભગવાન! શું તારે કરવું છે? ભાઈ! સત્ય ગમે તે કહેતો હોય. બાળક કહેતો હોય સત્ય તો એ સત્ય તો સત્ય જ છે. સત્યને કંઈ અસત્ય

કોઈ કહે તો એથી અસત્ય થઈ જાય? વાત સાચી છે તારી. સમજાણું કાંઈ?

**'ઉપચાર છે.'** શું ઉપચાર છે? ભગવાન આત્મામાં જ્ઞાયકરૂપી ત્રિકાળી સ્વભાવ વિદ્યમાન ભાવમાં આ ભાવો તેને ઉપચાર કહેવામાં આવે છે. અસત્ય ત્રિકાળમાં નથી એ અપેક્ષાએ અભૂતાર્થ, અસત્યાર્થ અને ઉપચાર કહેવામાં આવે છે. કહો, વ્યવહારને ઉપચાર કહ્યો, અભૂતાર્થ કહ્યો, અસત્યાર્થ કહ્યો. આ બધી ચીજના બીજડા છે આમાં. **'દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે,...'** દ્રવ્યની દૃષ્ટિ કરવી એ દૃષ્ટિ શુદ્ધ છે. હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- મૂળ હોય તો બીજીને સાથે વિચાર કરાયને, મૂળ ન હોય તો કોની સાથે કરવો? પહેલા ભાઈને આપતા હતા, હમણા આપ્યો છે. ઉત્તમચંદને? શિવની. મખ્ખનલાલજી ગયા હતાને, એમાં વાંચતા હશે આ. ઉત્તમચંદ આવે છે, જુવાન છે. ઈ વાંચતા હશે આપણા મુમુક્ષુ મંડળમાં. એમાં મખ્ખનલાલજી નીકળ્યા, એમણે પ્રશ્ન કર્યો. અરે..! ભાઈ! વ્યવહાર કેમ હોય? નિશ્ચય કેમ હોય? એમ કંઈક પ્રશ્ન કર્યો, શબ્દ બહુ યાદ નથી. એમ કહ્યું કે, નિશ્ચય હોય તો વ્યવહાર હોય, નિશ્ચય ન હોય તો વ્યવહાર ન હોય. બહુ સારો જવાબ આપ્યો. બે દૃષ્ટાંત (આપ્યા). શાદી, શાદી નક્કી થઈ ગઈ કે, આની સાથે લગ્ન કરવા છે. એ નિશ્ચય થયો હોય તો પછી જાન જોડવાનો વ્યવહાર હોય. નક્કી કર્યા વિના પાધરી જાન જોડી દેવી? નિશ્ચય વિના વ્યવહાર હોય નહિ. બીજો દાખલો સરસ આપ્યો કે, માટીનો ઘડો જો હોય તો પછી એને ઘીના ઘડાનો આરોપ અને વ્યવહાર કહેવામાં આવે છે. પણ વસ્તુ જ જ્યાં નથી તો એને વ્યવહાર કોનો કહેવો? એવા છોકરાય પાક્યા છે હમણાં. પંડિત સામે મોટા ૬૦-૬૦ વર્ષના. અમારે હીરાભાઈ એમ છેને. કહો, સમજાણું કાંઈ? એમાં શું, આત્મા છે ન્યાં બાળક અને જુવાનિયા લાગુ ક્યાં પડે છે. કેમ દિપીલ! લ્યો આ દિલીપ આવ્યો છેને આપણો. એને ૧૪મું બેઠું. ...૧૧મી ગાથા ચાલતી હતી ત્યારે બોલતો હતો ઓ..હો..હો..! આ આવી વસ્તુ કેમ લોકોને બેસતી નથી? એ.. ગુલાબચંદભાઈ! આ દિલીપ છે, જાધવજીભાઈનો પૌત્ર. એના બાપ પણ આવ્યા છે. આવી વસ્તુ બેસતી નથી? દોઢ વર્ષ પહેલા હોં! અને આવી વાત સાંભળે ઈ ભાગ્યવાન છે. ભાગ્યવાનને મળે આવી સાંભળવાની. સમજાણું કાંઈ? એમાં શું પણ આત્મા છે એમાં. આઠ વર્ષે આત્મા કેવળજ્ઞાન પામે. એમાં તાકાત છે એટલી ... વસ્તુ છે ત્યાં..

એકલો જેનો જ્ઞાયક જ્ઞાનસ્વભાવ ભાવ છે એ તો અનંતી કેવળજ્ઞાનની પર્યાયનો પિંડ અને સ્વભાવ છે. કેવળજ્ઞાન તો એના ગુણની અપેક્ષાએ અનંતમા... અનંતમા... અનંતમા ભાગે રહી ગયું. આહા..હા..! કેવળજ્ઞાન એક જ્ઞાયકભાવના ગુણના ભાવથી.... પારિણામિકભાવ છે આખો, જ્ઞાયકભાવ જે જ્ઞાનભાવ આખો એની અપેક્ષાએ કેવળજ્ઞાન તો અનંતમા અનંતમા

ભાગે છે.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ઈ તો કેવળજ્ઞાનની સિદ્ધિ કરી છે ત્યાં. સવારે આવ્યું નહોતું? ઈ આવ્યું હતું. વ્યવહારનયથી કેવળજ્ઞાન છે. સાદિ અનંત અનંત અતીન્દ્રિય સ્વભાવવાળા સદ્ભુત વ્યવહારનયથી. સદ્ભુત વ્યવહાર આવ્યું હતું કે નહિ? ઈ તો બરાબર છે. વ્યવહારનય છે ઈ, નિશ્ચય નથી. કેવળજ્ઞાન નિશ્ચય નથી. એઈ..! આહા..હા..!

ત્રણ લોકનો નાથ જ્ઞાયકભાવ જેના સ્વભાવનું સામર્થ્ય જેનું એક એક શક્તિનું અનંતુ, એવી એવી અનંત શક્તિનું અનંત સામર્થ્યરૂપ વસ્તુ એની શું વાત! એવો સત્યાર્થ પદાર્થ એની દૃષ્ટિથી. એ '**દ્રવ્યષ્ટિ શુદ્ધ છે,...**' કહો, સમજાણું કાંઈ? '**અભેદ છે,...**' દ્રવ્યદૃષ્ટિમાં ઓલુ ગૌણ છે ત્યારે દ્રવ્યષ્ટિએ શુદ્ધ છે, અભેદ છે. અભેદ વસ્તુ એકરૂપ ચૈતન્યદ્રવ્ય. જેની દૃષ્ટિમાં અભેદપણું ભાસે છે. એવી એ વસ્તુ છે. સમજવા માટે ભાઈ એને પ્રયત્ન (જોઈએ). આ તો મૂળ ચીજ છે.

ઓલા વળી એમ કહે, તુલસી... અમારા ...સ્વામીએ કહ્યું છે કે, ત્યાગ તે ધર્મ છે અને ભોગ તે અધર્મ છે. શેનો પણ ત્યાગ? આ બહારનો ત્યાગ કરે.. આહા..હા..! મૂળ તો એને ઈ કહેવું છે પણ ક્યાં ભાન છે બીજું. એનામાં આચાર્ય ... ખરોને. એમાં ક્યાંક છે ખરું. વીરમાં હશે, વીરનું છેને એમાં હશે. ત્યાગ તે ધર્મ અને ભોગ તે અધર્મ. પણ ત્યાગની વ્યાખ્યા? મિથ્યાત્વનો ત્યાગ તે ધર્મ અને રાગનો ભોગ તે અધર્મ. આ તો આ બહારથી ત્યાગ કરીને સાધુ થયા ને આ લુગડા છોડ્યા ને આ કર્યું ઈ ત્યાગ. ક્યાં છોડ્યા છે? બધા ગ્રહણ કર્યા છે મિથ્યાત્વને. આહા..હા..! એક રાગને પણ ગ્રહણ કર્યો એણે લોકાલોકને ગ્રહણ કર્યો છે. સમજાણું કાંઈ? એવી વાત છે, ઝીણી વાત છે ભાઈ.

કહે છે કે, દ્રવ્ય એટલે વસ્તુ પોતાની. લ્યો દ્રવ્યદૃષ્ટિ. વળી એક કહેતો હતો કે, દ્રવ્યદૃષ્ટિ તે પૈસાદૃષ્ટિ, વ્યવહારદૃષ્ટિ અહીં ક્યાંથી આવી? એક જણો આવ્યો હતો થાનથી. થાનમાં છેને પોટરી. એક પોટરીવાળા કાલે આવ્યા હતા, આ રતિભાઈના. ગંગાબેનના ભાઈ તરીકે કહેવાતા. આવ્યા હતા. નરમ માણસ હતો. પોટરી મારી છે થાનમાં. ... આમ તો દેરાવાસી. નહિ? દેરાવાસી. તમે જ કીધું હતું, નહિ? ગંગાબેનને બેન તરીકે કર્યા છે એણે. માણસ નરમ. મેં કીધું, પોટરી-બોટરીનું હું કરું છું ઈ અભિમાન છે. સાચી વાત છે, કહે. પોટલા કર્યા. પોટરી અમે ચલાવીએ છીએ. આહા..હા..!

અહીં તો કહે છે, વસ્તુ જ્ઞાયક ભાવ ત્રિકાળ સત્નું સત્ત્વ. આત્માનો ભાવ કહેવો છેને. ઓલો ભાવ આત્માનો નથી અને આ આત્માનો જ્ઞાયક ભાવ એ ત્રિકાળ ભાવ છે. એમ. વસ્તુનો જ્ઞાયક ભાવ એ ત્રિકાળ ભાવ છે અને અશુદ્ધતા એ ક્ષણિક ઉપાધિનો કલ્પીત આરોપીત

ભાવ છે. કહો, સમજાણું કાંઈ? અભેદ છે, દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે અને દ્રવ્યદૃષ્ટિમાં વસ્તુ અભેદ છે. એમાં આવા ભેદ પ્રમત્ત-અપ્રમત્તના નથી, ગુણસ્થાનના ભેદ એમાં નથી. '**નિશ્ચય છે,...**' લ્યો ઠીક. વસ્તુ દૃષ્ટિ તે જ સત્ય નિશ્ચય છે એટલે એ જ ખરેખર છે. એમ. ઓલામાં વ્યવહાર હતોને સામે. આ નિશ્ચય છે. વસ્તુ ભગવાન આત્મા પૂર્ણ ધ્રુવ એ દૃષ્ટિ તે શુદ્ધ છે, એ વસ્તુ શુદ્ધ છે ને અભેદ છે ને વસ્તુ પોતે નિશ્ચય છે, વસ્તુ પોતે નિશ્ચય છે ઈ. આહા..હા..! અને એની દૃષ્ટિ પણ નિશ્ચય છે. '**ભૂતાર્થ છે,...**' એ દ્રવ્યદૃષ્ટિ શાશ્વત ભાવના અર્થને ભાવને પ્રગટ કરે છે. છતા ભાવને. ભૂત નામ છેતો, છતો એટલે હયાતીવાળો એવા અર્થને--ભાવને પ્રગટ કરે છે માટે તે ભૂતાર્થ છે. આહા..! સમજાણું આમાં?

શું કહેવાય છે? સમજાય છે? આ બેની વચ્ચે આંતરો પાડ્યો. છે બેય, પણ એક યથાર્થ છે અને એક અયથાર્થ છે. યથાર્થ અર્થ છતો ભાવ. એક અયથાર્થ, અછતો ભાવ એનામાં છે નહિ. '**ભૂતાર્થ છે, સત્યાર્થ છે,...**' લ્યો! આ એને ખૂંચે છે. ભૂતાર્થ અને સત્યાર્થ કહેવું ઠીક પડે નહિ. આવાને આવા. આ પંડિતના બધા તકરાર ઉઠાવી. એને અભૂતાર્થ કહ્યો છે, અસત્યાર્થ નથી કહ્યો. કુંદકુંદાચાર્યે... આ તો ગૃહસ્થોએ કહ્યો છે. પછી આમાં નાખ્યું છે. જયસેનાચાર્યમાં છે. નાખ્યું, બધું નાખ્યું છે, એમાંથી નાખ્યું છે, ટોડરમલનું નાખ્યું, પુરુષાર્થસિદ્ધિ... વ્યવહારનય સત્ય સ્વરૂપ પ્રરૂપતો નથી. જેમ ખોટો માણસ છળ પકડીને કાંઈકનું કાંઈક કરે. એ બધું નાખ્યું છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયનું નાખ્યું છે.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- હા, જૂઠું મોટું ઝાડ બતાવી દે. એક પીછું પણ ન હોય ત્યાં આખો મોર ખડો કરી દ્યે. એમ વ્યવહાર કાંઈ ન હોય એમાં મોટું રૂપ આપી દે. ઓ..હો..હો..! એ વ્યવહાર જૂઠો છે. સત્યદૃષ્ટિ તે સાચી છે, એ વસ્તુ સાચી છે અને દૃષ્ટિ પણ સાચી છે. ઓલી દૃષ્ટિ જ ખોટી છે અને વસ્તુ પણ ખોટી છે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- દૃષ્ટિ સાચી પણ પર્યાય કે દ્રવ્ય?

ઉત્તર :-- દૃષ્ટિ પર્યાય. પણ પર્યાયદૃષ્ટિ જે છે એ સાચી છે અને પર્યાય પણ સાચી છે. અહીં પર્યાય ભેગી લેવી છેને. સમજાણું કાંઈ? કહે છેને, ખુલાસો કરશે જુઓ. કહેશે. '**આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે.--આ શુદ્ધનયનો વિષય છે.**' છેને અંદર? આવે છે. એ અપેક્ષા... આહા..! સમજાણું કાંઈ? આવી ધર્મની વ્યાખ્યા અને આ પ્રરૂપણા ભારે. ઓલી વાત બહારની હોય તો માણસને કેવી ગોઠે, આહા..હા..! વિદ્યાનંદજીનું અત્યારે જુઓ તો આમ આહા..હા.. હો..હો..! એઈ..! સાંભળ્યું છે કે નહિ તમે? ઉજ્જૈનમાં જવાના છે પણ કેટલી તૈયારી એના પહેલા. જૈન માણસ ઉછળી ગયું હતું સ્વાગતમાં. આ તો જાણવાની વાત છેને. આહા..હા..! આવો માર્ગ એ સાંભળવા મળવો મુશ્કેલ. કોઈની સાથે આમાં સમન્વય

થાય એવું નથી. ઈ બધા વખાણ કર્યા છે. સાધુ જાતના આવે, ભેગા થાય. કેટલો સંપ ને કેટલી ધર્મની શોભા! ભારે ભાઈ. અહીં તો રાગની સાથે મેળ નથી આત્માને તો પરની સાથે તો મેળ ક્યાં છે? હેં? શુભ રાગ જે છે ભગવાનની ભક્તિનો, શાસ્ત્રને માનવાનો એવા રાગની સાથે પણ જીવને સમન્વય-મેળ છે નહિ. આહા..હા..!

એ વાત તે '**સત્યાર્થ છે,..**' એ '**પરમાર્થ છે.**' ઓલો ઉપચાર હતોને? ઓલો ઉપચાર છે અને આ ખરેખર પરમાર્થ છે. ભગવાન જ્ઞાયકસ્વરૂપ જેનો આશ્રય કરવાથી સમ્યક્ સત્યાર્થ, સત્યાર્થનો આશ્રય કરવાથી સત્યદૃષ્ટિ પ્રગટે તે જ પરમાર્થ છે. કહો, સમજાણું કાંઈ? '**માટે આત્મા જ્ઞાયક જ છે;...**' સરવાળો લીધો. માટે આત્મા જ્ઞાયક જ છે. પ્રમત્ત-અપ્રમત્ત અને શુભાશુભ ભાવ નથી. લ્યો. '**તેમાં ભેદ નથી...**' જોયું? જ્ઞાયક જ છે ત્રિકાળ ભગવાન અભેદ ચૈતન્યમૂર્તિ એ જ્ઞાયક જ છે એમાં ભેદ નથી. '**તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી.**' હજી ઓલામાં આવશે પછી નાખશું હોં! આત્મા જાણે અને આત્મા કર્તા ને... આવ્યા ને બે? ઈ આવશે, પછી આવશે. ચોથા બોલામાં છેને ઈ. કહો, સમજાણું આમાં? આહા..હા..!

અહીં તો હવે આવે છે ''**જ્ઞાયક' એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે...**' એટલે કે જ્ઞેય જે રાગાદિ પરપદાર્થને જાણે છે એવું જ્ઞાયક નામ પણ પરને જાણવાથી નામ આપવામાં આવે છે. જુઓ, જાણવાની પર્યાય લીધી ભેગી. એકલું દ્રવ્ય ધ્રુવ ધ્રુવ નહિ. ચોથા બોલની વાત ચાલે છે. આત્મા આત્માને જાણે અને આત્મા આત્માનો કર્તા ને આત્મા એનું કર્મ. એકલો ધ્રુવ એમ નહિ. ધ્રુવ તો એનો દૃષ્ટિનો વિષય ધ્રુવ. પણ દૃષ્ટિ થઈ એ ક્યાં ધ્રુવ છે. દૃષ્ટિનો વિષય ધ્રુવ, પણ દૃષ્ટિ થઈ એ ધ્રુવ ક્યાં છે. અધ્રુવ પર્યાય છે. એ.. જેઠાભાઈ! '**જ્ઞાયક' એવું નામ પણ...**' જાણનાર એમ આવ્યુંને, જાણનારો, એમ કહ્યું. જ્ઞાયક--જાણનાર '**એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે...**' સમજાણું કાંઈ?

આમાં કોઈ એમ કહે કે, જાણવાનું નામ પણ જ્ઞેયને જાણતા જ્ઞેય પોતે પણ જ્ઞેય છે એ અહીં નથી વાત. સમજાણું કાંઈ? પોતે સ્વજ્ઞેય છે. જાણનારની પર્યાય સ્વજ્ઞેયને જાણે એવું પણ એમાં છે. એ અહીં નહિ. આ તો ઓલા શુદ્ધાત્મા પર્યાયને જાણે છે. જાણે છેને? જાણનાર તો બધાને જાણે છે કે નહિ? સમજાણું કાંઈ? '**જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે કારણ કે...**' હવે આવ્યું. '**જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે...**' રાગ અને શરીરાદિની ક્રિયાઓ થતી જ્ઞાનમાં જાણવામાં--ઝળકે એટલે જાણવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞેયનું પ્રતિબિંબ એટલે કે જેવું જ્ઞેય છે એવું જ અહીં જ્ઞાનમાં જાણવામાં આવે છે. એમ પ્રતિબિંબ. જે ચીજ હોય એવી આમાં દેખાયને? વીતરાગનું પ્રતિબિંબ કોને કહીએ? કે, જેવા વીતરાગ હોય એવી મૂર્તિ હોય તો પ્રતિબિંબ કહેવાય. બિંબ જે ભગવાન

વીતરાગમૂર્તિ એની જેવું સામે હોય તો પ્રતિબિંબ કહેવાય, નહિતર તો એને પ્રતિબિંબ પણ કહેવાય નહિ. ભગવાનની મૂર્તિની માથે શું કહેવાય આ? મુગટ ચડાવે ને રૂપાના ખોળા ચડાવે ને.

મુમુક્ષુ :-- ઈ તો રાજાને ચડાવે છે.

ઉત્તર :-- અહીં ક્યાં રાજા છે, અહીં તો આમ બેઠા છે.

મુમુક્ષુ :-- રાજા પણ કોઈક વાર એમ કરે.

ઉત્તર :-- એમ બેસતા હશે ધ્યાન કરીને? લુગડા સહિત? કો'ક સહિત ઈ તો ગૃહસ્થાશ્રમમાં. આ તો કેવળજ્ઞાન સહિતની મૂર્તિ છે. ઓલો નથી આવતો એક જણો? કીધુંને, એક જણાની વાત થઈ ત્યારે આવ્યો હતો. શાંતિસાગર ત્યારે પછી તમે એમ કહો કે, એવા પ્રતિમાને રથમાં શું કરવા બેસાડો છો? ભગવાન રથમાં બેસે? આવા કેવળજ્ઞાની? એમ પ્રશ્ન કર્યો હતો. એણે બિચારાએ કર્યો હતો. શાંતિસાગર, ...ના શિષ્ય જુવાન છેને, જુવાન હતા. ઘણા વખત.. મારે તો અહીં નાખવું છે નવું. આપણે કંઈ ... તમે કહો છો, તમારે માટે મને ઠીક લાગે છે. આપણે કંઈ ... કંઈક મારતો હતો ગપ્પા. અહીંથી વરતેજ ગયા, ... તરત. બોલવું-ચાલવું એટલે લોકો માને કે, ઓહો..! અંદરમાં કાંઈ ન મળે. હું કાંઈ માનતો નથી. એવી વાત ગજબની વાત! એક તો બીજી ઊંડી કરી ગજબની વાત.

અહીં કહે છે, જ્ઞાયક... એવું '**જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે.**' જેવો સામે રાગ હોય, જેવી શરીરની ક્રિયા હોય તેવું જ્ઞાનમાં જણાય છે. અનુભવાય છે એનો અર્થ જાણાય છે. સમજાણું કાંઈ? તેવું જ જ્ઞાનમાં અનુભવાય છે. તોપણ ભગવાન આત્મા જ્ઞાયકને જાણતી પર્યાય જે પ્રગટી એ પર્યાયમાં વ્યવહારનું પણ જ્ઞાન આવે છે, એમ કહે છે. દયા, દાન, વ્રત આદિના વિકલ્પ ઉઠે છે એનું અહીં જ્ઞાન તેવું જ જાણવામાં આવે છે. જેવું છે એવું જાણવામાં આવે છે. જ્ઞાન કોને કહીએ? એવું જ જાણવામાં આવે. એવું જાણવામાં આવતા છતાં,... '**તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી...**' એ પર જાણવામાં આવ્યું માટે પરની અપેક્ષા આવી માટે એને અશુદ્ધતા છે એમ છે નહિ. આહા..હા..! ભારે વાતું ભાઈ.

જે જ્ઞેયનું પ્રતિબિંબ જાણે તે જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જ્ઞેયકૃત અશુદ્ધતા નથી. એની અપેક્ષાએ આ જ્ઞાન થયું છે અને ઈ છે માટે થયું છે. (એમ નથી) આહા..હા..! વ્યવહાર છે અંદર રાગાદિનો ભાવ માટે તેનો અહીં જ્ઞાનની પર્યાયમાં તેનું જ્ઞાન થયું છે એમ નથી. પોતાની પર્યાયમાં, પોતાના અસ્તિ ત્રિકાળી સ્વભાવનો આશ્રય લઈને જે જ્ઞાન થયું એ જ્ઞાનમાં પરજ્ઞેય જે જણાય છે એ પર્યાયનું પોતાનું અસ્તિત્વ છે, એ પર્યાયરૂપ પોતાની હયાતી છે. એની હયાતીના સત્ માટે રાગની હયાતીથી આ સત્ છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

...ભાઈ!

એ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. કેમ? **'જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું...'** જેવો વિકારનો ભાવ તે પ્રકારનો શરીરની ક્રિયા એ જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું, એ જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું. ભાષા. ભાષા શું કહે? એ જ પ્રકારે જણાયું. જ્ઞેયાકાર જેવું છે જ્ઞેય એ જ સ્વરૂપે અહીં જ્ઞાન થાય. રાગને જાણતો એમ થાય કે આ દ્વેષને જાણે છે એમ થાય? વ્યવહારને દયા, દાનના પરિણામને જાણતો આ એમ કહે પાપના પરિણામ છે એમ જાણે? એ તો જેવા પરિણામ પુણ્યના કે પાપના હોય તે પ્રકારે જ્ઞાન જાણે. આહા..હા..!

**'જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું...'** પ્રતિભાસિત છેને? જેવું ત્યાં છે એવું જાણ્યું. જેવું ત્યાં છે એવું ભાસિત થયું. એમ. જ્ઞાનમાં જ્ઞેય પ્રતિ જેવું જ્ઞેય છે તેવું અહીં ભાસિત થયું. જેવો વ્યવહાર છે તેવું અહીં જ્ઞાન થયું. **'તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં...'** પણ એ જ્ઞાયકનો અનુભવ કરતા, લ્યો આવ્યું હવે આ. જ્ઞાયકનો એટલે ત્રિકાળીની વાત નથી. એ જ્ઞાયકની પર્યાયનો આ પર્યાય મારી એમ અનુભવ કરતાં જ્ઞાયક છે. એ તો પોતાનો પર્યાયનો અનુભવ કરતા જ્ઞાયક છે, પરનો અનુભવ કરતા જ્ઞાયક છે એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? પર્યાયની વાત છે આ જ્ઞાયકમાં. વજુભાઈ! ચંદુભાઈ! વાત તો સ્પષ્ટ થવી જોઈએને.

જ્ઞાયકભાવ ચૈતન્ય ઝળહળ જ્યોતિ એવી વસ્તુ એનું જ્ઞાન થયું. તે કાળે પણ તે જ્ઞાનની પર્યાયનો એવો સ્વભાવ છે કે, જે સામે જેવો રાગ હોય, વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એમ જે આવે છે એનો અર્થ ઈ કે તે કાળે જ્ઞાનની પર્યાય જેવો વ્યવહાર હોય તેવું જાણતું જ્ઞાન પ્રગટ થાય છે. રાગ ત્યાં પ્રગટ થાય અને અહીં એને જાણતું જ્ઞાન એ થાય પછી જાણતું એમેય નહિ. સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ આવો. આહા..! ઓલા (તો કહે) સુધારા કરો, આમ કરો, ફલાણું કરો. કાંઈ ધૂળેય કરી શકે નહિ, સાંભળને હવે. આહા..હા..!

રાગનું અસ્તિપણું આત્મામાં માનતા ભ્રમ અજ્ઞાન થાય છે. રાગનું અસ્તિપણું આત્મામાં માનતા મિથ્યાત્વ થાય છે. અને તેથી રાગનો કર્તા થતાં તે મિથ્યાદ્દષ્ટિ થાય છે. પણ અહીં તો રાગ આવ્યો એનું જ્ઞાન, જે સમયે જે રાગ આવ્યો તે સમયે તે જ્ઞાનની પર્યાય રાગ થયો માટે જાણ્યું એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે બહુ ઝીણો. પણ અહીં તો હવે આ ૧૭મી વાર ચાલે છે. બહાર આ બધું ન ચાલે એકસાથે. ઉગ્રસેનજી!

કહે છે કે, એ જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું. પ્રતિભાસિતની વ્યાખ્યા શું? જેની આમાં જ્ઞાનની જ એવી યોગ્યતા છે કે, જેવું જ્ઞેય હોય એવું જ ભાસે. પણ એવું ભાસે નહિ તો શું બીજું ભાસે? પણ તેથી તે... **'તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં,...'** એની પર્યાયનો અનુભવ કરતાં એ જ્ઞાયક જ છે. એ કંઈ પર જ્ઞેયકૃતને કારણે જ્ઞાયક થયો છે પર્યાયમાં

એમ છે નહિ. **'જ્ઞાયકનો જ અનુભવ કરતાં...'** જાણનારની દશાનો અનુભવ કરતાં, જાણનારની દશાને જાણતા **'જ્ઞાયક જ છે.'** જાણનાર છું, જાણનાર છું. રાગનો પણ જાણનાર નહિ. હું તો જાણનાર પર્યાયનો જાણનાર છું. આવું છે. ભારે આકરું કામ.

**'આ હું જાણનારો છું તે હું જ છું,...'** એમ. આ હું જાણનારની પર્યાયવાળો તે હું છું. હું રાગાદિવાળો છું એમ છે નહિ. આ હું જાણનારો છું. કોને? ઓલા રાગાદિને જાણવાની પર્યાયવાળો છું. એમ. વ્યવહારના જાણવાની પર્યાયવાળો છું, આ હું જાણનારો છું તે હું જ છું. એ મારી જ્ઞાનની પર્યાય તે હું છું. કહો, સમજાણું કાંઈ? રાતે (પ્રશ્ન) કાઢજો. ... ખુબ કાઢે છે. આ હું જાણનારો છું. જાણનારો છું એટલે ધ્રુવ એમ નહિ. રાગ સંબંધીના જ્ઞાનને હું જાણનારો છું. **'તે હું જ છું, અન્ય કોઈ નથી...'** એ જાણવાની પર્યાય મારાથી ભિન્ન છે નહિ અને ભિન્નને જાણું છું એમ પણ નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ. ખુલાસો કરે છે.

**'એવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો ત્યારે...'** એવો પોતાને પોતાનો જ્ઞાનની પર્યાયનો અભેદ દ્રવ્ય સાથે અનુભવ થયો ત્યારે. શબ્દે શબ્દનો ખુલાસો કરવો જોઈએને. પાછો. ... એવો પોતાને પોતાનો અભેદ પર્યાયની ભિન્નતા વિના અભેદ અનુભવ થયો **'ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે.'** લ્યો! ખુલાસો આવ્યો. એ જાણવારૂપ ક્રિયા છે પર્યાય. સમજાણું કાંઈ? પહેલા તો જુઓને પુસ્તક પણ સામા નહોતા અને મુનિઓ વાત કરતા હોય તો અધ્ધરથી બુદ્ધિવાલો હોય તો ધારી લ્યે. આ તો હવે બુદ્ધિ ઘટી (એટલે) સામે પુસ્તક આવ્યા. હેં? એને ક્યા શબ્દનો ક્યો અર્થ છે ઈ સમજવો હોય તો એમાંથી નીકળે. ઓલું તો અધ્ધરથી કહી દે, ફટ ફટ ફટ. ઈ તો બુદ્ધિવાળા હોય ઈ ધારી શકે. સમજાણું કાંઈ? એથી આ સહેલું થયું એમ નહિ હોં! બુદ્ધિની પકડવાની મંદતા બતાવે છે. (બહારના) નિમિત્તોની વધારે જરૂર પડે ત્યારે એનો અર્થ કે એની બુદ્ધિમાં (મંદતા છે). આહા..હા..!

હું જાણવાની ક્રિયાનો કર્તા છું. જાણવાની ક્રિયા એ પર્યાય છે. વ્યવહાર જે રાગાદિ થયો તેને જાણવાનો પર્યાય એ મારો એ જાણવાની ક્રિયાનો હું કર્તા છું. સમજાણું કાંઈ? ક્રિયાનો કર્તા પોતે જ છે, એ ક્રિયાનો કર્તા પોતે જ છે. વ્યવહાર હતો માટે જ્ઞાનની ક્રિયા થઈ એમ નથી. **'અને જેને જાણ્યું તે કર્મ પણ પોતે જ છે.'** જેને જાણ્યું એ કાર્ય. જ્ઞાનને જાણ્યું પર્યાયને એ પણ હું જ છું. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૫, મંગળવાર, તા. ૭-૧૨-૧૯૭૧
## ગાથા-૬, પ્રવચન-૩૨

સમયસાર, છઠ્ઠી ગાથા એનો ભાવાર્થ. ચોથો બોલ છેને ચોથું પદ એની વ્યાખ્યા ચાલે છે. અહીંથી લ્યો ફરીને. જુઓ! '**'જ્ઞાયક' એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે.**' છે? પહેલું તો એમ કહ્યું, કે ભગવાન આત્મા ધ્રુવ જ્ઞાયક ભાવ એનો જ્ઞાયક ભાવ તે એનો સ્વભાવ છે. એવા જ્ઞાયક ભાવમાં શુભાશુભભાવ જે કર્મના નિમિત્તથી ઉપાધિરૂપ (થતા) ભાવ એ રૂપે એ જ્ઞાયક ભાવ થતો નથી, પરિણમતો નથી, હોતો જ નથી. વસ્તુ, જ્ઞાયક વસ્તુ ત્રિકાળ ચૈતન્યસત્તા એ પુણ્ય અને પાપને ઉત્પન્ન કરનારા એવા શુભ અને અશુભભાવ એ રૂપે એ દ્રવ્ય થતું નથી. તેથી તેને પ્રમત્ત ને અપ્રમત્ત કહેવામાં આવતું નથી. સમજાણું કાંઈ?

ત્યારે કહે છે, એ જ્ઞાયક એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે. જ્ઞાયક એવું જે કહેવામાં આવે છે એ પણ એને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે. આ રાગ છે, આ શરીર છે એવું જ્ઞાનની પર્યાયમાં જાણવામાં આવવાથી જાણનાર છે આ એમ કહેવામાં આવે છે. '**કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે...**' ભગવાન આત્મા ત્રિકાળી જ્ઞાયક ભાવમાં નહિ, પણ એની પર્યાયમાં--અવસ્થામાં રાગ, શરીરાદિ પરપણે જણાય છે. જ્ઞાનમાં જેવું છે એવી ચીજ અંદર જણાય છે '**ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે.**' જ્ઞાનની પર્યાયમાં જેવો રાગ અને શરીરાદિની ક્રિયા થાય તે જ પ્રકારે જ્ઞાનની પર્યાય જાણવામાં આવે. સમજાણું કાંઈ?

'**તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી...**' વસ્તુ તો શુદ્ધ છે, ધ્રુવ છે અને એ જ દૃષ્ટિનો વિષય છે. સમજાણું કાંઈ? અહીંયાં જાણવાની પર્યાય જે થાય, રાગને, શરીરાદિને જાણવાની એ પર્યાય પણ પોતાની પર્યાય છે. એ કાંઈ જ્ઞેય રાગ છે, શરીર છે માટે જાણવાની પર્યાયનું પરિણમન અસ્તિત્વ છે એમ છે નહિ. સમજાણું કાંઈ? ઝીણું ભારે. તોપણ જેવો રાગ વ્યવહાર ને જેવા નિમિત્તો તે જ પ્રકારનું જ્ઞાન થાય તોપણ તેને જ્ઞેયની અપેક્ષાવાળું જ્ઞાન છે એવી અશુદ્ધતા એને લાગું પડતી નથી. સમજાણું કાંઈ?

'**કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું...**' જ્ઞાનની વર્તમાન પ્રગટ અવસ્થામાં જેવી રાગ ને શરીરાદિની ક્રિયાઓ છે એ પ્રકારે જ્ઞાનમાં જાણવામાં આવી તો કહે છે, '**જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસ થયું તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં...**' એ તો જાણનારની

પર્યાયવાળો હું છું એમ. હું તો જ્ઞાયક છું, હું કાંઈ રાગ ને વ્યવહાર નથી. **'જ્ઞાયકનો જ અનુભવ કરતા જ્ઞાયક જ છે.'** એટલે? **'આ હું જાણનારો છું...'** આ હું જાણનાર છું. **'તે હું જ છું,...'** મારા જ્ઞાનની પર્યાયમાં જાણવાની જે પર્યાય થઈ તે હું છું, એ કાંઈ બીજી ચીજ નથી. સમજાણું કાંઈ?

જ્ઞાયક તે હું જ છું. વસ્તુ તો હું છું ધ્રુવ પણ જાણવાની પર્યાયમાં રાગાદિ જણાણા એ રાગાદિ હું નથી. હું તો એનો જાણનાર એવો જ્ઞાયક છું. સમજાણું કાંઈ? હું આ હું પ્રત્યક્ષ મારી પર્યાયમાં પર્યાયને હું જાણનારો તે જ હું છું. એ જાણવાની પર્યાય થઈ તે હું છું. રાગ અને વ્યવહાર હું છું એમ છે નહિ. **'અન્ય કોઈ નથી...'** જાણવાની પર્યાય થઈ તે હું જ છું, એ પર્યાય કોઈ અન્ય ચીજ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે આવું. આ ધર્મના પાળનારને આ બધું સમજવું પડશે એમ કહે છે. સમજાણું કાંઈ? ધર્મ એટલે? આ સુખી થવું હોય એને આ બધું સમજવું પડશે. કહો, સમજાણું કાંઈ?

હું આ જાણનાર છું, જાણવાની અવસ્થા એ મારી છે, એ હું છું, એ હું છું. રાગાદિ ને નિમિત્ત છે એ હું નથી. ઘણો આટલો તો ખુલાસો કર્યો છે પણ છતાં હજી માણસને નિમિત્તથી થાય ને વ્યવહારથી થાય ને... એ.. પંડિતજી! શું શીખ્યા હતા તમે અત્યાર સુધી? આહા..હા..! ચૈતન્ય ભગવાન જ્ઞાયક ભાવ એ વસ્તુ. હવે એ વસ્તુ શુભાશુભપણે પરિણમી નહિ. પણ હવે પરિણમી છે શું એ વાત કરે છે ભાઈ! સમજાણું કાંઈ? જ્ઞાયક ભાવ ચૈતન્યમૂર્તિ પ્રભુ ધ્રુવ અસ્તિ અવિનાશી ભાવ એ કંઈ પુણ્ય અને પાપના ઉત્પન્ન કરનારા એવા શુભ ને અશુભ રાગપણે કોઈ દિ' વસ્તુ થઈ નથી. પણ એનું પરિણમન જે થયું એ રાગરૂપે થયું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો જાણવાની પર્યાયપણે હું છું તે રૂપે હું પરિણમ્યો છું. સમજાણું કાંઈ? જ્યારે શુભાશુભ રૂપે પરિણમ્યો નથી, દ્રવ્ય તો થયું નથી એટલે પર્યાયમાં એ છે જ નહિ એમ, હવે ત્યારે છે શું પર્યાયમાં? એ શુભાશુભભાવ થયા એ તો પુણ્ય-પાપના ઉત્પન્ન કરનારા હતા એ હું નહિ, એમ એ રૂપે નથી, ત્યારે એ સંબંધીનો જ્ઞાયક જાણનાર એમ કહ્યો હતોને? એ તો જાણનાર છે. પણ જાણવાની જે અવસ્થા થઈ એમાં એ વ્યવહાર જણાણો પણ એ વ્યવહાર તે હું નહિ પણ એની જાણનારની પર્યાય તે હું છું. આવું ભારે ઝીણું. લાદીમાં આવું કાંઈ સમજવું પડતું હતું? પથરામાં શું સમજવું પણ ન્યાં? પથરા ક્યાં... આહા..હા..!

આ તો ચૈતન્યમૂર્તિ હળવોફૂલ જેવી ચીજ છે. કહે છે કે, એની પર્યાયમાં જાણનાર છે એમ ધ્વનિ ઉઠે છેને. પરને જાણનાર છે, પરને જાણનાર છે એમ આવે છે ને એમાં? ના. પર સંબંધીની જે અસ્તિત્વતા છે એ પોતાના જ્ઞાન પરિણમનમાં, પોતાના અસ્તિત્વમાં સ્વ અને પરનું પરિણમન થયું એ હું છું. વ્યવહાર અને નિમિત્ત હું છું નહિ. આહા..હા..!

સમજાણું કાંઈ? એ.. પ્રવિણભાઈ! આ પહેલાવહેલા આવ્યાને હમણા આ છઠ્ઠીમાં રવિવારે તાવ આવ્યો હતો. કહો, સમજાણું આમાં? ભારે વાત ભાઈ! આવો માર્ગ ધર્મ વીતરાગનો. કેમ?

**'એવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો...'** એટલે કે જ્ઞાનની પર્યાયનું જે અસ્તિત્વ તે મારા આત્માની દશા છે એમ અભેદ અનુભવ (થયો), અભેદ જાણવામાં આવ્યું. આહા..હા..! ધીમે ધીમે તો ભાઈ કહેવાય છે પણ હવે... આહા..! એવો પોતાનો પોતાને-આત્માને, પોતાનો અભેદરૂપ જ્ઞાન પર્યાયની એકતારૂપ એ અનુભવ થયો. ઝીણું છે, દિલીપ!

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- નથી? અમારા ચંદુભાઈ કહેતા કે, બોલે છે બરાબર.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- એમ. એના બાપ આવ્યા છે કે નહિ? કહો, સમજાણું આમાં? આહા..હા..!

ભગવાન ચૈતન્યસ્વરૂપ ધ્રુવ જ્ઞાયક ભાવ એ વસ્તુ. હવે એને જાણનાર કહે છે તો આમાં જાણવાનું કાંઈક આવ્યું ખરું. શું આવ્યું? કે એની પર્યાય જાણવામાં આવી. સમજાણું કાંઈ? એ.. માવાણી! આવો છે ધર્મ, ભારે આકરો. આવો વીતરાગનો માર્ગ? વીતરાગ નહિ, વસ્તુનું સ્વરૂપ જ આવું છે. વીતરાગે તો જેમ છે તેમ કહ્યું છે, ન્યાં કર્યું છે કે દિ'? કો'કનું કર્યું છે કંઈ? આહા..હા..!

કહે છે, એ જાણવાની પર્યાયનું પરિણમન એ હું છું. કારણ કે, એ જાણનારો તે હું છું, કાંઈ રાગ તે હું છું નહિ. રાગે કાંઈ જાણ્યું નથી. રાગાદિ વ્યવહાર તો ખરેખર આ જીવના અપેક્ષાએ તો એ બધા અજીવ છે. અજીવ એટલે? આ બીજા સિદ્ધ ભગવાન આદિ જણાય પણ આની અપેક્ષાએ તે અજીવ છે. આ જીવ ક્યાં હતો ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? આ જ્ઞાન ત્યાં નથી બીજે, એવો જેવું જાણનાર એનું પરિણમન તે જ્ઞાનની પર્યાયને જાણું છું. એટલે એ તો હું છું. એ તો હું મને જાણું છું. આહા..હા..! અનુભવ થયો એટલે જ્ઞાન થયું ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે. આ ક્રિયા આવી. એઈ..! ચંદુભાઈ! ઓલો જ્ઞાયક નહિ ત્રિકાળ.

**'જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે...'** જાણનાર એ પ્રકાશ પર્યાય એની ક્રિયા બદલવું એનો કર્તા તો આત્મા છે. એનો કર્તા વ્યવહાર ને જે દયા, દાનના વિકલ્પ છે એ કર્તા આના આ પર્યાયમાં એમ નહિ. આહા..! સમજાણું કાંઈ? વ્યવહાર એ નિમિત્ત છે. નિમિત્ત સંબંધીનું જ્ઞાન થયું. પણ ઈ તો જ્ઞાન પોતાથી થયું છે. નિમિત્તની હયાતી છે માટે થયું છે એમ નથી. જ્ઞાયકભાવની હયાતી છે તે પરિણમીને જ્ઞાનરૂપ થયું છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! એક ગાથામાં તો કેટલું ભરી દીધું છે! કહે છે કે, એ જાણવારૂપ ક્રિયાનો

કર્તા. વ્યવહારનો કર્તા નહિ ને વ્યવહાર જ્ઞાનની પરિણતિનો કર્તા નહિ. આ તો વ્યવહારથી નિશ્ચય થાય એ વાત અહીં ઉડી જાય છે. એ વ્યવહાર હતો તો અહીં જ્ઞાનની પર્યાય થઈ એમ નથી. પોતાના જ્ઞાયક ભાવની સન્મુખનું પરિણમન જ્યાં થયું, એમાં રાગાદિ જાણવાના પરિણમનની પર્યાય જે જ્ઞાનની એ મારાથી થઈ છે, એ રાગથી થઈ નથી. આવું ભારે ભાઈ! આ સમયસાર કોઈ દિ' વાંચ્યું નહિ હોય, નહિ? ગુલાબચંદભાઈ! નવરા ઓલા ચોપડા ફેરવવા. આ ક્યાં નવરાશ હતી. આહા..હા..!

નિધાન ચૈતન્ય છે એની વાત છે. ભાઈ! તને તારી ખબર નથી. તું કેવડો? ક્યાં? કેમ છો? આહા..હા..! તું કેવડો? કેમ? ક્યાં છો? કે, હું તો જ્ઞાયક ભાવવાળો અને પરને જાણવાની પર્યાય જે પરને લઈને નહિ, મારાથી થઈ એમાં એ હું છું. સમજાણું કાંઈ? એ જાણવારૂપ ક્રિયા. જાણવારૂપ ક્રિયા એ પર્યાય છે. વ્યવહાર દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિનો વિકલ્પ એને જાણતું જ્ઞાન, એ જાણવાની ક્રિયાનો કર્તા આત્મા છે. એ જાણવાની ક્રિયાનો કર્તા ઓલો વ્યવહાર છે માટે કર્તા છે અને આ થયું છે એમ છે નહિ. આહા..હા..!

અહીં તો કહે છે કે, જિનની પ્રતિમા દેખવાથી વીતરાગતા થાય. હમણાં આવ્યું નહોતું? જિન પ્રતિમા.. કોઈ કહે કે, જડ અને ચૈતન્ય બે જુદા છે, એકબીજામાં પ્રવેશ કરતા નથી. એમ કહેતા હોય તો, નહિ. ભગવાનના દર્શન કરીએ તો વીતરાગતા આવે છે. ન્યાંથી આવતી હશે? ગાંડા તે પણ કાંઈ ગાંડાના ગામ જુદા હશે? એ.. પંડિતજી! પંડિત પણ ગાંડા? વીતરાગતા ત્યાંથી આવે છે. જુઓ! પ્રવેશ આવ્યો એમ કહે. અરે..! ભગવાન ન્યાં રહ્યા, તારી પર્યાય અહીં, ક્યાંથી વીતરાગતા આવતી હશે? આહા..હા..! સમજાણું કાંઈ?

એ વખતે દર્શનના જે ભાવ શુભ થાય એ પણ એનાથી થયા નથી. એ પ્રતિમા નિમિત્ત કર્તા ને શુભ પરિણામ એનું કર્મ એમ નથી. સમજાણું કાંઈ? પણ અહીં તો કહે છે કે, એ શુભભાવ થયા એ સ્વતંત્ર એનાથી થયા પર્યાયમાં. આ એનો જાણનાર પણ પોતે શુભભાવ છે તો જાણવાની પરિણતિની પર્યાયનું અસ્તિત્વ ઊભું થયું એમ નથી. જે કાળે જે પ્રકારનો રાગ ને દ્વેષ ને વાસના આવે તે જ પ્રકારે, તે સમયે, તે જ સમયે જ્ઞાનની પરિણતિ પોતાથી ઊભી થાય છે. સમજાણું કાંઈ? એ તો ચારિત્રગુણની વિપરીત પર્યાય છે. સમજાણું કાંઈ? અને તે કાળે જ્ઞાનની પરિણતિ પોતાથી ઊભી થઈને જાણે છે. એ જાણનારો હું, જણાય તે હું. સમજાણું કાંઈ? આ ન સમજાય ને ઝીણું છે એમ કાઢી નાખવું જોઈએ. પહેલેથી અડચણ આવે ઈ સમજવા ન દ્યે. પણ હું તો લોકાલોકને જાણનાર કેવળજ્ઞાનને પ્રગટ કરનાર મારી તાકાત છે. સમજાય છે કાંઈ? એ મારે કારણે પાછું એમ. લોકાલોક છે તો કેવળજ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ થાય છે એમ છે નહિ. એમ અહીં વ્યવહાર છે તો એને જાણવાની પર્યાયનું અસ્તિત્વ થાય છે એમ છે નહિ. આ તો સ્પષ્ટ વાત છે. આમાં કાંઈ કોઈ પક્ષ, પક્ષની

વાત છે? આવી વાત કરે સોનગઢવાળા. લ્યો! ભગવાન! તું શું કરે છે? ભાઈ! આનાથી વિરુદ્ધ કરે તો ઈ બરાબર, બરાબર. દેવીલાલજી!

જાણવારૂપ ક્રિયા. ક્રિયા થઈ આત્મામાં, જાણવારૂપ ક્રિયા થઈ. બદલ્યોને, પરિણમ્યોને? પહેલા સમયમાં બીજા રાગાદિ હતા તો તેનું જ્ઞાન પોતાને તે પ્રકારે પોતાથી (થયું). બીજે સમયે બીજો રાગાદિ હોય કે દ્વેષ આદિ હોય તો તે સમયે તે પ્રકારનું તે જ પ્રકારના જ્ઞાનનું પરિણમન એ ક્રિયાનો કર્તા હું છું. આ ધંધાનો કર્તા હું નહિ એમ કહે છે કપુરભાઈ! તમારે ત્યાં મોટું વખણાય છે. બલુભાઈ બ્રધર્સ. વાતું સાંભળીએ, આપણે ક્યાં જોવા ગયા છીએ. છ ભાઈઓ આમ છે ને તેમ છે. પાંચ-પાંચ, છ-છ લાખ રૂપિયા એક એક પાસે, મોટી કંપની. એવી વાતું લોકો કરે ઈ સાંભળી હોય. આપણે ક્યાં જોવા ગયા છીએ. કહો, સમજાણું કાંઈ? કાંઈ કરી શકે નહિ, હરામ કરતો હોય તો કહે છે. એ.. ગુલાબભાઈ! આહા..!

એ રાગ પણ તેનું કર્તવ્ય નથી જીવનું, સ્વરૂપનું. કારણ કે, કર્તા થાય તો તો રાગ ને આત્મા બે અભેદ થઈ જાય છે. તો આત્મા એવો છે નહિ. આહા..હા..! જુઓને! બંધ અધિકારમાં તો ત્યાં સુધી લીધું કે, ઉપયોગમાં રાગને કરે તો તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! પરિણમનમાં. વસ્તુ તો ઉપયોગસ્વરૂપ ત્રિકાળ છે પણ એના પરિણમનમાં જ્ઞાનના પરિણમનને ઠેકાણે એ પરિણમનમાં રાગને લાવે, વ્યવહારના વિકલ્પને લાવે... આહા..હા..! મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આવે છે કે નહિ? ભલે ત્યાં વાત કરી છે મુનિની અને બાહ્યમાં જેની શુદ્ધિ વિશેષ છે એને લીધા છે. બાકી તો ઉપયોગમાં રાગને લાવે, કરે તે મિથ્યાષ્ટિ. ઉપયોગમાં રાગને ન લાવતા રાગથી પૃથક રહીને રાગ સંબંધીનું જ્ઞાન પોતાથી પરિણમે તે જ્ઞાની છે, તે ધર્મી છે. આહા..! હવે આમાં શબ્દો આ બધા યાદ ક્યાંથી રહે. યાદ ક્યાં રાખવું હતું, આમાં તો વસ્તુ આ છે એનું તે સમયના તે કાળે જે જાણવાની પર્યાય પ્રગટ થાય છે એ જાણવામાં રાગાદિ જણાય એથી એ રાગાદિ જણાણા માટે રાગની અવસ્થા છે કે રાગથી થઈ છે એમ છે નહિ. આહા..હા..! ધર્મ કથા આવી? વીતરાગ ભગવાનની એવી કથા છે જુઓ! ભીખાભાઈ! આહા..હા..!

બાપુ! તારા રસ્તા, તારું હોવાપણું તદ્દન ભિન્ન છે એમ કહે છે. શરીર, વાણી, મનથી તો ભિન્ન છે પણ શરીર પ્રત્યેનો રાગાદિ થયો કે દયા, દાનના, વ્રતાદિના ભાવ થયા એ રાગથી પણ તું ભિન્ન છો. પણ તે રાગને કાળે, રાગને જાણતું જ્ઞાન એ પણ રાગથી ભિન્ન છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનના પર્યાયમાં જણાણું એ રાગ નથી જણાણો કહે છે, જ્ઞાન પર્યાય જણાણી છે. સમજાણું કાંઈ? કર્તા, '**ક્રિયાનો કર્તા પોતે જ છે...**' પોતે જ છે. એકાંત નથી થઈ જતું? એ સમ્યક્ એકાંત એ જ સત્ય છે. સમજાણું કાંઈ? આવા સમ્યક્ એકાંતના ભાનવાળાને જ અનેકાંતનું સાચું જ્ઞાન હોય છે. સમજાણું કાંઈ?

**'અને જેને જાણ્યું...'** અને જેને જાણ્યું, જેને જાણ્યું એટલે નિર્મળ પર્યાય જ્ઞાનની એને જાણ્યું એ કર્મ એટલે કાર્ય છે. આહા..હા..! એ કર્મ એટલે એનું કાર્ય છે. જાણનારે જાણ્યું તે ક્રિયાનો કર્તા જાણનાર છે અને જાણાણું એ કર્મ છે. ક્રિયા અને કર્તા બેય અભિન્ન છે. જાણ્યું તે કાર્ય જ છે, કાર્ય પણ પોતે જ છે. એ જાણવાની અવસ્થા થઈ એ પણ આત્મા જ છે. લ્યો, આ જ્ઞાયક કહ્યો. આ પર્યાય પોતે છે એમ કરીને ... સમજાણું કાંઈ?

જ્ઞાયક આત્મા વસ્તુની અસ્તિ, સત્તા હોવાપણે પરથી ભિન્ન એવું જ્ઞાયકનું ભાન થતાં તેની પર્યાયમાં રાગાદિ વ્યવહારનું જ્ઞાન થાય, તે જ સમયે થાય, તે સમયનું જ્ઞાન તે હું છું, એ મારું કાર્ય છે. કહો, સમજાણું કાંઈ? શરીર, વાણી, મન, ધંધા-ફંધાના કામ તો આત્માના અજ્ઞાનીનાય નથી. અજ્ઞાનીએ માનેલું રાગ મારું કાર્ય એ એની માન્યતાથી ઊભું થયું છે, સ્વભાવમાં છે નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! એ.. ...ભાઈ! આવો માર્ગ છે. લીંબડી. આ વીતરાગનું સ્વરૂપ છે. આહા..હા..! ભગવાન! તારું સ્વરૂપ જ જ્ઞાયક ચૈતન્યજ્યોત (છે). હવે એનું પરિણમન થાય તે સમયે તે તું પોતે જ છો. સમજાય છે કાંઈ?

**'આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે.'** જોયું સરવાળો લીધો ઈ. પર્યાયની શુદ્ધતા સહિતવાળો. જાણવામાં આવ્યું છેને કે આ છે. એવી પર્યાયની શુદ્ધતાવાળો તે હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? **'આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે.'** પર્યાયમાં શુદ્ધતા થઈ એટલે આ શુદ્ધ છે એમ જાણ્યું. પણ એ શુદ્ધતાની પર્યાય પણ મારી જ છે, મારાથી (થઈ છે) એ મારું કાર્ય અને એની ક્રિયાનો કર્તા હું છું. એવો જ્ઞાયકભાવ, **'આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે.--આ શુદ્ધનયનો વિષય છે'** આ અપેક્ષાએ કહ્યું છે હોં! સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :-- પર્યાય ભેગી કરી નાખી.

ઉત્તર :-- ભેગી કરી નાખી, અભેદ કરી. પર્યાયે જોયું જાણ્યું એને ને, માટે પર્યાય અભેદ કરીને શુદ્ધનય છે એમ કીધું. આહા..હા..!

એક કોર કહે કે, શુદ્ધનયનો વિષય નિત્ય અભેદ દ્રવ્ય છે. એક બાજુ કહે કે, શુદ્ધનયની પૂર્ણતા કેવળજ્ઞાન થાય ત્યારે થાય છે. એક કોર કહે કે, શુદ્ધની પરિણતિ સહિતનો આત્મા તે શુદ્ધનય છે. હીરાભાઈ! હેં? આસ્રવમાં આવે છે, આસ્રવમાં નહિ? બે ઠેકાણે આવે છે. ૧૭૮ ગાથા છેને? ૧૭૮ છેને? આસ્રવ અધિકાર. એ આવી ગયું લ્યો. ૨૮૪ પાનું છે ગુજરાતીમાં મારે હોં આમાં. **'સાક્ષાત્ તો શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે.'** (કળશ-૧૨૦નો ભાવાર્થ). અને આ બાજુ પણ છે ૨૮૫ પાને છેલ્લે. **'કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ શુદ્ધનય થાય છે.'** (કળશ-૧૨૧નો ભાવાર્થ). સમજાણું કાંઈ? ૨૮૪ પાનું. તમારે ઈ છે? છેલ્લી લીટી બેય, બેય છેલ્લી. અહીં કહે છે કે, સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન એટલે કે

હવે એને સ્વભાવ તરફ ઢળવાનું રહ્યું નથી ત્યારે એને શુદ્ધની પૂરી થઈ ગઈ એમ કીધું. સમજાણું કાંઈ?

અહીં કહ્યું કે, પર્યાયની નિર્મળતા સહિતનો જ્ઞાયક તે શુદ્ધનય છે. ૧૧મી ગાથામાં એમ કહ્યું કે, જે ત્રિકાળી છે તે શુદ્ધનય છે. ભૂતાર્થ જે ત્રિકાળ વસ્તુ હોં! પર્યાય પણ નહિ. કારણ કે પર્યાય તો વિષય કરનાર છે. સમજાણું કાંઈ? શુદ્ધનયનો વિષય (એમ પણ) નહિ ત્યાં. ત્રિકાળી દ્રવ્ય તે શુદ્ધનય. બીજી રીતે કહ્યું વળી ત્યાં આસ્રવમાં નથી આવતું? શુદ્ધનયથી ચ્યુત થાય. શુદ્ધનયથી ચ્યુત થવું એટલે કે શુદ્ધના અનુભવથી ચ્યુત થવું. સ્વભાવના અનુભવથી. ઉપયોગની વ્યાખ્યા અત્યારે છે. સમજાણું કાંઈ? એમાં આવે છેને?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- એ જ છે આખો. શુદ્ધનયથી ચ્યુત થવું એટલે સ્વનો આશ્રય છોડવો અને એનું પરિણમન છોડવું એ શુદ્ધનયથી ચ્યુત થયો કહેવાય. આહા..હા..! ભારે વાતું ભાઈ! સમયસારની તો બલિહારી છે. સમજાણું કાંઈ? ક્યાં આવ્યું ઈ? હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ના, અશુદ્ધતા બાકી રહી ગઈ એથી ખુલાસો કરશે. સમજાણું કાંઈ? નય છે તે અંશ છે, બીજો અંશ એક બાકી ગૌણ છે. રહી ગયો છે મારે તો અહીં કહેવું છે. અશુદ્ધતા છેને? એને ભેગી જાણે ત્યારે પ્રમાણ કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગની કોલેજ છે. વીતરાગ માર્ગમાં જ્યાં ગણધરો કેળવણી લેતા, ઈન્દ્રો જ્યાં કેળવણી લેતા એ આ માર્ગ છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

એ કોર એમ કહેવું કે પરને જાણવાનું પરિણમન મારું છે એ પર્યાય પણ દ્રવ્ય નથી. પર્યાય દ્રવ્ય છે? બે ભિન્ન છે એ તો. આહા..! કઈ અપેક્ષા ત્યાં? ત્યાં બેના અસ્તિત્વને ભિન્ન સિદ્ધ કરવા છે. અહીં તો રાગનું જ્ઞાન એવો જે પોતાનો પરિણતિ પર્યાય એ શુદ્ધને લક્ષે ઉત્પન્ન થયેલી એ શુદ્ધમાં જાય છે અહીં. એમ કહીને એનું પરિણમન સહિતનો શુદ્ધનયનો વિષય છે એમ કહેવામાં આવે છે. ઠેકઠેકાણે આવશે હોં! શુદ્ધનયનો વિષય નિત્ય અભેદ એક. નિત્ય અભેદ એક, પર્યાય નહિ. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- વિષય નથી, એ કીધું. શુદ્ધનય પોતે છે. બે ભેદ અધ્યાત્મના નિશ્ચય શુદ્ધ અધ્યાત્મમાં બે ભેદ પડતા નથી. કીધુંને, શુદ્ધનયથી ભ્રષ્ટ થાય એનો અર્થ કે દ્રવ્યથી ભ્રષ્ટ થાય. એમ થયુંને. આહા..હા..! મહાપ્રભુ ચૈતન્ય જ્ઞાયક ભાવ સ્વભાવભાવ એની દૃષ્ટિથી ચ્યુત થતાં એ શુદ્ધનયથી એટલે દ્રવ્યથી ચ્યુત થઈ ગયો. પછી ભલે ઉપયોગના બે પ્રકાર લીધા એ પછી અસ્થિરતાની વાત. સમજાણું કાંઈ? આવો શુદ્ધનયથી આ ચ્યુત નથી, શુદ્ધનયમાં

આવેલો છે આ. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલા પડખા પડે. એ બધા જ્ઞાનની વિશેષતા અને જ્ઞાનની વિવિધતા છે. સમજાણું કાંઈ?

**'આ શુદ્ધનયનો વિષય છે. અન્ય પરસંયોગજનિત...'** જુઓ હવે આવ્યું. ઓલો બાકી રહેલો ભાગ. **'અન્ય પરસંયોગજનિત ભેદો છે તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે.'** શું કહ્યું? ધીમેથી સમજવાની વાત છે. આ કાંઈ જ્ઞાન ઓલા એકડા, બગડા, તગડા ગોખી નાખવા એ વાત નથી. કહે છે કે, ભગવાન આત્મા પૂર્ણ ધ્રુવ ચૈતન્ય અખંડ અભેદ એને જાણતા અભેદ છે એમ નક્કી થાય છે. જાણ્યા વિના અભેદની સત્તાનો સ્વીકાર થાય નહિ. સ્વીકાર વિના આ અભેદ છે, આ શુદ્ધ છે એમ કોણે કર્યું? ધારણા કરીને કહેવું છે? ધારણામાં એ વસ્તુ આવે છે ખ્યાલમાં? સમજાણું કાંઈ? આ વસ્તુ છે ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ પવિત્ર અખંડ અભેદ એનું જ્ઞાન થયા વિના આ છે એમ સ્વીકાર્યું કોણે? એથી એ જ્ઞાનની પર્યાયવાળાએ આ સ્વીકાર્યું છે, પરિણમન થયું ઈ. સમજાણું કાંઈ? આમ પહેલો ઉપાદેય આત્મા છે અને રાગ હેય છે એમ નહિ. એના અનુભવ કાળે તે આત્મા ઉપાદેય છે. આ પરમાત્મ પ્રકાશમાં આવી ગયું. ઈ તો આની આ શૈલી છે. ... એક જ ગણ્યું છે. દ્રવ્યની ઉપાસના કરતાં આ શુદ્ધ છે, તે કાળે એને શુદ્ધ છે. વસ્તુ ત્રિકાળ શુદ્ધ છે એમ નહિ. સમજાણું કાંઈ? જેવી ચીજ છે એવી જ્ઞાનની પર્યાયમાં જણાણી ત્યારે તેને આત્મા તે કાળે તેને ઉપાદેય કહેવામાં આવે છે, તે કાળે તેને શુદ્ધ કહેવામાં આવે છે. ચંદુભાઈ!

મુમુક્ષુ :-- ... એ રીતે પરિણમન હોવું જોઈએ.

ઉત્તર :-- એ જ ઉપાદેય કહેવાય, નહિતર ઉપાદેય ક્યાંથી થયો? ઈ તો આ વાત લીધી છેને. એ બધા છઠ્ઠી ગાથાના બીજડા છે બધાં. સમજાણું કાંઈ? ઉપાદેય એટલે શું? ધારવું છે? ધારવામાં ક્યાં આવ્યું ઉપાદેય? વસ્તુ આદરણીય ક્યાં થઈ? નિર્મળ પર્યાયમાં આ ઉપાદેય એમ આદરણીય થઈ ગઈ. થઈ ત્યારે એને ઉપાદેય કહેવામાં આવે તે કાળે. એ વિના ઉપાદેશ શી રીતે થઈ? એમ આ શુદ્ધ છે એના પરિણમનમાં ખ્યાલમાં આવ્યું એટલે ત્યારે એને શુદ્ધ કહેવામાં આવે. એ પહેલા શુદ્ધ છે ઈ શી રીતે ખબર પડી એને? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- ધારણામાં તો આવ્યુંને!

ઉત્તર :-- ધારણામાં શું આવ્યું છે? કાંઈ વસ્તુ તો આવી નથી. એ તો જાણપણાના બોલમાં પરલક્ષી જ્ઞાનમાં ખ્યાલ આવ્યો. એને વસ્તુ ક્યાં ખ્યાલમાં આવી? ધારણામાં એટલે પણ વસ્તુ ક્યાં ધારી છે? વસ્તુ તો ધારી ત્યારે કહેવાય કે મતિ અને શ્રુતથી પ્રત્યક્ષ થાય ત્યારે એને અવગ્રહ, ઈહા, ધારણા થઈ એમ કહેવામાં આવે. એઈ..! મતિ-શ્રુતજ્ઞાનમાં મતિના જ્ઞાનમાં ધારણા આવવી જોઈએને? ક્યારે ધારણા આવે? શુદ્ધનું પરિણમન ધ્રુવ ઉપર દૃષ્ટિ

પડી ત્યારે પરિણમન થયું. એમાં ધારણા આવી કે ઓહો..! આ શુદ્ધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અગમ્યગમ્યની વાતું છે આ તો બધી. સાધારણ પ્રાણીને તેથી બિચારાને એવું સમજાય છે, આ સમયસાર વાંચવું નહિ, મુનિઓએ વાંચવું. અહીં તો પહેલા અપ્રતિબુદ્ધને સમજાવે છે, સાંભળને. સમજાણું કાંઈ? પણ સમજાવે છે પણ તું આવો માન ત્યારે સમજ કહેવાય. પ્રમાણ કરજે એમ આવ્યું છે કે નહિ પાંચમી ગાથામાં? આહા..હા..!

**'અન્ય પરસંયોગજનિત...'** આ વાત તો કહી, હવે કાંઈ બાકી રહ્યું છે કે નહિ એમાં? **'અન્ય પરસંયોગજનિત...'** એમ ભાષા છે. ઉપાધિભાવ છે બધો ઈ, ભેદો છે. આ ચૌદ ગુણસ્થાન સહિત છેને, **'તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિક...'** એને વ્યવહાર ન કહ્યો. કેમ? કે, દ્રવ્યની અશુદ્ધ પર્યાયને સાથે લઈને વાત કરી છે. દ્રવ્યની શુદ્ધ પર્યાય છે એ તો શુદ્ધનયમાં ગઈ. હવે દ્રવ્યની જે અશુદ્ધ પર્યાય છે એ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. એટલે કે એ દ્રવ્ય પોતે પર્યાયની અશુદ્ધતાપણે થયું છે. દ્રવ્ય થયું નથી પણ એ પર્યાય થઈ છે. સમજાણું કાંઈ? ભાષા તો શું લેવી પણ? આહા..હા..! અશુદ્ધ દ્રવ્ય લ્યો! શુદ્ધ દ્રવ્ય. દ્રવ્ય તો છે ઈ છે. શુદ્ધનું પરિણમન હો કે અશુદ્ધનું હો. દ્રવ્ય તો છે ઈ છે. પરિણમન તો પર્યાય આવી ગઈ. સમજાણું કાંઈ? આ પરીક્ષામાં પાસ થાય એ પાસ કહેવામાં આવે છે એમ કહે છે. દુનિયામાં જુઓને કેટલી પરીક્ષા આપીને મહેનત કરીને મરી જાય છે બિચારા. એમ.એ. ને ફલાણા ને ઢીકણા, મેટ્રિક ને ફલાણું, બી.એ. ને.. શું તમારે? હેં? બી.એસ.સી. શું છે તમારે? બી.એસ.સી.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- અહીં તો એકેય ટકો ઓછો નહિ. સો ટકામાં પાંત્રીસ લખે તો પાસ થાય એનામાં એમ અહીં નહિ. એમ છેને? દિલીપ!

મુમુક્ષુ :-- ત્યાં અમારે ચાલીસ છે.

ઉત્તર :-- ચાલીસ છે. એવું સાંભળ્યું હતું હોં કો'ક કહેતું હતું. આપણે ક્યાં, એ વખતે આવું કાંઈ હતું નહિ. આપણે તો કોઈ નાપાસનો પ્રશ્ન હતો જ નહિ. ન જણાય, ન સમજાય એવું કાંઈ હતું નહિ નિશાળમાંય તે. નિશાળમાં પણ મોઢાઆગળ. પહેલો, બીજો કોઈ વાર આવી ગયો હતો, તે દિ' રોવું પડ્યું હતું. ૧૨મીમાં અમે ગયા હતાને, ગારિયાધાર. અહીં પ્લેગ હતો. પછી અમે .. ગયા હતા. શું કહેવાય? ગારિયાધાર. ન્યાંથી આવ્યા. પહેલેવહેલે કંઈ પહેલે નંબરે નાખે? બાર મહિને પાસ લઈને આવે તો કંઈ પહેલે નાખે? છેલ્લો નંબર. ઈ જ્યાં છેલ્લો સાંભળ્યો ત્યાં.. અરે..! આ શું? પછી વળી બીજે વખતે આવી ગયું. સમજાણું કાંઈ? એ એકવાર યાદ છે. બહુ નાની ઉંમરની ૧૧ વર્ષની વાત છે. પહેલો નંબર ત્યાં. બીજો આવવા માગતો હતો, એક ... છે. અહીં કહે છે કે, એ તો બહારના કારણે એમાં

પહેલા આવે ને ... પહેલો ન્યાં ક્યાં હતો. પહેલો નંબર તો આ છે. હેં? આહા..હા..! એ તો બહારની વાત છે. એમાં કાંઈ નહિ.

અહીં તો '**પરસંયોગજનિત ભેદો છે તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકયનો વિષય છે.**' શું કીધું ઈ? કે, પરસંયોગજનિત ભેદ છે એમાં. આ એમ સિદ્ધ કર્યું. પર્યાયમાં નિમિત્તને આધીનવાળા ભેદો--પ્રકારો છે એમ સિદ્ધ કર્યું. નથી એમ નહિ. પરસંયોગજનિત સંયોગના નિમિત્તથી ઉત્પન્ન થતાં નૈમિત્તિક પોતાની પર્યાયમાં ભેદો--પ્રકાર ચૌદ ગુણસ્થાન છે. તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્ય પાછું એમ. '**ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિક...**' એનામાં છેને એ ભેદરૂપ. એવી અશુદ્ધદ્રવ્યાર્થિક... ઓલો અભેદ હતો, નિર્મળ પર્યાય સહિત. '**ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે.**' વસ્તુ છે આમ. રાગાદિ ગુણસ્થાન આદિ અશુદ્ધનો વિષય છે. '**અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં પર્યાયાર્થિક જ છે...**' પર્યાય છેને એની. આહા..હા..! ચૌદ ગુણસ્થાન પણ જીવની અશુદ્ધ દૃષ્ટિએ ભેદ દૃષ્ટિએ એની પર્યાય છે. એ પરને લઈને છે એમ નહિ અને પરમાં થાય છે એમેય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- એના અસ્તિત્વમાં છે. પર્યાયના ભેદ એનું અસ્તિત્વ એનામાં છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- હા. ઓલા જડ એટલે આખો જ્ઞાયક છે તે અશુભ-શુભ રૂપે થયો નથી, એમ. વસ્તુ છે તે અચેતન થઈ નથી, પણ પર્યાયમાં આવા ભાવોનો ભેદ છે. સમજાણું કાંઈ? ...ભાઈ! આ તો એક ગાથાને બહુ સમજવી પડશે આ તો. લઢાય છે? ઉગ્રસેનજી! આવો માર્ગ છે.

એ કંઈ આકાશના ફૂલ નથી કહેશે અંદર. સમજાય છે? આમાં છેને ક્યાંક? હા, એમાં છે. આકાશના ફૂલની જેમ નથી. આકાશના ફૂલ નથી એમ અશુદ્ધતા એના ભેદો એની દશામાં નથી એમ નથી.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- બિલકુલ ઢીલી નથી. જ્ઞાયક તો જ્ઞાયક છે, પર્યાયની વાત ચાલે છે આ. પર્યાયનું અશુદ્ધપણું એ ચાલે છે. દ્રવ્ય પોતે અશુદ્ધપણે પરિણમ્યું નથી. ભાઈ! પાછો ઓલો શુભાશુભે પરિણમ્યો નથી એટલે આ એમાં આવી ગયું? ના એમ નહિ. દ્રવ્ય તો દ્રવ્ય છે પણ એની પર્યાય અશુદ્ધપણે, ભેદરૂપ પરિણમી છે. એક પર્યાય આમ પરિણમી છે અને બીજો અંશ પણ આમ થયેલો છે. એનામાં નથી એમ નહિ. સમજાણું કાંઈ? આવી ધર્મકથા. એક કલાકમાં... આણે લાડવા છોડ્યા, રસ છોડ્યો ને એવું તો આવતું નથી આમાં. છોડે

શું? રાગને છોડવો નથી ત્યાં છોડે કોણ? આ રાગને જાણવાનું જ્ઞાન પણ પોતાનું છે, એને લઈને નહિ. ક્યાંય છોડવો રાગને એવું ક્યાં છે? અને રાગ સંબંધીનું જ્ઞાન પોતાથી પોતામાં થયું ઈ જ્ઞાન પરનું છે? એ તો પોતાની જ્ઞાનની પર્યાય છે, પોતાની દશા છે એ તો. સમજાણું કાંઈ? આવી બધી વાત અહીં ચાલે. ગામડામાં કો'ક દિ' બે દિ' જાય ત્યાં આવું માંડે તો ઓલો સમજે શું? આવો માર્ગ છે પ્રભુનો ભાઈ! આહા..હા..!

અન્ય પરસંયોગથી ઉત્પન્ન થતાં ભેદો. કાંઈ સ્વભાવને આશ્રયે કાંઈ થાય છે ભેદ? એમ. થાય છે ભેદ એનામાં, પરના નિમિત્તના આશ્રયે ભેદ થાય છે. '**તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિક...**' એમ કેમ કહ્યું? પાધરું પર્યાયને વ્યવહાર ન કહેતા એના દ્રવ્યની પર્યાયના અંશમાં એ છે. એ કાંઈ બહારમાં છે નહિ. આત્મા સિવાય બહારમાં ચૌદ ગુણસ્થાનના ભેદ છે એમ નથી. સમજાણું કાંઈ? '**અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં...**' એકલા શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં એ અશુદ્ધ પર્યાય, એ પર્યાયાર્થિક પર્યાય જ છે. દ્રવ્ય અશુદ્ધપણે થયું એ પર્યાય છે. સમજાણું કાંઈ? ફક્ત દ્રવ્ય કેમ લીધું? એનામાં થયું છે એથી લીધું. પણ છે ઈ પર્યાય. શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં પર્યાયાર્થિક જ છે, પર્યાય જ એનો પ્રયોજન છે ન્યાં કાંઈ દ્રવ્યનું પ્રયોજન નથી. તેથી વ્યવહારનયે ત્રણ બોલ લીધા. ઓહો..હો..! ભગવાન આત્મા પણ વસ્તુ છે ત્રિકાળ એનો દૃષ્ટિ અનુભવ થતાં એની પર્યાયમાં જણાણું કે, આ વસ્તુ છે. હવે એ પર્યાયમાં રાગાદિ જણાણો કે, આ મારી પર્યાય છે. એ સિવાય બાકી રહેલા હવે ભેદો એને પોતાનું દ્રવ્ય, એનો પર્યાય એ પણે ભેદરૂપે પરિણમ્યો છે. એથી તેને અશુદ્ધદ્રવ્ય કહીને, એને પર્યાય કહીને એને વ્યવહાર કહ્યો. ઓલામાં શુદ્ધમાં ગયું. સમજાણું કાંઈ? આટલા આટલા પુસ્તકો બહાર પડ્યા. દસ દસ હજાર. કેટલા આવ્યા હશે સમયસાર? ઘણા પડ્યા હશે નહિ? કેટલા પડ્યા છે એમ શું કહેવું છે? કે, સામે રાખીને વાંચે તો એને ખબરેય પડે કે, આ શબ્દનો આ ભાવ આ રીતે કહેવામાં આવે છે.

અશુદ્ધદ્રવ્યાર્થિક એટલે દ્રવ્યમાં પર્યાયની ભેદની અશુદ્ધતા એ એનામાં થઈ એથી એને અશુદ્ધ દ્રવ્ય કહ્યું. પણ એ શુદ્ધ ત્રિકાળી દૃષ્ટિની અપેક્ષાએ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ પર્યાય છે અને પર્યાય છે તે વ્યવહાર છે. '**એમ આશય જાણવો.**' એ પર્યાય છે તે વ્યવહાર છે. કોણ? અશુદ્ધ ભેદ છે એ વ્યવહાર છે. શુદ્ધનું પરિણમન અને દ્રવ્ય નિશ્ચયમાં આ બાજુ ગયું છે. સમજાણું કાંઈ? શુદ્ધ વસ્તુ ભગવાન ધ્રુવ અને એનું જાણવું 'આ શુદ્ધ છે' એવું પરિણમન આ બાજુ ગયું છે. બાકી રહ્યો જે અશુદ્ધ ભાવ એની જ દશામાં થાય છે. એટલે ઓલું શુદ્ધનું પરિણમન દ્રવ્યનું એવું જ આ દ્રવ્યનું અશુદ્ધ પરિણમન પર્યાયમાં છે. એમ ગણીને એને અશુદ્ધદ્રવ્ય કહ્યું. ત્રિકાળની અપેક્ષાએ એને પર્યાય કીધી અને નિશ્ચય ત્રિકાળ છે તો આ પર્યાયને વ્યવહાર કહેવામાં આવ્યું. ઓલી પર્યાય અભેદ થઈ ગઈ એને વ્યવહાર

નહિ અહીં. એ નિશ્ચયમાં જાય. આવી વાત છે. આ ઓલું વાંચી વાંચીને એકલા વાંચેને સોગાનીનું, એટલે ખેંચાખેંચ કરે છે અંદરથી. સમજાણું કાંઈ? એક જ વાત, આવો છે, આવો છે. પણ આવો છે એને કઈ અપેક્ષા છે એને જાણ્યા વિના, વાસ્તવિક તત્ત્વની સ્થિતિ જાણ્યા વિના એને અનુભવ યથાર્થ થાય જ નહિ. સમજાણું કાંઈ? આગળ આવે છેને ક્યાંક? એ અનુભવ પણ આકાશના ફૂલ જેવો છે. ક્યાંક આવે છે. અહીં તો બીજું આવે છે. અહીં બીજું છે. બરાબર વસ્તુની સ્થિતિ છે એમ જાણ્યા વિના અનુભવ કરો, અનુભવ કરો એ આકાશના ફૂલ જેવો અનુભવ થાશે. છેને ક્યાંક? એઈ..! કાઢો પણ કાઢવું જોઈએને. બંધમાં છેને ક્યાંક. હેં? (કળશ-૯નો ભાવાર્થ).

**'જો બાહ્ય વસ્તુનો લોપ કરવામાં આવે તો આત્માનો પણ લોપ થઈ જાય અને શૂન્યવાદનો પ્રસંગ આવે. માટે તમે કહો છો તે પ્રમાણે વસ્તુસ્વરૂપની સિદ્ધિ થઈ શકતી નથી, અને વસ્તુસ્વરૂપની યથાર્થ શ્રદ્ધા વિના જે શુદ્ધ અનુભવ કરવામાં આવે એ પણ મિથ્યારૂપ છે;...'** શુદ્ધ છે, શુદ્ધ છે, શુદ્ધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આચાર્યે તો કેટલીય વાત મૂકી, આ જયચંદ્ર પંડિતે પણ કેટલી કાઢી છે લ્યો! કળશ છેને કળશ. એનો અંદર ભાવાર્થ છે. કળશનો ભાવાર્થ છેને. નવમો કળશ. **'उदयति न नयश्री'** ઈને? **'अस्तमेति प्रमाणं'**. કાંઈ દેખાતું નથી, અદ્વૈત છે. અદ્વૈત છે પણ દ્વૈત છે કે નહિ? એમ શુદ્ધ છે સાથે અશુદ્ધતા છે કે નહિ? છે. કહો, સમજાણું કાંઈ?

ત્રણ બોલ લીધા. રાગ અને ભેદના ગુણસ્થાન ભેદના, રાગની અશુદ્ધતાના ત્રણ ભેદ લીધા. કેમકે રાગ એના દ્રવ્યની અસ્તિત્વની પર્યાયમાં થાય છે. માટે એને અશુદ્ધદ્રવ્યાર્થિકનય કહ્યું અને એને... કારણ કે, ઈ તો પર્યાય છે એટલે એની પર્યાય છે, અવસ્થા છે, એ કાંઈ દ્રવ્ય નથી એટલે પર્યાયાર્થિક કીધું. અને પર્યાયાર્થિક કીધું એટલે ત્રિકાળની અપેક્ષાએ વ્યવહાર થઈ ગયો. ત્રિકાળ તે નિશ્ચય છે અને આ પર્યાય સહિત છે, આ વ્યવહાર છે. સમજાણું કાંઈ? **'એમ આશય જાણવો.'** બાબુભાઈ! વસ્તુના બધા પડખા બરાબર જાણીને અનુભવ કરવો, નહિતર અનુભવ (થાય નહિ).

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- બિલકુલ લાભદાયક નથી. પુણ્યનું કારણ છે એમ છે. બીજા વિકલ્પ કરતા પુણ્યના બંધનમાં ધ્રુવનો વિકલ્પ છે એ વિશેષ પુણ્યનું કારણ છે એટલી વાત છે. વિશેષ નજીક લાવે છે એ પ્રશ્ન છે જ નહિ. એમાં એ નથી, એમાં એ નથી. એમાં એ શબ્દ જ નથી, આ શબ્દ છે. ખબર છેને? બીજા પુણ્ય કરતાં તમે એમ કહો કે આ ભક્તિનું... પણ એના કરતા ધ્રુવના ઘોલનવાળો વિકલ્પ વિશેષ પુણ્યનું કારણ છે એટલું. પુણ્યનું કારણ છે, નજીક લાવવાના કારણની વાત નથી, એ વાત બિલકુલ નથી. એઈ..! વસ્તુ તો જેમ હોય

એમ આવેને. સમજાણું? મોક્ષમાર્ગમાં નથી કહ્યું ભાઈએ? તમે ભક્તિની વાત કરો છો, બરાબર છે પણ ચરણાનુયોગનો વિચાર અને કરણાનુયોગના વિચારમાં શુભભાવ ... થતો હશે? એમ લખ્યું છે. એઈ..! બહુ સરસ વાત છે. મોક્ષમાર્ગ પ્રકાશકના એક એક બોલો એટલા ન્યાયથી મૂક્યા છે. લ્યો, આ પેરેગ્રાફ પૂરો થયો. બીજું આવશે હવે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૬, બુધવાર, તા. ૮-૧૨-૧૯૭૧
## ગાથા-૬, ૭. પ્રવચન-૩૩

... ભેદ નથી. કેમકે એ બધા અચેતન છે. ચેતનસ્વરૂપ જે ભગવાન આત્મા અને એની પર્યાયની ચેતન પરિણતિ એનાથી એ ભિન્ન છે. સમજાણું કાંઈ? આત્મા ચૈતન્ય શક્તિવાળું તત્ત્વ એનાથી એ પ્રમત્ત-અપ્રમત્તના ગુણસ્થાનના ભેદો તદ્દન ભિન્ન છે. ત્યારે કહે છે કે, પ્રમત્ત-અપ્રમત્ત ભિન્ન છે તો એમાં જાણનાર કહ્યો છેને એને? પરને જાણનાર હોં! સ્વને જાણવું એ તો... પરને જાણનાર કહ્યો છેને જ્ઞેયને? એ જાણનાર છે એ પણ અવસ્થા પણ પોતાની, પોતાથી, પોતાના અસ્તિત્વમાં પરની અપેક્ષા વિના થયેલી છે. સમજાણું કાંઈ?

જાણવાનું, જ્ઞેયનું જાણવું એ તો પોતાનો સ્વભાવ છે. જેમ જ્ઞાયક ત્રિકાળ સ્વભાવ છે એમ જાણવાની પર્યાય એ પોતાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એથી એ જ્ઞેયને જાણે છે એથી એમાં જ્ઞેયનું જ્ઞેયાકારપણું અહીં જ્ઞાનમાં આવ્યું એથી જ્ઞેયથી પર અપેક્ષા આવી એવું એમાં નથી. એ તો પોતે જ પોતાને જાણે છે. જ્ઞેયાકાર જ્ઞાન થયું તે કાળે પણ આત્મા જ્ઞાનની પર્યાયવાળો જ છે અને સ્વને જાણે તોપણ એ જ્ઞાનની પર્યાયવાળો છે. એ કંઈ જ્ઞેયની પર્યાયવાળો કે જ્ઞેયની અશુદ્ધતાવાળો એ છે નહિ. સમજાણું કાંઈ?

**'અહીં એમ પણ જાણવું કે જિનમતનું કથન સ્યાદ્વાદરૂપ છે...'** અપેક્ષાએ કથન છે. વીતરાગમતનું કથન અપેક્ષિત છે. **'તેથી અશુદ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનવો;...'** એ અશુદ્ધ ભેદ છે એ છે જ નહિ, પર્યાયમાં પણ એ નથી એમ ન માનવું. સમજાણું કાંઈ? ગુણસ્થાનના ભેદો અથવા રાગાદિના ભાવ એ સર્વથા પર્યાયમાં પણ નથી એમ ન

માનવું. **'સર્વથા અસત્યાર્થ ન માનવો,...'** સર્વથા જૂઠું ન માનવું. ત્રિકાળ દ્રવ્યના સાક્ષી સ્વભાવની અપેક્ષાએ એને અસત્યાર્થ, અભૂતાર્થ કહ્યો. એથી કરીને પર્યાયમાં એ નથી એમ ન માનવું. સમજાણું કાંઈ? વિષય આ તો ઝીણો છે બધો. નવાવાળાને કેટલાકને ઝીણું પડે છે પણ શું થાય? અહીં તો અ ૧૭મી વાર ચાલે છે. ૩૭ વર્ષ થઈ ગયા. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સમ્યગ્દર્શન, જેને ધર્મની પ્રથમ દશા પ્રગટ થતાં એનો વિષય તો જ્ઞાયક ત્રિકાળ છે અને જેને જાણતા જે પર્યાય પ્રગટ થઈ એ પર્યાયમાં જણાણું કે, આ દ્રવ્ય ત્રિકાળી શુદ્ધ છે અને એ પર્યાયે રાગ જ્ઞેયને જાણ્યું એ તો પોતાના તે પ્રકારના સ્વ-પરપ્રકાશના અસ્તિત્વના સ્વભાવથી જાણ્યું. વ્યવહાર છે તો જાણ્યું એમ છે નહિ. આહા..હા..! અશુદ્ધતા જૂઠી સર્વથા (ન માનવી).

**'કારણ કે સ્યાદ્વાદ પ્રમાણે શુદ્ધતા અને અશુદ્ધતા-બન્ને વસ્તુના ધર્મ છે...'** વિકારી ભાવ અશુદ્ધતા અને શુદ્ધતા પર્યાય, ત્રિકાળી તો શુદ્ધ છે, બેય એનું સત્ત્વ છે, એની પર્યાયનું સત્ત્વ છે. એના પર્યાયની હયાતીનો એ ભાવ છે. કહો, સમજાણું કાંઈ? **'શુદ્ધતા અને અશુદ્ધતા-બન્ને વસ્તુના ધર્મ છે...'** ત્રિકાળ શુદ્ધ એ પણ વસ્તુનો ધર્મ, પર્યાયમાં શુદ્ધતા થાય એ પણ વસ્તુનો ધર્મ અને પર્યાયમાં અશુદ્ધતા થાય એ પણ વસ્તુનો ધર્મ. ધર્મ એટલે એણે ધારી રાખેલો ભાવ અને અવસ્થા. એમ. એ કાંઈ અવસ્થા પરમાં થાય છે એમ નથી. **'બન્ને વસ્તુના ધર્મ છે...'** ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એની પર્યાયમાં શુદ્ધતા હો કે અશુદ્ધતા, બેય એના સત્‌નું એનું સત્ત્વ એનું છે. પર્યાયની વાત છેને અત્યારે. દ્રવ્ય તો પુણ્ય-પાપપણે થયું નથી, એ પ્રશ્ન નથી. સમજાણું કાંઈ? પણ પર્યાયમાં શુદ્ધતા, અશુદ્ધતા જે થાય એ વસ્તુનો સ્વભાવ છે. લ્યો! હેં?

મુમુક્ષુ :-- વિભાવ પણ સ્વભાવ થઈ ગયો.

ઉત્તર :-- સ્વભાવ છેને. એનો પોતાનો પર્યાય છેને. એ કંઈ પરને લઈને અને પરનો નથી. વસ્તુ ધર્મ છે તે ...

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- એ પછી. કઈ અપેક્ષાએ? આને મુખ્ય કરી એને ગૌણ કરીને એને પુદ્‌ગલના પરિણામ કહ્યા. પણ સર્વથા પુદ્‌ગલના પરિણામ છે એમ ન માનવું. કારણ કે એ પર્યાયનું સત્ત્વ છે.

મુમુક્ષુ :-- ઘડીકમાં જીવના પરિણામ, ઘડીકમાં પુદ્‌ગલના પરિણામ.

ઉત્તર :-- કઈ અપેક્ષાએ જીવના પરિણામ છે. શુદ્ધતાના ત્રિકાળની અપેક્ષાએ અશુદ્ધતા એના પરિણામ નથી. એ શુદ્ધતાને સાધવા. અશુદ્ધતા એ તો સંસારનો વિષય છે. એટલે

એનાથી તો પરિભ્રમણ છે. એથી એનું પરિભ્રમણ મટાડવા ત્રિકાળ દ્રવ્યમાં એ અશુદ્ધતા નથી અને દ્રવ્ય અશુદ્ધપણે થયું જ નથી. પણ દ્રવ્યમાં જે પર્યાય છે શુદ્ધ એ તો એનો સ્વભાવ છે તો થઈ. પણ અશુદ્ધતા એની પર્યાયનું સત્ત્વ છે. અશુદ્ધતા ઈ જીવે પર્યાયમાં ધારી રાખી છે એટલે ધર્મ. એમ. એ અશુદ્ધતા કોઈ જડે ધારી છે એમ નથી. એઈ..! અમારે ફાવાભાઈ કહેતા કે સવારે આમ આવે, બપોરે આવું આવે. યાદ શું રાખવું? બુદ્ધિ જાડી હોય એને (એવું લાગે). આહા..હા..! લોકમાં તો પુણ્ય હોય તો રળી ખાતા હોય.

અહીં કહે કે, બાપુ! કઈ અપેક્ષા છે? દ્રવ્યસ્વભાવ એનો પર્યાયસ્વભાવ બે થઈને આખું દ્રવ્ય છે. એમાં અશુદ્ધતાનો અંશ પણ એનો પર્યાયનું સત્ત્વ છે. સમજાણું કાંઈ? ચારિત્રગુણની વિપરીત પર્યાય અને અવિપરીત પર્યાય બેય થઈને ચારિત્રગુણ છે. સમજાણું કાંઈ? આ તો તત્ત્વની વાત છે ભાઈ! એમાં સમયસારની આ ગાથા. એક બાજુ કહે, બિલકુલ આત્માનો પર્યાય જ નથી. ત્રિકાળીની અપેક્ષાએ વાત કરી. પણ પર્યાયમાં પર્યાયની અપેક્ષાએ પર્યાયમાં અશુદ્ધતા પણ નથી. કઈ અપેક્ષાએ? કે, દ્રવ્યદૃષ્ટિ થતાં દ્રવ્યનું પરિણમન તો શુદ્ધ હોય એ અપેક્ષાએ જ્ઞાનીને અશુદ્ધ પરિણામ નથી, અશુદ્ધ પરિણામથી મુક્ત છે. પણ એની પરિણમનની અવસ્થા એનું સત્ત્વ ગણીએ તો એની પર્યાયમાં છે ઈ. આહા..હા..! ભારે. ઈન્દ્રજાળ છે એમ લાગે બીજાને.

મુમુક્ષુ :-- ....

ઉત્તર :-- એ ધર્મ નથી, ઓલોય ધર્મ બધો એ ધર્મ છે. મિથ્યાત્વ અને કષાય એ પણ પર્યાયનો ધર્મ છે. પર્યાય એણે ધારી રાખી છે. કહો, સમજાય છે કાંઈ? હેં?

મુમુક્ષુ :-- બગડેલા ધર્મ.

ઉત્તર :-- ધર્મ શબ્દે એણે ધારી રાખેલો ભાવ. અશુદ્ધતા ધારી છે કોણે? જીવની પર્યાયમાં છે કે જડમાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગનો અનેકાંત ધર્મ સમજવો મહાદુર્લભ છે. અરે..! ચોર્યાશીના અવતારમાં રખડે, રખડે છે ચોર્યાશી અવતારમાં એની એને ખબર નથી. અરે..! હું ક્યાં દુઃખી છું, ક્યાં મને મારા સુખની હાની થઈ ગઈ છે અને ક્યાં હું મોટો છું એની કાંઈ ખબર નથી. આંધળે, આંધળે (ચાલ્યો જાય છે). આ બધા પૈસાવાળા એ બધા આંધળા હશે? હેં બાબુભાઈ? આંધળાના મોટા,.. આહા..! અરે..રે..! હું ક્યાં છું દ્રવ્યે અને હું ક્યાં છું પર્યાયે એની જેને ખબર નથી. એના ત્રિકાળી સત્ત્વનું અને વર્તમાન પર્યાયનું સત્ત્વ એ શું છે એની ખબરું નથી, એ નજર ક્યાં નાખે? સમજાણું કાંઈ? આ અશુદ્ધતા પણ મારો પર્યાયનો ધર્મ છે, સત્ત્વ છે એમ જાણીને, જાણે બસ એટલું, અંતરમાં ઉતરવાનું છે. અંતર ભગવાન બહારથી ઢૂંઢે છે આમ કાંઈક બીજાને જોઈને, પૈસાને જોઈને આમ જરીક પણ કાંઈ સુખીપણું, ઉત્સાહપણું જે લાગે છે એને, એ બધી બહિરબુદ્ધિ,

મિથ્યાબુદ્ધિ છે.

મુમુક્ષુ :-- એ મિથ્યાબુદ્ધિને ધર્મ કેમ કહેવાય? એ તો અધર્મ છે.

ઉત્તર :-- ધર્મ એટલે એણે ધારી રાખેલો ભાવ. ધર્મ એટલે મોક્ષનું કારણ એ અહીં વાત નથી. ધર્મ એટલે ધારયતે ઇતિ ધર્મ. પર્યાયમાં અશુદ્ધતા ધારેલી છે, એનામાં છે માટે તેને ધર્મ કહેવામાં આવે છે. એ મોક્ષનો માર્ગરૂપી ધર્મ એમ અહીં વાત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે...'** એ જ છે ફેર છે. જુઓ! અશુદ્ધતા વસ્તુનું પર્યાય સત્ત્વ છે. રાગ-દ્વેષ આદિ એના પર્યાયનું જ એ અસ્તિત્વ છે, સત્ત્વ છે, પર્યાયનું એ સત્ત્વ છે. જેમ ગુણનું સત્ત્વ ત્રિકાળ, શુદ્ધની પર્યાયનું સત્ત્વ વર્તમાન એમ અશુદ્ધનું પણ વર્તમાન એનામાં છે, એનો એ ધર્મ છે. આહા..હા..! ભારે વાત ભાઈ! એક કોર કહે કે, પર્યાય શુદ્ધ પણ દ્રવ્યમાં નહિ. કઈ અપેક્ષાએ વાત છે? એ તો બે વસ્તુ છે એમ સિદ્ધ કરવા. પણ પર્યાયમાં અશુદ્ધતા જો ન હોય તો સ્વભાવ સન્મુખ થવું અને અશુદ્ધતા ટાળવી એ કાંઈ રહેતું નથી. સમજાણું કાંઈ?

અશુદ્ધતા કહે છે કે, છે તો પર્યાયનો ધર્મ, **'વસ્તુનું સત્ત્વ છે;...'** એનું સત્ત્વ એનો કસ છે. અશુદ્ધતા પણ જીવની પર્યાયનો જ કસ છે, એ કાંઈ જડનો કસ નથી. બાબુભાઈ! આહા..હા..! બીજે ઠેકાણે આવે છેને કે, એ બધું કરે. સત્યાર્થ બધું સત્ય છે એ પણ સત્ છે એમ કરે તો સમ્યગ્દર્શન થાય. નથી આવતું? આમાં ક્યાંક આવે છે. વ્યવહારે પણ છે, આ છે એનું બધું લક્ષ રાખે. સમકિત એ પણ છે એમ છે ક્યાંક. યાદ કાંઈ આવે છે બધું. સમજાણું? ભાવાર્થમાં છે ક્યાંક. આ તો નવું આવ્યું છેને પુસ્તક, ઓલામાં લખેલું હોય. ૪૫ પાનું? (ગાથા-૧૪નો ભાવાર્થ).

**'સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે.'** સમજ્યાને? કઈ ગાથા છે આ? ૧૪, ૧૪. છે અંદર? આહા..હા..! શું કીધું જુઓ! વચમા છેને આઠમી લીટી. માટે **'શુદ્ધનયનું આલંબન પણ વેદાંતીઓની જે મિથ્યાદૃષ્ટિપણું લાવશે...'** સર્વથા એકાંત પક્ષ આવી જશે કે અશુદ્ધતા મારામાં છે જ નહિ, સંસાર-ફંસાર પર્યાયમાં છે જ નહિ. સમજાણું કાંઈ? ભીખાભાઈ! ભારે વાતું ભાઈ!

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- નવ તત્ત્વની શ્રદ્ધા મિથ્યાત્વ છે, એમાં શું? પણ નવ તત્ત્વની પર્યાય પર્યાયરૂપે છે. એનો અનુભવ કરવો એકતા કરીને એ મિથ્યાત્વ છે. પણ છે કે નહિ? રાગ, સંસાર ઉદયભાવ એના તત્ત્વમાં છે કે બહારમાં છે? તેથી તો તત્ત્વાર્થસૂત્રના ઓલામાં લીધું કે, પાંચેય ભાવો જીવનું તત્ત્વ છે, જીવનું તત્ત્વ છે એમ લીધું. તત્ત્વાર્થસૂત્ર. સંસાર ઉદયભાવ પણ

જીવનું તત્ત્વ છે.

મુમુક્ષુ :-- એ વ્યવહારશાસ્ત્ર છે, નિશ્ચયશાસ્ત્રમાં ....

ઉત્તર :-- એ વ્યવહારશાસ્ત્ર પણ વ્યવહારનો વિષય છે કે નહિ? નથી? તો વ્યવહાર સર્વથા નથી? વ્યવહાર સર્વથા નથી તો વ્યવહારનય જ રહેતી નથી. સમજાણું કાંઈ? જેઠાભાઈ! ભારે. એઈ..!

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- બધું આવું જાણવું પડશે એને. અશુદ્ધતા પણ છે એટલું. નક્કી ન કરવું પડે નવે તત્ત્વ જેમ છે તેમ? છે ભેદરૂપ. પણ કેમ છે એને જાણવું પડે. એમાંથી તારવીને પછી એકલો આત્મા તારવવો. પણ તારવવો કાંઈક છે એમાંથી તારવવો કે નથી એમાંથી તારવવો? સમજાણું કાંઈ? એ વાત ચાલતી હોય ત્યારે ઠીક લાગતી હોય, આ આવ્યું ત્યાં...

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- એમ હોય? જેમ હોય એમ હોવું જોઈએને. કથંચિત્ રીતે... એ... ચેતનજી! છે? '**સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું...**' એ સત્ય છે. વ્યવહારે અશુદ્ધતા એ પણ સત્ય છે.

મુમુક્ષુ :-- હયાતી ધરાવે છે.

ઉત્તર :-- હયાતી ધરાવે છે, એનામાં છે, એનો ભાવ છે. ભાવ ન હોય તો આનંદની પ્રગટ દશા હોવી જોઈએ. કહો, સમજાણું કાંઈ? આહા..!

'**આ રીતે સ્યાદ્વાદને સમજી જિનમતનું સેવન કરવું, મુખ્ય-ગૌણ કથન સાંભળી સર્વથા એકાંત પક્ષ ન પકડવો.**' ઈ ઓલામાં આવ્યું, ૪૧ પાને. હવે આપણે ઈ ચાલે જુઓ! બહુ સારો ખુલાસો કર્યો છે જયચંદ્ર પંડિતે. જ્યાં-જ્યાં જે-જે જોઈએ ત્યાં-ત્યાં તે પ્રકારે બરાબર છે. કહે છે, અશુદ્ધ સંસારનો ઉદયભાવ એ પણ જીવના સત્ત્વમાં છે. કંઈ કર્મ ને જડના સત્ત્વમાં, જડની હયાતીમાં છે એમ નથી.

મુમુક્ષુ :-- ઈ પોતે જડ છે પછી જડની હયાતીમાં જ હોયને.

ઉત્તર :-- પોતે જડ ક્યાં છે. એ તો ચૈતન્ય ત્રિકાળી ચૈતન્યના જ્ઞાયક ભાવની અપેક્ષાએ જડ કહ્યો છે. ચેતનનો એ ભાવ છે.

મુમુક્ષુ :-- પુદ્‌ગલના પરિણામ કીધાં છે.

ઉત્તર :-- એ પુદ્‌ગલના પરિણામનો અર્થ અચેતનપણું છે એટલે પણ અચેતન એની પર્યાયનો ધર્મ છે. જ્ઞાનપણું નથી એથી એને અચેતન કહ્યું. જ્ઞાન દ્રવ્ય, ગુણ, પર્યાયમાં જ્ઞાન પ્રસર્યું છે એ જ્ઞાન એમાં નથી માટે એને અચેતન કહ્યું. પણ પર્યાયમાં ચેતનપણું એનામાં છેને. દેવીલાલજી! આહા..હા.! જેમ જેમ જ્યાં છે એને (એમ સમજવું જોઈએ). એક પણ

પડખું જો જાશે તો એકાંત થઈ જશે. એનાથી લાભ થશે એમ પ્રશ્ન અહીં નથી. એ અહીં પ્રશ્ન નથી, પણ એના સત્ત્વમાં અશુદ્ધતા છે એટલું સ્વીકાર કરીને દ્રવ્ય તરફમાં ઢળવાનું છે. સમજાણું કાંઈ?

શુદ્ધતા પ્રગટ કરવી છે એ શુદ્ધતાના આશ્રયે થાય. પણ પ્રગટ કરવી છે એનો અર્થ કે એની પર્યાયમાં અશુદ્ધતા છે. એવું સત્યાર્થ કોઈ પણ રીતે એને નયને જાણીને પછી દ્રવ્યનો આશ્રય કરતાં શુદ્ધતા પ્રગટે અને અશુદ્ધતા નાશ થાય. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ! '**અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે.**' ફેર બીજો કાંઈ નથી. અશુદ્ધ ને શુદ્ધ પર્યાય એની પર્યાય એટલે અવસ્થાનું સત્ત્વ છે. ફેર કેટલો? શુદ્ધતા સ્વભાવથી પ્રગટે છે, અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી આવે છે બસ. પોપટભાઈ! આમાં તો બહુ જાણવું પડશે. આહા..હા..!

પરની સાથે એની સાથે શું સંબંધ છે? એનો તો અભાવ છે આત્મામાં. પરદ્રવ્યનો, કર્મનો, ઉદયનો જીવની પર્યાયમાં પણ અભાવ છે. એમ અશુદ્ધતાનો પણ અભાવ છે એમ નથી. સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :-- સ્વ-તત્ત્વ કહ્યું છે.

ઉત્તર :-- સ્વ-તત્ત્વ છે. પર્યાયનું પર્યાય તરીકે. દ્રવ્ય તરીકે તો જે છે ઈ, એમાં તો ક્યાં હતું કાંઈ. પણ પર્યાય તત્ત્વમાં એનું તત્ત્વ ભેગું થાય ત્યારે આખું તત્ત્વ થાય છેને? આહા..હા..! એનાથી લાભ થાય છે કે એ મદદ કરે છે ઈ પ્રશ્ન અહીં છે નહિ. એ.. ચેતનજી! જાણવાનો ભાવનો અર્થ કે, છેને સત્ત્વ છે કે નહિ? '**सर्वभावान्तरच्छिदे**' ઈ તો વળી ત્યાં આવ્યું, પણ આ તો ૧૬માં, ૧૬મી ગાથામાં આવે છેને? ૧૬મી નહિ? (શ્લોક-૧૮). '**सर्वभावान्तरध्वंसि**' લ્યો! એક કોર કહે કે, રાગનો નાશ કરી શકે નહિ પરમાર્થે આત્મા. એક કોર કહે કે, રાગનો ધ્વંસિ જીવ છે. એઈ..! આ તો પર્યાયની વાત છે હોં! દ્રવ્યની નહિ. ત્યાં ૧૬માં. એ પોતે પર્યાય થઈને દ્રવ્ય જે છે, નિર્મળ પર્યાયથી અભેદ થયેલું એ '**सर्वभावान्तरध्वंसि**'. પોતાના સ્વભાવથી જે અશુદ્ધ ભાવ છે એનો નાશ કરનારું છે. ૧૬માં છેને? ઓલા કળશમાં. ૧૬મી ગાથાના કળશ છેને. જુઓ ત્યાં છે. '**सर्वभावान्तरध्वंसिस्वभावत्वामेचकः**' ૧૮, ૧૮, ૧૮ કળશ. દેખો! '**સર્વ અન્યદ્રવ્યના સ્વભાવો તથા અન્યના નિમિત્તથી થતા વિભાવોને દૂર કરવારૂપ તેનો સ્વભાવ છે,...**' અશુદ્ધતાને રાખવાનો સ્વભાવ નથી. પણ અશુદ્ધતા છે ખરી પર્યાયમાં. ભારે વાત ભાઈ. વીતરાગ સર્વજ્ઞ સિવાય આ વાત ક્યાંય હોઈ શકે નહિ. એક એક સમયના અંશોને બે પાડ્યા એક શુદ્ધ અંશ ને એક અશુદ્ધ અંશ, પણ છે એનું સત્ત્વ. આહા..હા..! સમજાણું કાંઈ?

અશુદ્ધતા,... ભગવાન આત્મા તો શુદ્ધ દ્રવ્યસ્વભાવ પરિપૂર્ણ અને એને આશ્રયે જે

શુદ્ધતા પ્રગટ થાય એ તો એનો પર્યાયધર્મ, પણ પર સંયોગના લક્ષે અશુદ્ધતા થાય એ પણ એનો વસ્તુનું સત્ત્વ અને ધર્મ. ધર્મ એટલે એણે ધારી રાખેલો ભાવ. આહા..હા..! ભારે વાત ભાઈ! એટલો ફેરક છે.

**'અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે...'** રાગ છેને, ઉદયભાવ તો અશુદ્ધનયનો વિષય છે તે સંસાર છે. પણ સંસાર એની પર્યાયના અસ્તિત્વમાં છે એટલી વાત. એનો વિષય છોડાવવા... જુઓ, **'અને સંસારમાં આત્મા ક્લેશ ભોગવે છે;...'** પરદ્રવ્યના સંયોગથી થયેલો પોતાનો અશુદ્ધ ભાવ એ અશુદ્ધનયનો વિષય સંસાર છે અને એ સંસારથી ચાર ગતિમાં રખડે છે. કહો, સમજાણું કાંઈ? અશુદ્ધનયનો વિષય સંસાર છે, ઉદયભાવ છે. એ છે ઉદયભાવ એના અસ્તિત્વમાં પણ એ અશુદ્ધનયનો વિષય છે. **'અને સંસારમાં આત્મા ક્લેશ ભોગવે છે;...'** ચાર ગતિ દુઃખ, દુઃખ, દુઃખી છે. આત્માના આનંદના ભાન વિના એ એકલો અશુદ્ધતાનો વિષય કરીને સંસાર છે એ તો દુઃખ છે. સમજાણું કાંઈ? પણ દુઃખનું અસ્તિત્વ પણ છે તો એની પર્યાયમાંને, એમ કહે છે. આનંદની ઊલ્ટી અવસ્થા દુઃખ. એ દુઃખનું હોવાપણું જ એની પર્યાયમાં છે. આહા..હા..!

મુમુક્ષુ :-- દુઃખને તો પુદ્ગલ કીધાં છે.

ઉત્તર :-- ઈ કઈ અપેક્ષાએ? નિકળી જાયની અપેક્ષાએ અને સ્વભાવમાં એ નથી. ત્રિકાળ સ્વભાવમાં એ નથી તે અપેક્ષાએ કહ્યાં. પણ દુઃખનું અસ્તિત્વ એનું છે. દુઃખમાં આવી પડતા નથી આવતું? અધ્યવસાયો... દુઃખમાં આવી પડતા.. આવે છે ટીકામાં. એઈ..! આઠ કર્મ દુઃખરૂપ છે ઈ. એ ગાથા. ૪૮ નહિ બીજી છે. બધું યાદ રહે છે કાંઈ? ૪૫, બરાબર છે.

अट्ठविहं पि य कम्मं सव्वं पोग्गलमयं जिणा बेंति।
जस्स फलं तं वुच्चदि दुक्खं ति विच्चमाणस्स।।४५।।

મુમુક્ષુ :-- કર્મ દુઃખ છે.

ઉત્તર :-- કર્મ દુઃખ નથી. એના નિમિત્તથી થયેલો વિકારી ભાવ દુઃખ છે. જુઓ! એમાં છેને. આવી પડતા છેને, જુઓ. **'દુઃખ છે. તે દુઃખમાં જ આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે;...'** ઠીક જુઓ. **'સુખ નામનો આત્મસ્વભાવ તેનાથી વિલક્ષણ હોવાથી, દુઃખ છે. તે દુઃખમાં જ આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે; તેથી, જોકે તેઓ ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે તોપણ, તેઓ આત્માના સ્વભાવો નથી પણ પુદ્ગલસ્વભાવો છે.'** કઈ અપેક્ષાએ? નીકળી જાયની અપેક્ષાએ. પણ છે એની પર્યાયનું સત્ત્વ. અરે.. અરે..! ભારે વાત ભાઈ! પોતે આચાર્ય કહે છેને. સંસાર પર્યાય છે એ, દુઃખ પર્યાય છે. કર્મ છે અને કર્મમાં દુઃખ છે એમ નથી કાંઈ. આઠેય કર્મનો ઉદય આત્મામાં એમાં જોડાતા આનંદથી

ઊલ્ટી એમાં દુઃખની દશા થાય છે. ઈ શુભ-અશુભભાવ કહો, અશુદ્ધ કહો કે દુઃખ કહો પણ એ દુઃખેય આનંદની ઊલ્ટી અવસ્થાનું તત્ત્વ એનામાં છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

'**જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય...**' લ્યો! અહીં. સંસાર મટે અને ક્લેશ મટે. '**વિષય સંસાર છે અને સંસારમાં આત્મા ક્લેશ ભોગવે છે; જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય...**' પરનું લક્ષ છોડે '**ત્યારે સંસાર મટે...**' પરનું લક્ષ છોડે, સ્વનું લક્ષ કરે તો સંસાર મટે. સમજાણું કાંઈ? આવું ઝીણું કોઈ દિ' સાંભળ્યું ન હોય એમાં પહેલાં-વહેલાં સાંભળતા હોય, શું આ કહે છે? દયા પાળવી, વ્રત પાળવો કે અપવાસ કરવો ઈ સમજાય. લ્યો! વર્ષીતપ કરવો હાલો, એક દિ' ખાવું અને એક દિ' ન ખાવું. વર્ષીતપ કહેવો કોને એની તને ખબર નથી. રોટલા ન ખાધા (એમાં) થઈ ગયો તપ તને? સમજાણું કાંઈ? રોટલાને મેં ન ખાધા અને રોટલા મેં છોડ્યા એ ભાવ જ મિથ્યાત્વ છે. મિથ્યાત્વને સેવ્યું છે અને એ મિથ્યાત્વનું અસ્તિત્વ તારી પર્યાયમાં છે. પરનું છોડવું-ગ્રહવું એ તારા અધિકારમાં નથી. પણ મેં છોડ્યું-ગ્રહ્યું એવી માન્યતાનો પર્યાય તો તારામાં છે. આહા..હા..! એવી વાત છે ભાઈ! વીતરાગ માર્ગ ઝીણો બહુ.

તીર્થંકર પરમેશ્વર ત્રિલોકનાથ જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન છે એ ભગવાનનું આ ફરમાન છે. ભાઈ! તને ધર્મ કેમ થાય એની ખબર નહિ અને ધર્મ નથી થયો તો અધર્મ કેમ છે? કેમ છે એ તારી ભૂલને લઈને તારામાં છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**જ્યારે પોતે પરદ્રવ્યથી...**' પરદ્રવ્યના સંયોગે કીધું હતુંને? '**અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે.**' એથી કહે છે કે, '**જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય...**' પરદ્રવ્યથી ભિન્ન (થાય) એટલે લક્ષ છોડે, એનું લક્ષ છોડે તો અશુદ્ધતા છૂટી જાય અને સ્વનું લક્ષ થઈને શુદ્ધતા પ્રગટ થાય. સમજાણું કાંઈ? સમયસાર એટલે આહા..હા..! સર્વ ગ્રંથોનો ભૂપ-રાજા. ગ્રંથરાજ તો પંચાધ્યાયીને પણ કહ્યું છે. પંચાધ્યાયીકારે નહિ? ગ્રંથરાજ. આ તો તર્કથી વસ્તુને સિદ્ધ કરી છે. આ તો અનુભવથી વસ્તુને સાબિત થવાવાળો પદાર્થ છે. સમજાણું કાંઈ?

અરે..! આવી વાત કહે છે કે સાંભળે અને એને સંસાર રહે એમ બને નહિ. એમ કહે છે. કોઈ દીર્ઘસંસારી હોય એનો અહીં પ્રશ્ન નથી. ઈ આવ્યું છેને અર્થમાં? એ વાત જેને... અહો..! પર્યાયમાં અશુદ્ધતા છે એવો તું નયનું લક્ષ રાખીને જેણે પરદ્રવ્યનું લક્ષ છોડી અને સ્વદ્રવ્યનો આશ્રય કર્યો એને સંસાર મટીને મુક્તિ થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? '**એ રીતે દુઃખ મટાડવાને શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે.**' છેને? '**સંસાર મટે અને ત્યારે ક્લેશ મટે...**' એ ઉદયભાવ ટળે ત્યારે દુઃખ ટળે એમ કહે છે. '**એ રીતે દુઃખ મટાડવાને શુદ્ધનયનો ઉપદેશ...**' મુખ્ય છે, મુખ્ય છે. એથી કરીને અશુદ્ધતા પર્યાયમાં

નથી, ગૌણ કરીને એનામાં નથી એમ કહ્યું હતું. અભાવ કરીને અશુદ્ધતા બિલકુલ નથી (એમ નથી) એમ કરીને અશુદ્ધતાને નથી એમ નથી કહ્યું. ગૌણ કરીને નથી એમ કહ્યું હતું. આહા..! સમજાણું કાંઈ?

આવી વાત જ મગજને... એકલા વેપારી આખો દિ' ધંધામાં મશગૂલ એમાં આવી વાત મગજમાં પેસે શી રીતે? એ... ગુલાબભાઈ! પાછો પરિચય ન મળે. આહા..હા..! અંદર ભગવાન આત્મા, પરદ્રવ્યને અને એને સંબંધ શું છે? ફક્ત પરદ્રવ્યનું લક્ષ કરે છે તો અશુદ્ધતા થાય (છે) એટલી વાત. પણ કાંઈ પરદ્રવ્યને લઈને થાય છે એમ નથી. એથી કહે છે કે, અશુદ્ધતા જે છે પુણ્ય, પાપ, રાગ, દ્વેષ, મિથ્યાત્વ, અજ્ઞાન આદિ એ બધી અશુદ્ધતાનો પર્યાય ધર્મ છે, પર્યાયમાં રહેલો છે. એ અશુદ્ધનયનો વિષય છે, એ સંસાર છે એનાથી જીવ ક્લેશ ભોગવે છે. સંસાર રાગ ને ઉદયભાવ અસ્તિ છે કે નહિ? અસ્તિ (હોય) એને દુઃખનો અનુભવ હોય કે ન હોય એને દુઃખનો અનુભવ હોય? સમજાણું કાંઈ?

શુદ્ધનયનો ઉપદેશ મુખ્ય છે એમ કીધુંને, પ્રધાન છે. અશુદ્ધતા પર્યાયમાં છે છતાં ત્રિકાળી ભગવાન શુદ્ધ સ્વરૂપે છે એનો આશ્રય કર એ શુદ્ધનયની મુખ્યતાથી આ ઉપદેશ કહેવામાં આવે છે. કારણ કે, નય છે તે એક અંશને ગ્રહણ કરે છે. સમજાણું કાંઈ? શુદ્ધનય પણ ત્રિકાળી શુદ્ધને ગ્રહણ (કરે છે) એ શુદ્ધ એક અંશ છે. પર્યાયનો અંશ બાકી રહી જાય માટે આને નય કહે છે. સમજાણું કાંઈ? કેટલા પલાખા આવા સમજવા? શુદ્ધનય પણ એક નય છેને? એ નયનો વિષય તો અંશ જ હોય, નયનો વિષય આખું તત્ત્વ ન હોય. ભલે શુદ્ધ દ્રવ્ય પરિણામિકભાવે એ પણ શુદ્ધનય એટલે એક અંશ છે તે. બીજો એક અંશ અશુદ્ધતાનો બાકી રહી જાય છે. એ વ્યવહારનયનો વિષય છે. '**શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે.**' પ્રધાન એટલે આ દિવાન હશે? દિવાન હોયને પ્રધાન દિવાન. ઘણા અત્યારે એવા પ્રધાન હોય છે બધા. આપણે ત્યાં હતોને પ્રધાન નહિ ઓલો? જૂનાગઢવાળો કોણ? ... અહીં આવતાને, અહીં રહ્યા હતાને. અહીં રહ્યા હતા ઘણા દિ'. ... એ અને ઓલો ભાઈ કોણ તમારો? વકીલ જેચંદભાઈ. બેય રહ્યા હતા. સાંભળ્યું. સાંભળીને કહે, વાત તો છે બીજી જાતની.

મુમુક્ષુ :-- લોક સામે બળવો છે.

ઉત્તર :-- લોક સામે તો બળવો છે, હા એમ કહેતા હતા. લોક સામે તો બળવો છે. કરો નક્કી. આમાં ક્યાં એમ નક્કી કર્યા વિના આંધળી દોડે એમને એમ માનવાનું છે. એમ નથી કાંઈ. એના જ્ઞાનમાં આવો ભાવ હોય, આવો હોય એવું ભાસે તો નક્કી થાય. સમજાણું કાંઈ?

'**અશુદ્ધનયને અસત્યાર્થ કહેવાથી...**' લ્યો! વિકાર અને ગુણસ્થાનના ભેદો, વ્યવહારનો વિષય નથી એ '**जिणमयं पवज्जइ**' (૧૨મી ગાથા) આવશેને આગળ? ... વ્યવહારનો વિષય

છે એને છોડી દઈશ નહિ, નથી એમ નહિ. ગુણસ્થાનભેદ છે, રાગ છે. વ્યવહારનો વિષય ન હોય તો એકાંત થઈ જશે. ચૌદ ગુણસ્થાન, સમકિત, ચારિત્ર એ બધી પર્યાયો વ્યવહાર છે. સમજાણું કાંઈ? વ્યવહાર છે ખરો, એ આશ્રય કરવા લાયક નથી અને એને આશ્રયે ધર્મ થતો નથી. આહા..હા..! '**અશુદ્ધનયને...**' પહેલું કહ્યું હતું કે, અશુદ્ધનયનો એ વિષય છે. '**અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે...**' એ '**અશુદ્ધનયને અસત્યાર્થ કહેવાથી એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા નથી.**' આકાશના ફૂલ જ નથી, એમ સંસારપર્યાય, વિકારપર્યાય, દુઃખપર્યાય અશુદ્ધતા છે જ નહિ એમ નથી. બહુ સારો ખુલાસો કર્યો છે. હેં?

મુમુક્ષુ :-- વેદાંતથી જુદું પાડે છે.

ઉત્તર :-- છેને? વસ્તુ છેને? એની પર્યાયમાં છે. એને વેદાંત હોય તો... પણ એમાં વસ્તુમાં છેને આ તો. એના છે એના અસ્તિત્વને સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? વેદાંતની સાથે તો આમાં ક્યાંય મેળ ક્યાં છે? આ તો એના અસ્તિત્વમાં અશુદ્ધતા દુઃખ છે. પણ એને જૂઠો કહ્યો માટે સર્વથા નથી એમ ન માનવું. એ તો શુદ્ધનયની મુખ્યતાને લક્ષમાં લેવા આને ગૌણ કરીને તે નથી એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ...**' જોયું? આત્માનો એ ધર્મ એટલે આત્માએ ધારી રાખેલો ભાવ જ નથી, સર્વથા જ નથી, એમ નથી. '**એમ સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે;...**' કહો, સમજાણું કાંઈ? એમ સર્વથા એકાંત સમજવાથી. કથંચિત્ સ્વભાવમાં નથી, કથંચિત્ પર્યાયમાં છે એમ જાણવું એ તો અનેકાંત છે. આહા..! વીતરાગનો માર્ગ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અલૌકિક માર્ગ છે! એ વીતરાગ સિવાય ક્યાંય આવું હોઈ શકે નહિ. આહા..હા..! લોકો વાડામાં જન્મ્યા પણ સોંઘે સોંઘે લેવા માગે છે, પણ ઈ માગે છે એવો નથી. આહા..!

'**એકાંત સમજવાથી તો મિથ્યાત્વ આવે છે; માટે સ્યાદ્વાદનું શરણ લઈ...**' સ્યાદ્વાદનું એટલે? પર્યાયમાં અશુદ્ધતા છે એમ જાણી, '**શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ.**' પછી ત્રિકાળ દ્રવ્યનું આલંબન કરવું જોઈએ. વસ્તુ ભગવાન પૂર્ણાનંદ ચિદ્ સુખથી ભરેલો પદાર્થ. અજ્ઞાની બહાર ઢૂંઢે છે, વસ્તુ અંતર છે. સમજાણું કાંઈ? ક્યાંય પણ બાહ્ય ચીજને દેખી કે રાગને દેખીને એમાં ઉલ્લસીત વીર્ય થાય છે એને આહા..! એ બધી પરમાં સુખબુદ્ધિ એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? '**સ્યાદ્વાદનું શરણ લઈ શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ.**' આત્મા આનંદમૂર્તિ ત્રિકાળ એનો આશ્રય કરવો જોઈએ. આહા..!

'**સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી શુદ્ધનયનું પણ આલંબન નથી રહેતું.**' પૂર્ણ થયા પછી ઢળવું ક્યાં છે. પૂર્ણ થઈ ગયું પછી કાંઈ છે નહિ. '**શુદ્ધનયનું પણ આલંબન નથી**

રહેતું. જે **વસ્તુસ્વરૂપ છે તે છે...**' દ્રવ્ય પર્યાયરૂપે જે રીતે છે, '**એ પ્રમાણદષ્ટિ છે.**' લ્યો! દ્રવ્યને પણ જાણે અને પર્યાયને પણ જાણે '**એનું ફળ વીતરાગતા છે. આ પ્રમાણે નિશ્ચય કરવો યોગ્ય છે.**' લ્યો! આહા..હા..! નિશ્ચય કરવો યોગ્ય છે. વસ્તુનો નિર્ણય કરાવે છે, આવો નિર્ણય વસ્તુની સ્થિતિનો નિર્ણય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- જ્ઞાનની મુખ્યતા થઈ.

ઉત્તર :-- જ્ઞાનની જ મુખ્યતા છેને.

મુમુક્ષુ :-- શ્રદ્ધાની મુખ્યતા જોઈએ.

ઉત્તર :-- એ જ્ઞાનની મુખ્યતામાં શ્રદ્ધા આવે. શ્રદ્ધાને ક્યાં ભાન છે, શ્રદ્ધાને ખબર કેટલી છે કે, હું છું કે નહિ. એ તો જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અહીં (જ્ઞાયકભાવ) પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહ્યું છે ત્યાં 'પ્રમત્ત-અપ્રમત્ત' એટલે શું? ગુણસ્થાનની પરિપાટીમાં...**' ગુણસ્થાનની ક્રમ પરિપાટીમાં '**છઠ્ઠા ગુણસ્થાન સુધી તો પ્રમત્ત કહેવાય છે અને સાતમાથી માંડીને અપ્રમત્ત કહેવાય છે.**' ચૌદ ગુણસ્થાન. '**પરંતુ એ સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે; શુદ્ધનયથી આત્મા જ્ઞાયક જ છે.**'

મુમુક્ષુ :-- ગુણસ્થાનનો અર્થ ગુણ વધે એનું નામ ગુણસ્થાન.

ઉત્તર :-- એમ કોણે કીધું? ઈ આવે છે, આવે છે. ગુણ વધે એટલે ઈ શુદ્ધિ અંશે વધે, પણ એ બધું ભેદવાળું છેને આખું. ... ભેદ છેને. ઈ ક્યાં સ્વભાવથી ભેદ છે. આહા..હા..! સ્વભાવને આશ્રયે મતિ આદિ થાય એ પણ અભેદરૂપે થાય છે. અંદર અભેદને અભિનંદે છે. નિર્જરા (અધિકાર). પાછું ક્યાંનું ક્યાં આવી ગયું આજે. નિર્મળ દ્રવ્યને આશ્રયે પર્યાય વધે છે, વધે છે એ તો અભેદતા એકતા થાય છે, આ તો ભેદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ... ચૌદ ગુણસ્થાન અચેતન લીધા છે.

મુમુક્ષુ :-- એમાં તો પ્રમાણ એટલે જ્ઞાનનું ફળ વીતરાગતા, શ્રદ્ધાનું ફળ વીતરાગતા.. કુંદકુંદાચાર્ય તો શ્રદ્ધાનું ફળ વીતરાગતા કહે છે.

ઉત્તર :-- એ જ્ઞાનનું ફળ વીતરાગતા છે. શ્રદ્ધા પણ આવી ગઈ. જ્ઞાનમાં શ્રદ્ધા, જ્ઞાનની શ્રદ્ધા આવી ગઈને, ત્રિકાળની શ્રદ્ધા આવી ગઈ. પણ જાણ્યું જ્ઞાનેને. જ્ઞાનની પર્યાયે સ્વને જ્ઞેય કર્યું. આવશેને, ૧૭-૧૮ ગાથામાં. પહેલો આત્માને જાણવો પછી તેની શ્રદ્ધા કરવી એમ છે ન્યાં. ૧૭-૧૮ ગાથામાં. પછી હોં! એમ શબ્દ ત્યાં. નહિ તો છે તો સાથે. એઈ..! આવે છે કે નહિ ૧૭-૧૮? પહેલું જ્ઞાન... જાણવું એટલે આ ધારણા એ જાણવું નહિ. અનુભવવું. સીધી વાત છે આ તો. સીધો ભગવાન જ્ઞાનથી અનુભવે આત્મા એના પછી શ્રદ્ધા કરે. ઠીક, આ ... એઈ હીરાભાઈ!

**'સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે; શુદ્ધનયથી આત્મા જ્ઞાયક જ છે.'** શુદ્ધનયની એકતા માટે જ્ઞાયક જ છે. અશુદ્ધનયને તો હેય કહીને છોડાવ્યો છે. પણ છે એને છોડાવ્યો છે કે ન હોય એને? લ્યો! એ છઠ્ઠી ગાથા થઈ. ઘણા દિ'થી ચાલે છે, ત્રણ-ચાર દિ' થયા, નહિ? કહો, સમજાણું? ભગવાન આત્મા તો જ્ઞાયક. એ જાણનાર અને પર્યાયમાં જાણવું એ પણ બધું થઈને જ્ઞાયક છે એમ કહે છે. ઈ આવી ગયું છે અર્થમાં નહિ? **'આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે.'** જ્ઞાનની પ્રધાનતાથી એની શુદ્ધતા પણ એનામાં ભેળવીને અશુદ્ધતા બાકી છે ઈ પ્રમાણમાં જાય છે. સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- હા, એ બધું જાણવું, જાણવા સહિત. માથે કીધું એનું. નહિ તો માથાનું ખોટું પડે. **'णादो जो सो दु सो चेव'**. કહો, સમજાણું કાંઈ? પર્યાયને ભેગી લઈને વાત કરી છે. **'હવે પ્રશ્ન થાય છે...'** લ્યો! છઠ્ઠી ગાથા પૂરી થઈ.

---

## ગાથા-૭

दर्शनज्ञानचारित्रवत्त्वेनास्याशुद्धत्वमिति चेत्--

ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।
ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो।।७।।
व्यवहारेणोपदिश्यते ज्ञानिनश्चरित्रं दर्शनं ज्ञानम्।
नापि ज्ञानं न चरित्रं न दर्शनं ज्ञायकः शुद्धः।।७।।

आस्तां तावद्बन्धप्रत्ययात् ज्ञायकस्याशुद्धत्वं, दर्शनज्ञानचारित्राण्येव न विद्यन्ते; यतो ह्यनन्तधर्मण्येकस्मिन् धर्मिण्यनिष्णातस्यान्तेवासिजनस्य तदवबोधविधायिभिः कैश्चिद्धर्मैस्तमनुशासतां सूरीणां धर्मधर्मिणोः स्वभावतोऽभेदेऽपि व्यपदेशतो भेदमुत्पाद्य व्यवहारमात्रेणैव ज्ञानिनो दर्शनं ज्ञानं चारित्रमित्युपदेशः। परमार्थतस्त्वेकद्रव्यनिष्पीता-नन्तपर्यायतयैकं किञ्चिन्मिलितास्वादमभेदमेकस्वभावमनुभवतो न दर्शनं न ज्ञानं न चारित्रं, ज्ञायक एवैकः शुद्धः।

હવે પ્રશ્ન થાય છે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર-એ આત્માના ધર્મ કહેવામાં આવ્યા છે, તો એ તો ત્રણ ભેદ થયા; એ ભેદરૂપ ભાવોથી આત્માને અશુદ્ધપણું આવે છે! આ પ્રશ્નના ઉત્તરૂપ ગાથાસૂત્ર કહે છે :-

ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;
ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭.

શ્લોકાર્થ :- [ज्ञानिनः] જ્ઞાનીને [चरित्रं दर्शनं ज्ञानम्] ચારિત્ર, દર્શન, જ્ઞાન-એ ત્રણ ભાવ [व्यवहारेण] વ્યવહારથી [उपदिश्यते] કહેવામાં આવે છે; નિશ્ચયથી [ज्ञानं अपि न] જ્ઞાન પણ નથી, [चरित्रं न] ચારિત્ર પણ નથી અને [दर्शनं न] દર્શન પણ નથી; જ્ઞાની તો એક [ज्ञायकः शुद्धः] શુદ્ધ જ્ઞાયક જ છે.

ટીકા :- આ જ્ઞાયક આત્માને બંધપર્યાયના નિમિત્તથી અશુદ્ધપણું તો દૂર રહો, પણ એને દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ વિદ્યમાન નથી; કારણ કે અનંત ધર્મોવાળા એક ધર્મીમાં જે નિષ્ણાત નથી એવા નિકટવર્તી શિષ્યજનને, ધર્મીને ઓળખાવનારા કેટલાક ધર્મો વડે, ઉપદેશ કરતા આચાર્યોનો-જોકે ધર્મ અને ધર્મીનો સ્વભાવથી અભેદ છે તોપણ નામથી ભેદ ઉપજાવી-વ્યવહારમાત્રથી જ એવો ઉપદેશ છે કે જ્ઞાનીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે. પરંતુ પરમાર્થથી જોવામાં આવે તો અનંત પર્યાયોને એક દ્રવ્ય પી ગયું હોવાથી જે એક છે એવું કાંઈક-મળી ગયેલા આસ્વાદવાળું, અભેદ, એકસ્વભાવી (તત્ત્વ)-અનુભવનારને દર્શન પણ નથી, જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી, એક શુદ્ધ જ્ઞાયક જ છે.

ભાવાર્થ :- આ શુદ્ધ આત્માને કર્મબંધના નિમિત્તથી અશુદ્ધપણું આવે છે એ વાત તો દૂર જ રહો, પણ તેને દર્શન, જ્ઞાન, ચારિત્રના પણ ભેદ નથી; કારણ કે વસ્તુ અનંતધર્મરૂપ એક ધર્મી છે. પરંતુ વ્યવહારી જન ધર્મોને જ સમજે છે, ધર્મીને નથી જાણતા; તેથી વસ્તુના કોઈ અસાધારણ ધર્મોને ઉપદેશમાં લઈ અભેદરૂપ વસ્તુમાં પણ ધર્મોના નામરૂપ ભેદને ઉત્પન્ન કરી એવો ઉપદેશ કરવામાં આવે છે કે જ્ઞાનીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે. આમ અભેદમાં ભેદ કરવામાં આવે છે તેથી તે વ્યવહાર છે. પરમાર્થથી વિચારવામાં આવે તો અનંત પર્યાયોને એક દ્રવ્ય અભેદરૂપે પીને બેઠું છે તેથી તેમાં ભેદ નથી.

અહીં કોઈ કહે કે પર્યાય પણ દ્રવ્યના જ ભેદ છે, અવસ્તુ તો નથી; તો તેને વ્યવહાર કેમ કહી શકાય? તેનું સમાધાન :- એ તો ખરું છે પણ અહીં દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે. અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે. તેથી ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે.

**અહીં એવો અભિપ્રાય છે કે ભેદદષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે; માટે જ્યાં સુધી રાગાદિક મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરી અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે. વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે ત્યાં નયનું આલંબન જ રહેતું નથી.**

## ગાથા-૭ ઉપર પ્રવચન

'**હવે પ્રશ્ન થાય છે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર-એ આત્માના ધર્મ કહેવામાં આવ્યા છે,...**' આત્મા... જુઓ, ધર્મ છેને. ધર્મ એટલે એણે ધારી રાખેલા ભાવ. રાગ, દર્શન, જ્ઞાન, ચારિત્ર એ પણ આત્માના ધર્મ પર્યાયધર્મ છે, '**તો એ તો ત્રણ ભેદ થયા;...**' ભગવાન આત્મા સમકિત, જ્ઞાન અને ચારિત્ર એ તો ત્રણ ભેદ થયા. '**એ ભેદરૂપ ભાવોથી આત્માને અશુદ્ધપણું આવે છે...**' કહો, સમજાણું કાંઈ? પર્યાયમાં હોં! જેમ વિકારી પર્યાયનું અશુદ્ધપણું છે એનો તમે નિષેધ કર્યો. આ પણ ત્રણ ભેદનું અશુદ્ધપણું એમાં આવે છે ત્રણ ભેદવાળું. આત્મા દર્શન છે, આત્મા જ્ઞાન છે, આત્મા ચારિત્ર છે એવું ત્રણ ભેદરૂપ એ અશુદ્ધતા થઈ એ પણ. હવે ઓલો ચોથો... ગૌણપણે જે પર્યાય આ બાજુ રાખી હતી એને અહીં જુદી કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ઈ અનુપચાર શુદ્ધમાં. અશુદ્ધતાનો નિષેધ થયો એમાં તો અસદ્ભુત ઉપચાર-અનઉપચાર અને રાગની જ્ઞેયકૃતની અશુદ્ધતા નથી એટલે એ ઉપચાર કાઢી નાખ્યો સદ્ભુત ઉપચાર. હવે સદ્ભુત અનઉપચારને કાઢી નાખે છે અહીં. ભેદ એનો જ્ઞાન, દર્શન, ચારિત્રનો ભાવ એ આત્મા. એ પણ નહિ. સમજાણું કાંઈ?

'**હવે પ્રશ્ન થાય છે...**' લ્યો! '**दर्शनज्ञानचारित्रवत्त्वेनास्याशुद्धत्वमिति चेत्--**' માથે બાંધેલું છે. આવી ધર્મ કથા. હવે આમાં સૂઝ શું પડે? કાંઈક પાલીતાણા જાત્રા જાવું, દયા પાળવી, અપવાસ કરવો, તપ કરવો (એમ કહે) તો સમજમાં આવે. એ તો બધી બહારની ક્રિયા, બહાર ઢૂંઢે છે ધર્મને. ધર્મને એટલે આત્માને. એટલે આત્માને એટલે કે જાણે આનાથી આત્માને લાભ થશે. આત્માને બહાર ઢૂંઢે છે. એ બહારમાં છે જ નહિ. આહા..હા..! ભગવાન તો અંતર્મુખ ભગવાન બિરાજે છે. સમજાણું કાંઈ?

એવા આત્મામાં ત્રણ ભેદ કહેવા એ પણ.. શિષ્ય તો આટલે સુધી આવ્યો શંકામાં.

અશુદ્ધતાનો નિષેધ કર્યો હતો (તેથી કહે છે કે) આ પણ અશુદ્ધતા કહેવાયને? એમ. સમજાણું કાંઈ? '**दर्शनज्ञानचारित्रवत्त्वेनास्याशुद्धत्वमिति**' એકમાં ત્રણ પ્રકારના ભેદ તે અશુદ્ધપણાને ઉત્પન્ન કરે છે. આહા..હા..! '**આ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :--**' આવી જેને અંદર જિજ્ઞાસા થઈ છે,.. ગુણસ્થાન નહિ, અશુદ્ધતા નહિ પણ ગુણભેદ છેને? એ ગુણભેદ એકરૂપમાં આ દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. લ્યો. આહા..હા..! એકમાં અનેકપણાનો ભેદ પાડવો એ પણ એક અશુદ્ધતા ઉત્પન્ન થાય છે. એમ જેને સમજવું હોય, એવી જિજ્ઞાસા જેને હોય કે, આ તો અશુદ્ધ થયું, એને આ ઉત્તર ગાથા કહેવામાં આવે છે.

**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।**
**ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो।।७।।**
**ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;**
**ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭.**

પાઠ છેને? '**ववहारेण णाणिस्स**' વ્યવહારથી ત્રણ ભેદ કહેવામાં આવે છે, અભૂતાર્થ દૃષ્ટિથી. આહા..હા..! '**ण वि णाणं**'. જ્ઞાનીને જ્ઞાન, ચરિત્ર ને દર્શન છે જ નહિ એ તો જ્ઞાયક છે, એકરૂપ જ્ઞાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ગાથાર્થ :-- જ્ઞાનીને...**' એટલે આત્માને '**ચારિત્ર, દર્શન, જ્ઞાન--એ ત્રણ ભાવ વ્યવહારથી કહેવામાં આવે છે; નિશ્ચયથી...**' જ્ઞાનીને એટલે આત્માને. કૌંસ છેને જ્ઞાનીને? '**જ્ઞાનીને જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી અને દર્શન પણ નથી;...**' એ દર્શન સમકિત પણ નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? વસ્તુ તરીકે એકરૂપ દૃષ્ટિ કરળવવા અને એ દૃષ્ટિનો વિષય અભેદ અને એક જ છે. એની અપેક્ષાએ ત્રણ ભેદ પાડવા વ્યવહાર છે, જૂઠા છે એમ કહે છે. ઠીક! સમજાણું કાંઈ? વ્યવહારનો અર્થ એ થયોને, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, જૂઠા છે.

મુમુક્ષુ :-- છે ખરા.

ઉત્તર :-- છે ત્યારે જૂઠા કહેને. ન હોય એને ક્યાં કહેવા છે. આહા..હા..! ત્રણના ભેદ ઉપર લક્ષ જશે એટલે ત્યાં તો એને રાગ થશે. સમજાણું કાંઈ? ત્રણના ભેદરૂપ લક્ષ જશે તો રાગ થશે. માટે જ્ઞાનીને એટલે આત્માને અભેદની દૃષ્ટિની અપેક્ષામાં એ જ્ઞાનીને જ્ઞાન, દર્શનના ભેદો છે નહિ. અભેદમાં ભેદ છે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ?

એ તો શુદ્ધ, '**જ્ઞાની તો એક શુદ્ધ જ્ઞાયક જ છે.**' જુઓ! આવ્યુંને છેલ્લે? જ્ઞાની તો ઓલું જ્ઞાની હતુંને પહેલું. જ્ઞાનીને આ ત્રણ ભાવ વ્યવહારથી છે, અસત્યાર્થથી છે. આહા..હા..! જૂઠી નયથી છે. જૂઠી નયથી છે એમ કહે છે. ત્યારે કોને હોય જ્ઞાન, દર્શન? લાકડાને? જ્ઞાનીને ન હોય તો. કોઈ વળી એમ કહેતું હતું, જ્ઞાનીને જ્ઞાન, દર્શન, ચારિત્ર

ન હોય તો કોને હોય? સાંભળને હવે, હજી તને ખબર નથી. જ્ઞાની શબ્દે આત્મા અભેદ સ્વરૂપમાં એ ત્રણ ભેદ છે નહિ. ત્રણ ભેદ પાડવા એ તો વ્યવહાર છે. સત્યાર્થ વસ્તુમાં એકરૂપતામાં ત્રણ ભેદ પાડવા તે અસત્યાર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચૌદ ગુણસ્થાન તો અસત્યાર્થ છે પણ અભેદ એકરૂપ અખંડ આનંદકંદ એનો આશ્રય કરાવવા અને આશ્રય કરનારને ભેદ છે તે જૂઠા છે. ભારે વાતું ભાઈ.

ભેદથી ધર્મ થાય એમ તો છે નહિ. રાગથી ધર્મ થાય એમ તો છે નહિ પણ એ ભેદ છે એનો આશ્રય કરવા લાયક છે એમેય નથી. આહા..હા..! ત્રણ પ્રકાર, એકમાં ત્રણ પ્રકાર પાડવા જશે ત્યાં અનેકતાનો આશ્રય થતાં વિકલ્પ ઉઠશે. સમજાણું કાંઈ? એથી જ્ઞાનીને એટલે આત્માને ત્રણ વ્યવહારથી છે, જ્ઞાનીને નિશ્ચયથી નથી એટલે કે અભેદમાં ભેદ નથી. ગૌણપણે હો, મુખ્યપણે નથી. મુખ્ય તો અભેદ ચિદાનંદ આત્મા. આહા..હા..! વ્યાખ્યા.. એક કોર અશુદ્ધતાનું સત્ત્વ એનામાં, એક કોર દર્શન, જ્ઞાન, ચારિત્ર એનામાં નહિ. સમજાણું કાંઈ? એને સમજવું પડશેને કે, વસ્તુ આ છે અખંડ પ્રભુ અભેદ ચૈતન્ય અંતર્મુખનો વિષય, અંતર્મુખ રહેલું તત્ત્વ અંતર દૃષ્ટિનો વિષય છે. એમાં અભેદપણું છે, એ અભેદમાં ત્રણ ભેદોનો અભાવ છે માટે ત્રણ નથી એમ કહેવામાં આવ્યું છે. એકરૂપે ઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એની વિશેષ વ્યાખ્યા આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૭, ગુરુવાર, તા. ૯-૧૨-૧૯૭૧
## ગાથા-૭, પ્રવચન-૩૪

ટીકા છે. 'ટીકા :-- આ જ્ઞાયક આત્માને...' અહીંથી ઉપાડ્યું પાધરું લ્યો. છઠ્ઠી ગાથાની સાથે સંધી કરે છે, છઠ્ઠી ગાથાની સાથે. આત્મા એ ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ છે. કેમકે વસ્તુ છે આત્મા તો એનો જ્ઞાનસ્વભાવ પણ એકરૂપ વસ્તુનો પૂર્ણ સ્વભાવ છે. આત્મા કહો કે 'જ્ઞ' સ્વભાવવાળો કહો. ભાવ છેને એનો કોઈ. આત્મા તો એક પદાર્થ છે વસ્તુ,

વસ્તુ છે એ સ્વભાવથી કાંઈ ખાલી હોય? સ્વભાવથી ખાલી હોય એટલે વસ્તુ શું? સમજાણું કાંઈ? તો એનો 'જ્ઞ' સ્વભાવ--જાણવું એનો સ્વભાવ. એ પૂર્ણ સ્વભાવ છે. એનો જાણવું એવો સ્વભાવ. વસ્તુ એક તો ઈ જાણવાનો સ્વભાવ પણ પૂર્ણ એક. એથી એને જ્ઞાયક કીધો. સમજાણું કાંઈ?

'**આ જ્ઞાયક આત્માને...**' એમ કહ્યું છેને? આ અસ્તિ વિદ્યમાન ભગવાન જ્ઞાયક આત્મા, જાણનાર આત્મા એને, '**બંધપર્યાયના નિમિત્તથી અશુદ્ધપણું તો દૂર રહો,...**' કહે છે કે, કર્મના નિમિત્તનો સંબંધ અને એને કારણે એમાં બંધ, સંયોગજનિત વિકારી ભાવ એનાથી એ તો દૂર એ વાત તો એક કોર છોડી દીધી. સમજાય છે કાંઈ? આહા..હા..! આવો આત્મા જ્ઞાયક સ્વભાવ. એને પરિપૂર્ણ બેસતું નથી. વસ્તુ છે એથી એનો.. જ્ઞાનસ્વભાવથી અહીં જ્ઞાયક લીધો છે, પારિણામિકભાવથી ન લેતા. પારિણામિકભાવે તો પરમાણુ અને બીજા દ્રવ્યો પણ છે. પણ જ્ઞાયકભાવરૂપી પારિણામિક સ્વભાવ છે. એમ. સમજાણું કાંઈ?

એવો જે જ્ઞાયક સ્વભાવ ભાવવાળો, એવો જ્ઞાયક સ્વભાવ ભાવવાળો આત્મા એને કર્મના સંબંધનો વિકારી ભાવ એ તો દૂર રહો, એ તો એનામાં છે નહિ. સમજાણું કાંઈ? એ તો દૂર રહો કહે છે, એની વાત તો શું કરવી હવે. સમજાણું કાંઈ? '**પણ...**' ઓલી વાત કરીને એટલે બીજી કહેવી છેને. આહા..હા..! '**પણ...**' ભગવાન જ્ઞાયક ભાવમાં, એવા એકરૂપ સ્વભાવમાં '**એને દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ વિદ્યમાન નથી.**' સમજાણું કાંઈ? અભેદમાં ભેદ છે નહિ એમ કહે છે. એથી તે અભેદ વસ્તુ જ્ઞાયક ભાવ... આ તો અંતરમાં વિશ્વાસ ને પ્રતીત ને અનુભવમાં એની વાત છે. સમજાણું કાંઈ? અને કરવાનું તો એ જ છે, બાકી બધું થોથા છે. આહા..હા..!

કહે છે કે, જાણનાર ભગવાન... અહીં તો જાણનારથી લીધો છે. સમજાણું કાંઈ? એને બંધપર્યાય જે કર્મના નિમિત્તથી થતી અવસ્થા એવું જે અશુદ્ધપણું એ જ્ઞાયક ભાવમાં છે જ નહિ. પણ જ્ઞાયક ભાવ એકરૂપ ભાવ એમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ નથી. છે નહિ, વિદ્યમાન નથી. સમજાણું કાંઈ? ભારે કામ છે આ. એટલે કે એમાં અભેદ એક વસ્તુમાં આ ગુણભેદ એવું છે જ નહિ. એક અનંત ગુણનું એકરૂપ, અનંત શક્તિનું એકરૂપ એ એકરૂપમાં અનેકપણું છે જ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? દેવીલાલજી!

અહીં તો વિદ્યમાન નથી એમ કહ્યું છેને? '**न विद्यन्ते**' સંસ્કૃતમાં એમ છે. છે નહિ. રાડ નાખે. સાંભળને. એકરૂપ સત્યાર્થ પદાર્થમાં ભેદની અપેક્ષાએ તેને અસત્યાર્થ નામ એમાં છે નહિ એમ જ હોઈ શકે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જાણક સ્વભાવે અભેદરૂપ એકરૂપ વસ્તુમાં બીજા ગુણો હોવા છતાં એકરૂપની દૃષ્ટિ કરતાં ભેદ એમાં દેખાય નહિ. અને ભેદ દેખવો એ તો ભેદ છે, અનેક થઈ ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાયક ભાવ

એમાં અશુદ્ધ ભાવ નથી અને તે રીતે એમાં ત્રણના ભેદ પણ નથી. આહા..! કેમકે એકરૂપ શુદ્ધ દ્રવ્ય એમાં ત્રણ ભેદ પાડતા અશુદ્ધતા આવે છે. વિકલ્પ ઉઠે છે. સમજાણું કાંઈ? રાગ ઉઠે છે એ તો પાછો પહેલો નિષેધ કર્યો હતો અશુદ્ધતાનો. અહીં પણ પાછો ભેદ પાડતા રાગ ઉઠે છે માટે એનો પણ નિષેધ છે. આહા..હા..! હીરાભાઈ! કહો, સમજાણું આમાં? વસ્તુમાં અનંત ગુણ વસેલા છે, પણ વસેલા છતાં એને ભેદ પાડવો એ ભેદ અભેદમાં છે જ નહિ એમ કહે છે. આહા..હા..! એકરૂપ વસ્તુમાં અનેકપણું છે જ નહિ. સમજાય છે કાંઈ? કેમકે સમ્યગ્દર્શનનો વિષય તો તદ્દન જ્ઞાયક અભેદ વસ્તુ છે. અભેદમાં ગુણભેદ નથી, પર્યાયભેદ નથી.

'**દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ...**' એ તો પદની અપેક્ષાએ ત્યાં '**चरित्त दंसणं णाणं**' એમ આવ્યું છે પાઠમાં. '**णाणिस्स चरित्त दंसणं णाणं। ण वि णाणं ण चरित्तं ण दंसणं**' એમ. એ તો પદની ગોઠવણી કરવી છેને. એકરૂપ વસ્તુ ભગવાન આનંદનું ધામ, જ્ઞાયક ભાવનો પરમપારિણામિક દ્રવ્ય સ્વરૂપનો, દ્રવ્યનું સ્વરૂપ... આવ્યુંને? દ્રવ્ય આત્મલાભ હેતુ પરિણામિક. પંચાસ્તિકાયમાં. દ્રવ્યના હયાતી, દ્રવ્યના સ્વરૂપની હયાતી તે પારિણામિક ભાવ. આ દ્રવ્યના સ્વરૂપની હયાતી તે અભેદભાવ. સમજાણું કાંઈ? આ ધર્મકથા જુદી છે ભાઈ! ઓલા મોહનલાલજીએ લખ્યું છે, ધર્મના પુસ્તકો એવા લખવા કે લોકોને સમજાય એવા. જોકે સોનગઢના પુસ્તકો પરદેશમાં પહોંચ્યા છે પણ ઈ એક ઢંગના છે, ઊંચા દરજ્જાના છે. આમાં આવ્યું છે. ... વાત ખોટી નથી. એક ઢંગના જ છે. આ એમ કે સાધારણ માણસને સમજાય એવા... શું કહેવાય? ... પરદેશમાં સોનગઢના પુસ્તકો પહોંચ્યા છે પણ એ એના ઊંચા દરજ્જાના છે. ... એવા જોઈએ... છેને ભાઈ! અધ્યાત્મ વાણી. આવી છે કે નહિ અધ્યાત્મ વાણી? આવી છે? મોહનભાઈ! અધ્યાત્મ વાણી પુસ્તક લીધું છે? નથી લીધું. ખબરેય નથી? આ શાંતિલાલને પૂછ્યું તો ખબરેય નથી. એઈ..! શાંતિભાઈ! અધ્યાત્મ વાણી. આ .. છપાણી છે. ખબરેય નથી એને. ... ખબર ન હોય તો એ વાત સાધારણ, પણ આને ખબર નથી. મેં તો એમ કીધું ખબર નથી એને. દુલીચંદજીએ છપાવી છે. તમારી પાસે આવ્યું છે? કહો, સમજાણું કાંઈ? અધ્યાત્મ વાણી પુસ્તક છેને. સોનગઢની અધ્યાત્મની પ્રધાનતાથી પુસ્તક છે. સરળ ભાષામાં છે. ... કહો, એ પણ ખબર નથી હજી. એ.. પોપટભાઈ! લાદીમાં કેમ ભુક્કો નાખવો એની ખબર, આની ખબર નથી પુસ્તક બહાર પડ્યું છે એની? ...ભાઈ! આવ્યું છે તમારી પાસે.

મુમુક્ષુ :-- ઈ તો નવા આવ્યા છે.

ઉત્તર :-- નવા પણ... જૂનું ગોતી કેમ કાઢ્યું, એના બાપ પાસે નહોતું એમાં નવું કાઢ્યું બધું. લાદીના ધંધા ને ફલાણાના ધંધા.

અહીં તો ભાષા... ઓહો..હો..! કથનની પદ્ધતિ. ભગવાન આત્મા એકરૂપમાં ત્રણ રૂપ જ નથી. જ્ઞાન, દર્શન, ચારિત્ર છે જ નહિ. નથીનો અર્થ એકરૂપમાં અનેકતાની હયાતી હોય શકે જ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? તમારે આવ્યું છે? હેં? ... આપણને શી ખબર કે હિન્દી છપાયું છે. અહીં તો બહાર આવ્યું છે એટલું જાણીએ. કહો, સમજાણું કાંઈ? અહીં કહે છે, જુઓ! આ સમ્યગ્દર્શનનો વિષય અભેદ છે. અભેદ દેખતા એમાં ભેદ હોવા છતાં, અભેદમાં ભેદ દેખાય નહિ. જો અભેદમાં ભેદ દેખાય તો અભેદ ચીજ થઈ શકે નહિ. આહા..! સમજાણું કાંઈ? એનું સ્વરૂપ એવું છે કે, જેમાં દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદો, પ્રકારો, અનેકતાઓ એકમાં નથી, એકમાં નથી એમ. એકમાં અનેક નથી, અભેદમાં ભેદ નથી, ભેદ ભેદપણે હો પણ અભેદમાં ભેદ નથી. સમજાણું કાંઈ? કેમ? કે, અભેદ દૃષ્ટિ થતાં એના જેટલા ગુણો છે એ એક જ સમયે બધા પરિણમે છે. સમજાણું કાંઈ?

જેટલા એના ગુણો છે એટલા અભેદ દૃષ્ટિ થતાં, સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્મા, સર્વદર્શીસ્વભાવી, વીર્ય પણ સર્વ વીર્યસંપન્ન, કેવળ એકલું વીર્ય આત્મસ્વરૂપ, એમ પૂર્ણ આનંદસંપન્ન. કેવળ આનંદ, પૂર્ણ આનંદ એ બધા પૂર્ણ સ્વરૂપ. પણ સ્વરૂપે એક છે. વસ્તુએ એક છે. એ એકની દૃષ્ટિ આપતા અભેદ છે માટે દ્રવ્યમાં અભેદ છે માટે એક સમયમાં અનંતા જેટલા ગુણો (છે) એનું પરિણમન અભેદ સાથે જ હોય. પણ ગુણ ભેદ છે માટે ગુણની પર્યાયની પૂર્ણતા એકસાથે ન હોય. સમજાણું કાંઈ? ગુણની પૂર્ણતા એટલે પર્યાયની. સમજાણું કાંઈ?

આ અંતરના અધ્યાત્મ સ્વભાવની વાત છે ભાઈ! એને પહોંચ્યા વિના ત્રણ કાળમાં એનો ઉદ્ધાર છે નહિ. જેમાં જન્મ-મરણના અભાવરૂપ સ્વભાવ (ભર્યો છે) એને પકડ્યા વિના એની પર્યાયમાં જન્મ-મરણના અભાવરૂપ પર્યાય પરિણમ્યા વિના એનો જન્મનો ઉદ્ધાર નહિ થાય. સમજાણું કાંઈ? કહે છે, એ તો નથી પણ આ પણ નથી. એમ. 'પણ' શબ્દ કીધોને? બે કહેવું છેને. વસ્તુને જોતા, અભેદને જોતા ભેદ કેમ દેખાય? માટે દેખાતો નથી. માટે એનામાં નથી એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? હવે આવો ધર્મ કરવો એને આવી બધી વાતું (સમજવી)... બાપુ! ધર્મની પર્યાય જેને પ્રગટ કરવી છે એને અભેદ ધર્મ અને ધર્મીનું અભેદપણું છે. ગુણ ધર્મ એટલે અને ધર્મી એ અભેદદૃષ્ટિ થયા વિના એની પર્યાયમાં ધર્મની દશા થાય નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પથી તો કલ્યાણ ન થાય કારણ કે, એમાં એ નથી. પણ ભેદની દૃષ્ટિએ કલ્યાણ ન થાય. કેમકે અભેદમાં એ ભેદ નથી અને ભેદનું લક્ષ કરવા જશે તો રાગ ઉત્પન્ન થશે. કહો, સમજાણું કાંઈ? ભેદની દૃષ્ટિ એ જ પર્યાયદૃષ્ટિ છે. ભેદદૃષ્ટિ કહો, પર્યાયદૃષ્ટિ કહો, અંશદૃષ્ટિ કહો. સમજાય છે કાંઈ? વ્યવહારદૃષ્ટિ કહો.

આહા..હા...! જે પહોંચ્યા છે એ આમ પહોંચ્યા છે અંદરમાં. સમજાણું કાંઈ?

કહે છે, **'न विद्यन्ते'**. આ તો આવ્યું.. જ્ઞાન, દર્શન ક્યાં જડમાં હશે? એક જણો ઈ કહેતો હતો. .... લ્યો, જ્ઞાનીને જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી. એને નથી ત્યારે જડને હોય સમકિત, જ્ઞાન ને ચારિત્ર? જ્ઞાનીને જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી. જ્ઞાની શબ્દે તો અહીં આત્મા છે. સમજાણું કાંઈ? **'णाणिस्स'** છેને? આત્મામાં એમ. એમ છેને? ચંદુભાઈ! શું?

**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।**
**ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो।।७।।**

એમ લેવું. સમજાણું? **'णाणिस्स चरित्त दंसणं णाणं। णाणि ण दंसणं, ण चरित्तं, ण णाणं, णाणि जाणगो सुद्धो।'** અલૌકિક વાત છે ભઈ આ તો. આ તો લોકનું તોડવું હોય અને લોકોત્તર આશ્રય કરવો હોય એની વાત છે. આ કંઈ વાતની વાત નથી. કારણ કે, **'દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ વિદ્યમાન નથી;...'** પંડિતજી! .... જ્ઞાન, દર્શન, ચારિત્ર એનામાં છે જ નહિ. કઈ અપેક્ષાએ? એકરૂપ ભગવાન ઉપર દૃષ્ટિ પડ્યા વિના એકરૂપતા અનંત ગુણનું એક સમયનું પરિણમન એકરૂપન ન થાય. સમજાણું કાંઈ? ભેદ ઉપર દૃષ્ટિ પડતા કોઈ ગુણનું પરિણમન શુદ્ધ ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એક્કો જીતે. એમ આવે છેને તમારે? હુકમનો એક્કો. આ તો હુકમના એક્કાનો એક્કો પાછો. આવે છેને તમારે ગંજીપામાં એક્કો, બાદશાહ, રાણી એવું આવે છે. આવે છેને? નાની ઉંમરમાં બધું (રમ્યા છીએ). અમારે મામા હતાને, ગૃહસ્થ હતા એ રાખતા. ગૃહસ્થ હતા, ઈ રાખતા. ન્યાં જઈએ તો ન્યાં રાખે. નાની ઉંમરમાં હોં! દસ-બાર વર્ષની ઉંમર. શું કહેવાય? ... ગંજીપો પણ રમતા. નવરા થઈને અહીંયા ઓલા .... થઈ ગયું આપણે ... જય ભગવાન!

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- પડિકમણું કર્યા પછી ... વસ્તુ સ્વરૂપના ભાન વિના શું?

કહે છે, અરે..! ભગવાન જ્ઞાયક આત્માને, જ્ઞાયક આત્માને એમ કીધું છે ને? જ્ઞાયકરૂપ, સ્વભાવરૂપ આત્માને. જ્ઞાયક ભાવ લીધો છેને. જ્ઞાયક એવા ભાવરૂપ આત્માને બંધના પર્યાયનો ભાવ અશુદ્ધપણું જે પર્યાયનું એ તો દૂર રહો, એ અશુદ્ધને દ્રવ્ય સ્પર્શ્યું પણ નથી. એ અશુદ્ધતાની વિકલ્પદશાને જ્ઞાયક ભાવ અડ્યો પણ નથી. હવે અહીં તો કહે છે કે, અભેદ છે ઈ ભેદને અડ્યો નથી. સમજાણું કાંઈ? દેવીલાલજી! આહા..હા..! અરે..રે..! આવા જાતની વાત એના ઘરમાં છે એની વાત એને કાને ન પડે ઈ ક્યાં ગોતે? સમજાણું કાંઈ?

આ વસ્તુ અભેદ છે એને શોધ, એમાં જા તો તને આત્માની પ્રાપ્તિ અને સમ્યગ્દર્શન થાય. એ વિના કોઈ બીજો માર્ગ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! અહો..! અશુદ્ધ તો દૂર રહો. દૂર છે એમ. સમજાણું કાંઈ? ભગવાન આત્મામાં દયા, દાન, વ્રત, પૂજા,

ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પો બંધપર્યાયના નિમિત્તે ઉત્પન્ન થયેલી અશુદ્ધતા એ દૂર રહો, એમાં છે નહિ, આત્મા એને અડતોય નથી. પણ અભેદમાં ભેદને અડતો નથી એમ કહે છે. અભેદમાં ભેદ છે નહિ. આહા..હા..!

ભગવાન! તું એવડો છો હોં! એકરૂપ છે એની દૃષ્ટિ અનુભવ થતાં અનંતા જેટલા ગુણો છે એ એક જ સમયમાં પ્રગટ થાય છે. ઈ કહેશે. અનંત ધર્મોને પી ગયું હોય. એકરૂપ કિંચિત એકમેક મળેલા. એટલે એકરૂપ પર્યાય પ્રગટ થાય છે અને છતાં ગુણભેદનો સ્વાદ ભેદ ... છે. ભિન્ન ભિન્ન ગુણના સ્વાદનો ભેદ (છે) પણ એ અભેદ ઉપર દૃષ્ટિ આપતા. સમજાણું કાંઈ? એકરૂપ ભગવાન આત્મા આ એક પોતે હોં! બીજા બધા એક કોર રહી ગયા, પરમેશ્વર પણ એક કોર રહી ગયા. આહા..! આવા ... વાંચ્યું નહિ. ... કીધું, આ શું કરે છે? તેરાપંથીના મોટા પંડિત ગણાય, ... મોટી. ... શ્વેતાંબર મુનિ નાગરાજજી. મત યોગી ભારતીય શ્રદ્ધા કે નામ પર ઈતના સમર્પીત હો ગયા કિ પૂર્વજો કે આન પર, ત્રિકાળ ... અર..ર..ર..! ... અરે..! તું આવડો આત્મા. સમજાણું કાંઈ? કહે છે... ગજબ કરે છે! આત્મા આવો, સર્વજ્ઞસ્વભાવી. જ્ઞ સ્વભાવી એટલે કે પૂર્ણ સ્વભાવી એને પર્યાયમાં પૂર્ણ સ્વભાવ આવે ત્યારે એ સર્વજ્ઞ કહેવાય. સમજાણું કાંઈ? ... કહો, સમજાણું કાંઈ?

ફરીથી. '**આ જ્ઞાયક આત્માને...**' અસ્તિરૂપે તો કહ્યું આ છે. પ્રત્યક્ષ જ છે. આ જ્ઞાયક ભગવાન સ્વભાવવાનને, જ્ઞાયક આત્માને, જ્ઞાયકભાવવાળો આત્મા એને જ્ઞાયક સ્વભાવરૂપ આત્મા. સ્વરૂપ જ છે, અહીં તો જ્ઞાયકસ્વરૂપ છેને, એનું સ્વરૂપ છે. જ્ઞાયક આત્માને. આત્માને જ આખો જ્ઞાયક કહી દીધો. છે તો ભાવવાળો ભાવ. જ્ઞાયક છે તો ભાવ, પણ એ ભાવસ્વરૂપ જ આત્મા છે. એને '**બંધપર્યાયના નિમિત્તથી...**' અરે..! ભગવાન આત્માને બીજી ચીજના સંગે ઉત્પન્ન થયેલો મલિન ભાવ, શુભ-અશુભ પુણ્ય-પાપ ભાવ એ તો દૂર રહો. એને તો એ જ્ઞાયક ભાવ આત્મા અડ્યો પણ નથી, એથી તે દૂર છે. આહા..હા..!

'પણ..' બીજો નાખવો છેને એટલે પણ (કહે છે). એ ઉપરાંત '**એને દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ વિદ્યમાન નથી;...**' આહા..! ભગવાન આત્મા એમાં અશુદ્ધતા તો છે જ નહિ પણ એમાં એકરૂપ જે જ્ઞાયક ભાવ આત્મા એમાં એકરૂપમાં, અભેદમાં, એક ભાવમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર છે જ નહિ. અભેદમાં ભેદ છે જ નહિ. ભેદને વ્યવહાર કરી અભૂતાર્થ કરીને નથી એમ કીધું છે. ઓલામાં ભલે હો ગુણ-ગુણીરૂપે. એકરૂપમાં અનેક નથી, અભેદમાં ભેદ નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા આ દર્શન, જ્ઞાન ને ચારિત્રવાળો, કહે છે કે એ તો વ્યવહાર થઈ ગયો. વ્યવહારનો વિષયને. પહેલો શબ્દ આવ્યો કે નહિ? '**ववहारेणुवदिस्सदि**' અભૂતાર્થ દૃષ્ટિથી કહેવામાં આવે છે. આહા..હા..! અભૂતાર્થ નામ અસત્યાર્થ.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- જયચંદ્ર પંડિત ઠેક ઠેકાણે નાખે છે. ૧૩માં, ૧૪માં બધે અભૂતાર્થ, અસત્યાર્થ. ભૂતાર્થ અને સત્યાર્થ. ... ભૂતાર્થની વ્યાખ્યા જ સત્યાર્થ કરી નાખી, અભૂતાર્થની વ્યાખ્યા અસત્યાર્થ કરીને નાખી છે. ૧૩, ૧૪, ૧૫ બધે. એમ જ છેને વાત પણ. હવે ઈ ખટકે છે લોકોને. અભૂત કહો, અસત્ય ન કહો. અરે..! ભગવાન! તને શું થયું?

અહીં તો કહે છે, એકરૂપ ભગવાન ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એને અશુદ્ધતા તો પ્રભુ! દૂર રહો, અશુદ્ધતા તો ક્યાંય દૂર રહો કે દૂર છે. એમ. દૂર છે પણ જ્ઞાયક ભાવમાં એકરૂપ ભાવમાં એને સમકિત, જ્ઞાન અને ચારિત્ર ત્રણ ભેદ વિદ્યમાન નથી. એટલે કે એ અભૂતાર્થ છે, એટલે કે ત્રણ અસત્યાર્થ છે. એક સત્યાર્થ છે અને ત્રણ અસત્યાર્થ છે એમ કહે છે. ...ભાઈ! આહા..હા..! ગજબ વાત છે! સમજાણું કાંઈ?

બાપુ! તારી પ્રભુતા, તારી પ્રભુતાની મોટપ તો એકરૂપમાં છે કહે છે. સમજાણું કાંઈ? વસ્તુ એકરૂપ છે અને એનો ગુણો અનંત છે એને ભેદથી જુઓ, ઈ જ્ઞાન કરવા માટે ભલે હો પણ આદરણીય માટે નથી. સમજાણું કાંઈ? કેમકે જ્યાં અભેદને જોતા ભેદ એમાં હોય તો તો ભેદ નજરમાં જ આવ્યો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવું સ્વરૂપ એને કાને ન પડે, કાને ન પડે એના ઘરની વાતું અરે..! એના ઉદ્ધાર ક્યારે થાય? આહા..! ચોર્યાશીના અવતારમાં જન્મ-મરણના દુઃખ તો નિમિત્ત છે પણ એની આકુળતા, જન્મ-મરણ તો નિમિત્ત છે પણ એની આકુળતા... આહા..હા..!

તેત્રીસ તેત્રીસ સાગરના સાતમી નરકના આકુળતા. દુઃખો એણે અનંત વાર વેઠ્યા છે. એનામાં નથી એને વેઠ્યા છે. ગજબ વાત છે. એ દુઃખનો ભાવ એ અશુદ્ધ ભાવ એનામાં નથી. અરે..! એનામાં ત્રણ ભેદ વિદ્યમાન નથી. છેને? એ તો '**ववहारेणुवदिस्सदि**' એ તો વ્યવહારે કહેવામાં આવ્યું છે. આહા..હા..! ગજબ છેને! અશુદ્ધતા તો અસદ્‌ભૂત વ્યવહારનયે કીધી, અસદ્‌ભૂત એટલે એનામાં નથી એમ. આ એ કહે છે કે, વ્યવહારથી ત્રણ ભેદ પાડવામાં આવે છે. એટલે કે અસત્ય દૃષ્ટિથી, અભૂતાર્થ દૃષ્ટિથી, જૂઠી દૃષ્ટિથી એકમાં ત્રણ કહેવામાં આવે છે. આહા..હા..! એઈ..! સદ્‌ભુત અનુપચાર ઉડાવ્યો. છઠ્ઠીમાં ઓલા ત્રણ તો ઉડાડ્યા હતા. આહા..હા..! ગજબ વાત છે! વસ્તુની સ્થિતિ જ આવી છે, આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આહા..!

એકરૂપ ભગવાન આત્મા જ્ઞાયક ભાવને ત્રણ વસ્તુ એ એકમાં નથી અને ત્રણ કહેવા, એકમાં ત્રણને કહેવું એ વ્યવહાર, અસત્યાર્થ, જૂઠી દૃષ્ટિ છે. આહા..હા..! સત્ય તો એકરૂપ સહિત જ છે એમ કહે છે. પંડિતજી! હોતા હૈ ઐસા અર્થ? '**आस्तां तावद्बन्धप्रत्ययात् ज्ञायकस्याशुद्धत्वं**' '**आस्तां**' હો, પણ દૂર. દર્શન, '**दर्शनज्ञानचारित्राण्येव न विद्यन्ते;**'

આહા..હા..! એને જ્યાં નજર મૂકવી છે, એને જ્યાં નજર મૂકવી છે ત્યાં એક છે, અનેક નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

અરે..! મનુષ્યના ભવમાં તો ભવના અભાવની વાતું સાંભળીને ભવનો અભાવ કરવાની વાત આ છે. સમજાણું કાંઈ? અરે..! ભગવાન આત્મામાં ત્રણ ભેદ ના પાડે તો ભવના ભવના ભવ અને ભવના ભાવ તો દૂર રહો કહે છે. આહા..હા..! એમ કહ્યુંને? ચાર ગતિના ભવો અને એનો ભાવ એ તો દૂર રહો પ્રભુ! એ મારામાં નહિ. હું તો મુક્ત જ્ઞાયક ભાવ મુક્તસ્વરૂપ છું. મુક્તસ્વરૂપના ભાવ બંધના અને બંધના ફળ મારામાં નથી. એવો ભગવાન આત્મા અંતરમાં એકરૂપને નજર કરતાં અનેકપણું તેની નજરમાં નથી આવતું. તેથી તે અનેકને અસત્યાર્થ કહીને, જૂઠું કહીને નિષેધ કર્યો છે. કહો, સમજાણું કાંઈ?

એકરૂપતાની દૃષ્ટિ થયા વિના નિર્વિકલ્પતા થતી નથી અને નિર્વિકલ્પતા એકના આશ્રયે થાય છે. ભેદને આશ્રયે નિર્વિકલ્પતા થતી નથી. આહા..! સમજાણું કાંઈ? આ તો માખણની ગાથાઓ છે બધી. હીરો, હીરો ભગવાન ચૈતન્ય આહા..હા..! એ હીરાના કહે છે પ્રકાશ, તોલ આદિ ભેદ પાડવા એ હીરામાં નથી કહે છે. આહા..હા..! ભગવાન ચૈતન્ય હીરો ચિંતામણિ રત્ન સમાન પ્રભુ એમાં, કહે છે કે ભવ અને ભવના ભાવ (નથી). ભગવાન! જે ભાવે તીર્થંકરગોત્ર મળે, જે ભાવે સર્વાર્થસિદ્ધિનો ભવ મળે એવા ભાવ તો દૂર રહો. આહા..હા..! હેં! જામી? ચંદુભાઈ ડૉક્ટર કહે, જામી શબ્દ અમારે ચંદુભાઈનો છે. આહા..હા..! વાત તો એમ છે. આહા..! આ વિના જામે એવું નથી અંદર. આહા..!

એ તારા ગાણા તેં સાંભળ્યા નહિ પ્રભુ! તેં બધી રાગની પ્રશંસા ને ભેદની પ્રશંસા, નિમિત્તની પ્રશંસા (કરી કે) ભગવાન આવા ને ભગવાન આવા ને ભગવાન આવા. પણ ભગવાન આવામાં તું કોણ? સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ કામ કર્યા છે અને ગજબ કથન કર્યા છે! કહે છે કે, સંકેલ, એ વિકલ્પથી બુદ્ધિને સંકેલ. એ તો ઠીક પણ ભેદથી બુદ્ધિને સંકેલી લે હવે. સમજાણું કાંઈ? ગુલાબચંદભાઈ! આ સમજવું પડશે હોં! બહાર કાંઈ ચાલે એવું નથી ન્યાં. ... સાંભળે છે માંડ માંડ. આટલા દિ' રહ્યા છે અને એકાદ દિ' આવે તો ભાગે. ચાલો કલકત્તા. આહા..હા..! પ્રભુ! તું કેવડો છો? ... કોણ છો? કેવડાને તને એકને આત્મા કહેવો? આહા..હા..! ભેદવાળાને આત્મા ન કહેવો એમ કહે છે. સમજાણું કાંઈ? આ ફરીને લીધું નવનીતભાઈ! તમારા હાટુ ફરીને લીધું. ભાઈએ કીધુંને. આહા..હા..!

ઘણું ઊંડે ઉતારીને લઈ ગયા છે, ઊંડે ઉતારી ગયા છે. ભાઈ! પાતાળમાં જા અંદર, એકરૂપમાં જા હોં ભગવાન! તું એકરૂપે જ છો. આહા..! અનેકરૂપ તું નહિ, અનેકપણે તને કહેવો એ તો અસત્યાર્થ દૃષ્ટિથી છે. આહા..હા..! વ્યવહાર દૃષ્ટિથી છે, ઉપચાર દૃષ્ટિથી છે, વાસ્તવિક દૃષ્ટિથી એકમાં અનેકપણું ન જ હોય. આહા..હા..! હવે અહીં પહોંચવું એને અને

અહીં હજી અટકે. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! દયા, દાન, કષાય મંદ કરે તો અંદર આત્માની પ્રાપ્તિ થાય. પ્રભુ! એમ તો નથી પણ ભેદને લક્ષમાં લેતા અભેદ પ્રાપ્તિ ન થાય. એ ભેદ છે એ વ્યવહાર છે અને વ્યવહારથી નિશ્ચયની પ્રાપ્તિ ન થાય. આહા..હા..! કહો, ભીખાભાઈ! ભીક્ષા માગવી હોય તો અભેદની માગ કહે છે. આહા..હા..!

ભાઈ! તું તો એકરૂપ બિરાજે છોને. પ્રભુ! તને એકરૂપ કહેતા પણ તને લાંછન છે કહે છે. આહા..હા..! તને રાગવાળો કહેતા, ભવવાળો કહેતા, પ્રભુ લાંછન તને છે હોં! એ શોભતું નથી. તો તને ભેદવાળો કહેવો એ લાંછન શોભતું નથી. આહા..હા..! એકરૂપ પી ગયેલો બધા ગુણને એકરૂપ છેને. ... બે લીટીમાં જ આ બધું સમાડ્યું છે. આહા..હા..! અરે..! ભગવાન! તું આવો છો. છે એની વાત ચાલે છે. 'આ' કીધુંને? આ આવો છો, આવો છો તું ભાઈ! આહા..હા..! તારી પ્રભુતાને અશુદ્ધતા કહેતા તારી મોટપને લાંછન આવે નાથ! અરે..! અભેદને ભેદ કરતા પણ તને લાંછન આવે છે.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- અભેદ પણ ભેદ સમજાવે છે કોને? અભેદને. ભેદ ભેદને સમજાવે છે? ભેદથી સમજાવવું છતાં ભેદને અનુસરવું નહિ. આવે છે? શેમાં? અનુસરવું નહિ. ૮મી ગાથા. વ્યવહારથી સમજાવવામાં આવે પણ વ્યવહાર અનુસરણ કરવાલાયક નથી. નેમિચંદભાઈ! આવું ન્યાં સાંભળવા મળે નહિ. અમદાવાદમાં પડ્યા હતા, લ્યો! કીધું આ ૧૭મી વાર શરૂ થયું અને ન્યાં પડ્યા છે. સમજાણું કાંઈ? ઓલી મોટપ મળેને કાંઈક થોડી ... ન્યાલભાઈના બાપ કહેવાય. ... એઈ..! અહીં તો કહે છે પ્રભુ! આ અશુદ્ધતાના પરિણામથી પણ તારી મોટપ આવતી નથી, આ ભેદને લક્ષે પણ મોટપ આવતી નથી એમ કહે છે. આહા..હા..! ...તને જોવે છે. લુંટાય છે. એ.. પોપટભાઈ! આહા..હા..!

'કારણ કે...' હવે બે એ લીટીનો અર્થ થઈ ગયો. ... તમે આવી ગયાને હવે આમાં ભેગા ... મેં કીધું, અહીં છેલ્લામાં આવી જશે પછી કહેશે. આહા..હા..! કહો, આ તે બાપા વીતરાગના અમૃતના પ્યાલા છે. હેં? એમાં તો શક્તિ પ્રમાણે નીકળે બાકી તો અપાર... અપાર... અપાર... સંતો, ગુણધરો કહે અને ... અલૌકિક વાત છે! ભગવાન જેવો ચિંતામણિ રત્નપ્રભુ એને વાણી દ્વારા કહેવો. હેં? જે વાણી એમાં નથી એનાથી એને કહેવો. એ તો વળી ઠીક પણ આ વાણી નથી ને વાણી દ્વારા ભેદ નથી એમ તો વાણી દ્વારા કહેવાય છે ને. વાણીને તો ખબરેય નથી કે, આ શું કહે છે આ. આહા..હા..! વાણીને ખબરેય નથી કે, આ શું કહે છે, આ કોને કહે છે. એ તો જડ છે. સમજાણું કાંઈ? ...લાલભાઈ! લ્યો આવો જૈનધર્મ છે. .... શાંતાબેનના બનેવી .. આવ્યા છે. સાંભળવા રોકાણા છે.

આવો માર્ગ વીતરાગનો ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ તીર્થંકર પરમેશ્વર-જિનેશ્વર એના દાસનો માર્ગ આ છે. સમજાણું કાંઈ? એને તો પૂર્ણ થઈ ગયું, એને શું છે. સમજાણું કાંઈ? જિનેશ્વરના દાસ થાય એનો માર્ગ આ છે. ભગવાન વીતરાગસ્વરૂપે બિરાજે છે આત્મા એનો આશ્રય લેતા, અભેદનો આશ્રય લેતા સમકિત થાય. ત્યારે એ જૈન થાય. એવું જૈનપણું જૈન સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ. સમન્વય સમન્વય કરવા માગે, ભગવાન! કોઈ સાથે વિરોધ નહિ. પ્રભુ છે બધા, ભગવાન છે. પર્યાયમાં ભૂલ્યા. તારી પર્યાયની ભૂલ તેં ટાળી તો બીજાની પર્યાયથી જોવો શું કરવા? એ તો ભગવાન કહે કે, આ ભૂલને જાણવી. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, આવો ભગવાન આત્મા એને અભેદ સ્વરૂપની સ્થિતિમાં ... અભેદમાં ભેદ હોય તો બે કેમ રહે? સમજાણું કાંઈ? ભેદમાં અભેદ નથી અને અભેદમાં ભેદ નથી. બરાબર છે? નહિતર વ્યવહાર નિશ્ચય બે નય જુદી કેમ પડે? જુદી કેમ પડે? અને બેય નયનો વિરોધ છે, વિરોધ છે. ગજબ વાત છે. એક નય કહે છે કે, હું અભેદ છું, બીજી નય કહે છે કે, ભેદવાળા ને રાગવાળો છું. બેય વિરોધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**न विद्यन्ते;**' રાડ નાખી જાય એવું છે. પાઠમાં છેને સંસ્કૃતમાં. હેં? '**न विद्यन्ते;**' પ્રભુ! '**दर्शनज्ञानचारित्राण्येव**' પાછું એમ છેને? દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ. '**एव**'નો અર્થ એમ કર્યો. હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ... પણ કેમ કર્યું? '**दर्शनज्ञानचारित्राण्येव**' ત્રણ છે જ નહિ, ત્રણ છે જ નહિ. એઈ..! ... '**आस्तां तावद्बन्धप्रत्ययात्**' એ તો એક કોર રહો. ... '**दर्शनज्ञानचारित्राण्येव न विद्यन्ते;**' વસ્તુમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર જ નથી, દર્શન-જ્ઞાન-ચારિત્ર જ નથી. ચારિત્રને '**एव**' એમ. '**न विद्यन्ते;**'. '**न विद्यन्ते;**' આવી ગયું ન્યાં. '**चारित्राण्येव न विद्यन्ते;**', પાછું કરવું છેને, જ કરીને. આહા..! અહીં તો શબ્દનો પણ જરી મેળવવો ... આહા..હા..! કહે છે...

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ઈ તો બરાબર છે. પણ ચારિત્ર પણ વિદ્યમાન નથી, વિદ્યમાન નથી. વિદ્યમાનમાં '**एव**'નો અર્થ ક્યાં આવ્યો? એમ. પણમાં આવી ગયું, પણમાં આવી ગયું. આ પણ નથી એમ. આ પણ નથી. આ તો પહેલી ભાષાઓ તો એકલા માખણ છે. હીરા એકલા હીરા ટાંક્યા છે. ચૈતન્ય-હીરા આહા..હા..! સમજાણું કાંઈ? કેમ? હવે હેતુ આપે છે.

'**અનંત ધર્મોવાળા એક ધર્મીમાં...**' હવે કહે છે કે, આવું કહેવાનું કારણ શું ત્યારે? આત્મા જ્ઞાનવાળો, દર્શનવાળો, આનંદવાળો, ચારિત્રવાળો.. નથી એમાં, નથી એમાં એને એનાવાળો કહેવો. નથી એમાં અને એનાવાળો કહેવો. તો કહે છે કે, '**અનંત ધર્મોવાળા**

**એક ધર્મીમાં...**' છે તો અનંત ગુણો એમાં. અનંત ગુણોવાળા એક ધર્મી. જુઓ, અનંત ધર્મોવાળા. કીધુંને? '**ह्यनन्तधर्मण्येकस्मिन्**' અનંત ધર્મોવાળા એક ધર્મી ※ વસ્તુ. '**એક ધર્મીમાં જે નિષ્ણાત નથી...**' જેને એનું જ્ઞાન નથી. એક ધર્મી છે એનું જ્ઞાન નથી. વસ્તુ એક ધર્મી, એક વસ્તુ છે. અનંત ધર્મોવાળા, અનંત ગુણોવાળા, અનંત સ્વભાવભાવવાળા એમ શબ્દ લીધોને? વાળો કોણ? કે એક ધર્મી. એનું જેને જ્ઞાન નથી. નિષ્ણાત એટલે એમાં વિચિક્ષણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

કેટલાક આ ન સમજે ને તો, આ નિશ્ચય છે એ બધું વેદાંતનું છે એમ કહે છે. વેદાંતવાળા સાંભળવા આવે તો કહે, આ તો અમારું વેદાંત છે. અરે..! વેદાંતનું ક્યાં હતું ભાઈ! વેદાંતમાં ગંધેય ક્યાં હતી આ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- નહિ પણ એક વસ્તુ ને જુદી ને અખંડ ગુણ ને એનો ભેદ પણ અભેદમાં નહિ ને.. ભેદ છે ખરો, પર્યાય છે ખરી. એમાં ક્યાં છે. એકેય ગુણનું ઠેકાણું ક્યાં છે. આવી નિશ્ચયની વાત (આવે તો કહે), ઈ જૈન નહિ, વેદાંત છે. અરે..! ભાઈ! તને ખબર નથી. જૈન તો આ ક્રિયા કરે, વ્રત પાળે, અપવાસ કરે, શરીરને સુકાવે એ જૈન. શરીરને સૂકાવે. અજ્ઞાન ને રાગ-દ્વેષને સૂકાવે ઈ જૈન, એ નહિ. સમજાણું કાંઈ? સંથારા કરે બબ્બે મહિનાના, મહિના મહિનાના. ધૂળેય સંથારા નથી, અજ્ઞાન છે ન્યાં તો. એ.. કપુરભાઈ! એ નહોતા, નહિ ગયા હોય. ...ભાઈ ગયા હતા. સામૈયું કરવા. અહીં વાત બધી આવે તમારી. રાજગૃહી. રાજગૃહી થયું હતુંને. ખબર છેને. વાત તો અહીં બધી આવે તમારી હોં! અરે..! ભાઈ! અજ્ઞાનીને સંથારા કેવા અને સમાધિ મરણ કેવા. ભાઈ! હજી વસ્તુની ખબર નથી.

કહે છે, અનંત ધર્મોવાળા એક ધર્મી એટલે વસ્તુ, એક ધર્મીમાં જે નિષ્ણાત નથી એમ. એક વસ્તુ અખંડ અભેદ છે એનું જેને જ્ઞાન નથી. '**એવા નિકટવર્તી...**' હવે જુઓ! એવા, એવા કોણ? કે, એક ધર્મીનું જેને જ્ઞાન નથી એવા. સમજાણું કાંઈ? નિકટવર્તી. આહા..હા..! નજીક આવ્યો છે ક્ષેત્ર અને ભાવે પણ હવે નજીક છે સમજવામાં, એમ કહે છે. સમજાણું કાંઈ? આવ્યો છે સાંભળવા અને છે ભાવે પણ નજીક સમજવાને. એવા નિકટવર્તી, નજીકમાં વર્તનારા. આહા..હા..! સંસારનો કાંઠો હવે આવી ગયો છે, નજીક છે. '**એવા શિષ્યજનને,...**' એવા શિષ્યજનને એટલે એને માને છે, એના ઉપર બહુમાન છે. ગુરુ કહેનાર ઉપર એમ. શિષ્ય તરીકે એમ કીધુંને? એકલો અમથો નહિ, શિષ્ય તરીકે. ... આત્મા શું ... એવો જે અંતરમાં સમજવાની ધગશવાળો જીવ. પોતાને માટે સમજવું છે એવો જીવ છે. સમજાણું કાંઈ?

'**એવા શિષ્યજનને,...**' અમથા સાંભળવા આવે ને વેઠ કરીને સાંભળે એને નહિ એમ

કહે છે. '**નિકટવર્તી શિષ્યજનને,...**' એટલે સાંભળવા આવ્યો. સંભળાવવા ગયા નથી કહે છે. અને સાંભળવા આવ્યો એ પણ નિકટ છે, સમજવાની લાયકાતવાળો છે. આહા..હા..! '**ધર્મીને ઓળખાવનારા...**' એક ધર્મીમાં નિષ્ણાત નથી એને ઓળખાવનારા એમ. એકપણે... એકપણે... એકપણે છે. પણ ખબર નથી એક વસ્તુની. ધર્મીને, ધર્મી એટલે દ્રવ્ય વસ્તુ, અભેદ ચીજ એને ઓળખાવનારા. ઓળખાવનારા વ્યવહાર. ધર્મીને ઓળખાવનારા. પોતે ભેદ છે તેને ઓળખાવનારા નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ઓળખાવનારા કેટલાક ધર્મો વડે,...**' એ વસ્તુમાં અનંત ધર્મ છે, અનંત શક્તિ ગુણ છે. બધા તો કહી શકાય નહિ. ટૂંકામાં સારભૂત કહીને અનેક કેટલાક ધર્મો વડે ઉપદેશ કરતા આચાર્યોનો, '**ઉપદેશ કરતા આચાર્યોનો...**' જે ધ્યાનમાં છે, મસ્ત છે એની તો અહીં વાત નથી. શિષ્ય નિકટ છે અને ઉપદેશકર્તા આચાર્ય છે. સમજાણું કાંઈ? પોતાનામાં, ધ્યાનમાં મસ્ત છે, જે આનંદમાં મસ્ત છે. આહા..હા..! એને તો અહીં કાંઈ ઉપદેશ કરવો નથી. આવે છેને મોક્ષમાર્ગ પ્રકાશકમાં. ધર્મના લોભી જીવને દેખીને વિકલ્પ આવે. વિકલ્પ તો પોતાને કારણે આવે. સમજાણું કાંઈ? આવે છેને પહેલામાં? પહેલા અધ્યયનમાં (મોક્ષમાર્ગપ્રકાશકમાં) છે લોભી જીવ, ધર્મના લોભી. આહા..હા..! બીજું કોઈ એને કામ નથી એમ કહે છે અહીં. પુણ્યનું કામ નથી, સ્વર્ગનું કામ નથી, માનનું, આબરૂનું કામ નથી, એ ધર્મનો લોભી એમ. આહા..હા..! સમજીને બીજાને સમજાવવાનો ભાવ છે, એ નહિ. ધર્મનો લોભી છે. ધર્મને જ જેને સમજવાનો કામી છે એવા જીવને, '**ધર્મીને ઓળખાવનારા કેટલાક ધર્મો વડે, ઉપદેશ કરતા આચાર્યોનો...**' ઉપદેશ કરનારા આચાર્યોનો. આવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ બેને ... સમજાણું કાંઈ? '**જોકે...**' એ વિશેષ આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર વદ-૮, શુક્રવાર, તા. ૧૦-૧૨-૧૯૭૧
## ગાથા-૭, પ્રવચન-૩૫

આ સમયસાર ગાથા ૭. કહે છે, છઠ્ઠી ગાથામાં જે કહ્યું હતું, જે જ્ઞાયક ભાવ સ્વભાવ, જ્ઞાયક સ્વભાવ જેવો આત્મા એને બંધપર્યાયથી અશુદ્ધપણું તો દૂર રહો. કર્મના સંબંધમાં પર્યાયમાં અશુદ્ધતા, ઉદયભાવ, વિકારભાવ, વિભાવભાવ એ તો ક્યાંય દૂર રહી ગયા. એ તો દૂર રહો એમ કહે છે. '**પણ એને દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ વિદ્યમાન નથી;...**' એમાં પાઠની શૈલી તો અમુક શૈલી હોયને. ત્યાં તો '**णाणिस्स चरित्त दंसणं णाणं।**' કહ્યું. .... '**णाणं चरित्त दंसणं**' નથી એમ કહ્યું. એ તો પદની ગોઠવણી માટે છે. આમ કહ્યું કે આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ જ્ઞાયક ભાવ જે સમ્યગ્દર્શનનો વિષય અભેદ એવો જે આત્મા એને કર્મના સંબંધથી અશુદ્ધતા, જે મલિનતાના પરિણામ--ભાવ એ તો દૂર રહો. કેમકે દ્રવ્ય એને સ્પર્શ્યું નથી. વસ્તુ એને અડી નથી અનાદિથી.

'**પણ એને દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ વિદ્યમાન નથી;...**' ટીકાની અપેક્ષાએ છેને આમ? '**કારણ કે અનંત ધર્મોવાળા એક ધર્મીમાં જે નિષ્ણાત નથી...**' એક ધર્મીમાં નિષ્ણાત નથી એમ સિદ્ધ કરવું છે. એક ધર્મી એવો જે આત્મા, એક સ્વભાવી. એ અનંત ધર્મોવાળો કે અનંત ધર્મસ્વરૂપ એવો જે એક ધર્મી એમાં જે નિષ્ણાત નથી, એનું જેને જ્ઞાન નથી. '**એવા નિકટવર્તી શિષ્યજનને,...**' ક્ષેત્રે પણ નિકટ છે અને સમજવામાં પણ નિકટ નામ નજીક છે. સમજાણું કાંઈ? '**એવા શિષ્યજનને, ધર્મીને ઓળખાવનારા કેટલાક ધર્મો વડે,...**' ધર્મીને ઓળખાવનારા કેટલાક ધર્મો વડે. ધર્મી એટલે આત્મા એકલો અભેદ જ્ઞાયક ભાવ એને નથી જાણતો એને ઓળખાવનારા કેટલાક ધર્મો વડે, કેટલાક ભાવ વડે. '**ઉપદેશ કરતા આચાર્યોનો...**' '**ववहारेणुवदिस्सदि**' શબ્દ છેને? એનો અર્થ પછી આવશે. '**ઉપદેશ કરતા આચાર્યોનો-જોકે ધર્મ અને ધર્મીનો સ્વભાવથી અભેદ છે...**' ધર્મના પ્રદેશો અને ધર્મીના પ્રદેશો કંઈ ભિન્ન નથી. જેમ સાકર અને સાકરનું ગળપણ, એના પ્રદેશો, એનું ક્ષેત્ર કાંઈ જુદું નથી. એમ ભગવાન આત્મા ધર્મી અને એના જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ધર્મો એ સ્વભાવથી કંઈ ભેદ નથી, વસ્તુ તો એક છે. સમજાણું કાંઈ?

'**જોકે ધર્મ અને ધર્મીનો સ્વભાવથી અભેદ છે...**' વસ્તુ અને વસ્તુના ગુણો ને પર્યાય એ બધા વસ્તુથી અભેદ છે. સમજાણું કાંઈ? '**તોપણ...**' આમ હોવા છતાં પણ નથી સમજ્યો એને સમજાવવું છે માટે '**નામથી ભેદ ઉપજાવી...**' કથનથી ભેદ ઉપજાવી

એમ કહે છે. સમજાણું કાંઈ? '**व्यवपदेशतो**' ઈને? '**भेदमुत्पाद्य व्यवहारमात्रेणैव**' પાછું વ્યવહાર જુદો લીધો. કારણ કે, '**व्यवपदेशतो**' છેને. એટલે વસ્તુ... આ તો મૂળ માખણ માર્ગ છે. સાતમી ગાથામાં તો અશુદ્ધતા કાઢી નાખી અને અહીં હવે ભેદ કાઢી નાખે છે. સમજાણું કાંઈ?

આ વસ્તુ છે ઈ આ પર્યાય છે ને આ વસ્તુ છે એમય નહિ. આ દ્રવ્યમાં પર્યાય છે ને આ દ્રવ્યમાં ધર્મ છે એ ભેદ નહિ. કહે છે કે, ધર્મ નામ સ્વભાવ અને ધર્મી નામ સ્વભાવવાન એના સ્વભાવથી તો એક છે, અભેદ છે તોપણ નામથી ભેદ જાણી કથનમાત્રથી ભેદ એમ પહેલી ભાષા. સમજાણું કાંઈ? કથનમાત્રથી ભેદ ઉપજાવી. લ્યો, આ વ્યવહારનયને કથનમાત્ર છે અહીં સિદ્ધ કર્યું. કળશ-ટીકામાં ભાઈ! બહુ આવે છે કે વ્યવહારનય એટલે કથનમાત્ર, કથનમાત્ર. કળશ-ટીકા. વ્યવહાર એટલે જ કથન. એમાં આવે છે. ...

વસ્તુ ભગવાન એક સમયમાં પૂર્ણ અભેદ અખંડ આનંદ એવા આત્માને તેના ધર્મથી સ્વભાવથી અભેદ છે. આહા..હા..! નામમાત્ર ભેદ ઊપજાવી. કોઈ ઉપાય નથી એને સમજાવવાનો (કેમકે) ઓલો ધર્મી સમજતો નથી. સમજાણું કાંઈ? આ ઉપદેશ કરનાર આચાર્યોની વાત છે. આહા..! ધ્યાનમાં છે એને તો કંઈ છે નહિ. એને સમજાવવુંય નથી, પોતે પડ્યા છે આનંદમાં. આહા..હા..! પણ ધર્મનો લોભી જીવ દેખી પોતાનો એ જાતનો વિકલ્પનો ઉત્પન્ન કાળ છે તો એને સમજાવવા માટે એક ધર્મીને સમજાવવા માટે એમાયલા કેટલાક ધર્મો વડે ભેદ ઉપજાવી, કથન કરી, વ્યપદેશ કરી. આહા..!

'**વ્યવહારમાત્રથી જ એવો ઉપદેશ છે કે...**' હવે આ ગાથાનો આવ્યો અર્થ અહીંથી. '**ववहारेणुवदिस्सदि**'. આ બધો એનો પહેલો ઉપોદ્‌ઘાત કર્યો, આ બધું સમજાવવા પહેલું. સમજાણું કાંઈ? હવે કહે છે કે, '**વ્યવહારમાત્રથી જ એવો ઉપદેશ છે કે...**' અહીં તો એકદમ અભેદ ચીજની દૃષ્ટિ કર્યા વિના સમ્યગ્દર્શન ન થાય. એ માટે અહીંયા અભેદને ભેદ દ્વારા સમજાવે છે. ઓલો અભેદ સમજ્યો નથી એને. હેં?

મુમુક્ષુ :-- સમજાવે છે અભેદ.

ઉત્તર :-- સમજાવવું છે તો અભેદ, ભેદ ક્યાં સમજાવવું છે. આ આત્મા, આ આત્મા આ દર્શન, જ્ઞાન, ચારિત્રવાળો આત્મા, એ આત્મા. એમ કહીને બતાવવું છે તો ઓલો અભેદ. કારણ કે, ધર્મીને નહિ સમજનારને ધર્મ દ્વારા એને ધર્મીને સમજાવવો છે. ધર્મ દ્વારા ધર્મને સમજાવવો નથી. સમજાણું કાંઈ?

'**એવો ઉપદેશ છે કે,...**' આવ્યુંને '**ववहारेणुवदिस्सदि**'. માથે આવેલી ગાથા. ... કરીને આમાં આમ કહેવા માગે છે એમ ઉપોદ્‌ઘાત કર્યો. હવે, આહા..હા..! આ ગજબ અજબની વાત છે આ તો! ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એ શરીરથી તો નથી, વાણીથી નથી,

કર્મથી નથી, રાગથી નથી પણ ભેદથી પણ નથી. સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ અભેદ ઉપર ગયા વિના અંતરમાં આશ્રય દ્રવ્યનો આવે નહિ અને એને ધર્મ થાય નહિ. અરે..! અનંત કાળથી રઝળતા પ્રાણીને કહે છે કે, એને અભેદનું શરણ મળ્યું નહિ. સમજાણું કાંઈ? એથી અભેદને નહિ સમજનાર, ધર્મીને નહિ સમજનાર, વસ્તુને નહિ સમજનાર એવા શિષ્યને નિકટ આવેલા એને ઉપદેશ કરનારનો જે ભાવ છે એવા ઉપદેશકો '**વ્યવહારમાત્રથી જ...**' પાછું ત્યાં, વ્યવહારમાત્રથી ને વળી જ. સમજાણું કાંઈ? '**व्यवपदेशतो भेदमुत्पाद्य व्यवहारमात्रेणैव**'. આહા..! બહુ વ્યવહારને આમ .... સમજાણું કાંઈ? એને સમજાવવામાં વ્યવહારમાત્રથી જ, ખરેખર નહિ એમ કહે છે. આહા..હા..! ખરેખર પછી કહેશે. આ તો વ્યવહારમાત્રથી જ્ઞાનીને. પાઠમાં તો એમ છે કે, '**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं**'. પણ એ તો પદની રચના છે.

કહેવું છે આ કે, '**જ્ઞાનીને...**' આમ અંદર આવ્યું ને? '**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं**' વ્યવહારનો ઉપદેશ છે કે, આત્માને ચારિત્ર, દર્શન, જ્ઞાન છે. અહીં એમ કહ્યું એ તો પદની રચના માટે છે. અહીં કહ્યું કે, ધર્મીને એટલે આત્માને દર્શન છે, જ્ઞાન છે અને ચારિત્ર છે એ તો કથનમાત્રથી નામભેદે ઉત્પન્ન કરીને એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એને ભેદ પણ પાલવતો નથી. કારણ કે, ભેદથી આ લક્ષણ ને આ જ્ઞાન એમ સમજાવવામાં ભલે આવ્યું પણ અનુસરણ કરવા જેવું એ નથી. આહા..હા..! એને તો અભેદ સમજાવવા કહ્યું કે જો ભાઈ! આ આત્મા જેમાં દર્શન, જ્ઞાન ને ચારિત્ર એવા ગુણો છે, એવા ધર્મો છે એ આ આત્મા. એ તો કથનમાત્રથી કહ્યું છે કહે છે. કથનમાત્ર પણ આવ્યું વ્યપદેશ કળશ-ટીકાકારમાં. છેને વ્યપદેશ એ આવ્યું, ઓલામાંય વ્યપદેશ આવે છેને, સમ્યગ્દર્શન-જ્ઞાન ... એમ આને વ્યપદેશ નામ એને દર્શન, જ્ઞાન, ચારિત્ર કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા અખંડ આનંદ અભેદ એનો અનુભવ ને દૃષ્ટિ થતાં એને સમકિત, જ્ઞાન ને ચારિત્ર નામ અપાય પર્યાયમાં. અહીં તો કહે છે, આહા..હા..! દેવીલાલજી! કે, વ્યવહારમાત્રથી નામ ભેદ ઉપજાવીને, વ્યપપદેશનો કથનભેદ ઉપજાવીને વ્યવહારમાત્રથી જે ઉપદેશ... ઘણી વ્યવહારની કથનીને સાધારણ બનાવી દીધી.

'**જ્ઞાનીને (કે આત્માને) દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે.**' એ બે પદની વ્યાખ્યા થઈ. પહેલા બે પદ '**ववहारेणुवदिस्सदि णाणिस्स**' એટલે આત્માને દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે. એ તો પદમાં ગોઠવણી કરી કે દર્શન, જ્ઞાન અને ચારિત્ર. સમજાણું કાંઈ? આહા..હા..! એટલોય ભેદ પાલવતો નથી દ્રવ્યને. સમજાણું કાંઈ? એને ઠેકાણે અહીં તો હજી દયા, દાન, વ્રત, ભક્તિ, કષાય, મંદ કરો અને એનાથી આત્માની પ્રાપ્તિ થાય. બહુ દૂર વાત. વસ્તુમાં એ નથી... વસ્તુમાં તો અહીં કહ્યું, એ અશુદ્ધતા તો દૂર રહો. એની તો વાત જ નથી,

એનાથી પમાય, એમાં નથી એનાથી પમાય (એ તો બહુ દૂર રહી ગયું). પણ એનામાં છે અભેદમાં ભેદ છે, અનંત ધર્મો છે પણ એવા ભેદથી પણ અભેદ પમાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પરંતુ પરમાર્થથી જોવામાં આવે...'** હવે બીજા બે પદ ગાથાના. ખરેખર પરમાર્થથી જોવામાં, પરમ પદાર્થની દૃષ્ટિથી, અભેદ દૃષ્ટિથી, નિશ્ચય દૃષ્ટિથી, **'જોવામાં આવે તો અનંત પર્યાયોને એક દ્રવ્ય પી ગયું હોવાથી...'** આહા..! કોળિયો મોઢામાં જાય તો જાણે મોઢુ મોટું ને કોળિયો નાનો. એમ એક દ્રવ્ય મોટું અને પર્યાય બધી, ભેદ નાના. બધાને એક દ્રવ્ય પી ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનંત ધર્મ અને અનંતી જે પર્યાય ભેદ એ અભેદ પી ગયું છે. સમજાણું કાંઈ? અનંત પર્યાયોને એક દ્રવ્ય પી ગયું. અનંતને એક દ્રવ્ય પી ગયું છે. ભારે ભાઈ આ! ધર્મ કથા આવી કથા? ન્યાં તો કાંઈ સમજાય એવું નથી ...ભાઈ! ગુલાબભાઈ ન્યાં દુકાને બેસીને વાંચે આ, સમજાય એને?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ઈ તો કહેતા હતા, અમારે ધર્મની દરકાર નથી. ... લ્યો. એમને એમ અનાદિ ઘણા સંસારી એમને એમ પડ્યા છેને. આ બહારનું કાંઈક મળે ને આ મરીને ચાલ્યા ગયા નિગોદ ને નરક. આહા..હા..! વસ્તુ, વસ્તુની ખોજ દૃષ્ટિ કરતા કહે છે કે, પરમાર્થે વસ્તુની ખોજ દૃષ્ટિ કરતાં... આહા..હા..! એ દ્રવ્ય તો અનંત ભેદોને પી ગયું છે. એને લઈને, એક દ્રવ્ય પી ગયું હોવાથી એકરૂપ છે, એક દ્રવ્ય પી ગયું હોવાથી એકરૂપ છે. જુઓ! આ સમ્યગ્દર્શનનો ધ્યેય. પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન પામવાના ધ્યેયમાં આવી ચીજ હોય છે. સમજાણું કાંઈ? અનંત પર્યાયને એક દ્રવ્ય પી ગયું હોવાથી. એક દ્રવ્ય અનંત પર્યાય એકં પાછું બે છેને. બે થઈને એક છે. અનંત પર્યાયને એક દ્રવ્ય એક દ્રવ્ય પી ગયું એ તો સિદ્ધ કર્યું. એને એકરૂપ છે, એથી એક છે. સમજાય છે કાંઈ? વસ્તુ એક આત્મા એને અનંતા ગુણો આદિ પર્યાયને પી ગયું છે, અભેદમાં અંદર ગરી ગયેલા છે, એમાં કાંઈ બાકી રહ્યા નથી. આહા..હા..! એવું એક દ્રવ્ય વસ્તુ ભગવાન આત્મા પી ગયું. એના ભેદો તો અંદર સમાઈ ગયા, જુદા છે નહિ. આહા..હા..! હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- પર્યાય વિનાનું અહીં છે અત્યારે. એ વખતે પર્યાય વિનાનું જ કીધું હતું. એ તો પર્યાય છે એ એને જાણવી એ સહિતનો શુદ્ધનય એમ કહ્યું હતું. વિષય તો દ્રવ્ય જ છે પણ દ્રવ્યનું જ્ઞાન થયું સેવવાનું એ પર્યાયને જાણવી કે આ નિર્મળ. અશુદ્ધતા કાઢી નાખવા માટે. ન સમજાણું? ફરીને. છેને, એ તો વાત આવી ગઈ છેને પણ. એમાં આવી ગઈ હતી. એમાં એ વાત આવી ગઈ છે.

... એનો અર્થ આ કર્યો છે બે, ત્રણ વાર ત્યાં કે, પરદ્રવ્યનું લક્ષ છોડીને સ્વદ્રવ્યને ઉપાસવામાં આવતા. એ ઉપાસવામાં આવતાનો અર્થ ધ્યેય તો દ્રવ્ય થયું. સમજાણું કાંઈ? ઉપાસવામાં આવતા. આમ ફરીને આમ દ્રવ્ય રહ્યું, પણ દ્રવ્ય ઉપાસવામાં આવતા એ પર્યાય જે થઈ એ સહિત પછી એને શુદ્ધનયને ગણવામાં આવી. પણ વસ્તુ તો ન્યાં ગઈ છે દૃષ્ટિ. સમજાણું કાંઈ? પણ દૃષ્ટિ ત્યાં ગઈ અને જે દૃષ્ટિ થઈ એ સહિતને પછી શુદ્ધનય સમજાવ્યો છે. બાકી ધ્યેય તો ત્યાં ગયું છે. છે પર્યાય પણ ગયું છે એ પર્યાય કોણ? ઓલું તો છે ઈ છે.

મુમુક્ષુ :-- ધ્યેય કરનાર પર્યાય કોણ?

ઉત્તર :-- એ ધ્યેય કરનાર પર્યાય કોણ? એને સાથે સમજાવી છે.

મુમુક્ષુ :-- ...એમ કહેવું છે કે પર્યાયને જાણવાનું કામ શું છે.

ઉત્તર :-- હા, એ.. ચેતનજી! પણ પર્યાય વિના જાણશે કોણ? ન જાણવું હોય તો આંધળો રહેશે.

મુમુક્ષુ :-- આખો પણ જ્ઞાનનો ભંડાર ભર્યો છે...

ઉત્તર :-- કોને પણ? કોણે નિર્ણય કર્યો?

મુમુક્ષુ :-- પણ સાહેબ! અનંત કેવળજ્ઞાન ભર્યું છે અંદર.

ઉત્તર :-- પણ કોણે નિર્ણય કર્યો ઈ?

મુમુક્ષુ :-- એનું શું કામ છે? ભર્યું છે કે નહિ એમાં?

ઉત્તર :-- એમાં એક લેખ આવે છે કે, ઉત્પાદ-વ્યયયુક્ત નજર કરવાવાળા ઉત્પાદ-વ્યયમાં ચાલ્યા જાય છે અને ધ્રુવની નજર કરનારા ઉત્પાદ-વ્યયમાં જાતા નથી પણ ઉત્પાદ-વ્યયને જાણે છે એમ છે. .... ઉત્પાદ-વ્યયને જાણે છે, કોણ જાણે છે? ધ્રુવ? એઈ..! ઈ ક્યાંક છે ખરું પણ હવે બધું યાદ રહે છે? ભાવ યાદ રહે એના. હેં?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- એ ૫૭, ૫૭. (દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ) જુઓ! '**અજ્ઞાની ઉત્પાદ-વ્યયની સાથે સાથે ચાલ્યો જાય છે.**' ઉત્પાદ-વ્યય પર્યાયમાં થાય છેને એટલે જાય છે. '**(--પરિણામનો ઉત્પાદ-વ્યય થતાં, પર્યાયદૃષ્ટિ હોવાથી પોતાનો જ ઉત્પાદ-વ્યય અનુભવે છે)**' ૫૭. ઠીક પણ આવ્યું ખરું. ૪૭, ૫૭માં એમાં કંઈ બહુ ફેર નહિ. '**પોતાનો જે ઉત્પાદ-વ્યય અનુભવે છે). અને જ્ઞાનીએ નિત્ય (દ્રવ્ય)માં પોતાનું અસ્તિત્વ સ્થાપ્યું છે...**' નિત્યમાં પોતાનું અસ્તિત્વ સ્થાપ્યું છે. કોણે? (જ્ઞાનીએ). '**તેથી ઉત્પાદ-વ્યયની સાથે ચાલ્યો જતો નથી, પરંતુ ઉત્પાદ-વ્યયને જાણી લે છે.**' કોણ જાણી લ્યે છે? ધ્રુવ? એ.. હિંમતભાઈ! ઉત્પાદ-વ્યયને જાણી લે છે જ્ઞાની. શેમાં? ધ્રુવમાં? કહો, સમજાય છે કાંઈ?

બાબુભાઈ! પર્યાયનું જ્ઞાન કરે. અભેદ થઈ ગઈ પર્યાય અને ઓલો બાકી રહી ગયો એ વ્યવહારનયો વિષય થયો. એમ. ... અને ઓલો વ્યવહારનય કીધો. બાકી ધ્યેય તો ત્યાં દ્રવ્યનું જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં એને ગૌણપણે દ્રવ્યનું ધ્યેય હતું એને અહીં કાઢી નાખ્યું ચોખ્ખું. આ પર્યાય આની એ નહિ. એ તો દ્રવ્ય છે અભેદ એકાકાર. પણ એકાકાર અભેદ છે એવો નિર્ણય ને જ્ઞાન શેમાં થાય છે? સમજાણું કાંઈ? મોહનભાઈ!

મુમુક્ષુ :-- ....

ઉત્તર :-- પણ કોણે આશ્રય કીધો? આશ્રયની વાત અહીં આવી ક્યાં? આ તો શેમાં જાણ્યું એમ કીધું એમાં આશ્રય ક્યાં આવ્યો? ...ભાઈ! આ તો ભગવાનના ઘરના ... એમાં કંઈ સોળ આની કાંઈ ચાલે નહિ. નથી કહેતા ભાઈ? શું કહેવાય? તમારે આ ધંધો છે એમાં? શું કહે છે? લાખની બક્ષિસ, કોડીનો હિસાબ. એ.. કપુરભાઈ'! હિસાબ કોડીનો પછી આપણે ઉપરથી કેમ આપવું એ મારી મરજી. પણ હિસાબ તો કોડીએ કોડીનો કરવો પડશે.

એમ અહીંયાં ભગવાન ત્રિલોકનાથ કહે છે, અભેદમાં ભેદ નથી. પણ અભેદમાં ભેદ નથી અને અભેદ છે, અભેદમાં ઉત્પાદ-વ્યય નથી, પણ ઉત્પાદ-વ્યય અભેદમાં નથી ઈ જાણ્યું કોણે?

મુમુક્ષુ :-- સન્મુખ થયો.

ઉત્તર :-- ઈ ઉત્પાદ-વ્યયમાં જણાણું. સન્મુખ થયો પણ ઉત્પાદ-વ્યયમાં જણાણુંને? ધ્રુવમાં શું જણાય. આહા..! સમજાણું કાંઈ? આ તો માર્ગ અંતરના અલૌકિક છે ભાઈ! કહે છે, અનંત પર્યાયોને એક દ્રવ્ય પી ગયું છે. એકરૂપ, દૃષ્ટિમાં એકરૂપ આવ્યું. સમજાણું કાંઈ? પણ દૃષ્ટિ એટલે પર્યાયમાં એકરૂપ આવ્યુંને? કે દ્રવ્યમાં એકરૂપ આવ્યું? દ્રવ્ય તો એકરૂપ છે. એ... હરિભાઈ! ખેંચાતાણ કરે તો વસ્તુ નહિ સિદ્ધ થાય. જેમ છે એમ એને જાણવું પડશે. શાંતિભાઈ!

કહે છે કે, પોતે ભગવાન આત્મા અનંત ભેદોને, પર્યાય એટલે ભેદો એને, એક દ્રવ્ય પી ગયું અભેદમાં. આહા..હા..! ભારે વાત ભાઈ! આવી ધર્મ કથા સાંભળવી માંડ મુશ્કેલ, એને ઠેકાણે ધર્મ થઈ ગયા બધાને લ્યો! આ પૂજા કરી ને ભક્તિ કરી. કહો, સમજાણું કાંઈ? એકડાના ઠેકાણા ન મળે અને મીંડા ચડી ગયા માથે. એમ વસ્તુ ભગવાન આત્મા એકરૂપ અનંતને પીયને બેઠો એકરૂપ, એવું જે વસ્તુનું સ્વરૂપ એનું પૂર્ણ રૂપ. પૂર્ણ સત્ય છે, એકરૂપે એ સત્ય છે એની દૃષ્ટિ થાય તો સમ્યગ્દર્શન એટલે સત્ય દૃષ્ટિ થાય. સત્‌ની એટલે પ્રશસ્તની દૃષ્ટિ તો કહેવાય. જેવો એકરૂપ છે એવો જ એકરૂપ સત્ય દૃષ્ટિમાં આવે ત્યારે એને સમદૃષ્ટિ, આ સત્ય એકરૂપ છે એવી દૃષ્ટિ થતાં એ સમ્યગ્દૃષ્ટિ થયો, પ્રશસ્તની દૃષ્ટિ થઈ, સત્ય દૃષ્ટિ થઈ, જેવો છે એવી દૃષ્ટિ થઈ. કહો, બરાબર છે? દેવીલાલજી! હેં? વાંધો નહિ, વાંધો શું છે?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- બીજો એટલે કે અભેદ .. પણ નિર્ણય કોણે કર્યો?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- વિષય દ્રવ્ય. દ્રવ્યનો વિષયનો કરનાર કોણ? પર્યાય.

મુમુક્ષુ :-- દ્રવ્યમાં પર્યાય નહિને?

ઉત્તર :-- દ્રવ્યમાં પર્યાય નહિ પણ એ નિર્ણય કોણ કરે છે? હું આમાં નથી.

મુમુક્ષુ :-- એકમેક થઈને એમ જોવે છે?

ઉત્તર :-- નહિ નહિ, એકમેક છે જ નહિ. એ પર્યાય એકમેક થઈ જ નથી. એ ફક્ત એનાથી ભળેલી છે એટલું. કહો, સમજાણું કાંઈ?

આ તો છેલ્લામાં છેલ્લો આ શ્લોક સાતમાનો અભેદનો માખણનો છે. એનો અર્થ જ ઈ છે કે આ અવસ્થા આમ જ્યાં વળે છે એ વળે છે ત્યાં એકરૂપતા જ એની દૃષ્ટિમાં રહે છે. ભેદ શી રીતે રહે પણ? આમ વળી ત્યાં એકરૂપતા જ રહે છે એને. સમજાણું કાંઈ? આહા..! ... શાંતિભાઈ! અરે..! બાપા! આવા ધર્મના શરણ વિના આખી દુનિયા દુઃખી છે. અગિયાર અંગના ભણેલા, પંચ મહાવ્રતના પાળેલા, પાળનારા પણ મિથ્યાદૃષ્ટિ દુઃખી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- ભેદ, બધા ભેદો, દ્રવ્ય ગુણના ભેદો, પર્યાય ભેદ બધું. એક દ્રવ્યને પી ગયું ભેદોને. અભેદ થઈ ગયું એમ. એવું એકરૂપ, ભગવાન આત્માનું એકરૂપ. અનંત જેમાં પેસી ગયા છે પણ છે એકરૂપ. આહા..હા..! સમજાણું કાંઈ? છતાં, છતાં સિદ્ધ કરે છે. કિંચિત **'એકમેક મળી ગયેલા આસ્વાદવાળું...'** એક ગુણનો આસ્વાદ, બીજા ગુણનો આસ્વાદ કાંઈ એકમેક થઈ ગયો નથી. ગુણની ગુણ દશા ને પર્યાય દશા, એક પર્યાય બીજી પર્યાયમાં એકમેક નથી થઈ ગઈ. એ તો અહીં દ્રવ્યની અપેક્ષાએ એકરૂપ કહ્યું છે એમ કહે છે. સમજાણું કાંઈ? પણ એમાં અભેદ એકરૂપ વસ્તુનો અભાવ કરનાર, કિંચિત **'એકમેક મળી ગયેલા આસ્વાદવાળું...'** આહા..!

મુમુક્ષુ :-- કિંચિત એટલે?

ઉત્તર :-- કોઈ અપેક્ષાએ. અભેદની અપેક્ષાએ મળી ગયેલું છે એમ કહે છે. પણ અંદર ભેદની પર્યાય, દરેક ગુણની પર્યાયનો આનંદ, આસ્વાદ ભિન્ન ભિન્ન છે. એટલે કે આમ ભિન્ન કરીને એમ નથી પણ અનંત પર્યાય છે તો અનંત પર્યાયનો ભેદ સ્વાદ અનંત પર્યાયરૂપે છે. એમ. સમજાણું કાંઈ? આહા..! ભારે વાત. આવો વીતરાગ ધર્મ, વીતરાગ ધર્મ તો આ જ અને આવો જ છે. કતન હોય બધી રીતે. નવનીતભાઈ કહે છે ઘણી વાર, સમકિતની

વ્યાખ્યા સોનગઢ છે એવી ક્યાંય નથી. આહા..હા..! આ વસ્તુનું સ્વરૂપ ભાઈ આ તો. આ ક્યાં કોઈ કલ્પીત વાત છે કાંઈ. ભાઈ ઘણી વાર કહે છે હોં! ... એ પોપટભાઈ! આહા..!

ભગવાન એકરૂપ કિંચિત એકમેક મળી ગયેલા. આસ્વાદ તો દરેકનો ભિન્ન ભિન્ન છે પણ અભેદમાં એકસાથે સ્વાદ આવે છે. સમજાણું કાંઈ? ઓલો દાખલો આપીએ છેને? શું કહેવાય તમારે? દવાની ગોળી નહિ. દૂધિયું. દૂધિયુંનો દાખલો આપીએ છીએ. દૂધિયું છેને આ ઉનાળામાં (બનાવે). એમાં ઘણી ચીજ હોય વરીયાળી ને એલચી ને દ્રાક્ષ ને સમજ્યાને? બદામ ને ચારોળી ને પિસ્તા ને... શું કહેવાય? ભાંગ કહે છેને ભાંગ. લીલાઘર, લીલાઘર કહેતા અમારે. સમઢીયાળાના નાગરભાઈ. હમણાં આવ્યા છેને. ક્યાં ગયા? નાગરભાઈ. નાગરભાઈનો પૌત્ર આવ્યો છેને. ઈ તો દર્શન કરી જાય. મુંબઈથી આવ્યા છે. નાગરભાઈ કહેતા. ગૃહસ્થ માણસ. ઘરે મોટું... તે દિ' આ તો ઘણા વર્ષની વાત છે. દસ-દસ હજારની ઉપજ ઘરે ગરાસની. મહેમાનો આવે. મોટા અમલદાર, અધિકારી. શેઠ પોતે, પોતે શેઠ પણ ઈ ગામના ધણી કહેવાતા. ...ભાઈ. પછી કહે જ્યારે આવે તેને સૂવામાં ... હોયને ... લીલાઘર નાખીએ. લીલાઘર સમજો છો? ભાંગ. ઈ ભાંગમાં બધી ચીજો નાખીએ. પછી આખી રાત કૂવામાં રાખીએ. કૂવામાં નાખી ન્યાં તો ચામડાના ... બાંધીને હોં! ટોપલી બાંધે મોટી. આખી રાત .... પછી બહાર કાઢે ઘસીને પછી શું કીધું? દૂધિયું કહેવાય અથવા ભાંગ. એક નામે ભાંગ, પણ હોય સ્વાદ એમાં અનેક ગુણનો. વરીયાળીનો, દ્રાક્ષનો, બદામનો, પિસ્તાનો, ચારોળીનો, ફલાણાનો, ઢીંકણાનો. સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા એની એકરૂપતાની દૃષ્ટિ કરતા એને અનંત ગુણનો પર્યાયનો સ્વાદ એને આવે છે. છતાં એકરૂપે આવે છે, એકરૂપનો જ એને સ્વાદ છે. સમજાણું કાંઈ? ભારે આવું ભાઈ, ધર્મનું આવું સ્વરૂપ! માવાણી! એડન-ફેડનમાં તો ત્યાં મળે નહિ કાંઈ. આહા.હા..! બાપા! તારા માર્ગ તો આવા છે. એને જ્યાં હજી ખ્યાલમાંય લીધો નથી, શ્રદ્ધામાં રહ્યા શ્રદ્ધામાં એ એને લેતો નથી, એને નિશ્ચયશ્રદ્ધા થાય ક્યાંથી? સમજાણું કાંઈ? એવો હોવાથી એકરૂપ કિંચિત એકમેક મળી ગયેલા આસ્વાદરૂપ. સ્વાદ બધો એકરૂપ છે પણ દરેકનો સ્વાદ ભિન્ન ભિન્ન છે. પછી આસ્વાદરૂપ અને અભેદ પાછું કીધું. અભેદ આખું દૂધિયું એક. દૂધિયામાં ભલે વરીયાળી ને દ્રાક્ષ ને બદામ ને પિસ્તા ને ... ઉનાળાનો દિ' હોય, પીવે. દારૂના પીનારા જેમ ઘેનમાં ચડી જાય એમ (ઘેન ચડી જાય). એમ આ જ્યાં પ્યાલા પીધા કહે છે આત્માના... આહા..હા..! અનુભવના, આનંદના પ્યાલા ફાટી ગયા. સમજાણું કાંઈ? આહા..હા..!

આસ્વાદરૂપ અભેદ એક સ્વભાવ વસ્તુનો અનુભવ કરનાર. હવે આવે છે જુઓ! '**ण वि णाणं**' છેને? ઈ તો પદની રચના છે. એક સ્વભાવ વસ્તુનો અનુભવ કરનાર. એકરૂપ ચૈતન્યમૂર્તિ ભિન્ન ભિન્ન ગુણોના સ્વાદવાળો હોવા છતાં એકરૂપ ચીજનો અનુભવ કરતાં. સમજાણું

કાંઈ? એક સ્વભાવ, અભેદ એક સ્વભાવ વસ્તુનો, ભિન્ન ભગવાન વસ્તુ એનો અનુભવ કરનાર, એનો અનુભવ કરનાર, વસ્તુનો અનુભવ કરનાર. લ્યો હવે એનો અર્થ શું? વસ્તુનો અનુભવ કરનાર, દ્રવ્યનો અનુભવ કરનાર? એ રાગનો અનુભવ કરતો માટે દ્રવ્યનો અનુભવ કરનાર એમ કહ્યું છે. અનુભવ તો પર્યાયનો થાય છે. સમજાણું કાંઈ? દ્રવ્ય જે ચીજ ત્રિકાળી છે એનો અનુભવ થાય શી રીતે? અનુભવ તો પર્યાય છે, ઓલો તો ત્રિકાળ છે. ત્રિકાળનો એક સમયમાં અનુભવ થાય તો બીજે સમયે પર્યાય બદલે ત્યારે ધ્રુવનો જ નાશ થઈ જાય. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! અલૌકિક વાતું છે આ! ઘડિયાળી! આ તમારે કાંટા-બાટા હોય એના કરતા આ કાંટો બહુ આકરો છે. આહા..હા..! અરે..! જેને ભાગ્ય હોય, અમારે કહે છેને? દિલીપ કહે છે ઈ કે, આવી વાત તો ભાગ્યવાનને કાને પડે એમ કહે છે. વજુભાઈ! તમારો દીકરો એમ કહે છે. પૌત્ર થાય એનો. આવી વાત તો ભાગ્યવાનને મળે. આહા..હા..! આ પૈસાવાળા ને પુણ્યવાળા ને ધૂળવાળા ભાગ્યવાન નહિ. સમજાણું કાંઈ? કહો, વજુભાઈ! રૂપિયા થાય, જાય પણ ખરા પાછા. આમાં તો જાય જ નહિ કહે છે. આહા..હા..!

એવી ખાણ, એ ખાણને ખોદતા જે અનુભવ થાય એમ દ્રવ્યની દૃષ્ટિ થતાં જે અનુભવ થાય એવા અનુભવ કરનાર... પછી કૌંસમાં નાખ્યું, જ્ઞાનીને એમ કર્યું છેને? એમ '**णाणिस्स**' આ છે વ્યવહારે એમ '**णाणिस्स ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो।**'. પંડિત પણ, એક ન્યાયે એને જ પંડિત કહીએ. એમ અનુભવ કરનાર આત્માને પંડિત કહીએ. બાકી બધી શાસ્ત્રની વાતું અને બધી જગતની અનેક પ્રકારે હોય અને એના ડહાપણને પંડિત કહેવાતા નથી. એ... પંડિતજી! તમે તો સંસ્કૃતના પ્રોફેસર છોને. આહા..હા..! ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ એક સ્વરૂપે પ્રભુ અંદર વસ્તુ એનો અનુભવ કરનાર જ્ઞાનીને. એમ. એ જ પંડિત છે. સ્વામી કાર્તિકેયમાં આવે છેને? એ જ પંડિત, એ શૂરવીર, એ ધર્મી, એ વીર છે. આહા..હા..! આવે છેને. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યા છે! આહા..! ઉઘાડ પણ એટલો આનો તો. અનુભવ તો હોય પણ ઘણા તો વિકાસ એને જે ભાવ કહેવો છે તે જ શબ્દોને અંદર લાવીને વાચ્યને બતાવે છે કે આ છે. સમજાણું કાંઈ?

પાઠમાં એમ છે કે, '**ण वि णाणं**'. એ તો પદની રચના. અહીં જ્ઞાનીને ન દર્શન એમ લીધું. ધર્મીને દર્શન પણ નથી. લે! દર્શન નથી ત્યારે શું છે? મિથ્યાત્વ છે? સમજાણું કાંઈ? ધર્મી જીવને દર્શન--સમકિત નથી. ભેદરૂપ આ દર્શન છે એવું નથી. એમ. સમજાણું કાંઈ? ઠીક, આ ગાથામાં ઠીક આવી ગયા. ભાઈ! નવનીતભાઈ! ભલે આઠ મહિના થઈ ગયા, પણ અહીં તો આઠ મહિના ઉપર થઈ ગયુંને? વૈશાખ સુદ પાંચમે આવ્યા હતા. આઠ મહિના તો થઈ ગયા. પણ આવ્યા ત્યારે આ બધું માખણ આવ્યું. આહા..હા..!

અરે..! ભગવાન આત્મા અનુભવ કરનારને? અનુભવ કરનારને? ત્યારે અનુભવ કરવું એ શું પર્યાય છે કે દ્રવ્ય ગુણ? એ.. દેવીલાલજી! ઈ તો દ્રવ્યનો અનુભવ એમ કહેવાય. દ્રવ્યનો પણ અનુભવ અને પર્યાયનો અનુભવ એમ કહેવાય. સમજાય છે? દ્રવ્યનો અનુભવ એટલે કે ઓલો રાગનો હતોને, દ્રવ્ય તરફના વલણનો નહોતો એટલે દ્રવ્યનો અનુભવ એમ કહેવાય. પણ અનુભવ છે પર્યાયનો. અનુભવ વેદન તો પર્યાયનું છે. દ્રવ્ય-ગુણનું વેદન હોય? પાછું એમ પણ આવે કે, જ્ઞાયક ભાવ પ્રગટ્યો. આગળ આવશેને. જ્ઞાયક ભાવ પ્રગટ્યો જ્ઞાનીને. જ્ઞાયક ભાવ અજ્ઞાનીને તિરોભાવ હતો. કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવે બિરાજમાન ભગવાન અનંત ગુણનું એકરૂપ એ ભાનમાં નહોતું એટલે એને તિરોભૂત થઈ ગયું હતું એમ કીધું. એ તો છે ઈ છે. ભાન થયું ત્યારે એ પ્રગટ્યો એટલે અસ્તિની શ્રદ્ધા નહોતી, આવો છે એવી શ્રદ્ધા નહોતી. આવો છે એવી શ્રદ્ધા થઈ ગઈ એ પ્રગટ્યો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જ્ઞાયક પ્રગટતો હશે દ્રવ્ય? શૈલી શું થાય? શબ્દની શૈલીમાં તો જે આવે એના પ્રમાણમાં મર્યાદાએ આવે. સમજાણું કાંઈ? આહા..હા..!

એક સ્વભાવ વસ્તુનો અનુભવ કરનાર. ગુણ જેટલા છે એ બધા એક ગુણ બીજા ગુણરૂપે નથી થયા એમ કહે છે. છતાં દ્રવ્યમાં એકરૂપ છે. સમજાણું કાંઈ? આહા..! એવો એક સ્વભાવ વસ્તુનો અનુભવ કરનાર ધર્મીને, જ્ઞાનીને, સમકિતીને **'દર્શન પણ નથી,...'** જ્ઞાયકભાવની દૃષ્ટિમાં હવે દર્શન ભિન્ન છે એમ રહેતું નથી. આહા..હા..! ધન્ય રે ધન્ય! જ્યારે સમયસાર રચાણું અલૌકિક રીતે! ઓહો..હો..! કેવળીના પેટ ખોલીને મૂક્યા છે. એ વાત એને ખ્યાલમાં પણ આવવી પહેલી એ પણ કોઈ અપૂર્વ વાત છે! સમજાણું કાંઈ?

કહે છે, અરે..! એવા વસ્તુનો અનુભવ કરનાર. શબ્દ તો એમ આવ્યો એક સ્વભાવ વસ્તુનો અનુભવ કરનાર. એક સ્વભાવનો જ અનુભવ, એક સ્વભાવનો અનુભવ. દ્રવ્યનો અનુભવ? હેં? **'દર્શન પણ નથી,...'** 'પણ' કેમ કીધું? કે, બીજા કહેવા છે ખરાને. એટલે પહેલીથી વર્ણવ્યું. નહિતર દર્શન નથી, જ્ઞાન પણ નથી. એમ નહિ કહેતા પહેલેથી ત્રણ વર્ણવવા છેને. ભગવાન આત્મા એકરૂપ ચૈતન્ય દ્રવ્ય અભેદ જ્યાં દૃષ્ટિ કરતાં અભેદ જ રહે છે દૃષ્ટિમાં, સામાન્યપણું જ રહે છે, એકપણું જ રહે છે. એવા એકપણાનો સ્વભાવનો અનુભવ કરનાર એવા ધર્મીને સમ્યગ્દર્શન આ છે એમ જ્ઞાયકમાં ભેદ રહેતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

આ કથાઓના કરનારા બહારના ઘણા કહે, આ શું માંડ્યું છે? એમ લાગે હોં! આ તો ચિંતામણિ રત્ન ભગવાન, ચિંતામણિ મહા. ઓલો ચિંતામણિ પથરો એ તો પુણ્યને લઈને મળે અને પાછો ઉડી જાય ફૂ થઈને... જાવ. સમજાણું કાંઈ? આ તો પવિત્રતાનું ચૈતન્યરત્ન. વસ્તુ છેને, અસ્તિ છેને, સત્તા છેને, હોવાપણે છેને. હોવાપણે તે એકરૂપ હોવાપણું વસ્તુનું એમ દૃષ્ટિ પડતાં અનુભવ કરનારને દર્શન જુદું છે, જ્ઞાન જુદું છે એવું એને ભાસતું નથી

એમ કહે છે. સમજાણું કાંઈ? કપુરભાઈ! આવો આ માર્ગ છે ભાઈ! આહા..હા..! ભારે આકરો માર્ગ ભાઈ! ..લાલજી! હિન્દુસ્તમાનમાં તો આ વાત છે નહિ. નહિ? વાત .. માર્ગ આત્મામાં છે. લોકોએ એને બગાડીને ફેરફાર ફેરફાર કરી નાખ્યો. કો'ક વળી નિમિત્તથી પામે ને કો'ક વળી દયાના, દાનના, કષાયની મંદતાથી પામે.

મુમુક્ષુ :-- ગુરુની કૃપાથી પામે.

ઉત્તર :-- ગુરુની કૃપાથી પામે. લ્યો એઈ!

મુમુક્ષુ :-- આમાં આવ્યુંને, ગુરુએ અનુગ્રહ કરીને..

ઉત્તર :-- અનુગ્રહનો અર્થ મહેરબાની કરી... અમે પાત્ર હતા માટે આપ્યો એમ ન બોલતા એમની કૃપાથી અમને મળ્યું એમ કહ્યું છે. હેં? સમજાણું કાંઈ? આવશે, ઘણું આવશે નિયમસારમાં તો. ગુરુના પ્રસાદે કરીને પામ્યો આત્માને. એનો અર્થ કે, જેની યોગ્યતા છે એને ગુરુનો ઉપદેશ મળ્યો, એનો પ્રસાદ મળ્યો એમ કહેવામાં આવે છે. ક્યાંથી મળે? ક્યાં છે તે મળે? બહાર છે તે મળે? આહા..! ગુરુની વાણીમાં આત્મા છે? છતાં એમ કહે, લ્યોને, 'તે તો પ્રભુએ આપીયો' આવે છેને? શ્રીમદ્‌માં આવે છે. શું છે એમાં પહેલા બે પદ? એઈ..! ચેતનજી! પહેલા બે પદ છેને. 'તે તો પ્રભુએ આપીયો'. 'શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન, તે તો પ્રભુએ આપીયો' આપ્યાનો અર્થ મને ઓળખાવ્યો. ઓળખાવનાર, ઓળખનાર હું એમાં આપે ઓળખાવ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? 'તે તો પ્રભુએ આપીયો, વર્તું ચરણાધીન'. બીજી કોઈ રીત નથી. હતી તે પ્રાપ્ત થઈ, હતી તે મળી. બતાવનાર તમે માટે તમે આપી એમ આરોપથી કહેવાય છે. આહા..હા..!

**'જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી, એક શુદ્ધ જ્ઞાયક જ છે.'** '**जाणगो जाणगो सुद्धो**' છેને? શબ્દ એમ ભેગો છે. '**सुद्धो जाणगो**' ઓલામાં '**जाणगो सुद्धो**' શબ્દ છે, અહીં શુદ્ધ જ્ઞાયક જ છે એમ શબ્દ લઈને (કહ્યું છે). એક ભગવાન આત્મા અસ્તિ સત્તારૂપે પ્રભુ અસ્તિ છે. એકરૂપ શુદ્ધ છે, એક શુદ્ધ જ્ઞાયક જ છે એમ. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- તે તો એટલે?

ઉત્તર :-- ઈ તે તો એટલે એ આત્મા. '**એક શુદ્ધ જ્ઞાયક જ છે.**' આ ભેદ નથી ત્યારે એ છે શું? એમ કહે છે. એવામાં ભેદ નથી દર્શન, જ્ઞાન ને ચારિત્રના (તો) છે કોણ જ્ઞાનીને? એક જ્ઞાયક શુદ્ધ. શુદ્ધ જ્ઞાયક. સમજાણું કાંઈ? શુદ્ધ જ્ઞાયક. જુઓને! '**एक शुद्धः**'. શબ્દમાં તો એમ છે. શુદ્ધ એક શુદ્ધ જ્ઞાયક જ. પાઠમાં તો શુદ્ધ પછી છે. એક એક શબ્દફેર હોય પણ આપણે જાણવું તો જોઈએને. હવે ૧૭મી વાર તો કહેશે. '**जाणगो सुद्धो**' જ્ઞાયક શુદ્ધ. અને ટીકામાં પણ એમ છે '**ज्ञायक एवैकः शुद्धः**' '**ज्ञायक एवैकः शुद्धः**'. એક શુદ્ધ જ્ઞાયક જ છે. એક જ્ઞાયક એવ શુદ્ધ છે. ફેર પડે કંઈ? ઈ પંડિત છે અમારા. અટકીને

વાત કરી, હળવેક દઈને. ઈ કહે કે, આ એક જ્ઞાયક જ શુદ્ધ છે. અશુદ્ધ છે એનો અર્થ થયોને? અશુદ્ધતા તે અશુદ્ધ છે, ભેદ તે અશુદ્ધ છે. ત્યારે જ્ઞાયક જ તે શુદ્ધ છે એમ. પુણ્ય-પાપના વિકલ્પો એ અશુદ્ધ છે, એ નથી. હવે ત્રણ ભેદ તે અશુદ્ધ છે એમ આવ્યું હતું. પૂછ્યું હતું શિષ્યે, પ્રભુ! આપે અશુદ્ધતા તો દૂર કહી વસ્તુમાં. પણ આ ભેદથી અશુદ્ધતા થાયને? એ નથી. ત્યારે છે શું? એક જ્ઞાયક જ શુદ્ધ છે. ખરેખર તો આમ લાગુ પડે. અશુદ્ધતાનો નકાર કર્યો ત્યારે જ્ઞાયક એક તે શુદ્ધ છે. કહો, સમજાણું કાંઈ? તત્ત્વાર્થ રાજવાર્તિકમાં એમ આવે છે, એક અક્ષર પણ મળે, ઓછો થાય તો (પુત્રરત્નની પ્રાપ્તિ જેવી ખુશી થાય) શું કાંઈક કહે છે? શું કીધું?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- એક અક્ષર ઓછો મળે શબ્દ માટે તો તો આહા..! એ વાત છે તત્ત્વાર્થ રાજવાર્તિકની. દર્શન જ્ઞાનમાં એમ કહ્યું હતું. પહેલું દર્શન કેમ મૂક્યું? જ્ઞાન પૂજ્ય છે, જ્ઞાન બધું જાણે છે, અક્ષર એક ઓછો છે. છતાં તમે દર્શનને ત્રણ અક્ષરવાળાને કેમ મૂક્યો? કર્તા તો આચાર્ય છે ભાઈ. શ્લોકવાર્તિક, તત્ત્વાર્થ રાજવાર્તિક. દર્શન છે ઈ પૂજ્ય છે. જ્ઞાનના બે અક્ષરો હોવા છતાં આ પૂજ્ય છે. કેમકે એ પોતે પ્રથમ પ્રગટ થાય છે. પ્રથમની સાથે છે તો સાથે. સમજાણું કાંઈ? આહા..હા..! અને પૂર્ણ પણ પહેલું થાય છેને ઈ ક્ષાયિક સમકિત. ક્ષાયિક સમકિત પૂર્ણ પહેલું થાય છે. વાત સાચી એક ન્યાયે. કેવળજ્ઞાન પૂર્ણ પછી થાય છે, ચારિત્ર પૂર્ણ ચૌદમે થાય. કેવળજ્ઞાન પહેલા, યથાખ્યાત ચારિત્ર એને ન ગણતા, બારમામાં, આત્મામાં .... ઈ જ્ઞાન પછી થાય. એટલે એને ક્રમમાં ... આવી જાય છે. સમજાણું કાંઈ? પહેલા ... ચારિત્ર એને ન ગણતા ... આત્મામાં આખું ચારિત્ર એ જ્ઞાન પછી થાય છે એટલે એને ક્રમમાં ... સમજાણું કાંઈ?

એ તો '**એક શુદ્ધ જ્ઞાયક જ છે.**' ભાઈએ એમ મૂક્યું છે. જયચંદ્ર પંડિતે. હિન્દીમાં આપ્યું છે. એક જ્ઞાયક હો વહી શુદ્ધ હૈ. એક જ્ઞાયક હી વહી શુદ્ધ હૈ. એક જ્ઞાયક હો વહી શુદ્ધ હે. એમ લખ્યું છે જુઓ. ... પાઠમાં એમ છેને. જ્ઞાયક તે શુદ્ધ છે. આ જ્યારે અશુદ્ધ છે તો જ્ઞાયક તે શુદ્ધ છે. કહો, સમજાણું કાંઈ? એ ટીકા પૂરી થઈ. હવે એનો ભાવાર્થ આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ-૯, શનિવાર, તા. ૧૧-૧૨-૧૯૭૧**
**ગાથા-૭, પ્રવચન-૩૬**

કેવા જીવને માન્યે સમકિત થાય? ૭મી ગાથા ચાલે છે એનો ભાવાર્થ. જીવ કોને કહેવો ખરેખર? તો કહે છે કે, '**આ શુદ્ધ આત્માને...**' શુદ્ધ કીધુંને બેયમાં. છઠ્ઠી અને સાતમીમાં. ૬ઠ્ઠીમાં એમ કહ્યું કે, જે અંદરમાં પરદ્રવ્યના ભાવ અને પરદ્રવ્યથી ખસીને અંતર્મુખ દ્રવ્યના લક્ષે જાય એટલે કે દ્રવ્યની પર્યાયની સેવા કરે, દ્રવ્યની સેવા કરે પર્યાયમાં--ઉપાસના. દ્રવ્યની ઉપાસના એ પર્યાય છે. એને આ આત્મા શુદ્ધ છે એમ જ્ઞેય તરીકે જ્ઞાનમાં આવ્યો, જણાયો. જ્ઞાનમાં જણાયો. સમજાણું કાંઈ? હવે અહીંયા તો... એમાં ત્રણ નયનો નિષેધ કર્યો. અસદ્‌ભુત વ્યવહાર ને અસદ્‌ભુત ઉપચાર અને અનુઉપચાર બે. અને સદ્‌ભુત ઉપચારનો નિષેધ કર્યો છઠ્ઠીમાં. એટલે શું?

'**આ શુદ્ધ આત્માને કર્મબંધના નિમિત્તથી અશુદ્ધપણું આવે છે એ વાત તો દૂર જ રહો,...**' ઈ છઠ્ઠીમાં આવે છે. અને પુણ્ય-પાપના ભાવ થાય એ બધો નિષેધ કર્યો. કારણ કે, એના મૂળ સ્વરૂપમાં નથી. અસદ્‌ભુત છેને? આહા..! વસ્તુના સ્વભાવમાં, સ્વરૂપમાં એ પુણ્ય-પાપના ભાવ જ નથી. એથી તેને અસદ્‌ભુત કહી ભેદરૂપ એટલે વ્યવહાર કહી એ એનામાં છે જ નહિ (એમ) નિષેધ કર્યો. અને એમાં એ પણ ભેગું આવી ગયું જાણવાનું, એ જાણનાર કહેવાય છેને? જાણનાર કહેવાય ... તોપણ એ જાણનાર પોતાને જ જાણે છે. જાણનાર જાણે છેને? કે, જાણનાર જાણે છે એ પરને નહિ. એ પર સંબંધીનું પોતાનું જે જ્ઞાન પોતાથી પોતા વડે થયેલું એને એ જ્ઞાન જાણે. એ સદ્‌ભુત ઉપચાર પરને જાણવું એ છોડાવ્યું.

હવે તો અંદર જ્ઞાનની પર્યાય તે આત્મા, અથવા ગુણ ભેદ તે આત્મા એવો જે સદ્‌ભુત એમાં છે. અનુઉપચાર એટલે સંબંધ છે પણ ભેદ છે. એવા અનુઉપચાર સદ્‌ભુતના વ્યવહારને પણ નિષેધ કર્યો. એટલે કે '**પણ તેને દર્શન, જ્ઞાન, ચારિત્રના પણ ભેદ નથી;...**' એ ભેદ તે અસત્યાર્થ છે એમ. સમજાય છે કાંઈ? જેમ અશુદ્ધપણું એ જૂઠું છે એમ આમાં ભેદ પણ જૂઠો છે એમ કહે છે. આહા..હા..! ભારે વાતું. મોટી મોટી પરીક્ષાઓ આપે છેને. શું નામ ભાઈ એનું? આઈ.પી.? ... મોટી પરીક્ષા કહે છે. મોટી પરીક્ષા છે. શિવલાલ પાનાચંદ હતોને? મોટી પરીક્ષા. (સંવત) ૧૯૭૭ની સાલમાં અહીં આવ્યો હતો. આત્માનું ક્યાંક મેં વાંચ્યું છે પણ આત્મા છે કે નહિ એનો કાંઈ નિર્ણય કર્યો નથી. છે જ નહિ એનો નિર્ણય.

આહા..હા..! માવાણી! આ બધા તમારા ... મોટી પરીક્ષા હોં! તે દિ' આ તો ૭૭ની સાલની વાત છે. હિન્દુસ્તાનમાં પહેલે નંબરે પાસ થયો હતો ઈ. અને બીજે નંબરે ઈ શું કહેવાય ભાઈ? ... એની સાથે કોઈક હતો. આને પહેલો નંબર આવેલો હિન્દુસ્તાનમાં. એવો મગજવાળો માણસ. એટલે છેલ્લે એને ... એ ૪૮ વર્ષે ગુજરી ગયો બિચારો નાની ઉંમરમાં, તમારા ગામના. પણ આ ભણતર, આ શું ભણતર? ભણી ભણીને મોટા... સાડા ત્રણ હજારનો પગાર માસિક તે દિ' હોં! જેતપુરનો દિવાન થયેલો. કલેક્ટર? મોટો. આખો કબાટ પુસ્તકનો વાંચે તો એને આ પુસ્તકમાં આ છે એમ કહેતા. એવી એની શક્તિ હતી. કુવિદ્યાની. રામજીભાઈ કહે છેને, .. શું વકીલાતનું? કુજ્ઞાન. અરે..! ...

અહીં તો કહે છે કે, આ પ્રભુ એમાં જે આ ગુણભેદ કહેવાય એ જૂઠા છે. આહા..હા..! બહારનું ભણતર તો જૂઠું. હેં? દૂર રહ્યું. આ શાસ્ત્રના ભણતર પણ જૂઠા એમ કહે છે. સમજાણું કાંઈ? એ શાસ્ત્રના ભણતરમાં એના લક્ષે થતાં પુણ્યના ભાવ એ જૂઠા, અસત્ય છે કહે છે. વસ્તુમાં નથી, સત્યમાં અસત્ય નથી. આહા..! એ તો સત્ય સ્વરૂપ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? કહે છે, એ અસત્યાર્થ છે. વ્યવહારનો અર્થ અસત્યાર્થ છેને. અભૂતાર્થનો અર્થ એ અસત્ય છે. સત્ય તો એમાં છે નહિ. અભેદમાં ભેદ થતાં અસત્ય છે જ નહિ. આહા..હા..! અરે..! દુનિયાની વાત તો ક્યાંય રહી ગઈ, અશુદ્ધતા તો ક્યાંય રહી ગઈ, સંસારના ભણતરના ભાવની અધિકતાય ક્યાંય રહી ગઈ. અહીં તો કહે છે કે, વસ્તુમાં એકરૂપ શુદ્ધ ભગવાન આત્મા અભેદ ચીજમાં ભેદ જૂઠા છે, અસત્ય છે. અભેદ તે સત્ય છે. આ બધું નવું નવું આવ્યું. ગુલાબચંદભાઈ! કોઈ દિ' ન્યાં કલકત્તામાં સાંભળ્યું ન હોય અને ભાઈઓ વચ્ચે આ વાત ચાલે નહિ. ત્યાં તો રળવાની ચાલે, પાપની. એઈ..! આહા..હા..! ... કીધું, આ અમારે શિવલાલ પાનાચંદ હતો, વિશાશ્રીમાળી. મોટું કુટુંબ. ... ખબર છે? ઘણા વર્ષ થયાને. આવ્યા હતા બિચારા નાગરભાઈને લઈને. આ ગીરધરના બાપ, આપણા ગીરધરભાઈ. નાગર છેને. મોટો કોટ લાંબો ને આમ મોટું... આહા..હા..! કીધું ભાઈ! તમે આત્માને જાણ્યો છે? આ આત્મા છે એમ (ખબર છે)? વાંચ્યું છે કહે વાંચ્યું છે, નક્કી કર્યું નથી. અરેરે..! આ જીવન ગયા. અણઓચિંતા અણધાર્યા ખબર નહિ કે મોટા મોટા કલેક્ટરો બહુ મોટા મળવા આવે એને. બાયડીને એમ કહે કે, અંગ્રેજી ભણ તું. ગામડાની બાય હતી બિચારી સાધારણ. અને આ તો બહાર ગયો અને ... મોટા મોટા મળવા આવે એને ... કે મોટા મોટા .... માંડ માંડ બિચારી શીખી હતી ૪૮ વર્ષે સમાપ્ત બધું. હાય..હાય..! એઈ..! ૪૮ વર્ષની ઉંમરે દેહ છૂટી ગયો. અહીં ... ઊડી ગયો. આહા..હા..! આવો મનુષ્યભવ મળ્યો એમાં શું કરવાનું હતું એ કર્યું નહિ, આ નહિ કરવાના કર્યા. આ જ એક કરવાનું છે.

ભાઈ! તું જે રીતે એકરૂપ ચીજ છો, અભેદ ચીજ છો એની દૃષ્ટિ કરવાની છે. એની

અંતર દૃષ્ટિને પસારવાની છે. દૃષ્ટિ છે પર્યાય પણ પર્યાયને આશ્રય એનો લેવાનો છે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્યારે તને સત્ય હાથ આવશે અને ત્યારે તું સુખને પંથે જઈશ. નહિતર આ તો બધા દુઃખના પંથ છે. કપુરભાઈ! આહા..હા..!

કહે છે, અરે..! **'તેને દર્શન, જ્ઞાન, ચારિત્રના પણ ભેદ નથી.'** એટલે કે ભેદ પણ એકમાં અનેકપણું એ જૂઠું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન નિત્યાનંદ પ્રભુ અભેદ ચીજ એમાં ભેદનું પણ જૂઠાપણું (છે), અભૂતાર્થ છે. આહા..હા..! આ (વાત) લોકોને બેસવી (કઠણ પડે). હવે ઓલા હજી તકરાર કરે છે, કે અભૂતાર્થ છે, અસત્યાર્થ નથી. પણ એનો અર્થ જ એ થાય છે સાંભળને હવે. ટોડરમલે ઠેકાણે ઠેકાણે નિશ્ચય તે સત્યાર્થ છે, વ્યવહાર તે અસત્યાર્થ છે, અભૂતાર્થ છે એવા જ શબ્દો વાપર્યા છે એણે તો. પણ એ બધા ગૃહસ્થ હતા. પણ હવે ત્યારે તું કોણ હતો? અરે..! ભગવાન બાપા! પ્રભુ! પરમ સત્ય આત્મા પરમ સત્ય, સત્યાર્થ પદાર્થ એ અભેદ છે, એકરૂપ અંદર અખંડાનંદ પ્રભુ એને પર્યાયને આશ્રય એનો મળતાં, પર્યાયને આવા અભેદનો આશ્રય મળતા સમકિત થાય છે એને. એટલે ત્યારે સાચો થાય છે એમ. ત્યારે સાચો થાય છે. બરાબર છે? ત્યાં સુધી એ ખોટો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જૂઠાબોલા હોય છેને? જૂઠા. આ જૂઠાબોલો છે કહે છે. અમારા ગામમાં જૂઠાબોલા બહુ છે. સમજાણું કાંઈ? અર્થ થયો, અર્થ જૂઠા બોલા. ... એ નામ પડી ગયું જૂઠાબોલા. ઓળખાય જૂઠાબોલા. ઘણા વર્ષની વાત છે, ૭૦ વર્ષ પહેલાની. જૂઠાબોલાને દુકાને જાઓ. ... એના પરંપરાનું એને ... જૂઠા ... અહીં કહે છે કે, તું જૂઠો નહિ પણ તું સાચો છો. આ તને જે રાગ હું, ભેદ હું એ બધા જૂઠાબોલાની આદત તને લાગી ગઈ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ જૂઠાબોલાની તને આદત લાગી છે. આ નહિ તું પણ. સમજાણું કાંઈ? આહા..! અમે પૈસાવાળા, અમે આબરૂવાળા, અમે બાયડી-છોકરાવાળા, અમે હજીરા, હજીરા એટલે મકાનવાળા. એલા જૂઠાબોલો છો, જૂઠો છો. એ તો દૂર રહ્યું, એની તો અહીં વાતેય નથી લીધી. એઈ..! ... વાત તો લીધી નથી. ફક્ત એના પ્રત્યેના વલણવાળો શુભાશુભ રાગ એને લીધો છે. એ જીવના અસ્તિત્વમાં થયા છે. એ તો આના અસ્તિત્વમાં પર્યાયની નથી ઓલી ચીજ તો. સમજાણું કાંઈ? સ્ત્રી, કુટુંબ, પરિવાર, શરીર, બાયડી, છોકરા, આબરૂ, મકાન એ તો એના પર્યાયના અસ્તિત્વના અંશમાંય નથી. અને આ તો એના પર્યાયના અસ્તિત્વમાં છે. ઉદયભાવ રાગ-દ્વેષનો ભાવ, ભાઈ! અસત્ય છે ભાઈ! તારે માટે તારો સત્ય પદાર્થ એ સત્યનો એ નહિ. એ સત્ય પદાર્થ એ અસત્યને સંગ્રહે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

પણ જે ભગવાન અભેદ સ્વરૂપ શુદ્ધ આત્મા એ ભેદ એ પણ અસત્ય છે ભાઈ!

આહા..હા..! કારણ કે અભેદમાં ભેદ એ જૂઠો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભેદના પક્ષમાં રહીશ ત્યાં સુધી પણ તું જૂઠો છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..!

પરમ સત્ય પ્રભુ એને તો '**ભેદ નથી; કારણ કે વસ્તુ અનંતધર્મરૂપ એક ધર્મી છે.**' ભગવાન આત્મા અનંત ધર્મરૂપ વસ્તુ ખરીને, વસેલા છે અનંત ધર્મ છતાં એ એક ધર્મી--એક દ્રવ્ય છે. આહા..હા..! ભારે વાત ભાઈ. સમજાણું કાંઈ? કહો, આ પાંચ હજાર રળાઉ થયા ને દસ હજારના રળાઉ થયા, એ ક્યાં રહ્યું આમાં? હેં? આભે પાટુ મારે જાણે. લાખ પેદા થયા એક મહિનામાં, આમ કર્યું ને આમ કર્યું. અમે કુળમાં, કુટુંબમાં કર્મી જાગ્યા. આહા..હા..! ... અરે.. ભગવાન! જૂઠા! આ શું કરે છે તું? આ જૂઠાની ઓડત થઈ ગઈ તને. આ સત્ય તો થાવું છે કે શું કરવું તારે? એમ કહે છે. આહા..હા..! અમે આવા આબરૂવાળા, અમે આવા ભણતરવાળા. અરે..! પ્રભુ! જૂઠો ઈ તને કેમ પસંદ પડે છે? જે જૂઠું છે એ તને કેમ પસંદ પડે છે? આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન! તારું સ્વરૂપ અસ્તિ સત્તા એકરૂપ અનંત ગુણનો પિંડરૂપ એક ધર્મી, એક વસ્તુ છો તું. સમજાણું કાંઈ? આહા..! એમાં અનેકપણું ગુણનું કહેવું એ પણ જૂઠું, અસત્યાર્થ છે. ૧૧મીમાં આવશે, '**एवाभूतार्थत्वादभूतअर्थं प्रद्योतयति**'. ઈ જૂઠી વાતના પદાર્થને જૂઠી વાતું કહે છે. ઓલામાં એમ આવ્યું છેને, મોક્ષમાર્ગમાં? નિશ્ચય સત્યને કહે છે, વ્યવહાર અન્યથા. એમ નથી પણ અન્ય... એનો અર્થ એમ નથી પણ અન્યથા નિમિત્તનું જ્ઞાન કરાવવા બીજું કહે છે. એમ નથી એનો અર્થ અસત્ય છે એમ. એમ આવે છેને ભાઈ? એમ નથી, એમ નથી એટલે એ જૂઠું છે. આહા..હા..! એઈ..! મોક્ષમાર્ગ પ્રકાશશમાં બહુ સરસ લીધું છે મોક્ષમાર્ગપ્રકાશકમાં. અરે..રે..! આવા પ્રસંગ કહે છે કે, મોક્ષમાર્ગ પ્રકાશક જેવા સરળ ગ્રંથો જે વાંચે નહિ એના અભાગ્યની શું વાતું કરવી. કોઢિયાને અમૃત મળે... સમજાય છે? અને દરિદ્રીને ચિંતામણી રત્ન જોવા અવલોકવા મળે. સમજાણું કાંઈ? ભિખારી ખડના શું કહેવાય? ઓલા? કૂબો કૂબો. ખડનો કૂબો નથી કરતા? બહુ બિચાર ગરીબ માણસ... મુંબઈમાં તો બહુ. ખડના કૂબાવાળાને કોઈ અબજ ને અબજોની કિંમતની એટલી અમૂલ્ય ચીજનો કોઈ ચિંતામણિ રત્ન જોવા મળે, જોવા હોં! એ ન જોવે એના અભાગ્યની શું વાત કરવી. પોપટભાઈ! અને જેને કોઢ છે શરીરમાં અને એને મળે અમૃત અને ન લે એનું શું કહેવું?

એમ જેને આવી સરળ વસ્તુ સાદી ભાષામાં મૂકી દીધી એટલે ... તમારે કોઈ સંસ્કૃતની જરૂર નહિ, વ્યાકરણની જરૂર નહિ. આહા..હા..! ... એ જે સાંભળે નહિ, વાંચે નહિ એ ચિંતામણિ રત્ન જેવી ચીજ દરિદ્રીને મળે અને જોવે નહિ, કોઢિયાને અમૃત મળે ને લે નહિ બાપા! તમે આવું સરળ મળ્યું અને જો ન વાંચ અને ન સાંભળ તારા અભાગ્યની વાતું શું કરવી પ્રભુ! એઈ..! ચોપડા મળવા છે ને ફલાણું મળવા છે એમ નથી. સમજાણું કાંઈ?

સાદી ભાષામાં સરળમાં પ્રભુ! તું આવો છોને ભાઈ! એમાં આવે છેને પ્રમત્ત-અપ્રમત્ત. આવે છે, '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**'. નિશ્ચય વ્યવહારને બતાવ્યો છે. નિશ્ચય અને વ્યવહારને બેને વિરોધ છે. તું બેને સરખા શી રીતે માનવા? વિષય વિરોધ છે. નય એનો જ્ઞાનનો વિષય આખો અસ્તિત્વ ભિન્ન છે એને બેને સરખા શી રીતે માનીશ? નિશ્ચય મોક્ષમાર્ગ પણ છે અને વ્યવહાર મોક્ષમાર્ગ છે એ બે સાચા શી રીતે માને છે? બેનો વિરોધ છે. આહા..હા..! આવે છે? મોક્ષમાર્ગ પ્રકાશક વાંચ્યું છે કે નહિ? તમે નહિ વાંચ્યું હોય. હજી તો નવા છેને નવા. આ પ્રેમથી આવ્યા છે ને!. તમારા ઘરમાં, એક કુટુંબમાં ગુણવંતભાઈ વધારે. સમજ્યા? બીજા છોકરાને તો અમે ઓળખતાય નથી, એક ગુણવંતભાઈને ઓળખીએ. આવે છે. એને રસ છે હોં! સાંભળવાનો. અરે..! આવું કરવા જેવું બાપા આ છે. અરે..! ચાલ્યા જશે, અર..ર..! જીવન જાય છે, સમય-સમય ઘટી જાય છે અને મરણને નજીક આવી જાય છે ભાઈ! અવતારમાં ... કાળ નજીક છે. રખડવાના કાળમાં નજીક બાપુ! એમાં કરવાનું તો આ છે. ભવના બદલવાના કાળ નજીક આવે છે. સમજાણું કાંઈ? એમાં આ કરવા જેવું ન કરે. અરે..! ભગવાન આત્મા.. પહેલું શ્રવણ પણ ન કરે, શું કહેવું એને? આહા..હા..!

આવો પ્રભુ પરમ સત્યનો સાહેબો પ્રભુ અભેદ અરે..! એને ભેદ કહેવા અભૂતાર્થ છે. અભૂતમ્ અર્થ--એ જૂઠા અર્થને પ્રગટ કરે છે. અભેદમાં ભેદ કહેવું એ જૂઠા અર્થને પ્રગટ કરે (છે) એમ કહે છે. આહા..હા..! શાસ્ત્રકારે તો કંઈ વાતું કરી છેને, ગજબ! દિગંબર સંતોએ એમના અનુયાયીઓ ગૃહસ્થાશ્રમમાં રહેલા જ્ઞાની સંત એ પણ અજબ-ગજબની વાતું છે!! અંદરમાં બેસે, બેસે એને ખબર પડે કે આ તે કઈ શૈલીએ વાત કરી છે ઓહો..હો..! કેટલો ઉઘાડ અને વિકાસ! કહે છે, એક ભગવાન આત્મા.. અનંત ગુણ છે. એ ગુણી છે પણ ગુણીમાં ગુણનો ભેદ કહેવો એ પણ જૂઠું છે.

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- તો એમાં છે માટે. પણ ભેદ નથી. એકરૂપ છે છતાં ભેદ કહેવો એ જૂઠું છે એમ કહે છે. બરાબર છે પ્રશ્ન તો બરાબર છે. આહા..હા..!

કહે છે કારણ કે, '**વસ્તુ અનંતધર્મરૂપ એક...**' જુઓ! '**અનંતધર્મરૂપ એક ધર્મી છે.**' એક ધર્મી છે. એમાં એકમાં અનેક ક્યાં નાખ્યા તેં? સમજાણું? ઈ એક, અનેકને પી ગયું છે એમ કીધુંને. એક જ છે, અંદર પી ગયું એ અભેદ છે એમ કીધુંને જુઓને. આસ્વાદરૂપ અભેદ છે. એનો સરવાળો તો એમ કીધો છે. અભેદ છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! અમૃતના, અમૃતચંદ્રાચાર્યે તો અમૃતને આમ ડોલાવ્યું છે અંદરથી. બાપા! તું તો આવો છે ભાઈ! તને ખબર નથી હોં! તને તારી ખબર નહિ, તું બીજાની ખબરું કરવા નીકળ્યો. એ.. પોપટભાઈ!

હેં! કહે છે કે, એ વસ્તુ અનંત ધર્મરૂપ, અનંતધર્મરૂપ એક ધર્મી છે. સમજાણું કાંઈ? વસ્તુ તો એક છે. જો ગુણને વસ્તુ કહેશો તો અનંત દ્રવ્ય થઈ જશે, એમ છે. જો ગુણને દ્રવ્ય તરીકે સ્વીકારી લેશો એક એક, એક એક, એક એક અસ્તિપણે (તો) અનંત દ્રવ્ય થઈ જશે. એમ નથી, વસ્તુ તો એક જ છે. સમજાણું કાંઈ?

'**પરંતુ વ્યવહારી જન...**' એટલે કે જેને ધર્મી ચીજની ખબર નથી, એકરૂપ દ્રવ્ય વસ્તુ ભગવાન છે એની એને ખબર નથી. '**એવા વ્યવહારી જન ધર્મોને જ સમજે છે,...**' આહા..હા..! ઈ ધર્મો એટલે એના ભેદને સમજે છે. આહા..હા..! ધર્મોને જ સમજે છે એમ કીધુંને? ભેદને જ સમજે છે. ધર્મી નહિ. જ્ઞાન, જ્ઞાન પર્યાયમાં જણાયને? જ્ઞાન, વિશ્વાસ, ઈ જાતનો વિશ્વાસ .. એમ એક એકને ધર્મને જ માને છે. પણ એનું એકરૂપ જે ત્રિકાળી દ્રવ્ય છે એને એ સ્વીકારતો નથી, તેના ઉપર દૃષ્ટિ ગઈ નથી માટે '**ધર્મીને નથી જાણતા.**' જોયું? '**વ્યવહારી જન ધર્મોને જ સમજે છે, ધર્મીને...**' એટલે દ્રવ્યને વસ્તુને '**નથી જાણતા;...**'

'**તેથી વસ્તુના કોઈ અસાધારણ ધર્મોને ઉપદેશમાં લઈ...**' એટલે એમાં જે છે એને એમ. એમાંથી પણ અસાધારણ. આહા..! '**કોઈ અસાધારણ ધર્મોને ઉપદેશમાં લઈ અભેદરૂપ વસ્તુમાં...**' ભગવાન એકરૂપ વસ્તુ છે એવી અભેદ ચીજમાં પણ '**ધર્મોના નામ રૂપ ભેદને ઉત્પન્ન કરી...**' ધર્મોના જ્ઞાન, દર્શન, ચારિત્ર એવા ધર્મોના નામરૂપ, કથનરૂપ વ્યપદેશ છેને. કથનમાત્ર ભેદ કરી, આહા..હા..! '**એવો ઉપદેશ કરવામાં આવે છે...**' કારણ કે ધર્મી એક ચીજ વસ્તુને જાણતા નથી અને એનો જે ધર્મ આ જાણું છું, જાણું છું તે હું, આ વિશ્વાસ આવે છે તે હું એવા ધર્મને જાણનાર છે. એવા ધર્મોના નામરૂપ ભેદને ઉત્પન્ન કરી, ભેદને ઉત્પન્ન કરી. અભેદમાં છે નહિ. હેં? જુઓને! નામભેદ ઉપજાવી પાઠમાં એમ છે--નામ ભેદ ઉપજાવી. છેને? '**व्यपदेशतो भेदमुत्पाद्य**' કથનમાત્રથી તેને ભેદનો ઉત્પન્ન કરી. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય એવું છે હોં! આ બહુ સાદી ભાષામાં (આવે છે). હવે આમાં કાંઈ કોઈ મોટું સંસ્કૃત ને વ્યાકરણ કે એવું કાંઈ નથી. બહુ સાદુ... સાદુ... સાદુ... સાદુ... પોતે ભગવાન સાદો છેને. સમજાણું કાંઈ?

કહે છે કે, અભેદ વસ્તુમાં ધર્મોના કથનમાત્ર ભેદને ઉત્પન્ન કરી. કથનમાત્રરૂપે ભેદને ઉત્પન્ન કરી. એમાં તો ભેદ છે નહિ. આહા..હા..! ભેદને ઉત્પન્ન કરી. એટલે શબ્દે શબ્દ લીધો છેને એમાં. ... ઉપજાવ્યું. છેને? નામથી ભેદ ઉપજાવી. '**व्यपदेशतो भेदमुत्पाद्य**'. આહા..હા..! નામમાત્રથી '**ભેદને ઉત્પન્ન કરી એવો ઉપદેશ કરવામાં આવે છે...**' વળી એક કોર તમે કહેતા હતા કે ઉપદેશ કરી શકાય નહિ. સાંભળને પણ કઈ અપેક્ષાએ વાત છે? સમજાણું કાંઈ? '**એવો ઉપેદશ કરવામાં આવે છે કે જ્ઞાનીને...**' એટલે આત્માને. જ્ઞાની એટલે

આત્મા અભેદને '**દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે.**' અભેદમાં ભેદ નામમાત્રથી ઉપજાવ્યા. વસ્તુમાં ભેદ છે નહિ. આહા..! આ ગાથા સારમાં સાર છે. નવનીતભાઈ! આવી ગયા ... બરાબર. આઠ મહિના થઈ ગયા પણ હવે સરવાળો પાછો આવ્યો આ. બહુ ઊંચામાં ઊંચું માખણ છે. એના લક્ષમાં આવ્યા વિના એ પ્રયોગ શી રીતે કરશે? સમજાણું કાંઈ? એના ખ્યાલમાં આવ્યા વિના કે આ આ છે અને આ નહિ, એવો ખ્યાલ વિના અંતર્મુખનો પ્રયોગ કરી શકશે નહિ. સમજાણું કાંઈ?

ધર્મી જીવને... પાઠ છે એમ ખરોને. '**णाणिस्स**' છેને પાઠ ગાથામાં. '**णाणिस्स**' '**જ્ઞાનીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે.**' એમ ધર્મીના કથનમાત્રથી ભેદને ઉત્પન્ન કરીને ભેદ ન હોવા છતાં ભેદ ઉપજાવ્યો. હેં? આહા..હા..! ગજબ વાત છે! શૈલી એક એક શબ્દમાં ગજબ ભરેલી છે! '**આમ અભેદમાં ભેદ કરવામાં આવે છે...**' ભગવાન આત્મા એક ધર્મી તરીકે અભેદ છે એમાં આ ભેદ ઉપજાવવામાં, કરવામાં આવે છે '**તેથી તે વ્યવહાર છે.**' કેમ વ્યવહાર છે? કે, '**આમ અભેદમાં ભેદ કરવામાં આવે છે તેથી તે વ્યવહાર છે.**' સમજાણું કાંઈ? જયચંદ્ર પંડિત લખે છે, એવાય પંડિત હતા એ વખતે. એક એક શબ્દને તોળી તોળીને કહે છે. આ ગૃહસ્થાશ્રમમાં હતા હોં! બાયડી, છોકરાવાળા હતા અર્થ લખનારા. એમ કહે આ ભાઈ! બાયડી, છોકરા મૂકીને જંગલમાં ચાલ્યા ગયા એને આ બધું સમજાતું હશે. જંગલમાં જ છે. આહા..હા..! પરમાં છે જ ક્યાં ઈ? જ્યાં હોય તે આત્મામાં જ છે આત્મા. રાગમાં નથી, શરીરમાં, વાણીમાં તો ક્યાં છે. સમજાણું કાંઈ? અરે..! માનવભવ મળવા મોંઘા એમાં પણ આવી વાતું મળવી મોંઘી બાપુ! આ તો મોક્ષના માંડવા નાખવાની વાતું છે. સમજાણું કાંઈ?

કહે છે, આમ અભેદમાં, વસ્તુ એક અખંડ અભેદ છે એમાં ભેદ કરવામાં આવ્યો, '**તેથી તે વ્યવહાર છે.**' વ્યવહાર કેમ, આ વ્યાખ્યા કરી. વ્યવહારની ... સમજાણું કાંઈ? '**પરમાર્થથી વિચારવામાં આવે...**' ખરેખર એનું અભેદ સ્વરૂપ એકરૂપ ધર્મીને વિચારવામાં આવે. '**અનંત પર્યાયોને એક દ્રવ્ય અભેદરૂપે પીને બેઠું છે...**' જોયું! અનંત ભેદોનો એક દ્રવ્ય અભેદરૂપે પીને બેઠું છે. સમજાણું કાંઈ? અનંત ગુણોને કહો, અનંતી પર્યાયોને એ ગુણના ભેદ તે પર્યાય '**એ એક દ્રવ્ય અભેદરૂપે પીને બેઠું છે તેથી તેમાં ભેદ નથી.**' આ મૂળ વાત છે આ. સમજાણું કાંઈ? એટલે એકદમ કાંઈ હાલી જાય એવી વાત નથી. હવે પ્રશ્ન થાય.

'**અહીં કોઈ કહે કે પર્યાય પણ દ્રવ્યના જ ભેદ છે,...**' જ્ઞાન, દર્શન, ચારિત્રની પર્યાયો એ જીવનો પોતાનો ભેદ છે. એનું એ અંશ છે. સમજાણું કાંઈ? જુઓ, તર્ક ઉઠાવીને સમાધાન કરે છે. '**અહીં કોઈ કહે કે પર્યાય પણ...**' દ્રવ્ય એટલે વસ્તુ ભગવાન એની પર્યાયનો એનો ભેદ છે, પર્યાય એનો ભેદ છે. '**દ્રવ્યના જ ભેદ છે...**' એ પરના ભેદ

નથી. આહા..હા..! **'અવસ્તુ તો નથી;...'** શું કરવા પ્રશ્ન કરે છે કે, અવસ્તુ હોય એને વ્યવહાર કહીએ. આ કાંઈ અવસ્તુ નથી તે તમે એને વ્યવહાર કહી દ્યો છો, એમ કહે છે. ન્યાય સમજાય છે કાંઈ?

આ આત્મા છેને એની અપેક્ષાએ બીજી ચીજો અવસ્તુ છે. એથી અવસ્તુને વ્યવહાર કહેવાય. આ પોતાને નિશ્ચય કહેવાય અને એમાં નથી એવી જુદી બીજી ચીજ એને આની અપેક્ષાએ અદ્રવ્ય એટલે અવસ્તુ કહેવાય. નિશ્ચય આ તો અવસ્તુ એટલે આ, આ એ નહિ. એ આની અપેક્ષાએ બધી ચીજો અવસ્તુ છે. તો અવસ્તુને વ્યવહાર કહેવાય. વસ્તુને નિશ્ચય અને એમાં નથી એવા બહાર ચીજ અવસ્તુને વ્યવહાર (કહેવાય). પણ આ તો એમ નથી, એમ કહે છે. આહા..! સમજાણું કાંઈ?

**'અવસ્તુ તો નથી; તો તેને વ્યવહાર કેમ કહી શકાય?'** પ્રશ્ન ઉઠાવ્યો છે પોતેને પોતે. જે ચીજ એમાં નથી એને તો અવસ્તુ કહેવાય અને એને વ્યવહાર કહેવાય. સમજાય છે કાંઈ? પણ આ પર્યાય એનામાં નથી એમ નથી. નથી એને તો અવસ્તુ અને વ્યવહાર કહેવાય. છે એને વ્યવહાર (કહીને) અવસ્તુ ઠરાવી દો છો. સમજાણું કાંઈ? પર્યાયને અવસ્તુ ઠરાવો છો. નથી કહો કે અવસ્તુ... આહા..હા..! સમજાણું કાંઈ? **'તો તેને વ્યવહાર કેમ કહી શકાય?'** આ પ્રશ્નનું રૂપ. પ્રશ્નકારનું આ રૂપ. એટલે કે જો તમે આત્માની પર્યાયો જે છે જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ આદિ જે પર્યાયો એનામાં દ્રવ્યના ભાગ છે, એ દ્રવ્યનો ભેદ છે, દ્રવ્યનો અંશ છે, એ દ્રવ્યની પર્યાય છે, જ્યારે દ્રવ્યની પર્યાય છે એ અવસ્તુ તો નથી એટલે બીજી ચીજ જુદી છે એવી તો એ નથી. સમજાણું કાંઈ? **'તો તેને વ્યવહાર કેમ કહી શકાય?'**

**'તેનું સમાધાન :-- એ તો ખરું છે...'** તારી વાત તો અપેક્ષાજ સાચી વાત છે. કારણ કે, એનામાં નથી બિલકુલ ચીજ એને અવસ્તુ કહેવાય. સમજાણું કાંઈ? પણ આને અમે વ્યવહાર કેમ કહ્યો અને વ્યવહાર કેમ કહેવામાં આવે છે? એનામાં હોવા છતાં એનામાં એ નથી એમ નહિ. સમજાણું કાંઈ? અરે..! આવી વાતું મધ્યસ્થથી સાંભળે બે-ચાર દિ' તો ખબર પડે કે, આ માર્ગ શું છે. અત્યારે ઝઘડા કરે છે ઝઘડા. અરે..! પ્રભુ! આ ઝઘડા ટાળવાના ટાણા આવી ગયાને ભાઈ! આહા..હા..! આવી ચીજ તે ચીજ છેને.

કહે છે કે, એ તારી વાત તો તેં કીધી અપેક્ષાએ તો સાચી છે. તેં જે કીધી એ અપેક્ષાએ તો સાચી છે પણ અહીંયાં અમારો હેતુ બીજો છે. **'અહીં દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે.'** સમજાણું કાંઈ? દ્રવ્યદૃષ્ટિ ત્રિકાળ વસ્તુ એકરૂપ ચિદાનંદ પૂર્ણ રૂપ જેનું સત્ય પૂર્ણ રૂપ એ દૃષ્ટિને, એ દૃષ્ટિથી અભેદને મુખ્ય કરી એમ. સમજાણું કાંઈ? બીજી ચીજ તો આમાં નથી એથી એને અવસ્તુ કીધી અને વ્યવહાર કહ્યો. હવે આને વ્યવહાર કેમ કહ્યો?

કે, અભેદને મુખ્ય કરી, **'અભેદને પ્રધાન કરી ઉપદેશ છે.'** શું ઉપદેશ છે? કેવી રીતે? દ્રવ્યદૃષ્ટિથી અભેદને મુખ્ય કરીને ઉપદેશ છે. જુઓ, મુખ્ય કરીને લીધું એટલે ગૌણ સામે લેશે હવે. આહા..હા..!

**'અભેદ દૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ...'** જુઓ! અભાવ કહેવાથી એમ નહિ. સમજાણું કાંઈ? બીજી ચીજનો તો આમાં અભાવ છે એથી એને અવસ્તુ કીધી. આને તો ગૌણ કરીને વાત કરીએ છીએ અમે. ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો. દેખો! આમાં નથી એમ કહીને અમે વ્યવહાર નથી કહ્યો. સમજાણું કાંઈ? પર્યાયના ભેદ છે પણ દ્રવ્યદૃષ્ટિને અભેદ કરીને કહ્યું છે, એની મુખ્યતા છે અહીંયાં અને પર્યાયના ભેદો, **'અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે.'** કહો, સમજાણું આમાં? આ જયચંદ્ર પંડિતે ચાલતી ભાષામાં ખુલાસો કર્યો આટલો. હવે આવું જેને વાંચવામાં પણ જેને દરકાર નથી, ઊંચું છે સમયસાર ઊંચું છે લ્યો! એમ કરીને કાઢી નાખે. પણ ઊંચું છે ઈ સત્ય છે. આહા..હા..!

મુમુક્ષુ :-- ઊંચું કહે કે ગમે તે કહે...

ઉત્તર :-- વસ્તુ જ આ છે. આહા..! એ તો સમ્યગ્દૃષ્ટિને ચરણાનુયોગનું વર્તન કેવું હોય એની વ્યાખ્યા આવે. વ્યવહાર વ્યવહાર... મૂળ ચીજના ભાન વિના? આહા..હા..!

દ્રવ્યદૃષ્ટિથી અભેદ મુખ્ય કર્યુંને? એમ કીધુંને? અભેદ મુખ્ય કર્યો. અને એથી અભેદદૃષ્ટિમાં એમ. ભેદ દ્રવ્યદૃષ્ટિમાં એમ નહિ. પણ અભેદદૃષ્ટિમાં એમ. દ્રવ્યદૃષ્ટિથી અભેદ મુખ્ય કરીને ઉપદેશ કર્યો છે. અભેદને .. એટલે તેથી ભેદને ગૌણ કરી, એટલે કે ભેદને પેટામાં રાખી. સમજાણું કાંઈ? એની મુખ્યતા ન બતાવવા, મુખ્યતા અભેદને બતાવવું છે દ્રવ્યદૃષ્ટિથી. એટલે આને ગૌણ કહ્યો છે. તળેટીમાં જેમ રાખેને, હેઠે તળેટી એને ગૌણ કરે. ... છે ઉપર, એટલે તળેટી નથી ઉપર તે ચીજ છે એમ તળેટીને જેમ ગૌણ કરે છે, છે છતાં, એમ આ પર્યાયના ભેદ હોવા છતાં એને **'તેથી ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે.'** એને અભાવ કરીને વ્યવહાર કહ્યો છે એમ નથી. એટલે મુખ્ય અને ગૌણ બે વાત આવી ગઈ. સમજાણું કાંઈ? તમે તો વાંચતા હતાને, અમદાવાદમાં પહેલા? શું વાંચતા હશો? વાંચતા હતા પહેલા, એવું સાંભળ્યું હતું. મલૂકચંદભાઈ. સાંભળ્યું હતું. કોઈ વાત કરેને એટલે યાદ રહી જાય. આહા..હા..!

**'અહીં એવો અભિપ્રાય છે કે...'** હવે ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો એનો હેતુ શું? કારણ શું? આહા..! કહો, સમજાણું કાંઈ? **'અહીં એવો અભિપ્રાય છે કે ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી...'** આહા..હા..! આ જ્ઞાન ને આ દર્શન એવા ભેદમાં વિકલ્પવાળી દૃષ્ટિ રહ્યા કરે છે. એમાં નિર્વિકલ્પ જે પ્રયોજન સિદ્ધ કરવું છે એ દૃષ્ટિ એમાં સિદ્ધ થતી

નથી. એનાથી પ્રાપ્ત થતી નથી. કેમકે એકરૂપમાં દૃષ્ટિ ગયા વિના રાગથી ભિન્ન પડીને નિર્વિકલ્પ દૃષ્ટિ થાય નહિ કોઈ દિ'. એમ કહે છે. સમજાણું કાંઈ? **'અહીં એવો અભિપ્રાય છે કે ભેદદૃષ્ટિમાં...'** એટલે કે આ જ્ઞાન છે ને દર્શન છે એવા ભેદનું લક્ષ જાય તો ત્યાં આગળ તો વિકલ્પ જ ઉઠે, રાગ જ ઉઠે. એ તો અનાદિથી ઉઠે છે, એમાં શું પ્રયોજન સિદ્ધ થયું? ઈ તો રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-- ...

ઉત્તર :-- એ પણ રાગ જ છે, પુણ્યબંધનું (કારણ) એ વસ્તુ નથી. ગુણ-ગુણીના ભેદમાં વિકલ્પ ઉઠે એ ક્યાં ચીજ છે? એ તો અશુદ્ધતા દૂર રહો, એ તો પહેલેથી કીધું. પણ આ ભેદ પણ અશુદ્ધતા ઉત્પન્ન થાય છે એમ કહે છે. અભેદમાં શુદ્ધતા ઉત્પન્ન થાય છે. શુદ્ધતા તો નિર્વિકલ્પમાં છે. જેવી ચીજ છે શુદ્ધ અભેદ એની દૃષ્ટિ કરતાં શુદ્ધતા સમ્યગ્દર્શન અને સત્યતા પ્રગટ થાય છે. નિર્વિકલ્પતા ત્યારે પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આહા..!

**'અહીં એવો અભિપ્રાય છે કે ભેદદૃષ્ટિમાં...'** વીતરાગતા એટલે **'નિર્વિકલ્પ દશા નથી થતી...'** ભેદમાં રાગ થાય છેને? એટલે વીતરાગતા ઉત્પન્ન થતી નથી અને વીતરાગતા ઉત્પન્ન કરવી એ પ્રયોજન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા, આનંદની દશા વીતરાગી પર્યાય એ ભેદદૃષ્ટિમાં ઉત્પન્ન ન થાય, ત્યાં તો રાગ ઉત્પન્ન થાય. એ તો અનાદિનું છે એમાં શું થઈ ગયું? **'અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે;...'** આ વજન છે અહીં. ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા થતી નથી એનું કારણ કે, એ ભેદપણું લક્ષમાં લેવું એ રાગનું, વિકલ્પનું કારણ નથી પણ સરાગી છે માટે ભેદ ઉપર લક્ષ જતાં એને રાગ થાય છે એમ કહે છે. ભેદનું જાણવું એ કાંઈ રાગનું કારણ નથી. સમજાણું કાંઈ? હીરાભાઈ આવી ગયા છે આમાં બરાબર હવે, સાતમી ગાથામાં આવી ગયા.

.... રાગી પ્રાણી છે, રાગની ભૂમિકા એને છે હજી એટલે ભેદ ઉપર લક્ષ જતાં એને રાગીને કારણે રાગ થાય છે, ભેદને કારણે નહિ. માવાણી! આ તો કાયદેસર છે બધી વાત હોં! આહા..હા..! એઈ..! હીરાલાલજી! કહો, સમજાણું કાંઈ? **'સરાગીને વિકલ્પ રહ્યા કરે છે;...'** કારણ કે રાગ ભાગ છેને મોહ, એ જ્યારે એને ભેદ ઉપર લક્ષ કરે છે એટલે રાગીને કારણે તેને રાગ ઉત્પન્ન થાય છે, ભેદને કારણે નહિ. સમજાણું કાંઈ? ભગવાન તો દ્રવ્ય, ગુણ, પર્યાય, ત્રણ કાળ, ત્રણ લોક બધું જાણે છે, બધું જાણે છે ભેદાભેદ બધું જાણે છે. જાણે છે માટે એને રાગ છે કે વિકલ્પ થાય છે? સમજાણું કાંઈ? નીચલી ભૂમિકામાં રાગમાં ઊભો છેને! હજી રાગભાવ પડ્યો છેને! જ્યાં સુધી વીતરાગ નથી થયો ત્યાં સુધી રાગ છે. અને રાગીને ભેદ ઉપર લક્ષ જતાં રાગીને રાગવાળાને વિકલ્પ થાય છે. સમજાણું કાંઈ?

**'સરાગીને વિકલ્પ રહ્યા કરે છે;...'** ઘણું છે, બહુ. અક્ષરે અક્ષર અંદરમાં.. ... ગૌણ કરીને, સરાગીને વિકલ્પ (રહ્યા કરે છે) **'માટે...'** એમ. આ કારણે. ગુણની પર્યાય છે, ... આદિની દશા છે પણ એને ગૌણ કરીને, વ્યવહારને ગૌણ કરી અભેદને મુખ્ય કરીને કહ્યું. હેતુ કે, રાગી પ્રાણી છે તેથી ભેદમાં લક્ષ જશે તો એને રાગ થયા વિના રહેશે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! **'માટે જ્યાં સુધી રાગાદિક મટે નહિ...'** જ્યાં સુધી રાગના ભાવ વિકલ્પ ને રાગ પરિણામ રાગ-દ્વેષ આદિ મટે નહિ **'ત્યાં સુધી ભેદને ગૌણ કરી...'** આવે છેને, મોક્ષમાર્ગ પ્રકાશકમાં. અનશનાદિ અંગીકાર કરે છે. એમ આવે છે. આ ૭મી ગાથા પૂરી થઈ લ્યો!

ત્યારે પ્રશ્ન ઉઠ્યો, **'तर्हिं परमार्थ अवैको वक्तव्य'** જ્યારે તમારે વ્યવહારનો ઉપદેશ કરવો જ નથી અને કરવો હોય તો એમાં રાગ થાય છે, તો એમ છે તો એક પરમાર્થનો ઉપદેશ કરવો જોઈએ. વ્યવહારને શું કરવા નાખો છો અંદર? એમ કહે છે. અ પણ પ્રશ્ન તો છેને. **'પરમાર્થનો જ ઉપદેશ કરવો જોઈએ; વ્યવહાર શા માટે કહો છો?'** વ્યવહારને કહેવાનું હેતુ શું? વ્યવહારમાં તો તમે કહો છો રાગીને રાગ થાય, ફલાણું થાય, ઢીંકણું થાય માટે વ્યવહારનો નિષેધ કરીએ છીએ.

મુમુક્ષુ :-- રાગ ઉત્પન્ન થાય એવું શું કરવા કહો છો?

ઉત્તર :-- વાતું-એવું શું કરવા કરો છો? ભેદની વાત જ શું કરવા કરો છો? અભેદની વાત કરોને પરમાર્થની, એનો ઉત્તર કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે